ચોથી શ્રેણી

પુસ્તક-૮૮

તા. ૧૫મી માર્ચ, ૨૦૨૨
ફાલ્ગુન-૨૪, ૧૯૪૩ શાકે
થી
તા.૧૬મી માર્ચ, ૨૦૨૨
ફાલ્ગુન ૨૫, ૧૯૪૩ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## ચૌદમી ગુજરાત વિધાનસભા
## દસમું અધિવેશન

## અ નુ ક્ર મ ણિ કા




| વિષય | પાના નંબર | |
|---|---|---|
| **તા.૧૫મી માર્ચ, ૨૦૨૨ ફાલ્ગુન ૨૪, ૧૯૪૩ શાકે(પહેલી બેઠક)** | | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૧ | ૨૦ |
| અધ્યક્ષશ્રીનું અવલોકન | ૨૧ | ૨૧ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)(ક્રમશઃ) | ૨૧ | ૩૪ |
| **તા.૧૫મી માર્ચ, ૨૦૨૨ ફાલ્ગુન ૨૪, ૧૯૪૩ શાકે(બીજી બેઠક)** | | |
| તારાંકિત પ્રશ્નો | ૩૫ | ૪૩ |
| અતારાંકિત પ્રશ્નો | ૪૪ | ૧૬૫ |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત(નિયમ-૧૧૬) | ૧૬૬ | ૧૬૯ |
| વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત | ૧૭૦ | ૧૭૦ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૧૭૦ | ૧૮૨ |
| પોઈન્ટ ઓફ ક્લેરીફિકેશન (પાર-તાપી લિન્ક યોજના બાબત) | ૧૮૩ | ૧૮૫ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)(ક્રમશઃ) | ૧૮૫ | ૧૯૪ |
| **તા.૧૬મી માર્ચ, ૨૦૨૨ ફાલ્ગુન ૨૫, ૧૯૪૩ શાકે(પહેલી બેઠક)** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧૯૫ | ૨૦૪ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૦૫ | ૨૭૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૨૮૦ | ૩૦૫ |
| **તા.૧૬મી માર્ચ, ૨૦૨૨ ફાલ્ગુન ૨૫, ૧૯૪૩ શાકે(બીજી બેઠક)** | | |
| તારાંકિત પ્રશ્નો | ૩૦૬ | ૩૧૫ |
| અતારાંકિત પ્રશ્નો | ૩૧૬ | ૪૦૨ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૪૦૩ | ૪૦૪ |
| વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત | ૪૦૪ | ૪૦૪ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૪૦૫ | ૪૨૭ |
| બિન-સરકારી સંકલ્પો | ૪૨૮ | ૪૪૨ |
| પ્રાકૃતિક ખેતી તરફના પ્રયાણ અંગે | ૪૨૮ | ૪૩૪ |
| PMJAY-MA કાર્ડ યોજનાનો રાજ્યના જરૂરિયાત મંદ વ્યક્તિઓને ઝડપથી લાભ મળી રહે તે અંગે | ૪૩૫ | ૪૪૨ |
| અધ્યક્ષશ્રીની જાહેરાત (માનનીય મંત્રીશ્રી જે શબ્દો બોલ્યા જ નથી તેવું તેમના નામે રજૂ કરવા બાબત ) | ૪૪૧ | ૪૪૨ |

ફાલ્ગુન ૨૪, ૧૯૪૩ શાકે

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા(ત્રીજો દિવસ)

**ગુજરાત વિધાનસભા**

**મંગળવાર, તા.૧૫મી માર્ચ, ૨૦૨૨**

**ફાલ્ગુન-૨૪, ૧૯૪૩ શાકે**

**પહેલી બેઠક**

**સભાગૃહ સવારના ૧૦-૦૦ વાગ્યે મળ્યું.**

**માનનીય અધ્યક્ષશ્રી ડો. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**

**અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા(ત્રીજો દિવસ)**

શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) **:** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરું છું અને વ્યક્ત કરવાની સાથે હું માનનીય નીતિનભાઈનો આભાર માનવા માગું છું. એમણે સાચી વાત કરી હતી કે ગુજરાતમાં રોજગારી મળતી નથી એટલે લોકો મોટી રકમ ખર્ચી અને વિદેશ જાય છે .

માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તારના ડીંગુચા ગામના પટેલ પરિવારના ચાર માણસોએ જીવ ગુમાવ્યો છે. ગુજરાતમાં રોજગારી મળતી નથી એ વાત આના પરથી સાબિત થાય છે .જ્યારથી આ વિધાનસભામાં બેઠો છું ત્યારથી સામા પક્ષેથી એક વાત સાંભળવા મળે છે કે કૉંગ્રેસે શું કર્યું? આ રાજ્યમાં ૨૭ વર્ષથી ભારતીય જનતા પાર્ટીના શાસનમાં તમે બેઠા છો. કૉંગ્રેસની સરકાર વખતે તેલના ડબ્બાનો ભાવ જે રૂ. ૪૦૦ હતો એ વધારીને તમે રૂ. ૨૬૦૦ કર્યા. ડીઝલના ભાવ રૂ. ૩૦ હતા એ વધારીને તમે રૂ.૯૦ કર્યા. પેટ્રોલના ભાવ રૂ. ૪૦ હતા એ વધારીને તમે રૂ. ૧૦૦ કર્યા. લોખંડના ટનના ભાવ રૂ.૨,૦૦૦ હજાર હતા એ ભાવ વધારીને તમે રૂ.૯,૫૦૦ કર્યા. સિમેન્ટની થેલી રૂ. ૭૦ માં મળતી હતી એ વધારીને તમે રૂ. ૩૫૦ કર્યા. ઈંટોનો ભાવ રૂ. ૭૦ હતો તે વધારીને તમે રૂ.૯૦૦ કર્યા. યુરિયા ખાતરના ભાવ રૂ. ૧૦૦ના તમે રૂ.૧૨૦૦ કર્યા. ડી.એ.પી.ના ખાતરના ભાવ રૂ.૧૫૦ના રૂ.૧૫૦૦ કર્યા. ગેસનો બાટલો રૂ.૨૦૦માં મળતો હતો તેનો ભાવ તમે રૂ.૯૦૦ કર્યો. મારો કહેવાનો મતલબ છે કે કૉંગ્રેસે શું કર્યું તેના કરતાં તમે ૨૭ વર્ષના શાસનમાં આ ભાવ ઉપર કંટ્રોલ રાખવાની કામગીરી કરી શક્યા નથી તે આના પરથી સાબિત થાય છે. વિધાનસભામાં બેઠેલા મારા તમામ મિત્રો કૉંગ્રેસે વ્યવસ્થાના ભાગરૂપે જે શાળાઓ બનાવેલી હતી તેમાં ભણ્યા અને ભણીને અહીં આવી, કૉંગ્રેસે બનાવેલી બિલ્ડિંગમાં બેસી તમે એમ કહો છો કે કૉંગ્રેસે શું કર્યું? કૉંગ્રેસે આ કર્યું છે. આ રાજ્યમાં ઓ.બી.સી ની ૨૭ ટકા અનામત હતી તેમાં ૧૨૭ જ્ઞાતિઓનો સમાવેશ થતો હતો .જુદા જુદા મુખ્યમંત્રીઓ આવ્યા અને મતોનું રાજકારણ કરવા માટે જ્ઞાતિઓમાં ઉમેરો થતો ગયો અને આજે ૧૪૭ જ્ઞાતિઓ થઈ ગઈ છે. આ રાજ્યમાં ઠાકોર-કોળી સમાજની વસતિ ૧ કરોડ ૨૦ લાખ જેટલી છે પણ જ્ઞાતિઓનો ઉમેરો થવાથી તેનો લાભ આ સમાજને મળ્યો નથી. ૨૭ ટકા અનામતમાં કોળી અને ઠાકોર સમાજની ૮૦ ટકા વસતિ હોવા છતાં આપણા વર્ષ ૨૦૨૨-૨૩ના બજેટમાં આ નિગમને તમે રૂ.૧૧૦ લાખ ફાળવ્યા છે. રૂ.૧૧૦ લાખ એટલે ફક્ત એક કરોડ અને દસ લાખ રૂપિયા. ૨૭ ટકા અનામતમાં ૮૦ ટકા વસતિ કોળી અને ઠાકોર સમાજની હોય અને આ નિગમ પાછળ રૂ.૧૧૦ લાખ ફાળવી તમે શું સાબિત કરવા માગો છો? આ માટે હું આ સરકારને વિનંતી કરું છું કે, ૨૭ ટકા અનામતમાં ૮૦ ટકા વસતિ ઠાકોર અને કોળી સમાજની હોય તો અલગ ૨૦ ટકા અનામત તમે અમને ફાળવો. જો આ અલગથી ૨૦ ટકા અનામત ફાળવવામાં નહિ આવે તો આવનારાં વર્ષોમાં ક્યાંક ઠાકોર અને કોળી સમાજે અનામત લેવા માટે આંદોલન કરવાની જરૂર પડે તો અમે કરીશું. બિન અનામત શૈક્ષણિક આર્થિક પછાત નિગમ માટે રૂ. ૫૦૦ કરોડ ફાળવ્યા તેની સામે અમને વાંધો હોઈ શકે નહીં. રૂ.૫૦૦ કરોડને બદલે રૂપિયા હજાર કરોડ ફાળવો, પણ આ રાજ્યની અંદર આટલી મોટી વસતિ હોય, ૨૭ ટકા અનામત, ૧૪૭ જ્ઞાતિઓમાં ૧૨૦ કરોડ જેટલી વસતિ હોય એના માટે રૂપિયા ૧ કરોડ અને ૧૦ લાખ ફાળવી, એક બાજુ તમે જે સુખી સંપન્ન લોકો છે એને રૂપિયા ૫૦૦ કરોડ અને જેને જરૂરિયાત છે એને રૂપિયા ૧૧૦ કરોડ ફાળવી તમે શું કહેવા માંગો છો? મંત્રીમંડળ, શ્રી ભૂપેન્દ્રભાઇ હોય, શ્રી રાજેન્દ્રભાઇ હોય, શ્રી જીતુભાઇ હોય, શ્રી ઋષિકેશભાઇ હોય, શ્રી કનુભાઇ હોય વિગેરે વિગેરે. એમાં પણ અનામત જેવી પરિસ્થિતિ છે. *(xxx) તમને મત તમામે તમામ સમાજના મળે છે અને એટલા માટે તમે સત્તામાં બેઠા છો. ગઇકાલે મુખ્યમંત્રીશ્રી છેક દિયોદર પહોંચી ગયા.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, બે મિનિટ પછી કહેજો, જે હશે એ કાઢી નાખીશું. સદારામ બાપાની જન્મજયંતિ ઊજવવા માટે મુખ્યમંત્રીશ્રી દિયોદર પહોંચ્યા. સમગ્ર ઠાકોર સમાજનો વિસ્તાર છે. બે વખત મુખ્યમંત્રીશ્રીઓ ગયેલા છે. તત્કાલીન મુખ્યમંત્રીશ્રી ગયા, ચાલુ મુખ્યમંત્રીશ્રી પણ ગયા. એને પર્યટન સ્થળ કેમ જાહેર કરતા નથી? કેમ ત્યાં જઇને તમે કોળી ઠાકોરો માટે બજેટમાં જાહેરાત ન કરી? ખાલી જઇ ફકત આશ્વાસન આપવાનું? ગુડ ગવર્નન્સની વાતો કરવાની? આ રાજયમાં અગાઉ પણ મહેસૂલ મંત્રીશ્રી તરીકે શ્રી કૌશિકભાઇએ ફરજો બજાવી છે, શ્રીમતી આનંદીબેને પણ ફરજો બજાવી છે,

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તા. ૧૫મી માર્ચ ૨૦૨૨

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા(ત્રીજો દિવસ)

*(xxx) એવું તો એમણે શું કર્યું છે કે તમારે મામલતદાર કચેરીએ જવું પડે છે? એના કરતા, આ રાજ્યની અંદર મહેસૂલ વિભાગની અંદર ૭૦૦ ફાઇલો પેન્ડિંગ પડી છે. એનો વહેલામાં વહેલી તકે નિકાલ થાય, એવી વ્યવસ્થા થવી જોઇએ.

અધ્યક્ષશ્રી : *(xxx) એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરું છું. આપ મંત્રીશ્રીની ટીકા કરી શકતા નથી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી,એ પોતે ગયેલા છે. રાજ્યમાં બિનખેતીના કિસ્સામાં હવે ટકાવારી લેવાની પ્રથા ચાલુ થઇ ગઇ છે. સરકાર સારા ઇરાદા સાથે આ સ્કીમ લાવી છે. ઓનલાઇન અરજી થાય. લોકોને ધક્કા ન ખાવા પડે એના માટે ઓનલાઇન પદ્ધતિ લાવી અને લોકોને તકલીફ ઓછી પડે. પરંતુ એક પ્રથા એવી દાખલ થઇ કે, અમદાવાદ હોય, ગાંધીનગર હોય, રાજકોટ હોય, સુરત હોય, જમીનનો ભાવ પહેલા નક્કી થાય, મીટરનો ભાવ પહેલા નક્કી થાય અને એન.એ. ની ફાઇલ ઉપર પછી સહી થાય. અમદાવાદમાં એક શ્રી હર્ષદ વોરા નામના આર.ડી.સી. હતા, જે પહેલા રાજકોટ હતા અને તેમની બદલી કરીને અમદાવાદ લાવવામાં આવ્યા. તેઓ ખુલ્લેઆમ દલાલો ભેગા કરે. આટલા કમિશન વગર એન.એ. નહીં થાય. અમારે છેક ઉપર સુધી પૈસા આપવા પડતા હોય છે. ભલે કોઇ લેતું ન હોય પણ તમારા નામે આવા અધિકારીઓ ભ્રષ્ટાચાર કરી સરકારને પણ બદનામ કરવાની વાત કરતા હોય છે ત્યારે આવા અધિકારીઓને આપણે ઓળખવા પડશે. હું આપને વિનંતી કરું છું કે, કમલમ, જે ભારતીય જનતા પાર્ટીની ઓફિસ બની એની ઝીરો ટકા કપાત, ઊમિયા ધામ બન્યું એની તમામે તમામ જગ્યામાં ઝીરો ટકા કપાત આપી શકાય એની સામે અમને વાંધો હોઇ શકે નહીં. ગુજરાત રાજ્યમાં આવી તમામે તમામ સંસ્થાઓમાં તમે ઝીરો ટકા કપાત આપો, પણ કોગ્રેંસની ૧૫૦ વર્ષ જૂની સંસ્થા જે માતર ગામમાં આવેલી છે, જે અમારી સેવાદળની સંસ્થાની અંદર અમે એન.એ. માંગ્યું એની અંદર ૪૦ ટકા કપાત. કેમ વિસગંતતા? કલોલની અંદર અમારા દલિત સમાજના મિત્રોએ એક સ્કૂલ બનાવવાનું આયોજન કર્યું, ગઇ વખત પણ મેં ધ્યાન દોર્યું હતું કે એમને નવી શરતની જમીન લીધી છે. તમે ત્યાં ઝીરો ટકા કપાત તરીકે આપો છો એનો અમને વાંધો હોઇ શકે નહીં, આખા ગુજરાતને વાંધો હોઇ શકે નહીં, પણ દલિત સમાજની જ્યારે સ્કૂલ બનતી હોય ત્યારે તમે એને પ્રિમિયમમાંથી તો માફી આપો? શા માટે આપતા નથી? આવી તમામે તમામ બાબતો આપના દ્વારા મંત્રીશ્રીને કહેવા માગું છું. માર્ગ અને મકાન વિભાગમાં રકમ રૂપિયા ૧૨ હજાર અને ૨૪ કરોડની જોગવાઇ કરી છે. ૮૦ ટકા રસ્તાઓ, બનવાની સાથે જ બીજા મહિને તૂટી જાય છે. એની ક્વોલિટી જળવાતી નથી. અમારા કલોલની અંદર (વચ્ચે અટકાવતાં)...

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરુ થાય છે. માનનીય શ્રી અરવિંદભાઇ.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી: માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય બળદેવજીભાઇએ મંત્રીશ્રીઓને ખાતાની ફાળવણીના સંબંધમાં *(xxx) અંગેની વાત કરી તે યોગ્ય નથી અને તે શબ્દો દૂર કરવા જોઇએ. (અંતરાય) આવું બોલાય નહીં. તમે બોલી ગયા, એ શબ્દો રેકર્ડ ઉપરથી નીકળી ગયા પછી એ રિપીટ ન કરાય.

અધ્યક્ષશ્રી : કોઇ પણ *(xxx) આ જાતનું રેકર્ડ ઉપર બોલી શકાય નહીં. આપ જેવા સિનિયર સભ્ય આવું બોલો તે યોગ્ય નથી. હું એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની અધ્યક્ષતામાં માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ દ્વારા સને ૨૦૨૨-૨૩નું પ્રજાલક્ષી, સર્વ વિકાસલક્ષી બજેટ, જે પૂરાંત વાળું બજેટ લઇને આ સન્માનનીય સભાગૃહમાં રજૂ કર્યું છે એમાં હું મારા વિચારો રજૂ કરવા અને તેને સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારનું ખૂબ મહત્ત્વનું અંગ, એટલે કે મહેસૂલ વિભાગ, એ મહેસૂલ વિભાગની અંદર મારા વિચારો રજૂ કરવા માટે આપના માધ્યમથી હું આ સન્માનનીય સભાગૃહમાં ઉપસ્થિત થયો છું. સૌથી પહેલા કહેતા મને આનંદ થાય છે કે વર્ષો સુધી આ ગુજરાતની અંદર અને કેન્દ્રની અંદર વિપક્ષનું સ્થાન હતું, સત્તા હતી નહીં, હું ગુજરાતની જ વાત કરવા માગું છું કે ગુજરાતની અંદર મહારાષ્ટ્રથી અલગ થયા પછી ગુજરાતમાં ગુજરાતનો ખેડૂત એને કોઇ જમીન ખરીદવી હોય તો એ ૮ કિલોમીટરની અંદર એ પોતે ખેડૂત હોય તો જ એ જમીન ખરીદી શકતો હતો. પણ ૧૯૯૫ની અંદર ગુજરાતની અંદર ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી, અમારા એ વખતના મુખ્યમંત્રીશ્રી કેશુભાઇ પટેલે સૌથી પહેલો આ ઐતિહાસિક નિર્ણય લઇ અને ૮ કિલોમીટરનું જે અંતર હતું તે દૂર કરી અને સમસ્ત ગુજરાતનો વિકાસ કરવા માટેનો અભિગમ ઉભો કર્યો, એના પગલાં ત્યાંથી મંડાયા છે. આ મહેસૂલ વિભાગ એટલે રાજયની અંદર કુદરતી આફતો આવી હોય, રોગચાળો ફાટી નીકળ્યો હોય, અનેક જાતની મુશ્કેલીઓ એ પછી દુષ્કાળ હોય, ભૂકંપ હોય અથવા તો પશુ પાલનની અંદર વ્યવસ્થા ગોઠવવાની હોય, આ મહેસૂલ વિભાગ એ તમામ વિભાગોની સાથે રહી અને ખૂબ સારું કામ કરતો હોય છે. જિલ્લા કક્ષાએ કલેક્ટર, તાલુકા કક્ષાએ મામલતદાર અને નાયબ મામલતદાર, સર્કલ ઓફિસર અને ગ્રામ્ય કક્ષાએ તલાટીના માધ્યમથી સરકારની યોજના અને સરકારના વખતો વખતના જમીન સુધારણાના કાયદાનો અમલ કરવાવાળો આ વિભાગ છે. હું આપના માધ્યમથી કહેવા માગું છું કે પહેલા જયારે આપણે કોઇ પણ ૭/૧૨, એટલે કે મહેસૂલની અંદર જમીનધારક ખેડૂતોને પોતાનો ૭/૧૨ લેવો હોય તો

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

એને અનેક ધક્કા ખાવા પડતા હતા. તત્કાલીન મુખ્યમંત્રીશ્રી માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે ઓન લાઇન સિસ્ટમ દાખલ કરી અને ગામડાની અંદર બેઠેલો એ ખેડૂતનો દીકરો તરત જ ત્યાંથી પાંચ રૂપિયાનું ટોકન ભરી અને પોતાના ૭/૧૨ હોય, ૬ની એન્ટ્રી હોય, ૮ની હોય એ તાત્કાલિક પોતે મેળવી શકે છે અને પોતાની જમીનની અંદર કંઇ પણ નાનો મોટો પ્રશ્ન ઉપસ્થિત થયો હોય તો તરત જ જાણી શકે છે. એ જ પ્રમાણે પહેલા એન. એ. ની વાત કરવી હોય તો એન. એ. કરાવવું હોય તો ખૂબ મોટો સમય જાય, અનેક જગ્યાએ ફરવું પડે, સરકારના અનેક અભિપ્રાયો લેવા પડે. એ અભિપ્રાયોમાંથી મુક્તિ આપવાનું કામ પણ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. અત્યારે કયાંક નાના મોટા પ્રશ્નોની અંદર એ વખતે જે અભિપ્રાયો લેવા પડતા હતા, આજે મને કહેતા આનંદ થાય છે કે ત્રણ જ વિભાગના અભિપ્રાયો લઇ જમીનની અંદર એન.એ. કરવાની પ્રક્રિયા ખૂબ ઝડપી થઇ છે. પણ કયાંક નાના મોટા પ્રશ્નો છે. આ વિભાગની અંદર ઓન લાઇન એન.એ. કરવાની પ્રથા છે એની અંદર સમય મર્યાદા જે પ્રમાણે નક્કી થઇ છે એ પ્રમાણે તમામ ફાઇલોનો નિકાલ થાય એવું આપના માધ્યમથી સૂચન કરું છું. એક એવો જ ઐતિહાસિક નિર્ણય તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ લીધેલો. જે જગ્યા નવી શરતની હોય એ જગ્યા ખેડૂત કયારેય વેચી શકતો નહોતો, એને પરિવારની કોઇક જરૂરિયાત હોય પોતાના દીકરાને ભણાવવો હોય, ગામડાના ખેડૂતને પોતાના દીકરાને આગળ વધારવો હોય, બે દીકરા હોય એક દીકરાને શહેરમાં મોકલવો હોય અને એકને ગામડે રાખવો હોય તો એના માટે પોતાની જમીન વેચી શકતો નહોતો. પણ એ વખતના મુખ્યમંત્રીશ્રી અને મહેસૂલ મંત્રીશ્રી આનંદીબહેન પટેલે આની અંદર ઐતિહાસિક સુધારો કર્યો અને પ્રિમિયમ પાત્ર એટલે કે જંત્રીના શહેરી વિસ્તારમાં ૬૦ ટકા અને ગ્રામ્ય વિસ્તારમાં ૧૦૦ ટકા પ્રિમિયમ ભરીને નવી શરતમાંથી જૂની શરતમાં રૂપાંતર કરી એ જગ્યા ખેડૂત પોતે વેચી શકે તેવો ઐતિહાસિક સુધારો કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી વિસ્તારની થોડી વાત કરવા માગું છું. જે પ્રમાણે તત્કાલીન મુખ્યમંત્રીશ્રીઓએ શહેરી વિસ્તારમાં સૂચિત સોસાયટીઓની અંદર પહેલા ઘણી બધી સૂચિત સોસાયટીઓનું બાંધકામ થયેલું એ જગ્યા સરકારના નિયમ પ્રમાણે કયાંક શ્રીસરકાર થતી હતી એવી સોસાયટીઓને સૂચિત સોસાયટીમાં રૂપાંતર કરીને એ સરકારે કાયદામાં સુધારો કર્યો. એ જંત્રીના ૨૫ ટકાથી લઇને ૧૦૦ ટકા સુધીનું પ્રિમિયમ લઇને કાયદેસર કરવાનું જે કામ કર્યું છે એ ખૂબ સરાહનીય છે. એ જ પ્રમાણે યુ.એલ.સી.નો કાયદો એમાં પણ સુધારો કરીને જમીન માલિકોને મકાન માલિક પોતે માલિક બને એના માટે કાયદામાં સુધારો કર્યો છે. આ બંને યોજનાઓ માનનીય મહેસૂલ મંત્રીશ્રીને આપના માધ્યમથી કહેવા માગું છું કે થોડા સમયથી એમાં કોઇ સંજોગોવશાત એમાં થોડીક અમલવારી થતી નથી. તો ફરીથી એની અંદર ઝડપથી જે લાભાર્થીઓ છે એને લાભ મળે એવી આપના માધ્યમથી વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે જણાવવાનું કે વર્ષો પહેલાં શહેરી વિસ્તારમાં જૂની શરત અને નવી શરત એ અંગે કોઇને ખબર પડતી નહોતી. ઘણા બધા લોકોએ પરિવારોએ મકાનો લઇ લીધા છે. નવી શરતની અંદર બાંધકામ કર્યું છે પણ અત્યારે કાયદાના આધારે એ જગ્યા શ્રીસરકાર થઇ ગઇ છે. જે રીતે સૂચિત સોસાયટીનો કાયદો બનાવ્યો, યુ.એલ.સી.નો કાયદો બનાવ્યો એ રીતે સમયથી પહેલા જેમણે પણ શહેરી વિસ્તાર અથવા તો ગ્રામ્ય વિસ્તારમાં આવી જગ્યા ઉપર મકાનો બનાવ્યા છે એમાં પણ જંત્રીના દર પહેલા નક્કી કર્યા છે એવો કાયદો બનાવી એમાં પણ જે ગરીબ પરિવારોએ મકાનો બનાવ્યા છે એમને કાયદેસર કરવા આપના માધ્યમથી હું વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આવી અનેક યોજનાઓ અમલમાં મૂકી છે જેનાથી આજે પણ ગુજરાતનો ખૂબ મોટો વિકાસ એની અંદર થઇ શકયો છે. રાજય સરકારે પણ અનેક સરકારી યોજનાઓની અંદર જમીન સંપાદિત કરવા માટે જે કાયદાઓ હતા એમાં અમુક અંતરે સુધારા કર્યા છે. એના આધારે વિકાસલક્ષી યોજનાઓને ઝડપથી વેગ મળવાનું કામ એ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી સન ૨૦૨૨-૨૩નું અંદાજપત્ર લઇને આવ્યા છે તે અંગે હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટના પ્રથમ પાના ઉપર માનનીય નાણામંત્રીશ્રી બોલ્યા છે કે ખેડૂતોને રવિ તેમજ ઉનાળું પાક માટે પણ વ્યાજ સહાય મળી રહે તેવી નવી યોજનાઓની જાહેરાત કરું છું. આ સરકાર જાહેરાત માટે એકદમ કોઇને કોઇ નામ માટે જાહેરાત કરી દે છે અને એવા રૂપકડાં નામ અપાય છે કે લોકોને એમ થાય કે ઓહોહો મારું તો શું એ થઇ જવાનું છે. પરંતુ જાહેરાત કરેલી યોજનાની અમલવારીમાં ઝીરો પરિણામ આવે છે. ખેડૂતોને ઝીરો ટકાથી પૈસા આપવાની વાત થાય છે. પ્રવકતાઓ ટી.વી. ડિબેટમાં જઇએ ત્યારે એમ કહે છે કે કોંગ્રેસની ભૂતકાળની સરકારની વાત કરે છે. જયારે જોઇએ ત્યારે સ્વપ્નામાં કોંગ્રેસ આવે છે. મારે મંત્રીશ્રીને કહેવું છે કે ૨૭ વર્ષથી તમારું રાજ ચાલે છે. અમારા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીને અભિનંદન આપો છો અમને વાંધો નથી. પણ શા માટે તમને સ્વપ્નમાં કોંગ્રેસ જ આવે છે? શા માટે શ્રી જવાહરલાલ નહેરૂ સ્વપ્નમાં આવે છે? શા માટે તમને અમારા શ્રી ઇંદિરાજી અને શ્રી રાજીવજી સ્વપ્નમાં આવે છે? આ સ્વપ્નના બદલે ગુજરાતના લોકોને દેખાડેલા સ્વપ્ન ઉપર થોડું ધ્યાન આપવામાં આવે તો ગુજરાતનો ઘણો વિકાસ થઇ શકે તેમ છે. ગુજરાત એક મહત્ત્વનું રાજ્ય છે. ગુજરાત એટલે ગાંધીની જન્મભૂમિ, સરદાર વલ્લભભાઇ પટેલની જન્મભૂમિ. સરદાર એટલે એક એવું નેતૃત્વ કે જેના કારણે ૫૪૨ રજવાડાઓ એક થઇ ગયા. હૈદરાબાદના નિઝામ જ્યારે આપણી સાથે જોડાવા માગતા નહોતા, જૂનાગઢના નવાબ આપણી સાથે જોડાવા માગતા નહોતા ત્યારે સરદાર વલ્લભભાઇ પટેલે હૈદરાબાદના નિઝામને સંદેશો મોકલ્યો કે મારે ધક્કો તો

નહીં થાય ને? ત્યારથી હૈદરાબાદના નવાબ ક્યાં ભાગી ગયા છે, જૂનાગઢના નવાબ ક્યાં જતા રહ્યા છે ખબર નથી પડતી, આ સરદાર વલ્લભભાઇ પટેલ. આમ વાતો કરી કરીને કહો છો. સરદાર વલ્લભભાઇ પટેલના નામે આ દેશમાં આબાદીનું કામ કોઇએ કર્યું હોય તો ગુજરાતે કર્યું છે. ૭૦ વર્ષમાં કોંગ્રેસે શું કર્યું એવું મારા મિત્રો બોલે છે. મારે એમને કહેવું છે કે કોંગ્રેસે બનાવેલી સ્કૂલમાં ભણીને તમે આજે મંત્રી બન્યા છો. તમને આવું બોલવા માટે શરમ થવી જોઇએ. જે બસો કોંગ્રેસે મૂકી હતી, આજે અમારે ગામડામાં બસોના ફોટા દેખાડવા પડે છે. બસો આવતી નથી અને આવે છે તો ક્યાં? વડાપ્રધાનશ્રી આવે તો બસોની લાઇનો થઇ જાય છે. લોકો હેરાન અને પરેશાન થઇ જાય છે ત્યારે માનનીય કનુભાઇ બજેટ લઇને આવ્યા છે ત્યારે શ્રી કનુભાઇને તો હું ઘણા વખતથી કહું છું કે સારી રીતે વાતો કરી શકે છે પરંતુ અમલવારીમાં માનનીય કનુભાઇ, તમે ખૂબ જ ખ્યાલ રાખજો. તમે અમલવારી કરવા જશો તો તમને ઉપરથી એમ કહેશે કે આ હવે નહીં કરી શકાય. આપણી પાસે પૈસા ખૂટ્યા છે. એવું કરીને ખેડૂતોને અન્યાય ન થાય તે માટે કાળજી રાખવા માટેની માનનીય કનુભાઇને આપના મારફત હું વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પીવાના પાણી માટે બલ્ક પાઇપલાઇન ૧,૨૦,૦૦૦ કિલોમીટરથી વધુ લંબાઇની પાઇપલાઇનનું વિશાળ નેટવર્ક કર્યું છે. સારું છે, હું ના નહીં પાડું. હું જે વિસ્તારમાંથી આવું છું, લાઠી અને લીલીયા વિસ્તાર, બાબરા વિસ્તાર. તેમાં લાઠી મારો ફ્લોરાઇડવાળો વિસ્તાર છે. લાઠીમાં અનેક ગામડામાં આજે પણ જમીનમાંથી ફ્લોરાઇડયુક્ત પાણી પીવું પડે છે. સવારે ઉઠવું હોય તો દોરડાં ખેંચીને અમારે ઉભા થવું પડે છે. નર્મદા યોજનાનું પાણી આપવા માટેની તે વખતની શ્રી ચીમનભાઇ પટેલ અને શ્રી કેશુભાઇ પટેલની યોજનાને સૌની યોજનાના નામે વાતો કરવામાં આવે છે. ડેમો ભરવા માટેની વાતો કરવામાં આવે છે. હું હમણાં મારા વિસ્તારમાં ગયો હતો, ત્રણ દિવસની રજા હતી. ડેમો ભરવા માટે પાણી આવ્યું, મને તો એમ થઇ ગયું કે ઓહો, ડેમો ભરાઇ જશે. હજી તો પાણી આવ્યું ત્યાં ક્યાંક લાઇન ફટકી ગઇ. ક્યાં ફટકી ગઇ ખબર નથી પડતી. પેપર ફૂટે એમ લાઇન ફૂટી જાય. કેમ ફૂટે છે ખબર પડતી નથી. કોણ આ કામગીરી કરનાર છે? આવડી મોટી નર્મદા યોજના બની તેના માટેની પણ નહેરોની વાત લઇને આવ્યા. સિંચાઇ ક્ષેત્રે અછતમાંથી મહદ્અંશે ૬૩,૦૦૦ કિલોમીટરનું વિશાળ નેટવર્ક. સૌરાષ્ટ્રના અનેક ગામડાઓમાં આજે પાઇપલાઇન ખોદાઇ છે, નહેરો ખોદાઇ છે, નહેરોમાં ક્યારે પાણી આવશે ખબર પડતી નથી. માત્ર વાતો કરવાથી, વાહવાહી કરવાથી આ રાજ્યનો વિકાસ નહીં થાય, આ રાજ્યનો વિકાસ કરવો હોય તો આવડી મોટી ધારાસભા બાંધવાનું તે વખતનું કોંગ્રેસના અમારા આગેવાનોનું સ્વપ્ન, આજે આપણે બેઠા છીએ. ઝળહળતી લાઇટોમાં આજે બજેટની ચર્ચા કરી શકીએ. નાના એવા ખેડૂતનો દીકરો, નાના એવા આદિવાસીનો દીકરો આજે ચર્ચા કરી શકે એ પ્રકારની જો કોઇએ શરૂઆત કરી હોય તો તે એ વખતની કોંગ્રેસની દેન છે. રજની કોઠારીએ પોતાના પુસ્તકમાં લખ્યું છે, હિંદુસ્તાન દેશ સ્વતંત્ર થયો અને હિંદુસ્તાન દેશની સાથે ૧૨૦ દેશ સ્વતંત્ર થયા. ત્યારે મારે અભિનંદન આપવા છે કે કોંગ્રેસનું રાજ આવ્યું તેના કારણે હિંદુસ્તાન નં.૧ દેશ બન્યો છે અને કોંગ્રેસના સ્વપ્ના જૂઓ છો? મોતીલાલ જહેરૂ, પૂ. જવાહરલાલ નહેરૂના પિતાશ્રી એ મોતીલાલ નહેરૂએ કુલપુર મુકામે ૨૦૦ એકર જમીન એક રૂપિયાના ટોકન ભાવે આપી અને ઇફકો સંસ્થા સ્થપાઇ છે. એ ઇફકોનું ખાતર આજે ખેડૂતોને પહોંચે છે. તમારી બધી સંસ્થાઓમાં તો જૂઓ, શું છે જી.એસ.એફ.સી.ની દશા, જી.એન.એફ.સી.ની દશા? પી.એસ.યુ. વેચી નાખવામાં આવે છે. રેલવેને પણ વેચી નાખવામાં આવે છે. મને તો બીક લાગી રહી છે કે આ * (xxx) ભાઇસાબ. કારણ કે અદાણી..

શ્રી પૂર્ણેશ મોદી : * (xxx) એ શબ્દો રેકોર્ડ પરથી દૂર કરવામાં આવે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : મને શંકા થઇ રહી છે. મને જ્યારે શંકા થઇ રહી છે. ત્યારે તો હું કહી શકું ને કે મારી શંકા ઉપર સમાધાન થાય અને આ પ્રકારની મુશ્કેલીઓ ઉભી ન થાય. આ વિધાનસભા મહત્ત્વનું ગૃહ છે.

અધ્યક્ષશ્રી : માનનીય વિરજીભાઇ જે *(xxx) ઉચ્ચારો કર્યા છે એ રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, મેં વેચવાનું નથી કીધું, વેચી ના નાખે એની ચિંતા કરું છું. માનનીય નાણામંત્રીશ્રી ખેડૂતો માટેનું બજેટ લઇને આવ્યા છે. શ્રી રાઘવજીભાઇ અહીંથી ત્યાં બેસવા ગયા છે, ભલે શ્રી રાઘવજીભાઇ બેસે, કૃષિ માટેની ચિંતા કરે છે, હજી પણ કૃષિ માટેની ચિંતા કરશે પણ તમે પાછા શ્રી પૂર્ણેશભાઇ મોદી પાસે આવ્યા એટલે ખેડૂતોને ભૂલી ના જતા. શ્રી રાઘવજીભાઇ હું એની ચિંતા કરું છું કારણ કે શ્રી પૂર્ણેશભાઇ વાત કરે છે પણ પાછા ભૂલી જાય છે. માનનીય પૂર્ણેશભાઇને પણ મારે કહેવું છે કે તમારા વિભાગમાં જે અનિયમિતતા ચાલી રહી છે, અમારા સૌરાષ્ટ્રમાં જે રસ્તા બને છે એમાં તમે જે બી.એમ. આપો છો એ ૨૫ બી.એમ. આપો છો અને તમારા વિસ્તારમાં જે રસ્તા બને છે ત્યાં ૩૭.૫ બી. એમ. અપાય છે. અમારા વિસ્તારમાં એમ.એસ.એસ. ૧૭ પોઇન્ટ અપાય છે અને બીજા વિસ્તારમાં જે રસ્તાઓ બને છે એમાં ૨૦ પોઇન્ટ અપાય છે. અમારા સૌરાષ્ટ્રના રસ્તાઓ તૂટી જાય છે, અમારે વલભીપુરથી અહીંયા આવવું હોય તો પહોંચાતું નથી. વર્ષોથી અમારો બાવળાનો પુલ કેવા સંજોગોમાં ઉભો થયો છે ખબર નથી પડતી, પણ પાંચ વર્ષથી હું ધારાસભ્ય થયો ત્યારનો બાવળાનો ઓવરબ્રિજ ચાલે છે. કામ પૂરું થતું નથી. બાવળાનો પણ બ્રિજ થતો નથી અને આર.ઓ.બી. ધંધુકાનો થતો નથી એ હું અગાઉ પણ કહી ચૂકયો છું. તમે રસ્તા માટે ધ્યાન રાખો, રસ્તાઓ સારા બનશે તો જ ગુજરાતનો વિકાસ વધારે ઝડપથી થઇ શકશે અને ગુજરાતના વિકાસની કાળજી રાખવી જોઇએ. પ્રાકૃતિક ખેતીની બહુ વાતો થઇ રહી છે. સારી બાબત છે. અત્યારે ખાતર મળતું નથી. ખાતર માટેના ફર્ટીલાઇઝરની શોધ એ મારો સિદ્ધાંત ખોટો હતો. આ રાસાયણિક ખાતરની જર્મન

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

વૈજ્ઞાનિકે જેમણે જસ્ટીન લીબીંગે ફર્ટીલાઇઝરની શોધ કરી છે. એ ફર્ટીલાઇઝરની શોધ કરનારા લીબિગે કહ્યું છે ભગવાન મને માફ કરો ફર્ટીલાઇઝરની શોધ કરીને મેં મોટું પાપ કર્યું છે. એમને સમજાણું અને એટલા માટે પ્રાકૃતિક ખેતીની વાતો લઇને આવ્યા છે એને હું ખેડૂતનો દીકરો છું ત્યારે ગૌરવપૂર્વક સ્વીકારું છું પરંતુ પ્રાકૃતિક ખેતી માટે મોટી મોટી વાતો કરવામાં આવે છે એટલે માનનીય રાઘવજીભાઇ, માનનીય અધ્યક્ષશ્રી દ્વારા અને માનનીય કનુભાઇ મારફત આપને કહેવા માગું છું કે આવડા મોટા તમે ઢોલ નગારા પીટો છો સારી બાબત છે પરંતુ પ્રાકૃતિક ખેતી માટે તમે જોગવાઇ શું કરી એ તો તમે જુઓ, જોગવાઇ પણ પૂરી નથી કરી.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય વાસણભાઇ આહીર....

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, મને દસ મિનિટ ફાળવી છે.

અધ્યક્ષશ્રી : તમારી ૯ મિનિટ છે, ૩૦ સેકન્ડ વધારે આપી છે. ર૭માં પૂરું થાય છે... માનનીયશ્રી વાસણભાઇ આહીર..

શ્રી વાસણભાઇ ગો. આહિર(અંજાર) : माननीय अध्यक्षश्री, आज, गुजरात के लोकप्रिय मुख्यमंत्री आदरणीय श्रीमान भुपेन्द्रभाई पटेल कि सरकार के वित्त मंत्री श्रीमान कनुभाई देसाई, जिन्हों ने जो बजेट प्रस्तुत किया है, उसके समर्थन में मैं बात करना चाहता हुं। मुझे बड़ी खुशी है, काफी लंबे समय के बाद मुझे बजट पर बोलने का सदभाग्य प्राप्त हुआ है। मुझे आज खाण और खनीज विभाग दिए गए हैं। खास कर के देश के प्रजावत्सल प्रधानमंत्री श्री नरेन्द्र मोदीजी ने इस विभाग में आमूल परिवर्तन लाने का एक फैसला किया। सालों से हमारे यहां खनन प्रवृत्ति तो होती थी, पुरे हिन्दुस्तान में, गुजरात में, लेकिन उनके बारे में किसी लोगों को कही एक कौडी भी नहीं मिलती थी। लेकिन हमारे देश के प्रजावत्सल प्रधानमंत्री नरेन्द्र मोदीजी ने 2014 में दिल्ली में जाकर और उसके बाद 2016 में उन्हों ने एक नीति का गठन किया गया। जिसे नाम दिया गया डीएमएफ - डिस्ट्रीक्ट मिनरल फंड। जो देश भर में जहां भी खनन प्रवृत्ति होती है, वहां के जो ईन्टिरियर क्षेत्र हैं, वहां के क्षेत्र के लोगों के विकास के लिए एक त्रीस्तरीय समिति का गठन किया गया। आज गुजरात में, राज्य के जनप्रिय मुख्यमंत्री श्रीमान भुपेन्द्रभाई पटेल की अध्यक्षता में यह समिति का गठन किया गया है। और कलेक्टर की अध्यक्षता में भी यह गठन किया गया है। इस में जो हम हमेशां कहते हैं, हमारा जो स्लोगन है, भारतीय जनता पार्टी का, इस देश के प्रजावत्सल प्रधानमंत्री नरेन्द्र भाई मोदीजी का, 'सबका साथ, सबका विकास'। Not and only for I Talk, but reality accepted to all our people. उन्हों ने, (અંતરાય)

અધ્યક્ષશ્રી: શ્રી વાસણભાઇ, આપનું પ્રવચન ચાલુ રાખો. શ્રી વિરજીભાઇ, તમે કોમેન્ટ કરવાનું બંધ કરો. આવી રીતે તમે બોલતા હોવ ત્યારે કોઇ કોમેન્ટ કરતું નથી. પ્લીઝ, શાંતિ રાખો.

શ્રી વાસણભાઇ ગો. આહિર : माननीय अध्यक्षश्री, मैं जो बात कर रहा था। सबका साथ, सबका विकास। ये मेरे प्रतिपक्ष के सभी सदस्यों को मैं जानकारी देना चाहता हुं कि, ये जो डीएमएफ की जो रचना की गई है, उस में सभी पोलिटिकल पार्टी के सदस्यों को निमंत्रित किया गया है। मेम्बर रखा गया है। जिस से वो अपनी बात विस्तृत तौर पर रख सके। मेरे क्षेत्र में कहां कमी है, कहां फंड लेना है, किस जगह पर इसका खनन का उपयोग करना है। ये हमारे देश के प्रजावत्सल प्रधान मंत्री ने ये गठन किया। और आज कच्छ जैसे कई अपने ईलाके जहां से आप और मैं कच्छ से आ रहे हैं। आज कच्छ में 1986 में जो कोयले की खान शुरु की वो आज तक इस कच्छ की एक जीवादोरी समान थी। आज कच्छ के अंदर बहुत सारी खनीज की उत्पत्ती हो रही है। पूरे गुजरात में भी हो रही है। आज ईस में काफी बदलाव

भी लाए हैं। इस विभाग के कर्मयोगी कर्मचारीयों ने काफी हद तक इसकी आय में वृद्धि की है। इस का मुझे बहोत बड़ा संतोष और आनंद है। मैं इन सभी कर्मयोगीयों को बहुत-बहुत अभिनंदन देना चाहता हुं। इस राज्य के जनप्रिय मुख्यमंत्री आदरणीय भुपेन्द्र भाई पटेल जी की अध्यक्षता में ये जो डीएमएफ की कमिटि है, वो कमिटि जो काम करती है, और उसने जो एक्टिव बनकर अपने जो मापदंड बनाए हैं, जिस की वृद्धि हुई है, इस का मैं कुछ जिक्र करना चाहता हुं। जिस के अनुसार गुजरात सरकार के उद्योग और खदान विभाग द्वारा अधिसूचना दी गई है। डीएमएफ के लिए नियम, कार्य और मापदंड तय किये गए हैं। इस के लिए द्विस्तरीय एक समिति का गठन भी किया गया है। खनिजों के प्रकार अनुसार खनिजों को मुख्य खनिज और गौण खनिज के प्रकार से वर्गीकृत किया जाता है। जिस में 12-1-2015 के पूर्व आवेदन के आधार पर, पुरानी आवंटन प्रणाली के माध्यम से स्वीकृत मुख्य खनिजों के पट्टा धारकों को नियमानुसार रोयल्टी के 30 प्रतिशत और 12-1-2015 के बाद नीलामी द्वारा मुख्य खनिजों के पट्टाधारकों को रोयल्टी के 10 प्रतिशत इन खनिजों के रोयल्टी में दिये जाते हैं। प्रधान मंत्री खनिज क्षेत्र कल्याण योजना के तहत खनन प्रभावित क्षेत्रों और ग्रामीणों के लिए विभिन्न विकास और कल्याण कार्यक्रमों के लिए खर्च किये जाते हैं। आज इस योजना का मुख्य उद्देश खनन प्रभावित गांवों में, ज्यादातर अंदरुनी क्षेत्रो में लोगों की जरूरियात के लिए कल्याणकारी गतिविधियों को मद्देनज़र रखते हुए चार प्रमुख उद्देश्य तय किये गए हैं। खनन प्रभावित क्षेत्रों के लोगों की बुनियादी जरूरतों को पूरा करने के लिये डीएमएफ फंड के लाभ प्रदान करना। खनन प्रभावित क्षेत्रों के लोगों के जीवन स्तर में सुधार लाना। खनन प्रभावित क्षेत्रो में हेल्थ की अच्छी सुविधाएं प्रदान करना। आज अपने कच्छ के अंदर मोथाला और अबडासा में दो जगह पर मेडिकल केम्प भी, अपने कच्छ में चालु है। मैं इतना कहना चाहता हुं कि खनन प्रवृत्ति ज्यादा होने के कारण कई जगह पर जो हमारे विभाग के ट्रेनिंग सेन्टर चलते थे, जो ड्राईवरों को एक माह तक ट्रेनिंग देते थे। उन को खाना और अन्य सुविधाएं भी प्रदान करते थे। लेकिन कोरोना के कारण गुजरात में वो ट्रेनिंग बंद की गई है। तो मेरा ये सुझाव भी है की, वो ट्रेनिंग सेन्टर फिर शरु किए जाएं। जिस से झारखंड और मध्य प्रदेश से जो ड्राईवर और मजदूर लाने पड रहे हैं, उन के बजाय अपने गुजरात के बेरोजगार युवानों को रोजगार मिल सके। और मेरा ये सुझाव है और मुझे पुरा भरोसा और विश्वास है की, जल्द से जल्द यह काम किया जाएगा। आज इस क्षेत्र में एक नीति ऐसी बनाई गई है, जो हमारे पट्टा धारकों के लिए, अपनी खुद की मालिकी की जमीन हो और अगर उस में कही खनिज है, तो उसकी मंजुरी लेने के लिए आज की तारीख में ये प्रक्रिया बंद है। मेरा ये सुझाव है की आज राजस्थान जैसे अन्य राज्यों से खनिज लाने पड रहे हैं। तो मेरा ये सुझाव है कि उस नीति में कुछ परिवर्तन किए जाएँ।

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી વર્ષ ૨૦૨૨-૨૩નું બજેટ લઇને પધાર્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, બજેટ બહુ ઐતિહાસિક અને સારું સારું બતાવે છે, પરંતુ ખરેખર આદિવાસી વિસ્તારોનાં જે કામો થવા જોઇએ એ કામો કોઇપણ રીતે થતાં નથી. ગયા વર્ષનું જે બજેટ હતું એ ગયા વર્ષના બજેટમાં જે જોગવાઇ કરી હતી એ જોગવાઇ પ્રમાણે જે રકમ વાપરવી જોઇએ એ રકમ વપરાઇ નથી. રૂપિયા ૨,૪૩,૯૬૫ કરોડનું બજેટ માનનીય નાણામંત્રીશ્રી

લઇને પધાર્યા છે. એમાં રૂપિયા ૨,૯૦૯ કરોડની જોગવાઇ ૨૦૨૨-૨૩ના વર્ષમાં કરી છે. પરંતુ ગયા વર્ષના બજેટમાં જે રકમ મંજૂર કરેલી રૂપિયા ૨,૬૫,૬૪૦ કરોડ તેની સામે માત્ર રૂપિયા ૧,૨૭,૧૧૭ કરોડ જેટલી રકમ વપરાઇ, એટલે કે ૪૮ ટકા જેટલી રકમ વપરાઇ અને બાકીની પર(બાવન) ટકા રકમ યેનકેન પ્રકારે વપરાઇ નથી. વપરાયેલી રકમ વર્ષાન્તે બીજા ખાતામાં ડાયવર્ટ થઇ જાય છે. છોટાઉદેપુર જિલ્લામાં રાજય સરકારના આદિવાસી વિભાગો દ્વારા ચાલતી કન્યાશાળાઓ, મોડેલ સ્કૂલો, બાળકોને તૈયાર ભોજન સખી મંડળો દ્વારા રોજના પર(બાવન) રૂપિયામાં લેખે અત્યાર સુધી આપવામાં આવતુ હતું. સખી મંડળોને સરકારે પ્રશંસાપત્રો પણ આપેલા. છતાં આદિવાસી વિભાગની રહેમ દ્રષ્ટિથી ગાંધીનગરની પ્રમુખ જનરલ ટ્રેડર્સ સપ્લાયર્સને રૂ. ૭૨ના ભાવે ખોટી રીતે ઇજારો આપી દીધેલ છે અને પરિણામે સરકારને દૈનિક નુકસાન રૂપિયા ૧,૪૩,૦૦૦ થાય છે. રૂપિયા ૧,૪૩,૦૦૦ રોજ એટલે વાર્ષિક રૂ. ૪,૨૯,૦૦,૦૦૦ જેટલું નુકસાન થઇ રહ્યું છે. સાચી રજૂઆતો કરવા છતાં ધ્યાન અપાતું નથી. અનેક કાગળો લખી લખીને થાકી ગયા છતાં પણ આના પર કોઇ ધ્યાન દોરાતું નથી. આદિવાસી વિસ્તારમાં ઓરસંગ નદીના પટમાં પેસા એકટ હેઠળ આદિવાસીઓને રેતી લીઝ આપવામાં આવતી નથી. લગભગ ૧,૨૦૦ જેટલા રેતી લીઝ મેળવવા માટે શિડયુલ ટ્રાઇબ અને શિડ્યુલ કાસ્ટના લોકોએ એપ્લીકેશનો કરી છે પરંતુ આ ગરીબ માણસોને આ લીઝ આપવામાં આવતી નથી અને ઇ.સી. આપવામાં આવતું નથી. ઇ.સી. ન આપવાને કારણે આદિવાસીઓને આ લીઝ આપવામાં આવશે. પેસા કાયદા હેઠળ આદિવાસીઓને કોઇને લીઝ મળતી નથી. ઓરસંગ નદી જ્યાંથી શરૂ થાય છે અને જ્યાં પૂરી થાય છે. તે તમામ જમીન આદિવાસી વિસ્તારની છે, પણ આદિવાસીઓને લીઝ શા માટે આપતા નથી એ મારી ખાસ વિનંતી છે. મારી લાગણી છે એવા અનેક સવાલો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી વિસ્તારના કવાંટ તાલુકામાં લગભગ વર્ષ ૧૯૭૫માં ૬૫ જેટલી ધાડો પડી તે વખતે શ્રી પ્રકાશભાઇ કોકો જીવતા હતા. અમે બધા સાથે મળીને આ ૬૫ ધાડો પડી એ ગામોમાં મિટિંગો કરી હતી. સ્વ. ચીમનભાઇ પટેલ ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે ૨,૦૦૦ જેટલી બંદૂકોના ખેતીવાડી માટેના લાઇસન્સ મળેલ. હવે આ ૨,૦૦૦ ખેતીવાડી હેતુ માટે બંદૂકના લાઇસન્સ મળ્યા પછી અત્યારે વડોદરા જિલ્લાના ડેપ્યૂટી કલેક્ટર તમારી ઉંમર ૬૦ વર્ષની થઇ ગઇ છે, એટલે લાઇસન્સ રદ કરી દેવામાં આવેલ છે. એ લાઇસન્સ રિન્યુ કરવા માટે ૧,૫૦૦ રૂપિયા ભરાવી દીધા અને પછી એનું લાઇસન્સ રદ કરી દે છે. બંદૂક જમા કરાવી લે છે. એવી પરિસ્થિતિ બને છે. ગુજરાત રાજ્યના ૩૩ જિલ્લામાં ૬૦ વર્ષે બંદૂકના લાઇસન્સ રદ થાય છે ખરા? તો શા માટે એકલા છોટાઉદેપુર જિલ્લામાં ખેતીવાડી હેતુ માટેના જે લાઇસન્સ મળેલા તેમના લાઇસન્સ શા માટે રદ થાય છે? શા માટે રિન્યુ નથી થતા? આવો નિયમ એકલા છોટાઉદેપુર માટે ગૃહ ખાતા તરફથી નિયમો જાહેર થયેલ છે કે આ છોટાઉદેપુર પૂરતું કરવું?

અધ્યક્ષશ્રી : આપની પાસે બે મિનિટ છે.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મારી લાગણી એટલી છે કે હું રોજ બોલતો નથી. મારા પગની પરિસ્થિતિના કારણે હું બોલી શકતો નથી. એટલે એક વિનંતી કરું છું કે અમારા જે ૬૦ વર્ષની વયના લોકો જે બંદૂકના લાઇસન્સ ધરાવે છે તેવા તમામ લોકોના જે લાઇસન્સ રદ કર્યા છે અને ૧,૫૦૦ રૂપિયા લઇ લીધેલ છે તેવા તમામ લોકોના બંદૂકના લાઇસન્સ છોટા ઉદેપુરમાં પરત અપાવો, તેટલી મારી લાગણી છે. મારી બીજી એ પણ લાગણી છે કે ગ્રામ વિકાસ વિભાગમાં જે ભ્રષ્ટાચાર થાય છે, જેની કોઇ સીમા નથી. એ માટે જે તે વિભાગના મંત્રીશ્રીને, બધાને મેં ૧૦-૧૫ વખત કાગળો લખેલ છે. જેતપુર પાવી તાલુકાના કુલિયારી ગ્રામ પંચાયત, બોડેલી તાલુકાનું ધાનપુર ગ્રામ પંચાયત અને બોડેલી તાલુકાના ચુંદેરી ગ્રામ પંચાયત વિભાગ હેઠળ મનરેગા યોજનામાં શૌચાલયનાં કામ, તળાવો ઉંડા કરવાનાં કામો, તળાવો નવાં કરવાનાં કામો એમાં જે ભ્રષ્ટાચાર થયો છે તે કમિશનર ગ્રામ વિકાસ વિભાગને મેં રૂબરૂ મળીને પુરાવા સાથે બધી રજૂઆત કરી, પરંતુ કોઇ આ ભ્રષ્ટાચારની તપાસ કરવા માટે આવતું નથી. સરકારી નોકરી કરતા કર્મચારીઓના જોબકાર્ડ ધારકો, વયોવૃદ્ધ કામગીરી કરી શકે નહીં, તેવા લોકો, જે મરી ગયેલ હોય તેમના જોબકાર્ડ અને મરી ગયેલાનાં નામો મેં લેખિત લખીને આપ્યાં છે. એસ.આર.પી. માં નોકરી કરતા નારણભાઇ વેચાતભાઇ કુલિયારી ગામના છે અને એસ.આર.પી. માં નોકરી કરે. અને પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક રણજિતભાઇ અરસીંગભાઇ અને એ શિક્ષકની પુત્રી સગીર વયની પૂર્વીબેન રણજિતભાઇ અને દિવ્યાબેન...

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : સુભાષભાઇ બાળમજૂર, મેડમ ખાલી બે મિનિટ જ. હેલ્પર અશ્વિનભાઇ આપસિંગભાઇ, રેલવેમાં નોકરી કરતા ભાઇલાલભાઇ નાનસિંગભાઇ, ચંદુભાઇ નાનાભાઇ રાઠવા, ત્રણ વર્ષ પહેલાં મૈયત થયેલા સંતોષભાઇ ચંદનસિંહ આ બધા સગીર બાળમજૂરોના નામ સાથે લેખિતમાં માનનીય મુખ્યમંત્રી તથા બધા અધિકારીઓને આપ્યું છે, તેમ છતાં અને આ તમામ તાલુકાઓમાં રૂપિયા ૯ લાખ, રૂપિયા ૭૫ હજાર, રૂપિયા ૯૬ હજાર એવા ભ્રષ્ટાચાર થયા છે. તો આવા તમામ અધિકારીઓની સામે કાયદેસરની કાર્યવાહી કરી, સરકારના કરોડો રૂપિયાનો બેફામ રીતે ભ્રષ્ટાચાર થાય છે તેમાં તલાટી હોય, સરપંચ હોય બધા ભાગીદારીમાં ભેગા મળીને આદિવાસી વિસ્તારના ઉંડાણના ગામોમાં જે રીતે આ પૈસાની લૂંટ થાય છે તેને રોકવા માટે મારી આપ સાહેબને નમ્ર વિનંતી છે.

તા. ૧૫મી માર્ચ ૨૦૨૨

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા(ત્રીજો દિવસ)

શ્રી ગોવિંદભાઇ પટેલ(રાજકોટ-દક્ષિણ): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ છેલ્લાં બે વર્ષના કોરોનાના મહાકાળ પછી જયારે સમગ્ર રાજ્ય, સમગ્ર દેશ, સમગ્ર વિશ્વ આર્થિક રીતે, રોજગારની રીતે ભાંગી ગયા હતા તેવા સમયે ૨૪૩ લાખ કરોડનું બજેટ લઇને આવ્યા છે, તે પણ એવું બજેટ કે જે વિકાસલક્ષી, એકપણ પૈસાના ટેક્સનો વધારો કર્યા વગરનું અને અનેક નવા આયામો સાથેનું લઇને આવ્યા છે તેને અભિનંદન આપું છું. ખાસ કરીને આપણા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને નાણામંત્રીશ્રી બંને આ ક્ષેત્રમાં નવા હોવા છતાં આ જે બજેટ લઇને આવ્યા છે તે આવકારદાયક છે એટલે તેને આવકારવા માટે અને સમર્થન આપવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના મિત્રો બહુ જોશ અને જુસ્સાપૂર્વક વાત કરી રહ્યા છે કે, કોંગ્રેસની સરકારે આ કર્યું, કોંગ્રેસની સરકારે આ કર્યું. હું પણ ગામના ચોરામાં ભણીને અહીં સુધી પહોંચ્યો છું. હું પણ ચોરામાં ભણીને અહીં સુધી પહોંચ્યો છું પણ તેનો અર્થ એ નથી કે, વિકાસ થઇ ગયો છે. વિકાસ ખરેખર થયો હોય અને લોકોના હૃદયમાં હોય તો વર્ષ ૧૯૯૦થી શરૂ કરીને ૨૦૨૨ની સાલ સુધી ગુજરાતની જનતાએ તમને કેમ સ્વીકાર્યા નહીં? અમે કંઇ દોડની હરીફાઇમાં દોડીને અહીં બેસી નથી ગયા. લોકોએ અમને મત આપીને બહુમતીએ અહીં બેસાડયા છે.

અધ્યક્ષશ્રી : માનનીય બળદેવજી, આપ બેઠા બેઠા કોમેન્ટ ના કરો. સભ્યને ડિસ્ટર્બ ના કરો.

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, લોકોએ વિકાસનાં કામોને ધ્યાને લઇને ભારતીય જનતા પાર્ટીને મત આપ્યા છે. ભારતીય જનતા પાર્ટી લોકોના મત ક્રિએટ કરે છે. લોકોને વિશ્વાસ મેળવ્યો છે તેના કારણે વર્ષ ૧૯૯૦થી આ સત્તા ઉપર બેઠા છીએ. મારે ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિશે બે વાત કરવાની છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટ માટે વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ રૂ.૨,૭૯૮.૯૪ કરોડની જોગવાઇ કરવામાં આવી હતી. તેમાં પાછળથી રિવાઇઝ કરીને રૂ.૪,૩૯૮.૪૩ કરોડની જોગવાઇ કરવામાં આવી. વર્ષના અંતે રૂપિયા ૧,૭૬૦.૮૨ કરોડનો ખર્ચ આ વિભાગમાં કરવામાં આવ્યો છે. તે રૂપિયા ૧,૭૬૦.૮૨ કરોડના ખર્ચને ધ્યાનમાં લઇને વર્ષ ૨૦૨૨-૨૩ના વર્ષમાં રૂપિયા ૨,૫૯૯.૯૬ કરોડની જોગવાઇ આ ડિઝાસ્ટર મેનેજમેન્ટ મારફત આ બજેટમાં કરવામાં આવી છે. આપત્તિ કયારેય નોંતરી આવતી નથી. ગમે ત્યારે આવે છે. આપત્તિને પહોંચી વળવા માટે આપત્તિ વ્યવસ્થાપન તંત્ર મજબૂત હોવું જોઇએ, સક્ષમ હોવું જોઇએ અને સાધનોથી સુસજ્જ હોવું જોઇએ. તેને ધ્યાનમાં રાખીને અને આપણે સૌ જાણીએ છીએ કે, વર્ષ ૨૦૦૧ની સાલમાં કચ્છમાં જે પ્રકારનો ભૂકંપ આવ્યો એ ભૂકંપના કારણે જે તારાજી થઇ કચ્છ અસ્તવ્યસ્થ થઇ ગયું, અનેક બિલ્ડિંગો જમીનમાં ઘસી ગઇ અને અનેક લોકો બે બે, ત્રણ ત્રણ દિવસ સુધી કણસતા રહ્યા, પણ એને કાઢવા માટેની એ વખતે આપણી પાસે વ્યવસ્થા ન હતી, એટલે બહારથી સાધનો લાવીને કાઢ્યાં અને ઘણા લોકો જીવંત પણ નીકળ્યા. આ તંત્ર જો વ્યવસ્થિત હોત તો ઘણા લોકોના જાન-માલ બચી શક્યા હોત અને એને ધ્યાનમાં રાખીને માનનીય કેશુભાઇ પટેલની અધ્યક્ષતામાં અને માનનીય નરેન્દ્રભાઇએ આપત્તિને અવસરમાં પલટવા માટેનો પ્રયાસ કર્યો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રકારે આ વ્યવસ્થા તંત્ર ઉભું થયું એના કારણે ગ્રાહક કમિશનરની કચેરી કાર્યરત થઇ, અનેક પ્રકારની સત્તાઓ આપવામાં આવી અને અનેક પ્રકારના કાર્યો એની નીચે શરું થયા. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળ બન્યું અને એની નીચે પ્રાદેશિક ઇમરજન્સી રિસ્પોન્સ સેલ બનાવવામાં આવ્યા અને એમાં સૌથી પ્રથમ પાંચ જગ્યાએ આ પ્રાદેશિક કક્ષાના ઇમરજન્સી રિસ્પોન્સીસ સેલ બનાવવામાં આવ્યા. ગાંધીનગર, ગાંધીધામ, રાજકોટ, વડોદરા અને સુરત આ પાંચ જગ્યાએ પ્રાદેશિક ઇમરજન્સી રિસ્પોન્સ સેલ બનાવવામાં આવ્યા અને આ વ્યવસ્થાપન તંત્રના કારણે આજુ બાજુના ૨૦૦-૩૦૦ કિલોમીટરની રેન્જમાં કોઇ એવો બનાવ બને તો ત્યાંથી તમામ પ્રકારની સુવિધા થઇ શકે એવી વ્યવસ્થા કરવામાં આવી અને એ શ્રીમતી આનંદીબેન પટેલ મુખ્યમંત્રી તરીકે હતા ત્યારે આ સેલ બન્યા હતા. ત્યાર પછી ડિસ્ટ્રિક્ટ ઇમરજન્સી ઓથોરિટી સેન્ટર, ૨૬ જિલ્લામાં આ પ્રમાણેનું આયોજન થયું છે. એ ૨૬ પૈકી ૭ના એસ્ટીમેટ પ્લાન બની ગયા છે અને કામ કાર્યરત થયું છે. જે પ્રકારે કચ્છમાં ભૂકંપ થયો અને ભૂકંપમાં ૧૩,૮૦૧ લોકોના મૃત્યુ થયા એ ગંભીર ઘટના હતી અને એ ઘટના લોકોને ભવિષ્યમાં ધ્યાનમાં રહે એટલા માટે ભૂજિયો ડુંગર જે લગભગ ૪૭૦ એકરમાં ફેલાયેલો છે એ ભૂજિયા ડુંગરને આપત્તિને અવસરમાં પલટવા માટેનો એક પ્રયાસ થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ જમીનમાં મ્યુઝિયમ, જળાશયો, સનસેટ પોઇન્ટ અને ૧૩,૮૦૧ વૃક્ષોનું વાવેતર કરીને એને જીવંત બનાવવા માટેનો પ્રયાસ થયો છે. એમાં સોલાર પાવર પ્લાન્ટ પણ મૂકવામાં આવ્યો છે અને કલા સુવિધાઓ પણ રાખી છે. એજ રીતે કેન્દ્ર સરકારની સૂચનાથી સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ એ કેન્દ્ર સરકારની ભલામણથી એન.ડી.આર.એફ.ની ૧૦૦ સભ્યોની ટીમ એવી ૧૧ ટીમો અને એ ૧૧ ટીમોમાં દરેક ટીમમાં ૧,૧૦૦ લોકો કે જેઓ એન.ડી.આર.એફ.ના સભ્યો છે એને વડોદરામાં ટ્રેનિંગ આપીને તૈયાર કરવામાં આવે છે. આ સભ્યો જ્યારે આ પ્રકારનો કોઇ બનાવ બને ત્યારે કામ કરતાં થવાનાં છે. માનનીય અધ્યક્ષશ્રી, આપત્તિ વ્યવસ્થાપન માટે સાધન ખરીદી, આજે આપણે જોઇએ છીએ કે નવી નવી આયામો જેમ કે જિલ્લા વહીવટી તંત્ર, મ્યુનિસિપલ કોરપોરેશન, નગરપાલિકા, ગિફ્ટ સિટી જે બની રહ્યા છે જેમાં આવશ્યક સાધનો પૂરાં પાડવાં માટે સરકાર દ્વારા કામગીરી ચાલી રહી છે.

શ્રી લલીતભાઇ કગથરા(ટંકારા) : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રી કનુભાઇ દેસાઇ બજેટ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉભો થયો છું.

## ફાલ્ગુન ૨૪, ૧૯૪૩ શાકે

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા(ત્રીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રી કનુભાઇ દેસાઇએ એમની બજેટ સ્પીચમાં કહ્યું કે, ગુજરાતીઓએ પોતાની ઉઘમશીલતા અને પરિશ્રમથી આખી દુનિયામાં નામ કાઢ્યું છે. બહુ સાચી વાત છે કનુભાઇ કે, ગુજરાતીઓમાં ઉદ્યોગ સાહસિકતા છે એ એમના ડી.એન.એ.માં છે, અમારા બ્લડમાં છે પણ સવાલ એ થઇ રહ્યો છે અત્યારે અને સમગ્ર સભાગૃહ સમક્ષ હું કહેવા માગું છું કે, જે ગુજરાતની કરોડરજ્જુ તેવા નાના અને મધ્યમ ઉદ્યોગો છે. આજે આ ડીઝલના ભાવમાં કનુભાઇ એવી પરિસ્થિતિ છે આમા મારા ઘણા મેમ્બરો નાના મોટા ઉદ્યોગો સાથે સંકળાયેલા હશે. સાહેબ, અહીંયાથી ચેન્નાઇ માલ મોકલવો હોય તો દોઢ લાખ રૂપિયા ભાડું થાય છે. અત્યારની જે પરિસ્થિતિ છે તેમાં નાના ઉદ્યોગો બધાય આ મોંઘવારીના હિસાબે ડહકા લઇ ગયા છે. ચારે બાજુ જે ભાવ વધારાના હિસાબે લોકોને ટ્રાન્પોર્ટેશન કરવું, એક રાજયમાંથી બીજા રાજયમાં માલ મોકલવો તે પોષાતું નથી. સોના કરતા ઘડામણ વધી જાય છે, માલની કિંમત કરતા ભાડું વધી જાય છે. આવા સંજોગોમાં જો ગુજરાતનો ખરેખર વિકાસ કરવો હોય તો લઘુ ઉદ્યોગો, મિડિયમ સ્કેલ ઉદ્યોગો ઉપર નાણામંત્રીશ્રી આપે ધ્યાન આપવું પડશે, આપે તેવી સ્કીમ લઇ આવવી પડશે કે જે નાના નાના ઉદ્યોગો છે તે અમુક તાલુકા છે કોંગ્રેસના શાસનમાં હતું. મારા રાજકોટમાં શાપર વેરાવળનો વિકાસ થયો, તેનુ માત્ર કારણ કોંગ્રેસે ત્યાં ટેક્સ બેનિફિટ આપ્યા હતા, એટલે આ બધો ઉદ્યોગનો ત્યાં વિકાસ થયો. આજે એ પરિસ્થિતિ નથી એટલે હું આપના માધ્યમથી કહેવા માગું છું કે, આજે અમદાવાદ હોય તો પ્લાસ્ટિક ઉદ્યોગ અને તેની મશીનરી માટે પ્રખ્યાત છે, સુરત હોય તો ટેક્સટાઇલ ઉદ્યોગ, ડાયમંડ માટે પ્રખ્યાત છે, જામનગર હોય તો બ્રાસ્પા, મોરબી હોય તો સિરામિક, રાજકોટમાં ઇલેક્ટ્રિક મોટર, ઓટો પાર્ટસ, ઓઇલ એન્જિન. આ ધંધાને વિકસાવીશું તો ગુજરાતનો વિકાસ થશે. ૨૩ વર્ષમાં અદાણી સ્કૂટર ઉપરથી આખા દેશનો મોટામાં મોટો ઉદ્યોગપતિ થઇ શકતો હોય તો ગુજરાતના નાના નાના ઉદ્યોગોનો વિકાસ કરવો, તેની જે મુશ્કેલી છે તેના ઉપર આપણે ધ્યાન આપવું તે જ ગુજરાતની સાચી જરૂરિયાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે પ્લાસ્ટિક ઉદ્યોગમાં હું આપને વાત કરવા જઇ રહ્યો છું બેરોકટોક ગમે તેટલા ભાવ લે છે. આજે એલ.ડી., એન.એ.,પી.પી., ૧૫૦ રૂપિયે કિલો *(xxx) ઇસ્ટ ઇન્ડિયા કંપનીની જેમ કોઇ રોકટોક નહીં, કોઇ કન્ટ્રોલ નહીં ગમે તે ભાવ ઇન્ટરનેશનલ પ્લેટના ભાવનું મારી પાસે પત્રક છે. પ્લેટના ભાવ ડોલરની સાથે ૧૦-૧૦ ટકા *(xxx) અને આની ઉપર કોઇ કન્ટ્રોલ જોઇએ પણ તેના માટે આપણી પાસે કોઇ મિકેનીઝમ નથી. આઇપીસીએલ જે આપણા દેશની કોંગ્રેસના વખતની સ્થાપેલી કંપની આપણે રિલાયન્સને વેચી નાંખી તેના હિસાબે મોનોપોલી આપી દીધી. આજે ગુજરાત ગેસ કંપની જે આપણા ગુજરાત સ્ટેટનું સાહસ છે. ૫૧ ટકા ભાગ છે અને તેનુ બેલેન્સશીટ જોજો, તેનો પ્રોફિટ જોજો. આજે મોરબીના સિરામિક ઉદ્યોગને ચૂસે છે ગમે તેટલો ભાવ વધારે લે છે જેના હિસાબે નાના નાના ઉદ્યાગકારો આજે મંદીના માહોલમાં ફસાતા જાય છે. આ નાના ઉદ્યોગકારો જ રોજી રોટી આપે છે એટલા માટે હું આપનું ધ્યાન દોરવા જઇ રહ્યો છું કે જેવી રીતે કોંગ્રેસના શાસનમાં દરેક તાલુકામાં જી.આઇ.ડી.સી. કરીને જે શહેરીકરણ તરફની દોટ હતી, તેના બદલે સ્થાનિક તાલુકા મથકે દા.ત. હું આપને કહું કે રાજકોટ જિલ્લાનો વિંછીયા તાલુકો જયાં ઘણો બધો મેનપાવર્સ છે, ત્યાં કોઇ જી.આઇ.ડી.સી. નથી. આવી જગ્યાએ તમે જી.આઇ.ડી.સી.નો વિકાસ કરો, જી.આઇ.ડી.સી. બનાવો તો લોકોને ગામડે સ્થાનિક રોજી રોટી મળશે. આજે વિંછીયા તાલુકામાં ૨૫ રૂપિયામાં બહેનો સાડીમાં ટીકા ચાંપે કે ૨૫ રૂપિયામાં તેની આંખો ફોડે, ત્યારે આ બહેનોને જો સ્થાનિક રોજી રોટી મળે અથવા નાના નાના ઉદ્યોગો મળે તેના તરફ શ્રી કનુભાઇ આપે ધ્યાન દોર્યું હોત અને આ જો આ જી.આઇ.ડી.સી. બનાવવાનો કોઇક પ્લાન કર્યો હોત તો સો ટકા હું આપને શાબાશી આપત. એવા જે તાલુકા હોય તે તાલુકાને આઇડેન્ટીફાઇ કરો અને તે જગ્યાએ જી.આઇ.ડી.સી. વિકસાવો તો જે શહેરી તરફ આંધળી દોટ જાય છે તેના હિસાબે ક્રાઇમ વધે, એક દિવસ રાજકોટ રંગીલુ શહેર કહેવાતું. ત્યાં માનનીય ગોવિંદભાઈને કહેવું પડે છે કે ખંડણી લે છે .આ મારા રંગીલા રાજકોટમાં આજે રોજ ખૂન થાય, લોકોને રહેવા માટે મકાન ન મળે.

અધ્યક્ષશ્રી :આપની પાસે બે મિનિટ છે .

શ્રી લલીતભાઇ કગથરા :માનનીય અધ્યક્ષશ્રી, મારી આપને વિનંતી છે કે આપ બેલ રાખો તો અમને વધારે અનુકૂળ પડશે .આ અમારી લિંક તૂટી જાય છે .

અધ્યક્ષશ્રી :હું આપને યાદ કરાવું છું .તમારે જે કહેવાનું હોય એ ખબર પડે એટલે યાદ કરાવું છું .

શ્રી લલીતભાઇ કગથરા :માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય કનુભાઇને વિનંતી કરું છું કે જો ગુજરાતનો ખરા ખર્થમાં વિકાસ કરવો હોય તો લાલ જાજમ પાથરવાની જરૂર નથી, ઉદ્યોગ સમિટો કરવાની જરૂર નથી .જે લોકોના લોહીમાં, ડી.એન.એ.માં ધંધો છે એ લોકોનો વિકાસ કરાવો .જામનગમરમાં બ્રાસપાટ, જેતપુરનો સાડી ઉદ્યોગ, મોરબીનf સિરામિક ઉદ્યોગના પ્રશ્નો જુઓ .રૂપિયા એક હજાર ડોલરમાં જે કન્ટેનર મળતું તેનો ભાવ આજે રૂ .૭ હજાર ડોલર છે .કેવી રીતે એક્સપોર્ટ કરી શકશે? આ પરિસ્થિતિમાં આપ નાના ઉદ્યોગો તરફ ધ્યાન આપો એવી મારી વિનંતી છે .

અધ્યક્ષશ્રી :આપના પ્રવચનમાં આપે જે અસંસદીય શબ્દો *(xxx) વાપર્યા છે એ રેકર્ડ પરથી દૂર કરવામાં આવે છે.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૧૫મી માર્ચ ૨૦૨૨

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા(ત્રીજો દિવસ)

શ્રી સુરેશભાઇ ધ .પટેલ(મણીનગર :(માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ આ ગૃહમાં ૩ .૨ લાખ ૬૩ હજાર ૯૬૨ કરોડનું આજ સુધીનું સૌથી મોટું બજેટ લઈને આવવા માટે હું માનનીય નાણામંત્રીશ્રી કનુભાઈ અને માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈને ખૂબ ખૂબ અભિનંદન આપું છું .

માનનીય અધ્યક્ષશ્રી, ઘણા મિત્રો કહેતા હતા કે રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો વર્ષ ૨૦૧૩માં અમારી સરકારમાં થયો હતો. સરકારમાં તો ઘણું થયું હોય, પણ વર્ષ ૨૦૧૬માં આદરણીય નરેન્દ્રભાઈના નેતૃત્વમાં આ કાયદાનો અમલ થયો. એન.એફ.એસ.એ. હેઠળ બે પ્રકારની કેટેગરીના લાભાર્થીઓ હોય છેઃ પહેલાં અંત્યોદય અન્ન યોજનામાં ૭.૯૬ લાખ કુટુંબોની ૩૬.૧૯ લાખ જનસંખ્યા છે અને બીજા અગ્રતા ધરાવતા ૬૨.૮૪ લાખ કુટુંબોની ૩.૧૧ કરોડ જનસંખ્યા છે. આ બંનેના કુલ મળીને ૩.૫૫ કરોડ લાભાર્થીઓને કેન્દ્ર સરકાર દ્વારા રાહત દરે અનાજ આપવામાં આવે છે. આપણે જોયું કે અન્ન અને નાગરિક પુરવઠા ખાતાના મંત્રીથી માંડી અને તમામ અધિકારીઓએ સાથે મળીને ભારતના વડાપ્રધાનશ્રીએ ગુજરાતના ૭૦ લાખ કુટુંબોની ૩.૫૫ કરોડ જનસંખ્યાને ૧૯ મહિના સુધી મળવાપાત્ર રેશન એમને મફત સપ્લાય કર્યું, જેમાં આખી દુનિયામાં આપણો દેશ પ્રથમ દેશ બન્યો .ગુજરાત સરકારે પણ કુટુંબદીઠ પાંચ કિલો અનાજ આપ્યું .''ગરીબી હટાવો'' ના સૂત્રો આપણે જોયેલા છે પણ ગરીબી હટી નથી એટલે જ ગરીબોએ માનનીય નરેન્દ્રભાઈ અને ભાજપને મત આપ્યા છે. આપણને ખ્યાલ હશે કે ગરીબોના મત લેવા માટે આ સૂત્ર આપ્યું .ગરીબોએ મતો આપ્યા અને દર વખતે આ લોકોએ અભ્યાસ કર્યો કે આપણને મત કોણ આપે છે? તો નક્કી થયું કે ગરીબો મત આપે છે. તો આ કોંગ્રેસે ગરીબીને ફિક્સ ડિપોઝિટમાં મૂકી, દર પાંચ વર્ષે ડબલ અને આ રીતે ગરીબી ઉભી કરી છે. એટલા માટે મહાત્મા ગાંધીજીએ ૨૭ જાન્યુઆરી ૧૯૪૮, એમની હત્યાના ત્રણ દિવસ પહેલા, એમની ડાયરી લખતા હતા અને એમાં લખ્યું કે વર્તમાન સ્વરૂપમાં કોંગ્રેસે પોતાની ભૂમિકા પૂરી કરી દીધી છે, એટલે કે આઝાદીની. કારણ કે આઝાદી માટે જ કોંગ્રેસની સ્થાપના થઇ હતી. તો જેનો ભંગ કરી દેવો જોઇએ. આ વાત હરિજન પત્રિકા, મહાત્મા ગાંધીજી જે કહેતાં અને લખતા એ બધું આમાં આવતું હતું. ૨જી ફેબ્રુઆરી ૧૯૪૮માં એમની અંતિમ ઇચ્છાઓ અને વસિયતનામામાં સ્પષ્ટ લખેલું છે. એટલે મહાત્મા ગાંધીજીએ કોગ્રેંસનું વિસર્જન કરવાનું આપણા ગૃહમાં વાત થઇ હતી એ મુજબ કહ્યું નથી. પણ આ વાત થઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, જાહેર વિતરણ વ્યવસ્થા વધુ પારદર્શી અને અસરકારક બનાવવા માટે આ સરકાર લોકોને અનાજ તો પૂરું પાડે છે. પણ હું આપને વાત કહું કે, અમે જયારે નાના હતા ત્યારે અનાજ લેવા માટે વાજબી ભાવની દુકાને એટલે કે કંટ્રોલની દુકાને જતાં હતા અને એ અનાજ ખાવા માટે કામમાં આવતું ન હતું એ અમારા ઢોર માટે લઇ જતા હતા. આવી ક્વોલિટીનું ખરાબ અનાજ કોગ્રેંસના શાસનમાં મળતું હતું. માય રેશન, માય મોબાઇલ એપની શરુઆત કરી અને કોઇપણ જાતની કમ્પલેઇન હોય તો, એની વિગત ઉપલબ્ધ કરવામાં આવી છે અને એ માટે હું આ સરકારને ખૂબ અભિનંદન આપું છું. દાળ, ચણા આ બધાના ભાવ વધતા હોય છે અને ભાવ વધારાના કારણે લોકોને, ગરીબોને અસર ન થાય એટલા માટે આ બજેટમાં દાળ રૂપિયા ૫૦ની કિલો અને ચણા રૂપિયા ૩૦ના કિલો એ પ્રમાણેનો ભાવ ફિક્સ કર્યો જેથી કરીને ગરીબોના પોતાના બજેટમાં ફરક ન પડે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ માટે ઓનલાઇન કેસ દાખલ કરવાનો તા. ૨૪-૧૨-૨૦૦૦થી શુભારંભ કરવામાં આવ્યો. આપણે જાણીએ છીએ કે, પ્રધાનમંત્રી ઊજ્જવલા યોજના, એની અંદર આપણને યાદ હશે કે, ભારતના વડાપ્રધાનશ્રીએ આખા દેશને એક અપીલ કરી કે, જે સુખી-સંપન્ન લોકો છે એ પોતાની સબસિડી છોડે અને ભારતના ઈતિહાસમાં પહેલીવાર ૧ કરોડ સુખી-સંપન્ન લોકોએ સ્વેચ્છાએ પોતાની સબસિડી છોડી અને એ વિનંતીથી લાભ પણ થયો. તા. ૦૧-૦૪-૨૦૧૬થી એનો અમલ થયો હતો અને આના ત્રણેય ફેઝ મળી અને રાજ્યમાં ૨૯ લાખ ૦૬ ગેસ કનેક્શન વિનામૂલ્યે, એક ભરેલો બાટલો ફ્રી, આવા ગુજરાતમાં સપ્લાય કરેલા છે. એ માટે માનનીય ગુજરાત સરકાર વતી માનનીય વડાપ્રધાનશ્રીનો હું ખૂબ ખૂબ આભાર માનું છું. આ સરકારો ગરીબોના જ કામ કરવાની છે. અમે ગરીબીને ફિક્સ ડિપોઝિટમાં નહીં મૂકીએ. અમને મધ્યમવર્ગના લોકો, સુખી સંપન્ન લોકો મત આપે છે. આ બજેટમાં તમે જો જો મિત્રો, ગરીબોનું હોય, વિદ્યાર્થીનું હોય, દલિતોનું હોય બજેટમાં લગભગ રાહતોમાં ડબલ વધારો કર્યો છે. એના માટે પણ સરકારને ખૂબ ખૂબ અભિનંદ આપું છું. આભાર.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરુ થાય છે. માનનીય શ્રી અંબરીશભાઇ ડેર.

શ્રી અંબરીશભાઇ જી. ડેર(રાજુલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે એના ઉપર મારા થોડા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા પૂર્વ વકતા સભ્યશ્રી અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતો ઉપર ખૂબ સારી વાતો કરી રહ્યા હતા. એ સંદર્ભે મારે એટલું જ કહેવું છે કે ગુજરાતની અંદર કે દેશની અંદર છેવાડાના માનવી સુધી અનાજ પહોંચાડવાનું કામ સૌથી વધારે જો કોઇએ કર્યું હોય તો હું એવું માનું છું કે આવા પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારોના વિક્રેતાઓએ કર્યું છે ત્યારે બધો યશ આપણે એમને આપવો જોઇએ. મારા પહેલાના વક્તા જે રીતે આ બાબતની ચર્ચા કરતા હતા તેમાં મારે થોડા ક સજેશનો આપવા છે અને સરકારને વિનંતી કરવી છે કે આ બાબતની અંદર જો યોગ્ય કરશો તો આવા વિક્રેતાઓને

ખરેખર પડતી મુશ્કેલીઓ દૂર થશે, છેવાડાના માનવીને મળતું રાશન એ વધુ સારી રીતે પહોંચાડી શકશે. તો આ સુધારાઓ કરવા માટેની જે વાત છે તેના સજેશનો હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને કરી રહ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટની અંદર આવા વિક્રેતાઓને ખૂબ નજીવું કમિશન વધારીને સરકારે વાહવાહી લૂંટવાનો પ્રયત્ન કર્યો છે. પણ મારું એવું માનવું છે કે આવા ગ્રાહક ભંડારની અંદર એક વિક્રેતા પાસે ઓછામાં ઓછા ત્રણ કે ચાર કર્મચારીઓ કામ કરતા હોય છે અને કમિશન જો જોઇએ તો માત્ર છથી દસ હજાર રૂપિયા આવા વિક્રેતાઓને મળે છે. તેથી આપના માધ્યમથી વિનંતી કરું છું કે આવા વિક્રેતાઓને હેરાન પરેશાન કરવાને બદલે તેને યોગ્ય વળતર મળશે તો એ ચોક્કસ પણે સારી રીતે કામ કરી શકશે. એટલે એનું કમિશન વધારવું જોઇએ. આવી બધી જ બાબતોની અંદર સ્ટોક મેન્ટેઇન કરવા માટે સરકારે એમને ૪૫ દિવસનો સમય આપ્યો છે તો એ ૪૫ દિવસનો સમય ઘટાડીને ૩૦ દિવસનો કરવામાં આવશે તો ચોક્કસપણે એને મદદરૂપ થવાની ભાવના સાથે સરકાર કામ કરી રહી છે તેવું એમને લાગશે. આવા બધા વિક્રેતાઓને રેકર્ડ નીભાવવા માટે સરકાર તરફથી કોઇ પણ પ્રકારનો સ્પષ્ટ અભિપ્રાય સાથેનો પરિપત્ર નથી. એટલે જે અધિકારીઓ ત્યાં ચેકિંગમાં જાય છે, ના છૂટકે, મને, કમને એને કંઇક પ્રસાદ ધરવો પડે છે, એટલે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે સ્પષ્ટ જોગવાઇ ઓ સાથેનો પરિપત્ર ચોક્કસપણે અમલમાં આવશે તો એ રેકર્ડ ખૂબ સારી રીતે નિભાવી શકશે. સરકારી પુરવઠા ગોડાઉનમાં ઇલેક્ટ્રોનિક ડિજિટલ કાંટા મૂકવા જોઇએ. જેથી કરીને જયારે વિક્રેતા માલ લેવા આવે ત્યારે એને પૂરે પૂરો માલ મળે, અને એ જયારે ગ્રાહકને આપે ત્યારે પણ આવા ઇલેક્ટ્રોનિક કાંટાનો ઉપયોગ એને કરવા દેવામાં આવે તો બધી જ રીતે એમના ગ્રાહકોને ફાયદો થાય એવું છે. એટલે આપના માધ્યમથી હું વિનંતી કરું છું કે સરકારે મોકલેલું આ અન્ન અથવા તો તેલ અથવા તો ખાદ્ય ચીજ છેવાડાના માનવીને સારી રીતે મળે એટલા માટે આ તમામ વિક્રેતાઓને મદદરૂપ થવાની ભાવના સાથે આગળ આવવું પડશે. આ બાબતનો મારો છેલ્લો મુદ્દો. ચૂંટણીઓ આવી રહી છે, આવા ઘણા બધા વિક્રેતાઓ જે છે એ વિક્રેતાઓ કદાચ યુવાનો નથી, કદાચ વડીલો નથી, અમુક ગામોમાં ગ્રામ પંચાયતો આવા ગ્રાહક કેન્દ્રો ચલાવે છે તો ચૂંટણીની અંદર પક્ષાપક્ષી ન થાય એટલા માટે ગુજરાતમાં જેટલી ગ્રામ પંચાયતો આવા પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો જે ચલાવે છે એને થોડા સમય માટે હટાવીને ત્યાંના શિક્ષિત યુવાન બહેન-દીકરીને જો આપવામાં આવે તો પક્ષાપક્ષીથી દૂર રહી અને ગામમાં બધા જ લોકોને સારી રીતે લાભ મળી શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, મારો બીજો મહત્ત્વનો મુદ્દો મહેસૂલ વિભાગ ઉપર છે. એમાં મારું એક સૂચન છે. ગુજરાતની અંદર આપણા હિન્દુ, સનાતન પરંપરાના વાહકો છે, જે સમાજો છે એમાં ખાસ કરીને આમ તો સર્વે સમાજો છે, અઢારેય વર્ણ છે, પણ સાધુ સમાજ અને બ્રહ્મ સમાજ વિશેષ સવારથી સાંજ સુધી ભગવાનની રખેવાળી કરે છે, એના પૂજા પાઠ કરે છે, એને લાડ લડાવે છે. હું અને તમે મંદિરે જઇએ કે ન જઇએ, પણ એનો એક પોકાર છે. મારા વિસ્તારની અંદર સાધુ સમાજ, ત્રિ-પાંખ સાધુ સમાજના એક વડીલનો મને ઇશારો હતો, એમનું સૂચન હતું કે શ્રી અમરીશભાઇ સરકારમાં કહેજો. રાજા શાહીની અંદર ભૂતકાળમાં જે રાજાઓએ જે ગામધણીઓએ સાધુ સમાજને અને બ્રહ્મ સમાજને જે જમીનો આપેલી આ જમીનોમાં અત્યાર સુધી ખેડૂત હક્ક એ લોકો ધરાવતા હતા. પણ મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે વર્ષ ૨૦૧૦ની અંદર ભારતીય જનતા પાર્ટીની સરકારે તા. ૮-૪-૨૦૧૦ના રોજ આ પરિપત્ર રદ કર્યો અને ત્યારથી આ લોકો કોઇપણ પ્રકારના ખેડૂત હક્ક ધરાવતા નથી, એક બાજુ ભગવાકરણની વાત કરીએ છીએ. એકબાજુ હિન્દુ સનાતન પરંપરા આગળ ધપાવતા હોવાની વાત કરીએ છીએ. પણ એના વાહકો જે આ મુખ્ય સમાજો છે ખાસ કરીને સાધુ સમાજ, ત્રિ-પાંખ સાધુ સમાજ અને બ્રહ્મ સમાજ અને અન્ય સમાજ એના ખેડૂતના હક્ક પણ તમે છીનવી લીધા છે, એટલે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આ બાબતમાં જો ચોક્કસ સારો નિર્ણય કરવામાં આવશે તો ૧૮ હજાર ગામોમાંથી અંદાજે ૭ હજાર ગામોમાં આવા પ્રશ્નો છે તે બધા જ પ્રશ્નો દૂર થશે. અમે તો પક્ષાપક્ષીની વાત કરતા નથી, એક ધર્મની વાત કરતા નથી, પણ આપણે એટલે સરકાર જેના માટે આગળ વધી રહી છે, તો આવા લોકોને જો અન્યાય કરીશું તો એ વાજબી નથી. એટલે ફરી વખત વિનંતી કરું છું કે આ બાબતમાં કંઇક થવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારો છેલ્લો અને મહત્ત્વનો મુદ્દો વન અને પર્યાવરણ વિભાગનો છે. માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. કે આજે પણ એટલા બધા સમાજો દેવી દેવતાઓને પૂજે છે કે જે ગીર ફોરેસ્ટની અંદર આવ્યા હોય અને એને પૂજા પાઠ કરવા માટે કે પોતાની માનતા પૂરી કરવા માટે લોકો જઇ શકતા નથી. આવો એક મારા વિસ્તારમાં ગીર પૂર્વે વન વિભાગ ધારી રેન્જ નીચે વેજલાય માતાજીનું મંદિર છે અને આવા ઘણા બધા મંદિરો છે જ્યા જવાની પરમિશન સરકારશ્રીએ આપવી જોઇએ.

માનનીય મંત્રીશ્રીને જણાવવા ઇચ્છું છું કે મારા વિસ્તારની અંદર પ્રકૃતિના સફાઇ કામદારો સફેદ ગીધ અમરેલી જિલ્લામાં ખાટબાઇ, ઉંચયા અને નાગેશ્વરીમાં છે તો આવા બધા વિસ્તારોમાં વસાહતો ઉભી કરવામાં આવશે તો ચોક્કસપણે પ્રકૃતિના સફાઇ કામદારને હું અને તમે સાચવી શકીશું. શિયાળાની અંદર ખાસ કરીને યાયાવર પક્ષીઓ, ફલેમિંગો, કરકરા, કૂંજો અને પેલિકનો બહું મોટી સંખ્યામાં મારા વિસ્તારમાં રશિયાથી તજાકિસ્તાનથી લઇને આપના વિસ્તારમાંથી આવે છે, ત્યારે બર્ડ હોસ્પિટલ મારા વિસ્તારમાં ચાંચ બંદરથી લઇને ધારા બંદર સુધી જો બનાવવામાં આવે તો એની રખેવાળી ખૂબ સારી રીતે થઇ શકશે.

તા. ૧૫મી માર્ચ ૨૦૨૨

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા(ત્રીજો દિવસ)

આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે સિંહોની પણ ખૂબ વસતિ છે. કુંડીઓ પણ ઘણી બધી આવેલી છે, બે બે વર્ષથી એને ભરવાનું કામ થતું નથી. મારા વિસ્તારમાં ઝાંઝરા વીરડીની અંદર સિંહ માટે રેસ્કયુ સેન્ટર ઉભું કરવામાં આવેલ છે. પાલિતાણામાં ઉભું કરવામાં આવેલ છે પરંતુ એની સ્થિતિ દયનીય છે. એનો કોઇ ઉપયોગ કરવામાં આવતો નથી તો આપના માધ્યમથી સરકારને વિનંતી છે કે આ બાબતે ધ્યાન આપવામાં આવે.

શ્રી જીગ્નેશકુમાર અં. સેવક(લુણાવાડા) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાણામંત્રીશ્રી કનુભાઇ જે અંદાજપત્ર લઇને આવ્યા છે તેમને હું મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

**(સભાપતિ શ્રી આત્મારામ પરમાર અધ્યક્ષસ્થાને)**

માનનીય અધ્યક્ષશ્રી, સિંચાઇની વાત કરીએ તો ગુજરાત રાજયમાં જળ સિંચાઇ ક્ષેત્રે કરેલી કામગીરી આખા દેશમાં નમૂનારૂપ કામગીરી તરીકે બિરદાવવામાં આવેલ છે. એમાં હજારો ચેકડેમો હોય, ખેત તલાવડી હોય, બોરીબંધ હોય, જળ મંદિરો, તળાવો ઉંડા કરવાનું અભિયાન, જૂની કેનાલોની મરામત અને આધુનિક અને ટપક અને શુક્ષ્મ સિંચાઇ પદ્ધતિ, સુજલામ સુફલામ, ક્ષાર નિયંત્રણ યોજનામાં નોંધપાત્ર અને અપેક્ષિત પરિણામ મળેલ છે. આ જળ સંચાય અભિયાનને લીધે ગુજરાતમાં પાણીના તળ ઉંચા આવતા ખેત ઉત્પાદનમાં પણ મોટો વધારો થયેલ છે. સમગ્ર રાજયમાં પાણીના સંગ્રહનો વ્યાપ વધારવા એક ઝૂંબેશ સ્વરૂપે ચાર વર્ષથી સુજલામ સુફલામ જળ સિંચાઇ હાથ ધરવામાં આવી છે. આ રાજય સરકાર દ્વારા કરવામાં આવતી આ જળ સિંચાઇ, જળ સંગ્રહની કામગીરીમાં જનભાગીદારી વધારવા તથા પાણી બચાવવા અને એનો બગાડ અટકાવવા લોક માનસમાં જાગૃતિ ફેલાય તેવી વિચારધારા સાથે વર્ષ ૨૦૧૮ એક મે એટલે કે ગુજરાતનો સ્થાપના દિનથી એક મહિના માટે ૮ જૂન સુધી અભિયાન ચાલુ કરવામાં આવેલ હતું. અગાઉ બે વર્ષમાં મળેલ સફળતાને ધ્યાને લઇને સરકારે વર્ષ ૨૦૨૦-૨૧માં પણ કોરોનાની મહામારીની પરિસ્થિતિ વચ્ચે જળ સંગ્રહની શકિતમાં વધારો થાય અને શ્રમિકોને રોજગારી મળે તે આશયથી સમગ્ર રાજયમાં આ અભિયાનની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે સુજલામ સુફલામ યોજના અંતર્ગત સિંચાઇ માટે ઉદવહન યોજના કરી છે એની વાત કરું તો મારા જિલ્લામાં મહીસાગરમાં મને જણાવતા આનંદ થાય છે કે ખાનપુર તાલુકામાં આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં સુજલામ સુફલામ સ્પ્રેડિંગ કેનાલ નજીક આવેલ પાદરડી નજીકની પાઇપ લાઇન દ્વારા ખાનપુર તાલુકામાં ઉત્તર ભાગમાં વિવિધ ૨૫ જેટલા તળાવો ભરવાની યોજના અને ૨૧ કિલોમીટર લાંબી પાઇપ જેના માટે રૂપિયા ૮૬ કરોડની વહીવટી મંજૂરી પણ આપવામાં આવેલી છે. મને કહેતા આનંદ થાય છે કે સન ૨૦૧૯માં આપણે આ સભાગૃહમાં રજૂઆત કરી હતી, એના અનુસંધાને આ યોજના અમલમાં પણ આવી ગઇ અને ૨૫માંથી ૨૦ તળાવો અત્યારે હાલમાં જે રાજસ્થાનની બોર્ડર પરનો વિસ્તાર છે, પાણી ખૂબ મુશ્કેલી હતી ત્યાં આ ભારતીય જનતા પાર્ટીની સરકારે આ ૨૦ તળાવો ઉદ્વહન યોજના હેઠળ આજની તારીખે ભર્યા છે. ટોટલ ૨૫ તળાવો ભરવાની આ યોજના છે અને આ ૨૫ તળાવ ભરવાની યોજનામાં અમુક કારણોસર ભરી શકાયા નથી. મારી આદરણીય મંત્રીશ્રીને વિનંતી છે કે આ પાંચ તળાવો લાઇટના પ્રોબ્લેમના કારણે કે પાઇપની મુશ્કેલીના કારણે પાણીથી વંચિત રહી ગયા છે. તો પહેલાં તો અમારા વિસ્તારને ધ્યાને રાખીને જે ૨૫ તળાવોની યોજના મંજૂર કરીને મારા વિસ્તારને પાણી આપ્યું છે ત્યારે સરકારને મારા વિસ્તાર તરફથી લાખ લાખ અભિનંદન પાઠવું છું અને બાકી રહેલી જે કામગીરી છે તે સત્વરે પૂર્ણ થાય અને તાલુકામાં બીજા ૧૯ જેટલા તળાવો બાકી રહી ગયા છે તેની એક બીજી યોજના, કોઇ માણસ કામ કરે તેની પાસેથી અપેક્ષા રાખીએ છીએ એટલે બીજી એક અપેક્ષા એવી રાખીએ છીએ કે આગામી સમયમાં આ ખાનપુર તાલુકાના ૧૯ તળાવો સુજલામ સુફલામ સ્પ્રેડિંગ કેનાલથી ભરી આપો એવી મારા વિસ્તાર તરફથી મંત્રીશ્રીને વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે કડાણા કાંઠો છે તેના ઉચ્ચ નહેરો આધારિત મહીસાગર જિલ્લામાં લુણાવાડા તાલુકામાં શામળા તળાવમાંથી લિફ્ટ ઈરીગેશન કરીને પણ આ વર્ષે લગભગ પાંચ-છ તળાવો ભરવાની યોજના અમલમાં આવી છે, તેની પાઇપલાઇન પણ શરૂ કરવામાં આવી છે ત્યારે લુણાવાડા તાલુકામાં સિંચાઇનું પાણી આપવા બદલ આ ભારતીય જનતા પાર્ટીની સરકારના મંત્રી આદરણીય ઋષિકેશભાઇ પટેલ અને આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલને લુણાવાડાના વિસ્તારવતી અભિનંદન આપું છું. મારા વિસ્તારમાં તળાવો ભરવાની કામગીરી હાથ પર લીધી છે તેના માટે અભિનંદન આપું છું. આ પાંચ તળાવો ભરાય છે તેની બાજુમાં આવેલું સિંચાઇનું એક મોટું તળાવ છે, મોટી ઝાંઝરીનું તળાવ. એ તળાવ માત્ર આ પાઇપલાઇનથી બે કિલોમીટરે આવેલું તળાવ છે. જો એ તળાવ ભરાઇ જાય તો આજુબાજુના ૧૫-૨૦ ગામોમાં સિંચાઇને ફાયદો થાય તેમ છે અને પાણીના તળ ઉપર આવવાથી બોરમાં પાણી ઉપર આવવાથી પીવાના પાણીની મુશ્કેલી પણ હલ થાય તેમ છે, ત્યારે આ મોટી ઝાંઝરીના એક તળાવનો આ યોજનામાં સમાવેશ કરવા માટે હું વિનંતી કરું છું. એવી જ રીતે મારી બાજુમાં આવેલો પાનમ ડેમ જળાશય આધારિત ઉદ્વહન યોજના કરી છે. એ ઉદ્વહન યોજનામાં પણ મારા લુણાવાડા તાલુકાના કોઠંબા વિસ્તારના તળાવો ભરવાનું આયોજન આપણી સરકારે કર્યું છે ત્યારે એ વિસ્તાર વતી પણ મંત્રીશ્રીને અને મુખ્યમંત્રીશ્રીને અભિનંદન પાઠવું છું. આ યોજના સરસ રીતે ચાલી રહી છે, પાઇપલાઇનો ચાલે છે પરંતુ આ યોજનામાં રસ્તામાં ફોરેસ્ટની જમીન આવે છે. તેના કારણે આ યોજના લગભગ બે મહિના પહેલાં પૂર્ણ થઇ જાય એવી હતી પણ લગભગ ૨૦૦થી ૩૦૦ મીટર જેટલી જગ્યામાંથી પાઇપલાઇન જવાની હોય છે ત્યારે શહેરા અને લુણાવાડા આ બન્ને મતવિસ્તારમાં પાનમ

જળાશય દ્વારા ડેમમાંથી પાણી લઇ જઇને કોઠંબા વિસ્તારના તળાવો ભરવામાં આવે છે, પરંતુ મંજૂરી મોડી થઇ છે તેના કારણે ઉનાળામાં પાણી મળવામાં થોડીક મુશ્કેલી એટલે કે ૧૫-૨૦ દિવસ આગળ-પાછળ થાય તેમ છે, તો માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી અને સિંચાઇ મંત્રીશ્રીને વિનંતી કરું છું કે વન અને પર્યાવરણની મંજૂરી ઝડપથી મળી જાય તો આ તળાવો ઉનાળામાં આવતા મહિને જ ભરાઇ જાય એવું છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ખૂબ સરાહનીય કામગીરી કરી છે અને અત્યાર સુધી 'ન ભૂતો ન ભવિષ્યતિ' મને કહેતા આનંદ થાય છે કે આખા રાજ્યમાં મહેસાણા હોય તો અમારા કડાણા ડેમમાંથી પાણી જતું હતું. પાનમ ડેમમાંથી આણંદ વિસ્તાર એટલે કે ચરોતર વિસ્તારમાં પાણી જતું હતું. અત્યાર સુધી અમારા વિસ્તારમાંથી પાણી જતું હતું પણ અમારા વિસ્તારમાં લાભ નહોતો મળતો. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે અમારા વિસ્તારમાંથી જતાં ડેમમાંથી આખા રાજ્યમાં પાણી પીવડાવવાનું કામ કર્યું છે. અમારા વિસ્તારમાં પણ ડેમમાંથી તળાવો ભરીને બધાને લાભ આપવાનું કામ કર્યું છે તેમને અભિનંદન આપું છું અને મારું સમર્થન આપું છું.

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ(વિરમગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી આ ગૃહમાં જે બજેટ લઇને આવ્યા છે તેના અંગે મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ચૂંટણીનું વર્ષ હોવાના કારણે ગુજરાત સરકારનું બજેટ વર્ષ ૨૦૨૨-૨૩ છે, મને તો સંપૂર્ણ ચૂંટણીલક્ષી લાગી રહ્યું છે. તેના માટે કહેવું હોય તો 'નો ન્યૂઝ ઇઝ ગુડ ન્યૂઝ ' વાળું આ બજેટ લાગી રહ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, સરકારના બજેટમાં યોજનાઓની વણઝાર હોય છે, પરંતુ તેના માટે પૂરતી નાણાકીય ફાળવણી થાય અને તે પછી તેનું અમલીકરણ થાય તે જોવાની ફરજ અમારી વિપક્ષની હોય છે જે અમે બજાવીશું. પ્રવાસન માટે આ બજેટમાં રૂપિયા ૪૬૫ કરોડની ફાળવણી કરવામાં આવી છે ત્યારે મારે કહેવું છે કે મારા મતવિસ્તાર વિરમગામમાં મુનસર તળાવ જે ઐતિહાસિક અને પૌરાણિક છે, એવું જ બીજું નળસરોવર છે, જે પક્ષી અભયારણ્ય છે આ બન્ને સ્થળો છે જે પર્યટક સ્થળ તરીકે ડેવલપ થાય એવા એમદાવાદથી ૬૦ કિલોમિટરના અંતરે આવેલા છે. અગાઉ પણ મેં બજેટ પરની ચર્ચામાં આજ વિધાનગૃહમાં પર્યટક સ્થળ તરીકે મારું મુનસર તળાવ વિરમગામનું ડેવલપ થાય અને નળ સરોવર પણ પર્યટક સ્થળ તરીકે ડેવલપ કરવામાં આવે તો આજુબાજુના ઘણા લોકોને રોજગારી મળી શકે એવા બન્ને સ્થળો પર્યટક સ્થળ તરીકે ડેવલપ કરવા જેવા છે. કમનસીબે અગાઉની રજૂઆત, આજની રજૂઆતના આધારે પણ જો આ બન્ને સ્થળોને પર્યટક સ્થળ તરીકે જાહેર કરવામાં આવશે તો આ બજેટને હું પણ વખાણીશ.

માનનીય અધ્યક્ષશ્રી, અમારે ત્યાં વિરમગામ, માંડલ, દેત્રોજ અને મારા વિસ્તારમાં જોટાણાના ૪ ગામ આવે છે. ૪ તાલુકાઓનો આ વિસ્તાર છે પણ મારા નવયુવાન મિત્રો માટે રમતગમત માટે અને રમતવીરો જે મારા વિસ્તારમાંથી પેદા થઇને ગુજરાતનું અને દેશનું નામ આગળ વધારે એવી પ્રવૃત્તિ કરી શકે એના માટે કોઇ રમતગમતનું મેદાન નથી, કોઇ સરકારી સ્પોર્ટ કલબ નથી તો મારા વિસ્તારમાં રમતગમતના મેદાનો ત્રણે તાલુકામાં અને સરકારી કોઇ સ્પોર્ટ કલબ બનાવવામાં આવે તો એ બજેટમાં આવકારદાયક હશે. અમારું વિરમગામ એ વાયા વિરમગામ ગણાય છે. ત્યાં આર.ટી.ઓ.ની કોઇ કચેરી નથી, એટલે બાવળા સુધી આર.ટી.ઓ.ના કામે જવું પડે છે, તો એની પણ કોઇક વ્યવસ્થા કરવામાં આવે. હમણાં જ અમદાવાદના નળકાંઠા વિસ્તારની સિંચાઇના પાણી માટે ૨૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર કેનાલમાંથી થોરી મુબારક ગામ ખાતે આવેલ ઘોડા ફીડર જે અંગ્રેજોના સમયથી બનેલ છે એને પાકી કરીને, એને ઉંડી કરીને એ કેનાલમાં સૌરાષ્ટ્ર કેનાલમાંથી થોરી મુબારક ગામે આવેલ ઘોડા ફીડરમાં ગેટ મૂકીને પાણી આપવામાં આવે તો અમારા વિરમગામ તાલુકાના ૩૧ ગામો, સાણંદ તાલુકાના ૯ ગામો તેમજ બાવળા તાલુકાના ૮ ગામને ખૂબ જ સિંચાઇનો ફાયદો અમારા નળકાંઠામાં થાય એમ છે. એ જ રીતે હાંસલપુર શૈરેશ્વર આવેલું છે ત્યાં નર્મદા કેનાલનો ગેટ ખવાઇ ગયો છે અને એમાં સમારકામની જરૂર છે. એ જ રીતે વિરમગામમાં હમણાં જ મહાત્મા ગાંધી સબ હોસ્પિટલ બનાવવામાં આવી છે. એમાં મહેકમની તાતી જરૂર છે અને વિરમગામમાં મારા વિસ્તારમાં જયારે જીવલેણ અકસ્માતો થાય છે ત્યારે બ્લડની ખૂબ જરૂર પડે છે. આજ ગૃહમાં મે અગાઉ બ્લડબેંકની દરેક તાલુકા મથકે સ્થાપના થાય એવી રજૂઆત કરી છે પણ આજ સુધી થઇ નથી એટલે આ બજેટને હું વખાણી શકતો નથી. માર્ગ અને મકાન વિભાગ માટે ૧૨,૦૨૪ કરોડની જોગવાઇ કરવામાં આવી છે ત્યારે મારા વિસ્તારમાં વરમોર, વિઠલાપુર, દેત્રોજ કડી રોડ પર આવેલ એલ.સી.નં.૪૦બી મહેસાણા-વિરમગામ રેલ્વે લાઇન કી.મી. ૩૬/૫ થી ૩૬/૬ પર ઓવરબ્રિજ બનાવવા માટેની જાહેરાત કરવામાં આવે, મારા વિસ્તારનો વિરમગામ નળ સરોવર ફોર લેન રોડ જે ખૂબ ઉબડખાબડ છે, વિરમગામથી નળસરોવર થઇને બગોદરા થઇને સૌરાષ્ટ્રમાં જવા માટેનો આ મુખ્ય રોડ છે તો એને ફોરલેન કરવામાં આવે અને સચાણાથી કાયલા વાઇડનિંગ રિસરફેસિંગ કરવામાં આવે એવી પણ આ બજેટમાં મારી માગણી છે. વિરમગામ વિસ્તારના ઘણા રોડ સાત મીટર પહોળા કરવાના હજી બાકી છે તે પાંચ મીટરથી સાત મીટર તાત્કાલિક ધોરણે કરવામાં આવે. વાસણાના પેટા પરા રામનગર તેમજ બાલસાસણના પેટા પર હરીપુરાના રસ્તા બાકી છે. રામપુરાથી કાંત્રોડીના રી-સરફેસ કરવાના જે રોડો છે આજે પણ આટલું મોટું બજેટમાં આયોજન છે છતાં મારા વિસ્તારના રોડ બાકી છે એ તાત્કાલિક ધોરણે કરવામાં આવે.

શ્રી જગદીશ ઇ. પટેલ(અમરાઇવાડી):માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ભૂપેન્દ્રભાઇની સરકારમાં નાણામંત્રીશ્રી રૂપિયા ૨.૪૪ લાખ કરોડનું જે બજેટ લઇને આવ્યા છે એ ગુજરાતના સર્વાંગી વિકાસ માટે અને છેવાડાના માણસનો વિકાસ થઇ શકે,

## તા. ૧૫મી માર્ચ ૨૦૨૨

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા(ત્રીજો દિવસ)

અન્ય ક્ષેત્રોમાં એ કોઇ પણ સેકટર હોય, ઔદ્યોગિક ક્ષેત્ર હોય, આરોગ્યનું ક્ષેત્ર હોય કે શિક્ષણનું ક્ષેત્ર હોય, આ વિકાસને સ્પર્શતું, વિકાસલક્ષી બજેટ લઇને આવ્યા છે ત્યારે એમને હું અભિનંદન આપું છું અને ટેકો આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગાર એક એવો વિષય છે એ કોઇપણ દેશના ઉત્થાનમાં, કલ્યાણમાં અને પ્રગતિમાં ખૂબ મહત્ત્વનું રહેલ છે. મને કહેતા દુઃખ થાય અને આનંદ પણ થાય કે અગાઉ જ્યારે કોંગ્રેસની સરકાર હતી ત્યારે લગભગ ગુજરાતની અંદર આઇ.ટી.આઇ.ની સંખ્યા ૨૨૦ જેટલી હતી. આજે આઇ.ટી.આઇ.ની સંખ્યા ગુજરાતમાં ૫૯૭થી પણ વધારે છે. દરેક આઇ.ટી.આઇ.ને પોતાની માલિકીનું આઇ.ટી.આઇ.નું ભવન છે. આ પહેલાં આ સ્થિતિ ન હતી. કેટલો મોટો ફેરફાર છે. શ્રમ અને રોજગાર સાચા અર્થમાં કલ્યાણનું કામ કરી રહ્યો છે. છેવાડાના લોકો સુધી કામ કરી રહેલ છે એ પ્રસ્થાપિત થાય છે અને ૨.૫૨ લાખ કરતાં વધારે વિદ્યાર્થીઓ આજે ભણી રહ્યા છે. કોઇપણ ક્ષેત્રમાં સ્કીલ લેબર જોઇતા હોય તો આપી રહ્યા છીએ. મને કહેવા દો કે પહેલાના વખતમાં આઇ.ટી.આઇ.ની સ્થિતિ એવી હતી કે રોજગાર લેવા માટે ઇન્ડસ્ટ્રીઝને જરૂર હોય ટર્નરની અને આઇ.ટી.આઇ.માં વેલ્ડરનું ભણાવાતું હોય. જ્યારે વેલ્ડરની જરૂર હોય ત્યારે આઇ.ટી.આઇ.માં પેઇન્ટિંગનો કોર્ષ ચાલતો હોય! આવી વિસંગતતા હતી. શ્રી નરેન્દ્રભાઇ આવ્યા પછી શ્રમ અને રોજગારને ખૂબ પ્રાધાન્ય આપી અને શ્રમ અને રોજગાર વિષય એવો છે કે સર્વાંગી વિકાસ કરવા માટે એનું ખૂબ મોટું યોગદાન હોય છે. કોઇપણ રાજ્યને કે દેશને વિકાસ માટે તમારી જરૂરિયાત શું છે અને તમે ક્યા વિદ્યાર્થીઓ આપી રહ્યા છો એના ઉપર ખૂબ મોટું ફોક્સ કરતા હોય છે. મને યાદ છે કે આખા ગુજરાતમાં કોઇપણ આઇ.ટી.આઇ.માં જોવા જઇએ તો આજે આ પ્રકારની વ્યવસ્થાઓ હાઇટેક બની છે. પહેલાં આઇ.ટી.આઇ.માં પ્રેક્ટિકલ માટે પંજાબથી લાવેલા ખખડધજ લેથ, કોઇ વેલ્ડિંગ મશીન પડ્યા હોય, કોઇ ગ્રાઇન્ડર પડ્યા હોય, જ્યારે વિદ્યાર્થીને પ્રેક્ટિકલ કરવાનો હોય એ વખતે એના છેડા પણ લાગેલા ન હોય. આવા પ્રકારની ખંડેર હાલતમાં ત્યારની લેબોરેટરીઓ હતી. આજની સ્થિતિએ ગુજરાતની કોઇપણ આઇ.ટી.આઇ.માં તમે જાઓ તો સી.એન.સી. લેથો છે, કમ્પ્યુટર ન્યૂમેરિક કન્ટ્રોલવાળાં સાધનો વિદ્યાર્થીઓને એજ્યુકેટ કરવા માટે સાધનો જોવા મળે છે. આપણી ઇન્ડસ્ટ્રીઝને જે જરૂર છે એ પ્રકારની તમામ સવલતો આઇ.ટી.આઇ.માં ઉભી કરવામાં આવી છે. આથી હું સરકારને અને શ્રમ અને રોજગાર મંત્રાલયને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. મને કહેવા દો કે આગામી દિવસોમાં આ શ્રમ અને રોજગાર મંત્રાલય નંબર વન ઉપર હશે. કારણ કે ૬૫ ટકા યુવાધન હોય, માનનીય નરેન્દ્રભાઇ કહેતા કે આપણી પાસે પૂંજી એ છે કે ૬૫ ટકા યુવાધન આપણી પાસે છે. દેશ અને વિદેશમાં જે કોઇ ડિમાન્ડ થતી હોય, મને કહેવા દો કે આગામી દિવસોમાં કદાચ ઇન્ડસ્ટ્રીઝવાળા એમ કહે કે અમારે ૫ હજાર નર્સ, ૫ હજાર વેલ્ડર, ૨ હજાર આઇ.ટી.આઇ. ફીટર જોઇએ છે તો ગુજરાત એ ડિમાન્ડને પહોંચી વળે એવી વ્યવસ્થા શ્રમ અને રોજગાર વિભાગે કરી છે. અસંગઠિત શ્રમ કામદારો માટે પણ ખૂબ કામ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, અનેક જગ્યાએ લોકમેળા કરીને વર્ષ ૨૦૨૧-૨૨માં ૨.૨૫ લાખથી વધારે રોજગારીની તકો ઉપલબ્ધ કરાવી છે. કોરોના કાળ હતો ત્યારે પણ આ પ્રક્રિયા વર્ચ્યુઅલ માધ્યમથી કરીને આ કામ કર્યું હતું. ગુજરાતના કોઇપણ ઇન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ વિસ્તારની અંદર તમે જાઓ તો ઇન્ડસ્ટ્રીઝના દરવાજા ઉપર સ્કીલ લેબર જોઇએ છે એ પ્રકારના બોર્ડ જોવા મળે. આનો સીધો મતલબ એ છે કે આઇ.ટી.આઇ. દ્વારા જે વિદ્યાર્થીઓને તૈયાર કરવામાં આવે છે એની કેટલી ડિમાન્ડ છે. એકબાજુ બેકારીની વાત આપણે કરી રહ્યા છીએ. ઇન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં સ્કીલ લેબરની ખૂબ જરૂરિયાત છે. આપણે ત્યાં ટાટા જેવી સંસ્થાની અંદર પણ તમે જોયું હશે કે આઇ.આઇ.એમ. અને આઇ.આઇ.ટી. જેવી મોટી સંસ્થાઓ છે એ પ્રકારના ટાટા સાથે એમ.ઓ.યુ. કરીને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ સ્કીલ કલોલની બાજુમાં બની રહ્યું છે. આ ટાટાની સાથે એમ.ઓ.યુ. થતાં આઇ.ટી.આઇ.માં ભણેલા વિદ્યાર્થી એ ઇન્ટરનેશનલ રાષ્ટ્રીય કક્ષાએ કાઠું કાઢવા જઇ રહ્યા છે. દેશ અને વિદેશની અંદર અત્યારે આવા સ્કીલ લેબરની જરૂરિયાત હોય છે ત્યારે ગુજરાત આ લેબરો આપી શકશે. મને કહેવા દો કે દેશની અંદર આ આઇ.આઇ.ટી. આ આઇ.આઇ.એમ. આવા અનેક આયામો છે જે પહેલા ગુજરાતમાં નહોતા. ભારતીય જનતા પાર્ટીની સરકારમાં શ્રમ અને રોજગાર વિભાગે આ પ્રકારના જે એમ.ઓ.યુ. કર્યા છે. આગામી દિવસોની અંદર આપણને ખૂબ સારા સ્કીલ લેબરો મળશે. મને કહેતા આનંદ થાય છે કે વિવિધ પ્રકારના રોજગાર મેળાને કારણે દર વર્ષે બેથી સવા બે લાખ આપણા વિદ્યાર્થીઓ જે આઇ.ટી.આઇ.માંથી ભણેલા છે એમને રોજગારી મળી રહી છે. અત્યારે હાલ જે ઇન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ થઇ રહ્યું છે. જે વૈશ્વિક જરૂરિયાત છે એ પ્રકારના ટ્રેડો આપણે ત્યાં આઇ.ટી.આઇ.ની અંદર આપણે ભણાવી રહ્યા છીએ. અનેક પ્રકારના આયામો આપણે ત્યાં ઉભા કરી રહ્યા છીએ. નાના નાના શોર્ટ ટર્મ કોર્સ લોંચ કરી રહ્યા છીએ. ત્રણ મહિનાના નાના નાના કોર્સીસ આપણે લોંચ કરી રહ્યા છીએ. આખેઆખી દુનિયા જયારે અત્યારે સી.એન.સી. તરફ વળી હોય, કમ્પ્યુટર ન્યુમેરીક કન્ટ્રોલ તરફ વળી હોય ત્યારે આઇ.ટી.આઇ. પણ પાછી ન પડે અને શ્રમ અને રોજગાર પણ એમાં પાછું ન રહે તો એ દિશાની અંદર પણ આપણે ગુજરાતની અંદર કામ કરી રહ્યા છીએ. અનેક વિસ્તારોની અંદર નાના નાના આઇ.ટી.આઇ. સેન્ટરોની અંદર ૩ મહિનાના અને ૬ મહિનાના નાના કોર્સો શરૂ કર્યા છે, એને કારણે આગામી દિવસોની અંદર આપણે જે સ્કીલ જોઇએ છે એ આપણને મળશે. પહેલા આઇ.ટી.આઇ.ના વિદ્યાર્થીઓનું કોઇ મહત્ત્વ નહોતું. એનું કોઇ સ્ટેટસ્ નહોતું. માનનીય નરેન્દ્રભાઇ મોદી આવ્યા પછી આ સ્ટેટસ્ આપવાનું કામ કર્યું. આઇ.ટી.આઇ. કર્યા પછી જો લેંગ્વેજની પરીક્ષા આપી દેતો એને ૧૨માની સમકક્ષ અને ડિપ્લોમાની અંદર પણ ડી.એલ. મોડની અંદર એન્જિનિયર બની શકે આ પ્રકારની વ્યવસ્થા આપણા ગુજરાતની અંદર શ્રમ અને રોજગારે કરી છે. શ્રમ અને રોજગાર આગામી દિવસોની અંદર સ્પેસ એપ્લીકેશન હોય તો એની સાથે પણ

એમ.ઓ.યુ. કર્યા છે. ડિફેન્સની સાથે પણ એમ.ઓ.યુ. કર્યા છે. ટોયોટા જેવી કંપનીઓ સાથે પણ એમ.ઓ.યુ. કર્યા છે. આજે વૈશ્વિક મોટી કંપનીઓ છે એની સાથે ટાઇઅપ કરવાના કારણે જે પ્રકારના આપણને ઉદ્યોગની અંદર સ્કીલ લેબરની જરૂરિયાત છે. આ સ્કીલ લેબરો આપણું શ્રમ અને રોજગાર આપણને આપી રહ્યું છે. મને વિશ્વાસ છે કે આગામી દિવસોની અંદર શ્રમ અને રોજગાર વિભાગ આ બધા જ વિભાગો કરતા આગળ નંબર-૧ હશે અને સ્કીલ ડેવલપમેન્ટની વાત માનનીય નરેન્દ્રભાઇ મોદી આવ્યા પછી કરી છે તો મને લાગે છે આખા હિન્દુસ્તાનમાં ગુજરાત નંબર-૧ બનવા જઇ રહ્યું છે. આ બજેટને હું મારો ટેકો આપું છું.

શ્રી રઘુભાઇ મે. દેસાઇ(રાધનપુર) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૨-૨૩ ના બજેટ ઉપર હું મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પૂજય બાપુએ કીધું છે કે જયારે રાજયનું કે દેશનું કોઇપણ આયોજન કરવાનું હોય તો છેવાડાના માનવીને નજર સમક્ષ રાખવો જોઇએ. માનનીય નાણામંત્રીશ્રી રૂ.૨,૪૩,૯૬૫ કરોડનું જે અંદાજપત્ર રજૂ કર્યું છે. આ મેગા બજેટથી ગુજરાતની આમ પ્રજા, આમ નાગરિક, ખેડૂત, ખેતમજૂર, નાનામોટા વિદ્યાર્થીઓ, વેપારીઓ, કામદારો, કર્મચારીઓને શું મળ્યું? તેના રોજિંદા જીવનમાં શું ફર્ક પડયો? તેની સુખાકારીમાં શું વધારો થયો એ આ બજેટમાં કમી દેખાય છે. આ છેવાડાનો માનવી કયાંય નજરમાં દેખાતો નથી. રાજયનું દેવું વધતું જાય છે. આ દિશાવિહીન બજેટ હોય એવું મને લાગે છે. પશુપાલનની વાત કરીએ, એક બાજુ કૃષિ અને ખેડૂતની વાત કરીએ તો પ્રધાનમંત્રી કિસાન યોજનામાં ૬૧ લાખ ખેડૂતોને ૧૦,૦૦૦ કરોડ રૂપિયાની સહાય જાહેર કરી અને મળી ત્યારે કેવા ખેડૂતોને મળી? સિમાંત ખેડૂતોની શું પરિસ્થિતિ છે એનું વાસ્તવિક ચિત્ર અલગ છે. ખેડૂતોના વીજ જોડાણોમાં રૂપિયા ૮,૩૦૦ કરોડ સબસિડી આપવામાં આવી છે. હાલની પરિસ્થિતિ જોતા ગુજરાતના ખેડૂતોને દિવસે વીજળી મળતી નથી. રાત્રે વીજળી મળી રહી છે અને ખેડૂતો એના લીધે પરેશાન છે. આ પાક કૃષિ વ્યવસ્થામાં રૂપિયા ૨,૩૧૦ કરોડની નવી જોગવાઇ કરવામાં આવી છે. તેમાં સ્પષ્ટીકરણ નથી. જગતનો તાત દિવસેને દિવસે નિઃસહાય થતો જાય છે. શાહુકારો અને બેન્કોના દેવાના નીચે દબાઇ રહ્યો છે. જેના લીધે ગામડામાં હિજરત થતી જાય છે. ખેડૂતો આત્મહત્યા કરવા પ્રેરાઇ રહ્યા છે. પશુપાલનની વાત કરીએ તો ટૂંકી મુદતના ધિરાણમાં વ્યાજ રાહતમાં ૩૦૦ કરોડ રૂપિયા જે ટ્રસ્ટ સંચાલિત ગૌશાળાઓ છે. મુખ્યમંત્રીશ્રી ગૌ માતા પોષણ યોજનામાં ૫૦૦ કરોડ રૂપિયા. ચૂંટણી આવે એટલે ગૌ માતા યાદ આવે. સૌથી વધારે ગૌવંશની કતલ થતી હોય તો તે ગુજરાત રાજ્ય છે. ત્યારે મારે કહેવું છે કે બાજુનું રાજ્ય રાજસ્થાને દૂધ ઉત્પાદકોને, પશુપાલકોને ૫ રૂપિયા લિટરે દૂધમાં સબસિડી આપવામાં આવે છે. જ્યારે અમારા દ્વારકા ડેકલેરેશન થયું ત્યારે મેં નક્કી કર્યું છે કે જે દિવસે અમારી સરકાર આવશે ત્યારે ગુજરાતના દૂધ ઉત્પાદકોને ૫ રૂપિયા સબસિડી આપવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ૫૦૦ કરોડની યોજનામાં સરકાર શું કરવા માગે છે? એનું સ્પષ્ટીકરણ નથી. દુષ્કાળના વર્ષ ૨૦૧૮માં સરકારે ૨૫ રૂપિયા લેખે એ ગૌ માતાના પશુ આહાર માટે નક્કી કરવામાં આવ્યા. મારા વિસ્તારમાં ગૌ શાળાઓ છે, એમાં વિડેશ્વર ગૌ શાળા, સુરભી ગૌ શાળા, રામપુરા ગૌ શાળા અને વારાહીની બાજુમાં ભીડભંજન ગૌશાળા ૮,૫૦૦ કરતા વધારે ગાયોનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. એમની વ્યવસ્થાઓ કરવામાં આવી છે, પણ ૯૩ લાખ રૂપિયા વર્ષ ૨૦૧૮ના આજે પણ બાકી છે. સરકારે ખેડૂતોને ખરીફ પાક, ઉનાળું પાક માટે વ્યાજ રાહતની જોગવાઇ ૧,૨૫૦ કરોડ રૂપિયા કરી છે, એમાં વધારો કરવાની સરકારે જરૂર છે. જળસંપત્તિ નિગમ...

સભાપતિશ્રી : આપની પાસે બે મિનિટ છે.

શ્રી રઘુભાઇ મે. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજનાની વાત કરું. સૌથી વધારે રૂપિયા ૬,૦૯૦ કરોડ નર્મદા યોજનામાં આપવામાં આવ્યા હોય, તો વર્ષ ૨૦૧૭થી આ કામ પૂર્ણ થયેલું છે. કામ કયારે પૂરું થાય? મેઇન કેનાલ, સબ કેનાલ, ઢાળિયા સુધી ખેડૂતોના ખેતર સુધી પાણી પહોંચે ત્યારે કામ પૂરું થાય. મારા વિસ્તારના ૧૪ ગામો એવા છે કે આજે કમાન્ડ વિસ્તાર બહાર છે. આજની તારીખમાં સાંતલપુર, રાધનપુર, સમીના ૩૩ ગામોમાં પાણી પહોંચતું નથી. આ પરિસ્થિતિ ગુજરાતની હોય ત્યારે કહેવું છે કે બજેટમાં જે તમે કરવા જઇ રહ્યા છો. શિક્ષણની વાત કરો તો સરકારે કહ્યું છે કે વિદ્યા ના વાન, સર્વધન પ્રદાનમ્, સર્વતિ મુખ્ય એ શિક્ષણ હોય ત્યારે ૧૮,૦૦૦ જેટલી પ્રાથમિક શાળાઓમાં આજે શિક્ષકોની ઘટ છે. અંદાજે ૨,૦૦૦ જેટલા ઓરડાની ઘટ છે. આજના કોઇક અખબારમાં વાંચ્યું કે ૭૦૦ ગામોમાં એક જ શિક્ષકથી આખી શાળા ચાલે છે. આ દયાજનક પરિસ્થિતિ ગુજરાતની હોય, ત્યારે હું સરકારશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે કેળવણીની વાતો કરતા હોય, પણ સાચી કેળવણી લોકો સુધી પહોંચતી નથી. ૬,૦૦૦ સ્કૂલો ગુજરાતની બંધ થઇ છે. *(xxx) હું સરકારને કહેવા માગું છું કે જયારે તમે આમનું શોષણ કરો છો, ત્યારે ૧૦૦ ટકા એમને રોજગારી વળતર મળવું જોઇએ. મહેનત પ્રમાણેનું વળતર મધ્યાહ્ન ભોજન યોજનાના કર્મચારીઓને મળી રહ્યું નથી. આશા વર્કર બહેનોને મળી રહ્યુ નથી. સરકાર ફકત આ *(xxx) એમનો ઉપયોગ કરી રહી છે. મને નવાઇ લાગે છે કે એક વસ્તુ કહેવાની ઇચ્છા થાય છે કે ચૂંટણીનો રંગ ગમે તે હોય...

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય શંભુજી..

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૧૫મી માર્ચ ૨૦૨૨

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા(ત્રીજો દિવસ)

શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર-દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વવાળી સરકારના નાણામંત્રી જે ઐતિહાસિક બજેટ રૂપિયા ૨ લાખ ૪૩ હજાર ૯૬૫ કરોડનું લઇને આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં મેટ્રો, બુલેટ ટ્રેનનો રોકેટ ગતિએ વિકાસ થવાનો છે, એ વિકાસનું આ બજેટ છે. અને તેમાં ખાસ કરીને ગૃહ વિભાગ અને કાયદા વિભાગ, રાજ્યના વિકાસ માટે આ બે મહત્ત્વના પાસા છે. જે રાજ્યમાં ગૃહ વિભાગ સારી રીતે કામ કરતો હોય તથા કાયદાનું સારું શાસન હોય તે રાજ્યનો વિકાસ ખૂબ ઝડપથી થતો હોય છે. ગુજરાત રાજ્યમાં આવો વિકાસ થઇ રહ્યો છે. અમારા કાયદા મંત્રી તો એક પ્રતિષ્ઠિત ધારાશાસ્ત્રી છે. કાયદા વિભાગને શું શું જરૂરિયાત છે, માળખાકીય સુવિધાની શું શું જરૂર છે અને તેઓશ્રીએ ખૂબ વકીલાત કરી છે તેથી તે અંગે ખૂબ માહિતગાર પણ છે. આ ગુજરાતનું કાયદાનું શાસન અને તે વખતના આપણા દેશના મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની દીર્ઘદ્રષ્ટિ જુઓ કે, ગૃહ વિભાગને મદદ કરવા માટે ફોરેન્સિક સાયન્સ લેબૉરેટરીની સ્થાપના કરી. ત્યારે આખા દેશનો ગૃહ વિભાગ આ લેબૉરેટરીનો સહારો લઇ ગુનેગારો સુધી પહોંચી શકે છે. તેની સાથે સાથે કાયદા વિભાગને શું શું જરૂરિયાત છે તેના માટે વર્ષ ૨૦૦૪માં નેશનલ લૉ યુનિવર્સિટીની સ્થાપના રાયસણ મુકામે કરવામાં આવી. નેશનલ લૉ યુનિવર્સિટી વિશ્વની પ્રથમ કક્ષાની યુનિવર્સિટી છે. આ યુનિવર્સિટીના લીધે કાયદા વિભાગને જેવા તજજ્ઞો જોઇએ તેવા તજજ્ઞો તૈયાર થતા હોય છે. તેમાંથી જજીસ અને એડવોકેટ જયારે ન્યાયતંત્રમાં આવતા હોય ત્યારે ન્યાયતંત્ર પણ સુદ્રઢ રીતે કામ કરે છે. તેની સાથે સાથે ડાયરેક્ટ પ્રોસિક્યુશનની સ્થાપના પણ ગાંધીનગર ખાતે કરવામાં આવી.

માનનીય અધ્યક્ષશ્રી, ક્રાઇમ રેટ ઘટાડવા માટે અને કન્વિક્સન રેટ વધારવા માટે આ ડાયરેક્ટ પ્રોસિક્યુશનની સ્થાપના કરવામાં આવી. સી.આર.પી.સી.નો કાયદો તે પુરાવાનો કાયદો છે. તે કાયદામાં પુરાવામાં કઇ રીતે મદદ થાય તેના માટે આ ડાયરેકટ પ્રોસિક્યુશન વકીલોની સાથે ચર્ચા કરી બંને સંયુકત રીતે કામ કરી રહ્યાં છે. કાયદાનું શાસન તે સુશાસન અને સુરાજ્યનો આધાર છે. ભારતીય જનતા પાર્ટી સર્વનો સાથ, સર્વનો વિકાસ અને સર્વને ન્યાય આ સિદ્ધાંત ઉપર કામ કરી રહી છે. ન્યાયાલયો તે બંધારણીય મૂલ્યોનું જતન કરતા સાચા મંદિરો છે. સુલભ, ઝડપી અને બિનખર્ચાળ ન્યાય વ્યવસ્થા તે લોકતંત્રના પાયામાં છે. ન્યાયાલયોની સંખ્યા વધારવા તેમજ ન્યાય વ્યવસ્થામાં નવી તકનિકી સાથે ઝડપ લાવવા સરકાર કટિબદ્ધ છે. પ્રોસિક્યુશનની કામગીરીને અસરકારક અને કાર્યક્ષમ બનાવવા માટે અદ્યતન ટેકનોલોજી સાથે આધુનિક માળખાગત સુવિધાઓ સરકારે ઉભી કરી છે. નવી કોર્ટ બિલ્ડિંગના બાંધકામ માટે આ બજેટમાં જોગવાઇ રૂપિયા ૪૫ કરોડની કરી છે. રહેઠાણના મકાનોના બાંધકામ માટે જોગવાઇ રૂપિયા ૮૩ કરોડ, હયાત કોર્ટ બિલ્ડિંગ તથા રહેઠાણના મકાનોના મરામત માટે જોગવાઇ રૂપિયા ૧૨ કરોડ કરવામાં આવી છે. આ કોરોના મહામારીમાં વકીલોને મદદ કરવા માટે ભારતીય જનતા પાર્ટીની સરકારે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતને ૬ કરોડ રૂપિયાની સહાય કરી છે. પ્રોસિક્યુશનની કામગીરી માટે સરકારી વકીલોને લેપટોપ, પ્રિન્ટર તથા કાયદાના પુસ્તકો આપવા માટે રૂપિયા ૫(પાંચ) કરોડની જોગવાઇ કરી છે. ન્યાયતંત્રી માટેની માળખાકીય સુવિધા માટે રૂપિયા ૨૧૬ કરોડની જોગવાઇ કરી છે. કાયદો અને ન્યાયતંત્ર એ બંને પૂરક છે. ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી એ વિશ્વની પહેલી યુનિવર્સિટી છે અને ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી અગ્રગણ્ય લો યુનિવર્સિટી પૈકીની એક યુનિવર્સિટી છે અને એ યુનિવર્સિટી દ્વારા આપવામાં આવતું શિક્ષણ એડવોકેટ અને ન્યાયધીશો દ્વારા પ્રાપ્ત થાય છે. ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી દ્વારા ૩૫ નેશનલ અને ઇન્ટરનેશનલ એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે. ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીને ૧૪ નેશનલ અને ઇન્ટરનેશનલ ફેકલ્ટિની માન્યતા મળેલ છે. ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી દ્વારા તેના વિદ્યાર્થીઓને રૂપિયા ૨ કરોડની સ્કોલરશીપની નાણાકીય મદદ આપવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની સરકાર અને નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ જે બજેટ લઇને આવ્યા છે એના પહેલા પાને એમનો જે દ્રઢ વિશ્વાસ છે એ વ્યક્ત કર્યો છે.

''પડકારો અમને હંફાવી ન શક્યા અમે પરિશ્રમથી પ્રગતિની કેડી કંડારી છે,
કર્મયોગીની લોકસેવા કરતા કરતા અમે અમૂર્તતાની વાટ પકડી છે.''

માનનીય અધ્યક્ષશ્રી, આ ભારતીય જનતા પાર્ટી જે વિકાસ કરે છે અને વિકાસ માટેની જે દ્રઢતા છે એ સાબિત કરે છે. આ ભારતીય જનતા પાર્ટીના નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ જે બજેટ લઇને આવ્યા છે એને સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું.

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા(નાંદોદ):માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ વર્ષ ૨૦૨૨-૨૩નું અંદાજપત્ર લઇને આ ગૃહમાં આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમના બાંધકામમાં જેઓએ પોતાની મહામૂલી જમીન આપી છે એવા નર્મદાના અસરગ્રસ્તો માટે, એમની સગવડો માટે, એમના આર્થિક વિકાસ માટે આ બજેટમાં કોઇ ઉલ્લેખ કર્યો નથી. માનનીય અધ્યક્ષશ્રી, જ્યારથી હું આ ગૃહમાં આવ્યો છું ત્યારથી નર્મદાના અસરગ્રસ્તો આર્થિક રીતે પગભર થાય, શૈક્ષણિક રીતે પગભર થાય એના માટે સરકારે નક્કર પગલાં લેવાં જોઇએ એ લીધાં નથી એવું મને લાગે છે. સ્ટેચ્યુ ઓફ યુનિટીની બાજુમાં આવેલા ૬ ગામ ગોરા, લિમડી, વાગડિયા, કેવડિયા, કોઠી આ જે ગામો છે એની જમીન જે તે વખતે નર્મદા ડેમના બાંધકામ સમયે સંપાદન કરવામાં આવી છે. એ જમીન જે હેતુ માટે સંપદિત થઇ હતી એ હેતુ આજે પૂર્ણ થયો છે છતાં

પણ જમીનને નથી ડેમના બાંધકામમાં લીધી કે નથી અન્ય કામમાં લીધી. એ જમીનો આજે પણ એ જમીનોના માલિકો પાસે છે પણ જ્યારે જ્યારે કંઇક એવા પ્રસંગો આવે છે ત્યારે આ ૬ ગામના જે જમીન માલિકો છે એને ખૂબ હેરાનગતિ કરવામાં આવે છે અને આ પ્રશ્ન ૬૦ વર્ષથી ઉકેલાયો નથી ત્યારે એને ઉકેલવાની જરૂર છે. આટલી મોટી આપણી યોજના છેક સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાતને પાણી પૂરું પાડે છે અને ઉદ્યોગોને પાણી આપે છે અને ગુજરાતની ધરતીને લીલીછમ કરવામાં જેનો ફાળો છે એ અસરગ્રસ્તો પ્રત્યે આપણે દુર્લક્ષ સેવીએ તો આપણી માનવતા ક્યાં છે? સરકારને મારી વિનંતી છે કે, આ જે જમીન સંપાદનની બાબત છે એમાં કાં તો સરકાર એ જમીન એના મૂળ માલિક ખેડૂતોને પરત આપે અથવા તો એ જમીનોનું ચાર ગણું વળતર આપીને આ અસરગ્રસ્તોને એ લોકો જ્યાં કહે ત્યાં વસવાટ કરી આપે અને ધંધા રોજગાર માટે વ્યાજ વગરની લોન આપીને એ લોકોનો પ્રશ્ન ઉકેલો એવી મારી નર્મદા વિભાગના મંત્રીશ્રીને અને સરકારને વિનંતી છે. માનનીય અધ્યક્ષશ્રી, બીજું, કે એ નર્મદા ડેમ છે તેની આજુબાજુ લગભગ ૭૦ ગામ આવેલા છે. હજારો હેક્ટર જમીન આજે પણ વરસાદ આધારિત ખેતી ઉપર નભે છે. જો ત્યાં લિફ્ટ ઈરીગેશન કરીને આ જે ગામડાંઓ આવેલાં છે, તે ગામડાઓને તમે આ રીતે ખેતી માટે સિંચાઈનું પાણી આપશો તો એ વિસ્તાર તમને જે જે કામ હશે તેમા ચોક્કસ સહકાર આપશે જ્યારે તેમની આર્થિક પરિસ્થિતિ સદ્ધર હશે તો જ તે કંઇ કરી શકવાના છે. પાણી છેક સુધી જાય છે તો આજુબાજુ તળાવ સાચવે અને માણસ તરસ્યા મરે એવો ઘાટ આ લોકોનો છે. જે નીચેના વિસ્તારમાં છે તેને નથી સિંચાઇનું પાણી મળતું કે નથી ઉપરના ભાગને પાણી મળતું, તો એના માટે માનનીય મંત્રીશ્રી આપ વારંવાર કેવડિયા આવો છો તો એ અસરગ્રસ્તોને બોલાવીને પણ તેમના પ્રશ્નો હલ કરવા માટે તમારે પ્રયત્ન કરવો જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત મારે સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડતા રસ્તાની કરવી છે. મારો રાજપીપળા કે પોઇચા સુધીનો ફોર લેન્ડનો રસ્તો પહોળો થવાની તૈયારીમાં છે, છતાં પણ રાજપીપળા અંકલેશ્વરનો જે રસ્તો છે કે જે સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડતો રસ્તો છે અને જયાં હજારો ટુરીસ્ટો ત્યાં આવે છે તે રસ્તો મારો પૂરો થવા આવ્યો છે. પાંચ વર્ષથી આ સભાગૃહમાં હું રજૂઆત કરું છું તેના માટે કંઇ થતું નથી. ખાડા પડેલા છે તમારે અંકલેશ્વર સુધી પાસ કરવા માટે દોઢથી બે કલાક લેવા પડે છે. માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી મોદી સાહેબ હાઉસમાં હોય તો નોંધે કે આ રસ્તો કેમ આટલો ડીલે થાય છે. તેની પાછળનું શું કારણ છે ? ટેકનિકલ કારણ છે કે કંઇક બીજું કારણ છે તે શોધીને પણ લોકોને રાહત આપો નહીંતર લોકો ઓર્થોપેડિક દવાખાનામાં જઇ જઇ અને પૈસા આપી આપીને થાકી ગયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજો મારો સવાલ એ પણ છે કે, ચાણોદ પોઇચાનો પુલ જે વર્ષો જૂનો છે અને વર્ષમાં બે-ત્રણ વખત ખોટકાઇ જાય છે. મેં મહારાષ્ટ્ર અને ગુજરાત જે વ્યાપાર માટે, વાણિજ્ય માટે અગત્યનો રસ્તો છે, ત્યાં જો એક નવો પુલ આપવામાં આવે તો આ વિસ્તારને નહીં પણ છેક મહારાષ્ટ્ર ગુજરાતના જે ટ્રાન્સ્પોર્ટરો છે તેમને ચોક્કસ ફાયદો થવાનો છે અને ગુજરાતના વેપાર ધંધામાં પણ આ મોટામાં મોટો ફાયદો થશે એવુ મારૂં ચોક્કસ માનવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, બસોની વાત કરું મારો ટ્રાયબલ વિસ્તાર છે. બસો પૂરતી નથી તેમાંય ખાસ કરીને જે વિદ્યાર્થી ટ્રીપ છે તે ટ્રીપો ખૂબ જ ઓછી છે. સવારનો નીકળેલો વિદ્યાર્થી રાત્રિના ૯-૦૦ વાગ્યા સુધી ઘરે ના પહોંચે, તેનાં મા-બાપ ચિંતા કરે એ જાતની પરિસ્થિતિ મારા નર્મદા જિલ્લામાં છે.

સભાપતિશ્રી : આપની પાસે બે મિનિટ છે.

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત હું ટ્રાયબલ વિસ્તાર છે એટલે એની પણ કરું મારે ત્યાં બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે. ચાર વર્ષ થયાં છતાં પણ પૂરતાં પ્રાધ્યાપકો નથી, રહેવાની સ્ટાફને સગવડ નથી અને તે પણ અગિયાર માસના કરાર આધારિત પ્રોફેસરો આ વિદ્યાર્થીઓને ત્યાં ટીચિંગ આપે છે કેટલી કરૂણ પરિસ્થિતિ છે ? તેના માટે સરકાર, આદિજાતિ મંત્રીશ્રી વહેલામાં વહેલી તકે આ યુનિવર્સિટીમાં જે ભરતી થવાની હોય કે જે કંઇ ટીચિંગ કે નોન ટીચિંગ સ્ટાફ લેવાનો હોય તેની વહેલામાં વહેલી તકે આ ભરતી કરે એવી મારી સરકારને વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત મારે કરજણ ડાબા કાંઠા અને જમણા કાંઠા નહેર અંગેની કરવાની છે. સાહેબ હમણાં જ ૨૭ કરોડ રૂપિયાના ખર્ચે કેનાલોનું રિનોવેશન થયુ અને બે મહિના પણ એ કેનાલો ચાલી નથી અને ઠેર ઠેર તૂટી અને ગાબડાં પડી ગયા છે અને આજે ખેડૂતો પાણી માટે વલખાં મારે છે આ તો કેવી જાતનું કામ છે ? ૨૭ કરોડ રૂપિયા ખર્ચીને શાખા, પ્ર-શાખાઓ અને મેઇન કેનાલનું રિપેરિંગ થાય અને તે પણ ત્રણ ચાર મહિનામાં પાણી છોડે અને તૂટી જાય એવું કામ થાય તો તેની ચોક્કસ તપાસ કરીને જે તે ઠેકેદારો હોય તેની પાસેથી પૈસા વસૂલ કરવા જોઇએ અથવા તો તેને જે કંઇ દંડ થતો હોય તે ક્રિયા કરવી જોઇએ.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

**( વિરામ બપોરના ૧૨-૦૦થી ૧૨-૩૦ )**

**સભાપતિશ્રી આત્મારામ પરમાર અધ્યક્ષસ્થાને**

શ્રી ભરતભાઈ કી. પટેલ(વલસાડ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબની સરકારના માનનીય નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈ જેઓ અમારા વલસાડ જિલ્લાના ગૌરવ પુરૂષ છે અને નાણાં

વિભાગના ખૂબ અનુભવી છે એવા ગુજરાતનું અત્યાર સુધીનું સૌથી મોટું બજેટ દરેક વિભાગ માટે રજૂ કર્યું છે એ માટે અમે સૌ ગૌરવ અનુભવીએ છીએ અને એમને અભિનંદન પાઠવીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટને ગુજરાતના સર્વત્ર બુદ્દિઘજીવીઓએ આવકાર્યું છે. આજે અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચામાં રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ પરના મારા મંતવ્યો રજૂ કરું છું. માનનીય નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ દરેક વિભાગનો અભ્યાસ કરી બજેટની ફાળવણી કરી છે. જેમાં રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ માટે યુવાનોને ધ્યાનમાં લઈને યુવા ખેલાડીઓને પ્રોત્સાહન મળે તે માટે રૂ.૫૧૭ કરોડની જોગવાઈ કરી છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારના યુવા અને ઉત્સાહી મંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી સાહેબ દ્વારા રાજ્યમાં રમતગમત ક્ષેત્રે સર્વાંગી વિકાસ થાય અને રમતગમત ક્ષેત્રે આધુનિક કક્ષાનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું થાય તે માટે સંનિષ્ઠ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આદરણીય અને લોકલાડીલા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ દ્વારા આઝદીના ૭૫ વર્ષની ઉજવણી માટે સમગ્ર દેશમાં આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી કરવા માટે આહ્વાન આપવામાં આવેલ છે જેના અવારનવાર કાર્યક્રમો થઈ રહ્યા છે. રાજ્ય સરકાર દ્વારા રાષ્ટ્રીય શાયર સ્વ. ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મ જયંતીની ઉજવણીના ભાગરૂપે રાજ્યભરમાં કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહેલ છે. આ ઉપરાંત ચાલુ વર્ષે મહર્ષિ અરવિંદ ઘોષની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી પણ કરવામાં આવનાર છે. જેના થકી રાજ્યના યુવાનોમાં મહર્ષિ અરવિંદ ઘોષના વિચારોનો પ્રચાર અને પ્રસાર થાય તેવું આયોજન કરવામાં આવેલ છે. રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં રમતગમત ક્ષેત્રે સર્વાંગી વિકાસ થાય તે માટે જરૂરી સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવામાં આવેલ છે. જેમાં જિલ્લા રમતગમત સંકુલનો પણ સમાવેશ થાય છે. આ સંદર્ભમાં આગામી વર્ષમાં વલસાડ, નવસારી, સુરત, મોરબી, મહીસાગર, ગીર-સોમનાથ, દેવભૂમિ દ્વારકા, છોટા ઉદેપુર, બોટાદ અને ભરૂચ જિલ્લામાં પણ નવા રમતગમતના સંકુલો બનાવનાર છે. આ રમતગમત સંકુલોમાં સ્પોર્ટ્સ સંબંધિત અદ્યતન સુવિધા પૂરી પાડવામાં આવશે. જેનાથી રાજ્યના યુવાનોને રમતગમત ક્ષેત્રે સ્થાનિક કક્ષાએ યોગ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર મળી રહે. જેથી આ યુવાનો રમતગમત ક્ષેત્રે રાજ્યનું અને રાષ્ટ્રનું નામ આંતરરાષ્ટ્રીય કક્ષાએ રોશન કરવામાં મદદરૂપ થશે. આપ સર્વે જોણો છો તાજેતરમાં પૂરી થયેલ ટોકિયો ઓલમ્પિક વર્ષ ૨૦૨૦માં ઈતિહાસમાં પ્રથમ વખત રાજ્યની નારી શક્તિએ અદ્ભૂત પ્રદર્શન કરેલ છે અને ૬ મહિલા રમતવીરોએ આ ટોકિયો ઓલમ્પિક અને પેરા ઓલમ્પિકમાં ભાગ લીધેલ છે અને રાજ્યની રમતવીર સુશ્રી ભાવિના પટેલને પેરા ટેબલ ટેનિસની રમતમાં રજત ચંદ્રક મળેલ છે જે આપણા સૌના માટે ગૌરવની બાબત છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા આનંદ થાય છે કે રાજ્ય સરકાર દ્વારા ખેલ મહાકુંભનું આયોજન વર્ષ ૨૦૧૦થી આપણા દેશના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વમાં શરૂ કર્યું હતું. જે બીજ વાવ્યું હતું તે આજે વટવૃક્ષ થઈને ખેલ મહાકુંભરૂપે ઊભું થયું છે. હાલમાં જ આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે લાખોની સંખ્યામાં યુવાનો સાથે ખેલ મહાકુંભનો શુભારંભ કરાવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, આપનું ધ્યાન દોરતાં જણાવું છું કે, રાજ્યના નાગરિકોને વાંચન પ્રવૃતિમાં વેગ મળે, રાજ્યકક્ષા અને રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરી શકે તે માટે તેમને જરૂરી સગવડ આપવા માટે રાજ્યના ગ્રંથાલયોને ટેકનોલોજી આધારિત બનાવનાર છે. જેમાં, સ્માર્ટ ગ્રીન ગ્રંથાલય બનાવવાનો કન્સેપ્ટ પણ અપનાવવામાં આવેલ છે. જે જિલ્લા કક્ષાએ રાજપીપળા, આહવા અને તાલુકા કક્ષાએ વઘઇ, તરસાડી, ધોડિયાપાડા, ભિલોડા અને ઉમરા ગામો ખાતે લાઇબ્રેરી બનાવવામાં આવનાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના ભવ્ય સાંસ્કૃતિક વારસાને જાળવી રાખવા માટે પુરાતત્ત્વ અને સંગ્રહાલય કચેરી દ્વારા રાજ્યમાં રહેલા સ્મારકોની આધુનિક ટેકનોલોજી દ્વારા જાળવણી કરવામાં આવશે. આ ઉપરાંત, દેશી રજવાડીઓએ તેમના રાજ્યનું ભારતસંઘમાં વિલીનીકરણ કરી, ભારતના એકત્રીકરણ માટે અગત્યનું યોગદાન આપેલ હતું, તેમની પણ અમારી સરકાર કદર કરે છે અને તેમના અદ્ભૂત બલિદાનની યાદગીરીરૂપે રજવાડાઓનું મ્યુઝિયમ બનાવવાની પણ સરકારે તૈયારી કરેલ છે. આજે નાણામંત્રીશ્રી ખૂબ મોટું બજેટ લઇને આવ્યા છે. અમારા વિસ્તાર માટે આમ તો માનનીય નાણામંત્રીશ્રી માહિતગાર છે તેમ છતાં શ્રી કનુભાઇને વિનંતી કરવા માગું છું કે, અમારા વલસાડ વિસ્તારમાં ૧૬ કિ.મી.નો દરિયાકાંઠા વિસ્તાર આવે છે અને ત્યાં માછીમાર, ટંડેલ યુવાનો દરિયાકાંઠે વિવિધ રમતોની સ્પર્ધા કરે છે, પણ આ યુવાન માછીમારોને ધંધાકીય સુવિધાઓ મળી રહે તે માટે એમની માંગણી મુજબ કોસંબા, હિંગરાજ, દાંડી, મગોદડુંગરી અને કકવાડી ગામે જેટી બનાવવાની એમની વર્ષોથી માંગણી છે. આપણા મત્સ્ય વિભાગના મંત્રીશ્રી જીતુભાઇ ચૌધરી સાહેબની મુલાકાતમાં હમણાં મેં રજૂઆત કરેલ છે. જ્યારે પણ આ રજૂઆત નાણાં ફાળવવા માટે નાણામંત્રીશ્રી તરીકે આપની પાસે આવે ત્યારે મત્સ્ય ઉદ્યોગ વિભાગના બજેટમાં ફાળવેલ રકમમાંથી ફાળવી આપવા માટે હું વિનંતી કરું છું. અમારા શ્રી કનુભાઇ માટે જેટલું કહીશ એટલું ઓછું છે. કેમ કે ભલે નાણામંત્રી હમણાં બન્યા છે, પણ ફાઇનાન્સ વિભાગના ખૂબ જ અનુભવી અને ખૂબ જ જાણીતા તેમજ વલસાડ ખાતે નામના ધરાવે છે એવા શ્રી કનુભાઇ, નાણામંત્રીશ્રી બન્યા છે એમણે જે બજેટ ફાળવ્યું છે તે દરેક વિભાગને ધ્યાનમાં લઇને ફાળવ્યું છે એટલે એમને હું ફરી ફરી ખૂબ અભિનંદન આપું છું. સરકારના દરેક વિભાગો માટે જે બજેટની ફાળવણી કરી છે, એ દરેક વિભાગોમાંથી જે કંઈપણ કામો હોય એ બધાં કામો પૂર્ણ થશે એવી ચોક્કસ આશા રાખું છું અને બજેટ અંદાજપત્રને મારુ સમર્થન આપું છું. આભાર.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્ય શ્રી વજેસિંગભાઇ પણદા. શ્રી વજેસિંગભાઇ આપની છ મિનિટ છે.

ફાલ્ગુન ૨૪, ૧૯૪૩ શાકે

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા(ત્રીજો દિવસ)

શ્રી વજેસિંગભાઇ પા. પણદા(દાહોદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આપને એ બાબતનું ધ્યાન દોરવું છે કે, દાહોદ નગરપાલિકાના પ્રમુખશ્રી અને ચીફ ઓફિસરશ્રીએ એકબીજાના મેળાપીપણાંથી અનેક પ્રકારની ગેરરીતિઓ આચરેલ છે અને સરકારી નાણાંનો દુરુપયોગ કરી, પોતાની માનિતી અને મળતિયા કંપનીઓને ટેન્ડરનો વર્ક ઓર્ડર આપેલ છે. પ્રાદેશિક કમિશનરશ્રી, નગરપાલિકા વડોદરા દ્વારા નગરપાલિકા ચીફ ઓફિસરશ્રી, પ્રમુખશ્રી અને સદસ્યશ્રીઓને નોટિસ પાઠવવામાં આવી કે, આ નાણાંની જે ઉચાપત કરેલ છે એ નાણાં ભરપાઇ કરવા માંગો છો કે કેમ? નગરપાલિકા વડોદરા દ્વારા આ નોટિસ કાઢ્યા પછી પણ આજદિન સુધી ચીફ ઓફિસરશ્રી, પ્રમુખશ્રી અને સદસ્યશ્રીઓએ નાણાં ભરપાઇ કરેલ નથી. જેથી કરીને, સરકારનાં નાણાંનો દુરુપયોગ ન થાય, પ્રજાને નુકસાન ન થાય અને સાચા વિકાસનાં કામો થાય એ માટે આ નાણાં ભરપાઇ કરવામાં આવે તેવી મારી માંગ છે. આવા ચીફ ઓફિસરશ્રી, પ્રમુખશ્રી અને સદસ્યશ્રીઓને તાત્કાલિક અસરથી તપાસ કરી સસ્પેન્ડ કરવામાં આવે, એવી મારી માંગણી છે. એટલું જ નહી, ભીંતચિત્ર હોય, ડમ્પિંગ યાર્ડનું કામ હોય, ડમ્પિંગ કમ્પાઉન્ડ હોલનું કામ હોય તમામ કામગીરીઓમાં મોટાપાયે ભ્રષ્ટાચાર કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા  મારા મત વિસ્તાર દાહોદની વાત કરું તો મનરેગા યોજના અંતર્ગત જે પણ જોબકાર્ડધારકો કામ માંગવા જાય સરકારનો પરિપત્ર, સરકારનો કાયદો છે કે, પંદર દિવસમાં તેને રોજગારી ન મળે તો એને ઘરે બેઠા ભથ્થું આપવું પડે. અહીંયા છેલ્લા છ-છ માસ સુધી જોબકાર્ડ ધારક મજૂરી માટે જાય, વારંવાર ધક્કા ખવડાવે, એનું મસ્ટર સોમવારે ઇશ્યુ ન થાય, અને મોટા પાયે, શેડનું કામ હોય, તળાવ ઉંડું કરવાનું કામ હોય, જમીન સંરક્ષણનું કામ હોય, અનેક કામોમાં મોટાં પાયે ભ્રષ્ટાચાર કરીને બે-બે ત્રણ ત્રણ મહિના સુધી રોજગારી આપવામાં આવતી નથી અને મજૂરીના નાણાં પણ ચૂકવવામાં આવ્યાં નથી. આ નાણાં કોણ લઇ જાય છે? પંદર દિવસમાં મજૂરી  આપવાના સરકારના ધારાધોરણો અને નિયમ છે, છતાં છ-છ મહિના સુધી, એક એક વર્ષ સુધી મટીરિયલ્સના પૈસા ન મળે, જોબકાર્ડ ધારકોને મજૂરી ન મળે એ પણ વહેલી તકે તપાસ થાય એવી મારી માગ છે.

માનનીય અધ્યક્ષશ્રી, બે વર્ષ પહેલાં જમીન માપણી, રી-સરવે કરાવવામાં આવ્યો. મારા દાહોદ વિસ્તારની વાત કરું તો ખાસ કરીને ભાટીવાડા ગામની પણ હું વાત કરું. અરજદારશ્રીઓ મારા ગરીબ આદિવાસી અભણ ભોળા, એક છેડો પણ કોઇ ખેડી નાખે તો તીરકામઠા ચાલી જાય, રી-સરવે કરાવવા માટે પાછું ફરીથી જૂની પદ્ધતિથી આ ભાટીવાડા ગામની અરજીઓ બે બે વર્ષથી પેન્ડિંગ છે તો ફરીથી રી-સરવે કરીને મારા ગરીબ આદિવાસીઓને સાચો ન્યાય મળે એ દિશામાં લાભાર્થીઓએ અરજી કરેલ છતાં પણ આજ દિન સુધી સુનવાઇ કરેલ નથી. તેથી આપના માધ્યમ દ્વારા આ ભાટીવાડા ગામનો રી-સરવે ફરીથી થાય, અને મારા આદિવાસી ભાઇઓને ન્યાય મળે તેવી મારી માગ છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી મનરેગા યોજનાની વાત કરું. એમાં પણ તળાવો ઉંડા કરવાનાં કામોમાં ઘણો બધો ભ્રષ્ટાચાર કરેલ છે. કડાણા આધારિત અને હાફેશ્વર આધારિત દાહોદ જિલ્લામાં સિંચાઇનું પાણી અને તળાવ ભરવાનાં કામ માટે બજેટમાં જોગવાઇ કરેલ છે. છતાં મારા મત વિસ્તારની વાત કરું તો વર્ષોથી વલખાં મારે છે, પાંચ પાંચ કિલોમીટર સુધી પાણી ભરવા જાય અને પાણી ન મળે, દર વર્ષે ઉનાળામાં ટેન્કરથી પાણી આપવામાં આવે. ઢોકી, ડુંગરા, ખરોળ, છાપરી, ઉસરવાળ, બોરવાણી, ખાયા, ખોળવા, ભાટીવાડા જેવા અનેક વિસ્તારોમાં પાણીની ખૂબ જ અછત છે જેથી કરીને આ ગામના તળાવો ભરાય અને વહેલી તકે મારા આદિવાસી ભાઇઓને ચોખ્ખુ શુદ્ધ પીવાનું પાણી મળે અને સિંચાઇનું પાણી મળે તેવી પણ મારી માગ છે.

શ્રી વિવેક ન. પટેલ(ઉધના) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયની સ્થાપના પછી સૌ પ્રથમ વખત ૨,૪૩,૯૬૫ કરોડનું ઐતિહાસિક અને વિક્રમી બજેટ રજૂ થયું. આ બજેટથી ગુજરાત નવી ઉંચાઇઓ સર કરવાનું છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલજીને અને નાણા મંત્રી શ્રી કનુભાઇ દેસાઇજીને મારા લાખ લાખ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા વિકાસ પર મારા વિચારો વ્યક્ત કરું છું. નર્મદા એ ગુજરાતની જીવાદોરી છે એ કથનની અંદર બિલકુલ અતિશયોક્તિ નથી. નર્મદા અસ્ટકમાં માટે જ આદ્યગુરુ શંકરાચાર્યજીએ પ્રાર્થના કરી છે કે,

सबिंदु सिन्धु सुस्खल तरंग भंग रंजितम

द्विषत्सु पाप जात जात कारि वारि संयुतम

कृतान्त दूत काल भुत भीति हारि वर्मदे

त्वदीय पाद पंकजम नमामि देवी नर्मदे, नमामि देवी नर्मदे ॥

''આપનો તેજસ્વી દેહ, આનંદ સભર તરંગો અને મોજાઓ સાથે વહેતા જલ બિંદુઓ થકી શોભા વધી રહી છે, આપના પવિત્ર જળ સંગ્રહ પ્રવાહમાં મનુષ્યને પાપો થી મુકત કરવાની દિવ્ય શક્તિઓ ભરેલી છે. આપનું અભયદાન રૂપી કવચ મૃત્યુના દૂતોના ભયનો નાશ કરનાર છે, હે દેવી નર્મદે, હું આપના ચરણ કમળમાં પ્રાર્થના કરું છું અને મને આપનું શરણ આપો.''

તા. ૧૫મી માર્ચ ૨૦૨૨

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા(ત્રીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની પ્રાકૃતિક વિષમતા એ છે કે ગુજરાતની માનવ વસતિ દેશની માનવ વસતિના લગભગ સાડા પાંચ ટકા છે, એનો ભૂ-ભાગ પણ સાડા પાંચ ટકા, પરંતુ જળ ઉપ્લબ્ધીની વાત કરીએ તો ફકત અઢી ટકા છે. એટલે કે ઓછા પાણીનો કરકસર યુકત ઉપયોગ કરી ઉત્કૃષ્ટ જળ વ્યવસ્થાપન થકી જ પ્રજા પોતાનું અસ્તિત્વ ટકાવી શકે અને આપણો વિકાસ થઇ શકે. અને આપણો વિકાસ થઇ શકે. નર્મદા યોજનાનો વિકાસ અને ગુજરાતનો વિકાસ એકજ સિક્કાની બે બાજુ છે. તેથી જયારથી ગુજરાતમાં અમારી સરકાર આવી ત્યારથી નર્મદા યોજના અંગે સરકારની પ્રતિબદ્ધતા અને સમર્પણભાવ ડગલે ને પગલે દેખાતો આવ્યો છે. નર્મદા પ્રોજેકટ સાકાર કરવા અનેક પડકારો હતા. જીઓલોજીમાં ફોલ્ટ ઝોન પણ હતો. કયાંક સેડીમેન્ટરી ફોલ્ટ પણ હતો. કયાંક સીયર સેફટી પણ ઓછી હતી. નહેરના માળખામાં સ્ટ્રકચર પણ અસામાન્ય હતા. એક સિવિલ એન્જિનીયર તરીકે કહેવું છે કે ભારતના એન્જિનિયરો અને ભૂસ્તર શાસ્ત્રીઓએ બધા જ પડકારોનો સામનો કરીને ભારતીય કૌશલ્યનો સમગ્ર વિશ્વને પરિચય કરાવ્યો છે એ બધાને મારા ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૧૯૯૫ની સાલમાં અમારી સરકાર બની. ત્યારે નર્મદા બંધની ઉંચાઇ ૮૦ મીટરથી પણ ઓછી હતી, પરંતુ તબક્કાવાર નામદાર સુપ્રીમ કોર્ટના ધારા ધોરણ મુજબ કામગીરી કરવામાં આવી. નામદાર સુપ્રીમ કોર્ટની મંજૂરીઓ મેળવીને વર્ષ ૨૦૦૬ સુધીની અંદર ડેમની ઉંચાઇ ક્રેશ લેવલ સુધી પહોંચાડી એટલે કે ૧૨૧.૯૨ મીટર સુધી આપણે લઇ ગયા. સમાંયતરે આ ડેમ થકી ૧,૪૫૦ મેગાવોટ વીજ ઉત્પાદન ક્ષમતા ઉત્પન્ન કરવા માટેના હાઇડ્રો પાવર સ્ટેશનો પણ બનાવવામાં આવ્યાં અને આ હાઇડ્રો પાવર સ્ટેશનો થકી ૫,૧૩૭ કરોડ યુનિટ વીજળીનું ઉત્પાદન થયું છે. એક તરફ ડેમની ઉંચાઇ ક્રેશ લેવલ સુધી પહોંચાડવી અને બીજી તરફ નર્મદાની મુખ્ય નહેરનું ૪૫૮ કિલોમીટરની લંબાઇનું કામ કરવું આ એક વૈશ્વિક રેકોર્ડ છે. સન ૨૦૦૬ની અંદર ડેમ ક્રેશ લેવલ સુધી બંધાયો અને સન ૨૦૦૭ની અંદર ગુજરાતના છેવાડે એટલે કે રાજસ્થાન સુધી આપણું નર્મદાનું પાણી પહોંચતુ કરવામાં આવ્યું. નહેરોનું ૭૨ હજાર કિલોમીટર લાંબુ પાણીના વિતરણ માટેનું માળખું માત્ર ૨૨ વર્ષમાં પૂર્ણતાને આરે લાવીને મૂકયું છે. આ ઐતિહાસિક કામ પણ અમારી ભાજપની સરકારે કરેલું છે.

માનનીય અધ્યક્ષશ્રી, અગાઉની સરકારની નીતિ મુજબ નહેરના માળખામાં મુખ્ય નહેર, બ્રાન્ચ કેનાલ, ડિસ્ટ્રિબ્યુટરી અને માઇનોરનો સમાવેશ થતો હતો. સબ માઇનોર જેના થકી ખેતર સુધી પાણી મોકલવાનું હોય તેની જવાબદારી ખેડૂતો ઉપર નાખવામાં આવેલી હતી. મારે ગૌરવ સાથે કહેવું છે કે અમારી ગુજરાતની સરકારે સન ૨૦૦૬ની અંદર પ્રજાભિમુખ નિર્ણય લીધો અને ૪૬ હજાર કિલોમીટરના સબ માઇનોરનાં કામો ૯૦ ટકા સરકારી ખર્ચ સાથે કરવાનો એક વિરાટ નિર્ણય લીધો એ માટે પણ જેટલા સરકારને અભિનંદન આપીએ એટલા ઓછા છે. જયારે ડેમની કામગીરી સન ૨૦૦૬ની અંદર ૧૨૧.૯૨ મીટર સુધી પહોંચાડવામાં આવી, ત્યાર બાદ ડેમના દરવાજા ફીટ કરીને જળાશય ૧૩૧.૬૮ મીટર સુધી ભરવાની વ્યવસ્થા ઉભી કરવાનો પ્રસંગ આવ્યો ત્યારે કેન્દ્રની કોંગ્રેસની અને યુ.પી.એ.ની સરકારે ગુજરાતને એ વખતે હળહળતો અન્યાય કરેલો હતો. તે સમયે માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ ગુજરાતના મુખ્યમંત્રી હતા. એમણે ઉપવાસ કરવા પડેલા અને આઠ વર્ષ સુધી દરવાજા લાગવાની મંજૂરી નહોતી આપી. વર્ષ ૨૦૧૪ની અંદર કેન્દ્રમાં ભાજપ અને એન.ડી.એ.ની સરકાર આવી આપણા શ્રી નરેન્દ્રભાઇ દેશના વડાપ્રધાન બન્યાને ફકતને ફકત ૧૭ દિવસની અંદર ડેમના દરવાજા લગાવવાની મંજૂરી આપી દીધી. સન ૨૦૧૭ની સપ્ટેમ્બરે દરવાજા પણ લાગી ગયા અને સાથે સાથે ગુજરાતને ૭.૭૪ મિલિયન એકરફીટ સંગ્રહ ક્ષમતા ધરાવતું જળાશય પણ મળ્યું. ગુજરાતના નર્મદાના જળ થકી જ ગુજરાતના પીવાના પાણીની સમસ્યા હલ થઇ છે અને ૮૦ ટકા પાણીની જરૂરિયાત આમાંથી પૂરી પાડવામાં આવે છે. ૧૮ લાખ હેકટર વિસ્તારમાં સિંચાઇનું પાણી નર્મદા યોજના દ્વારા પૂરું પાડવામાં આવે તેવું આયોજન છે. તેમાં ૧૭ લાખ હેક્ટર જેટલી કામગીરી પૂર્ણ થઇ ગયેલી છે. એક તરફ ૪૦૦ કરતા પણ વધારે નાના મોટા બંધો થકી ૧૮ લાખ હેક્ટર વિસ્તારમાં સિંચાઇ થાય છે.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. (અંતરાય)

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા(મહુવા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ વર્ષ ૨૦૨૨-૨૩નું (અંતરાય)...

સભાપતિશ્રી: ટ્રેઝરી બેન્ચના સભ્યો મંત્રીશ્રી સાથે ચર્ચા કરી શકે છે. (અંતરાય)

શ્રી નૌશાદ ભ. સોલંકી : કોઇ પણ પક્ષના ચિહ્ન સાથે ગૃહમાં આવવું જોઇએ નહીં.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : જોઇ લો, ભાઇ.

સભાપતિશ્રી : માનનીય નૌશાદભાઇ, પ્લીઝ. આ બીજેપીનું નિશાન નથી.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : પક્ષનું ચિહ્ન જ નથી. (અંતરાય) આખા ગુજરાતમાં ટોપી ફરવાની ભાઇ,

સભાપતિશ્રી : આપના પ્રવચન પર આવો પ્લીઝ.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : આ કેસરી કલર જોઇને બીક લાગે છે? (અંતરાય)

સભાપતિશ્રી : ભાઇ પ્લીઝ, આપણે ડિસ્ટર્બ નહીં કરીએ.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : અમારા લોકપ્રિય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકાર અને માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ વર્ષ ૨૦૨૨-૨૩નું બજેટ લઇને આવ્યા છે તેને હું સમર્થન કરું છું અને સિંચાઇ વિભાગ માટે મારી વાત કરવા ઉભો થયો છું.

ફાલ્ગુન ૨૪, ૧૯૪૩ શાકે

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા(ત્રીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશના લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબે અમારા આદિવાસી વિસ્તારની અંદર તાપી, કરજણ જળાશય યોજના આધારિત ઉદવહન સિંચાઇ પાઇપલાઇન યોજના વર્ષ ૨૦૧૬માં લીમખેડા-દાહોદ ખાતે જાહેર કરેલી. હું તેનો સાક્ષી છું. આદિવાસી વિસ્તારની અંદર ઉદવહન સિંચાઇ યોજનાના કારણે દક્ષિણ ગુજરાતની વાત કરું ત્યારે સુરત જિલ્લો, તાપી જિલ્લો આ વિસ્તારમાં આદિવાસી સમાજને સિંચાઇની સુવિધા મળતી નહોતી તે મળતી થઇ છે. મને કહેતા આનંદ થાય છે કે અમારા તાપી જિલ્લાના નિઝર, સોનગઢ, ઉછ્છલ વિસ્તારમાં ક્યારેય પાણી નહીં મળી શકે એવું હતું. સમગ્ર આદિવાસી વિસ્તાર જેમાં નાના અને સીમાંત ખેડૂતો આવેલા એ ખેડૂતોને ઉદવહન સિંચાઇથી ૫૧ મીટર જેટલી ઉંચાઇ પર પંપિંગ સેટથી પાણી આપવાનું ભગીરથ કાર્ય કર્યું હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, આઝાદીના અમૃત મહોત્સવ-૭૫ વર્ષે આદિવાસી સમાજને એ વિસ્તારમાં સિંચાઇની સુવિધા મળી રહી છે. અમારા ઉમરપાડા વિસ્તાર, માંગરોળ વિસ્તાર અમારા આદિવાસી મંત્રી ગણપતસિંહ વસાવા સાહેબ ભલે આજે મંત્રી નથી પણ તેમણે તેમનું નામ રોશન કર્યું છે. હજારો હેક્ટરમાં પાણી મળતું નહોતું એ ઉદવહન સિંચાઇ યોજના ૫૧ મીટર જેટલી ઉંચાઇ પર, ૬૧ મીટર જેટલી ઉંચાઇ પર કરીને તળાવો ભરીને, ડેમો ભરીને સિંચાઇની સુવિધા મળે એવું ભગીરથ કાર્ય કર્યું છે. તેમને પણ આ તબક્કે હું અભિનંદન આપવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા કનુભાઇ, દક્ષિણ ગુજરાતના પનોતાપુત્ર અને નાણામંત્રી અને મારા સાથી મિત્ર છે. મારા માર્ગદર્શક પણ છે. તેમણે નાણામંત્રી તરીકે પ્રથમ વખત બજેટ રજૂ કરીને દક્ષિણ ગુજરાતનું નામ રોશન કર્યું છે. સૌથી મોટું બજેટ મૂક્યું છે તેના માટે પણ હું ધન્યવાદ આપું છું. ધન્યવાદ અપાય તેને જ અપાય, બધાને ધન્યવાદ ના મળે. અમારો જળસંપત્તિ વિભાગ કાર્યવંત કરવા માટે એમણે રૂ.૫૩૩૯ કરોડની જોગવાઇ કરેલી છે જેનાથી સિંચાઇના પાણીની લોકોને સુવિધા પૂરી પાડવામાં મદદરૂપ બનશે.

**અધ્યક્ષશ્રીનું અવલોકન**

અધિકારી ગેલેરીમાં શિસ્તપૂર્વક બેસવા અંગે

અધ્યક્ષશ્રી : અધિકારી ગેલેરીમાં પગ ઉપર પગ ચડાવીને અધિકારીઓએ બેસવું નહીં.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા (ક્રમશ): માનનીય અધ્યક્ષશ્રી, રાજયની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનાનું મોટા ભાગનું કામ પૂર્ણ થતાં ૬૯ લાખ હેક્ટર વિસ્તારમાં સિંચાઇની સુવિધા ઉપલબ્ધ થતા સમગ્ર રાજયને જળ સુરક્ષાનું કવચ મળેલ છે. "પર ડ્રોપ મોર ક્રોપ"ના સિદ્ધાંતને ધ્યાને લઇ જળ સંશાધનના અસરકારક વપરાશ માટે રાજય સરકાર સતત કાર્યરત છે ત્યારે એને અભિનંદન આપીએ એટલા ઓછા પડે. સુરત જિલ્લાના ઉમરપાડા અને નર્મદા જીલ્લાના દેડીયાપાડાના કુલ ૭૩ ગામોમાં સિંચાઇ સુવિધાનો લાભ આપવા માટે પ્રગતિ હેઠળની રૂ.૭૧૧ કરોડની તાપી કરજણ લીંક પાઇપલાઇન યોજનાના કામો માટે રૂ.૧૬૧ કરોડની જોગવાઇ કરેલી છે એટલે અમારા નાણામંત્રીશ્રીને ધન્યવાદ આપું એટલા ઓછા પડે. અમારા આદિવાસી વિસ્તારની અંદર આ દેશના લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે નદીથી નદી જોડવા માટેનું જે આયોજન કર્યું છે એમાં કેટલાક આદિવાસી ધારાસભ્યો વિરોધ કરી રહ્યા છે. મને કહેતા આનંદ થાય છે કે હું ૯ નદીના કાંઠા વિસ્તારમાંથી આવું છું. એ ૯ નાની મોટી નદીઓ છે એના ઉપર જે આજે ચેકડેમો બનાવવામાં આવે છે, આજે ઉદવહન સિંચાઇ યોજના બનાવવામાં આવી છે એના લીધે અમારા આદિવાસી વિસ્તારના નાના સીમાંત ખેડૂતોને જે ફાયદો થયો છે, આ દેશના વડાપ્રધાને એમ કહ્યું છે કે ખેડૂતો ડબલ પાક લેતા ખેડૂતો બને પણ ડબલ નહીં ત્રણ પાક લઇ શકે એવા ખેડૂતો પગભર બન્યા છે. વિરોધ કરનારાઓ આદિવાસી સમાજને ગેરમાર્ગે દોરવાનું કામ કરી રહ્યા છે. જે લોકો વિરોધ કરી રહ્યા છે એમને આદિવાસી સમાજના ખેડૂતો વર્ષ ૨૦૨૨ની ચૂંટણીમાં બતાવવાના છે. જળ છે તો આપણે બધા છીએ. પીવાના પાણી માટે નદી ઉપર જે ચેકડેમ બનાવવામાં આવ્યા છે એ ચેકડેમના કારણે આજે કૂવા, બોરના જે ઉંડા જળ હતા એ ઉપર આવ્યા છે. આજે મને કહેતા આનંદ થાય છે કે મારા મતવિસ્તારની અંદર આ ૯ નદી ઉપર ૨૨ ચેકડેમ બનાવવામાં આવ્યા છે. મને કહેતા આનંદ થાય છે કે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે આદિવાસી સમાજ માટે જે ભગીરથ કાર્ય નાના સિમાંત ખેડૂત માટે કર્યું છે એનાથી આનંદ અનુભવું છું.

શ્રી નથાભાઇ હે. પટેલ(ધાનેરા) : માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૨૨-૨૩નું બજેટ માનનીય નાણામંત્રીશ્રી લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લાનો કોઇપણ પ્રાણપ્રશ્ન હોય તો પ્રાણપ્રશ્ન પાણીનો છે. એના માટે વારંવાર ધારાસભામાં રજૂઆતો કરવામાં આવેલી છે. બનાસકાંઠા જિલ્લાની ભૌગોલિક પરિસ્થિતિના કારણે બે વિભાગમાં વહેંચાયેલો છે. પશ્ચિમનો જે ભાગ છે એમાં નર્મદાનું પાણી આવેલ છે પણ જે પૂર્વનો ભાગ છે એમાં આજદિન સુધી કંઇપણ પાણી માટેની વ્યવસ્થા થઇ નથી અને એ વ્યવસ્થા ન થવાને કારણે બનાસકાંઠા જિલ્લાના પૂર્વના વડગામ, પાલનપુર, ધાનેરા, દાંતીવાડા, ડીસા, ધાનેરા તરફના ભાગને, લાખણી થરાદ તરફના ભાગન, નર્મદા ડેમનો કોઇપણ લાભ મળતો નથી અને બીજા કોઇપણ પાણીનો લાભ મળતો નથી. બનાસકાંઠા જિલ્લો ખેતી અને પશુપાલન આધારીત જિલ્લો છે. આ વિસ્તારમાં કોઇ મોટા ઉદ્યોગો નથી કે બીજી કોઇ રોજગારી મેળવી શકે. ફકત એનો ધંધો પશુપાલન અને ખેતી આધારીત છે. ખેતી તો ઠીક છે પણ ઘણા

ગામડામાં પીવાનું પાણી પણ મળતું નથી. જયાં પીવાનું પાણી નથી મળતું ત્યાં ટ્રેક્ટરો મારફત પાણી આજદિન સુધી આપવામાં આવે છે. પૂર્વના ભાગમાં અંદાજે ૧,૦૦૦- ૧,૫૦૦ ફૂટ ઉંડા પાણી ગયા છે અને જે પાણી છે એ પણ ખારા અને ગરમ પાણી આવે છે. જ્યાં ખડકાળ વિસ્તાર છે એવા પહાડી વિસ્તારમાં તળિયાનું પાણી પણ મળતું નથી. આ માટે સરકારશ્રીને વિધાનસભામાં ઘણીવાર રજૂઆત કરી છે. પરંતુ આજ દિન સુધી બનાસકાંઠા જિલ્લાને કોઇપણ બજેટમાં જોગવાઇ મળી હોય એવું મને જણાતું નથી. પૂર્વના તાલુકાની જે જૂના જમાનામાં મારી જાણ મુજબ કડાણા અને ધરોઇ ડેમ મારફત, કેનાલ મારફત તળાવો અને મુક્તેશ્વર ડેમ મારફત દાંતીવાડા, વડગામ, ધાનેરા અને પાલપુરને પાણી શકાય એવી યોજના છે. આ યોજનાને ફરીથી રિસરવે કરી અને જો અમલમાં મૂકવામાં આવે તો બનાસકાંઠાનો પાણીનો જે મુખ્ય પ્રશ્ન છે એમાં હળવાશ થઇ શકે એમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લાના બધા જ આગેવાનોએ પક્ષાપક્ષીથી દૂર રહીને માનનીય માજી મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબની હાજરીમાં દિયોદર ખાતે બનાસ ડેરીના નવીન પ્લાન્ટના ખાતમુહૂર્તમાં લાખો ખેડૂતોની હાજરીમાં ડેરીના ચેરમેનશ્રીએ નર્મદાની નહેર માટેની માગણી કરેલ. એ અગાઉ પણ પાણીના પ્રશ્ન માટે સરવે કરવા માટે બજેટમાં ૫ કરોડ રૂપિયાની જોગવાઇ કરેલ. આ જોગવાઇ કરેલ છતાં પણ આજદિન સુધી બનાસકાંઠાને ન્યાય મળ્યો નથી. બજેટમાં આ વર્ષમાં કોઇ જોગવાઇ મને જણાતી નથી. દાંતીવાડા તાલુકામાં બે ડેમ સીપુ અને દાંતીવાડા આવેલા છે. પણ અમારા વિસ્તાર ધાનેરા કે દાંતીવાડા વિસ્તારને એ પાણી મળતું નથી. પાટણ જિલ્લામાં આ પાણી ફાળવવામાં આવે છે. પાટણ જિલ્લામાં નર્મદા યોજનાનું પાણી આવે છે. સુજલામ્-સુફલામ્ યોજનાનું પાણી આવે છે તો આ પાણીને ડાયવર્જન કરીને સરકાર આમાં ધ્યાન આપે તો ઓછા ખર્ચે મારી દ્રષ્ટિએ થઇ શકે તેમ છે. દાંતીવાડા તાલુકાના અમુક વિસ્તાર ડુંગરાળ વિસ્તાર છે. આ વિસ્તાર માટે ગઇ વખતે પણ મેં સરકારને વિનંતી કરી હતી કે ત્યાં નાના ચારથી પાંચ ચેકડેમો બનાવવામાં આવે. આ ચેકડેમો મારફત ભગુવાડા, હડમતિયા, લાંબીટૂક જેવા ૧૦ કિલોમિટરના વિસ્તારમાં ત્યાંનું પાણી સચવાઇ રહે. જે ખડૂતો પશુપાલન આધારિત છે એમને સ્થળાંતર કરવાનો વારો ન આવે. આ માટે સરકારે બજેટમાં કાંઇક જોગવાઇ કરવી જોઇએ. ધાનેરા અને દાંતીવાડા તાલુકાના તળાવો ભરવા માટેની લાઇનો તો અમારે ત્યાંથી ખૂબ કાઢવામાં આવી છે. ત્રણ લાઇનો અમને આપવામાં આવી છે. અમારો બીજો છેડો છે એ દાંતીવાડા કે સીપુ લખવામાં આવે છે. પણ એમાંથી કેટલું પાણી મળશે એ જોવાની વાત છે. વર્ષ ૨૦૧૪માં જ્યારે આનંદીબેન પટેલ ચાંગાથી કાંકરેજ દાંતીવાડા ડેમનું પાણી પાઇપલાઇન મારફત નાખવામાં આવ્યું અને જે ઉદ્‌ઘાટન કર્યું હતું એના પછી બીજી વખત ચોમાસાના સમયમાં એમણે ડેમમાં પાણી નાખ્યું પણ વચ્ચેથી તૂટી ગયું અને પાણી બંધ થઇ ગયું. એના પછી વર્ષ ૨૦૧૪થી ૨૦૨૨ દરમિયાન ભલે પાઇપો નાખવામાં આવી હોય, વાતો કરવામાં આવતી હોય પણ આ વિસ્તારને એનો કોઇ લાભ મળ્યો હોય એવું જણાતું નથી.

શ્રી કેતનભાઇ મ. ઇનામદાર**(**સાવલી) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય નાણામંત્રીશ્રી ગુજરાત રાજ્ય, શ્રી કનુભાઇ દેસાઇ સાહેબ જે બજેટ લઇને આવ્યા છે એ ઐતિહાસિક બજેટ છે. આટલી મોટી રકમનું બજેટ પ્રજાલક્ષી કાર્ય માટે જોગવાઇઓ વપરાતી હોય ત્યારે હું મારા વિચારો એમાં વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા વિકાસ માટે જ્યારે મારે આ ગૃહમાં વાત કરવાની હોય ત્યારે હરહંમેશ નર્મદા યોજના એ આપણી ગુજરાતની સવા છ કરોડની જનતા માટે અને ખાસ કરીને ખેડૂતો માટે જીવાદોરી સમાજ આ યોજના છે. આ યોજનામાં જ્યારે યોજનાની વાત આવે ત્યારે આપણે સૌને આનંદ થાય કે નર્મદાના પાણીથી આપણું ગુજરાત સમૃદ્ધ છે. હમણાં જ મારા અગાઉ મારા સાથી ધારાસભ્યશ્રી વિવેકભાઇ પણ આ નર્મદા વિકાસ માટે બોલ્યા હતા. એ વખતે પણ એમણે વાત મૂકી. હું ગૃહમાં એક વાત મૂકવા માગું છું કે, જ્યારે નર્મદાની વાત આવે ત્યારે હું કહીશ કે નર્મદા યોજનાની જ્યારથી શરૂઆત થઇ, જેટલી સરકારો આવી, જેટલા મુખ્યમંત્રીઓ આવ્યા એ બધાએ આ યોજનાને આગળ ધપાવવા માટેના પ્રયત્નો કર્યા છે. પણ જ્યારથી ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર અને એમાં પણ ખાસ કરીને આદરણીય વડાપ્રધાન અને તે વખતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ (અંતરાય) મારી વાત સાંભળજો. એ વખતે જ્યારે ઉંચાઇ વધારવાની વાત આવી, હાઇટ વધારવા માટેની, દરવાજા મૂકવા માટેની વાત આવી ત્યારે યુ.પી.એ.ની સરકાર હતી. હું મારા વિપક્ષના મિત્રોને એટલું કહીશ કે તમને હમણાં બે શબ્દો મેં સાચા કહ્યા. સાચા દિલથી બોલું છું અને સ્વીકારું છું પણ જયારે ઉંચાઇ વધારવાની વાત આવી, જયારે ગેટ મૂકવાની વાત આવી વિપક્ષના એક ડેલીગેશને યુ.પી.એ. સરકારની અંદર દિલ્હીમાં જઇને જો રજૂઆત કરી હોત તો સાડા છ કરોડની જનતા એમને આશીર્વાદ આપત. આજે એ વખતના મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાનને ધરણા કરવા પડયા અને ધરણા કર્યા બાદ જયારે એમને પરિણામ મળ્યું એ ગુજરાતની જનતા જોઇ શકે છે.

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે વાત કરીએ તો જે ગેટ મૂકવાની વાત છે. યુ.પી.એ. સરકારની અંદર આપણે કેટલી તકલીફો વેઠવી પડી, કેટલીયે રજૂઆતો પછી પણ આપણને એવું પરિણામ ન મળ્યું પણ આ ગૃહમાં કહેતા મને આનંદ થાય છે કે ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી અનેક ગુજરાતના પનોતા પુત્રએ જયારે વડાપ્રધાન તરીકે શપથ લીધા, એના ૧૭ દિવસે ગેટ મૂકવાની પરમિશન મળી. આ સાડા છ કરોડની જનતાને ખરેખર ખૂબ લાભદાયી અને ઉપયોગી છે. જયારે જયારે પ્રજાલક્ષી વાત આવતી હોય શાસક પક્ષ હોય કે વિપક્ષ હોય આ ગૃહની અંદર પ્રજાના હિતમાં જ વાત કરવી જોઇએ અને જયારે અમારા અહીંના ધારાસભ્ય, ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય છેલ્લાં ૨૭ વર્ષથી ગુજરાતની અંદર ભારતીય જનતા પાર્ટીનું

શાસન છે. હમણાં જ તમને કહ્યું કે ૧૫મી એપ્રિલ સુધી ખેડૂતોને પાણી મળે. ૧૫મી માર્ચથી એક મહિનો વધારાય એવું અમારા પાંચ ધારાસભ્યોએ ભેગા થઇ અને અન્ય ધારાસભ્યોએ પણ અમારા મુખ્યમંત્રીશ્રીને રજૂઆત કરી એ ખેડૂતોના હિતની અંદર પાણી વધારવાનો સમય વધારવા માટે જરૂરી છે. એ વખતે અમારા લોકપ્રિય મુખ્યમંત્રી અને પ્રજાલક્ષી મુખ્યમંત્રીશ્રીએ એવું કહ્યું કે ચિંતા ના કરશો. આ ખેડૂતોની વાત છે એને ધ્યાનમાં લેવામાં આવશે. આ વાત કરવામાં વાંધો જ કયાં છે?

માનનીય અધ્યક્ષશ્રી, આ લોકો યુ.પી.એ. સરકારની અંદર દિલ્હીમાં ગયા હોત અને દિલ્હીમાં એમણે ઉંચાઇ વધારવા માટેની કે ગેટ મૂકવા માટેની વાત મૂકી હોત તો અમને પણ આનંદ થાત અને હું પણ વટથી બોલત કે કોંગ્રેસના મિત્રો ગયા હતા પણ કોંગ્રેસના મિત્રોને એ ના સૂજયું. એમને માત્રને માત્ર ખાલી વિપક્ષની ભૂમિકાની અંદર આક્ષેપ, પ્રતિઆક્ષેપ સરકારની અંદર કયાં આગળ ખામી છે. અમારા આદરણીય વડાપ્રધાન જયારે વડાપ્રધાન તરીકે પહેલી વખત ગૃહમાં આવ્યા ત્યારે બોલ્યા હતા કે વિપક્ષના મિત્રોનો ગુજરાતના વિકાસમાં કંઇક ને કંઇક રીતે ફાળો છે. એમણે પણ કોઇને કોઇ રીતે અમારું ધ્યાન દોર્યું જ છે. એટલી નૈતિક હિંમતથી જો વડાપ્રધાન બોલતા હોય તો આપણે પણ નૈતિક હિંમતથી બોલવું જોઇએ કે ગુજરાતની જનતા આટલા ટાઇમથી ભા.જ.પ.ની સરકારને લાવે છે તો ગુજરાતની સાડા છ કરોડની જનતા આ ભારતીય જનતા પાર્ટી ઉપર, વડાપ્રધાન ઉપર અને હાલના મુખ્યમંત્રીશ્રી ઉપર પણ પૂરેપૂરો ભરોસો રાખે છે. ટોપીથી ગભરાય છે. ટોપી આવી. અત્યાર સુધી ખેસથી ગભરાતા હતા હવે ટોપીથી ગભરાય છે. મૂળ વસ્તુ શું છે કે આમાં ગભરાવાની કોઇ જરૂર નથી. આ રીતે ગભરાયા વગર મારા જ મિત્રો છે. વિપક્ષના મિત્રોને કહું છું કે હજુપણ સમય છે. પ્રજાલક્ષી કાર્યોની અંદર જોડાઇ જાવ. ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર વિકાસ કરવા માટે બેઠી છે. રજૂઆત પ્રજાલક્ષી કરો. આક્ષેપ પ્રતિઆક્ષેપ ના કરો. અમે તમારી સાથે છીએ. ગુજરાતની જનતાની વાત આવશે તો અમે તમારી સાથે છીએ. આખું મંત્રીમંડળ તમારી સાથે છે, અમારા આદરણીય મુખ્યમંત્રીશ્રી તમારી સાથે છે પણ ગભરાવાનું છોડી દો. (અંતરાય) શ્રી પ્રતાપભાઇ, એક વસ્તુ તમને કહું જયારે પણ કોઇ વાત કરે એટલે અમારા ૨-૩ મિત્રો ઉભા થાય. કેમ? તો એમને પેલાની લાઇન તોડવી હોય છે. લીંક તોડવી હોય છે, પણ જે સાચો વ્યક્તિ હોય હું લખીને નથી આવ્યો તમારી વચ્ચે જાહેરમાં કહું છું અને જે બોલું છું એ દિલથી બોલું છું. આ વાત મારા દિલની છે. સાથેસાથે આજે મને ગૃહની અંદર વાત કરવાનો મોકો મળ્યો છે ત્યારે અમારું મંત્રીમંડળ અહીંયા છે. હું એક રજૂઆત કરવા માગું છું કે હાલ ખેડૂતોને લઇને કહેવા માગું છું કે નર્મદાનું પાણી એક મહિનો વધારવામાં આવે તો ખેડૂતોને રવિ પાકનો પણ ફાયદો થાય. સાથેસાથે આઠ કલાકની જે વીજળી મળે છે એની અંદર કન્ટિન્યુ વીજળી મળે, સળંગ વીજળી મળે એમને સમયનો પણ લાભ થાય અને પાકનો પણ લાભ થાય અને સાથેસાથે એક વસ્તુ એ પણ કહીશ કે મા નર્મદા જીવાદોરી છે. મા નર્મદા આપણા માટે સન્માનનીય છે. મા નર્મદાની વાત આવે તો આપણે બધા નત મસ્તકે નમન કરીએ છીએ. આજે એવું કહું કે નર્મદા યોજનાને આગળ ધપવવા માટે કોઇનો સિંહ ફાળો હોય.તો ગુજરાતની સાડા છ કરોડની જનતા જાણે છે. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો સિંહફાળો છે. આ ગુજરાતની જનતા એને ભુલવાની નથી. તમારું મન પણ તે સ્વીકારે છે. તમારે વિપક્ષ તરીકે બોલી શકાતું નથી. અમે તમારી મજબૂરી જાણીએ છીએ. તમારા ખેતરમાં નર્મદાનું પાણી લો છો. ત્યારે શ્રી નરેન્દ્રભાઇનો જયકાર તમે કરો છો. એવો મને વિશ્વાસ છે. હું મારી વાણીને વિરામ આપું છું. વંદેમાતરમ્, જય હિંદ.

શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ બજેટ લઇને આવ્યા છે, ત્યારે હું એને આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે અંદાજપત્ર લઇને આવ્યા છે, ત્યારે હું પાણી પુરવઠા વિષે મારા વિચારો રજૂ કરું છું, ત્યારે રાજ્ય સરકારે રાજ્યમાં તા. ૨૪મી ફેબ્રુઆરીથી ૨૬મી ફેબ્રુઆરી સુધી રાજ્ય સરકારે ૩ દિવસ સુધીના ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરેલું. તેમાં અમારા દાહોદ જિલ્લાની પસંદગી કરી. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની ઉપસ્થિતિમાં દાહોદ જિલ્લાની અંદર જે ગરીબ લાભાર્થીઓને એમની ઉપસ્થિતિમાં લોકોને મંચ ઉપર બોલાવીને જ્યારે લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે, ત્યારે મુખ્યમંત્રી સાહેબને પણ અભિનંદન આપવા છે. ઉમરગામથી અંબાજી સુધી છેક આદિવાસી પટ્ટી જ્યારે આ બજેટમાં આદિવાસી વિસ્તારો માટે જે વિકાસનાં કામો કરવા માટે સમાવેશ કર્યો. હું ઘણી વખત વિરોધ પક્ષના સન્માનનીય સભ્યશ્રીઓને એમના પ્રવચનમાં રજૂઆત કરતા હોય છે કે અમારી સરકારમાં આ બનેલું. અમારી સરકારમાં આ બનેલું. પણ મિત્રો બનેલ જ નથી. હા, એમની સરકારમાં ચેકડેમો બનેલા, પણ પાણી સંગ્રહ હેતુસર તેનો ઉપયોગ થતો નહોતો.

માનનીય અધ્યક્ષશ્રી, અમારે ત્યાં કડાણા ડેમથી ૭૦ કિ.મી. દાહોદને પીવાનું પાણી પાઇપલાઇન નાખીને દરેક ગામની અંદર પહોંચાડવાનું કામ કર્યું છે. બાકી રહેલા ગામોનો પણ સમાવેશ કર્યો. દાહોદ જિલ્લામાં ઝાલોદ તાલુકો, દાહોદ તાલુકો, ગરબાડા તાલુકો, લીમખેડા, દેવગઢબારીયા, ધાનપુર, ફતેપુરા, સંજેલી તાલુકાનો સમાવેશ થાય છે. એમાં છુટાછવાયા આદિવાસી વિસ્તારોમાં નલ સે જલ યોજના હેઠળ સૌ સન્માનનીય સભ્યોએ પોતપોતાના વિસ્તારની અંદર ઘરદીઠ નળ પહોંચે તે રીતે ખાતમુહૂર્ત કરી એની કામગીરી ઝડપી થઇ રહી છે. અગાઉની સરકારની વાત કરી કે અમે આમ કરતા હતા, પણ એ સાંભળવા જેવું છે. જ્યારે આ બજેટની અંદર વર્ષ-૨૦૨૨-૨૩માં પણ પાણી પહોંચે એના માટે થઇને રૂપિયા ૫,૪૫૧ કરોડની જોગવાઇ કરી છે, ત્યારે હું આવકારું છું. અમારા આદિવાસી વિસ્તારમાં વહેલામાં વહેલી તકે કામ પૂર્ણ થાય. જ્યારે આ કડાણા

જળાશય આધારિત ખેતીલાયક પાણી આપવા માટેનું, તળાવો ભરવા માટેનું આયોજન પૂર્ણ થઇ ગયું. બીજા ભાગના તળાવોનો સમાવેશ કરવા માટે કામગીરી શરૂ છે. જે વિસ્તારમાં ફળિયાદીઠ કામો અને જૂથ પાણી પુરવઠા યોજના માટે ૧૨૩ કામો માટે રૂપિયા ૭૦૯ કરોડની જોગવાઇ કરેલ છે. સરકાર દ્વારા પાણી પુરવઠા અંગેની વિવિધ યોજનાઓ જેવી કે, નર્મદા યોજના, સુજલામ્ સુફલામ્ યોજના, સૌની યોજના, નલસે જલ યોજના, સરદાર સરોવર જળાશય યોજના, ગ્રામીણ પાણી પુરવઠા યોજના, ગ્રામ્ય જૂથ પાણી પુરવઠા યોજના દ્વારા આદિવાસી વિસ્તારોને પીવાનું પાણી મળી રહે તે માટે આયોજન કરેલ છે. આદિવાસીઓ માટે પીવાનું પાણી, હેન્ડપંપ હોય, વાસ્મો દ્વારા પીવાનું પાણી આપવાની વાત હોય, કૂવાના પાણીની વાત હોય તેના માટે આ સરકારે ચિંતા કરી છે. પાણી પૃથ્વી પરનું અમૃત કહેવાય છે. પાણી પરમાત્માનો પ્રસાદ કહેવાય છે. પાણી પરમાત્માની અમૂલ્ય ભેટ છે. પીવા માટે, સિંચાઇ માટે તથા ઉદ્યોગો માટે પાણી એ પાયાની જરૂરિયાત છે. જયારે દાહોદ જિલ્લાની અંદર છેવાડાના વિસ્તારની અંદર અને દાહોદ જિલ્લો એ રાજસ્થાન અને મધ્યપ્રદેશને અડીને આવેલો જિલ્લો છે ત્યારે ફતેપુરા વિસ્તાર હોય, સંતરામપુર હોય ત્યારે પીવાના પાણી માટે અમારી બહેનોને આવનાર સમયમાં કોઇ તકલીફ પડે નહીં તે માટે આ સરકાર કાર્ય કરી રહી છે. પુરાણી વાત કરીએ તો અમારી આદિવાસી વિસ્તારની બહેનોને ઘણે દૂર સુધી કૂવામાંથી પાણી ભરવા જવું પડતું હતું. ખૂબ કષ્ટ વેઠવા પડતા હતા ત્યારે આ સરકારની અંદર હેન્ડપંપ હોય, બોર હોય, મીની લિફ્ટ ઈરીગેશન સ્કીમ હોય તેના થકી દરેક ફળિયાદીઠ સુવિધા પૂરી પાડી છે. હવા અને ઓક્સિજનની જેમ પાણી પણ ઈશ્વરની પ્રાકૃતિક ભેટ છે. લોકોને પીવાનું શુદ્ધ અને સ્વચ્છ પાણી મળી રહે તેવા અમારી સરકારના પ્રયાસો છે. પાણી મનુષ્ય માત્ર માટે અમૂલ્ય છે. તેનો પૈસાની જેમ કરકસરથી ઉપયોગ કરવો તે સમયની માંગ છે. આપણે સૌએ પાણીની હંમેશા બચત કરવી જોઇએ.

અધ્યક્ષશ્રી : એક મિનિટમાં પૂરું કરો.

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં ઋતુ બદલાઇ રહી છે ત્યારે વૃક્ષોની અંદર જે પાંદડીઓ છે તે પાકી થઇને ખરવા માંડે છે. હમણાં જયારે બીજાં રાજ્યોનાં પરિણામ આવ્યાં ત્યારે અમુક પાંદડીઓ ખરી ગઇ છે. જેમ પાંદડીઓ પાકી થાય ત્યારે ખરવા માંડવાની જ છે. આવનાર સમયમાં આદિવાસીઓ વિકાસની હરોળમાં ઉભા રહી શકે તેના માટે જે કામગીરી થઇ રહી છે તો તેના માટે હું આ સરકારને તથા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલને અભિનંદન પાઠવું છું અને માનનીય મંત્રીશ્રી જે અંદાજપત્ર લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

શ્રી નૌશાદ ભ. સોલંકી(દસાડા) : માનનીય અધ્યક્ષશ્રી, ગઇકાલે અમારા પક્ષના વરીષ્ઠ નેતા આદરણીય અમિતભાઇ ચાવડા સાહેબે બજેટ પ્રવચનની અંદર વાત કરેલી કે, આ બજેટ ગ્રોથલેસ, જોબલેસ અને હોપલેસ છે. મને લાગે છે કે, મારે આની અંદર થોડુંક ઉમેરવું છે. સંપૂર્ણ બજેટનો અભ્યાસ કરતાં મને આ બજેટ મૂડલેસ, મીનિંગલેસ અને મોટીવલેસ લાગે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટ જયારે રજૂ થયું ત્યારે હાઉસમાં ન કોઇને મૂડ હતો કે ન હાઉસની બહાર કોઇને મૂડ હતો. કોઇને પણ પૂછીએ કે, આ બજેટનો તમે શું મતલબ કાઢો છો? તો કોઇ કહે આ બજેટનો કોઇ મતલબ જ નીકળતો નથી. નહીં શિક્ષકોને, નહીં યુવાનોને, નહીં નાના વેપારીઓને, નહીં ખેડૂતોને કોઇ પ્રોત્સાહન મળી રહે તેવો કોઇ ઉલ્લેખ આ બજેટમાં લાગતો નથી. અમે હમણાં જ અમારા પક્ષે ભગવાનશ્રી દ્વારકાધીશના ચરણોમાં બેસી અમે દ્વારકામાં સંકલ્પ કર્યો કે, વર્ષ ૨૦૨૨ની અંદર જયારે વિધાનસભાની ચૂંટણી આવશે અને કોંગ્રેસ પક્ષની સરકાર બનશે અને તેનું પહેલું બજેટ આવશે તે બજેટ સાચા અર્થની અંદર ગુજરાતના મૂલ્યોને ચરિતાર્થ કરનારું હશે. જયારે બજેટ રજૂ થયું ત્યારે નાણામંત્રીશ્રીએ ગદ્ય અને પદ્યમાં મને ખબર પડતી નથી. ચાર પંક્તિઓ લખી છે. મને લાગે છે તેમાં હું એક પંક્તિથી આગળ ચાલું કરું તો

''કર્મયોગ અને લોકસેવાની વાતો કરી, કર્મયોગ અને લોકસેવાની વાતો કરી,
અમૃતકાળની પટ્ટી પઢાવી છે. બેકારી, ભૂખમરો અને મહામારીએ અમને વિષકાળની ઝાંખી કરાવી છે.''

માનનીય અધ્યક્ષશ્રી, મને ખરેખર એવું હતું કે ચૂંટણીનું વર્ષ છે અને સરકાર આ વખતે ખરેખર કંઇક સારું બજેટ લાવશે, ચૂંટણીને ધ્યાનમાં રાખીને લાવશે. નવા ચહેરાઓ છે, નવી વાત હશે, નવી દિશા હશે, વિકાસને નવી ઉંચાઇએ લઇ જવાની વાત હશે, પરંતુ આ તમામ વાતોનો છેદ ઉડી ગયો અને ક્યાંય પણ કશું અમને નવું લાગતું નથી, માત્ર જૂના બજેટના જે આંકડાઓ છે એ આંકડાઓમાં થોડા ફેરફાર કરી અને દરેક પ્રણાલિ મુજબ માત્ર દેવું વધારી અને આ બજેટ લાવ્યા હોય એવું લાગી રહ્યું છે. આ બજેટના પ્રવચનમાં તમે જુઓ કે, છેલ્લે વાત કરી કે અમે કોઇ પણ પ્રકારના કરવેરા વધાર્યા નથી અને કરવેરા વધાર્યા નથી એ એક માત્ર એમની મોટામાં મોટી સિદ્ધિ ગણાવી અને સંતોષ માન્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વના કોઇ પણ રાષ્ટ્રની પ્રાથમિકતાઓ હોય છે. કોઇ પણ બજેટની પ્રાથમિકતા એની સુરક્ષા હોય, સામાજિક ન્યાય હોય, શિક્ષણ, આરોગ્ય અને એના પાયા ઉપર વિકાસની વાત હોય, પરંતુ જ્યાં દેવું કરીને દેવું ચૂકવવાની વાત હોય એવી અર્થનીતિ હોય ત્યાં કોઇ અપેક્ષા રાખી શકાય નહીં. માનનીય નીતિનભાઇ દરેક બજેટ વખતે એમ કહેતા કે આ ઐતિહાસિક રીતે ખૂબ મોટું બજેટ લાવ્યા છીએ. અરે સાહેબ, દર વખતે બજેટ વધતું જ રહે. માનનીય મોદી સાહેબ જ્યારે પહેલી વખત મુખ્યમંત્રી બન્યા ત્યારે કેટલું બજેટ હતું? ત્યારે જે તે વિભાગને નાણાઓની શું ફાળવણી હતી? અત્યારે

વધી છે અને દરેક બજેટ વખતે એ વધતી જ રહેવાની. ત્યારે તમે ઐતિહાસિક રીતે મોટું બજેટ લાવ્યા છો એમ કરીને તમે તમારી સિદ્ધિઓ ગણાવો છો એ મને લાગે છે કે અતિશયોક્તિ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટ ૨.૪૩ લાખ કરોડનું બજેટ છે અને ગત બજેટ કરતા એમ કહેવાયું કે રૂપિયા ૧૯ હજાર કરોડ વધારે છે પણ જો મોંઘવારીનો દર ૬ ટકા ગણીએ તો આ બજેટ માત્ર રૂપિયા ૬ હજાર કરોડ જ વાસ્તવિક રીતે વધારે છે અને એની સામે કુલ બજેટના ૨૧ ટકા તો દેવું છે આપણું અને ગત બજેટમાં કુલ બજેટના ૨૬ ટકા દેવું હતું. આપણું, એટલે હવે દર વર્ષે આપણે ૨૨ હજાર કરોડ તો માત્ર વ્યાજના જ ચૂકવવાના થાય છે તો પછી કલ્યાણકારી યોજનાઓ માટે પૈસા જ ક્યાં બચે છે? વિકસિત દેશોમાં ખાસ કરીને યુરોપ હોય, અમેરિકા હોય, જાપાન હોય એ લોકો પોતાની જી.ડી.પી.ના ૩૫થી ૪૫ ટકા ખર્ચ કરે છે. જ્યારે આપણે શું કરીએ છીએ? વર્ષ ૨૦૦૫-૦૬ની અંદર આપણે જી.ડી.પી.ના ૧૯.૨૧ ટકા ખર્ચ કરતા હતા અને ત્યાર પછીની તમામ ભારતીય જનતા પાર્ટીની સરકારોએ એ ૧૯.૨૧ ટકાથી નીચે આવીને અત્યારે ૧૨ ટકાએ આવી ગયા છીએ. એટલે આપણને ખ્યાલ આવે કે રાજયનું જે બંધારણ છે એ રાજય નીતિમાં માર્ગદર્શક સિદ્ધાન્તો છે એની અંદર કલ્યાણ રાજયની કલ્પના કરવામાં આવી છે અને આ રીતે જો જી.ડી.પી.ના ખર્ચમાં ઘટાડો થતો આવે તો પછી કલ્યાણ રાજયનો છેદ જ ઉડી જાય છે. એક બાજુ એમ કહો છો કે કરવેરા વધાર્યા નથી પરંતુ જે પેટ્રોલ, ડીઝલ કે અન્ય જીવન-જરૂરી વસ્તુઓની અંદર જે આસમાની ટેક્સ વધી રહ્યો છે એના કારણે ઈતિહાસમાં કોઇએ કલ્પના નહોતી કરી કે ક્યારેય પેટ્રોલ અને ડીઝલના ભાવ ૧૦૦ રૂપિયાની પાર જઇ શકે! ૧૦૦ રૂપિયા કરતા વધારે ભાવે પેટ્રોલ અને ડીઝલ આ ગુજરાતની અને દેશની જનતાએ ભરાવી અને અનેક પ્રકારનો ત્રાસ સહન કર્યો છે. જે પ્રકારે આપણને દરેક રાજયને કેન્દ્રની ગ્રાન્ટ અનુદાન તરીકે મળતી હોય છે. એમાં જ્યારે કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર હતી માનનીય મનમોહનસિંહજીની સરકાર હતી એટલે કે વર્ષ ૨૦૦૫થી ૨૦૧૪ સુધી દર વર્ષે આપણને ૧૯.૫૬ ટકાના વૃદ્ધિ દરથી આપણને કેન્દ્રની ગ્રાન્ટ મળતી હતી અને હવે ભાજપ સરકારની ગ્રાન્ટ આવી છે, માનનીય મોદી સાહેબની સરકાર આવી છે ત્યારે એ ગ્રાન્ટ આપણને મળવાની ચાલુ થઇ છે. એ ગ્રાન્ટ પણ આપણને બિલકુલ હવે એના કરતા ઓછી ૧૬.૮૩ ટકા થઇ ગઇ છે. એનો મતલબ એ થયો કે ડો. મનમોહનસિંહજીની સરકાર વખતે ગુજરાતને વધારે નાણાં મળતાં હતાં અને હવે આપણા ગુજરાતના મોદી સાહેબ જ્યારે કેન્દ્રમાં બેઠા છે ત્યારે ગુજરાતને થાપ્પડ લાગી છે અને પૈસા હવે આપણને ઓછા મળી રહ્યા છે. ગુજરાતમાં બેકારી અને બેરોજગારીએ માઝા મૂકી છે, યુવાનોની અંદર હતાશા ફેલાઇ છે અને એના જ કારણે યુવાનો દારૂ અને ડ્રગ્સના રવાડે ચડી ગયા છે અને ગુનાખોરી તરફ વળ્યા છે. અફઘાનિસ્તાનની અંદર દ્રષ્યો સર્જાતા હોય એવા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખના શહેરની અંદર, માનનીય ગૃહમંત્રીશ્રીના શહેરની અંદર આજે દીકરીઓના ગળા કપાઇ રહ્યા છે અને આપણે કશું કરી શકતા નથી અને મૂક પ્રેક્ષક તરીકે આપણે જોતા રહીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લે જ્યારથી ભારતીય જનતા પાર્ટીની નવી સરકાર આવી છે વર્ષ ૨૦૧૭ બાદ ત્યારથી આપણે જોઇએ તો જેટલી પણ પરીક્ષાઓ લેવાઇ જુદી જુદી સરકારી નોકરીઓની એ બધી પરીક્ષાના પરીક્ષાર્થીઓનો સરવાળો કરીએ તો ૧ કરોડ કરતા વધારે પરીક્ષાર્થીઓ થાય અને તેમ છતાં કોઇને નોકરીઓ મળી નથી. આપણે જોયું કે કોરોનાની મહામારીમાં જ્યારે આપણો વિકાસદર માઇનસમાં ચાલ્યો ગયો હતો, ત્યારે એક માત્ર કૃષિ ક્ષેત્ર એવું હતું કે જેણે ૪ ટકાના વૃદ્ધિદર સાથે આપણા દેશને બચાવ્યો હતો અને આપણા ગુજરાતની જે કંઇ આવક થાય છે એની અંદર ૧૮ ટકા જો કોઇનો હિસ્સો હોય તો એ કૃષિનો હિસ્સો છે. અને જયારે ૧૮ ટકા જેટલી કમાણી આપણને કૃષિ ક્ષેત્ર કરી આપતી હોય અને ત્યારે તેના માટે જે ખર્ચ કરવાની વાત આવે ત્યારે આપણે કેટલા ટકા ખર્ચ કર્યું છે માત્ર ૩.૨૩ ટકાનો ખર્ચ કરીએ છીએ. ૧૮ ટકા જેટલો આપણને એક વ્યવસાય રોજગારી આપે છે અને સૌથી વધારે રોજગારી આપતો કોઇ વ્યવસાય હોય તો એ કૃષિ છે અને જયારે આપણે આ બજેટના પ્રવચનની અંદર રૂપિયા ૭,૭૩૭ કરોડની વાત કરવામાં આવી છે પણ જે બજેટ પ્રકાશન છે તે બજેટ પ્રકાશનની અંદર રૂપિયા ૭,૦૯૫ કરોડની વાત છે, એટલે આ બેમાંથી કયો આંકડો સાચો તે પણ વાત થાય. અને તેમાં પણ જો ૬ ટકાનો મોંઘવારી દર ગણું તો ગત વર્ષ ૨૦૨૦-૨૧ના બજેટ કરતા ૮૦૦ કરોડ રૂપિયા ઓછાં આ બજેટની અંદર આપવામાં આવે છે એટલે ગુજરાતના જગતના તાત સાથે આ ભારતીય જનતા પાર્ટી ન્યાય કરી શકી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે જાણીએ છીએ કે દેશના અનેક ઉદ્યોગપતિઓ આમ તો અનેક નહીં પણ સો-બસ્સો ઉદ્યોગપતિઓ તેના ખરબો, અબજો રૂપિયાની લોનો માંડવાળ કરી દેવામાં આવી છે, પણ આ ગુજરાતના ૫૪ લાખ ખેડૂતોનું જે દેવું છે તે રૂપિયા ૮૮ હજાર કરોડ છે અને જો આ ૮૮ હજાર કરોડ રૂપિયાનું દેવું માફ કરી દેવામાં આવે તો ગુજરાતના ૫૪ લાખ ખેડૂતોનું કલ્યાણ થઇ શકે. અમે દ્વારકાની અંદર સંકલ્પ કર્યો કે વર્ષ ૨૦૨૨ની અંદર વિધાનસભામાં કોંગ્રેસની સરકાર બનશે તો પહેલી જ કેબિનેટની અંદર અમે ખેડૂતોના દેવા માફ, અમે વીજળી બિલ હાફ કરીશું. ગુજરાતની અંદર નોકરીઓમાં કોન્ટ્રાકટ પ્રથાની અંદર અનેક કર્મચારીઓનું શોષણ થઇ રહ્યું છે, તેમાં સૌથી મોટું જો કોઇનું શોષણ થતું હોય તો દલિતોમાં પણ જે દલિત છે એવા વાલ્મિકી સમાજનું શોષણ થાય છે. સદીઓથી જે સમાજ ગંદાથી અતિ ગંદુ કામ કરી રહ્યાં છે તેનું શોષણ થાય છે. આજે જયારે ગુજરાતના ગાંધીનગરની અંદર આજે ૮૦-૮૦ દિવસથી તેનુ આંદોલન ચાલી રહ્યું છે, પણ ભારતીય જનતા પાર્ટીની સંવેદના જાગૃત થતી નથી. એ લોકોની માગણી કોઇ આસમાની સુલતાની માગણી નથી તેમની માગણી માત્ર કાયમી ભરતીની માગણી છે. જયારે આપણે ગંદાથી ગંદા કામ કરાવીએ છીએ ત્યારે આપણે શા માટે તેમની કાયમી ભરતી કરતા નથી અને જયારે કાયમી ભરતી કરવામાં આવે ત્યારે તેમને માત્ર ૭ ટકાનો જ અનામતનો લાભ આપવાનો અને ૯૩ ટકા અન્ય

લોકોને ભરવાના? માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવુ છે કે, જયારે ગટરમાં ઉતરવાનું હોય, ખાળ કૂવામાં ઉતરવાનું હોય, કોન્ટ્રેક્ટ પ્રથાની અંદર કામ કરવાનુ હોય ત્યારે શા માટે ઉજળિયાત વર્ગ ત્યાં ઉતરતો નથી અને માત્ર વાલ્મિકી સમાજ આવે છે પણ કાયમી નોકરી કરવાની હોય તો તેને માત્ર ૭ ટકાની અંદર આપવામાં આવે છે. આ સાહેબે તો વાલ્મિકી સમાજના પગ ધોયા હતા. હમણાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ પગ ધોયા હતા, પણ પગ ધોવાથી કામ થતું નથી તેના પેટનો ખાડો પૂરો, તેમના હક્ક અને અધિકાર તેમને આપો અને સદિયોથી જે સમાજ વંચિત છે તે સમાજને તમે ન્યાય કરતા નથી ત્યારે હું ફરીથી કહું છું કે, અમારો દ્વારકા સંકલ્પ છે અમારી સરકાર આવશે ત્યારે અમારા ગુજરાતના વાલ્મિકી સમાજને તેના તમામે તમામ હક્ક અને અધિકારો અમે અપાવી શકીશું.

શ્રી વિજયભાઇ ર. પટેલ(ડાંગ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે સન્માનનીય ગૃહની અંદર નાણામંત્રીશ્રી અમારા માર્ગદર્શક એવા માનનીય કનુભાઇ દેસાઇ સાહેબ એક ઐતિહાસિક બજેટ રૂપિયા ૨ લાખ ૪૩ હજાર ૯૬૫ કરોડનું લઇને આવ્યા છે તે બદલ આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે જે અંદાજપત્ર ઉપર ચર્ચાનો વિષય છે તેમાં હું વન અને પર્યાવરણ ઉપર ચર્ચા કરવા માગું છું અને સમર્થન કરવા માગું છું. આજે આ અંદાજપત્રની અંદર વન અને પર્યાવરણ વિભાગમાં કુલ ૧,૮૨૨ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. વન વિભાગની અંદર જે વનોના વિકાસ, સંવર્ધન અને સંરક્ષણની કામગીરી માટે રૂપિયા ૪૮૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. વન સિવાયના વિસ્તારમાં સામાજિક વનીકરણ માટે રૂપિયા ૩૨૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે અને વળતર, વનીકરણ અને વન વિકાસની કામગીરી માટે રૂપિયા ૧૫૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વન છે તો જીવન છે. વન એ માનવજાત માટે ખૂબ ઉપયોગી છે અને આ પર્યાવરણને સમતુલિત રાખવા માટે વનોનો વિકાસ કરવો એ ખૂબ જરૂરી છે અને તેના માટે આ રાજયની સરકાર અને આ વન વિભાગ ખૂબ અથાગ પ્રયત્ન કરીને આજે વનોનો વિકાસ કરી રહ્યું છે અને વનોનું જતન કરી રહ્યું છે, વન્ય પ્રાણીઓનું રક્ષણ કરી રહ્યું છે, વન્ય પ્રાણીઓનું સંરક્ષણ કરી રહ્યું છે, સંવર્ધન કરી રહ્યું છે ત્યારે આ રાજયના વન વિભાગને પણ હું ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. આજે કોરોનાની મહામારીમાં આખી દુનિયાને ઓક્સિજનની ઘટ પડી ત્યારે વૃક્ષોના મહિમાની ખબર પડી. કારણ કે વૃક્ષો પરોપકારી છે વૃક્ષો આપણને છાંયડો, ફળ, ફૂલ, લાકડું અને વન ઔષધિ વગેરે આપે છે. કહેવાય છે કે જન્મથી મૃત્યુ સુધી આ વૃક્ષો આપણને ખૂબ ઉપયોગી નીવડે છે. સાથે સાથે વન્ય સૃષ્ટિ માટે પણ આ વૃક્ષો આપણને મફતમાં ઓક્સિજન આપે છે ત્યારે ખરેખર વનોનું જતન કરવું જોઇએ અને વન હશે તો આ પ્રકૃત્તિ અને પર્યાવરણની પણ જાળવણી થશે.

માનનીય અધ્યક્ષશ્રી, વન અને પર્યાવરણ વિભાગ દ્વારા વન વિસ્તારમાં વનોનો વિકાસ કરવા માટે ત્યાંની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, વન સહભાગી મંડળી, વન સહાય જૂથો, જંગલ મંડળી અને અનેક પ્રકારની ભાગીદારીથી આ વનીકરણના કાર્યક્રમને ત્યાં સફળતાપૂર્વક પાર પાડવામાં આવે છે. જેના કારણે આ વન વિસ્તારમાં જે લોકો રહે છે તે લોકોને ત્યાં રોજગારી મળે છે. ગુજરાત વન વિભાગ દ્વારા કરાયેલ વૃક્ષોની ગણતરી પ્રમાણે વર્ષ ૨૦૦૩માં વન વિસ્તાર બહાર કુલ ૨૫.૧૦ કરોડ વૃક્ષોનો અંદાજ કાઢવામાં આવેલ હતો. જે વર્ષ ૨૦૨૧ની વૃક્ષોની ગણતરી મુજબ ૩૯.૭૫ કરોડ વૃક્ષો થયેલ છે એટલે કે વર્ષ ૨૦૦૩ની સરખામણીએ ૫૮.૩૬ ટકા વૃક્ષોની સંખ્યામાં વધારો થયેલ છે. વન વિસ્તાર બહારના વૃક્ષોની ઘનતા વર્ષ ૨૦૦૩માં ૧૪.૧૦ વૃક્ષ પ્રતિ હેક્ટર હતી જે વધીને વર્ષ ૨૦૨૧માં ૨૫.૭૪ વૃક્ષ પ્રતિ હેક્ટર થવા જઈ રહી છે. આપણી સંસ્કૃતિ એ વિરાટ સંસ્કૃતિ છે. આપણી સંસ્કૃતિ ધરતી માતાને માતા તરીકે પૂજે છે, પહાડોને દેવતા તરીકે પૂજે છે, નદીઓને માતા કહે છે, ચાંદાને મામા કહે છે, સૂરજને દાદા કહે છે, આજે છોડમાં રણછોડનું દર્શન થાય છે, આ પીપળાના પાનમાં પણ આપણે ભગવાનના દર્શન કરીએ છીએ, વટસાવિત્રીનું આપણે પૂજન કરીએ છીએ. આવી વિરાટ સંસ્કૃતિને ધ્યાનમાં રાખીને તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે વર્ષ ૨૦૦૪થી આ વન મહોત્સવ નિમિત્તે સાંસ્કૃતિક વનોનું નિર્માણ કરવાની શરૂઆત કરી. આ માટે ગુજરાત રાજ્યના ધાર્મિક, ઐતિહાસિક અને પર્યટનની દ્રષ્ટિએ મહત્ત્વના સ્થળોએ એક સાંસ્કૃતિક વન બનાવવાનું આયોજન આ ભારતીય જનતા પાર્ટીની સરકારે શરૂ કર્યું છે. આજ દિન સુધી લગભગ ૨૧ જેટલા સાંસ્કૃતિક વનોનું નિર્માણ થયું છે. ૭૨મા વન મહોત્સવ નિમિતે અમારા વલસાડ જિલ્લામાં પારડી તાલુકામાં કલગામ ખાતે મારૂતિનંદન સાંસ્કૃતિક વનોનું નિર્માણ કરવામાં આવેલ છે .ખરેખર ભારતીય જનતા પાર્ટીની સરકારને અને આ વિભાગને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે .આ વન વિભાગ દ્વારા ચાલુ વર્ષમાં ૭૨મા વન મહોત્સવની ઉજવણી અંતર્ગત રાજ્ય કક્ષાએ ૫૩,૫૦૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું અને ૫ હજાર જેટલા રોપાઓનું વિતરણ કરવામાં આવેલ છે. ૮ મહાનગરપાલિકાઓએ ૪,૭૫૭ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે અને ૩૬,૮૧૯ રોપોઓનું વિતરણ કરવામાં આવ્યું છે. એવી જ રીતે જિલ્લા કક્ષાએ ૩૨ સ્થળોએ ૫૦,૧૩૩ વૃક્ષોનું વાવેતર અને ૨ લાખ ૬૧ હજાર ૨૩૦ રોપઓનું વિતરણ કરવામાં આવ્યું છે. તાલુકા કક્ષાએ ૨૫૨ સ્થળોએ ૭૬ હજાર ૧૪૪ વૃક્ષોનું વાવેતર અને ૯ લાખ ૯૯ હજાર ૪૨૮ રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું છે. ગ્રામ્ય કક્ષાએ પણ ૫,૨૦૨ સ્થળોએ ૩ લાખ ૫૦ હજાર ૯૮૧ વૃક્ષોનું વાવેતર અને ૩૧ લાખ ૯૮ હજાર ૪૬૮ રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું છે. આમ, ૭૨મા વન મહોત્સવમાં જે ૧૦.૧૦ કરોડ રોપાઓના વિતરણના આયોજન સામે ૧૦.૩૨ કરોડ રોપાઓનું વિતરણ કરવામાં આવેલ છે એ બદલ હું રાજ્યની સરકાર અને વન વિભાગને ખૂબ ખૂબ

અભિનંદન પાઠવું છું .ચાલુ વર્ષે સામાજિક વનીકરણ યોજના અંતર્ગત રાજ્યમાં ૨૪,૫૦૦ હેકટર વિસ્તારમાં વાવેતર કરવાનું હતું એની જગ્યાએ ૨૪,૫૬૯ હેકટર વિસ્તારમાં આ વાવેતર કરવામાં આવ્યું છે. આમ તો, વન વિસ્તારનો વિકાસ થાય એના માટે આ રાજ્ય સરકાર અને વન વિભાગ ખૂબ જ કામ કરી રહ્યું છે. આ વન વિસ્તારની અંદર રહેતા જે લોકો છે એ લોકોને ઉપયોગી જે કંઇ જળસંચયનાં કામો હોય, ચેકડેમોનાં કામો હોય, બામ્બુ તાલીમ વર્ગો હોય, વનકુટીરોનું નિમાર્ણ હોય, પંચવટી વિકાસ કેન્દ્ર હોય, એવી અનેક પ્રકારની કામગીરી આ વનવિસ્તારની અંદર કરવામાં આવે છે. જેનાથી આ વન વિસ્તારમાં રહેતા લોકોને સ્થાનિક લેવલે રોજીરોટી મળે છે, જેથી એમનું જીવનધોરણ આગળ આવે છે. આ વન વિસ્તારમાં રહેતા લોકો માટે વનલક્ષ્મી યોજના અંતર્ગત પણ વિવિધ સહાયો આપવામાં આવે છે. આ વનલક્ષ્મી યોજના અંતર્ગત વન વિસ્તારમાં રહેતા લોકોને ભૌગોલિક પરિસ્થિતિને ઘ્યાનમાં રાખીને એમને જમીન લેવલિંગ કરી આપવામાં આવે છે, પાણીની સગવડ કરી આપવામાં આવે છે, તાડપત્રી આપવામાં આવે છે. મીની ટ્રેકટરો આપવામાં આવે છે. ત્યારે હું આ બજેટને ખૂબ ખૂબ સમર્થન આપું છું.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇના નેતૃત્વમાં આદરણીય શ્રી કનુભાઇ જે બજેટ લઇને આવ્યા છે, એમાં ગૃહ વિભાગ ઉપર મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું. માનનીય શ્રી નરેન્દ્રભાઇએ એક વખત ખૂબ સરસ એક કવિતાની પંકિતઓ કહેલી કે,

પ્રારબ્ધને અહીંયા ગાંઠે છે કોણ,
હું પડકારો ઝીલનારો માણસ છું,
હું તેજ ઉછીનું લઉં નહીં,
હું જાતે બળતું ફાનસ છું.

માનનીય અધ્યક્ષશ્રી, એ સંદર્ભે કહું તો, શ્રી ભૂપેન્દ્રભાઇની આગેવાનીમાં આપણા ગૃહ રાજ્યમંત્રીશ્રીએ જે પ્રમાણેની ટૂંક સમયમાં કામગીરી કરી છે, પ્રશ્નોતરી કાળમાં એમણે  ડ્રગ્સના અનુસંધાનમાં જે જવાબો આપ્યા હતા, એમના મનમાં જે વિચાર છે કે ગુજરાત રાજ્યનું યુવાધન આ નશીલા પદાર્થોના રવાડે ન ચડે એ માટે એમણે  કાર્યવાહી કરી છે. હમણાં જ રકમ રૂપિયા ૮૫ કરોડનું ડ્રગ્સ પકડાયું, એ પહેલા લગભગ છેલ્લાં ત્રણ વર્ષમાં દરિયાઇકાંઠેથી રકમ રૂપિયા ૪,૬૦૦ કરોડ મૂલ્ય ધરાવતું જે ડ્રગ્સ પકડાયું એના માટે હું માનનીય ભૂપેન્દ્રભાઇ, માનનીય હર્ષભાઇ, સમગ્ર પોલીસ તંત્ર, એ.ટી.એસ.ની ટીમ અને કોસ્ટલ સિક્યુરિટીને અભિનંદન આપું છું. માનનીય નરેન્દ્રભાઇ કહેતાં કે, સર્વ જન હિતાય, સર્વ જન સુખાય, કોઇપણ રાજ્યની સમૃદ્ધિ, નાગરિકોની સુરક્ષા, એની સલામતી એ જોવાની જવાબદારી ગૃહ વિભાગની હોય છે. ફોરેન ડાયરેક્ટ ઇન્વેસ્ટમેન્ટમાં સમગ્ર દેશમાં, ગુજરાત પ્રથમ આવ્યું એના મૂળમાં શાંત ગુજરાત, સમૃદ્ધ ગુજરાત, સલામત ગુજરાત અને ગુજરાતની શાંતિ હતી. આ સરકારે મજબૂત ઇચ્છાશકિતના આધાર ઉપર ગુજરાતમાં આ ડ્રગ્સ માફિયાઓ અને બુટલેગરો ઉપર તવાઇ આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને કોઇએ એમ કહ્યું કે, શ્રી હર્ષભાઇની ઊંચાઇ ઓછી છે. મેં એમને એમ કહેલું કે, શ્રી હર્ષભાઇની વૈચારિક ડેપ્થ છે. શિવાજીનો પ્રસંગ છે કે, જે અફઝલને વાઘના નહોરથી ચીરી નાખ્યો હતો, એ પ્રમાણે શ્રી ભૂપેન્દ્રભાઇના નેતૃત્વમાં આપણા ગૃહ રાજ્યમંત્રીશ્રી સમાજમાં જે અફઝલ રૂપી દૂષણ હતું, જે બુટલેગરો હતા એમના ઉપર સખ્તાઇથી કાર્યવાહી કરી રહ્યા છે એને સમગ્ર ગુજરાતની પ્રજા જાણે છે. હમણાં જ શ્રી નૌશાદભાઇ ગુજરાતની વાત કરતા હતા, અને હમણાં પ્રશ્નોત્તરી કાળમાં શ્રી હર્ષભાઇએ જવાબ આપેલા કે ગુજરાતનો જે ક્રાઇમ રેટ છે તે બીજા રાજ્યોની સરખામણીમાં, રાજસ્થાન અને બીજા રાજ્યના જે દાખલા આપેલા એ પ્રમાણે આપણો ક્રાઇમ રેટ બહુ ઓછો છે. જે પ્રમાણેની કાર્યવાહી થઇ રહી છે, ડોમેસ્ટિક ઇન્વેસ્ટીગેશનમાં પણ ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં બીજા નંબરે છે. આપણી સરકારે એ પ્રમાણેની જે એ.ટી.એસ.ની કાર્યવાહીની સાથે સાથે એ.સી.બી.ની કાર્યવાહી જે ગુજરાતમાં થઇ રહી છે તે સમગ્ર દેશમાં આપણે જે પહેલ કરી છે અને આપણું જે એફ.એસ.એલ., જે રક્ષા યુનિવર્સિટીમાં હમણા જ વાત થઇ અને શ્રી નરેન્દ્રભાઇએ સૂચન કર્યું, કે આપણા એફ.એસ.એલ.ની કામગીરી છે એ સમગ્ર દેશના ગુનાઓની તપાસ અહીં ગુજરાતમાં એફ.એસ.એલ.માં થાય છે અને એનાથી ગુજરાતની એફ.એસ.એલ.ની વિશ્વસનીયતાની વાત છે તેના માટે આપણને એવોર્ડ મળેલો છે અને ૨ કરોડ ૬૭ લાખ રૂપિયા જેવી આપણને આવક પણ પ્રાપ્ત થઇ છે. ગૃહ વિભાગે આ કામગીરીની સાથે સાથે પોલીસના જે નાના કર્મચારીઓ છે જેમને ભૂતકાળમાં ખૂબ નાના નાના મકાનો, એક રૂમ રસોડાના મકાનો મળતા, આપણું લગભગ ૧ લાખના પોલીસ ફોર્સની સામે ગુજરાત સરકારે છેલ્લાં ૩ વર્ષમાં ૪,૪૦૦ કરોડ રૂપિયાના ખર્ચે અનેક આવાસો બાંધ્યા છે અને આજે નાના પોલીસ કર્મચારીઓને કયાંક ઉંચા ભાડાના મકાનમાં ન રહેવું પડે તેવા સુવિધાયુકત મકાનો એમને આપ્યા છે. સંકલ્પ અમારો એક જ છે. અમારો મંત્ર પણ એક જ છે કે, ગુજરાત શાંત છે, ગુજરાત સલામત છે, ગુજરાતમાં આતંકવાદીઓનો પગ પેસારો ન થાય, ગુજરાતમાં ડ્રગ્સ માફિયાઓ ન ફરી શકે, ગુજરાતમાં કોઇ ગુજરાત વિરોધી માનસિકતા ધરાવતા લોકો ગુજરાતમાં અશાંતિ સર્જવાની જે કવાયત કરતા હોય એમને અમારા શ્રી ભૂપેન્દ્રભાઇના અને શ્રી હર્ષભાઇના નેતૃત્વમાં ખુલ્લો પડકાર છે, આ શ્રી નરેન્દ્રભાઇનું ગુજરાત છે, શ્રી નરેન્દ્રભાઇ આજે આ દેશના સર્વોચ્ચ સ્થાને છે. અને ગુજરાત ઉપર કોઇ લાલ આંખ કરશે તો ચલાવી નહીં લઇએ. જે પ્રજાની અપેક્ષાઓ, જે જન જન ની આકાંક્ષાઓ, જન જનની ઝંખનાઓ છે તેને પરિપૂર્ણ કરવા માટે અહર્નિશ પ્રયાસ, જે પ્રમાણે શ્રી ભૂપેન્દ્રભાઇના નેતૃત્વમાં થઇ રહ્યો છે અને એમના માર્ગદર્શનમાં શ્રી હર્ષભાઇ કરી રહ્યા છે

એમને હું હૃદયપૂર્વકના અભિનંદન આપું છું અને આ વર્ષે પણ વિશ્વાસ પ્રોજેકટ, બીજા એફ.એસ.એલ. માટે, નેત્રમ માટે, હાઉસિંગ માટે, ન્યાયાલય માટે આ ગૃહ વિભાગમાં જે જોગવાઇઓ કરી છે તે ખરેખર પ્રસંશનીય છે, અને હું કહું છું કે મતમતાંતર હોઇ શકે, ગમા અણગમા હોઇ શકે, પૂર્વગ્રહો હોઇ શકે, પણ ગુજરાતની શાંતિ, સલામતી અને સમૃદ્ધિની વાત હોય તો એમાં સૌએ સાથે મળી આમને હૃદયપૂર્વકના અભિનંદન આપવા જોઇએ એવી મારી આ ગૃહ સમક્ષ માગણી છે. ફરીથી સૌનો હૃદયપૂર્વકનો આભાર. જય જય ગરવી ગુજરાત, ભારત માતાકી જય.

શ્રી લલીત વસોયા(ધોરાજી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, પક્ષ અને વિપક્ષના સૌ ધારાસભ્યશ્રીઓએ બજેટ ઉપર વાત કરી છે. મારે બજેટની વાત સાથે મારા વિસ્તારના જે કંઇ પ્રશ્નો છે એમાં જ બોલવાની તક મળી છે એટલે રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વાત રિપીટ એટલા માટે કરું છું કે જે તે વખતે ડિસ્ટર્બન્સના કારણે વાત થઇ શકી નહોતી. અતિવૃષ્ટિને કારણે સમગ્ર રાજયમાં અને અમારા રાજકોટ જિલ્લામાં ઉભા પાકને મોટા પાયે નુકસાન થયું હતું. સરવે કરવામાં આવ્યો મારે આ સરકારમાં બેઠેલા તમામ મિત્રોને કહેવું છે કે આખાય રાજકોટ જિલ્લાના જેટલા ગામોને સહાય ચૂકવી છે એમાં નુકસાનીના જે આંકડા આપ્યા છે એમાં મારા ઉપલેટા તાલુકાની મોટી પાનેલી, ઢાંક, મેરવદર અને વડેખળી ગામના નુકસાનીના આંકડા જોઇએ તો આખા રાજકોટ જિલ્લામાં જે ૧૮ ગામોમાંથી ૧૦ ગામો એવા છે કે જેમાં રાજકોટ જિલ્લામાં સૌથી વધુમાં વધુ નુકસાન થયું છે છતાં પણ વળતર ચૂકવવામાં આવેલ નથી. આ સરકારની ટીમે સરવે કર્યો છે પરંતુ કોઇ કારણોસર એ રહી ગયા અને આજે નહિ બોલું કે અન્યાય કર્યો છે છતાં કોઇ કારણોસર રહી ગયા છે. નાની અમથી ચૂકથી રહી ગઇ હોય તો મારી વિનંતી છે કે આ ભૂલ સરકાર હજી સુધારશે તો એ ખેડૂતોને ન્યાય મળ્યો ગણાશે.

માનનીય અધ્યક્ષશ્રી, આની પહેલાનું બજેટ માનનીય નીતિનભાઇએ રજૂ કર્યું હતું. અમારા ઉપલેટા તાલુકાને કોટેજ હોસ્પિટલ માટે પૈસા ફાળવ્યા હતા. આ વાતને બે વર્ષ પૂરાં થઇ ગયાં, પરંતુ હજુ સુધી હોસ્પિટલના પ્લાન એસ્ટીમેટ બન્યા નથી. બજેટની અંદર જોગવાઇ કરી દેવામાં આવે છે પરંતુ ગ્રાઉન્ડ લેવલ ઉપર કામ થવું જોઇએ એ કોઇ કારણોસર થતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં ભાદર ડેમ આવેલો છે. દરેક વખતે બજેટ પ્રવચનમાં કે રાજયપાલશ્રીના પ્રવચનમાં હું વાત કરું છું કે રેતી ખનનને કારણે ભાદર ડેમનો કોઝ-વે તૂટી ગયો છે. ભાદર ડેમ ઉપર આ કોઝ-વે ઉપર ઉપલેટા અને ભૂખી ગામના લોકોને જવું પડે છે. આ કોઝ-વે તૂટી ગયો એને ચાર વર્ષ જેટલો સમય થયો છે. ૧, ૮૩૨ ખેડૂતોને આ તૂટી જવાને કારણે આઠ કિલોમીટર ફરીને જવું પડે છે. સરકારમાં બેઠલા મિત્રો સુધી વાત પહોંચાડવા ઘણા પ્રયત્નો કર્યા છે પરંતુ કયા કારણોસર એ નથી થતું એની ખબર પડતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારની કરન્ટ વાત સૂર્યોદય યોજનાની વાત કરું તો ગ્રામ્ય વિસ્તારમાં ૨૪ કલાક વીજળી આપવાની વાત કરવામાં આવે છે. આખાય સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં અત્યારે ઉનાળુ સીઝન ચાલુ થઇ ગઇ છે. વીજળીની અછતના કારણે લોડ શેડિંગના નામે ખેડૂતોને ફકત ચારથી પાંચ કલાક એ પણ કટકે કટકે વીજળી આપવામાં આવે છે. આ ફકત વિરોધપક્ષના ધારાસભ્ય પૂરતો જ પ્રશ્ન નથી, પરંતુ તમામ ધારાસભ્યો પોતાના દિલ ઉપર હાથ મૂકીને કહે કે આઠ કલાક દિવસે ખેડૂતોને વીજળી આપવામાં આવે છે ખરી ? અત્યારે પાક લણણી ઉપર આવ્યો છે ત્યારે એક પાણની જરૂર પડે એમ છે અને ઉનાળું વાવેતર કરવાનો સમય થયો છે ત્યારે તમે પૂરતી વીજળી ન આપો તો કેમ ચાલે ? નર્મદા કેનાલમાં પાણી છે પરંતુ વીજળી વગર પાણી કયાંથી ડમ્પિંગ કરવું એ પ્રશ્ન છે. બીજું, માર્ગ અને મકાન મંત્રીશ્રીને મારે એક સજેશન કરવું છે કે પંચાયત વિભાગના રસ્તાઓ હોય છે આ રસ્તાઓ ૧૦ ટનની વહનશક્તિ ધરાવતા રસ્તાઓ બને છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી જે. વી. કાકડિયા(ધારી) : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રી કનુભાઇ દેસાઇ વિકાસલક્ષી બજેટ લઇને આવ્યા છે તે બદલ શ્રી કનુભાઇ દેસાઇ તથા આપણાં લોકપ્રિય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને બજેટને મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના બંદરોમાં થયેલ ઉત્તરોત્તર પ્રગતિ બાબતે મારા વિચારો રજૂ કરું છું. ભારત સરકાર દ્વારા દેશના દરિયાઇ ક્ષેત્રમાં વિકાસ અને સુધારણા માટે મેરીટાઇમ ઇન્ડિયા વિઝન-૨૦૩૦ બહાર પાડવામાં આવ્યું છે. ભારતમાંથી થનાર માલવહન માટે અંદાજોમાં ગુજરાત એક અગ્રેસર રાજ્ય છે અને ગુજરાતના દરિયા કિનારા માટે વિપુલ તકોની સંભાવનાઓનું અનુમાન છે. ભારત સરકાર દ્વારા મેરીટાઇમ ઇન્ડિયા વિઝન-૨૦૩૦ માટે કરવામાં આવેલ કાર્ગો સ્ટડીમાં અનુમાન છે કે ગુજરાત માટે ઔદ્યોગિક વિકાસની ઘણી તકો ઉપલબ્ધ થવાની છે. જેમાં ગુજરાતના નાના બંદરો અને મોટા બંદરો ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવી રહ્યા છે તેના માટે આપણાં લોકપ્રિય વડાપ્રધાન સાહેબને ખૂબખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના નોન મેજર બંદરો પરથી વર્ષ ૨૦૨૦-૨૧માં ૩૮૮ મિલિયન મેટ્રિકટન કાર્ગો પરિવહન થયેલ હતો. જે ભારતના કુલ નોન મેજર બંદરો પરથી પરિવહન થયેલ કાર્ગો એટલે કે ૫૭૫ મિલિયન મેટ્રિકટનની સાપેક્ષમાં ૬૭.૦૪ ટકા હિસ્સો ધરાવે છે. જ્યારે ભારતના તમામ બંદરો ઉપરથી વર્ષ ૨૦૨૧માં ૧,૨૪૦ મિલિયન મેટ્રિકટન

કાર્ગો પરિવહન થવા પામેલ છે. જે પૈકી ગુજરાતના નોન મેજર બંદરો પરથી ૩૧ ટકા કાર્ગો પરિવહન થયેલ હતો. આમ, ગુજરાતે વર્ષ ૨૦૨૧-૨૨માં નાના બંદરો પર માલવહન માટે પોતાનું સર્વોચ્ચ સ્થાન ટકાવી રાખેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના નોન મેજર બંદરો પરથી થયેલ કાર્ગો પરિવહનમાં જાન્યુઆરી-૨૦૨૨માં ગત વર્ષ કરતા ૪.૫ ટકાનો વધારો થયેલ છે. ગુજરાત મેરીટાઇમ બોર્ડ સંચાલિત નોન મેજર પોર્ટ પર માલવહનની ક્ષમતા વર્ષ ૨૦૨૧-૨૨, ૫૪૫ મિલિયન મેટ્રિક ટન હતી, જે વધારી આ વખતે વર્ષ ૨૦૨૨માં ૫૫૨ મિલિયન મેટ્રિક ટન કરવાનું આયોજન કરેલ છે. સરકાર દ્વારા દહેજ બંદર ખાતે ૪૫ મિલિયન મેટ્રિક ટન ક્ષમતા સાથેનું બહુહેતુક બંદર આશરે ૫,૫૦૦ કરોડ રૂપિયાના ખર્ચે ખાનગી મૂડી રોકાણ સાથે વિકસાવવાનું આયોજન કરેલ છે. જેમાં ગુજરાતના મેરીટાઇમ બોર્ડ દ્વારા ટ્રાન્ઝેક્શન એડવાઇઝરની નિમણૂક પણ કરી આપવામાં આવેલ છે. ગુજરાતના મુખ્ય બંદર મુંદ્રા બંદર પર કન્ટેનર માટેનું ભારતનું દરિયા કિનારે આવેલું અત્યાર સુધીનું સૌથી મોટું જહાજ APL રેફલ્સ ૩૯૭.૮૮ મીટર લંબાઇ ધરાવતું તેમજ ૧૮,૦૦૦ ટન વહનક્ષમતા ધરાવતું જહાજ તા. ૨૮-૧-૨૨ના રોજ લાંગરવામાં આવેલ છે. ગુજરાત માટે બહુ જ ગૌરવની બાબત છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના બંદરો આધુનિક સુવિધાઓ સાથે જરૂરી પાણીના ઉંડાણ સાથે દુનિયાના બીજા દેશોના બંદરો સાથેની સ્પર્ધામાં સરખામણી માટે સક્ષમ છે. મુંદ્રા બંદરની ૧૮ મીટરની ડ્રાફ્ટ જહાજ લાંગરી શકાય તે માટે દેશના તમામ બંદરો કરતા પણ ખૂબ જ વધારે છે. મારા અમરેલી જિલ્લામાં રાજુલા અને જાફરાબાદ વિસ્તારમાં જે જેટીઓના કામ છે અને બંદરોનો વિકાસ થઇ રહ્યો છે તેને થોડી આધુનિકતા કરીને ડેવલપમેન્ટ થાય તેના માટે સરકારને હું વિનંતી કરું છું. ભારત સરકારના બહુ જ મહત્ત્વાકાંક્ષી સાગરમાલા અને સાગરતટ પ્રોજેક્ટ ગુજરાતમાં અગ્રેસર છે. ગુજરાત સરકાર દ્વારા દરિયાઇ વિસ્તારમાં ઘણા પ્રોજેક્ટ સાગરમાલા તેમજ સાગરતટ યોજનામાં આવરી લેવા માટે ભારત સરકારને ભલામણ કરવામાં આવી છે. નવલખી બંદર માટે જેટી કન્સ્ટ્રક્શન અને માળખાકીય સુવિધાઓના વિસ્તૃતીકરણ માટે રૂ.૧૭૯ કરોડનું કામ ૧૮૫ મીટર જેટીનું બાંધકામ સપ્ટેમ્બર-૨૦૨૧થી હાથ ધરાયેલ છે. આ ૪૮૫ મીટર જેટી પૈકી ૧૦૦ મીટરની કોસ્ટલ જેટી પ્રોજેક્ટ રૂ.૧૦૮ કરોડ પૈકી ભારત સરકારની સાગરમાલા યોજના અંતર્ગત રૂ.૪૧.૩૪ કરોડ મંજૂર કરેલ છે, જે પૈકી પ્રથમ હપ્તા માટે રૂ. ૨૦.૬૫ કરોડ ગુજરાત મેરી ટાઇમ બોર્ડને ફાળવવામાં આવેલ છે. આ કામ પૂર્ણ થયે નવલખી બંદરની ક્ષમતા ૧૬ મિલિયન મેટ્રિક ટન જેટલી થશે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકાર દ્વારા નવલખી બંદર ૨૩ કિલોમીટરના એપ્રોચ રોડને ચાર માર્ગીય નેશનલ હાઇવે તરીકે વિકસાવવાની મંજૂરી આપવામાં આવેલ છે. ગુજરાત મેરીટાઇમ બોર્ડના બંદરોમાં જામનગર ખાતે બેડી બંદર ખાતે રેલવે લાઇનની કામગીરી આ વર્ષે પૂર્ણ કરવામાં આવનાર છે. ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા રાચ અને હજીરા વિસ્તારમાં ખાનગી બંદરના વિકાસ માટે પોર્ટ ડી.એફ.સી. રેલવે પ્રોજેકટ આશરે ૧,૬૦૦ કરોડ રૂપિયાના ખર્ચે હાથ ધરવામાં આવેલ છે. ભાવનગર જૂના બંદર અને નવા બંદર માટે ભાવનગર શહેરને ૨૧.૬૦ કિલોમીટર લાંબો રીંગરોડ રૂ. ૨૯૭ કરોડના ખર્ચે શહેરી વિકાસ વિભાગ અને માર્ગ અને મકાન વિભાગ દ્વારા ગુજરાત મેરીટાઇમ બોર્ડ સાથે મળીને વિકસાવવાની ખૂબ જ જરૂરી મંજૂરી આપવામાં આવેલ છે. જામનગર ખાતે પોર્ટના ટ્રાફિકને સહેલાઇથી હાઇવે સુધી પહોંચાડી શકાય તે માટે જામનગર મરીન પોલીસ સ્ટેશનથી ગુલાબનગર ઓવરબ્રિજ સુધીનો આશરે ૬.૮૭ કિલોમીટરનો રીંગ રોડ ગુજરાત મેરીટાઇમ બોર્ડ, શહેરી વિકાસ અને માર્ગ અને મકાન વિભાગ સાથે રૂપિયા ૭૦ કરોડના ખર્ચે વિકસાવવા માટેની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. ગ્રીન બંદર, ગુજરાત મેરી ટાઇમ બોર્ડ બંદર વિકાસ માટે ત્રણ નવા ગ્રીન ફીલ્ડ બંદરો વિકસાવવા માટે જરૂરી અભ્યાસ સર્વેક્ષણ હાથ ધરવામાં આવેલ છે. આ બંદરોના માટે વિકાસકાર નિયુકત કરવા માટેની પણ પ્રક્રિયા, ટ્રાન્ઝેકશન એડવાઇજરીની પણ નિમણૂક કરવામાં આવેલ છે. ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા ગુજરાતના નાના બંદરો ઉપરથી હેન્ડલ થતા કાર્ગો માટે ઓરીજનલ ડેસ્ટીનેશન સ્ટડી હાથ ધરવામાં આવેલ છે તેમજ એક ટ્રાફિક ઇન્ટેલીજન્સ યુનિટની રચના કરવામાં આવેલ છે. તેનાથી ગુજરાતના નાના બંદરો અને ઉદ્યોગો માટે નવા વિકાસની બાબતો અંગે નિર્ણય થઇ શકશે. ગુજરાત મેરીટાઇમ બોર્ડ ગુજરાતના દરીયા કિનારે બંદરો ઉપરાંત લોજિસ્ટિક સેકટર પ્રોજેકટ હાથ ધરવા માટે ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા ગુજરાત પોર્ટ અને લોજિસ્ટિક કંપની લિમિટેડની રચના કરવામાં આવી છે. માનનીય વડાપ્રધાનશ્રીની પી.એમ. ગતીશકિત યોજનાને સાકાર કરવા તેમજ ગુજરાત રાજયના લોજિસ્ટિક સેકટરના વિકાસને સુગ્રહીત રીતે અલગથી અમલમાં મૂકવા માટે કંપની કાર્યરત થશે તેમજ કન્સલ્ટન્ટ દ્વારા અભ્યાસ હાથ ધરવામાં આવે છે અને પ્રાથમિક રિપોર્ટને સબમિટ કરવામાં આવેલ છે. ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા ફિશિંગ હાર્બર અંગે વેરાવળ ખાતે ફિશિંગ હાર્બરના પ્રથમ તબક્કાનું કામ હાથ ધરવામાં આવેલ છે. રૂ.૧૬૭ કરોડની કિંમતનું ટેન્ડર બહાર પડી ગયેલ છે.

શ્રી જગદીશ વિશ્વકર્મા **(**રાજયકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી**)**: માનનીય અધ્યક્ષશ્રી, દેશની આઝાદીનાં ૭૫ વર્ષ પૂર્ણ થઇ રહ્યાં છે ત્યારે આઝાદીના અમૃત મહોત્સવ વર્ષ નિમિત્તે આપણું રાજ્ય સૌના સાથ અને સૌના વિકાસના ધ્યેય સાથે જે પ્રગતિના પંથે આગળ વધી રહ્યું છે ત્યારે હવે સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસની કડી ઉમેરી ગુજરાતના વિકાસના સર્વોચ્ચ શિખર ઉપર લઇ જવા માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર કટિબદ્ધ છે ત્યારે આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત બનવાના ભગીરથ કાર્યમાં નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ જે સન ૨૦૨૨નું બજેટ લઇને આવ્યા છે તેને હું આવકારું છું, તેને મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું. સાથેસાથે જે પણ સાથી ધારાસભ્યશ્રીઓએ, વિપક્ષના મિત્રોએ જે સૂચનો

કર્યાં છે એ સૂચનો પણ ચોક્કસ ધ્યાને લઇને આવકારવામાં આવશે. કોંગ્રેસના મિત્રોએ પણ જે સૂચનો કર્યાં છે એ સૂચનો પણ એવું કહી શકાય માનનીય કનુભાઇ દેસાઇ સાહેબે બજેટને સર્વાંગી વિકાસ, દરેક વર્ગને અનુકૂળ આવે એવું બજેટ રજૂ કર્યું છે અને તમામ મિત્રો આ બજેટને સહજ રીતે સ્વીકાર કરે એવી આશા સાથે મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એવું કહેવાય કે માનનીય ભૂપેન્દ્રભાઇની સરકાર, માનનીય નાણામંત્રીશ્રી અને અમારા સૌ સાથી મિત્રોએ જે રીતે દેશના વડાપ્રધાનશ્રીએ વિકાસની રાજનીતિને બળ આપ્યું છે તે જ રીતે માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર પણ વિકાસની રોકેટ ગતિએ આગળ વધી રહી છે. એ દેખાઇ આવે છે કે દેશના ચાર રાજ્યમાં ભા.જ.પ.ને વિજય મળ્યો છે. યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની નીતિ, રીતિને દેશના કરોડો નાગરિકોએ સમર્થન આપ્યું છે. હું ચોક્કસ કહીશ કે, ''કંધા સે કંધા મિલતા હૈ, કદમ સે કદમ મિલતા હૈ, હમ કાર્ય કરતે ઐસે હૈં કિ, લાખો જનતા કે આશીર્વાદ ભારતીય જનતા પાર્ટી કો મિલતે હૈ.'' તાજેતરમાં જ ગુજરાતના બે દિવસના પ્રવાસે આવેલા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ ગુજરાતની વિકાસ યાત્રાને વધુ તેજ ગતિથી આગળ ધપાવવાની પ્રેરણા આપણા સૌને આપી છે. આ બે દિવસની યાત્રા દમિયાન પ્રધાનમંત્રીએ આપેલ રચનાત્મક સૂચનો અમારો કાર્યમંત્ર બનાવી જનતાની સેવા અને વિકાસનાં કામો કરવા અને મારા વિભાગના કર્મયોગીઓ, રાજ્ય સરકારના તમામ કર્મયોગીઓને પણ અભિનંદન પાઠવું છું કે જે રીતે ગુજરાત સરકારની વિકાસ યાત્રામાં ગુજરાતના કર્મયોગીઓનો ફાળો છે એ પણ અભિનંદનને પાત્ર છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ જે પડકારોનો સામનો અને દેશની અર્થ વ્યવસ્થા, દેશની સૌથી મોટી, સૌથી ઝડપી વિકાસ ધરાવતી અર્થ વ્યવસ્થા બની છે ત્યારે એવું ચોક્કસ કહીશ કે જે રીતે વર્ષ ૨૦૨૧ના સુધારેલા અંદાજો મુજબ કુલ જાહેર દેવું છે એ ૩ લાખ કરોડનું છે. પણ ગુજરાતનો જે ગ્રોથ થઇ રહ્યો છે. ગુજરાતની રાજનીતિ, જે જવાબદારી છે, અધિનિયમ અંતર્ગત જે ગુજરાતનું દેવું જી.એસ.ડી.પી.ની અંદર ૨૭ ટકાની મર્યાદામાં લઇ શકાય છે. મને જણાવતા આનંદ થાય છે કે રૂ.૪.૪૮ લાખ કરોડ થાય છે. પણ આપણે ખૂબ ઓછું દેવું કરી સરકાર વિકાસની રાજનીતિમાં આગળ વધી રહી છે. આદરણીય નરેન્દ્રભાઇએ વર્ષ ૨૦૦૨થી રાજ્યની ધૂરા સંભાળી ત્યારે રાજ્યનું એકંદરે એટલે કે ડોમેસ્ટિક પ્રોડકશન, ગુજરાતના ઔદ્યોગિક એકમોના પ્રોડકશનની વાત કરીએ તો ફકત સવા લાખ કરોડ રૂપિયાનું હતું. બે દશક પછી રાજ્યનું એકંદરે એટલે કે ડોમેસ્ટિક પ્રોડકશન રૂપિયા ૨૦ લાખ કરોડ વટાવી ચૂકયું છે. ગુજરાત રાજ્યને આત્મનિર્ભર બનાવવાની દિશામાં મક્કમપણે આગળ વધી રહ્યા છીએ. રાજ્યના નાગરિકોની માથાદીઠ આવકમાં ધરખમ વધારો છેલ્લાં વર્ષોમાં જોવા મળે છે. માથાદીઠ આવક વર્ષ ૨૦૦૨ પહેલાં રૂપિયા ૧૯ હજાર કરતાં ઓછી હતી. આજે રૂપિયા ૨ લાખ ૧૪ હજાર સુધી એ પહોંચી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલ ગુડ ગવર્નન્સ ઇન્ડેક્સને જે ૧૦ સેકટરમાં ૨૮ ઇન્ડિકેટર્સ પર આધારિત છે. એમાં આ ૧૦ સેકટરની વાત કરીએ તો એગ્રીકલ્ચર લેવલે વાત કરીએ તો ગુજરાત પ્રથમ હરોળમાં આવે. કોમર્સ અને ઇન્ડસ્ટ્રીઝ, હ્યુમન એન્ડ રિસર્ચ ડેવલપમેન્ટ, પબ્લિક હેલ્થ, પબ્લિક ઇન્ફ્રાસ્ટ્રકચર, યુટિલિટી, ઇકોનોમી ગવર્નન્સ, સોશિયલ વેલ્ફેર એન્ડ ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટ, જ્યુડિશિયલ, પબ્લિક સિક્યોરિટી, એન્વાયર્નમેન્ટ, સિટિઝન ગવર્નન્સ. એમ કહેવાય કે આખા ગુજરાતની આંતરમાળખાકીય સગવડોને સુદ્રઢ કરવા માટે લોજેસ્ટિક ખર્ચને ઓછું કરવા માટે અને ઇન્ફ્રાસ્ટ્રકચર પાઇપ લાઇન યોજના અંતર્ગત હમણાં જ એવું કહેવાયું કે પી.એમ. ગતિશક્તિ અંતર્ગત ૧૦૦ લાખ કરોડ રૂપિયા કેન્દ્ર સરકારે ફાળવ્યા છે એમાં પણ ગુજરાતને ખૂબ મોટો ફાયદો થવાનો છે. એવું કહેવાય કે It will hell India realise. It is the dream of the becoming a business capital of the world. ગુજરાતના આંતરમાળખાકીય સગવડોમાં પરિવહન ક્ષેત્રે ગામડે ગામડે પહોંચતું ૧ લાખ ૨૪ હજાર કિલોમિટરનું જે સડકોનું જે આખું નેટવર્ક છે. આના કારણે કોઇપણ ગુજરાતના કોઇપણ છેડે કોઇ ખેડૂત પાક પકવે અને એને બજારમાં શહેરી વિસ્તારમાં વેચવા આવવું હોય તો ટ્રાન્સપોર્ટેશન એટલું સરળ થયું છે કે એના કારણે ખેડૂતોને સારા ભાવ મળે છે. એવી જ રીતે ઇન્ડસ્ટ્રીઝમાં જે રીતે માળખાકીય સુવિધાઓ સરકારે ઉભી કરી છે એમાં પણ ખૂબ મોટી સિદ્ધિ પ્રાપ્ત થઇ છે. ઉર્જા ક્ષેત્રે વાત કરીએ તો ગુજરાતના ૧૮,૦૦૦ ગામડાને બારેમાસ વીજળી આપવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકાર, તે વખતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કર્યું હતું. અને જે ડિસ્ટ્રિબ્યુશન અંદાજે ૭૦,૦૦૦ કિલોમીટરનું ટ્રાન્સમીટર નેટવર્ક પ્રસ્થાપિત દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે થયું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : બેઠાબેઠા કોમેન્ટ કરવાનું બંધ કરો પ્લીઝ. કોઇએ પણ બેઠાબેઠા કોમેન્ટ કરવી નહીં. બિલકુલ નહીં.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, ગેસ વિતરણની વાત કરું તો રાજયમાં ન હોય તેવું ૨,૭૦૦ કિલોમીટરનું બલ્ક ટ્રાન્સમીશન પાઇપલાઇનનું ૩૧,૦૦૦ કિલોમીટરનું વિસ્તરણનું કામ પણ ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકારમાં થયું. સિંચાઇની વાત કરીએ તો સરદાર સરોવરનું આયોજન ચોકકસ એવું કહેવાય કે ડેમનો પાયો દેશના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઇ પટેલને એનો વિચાર આવ્યો હતો અને એમણે લગભગ એવું કહેવાય કે સરદાર સાહેબનું જે સ્વપ્નું હતું એ ૪ એપ્રિલ, ૧૯૬૧ના રોજ એમણે એ સ્વપ્નું સેવ્યું હતું. માનનીય જવાહરલાલ નહેરૂ કોંગ્રેસના વડાપ્રધાન હતા અને એ વખતે એ કામ થયું હતું પણ સરદાર સરોવર ડેમ માટે આપણી કમનસીબી કહેવાય ગુજરાતની કે વર્ષો સુધી ડેમના દરવાજા લગાવવાની મંજૂરી કોઇએ ન આપી હોય તો કેન્દ્રની કોંગ્રેસની સરકારે ન આપી, પણ વર્ષ ૨૦૧૪માં દેશના વડાપ્રધાન

નરેન્દ્રભાઇ મોદી બન્યા અને ૧૭ દિવસમાં મંજૂરી આપી અને અત્યારે એવું કહેવાય કે ૬૩,૦૦૦ કિલોમીટરનું વિશાળ નેટવર્ક જો બન્યું હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારમાં બન્યું છે. ૨૨ ટકા ફાળા સાથે આજે સર્વોચ્ચ સ્થાને અમારા જ કોંગ્રેસના મિત્રો કહેતા હતા કે સૌરાષ્ટ્રમાં પાણી નથી આવતું. સૌની યોજના થકી સૌરાષ્ટ્રમાં ગામડે ગામડે પાણી પહોંચાડવાનું કામ બનાસકાંઠાનું વાવ હોય, થરાદ હોય કે રાધનપુર હોય આ બધી જગ્યાએ પાણી પહોંચાડવાનું કામ ભારતીયજ જનતા પાર્ટીની સરકાર દ્વારા કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારના Logistics Ease Across Different States ... LEADS 2021 Index માં ગુજરાતને સતત બીજા વર્ષે પણ સમગ્ર દેશમાં પ્રથમ સ્થાન મળ્યું છે. ગુજરાતની યુનિવર્સિટીની વાત કરું આટલા બધા ઉદ્યોગો આવે છે એટલે કારીગરોની માંગને પહોંચી વળવા માટે કૌશલ્ય યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી. એમને ટેકનોલોજીના સ્કીલ માટે મેનપાવરની જરૂરિયાત પડે તો મેનપાવરને પહોંચી વળવા માટે આખી યુનિવર્સિટી બનાવવામાં આવી છે. એ જ પ્રમાણે મોટા પ્રમાણમાં મૂડીરોકાણો થઇ રહ્યા છે અને રોજગારીની નવી તકોનું સર્જન થઇ રહ્યું છે અને રાજ્યના યુવાનોને કૌશલ્યનો લાભ મળી રહેશે. સ્ટાર્ટઅપનું મહત્ત્વ એ આખા દેશમાં કોઇએ કર્યું હોય તો ગુજરાતે એની પહેલ કરી છે. જે વિદ્યાર્થીઓ એન્જિનિયરિંગમાં અભ્યાસ કરતા હોય, કોઇપણ વિદ્યાર્થીને કોઇપણ વિચાર આવે અને એ વિચારને મૂર્તિમંત કરવા માટે સ્ટાર્ટઅપ ઇનોવેશન પોલિસી પણ સ્ટાર્ટઅપ અપડેટ જાહેર કરી છે. ૧૬મી જાન્યુઆરીને સ્ટાર્ટઅપ ડે જાહેર કર્યો છે અને આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત બનાવવામાં મને વિશ્વાસ છે કે ભારતના સ્ટાર્ટઅપનો સ્વર્ણિમ યુગ શરૂ થયો છે, ત્યારે ગુજરાતના યુવાનોની સાથે તાલ મિલાવી મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની અને શિક્ષણ મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણી અને રાજ્યકક્ષાના મંત્રીશ્રી કુબેરભાઇ ડીંડોર યુવાનોને આર્થિક મદદ કરતી સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઇનોવેશન પોલિસી-૨ જાહેર કરેલ છે એને હું આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં રોજગારીની નવી તકો ઉભી કરવા માટે ઇન્ફર્મેશન ટેકનોલોજી ક્ષેત્રે રોકાણ માટે નવી આઇ.ટી. નીતિની પણ વિશ્વકક્ષાની આઇ.ટી. ઇન્ફ્રાસ્ટ્રકચર પણ એમણે કૌશલ્ય ધરાવતા માનવો થકી ગુજરાતમાં આઇ.ટી. અને ઇકો સિસ્ટમનું પરિવર્તન લાવવાનું લક્ષ્ય છે. મને કહેતા આનંદ થાય છે કે ગુજરાતનું સહકારી માળખું આખા દેશમાં આ સહકારી માળખું એવું કહું કે દેશની સૌ પ્રથમ સહકારી મંડળી અન્યોની સહકારી મંડળી જેની શરૂઆત ગુજરાત રાજ્યમાં ૫ ફેબ્રુઆરી, ૧૮૮૯માં થઇ. એ રાજ્ય માટે ગૌરવની બાબત છે. સાથે સાથે રાજ્યમાં જે ૮૩,૦૦૦ કરતા પણ વધારે સહકારી મંડળીઓ છે. ૧૭૧ લાખ કરતા પણ વધુ સભાસદો મંડળીમાં નોંધાયેલા છે. મારો સહકાર વિભાગ છે મને કહેતા આનંદ થાય કે ગુજરાતની દર ચોથી વ્યક્તિએ એક વ્યક્તિ સહકારી માળખા સાથે જોડાયેલી છે એટલે એવું કહેવાય કે અમારા પંડિત દીનદયાળજીનો જે વિચાર હતો કે છેવાડાના માનવીની ચિંતા કરવી, છેવાડાના લોકોની ચિંતા કરવી. ભારતીય જનતા પાર્ટીની સરકાર આ બધી જ બાબતો કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઇ સાહેબ બેઠા છે ત્યારે હું ચોકકસ કહીશ કે અમારા પાટીલ સાહેબની અધ્યક્ષતામાં જેટલા પણ કો-ઓપરેટીવ સેકટરની અંદર જે ઇલેકશનો થયા એમાં લગભગ ૩૦૭ જેટલી સહકારી માળખાની સંસ્થાઓમાં ભારતીય જનતા પાર્ટીનો વિજય થયો છે. એ વિજય એટલા માટે થયો છે કે ભાજપની પારદર્શિતાવાળી સરકાર રાજ્યમાં અને કેન્દ્રમાં પણ છે. એટલા માટે સહકારી માળખા સાથે જોડાયેલા લોકોએ આ ભાજપને વહીવટ સોંપવાની પહેલ કરી છે. રાજ્યોના ખેડૂતોને ખેતીમાં મદદરૂપ થવા માટે દેશના વડાપ્રધાનશ્રી હરહંમેશ કહેતા હોય છે કે મારે ખેડૂતોની આવક બમણી કરવી છે. અહીંયા કૃષિમંત્રીશ્રી બેઠા છે ત્યારે હું કહીશ કે પાક ધિરાણમાં જે ૪ ટકાની વ્યાજ રાહત આપવામાં આવે છે. એ વ્યાજ રાહત એ ખરીફ પાક પૂરતી હતી. બંનેય અમારા કૃષિમંત્રીશ્રીની રજૂઆત, શ્રી ભૂપેન્દ્રભાઇની રજૂઆતને ધ્યાનમાં લઇને આ વખતે રાજ્ય સરકારે, નાણામંત્રીશ્રીએ ખૂબ ઉદાર દિલ રાખીને ખરીફ પાક, રવિ પાક અને ઉનાળું પાકને આમાં તમામને આખા વર્ષ માટેનો ૪ ટકા વ્યાજ રાહત આપવાના ઐતિહાસિક નિર્ણયથી ગુજરાતના તમામે તમામ ખેડૂતોને લાભ થવાનો છે. આ ૩ લાખ રૂપિયા સુધીની રકમ ઝીરો ટકા વ્યાજે મેળવી શકશે. ખૂબ મોટી સિદ્ધિ અને નિર્ણય છે. ગુજરાત સરકારે સહકારી ક્ષેત્રમાં વિકાસની ચાવીરૂપ ભૂમિકા ભજવી છે. દેશના પ્રથમ ગૃહમંત્રી સરદાર વલ્લભભાઇ પટેલે ગુજરાતના સહકારી ક્ષેત્રનો જ્યારે પાયો નાખ્યો. ત્યારે ગુજરાતે દેશની સહકારી ક્ષેત્રની સફળત્તમ સંસ્થાઓ સ્થાપી છે. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે મૂડીવાદ કે સમાજવાદ, સહકારવાદ એક ઉત્તમ વિકલ્પ તરીકે વિકાસ મોડેલને પસંદ કર્યું છે. પંડીત દિનદયાલ ઉપાધ્યાયના વિચારો મુજબ છેવાડાના માનવીની ચિંતા કરતી ભારતીય જનતા પાર્ટીની સરકાર હર હાથકો કામ, હર ખેતકો પાણીના વિચાર સાથે અમે આગળ વધી રહ્યા છે, ત્યારે ખેડૂતોની આવકમાં ઉત્તરોત્તર વધારો થાય, ખેતી આવકમાં વધારે પોષણક્ષમ બને તે માટે અનેકવિધ પગલાઓ સરકારે લીધાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી દેશના વડાપ્રધાનશ્રીને અભિનંદન આપવા છે કે તેમણે આઝાદીનાં ૭૦ વર્ષ પછી દેશના સહકારી માળખાને મજબૂત કરવા માટે સહકારિતા વિભાગ અલગથી ચાલુ કર્યો. એની ધૂરા આ જ વિધાનસભાના એક એવા ચાણક્ય આપણા સભ્યશ્રી દેશના ગૃહ પ્રધાનશ્રીને સહકારિતા વિભાગ સોંપવામાં આવ્યો અને દેશના વડાપ્રધાનશ્રી મોદીજી માટે આજે એવું કહેવાય કે દેશના પ્રાકૃતિક ખેતીના રોલ મોડેલ છે, ત્યારે આપણા રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી પ્રાકૃતિક ખેતી માટે અને સુભાષ પાલેકરજી એ પણ મહારાષ્ટ્રના છે અને એ પણ પ્રાકૃતિક ખેતી માટેના હિમાયતી

થયા છે અને નરેન્દ્રભાઇ મોદી આ દેશના રોલ મોડેલને આગળ વધારી રહ્યા છે, ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે આ વખતે મુખ્યમંત્રીપદ સ્વીકાર્યા બાદ ડાંગ જિલ્લામાં ગયા, ત્યારે ડાંગ જિલ્લાને પ્રાકૃતિક ખેતી તરીકે ઘોષિત કર્યો છે. આનાથી વિશેષ દેશના સહકાર મંત્રી અમૂલમાં આવ્યા. પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે અમૂલ ફેડરેશને પણ આગળ આવવા માટે કહ્યું. દેશના વડાપ્રધાન મોદીજીએ પણ કહ્યું કે જે રીતે આખા દેશની અંદર નહિ, પણ વિદેશોમાં અમૂલ ખૂબ એક્ષપોર્ટ કરી રહ્યું છે, ત્યારે મારા ખેડૂતોની આવક બમણી થાય તે માટે ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરે, એની ખેતપેદાશોને બાયપ્રોડક્ટમાં ડેવલપ કરી, ફૂડ પ્રોસેસિંગ કરી, અને એ પ્રોડક્ટોને અમૂલ દ્વારા, માર્કેટિંગ ચેન દ્વારા અમૂલ લીડ લે. એનું આખા દેશમાં માર્કેટિંગ થાય. અને ખેડૂતોની આવકને પ્રોત્સાહન માટે આવનારા દિવસોમાં ગુજરાત સરકારનું અને ભારત સરકારનું ખૂબ મોટું પહેલું પગથિયું હશે. ખેડૂતોની પ્રોડકટો એ મહેસાણામાં બનતી પ્રોડક્ટ હશે, સાબરકાંઠામાં બનતી પ્રોડક્ટ હશે, કલોલના શ્રી બળદેવજીભાઇ ઠાકોરના ખેતરમાં પાકતી પ્રોડક્ટ હશે એ સીધી વિદેશમાં જશે એનો આનંદ છે. અમારી સરકાર ખેડૂતો માટેનાં જે પગલા લઇ રહી છે એ આ પગલાં લઇ રહી છે. ગુજરાત સરકારના ઇન્ડસ્ટ્રીઝની વાત કરું તો ગુજરાત ભારતનું મેન્યુફેકચરિંગ હબ બન્યા બાદ ગુજરાત સરકારની નજર ફેક્ટરી હબ બનવા ઉપર છે. ગુજરાત આજે માત્ર ગુજરાત પૂરતું સીમિત નથી રહ્યું. ગુજરાતના મેન્યુફેકચરરો માત્ર હિન્દુસ્તાન પૂરતા સીમિત નથી રહ્યા. ગુજરાતના મેન્યુફેકચરરો જે એક્ષપોર્ટ કરી રહ્યા છે એ આવનારા દિવસોમાં ફેક્ટરી હબ એટલે મેન્યુફેકચરિંગ હબ એ માત્ર હિન્દુસ્તાન પૂરતું નહિ, પણ આખા વિશ્વનું મેન્યુફેકચરિંગ હબ બનવા ગુજરાત જઇ રહ્યું છે. આર.બી.આઇ. ના અહેવાલ મુજબ નાણાકીય વર્ષ ૨૦૧૨થી ૨૦૨૦ દરમ્યાન ગુજરાત ગ્રોસ વેલ્યુ એડિશન જી.વી.એ. ૧૫.૯ ટકાના દરે વધ્યું છે.અને રૂપિયા ૫.૧૧ લાખ કરોડ પર પહોંચ્યું છે. તેના પગલે ગુજરાત ભારતનું મેન્યુફેક્ચરિંગ હબ બન્યું છે. બીજી તરફ અત્યાર સુધીમાં પ્રથમ ક્રમે રહેતા મહારાષ્ટ્રમાં નાણાકીય વર્ષ ૨૦૧૨થી ૨૦૨૦ દરમ્યાન તેનું જી.વી.એ. ૭.૫ ટકાના દરે રૂપિયા ૪.૩૪ લાખ કરોડે પહોંચ્યું છે. તામિલનાડુ રૂપિયા ૩.૪૩ લાખ કરોડ...

અધ્યક્ષશ્રી : આપની પાસે પાંચ મિનિટનો સમય છે.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, પાંચ મિનિટમાં તો કશું થશે નહીં.

અધ્યક્ષશ્રી : પાછળ બીજી બેઠક છે.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, હજુ પંદર મિનિટ છે. ત્રીસ મિનિટ મને આપી છે.

અધ્યક્ષશ્રી : પંદર મિનિટ છે.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, હજી પંદર મિનિટ બાકી છે. હું ગુજરાતની વાત કરું તો એગ્રિકલ્ચર બાદ સૌથી મોટો રોજગારી આપતો બીજો ઉદ્યોગ હોય તો તે ટેક્સટાઇલ ઉદ્યોગ છે. આખા દેશમાં જે ફેબ્રિક્સ પૂરું પાડે છે તે સુરતની અંદર આજે ૨૫ લાખ કરતાં વધારે કામદારો ટેક્સટાઇલ ઉદ્યોગની અંદર કામ કરી રહ્યાં છે. ગુજરાતની અંદર ડાયમંડનું પ્રોડ્યુસિંગ સુરતની અંદર થાય છે. તે સુરતમાં ૭૦ ટકા કરતાં વધારે ડાયમંડ પ્રોડ્યુસિંગ થઇ રહ્યું છે. મારે નાણામંત્રીનો આભાર માનવો છે, માનનીય બ્રિજેશભાઇ મેરજા જયારે બાજુમાં બેઠા છે અને ગતવર્ષે માનનીય નીતિનભાઇ સાહેબે ૫૦૦ કરોડ રૂપિયા મોરબીની જી.આઇ.ડી.સી. માટે ફાળવ્યા હતા. આ વખતે પણ સિરામિક પાર્ક બનાવવા માટે ૪૦૦ કરોડ રૂપિયા વૈશ્વિક લેવલની ઇન્ડસ્ટ્રીઝ બનાવવા માટે ફાળવ્યા છે. ભારત સરકાર દ્વારા જાહેર કરેલ નેશનલ હાઇડ્રોજન મિશન અને વિવિધ પ્રોડકશન લિંક ઇન્સેન્ટિવ સ્કીમને સુસંગત પસંદ કરેલા સેકટરોમાં મોટા પ્રમાણમાં રોજગારી ઉભી કરવા માટે મૂડી રોકાણોને આકર્ષવા માટે નવી ઔદ્યોગિક પ્રોત્સાહન અંગેના સંશોધન અને ગ્રીન ઇનોવેશન ફંડ તરીકે આ વખતની જોગવાઇમાં રૂપિયા ૫૦ કરોડની જોગવાઇ કરી છે. સંશોધન અને વિકાસ નીતિ વર્ષ ૨૦૨૦ અંતર્ગત સંશોધન અને પ્રોડકશન ડેવલપમેન્ટ સેન્ટર સ્થાપવા માટે રૂપિયા ૨૦ કરોડની જોગવાઇ કરી છે. અહીં માનનીય મુકેશભાઇ અને માનનીય જીતુભાઇ બેઠા છે ત્યારે કહું તો મત્સ્યોદ્યોગને પ્રોત્સાહન અને તેની નિકાસને વેગ આપવા માટે નવા પાંચ સી-ફૂડ પાર્કની સ્થાપના કરવાનું આયોજન કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના ખેડૂતો જે અલગ અલગ પાક ઉગાડી રહ્યા છે તેના માટે એગ્રો અને ફૂડ પ્રોસેસિંગ પાર્કની આ વખતના બજેટની અંદર જોગવાઇ કરીને તેના અલગ અલગ આયોજન કરવામાં આવ્યા છે. હું કહીશ કે, આખા ભારતમાં લગભગ ૬૦ લાખ ૯૧ હજાર ૧૬૧ એકમો છે તેમાં ગુજરાતની અંદર ૫ લાખ ૦૮ હજાર ૫૫૦ ઉદ્યોગો છે. જેના કુલ એમ.એસ.એમ.ઇ.ના ઉદ્યોગો માટે એવું કહેવાય કે ૧૧.૯૭ ટકા ઉદ્યોગો માત્ર ગુજરાતની અંદર છે. વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડકટની વાત કરું તો દેશના વિઝનરી વડાપ્રધાને જે વાત કરી હતી કે દરેક જિલ્લાની અલગ પ્રોડકટ હોવી જોઇએ. માનનીય વિરજીભાઇ ઠુમ્મર બેઠા છે ત્યારે કહીશ, શ્રી પરેશભાઇ ધાનાણી અમરેલીના ધારાસભ્ય હાજર છે નહીં, પણ આજે ગુજરાતની અંદર તમામ સભ્યોએ ક્રેડિટ લેવાની વાત છે કે, ગુજરાતમાં કચ્છના અબડાસામાં સોંય બનાવવાની એટલે કે પીન બનાવવાની ફેકટરી છે. ત્યાંથી અમરેલી આવીએ તો એરોપ્લેન બનાવવાની કંપની પણ ગુજરાતમાં છે. માનનીય મુખ્યમંત્રીશ્રીના મત વિસ્તાર ઓગણજમાં આંખના લેન્સ બનાવવાની ફેકટરી છે. આંખના લેન્સ પહેલાં આપણે ઇમ્પોર્ટ કરતા હતા. જયારે અમારા સુરતના જેટલા મિત્રો બેઠા છે તેમને કહીશ કે, સુરત હજીરા ખાતે ડિફેન્સ પોલિસીમાં ચેઇન્જ આવ્યા બાદ એલ એન્ડ ટી કંપનીએ ટેન્ક બનાવવાનું શરૂ કર્યું છે અને આજે ૪૦-૪૦ ટેન્ક બને છે. આપણા જ સાથી ધારાસભ્યશ્રી જગદીશભાઇ પટેલની કઠવાડાની ફેકટરીમાં તે ટેન્કના હેડ પણ બની રહ્યા છે. આ આપણા સૌના માટે આનંદની વાત છે. ગુજરાતમાં ૩૫ લાખથી વધુ

એમ.એસ.એમ.ઇ. ઇન્ડસ્ટ્રીઝની સ્થાપના થઇ છે. જે ભારતના કુલ એમ.એસ.એમ.ઇ. ઉદ્યોગમાં ૯.૧ ટકા જેટલા છે. મને એવું કહેતાં ચોક્કસ આનંદ થાય છે કે, હમણા કોંગ્રેસના મિત્રો વાતો કરતા હતા અને કાલે પણ કહેતા હતા કે, હોપલેસ બજેટ, મૂડલેસ બજેટ, જોબલેસ બજેટ.

માનનીય અધ્યક્ષશ્રી, હું વાત કરીશ કે, ખેડા જિલ્લામાં દૂધ સહકારી સંઘ અમૂલ ડેરીની સ્થાપના ચોક્કસ ૧૪ ડિસેમ્બરે ૧૯૪૬માં શ્રી ત્રિભોવનકાકાએ કરી હતી એ વિઝન પણ આપણા સૌના લાડીલા સરદાર વલ્લભભાઇ પટેલનું હતું અને હું મેડિકલની વાત કરું તો મેડિકલની જે સીટો છે એ વર્ષ ૨૦૦૨ પહેલાં ૧,૨૭૫ હતી આજે વધીને ૫,૭૦૦ સીટો થઇ છે. ગુજરાતમાં એન્જિનિયરિંગની સીટોની વાત કરીએ તો જે રીતે કૌશલ્યવર્ધન વિદ્યાર્થીઓ ભણી રહ્યા છે અને જે રીતે ઇન્ડસ્ટ્રીઝ આવી રહી છે, એ આજે જુઓ તો ૬૫,૦૦૦ કરતા વધારે સીટો છે. માનનીય નરેન્દ્રભાઇએ શું કર્યું અને કોંગ્રેસે શું કર્યું એનો ખાલી હિસાબ આપું તો ક્રાંતિગુરુ શર્માજી-ક્રિષ્ના વર્મા યુનિવર્સિટી વર્ષ ૨૦૦૩માં નરેન્દ્રભાઇ મોદીએ કરી, ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી (જી.ટી.યુ.)ની સ્થાપના વર્ષ ૨૦૦૭માં શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કરી, ચિલ્ડ્રન યુનિવર્સિટીની સ્થાપના વર્ષ ૨૦૦૯માં શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કરી, મારા ટ્રાયબલ ભાઇઓ માટે બિરસામુંડા યુનિવર્સિટીની સ્થાપના વર્ષ ૨૦૧૭માં શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કરી, નેશનલ રેલ ટ્રાન્સપોર્ટ ઇન્ડસ્ટ્રીઝની સ્થાપના વર્ષ ૨૦૧૮માં શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કરી, ગુજરાત લો યુનિવર્સિટીની સ્થાપના વર્ષ૨૦૦૩માં શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કરી. વાઇબ્રન્ટની શરૂઆત, આખા દેશમાં વાઇબ્રન્ટની શરૂઆત વર્ષ ૨૦૦૩માં શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કરી, એસ.પી. રીંગ રોડ વર્ષ ૨૦૦૪માં શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કર્યો અને ગિફ્ટ સિટી, આખા દેશમાં આપણે કદાચ કોલર ઉંચો કરીને ફરી શકીએ એ ગિફ્ટ સિટીની સ્થાપના વર્ષ ૨૦૦૪માં શ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ કરી, ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી, આખા દેશમાં સારામાં સારી ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીની સ્થાપના વર્ષ ૨૦૦૮માં નરેન્દ્રભાઇ મોદીએ કરી, ધોલેરા સરની સ્થાપના વર્ષ ૨૦૧૧માં શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કરી, આઇ-ક્રીએટ, કોઇ પણ વિદ્યાર્થીને વિચાર આવે કે મારે રોકેટ બનાવવું છે, મારે પ્લેન બનાવવું છે, મારે એ.કે.૪૭ બનાવવી છે, મારે વિંડમીલ બનાવવી છે એનો પ્રોજેકટ માત્ર રજૂ કરે અને આઇ-ક્રીએટમાં જઇ અને પ્રોજેકટ મૂકે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની શ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકાર, શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર એ દીકરા-દીકરીઓને પ્રોજેકટ બનાવવા માટે ત્યાં આખું સેન્ટર ઉભું કર્યું છે ત્યારે હું કોંગ્રેસના મિત્રોને ચોક્કસ કહીશ કે, આવો મારી સાથે આપણે આઇ-ક્રીએટ જોવા માટે જઇએ અને આઇ-ક્રીએટની અંદર તમારાં મારાં બાળકો અને તમારા મારા મત વિસ્તારના વિદ્યાર્થીઓ જે પ્રોજેકટ બનાવે છે અને દેશના વડાપ્રધાનનું આ સ્વપ્ન હતું કે મારા ગુજરાતનો વ્યક્તિ સાયન્ટિસ્ટ બની શકે એ લેવલનું આખું ઇન્ફ્રાસ્ટ્રક્ચર આઇ-ક્રીએટનું ઉભું કર્યું છે અને હું આપને બધાને કહું છું કે આવો બધા આપણે સૌ આઇ-ક્રીએટમાં જઇએ અને આપણા ગુજરાતના વિદ્યાર્થીઓ શું કરી શકે છે એ ચોક્કસ જોઇએ. મગજમાં કોઇ પણ પ્રોજેકટ આવે તો એ પ્રોજેકટ આપણે આઇ-ક્રીએટમાં જઇને પરિપૂર્ણ કરી શકીએ છીએ. એ જ રીતે મહાત્મા મંદિરની સ્થાપના, આપણે બધા ગૌરવ લઇએ છીએ. વર્ષ ૨૦૧૦માં એની શરૂઆત થઇ અને વર્ષ.૨૦૧૧માં એનું ઓપનિંગ થયું. સ્ટેચ્યુ ઓફ યુનિટી, વર્ષો સુધી સરદાર પટેલ અમારા, અમારા કહીને તમે વાતો કરી, પણ સાચા અર્થમાં દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ જે રીતે હાઇટ આપી છે અને કદાચ ૮૦ લાખ કરતા પણ વધારે પ્રવાસીઓએ મુલાકાત લીધી છે એ સ્ટેચ્યુ ઓફ યુનિટીની સ્થાપના પણ વર્ષ ૨૦૧૩માં થઇ અને વર્ષ ૨૦૧૮માં એનું ઇનોગ્રેશન થયું. મેટ્રો ટ્રેન વર્ષ ૨૦૧૫માં એનું ખાત મુહૂર્ત થયું અને વર્ષ ૨૦૧૯માં અમારા શ્રી પ્રદીપસિંહજીના વિસ્તારમાં શરુ થઇ ગઇ છે. બુલેટ ટ્રેન વર્ષ ૨૦૧૭માં એના પાયા ખોદાયા અને આવનારા દિવસોમાં બુલેટ ટ્રેન પણ ફરતી થઇ જશે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, વિશ્વનું સૌથી મોટું સ્ટેડિયમ શ્રી અમિતભાઇની નિગરાણી હેઠળ આપણા અમદાવાદમાં બન્યું છે. સાથે સાથે કહીશ માનનીય સભ્યશ્રીઓને કે ૩૭૦ની કલમ માટે કોંગ્રેસે શું કર્યું? તો જવાહરલાલ નહેરુએ ૩૭૦ની કલમ કાશ્મીરમાં નાંખી એને દૂર કરવાનું કામ જો કોઇએ કર્યું હોત એ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ અને અમિતભાઇ શાહે કર્યું છે. હું કહીશ કે વર્ષો સુધી હિન્દુઓ તરસતા હતા અને ૧૩૦ કરોડ હિન્દુઓ જે રામ મંદિરની ઝંખના લઇને બેઠા હતા એ રામ મંદિરનો પાયો નાંખવાનું કામ પણ ભારતીય જનતા પાર્ટીની સરકારે ૫ ઓગસ્ટ ૨૦૨૦ના દિવસે કર્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટની વાતો કરું તો કદાચ એવું કહીશ.. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ આપની વાત પૂરી કરો.

શ્રી જગદીશ વિશ્વકર્મા :માનનીય અધ્યક્ષશ્રી, આપને કહીશ કે કાળો કાયદો તે ભારતીય જનતા પાર્ટીની સરકાર કે શ્રી નરેન્દ્રભાઇ નહોતા લાવ્યા એ કટોકટી કદાચ લાવી હોય તો કોંગ્રેસના માનનીય વડાપ્રધાન શ્રીમતી ઇંદિરા ગાંધી લાવ્યા હતા તે ભારતીય જનતા પાર્ટીની સરકાર નહોતી લાવી. અમે તો વિકાસની રાજનીતિ ઉપર ગુજરાતની પ્રજાએ વોટ આપ્યા છે, ભારતની પ્રજાએ વોટ આપ્યા છે અને શ્રી નરેન્દ્રભાઇ માટે એવું કહેવાય છે કે,

**"પ્રારબ્ધને અહીંયા ગાંઠે કોણ, હું પડકાર ઝીલનારો માણસ છું.**
**હું તેજ ઉછીનું લઉં નહિ, હું જાતે બળતું ફાનસ છું.**
**ઝળહળતાનો મહોતાજ નથી, મને મારું અંજવાળું પૂરતું છે.**
**અંધકારના વમળને કાપે કોણ, કમળ તેજ પૂરતું છે.**
**ધુમ્મસમાં મને રસ નથી, હું ખુલ્લો અને નિખાલસ છું.**
**પ્રારબ્ધને અહીંયા ગાંઠે કોણ, હું પડકાર ઝીલનારો માણસ છું ."**

તા. ૧૫મી માર્ચ ૨૦૨૨

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા(ત્રીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આ બધી જે વાતને પૂરવાર કરી છે અને એટલા માટે જ આજે ગુજરાતની અંદર નહીં પણ સમગ્ર દેશની અંદર સમગ્ર પ્રજા વોટ આપી રહી છે અને એ વાતનો આનંદ છે. માનનીય કનુભાઇ જે બજેટ લઇને આવ્યા છે તે મારા કલાઇમેટ ચેન્જ વિભાગ માટે હું ચોક્કસ કહીશ એક દીકરીએ સરસ એક પોયમ લખી છે અને કદાચ વન વિભાગ અને કલાયમેટ વિભાગ પણ હું અને માનનીય કિરીટસિંહ સંભાળીએ છીએ ત્યારે એવું કહીશ,

**"सोचो तो क्युं है आज, सहेमा सहेमा सा पानी,**
**ये चुपचाप पानी क्युं? चलो बदल दें ये कहानी,**
**बचा लें निशानी हम, पुछेंगी धरती हम से,**
**तब कहां थे तुम, नदी रो रही थी, तब कहां थे तुम,**
**स्वच्छता और पानी, हम को बचानी है ज़िंदगी।"**

માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે જ આ વખતે નાણામંત્રીશ્રી બજેટની અંદર જે ડીપ ડિસ્ચાર્જ એટલે જે ઇન્ડસ્ટ્રીઝો અહીંયા આવી છે તેના કેમિકલના પાણીથી નદીઓ પ્રદૂષિત ના થાય એટલા માટે ડીપ ડિસ્ચાર્જ માટે પણ લગભગ રૂપિયા ૪૮૦ કરોડની જોગવાઇ માનનીય કનુભાઇ નાણામંત્રીશ્રીએ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું એવું કહીશ કે રીન્યુએબલ એનર્જી આખો દેશ ગમે ત્યારે વરસાદ આવે, ગમે ત્યારે વાવાઝોડું આવે ત્યારે વર્ષ ૨૦૦૯માં આખા દેશની અંદર ક્લાયમેટ ચેન્જ વિભાગ કોઇ રાજયની અંદર શરૂ થયો હોય તો એ ગુજરાતની અંદર થયો હતો અને તેના વિષે પુસ્તક પણ લખાયુ  હોય તો એ ગુજરાતમાં બેસતા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી તત્કાલીન મુખ્યમંત્રીશ્રીએ લખ્યુ હતું અને એટલા માટે જ વારે ઘડીયે કદાચ અમારા દરેક સભ્યના મનમાં તે શ્રી નરેન્દ્ર મોદી, શ્રી નરેન્દ્ર મોદી આવે છે. કદાચ અમે લોકો દિવસે બોલીએ છીએ પણ તમે રાત્રે સપનામાં ઉંઘતા હશો તો પણ તમને થતું હશે કે વિકાસ તો કોણે કર્યો ? તો શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કર્યો એવો વિચાર તમને બધાને ચોક્કસ આવતો હશે.

માનનીય અધ્યક્ષશ્રી, રીન્યુએબલ એનર્જી ઉત્પાદનમાં આખા દેશમાં રીન્યુઅલ એનર્જીની વાત કરું તો ગુજરાત ત્રીજા સ્થાને છે. ગુજરાત સુવર્ણ પોલિસી વર્ષ ૨૦૦૯-૧૦માં જયારે આખા દેશમાં કોઇ નહોતું લાવ્યું ત્યારે ગુજરાતની અંદર વર્ષ ૨૦૦૯-૧૦માં આપણે લાગુ કરી હતી. વર્ષ ૨૦૧૫ અને વર્ષ ૨૦૨૨માં તેને સુધારવામાં આવી મને જણાવતાં આનંદ થાય છે કે, ઘણા બધા ધારાસભ્યશ્રીઓએ પોતાના ઘર પર રૂફટોપની આ પેનલ લાગેલી હશે અને તેના કારણે નાના પરિવારોને કારણે તેમની વીજળીની બચત થાય છે. ૩ લાખ ઉપરાંત ઘરોમાં સોલાર રૂફટોપ સ્થાયી થઇ છે, એટલે ૧,૬૮૦ મેગાવોટની ક્ષમતા મેળવી રાજય સરકાર દેશમાં પ્રથમ સ્થાને છે. માનનીય કનુભાઇ જે બજેટ લાવ્યા છે તેની વિશેષતા શું છે ? સવા લાખ ઘરોને આ યોજનાનો આ વખતે લાભ મળવાનો છે અને રૂપિયા ૮૨૫ કરોડની જોગવાઇ તેમાં કરી છે. ખાનગી રહેઠાંણ અને મકાનોમાં સોલાર પેનલ લગાવવા માટે ૩ કિલો વોટ સુધી ૪૦ ટકા સબસિડી અને ૩ ટકા ૧૦ કિલો મેગાવોટ સુધી લગભગ ૨૦ ટકા સબસિડી આપવાનો અમારી સરકારે નિર્ણય લીધો છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારી મકાનો, સરકારી શાળા, કોલેજ, હોસ્પિટલના મકાન ઉપર સોલાર રૂફટોપ સ્થાપિત કરી ૧૦ મેગાવોટની ક્ષમતા ઉભી કરવા માટે લગભગ રૂપિયા ૩૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. જે પણ લોકોને હોસ્પિટલો અમારા શ્રી વલ્લભબાપા અહીંયા બેઠા છે અને ખૂબ સરસ હોસ્પિટલ બનાવી છે, ઓછા દરે સેવા પણ કરી રહ્યા છે. માનનીય અરવિંદભાઇ પણ ચલાવી રહ્યા છે, જે લોકો સેવાકીય પ્રવૃત્તિઓથી હોસ્પિટલ ચલાવે છે, તેમના હોસ્પિટલના બિલ વધુ ના આવે તેના માટે પણ સરકાર આ રૂફટોપની યોજના લઇ આવી છે. વિન્ડ પાવર પોલિસીની વાત કરું. વર્ષ ૨૦૧૬માં આ કેપ્ટીવ વપરાશને પ્રોત્સાહન આપવા માટે વિન્ડ એનર્જીમાં ૮.૯ ગીગાહોટની ક્ષમતા સાથે ગુજરાત આખા રાજયમાં બીજા સ્થાને છે. એટલે એવું કહેવાય કે અમારા નાણામંત્રીશ્રી કનુભાઇ સાહેબ જે બજેટ લઇને આવ્યા છે તેને અમે આવકારીએ છીએ, સમર્થન આપીએ છીએ અને કોંગ્રેસના મિત્રોને પણ કહું છું આવો સૌ સાથે મળી આ બજેટને આપણે આવકારીએ.

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૨-૩૦  વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બપોરના ૩-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા. ૧૫મી માર્ચ, ૨૦૨૨**
**ફાલ્ગુન-૨૪, ૧૯૪૩ શાકે**
**બીજી બેઠક**
**સભાગૃહ બપોરના ૩-૩૦ વાગ્યે મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી ડો. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**
**તારાંકિત પ્રશ્નો**

**અમદાવાદ અને વડોદરા જિલ્લામાં લઘુમતી વર્ગના વિદ્યાર્થીઓને પ્રિ-મેટ્રિક શિષ્યવૃતિ**

* ૪૩૩૧૫ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને વડોદરા શહેર/જિલ્લામાં લઘુમતી વર્ગના વિદ્યાર્થીઓની પ્રિ-મેટ્રિક અને પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃતિ મેળવવા કેટલી અરજીઓ મળી,

(૧)

| ક્રમ નં. | જિલ્લો | વર્ષ | મળેલ અરજીઓ |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨૦૨૦ | ૪૬૯૮૧ |
| | | ૨૦૨૧ | ૬૯૧૧૧ |
| ૨ | વડોદરા | ૨૦૨૦ | ૨૧૩૬૨ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૨)

| ક્રમ નં. | જિલ્લો | વર્ષ | મંજૂર અરજીઓ |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨૦૨૦ | ૪૫૯૦૭ |
| | | ૨૦૨૧ | ૬૮૦૯૪ |
| ૨ | વડોદરા | ૨૦૨૦ | ૨૧૦૭૧ |

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ ક્યા કારણોસર પડતર છે, અને

(૩) કોઇ અરજીઓ પડતર નથી.

(૪) પડતર અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

(૪) કોઇ અરજીઓ પડતર નથી.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ભારત સરકારની પ્રિ-મેટ્રિક સ્કોલરશિપની આવક મર્યાદા ફક્ત રૂપિયા ૧ લાખની છે. આપણે બધા જાણીએ છીએ કે ગુજરાતમાં ગ્રામ્ય વિસ્તારમાં રૂપિયા ૧ લાખ ૨૦ હજાર અને શહેરી વિસ્તારમાં દોઢ લાખથી ઓછા આવકના દાખલા મળતા નથી. આથી વિદ્યાર્થીઓ આ યોજના હેઠળ ફોર્મ ભરી શકતા નથી અને લાભથી વંચિત રહી જાય છે. ઘણી બધી યોજનાઓમાં આવકમાં વધારો કર્યો છે તો હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે, આ સ્કીમની આવક મર્યાદા રૂપિયા ૧ લાખ છે તેને વધારવા માગો છો કે કેમ? અને આ બાબત કેન્દ્ર સરકારમાં રજૂ કરી છે? અને કરી છે તો ક્યારે કરી છે? મેં ઘણી વખત માનનીય મંત્રીશ્રીને લેખિતમાં પણ રજૂઆત કરી છે. પહેલાં સ્કોલરશિપમાં એમ.પી., એમ.એલ.એ.ના આવકના દાખલા ચાલતા હતા. વર્ષ ૨૦૧૭માં વિશેષ પરિપત્ર પણ થયો હતો પરંતુ તે પછીથી બંધ કરવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓને સહેલાઈથી સ્કોલરશિપ મળી રહે એટલા માટે એમ.પી., એમ.એલ.એ.ના આવકના દાખલા માન્ય રાખવા માગો છો કે કેમ? વર્ષ ૨૦૨૦-૨૧માં સ્કોલરશિપ માટેની જે અરજીઓ મળેલ હતી તેમાં અમદાવાદ જિલ્લામાં લગભગ ૧,૧૦૦ જેટલી અરજીઓ નામંજૂર કરવાનાં કારણો શું છે? અને આ બાબતે રાજ્ય સરકાર કેન્દ્ર સરકાર સાથે ચર્ચા વિચારણા કરી વધુ વિદ્યાર્થીઓને લાભ મળે, તેનો ક્વોટા વધારવા માટે કોઈ રજૂઆત કરવા માગો છો કે કેમ?

શ્રી આર.સી. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, સભાગૃહના સિનિયર સભ્ય આદરણીય ગ્યાસુદ્દીનભાઈ શેખે જે પ્રશ્ન પૂછ્યો છે તેના જવાબમાં રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર આ બંને જગ્યાએ લઘુમતી સમાજના વિદ્યાર્થીઓ પ્રિ-મેટ્રિક અને પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ માટે અરજી કરી શકે છે. અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૨૦માં ૪૬,૯૮૧, વર્ષ ૨૦૨૧માં ૬૯,૧૧૧, વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૨૦માં ૨૧,૩૬૨, વર્ષ ૨૦૨૧માં ૨૨૫૪૨ અરજીઓ આવી છે. જે પૈકી અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૨૦માં ૪૫૯૦૭ અને વર્ષ ૨૦૨૧માં ૬૮,૦૯૪ અને વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૨૦માં ૨૧,૦૭૧ અને વર્ષ ૨૦૨૧માં

૨૨,૪૧૫ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે. માનનીય સભ્યશ્રી ગ્યાસુદ્દીનભાઇએ બીજો પ્રશ્ન પૂછ્યો છે કે ૧૧૦૦ કરતાં વધારે અરજીઓ નામંજૂર કરવામાં આવી છે, તો આવા કિસ્સામાં અન્ય રાજ્યના વિદ્યાર્થીઓ હોવાના કારણે બીજી યોજના હેઠળ શિષ્યવૃત્તિ મેળવેલ હોવાના કિસ્સામાં અરજીઓ નામંજૂર થાય છે. શિષ્યવૃત્તિ માટેના જરૂરી આધાર શાળા અને કૉલેજમાં સમય મર્યાદામાં પહોંચતા ન કર્યા હોય તો પણ અરજીઓ નામંજૂર થાય છે અને નિયત આવક મર્યાદાથી વધુ આવક હોય તો એવા કિસ્સાની અંદર આ ૧૧૦૦ કરતાં વધારે અરજીઓ નામંજૂર થઇ છે. આવક મર્યાદાની બાબતમાં માનનીય સભ્યશ્રીએ પૂછ્યું છે તો, એ એમનું સૂચન છે અને એમને હું પાછળથી જણાવીશ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે અને સરકારશ્રીનું પણ ધ્યાન દોરવા માગું છું કે, શિષ્યવૃત્તિ અંગેની જે આવક મર્યાદા છે, એ આવક મર્યાદાનું જે ધોરણ છે, એ એસ.સી., એસ.ટી., ઓ.બી.સી.નું કે લઘુમતી સમાજનું ધોરણ હોય, ચારેય ચારના ધોરણો રકમ રૂપિયા ૧ લાખથી માંડીને રકમ રૂપિયા ૮ લાખ, અલગ અલગ બધી જગ્યાએથી આવક મર્યાદા નક્કી કરવામાં આવી છે. સરકારશ્રીને મારું સૂચન છે અને વિનંતી પણ કરું છું કે, આ આવક મર્યાદાના ધોરણોના કારણોસર એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. અને માઇનોરિટી કોઇપણ હોય એ વિદ્યાર્થીઓને જે રિયલમાં લાભ મળવો જોઇએ, એ લાભ મળતો નથી તો એના માટે સરકાર કોઇ વિચારણા કરે છે કે કેમ?

શ્રી આર.સી. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, એમનું સૂચન છે, મેં અગાઉ પણ કીધું છે અને નોટિસ આપશે તો એમને પાછળથી જવાબ આપીશ.

શ્રી રાકેશભાઇ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન વર્ષ ૨૦૨૦ અને વર્ષ ૨૦૨૧માં પ્રિ-મેટ્રિક અને પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ અંગેનો છે. મને કહેતાં આનંદ થાય છે કે, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે, મળવાપાત્ર બધી અરજીઓ મંજૂર કરી છે તો એ બદલ માનનીય મંત્રીશ્રીનો તો આભાર માનું જ છું. કોરોનાના વિપરીત કાળમાં પણ વિદ્યાર્થીઓ શિક્ષણ અને શિષ્યવૃત્તિથી વંચિત ન રહે એ માટે વર્ષ ૨૦૨૦ અને વર્ષ ૨૦૨૧માં એમને બધાને શિષ્યવૃત્તિઓ આપી છે. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જાણવું છું કે, આ જે લઘુમતી સમાજના વિદ્યાર્થીઓ માટે રાજ્ય સરકારની કઇ યોજનાઓ અમલમાં છે? અને એમાં વિદ્યાર્થીઓને કયા દરે શિષ્યવૃત્તિ આપવામાં આવે છે? અને ગત વર્ષમાં એટલે કે વર્ષ ૨૦૨૧-૨૨માં કેટલા વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ મળી છે?

શ્રી આર.સી. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ખૂબ સારો પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે. રાજ્ય સરકારની શિષ્યવૃત્તિ યોજનામાં પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ, ધોરણ ૧ થી ૧૦, રાજ્ય સરકારની પોસ્ટ મેટ્રિક એટલે કે ટેકનીકલ અને વ્યવસાયિક અભ્યાસક્રમ માટેની સ્વામી વિવેકાનંદ યોજના હેઠળની જે શિષ્યવૃત્તિ અને રાજ્ય સરકારના શિષ્યવૃત્તિના જે દર છે, એમાં પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનામાં ધોરણ ૧ થી ૮માં કુમારને વાર્ષિક રકમ રૂપિયા ૫૦૦/- અને ધોરણ ૯થી ૧૦માં કુમારને વાર્ષિક રકમ રૂપિયા ૭૫૦/-શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. કન્યાને ધોરણ ૧થી ૫માં વાર્ષિક રકમ રૂપિયા ૫૦૦/- અને ધોરણ ૬થી ૧૦માં વાર્ષિક રકમ રૂપિયા ૭૫૦/- શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. રાજ્ય સરકારની પોસ્ટ મેટ્રિક જે સ્વામી વિવેકાનંદની યોજના છે, એમાં સરકારી આઇ.ટી.આઇ. અને પોલિટેકનિકમાં અભ્યાસ કરતાં, લઘુમતી જાતિના વિદ્યાર્થીઓને માસિક રકમ રૂપિયા ૫૦૦/- લેખે અને વાર્ષિક રકમ રૂપિયા ૪,૮૦૦/- સ્ટાઇપેન્ડ પેટે ચૂકવવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ વર્ષ ૨૦૨૧-૨૨માં ચૂકવાયેલી કુલ રકમ માટેની માહિતી માંગી છે તો, પ્રિ-મેટ્રિક વર્ષ ૨૦૨૧-૨૨માં ફેબ્રુઆરી અંતિત, વિદ્યાર્થીઓને જે શિષ્યવૃત્તિ ચૂકવાયેલી છે, એમાં ૩ લાખ ૬૫ હજાર ૨૪૫ છે અને શિષ્યવૃત્તિની રકમ રૂપિયા ૨,૧૨૮.૩૮ લાખ છે. એ જ રીતે પોસ્ટ મેટ્રિકમાં વર્ષ ૨૦૨૧-૨૨ના ફેબ્રુઆરી અંતિત, ૩ લાખ ૬૫ હજાર ૩૨૨ એમને પણ શિષ્યવૃત્તિની રકમ રૂપિયા ૧૬.૩૦ લાખ છે. એમ કુલ મળીને કુલ ૭ લાખ ૩૦ હજાર ૫૬૭ અને શિષ્યવૃત્તિની રકમ રૂપિયા ૨,૧૪૪.૬૮ લાખ ચૂકવવામાં આવેલ છે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપની મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, રાજ્ય સરકારશ્રીની પ્રિ-મેટ્રિક તથા પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ સહાય મેળવવા માટે વિદ્યાર્થીઓને કેવી રીતે અરજી કરવાની રહે છે? અને આવી અરજીઓ કરવાની કાર્યપદ્ધતિ શું છે?

શ્રી આર. સી. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, બહેને જે પ્રશ્ન પૂછયો છે કે કાર્યપદ્ધતિ શું છે? પ્રિ-મેટ્રિકશિષ્યવૃત્તિ સહાયની યોજનાનો અમલ એ ગુજરાત સરકારના ડિજિટલ ગુજરાત પોર્ટલ પર ઓન લાઇન કરવામાં આવે છે. પ્રાથમિક શાળાના આચાર્યશ્રીઓ દ્વારા જે તે સરકારી ગ્રાન્ટ-ઇન-એઇડ અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા, એટલે કે આશ્રમશાળાના વિદ્યાર્થીઓને ડિજિટલ ગુજરાત પોર્ટલ ઉપર બેંક એકાઉન્ટ સાથેની ઓન લાઇન એન્ટ્રી કરવામાં આવે છે. જે વિદ્યાર્થીઓની આચાર્યશ્રીઓએ ઓન લાઇન અરજી એન્ટ્રી કરી હોય તે વિદ્યાર્થીઓ જે તે જાતિના હોય અને જે યોજના લાગુ પડતી હોય તે યોજનામાં આચાર્યશ્રી દ્વારા વિદ્યાર્થીઓની ઓન લાઇન દરખાસ્તો જિલ્લા કચેરીને મોકલી આપવામાં આવે છે. પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનામાં વિદ્યાર્થીએ ઓન લાઇન અરજી કરવાની, શાળા-કોલેજના આચાર્યશ્રીઓ દ્વારા ચકાસણી કરી જિલ્લા કચેરીને મોકલી આપવામાં આવે છે. જિલ્લા કક્ષાએ ઓન લાઇન દરખાસ્તોની ચકાસણી કરી તેને મંજૂર કરી તેને ઓનલાઇન બિલો બનાવવામાં આવે અને જિલ્લા તિજોરીમાં ઓનલાઇન બિલો મોકલી મંજૂર કરેલી શિષ્યવૃત્તિ સહાયની રકમ વિદ્યાર્થી અથવા તેમના વાલીમાં વેરીફાઇ થયેલા બેંક એકાઉન્ટમાં સીધી ડી.બી.ટી.ના માધ્યમથી ઇ-પેમેન્ટથી જમા કરવામાં આવે છે.

## તારાંકિત પ્રશ્નો

શ્રીમતી સીમાબેન અ. મોહીલે : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે લઘુમતી જાતિઓના વિદ્યાર્થીઓ માટેની રાજય સરકારની પ્રિ-મેટ્રિકશિષ્યવૃત્તિ યોજના કયારથી શરૂ કરવામાં આવી અને છેલ્લાં દસ વર્ષમાં યોજનામાં આવક મર્યાદામાં કોઇ સુધારા કરવામાં આવેલ છે કે કેમ?

શ્રી આર. સી. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, બહેને જે પ્રશ્ન પૂછયો છે કે કયારથી આ યોજના અમલી બની છે, આ યોજનાની શરૂઆત વર્ષ ૧૯૮૦-૮૧ની અંદર કરવામાં આવેલી છે. યોજનાને પાત્રતા માટેની આવક મર્યાદામાં છેલ્લાં ૧૦ વર્ષમાં ઘણા બધા સુધારા કરવામાં આવેલા છે. વર્ષ ૨૦૧૧માં પ્રિ-મેટ્રિકશિષ્યવૃત્તિ યોજનામાં ગ્રામ્ય વિસ્તાર માટે રૂપિયા ૨૦ હજાર અને શહેરી વિસ્તાર માટે રૂપિયા ૨૫ હજાર આવક મર્યાદા નકકી થયેલી હતી. એમાં સુધારો કરીને વર્ષ ૨૦૧૨માં પ્રિ-મેટ્રિકશિષ્યવૃત્તિ યોજના અંતર્ગત આવક મર્યાદામાં વધારો કરી અને ગ્રામ્ય માટે રૂપિયા ૨૭ હજાર અને શહેરી વિસ્તાર માટે રૂપિયા ૩૬ હજાર કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૪માં પ્રિ-મેટ્રિકશિષ્યવૃત્તિ યોજના અંતર્ગત આવક મર્યાદામાં ફરીવાર વધારો કરીને રૂપિયા ૪૭ હજાર ગ્રામ્ય વિસ્તાર માટે અને રૂપિયા ૬૮ હજાર શહેરી વિસ્તાર માટે કરવામાં આવેલ એવી જ રીતે વર્ષ ૨૦૧૫માં પણ તા.૧૩-૧૦-૧૫થી ધોરણ ૧થી ૮ પ્રિ-મેટ્રિકશિષ્યવૃત્તિ યોજના અંતર્ગત આવક મર્યાદા નાબૂદ કરવામાં આવેલી છે અને હાલમાં તા. ૨૪-૧૦-૨૦૧૭ના ઠરાવથી ધોરણ ૯થી ૧૦ની પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના ગ્રામ્ય વિસ્તાર માટે રૂપિયા ૧ લાખ ૨૦ હજાર અને શહેરી વિસ્તાર માટે રૂપિયા ૧ લાખને ૫૦ હજાર એ રીતે ઠરાવવામાં આવેલ છે.

### રાજયનું જાહેર દેવું

* ૪૩૧૭૪ **શ્રી પુંજાભાઇ વંશ** (ઉના) : **માનનીય નાણામંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજયનું જાહેર દેવું કેટલું છે,

(૨) તે અન્વયે છેલ્લા બે વર્ષમાં મૂડી પેટે અને વ્યાજ
Hb-919 (Sis-10)-2022 આવી, અને

(૩) ઉક્ત જાહેર દેવાના વ્યાજ દરો શાં છે ?

**જવાબ**

(૧)

| નાણાકીય વર્ષ | કુલ બાકી જાહેર દેવું (રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ (સુ.અ) | ૩,૦૦,૯૬૩ |

(૨)

| વિગત | ૨૦૧૯-૨૦ | ૨૦૨૦-૨૧ (સુ.અ) |
|---|---|---|
| ચુકવેલ વ્યાજ (રૂ.કરોડમાં) | ૨૦,૨૯૩ | ૨૨,૦૯૯ |
| ચુકવેલ મુદ્દલ (રૂ.કરોડમાં) | ૧૬,૭૦૧ | ૧૭,૯૧૮ |

(૩)

| વિગત | સરેરાશ ભારીત વ્યાજદર (%) |
|---|---|
| નાણાકીય સંસ્થાઓની લોન | ૪.૯૬% |
| બજાર લોન | ૭.૮૫% |
| એન.એસ.એસ.એફ. લોન | ૯.૫૫% |
| કેન્દ્રિય દેવું | ૨.૨૯% |

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે એમાં વર્ષ ૨૦૨૦-૨૧ની સ્થિતિએ ૩,૦૦,૯૬૩ કરોડ રૂપિયાનું જાહેર દેવું છે. માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે ઉત્તરોતર આપણું દેવું વધતું જાય છે અને બીજી બાજુ રાજયની જનતાની આકાંક્ષાઓ અને અપેક્ષાઓ પરીપૂર્ણ નથી થતી તો આ દેવું વધવાના કારણો શાં છે? બીજું વ્યાજ જે ચૂકવવામાં આવે છે એ વ્યાજની ચૂકવણીની રકમ વર્ષ ૨૦૨૦-૨૧માં ૨૨,૦૯૯ કરોડ રૂપિયાની ચૂકવણી કરવામાં આવી છે. એટલે કુલ બજેટના સરેરાશ ૧૦ ટકા બજેટ તો વ્યાજમાં જ જતું રહે છે. તો આ વ્યાજ દર વર્ષે ચૂકવવું ન પડે તેના માટે રાજય સરકાર શાં પગલાં ભરવાં માગે છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પુંજાભાઇ આ ગૃહના સૌથી સિનિયર અને વિદ્વાન ધારાસભ્ય છે. દર વખતે વિધાનસભામાં જાહેર દેવાના એમના પ્રશ્નો હું હંમેશા જોતો આવ્યો છું. ખાસ કરીને જાહેર દેવું છે તે કોઇ પણ સરકાર માટે વિકાસની એક પારાશીશી છે અને સરકાર કેટલું દેવું કરે છે એ સરકારની જે જી.એસ.ડી.પી. ઘરગથ્થું આવક હોય છે તેના ઉપર છે અને એના માટે રાજવિત્તિય ધારા ધોરણ પ્રમાણે દેવું મળે છે. ગુજરાત સરકારનું કુલ ૩,૦૦,૯૬૩ કરોડ

રૂપિયા છે. પરંતુ ગુજરાત સરકારની નાણાકીય સ્થિતિના હિસાબે ગુજરાત સરકાર ૪,૫૦,૦૦૦ કરોડ રૂપિયા દેવું લઇ શકે છે. દેવું જે વધતું જાય છે, એના કયા કારણો છે એ જણાવું તો આપણી સરકારે જે વિકાસનાં કામો કર્યા છે, જે પ્રોજેકટોને અનુલક્ષીને કામો થયાં છે એ બધા કામો આપણે જોઇએ તો આપણે સરદાર સરોવર યોજના હોય કે આપણી નગરપાલિકાઓનો વિસ્તાર હોય એના વિકાસ માટે કરેલ છે. એ જ રીતે કેન્દ્ર સરકાર તેમજ તમામ રાજય સરકારો માટે જાહેર દેવું દેશના વિકાસ કાર્યો મૂડી ખર્ચ માટે મહત્ત્વનું સંશોધક છે. એમણે બીજો સવાલ એ પૂછ્યો કે એ દેવું શેમાંથી ચૂકવવામાં આવે છે. હંમેશા દેવાની ચૂકવણી મહેસૂલી ખર્ચમાંથી ચૂકવવામાં આવે છે. એટલા માટે જ આપણે જાહેર દેવું કરીને વિકાસના કાર્યોને આગળ વધારીએ છીએ. ખાસ કરીને રાજય સરકાર દ્વારા લેવામાં આવતા દેવાનો ઉપયોગ રાજયના વિકાસને વેગ આપવા મૂળભૂત આંતરમાળખાકીય સુવિધા, શહેરી ગ્રામીણ માર્ગોનું નેટવર્ક, ધોરી માર્ગ, બંદરો, આપણા ગુજરાતનો વિકાસ થયો છે અને એના લીધે છેલ્લા ત્રણ વર્ષથી ગુજરાતને નંબર વન ઇન્ડેક્ષ મળે છે. વાહન વ્યવહાર અને એના વિકાસ માટે એ સાથે સાથે ગુજરાતે ઔદ્યોગિક વિકાસ પણ સંપૂર્ણપણે કરેલ છે અને સામાન્ય જનતાનું જીવન ધોરણ આ સુવિધાને લીધે ખૂબ સુધર્યું છે. આમ ગુજરાત રહેઠાણ મૂડી રોકાણ અને રોજગારીની તકો માટે દેશમાં મોખરાનું સથાન પામ્યું છે. ગુજરાતનો સર્વાંગી વિકાસ થયો છે. રાજય શિક્ષણ ક્ષેત્રે પણ પ્રાથમિક શાળાનું નિર્માણ કરેલ છે. ગુણવત્તાસભર આરોગ્ય સુવિધાઓ ૧,૪૭૭ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને ૩૪૫ સામૂહિક આરોગ્ય કેન્દ્રોનું નિર્માણ થયેલ છે. શહેરી વિસ્તારોમાં સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, પીવાનાં પાણીનાં કામો જેવી મૂળભૂત સેવા સાથે સિટી બસ, રેલવે વ્યવસ્થા અને મેટ્રો રેલ જેવી આધુનિક પરિવહન વ્યવસ્થાનો પણ વિકાસ કરેલ છે. પરિવહન ક્ષેત્રે ગામો ગામ ૧ લાખ ૨૪ હજાર કિલોમીટરની સડકોનું નિર્માણ થયેલ છે. ઉર્જા ક્ષેત્રે બારે માસ ૨૪ કલાક વીજળી પૂરી પાડતું ડિસ્ટ્રિબ્યુશન નેટવર્ક અંદાજે ૭૦ હજાર કિલોમીટરનું ટ્રાન્સમીશન નેટવર્ક તૈયાર થયું છે. આપણો વીજળીનો સપ્લાય એટલો બધો રેગ્યુલર છે કે બે દિવસ થોડી તકલીફ થઇ, બધા સભ્યશ્રીઓ અને ખેડૂતોનો અવાજ હતો, પરંતુ અમારી સરકાર માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇની આગેવાની હેઠળ અમે આ પ્રશ્નનું સોલ્યુશન બે થી ત્રણ દિવસમાં સંપૂર્ણપણે લાવીશું એની ખાતરી આપું છું. ઉર્જા ક્ષેત્રે મેં વાત કરી. સિંચાઇ ક્ષેત્રે પાણીની અછતમાંથી મહદ્‌અંશે મુકિત આપતી સરદાર સરોવરનું ૬૩ હજાર કિલોમીટરનું વિશાળ  કેનાલ નેટવર્ક ઉભું કરવાની કામગીરી પ્રગતિમાં છે. પીવાના પાણી માટે ૩ હજાર કિલોમીટરની બલ્ક પાઇપ લાઇન અને ૧ લાખ ૨૦ હજાર કિલોમીટર લંબાઇની વિતરણ પાઇપ લાઇનું નેટવર્ક તૈયાર થઇ રહ્યું છે. આગામી દિવસોમાં માળખાકીય વધુ રોકાણ કરી ગુજરાતના લોકોની સુખાકારી તેમજ અર્થતંત્રને વેગ આપવા સરકાર કટિબદ્ધ છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું કે રાજયની નાણાકીય સ્થિતિ છે, એમાં આપણે રૂપિયા ૪ લાખ કરોડ કરતાં વધુ રકમનું દેવું કરી શકીએ. નાણાંના અભાવે આજે ઘણી બધી યોજનાઓની વહીવટી મંજૂરીઓ મળતી નથી. એક એક વર્ષ કે દોઢ  કે બે વર્ષથી પેન્ડિંગ છે. ગયા અઠવાડિયે પ્રશ્નોત્તરીના જવાબમાં સ્કૂલોના ૧૯ હજાર કરતાં વધુ ઓરડાની ઘટ છે તો ૪ લાખ કરોડનું દેવું કરવાની વાત કરો છો તો એ દેવું કરીને આ ચાલુ વર્ષમાં જે નાણાકીય યોજનાઓ છે એ નાણાના અભાવે મંજૂરી નથી મળતી અને ૧૯ હજાર ઓરડાઓની ઘટ છે એ દેવું કરીને આ કામો આ વર્ષમાં પૂર્ણ કરવા માગો છો કે કેમ?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આ આપનું સૂચન છે, પરંતુ આ વર્ષે સેન્ટર ફોર એક્સેલન્સ દ્વારા આપણે બધા ઓરડાઓ પૂર્ણ કરવાની તૈયારી કરી લીધી છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જાણવું છે કે વર્ષ ૨૦૧૯-૨૦ અને વર્ષ ૨૦૨૦-૨૧ જે રીતે વ્યાજ દરની વ્યાખ્યા, ટોટલ પર્સન્ટેજ ગણીએ તો ૨૪.૬૫ ટકા થાય છે. વર્ષ ૨૦૧૯-૨૦ અને વર્ષ ૨૦૨૦-૨૧માં રાજ્ય સરકારે કેટલી લોન લીધી?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી શૈલેષભાઇ પણ આ ગૃહના અનુભવી સભ્ય છે. વર્ષ ૨૦૧૯-૨૦માં સરકારે લીધેલી લોન ૨૦,૨૯૩ કરોડ રૂપિયા અને વર્ષ ૨૦૨૦-૨૧માં ૨૨,૦૯૯ કરોડ રૂપિયા છે.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી વલ્લભભાઇની ઉંચાઇના લીધે હું ઢંકાઇ જાઉં છું. એટલે ઘણી વખત મારે હાથ ઉપર કરવો પડે છે. આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું અને પહેલાં તો અભિનંદન એટલા માટે આપવા પડે કે ૧૧મી વાર પુરાંતવાળું બજેટ આપવામાં આવ્યું છે. એક પણ જાતનો ઓવરડ્રાફ્ટ સતત ૧૭ વર્ષથી લીધો નથી. એટલા માટે ખરેખર અભિનંદન છે. મારો પ્રશ્ન વિદ્વાન નાણામંત્રીને છે કે રાજ્ય સરકાર દ્વારા આ દેવું મેળવવાના જે માપદંડ છે એ રાજ્ય સરકાર કેવી રીતે પૂર્ણ કરે છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને કોઇ પણ દેવું રાજ્ય સરકાર કરતી હોય, કેન્દ્ર સરકાર કરતી હોય કે આપણે આપણાં અંગત વિકાસ માટે કરતા હોઇએ એ દરેક દેવા માટેની કાયદાની નિયત મર્યાદા હોય છે અને આ નિયત મર્યાદા એટલે ગુજરાત રાજવિત્તિય અધિનિયમ-૨૦૦૫માં દેવાના વાર્ષિક કદ અને કુલ દેવાની મર્યાદા માટેના માપદંડો નક્કી થયેલ છે. જે રાજવિત્તિય શિસ્તના પાલન માટે માર્ગદર્શક બને છે. ૧૩માં નાણાપંચની ભલામણ અન્વયે ગુજરાતે રાજવિત્તિય અધિનિયમમાં વધુ સઘન-આકરા રાજવિત્તિય માપદંડોને નિર્ધારિત કર્યા છે. તે મુજબ રાજ્યનું કુલ દેવું એકંદર ઘરગથ્થું ઉત્પાદન જી.એસ.ડી.પી.ના ૨૭.૧ ટકાની મર્યાદામાં રાખવાનું રહેશે અને ૨૭.૧ ટકાની મર્યાદાના લક્ષ્યાંકની સામે જાહેર દેવું રાજ્યના એકંદર ઘરગથ્થુ ઉત્પાદન જી.એસ.ડી.પી.ના નાણાકીય વર્ષ ૨૦૦૪-૦૫માં ૨૮.૪૮ ટકા જેટલું ઉંચું

હતું, પરંતુ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ના સુધારેલા અંદાજ મુજબ આ પ્રમાણ ૧૬.૫૦ ટકાના સ્તરે અંદાજેલ છે. જે નક્કી કરેલ ૨૭.૧ ટકાની નિયત મર્યાદા કરતા ઘણું ઓછું છે. રાજવિત્તિય ખાદ્ય ફિઝિકલ ડેફિસીટ રાજ્યનું એકંદર ઘરગથ્થુ ઉત્પાદન ૩ ટકાની મર્યાદામાં રાખવાના લક્ષ્યાંકની સામે વર્ષ ૨૦૦૪-૦૫માં આ ૪.૨૭ હતું, જ્યારે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ના અંદાજ મુજબ આ પ્રમાણ ૧.૫૧ ટકા જેટલું છે. આપણા ગુજરાતને સમગ્ર દેશમાં રાજવિત્તિય વ્યવસ્થાપનમાં નં.૧ આ વર્ષે મળ્યો છે.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આપનું રૂપિયા ૨.૪૩ લાખ કરોડ રૂપિયાનું બજેટ છે. ચાલુ વર્ષે ૨૦,૦૦૦ કરોડ રૂપિયા જેટલી રકમ વ્યાજમાં જવાની અને ૨૦,૦૦૦ કરોડ રૂપિયાથી વધારે રકમ મુદ્દલ પેટે જવાની. ૪૦,૦૦૦ કરોડ રૂપિયા તો બજેટની જોગવાઇમાંથી સીધેસીધા દર વર્ષે મૂડીનું વ્યાજ ભરવામાં જાય છે. મારી વિનંતી છે. તમે બજેટમાં જોતા હશો, તમે જે વેટ ઉઘરાવો છો. વેટનું જે કલેકશન થાય છે અને દર વર્ષે ઉઘરાવવાનો તમારો જે આંક છે તેમાં ગુજરાતની જે મેગા કંપનીઓ છે તેમની પાસેથી ઓછામાં ઓછા ૪૦,૦૦૦ કરોડ રૂપિયા જેટલા લેવાના બાકી હશે. કંપનીવાઇઝ કોની પાસેથી કેટલો વેટ લેવાનો બાકી છે તે જવાબ આપે અને એ જો કડક થઇને ઉઘરાવી લેવામાં આવે તો દર વર્ષે આપણે વ્યાજ વધાર્યે જઇએ છીએ એ વધારવું ન પડે અને કરકસર કરવી જોઇએ. આપણે ઉત્સવો પાછળ ખર્ચ કરતા હોઇએ. બોર્ડ અને હોર્ડિંગ લગાવવામાં ખર્ચ કરતા હોઇએ. સરકારની બધી યોજનાઓ આપણને ખબર જ છે. એની પાછળ અબજો રૂપિયા ખર્ચ થાય છે. આમાં કોઇ કરકસર કરવા માગો છો કે કેમ?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આ રિકવરી કરવાનું એ એમનું સૂચન છે, પરંતુ મારે એક વાત કહેવી છે કે દેશના કુલ બાકી દેવામાં બધા રાજ્યોની વાત કરીએ તો પંજાબમાં જી.એસ.ડી.પી.ની સામે ૫૩.૩ ટકા જેટલું દેવું છે, જ્યારે ગુજરાતનું ફક્ત ૨૧.૪ ટકા જેટલું છે એટલે બધા રાજ્યો, બધી સરકારો દેવા કરીને જ વહીવટ ચલાવતી હોય છે, કારણ કે વિકાસ કરવો હોય તો રાજ્યનું ઉત્પાદન વધારીને બીજી સેવા કેવી રીતે આપી શકાય એ રીતે આયોજન થતું હોય છે.

શ્રી રાજેન્દ્રસિંહ ૨. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે હાલમાં રાજ્ય સરકારની જાહેર દેવાની, તેના ઉપર વ્યાજની અને દેવાની પરત ચૂકવણી અંગેની પરિસ્થિતિ શું છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર દ્વારા જાહેર દેવું રાજવિત્તિય અધિનિયમ વર્ષ ૨૦૦૫ મુજબ નિર્ધારીત થયેલ હોય છે. તેરમા નાણાપંચની ભલામણ મુજબ જાહેર દેવું રાજ્યના ઘરગથ્થું ઉત્પાદનના ૨૭.૧ ટકા જેટલું હોય છે. ખાસ કરીને જાહેર દેવા ઉપરના વ્યાજની ચૂકવણી સરકારની મહેસૂલી આવકમાંથી કરવામાં આવે છે. મહેસૂલી આવકની ટકાવારી તરીકે જાહેર દેવા ઉપરની વ્યાજની ચૂકવણીનો અનુપાત વર્ષ ૨૦૦૪-૦૫માં ૨૬.૮૨ હતો જે ઘટીને નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં ૧૪.૨૧ ટકા સુધી ઘટવા પામેલ છે. નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ના સુધારેલ અંદાજ મુજબ ૧૪.૧૫ ટકા જેટલો નીચો અંદાજેલ છે, આમ મહેસૂલી આવકમાં વધારાની સાપેક્ષ જાહેર દેવા ઉપરની વ્યાજની ટકાવારીમાં ઘટાડો નોંધાયો છે અને વ્યાજનું ભારણ ઘટયું છે. વધુમાં જાહેર દેવા અંગેનો સરેરાશ ખર્ચ એવરેજ કોસ્ટ ઓફ પબ્લિક ડેબ્ટ વર્ષ ૨૦૦૪-૦૫માં ૧૦.૭૯ ટકા ઉંચું હતું જે ઘટીને નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૨માં ૮.૪૫ ટકા જેટલું થયેલ છે. જાહેર દેવા અંગેનો સરેરાશ ખર્ચ વર્ષ ૨૦૨૦-૨૧માં સુધારેલ અંદાજ પ્રમાણે ૮.૨૭ ટકા જેટલું છે. દેવા સાતત્યની શરત એ છે કે ચાલુ ભાવે રાજ્યના એકંદર ઘરગથ્થું ઉત્પાદનના વૃદ્ધિનો દર કુલ દેવાની વૃદ્ધિ દર કરતા વધારે હોવો જોઇએ. આ સંદર્ભમાં નોંધવું જરૂરી છે કે વર્ષ ૨૦૧૧-૧૨થી વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન ગુજરાત રાજ્યના ચાલુ ભાવે જી.એસ.ડી.પી.ની વૃદ્ધિનો દર ૧૨.૧૯ ટકા રહ્યો છે જયારે દેવાની વૃદ્ધિનો દર ૮.૮૭ ટકા રહ્યો છે. જે દર્શાવે છે કે રાજ્ય સરકાર દ્વારા જાહેર દેવા દ્વારા ઉભા કરવામાં આવેલા સંશોધનમાં અસરકારક રીતે ઉપયોગ કરી સતત ઉંચો વિકાસ દર જાળવી રાખેલ છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં એવું કહેવાતું હતું કે દેવું થઇ જાય તો આપણે મોઢું છુપાવતા હોઇએ અને હવે દેવું કરીએ તો ગૌરવ લઇએ છીએ. માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે અત્યારે ત્રણ લાખ કરોડ રૂપિયાનું દેવું છે અને સાડા ચાર લાખ કરોડ સુધી મળી શકે એમ છે. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જ જાણવું છે કે નાણાકીય સંસ્થાઓ પાસેથી લોન લઇએ છીએ એનો વ્યાજનો દર ૪.૯૬ ટકા છે. બજાર લોનનો ૭.૮૫ ટકા છે, એન.એસ.એસ.એફ.ની લોનનો વ્યાજ દર ૯.૫૫ ટકા અને કેન્દ્રીય દેવાનો વ્યાજનો દર ૨.૨૯ છે. તો આપણે જે રૂપિયા ૩ લાખ કરોડનું દેવું છે એ પૈકી આ સંસ્થાઓ કેટલા વ્યાજે કેટલી રકમનું આપણે દેવું લીધેલું છે અને જો વ્યાજના દરમાં આટલો મોટો તફાવત હોય તો ગુજરાતની પ્રજાના ટેકસના પરસેવાના પૈસા ઓછા વ્યાજ દર ભરવામાં જાય એટલા માટે ઓછા વ્યાજથી લોન લેવા માટે શું આયોજન છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, લોન લેવા માટેના માપદંડો જુદા જુદા હોય છે અને લોનની મર્યાદાનો અને સમયગાળો જુદો જુદો હોય છે અને આપણે જો એવરેજ કોસ્ટ ઇન્ટરેસ્ટની જોઇએ તો માર્કેટમાંથી જે લોન લેવામાં આવે છે એનો દર ૭.૮૫ ટકા હોય છે, એન.એસ.એસ.એફ. એટલે આપણી નાની બચત યોજનામાંથી લેવામાં આવે તો દર ૯.૮૫ ટકા, આ લોનો વર્ષો પહેલા લેવાયેલી છે અત્યારે લેવામાં આવી નથી અને ઇન્સ્ટિટ્યૂશનમાંથી જે લોન લેવામાં આવે છે એનો રેટ ૪ ટકા છે અને ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયાનો રેટ ૨.૨૯ ટકા છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, કયા વ્યાજે કેટલી લોનો લીધેલી છે એની ખાલી રકમ જ જાણવી છે?

તા. ૧૫મી માર્ચ ૨૦૨૨

તારાંકિત પ્રશ્નો

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, જે ઇન્સ્ટિટ્યૂશનલ લોન છે એ રૂપિયા ૧૮,૪૫૬ કરોડ છે. માર્કેટ લોન રૂપિયા ૨ લાખ ૪૧ હજાર ૪૨૩ કરોડ છે. એન.એસ.એસ.એફ.ની લોન રૂપિયા ૩૨, ૧૨૭ કરોડ છે અને સેન્ટ્રલની લોન રૂપિયા ૮,૯૫૭ કરોડ છે.

**રાજ્યમાં સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા**

* ૪૩૧૯૨ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા કેટલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વીજ ઉત્પાદન ક્ષમતામાં કેટલો વધારો કરવામાં આવ્યો, અને

(૩) આગામી બે વર્ષમાં કેટલી વીજ ઉત્પાદન ક્ષમતા વધારવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યની સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા ૩૬૩૮૪ મે.વો. છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તેમાં કુલ ૩૨૬૫.૯ મે.વો. નો વધારો થયેલ છે. જેની વિગતો નીચે મુજબ છે;

| **ક્રમ** | **વર્ષ** | **વીજ ઉત્પાદન ક્ષમતામાં વધારો (મે.વો.)** |
|---|---|---|
| ૧ | ૨૦૨૦ | ૮૪૨.૪ |
| ૨ | ૨૦૨૧ | ૨૪૨૩.૫ |
| | **કુલ** | **૩૨૬૫.૯** |

(૩) ૨૦૪૯.૭ મે. વો.

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રૂપિયા ૩ લાખ કરોડનું જે દેવું થયું એની અંદર જો ખેડૂતોને અત્યારે જે પ્રોબ્લેમ છે એ સરકારે પાવર હાઉસ માટે દેવું કર્યું હોત તો ખેડૂતોને તકલીફ ન પડતી. અનાજ વધારે પાકતું અને પ્રોબ્લેમ ઓછા આવતા. આ દેવું કર્યું છે એ જનતાના હિત માટે કર્યું હોત તો સારું હતું. માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે બે વર્ષમાં માત્ર ૩,૨૬૫ મેગાવોટ ઉત્પાદન વધાર્યું. અદાણી પાસેથી આપણે ૨૫ વર્ષની શરતે પ્રતિ યુનિટ રૂપિયા ૨.૩૫ના ભાવે વીજળી લઇએ છીએ. ટાટા પાસેથી પ્રતિ યુનિટ રૂપિયા ૨.૨૬ના ભાવે વીજળી લઇએ છીએ. સરકાર આ યુનિટની અંદર પોતાનો ખર્ચ અને નફો ઉમેરીને રૂપિયા ૫.૪૭થી લઇ ૫.૫૮ સુધીના ચૂકવે છે. આટલા બધા પૈસા ચૂકવવા છતાં જનતાના પૈસા ઇન્ડસ્ટ્રીવાળા અદાણી અને ટાટાને આટલા બધા આપવા છતાં આજની તારીખે શોર્ટેજ છે. એના લીધે ખેડૂતોને જે તકલીફ પડે છે એ આ સરકારની વહીવટની ખામી કેટલી છે એ પ્રદર્શિત થઇ રહી છે. ખેડૂત ચોરે ને ચૌટે પાણી માટે આંદોલનો કરે છે. મારે એમને પૂછવું છે કે સરકાર આની પાછળ કેટલો ખર્ચ કરે છે? સરકારના કેટલા પાવર સ્ટેશનો છે અને પ્રાઇવેટ પાવર સ્ટેશનો કેટલાં છે તેમજ આ સરકાર આવ્યા પછી નવાં કેટલાં પાવર સ્ટેશનો બનાવ્યાં અને કેટલો નફો આ ટાટા અને અદાણીને આપ્યો છે એ વાતની ચોખવટ કરે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનો સવાલ છે કે ગુજરાતની અંદર વીજળીની ક્ષમતા કેટલી છે. એમને જવાબ આપ્યો છે પરંતુ અત્યારે વૈશ્વિક રીતે કોલસાની તંગી છે અને એના કારણે વીજળી માટે કોલસો આવવો જોઇતો હતો એ પૂરતા પ્રમાણમાં આવતો નથી. આમ છતાં અમે છેલ્લે ૧૭મી ઓકટોબરે ૧૯,૪૩૧ મેગાવોટ વીજળી આપી હતી. ત્યારબાદ વૈશ્વિક મંદીના કારણે તેમજ રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ ચાલુ થયું એના કારણે કોલસો આવી શક્યો નથી. અત્યારે ઘટ છે એ એના લીધે છે. પણ જે પરિસ્થિતિ છે એ બે-ત્રણ દિવસમાં હલ થઇ જશે. (અંતરાય) ૧૦ તારીખની વાત કરું તો અમે ૧૭,૬૮૧ મેગાવોટ વીજળી આપી હતી. ૧૪મી તારીખે ૧૮,૧૯૬ મેગાવોટ વીજળી આપી હતી. શ્રી નિરંજનભાઇને જણાવવાનું કે ખેડૂતો માટે અમે રૂપિયા ૮ હજાર કરોડ કરતાં વધારે સબસિડી આપીએ છીએ. શ્રી નિરંજનભાઇએ સવાલ કર્યો છે. ઉકાઇ થર્મલ પાવર સ્ટેશનની અંદર ૧,૧૧૦, વણાકબોરી થર્મલ પાવર સ્ટેશનની અંદર ૨,૨૭૦,(સતત અંતરાય)...

અધ્યક્ષશ્રી : જવાબ નથી સાંભળવો? તો હું ચોથા પ્રશ્ન ઉપર જઉં.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશનની અંદર ૬૩૦, સિક્કા પાવર સ્ટેશનની અંદર ૫૦૦, કચ્છ લિગ્નાઇટ થર્મલ પાવર સ્ટેશનની અંદર ૧૫૦, ઉતરાણ ગેસ આધારિત પાવર સ્ટેશનની અંદર ૩૭૫, ઉકાઇ હાઇડ્રોપાવર સ્ટેશનની અંદર ૩૦૫. શ્રી નિરંજનભાઇએ કેટલી વીજળી ઉત્પન્ન કરે છે એવો સવાલ કર્યો છે? એમાં કડાણા પાનમ ૨૪૨, ભાવનગરની અંદર ૫૦૦ આમ સરકારના વીજ મથકની અંદરથી ૬,૬૭૭ રાજ્ય સરકાર હસ્તકના ગુજરાત સ્ટેટ એનર્જીના ૫૦૭, ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ પાવર કંપનીના ૨૭, ગુજરાત મીનરલ ડેવલપમેન્ટના ૨૫૦, જી.ડી.પી. પાવરના ૭૦૨ (સતત અંતરાય)

ફાલ્ગુન ૨૪, ૧૯૪૩ શાકે

તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : શ્રી લલિતભાઇ, આપની જગ્યા ઉપર જાવ. ઇમરાનભાઇ, લલિતભાઇ, આપની જગ્યા ઉપર જાવ.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમણે ગુજરાતના કયા કયા સ્ટેશનની અંદર કેટલી વજળી ઉત્પન્ન થાય છે એવો સવાલ કર્યો છે એનો હું જવાબ આપું. (સતત અંતરાય) સુત્રોચ્ચાર

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ,(સતત સૂત્રોચ્ચાર) પહેલા આપના બધા સભ્યોને બેસાડો. પછી પ્રશ્ન પૂછો. આપ સૌ આપની જગ્યા ઉપર જાવ. (સતત અંતરાય) સૂત્રોચ્ચાર. આપ સૌ પોતપોતાની જગ્યા ઉપર જાવ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, (સતત અંતરાય)...

અધ્યક્ષશ્રી : પહેલા આપ સૌ બેસો. પ્રશ્ન પૂછ્યો એનો જવાબ મેળવોને?

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર દ્વારા અને રાજ્યના ઉર્જામંત્રીશ્રીએ ગુજરાત વિધાનસભાની આ પ્રશ્નોત્તરીમાં એમનો જે જવાબ રજૂ કર્યો છે એ જવાબમાં એમણે કહ્યું છે કે વર્ષ ૨૦૨૦માં ૮૪૨.૪ મેગાવોટનો ક્ષમતામાં વધારો થયો છે. વર્ષ ૨૦૨૧માં ૨,૪૨૩.૫ મેગાવોટનો વધારો થયો છે એટલે કે એ બે વર્ષની અંદર ૩,૨૬૫.૯ મેગાવોટનો વધારો થયો છે. સરકારે આ વિધાનસભાગૃહની અંદર પ્રશ્નોત્તરીના જવાબમાં કીધું છે. મારે સરકારને એ પૂછવું છે કે વિધાનસભાગૃહની અંદર દાખલ થયેલા પ્રશ્નોનો જવાબ સાચો કે ગુજરાત સરકારે બહાર પાડેલી સામાજિક આર્થિક સમીક્ષાનો જવાબ સાચો? એટલા માટે કહું છું કે વર્ષ ૨૦૧૮ અને વર્ષ ૨૦૨૦ની અંદર રાજ્ય સરકારની અંદર આવેલા રાજકીય સરકારી વીજક્ષેત્ર...(અંતરાય)

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આમાં ભાષણ ન હોય. પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ભાષણ નથી આપતો. રિયાલિટી કહું છું. એમાં પોઇન્ટ ઓફ ઓર્ડર ન હોય. પ્રશ્નોત્તરીમાં પોઇન્ટ ઓફ ઓર્ડર ન હોય સાહેબ. રિયાલિટી છે. સરકારનો આઇનો વિધાનસભા ગૃહમાં મૂકવા માગું છું.

અધ્યક્ષશ્રી : શ્રી શૈલેષભાઇ, આપ પ્રશ્ન પૂછો. આપ સૌ બેસો. આપના સભ્યોને બેસાડો. આપ શોર્ટમાં પ્રશ્ન પૂછો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારો સરળ અને સ્પષ્ટ પ્રશ્ન છે. પ્રશ્ન ત્યાં ઉત્પન્ન થયેલો છે કે સરકારે આપેલો જવાબ અને સરકારે જ બહાર પાડેલી સામાજિક આર્થિક સમીક્ષા એમાં બહુ મોટો ડિફરન્સ છે, એટલે વિધાનસભા ગૃહમાં હું આ વાત મૂકવા માગું છું કે જે રીતે વર્ષ ૨૦૧૮-૧૯ ની અંદર સામાજિક આર્થિક સમીક્ષાના આધારે જોઇએ તો ૮૦૦ મેગાવોટનો ઘટાડો થયો છે.(અંતરાય) એ જ પૂછું છું માનનીય નીતિનભાઇ. (અંતરાય) સાચી માહિતી વિધાનસભા ગૃહને આપવી પડશે. તમારા ચોપડાના આધારે આપું છું.

અધ્યક્ષશ્રી : આપ પ્રશ્ન પૂછો?

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૯-૨૦માં સરકારે કહ્યું છે. ૮૪૨.૪ મેગાવોટ. વર્ષ ૨૦૨૧માં કહ્યું છે ૨,૪૨૩.૫. મેગાવોટ. રાજકીય સમીક્ષાના આધારે જોઇએ તો વર્ષ ૨૦૨૦-૨૧માં રાજ્યની અંદર આવેલા સરકારી ક્ષેત્રો હોય, રાજ્યની માલિકીના આઇપીપી હોય કે ખાનગી ક્ષેત્રો હોય તે ફક્ત ૨૪૦ મેગાવોટનો જ વધારો થયો છે. સરકારને પૂછવા માગું છું કે રાજ્ય સરકારે જે ૩,૨૬૫ મેગાવોટનો વધારો બતાવ્યો છે. એ મેગાવોટનો વધારો સાચો કે રાજ્યના આર્થિક સમીક્ષામાં વધારો બતાવ્યો છે એ સાચો? અને એટલા માટે સરકાર એક તો ગુજરાતના ખેડૂતોને દિવસે વીજળી આપી શકતી નથી.(અંતરાય)અને એ કારણોસર..

અધ્યક્ષશ્રી : શ્રી શૈલેષભાઇ, પ્રશ્ન પૂછો. મેં આપને પ્રશ્ન પૂછવા માટે તક આપી છે.(અંતરાય) આપ બેસો. (અંતરાય)એ બધી ચિંતા મને કરવા દો. આ બધી ચિંતા આપે નથી કરવાની. આપ આપની જગ્યા ઉપર બેસો. ડિસિપ્લીનથી રહો. આપ ડિસિપ્લીનથી આપની જગ્યા ઉપર રહો. શ્રી શૈલેષભાઇ, આપનો પ્રશ્ન પૂછાઇ ગયો હોય તો માનનીય મંત્રીશ્રી જવાબ આપો?

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સરકાર જવાબ આપે. ૩ વર્ષની અંદર ૨૪૦ મેગાવોટનો વધારો થયો છે. ૩,૨૬૫ મેગાવોટ કેવી રીતે થયો? સરકાર આ વિધાનસભા ગૃહની અંદર જવાબ આપે.

ડો. સી. જે. ચાવડા : જવાબ ન આપો તો દિવસે વીજળી તો આપો?(અંતરાય)

અધ્યક્ષશ્રી : આપના સિનિયર નેતાએ પ્રશ્ન પૂછ્યો છે. જવાબ તો શાંતિથી સાંભળો. આપ નક્કી કરીને આવ્યા છો, દેકારો કરવાનો છે? પ્રશ્નોત્તરીનો સમય બગાડો છો.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એનટીપીસી થર્મલ પાવરની અંદરથી વર્ષ ૨૦૨૦ માં ૩૨૪.૪, ૨૦૨૧માં ૧,૪૩૪ એમ ૧,૭૫૮.૪. બિન પરંપરાગત સોર્સમાં પવન ઉર્જાથી વર્ષ ૨૦૨૦માં ૮૩, વર્ષ ૨૦૨૧માં ૬૧. સૌર ઉર્જા થકી વર્ષ ૨૦૨૦માં ૪૩૫ અને વર્ષ ૨૦૨૧માં ૯૨૧. વેસ્ટ ટુ એનર્જીમાં વર્ષ ૨૦૨૧ માં ૭.૫ આમ ૧,૫૦૭.૫ આમ ૩,૨૬૫.૯ નો અમે વધારો કર્યો છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્ન ક્લિયર છે. ખાલી એટલું જ પૂછવું છે કે જ્યારે રાજ્ય સરકારની સામાજિક આર્થિક સમીક્ષામાં વર્ષ ૨૦૧૯-૨૦માં ૮૦૦ મેગાવોટનો ઘટાડો થયો છે અને વર્ષ ૨૦૨૦-૨૧માં ફક્ત ૨૪૦ મેગાવોટનો વધારો આમાં દર્શાવ્યો છે. સરકારશ્રીના અધિકારીશ્રીએ આમાં જવાબ ખોટો આપ્યો છે કે તમે જવાબ ખોટો આપો છો?

## તા. ૧૫મી માર્ચ ૨૦૨૨

## તારાંકિત પ્રશ્નો

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમે કયાં કયાંથી વીજળી ઉત્પન્ન કરી છે તેનો જવાબ સભ્યશ્રીને આપી ચૂક્યો છું.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં બે-ચાર દિવસ સળંગ વીજળી આવે તો મીડિયામાં સમાચાર આવતા હતા. અમારું ગૌરવ છે કે અત્યારે એક-બે દિવસ વીજળી ન આવે તો સમાચાર આવે છે. આ અમારું ગૌરવ છે. પહેલા બે-ચાર દિવસ વીજળી સળંગ આવે તો સમાચાર આવતા હતા. અત્યારે બે-ચાર દિવસ વીજળીમાં કઇક તકલીફ થાય તો સમાચાર આવે છે. આ અમારું ગૌરવ છે. શ્રી વિરજીભાઇ કહેતા હતા કે ખેડૂતોને દિવસે વીજળી આપો. ભારતીય જનતા પાર્ટીએ શરૂઆત કરી છે, પણ તમે કયાં કદી દિવસે વીજળી આપી છે? તમે કયાં સળંગ વીજળી આપી છે?(વિરોધ પક્ષ દ્વારા સતત સૂત્રોચ્ચાર ચાલુ)

અધ્યક્ષશ્રી : શ્રી ગુલાબભાઇ, શ્રી ઇમરાનભાઇ આપ આવી રીતે સૂત્રોચ્ચાર કરી શકતા નથી. આપ આપની જગ્યા ઉપર બેસો. આપ આપની જગ્યા ઉપર બેસો.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે સવાલ પૂછ્યો છે અમારા તા.૩૧-૧૨-૨૦૨૧ ના રોજ વીજ સ્થાપના કેટલી છે? એ કોલસા આધારિત વીજ ક્ષમતા છે. તે કોલસા આધારિત જે વીજ ક્ષમતા છે તે ૧૪,૦૭૮ મે.વો. છે. પરંપરાગત વીજળી છે તેનો ૩૬ ટકા હિસ્સો છે. એ જ રીતે જીયુવીએનએલનો હિસ્સો છે તે ૧૩,૧૭૦ મે.વો. છે. એટલે કે ૭૨ ટકાનો હિસ્સો છે. ગેસ આધારિત વીજ ક્ષમતા ૪,૦૨૧ મે.વો. છે. એ જ રીતે જીયુવીએનએલમાં ૨,૬૩૦ મે.વો. નો કરાર કર્યો છે. એ જ રીતે હાઇડ્રો પાવરની અંદર ૭૭૯ મે.વો. છે. તેમાં જીયુવીએનએલ સાથે ૭૭૯ મે.વો.નો કરાર કર્યો છે. એ જ રીતે ન્યુક્લિયરની અંદર ૫૫૯ મે.વો. ક્ષમતા છે અને તેમાં જીયુવીએનએલ સાથે કરાર ૫૫૯ મે.વો.નો થયો છે. એટલે કે તેનો હિસ્સો ૩ ટકાનો છે. એ જ રીતે બિનપરંપરાગત સ્ત્રોતમાં પવન ઉર્જાની અંદર ૪,૨૮૦ મે.વો. નો વધારો કર્યો છે. એ જ રીતે સૌર ઉર્જાની અંદર ૩,૦૦૭ મે.વો. છે. બાયોમાસની અંદર ૩૭.૫ મે.વો., મીની ટાઇડલની અંદર ૨૧.૬ મે.વો. આમ બિનપરંપરાગત ઉર્જામાં ૭,૩૪૬ મે.વો. વીજળી અમે ઉત્પન્ન કરી છે. (સભ્યશ્રી ગુલાબસિંહ રાજપૂત, શ્રી ઇમરાન ખેડાવાલા, શ્રી જશુભાઇ પટેલ, શ્રી હર્ષદકુમાર રીબડિયા અને શ્રી કાન્તીભાઇ ખરાડી વેલમાં આવીને બેસી ગયા.)

અધ્યક્ષશ્રી : શ્રી ગુલાબભાઇ, શ્રી લલિતભાઇ આપની જગ્યાએ જાઓ. સાર્જન્ટ આ લોકોને લઇ જાઓ. વેલમાં આવેલા તમામ સભ્યોને બહાર લઇ જાઓ. વેલમાં આવેલા તમામ સભ્યોને શાંતિથી બહાર લઇ જાઓ. (અંતરાય) સૌ પોતપોતાની જગ્યા પર બેસો. વેલમાં આવેલા તમામ સભ્યશ્રીઓને બહાર લઇ જાઓ. સૌ પોતપોતાની જગ્યા પર બેસો. પ્રશ્ન ક્રમાંકઃ ૪

(સભ્યશ્રી ગુલાબસિંહ રાજપૂત, શ્રી ઇમરાન ખેડાવાલા, શ્રી જશુભાઇ પટેલ, શ્રી હર્ષદકુમાર રીબડિયા અને શ્રી કાન્તીભાઇ ખરાડીને સાર્જન્ટ દ્વારા બહાર લઇ જવામાં આવ્યા. તેમજ વિપક્ષના નેતાશ્રી સુખરામભાઇ રાઠવા સહિત સભાગૃહમાં હાજર રહેલા વિપક્ષના તમામ સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.)

### પંચમહાલ જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના

* ૪૨૩૫૦ **શ્રીમતી સુમનબેન ચૌહાણ** (કાલોલ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત પંચમહાલ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૧૮૮૦ |
| (૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૧૫૩.૨૨ લાખનો ખર્ચ થયો. |

શ્રીમતી સુમનબેન પ્ર. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર ઝૂંપડા વીજળીકરણ યોજના હેઠળ કુલ કેટલા ગરીબ લાભાર્થીઓને ઘરવપરાશના વીજ જોડાણ આપવામાં આવ્યા છે અને તેમાં કેટલો ખર્ચ થયો છે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી સભ્યશ્રીને જણાવવા માગું છું કે, ગોધરા તાલુકામાં વર્ષ ૨૦૨૦ની અંદર ૨૯૩ વીજ કનેકશન આપ્યા છે અને તેનો ખર્ચ ૧૭.૩૯ લાખનો થયો છે. વર્ષ ૨૦૨૧ની અંદર ૨૫૨ વીજ કનેકશન આપ્યાં છે અને તેનો ખર્ચ ૧૫.૮૬ લાખનો થયો છે. આમ ટોટલ ૫૪૫ વીજ કનેકશન આપ્યાં છે અને તેનો ખર્ચ ૩૩.૨૫ લાખનો થયો છે. શહેરા તાલુકાની અંદર વર્ષ ૨૦૨૦ની અંદર ૬૨ વીજ કનેકશન આપ્યાં છે અને તેનો ખર્ચ રૂપિયા ૨.૧૬ લાખનો થયો છે. એ જ રીતે વર્ષ ૨૦૨૧ની અંદર ૩૨ લોકોને વીજ કનેકશન આપ્યાં છે અને તેનો ખર્ચ ૧.૧૨ લાખનો ખર્ચ થયો છે. આમ ટોટલ ૯૪ લોકોને વીજ કનેકશન આપ્યાં છે અને તેમાં ૩.૨૮ લાખનો ખર્ચ થયો છે. એ જ રીતે હાલોલ તાલુકાની અંદર વર્ષ ૨૦૨૦ની અંદર ૧૮૮ લોકોને વીજ કનેકશન આપ્યાં છે અને તેમાં ૮.૧૭ લાખનો ખર્ચ થયો છે. વર્ષ ૨૦૨૧ની અંદર

૧૧૪ લોકોને વીજ કનેકશન આપ્યાં છે અને તેમાં ૫.૯૩ લાખનો ખર્ચ થયો છે. આમ હાલોલ તાલુકાની અંદર બે વર્ષની અંદર ૩૦૨ લોકોને કનેકશન આપ્યાં છે અને તેમાં ટોટલ ખર્ચ ૧૪.૧૦ લાખનો ખર્ચ થયો છે. મોરવાહડફ તાલુકામાં વર્ષ ૨૦૨૦ની અંદર ૩૦ લોકોને વીજ કનેકશન આપ્યાં છે અને તેમાં ૧.૦૬ લાખનો ખર્ચ થયો છે. વર્ષ ૨૦૨૧ની અંદર ૫૯ લોકોને વીજ કનેકશન આપ્યાં છે અને તેમાં ૨.૦૬ લાખનો ખર્ચ થયો છે. આમ ટોટલ ૮૯ લોકોને કનેકશન આપ્યાં છે તેમાં કુલ ૩.૧૨ લાખનો ખર્ચ થયો છે. જાંબુઘોડા તાલુકાની અંદર વર્ષ ૨૦૨૦ની અંદર ૧૦૭ લોકોને વીજ કનેકશન આપ્યાં છે તેનો ખર્ચ રૂપિયા ૬.૮૧ લાખનો થયો છે. વર્ષ ૨૦૨૧ની અંદર ૨૩૯ લોકોને કનેકશન આપ્યાં છે એનો ખર્ચ થયો છે રૂપિયા ૧૩.૨૯ લાખ અને ટોટલ ૩૪૬ લોકોને કનેકશનો ૨૦.૧૦ લાખ રૂપિયાના ખર્ચે આપ્યાં છે. એ જ રીતે કાલોલમાં રૂપિયા ૧૪.૮૪ લાખના ખર્ચે ૧૬૪ લોકોને કનેકશન આપ્યાં છે. વર્ષ ૨૦૨૧ની અંદર ૧૫૪ લોકોને કનેકશન ૧૮.૪૬ લાખ રૂપિયાના ખર્ચે આપ્યાં છે. એ રીતે ટોટલ ૩૧૮ લોકોને કનેકશન ૩૩.૩૦ લાખ રૂપિયાના ખર્ચે આપ્યાં છે. ઘોઘંબાની અંદર ૧૨૪ લોકોને વર્ષ ૨૦૨૦ની અંદર કનેકશનો આપ્યાં છે એનો ખર્ચ ૧૧.૪૬ લાખ રૂપિયા થયો છે. વર્ષ ૨૦૨૧માં ૬૨ લોકોને કનેકશનો આપ્યાં છે એનો ખર્ચ રૂપિયા ૩૪.૬૧ લાખ થયો છે. આમ ૧૮૬ લોકોને ૪૬.૦૭ લાખ રૂપિયાના ખર્ચે કનેકશન આપવામાં આવ્યાં છે. આમ વર્ષ ૨૦૨૦માં ૯૬૮ લોકોને ૬૧.૮૯ લાખ રૂપિયાના ખર્ચે, વર્ષ ૨૦૨૧માં ૯૧૨ લોકોને ૯૧.૯૩ લાખ રૂપિયાના ખર્ચે, આમ ટોટલ ૧,૮૮૦ લોકોને ૧૫૩.૨૨ લાખ રૂપિયાના ખર્ચે વીજ જોડાણના કનેકશનો આપ્યાં છે.

શ્રી જીજ્ઞેશકુમાર અં. સેવક : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, પંચમહાલ જિલ્લામાં તા. ૩૧.૧૨.૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં ૫ વર્ષ દરમ્યાન ઝૂંપડા વીજળીકરણ યોજના હેઠળ ઘર વપરાશના કેટલા વીજ જોડાણો આપવામાં આવ્યા છે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧.૧૨.૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં ૫ વર્ષમાં ટોટલ ગોધરામાં ૨૦૧૭માં ૩૦૧ લોકોને ૧૪.૫૭ લાખ રૂપિયાના ખર્ચે, વર્ષ ૨૦૧૮માં ૩૧૭ લોકોને ૧૭.૧૪ લાખ રૂપિયાના ખર્ચે, વર્ષ ૨૦૧૯માં ૭૧૭ લોકોને ૨૯.૮૩ લાખના ખર્ચે, વર્ષ ૨૦૨૦માં ૨૯૩ લોકોને ૧૭.૩૯ લાખના ખર્ચે, વર્ષ ૨૦૨૧માં ૨૫૨ લોકોને ૧૫.૮૬ લાખના ખર્ચે વીજ કનેક્શનો આપવામાં આવ્યં છે. આમ કુલ ૧,૮૯૩ લોકોને ૯૫.૬૫ લાખ રૂપિયાના ખર્ચે વીજ કનેકશનો આપવામાં આવ્યાં છે. એજ રીતે શહેરાની અંદર વર્ષ ૨૦૧૭માં ૨૦ લોકોને કનેકશન ૭૦ હજાર રૂપિયાના ખર્ચે વીજ કનેક્શનો આપવામાં આવ્યાં છે. એ જ રીતે વર્ષ ૨૦૧૮માં ૧૫૨ લોકોને ૬.૩૩ લાખ રૂપિયાના ખર્ચે, વર્ષ ૨૦૧૯માં ૧૧૯ લોકોને ૬.૮ લાખ રૂપિયાના ખર્ચે વીજ કનેકશન આપવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૦માં ૬૨ લોકોને ૨.૧૬ લાખ રૂપિયાના ખર્ચે, વર્ષ ૨૦૨૧માં ૩૨ લોકોને ૧.૧૨ લાખ રૂપિયાના ખર્ચે વીજ કનેકશન આપવામાં આવેલ છે. આમ કુલ ૩૯૬ લોકોને ૧૬.૭૮ લાખ રૂપિયાના ખર્ચે વીજ કનેકશન આપવામાં આવેલ છે. આજ રીતે હાલોલમાં જોઇએ તો વર્ષ ૨૦૧૭માં ૬૭૬ લોકોને ૩૪.૫૦ લાખ રૂપિયાના ખર્ચે, વર્ષ ૨૦૧૮માં ૬૦૧ લોકોને ...(અંતરાય)

અધ્યક્ષશ્રી : બહુ લિસ્ટ મોટું હોય તો સભ્યને આપી દેજો.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ટેબલ પર મૂકી દઇશ. ટોટલ આ યોજના હેઠળ ૬,૧૨૫ લોકોને ૩૫૧.૧૫ લાખ રૂપિયાના ખર્ચે વીજ કનેકશનો ઝૂંપડાઓમાં આપવામાં આવેલ છે.

શ્રી યોગેશ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે ચોથા પ્રશ્નનો જવાબ છે એ પંચમહાલ જિલ્લામાં ૧,૮૮૦ ઝૂંપડાઓમાં વીજ જોડાણ આપવામાં આવેલ છે. પરંતુ ૧૫-૨૦ ઝૂંપડા હોય કે સોસાયટી હોય એમાં સાંસદ, ધારાસભ્ય કે કોર્પોરેટર વીજ કનેકશન કે સ્ટ્રીટ લાઇટ નાંખી શકતો નથી જેનાથી ચોરીનો સંભવ રહે છે તો સ્ટ્રીટ લાઇટ નાંખવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી પાસે હું માગણી કરું છું તો આપ સ્ટ્રીટ લાઇટ નાંખવા માગો છો કે કેમ?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી દ્વારા ઝૂંપડા વીજળીકરણ યોજના હેઠળ લાભાર્થીની સંખ્યા એની પાછળ કરવામાં આવેલો ખર્ચ દર્શાવવામાં આવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, આ નાના માણસોને ઘરમાં આપણે જ્યારે વીજળી આપીએ છીએ એની આર્થિક સ્થિતિ ખરાબ હોવાના કારણે ઘણી વખત લાઇટના બિલ ભરી શકતા નથી તો આવા જે નાના વીજ વપરાશકારો છે એને યુનિટનો જે ભાવ ગણવામાં આવે છે એ યુનિટના ભાવમાં તમે રાહત આપવા માગો છો કે કેમ?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, ઝૂંપડા વીજકરણ યોજના આ ગરીબ લાભાર્થીઓ માટે છે. તેની અંદર ગરીબ કુટુંબની અંદર પ્રથમ ૫૦ યુનિટના ૧.૫૦ રૂપિયા પ્રમાણે જ લેવામાં આવે છે અને બાકીના જે વધારાના વાપરે છે તેનો ચાર્જ રેગ્યુલર પ્રમાણે લેવામાં આવે છે.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે એક વાતનું ક્લેરિફિકેશન જોઇએ છીએ કે જે ઝૂંપડપટ્ટીમાં રહેતાં ૭/૧૨માં છથી સાત નામો હોય છે. ઝૂંપડું એક હોય છે પણ કાયમી વસવાટ જે કરતો હોય તેવા બીજા પાંચ જણની સંમિત લેવા જવાનુ હોય છે તો એની સંમતિ વગર આપવા માગો છો કે કેમ ?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સૂચન છે જોઇ લઇશ.

તા. ૧૫મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, ઝૂંપડપટ્ટીમાં આપણે જે વીજ કનેક્શનો આપીએ છીએ અને વિભાગે એક પરિપત્ર કર્યો છે કે, છુટાછવાયા ૩૦ થી ૩૫ મકાનો હોય તો એનો આપણે જયોતિ ગ્રામમાં સમાવેશ કરવો, પણ આ પરિપત્રમાં તકલીફ એ છે કે, મોટાભાગે પેશકદમીમાં મકાનો થઇ ગયા હોય છે, એટલે પેશકદમીમાં દાખલો જે છે તે નથી તલાટી કમ મંત્રી આપતા અથવા બીજા આગળ લેવા જઇએ છીએ તો નથી આપતા અને આ ના આપવાના કારણે તેમને વીજ કનેક્શનો મળતાં નથી, તો બન્ને વિભાગોનું સંકલન કરીને છુટાછવાયા આ જે પરિપત્ર કર્યો છે તે મુજબ પેશકદમી હોય તો પણ આપણે તેમને ટીડીઓ પ્રમાણપત્ર આપે અને તેમને વીજ કનેકશન આપવામાં આવે તે બાબતે સરકાર શું કરવા માગે છે ?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનું સૂચન અને અમારી પાસે પણ આવી ફરિયાદો આવી હતી, પણ અમે બધા વિભાગો સાથે બેસી અને પરામર્શ કરીને વહેલામાં વહેલી તકે સુખદ નિરાકરણ લાવીશું.

**રાજ્યમાં ૧૫ થી ૧૮ વર્ષની વય જૂથના બાળકોનું કોવિડ વેક્સીનેશન**

* ૪૨૩૭૫ **શ્રીમતી સંગીતાબેન પાટીલ** (લીંબાયત) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ૧૫-૧૮ વર્ષની વયજૂથના બાળકો માટે કોવિડ વેક્સીનેશનની કામગીરી ક્યારથી શરૂ કરવામાં આવેલ છે, અને | (૧) તા. ૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ૧૫-૧૮ વર્ષની વયજૂથના બાળકો માટે કોવિડ વેક્સીનેશનની કામગીરી તા. ૦૩-૦૧-૨૦૨૨ના રોજથી શરૂ કરવામાં આવેલ છે. |
| (૨) આ કામગીરી દરમિયાન તા. ૩૧-૦૧-૨૦૨૨ સુધીમાં કેટલા લાભાર્થીઓનું વેક્સીનેશન કરવામાં આવેલ છે ? | (૨) આ કામગીરી દરમિયાન તા. ૩૧-૦૧-૨૦૨૨ સુધીમાં ૨૭,૦૯,૫૨૬ (૭૬.૨%) બાળકોને પ્રથમ ડોઝ આપવામાં આવેલ છે. |

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, કોવિડ રસીકરણ માટે કેવા વિશેષ પ્રકારનું આયોજન કરવામાં આવ્યુ હતું ? અને મારો બીજો પ્રશ્ન છે લોકોને કેવી રીતે પ્રથમ ડોઝ અને બીજો ડોઝ આપવામાં આવેલ છે અને અત્યાર સુધી કેટલા લોકોનું કોવિડ રસીકરણ કરવામાં આવ્યું છે ?

શ્રી નિમિષાબેન સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં મને જણાવતા ખૂબ આનંદ થાય છે કે, ગુજરાત રાજયના પનોતા પુત્ર અને વૈશ્વિક વિભૂતિ એવા આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં આપણું ગૃહ અને રાજયસભામાં ચૂંટાયેલા આપણા સાંસદ એવા દેશના આરોગ્ય મંત્રીશ્રી મનુસખભાઇ માંડવીયા સાહેબ અને અમારા આદરણીય મુખ્યમંત્રી સાહેબના માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગ દ્વારા આ દેશમાં કોવિડના વેક્સિનેશન માટે કુલ ૧૭૯ કરોડથી વધુ ડોઝ આપવાની કામગીરી કરી છે જે ખૂબ મોટી સિદ્ધિ કહી શકાય અને ગુજરાત રાજયમાં પણ કુલ ૧૦ કરોડ ૩૯ લાખથી વધુ ડોઝ આપીને ગુજરાત સરકાર ખૂબ અગ્રેસર છે. કોવિડની વેક્સિનેશનની વાત જો કરૂં તો રાજયની જે જાગૃત પ્રજા છે અને આ જાગૃત પ્રજાની સાથે સાથે અમારી ભારતીય જનતા પાર્ટી જે છે તેના તમામ કાર્યકરો અને પ્રતિનિધિઓ સાથે મળીને આ કોવિડની રસીકરણની જે કામગીરી છે તે ખૂબ સરાહનીય રીતે કરી છે. અમારા આદરણીય મુખ્યમંત્રી સાહેબની આગેવાનીમાં કોવિડ વેક્સિનેશન માટે તેમના અધ્યક્ષતામાં દરરોજ કોર કમિટી દૈનિક ધોરણે થતી હતી, એની પ્રગતિની સમીક્ષા થતી હતી, તેનું આગોતરું આયોજન થતું હતું. દર બુધવારે રાજયના જે મુખ્ય સચિવશ્રી હોય તેના અધ્યક્ષસ્થાનમાં કમિટી ઓફ સેક્રેટરી જે હોય તેના દ્વારા દરેક જિલ્લામાં, કોર્પોરેશનમાં, મ્યુનિસિપલ કમિશનર હોય, કલેકટર હોય, જિલ્લા વિકાસ અધિકારી હોય તેની સાથે કોવિડ માટેની જે પ્રગતિ છે તેની ચર્ચા કરવામાં આવતી હતી, તેનું માર્ગદર્શન કરવામાં આવતુ હતું અને તેની સાથે આગોતરું આયોજન કરી, વેક્સિનેશન કેવી રીતે આગળ વધારવું તેનું અમલીકરણ કરવામાં આવતું હતું. હું એક કાર્યક્રમની વાત કરવા જઇ રહી છું. 'હર ઘર દસ્તક' કાર્યક્રમ કે જે છેવાડાનો વ્યકિત છે તેના સુધી પણ ગુજરાત રાજય સરકારે વેક્સિનેશનની દરકાર કરી છે અને જે કેન્દ્ર સરકારમાંથી આપણને હર ઘર દસ્તક કાર્યક્રમ આપ્યો, એમાં રાજયના તમામ જે પ્રતિનિધિઓ છે, અમારા ફ્રન્ટ લાઇન વર્કરો છે, તેઓ આરોગ્યની ટીમ સાથે ઘરે ઘરે જઇને ગ્રામ્ય હોય કે શહેરી વિસ્તારોમાં જરૂરિયાત મંદ લોકોનું વેક્સિનેશન કરવામાં આવ્યું છે. તેની સાથે કોવિડનું વેક્સિનેશન જે ભારત સરકાર દ્વારા જે વેક્સિનેશનનો જથ્થો વિના મૂલ્યે જયારે રાજયોને પૂરો પાડવામાં આવ્યો હોય તો આ વેક્સિન જે છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો

( તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**વેરાવળ તાલુકાના આદ્રી બંધારાથી મૂળ દ્વારકા સુધી લિંક કેનાલ**

૪૩૧૭૧ **શ્રી ભગાભાઇ બારડ** (તાલાલા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગીર | (૧) આદ્રી બંધારાથી મૂળ દ્વારકા સુધીની લીન્ક |

સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના આદ્રી બંધારાથી મૂળ દ્વારકા સુધીની લીંક કેનાલ (ધક્કા કેનાલ) ને ક્યારે મંજૂરી આપવામાં આવેલ છે,

કેનાલના કામને સરકારશ્રીના પત્રાંક એસઆઇપી/૨૦૨૧/મુમક-૧૨૪/(૨૭)/ક-૨, તા.૧૯-૦૬-૨૦૨૧ થી અંદાજીત રકમ રૂ. ૧૦૧.૯૯ લાખની સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી ક્યા તબક્કે છે, અને

(૨) ઉક્ત કામગીરી હાથ ધરવા મોજણી અને સંશોધન, ભૂસ્તરીય સંશોધન, જમીન સંપાદનની વિગતો એકઠી કરવી, વિગતવાર પ્રોજેક્ટ રીપોર્ટ તથા નકશા/અંદાજો ખાનગી કન્સલ્ટન્ટ મારફતે તૈયાર કરવાનું કામ હાલ પ્રગતિ હેઠળ છે.

(૩) ઉક્ત કામગીરી ક્યા સુધીમાં કેટલા ખર્ચે પૂર્ણ કરવામાં આવશે ?

(૩) કામના નકશા/અંદાજો તૈયાર થયે જરૂરી મંજૂરીઓ મેળવી, લગત જમીન સંપાદન બાદ, ટેન્ડર બહાર પાડી ઉક્ત કામગીરી હાથ ધરવાનું આયોજન છે.

- - - - - - - - -

## પાર-તાપી નર્મદા લિંક યોજનામાંથી દરીયામાં વહી જતું પાણી

૪૩૧૧૯ **ડૉ. સી.જે.ચાવડા** (ગાંધીનગર ઉત્તર) : તેરમી ગુજરાત વિધાનસભાના સાતમાં સત્રમાં તા.૨૭-૦૮-૨૦૧૫ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૧૯૭૭૯ (અગ્રતા-૧૬૩)ના અનુસંધાને **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પાર-તાપી લીંક યોજના અંગેનો ડીટેઇલ્ડ પ્રોજેક્ટ રીપોર્ટની કાર્યવાહી ભારત સરકારની રાષ્ટ્રીય જળ વિકાસ એજન્સી હેઠળ પ્રગતિમાં હતી તે અંગે રાજ્ય સરકારને કોઇ પ્રોજેક્ટ રીપોર્ટ મળેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત રીપોર્ટ ક્યારે મળેલ છે, અને રીપોર્ટ મુજબ પાર-તાપી નર્મદા લીંકમાંથી દરીયામાં વહી જતુ કેટલું પાણી ગુજરાતને મળશે,

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દરીયામાં વહી જતુ પાણી ગુજરાતને મળે તે માટે રાજ્ય સરકારે ભારત સરકાર, મહારાષ્ટ્ર સરકાર કે અન્ય કોઇ કક્ષાએ રજૂઆત કરી છે કે કેમ, અને

(૪) જો હા, તો ઉક્ત રજૂઆત અન્વયે ક્યારે શાં પ્રતિભાવો મળ્યા છે ?

**જવાબ**

(૧) આ યોજનાનો ડ્રાફ્ટ ડીટેઇલ્ડ પ્રોજેક્ટ રીપોર્ટ વર્ષ ૨૦૧૫માં મળેલ. જેમાં સુધારાઓ બાદ પુનઃડ્રાફ્ટ ડીટેઇલ્ડ પ્રોજેક્ટ રીપોર્ટ વર્ષ ૨૦૧૭માં મળેલ.

(૨) ડ્રાફ્ટ પ્રોજેક્ટ રીપોર્ટ આખરી થયેથી પાણીના લાભોની વિગતો આખરી થઇ શકે.

(૩) અને (૪) મહારાષ્ટ્ર અને ગુજરાત રાજ્ય વચ્ચે આ યોજના અંતર્ગત પાણીની વહેંચણીની બાબત આખરીકરણ થાય તે માટે ૧૧ (અગિયાર) વખત ભારત સરકાર અને મહારાષ્ટ્ર સરકાર સાથે ચર્ચા પરામર્શ દરમિયાન યોજનાના વિવિધ પાસા પરત્વે વાટાઘાટો અને સમીક્ષાઓ થઇ રહેલ છે.

- - - - - - - - -

## છોટાઉદેપુર જિલ્લામાં શાળાઓ પાસેથી પસાર થતી ૬૬ કે.વી. હાઇટેન્શન લાઇનો

૪૨૭૫૯ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં કઇ કઇ સરકારી તેમજ બિનસરકારી અનુદાનિત પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ પાસેથી તેમજ તેના મેદાનમાંથી ૬૬ કે.વી. હાઇટેન્શન લાઇનો પસાર થાય છે,

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં નીચે મુજબની સરકારી તેમજ બિનસરકારી અનુદાનિત શાળાઓ પાસેથી તેમજ તેના મેદાનમાંથી ૬૬ કે.વી. હાઇટેન્શન લાઇનો પસાર થાય છે :

(૧) શ્રી શાસ્ત્રી વિદ્યાલય, શિથોલ, પાવીજેતપુર, છોટાઉદેપુર (૨) શ્રી આદર્શ નિવાસી પ્રાથમિક શાળા, પુનિયાવત

(૩) પ્રાથમિક શાળા, ભદ્રાલી, નવી વસાહત, તા. બોડેલી

(૨) ઉક્ત લાઇનો અંડરગ્રાઉન્ડ કે અન્યત્ર ખસેડવા માટે સરકાર દ્વારા કેવા પગલાં ભરવામાં આવ્યા, અને

(૨) જે તે સંસ્થાએ વીજ લાઇન ખસેડવા માટે અરજી કરી નોંધણી ખર્ચ ભરપાઇ કરવાનો થાય છે. ત્યારબાદ,

વીજ લાઇન ખસેડવા માટે થતા ખર્ચની રકમની ભરપાઇ જે-તે સંસ્થાએ કરવાની હોય છે અને રકમ ભરપાઈ થયેથી ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિ. (જેટકો) લાઇન ખસેડવાની કામગીરી હાથ ધરે છે. ઉપરોક્ત શાળા ક્રમાંક (૧) દ્વારા અરજી કરેલ છે પરંતુ, નોંધણી ખર્ચ ભરપાઇ કરેલ નથી તથા ઉક્ત શાળા ક્રમાંક (૨) અને (૩) દ્વારા વીજ લાઇન ખસેડવા અંગેની અરજી જેટકો ખાતે કરવામાં આવેલ નથી.

(૩) ઉક્ત સ્થિતિએ સરકાર દ્વારા સદર લાઇનો ક્યારે સ્થળાંતર કે અંડરગ્રાઉન્ડ કરવાનું આયોજન છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી .

- - - - - - - - -

**રાજ્યની સરકારી વીજ કંપનીઓના આઉટસોર્સીંગ સ્ટાફને પૂરતો પગાર ન આપવા બાબત**

૪૩૦૯૫ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યની સરકારી વીજ કંપનીઓના આઉટસોર્સીંગ સ્ટાફને ટેન્ડરની શરતો મુજબ પૂરતો પગાર આપવામાં આવતો નથી તેવી ફરિયાદથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ મળેલ ફરિયાદોના નિવારણ માટે ક્યારે કઇ એજન્સી સામે શી કાર્યવાહી કરી, અને

(૩) આઉટસોર્સીંગથી ઉક્ત જગ્યાઓ ભરવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) આ સંબંધિત ત્રણ ફરિયાદ મળેલ છે.

(૨)

| એજન્સી | કાર્યવાહીની વિગત |
|---|---|
૪૨૪૧૦ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા** (માંડવી) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં જખૌ-જાંગડીયા જૂથ પાણી પુરવઠા યોજના સુધારણા અંગે આયોજન કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા,જી. |
| (૨) જો હા, તો આ આયોજનની અંદાજીત રકમ કેટલી છે, અને | (૨) ૩.૪૨૯.૫૬ લાખ ગ્રોસ. |
| (૩) આ યોજના ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૩) માહે એપ્રિલ-૨૦૨૨ સુધીમાં. |

- - - - - - - - -

**સિધ્ધપુર જનરલ હોસ્પિટલ ખાતે એમ.આર.આઇ. મશીન બંધ હોવા બાબત**

૪૩૧૦૨ **શ્રી રઘુભાઇ દેસાઇ** (રાધનપુર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૨૪-૦૩-૨૦૨૧ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ * ૩૬૮૭૮ (અગ્રતા-૨૨૧) ના અનુસંધાને **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ જનરલ હોસ્પિટલ સિધ્ધપુર ખાતેનું એમ.આર.આઇ. મશીન બંધ હાલતમાં હતુ તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત મશીનના અભાવે કેટલા દર્દીઓને અન્ય હોસ્પિટલોમાં રીફર કરવામાં આવેલ છે, | (૨) વર્ષ- ૨૦૨૦- ૯ દર્દી.<br>વર્ષ- ૨૦૨૧- ૧૯ દર્દી. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લા મથકે ઉક્ત મશીન કાર્યરત છે કે કેમ અને | (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લા મથક પાટણ ખાતે એમ.આર.આઇ. મશીન કાર્યરત નથી. |
| (૪) જો ના, તો તેના કારણો શાં છે અને તે ક્યાં સુધીમાં કાર્યરત કરવામાં આવશે ? | (૪) એમ.આર.આઇ. મશીન ઉપલબ્ધ કરાવવાની કાર્યવાહી ચાલુ છે. |

- - - - - - - - -

**દાહોદ જિલ્લામાં 'નલ સે જલ' યોજનાની કામગીરી**

૪૩૨૧૪ **શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા** (ગરબાડા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર 'નલ સે જલ' યોજનાની કામગીરી ક્યા તબક્કે છે, અને

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | આંતરિક પેયજળ યોજનાની કામગીરી તબક્કાવાર | | | |
|---|---|---|---|---|---|
| | | મંજૂર યોજના | પૂર્ણ | પ્રગતિ | હાથ ધરવામાં |
| ૧ | દાહોદ | ૮૮ | ૩ | ૭૦ | ૧૫ |
| ૨ | દેવગઢ બારીયા | ૯૨ | ૨૯ | ૫૬ | ૭ |
| ૩ | ધાનપુર | ૯૦ | ૩૧ | ૫૭ | ૨ |
| ૪ | ફતેપુરા | ૧૦૧ | ૨ | ૯૨ | ૭ |
| ૫ | ગરબાડા | ૪૨ | ૩ | ૩૩ | ૬ |
| ૬ | લીમખેડા | ૮૧ | ૧૦ | ૬૩ | ૮ |
| ૭ | સંજેલી | ૫૬ | ૧ | ૪૩ | ૧૨ |
| ૮ | સીંગવડ | ૭૧ | ૧૦ | ૪૮ | ૧૩ |

(૨) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૨) ક્રમશ: ડિસેમ્બર- ૨૦૨૨ સુધીમાં.

- - - - - - - - -

**સાવરકુંડલા અને લીલીયા તાલુકામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના નવા મકાનો**

૪૨૧૯૨ **શ્રી પ્રતાપ દુધાત** (સાવરકુંડલા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અમરેલી જિલ્લાના સાવરકુંડલા અને લીલીયા તાલુકામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના તથા સબ સેન્ટરોના કેટલા નવા મકાનો મંજૂર કરવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા મકાનો નવા બનાવી સોંપવામાં આવ્યા અને કેટલા સોંપવાના બાકી છે, અને

(૧)

| વિષય | સાવરકુંડલા | | લીલીયા | |
|---|---|---|---|---|
| | પ્રા.આ.કે. | સબ સેન્ટર | પ્રા.આ.કે. | સબ સેન્ટર |
| મંજૂર | ૦૧ | ૦૬ | ૦૦ | ૦૨ |
| સોંપવાની કાર્યવાહી હેઠળ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૦ |
| સોંપવાના | ૦૧ | ૦૩ | ૦૦ | ૦૨ |

(૩)બાકી મકાનો ક્યાં સુધીમાં સોંપવામાં આવશે ?

(૩)

| તાલુકો | પેટા કેન્દ્ર | કામની વિગત |
|---|---|---|
| લીલીયા | લોકી | કામ પ્રગતિમાં છે |
| લીલીયા | લીલીયા-૨ | જમીન મેળવવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ |
| સાવરકુંડલા | ઓળિયા | વર્કઓર્ડરની કાર્યવાહી પ્રગતિમાં છે. |
| સાવરકુંડલા | હાથસણી | ટેન્ડર મંજૂરીમાં છે. |
| સાવરકુંડલા | અમૃતવેલ | જમીન મેળવવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ |
| **પ્રા.આ.કેન્દ્ર** | | |
| સાવરકુંડલા | જીરા (સિમરણ) | ટેન્ડર મંજૂરીમાં છે. |

- - - - - - - - -

**પાર-તાપી-નર્મદા લિંક પ્રોજેક્ટ**

૪૩૧૩૦ **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પાર-તાપી- નર્મદા લિંક પ્રોજેક્ટ માટે રાજ્ય સરકાર દ્વારા કોઇ મંજૂરી આપવામાં આવેલ છે કે કેમ,

(૧) ના, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત પ્રોજેક્ટનો ડીપીઆરનો આખરી અહેવાલ રાજ્ય સરકારને ક્યારે મળેલ છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત પ્રોજેક્ટ કાર્યરત થવાથી રાજ્યની પ્રજાને કયા પ્રકારના લાભ મળશે ?

(૩) ડ્રાફ્ટ પ્રોજેક્ટ રીપોર્ટ આખરી થયેથી મળનાર લાભોની વિગતો નક્કી થઇ શકે.

- - - - - - - - -

**ભરૂચ જિલ્લામાં ચકલાદ, નર્મદા અને જંબુસર જૂથ પાણી પુરવઠા યોજનાની કામગીરી**

૪૩૨૨૩ **શ્રી સંજયભાઇ સોલંકી** (જંબુસર) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના ચકલાદ જૂથ પાણી પુરવઠા યોજના, નર્મદા જૂથ પાણી પુરવઠા યોજના અને જંબુસર જૂથ પાણી પુરવઠા યોજના ક્યારે મંજૂર કરવામાં આવેલ,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત યોજનાવાર કામગીરી કયા તબક્કે છે,

**જવાબ**

(૧) અને (૨) નીચેની વિગતે,

| અનું | જૂથ પા.પુ. યોજનાનું નામ | મંજૂરીની તારીખ | હાલની સ્થિતિ |
|---|---|---|---|
| ૧ | ચકલાદ | ૦૭-૦૩-૨૦૧૯ | કામો પૂર્ણ થયેલ છે. |
| ૨ | નર્મદાબારા | ૦૭-૦૩-૨૦૧૯ | પ્રગતિના તબક્કામાં |
| ૩ | જંબુસર | ૧૨-૦૨-૨૦૧૯ | કામો પૂર્ણ થયેલ છે. |

(૩) ઉક્ત કામગીરી કેટલા ખર્ચે કઇ એજન્સીને ક્યાં સુધીમાં પૂર્ણ કરવાની શરતે સોંપવામાં આવેલ છે, અને

(૩) નીચેની વિગતે,

| અનુ | જૂથ પા.પુ. યોજનાનું નામ | મંજૂર થયેલ ટેન્ડરની રકમ (રૂ.લાખમાં) | એજન્સીનું નામ | પૂર્ણ કરવાની સમય-મર્યાદા |
|---|---|---|---|---|
| ૧ | ચકલાદ | ૧૮૯૨.૯૪ | ગુજરાત કંસ્ટ્રકશન કંપની, મહેસાણા | ૦૪-૦૯-૨૦૨૧ સુધીમાં |
| ૨ | નર્મદાબારા | ૫૧૫૬.૭૬ | યશ કંસ્ટ્રકશન, ભાવનગર | ૧૫-૦૧-૨૦૨૨ સુધીમાં |
| ૩ | જંબુસર | ૨૫૯૨.૨૫ | ગુજરાત કંસ્ટ્રકશન કંપની, મહેસાણા | ૧૫-૧૧-૨૦૨૧ સુધીમાં |

(૪) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૪) નીચેની વિગતે,

| અનુ | જૂથ પા.પુ. યોજનાનું નામ | હાલની સ્થિતિ |
|---|---|---|
| ૧ | ચકલાદ | યોજનાકીય કામો પૂર્ણ કરેલ છે. |
| ૨ | નર્મદાબારા | માહે ૦૯/૨૦૨૨ સુધીમાં |
| ૩ | જંબુસર | યોજનાકીય કામો પૂર્ણ કરેલ છે. |

---------

**જૂનાગઢ જિલ્લાના અરેણા તથા હોલીડે કેમ્પ ખાતે ૬૬ કેવી સબ સ્ટેશન**

૪૩૧૬૬ **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં અરેણા તથા હોલીડે કેમ્પ (ચોરવાડ) ખાતે ૬૬ કેવી સબસ્ટેશન ક્યારે મંજૂર કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ બન્ને સબસ્ટેશનની કાર્યવાહી કયા તબક્કે છે, અને

**જવાબ**

(૧) સને-૨૦૧૪ દરમ્યાન મંજૂર કરવામાં આવેલ છે.

(૨) ૬૬ કે.વી. અરેણા સબસ્ટેશન માટે તાંત્રિક રીતે અનુકૂળ અને ઉચિત જરૂરિયાત મુજબની સરકારી પડતર/ગૌચર જમીન પસંદગીની પ્રક્રિયા પ્રગતિમાં છે.

૬૬ કે.વી. હોલીડે કેમ્પ (ચોરવાડ) સબસ્ટેશન બનાવવાની કામગીરી તા.૨૮-૦૩-૨૦૧૯ ના રોજ પૂર્ણ કરવામાં આવેલ છે તથા સબસ્ટેશનને સંલગ્ન વીજરેષાનું કાર્ય

(૩) ઉક્ત સબસ્ટેશનો ક્યાં સુધીમાં કાર્યરત કરવાનું આયોજન છે ?

પ્રગતિમાં છે.

(૩) ૬૬ કે.વી. અરેણા સબસ્ટેશન માટે જમીન ઉપલબ્ધ થયેથી કામ શરૂ કરવામાં આવશે.
૬૬ કે.વી. હોલીડે કેમ્પ (ચોરવાડ) સબસ્ટેશનને સંલગ્ન વીજરેષાનું કાર્ય સત્વરે પૂર્ણ કરી, ડિસેમ્બર-૨૦૨૨ અંતિત સબસ્ટેશન કાર્યરત કરવાનું આયોજન છે.

- - - - - - - - -

**અમદાવાદ જિલ્લામાં પી.એમ.જે.વાય. "મા" યોજનાના લાભાર્થીઓ**

૪૨૪૩૫ **શ્રી કનુભાઈ પટેલ** (સાણંદ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં પી.એમ.જે.વાય. "મા" યોજના અંતર્ગત કેટલા લાભાર્થીઓએ કઇ કઇ બિમારીની સારવાર લીધી ?

**જવાબ**

| ક્રમ | બિમારીની વિગતો | લાભાર્થી દાવાઓ |
|---|---|---|
| ૧ | બર્ન્સના રોગો | ૨૦૫ |
| ૨ | હ્રદય રોગો | ૩૧,૦૪૨ |
| ૩ | જનરલ મેડિસિન | ૧૯,૧૯૦ |
| ૪ | જનરલ સર્જરી | ૭,૦૭૯ |
| ૫ | મગજનાં રોગો | ૨,૧૫૩ |
| ૬ | કેન્સર | ૭૯,૩૫૭ |
| ૭ | બાળરોગો | ૧,૦૭૮ |
| ૮ | સ્ત્રી રોગ | ૧,૪૮૮ |
| ૯ | આંખના રોગો | ૨૩૦ |
| ૧૦ | અંગનું પ્રત્યારોપણ | ૪૦૦ |
| ૧૧ | હાડકાંના રોગો | ૮,૭૭૩ |
| ૧૨ | કાન, નાક અને ગળાના રોગો | ૫૨૮ |
| ૧૩ | કીડનીના રોગો | ૧,૧૧,૭૨૬ |
| ૧૪ | મલ્ટિપલ સ્પેશ્યાલિટી | ૧૬,૭૫૦ |
| | **કુલ** | **૨,૭૯,૯૯૯** |

- - - - - - - - -

**કચ્છ જિલ્લાને ફાળવેલ નર્મદાનું પાણી**

૪૨૩૯૭ **માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કચ્છ જિલ્લાને ફાળવેલ નર્મદાના વધારાના ૧ મીલીયન એકર ફીટ પાણી અંતર્ગત કામો હાથ ધરવાનું આયોજન છે કે કેમ,

(૨) જો હા તો, આ કામો ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે,

(૩) આ કામો પાછળ અંદાજે કેટલો ખર્ચ થનાર છે, અને

(૪) આ કામોથી કેટલા તાલુકાના કેટલા ગામોના કેટલા વિસ્તારને સિંચાઇનો લાભ મળશે ?

**જવાબ**

(૧) બે તબક્કામાં કામો હાથ ધરવાનું આયોજન છે.

(૨) તબક્કા-૧ હેઠળ કામો માટે સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલ છે.

(૩) તબક્કા-૧ હેઠળના કામો પાછળ અંદાજીત ૩.૪૩૬૯.૨૫ કરોડનો ખર્ચ થનાર છે.

(૪) તબક્કા-૧ હેઠળના કામોથી ૬(છ) તાલુકાના ૭૭ ગામોના અંદાજે ૧,૧૩,૮૮૬ હેક્ટર વિસ્તારને સિંચાઇનો લાભ મળશે.

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લામાં સરકારી હોસ્પિટલોમાં સિટી સ્કેન અને એમ.આર.આઇ. મશીન**

અતારાંકિત પ્રશ્નો

૪૩૦૮૪ **ગેનીબેન ઠાકોર** (વાવ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૨૪-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૬૮૭૮ (અગ્રતા-૨૨૧)ના અનુસંધાને **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં આવેલ સરકારી હોસ્પિટલોમાં તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ સિટી સ્કેન અને એમ.આર.આઇ. મશીનો ઉપલબ્ધ ન હતાં તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત મશીનોના અભાવે કેટલા દર્દીઓને અન્ય હોસ્પિટલોમાં રીફર કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત જિલ્લા મથકે ઉક્ત મશીનો ક્યાં સુધીમાં ઉપલબ્ધ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) જનરલ હોસ્પિટલ, પાલનપુર ખાતે સિટી સ્કેન મશીન ઉપલબ્ધ છે. અન્ય હોસ્પિટલ ખાતે સિટી સ્કેન મશીન અને એમ.આર.આઇ. મશીન ઉપલબ્ધ નથી.

(૨)

| હોસ્પિટલનું નામ | વર્ષ-૨૦૨૦ | વર્ષ-૨૦૨૧ |
|---|---|---|
| જ.હો. પાલનપુર | ૦ | ૬ |
| સ.હો. ડીસા | ૬૫ | ૫૦ |
| સ.હો. થરાદ | ૦૮ | ૧૨ |
| સ.હો. અંબાજી | ૦ | ૦ |
| સ.હો. ભાભર | ૮૦ | ૫૪ |

(૩) એમ.સી.આઈ./એન.એમ.સી. ના ધારાધોરણ અનુસાર આવનાર વર્ષોમાં જ.હો. પાલનપુર ખાતે એમ.આર.આઇ. મશીન ઉપલબ્ધ કરવામાં આવશે.

---------

**પંચમહાલ જિલ્લામાં સરકારી હોસ્પિટલોમાં સિટી સ્કેન અને એમ.આર.આઈ. મશીન**

૪૩૧૯૬ **શ્રી પુનમભાઈ પરમાર** (સોજીત્રા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૨૪-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૬૯૮૯ (અગ્રતા-૧૯૦) ના અનુસંધાને **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં આવેલ સરકારી હોસ્પિટલોમાં તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ સિટી સ્કેન અને એમ.આર.આઇ. મશીનો ઉપલબ્ધ ન હતાં તે હકીકત સાચી છે,

(૨) જો હો, તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર ઉક્ત મશીનોના અભાવે કેટલા દર્દીઓને અન્ય હોસ્પિટલોમાં રીફર કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત જિલ્લા મથકે ઉક્ત મશીનો ક્યાં સુધીમાં ઉપલબ્ધ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ

| વર્ષ | જનરલ હોસ્પિટલ ગોધરા | સરકારી હોસ્પિટલ હાલોલ |
|---|---|---|
| ૨૦૨૦ | ૨ | ૦ |
| ૨૦૨૧ | ૬ | ૦ |

(૩) જિલ્લા કક્ષાની જનરલ હોસ્પિટલ, ગોધરા ખાતે સિટી સ્કેન મશીન ખરીદવા અંગેની કાર્યવાહી ચાલુમાં છે. ખરીદીની પ્રક્રિયા પૂર્ણ થયેથી ફાળવવામાં આવશે. તેમજ એમ.આર.આઇ. મશીન ખરીદીનું હાલ કોઇ આયોજન નથી.

---------

**કચ્છ જિલ્લાના વાડી વિસ્તારમાં વીજ પુરવઠો પૂરો પાડવા બાબત**

૪૩૦૮૧ **શ્રીમતી સંતોકબેન આરેઠીયા** (રાપર) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં વાડી વિસ્તારમાં રહેણાંક હેતુ માટે કેટલા કલાક

**જવાબ**

(૧) અને (૨) વાડી વિસ્તારમાં ખેતીવાડી ફીડર પરથી રહેણાંક હેતુ માટે ૨૪ કલાક સીંગલ ફેઈઝ વીજ પુરવઠો,

વીજ પુરવઠો કેટલા વોટ સાથે પૂરો પાડવામાં આવે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વાડી વિસ્તારમાં રહેણાંક હેતુ માટે જ્યોતિગ્રામ યોજના અન્વયે વીજ પુરવઠો પૂરો પડવાની કામગીરી ક્યા તબક્કે છે ?

૩૦૦૦ વોટની મર્યાદામાં પૂરો પાડવામાં આવે છે.

- - - - - - - - -

**પોરબંદર જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના**

૪૨૪૧૮ **શ્રી બાબુભાઈ બોખીરીયા** (પોરબંદર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પોરબંદર જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ વિકસતી જાતિની કેટલી કન્યાઓની અરજીઓ મળી, | (૧) ૩૩૯ |
| (૨) ઉક્ત સ્થિતિએ મળેલી અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૩૨૬ |
| (૩) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૩૫.૧૬ લાખ. |

- - - - - - - - -

**ખેડા અને આણંદ જિલ્લામાં રાજ્ય કર વિભાગની મોબાઈલ સ્ક્વોડ દ્વારા પકડાયેલ તમાકુની ગાડીઓ**

૪૨૪૮૨ **શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૦૧-૦૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને આણંદ જિલ્લામાં રાજ્ય કર વિભાગની મોબાઈલ સ્ક્વોડ દ્વારા તમાકુ ભરેલી કેટલી ગાડી પકડવામાં આવી,

(૨) તમાકુની ઉક્ત પકડાયેલ ગાડીથી કેટલી વસૂલાત કરવામાં આવી,

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૪)ઉક્ત સ્થિતિએ વર્ષવાર મોબાઈલ સ્ક્વોડની ટીમ દ્વારા તેમને સોંપેલ વિસ્તાર સિવાય અન્ય વિસ્તારમાં ગાડીઓ પકડી મેમો આપ્યાના કેટલા બનાવો નોંધાયા છે ?

**જવાબ**

(૧)

| જિલ્લો | પકડાયેલ તમાકુની ગાડીઓ |
|---|---|
| ખેડા | ૬ |
| આણંદ | ૯ |

(૨)

| જિલ્લો | વસૂલ કરેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| ખેડા | ૩૪.૪૭ |
| આણંદ | ૩૦.૫૯ |

(૩) જવાબદારો સામે દંડકીય કાર્યવાહી કરી કુલ રૂ.૬૫.૦૬ લાખ રકમ વસૂલવામાં આવેલ છે.

(૪)

| સમયગાળો | વાહનોની સંખ્યા |
|---|---|
| તા.૧-૨-૨૦૨૦ થી તા.૩૧-૧-૨૦૨૧ | ૪ |
| તા.૧-૨-૨૦૨૧ થી તા.૩૧-૧-૨૦૨૨ | ૧ |

- - - - - - - - -

**રાજકોટ જિલ્લામાં નવી સિંચાઈ યોજનાનું આયોજન**

૪૨૩૯૮ **શ્રી લાખાભાઈ સાગઠીયા** (રાજકોટ ગ્રામ્ય) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં કોઈ નવી સિંચાઈ યોજના બનાવવાનું આયોજન છે કે કેમ, અને | (૧) હા, જી. રાજકોટ જિલ્લાના વિંછીયા તાલુકાના સોમપીપળીયા ગામ પાસે સોમપીપળીયા નાની સિંચાઈ યોજના બનાવવાનું આયોજન છે. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ નવી સિંચાઈ યોજના | (૨) |

| | |
|---|---|
| બનાવવાનો કેટલો ખર્ચ થશે અને તેનાથી શા લાભ થશે ? | • રૂ. ૮૩૨.૪૦ લાખ<br>• ૧૪૮ હેક્ટર જમીનને સિંચાઇનો લાભ થશે. |

- - - - - - - - -

**ગાંધીનગર જિલ્લામાં ડો. બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન**

૪૨૪૨૦ **શ્રી બલરાજસિંહ ચૌહાણ** (દહેગામ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ડો.બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ અનુસૂચિત જાતિના કેટલા વિદ્યાર્થીઓની અરજીઓ મળી, | (૧) ૩૫ |
| (૨) ઉક્ત સ્થિતિએ મળેલી અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૩૪ |
| (૩) કુલ કેટલી રકમની લોન ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૫૧૦.૦૦ લાખ. |

- - - - - - - - -

**વડોદરા શહેરમાં કાર્યરત ૧૦૮ ની સેવા**

૪૨૪૩૬ **શ્રીમતી સીમાબેન મોહીલે** (અકોટા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વડોદરા શહેરમાં ૧૦૮ સેવાઓ માટે કુલ કેટલી એમ્બ્યુલન્સ કાર્યરત છે, અને | (૧) ૨૨ એમ્બ્યુલન્સ. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તેનો કેટલાં દર્દીઓએ લાભ લીધેલ છે ? | (૨) ૩૯,૦૨૨ દર્દીઓ. |

- - - - - - - - -

**પાર-તાપી-નર્મદા લિંક યોજનાનો અહેવાલ**

૪૩૧૭૮ **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી) : ચૌદમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૧૯-૦૯-૨૦૧૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૧૧૦૫૨ (અગ્રતા-૧૧૫)ના અનુસંધાને **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પાર-તાપી નર્મદા લીંક યોજનાનો યોજનાકીય અહેવાલ ગુજરાત સરકાર, મહારાષ્ટ્ર સરકાર તથા કેન્દ્ર સરકાર સાથે વિચારણા હેઠળ હતો તે અહેવાલ ક્યા તબક્કે છે, | (૧) આ યોજનાનો ડ્રાફ્ટ ડીટેઈલ્ડ પ્રોજેક્ટ રીપોર્ટ ભારત સરકારના રાષ્ટ્રીય જળ વિકાસ અભિકરણ, નવી દિલ્હી પાસેથી વર્ષ ૨૦૧૫માં પ્રાપ્ત થયેલ અને સુધારેલ ડ્રાફ્ટ ડીટેઈલ્ડ પ્રોજેક્ટ રીપોર્ટ વર્ષ ૨૦૧૭માં પ્રાપ્ત થયેલ. |
| (૨) તે અન્વયે ઉક્ત પૈકીને કઈ સરકાર તરફથી ક્યારે અને શાં પ્રતિભાવ મળ્યા, અને | (૨) મહારાષ્ટ્ર અને ગુજરાત સરકાર દ્વારા વિવિધ પાસાઓએ વાટાઘાટો અને સમીક્ષા થઈ રહેલ છે. |
| (૩) ઉક્ત યોજનાને ક્યાં સુધીમાં કાર્યરત કરવાનું આયોજન છે ? | (૩) મહારાષ્ટ્ર અને ગુજરાત રાજ્ય વચ્ચે આ યોજના અંતર્ગત પાણીની વહેંચણીની બાબત આખરી થયા બાદ ડીટેઈલ્ડ પ્રોજેક્ટ રીપોર્ટનું આખરીકરણ થાય. ત્યારબાદ યોજનાના અમલીકરણ માટેના આયોજનની વિચારણા મહારાષ્ટ્ર, ગુજરાત અને ભારત સરકાર દ્વારા થઈ શકે. |

- - - - - - - - -

**અરવલ્લી જિલ્લામાં સરકારી હોસ્પિટલોમાં સિટી સ્કેન અને એમ.આર.આઈ. મશીન**

૪૩૧૧૭ **શ્રી જશુભાઈ પટેલ** (બાયડ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૨૪-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૬૮૯૧ (અગ્રતા-૧૯૬) ના અનુસંધાને **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અરવલ્લી જિલ્લામાં આવેલ સરકારી હોસ્પિટલોમાં તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ સિટી સ્કેન અને એમ.આર.આઇ. મશીનો ઉપલબ્ધ ન હતાં તે હકીકત સાચી | (૧) હા, જી. |

છે,

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર ઉક્ત મશીનોના અભાવે કેટલા દર્દીઓને અન્ય હોસ્પિટલોમાં રીફર કરવામાં આવેલ છે, અને

(૨) શૂન્ય.

(૩) ઉક્ત જિલ્લા મથકે ઉક્ત મશીનો ક્યાં સુધીમાં ઉપલબ્ધ કરવામાં આવશે ?

(૩) હાલ કોઇ આયોજન નથી.

- - - - - - - - -

**વડોદરા શહેરમાં ધન્વંતરી રથની સેવાઓ બાબત**

૪૨૪૨૯ **શ્રી જીતેન્દ્ર સુખડીઆ** (સયાજીગંજ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકાર દ્વારા કોરોના મહામારીને પહોંચી વળવા વડોદરા શહેરમાં ધન્વંતરી રથની સેવાઓ આપવામાં આવેલ છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો, હા તો ઉક્ત સ્થિતિએ ધન્વંતરી રથનો કેટલી વ્યક્તિઓએ લાભ લીધો ?

(૨) વડોદરા શહેર (કોર્પોરેશન)માં કુલ ૫,૩૩,૫૧૭ વ્યક્તિઓએ લાભ લીધો.

- - - - - - - - -

**દાંતા તાલુકામાં સામુહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું મંજૂર મહેકમ**

૪૩૦૯૩ **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે,

(૧) અને (૨) પત્રક-૧ અને પત્રક-૨ મુજબ.

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) નિમણૂકોનો અસ્વીકાર, રાજીનામા તથા વય નિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડોક્ટરની ખાલી જગ્યા લાયકાત ધરાવતા ડોક્ટર ઉપલબ્ધ થયેથી તુરત જ ભરવામાં આવે છે. અન્ય જગ્યાઓ મંજૂર થયેલ મહેકમ પ્રમાણે તેમજ જરૂરિયાત અને ઉપલબ્ધિને ધ્યાને લઈને ભરવામાં આવે છે.

**પત્રક-૧**

| જિલ્લો બનાસકાંઠા | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તાલુકો દાંતા | | | | | | | | દાંતા તાલુકાનું કુલ | | |
| સામુહિક આરોગ્ય કેન્દ્ર | | દાંતા | | | માંકડી | | | | | |
| અ. નં. | સંવર્ગનું નામ | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી |
| ૧ | અધીક્ષક વર્ગ-૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૦ | ૨ |
| ૨ | તજજ્ઞ વર્ગ-૧ | ૯ | ૦ | ૯ | ૫ | ૦ | ૫ | ૧૪ | ૦ | ૧૪ |
| ૩ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૫ | ૩ | ૨ | ૩ | ૨ | ૧ | ૮ | ૫ | ૩ |
| ૪ | ડેન્ટલ સર્જન વર્ગ-૨ | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૨ | ૧ | ૧ |
| ૫ | એક્સ-રે ટેકનીશ્યન વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૨ | ૧ | ૧ |
| ૬ | લેબોરેટરી ટેકનીશ્યન વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| ૭ | જુનિયર ફાર્માસિસ્ટ વર્ગ-૩ | ૨ | ૨ | ૦ | ૧ | ૧ | ૦ | ૩ | ૩ | ૦ |
| ૮ | હેડ સ્ટાફ નર્સ વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | સ્ટાફ નર્સ વર્ગ-૩ | ૧૨ | ૧૨ | ૦ | ૭ | ૭ | ૦ | ૧૯ | ૧૯ | ૦ |
| ૧૦ | ફિજીયોથેરાપિસ્ટ વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૨ | ૧ | ૧ |
| ૧૧ | સિનિયર આસિસ્ટંટ વર્ગ-૩ | ૨ | ૨ | ૦ | ૧ | ૦ | ૧ | ૩ | ૨ | ૧ |
| ૧૨ | સિનિયર ક્લાર્ક વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૨ | ૧ | ૧ |
| ૧૩ | જુનિયર ક્લાર્ક વર્ગ-૩ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૧૪ | ડ્રાયવર વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૨ | ૧ | ૧ |
| ૧૫ | પટાવાળા વર્ગ-૪ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| ૧૬ | વોર્ડબોય વર્ગ-૪ | ૪ | ૧ | ૩ | ૨ | ૨ | ૦ | ૬ | ૩ | ૩ |
| ૧૭ | આયા વર્ગ-૪ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૨ | ૨ | ૦ |
| ૧૮ | ડ્રેસર વર્ગ-૪ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૧ | ૨ | ૦ | ૨ |
| ૧૯ | સ્વીપર વર્ગ-૪ | ૬ | ૨ | ૪ | ૧ | ૧ | ૦ | ૭ | ૩ | ૪ |
| ૨૦ | વોચમેન વર્ગ-૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૧ | રસોયા વર્ગ-૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૨ | પાર્ટ ટાઇમ સ્વીપર વર્ગ-૪ | ૨ | ૨ | ૦ | ૨ | ૧ | ૧ | ૪ | ૩ | ૧ |
| ૨૩ | પાર્ટ ટાઇમ વોચમેન વર્ગ-૪ | ૨ | ૧ | ૧ | ૨ | ૨ | ૦ | ૪ | ૩ | ૧ |
| | **વર્ગ ૧ થી ૪નો કુલ સરવાળો** | **૫૬** | **૩૪** | **૨૨** | **૩૪** | **૧૯** | **૧૫** | **૯૦** | **૫૩** | **૩૭** |

| **સમરી** | | | |
|---|---|---|---|
| **વર્ગ** | **મંજૂર** | **ભરેલી** | **ખાલી** |
| વર્ગ-૧ | ૧૬ | ૦ | ૧૬ |
| વર્ગ-૨ | ૧૦ | ૬ | ૪ |
| વર્ગ-૩ | ૩૭ | ૩૧ | ૬ |
| વર્ગ-૪ | ૨૭ | ૧૬ | ૧૧ |
| **કુલ** | **૯૦** | **૫૩** | **૩૭** |

**પત્રક-૨**

**ભાગ-૧**

| **ક્રમ** | **પ્રા.આ.કે.** | **મેડિકલ ઓફિસર વર્ગ-૨** | | | | **ફાર્માસિસ્ટ વર્ગ-૩** | | | | **લેબ.ટેક.વર્ગ-૩** | | | | **સ્ટાફ નર્સ વર્ગ-૩** | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | **મંજૂર** | **ભરેલી** | **ખાલી** | **રીમાર્કસ** | **મંજૂર** | **ભરેલી** | **ખાલી** | **રીમાર્કસ** | **મંજૂર** | **ભરેલી** | **ખાલી** | **રીમાર્કસ** | **મંજૂર** | **ભરેલી** | **ખાલી** | **રીમાર્કસ** |
| ૧ | ગોરાડ | ૨ | ૧ | ૧ | - | ૧ | ૧ | ૦ | - | ૧ | ૧ | ૦ | - | ૨ | ૨ | ૦ | ૧- આઉટ સોર્સ |
| ૨ | હડાદ | ૨ | ૨ | ૦ | ૧-બોન્ડેડ | ૧ | ૧ | ૦ | - | ૧ | ૧ | ૦ | - | ૨ | ૨ | ૦ | ૧- આઉટ સોર્સ |
| ૩ | જીતપુર | ૨ | ૨ | ૦ | ૧-બોન્ડેડ | ૧ | ૧ | ૦ | - | ૧ | ૧ | ૦ | - | ૨ | ૨ | ૦ | - |
| ૪ | કાંસા | ૨ | ૨ | ૦ | ૧-કરાર | ૧ | ૧ | ૦ | - | ૧ | ૧ | ૦ | - | ૨ | ૨ | ૦ | - |
| ૫ | કુંવારશી | ૨ | ૧ | ૧ | - | ૧ | ૧ | ૦ | - | ૧ | ૧ | ૦ | - | ૨ | ૨ | ૦ | - |
| ૬ | મગવાસ | ૨ | ૨ | ૦ | - | ૧ | ૧ | ૦ | આઉટસોર્સ | ૧ | ૧ | ૦ | - | ૨ | ૨ | ૦ | - |
| ૭ | માંકડી | ૨ | ૨ | ૦ | ૨-કરાર | ૧ | ૧ | ૦ | - | ૧ | ૧ | ૦ | - | ૨ | ૨ | ૦ | ૧- આઉટ સોર્સ |
| ૮ | મોટાસડા | ૧ | ૧ | ૦ | - | ૧ | ૧ | ૦ | - | ૧ | ૧ | ૦ | - | ૨ | ૨ | ૦ | ૧- આઉટ સોર્સ |
| ૯ | નવાવાસ | ૨ | ૧ | ૧ | - | ૧ | ૧ | ૦ | - | ૧ | ૧ | ૦ | - | ૨ | ૨ | ૦ | ૧- NHM |
| ૧૦ | સેંબલપાણી | ૨ | ૨ | ૦ | ૨-બોન્ડેડ | ૧ | ૧ | ૦ | - | ૧ | ૧ | ૦ | - | ૨ | ૨ | ૦ | ૧- આઉટ સોર્સ |
| | **કુલ** | **૧૯** | **૧૬** | **૩** | **-** | **૧૦** | **૧૦** | **૦** | **-** | **૧૦** | **૧૦** | **૦** | **-** | **૨૦** | **૨૦** | **૦** | **-** |

ભાગ-૨

| ક્રમ | પ્રા.આ.કે. | ડ્રાઈવર વર્ગ-૩ | | | | વોર્ડબોય વર્ગ-૪ | | | | વોર્ડઆયા વર્ગ-૪ | | | | પાર્ટ ટાઇમ સ્વીપર વર્ગ-૪ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મંજૂર | ભરેલી | ખાલી | રીમાર્કસ | મંજૂર | ભરેલી | ખાલી | રીમાર્કસ | મંજૂર | ભરેલી | ખાલી | રીમાર્કસ | મંજૂર | ભરેલી | ખાલી | રીમાર્કસ |
| ૧ | ગોરાડ | ૧ | ૧ | ૦ | - | ૧ | ૧ | ૦ | આઉટસોર્સ | ૧ | ૧ | ૦ | આઉટસોર્સ | ૨ | ૨ | ૦ | આઉટસોર્સ |
| ૨ | હડાદ | ૧ | ૧ | ૦ | આઉટસોર્સ | ૧ | ૧ | ૦ | આઉટસોર્સ | ૧ | ૧ | ૦ | આઉટસોર્સ | ૨ | ૨ | ૦ | આઉટસોર્સ |
| ૩ | જીતપુર | ૧ | ૦ | ૧ | આ.સો.વાહન | ૧ | ૧ | ૦ | - | ૧ | ૧ | ૦ | આઉટસોર્સ | ૨ | ૨ | ૦ | આઉટસોર્સ |
| ૪ | કાંસા | ૧ | ૦ | ૧ | આ.સો.વાહન | ૧ | ૧ | ૦ | આઉટસોર્સ | ૧ | ૧ | ૦ | આઉટસોર્સ | ૨ | ૨ | ૦ | આઉટસોર્સ |
| ૫ | કુંવારશી | ૧ | ૧ | ૦ | આઉટસોર્સ | ૧ | ૧ | ૦ | આઉટસોર્સ | ૧ | ૧ | ૦ | આઉટસોર્સ | ૨ | ૨ | ૦ | આઉટસોર્સ |
| ૬ | મગવાસ | ૧ | ૧ | ૦ | આઉટસોર્સ | ૧ | ૧ | ૦ | આઉટસોર્સ | ૧ | ૧ | ૦ | આઉટસોર્સ | ૨ | ૨ | ૦ | આઉટસોર્સ |
| ૭ | માંકડી | ૧ | ૦ | ૧ | આ.સો.વાહન | ૧ | ૧ | ૦ | આઉટસોર્સ | ૧ | ૧ | ૦ | આઉટસોર્સ | ૨ | ૨ | ૦ | આઉટસોર્સ |
| ૮ | મોટાસડા | ૧ | ૦ | ૧ | આ.સો.વાહન | ૧ | ૧ | ૦ | આઉટસોર્સ | ૧ | ૧ | ૦ | આઉટસોર્સ | ૨ | ૨ | ૦ | આઉટસોર્સ |
| ૯ | નવાવાસ | ૧ | ૦ | ૧ | આ.સો.વાહન | ૧ | ૧ | ૦ | આઉટસોર્સ | ૧ | ૧ | ૦ | આઉટસોર્સ | ૨ | ૨ | ૦ | આઉટસોર્સ |
| ૧૦ | સેંબલપાણી | ૧ | ૦ | ૧ | આ.સો.વાહન | ૧ | ૧ | ૦ | - | ૧ | ૧ | ૦ | આઉટસોર્સ | ૨ | ૨ | ૦ | આઉટસોર્સ |
| | **કુલ** | **૧૦** | **૪** | **૬** | **-** | **૧૦** | **૧૦** | **૦** | **-** | **૧૦** | **૧૦** | **૦** | **-** | **૨૦** | **૨૦** | **૦** | **-** |

**સમરી**

| | વર્ગ | મંજૂર | ભરેલી | ખાલી |
|---|---|---|---|---|
| | વર્ગ-૨ | ૧૯ | ૧૬ | ૩ |
| | વર્ગ-૩ | ૫૦ | ૪૪ | ૬ |
| | વર્ગ-૪ | ૪૦ | ૪૦ | ૦ |
| | **કુલ** | **૧૦૯** | **૧૦૦** | **૯** |

- - - - - - - - -

**દાંતીવાડા તાલુકામાં સાતસણ ગામે રાણોલ અને રાણીટાંક ચેકડેમની કામગીરી**

૪૩૦૯૦ **શ્રી નથાભાઇ પટેલ** (ધાનેરા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા તાલુકામાં સાતસણ ગામે ગાંગુવાડા તળાવ ઉપર તથા રાણોલ અને રાણીટાંક ચેકડેમ બનાવવાની કામગીરી ક્યા તબક્કે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ક્યાં સુધીમાં કેટલા ખર્ચે ઉક્ત કામગીરી પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ચેકડેમ બનાવવાની સૂચિત જગ્યાએથી ઉપરવાસ અને નીચેવાસમાં ૩૦૦ મીટર સીધો વ્હોળો જરૂરી હોવાની પ્રાથમિક જરૂરિયાત રજૂઆતવાળા સ્થળોએ ઉપલબ્ધ ન હોવાથી તાંત્રિક રીતે ચેકડેમની કામગીરી શક્ય બની નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં સરકારી હોસ્પિટલોમાં એમઆરઆઈ મશીન**

૪૩૧૬૦ **શ્રી ભીખાભાઇ જોષી** (જૂનાગઢ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૨૪-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૬૯૩૬ (અગ્રતા-૩૯)ના અનુસંધાને **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં આવેલ સરકારી હોસ્પિટલોમાં તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ એમ.આર.આઇ. મશીનો ઉપલબ્ધ ન હતાં તે હકીકત સાચી છે,

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર ઉક્ત મશીનોના અભાવે કેટલા દર્દીઓને અન્ય હોસ્પિટલોમાં રીફર કરવામાં આવેલ છે, અને

(૨)

| વર્ષ | જીએમઇઆરએસ મેડિકલ કોલેજ અને હોસ્પિટલ, જૂનાગઢ | જનરલ હોસ્પિટલ, પોરબંદર |
|---|---|---|
| ૨૦૨૦ | ૧૨ | ૪ |
| ૨૦૨૧ | ૧૫ | ૬ |

(૩) ઉક્ત જિલ્લા મથકે ઉક્ત મશીનો ક્યાં સુધીમાં ઉપલબ્ધ કરવામાં આવશે ?

(૩) ▯ જીએમઇઆરએસ મેડિકલ કોલેજ અને હોસ્પિટલ, જૂનાગઢ ખાતે બનતી ત્વરાએ એમ.આર.આઇ. મશીન ઉપલબ્ધ કરાવવામાં આવશે.

● જનરલ હોસ્પિટલ, પોરબંદર ખાતે એમ.આર.આઇ. મશીન ખરીદીનું હાલ કોઇ આયોજન નથી .

- - - - - - - - -

## સુરત અને વલસાડ જિલ્લામાં F H W, A N M અને G N M કર્મચારીઓની આઉટસોર્સીંગથી ભરતી બાબત

૪૩૨૨૬ **શ્રી આનંદભાઇ ચૌધરી** (માંડવી) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સુરત અને વલસાડ જિલ્લામાં FHW, ANM અને GNM કર્મચારીઓની આઉટસોર્સીંગથી ભરતી કરવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ, જિલ્લાવાર ઉક્ત આઉટસોર્સીંગથી કર્મચારીઓ પૂરા પાડવાનું કામ કઈ એજન્સીને આપવામાં આવેલ છે,

(૩) ઉક્ત કર્મચારીઓ પૂરા પાડવા બદલ એક કર્મચારી દીઠ એજન્સીને કેટલી રકમ ચૂકવવામાં આવે છે, અને

(૪) એજન્સી દ્વારા કર્મચારીઓને કેટલું મહેનતાણું આપવામાં આવે છે ?

**જવાબ**

(૧) સુરત જિલ્લામાં FHW, ANM અને GNM કર્મચારીઓની આઉટસોર્સીંગથી ભરતી કરવામાં આવેલ નથી.

વલસાડ જિલ્લામાં FHW, ANM અને GNM કર્મચારીઓની આઉટસોર્સીંગથી ભરતી કરવામાં આવે છે .

(૨) વલસાડ જિલ્લા ખાતે વિશ્વ એન્ટરપ્રાઇઝ, મહેસાણા.

(૩)

| વલસાડ |
|---|
| FHW - રૂ. ૮૮૩/- |
| ANM - રૂ.૮૮૩/- |
| GNM - રૂ.૮૮૩/- |

(૪)

| વલસાડ |
|---|
| FHW - રૂ. ૧૭,૬૬૧/- |
| ANM - રૂ. ૧૭,૬૬૧ /- |
| GNM - રૂ. ૧૭,૬૬૧ /- |

- - - - - - - - -

## વડોદરા જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના

૪૩૨૧૭ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામમાં કિસાન સૂર્યોદય યોજના અમલમાં છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત યોજના અન્વયે ખેડૂતોને દિવસના ભાગમાં કેટલા કલાક વીજળી આપવામાં આવે છે, અને

(૩) જો ખેડૂતોને ઉક્ત યોજના અન્વયે દિવસના

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં સેન્સસ-૨૦૧૧ મુજબના પૂર્ણ / આંશિક કુલ ૨૩૬ ગામોમાં કિસાન સૂર્યોદય યોજના અમલમાં છે. જેની તાલુકાવાર માહિતી પત્રક-૧ માં સામેલ છે.

(૨) ૮ કલાક

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ભાગમાં વીજળી આપવામાં ન આવતી હોય તો તેના કારણો શાં છે ?

**પત્રક-૧**

| ક્રમ | જિલ્લો | તાલુકો | 'કિસાન સૂર્યોદય યોજના' હેઠળ સેન્સસ-૨૦૧૧ મુજબ અમલમાં હોય તેવા ગામોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | વડોદરા | ડભોઇ | ૭૨ |
| ૨ | | ડેસર | ૧૯ |
| ૩ | | કરજણ | ૧૯ |
| ૪ | | પાદરા | ૧૮ |
| ૫ | | સાવલી | ૧૧ |
| ૬ | | શિનોર | ૧૬ |
| ૭ | | વડોદરા | ૧૧ |
| ૮ | | વાઘોડિયા | ૭૦ |
| **વડોદરા કુલ** | | | **૨૩૬** |

- - - - - - - - -

**રાજકોટ અને પોરબંદર જિલ્લામાં FHW, ANM અને GNM કર્મચારીઓની આઉટસોર્સીંગથી ભરતી બાબત**

૪૩૧૪૮ **શ્રી લલિત વસોયા** (ધોરાજી) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજકોટ અને પોરબંદર જિલ્લામાં FHW, ANM અને GNM કર્મચારીઓની આઉટસોર્સીંગથી ભરતી કરવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ, જિલ્લાવાર ઉક્ત આઉટસોર્સીંગથી કર્મચારીઓ પૂરા પાડવાનું કામ કઈ એજન્સીને આપવામાં આવેલ છે,

(૨) રાજકોટ અને પોરબંદર જિલ્લામાં આઉટસોર્સીંગથી કર્મચારીઓ પૂરા પાડવાનું કામ મેસર્સ એમ. જે. સોલંકી, ભાવનગરને આપવામાં આવેલ છે.

(૩) ઉક્ત કર્મચારીઓ પૂરા પાડવા બદલ એક કર્મચારી દીઠ એજન્સીને કેટલી રકમ ચૂકવવામાં આવે છે, અને

(૩)

| **રાજકોટ અને પોરબંદર** | | |
|---|---|---|
| **સંવર્ગ** | **મહાનગરપાલિકા અને નગરપાલિકા** | **ગ્રામ્ય વિસ્તાર** |
| FHW | રૂ. ૯૧૧/- | રૂ. ૯૦૨/- |
| ANM | રૂ. ૯૧૧/- | રૂ. ૯૦૨/- |
| GNM | રૂ. ૯૨૪/- | રૂ. ૯૦૨/- |

(૪) એજન્સી દ્વારા કર્મચારીઓને કેટલું મહેનતાણું આપવામાં આવે છે ?

(૪)

| **રાજકોટ અને પોરબંદર** | | |
|---|---|---|
| **સંવર્ગ** | **મહાનગરપાલિકા અને નગરપાલિકા** | **ગ્રામ્ય વિસ્તાર** |
| FHW | રૂ. ૧૮,૨૨૬/- | રૂ. ૧૮,૦૪૭ /- |
| ANM | રૂ. ૧૮,૨૨૬ /- | રૂ. ૧૮,૦૪૭ /- |
| GNM | રૂ. ૧૮,૪૭૭ /- | રૂ. ૧૮,૦૪૭ /- |

- - - - - - - - -

**રાજ્યનું જાહેર દેવું**

૪૩૦૮૭ **શ્રી ગુલાબસિંહ રાજપુત** (થરાદ) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યનું જાહેર દેવું કેટલું છે,

(૧)

| **નાણાકીય વર્ષ** | **કુલ બાકી જાહેર દેવું** |
|---|---|

| | (રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૨૦-૨૧ (સુ.અં.) | ૩,૦૦,૯૬૩ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત દેવા અન્વયે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વ્યાજ પેટે અને મુદ્દલ પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને

(૨)

| વિગત | ૨૦૧૯-૨૦ | ૨૦૨૦-૨૧ (સુ.અં.) |
|---|---|---|
| ચૂકવેલ વ્યાજ (રૂ. કરોડમાં) | ૨૦,૨૯૩ | ૨૨,૦૯૯ |
| ચૂકવેલ મુદ્દલ (રૂ. કરોડમાં) | ૧૬,૭૦૧ | ૧૭,૯૧૮ |

(૩) ઉક્ત સ્થિતિએ વ્યાજના દરો શાં છે ?

(૩)

| વિગત | સેરેરાશ ભારીત વ્યાજદર (%) |
|---|---|
| નાણાકીય સંસ્થાઓની લોન | ૪.૯૬% |
| બજાર લોન | ૭.૮૫% |
| એન.એસ.એસ.એફ. લોન | ૯.૫૫% |
| કેન્દ્રિય દેવું | ૨.૨૯% |

- - - - - - - - -

**સુરેન્દ્રનગર અને અમરેલી જિલ્લામાં નિમણૂક આપેલ ડોક્ટરો ફરજ પર હાજર ન થવા બાબત**

૪૩૧૪૦ **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સુરેન્દ્રનગર અને અમરેલી જિલ્લામાં જિલ્લાવાર રાજ્યની સરકારી કોલેજોમાંથી એમબીબીએસ પાસ કરેલ ડોક્ટરોની નિમણૂક આપેલ હોય તેવા કેટલા ડોક્ટરો ફરજ પર હાજર થયેલ નથી,

(૨) ઉક્ત જિલ્લાવાર હાજર ન થયા હોય તેવા કેટલા ડોક્ટરો પાસેથી બોન્ડની કેટલી રકમ વસૂલવાની બાકી છે,

(૩) ઉક્ત બાકી રકમ પૈકી કેટલી રકમ એક વર્ષ અને બે વર્ષ કરતાં વધુ સમયથી વસૂલવાની બાકી છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ બોન્ડની બાકી રકમ વસૂલવા સરકારે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) પત્રક-૧ સામેલ છે.

(૨) અને (૩) પત્રક-૨ સામેલ છે.

(૪) મામલતદાર (વસૂલાત) દ્વારા વસૂલાતની ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

**પત્રક-૧**

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ-૨૦૨૦ | | | વર્ષ-૨૦૨૧ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | નિમણૂક આપેલ ડોક્ટર | ફરજ પર હાજર થયેલ ડોક્ટર | ફરજ પર હાજર ન થયેલ ડોક્ટર | નિમણૂક આપેલ ડોક્ટર | ફરજ પર હાજર થયેલ ડોક્ટર | ફરજ પર હાજર ન થયેલ ડોક્ટર |
| ૧ | સુરેન્દ્રનગર | ૧૫ | ૩ | ૧૨ | ૨૭ | ૫ | ૨૨ |
| ૨ | અમરેલી | ૧૪ | ૧ | ૧૩ | ૧૭ | ૪ | ૧૩ |
| | **કુલ** | **૨૯** | **૪** | **૨૫** | **૪૪** | **૯** | **૩૫** |

**પત્રક-૨**

| ક્રમ | | વર્ષ-૨૦૨૦ | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | અ.નં. | જિલ્લાનું નામ | હાજર ન | તે પૈકી | વસૂલ કરેલ રકમ | બાકી | વસૂલવાની બાકી |

| | | | | થયેલ તબીબોની સંખ્યા | વસૂલાત કરેલ ઉમેદવારોની સંખ્યા | (રૂ.) | કેસોની સંખ્યા | રકમ (રૂ.) |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ઉક્ત જિલ્લાવાર હાજર ન થયા હોય તેવા કેટલા ડોક્ટરો પાસેથી બોન્ડની કેટલી રકમ વસૂલવાની બાકી છે. | ૧ | સુરેન્દ્રનગર | ૧૨ | ૫ | ૨૫,૦૦,૦૦૦/- | ૭ | ૩૫,૦૦,૦૦૦/- |
| | | ૨ | અમરેલી | ૧૩ | ૬ | ૩૦,૦૦,૦૦૦/- | ૭ | ૩૫,૦૦,૦૦૦/- |
| | | **વર્ષ-૨૦૨૧** | | | | | | |
| | | ૧ | સુરેન્દ્રનગર | ૨૨ | ૧૨ | ૬૦,૦૦,૦૦૦/- | ૧૦ | ૫૦,૦૦,૦૦૦/- |
| | | ૨ | અમરેલી | ૧૩ | ૬ | ૩૦,૦૦,૦૦૦/- | ૭ | ૩૫,૦૦,૦૦૦/- |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | **વર્ષ-૨૦૨૦** | | | |
| | | **અ.નં.** | **જિલ્લાનું નામ** | **૧ વર્ષથી વધુ સમયથી વસૂલવાની બાકી રકમ (રૂ.)** | **૨ વર્ષથી વધુ સમયથી વસૂલવાની બાકી રકમ (રૂ.)** |
| ૩ | ઉક્ત બાકી રકમ પૈકી કેટલી રકમ એક વર્ષ અને બે વર્ષ કરતાં વધુ સમયથી વસૂલવાની બાકી છે. | ૧ | સુરેન્દ્રનગર | ૩૫,૦૦,૦૦૦/- | ૦ |
| | | ૨ | અમરેલી | ૩૫,૦૦,૦૦૦/- | ૦ |
| | | **વર્ષ-૨૦૨૧** | | | |
| | | **અ.નં.** | **જિલ્લાનું નામ** | **૧ વર્ષથી વધુ સમયથી વસૂલવાની બાકી રકમ (રૂ.)** | **૨ વર્ષથી વધુ સમયથી વસૂલવાની બાકી રકમ (રૂ.)** |
| | | ૧ | સુરેન્દ્રનગર | ૦ | ૦ |
| | | ૨ | અમરેલી | ૦ | ૦ |

---------

## બનાસકાંઠા જિલ્લામાં કોરોના રસીના ડોઝ

૪૨૪૨૪ **શ્રી શશીકાન્ત પંડ્યા** (ડીસા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોરોનાની મહામારી સામે લડવા બનાસકાંઠા જિલ્લામાં કુલ કેટલા લોકોને કોરોના રસીના પ્રથમ, દ્વિતીય તથા બુસ્ટર ડોઝ આપવામાં આવ્યાં, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી તાલુકાવાર કેટલા લોકોને પ્રથમ, દ્વિતીય અને બુસ્ટર ડોઝ આપવામાં આવ્યાં ?

**જવાબ**

(૧)

| | પ્રથમ ડોઝ | બીજો ડોઝ | બુસ્ટર ડોઝ |
|---|---|---|---|
| બનાસકાંઠા જિલ્લો | ૨૧,૯૨,૦૭૯ | ૨૧,૬૩,૫૮૫ | ૦ |
| **કુલ** | **૪૩,૫૫,૬૬૪** | | |

ભારત સરકારની સૂચના મુજબ પ્રિકોશન ડોઝ તા.૧૦-૦૧-૨૦૨૨થી આપવાનું શરૂ કરેલ છે.

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | કોરોના રસીનો પ્રથમ ડોઝ | કોરોના રસીનો બીજો ડોઝ | કુલ રસીકરણ |
|---|---|---|---|---|
| ૧ | અમીરગઢ | ૮૫૧૧૬ | ૧૦૧૬૦૧ | ૧૮૬૭૧૭ |
| ૨ | ભાભર | ૮૮૪૯૬ | ૮૬૮૫૮ | ૧૭૫૩૫૪ |
| ૩ | દાંતા | ૧૫૨૬૨૮ | ૧૫૦૨૮૧ | ૩૦૨૯૦૯ |
| ૪ | દાંતીવાડા | ૮૫૩૯૪ | ૮૧૧૫૩ | ૧૬૬૫૪૭ |
| ૫ | ડીસા | ૩૪૯૯૮૭ | ૩૮૨૩૭૦ | ૭૩૨૩૫૭ |
| ૬ | દિયોદર | ૧૧૫૭૯૧ | ૧૧૩૧૦૩ | ૨૨૮૮૯૪ |
| ૭ | ધાનેરા | ૧૫૦૪૬૮ | ૧૩૫૧૨૨ | ૨૮૫૫૯૦ |
| ૮ | કાંકરેજ | ૨૦૫૫૩૪ | ૧૮૯૯૩૬ | ૩૯૫૪૭૦ |
| ૯ | લાખણી | ૧૦૩૭૫૫ | ૧૦૨૭૯૨ | ૨૦૬૫૪૭ |
| ૧૦ | પાલનપુર | ૩૧૩૬૫૦ | ૩૧૪૮૩૭ | ૬૨૮૪૮૭ |
| ૧૧ | સુઇગામ | ૫૪૧૨૦ | ૫૧૬૬૩ | ૧૦૫૭૮૩ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨ | થરાદ | ૧૯૬૫૫૨ | ૧૭૫૫૪૦ | ૩૭૨૦૯૨ |
| ૧૩ | વડગામ | ૧૭૭૧૨૧ | ૧૭૩૯૪૩ | ૩૫૧૦૬૪ |
| ૧૪ | વાવ | ૧૧૩૪૬૭ | ૧૦૪૩૮૬ | ૨૧૭૮૫૩ |

- - - - - - - - -

## સુરત અને ગાંધીનગર શહેરમાં રહેણાંક અને ઔદ્યોગિક હેતુ માટે વીજ પુરવઠો પૂરો પાડવા બાબત

૪૩૧૮૪ **શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૧૦-૦૨-૨૦૨૨ની સ્થિતિએ સુરત અને ગાંધીનગર શહેરમાં કઈ કંપની દ્વારા રહેણાંક અને ઔદ્યોગિક હેતુ માટે વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કઈ કંપની દ્વારા રહેણાંક અને ઔદ્યોગિક હેતુ માટેના વીજ દરમાં કેટલો વધારો કે ઘટાડો કરવામાં આવ્યો,

(૩) ઉક્ત વીજ કંપનીના વીજ દરમાં થયેલ ભાવવધારો કે ઘટાડો સરકારે ક્યારે મંજૂર કર્યો, અને

(૪) ઉક્ત ભાવવધારો કે ઘટાડો મંજૂર કરવાના કારણો શા છે ?

**જવાબ**

(૧) તા.૧૦-૦૨-૨૦૨૨ની સ્થિતિએ સુરત શહેરમાં ટૉરેન્ટ પાવર લિમિટેડ (ટીપીએલ) અને દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ (ડી.જી.વી.સી.એલ) દ્વારા અને ગાંધીનગર શહેરમાં ટૉરેન્ટ પાવર લિમિટેડ અને ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ (યુ.જી.વી.સી.એલ.) દ્વારા રહેણાંક અને ઔદ્યોગિક હેતુ માટે વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે.

(૨), (૩) અને (૪) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રહેણાંક અને ઔદ્યોગિક હેતુ માટેના વીજ દરમાં વર્ષવાર થયેલ વધારાની વિગતો નીચે મુજબ છેઃ

| કંપની | શહેર | ૨૦૨૦-૨૧ | ૨૦૨૧-૨૨ |
|---|---|---|---|
| ટીપીએલ | ગાંધીનગર | - | ૧૦ પૈસા/યુનિટ |
| | સુરત | - | - |
| યુ.જી.વી.સી.એલ. | ગાંધીનગર | - | - |
| ડી.જી.વી.સી.એલ. | સુરત | - | - |

વીજ અધિનિયમ, ૨૦૦૩ અનુસાર રાજ્યમાં દરેક કક્ષાના વીજ દર નક્કી કરવાની અને તેમાં ફેરફાર કરવાની સંપૂર્ણ સત્તા માનનીય ગુજરાત વીજ નિયમન આયોગ પાસે છે. આથી, રાજ્ય સરકાર દ્વારા વીજ દરમાં વધારો-ઘટાડો મંજૂર કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પ્રવર્તમાન નિયમનકારી માળખા મુજબ, વીજ વિતરણ લાઇસન્સી, ટૉરેન્ટ પાવર લિમિટેડ દ્વારા ગાંધીનગર વિસ્તાર માટે વર્ષ ૨૦૨૧-૨૨ માટેની ટેરિફ નિર્ધારણની પ્રક્રિયા દરમિયાન નામ. વીજ નિયમન આયોગ સમક્ષ કરેલ ટેરિફ પિટિશનના અનુસંધાને નામ. આયોગ દ્વારા તા.૩૧-૦૩-૨૦૨૧ના ટેરિફ ઓર્ડરથી ઉક્ત વધારો મંજૂર

- - - - - - - - -

## મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં નિમણૂક આપેલ ડોક્ટરો ફરજ પર હાજર ન થવા બાબત

૪૩૨૦૫ **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર રાજ્યની સરકારી કોલેજોમાંથી એમબીબીએસ પાસ કરેલ ડોક્ટરોની નિમણૂક આપેલ હોય તેવા કેટલા ડોક્ટરો ફરજ પર હાજર થયેલ નથી,

(૨) ઉક્ત જિલ્લાવાર હાજર ન થયા હોય તેવા કેટલા

**જવાબ**

(૧) પત્રક-૧ સામેલ છે.

(૨) અને (૩) પત્રક-૨ સામેલ છે.

ડોક્ટરો પાસેથી બોન્ડની કેટલી રકમ વસૂલવાની બાકી છે,

(૩) ઉક્ત બાકી રકમ પૈકી કેટલી રકમ એક વર્ષ અને બે વર્ષ કરતાં વધુ સમયથી વસૂલવાની બાકી છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ બોન્ડની બાકી રકમ વસૂલવા સરકારે શાં પગલાં લીધા ?

(૪) મામલતદાર (વસૂલાત) દ્વારા વસૂલાતની ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

**પત્રક-૧**

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ-૨૦૨૦ | | | વર્ષ-૨૦૨૧ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | નિમણૂક આપેલ ડોક્ટર | ફરજ પર હાજર થયેલ ડોક્ટર | ફરજ પર હાજર ન થયેલ ડોક્ટર | નિમણૂક આપેલ ડોક્ટર | ફરજ પર હાજર થયેલ ડોક્ટર | ફરજ પર હાજર ન થયેલ ડોક્ટર |
| ૧ | મહીસાગર | ૪ | ૧ | ૩ | ૧૯ | ૯ | ૧૦ |
| ૨ | પંચમહાલ | ૩૩ | ૪ | ૨૯ | ૨૭ | ૧૧ | ૧૬ |
| | **કુલ** | **૩૭** | **૫** | **૩૨** | **૪૬** | **૨૦** | **૨૬** |

**પત્રક-૨**

| ક્રમ | | વર્ષ-૨૦૨૦ | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | અ.નં. | જિલ્લાનું નામ | હાજર ન થયેલ તબીબોની સંખ્યા | તે પૈકી વસૂલાત કરેલ ઉમેદવારોની સંખ્યા | વસૂલ કરેલ રકમ (રૂ.) | બાકી કેસોની સંખ્યા | વસૂલવાની બાકી રકમ (રૂ.) |
| ૨ | ઉક્ત જિલ્લાવાર હાજર ન થયા હોય તેવા કેટલા ડોક્ટરો પાસેથી બોન્ડની કેટલી રકમ વસૂલવાની બાકી છે. | ૧ | મહીસાગર | ૦૩ | ૦૧ | ૫,૦૦,૦૦૦- | ૦૨ | ૧૦,૦૦,૦૦૦/- |
| | | ૨ | પંચમહાલ | ૨૯ | ૧૫ | ૭૫,૦૦,૦૦૦/- | ૧૪ | ૭૦,૦૦,૦૦૦/- |
| | | વર્ષ-૨૦૨૧ | | | | | | |
| | | ૧ | મહીસાગર | ૧૦ | ૦૪ | ૨૦,૦૦,૦૦૦- | ૦૬ | ૩૦,૦૦,૦૦૦/- |
| | | ૨ | પંચમહાલ | ૧૬ | ૦૮ | ૪૦,૦૦,૦૦૦/- | ૦૮ | ૪૦,૦૦,૦૦૦/- |

| ક્રમ | | વર્ષ-૨૦૨૦ | | | |
|---|---|---|---|---|---|
| | | અ.નં. | જિલ્લાનું નામ | ૧ વર્ષથી વધુ સમયથી વસૂલવાની બાકી રકમ (રૂ.) | ૨ વર્ષથી વધુ સમયથી વસૂલવાની બાકી રકમ (રૂ.) |
| ૩ | ઉક્ત બાકી રકમ પૈકી કેટલી રકમ એક વર્ષ અને બે વર્ષ કરતાં વધુ સમયથી વસૂલવાની બાકી છે. | ૧ | મહીસાગર | ૧૦,૦૦,૦૦૦/- | ૦ |
| | | ૨ | પંચમહાલ | ૭૦,૦૦,૦૦૦/- | ૦ |
| | | વર્ષ-૨૦૨૧ | | | |
| | | અ.નં. | જિલ્લાનું નામ | ૧ વર્ષથી વધુ સમયથી વસૂલવાની બાકી રકમ (રૂ.) | ૨ વર્ષથી વધુ સમયથી વસૂલવાની બાકી રકમ (રૂ.) |
| | | ૧ | મહીસાગર | ૦ | ૦ |
| | | ૨ | પંચમહાલ | ૦ | ૦ |

- - - - - - - - -

**પ્રાંતિજ તાલુકામાં સાબરમતી નદી ઉપર પોચડા ગામની સીમમાં બનાવેલ ચેકડેમ**

૪૩૦૯૯ **શ્રી શીવાભાઈ ભુરિયા** (દિયોદર) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાંથી પસાર થતી સાબરમતી નદી ઉપર પોચડા ગામની સીમમાં ચેકડેમ ક્યારે બનાવવામાં આવેલ,

(૨) ઉક્ત ચેકડેમ જર્જરિત હાલત કે તૂટી ગયો હોવા અંગેની હકીકત સાચી છે, અને

**જવાબ**

(૧) ચેકડેમ વર્ષ-૨૦૦૫માં બનાવવામાં આવેલ.

(૨) આ ચેકડેમ તૂટી ગયેલ છે.

(૩) જો હા, તો ઉક્ત ચેકડેમની નવીનીકરણની કામગીરી હાથ ધરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

(૩) ચેકડેમને ભારે પૂરના કારણે થયેલ નુકશાનીને જોતા આ ચેકડેમના રીસ્ટોરેશનને બદલે પોયડા ગામની ઉપરવાસમાં લાકરોડા વીયર અને નીચવાસમાં સંતસરોવર બેરેજ પ્રકારના મોટા જળસંચયના સ્ટ્રકચરો બનાવવામાં આવેલ છે. વધુમાં પોયડા ગામની ઉપરવાસમાં માધવગઢ નજીક સાબરમતી નદીમાં જળસંચય સ્ટ્રક્ચર બનાવવાની યોજના છે.

- - - - - - - - -

**મહેસાણા જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના**

૪૨૩૫૧ **શ્રી રમણભાઈ પટેલ** (વિજાપુર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત મહેસાણા જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૪૫૭૪ |
| (૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ.૨૫૫.૧૭ લાખનો ખર્ચ થયો. |

- - - - - - - - -

**ભાણવડ તાલુકાના હડમતીયા ડેમની કામગીરી**

૪૩૧૫૭ **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળીયા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકામાં આવેલ હડમતીયા ડેમની કામગીરી ક્યા તબક્કે છે, | (૧) હડમતીયા ડેમના માટીબંધ અને હેડ રેગ્યુલેટરની કામગીરી પૂર્ણ થયેલ છે. ડુબમાં જતી ખાનગી માલિકીની જમીનનું સંપાદન બાકી હોવાથી છલતી બંધની કુલ લંબાઈ ૨૮૫ મીટરમાંથી ૬૦ મીટર લંબાઈમાં સ્પીલ-વેના મથાળાનું લેવલ નીચું રાખી ગેપ છોડીને બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત કામગીરી સમયસર પૂર્ણ ન કરવા બદલ કઈ એજન્સી સામે શાં પગલાં લીધા, અને | (૨) ખાનગી માલિકીની જમીન સંપાદનની કાર્યવાહી પ્રગતિમાં હોય, છલતી બંધમાં ગેપ છોડવાની મંજૂરી સરકારશ્રી સ્તરેથી આપવામાં આવેલ હોઈ ગેપ સિવાયનું કામ લગત એજન્સી દ્વારા તા.૨૨-૦૨-૨૦૧૮ના રોજ પૂર્ણ કરેલ હોય એજન્સી સામે કોઈ પગલાં લેવાના થતાં નથી. |
| (૩) ઉક્ત બાકી કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) સંપાદન હેઠળની ખાનગી માલિકીની જમીનની સંયુક્ત માપણીની કામગીરી પૂર્ણ થયેલ છે. જેના માપણી પત્રકો હજુ સુધી મળેલ નથી, જે મળ્યેથી જમીન સંપાદનની કામગીરી પૂર્ણ કરી, બાકી રહેતું કામ પૂર્ણ કરવામાં આવશે. |

- - - - - - - - -

**નવસારી જિલ્લામાં સરકારી હોસ્પિટલોમાં સિટી સ્કેન અને એમઆરઆઈ મશીન**

૪૩૧૯૦ **શ્રી કાંતીભાઈ સોઢાપરમાર** (આણંદ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૨૪-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૭૦૧૦ (અગ્રતા-૨૩૧)ના અનુસંધાને **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં આવેલ સરકારી હોસ્પિટલોમાં તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ સિટી સ્કેન અને એમ.આર.આઇ. મશીનો ઉપલબ્ધ ન હતાં તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર ઉક્ત મશીનોના અભાવે કેટલા દર્દીઓને અન્ય હોસ્પિટલોમાં રીફર કરવામાં આવેલ છે, | (૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત મશીનોના અભાવે અન્ય હોસ્પિટલોમાં રીફર કરવામાં આવેલ દર્દીઓની વિગત નીચે મુજબ છે. |

અને

| હોસ્પિટલનું નામ | વર્ષ ૨૦૨૦ | વર્ષ ૨૦૨૧ |
|---|---|---|
| જનરલ હોસ્પિટલ, નવસારી | ૦ | ૦ |
| કોટેજ હોસ્પિટલ, વાંસદા | ૩૦ | ૩૩ |
| સરકારી હોસ્પિટલ, બીલીમોરા | ૦ | ૦ |
| સરકારી હોસ્પિટલ, ચીખલી | ૧૩ | ૨૦ |

(૩) ઉક્ત જિલ્લા મથકે ઉક્ત મશીનો ક્યાં સુધીમાં ઉપલબ્ધ કરવામાં આવશે ?

(૩) જિલ્લા કક્ષાની જનરલ હોસ્પિટલ, નવસારી ખાતે સિટી સ્કેન મશીન ખરીદવા અંગેની કાર્યવાહી ચાલુમાં છે. ખરીદીની પ્રક્રિયા પૂર્ણ થયેથી ફાળવવામાં આવશે. તેમજ એમ.આર.આઈ.મશીન ખરીદવાનું હાલ કોઈ આયોજન નથી.

- - - - - - - - -

**બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં કૃષિ વીજ જોડાણની પડતર અરજીઓ**

૪૩૫૦૦ **શ્રી જિગ્નેશકુમાર મેવાણી** (વડગામ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણની કેટલી અરજીઓ પડતર છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ પડતર અરજીઓનો ક્યારે નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧)

| જિલ્લો | પડતર અરજીઓની સંખ્યા |
|---|---|
| બનાસકાંઠા | ૧૦૯૧૩ |
| સાબરકાંઠા | ૨૩૨૧ |

(૨) ખેતી વિષયક વીજ જોડાણ આપવું એ સતત ચાલતી પ્રક્રિયા છે. પ્રતિવર્ષ માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો ઉપરાંત યોજનાવાર નાણાંકીય આયોજનને ધ્યાને લઈને વીજ જોડાણો આપવાનું આયોજન કરવામાં આવતું હોય છે. ઉક્ત તમામ પડતર અરજીઓમાં, નિયત ધારાધોરણો/માપદંડો પરિપૂર્ણ થયેથી, નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩માં વીજ જોડાણ આપવાનું આયોજન છે.

- - - - - - - - -

**પાર-તાપી-નર્મદા લિંક પ્રોજેક્ટ**

૪૩૧૯૯ **શ્રી કાન્તિભાઈ પરમાર** (ઠાસરા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પાર-તાપી-નર્મદા લિંક પ્રોજેક્ટ માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ મંજૂરી આપવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો પ્રોજેક્ટમાં રાજ્યના ક્યા જિલ્લાના ક્યા તાલુકાના કેટલા ગામોના કેટલા ઘરો અને ક્યા પ્રકારની કેટલી જમીન ડૂબાણમાં જશે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત અસરગ્રસ્તો માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ આયોજન કરવામાં આવેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) હાલમાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) હાલમાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં સુજલામ સુફલામ યોજના**

૪૨૩૮૯ **શ્રી શંભુજી ઠાકોર** (ગાંધીનગર-દક્ષિણ) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં સુજલામ સુફલામ યોજના અન્વયે કેટલી પાઈપલાઈનો નાંખવામાં આવી છે,

(૨) ઉક્ત પાઈપલાઈનથી બંને જિલ્લાના ક્યા

**જવાબ**

(૧) ૩ પાઈપલાઈનો.

(૨) ગાંધીનગર જિલ્લાના (૧) કલોલ (૨) માણસા

તાલુકાને સિંચાઈનો લાભ મળશે, અને

તાલુકા તથા, મહેસાણા જિલ્લાના (૧) કડી (૨) મહેસાણા (૩) વિજાપુર (૪) વિસનગર (૫) વડનગર તાલુકા.

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત પાઈપલાઈનથી ગાંધીનગર અને મહેસાણા જિલ્લાના કેટલા તળાવો ભરવાનું આયોજન છે ?

(૩)

| જિલ્લો | તળાવો |
|---|---|
| ગાંધીનગર | ૬૦ |
| મહેસાણા | ૧૫૮ |

- - - - - - - - -

**વલસાડ જિલ્લામાં સરકારી હોસ્પિટલોમાં સિટી સ્કેન અને એમઆરઆઈ મશીન**

૪૩૨૦૮ **શ્રી ભાવેશભાઈ કટારા** (ઝાલોદ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૨૪-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૭૦૧૦ (અગ્રતા-૨૩૧)ના અનુસંધાને **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં આવેલ સરકારી હોસ્પિટલોમાં તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ સિટી સ્કેન અને એમ.આર.આઇ. મશીનો ઉપલબ્ધ ન હતાં તે હકીકત સાચી છે,

**જવાબ**

(૧) ● જીએમઈઆરએસ મેડિકલ કોલેજ અને હોસ્પિટલ, વલસાડ ખાતે સિટી સ્કેન મશીન ઉપલબ્ધ હતું, એમ.આર.આઈ. મશીન ઉપલબ્ધ ન હતું.

● સ્ટેટ હોસ્પિટલ, ધરમપુર અને સરકારી હોસ્પિટલ વલસાડ ખાતે સિટી સ્કેન મશીન કે એમ.આર.આઈ. મશીન ઉપલબ્ધ ન હતા.

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર ઉક્ત મશીનોના અભાવે કેટલા દર્દીઓને અન્ય હોસ્પિટલોમાં રીફર કરવામાં આવેલ છે, અને

(૨)

| વર્ષ | જીએમઈઆરએસ મેડિકલ કોલેજ અને હોસ્પિટલ, વલસાડ | સ્ટેટ હોસ્પિટલ, ધરમપુર | સરકારી હોસ્પિટલ, વલસાડ |
|---|---|---|---|
| ૨૦૨૦ | ૨૯ | ૦ | ૧૯ |
| ૨૦૨૧ | ૪૧ | ૦ | ૩૧ |

(૩) ઉક્ત જિલ્લા મથકે ઉક્ત મશીનો ક્યાં સુધીમાં ઉપલબ્ધ કરવામાં આવશે ?

(૩) જીએમઈઆરએસ મેડિકલ કોલેજ અને હોસ્પિટલ, વલસાડ ખાતે બનતી ત્વરાએ એમ.આર.આઇ. મશીન ઉપલબ્ધ કરાવવામાં આવશે. જ્યારે સ્ટેટ હોસ્પિટલ, ધરમપુર અને સરકારી હોસ્પિટલ વલસાડ ખાતે સદર મશીનો ખરીદવાનું આયોજન નથી.

- - - - - - - - -

**રાજ્યમાં કાર્યરત સરકારી, ખાનગી અને અનુદાનિત મેડિકલ કોલેજો**

૪૩૧૭૬ **શ્રી પુંજાભાઈ વંશ** (ઉના) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં કેટલી સરકારી, ખાનગી અને અનુદાનિત મેડિકલ કોલેજો કાર્યરત છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં ૬(છ) સરકારી મેડિકલ કોલેજ, ૨૪ (ચોવીસ) ખાનગી મેડિકલ કોલેજ (૮-GMERS મેડિકલ કોલેજ, ૩-મ્યુનિસિપાલિટી સંચાલિત મેડિકલ કોલેજ અને ૧૩-ખાનગી મેડિકલ કોલેજ), અનુદાનિત-૦૦ (શૂન્ય) અને રાજકોટ ખાતે ભારત સરકારશ્રી સંચાલિત ૧(એક) AIIMS મેડિકલ કોલેજ કાર્યરત છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી નવી સરકારી, ખાનગી અને અનુદાનિત મેડિકલ કોલેજોની મંજૂરી આપવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ નવી મેડિકલ કોલેજોની મંજૂરી આપવામાં આવેલ છે.

| કોલેજનો પ્રકાર | વર્ષ | |
|---|---|---|
| | **૨૦૧૯-૨૦** | **૨૦૨૦-૨૧** |

| | | |
|---|---|---|
| સરકારી | ૦૦ | ૦૦ |
| ખાનગી | ૦૩ | ૦૧ |
| અનુદાનિત | ૦૦ | ૦૦ |
| એઈમ્સ | ૦૦ | ૦૧ |

(૩) ઉક્ત કોલેજોમાં વર્ષવાર સ્નાતક કક્ષાએ કેટલી સીટોમાં વધારો થયો ?

(૩) ઉક્ત કોલેજોમાં વર્ષવાર સ્નાતક કક્ષાએ નીચે મુજબ સીટોમાં વધારો થયેલ છે.

| **કોલેજનો પ્રકાર** | **વર્ષ** | |
|---|---|---|
| | **૨૦૧૯-૨૦** | **૨૦૨૦-૨૧** |
| સરકારી | ૧૦૦ | ૦૦ |
| ખાનગી | ૧૨૫૦ | ૧૫૦ |
| અનુદાનિત | ૦૦ | ૦૦ |
| એઈમ્સ | ૦૦ | ૫૦ |

---------

**રાજ્યમાં રાંધણગેસના બાટલા ઉપરનો વેરો**

૪૩૧૯૪ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં રાંધણગેસના બાટલા ઉપર ક્યા પ્રકારનો અને કેટલો વેરો ક્યારથી લેવામાં આવે છે, અને | (૧) તા.૦૧-૦૭-૨૦૧૭થી જીએસટી વેરો ૫% ના દરે લેવામાં આવે છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારને કેટલી આવક થઈ ? | (૨) માહિતી ઉપલબ્ધ નથી. |

---------

**પંચમહાલ જિલ્લામાં પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના**

૪૨૪૧૭ **શ્રીમતી સુમનબેન ચૌહાણ** (કાલોલ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લામાં પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મળી, | (૧) ૧,૫૪,૫૯૮ |
| (૨) ઉક્ત સ્થિતિએ મળેલી અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧,૫૪,૫૯૮ |
| (૩)કુલ કેટલી શિષ્યવૃત્તિ સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૧૭,૧૮,૫૯,૪૫૦/- |

---------

**રાજ્યમાં સીએનજી પરનો વેરો**

૪૩૧૭૩ **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં સીએનજી ગેસ પૂરો પાડતી કંપનીઓ પાસેથી રાજ્ય સરકારને કંપની વાર ટેક્સ પેટે કેટલી આવક થઈ, | (૧) પત્રક મુજબ. |
| (૨) ઉક્ત સ્થિતિએ સીએનજી પર રાજ્ય સરકારનો | (૨) વેટનો દર ૧૫% છે. |

વેરો કેટલો છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત વેરામાં કેટલો વધારો કે ઘટાડો કરવામાં આવ્યો ?

(૩) વેરાના દરમાં કોઈ વધારો કે ઘટાડો થયેલ નથી.

**પત્રક**

(રકમ રૂ.કરોડમાં)

| ક્રમ | કંપનીનું નામ | કંપની પાસેથી થયેલ નેટ ટેક્સની આવક | |
|---|---|---|---|
| | | ૦૧-૦૧-૨૦૨૦ થી ૩૧-૧૨-૨૦૨૦ | ૦૧-૦૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ |
| ૧ | અદાણી ગેસ | ૩૩.૭૬ | ૬૨.૬૦ |
| ૨ | સાબરમતી ગેસ | ૨૨.૧૪ | ૨૪.૫૫ |
| ૩ | ગુજરાત ગેસ | શૂન્ય | શૂન્ય |
| ૪ | વડોદરા ગેસ | ૫.૪૮ | ૮.૫૦ |
| ૫ | ચરોતર ગેસ | ૧.૭૫ | ૧.૮૪ |
| ૬ | આઈ.આર.એમ. એનર્જી પ્રા. લી. | ૧૪.૫૪ | ૨૭.૦૧ |
| ૭ | ટૉરેન્ટ ગેસ પ્રા. લી. | ૧.૦૮ | ૭.૮૫ |
| ૮ | આઇઓસીએલ | ૬.૫૧ | ૭.૪૭ |
| ૯ | બીપીસીએલ | ૩.૦૩ | ૩.૯૪ |
| ૧૦ | એચપીસીએલ | ૬.૦૩ | ૮.૮૭ |
| ૧૧ | નાયરા એનર્જી લી. | ૦.૧૯ | ૧.૦૨ |

- - - - - - - - -

**ગાંધીનગર અને અરવલ્લી જિલ્લામાં FHW, ANM અને GNM કર્મચારીઓની આઉટસોર્સીંગથી ભરતી બાબત**

૪૩૧૨૧ **ડૉ. સી.જે.ચાવડા** (ગાંધીનગર ઉત્તર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગાંધીનગર અને અરવલ્લી જિલ્લામાં FHW, ANM અને GNM કર્મચારીઓની આઉટસોર્સીંગથી ભરતી કરવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ, જિલ્લાવાર ઉક્ત આઉટસોર્સીંગથી કર્મચારીઓ પૂરા પાડવાનું કામ કઈ એજન્સીને આપવામાં આવેલ છે,

(૩) ઉક્ત કર્મચારીઓ પુરા પાડવા બદલ એક કર્મચારી દીઠ એજન્સીને કેટલી રકમ ચૂકવવામાં આવે છે, અને

(૪) એજન્સી દ્વારા કર્મચારીને કેટલું મહેનતાણું આપવામાં આવે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ગાંધીનગર અને અરવલ્લી જિલ્લા માટે આઉટસોર્સીંગથી કર્મચારીઓ પૂરા પાડવાનું કામ મેસર્સ એમ. જે. સોલંકી, ભાવનગરને આપવામાં આવેલ છે.

(૩)

| ગાંધીનગર | અરવલ્લી |
|---|---|
| FHW - રૂ.૮૩૭/- | FHW - રૂ.૮૩૭/- |
| ANM - રૂ.૮૩૭/- | ANM - રૂ.૮૩૭/- |
| GNM - રૂ.૮૩૭/- | GNM - રૂ.૮૩૭/- |

(૪)

| ગાંધીનગર | અરવલ્લી |
|---|---|
| FHW - રૂ.૧૬,૭૩૯/- | FHW - રૂ.૧૬,૭૩૯/- |
| ANM - રૂ.૧૬,૭૩૯/- | ANM - રૂ.૧૬,૭૩૯/- |
| GNM - રૂ.૧૬,૭૩૯/- | GNM - રૂ.૧૬,૭૩૯/- |

- - - - - - - - -

**છોટાઉદેપુર જિલ્લામાં નવીન બોરવેલ અને હેન્ડ પંપ**

૪૨૭૬૧ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર નવીન હેન્ડપંપ, બોરવેલ મોટર અને ટાંકી બનાવવા માટેની કેટલી માંગણી

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર નવીન હેન્ડપંપ, બોરવેલ મોટર અને ટાંકી બનાવવા માટેની આવેલ માંગણીની વિગત

આવી,

નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકા | હેન્ડપંપ | બોરવેલ મોટર | મીની પા.પુ.યોજના |
|---|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૩૫૭ | ૧૧ | ૯ |
| ૨ | પાવી જેતપુર | ૧૫૬ | ૫ | ૨૧ |
| ૩ | ક્વાંટ | ૮૮ | ૪૧ | ૧૧ |
| ૪ | નસવાડી | ૧૯૬ | ૩ | ૦ |
| ૫ | સંખેડા | ૨૦ | ૦ | ૦ |
| ૬ | બોડેલી | ૧૩ | ૧ | ૦ |
| | **કુલ** | **૮૩૦** | **૬૧** | **૪૧** |

(૨) તે પૈકી કેટલી માંગણીઓ અન્વયે સર્વે કરવામાં આવ્યો,

(૨) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર નવીન હેન્ડપંપ, બોરવેલ મોટર અને ટાંકીની માંગણીઓ અન્વયે કરવામાં આવેલ સર્વેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકા | હેન્ડપંપ | બોરવેલ મોટર | મીની પા.પુ.યોજના |
|---|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૩૫૭ | ૧૧ | ૯ |
| ૨ | પાવી જેતપુર | ૧૫૬ | ૫ | ૨૧ |
| ૩ | ક્વાંટ | ૮૮ | ૪૧ | ૧૧ |
| ૪ | નસવાડી | ૧૯૬ | ૩ | ૦ |
| ૫ | સંખેડા | ૨૦ | ૦ | ૦ |
| ૬ | બોડેલી | ૧૩ | ૧ | ૦ |
| | **કુલ** | **૮૩૦** | **૬૧** | **૪૧** |

(૩) ઉક્ત થયેલ સર્વે મુજબ ઉક્ત સ્થિતિએ હેન્ડપંપ, બોરવેલ મોટર અને ટાંકી કેટલી જગ્યાએ બનાવવામાં આવ્યા અને કેટલી જગ્યાએ બનાવવાના બાકી છે, અને

(૩) સર્વેક્ષણ મુજબ કરવાપાત્ર તમામ હેન્ડપંપની કામગીરી નીચે મુજબ પૂર્ણ કરેલ છે.

(૧) છોટાઉદેપુર-૧૯, (૨) પાવી જેતપુર-૦૮,

(૩) કંવાટ-૩૩, (૪) નસવાડી-૮૫

જ્યારે રજૂઆતવાળા ગામોના સર્વેક્ષણ મુજબ બોરવેલ મોટર તથા મીની યોજનાના કામો કરવાપાત્ર ન હતાં, પરંતુ જિલ્લાના તમામ તાલુકાઓને નલ સે જલ કાર્યક્રમ અંતર્ગત કરવા પાત્ર થતા કુલ ૩૨૯ બોરવેલ મોટર, ૨૨૭ સોલાર મીની પાઇપ યોજના અને ૧૧૦ ઇલેક્ટ્રીકલ મીની પાઇપ યોજનાઓના કામોનું આયોજન થયેલ છે. જે પૈકી ૧૬૪ બોર શારકામ અને ૧૦૮ સોલાર મીની યોજનાઓની કામગીરી પૂર્ણ થયેલ છે. બાકીની કામગીરી પ્રગતિમાં હોઇ ટૂંક સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૪)ઉક્ત કામગીરી બાકી રહેવાના કારણો શાં છે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં FHW, ANM અને GNM કર્મચારીઓની આઉટસોર્સીંગથી ભરતી બાબત**

૪૩૦૯૭ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં FHW, ANM અને GNM કર્મચારીઓની આઉટસોર્સીંગથી ભરતી કરવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ, જિલ્લાવાર ઉક્ત આઉટસોર્સીંગથી કર્મચારીઓ પૂરા પાડવાનું કામ કઈ એજન્સીને આપવામાં આવેલ છે,

(૨) બનાસકાંઠા ખાતે મેસર્સ રાજદીપ એન્ટરપ્રાઈઝ, અને કચ્છ જિલ્લા ખાતે એમ. જે. સોલંકી, ભાવનગરને આઉટસોર્સીંગથી કર્મચારીઓ પૂરા પાડવાનું કામ આપવામાં આવેલ છે.

(૩) ઉક્ત કર્મચારીઓ પૂરા પાડવા બદલ એક કર્મચારી દીઠ એજન્સીને કેટલી રકમ ચૂકવવામાં આવે છે, અને

(૩)

| સંવર્ગ | બનાસકાંઠા | કચ્છ |
|---|---|---|
| FHW | રૂ.૮૩૭/ - | રૂ.૯૦૨/ - |
| ANM | રૂ.૮૩૭/ - | રૂ.૯૦૨/ - |
| GNM | રૂ.૮૩૭/ - | રૂ.૯૦૨/ - |

(૪) એજન્સી દ્વારા કર્મચારીને કેટલું મહેનતાણું આપવામાં આવે છે ?

(૪)

| સંવર્ગ | બનાસકાંઠા | કચ્છ |
|---|---|---|
| FHW | રૂ.૧૬,૭૩૯/ - | રૂ.૧૮,૦૪૭/ - |
| ANM | રૂ.૧૬,૭૩૯/ - | રૂ.૧૮,૦૪૭/ - |
| GNM | રૂ.૧૬,૭૩૯/ - | રૂ.૧૮,૦૪૭/ - |

- - - - - - - - -

## આણંદ જિલ્લામાં વીજ ફીડરોનું વિભાજન

૪૩૧૮૮ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં કેટલા હયાત વીજ ફીડરોનું વિભાજન કરીને ક્યા નવા વીજ ફીડર બનાવવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) ૩૨ હયાત વીજ ફીડરોનું વિભાજન કરેલ છે. નવા વીજ ફીડરોની વિગતો પત્રક-અ મુજબ છે.

**પત્રક - અ**

| અનુ. નં. | નવા ફીડરનું નામ |
|---|---|
| ૧ | ૧૧ કે.વી. ફિનાવ |
| ૨ | ૧૧ કે.વી. પાંદડ |
| ૩ | ૧૧ કે.વી. પેરા માઉન્ટ |
| ૪ | ૧૧ કે.વી. સુંદરના |
| ૫ | ૧૧ કે.વી. મારૂતિ |
| ૬ | ૧૧ કે.વી. ભગવાનપુરા |
| ૭ | ૧૧ કે.વી. કંથારીયા |
| ૮ | ૧૧ કે.વી. દેવજીપુરા |
| ૯ | ૧૧ કે.વી. ભાથીપુરા |
| ૧૦ | ૧૧ કે.વી. ટ્રાનોલ |
| ૧૧ | ૧૧ કે.વી. વિહોદ |
| ૧૨ | ૧૧ કે.વી. વિશ્લેશ્વર |
| ૧૩ | ૧૧ કે.વી. ધોરી |
| ૧૪ | ૧૧ કે.વી. શારદાપુરા |
| ૧૫ | ૧૧ કે.વી. નારાયણ |
| ૧૬ | ૧૧ કે.વી. વલાસન |
| ૧૭ | ૧૧ કે.વી. પોપટપુર |
| ૧૮ | ૧૧ કે.વી. નવી કનિષા |
| ૧૯ | ૧૧ કે.વી. માલુ |
| ૨૦ | ૧૧ કે.વી. નવા નવાગામ |
| ૨૧ | ૧૧ કે.વી. રાજપુર |
| ૨૨ | ૧૧ કે.વી. હરેકૃષ્ણ |
| ૨૩ | ૧૧ કે.વી. સાંથ |
| ૨૪ | ૧૧ કે.વી. પાદરા |
| ૨૫ | ૧૧ કે.વી. બુધેજ |
| ૨૬ | ૧૧ કે.વી. મિલરામપુરા |
| ૨૭ | ૧૧ કે.વી. દાવલપુરા |
| ૨૮ | ૧૧ કે.વી. નવા જાંખરિયા |
| ૨૯ | ૧૧ કે.વી. વાસણા |

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર ઉક્ત વીજ ફીડરોના વિભાજન માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨)

| વર્ષ | ફીડરોના વિભાજન માટે થયેલ કુલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૦ | ૧૯૭.૫૨ |
| ૨૦૨૧ | ૧૨૬.૫૫ |

- - - - - - - - -

**તાપી અને નવસારી જિલ્લામાં FHW, ANM અને GNM કર્મચારીઓની આઉટસોર્સીંગથી ભરતી બાબત**

૪૩૨૩૩ **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ તાપી અને નવસારી જિલ્લામાં FHW, ANM અને GNM કર્મચારીઓની આઉટસોર્સીંગથી ભરતી કરવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ, જિલ્લાવાર ઉક્ત આઉટસોર્સીંગથી કર્મચારીઓ પૂરા પાડવાનું કામ કઈ એજન્સીને આપવામાં આવેલ છે, | (૨) તાપી અને નવસારી જિલ્લા ખાતે આઉટસોર્સીંગથી કર્મચારીઓને પૂરા પાડવાનું કામ મે. વિશ્વ એન્ટરપ્રાઈઝ, મહેસાણાને આપવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત કર્મચારીઓ પૂરા પાડવા બદલ એક કર્મચારી દીઠ એજન્સીને કેટલી રકમ ચૂકવવામાં આવે છે, અને | (૩) - FHW/ANM રૂ.૮૮૩/-<br>- GNM રૂ.૮૮૩/- |
| (૪) એજન્સી દ્વારા કર્મચારીને કેટલું મહેનતાણું આપવામાં આવે છે ? | (૪) - FHW/ANM રૂ.૧૭,૬૬૧/-<br>- GNM રૂ.૧૭,૬૬૧/- |

- - - - - - - - -

**ખેડા જિલ્લામાં સરકારી હોસ્પિટલોમાં એમ.આર.આઈ. મશીન**

૪૩૨૦૩ **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૨૪-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૬૯૭૩ (અગ્રતા-૫૮) ના અનુસંધાને **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં આવેલ સરકારી હોસ્પિટલોમાં તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ એમ.આર.આઇ. મશીનો ઉપલબ્ધ ન હતાં તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત મશીનોના અભાવે કેટલા દર્દીઓને અન્ય હોસ્પિટલોમાં રીફર કરવામાં આવેલ છે, અને | (૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઉક્ત મશીનોના અભાવે અન્ય હોસ્પિટલોમાં રીફર કરવામાં આવેલ દર્દીઓની વિગત નીચે મુજબ છે. |

| હોસ્પિટલનું નામ | વર્ષ-૨૦૨૦ | વર્ષ-૨૦૨૧ |
|---|---|---|
| જ.હો.ખેડા | ૩૧ | ૩૫ |
| જ.હો.નડિયાદ | ૧૩૦ | ૧૩૫ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ઉક્ત જિલ્લા મથકે ઉક્ત મશીનો ક્યાં સુધીમાં ઉપલબ્ધ કરવામાં આવશે ? | (૩) એમ.આર.આઈ. મશીન ખરીદીનું હાલ કોઇ આયોજન નથી. |

- - - - - - - - -

**બોટાદ અને છોટાઉદેપુર જિલ્લામાં નિમણૂક આપેલ ડોક્ટરો ફરજ પર હાજર ન થવા બાબત**

૪૩૧૩૭ **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોટાદ અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર રાજ્યની સરકારી કોલેજોમાંથી એમબીબીએસ પાસ કરેલ ડોક્ટરોની નિમણૂક આપેલ હોય તેવા કેટલા ડોક્ટરો ફરજ પર હાજર થયેલ નથી, | (૧) પત્રક-૧ સામેલ છે. |
| (૨) ઉક્ત જિલ્લાવાર હાજર ન થયા હોય તેવા કેટલા ડોક્ટરો પાસેથી બોન્ડની કેટલી રકમ વસૂલવાની બાકી છે, | (૨) અને (૩) પત્રક-૨ સામેલ છે. |
| (૩) ઉક્ત બાકી રકમ પૈકી કેટલી રકમ એક વર્ષ અને બે વર્ષ કરતાં વધુ સમયથી વસૂલવાની બાકી છે, અને | |

(૪) ઉક્ત સ્થિતિએ બોન્ડની બાકી રકમ વસૂલવા સરકારે શાં પગલાં લીધા ?

(૪) મામલતદાર (વસૂલાત) દ્વારા વસૂલાતની ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

**પત્રક-૧**

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ-૨૦૨૦ | | | વર્ષ-૨૦૨૧ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | નિમણૂક આપેલ ડોક્ટર | ફરજ પર હાજર થયેલ ડોક્ટર | ફરજ પર હાજર ન થયેલ ડોક્ટર | નિમણૂક આપેલ ડોક્ટર | ફરજ પર હાજર થયેલ ડોક્ટર | ફરજ પર હાજર ન થયેલ ડોક્ટર |
| ૧ | બોટાદ | ૮ | ૧ | ૭ | ૧૯ | ૫ | ૧૪ |
| ૨ | છોટાઉદેપુર | ૧૭૩ | ૨૧ | ૧૫૨ | ૯૭ | ૨૪ | ૭૩ |
| | **કુલ** | **૧૮૧** | **૨૨** | **૧૫૯** | **૧૧૬** | **૨૯** | **૮૭** |

**પત્રક-૨**

| ક્રમ | | વર્ષ-૨૦૨૦ | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | **અ.નં.** | **જિલ્લાનું નામ** | **હાજર ન થયેલ તબીબોની સંખ્યા** | **તે પૈકી વસૂલાત કરેલ ઉમેદવારોની સંખ્યા** | **વસૂલ કરેલ રકમ (રૂ.)** | **બાકી કેસોની સંખ્યા** | **વસૂલવાની બાકી રકમ (રૂ.)** |
| ૨ | ઉક્ત જિલ્લાવાર હાજર ન થયા હોય તેવા કેટલા ડૉક્ટરો પાસેથી બોન્ડની કેટલી રકમ વસૂલવાની બાકી છે. | ૧ | બોટાદ | ૦૭ | ૦૩ | ૧૫,૦૦,૦૦૦/- | ૦૪ | ૨૦,૦૦,૦૦૦/- |
| | | ૨ | છોટાઉદેપુર | ૧૫૨ | ૪૫ | ૨,૨૫,૦૦,૦૦૦/- | ૧૦૭ | ૫,૩૫,૦૦,૦૦૦/- |
| | | **વર્ષ-૨૦૨૧** | | | | | | |
| | | ૧ | બોટાદ | ૧૪ | ૦૭ | ૩૫,૦૦,૦૦૦- | ૦૭ | ૩૫,૦૦,૦૦૦/- |
| | | ૨ | છોટાઉદેપુર | ૭૩ | ૫૨ | ૨,૬૦,૦૦,૦૦૦/- | ૨૧ | ૧,૦૫,૦૦,૦૦૦/- |
| | | **વર્ષ-૨૦૨૦** | | | | | | |
| | | **અ.નં.** | **જિલ્લાનું નામ** | **૧ વર્ષથી વધુ સમયથી વસૂલવાની બાકી રકમ (રૂ.)** | | | **૨ વર્ષથી વધુ સમયથી વસૂલવાની બાકી રકમ (રૂ.)** | |
| ૩ | ઉક્ત બાકી રકમ પૈકી કેટલી રકમ એક વર્ષ અને બે વર્ષ કરતાં વધુ સમયથી વસૂલવાની બાકી છે. | ૧ | બોટાદ | ૨૦,૦૦,૦૦૦/- | | | ૦ | |
| | | ૨ | છોટાઉદેપુર | ૫,૩૫,૦૦,૦૦૦/- | | | ૦ | |
| | | **વર્ષ-૨૦૨૧** | | | | | | |
| | | **અ.નં.** | **જિલ્લાનું નામ** | **૧ વર્ષથી વધુ સમયથી વસૂલવાની બાકી રકમ (રૂ.)** | | | **૨ વર્ષથી વધુ સમયથી વસૂલવાની બાકી રકમ (રૂ.)** | |
| | | ૧ | બોટાદ | ૦ | | | ૦ | |
| | | ૨ | છોટાઉદેપુર | ૦ | | | ૦ | |

---------

## ભિલોડા તાલુકાના શામળાજી મેશ્વો ડેમ ઉપરથી દેવની મોરી સુધીનો રસ્તો

૪૩૧૧૫ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકામાં શામળાજી મેશ્વો ડેમ ઉપરથી દેવની મોરી સુધી આવેલ રસ્તો સિંચાઇ વિભાગ હસ્તકનો છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત રસ્તાને માર્ગ-મકાન વિભાગને સોંપવાની કામગીરી કયા તબક્કે છે, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) આ રસ્તાને માર્ગ અને મકાન વિભાગને સોંપવા માટેની કોઈ કામગીરી પ્રગતિ હેઠળ નથી.

(૩)ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૩) ઉપર મુજબ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**પાટણ જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના**

૪૩૧૦૬ **ડૉ.કીરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પાટણ જિલ્લામાં તાલુકાવાર કિસાન સૂર્યોદય યોજનાનો અમલ કેટલા ગામોમાં કરવામાં આવે છે,

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાના તમામ ગામોમાં ઉક્ત યોજનાનો અમલ કરવામાં ન આવતો હોય તો તેના કારણો શાં છે, અને

(૩) બાકી ગામોને ઉક્ત યોજનાનો લાભ ક્યાં સુધીમાં આપવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ 'કિસાન સૂર્યોદય યોજના' હેઠળ પાટણ જિલ્લામાં સેન્સસ-૨૦૧૧ મુજબના પૂર્ણ/આંશિક કુલ ૧૭૫ ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે. જેની તાલુકાવાર માહિતી પત્રક-૧માં સામેલ છે.

(૨) અને (૩) જરૂરી માળખાગત સુવિધા, વીજ પ્રવહન, વીજ વિતરણ વ્યવસ્થા અને સરકારશ્રીના નાણાકીય આયોજનને ધ્યાને લઇ કિસાન સૂર્યોદય યોજનાના અમલીકરણનું આયોજન તબક્કાવાર થયેલ. કોઇ પણ જિલ્લામાં ''કિસાન સૂર્યોદય યોજના''નો અમલ કરતાં પહેલા લોકલ એરિયાનાં હાલના તેમજ આ યોજનાનો અમલ કરવાથી થતા વધારાના વીજ લોડને ધ્યાનમાં રાખીને પ્રવહન માળખાના સશક્તિકરણની જરૂરિયાત રહે છે. જેને માટે નવીન વીજ રેષાઓનું નિર્માણ કરવું જરૂરી હોવાથી તથા આંતરરાષ્ટ્રીય સ્તરે કોલસા અને ગેસની અછતની પરિસ્થિતિનું નિર્માણ થવાથી.

વીજ રેષાઓના નિર્માણની કાર્યવાહી શરુ કરી દેવામાં આવી છે. સદરહુ કામગીરી અને ઉપરોક્ત આયોજનને ધ્યાને લઇને ખેડૂતોને 'કિસાન સૂર્યોદય યોજના'નો લાભ આપવાનું આયોજન છે.

**પત્રક-૧**

| ક્રમ | જિલ્લો | તાલુકો | સેન્સસ-૨૦૧૧ મુજબ સમાવિષ્ટ (પૂર્ણ/આંશિક) ગામોની સંખ્યા | તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ યોજના અમલ ગામોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | પાટણ | ચાણસ્મા | ૭ | ૦ |
| ૨ | | હારિજ | ૪૦ | ૦ |
| ૩ | | પાટણ | ૮ | ૦ |
| ૪ | | રાધનપુર | ૩૦ | ૦ |
| ૫ | | સમી | ૩૩ | ૦ |
| ૬ | | શંખેશ્વર | ૩૬ | ૦ |
| ૭ | | સાંતલપુર | ૧૭ | ૦ |
| ૮ | | સરસ્વતી | ૦ | ૦ |
| ૯ | | સિધ્ધપુર | ૪ | ૦ |
| | | **કુલ** | **૧૭૫** | **૦** |

- - - - - - - - -

**અમદાવાદ અને વડોદરા જિલ્લામાં નિમણૂક આપેલ ડોક્ટરો ફરજ પર હાજર ન થવા બાબત**

૪૩૧૨૮ **શ્રી લાખાભાઇ ભરવાડ** (વિરમગામ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને વડોદરા જિલ્લામાં જિલ્લાવાર રાજ્યની સરકારી કોલેજોમાંથી એમબીબીએસ પાસ કરેલ ડોક્ટરોની નિમણૂક આપેલ હોય તેવા કેટલા ડોક્ટરો ફરજ પર હાજર

**જવાબ**

(૧) પત્રક-૧ સામેલ છે.

થયેલ નથી,

(૨) ઉક્ત જિલ્લાવાર હાજર ન થયા હોય તેવા કેટલા ડૉક્ટરો પાસેથી બોન્ડની કેટલી રકમ વસૂલવાની બાકી છે,

(૩) ઉક્ત બાકી રકમ પૈકી કેટલી રકમ એક વર્ષ અને બે વર્ષ કરતાં વધુ સમયથી વસૂલવાની બાકી છે, અને

(૨) અને (૩) પત્રક-૨ સામેલ છે.

(૪) ઉક્ત સ્થિતિએ બોન્ડની બાકી રકમ વસૂલવા સરકારે શા પગલાં લીધા ?

(૪) મામલતદાર (વસૂલાત) દ્વારા વસૂલાતની ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

**પત્રક-૧**

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ-૨૦૨૦ | | | વર્ષ-૨૦૨૧ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | નિમણૂક આપેલ ડોક્ટર | ફરજ પર હાજર થયેલ ડોક્ટર | ફરજ પર હાજર ન થયેલ ડોક્ટર | નિમણૂક આપેલ ડોક્ટર | ફરજ પર હાજર થયેલ ડોક્ટર | ફરજ પર હાજર ન થયેલ ડોક્ટર |
| ૧ | અમદાવાદ | ૫ | ૧ | ૪ | ૧૨ | ૬ | ૬ |
| ૨ | વડોદરા | ૯ | ૪ | ૫ | ૧૩ | ૪ | ૯ |
| | **કુલ** | **૧૪** | **૫** | **૯** | **૨૫** | **૧૦** | **૧૫** |

**પત્રક-૨**

| ક્રમ | | વર્ષ-૨૦૨૦ | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ઉક્ત જિલ્લાવાર હાજર ન થયા હોય તેવા કેટલા ડોક્ટરો પાસેથી બોન્ડની કેટલી રકમ વસૂલવાની બાકી છે, | **અનુ. નં.** | **જિલ્લાનું નામ** | **હાજર ન થયેલ તબીબોની સંખ્યા** | **તે પૈકી વસૂલાત કરેલ ઉમેદવારોની સંખ્યા** | **વસૂલ કરેલ રકમ (રૂ.)** | **બાકી કેસોની સંખ્યા** | **વસૂલવાની બાકી રકમ (રૂ.)** |
| | | ૧ | અમદાવાદ | ૪ | ૦ | ૦ | ૪ | ૨૦,૦૦,૦૦૦/- |
| | | ૨ | વડોદરા | ૫ | ૨ | ૧૦,૦૦,૦૦૦/- | ૩ | ૧૫,૦૦,૦૦૦/- |
| | | **વર્ષ-૨૦૨૧** | | | | | | |
| | | ૧ | અમદાવાદ | ૬ | ૩ | ૧૫,૦૦,૦૦૦/- | ૩ | ૧૫,૦૦,૦૦૦/- |
| | | ૨ | વડોદરા | ૯ | ૩ | ૧૫,૦૦,૦૦૦/- | ૬ | ૩૦,૦૦,૦૦૦/- |

| ક્રમ | | વર્ષ-૨૦૨૦ | | | |
|---|---|---|---|---|---|
| ૩ | ઉક્ત બાકી રકમ પૈકી કેટલી રકમ એક વર્ષ અને બે વર્ષ કરતાં વધુ સમયથી વસૂલવાની બાકી છે, | **અનુ. નં.** | **જિલ્લાનું નામ** | **૧ વર્ષથી વધુ સમયથી વસૂલવાની બાકી રકમ (રૂ.)** | **૨ વર્ષથી વધુ સમયથી વસૂલવાની બાકી રકમ (રૂ.)** |
| | | ૧ | અમદાવાદ | ૨૦,૦૦,૦૦૦/- | ૦ |
| | | ૨ | વડોદરા | ૧૫,૦૦,૦૦૦/- | ૦ |
| | | **વર્ષ-૨૦૨૧** | | | |
| | | **અનુ નં.** | **જિલ્લાનું નામ** | **૧ વર્ષથી વધુ સમયથી વસૂલવાની બાકી રકમ (રૂ.)** | **૨ વર્ષથી વધુ સમયથી વસૂલવાની બાકી રકમ (રૂ.)** |
| | | ૧ | અમદાવાદ | ૦ | ૦ |
| | | ૨ | વડોદરા | ૦ | ૦ |

---------

**ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં નવા કૃષિ વિષયક વીજ જોડાણ**

૪૩૧૨૫ **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં તાલુકાવાર નવા કૃષિ વિષયક વીજ જોડાણ માટેની કેટલી

**જવાબ**

(૧) અને (૨) વિગતો પત્રક-અ મુજબ છે.

અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા અને મંજૂર પૈકી કેટલાને વીજ જોડાણો આપવાના બાકી છે, અને

(૩) ઉક્ત પૈકી કેટલી અરજીઓ કયા કારણોસર નામંજૂર કરવામાં આવી ?

(૩) **ગાંધીનગર જિલ્લોઃ-** કુલ ૧૧૭ અરજીઓ નામંજૂર થયેલ છે. જેના કારણો નીચે મુજબ છે.

- ૧ અરજી અંદાજપત્રના નાણા ભરપાઇ કરેલ ન હોવાથી.
- ૧૫ અરજીઓ અરજદારની અરજીના કારણે.
- ૧ અરજી માંગણીના આઠ એકર કરતા ઓછા ક્ષેત્રફળ ધરાવતા સર્વે નંબરમાં એક વીજ જોડાણ હયાત હોવાથી,
- ૮૮ અરજીઓમાં આપેલ સમયમર્યાદામાં બોર/કૂવો કરાવેલ ન હોવાથી,
- ૧૨ અરજીઓ જરૂરી દસ્તાવેજોની સમયસર પૂર્તતા ન થવાથી.

**મહેસાણા જિલ્લોઃ-** કુલ ૪૦૮ અરજીઓ નામંજૂર થયેલ છે. જેના કારણો નીચે મુજબ છે.

- ૨ અરજી અંદાજપત્રના નાણા ભરપાઇ કરેલ ન હોવાથી.
- ૩૯૮ અરજીઓમાં આપેલ સમયમર્યાદામાં બોર/કૂવો કરાવેલ ન હોવાથી.
- ૮ અરજીઓમાં અરજદાર દ્વારા સૂક્ષ્મ પિયત પધ્ધતિ સ્વીકારવા સંબંધિત ફોર પાર્ટી એગ્રીમેન્ટ કરેલ ન હોવાથી.

**પત્રક-અ**

| **જિલ્લો** | **તાલુકો** | **વર્ષ ૨૦૨૦માં મળેલ અરજીઓ** | **વર્ષ ૨૦૨૧માં મળેલ અરજીઓ** | **મંજૂર થયેલ અરજીઓ** | **મંજૂર થયેલ અરજીઓ પૈકી આપેલ વીજ જોડાણો** | **મંજૂર થયેલ અરજીઓ પૈકી બાકી વીજ જોડાણો** |
|---|---|---|---|---|---|---|
| ગાંધીનગર | દહેગામ | ૨૮૧ | ૨૧૨ | ૧૭૫ | ૧૫૭ | ૧૮ |
| | ગાંધીનગર | ૧૪૯ | ૧૫૫ | ૧૦૩ | ૧૦૦ | ૩ |
| | કલોલ | ૭૮ | ૩૫ | ૫૦ | ૪૯ | ૧ |
| | માણસા | ૭૫ | ૩૮ | ૩૭ | ૩૭ | ૦ |
| મહેસાણા | વડનગર | ૧૩૭ | ૧૦૩ | ૮૩ | ૭૯ | ૪ |
| | બેચરાજી | ૧૬૧ | ૧૧૭ | ૬૯ | ૬૩ | ૬ |
| | જોટાણા | ૨૮ | ૧૫ | ૧૧ | ૧૧ | ૦ |
| | કડી | ૨૮૨ | ૨૨૭ | ૧૨૦ | ૧૦૩ | ૧૭ |
| | ખેરાલુ | ૩૦૩ | ૧૭૭ | ૧૨૬ | ૧૧૨ | ૧૪ |
| | મહેસાણા | ૧૨૯ | ૧૧૭ | ૬૬ | ૬૩ | ૩ |
| | સતલાસણા | ૧૯૩ | ૧૬૬ | ૮૯ | ૭૩ | ૧૬ |
| | ઊંઝા | ૭૩ | ૬૬ | ૩૮ | ૩૭ | ૧ |
| | વિજાપુર | ૨૬૪ | ૧૩૧ | ૧૨૯ | ૧૨૫ | ૪ |

| જિલ્લો | તાલુકો | વર્ષ ૨૦૨૦માં મળેલ અરજીઓ | વર્ષ ૨૦૨૧માં મળેલ અરજીઓ | મંજૂર થયેલ અરજીઓ | મંજૂર થયેલ અરજીઓ પૈકી આપેલ વીજ જોડાણો | મંજૂર થયેલ અરજીઓ પૈકી બાકી વીજ જોડાણો |
|---|---|---|---|---|---|---|
| | વિસનગર | ૧૪૫ | ૧૨૫ | ૭૮ | ૭૭ | ૧ |

---------

**છોટાઉદેપુર જિલ્લામાં હેરણ નદી ઉપર રાજવાસણા ગામે આડબંધની કામગીરી**

૪૩૨૧૨ **શ્રી વજેસિંગભાઈ પણદા** (દાહોદ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમાં સત્રમાં તા.૩૧-૦૩-૨૦૨૧(બીજી બેઠક) ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૯૪૦૬ (અગ્રતા-૭૪)ના અનુસંધાને **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લાના હેરણ નદી ઉપર રાજવાસણા ગામે આડબંધની નહેરોના આધુનિકીકરણ માટેના અંદાજપત્રને સરકાર દ્વારા રૂ.૧૧૪૦ લાખની વહીવટી મંજૂરી આપવામાં આવેલ તે ટેન્ડર મંજૂરીના તબક્કે રહેલ કામગીરી કયા તબક્કે છે, અને | (૧) તે ટેન્ડર મંજૂરીના તબક્કે રહેલ કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૨) માહે મે / જૂન - ૨૦૨૩ |

---------

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં F H W, A N M અને G N M કર્મચારીઓની આઉટસોર્સીંગથી ભરતી બાબત**

૪૩૧૫૫ **શ્રી ચિરાગભાઈ કાલરીયા** (જામજોધપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં FHW, ANM અને GNM કર્મચારીઓની આઉટસોર્સીંગથી ભરતી કરવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ, જિલ્લાવાર ઉક્ત આઉટસોર્સીંગથી કર્મચારીઓ પૂરા પાડવાનું કામ કઈ એજન્સીને આપવામાં આવેલ છે, | (૨) જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લા માટે આઉટસોર્સીંગથી કર્મચારીઓ પૂરા પાડવાનું કામ મેસર્સ એમ. જે. સોલંકી, ભાવનગરને આપવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત કર્મચારીઓ પૂરા પાડવા બદલ એક કર્મચારી દીઠ એજન્સીને કેટલી રકમ ચૂકવવામાં આવે છે, અને | (૩) |

| જામનગર અને દેવભૂમિ દ્વારકા | | |
|---|---|---|
| સંવર્ગ | મહાનગરપાલિકા અને નગરપાલિકા | ગ્રામ્ય વિસ્તાર |
| FHW | રૂ.૯૧૧/- | રૂ.૯૦૨/- |
| ANM | રૂ.૯૧૧/- | રૂ.૯૦૨/- |
| GNM | રૂ.૯૨૪/- | રૂ.૯૦૨/- |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૪) એજન્સી દ્વારા કર્મચારીઓને કેટલું મહેનતાણું આપવામાં આવે છે ? | (૪) |

| જામનગર અને દેવભૂમિ દ્વારકા | | |
|---|---|---|
| સંવર્ગ | મહાનગરપાલિકા અને નગરપાલિકા | ગ્રામ્ય વિસ્તાર |
| FHW | રૂ.૧૮,૨૨૬/- | રૂ.૧૮,૦૪૭/- |

| | | |
|---|---|---|
| ANM | ૩.૧૮,૨૨૬/- | ૩.૧૮,૦૪૭/- |
| GNM | ૩.૧૮,૪૭૭/- | ૩.૧૮,૦૪૭/- |

- - - - - - - - -

**રાજુલા, જાફરાબાદ અને ખાંભા તાલુકામાં વેરા વસૂલવાના બાકી એકમો**

૪૩૧૮૨ **શ્રી અંબરીશભાઇ ડેર** (રાજુલા) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમરેલી જિલ્લાના રાજુલા, જાફરાબાદ અને ખાંભા તાલુકામાં સેલ્સટેક્સ, વેટ, જીએસટી કે અન્ય કોઇ વેરા વસૂલવાના બાકી હોય તેવા કેટલા ઔદ્યોગિક ગૃહો કે વ્યાપારી એકમો છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કયા એકમ પાસેથી સેલ્સટેક્સ, વેટ, જીએસટી કે અન્ય કોઇ વેરાની કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૩) ક્યાં સુધીમાં વસૂલવામાં આવશે ?

**જવાબ**

(૧)

| **તાલુકાનું નામ** | **ઔદ્યોગિક ગૃહો કે વ્યાપારી એકમોની સંખ્યા** |
|---|---|
| રાજુલા | ૪૦ |
| જાફરાબાદ | ૨ |
| ખાંભા | ૦ |

(૨) પત્રક મુજબ

(૩) બાકી રકમ વસૂલ કરવા માટે સંબંધિતો સામે કાયદા તથા નિયમોની જોગવાઇ મુજબ શો-કોઝ નોટિસ, સમન્સ/નોટિસ, Adjudication ની પ્રક્રિયા, બેન્ક ટાંચ/મિલકત ટાંચ વગેરે કાર્યવાહી તબક્કાવાર હાથ ધરવામાં આવતી હોઇ વસૂલાત અંગે ચોક્કસ સમય સીમા બાંધી શકાય તેમ નથી.

**પત્રક**

**તાલુકોઃ રાજુલા**

| **અનુ નં.** | **ઔદ્યોગિક એકમો કે વ્યાપારી ગૃહોનું નામ** | **બાકી રકમ (રૂ. લાખમાં)** |
|---|---|---|
| ૧ | અલ્ટ્રાટેક સિમેન્ટ કુ. | ૧૦૫૯.૭૮૧૮૦ |
| ૨ | ઉમરભાઇ જમાલભાઇ એન્ડ સન્સ | ૧૦.૩૨૦૧૦ |
| ૩ | એસ. એસ. એન્ટરપ્રાઇઝ | ૧૫૭.૫૪૯૮૨ |
| ૪ | ઓડીંગ ટ્રેડલીંક | ૧૪.૧૭૮૮૬ |
| ૫ | કુબેર કન્સ્ટ્રક્શન કુ. | ૫૦૬.૭૨૩૧૫ |
| ૬ | કોટેક્ષ ઇન્ફ્રાસ્ટ્રક્ચર | ૯૨૩૬.૩૦૩૯૬ |
| ૭ | ખોડીયાર ટ્રેડર્સ | ૨૫.૭૮૮૮૨ |
| ૮ | ગણેશ કોટન ઇન્ડસ્ટ્રીઝ | ૫.૮૦૪૨૮ |
| ૯ | ચૌધરી ઇન્ફ્રા એન્જી. લિ. | ૧.૭૫૨૫૧ |
| ૧૦ | દ્વારકાધીશ જીનીંગ એન્ડ પ્રેસીંગ પ્રા.લિ. | ૧૧૩૬.૫૦૩૪૩ |
| ૧૧ | નીલ કન્સ્ટ્રક્શન | ૨.૦૦૫૧૩ |
| ૧૨ | પાનાભાઇ આપાભાઇ | ૦.૦૩૬૮૬ |
| ૧૩ | પ્રભાત ઇન્ડસ્ટ્રીઝ | ૨.૦૧૨૭૬ |
| ૧૪ | ભારત સેલ્સ લિ. | ૩.૫૬૨૦૦ |
| ૧૫ | મનમંદીર રેસીડન્સી | ૨૫.૪૯૫૪૬ |
| ૧૬ | રાજમહર્ષી ટ્રેડલીંક | ૬૩.૦૭૪૪૯ |
| ૧૭ | વક્રીટિક કન્સ્ટ્રક્શન કું પ્રા. લિ. | ૪.૭૧૩૨૬ |
| ૧૮ | શુભમ એન્ટરપ્રાઇઝ | ૧.૬૦૬૪૦ |
| ૧૯ | શ્રીજી એન્જીનીયરીંગ એન્ડ ફેબ્રીકેશન | ૦.૪૪૯૪૬ |
| ૨૦ | સલાસર એક્ષ્ટેરીયમ | ૭.૮૪૬૦૩ |

| અનુ નં. | ઔદ્યોગિક એકમો કે વ્યાપારી ગૃહોનું નામ | બાકી રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૨૧ | સાંઇ સપ્લાયર્સ | ૦.૦૨૮૦૦ |
| ૨૨ | સાંઇ એન્ટરપ્રાઇઝ | ૧૪૩.૭૦૧૫૬ |
| ૨૩ | સુલતાનઅલી રજબઅલી | ૫.૮૩૨૨૭ |
| ૨૪ | સૌરાષ્ટ્ર ફૂડ્ઝ પ્રા. લિ. | ૩૭૯.૫૫૪૯૬ |
| ૨૫ | અવધ કન્સ્ટ્રક્શન એન્ડ સપ્લાયર્સ | ૦.૯૮૮૪૮ |
| ૨૬ | નીશા સેલ્સ | ૦.૧૫૯૪૭ |
| ૨૭ | પ્રિન્સ એન્ટરપ્રાઇઝ | ૦.૯૨૯૫૪ |
| ૨૮ | માધવ ઇન્ડસ્ટ્રીઝ | ૩.૫૨૬૪૦ |
| ૨૯ | જય મહાલક્ષ્મી સ્ટીલ વર્કસ | ૦.૦૨૦૦૦ |
| ૩૦ | જાગાણી એન્ટરપ્રાઈઝ | ૦.૦૮૫૫૪ |
| ૩૧ | નોબલ સેલ્સ કોર્પોરેશન | ૩૦.૮૨૨૮૮ |
| ૩૨ | શીવ પેટ્રોલીયમ | ૦.૮૮૪૨૬ |
| ૩૩ | કોમર્શીયલ એન્ડ ઇન્ડસ્ટ્રીયલ સપ્લાયર્સ | ૦.૪૫૨૧૪ |
| ૩૪ | પ્રમુખ મેડિકલ એન્ડ જનરલ સ્ટોર્સ | ૦.૦૮૯૭૭ |
| ૩૫ | શ્રી જય ભુતનાથ ટ્રાન્સપોર્ટ કું. | ૦.૩૧૭૭૮ |
| ૩૬ | શ્રી ભવાની પેટ્રોલીયમ | ૦.૦૯૪૮૮ |
| ૩૭ | ઠક્કર પેટ્રોલીયમ | ૦.૧૫૩૮૬ |
| ૩૮ | વિશ્વાસ પેટ્રોલ સ્ટેશન | ૦.૧૩૭૧૬ |
| ૩૯ | જય મુરલીધર પેટ્રોલીયમ | ૦.૧૦૬૬૯ |
| ૪૦ | પ્રગતિ કિશાન સેવા કેન્દ્ર | ૦.૦૩૪૩૬ |
| | **તાલુકોઃ જાફરાબાદ** | |
| ૧ | હિંદ સ્ટીલ | ૧.૯૯ |
| ૨ | પિઠાભાઈ બચુભાઈ સાંખટ | ૦.૫૯ |

- - - - - - - - -

**ખેડા જિલ્લામાં ડો. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના**

૪૨૪૨૩ **શ્રી કેસરીસિંહ સોલંકી** (માતર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં ડો. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૧૯ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૭ |
| (૩) કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૧૭,૦૦,૦૦૦/- |

- - - - - - - - -

**સુરેન્દ્રનગર જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના**

૪૨૪૧૯ **શ્રી પરસોત્તમ સાબરીયા** (ધ્રાંગધ્રા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ વિકસતી જાતિની કેટલી કન્યાઓની અરજીઓ મળી, | (૧) ૧૨૩૬ |
| (૨) ઉક્ત સ્થિતિએ મળેલી અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૨૩૦ |

(૩) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી ? (૩) રૂ. ૧૨૭.૮૬ લાખ

---------

**સાબરકાંઠા જિલ્લામાં સરકારી હોસ્પિટલોમાં એમ.આર.આઈ. મશીન**

૪૩૧૧૨ **શ્રી અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૨૪-૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૬૮૮૭ (અગ્રતા-૧૫૨) ના અનુસંધાને **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં આવેલ સરકારી હોસ્પિટલોમાં તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ એમ.આર.આઈ. મશીન ઉપલબ્ધ ન હતાં તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત મશીનના અભાવે કેટલા દર્દીઓને અન્ય હોસ્પિટલોમાં રીફર કરવામાં આવેલ છે, અને

(૨)

| હોસ્પિટલનું નામ | વર્ષ-૨૦૨૦ | વર્ષ-૨૦૨૧ |
|---|---|---|
| જનરલ હોસ્પિટલ હિંમતનગર | ૦ | ૦ |
| સરકારી હોસ્પિટલ ખેડબ્રહ્મા | ૦ | ૦ |
| સરકારી હોસ્પિટલ ઈડર | ૦ | ૧ |

(૩) ઉક્ત જિલ્લા મથકે ઉક્ત મશીનો ક્યાં સુધીમાં ઉપલબ્ધ કરવામાં આવશે ?

(૩) હાલ આયોજન નથી.

---------

**મોરબી અને ભાવનગર જિલ્લામાં નિમણૂક આપેલ ડોક્ટરો ફરજ પર હાજર ન થવા બાબત**

૪૩૧૪૬ **શ્રી લલીતભાઈ કગથરા** (ટંકારા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મોરબી અને ભાવનગર જિલ્લામાં જિલ્લાવાર રાજ્યની સરકારી કોલેજોમાંથી એમબીબીએસ પાસ કરેલ ડોક્ટરોની નિમણૂક આપેલ હોય તેવા કેટલા ડોક્ટરો ફરજ પર હાજર થયેલ નથી,

(૧) પત્રક-૧ સામેલ છે.

(૨) ઉક્ત જિલ્લાવાર હાજર ન થયા હોય તેવા કેટલા ડોક્ટરો પાસેથી બોન્ડની કેટલી રકમ વસૂલવાની બાકી છે,

(૨) અને (૩) પત્રક-૨ સામેલ છે.

(૩) ઉક્ત બાકી રકમ પૈકી કેટલી રકમ એક વર્ષ અને બે વર્ષ કરતાં વધુ સમયથી વસૂલવાની બાકી છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ બોન્ડની બાકી રકમ વસૂલવા સરકારે શાં પગલાં લીધા ?

(૪) મામલતદાર (વસૂલાત) દ્વારા વસૂલાતની ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

**પત્રક-૧**

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ-૨૦૨૦ | | | વર્ષ-૨૦૨૧ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | નિમણૂક આપેલ ડોક્ટર | ફરજ પર હાજર થયેલ ડોક્ટર | ફરજ પર હાજર ન થયેલ ડોક્ટર | નિમણૂક આપેલ ડોક્ટર | ફરજ પર હાજર થયેલ ડોક્ટર | ફરજ પર હાજર ન થયેલ ડોક્ટર |
| ૧ | મોરબી | ૪ | ૩ | ૧ | ૭ | ૧ | ૬ |
| ૨ | ભાવનગર | ૬ | ૩ | ૩ | ૧૫ | ૨ | ૧૩ |
| | **કુલ** | **૧૦** | **૬** | **૪** | **૨૨** | **૩** | **૧૯** |

**પત્રક-૨**

<table>
<tr><th rowspan="2">ક્રમ</th><th rowspan="2">પ્રશ્ન</th><th colspan="7">વર્ષ-૨૦૨૦</th></tr>
<tr><th>અ.નં.</th><th>જિલ્લાનું નામ</th><th>હાજર ન થયેલ તબીબોની સંખ્યા</th><th>તે પૈકી વસૂલાત કરેલ ઉમેદવારોની સંખ્યા</th><th>વસૂલ કરેલ રકમ (રૂ.)</th><th>બાકી કેસોની સંખ્યા</th><th>વસૂલવાની બાકી રકમ (રૂ.)</th></tr>
<tr><td rowspan="5">૨</td><td rowspan="5">ઉક્ત જિલ્લાવાર હાજર ન થયા હોય તેવા કેટલા ડૉક્ટરો પાસેથી બોન્ડની કેટલી રકમ વસૂલવાની બાકી છે.</td><td>૧</td><td>મોરબી</td><td>૧</td><td>૦</td><td>૦</td><td>૧</td><td>૫,૦૦,૦૦૦/-</td></tr>
<tr><td>૨</td><td>ભાવનગર</td><td>૩</td><td>૦</td><td>૦</td><td>૩</td><td>૧૫,૦૦,૦૦૦/-</td></tr>
<tr><td colspan="7">વર્ષ-૨૦૨૧</td></tr>
<tr><td>૧</td><td>મોરબી</td><td>૬</td><td>૩</td><td>૧૫,૦૦,૦૦૦/-</td><td>૩</td><td>૧૫,૦૦,૦૦૦/-</td></tr>
<tr><td>૨</td><td>ભાવનગર</td><td>૧૩</td><td>૭</td><td>૩૫,૦૦,૦૦૦/-</td><td>૬</td><td>૩૦,૦૦,૦૦૦/-</td></tr>
<tr><td rowspan="9">૩</td><td rowspan="9">ઉક્ત બાકી રકમ પૈકી કેટલી રકમ એક વર્ષ અને બે વર્ષ કરતાં વધુ સમયથી વસૂલવાની બાકી છે.</td><td colspan="7">વર્ષ-૨૦૨૦</td></tr>
<tr><td>અ.નં.</td><td>જિલ્લાનું નામ</td><td colspan="3">૧ વર્ષથી વધુ સમયથી વસૂલવાની બાકી રકમ (રૂ.)</td><td colspan="2">૨ વર્ષથી વધુ સમયથી વસૂલવાની બાકી રકમ (રૂ.)</td></tr>
<tr><td>૧</td><td>મોરબી</td><td colspan="3">૫,૦૦,૦૦૦/-</td><td colspan="2">૦</td></tr>
<tr><td>૨</td><td>ભાવનગર</td><td colspan="3">૧૫,૦૦,૦૦૦/-</td><td colspan="2">૦</td></tr>
<tr><td colspan="7">વર્ષ-૨૦૨૧</td></tr>
<tr><td>અ.નં.</td><td>જિલ્લાનું નામ</td><td colspan="3">૧ વર્ષથી વધુ સમયથી વસૂલવાની બાકી રકમ (રૂ.)</td><td colspan="2">૨ વર્ષથી વધુ સમયથી વસૂલવાની બાકી રકમ (રૂ.)</td></tr>
<tr><td>૧</td><td>મોરબી</td><td colspan="3">૦</td><td colspan="2">૦</td></tr>
<tr><td>૨</td><td>ભાવનગર</td><td colspan="3">૦</td><td colspan="2">૦</td></tr>
</table>

---------

**નર્મદા અને ડાંગ જિલ્લામાં F H W, A N M અને G N M કર્મચારીઓની આઉટસોર્સીંગથી ભરતી બાબત**

૪૩૨૨૧ **શ્રી પ્રેમસિંહભાઈ વસાવા** (નાંદોદ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નર્મદા અને ડાંગ જિલ્લામાં F H W, A N M અને G N M કર્મચારીઓની આઉટસોર્સીંગથી ભરતી કરવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) નર્મદા જિલ્લામાં FHW, ANM અને GNM કર્મચારીઓની આઉટસોર્સીંગથી ભરતી કરવામાં આવેલ નથી.<br>ડાંગ જિલ્લામાં F H W, A N M અને G N M કર્મચારીઓની આઉટસોર્સીંગથી ભરતી કરવામાં આવે છે. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ, જિલ્લાવાર ઉક્ત આઉટસોર્સીંગથી કર્મચારીઓ પૂરા પાડવાનું કામ કઈ એજન્સીને આપવામાં આવેલ છે, | (૨) ડાંગ જિલ્લા ખાતે વિશ્વ એન્ટરપ્રાઈઝ, મહેસાણા. |
| (૩) ઉક્ત કર્મચારીઓ પૂરા પાડવા બદલ એક કર્મચારી દીઠ એજન્સીને કેટલી રકમ ચુકવવામાં આવે છે, અને | (૩) - F H W/A N M રૂ.૮૮૩/-<br>- G N M રૂ.૮૮૩/- |
| (૪) એજન્સી દ્વારા કર્મચારીઓને કેટલું મહેનતાણું આપવામાં આવે છે? | (૪) - F H W/A N M રૂ.૧૭,૬૬૧/-<br>- G N M રૂ.૧૭,૬૬૧/- |

---------

**વાંસદા તાલુકામાં આવેલ જુજ ડેમમાંથી સિંચાઈ માટે પાણી**

૪૩૨૩૬ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નવસારી | (૧) ૨૦ ગામોના ખેડૂતોને સિંચાઈ માટે પાણી |

જિલ્લાના વાંસદા તાલુકામાં આવેલ જુજ ડેમમાંથી કેટલા ગામોના ખેડૂતોને સિંચાઈ માટે પાણી આપવામાં આવે છે,

આપવામાં આવે છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર ઉક્ત ડેમમાં પાણીનો કેટલો જથ્થો સંગ્રહ થયેલ, અને

(૨)

| વર્ષ | ૨૦૨૦ | ૨૦૨૧ |
|---|---|---|
| માસ (અંતિત) | સંગ્રહાયેલ જથ્થો (MCM) | સંગ્રહાયેલ જથ્થો (MCM) |
| જાન્યુઆરી | ૨૩.૩૩ | ૨૧.૨૩ |
| ફેબ્રુઆરી | ૨૦.૧૯ | ૧૮.૮૭ |
| માર્ચ | ૧૫.૩૫ | ૧૪.૩૪ |
| એપ્રિલ | ૮.૮૧ | ૮.૮૮ |
| મે | ૨.૯૬ | ૩.૮૩ |
| જૂન | ૨.૯૬ | ૩.૭૮ |
| જુલાઈ | ૧.૫૨ | ૧૦.૬૪ |
| ઓગસ્ટ | ૨૭.૫૮ | ૧૯.૭૩ |
| સપ્ટેમ્બર | ૨૭.૫૮ | ૨૭.૫૮ |
| ઓક્ટોબર | ૨૭.૫૮ | ૨૭.૫૮ |
| નવેમ્બર | ૨૭.૫૮ | ૨૭.૫૮ |
| ડિસેમ્બર | ૨૪.૯૨ | ૨૭.૫૮ |

(૩) ઉક્ત માસવાર કેટલું પાણી નહેરો વડે સિંચાઈ માટે આપવામાં આવ્યું ?

(૩)

| વર્ષ | ૨૦૨૦ | ૨૦૨૧ |
|---|---|---|
| માસ | સિંચાઈ માટે આપેલ પાણીનો જથ્થો (MCM) | સિંચાઈ માટે આપેલ પાણીનો જથ્થો (MCM) |
| જાન્યુઆરી | ૨.૩૩ | ૩.૬૯ |
| ફેબ્રુઆરી | ૧.૮૪ | ૨.૧૪ |
| માર્ચ | ૪.૮૦ | ૩.૯૪ |
| એપ્રિલ | ૬.૪૫ | ૪.૬૪ |
| મે | ૪.૭૩ | ૪.૭૯ |
| જૂન | ૦.૦૦ | ૦.૦૦ |
| જુલાઈ | ૧.૪૮ | ૦.૦૦ |
| ઓગસ્ટ | ૦.૦૦ | ૦.૦૦ |
| સપ્ટેમ્બર | ૦.૦૦ | ૦.૦૦ |
| ઓક્ટોબર | ૦.૦૦ | ૦.૦૦ |
| નવેમ્બર | ૦.૦૦ | ૦.૦૦ |
| ડિસેમ્બર | ૨.૬૬ | ૦.૦૦ |

- - - - - - - - -

**ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં નિમણૂક આપેલ ડોક્ટરો ફરજ પર હાજર ન થવા બાબત**

૪૩૧૭૦ **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં જિલ્લાવાર રાજ્યની સરકારી કોલેજોમાંથી એમબીબીએસ પાસ કરેલ ડોક્ટરોની નિમણૂક આપેલ હોય તેવા કેટલા ડોક્ટરો ફરજ પર હાજર થયેલ નથી,

(૧) પત્રક-૧ સામેલ છે.

(૨) ઉક્ત જિલ્લાવાર હાજર ન થયા હોય તેવા કેટલા ડોક્ટરો પાસેથી બોન્ડની કેટલી રકમ વસૂલવાની બાકી છે,

(૨) અને (૩) પત્રક-૨ સામેલ છે.

(૩) ઉક્ત બાકી રકમ પૈકી કેટલી રકમ એક વર્ષ અને બે વર્ષ કરતાં વધુ સમયથી વસૂલવાની બાકી છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ બોન્ડની બાકી રકમ વસૂલવા

(૪) મામલતદાર (વસૂલાત) દ્વારા વસૂલાતની

સરકારે શાં પગલાં લીધા ? ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

**પત્રક-૧**

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ-૨૦૨૦ | | | વર્ષ-૨૦૨૧ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | નિમણૂક આપેલ ડોકટર | ફરજ પર હાજર થયેલ ડોકટર | ફરજ પર હાજર ન થયેલ ડોકટર | નિમણૂક આપેલ ડોકટર | ફરજ પર હાજર થયેલ ડોકટર | ફરજ પર હાજર ન થયેલ ડોકટર |
| ૧ | ગીર સોમનાથ | ૨ | ૦ | ૨ | ૧૩ | ૪ | ૯ |
| ૨ | જૂનાગઢ | ૩ | ૨ | ૧ | ૮ | ૩ | ૫ |
| | **કુલ** | **૫** | **૨** | **૩** | **૨૧** | **૭** | **૧૪** |

**પત્રક-૨**

| ક્રમ | પ્રશ્ન | વર્ષ-૨૦૨૦ | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | અ.નં. | જિલ્લાનું નામ | હાજર ન થયેલ તબીબોની સંખ્યા | તે પૈકી વસૂલાત કરેલ ઉમેદવારોની સંખ્યા | વસૂલ કરેલ રકમ (રૂ.) | બાકી કેસોની સંખ્યા | વસૂલવાની બાકી રકમ (રૂ.) |
| ૨ | ઉક્ત જિલ્લાવાર હાજર ન થયા હોય તેવા કેટલા ડૉક્ટરો પાસેથી બોન્ડની કેટલી રકમ વસૂલવાની બાકી છે. | ૧ | ગીર સોમનાથ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૨ | ૧૦,૦૦,૦૦૦/- |
| | | ૨ | જૂનાગઢ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૫,૦૦,૦૦૦/- |
| | | વર્ષ-૨૦૨૧ | | | | | | |
| | | ૧ | ગીર સોમનાથ | ૦૯ | ૦૫ | ૨૫,૦૦,૦૦૦/- | ૦૪ | ૨૦,૦૦,૦૦૦/- |
| | | ૨ | જૂનાગઢ | ૦૫ | ૦૪ | ૨૦,૦૦,૦૦૦/- | ૦૧ | ૫,૦૦,૦૦૦/- |
| ૩ | ઉક્ત બાકી રકમ પૈકી કેટલી રકમ એક વર્ષ અને બે વર્ષ કરતાં વધુ સમયથી વસૂલવાની બાકી છે. | વર્ષ-૨૦૨૦ | | | | | | |
| | | અ.નં. | જિલ્લાનું નામ | ૧ વર્ષથી વધુ સમયથી વસૂલવાની બાકી રકમ (રૂ.) | | | ૨ વર્ષથી વધુ સમયથી વસૂલવાની બાકી રકમ (રૂ.) | |
| | | ૧ | ગીર સોમનાથ | ૧૦,૦૦,૦૦૦/- | | | ૦ | |
| | | ૨ | જૂનાગઢ | ૫,૦૦,૦૦૦/- | | | ૦ | |
| | | વર્ષ-૨૦૨૧ | | | | | | |
| | | અ.નં. | જિલ્લાનું નામ | ૧ વર્ષથી વધુ સમયથી વસૂલવાની બાકી રકમ (રૂ.) | | | ૨ વર્ષથી વધુ સમયથી વસૂલવાની બાકી રકમ (રૂ.) | |
| | | ૧ | ગીર સોમનાથ | ૦ | | | ૦ | |
| | | ૨ | જૂનાગઢ | ૦ | | | ૦ | |

---------

**કેન્દ્ર સરકાર દ્વારા નેશનલ રૂરલ હેલ્થ મિશનને ફાળવેલ રકમ**

૪૩૧૩૪ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેન્દ્ર સરકાર પાસે રાજ્ય સરકાર દ્વારા નેશનલ રૂરલ હેલ્થ મિશન અન્વયે કેટલી રકમની માંગણી કરવામાં આવી,

(૧)

| વર્ષ | માંગણી કરેલ ગ્રાન્ટ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૭૨,૬૬૯/- |
| ૨૦૨૦-૨૧ | ૭૬,૧૪૬/- |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૧ અંતિત) | ૮૦,૧૮૬/- |

(૨) કેન્દ્ર સરકાર દ્વારા ઉક્ત વર્ષવાર તે અન્વયે કેટલી રકમની ફાળવણી કરવામાં આવી,

(૨)

| વર્ષ | ફાળવણી કરેલ ગ્રાન્ટ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૭૨,૬૬૮/- |
| ૨૦૨૦-૨૧ | ૭૮,૭૭૦/- |

| | |
|---|---|
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૧ અંતિત) | ૫૫,૩૨૭/- |

(૩) ઉક્ત સ્થિતિએ ફાળવેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમનો ખર્ચ થયો, અને

(૩)

| વર્ષ | કુલ ફાળા પૈકી થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૮૮,૦૫૬.૯૭ |
| ૨૦૨૦-૨૧ | ૮૦,૩૫૬.૪૩ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૧ અંતિત) | ૫૫,૩૨૭.૦૦ |

(૪) ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ક્યા કારણોસર વણવપરાયેલી રહી ?

(૪) ઉક્ત સ્થિતિએ નીચે મુજબ વર્ષવાર રકમ વણવપરાયેલી રહી.

| નાણાકીય વર્ષ | વણવપરાયેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૧,૫૮૬.૪૩ |
| ૨૦૨૦-૨૧ | ૦૦.૦૦ |
| ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૧ અંતિત) | ૦૦.૦૦ |

**વણવપરાયેલ રકમ રહેવાના કારણો**

- એન.એચ.એમ. હેઠળ રાજ્ય કક્ષાએથી બજેટની ફાળવણી અનુસાર રાજ્ય હેઠળની વિવિધ આરોગ્ય સંસ્થાઓ ખાતે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે અને જે તે આરોગ્ય સંસ્થાઓ દ્વારા જરૂરીયાત અનુસાર બજેટની મર્યાદામાં ખર્ચ કરવામાં આવે છે. વણવપરાયેલ રકમ બીજા વર્ષના બજેટની ગ્રાન્ટ તરીકે બાકી આગળ તરીકે લઈ જવામાં આવે છે.

- એન.એચ.એમ. અંતર્ગતનું ફંડ વર્ષાન્તે પરત કરવાનું રહેતુ નથી પરંતુ ભારત સરકારશ્રીની માર્ગદર્શિકામાં જણાવ્યાનુસાર જે તે વર્ષમાં વણવપરાયેલ રકમ પૈકીની રકમ પછીના નાણાકીય વર્ષના પ્રથમ બે ક્વાર્ટરમાં ખર્ચ કરવાની રહે છે.

---------

**સિદ્ધપુર શહેરની સિવિલ હોસ્પિટલનું સંવર્ગવાર મંજૂર મહેકમ**

૪૩૧૦૯ **શ્રી ચંદનજી ઠાકોર (સિદ્ધપુર)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રોવાર અને સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે,

(૨) ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩)ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) અને (૨) પત્રક-૧ મુજબ.

(૩) નિમણૂકોનો અસ્વીકાર, રાજીનામા તથા વયનિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડૉક્ટરની ખાલી જગ્યા લાયકાત ધરાવતા ડોક્ટર ઉપલબ્ધ થયેથી તુરત જ ભરવામાં આવે છે. અન્ય જગ્યાઓ મંજૂર થયેલ મહેકમ પ્રમાણે તેમજ જરૂરીયાત અને ઉપલબ્ધિને ધ્યાને લઈને ભરવામાં આવે છે.

**પત્રક - ૧**

**સિધ્ધપુર સિવિલ હોસ્પિટલનું મંજૂર મહેકમ**

| **સંવર્ગ** | **મંજૂર મહેકમ** | **ભરેલી** | **ખાલી** |
|---|---|---|---|
| વર્ગ - ૧ | ૧૦ | ૫ | ૫ |
| વર્ગ - ૨ | ૭ | ૬ | ૧ |
| વર્ગ - ૩ | ૪૨ | ૩૬ | ૬ |
| વર્ગ - ૪ | ૪૧ | ૪૧ | ૦ |
| **કુલ** | **૧૦૦** | **૮૮** | **૧૨** |

| | | **મંજૂર** | **ભરેલી** | **ખાલી** |
|---|---|---|---|---|
| | | **વર્ગ - ૧** | | |
| ૧ | સીવીલ સર્જન | ૧ | ૦ | ૧ |
| ૨ | નિ.ત.અધિકારી | ૧ | ૦ | ૧ |
| ૩ | ગાયનેકોલોજીસ્ટ | ૧ | ૦ | ૧ |
| ૪ | બાળરોગ નિષ્ણાંત | ૧ | ૧ | ૦ |
| ૫ | નેત્ર સર્જન | ૧ | ૧ | ૦ |
| ૬ | ફીજીશીયન | ૧ | ૦ | ૧ |
| ૭ | એનેસ્થેટીસ્ટ | ૧ | ૧ | ૦ |
| ૮ | ફુલ ટાઇમ સર્જન | ૧ | ૦ | ૧ |
| ૯ | ઓર્થોપેડીક સર્જન | ૧ | ૧ | ૦ |
| ૧૦ | પેથોલોજીસ્ટ | ૧ | ૧ | ૦ |
| | **કુલ** | **૧૦** | **૫** | **૫** |
| | | **વર્ગ - ૨** | | |
| ૧૧ | તબીબી અધિકારી | ૪ | ૪ | ૦ |
| ૧૨ | ડેન્ટલ સર્જન (B D S ) | ૧ | ૧ | ૦ |
| ૧૩ | વહીવટી અધિકારી | ૧ | ૦ | ૧ |
| ૧૪ | બાયોકેમીસ્ટ | ૧ | ૧ | ૦ |
| | **કુલ** | **૭** | **૬** | **૧** |
| | | **વર્ગ - ૩** | | |
| ૧૫ | હેડ ક્લાર્ક | ૨ | ૦ | ૨ |
| ૧૬ | સિનિયર ક્લાર્ક | ૨ | ૧ | ૧ |
| ૧૭ | આંકડા મદદનીશ | ૧ | ૧ | ૦ |
| ૧૮ | આસિસ્ટંટ મેટ્રન વર્ગ - ૩ | ૧ | ૧ | ૦ |
| ૧૯ | આસિસ્ટંટ મેટ્રન વર્ગ - ૩ | ૧ | ૦ | ૧ |
| ૨૦ | હેડનર્સ | ૪ | ૪ | ૦ |
| ૨૧ | સ્ટાફનર્સ | ૧૯ | ૧૯ | ૦ |
| ૨૨ | સિનિયર ફાર્માસીસ્ટ | ૧ | ૦ | ૧ |
| ૨૩ | જુનિયર ફાર્માસીસ્ટ | ૨ | ૨ | ૦ |
| ૨૪ | ફીઝીયોથેરાપીસ્ટ | ૧ | ૧ | ૦ |
| ૨૫ | એક્ષ - રે - ટેકનીશીયન | ૧ | ૧ | ૦ |
| ૨૬ | એક્ષ - રે - આસી | ૧ | ૧ | ૦ |
| ૨૭ | લેબોરેટરી ટેકનીશીયન | ૧ | ૧ | ૦ |
| ૨૮ | લેબોરેટરી આસિસ્ટંટ | ૧ | ૧ | ૦ |
| ૨૯ | ઈ.સી.જી. ટેકનીશીયન | ૧ | ૦ | ૧ |
| ૩૦ | કોમ્પ્યુટર ઓપરેટર | ૨ | ૨ | ૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૧ | ઈલેક્ટ્રીશીયન | ૧ | ૧ | ૦ |
| | **કુલ** | **૪૨** | **૩૬** | **૬** |
| | **વર્ગ-૪** | **૪૧** | **૪૧** | **૦** |

- - - - - - - - -

**બોટાદ જિલ્લામાં પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના**

૪૨૪૨૨ **શ્રી આત્મારામ પરમાર** (ગઢડા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં બોટાદ જિલ્લામાં પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મળી, | (૧) ૭૧,૮૬૧ |
| (૨) ઉક્ત સ્થિતિએ મળેલી અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૭૧,૮૬૧ |
| (૩) કુલ કેટલી શિષ્યવૃત્તિ સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૮,૧૦,૭૩,૯૫૦/- |

- - - - - - - - -

**કોસ્ટલ ગુજરાત પાવર લિ. સાથે વીજ ખરીદ એગ્રીમેન્ટ**

૪૩૧૨૪ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કોસ્ટલ ગુજરાત પાવર લિ. (ટાટા પાવર) સાથે તા.૨૨-૦૪-૨૦૦૭ના રોજ ૨૫ વર્ષ માટે વીજ ખરીદ એગ્રીમેન્ટ થયેલ છે તે હકીકત સાચી છે,<br>(૨) જો હા, તો ઉક્ત એગ્રીમેન્ટ અન્વયે ક્યા દરે વીજ કંપની પાસેથી વીજ ખરીદવાની થાય છે, | (૧) અને (૨) હા, જી.<br>ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિ. દ્વારા કોસ્ટલ ગુજરાત પાવર લિ. (ટાટા પાવર) સાથે રૂ.૨.૨૬/યુનિટના લેવલાઈઝ્ડ દરે ૨૫ વર્ષ માટે વીજ ખરીદ કરાર કરવામાં આવેલ છે. |
| (૩) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર ઉક્ત વીજ કંપની પાસેથી કેટલા યુનિટ વીજળી કયા ભાવે ખરીદવામાં આવી,<br>(૪) તે અન્વયે ઉક્ત માસવાર યુનિટ દીઠ કયા દરે કેટલી રકમ વીજ કંપનીને ચૂકવવામાં આવી, અને | (૩) અને (૪) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત કંપની પાસેથી માસવાર ખરીદવામાં આવેલ વીજળી તેના સરેરાશ પ્રતિ યુનિટ દર અને તે પૈકી ચૂકવવામાં આવેલ રકમની વિગત પત્રક મુજબ છે. |
| (૫) ફીક્સ કોસ્ટ પેટે ઉક્ત વર્ષવાર કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૫) કોસ્ટલ ગુજરાત પાવર લિ. ને ફિક્સ કોસ્ટ પેટે વર્ષ-૨૦૨૦માં રૂ.૧૧૪૬ કરોડ અને વર્ષ-૨૦૨૧માં રૂ.૭૦૨ કરોડ ચૂકવવામાં આવેલ છે. જેનો ઉપરોક્ત દર અને રકમમાં સમાવેશ થઈ જાય છે. |

**પત્રક**

| **માસ** | **૨૦૨૦** | | | **૨૦૨૧ (પ્રોવી.)** | | |
|---|---|---|---|---|---|---|
| | **મિલિયન યુનિટ્સ** | **સરેરાશ દર (રૂ/યુનિટ)** | **રકમ (રૂ-કરોડ)** | **મિલિયન યુનિટ્સ** | **સરેરાશ દર (રૂ/યુનિટ)** | **રકમ (રૂ-કરોડ)** |
| જાન્યુઆરી | ૧૧૨૦ | ૨.૭૧ | ૩૦૪ | ૯૮૨ | ૨.૭૯ | ૨૭૪ |
| ફેબ્રુઆરી | ૧૦૭૨ | ૨.૭૪ | ૨૯૪ | ૧૧૩૪ | ૨.૮૪ | ૩૨૨ |
| માર્ચ | ૭૫૬ | ૩.૧૬ | ૨૩૯ | ૮૩૮ | ૨.૯૧ | ૨૪૪ |
| એપ્રિલ | ૮૩૫ | ૨.૮૮ | ૨૪૧ | ૨૫૯ | ૨.૮૭ | ૭૪ |
| મે | ૯૯૮ | ૨.૯૪ | ૨૯૩ | ૨૨૨ | ૨.૭૮ | ૬૨ |
| જૂન | ૧૦૯૮ | ૨.૮૮ | ૩૧૬ | ૨૮૦ | ૨.૭૫ | ૭૭ |
| જુલાઇ | ૧૨૧૫ | ૨.૮૨ | ૩૪૩ | ૬૨૯ | ૨.૮૨ | ૧૭૭ |
| ઓગસ્ટ | ૮૨૫ | ૩.૧૨ | ૨૫૭ | ૨૭૦ | ૨.૮૧ | ૭૬ |
| સપ્ટેમ્બર | ૧૧૮૭ | ૨.૭૧ | ૩૨૨ | ૧૧૪ | ૨.૮૬ | ૩૩ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ઓક્ટોબર | ૧૦૦૪ | ૨.૭૯ | ૨૮૦ | ૫૬૨ | ૫.૪૭ | ૩૦૭ |
| નવેમ્બર | ૮૪૬ | ૨.૯૮ | ૨૫૨ | ૮૯૮ | ૫.૫૮ | ૫૦૧ |
| ડિસેમ્બર | ૯૭૪ | ૨.૭૯ | ૨૭૨ | ૧૧૨૭ | ૫.૩૬ | ૬૦૪ |

- - - - - - - - -

**સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા સામુહિક આરોગ્ય કેન્દ્રને સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ તરીકે અપગ્રેડ કરવાની દરખાસ્ત**

૪૩૧૪૩ **શ્રી ૠત્વિકભાઈ મકવાણા** (ચોટીલા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા સામુહિક આરોગ્ય કેન્દ્રને સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ તરીકે અપગ્રેડ કરવાની દરખાસ્ત ક્યારે કરવામાં આવેલ છે, | (૧) કોઈ દરખાસ્ત નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત દરખાસ્ત ક્યા તબક્કે છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત દરખાસ્તને ક્યાં સુધીમાં મંજૂરી આપી સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ તરીકે અપગ્રેડ કરવાનું આયોજન છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**પાટણ અને મહેસાણા જિલ્લામાં નિમણૂક આપેલ ડોક્ટરો ફરજ પર હાજર ન થવા બાબત**

૪૩૧૦૩ **શ્રી રઘુભાઈ દેસાઈ** (રાધનપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં પાટણ અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર રાજ્યની સરકારી કોલેજોમાંથી એમબીબીએસ પાસ કરેલ ડોક્ટરોની નિમણૂક આપેલ હોય તેવા કેટલા ડોક્ટરો ફરજ પર હાજર થયેલ નથી, | (૧) પત્રક-૧ સામેલ છે. |
| (૨) ઉક્ત જિલ્લાવાર હાજર ન થયા હોય તેવા કેટલા ડોક્ટરો પાસેથી બોન્ડની કેટલી રકમ વસૂલવાની બાકી છે, | (૨) અને (૩) પત્રક-૨ સામેલ છે. |
| (૩) ઉક્ત બાકી રકમ પૈકી કેટલી રકમ એક વર્ષ અને બે વર્ષ કરતાં વધુ સમયથી વસૂલવાની બાકી છે, અને | |
| (૪) ઉક્ત સ્થિતિએ બોન્ડની બાકી રકમ વસૂલવા સરકારે શાં પગલાં લીધા ? | (૪) મામલતદાર (વસૂલાત) દ્વારા વસૂલાતની ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. |

**પત્રક-૧**

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **વર્ષ-૨૦૨૦** | | | **વર્ષ-૨૦૨૧** | | |
|---|---|---|---|---|---|---|---|
| | | **નિમણૂક આપેલ ડોક્ટર** | **ફરજ પર હાજર થયેલ ડોક્ટર** | **ફરજ પર હાજર ન થયેલ ડોક્ટર** | **નિમણૂક આપેલ ડોક્ટર** | **ફરજ પર હાજર થયેલ ડોક્ટર** | **ફરજ પર હાજર ન થયેલ ડોક્ટર** |
| ૧ | પાટણ | ૧૦ | ૩ | ૭ | ૧૨ | ૫ | ૭ |
| ૨ | મહેસાણા | ૨ | ૧ | ૧ | ૧૧ | ૩ | ૮ |
| | **કુલ** | **૧૨** | **૪** | **૮** | **૨૩** | **૮** | **૧૫** |

**પત્રક-૨**

| **ક્રમ** | **પ્રશ્ન** | **વર્ષ-૨૦૨૦** | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | **અ.નં.** | **જિલ્લાનું નામ** | **હાજર ન થયેલ તબીબોની સંખ્યા** | **તે પૈકી વસૂલાત કરેલ ઉમેદવારોની સંખ્યા** | **વસૂલ કરેલ રકમ (રૂ.)** | **બાકી કેસોની સંખ્યા** | **વસૂલવાની બાકી રકમ (રૂ.)** |
| ૧ | ઉક્ત જિલ્લાવાર હાજર ન થયા હોય તેવા કેટલા ડૉક્ટરો પાસેથી બોન્ડની કેટલી રકમ વસૂલવાની બાકી છે. | ૧ | પાટણ | ૭ | ૩ | ૧૫,૦૦,૦૦૦/- | ૪ | ૨૦,૦૦,૦૦૦/- |
| | | ૨ | મહેસાણા | ૧ | ૦ | ૦ | ૧ | ૫,૦૦,૦૦૦/- |
| | | **વર્ષ-૨૦૨૧** | | | | | | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧ | પાટણ | ૭ | ૪ | ૨૦,૦૦,૦૦૦- | ૩ | ૧૫,૦૦,૦૦૦/- |
| | | ૨ | મહેસાણા | ૮ | ૫ | ૨૫,૦૦,૦૦૦/- | ૩ | ૧૫,૦૦,૦૦૦/- |

| ક્રમ | પ્રશ્ન | વર્ષ-૨૦૨૦ | | | |
|---|---|---|---|---|---|
| | | **અ.નં.** | **જિલ્લાનું નામ** | **૧ વર્ષથી વધુ સમયથી વસૂલવાની બાકી રકમ (રૂ.)** | **૨ વર્ષથી વધુ સમયથી વસૂલવાની બાકી રકમ (રૂ.)** |
| ૨ | ઉક્ત બાકી રકમ પૈકી કેટલી રકમ એક વર્ષ અને બે વર્ષ કરતાં વધુ સમયથી વસૂલવાની બાકી છે. | ૧ | પાટણ | ૨૦,૦૦,૦૦૦/- | ૦ |
| | | ૨ | મહેસાણા | ૫,૦૦,૦૦૦/- | ૦ |
| | | **વર્ષ-૨૦૨૧** | | | |
| | | **અ.નં.** | **જિલ્લાનું નામ** | **૧ વર્ષથી વધુ સમયથી વસૂલવાની બાકી રકમ (રૂ.)** | **૨ વર્ષથી વધુ સમયથી વસૂલવાની બાકી રકમ (રૂ.)** |
| | | ૧ | પાટણ | ૦ | ૦ |
| | | ૨ | મહેસાણા | ૦ | ૦ |

\- - - - - - - - -

## છોટાઉદેપુર જિલ્લામાં હેરણ નદી ઉપર રાજવાસણા ગામે આડબંધ

૪૩૨૧૫ **શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા** (ગરબાડા) :ચૌદમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં તા.૦૩-૦૭-૨૦૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૧૫૫૬૧ (અગ્રતા-૧૫૨)ના અનુસંધાને **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લાના હેરણ નદી ઉપર રાજવાસણા ગામે આડબંધની નહેરોના આધુનિકીકરણ માટેના અંદાજપત્રને સરકાર દ્વારા રૂ.૧૧૪૦ લાખની વહીવટી મંજૂરી આપવામાં આવેલ તે નકશા અંદાજ તૈયાર કરવાની કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવી, | (૧) નવેમ્બર-૨૦૨૦ |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી કયા તબક્કે છે, અને | (૨) નહેર સુધારણાની ઉક્ત કામગીરી પ્રગતિ હેઠળ છે. |
| (૩) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૩) માહે મે/જૂન - ૨૦૨૩ |

\- - - - - - - - -

## સાવરકુંડલા અને લીલીયા તાલુકામાં સ્વરોજગારલક્ષી અને વાહન લોન માટેની અરજીઓ

૪૨૧૯૩ **શ્રી પ્રતાપ દુધાત** (સાવરકુંડલા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અમરેલી જિલ્લાના સાવરકુંડલા અને લીલીયા તાલુકામાં બિન અનામત વર્ગની સ્વરોજગારલક્ષી નાના પાયાના વ્યવસાય અને વાહન લોન યોજના અંતર્ગત લોન મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) ૨૨ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, કેટલા લાભાર્થીઓને કેટલી રકમની લોન આપવામાં આવી, | (૨) ૧. ૯ અરજીઓ મંજૂર કરી છે.<br>૨. ૯ લાભાર્થીઓને રૂ.૩૦.૦૦ લાખની લોન આપવામાં આવી છે. |
| (૩) કેટલી અરજીઓ કયા કારણોસર નામંજૂર કરી, અને | (૩) ૨ અરજીઓ નીચેના કારણોસર નામંજૂર કરેલ છેઃ<br>૧. જિલ્લા સમિતિના ઈન્ટરવ્યુમાં ગેરહાજર રહેવાથી<br>૨. ધિરાણ મંજૂરી અર્થેના પુરાવા રજૂ ન કરવાથી |
| (૪) કેટલી અરજીઓ પડતર છે અને તેનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ? | (૪) ૧૧ અરજીઓ પડતર છે, જેનો સત્વરે નિકાલ કરવામાં આવશે. |

ફાલ્ગુન ૨૪, ૧૯૪૩ શાકે
અતારાંકિત પ્રશ્નો

- - - - - - - - -

**કોસ્ટલ ગુજરાત પાવર લિ. સાથે વીજ ખરીદ એગ્રીમેન્ટ**

૪૩૧૩૧ **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કોસ્ટલ ગુજરાત પાવર લિ. (ટાટા પાવર) સાથે તા.૨૨-૦૪-૨૦૦૭ના રોજ ૨૫ વર્ષ માટે વીજ ખરીદ એગ્રીમેન્ટ થયેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત એગ્રીમેન્ટ અન્વયે વીજ કંપની પાસેથી કયા દરે વીજ ખરીદવાની થાય છે,

(૩) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર ઉક્ત વીજ કંપની પાસેથી કેટલા યુનિટ વીજળી કયા દરે ખરીદવામાં આવી,

**જવાબ**

(૧) અને (૨) હા, જી.

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિ. દ્વારા કોસ્ટલ ગુજરાત પાવર લિ. (ટાટા પાવર) સાથે રૂ. ૨.૨૬/યુનિટના લેવલાઈઝ્ડ દરે ૨૫ વર્ષ માટે વીજ ખરીદ કરાર કરવામાં આવેલ છે.

(૩) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત કંપની પાસેથી માસવાર ખરીદવામાં આવેલ વીજળી અને તેના સરેરાશ પ્રતિ યુનિટ દરની વિગત નીચે મુજબ છે.

| **માસ** | **૨૦૨૦** | | **૨૦૨૧ (પ્રોવી)** | |
|---|---|---|---|---|
| | **મિલિયન યુનિટ્સ** | **સરેરાશ દર (રૂ/યુનિટ)** | **મિલિયન યુનિટ્સ** | **સરેરાશ દર (રૂ/યુનિટ)** |
| જાન્યુઆરી | ૧૧૨૦ | ૨.૭૧ | ૯૮૨ | ૨.૭૯ |
| ફેબ્રુઆરી | ૧૦૭૨ | ૨.૭૪ | ૧૧૩૪ | ૨.૫૨ |
| માર્ચ | ૭૫૬ | ૩.૧૬ | ૮૩૮ | ૩.૩૦ |
| એપ્રિલ | ૮૩૫ | ૨.૮૮ | ૨૫૯ | ૩.૦૨ |
| મે | ૯૯૮ | ૨.૯૪ | ૨૨૨ | ૨.૭૮ |
| જૂન | ૧૦૯૮ | ૨.૮૮ | ૨૮૦ | ૨.૭૫ |
| જુલાઇ | ૧૨૧૫ | ૨.૮૨ | ૬૨૯ | ૨.૮૨ |
| ઓગસ્ટ | ૮૨૫ | ૩.૧૨ | ૨૭૦ | ૨.૮૧ |
| સપ્ટેમ્બર | ૧૧૮૭ | ૨.૭૧ | ૧૧૪ | ૨.૮૬ |
| ઓક્ટોબર | ૧૦૦૪ | ૨.૭૯ | ૫૬૨ | ૫.૪૭ |
| નવેમ્બર | ૮૪૬ | ૨.૯૮ | ૮૯૮ | ૫.૫૮ |
| ડિસેમ્બર | ૯૭૪ | ૨.૭૯ | ૧૧૨૭ | ૫.૩૬ |

(૪) ઉક્ત માસવાર ઉક્ત એગ્રીમેન્ટ કરતાં વધુ દરે વીજળી ખરીદવામાં આવી હોય તો કયા દરે કેટલી વીજળી ખરીદવામાં આવી, અને

(૪) ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિ. દ્વારા એગ્રીમેન્ટ કરતાં વધુ દરે માસવાર ખરીદવામાં આવેલ વીજળી અને તેના સરેરાશ પ્રતિ યુનિટ દરની વિગત નીચે મુજબ છે.

| **માસ** | **મિલિયન યુનિટ્સ** | **સરેરાશ દર (રૂ/યુનિટ)** |
|---|---|---|
| ઓક્ટોબર'૨૧ | ૫૬૨ | ૫.૪૭ |
| નવેમ્બર'૨૧ | ૮૯૮ | ૫.૫૮ |
| ડિસેમ્બર'૨૧ | ૧૧૨૭ | ૫.૩૬ |

(૫) એગ્રીમેન્ટ કરતાં વધુ દરે ઉક્ત વીજ કંપની પાસેથી વીજ ખરીદી કરવાના કારણો શાં છે?

(૫) સપ્ટેમ્બર-૨૦૨૧ અને ઓક્ટોબર-૨૦૨૧ના સમયગાળા દરમ્યાન વૈશ્વિક કક્ષાએ આયાતી કોલસાના ભાવમાં અતિશય વધારો થવાથી અને કોલસાની અછતના કારણોસર આયાતી કોલસા આધારિત વીજ પ્રોજેક્ટ ડેવલોપરો દ્વારા કરાર મુજબના વીજદર પોસાતા ન હોવાનું જણાવવામાં આવેલ અને વીજ પુરવઠો બંધ કરી દેવામાં આવેલ. વીજ કટોકટીની પરિસ્થિતિનું નિર્માણ ન થાય તથા ગ્રાહકોને સતત વીજ પુરવઠો મળતો રહે તે માટે કેન્દ્ર સરકારની મધ્યસ્થીથી આયાતી કોલસા આધારિત વીજ પ્રોજેક્ટમાંથી ટેમ્પરરી એરેન્જમેન્ટ હેઠળ

રૂ. ૪.૫૦/- યુનિટના ફિક્સ એનર્જી ચાર્જ તથા કરાર મુજબ કેપેસિટી ચાર્જના દરે વીજળી ખરીદવાનું નક્કી કરવામાં આવેલ.

- - - - - - - - -

**જૂનાગઢ જિલ્લાની ચોરવાડ વીજ કચેરીનું વિભાજન**

૪૩૧૬૭ **શ્રી બાબુભાઇ વાજા** (માંગરોળ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં જૂનાગઢ જિલ્લાની ચોરવાડ વીજ કચેરીનું વિભાજન કરી ખોરાસા(ગીર) ખાતે નવી વીજ કચેરી બનાવવા કેટલી રજૂઆતો મળી, | (૧) ૦૩ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે ક્યારે શી કાર્યવાહી કરી, અને<br>(૩) નવી વીજ કચેરી ક્યાં સુધીમાં કાર્યરત કરવામાં આવશે ? | (૨) અને (૩)<br>ઉક્ત રજૂઆતો અન્વયે હયાત પેટા વિભાગીય કચેરીઓનું પુનઃગઠન કરી નવી પેટા વિભાગીય કચેરી ઊભી કરવા અંગેના નિયત માપદંડો/ધારાધોરણો પરિપૂર્ણ થયેથી. |

- - - - - - - - -

**કચ્છ જિલ્લામાં બન્ની જૂથ પાણી પુરવઠા યોજના**

૪૨૪૧૨ **માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં બન્ની જૂથ પાણી પુરવઠા યોજના સુધારણા અંગે કોઇ આયોજન કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ આયોજનની અંદાજિત રકમ કેટલી છે, અને | (૨) રૂ.૭૭.૫૬ કરોડ ગ્રોસ. |
| (૩)આ યોજના ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૩) માહે ૧૧/૨૦૨૨ સુધીમાં. |

- - - - - - - - -

**બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં નિમણૂક આપેલ ડૉક્ટરો ફરજ પર હાજર ન થવા બાબત**

૪૩૦૮૫ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં જિલ્લાવાર રાજ્યની સરકારી કોલેજોમાંથી એમબીબીએસ પાસ કરેલ ડૉક્ટરોની નિમણૂક આપેલ હોય તેવા કેટલા ડૉક્ટરો ફરજ પર હાજર થયેલ નથી, | (૧) પત્રક-૧ સામેલ છે. |
| (૨) ઉક્ત જિલ્લાવાર હાજર ન થયા હોય તેવા કેટલા ડૉક્ટરો પાસેથી બોન્ડની કેટલી રકમ વસૂલવાની બાકી છે,<br>(૩) ઉક્ત બાકી રકમ પૈકી કેટલી રકમ એક વર્ષ અને બે વર્ષ કરતાં વધુ સમયથી વસૂલવાની બાકી છે, અને | (૨) અને (૩) પત્રક-૨ સામેલ છે. |
| (૪) ઉક્ત સ્થિતિએ બોન્ડની બાકી રકમ વસૂલવા સરકારે શાં પગલાં લીધા ? | (૪) મામલતદાર (વસૂલાત) દ્વારા વસૂલાતની ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. |

**પત્રક-૧**

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ-૨૦૨૦ | | | વર્ષ-૨૦૨૧ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | નિમણૂક આપેલ ડૉક્ટર | ફરજ પર હાજર થયેલ ડૉક્ટર | ફરજ પર હાજર ન થયેલ ડૉક્ટર | નિમણૂક આપેલ ડૉક્ટર | ફરજ પર હાજર થયેલ ડૉક્ટર | ફરજ પર હાજર ન થયેલ ડૉક્ટર |
| ૧ | બનાસકાંઠા | ૩૫ | ૪ | ૩૧ | ૪૬ | ૨૨ | ૨૪ |
| ૨ | કચ્છ | ૪૯ | ૦ | ૪૯ | ૭૪ | ૧૪ | ૬૦ |
| | **કુલ** | **૮૪** | **૪** | **૮૦** | **૧૨૦** | **૩૬** | **૮૪** |

**પત્રક-૨**

| ક્રમ | | વર્ષ-૨૦૨૦ | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | **અનુ. નં.** | **જિલ્લાનું નામ** | **હાજર ન થયેલ તબીબોની સંખ્યા** | **તે પૈકી વસૂલાત કરેલ ઉમેદવારોની સંખ્યા** | **વસૂલ કરેલ રકમ (રૂ.)** | **બાકી કેસોની સંખ્યા** | **વસૂલવાની બાકી રકમ (રૂ.)** |
| ૨ | ઉક્ત જિલ્લાવાર હાજર ન થયા હોય તેવા કેટલા ડૉક્ટરો પાસેથી બોન્ડની કેટલી રકમ વસૂલવાની બાકી છે, | ૧ | બનાસકાંઠા | ૩૧ | ૧૬ | ૮૦,૦૦,૦૦૦/- | ૧૫ | ૭૫,૦૦,૦૦૦/- |
| | | ૨ | કચ્છ | ૪૯ | ૨૨ | ૧૧,૦૦,૦૦૦/- | ૨૭ | ૧,૩૫,૦૦,૦૦૦/- |
| | | **વર્ષ-૨૦૨૧** | | | | | | |
| | | ૧ | બનાસકાંઠા | ૨૪ | ૧૨ | ૬૦,૦૦,૦૦૦/- | ૧૨ | ૬૦,૦૦,૦૦૦/- |
| | | ૨ | કચ્છ | ૬૦ | ૩૮ | ૧,૯૦,૦૦,૦૦૦/- | ૨૨ | ૧,૧૦,૦૦,૦૦૦/- |

| ક્રમ | | વર્ષ-૨૦૨૦ | | | |
|---|---|---|---|---|---|
| | | **અનુ. નં.** | **જિલ્લાનું નામ** | **૧ વર્ષથી વધુ સમયથી વસૂલવાની બાકી રકમ (રૂ.)** | **૨ વર્ષથી વધુ સમયથી વસૂલવાની બાકી રકમ (રૂ.)** |
| ૩ | ઉક્ત બાકી રકમ પૈકી કેટલી રકમ એક વર્ષ અને બે વર્ષ કરતાં વધુ સમયથી વસૂલવાની બાકી છે, | ૧ | બનાસકાંઠા | ૭૫,૦૦,૦૦૦/- | ૦ |
| | | ૨ | કચ્છ | ૧,૩૫,૦૦,૦૦૦/- | ૦ |
| | | **વર્ષ-૨૦૨૧** | | | |
| | | **અનુ. નં.** | **જિલ્લાનું નામ** | **૧ વર્ષથી વધુ સમયથી વસૂલવાની બાકી રકમ (રૂ.)** | **૨ વર્ષથી વધુ સમયથી વસૂલવાની બાકી રકમ (રૂ.)** |
| | | ૧ | બનાસકાંઠા | ૦ | ૦ |
| | | ૨ | કચ્છ | ૦ | ૦ |

---------

**આણંદ અને દાહોદ જિલ્લામાં નિમણૂક આપેલ ડૉક્ટરો ફરજ પર હાજર ન થવા બાબત**

૪૩૧૯૭ **શ્રી પુનમભાઇ પરમાર** (સોજીત્રા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં આણંદ અને દાહોદ જિલ્લામાં જિલ્લાવાર રાજ્યની સરકારી કોલેજોમાંથી એમબીબીએસ પાસ કરેલ ડૉક્ટરોની નિમણૂક આપેલ હોય તેવા કેટલા ડૉક્ટરો ફરજ પર હાજર થયેલ નથી, | (૧) પત્રક-૧ સામેલ છે. |
| (૨) ઉક્ત જિલ્લાવાર હાજર ન થયા હોય તેવા કેટલા ડૉક્ટરો પાસેથી બોન્ડની કેટલી રકમ વસૂલવાની બાકી છે,<br>(૩) ઉક્ત બાકી રકમ પૈકી કેટલી રકમ એક વર્ષ અને બે વર્ષ કરતાં વધુ સમયથી વસૂલવાની બાકી છે, અને | (૨) અને (૩) પત્રક-૨ સામેલ છે. |
| (૪) ઉક્ત સ્થિતિએ બોન્ડની બાકી રકમ વસૂલવા સરકારે શાં પગલાં લીધા ? | (૪) મામલતદાર (વસૂલાત) દ્વારા વસૂલાતની ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. |

**પત્રક-૧**

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ-૨૦૨૦ | | | વર્ષ-૨૦૨૧ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | **નિમણૂક આપેલ ડૉક્ટર** | **ફરજ પર હાજર થયેલ ડૉક્ટર** | **ફરજ પર હાજર ન થયેલ ડૉક્ટર** | **નિમણૂક આપેલ ડૉક્ટર** | **ફરજ પર હાજર થયેલ ડૉક્ટર** | **ફરજ પર હાજર ન થયેલ ડૉક્ટર** |
| ૧ | આણંદ | ૧૨ | ૦ | ૧૨ | ૧૯ | ૧૦ | ૯ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૨ | દાહોદ | ૨૫૬ | ૩૫ | ૨૨૧ | ૧૩૬ | ૩૪ | ૧૦૨ |
| | **કુલ** | **૨૬૮** | **૩૫** | **૨૩૩** | **૧૫૫** | **૪૪** | **૧૧૧** |

**પત્રક-૨**

| ક્રમ | | અનુ. નં. | જિલ્લાનું નામ | હાજર ન થયેલ તબીબોની સંખ્યા | તે પૈકી વસૂલાત કરેલ ઉમેદવારોની સંખ્યા | વસૂલ કરેલ રકમ (રૂ.) | બાકી કેસોની સંખ્યા | વસૂલવાની બાકી રકમ (રૂ.) |
|---|---|---|---|---|---|---|---|---|
| | | **વર્ષ-૨૦૨૦** | | | | | | |
| ૨ | ઉક્ત જિલ્લાવાર હાજર ન થયા હોય તેવા કેટલા ડૉક્ટરો પાસેથી બોન્ડની કેટલી રકમ વસૂલવાની બાકી છે, | ૧ | આણંદ | ૧૨ | ૦૪ | ૨૦,૦૦,૦૦૦/- | ૦૮ | ૪૦,૦૦,૦૦૦/- |
| | | ૨ | દાહોદ | ૨૨૧ | ૬૫ | ૩,૨૫,૦૦,૦૦૦/- | ૧૫૬ | ૭,૮૦,૦૦,૦૦૦/- |
| | | **વર્ષ-૨૦૨૧** | | | | | | |
| | | ૧ | આણંદ | ૦૯ | ૦૫ | ૨૫,૦૦,૦૦૦/- | ૦૪ | ૨૦,૦૦,૦૦૦/- |
| | | ૨ | દાહોદ | ૧૦૨ | ૫૯ | ૨,૯૫,૦૦,૦૦૦/- | ૪૩ | ૨,૧૫,૦૦,૦૦૦/- |

| ક્રમ | | અનુ. નં. | જિલ્લાનું નામ | ૧ વર્ષથી વધુ સમયથી વસૂલવાની બાકી રકમ (રૂ.) | ૨ વર્ષથી વધુ સમયથી વસૂલવાની બાકી રકમ (રૂ.) |
|---|---|---|---|---|---|
| | | **વર્ષ-૨૦૨૦** | | | |
| ૩ | ઉક્ત બાકી રકમ પૈકી કેટલી રકમ એક વર્ષ અને બે વર્ષ કરતાં વધુ સમયથી વસૂલવાની બાકી છે, | ૧ | આણંદ | ૪૦,૦૦,૦૦૦/- | ૦ |
| | | ૨ | દાહોદ | ૭,૮૦,૦૦,૦૦૦/- | ૦ |
| | | **વર્ષ-૨૦૨૧** | | | |
| | | ૧ | આણંદ | ૦ | ૦ |
| | | ૨ | દાહોદ | ૦ | ૦ |

---------

**કચ્છ જિલ્લામાં બાલાસર સબ ડિવિઝનને મંજૂર કરવા બાબત**

૪૩૦૮૨ **શ્રીમતી સંતોકબેન આરેઠીયા** (રાપર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કચ્છ જિલ્લાનું બાલાસર સબ ડિવિઝન ક્યારે મંજૂર કરવામાં આવેલ છે, | (૧) તા.૧૨-૦૧-૨૦૨૧ના રોજ મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત સબ ડિવિઝનની કામગીરી કયા તબક્કે છે, | (૨) તા.૦૪-૦૩-૨૦૨૨ થી કાર્યાન્વિત કરવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત કામગીરી પૂર્ણ ન થઇ હોય તો તેના કારણો શા છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ખેડા અને આણંદ જિલ્લામાં કેનાલો રિપેરિંગના કામો**

૪૨૪૮૩ **શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૦૧-૦૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને આણંદ જિલ્લામાં કેટલી કેનાલોના રિપેરિંગ કામો કરવામાં આવ્યા, | (૧) તા.૦૧-૦૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને આણંદ જિલ્લામાં નીચે મુજબના કેનાલોના રિપેરિંગ કામો કરવામાં આવ્યા. |

| અનુ. | વર્ષ | કેનાલો રિપેરિંગના કામોની સંખ્યા |
|---|---|---|

| | | ખેડા જિલ્લો | આણંદ જિલ્લો |
|---|---|---|---|
| ૧ | ૨૦૨૦ | ૨૩ | ૦૯ |
| ૨ | ૨૦૨૧ | ૬૬ | ૧૦ |
| | કુલ | **૮૯** | **૧૯** |

(૨) ઉક્ત કેનાલોના રિપેરિંગ પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) ઉક્ત કેનાલોના રિપેરિંગ પાછળ કુલ નીચે મુજબનો ખર્ચ કરવામાં આવ્યો.

| અનુ. | વર્ષ | કેનાલો રિપેરિંગના કામોનો ખર્ચ (રૂ.લાખમાં) | |
|---|---|---|---|
| | | ખેડા જિલ્લો | આણંદ જિલ્લો |
| ૧ | ૨૦૨૦ | ૨૯૭.૬૫ | ૩૭.૦૨ |
| ૨ | ૨૦૨૧ | ૧૦૬૩૮.૧૪ | ૯૮૦.૧૨ |

(૩) ઉક્ત કેનાલો તૂટવાના કારણે છેલ્લા બે વર્ષમાં ખેડૂતોને કેટલું નુકસાન થયું ?

(૩) ઉક્ત કેનાલો તૂટવાના કારણે છેલ્લા બે વર્ષમાં ખેડૂતોને કોઇ નુકસાન થયેલ નથી.

- - - - - - - - -

**રાજકોટ જિલ્લામાં ડો. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના**

૪૨૪૨૧ **શ્રી લાખાભાઈ સાગઠીયા** (રાજકોટ ગ્રામ્ય) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં ડો. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૬૫ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૬૫ |
| (૩) કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૬૫,૦૦,૦૦૦/- |

- - - - - - - - -

**અમરેલી અને જૂનાગઢ જિલ્લામાં F H W, A N M અને G N M કર્મચારીઓની આઉટસોર્સીંગથી ભરતી બાબત**

૪૩૧૭૯ **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમરેલી અને જૂનાગઢ જિલ્લામાં FHW, ANM અને GNM કર્મચારીઓની આઉટસોર્સીંગથી ભરતી કરવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ, જિલ્લાવાર ઉક્ત આઉટસોર્સીંગથી કર્મચારીઓને પૂરા પાડવાનું કામ કઈ એજન્સીને આપવામાં આવેલ છે, | (૨) મેસર્સ ડી. જી. નાકરાણી, ભાવનગર. |
| (૩) ઉક્ત કર્મચારીઓ પૂરા પાડવા બદલ એક કર્મચારી દીઠ એજન્સીને કેટલી રકમ ચૂકવવામાં આવે છે, અને | (૩) |

| અમરેલી અને જૂનાગઢ | |
|---|---|
| FHW | રૂ.૮૩૭/- |
| ANM | રૂ.૮૩૭/- |
| GNM | રૂ.૮૩૭/- |

(૪) એજન્સી દ્વારા કર્મચારીને કેટલું મહેનતાણું આપવામાં આવે છે ?

(૪)

| અમરેલી અને જૂનાગઢ |
|---|

| | |
|---|---|
| FHW | ૩.૧૬,૭૪૬/ - |
| ANM | ૩.૧૬,૭૪૬/ - |
| GNM | ૩.૧૬,૭૪૬/ - |

- - - - - - - - -

**સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં આવેલ ડેમોમાંથી સિંચાઈનું પાણી પુરુ પાડવા બાબત**

૪૩૧૧૮ **શ્રી જશુભાઈ પટેલ** (બાયડ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમાં સત્રમાં તા.૩૧-૦૩-૨૦૨૧ (બીજી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૯૭૧૯ (અગ્રતા-૮૨)ના અનુસંધાને **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં આવેલ હાથમતી, ઈન્દ્રાસી, મેશ્વો અને વણજ ડેમમાંથી સિંચાઈનું પાણી ભિલોડા, વિજયનગર અને મેઘરાજ તાલુકાને મળે એ માટે વાત્રક જળાશય આધારિત ઉદવહન સિંચાઈ યોજના થકી માલપુર, મેઘરજ અને મોડાસા તાલુકાના કુલ ૪૮ તળાવો ભરી અંદાજે ૧૨૫૭ હેકટર વિસ્તારને લાભ આપવાની યોજનાને સરકારની સૈધ્ધાંતિક મંજૂરી મળેલ હતી તે કામગીરી કયા તબક્કે છે, અને

(૨) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) વાત્રક જળાશય આધારિત ઉદવહન સિંચાઈ યોજનાની કામગીરી હાલ વિગતવાર તાંત્રિક મંજૂરી તબક્કે છે.

(૨) આ કામગીરી આગામી ૩ (ત્રણ) વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લામાં વેરા વસૂલવાના બાકી એકમો**

૪૩૦૯૪ **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના તાલુકાવાર સેલ્સટેક્સ, વેટ, જીએસટી કે અન્ય કોઈ વેરા વસૂલવાના બાકી હોય તેવા કેટલા ઔદ્યોગિક ગૃહો કે વ્યાપારી એકમો છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કયા એકમ પાસેથી સેલ્સટેક્સ, વેટ, જીએસટી કે અન્ય કોઈ વેરાની કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૩) ક્યાં સુધીમાં વસૂલવામાં આવશે ?

**જવાબ**

(૧)

| **તાલુકાનું નામ** | **ઔદ્યોગિક ગૃહો કે વ્યાપારી એકમોની સંખ્યા** |
|---|---|
| પાલનપુર | ૧૧૮ |
| વડગામ | ૧૮ |
| અમીરગઢ | ૪ |
| દાંતા | ૩૨ |
| ડીસા | ૩૧૩ |
| થરાદ | ૯૫ |
| વાવ | ૧૬ |
| દિયોદર | ૨૮ |
| કાંકરેજ | ૨૮ |
| ધાનેરા | ૧૦૩ |
| ભાભર | ૫૨ |
| દાંતીવાડા | ૧૩ |
| **કુલ** | **૮૨૦** |

(૨) સામેલ *પત્રક મુજબ.

(૩) બાકી રકમ વસૂલ કરવા માટે સંબંધિતો સામે કાયદા તથા નિયમોની જોગવાઈ મુજબ શો-કોઝ નોટિસ, સમન્સ/ નોટિસ, Adjudicationની પ્રક્રિયા, બેન્ક ટાંચ/મિલકત ટાંચ વિગેરે કાર્યવાહી

તબક્કાવાર હાથ ધરવામાં આવતી હોઈ વસૂલાત અંગે ચોક્કસ સમય સીમા બાંધી શકાય તેમ નથી.

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**ધાનેરા અને દાંતીવાડા તાલુકામાં ભૂગર્ભજળ ખારા થવા બાબત**

૪૩૦૯૧ **શ્રી નથાભાઈ પટેલ** (ધાનેરા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ધાનેરા અને દાંતીવાડા તાલુકામાં તાલુકાવાર કેટલા ગામમાં ભૂગર્ભજળ ખારા થયેલા છે, | (૧) બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તથા દાંતીવાડા તાલુકામાં કોઈ ગામમાં ભૂગર્ભજળ ખારા થયેલા જણાયેલ નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ગામોમાં સિંચાઈ માટે પાણીની શી વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવેલ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉકત સ્થિતિએ ભૂગર્ભજળમાં ખારાશ અટકાવવા સરકારે શાં પગલાં લીધા ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**રાજ્યના કર્મચારીઓને સાતમા પગારપંચ મુજબ કેન્દ્રના ધોરણે ભથ્થા ચૂકવવા બાબત**

૪૩૧૬૧ **શ્રી ભીખાભાઈ જોષી** (જૂનાગઢ) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્ય સરકારના કર્મચારીઓને સાતમા પગારપંચની જોગવાઈ મુજબ કયા પ્રકારના ભથ્થા ચૂકવવામાં આવે છે,<br>(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ભથ્થાઓ કેન્દ્રના ધોરણે ચૂકવવામાં આવે છે કે કેમ, | (૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્ય સરકારના કર્મચારીઓને સાતમા પગારપંચની જોગવાઈ મુજબ ભથ્થા ચૂકવવામાં આવતા નથી. |
| (૩) જો ના, તો તેના કારણો શાં છે,<br>(૪) રાજ્ય સરકારના કર્મચારીઓને કેન્દ્રના ધોરણે ઉક્ત ભથ્થા કયા સુધીમાં ચૂકવવાનું આયોજન છે ? | (૩) અને (૪) સાતમા પગારપંચ અન્વયે ભથ્થાઓની વિચારણા કરવા માટે નાણા વિભાગના ઠરાવોથી ''અધિકારીઓની સમિતિ'' અને ''મંત્રીમંડળની પેટા સમિતિ'' ની રચના કરવામાં આવેલ છે. આ સમિતિઓની ભલામણ બાદ રાજ્ય સરકાર દ્વારા તમામ પાસાઓનો વિચાર કરીને યોગ્ય તે નિર્ણય લેવાનો થશે. |

- - - - - - - - -

**સુરત અને વલસાડ જિલ્લામાં નિમણૂક આપેલ ડૉક્ટરો ફરજ પર હાજર ન થવા બાબત**

૪૩૨૨૭ **શ્રી આનંદભાઈ ચૌધરી** (માંડવી) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર રાજ્યની સરકારી કોલેજોમાંથી એમબીબીએસ પાસ કરેલ ડૉક્ટરોની નિમણૂક આપેલ હોય તેવા કેટલા ડૉક્ટરો ફરજ પર હાજર થયેલ નથી, | (૧) પત્રક-૧ સામેલ છે. |
| (૨) ઉક્ત જિલ્લાવાર હાજર ન થયા હોય તેવા કેટલા ડૉક્ટરો પાસેથી બોન્ડની કેટલી રકમ વસૂલવાની બાકી છે,<br>(૩) ઉક્ત બાકી રકમ પૈકી કેટલી રકમ એક વર્ષ અને બે વર્ષ કરતાં વધુ સમયથી વસૂલવાની બાકી છે, અને | (૨) અને (૩) પત્રક-૨ સામેલ છે. |
| (૪) ઉક્ત સ્થિતિએ બોન્ડની બાકી રકમ વસૂલવા સરકારે શા પગલાં લીધા ? | (૪) મામલતદાર (વસૂલાત) દ્વારા વસૂલાતની ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. |

તા. ૧૫મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

**પત્રક-૧**

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ-૨૦૨૦ | | | વર્ષ-૨૦૨૧ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | નિમણૂક આપેલ ડૉક્ટર | ફરજ પર હાજર થયેલ ડૉક્ટર | ફરજ પર હાજર ન થયેલ ડૉક્ટર | નિમણૂક આપેલ ડૉક્ટર | ફરજ પર હાજર થયેલ ડૉક્ટર | ફરજ પર હાજર ન થયેલ ડૉક્ટર |
| ૧ | સુરત | ૨૧ | ૫ | ૧૬ | ૧૬ | ૦ | ૧૬ |
| ૨ | વલસાડ | ૩૯ | ૧૫ | ૨૪ | ૨૧ | ૭ | ૧૪ |
| | **કુલ** | **૬૦** | **૨૦** | **૪૦** | **૩૭** | **૭** | **૩૦** |

**પત્રક-૨**

| ક્રમ | | વર્ષ-૨૦૨૦ | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ઉક્ત જિલ્લાવાર હાજર ન થયા હોય તેવા કેટલા ડૉક્ટરો પાસેથી બોન્ડની કેટલી રકમ વસૂલવાની બાકી છે, | અનુ. નં. | જિલ્લાનું નામ | હાજર ન થયેલ તબીબોની સંખ્યા | તે પૈકી વસૂલાત કરેલ ઉમેદવારોની સંખ્યા | વસૂલ કરેલ રકમ (રૂ.) | બાકી કેસોની સંખ્યા | વસૂલવાની બાકી રકમ (રૂ.) |
| | | ૧ | સુરત | ૧૬ | ૦૯ | ૪૫,૦૦,૦૦૦/- | ૦૭ | ૩૫,૦૦,૦૦૦/- |
| | | ૨ | વલસાડ | ૨૪ | ૧૨ | ૬૦,૦૦,૦૦૦/- | ૧૨ | ૬૦,૦૦,૦૦૦/- |
| | | વર્ષ-૨૦૨૧ | | | | | | |
| | | ૧ | સુરત | ૧૬ | ૦૭ | ૩૫,૦૦,૦૦૦/- | ૦૯ | ૪૫,૦૦,૦૦૦/- |
| | | ૨ | વલસાડ | ૧૪ | ૦૬ | ૩૦,૦૦,૦૦૦/- | ૦૮ | ૪૦,૦૦,૦૦૦/- |

| ક્રમ | | વર્ષ-૨૦૨૦ | | | |
|---|---|---|---|---|---|
| ૩ | ઉક્ત બાકી રકમ પૈકી કેટલી રકમ એક વર્ષ અને બે વર્ષ કરતાં વધુ સમયથી વસૂલવાની બાકી છે, | અનુ. નં. | જિલ્લાનું નામ | ૧ વર્ષથી વધુ સમયથી વસૂલવાની બાકી રકમ (રૂ.) | ૨ વર્ષથી વધુ સમયથી વસૂલવાની બાકી રકમ (રૂ.) |
| | | ૧ | સુરત | ૩૫,૦૦,૦૦૦/- | ૦ |
| | | ૨ | વલસાડ | ૬૦,૦૦,૦૦૦/- | ૦ |
| | | વર્ષ-૨૦૨૧ | | | |
| | | અનુ નં. | જિલ્લાનું નામ | ૧ વર્ષથી વધુ સમયથી વસૂલવાની બાકી રકમ (રૂ.) | ૨ વર્ષથી વધુ સમયથી વસૂલવાની બાકી રકમ (રૂ.) |
| | | ૧ | સુરત | ૦ | ૦ |
| | | ૨ | વલસાડ | ૦ | ૦ |

**વડોદરા જિલ્લામાં સરકારી હોસ્પિટલોમાં એમ.આર.આઈ. મશીન**

૪૩૨૧૮ **જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૨૪-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૬૯૯૫ (અગ્રતા-૨૨૫)ના અનુસંધાને **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં આવેલ સરકારી હોસ્પિટલોમાં તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ એમ.આર.આઇ. મશીનો ઉપલબ્ધ ન હતાં તે હકીકત સાચી છે,

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં પાંચ સરકારી હોસ્પિટલો આવેલી છે.

૧) એસ.એસ.જી. હોસ્પિટલ

૨) જમનાબાઈ હોસ્પિટલ

૩) ચેપી રોગની હોસ્પિટલ

૪) મેન્ટલ હોસ્પિટલ

૫)જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ સંલગ્ન ગોત્રી હોસ્પિટલ

જે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ એસ.એસ.જી. હોસ્પિટલ, વડોદરા ખાતે પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપના ધોરણે એમ.આર.આઈ. મશીન ઉપલબ્ધ છે, જ્યારે અન્ય હોસ્પિટલો ખાતે એમ.આર.આઈ. મશીનો ઉપલબ્ધ ન હતાં.

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત મશીનોના અભાવે કેટલા દર્દીઓને અન્ય હોસ્પિટલોમાં રીફર કરવામાં આવેલ છે, અને

(૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર ઉક્ત મશીનોના અભાવે અન્ય હોસ્પિટલોમાં રીફર કરવામાં આવેલ દર્દીઓની વિગત નીચે મુજબ છે.

| હોસ્પિટલનું નામ | વર્ષ-૨૦૨૦ | વર્ષ-૨૦૨૧ |
|---|---|---|
| એસ.એસ.જી. હોસ્પિ. વડોદરા | ૦ | ૦ |
| જમનાબાઈ હોસ્પિ. વડોદરા | ૧૩ | ૧૯ |
| ચેપીરોગની હોસ્પિ. વડોદરા | ૦ | ૦ |
| મેન્ટલ હોસ્પિ. વડોદરા | ૫ | ૫ |
| જી.એમ.ઈ.આર.એસ. સંલગ્ન ગોત્રી હોસ્પિટલ | ૩૦૨ | ૫૦૬ |

(૩) ઉક્ત જિલ્લા મથકે ઉક્ત મશીનો ક્યાં સુધીમાં ઉપલબ્ધ કરવામાં આવશે ?

(૩) જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ સંલગ્ન ગોત્રી હોસ્પિટલ માટે ગુજરાત મેડિકલ સર્વિસીસ કોર્પોરેશન લિમિટેડ, ગાંધીનગર દ્વારા એમ.આર.આઈ. મશીનની ખરીદી પ્રક્રિયા ચાલુ છે.
અન્ય હોસ્પિટલ ખાતે એમ.આર.આઈ. મશીન ખરીદીનું હાલ કોઈ આયોજન નથી.

- - - - - - - - -

**રાજકોટ અને પોરબંદર જિલ્લામાં નિમણૂક આપેલ ડૉક્ટરો ફરજ પર હાજર ન થવા બાબત**

૪૩૧૪૯ **શ્રી લલિત વસોયા** (ધોરાજી) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર રાજ્યની સરકારી કોલેજોમાંથી એમબીબીએસ પાસ કરેલ ડૉક્ટરોની નિમણૂક આપેલ હોય તેવા કેટલા ડૉક્ટરો ફરજ પર હાજર થયેલ નથી,

(૧) પત્રક-૧ સામેલ છે.

(૨) ઉક્ત જિલ્લાવાર હાજર ન થયા હોય તેવા કેટલા ડૉક્ટરો પાસેથી બોન્ડની કેટલી રકમ વસૂલવાની બાકી છે,

(૩) ઉક્ત બાકી રકમ પૈકી કેટલી રકમ એક વર્ષ અને બે વર્ષ કરતાં વધુ સમયથી વસૂલવાની બાકી છે, અને

(૨) અને (૩) પત્રક-૨ સામેલ છે.

(૪) ઉક્ત સ્થિતિએ બોન્ડની બાકી રકમ વસૂલવા સરકારે શાં પગલાં લીધા ?

(૪) મામલતદાર (વસૂલાત) દ્વારા વસૂલાતની ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

**પત્રક-૧**

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ-૨૦૨૦ | | | વર્ષ-૨૦૨૧ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | નિમણૂક આપેલ ડૉક્ટર | ફરજ પર હાજર થયેલ ડૉક્ટર | ફરજ પર હાજર ન થયેલ ડૉક્ટર | નિમણૂક આપેલ ડૉક્ટર | ફરજ પર હાજર થયેલ ડૉક્ટર | ફરજ પર હાજર ન થયેલ ડૉક્ટર |
| ૧ | રાજકોટ | ૧૦ | ૦ | ૧૦ | ૨૩ | ૫ | ૧૮ |
| ૨ | પોરબંદર | ૪ | ૧ | ૩ | ૮ | ૩ | ૫ |
| | **કુલ** | **૧૪** | **૧** | **૧૩** | **૩૧** | **૮** | **૨૩** |

તા. ૧૫મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

**પત્રક-૨**

| ક્રમ | | વર્ષ-૨૦૨૦ | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | **અ.નં.** | **જિલ્લાનું નામ** | **હાજર ન થયેલ તબીબોની સંખ્યા** | **તે પૈકી વસૂલાત કરેલ ઉમેદવારોની સંખ્યા** | **વસૂલ કરેલ રકમ (રૂ.)** | **બાકી કેસોની સંખ્યા** | **વસૂલવાની બાકી રકમ (રૂ.)** |
| ૨ | ઉક્ત જિલ્લાવાર હાજર ન થયા હોય તેવા કેટલા ડૉક્ટરો પાસેથી બોન્ડની કેટલી રકમ વસૂલવાની બાકી છે, | ૧ | રાજકોટ | ૧૦ | ૦૩ | ૧૫,૦૦,૦૦૦/- | ૦૭ | ૩૫,૦૦,૦૦૦/- |
| | | ૨ | પોરબંદર | ૦૩ | ૦૧ | ૫,૦૦,૦૦૦/- | ૦૨ | ૧૦,૦૦,૦૦૦/- |
| | | **વર્ષ-૨૦૨૧** | | | | | | |
| | | ૧ | રાજકોટ | ૧૮ | ૧૦ | ૫૦,૦૦,૦૦૦/- | ૦૮ | ૪૦,૦૦,૦૦૦/- |
| | | ૨ | પોરબંદર | ૦૫ | ૦૨ | ૧૦,૦૦,૦૦૦/- | ૦૩ | ૧૫,૦૦,૦૦૦/- |

| ક્રમ | | વર્ષ-૨૦૨૦ | | | |
|---|---|---|---|---|---|
| ૩ | ઉક્ત બાકી રકમ પૈકી કેટલી રકમ એક વર્ષ અને બે વર્ષ કરતાં વધુ સમયથી વસૂલવાની બાકી છે. | **અ.નં.** | **જિલ્લાનું નામ** | **૧ વર્ષથી વધુ સમયથી વસૂલવાની બાકી રકમ (રૂ.)** | **૨ વર્ષથી વધુ સમયથી વસૂલવાની બાકી રકમ (રૂ.)** |
| | | ૧ | રાજકોટ | ૩૫,૦૦,૦૦૦/- | ૦ |
| | | ૨ | પોરબંદર | ૧૦,૦૦,૦૦૦/- | ૦ |
| | | **વર્ષ-૨૦૨૧** | | | |
| | | **અ.નં.** | **જિલ્લાનું નામ** | **૧ વર્ષથી વધુ સમયથી વસૂલવાની બાકી રકમ (રૂ.)** | **૨ વર્ષથી વધુ સમયથી વસૂલવાની બાકી રકમ (રૂ.)** |
| | | ૧ | રાજકોટ | ૦ | ૦ |
| | | ૨ | પોરબંદર | ૦ | ૦ |

- - - - - - - - -

**બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં નિમણૂક આપેલ ડૉક્ટરો ફરજ પર હાજર ન થવા બાબત**

૪૩૦૮૮ **શ્રી ગુલાબસિંહ રાજપૂત** (થરાદ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર રાજ્યની સરકારી કોલેજોમાંથી એમબીબીએસ પાસ કરેલ ડૉક્ટરોની નિમણૂક આપેલ હોય તેવા કેટલા ડૉક્ટરો ફરજ પર હાજર થયેલ નથી,

(૨) ઉક્ત જિલ્લાવાર હાજર ન થયા હોય તેવા કેટલા ડૉક્ટરો પાસેથી બોન્ડની કેટલી રકમ વસૂલવાની બાકી છે,

(૩) ઉક્ત બાકી રકમ પૈકી કેટલી રકમ એક વર્ષ અને બે વર્ષ કરતાં વધુ સમયથી વસૂલવાની બાકી છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ બોન્ડની બાકી રકમ વસૂલવા સરકારે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) પત્રક-૧ સામેલ છે.

(૨) અને (૩) પત્રક-૨ સામેલ છે.

(૪) મામલતદાર (વસૂલાત) દ્વારા વસૂલાતની ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

**પત્રક-૧**

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ-૨૦૨૦ | | | વર્ષ-૨૦૨૧ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | **નિમણૂક આપેલ ડૉક્ટર** | **ફરજ પર હાજર થયેલ ડૉક્ટર** | **ફરજ પર હાજર ન થયેલ ડૉક્ટર** | **નિમણૂક આપેલ ડૉક્ટર** | **ફરજ પર હાજર થયેલ ડૉક્ટર** | **ફરજ પર હાજર ન થયેલ ડૉક્ટર** |
| ૧ | બનાસકાંઠા | ૩૫ | ૪ | ૩૧ | ૪૬ | ૨૨ | ૨૪ |
| ૨ | સાબરકાંઠા | ૧૯ | ૧૦ | ૯ | ૪ | ૩ | ૧ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | કુલ | ૫૪ | ૧૪ | ૪૦ | ૫૦ | ૨૫ | ૨૫ |

**પત્રક-૨**

<table>
<tr><th rowspan="2">ક્રમ</th><th rowspan="2"></th><th colspan="7">વર્ષ-૨૦૨૦</th></tr>
<tr><th>અ.નં.</th><th>જિલ્લાનું નામ</th><th>હાજર ન થયેલ તબીબોની સંખ્યા</th><th>તે પૈકી વસૂલાત કરેલ ઉમેદવારોની સંખ્યા</th><th>વસૂલ કરેલ રકમ (રૂ.)</th><th>બાકી કેસોની સંખ્યા</th><th>વસૂલવાની બાકી રકમ (રૂ.)</th></tr>
<tr><td rowspan="5">૨</td><td rowspan="5">ઉક્ત જિલ્લાવાર હાજર ન થયા હોય તેવા કેટલા ડૉક્ટરો પાસેથી બોન્ડની કેટલી રકમ વસૂલવાની બાકી છે,</td><td>૧</td><td>બનાસકાંઠા</td><td>૩૧</td><td>૧૬</td><td>૮૦,૦૦,૦૦૦/-</td><td>૧૫</td><td>૭૫,૦૦,૦૦૦/-</td></tr>
<tr><td>૨</td><td>સાબરકાંઠા</td><td>૦૯</td><td>૦૪</td><td>૨૦,૦૦,૦૦૦/-</td><td>૦૫</td><td>૨૫,૦૦,૦૦૦/-</td></tr>
<tr><td colspan="7">વર્ષ-૨૦૨૧</td></tr>
<tr><td>૧</td><td>બનાસકાંઠા</td><td>૨૪</td><td>૧૨</td><td>૬૦,૦૦,૦૦૦/-</td><td>૧૨</td><td>૬૦,૦૦,૦૦૦/-</td></tr>
<tr><td>૨</td><td>સાબરકાંઠા</td><td>૦૧</td><td>૦</td><td>૦</td><td>૧</td><td>૫,૦૦,૦૦૦/-</td></tr>
<tr><td rowspan="10">૩</td><td rowspan="10">ઉક્ત બાકી રકમ પૈકી કેટલી રકમ એક વર્ષ અને બે વર્ષ કરતાં વધુ સમયથી વસૂલવાની બાકી છે.</td><td colspan="7">વર્ષ-૨૦૨૦</td></tr>
<tr><td>અ.નં.</td><td>જિલ્લાનું નામ</td><td colspan="3">૧ વર્ષથી વધુ સમયથી વસૂલવાની બાકી રકમ (રૂ.)</td><td colspan="2">૨ વર્ષથી વધુ સમયથી વસૂલવાની બાકી રકમ (રૂ.)</td></tr>
<tr><td>૧</td><td>બનાસકાંઠા</td><td colspan="3">૭૫,૦૦,૦૦૦/-</td><td colspan="2">૦</td></tr>
<tr><td>૨</td><td>સાબરકાંઠા</td><td colspan="3">૨૫,૦૦,૦૦૦/-</td><td colspan="2">૦</td></tr>
<tr><td colspan="7">વર્ષ-૨૦૨૧</td></tr>
<tr><td>અ.નં.</td><td>જિલ્લાનું નામ</td><td colspan="3">૧ વર્ષથી વધુ સમયથી વસૂલવાની બાકી રકમ (રૂ.)</td><td colspan="2">૨ વર્ષથી વધુ સમયથી વસૂલવાની બાકી રકમ (રૂ.)</td></tr>
<tr><td>૧</td><td>બનાસકાંઠા</td><td colspan="3">૦</td><td colspan="2">૦</td></tr>
<tr><td>૨</td><td>સાબરકાંઠા</td><td colspan="3">૦</td><td colspan="2">૦</td></tr>
</table>

---------

**ભાવનગર અને ગીર સોમનાથ જિલ્લામાં F H W, A N M અને G N M કર્મચારીઓની આઉટસોર્સીંગથી ભરતી બાબત**

૪૩૧૮૫ **શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ભાવનગર અને ગીર સોમનાથ જિલ્લામાં FHW, ANM અને GNM કર્મચારીઓની આઉટસોર્સીંગથી ભરતી કરવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ, જિલ્લાવાર ઉક્ત આઉટસોર્સીંગથી કર્મચારીઓને પૂરા પાડવાનું કામ કઈ એજન્સીને આપવામાં આવેલ છે, | (૨) મેસર્સ ડી. જી. નાકરાણી, ભાવનગર. |
| (૩) ઉક્ત કર્મચારીઓ પૂરા પાડવા બદલ એક કર્મચારી દીઠ એજન્સીને કેટલી રકમ ચૂકવવામાં આવે છે, અને | (૩) |
| (૪)એજન્સી દ્વારા કર્મચારીને કેટલું મહેનતાણું આપવામાં આવે છે ? | (૪) |

(૩)

| ભાવનગર અને ગીર સોમનાથ | |
|---|---|
| FHW | ૩.૮૩૭/- |
| ANM | ૩.૮૩૭/- |
| GNM | ૩.૮૩૭/- |

(૪)

| ભાવનગર અને ગીર સોમનાથ | |
|---|---|
| FHW | ૩.૧૬,૭૪૬/- |
| ANM | ૩.૧૬,૭૪૬/- |
| GNM | ૩.૧૬,૭૪૬/- |

તા. ૧૫મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

**મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં F H W, A N M અને G N M કર્મચારીઓની આઉટસોર્સીંગથી ભરતી બાબત**

૪૩૨૦૬ **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં FHW, ANM અને GNM કર્મચારીઓની આઉટસોર્સીંગથી ભરતી કરવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ, જિલ્લાવાર ઉક્ત આઉટસોર્સીંગથી કર્મચારીઓ પૂરા પાડવાનું કામ કઈ એજન્સીને આપવામાં આવેલ છે,

(૩) ઉક્ત કર્મચારીઓ પૂરા પાડવા બદલ એક કર્મચારી દીઠ એજન્સીને કેટલી રકમ ચૂકવવામાં આવે છે, અને

(૪) એજન્સી દ્વારા કર્મચારીને કેટલું મહેનતાણું આપવામાં આવે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) FHW, ANM માટે મેસર્સ એમ. જે. સોલંકી અને GNM માટે ડી. જી. નાકરાણી

(૩)

| **મહીસાગર અને પંચમહાલ** | | |
|---|---|---|
| સંવર્ગ | એમ. જે. સોલંકી | ડી. જી. નાકરાણી |
| FHW | રૂ.૭૬૬/- | લાગુ પડતું નથી |
| ANM | રૂ.૭૬૬/- | લાગુ પડતું નથી |
| GNM | લાગુ પડતું નથી | રૂ.૭૭૯/- |

(૪)

| **મહીસાગર અને પંચમહાલ** | | |
|---|---|---|
| સંવર્ગ | એમ. જે. સોલંકી | ડી. જી. નાકરાણી |
| FHW | રૂ.૧૫,૩૧૬/- | લાગુ પડતું નથી |
| ANM | રૂ.૧૫,૩૧૬/- | લાગુ પડતું નથી |
| GNM | લાગુ પડતું નથી | રૂ.૧૫,૫૮૨/- |

- - - - - - - - -

**બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં F H W, A N M અને G N M કર્મચારીઓની આઉટસોર્સીંગથી ભરતી બાબત**

૪૩૧૦૦ **શ્રી શિવાભાઇ ભુરીયા** (દિયોદર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં F H W, A N M અને G N M કર્મચારીઓની આઉટસોર્સીંગથી ભરતી કરવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ, જિલ્લાવાર ઉક્ત આઉટસોર્સીંગથી કર્મચારીઓને પૂરા પાડવાનું કામ કઈ એજન્સીને આપવામાં આવેલ છે,

(૩) ઉક્ત કર્મચારીઓ પૂરા પાડવા બદલ એક કર્મચારી દીઠ એજન્સીને કેટલી રકમ ચૂકવવામાં આવે છે, અને

(૪) એજન્સી દ્વારા કર્મચારીને કેટલું મહેનતાણું આપવામાં આવે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) મેસર્સ રાજદીપ એન્ટરપ્રાઇઝ, ગાંધીનગર

(૩)

| **બનાસકાંઠા** | **સાબરકાંઠા** |
|---|---|
| F H W- રૂ. ૮૩૭/- | F H W- રૂ. ૮૩૭/- |
| A N M - રૂ. ૮૩૭/- | A N M - રૂ. ૮૩૭/- |
| G N M - રૂ. ૮૩૭/- | G N M - રૂ. ૮૩૭/- |

(૪)

| **બનાસકાંઠા** | **સાબરકાંઠા** |
|---|---|
| F H W- રૂ.૧૬,૭૩૯/- | F H W- રૂ.૧૬,૭૩૯/- |
| A N M - રૂ.૧૬,૭૩૯/- | A N M - રૂ.૧૬,૭૩૯/- |
| G N M - રૂ.૧૬,૭૩૯/- | G N M - રૂ.૧૬,૭૩૯/- |

- - - - - - - - -

અતારાંકિત પ્રશ્નો

**મહેસાણા જિલ્લામાં કોરોના રસીના ડોઝ**

૪૨૪૨૭ **શ્રી રમણભાઇ પટેલ** (વિજાપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોરોનાની મહામારી સામે લડવા મહેસાણા જિલ્લામાં કુલ કેટલા લોકોને કોરોના રસીના પ્રથમ, દ્વિતીય તથા બુસ્ટર ડોઝ આપવામાં આવ્યા, અને

**જવાબ**

(૧)

| | **પ્રથમ ડોઝ** | **બીજો ડોઝ** | **બુસ્ટર ડોઝ** |
|---|---|---|---|
| મહેસાણા જિલ્લો | ૧૪,૪૮,૫૮૩ | ૧૩,૧૬,૦૭૮ | ૦ |
| **કુલ** | **૨૭,૬૪,૬૬૧** | | |

ભારત સરકારની સૂચના મુજબ પ્રિકોશન ડોઝ તા.૧૦-૦૧-૨૦૨૨થી આપવાનું શરૂ કરેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી તાલુકાવાર કેટલા લોકોને પ્રથમ, દ્વિતીય અને બુસ્ટર ડોઝ આપવામાં આવ્યા ?

(૨)

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **કોરોના રસીનો પ્રથમ ડોઝ** | **કોરોના રસીનો બીજો ડોઝ** | **કુલ રસીકરણ** |
|---|---|---|---|---|
| ૧ | બેચરાજી | ૭૭૯૪૦ | ૫૯૨૨૪ | ૧૩૭૧૬૪ |
| ૨ | જોટાણા | ૫૦૫૭૪ | ૩૬૧૧૭ | ૮૬૬૯૧ |
| ૩ | કડી | ૨૩૬૩૨૨ | ૨૧૨૨૩૩ | ૪૪૮૫૫૫ |
| ૪ | ખેરાલુ | ૮૮૯૯૨ | ૮૨૬૮૨ | ૧૭૧૬૭૪ |
| ૫ | મહેસાણા | ૩૪૬૮૩૧ | ૩૨૯૪૯૭ | ૬૭૬૩૨૮ |
| ૬ | સતલાસણા | ૬૫૯૬૪ | ૫૯૦૪૫ | ૧૨૫૦૦૯ |
| ૭ | ઉંઝા | ૧૧૨૯૮૫ | ૯૭૭૯૯ | ૨૧૦૭૮૪ |
| ૮ | વડનગર | ૧૦૨૫૭૭ | ૯૧૨૭૨ | ૧૯૩૮૪૯ |
| ૯ | વિજાપુર | ૧૮૪૭૩૫ | ૧૭૮૨૬૫ | ૩૬૩૦૦૦ |
| ૧૦ | વિસનગર | ૧૮૧૬૬૩ | ૧૬૯૯૪૪ | ૩૫૧૬૦૭ |

- - - - - - - - -

**જામનગરની જી.જી. હોસ્પિટલ અપગ્રેડ કરવા બાબત**

૪૩૧૫૮ **શ્રી વિક્રમભાઇ માડમ** (ખંભાળીયા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જામનગર ખાતે આવેલ જી.જી. હોસ્પિટલને આધુનિક સુવિધા ધરાવતી હોસ્પિટલ તરીકે અપગ્રેડ કરવા મેટરનીટી ચાઇલ્ડ બ્લોકની કામગીરી કયા તબક્કે છે,

(૨) ઉક્ત કામગીરી કેટલા ખર્ચે ક્યાં સુધીમાં પૂર્ણ થનાર છે, અને

(૩) ઉક્ત કામગીરી કઇ એજન્સીને ક્યારે આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જામનગર ખાતે જી.જી. હોસ્પિટલને આધુનિક સુવિધા ધરાવતી હોસ્પિટલ તરીકે અપગ્રેડ કરવા મેટરનીટી ચાઇલ્ડ બ્લોકની ડિઝાઇન, પ્લાનિંગ, અંદાજો તૈયાર કરવા માટેની કામગીરી કન્સલ્ટન્ટશ્રીને સોંપવામાં આવેલ. જે હાલ એસ્ટીમેટ લેવલે છે.

(૨) ઉપરોક્ત કામગીરી એસ્ટીમેટ લેવલે હોઇ જેની ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તેના ખર્ચ અંગેનો અંદાજ આપી શકાય.

(૩) ઉપરોક્ત કામગીરીની ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ એજન્સી નક્કી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

તા. ૧૫મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

**આણંદ અને વડોદરા જિલ્લામાં FHW, ANM અને GNMની આઉટસોર્સીંગથી ભરતી બાબત**

૪૩૧૯૧ **શ્રી કાંતિભાઇ સોઢાપરમાર** (આણંદ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ આણંદ અને વડોદરા જિલ્લામાં FHW, ANM અને GNM કર્મચારીઓની આઉટસોર્સીંગથી ભરતી કરવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ, જિલ્લાવાર ઉક્ત આઉટસોર્સીંગથી કર્મચારી પૂરા પાડવાનું કામ કઈ એજન્સીને આપવામાં આવેલ છે, | (૨) આણંદ જિલ્લા ખાતે ડી. બી. એન્ટરપ્રાઇઝ, મહેસાણા વડોદરા જિલ્લા ખાતે મેસર્સ એમ.જે. સોલંકી અને મેસર્સ ડી. જી. નાકરાણી. |
| (૩) ઉક્ત કર્મચારીઓ પૂરા પાડવા બદલ એક કર્મચારી દીઠ એજન્સીને કેટલી રકમ ચૂકવવામાં આવે છે, અને | (૩) |

| આણંદ | |
|---|---|
| FHW | રૂ. ૯૮૭/- |
| ANM | રૂ. ૯૮૭/- |
| GNM | રૂ. ૯૮૭/- |
| **વડોદરા (એમ. જે. સોલંકી)** | |
| FHW | રૂ. ૭૬૬/- |
| ANM | રૂ. ૭૬૬/- |
| GNM | લાગુ પડતું નથી |
| **વડોદરા (ડી. જી. નાકરાણી)** | |
| FHW | લાગુ પડતું નથી |
| ANM | લાગુ પડતું નથી |
| GNM | રૂ. ૭૭૯/- |

(૪) એજન્સી દ્વારા કર્મચારીને કેટલું મહેનતાણું આપવામાં આવે છે ?

(૪)

| આણંદ | |
|---|---|
| FHW | રૂ. ૧૮,૪૬૮/- |
| ANM | રૂ. ૧૮,૪૬૮/- |
| GNM | રૂ. ૧૮,૪૬૮/- |
| **વડોદરા (એમ. જે. સોલંકી)** | |
| FHW | રૂ. ૧૫,૩૧૬/- |
| ANM | રૂ. ૧૫,૩૧૬/- |
| GNM | લાગુ પડતું નથી |
| **વડોદરા (ડી. જી. નાકરાણી)** | |
| FHW | લાગુ પડતું નથી |
| ANM | લાગુ પડતું નથી |
| GNM | રૂ. ૧૫,૫૮૨/- |

---------

**ખેડા અને ડાંગ જિલ્લામાં નિમણૂક આપેલ ડૉક્ટરો ફરજ પર હાજર ન થવા બાબત**

૪૩૨૦૦ **શ્રી કાન્તિભાઇ પરમાર** (ઠાસરા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર રાજ્યની સરકારી કોલેજોમાંથી એમ.બી.બી.એસ. પાસ કરેલ ડૉક્ટરોની નિમણૂક આપેલ હોય તેવા કેટલા ડૉક્ટરો ફરજ પર હાજર થયેલ નથી, | (૧) પત્રક-૧ સામેલ છે. |

(૨) ઉક્ત જિલ્લાવાર હાજર ન થયા હોય તેવા કેટલા ડૉક્ટરો પાસેથી બોન્ડની કેટલી રકમ વસૂલવાની બાકી છે,

(૩) ઉક્ત બાકી રકમ પૈકી કેટલી રકમ એક વર્ષ અને બે વર્ષ કરતાં વધુ સમયથી વસૂલવાની બાકી છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ બોન્ડની બાકી રકમ વસૂલવા સરકારે શાં પગલાં લીધા ?

(૨) અને (૩) પત્રક-૨ સામેલ છે.

(૪) મામલતદાર (વસૂલાત) દ્વારા વસૂલાતની ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

**પત્રક-૧**

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ-૨૦૨૦ | | | વર્ષ-૨૦૨૧ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | નિમણૂક આપેલ ડૉક્ટર | ફરજ પર હાજર થયેલ ડૉક્ટર | ફરજ પર હાજર ન થયેલ ડૉક્ટર | નિમણૂક આપેલ ડૉક્ટર | ફરજ પર હાજર થયેલ ડૉક્ટર | ફરજ પર હાજર ન થયેલ ડૉક્ટર |
| ૧ | ખેડા | ૧૨ | ૫ | ૭ | ૧૯ | ૧૧ | ૮ |
| ૨ | ડાંગ | ૩૨ | ૫ | ૨૭ | ૦ | ૦ | ૦ |
| | **કુલ** | **૪૪** | **૧૦** | **૩૪** | **૧૯** | **૧૧** | **૮** |

**પત્રક-૨**

| ક્રમ | | વર્ષ-૨૦૨૦ | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | અનુ.નં. | જિલ્લાનું નામ | હાજર ન થયેલ તબીબોની સંખ્યા | તે પૈકી વસૂલાત કરેલ ઉમેદવારોની સંખ્યા | વસૂલ કરેલ રકમ (રૂ.) | બાકી કેસોની સંખ્યા | વસૂલવાની બાકી રકમ (રૂ.) |
| ૨ | ઉક્ત જિલ્લાવાર હાજર ન થયા હોય તેવા કેટલા ડૉક્ટરો પાસેથી બોન્ડની કેટલી રકમ વસૂલવાની બાકી છે, | ૧ | ખેડા | ૦૭ | ૦૪ | ૨૦,૦૦,૦૦૦/- | ૦૩ | ૧૫,૦૦,૦૦૦/- |
| | | ૨ | ડાંગ | ૨૭ | ૧૪ | ૭૦,૦૦,૦૦૦/- | ૧૩ | ૬૫,૦૦,૦૦૦/- |
| | | વર્ષ-૨૦૨૧ | | | | | | |
| | | ૧ | ખેડા | ૦૮ | ૦૬ | ૩૦,૦૦,૦૦૦/- | ૦૨ | ૧૦,૦૦,૦૦૦/- |
| | | ૨ | ડાંગ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

| ક્રમ | | વર્ષ-૨૦૨૦ | | | |
|---|---|---|---|---|---|
| | | અ.નં. | જિલ્લાનું નામ | ૧ વર્ષથી વધુ સમયથી વસૂલવાની બાકી રકમ (રૂ.) | ૨ વર્ષથી વધુ સમયથી વસૂલવાની બાકી રકમ (રૂ.) |
| ૩ | ઉક્ત બાકી રકમ પૈકી કેટલી રકમ એક વર્ષ અને બે વર્ષ કરતાં વધુ સમયથી વસૂલવાની બાકી છે. | ૧ | ખેડા | ૧૫,૦૦,૦૦૦/- | ૦ |
| | | ૨ | ડાંગ | ૬૫,૦૦,૦૦૦/- | ૦ |
| | | વર્ષ-૨૦૨૧ | | | |
| | | અ.નં. | જિલ્લાનું નામ | ૧ વર્ષથી વધુ સમયથી વસૂલવાની બાકી રકમ (રૂ.) | ૨ વર્ષથી વધુ સમયથી વસૂલવાની બાકી રકમ (રૂ.) |
| | | ૧ | ખેડા | ૦ | ૦ |
| | | ૨ | ડાંગ | ૦ | ૦ |

- - - - - - - - -

**ગાંધીનગર ખાતે સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલનું બાંધકામ**

૪૨૪૨૬ **શ્રી શંભુજી ઠાકોર** (ગાંધીનગર-દક્ષિણ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગાંધીનગર ખાતે સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલના બાંધકામને મંજૂરી આપવામાં આવી છે કે કેમ,

(૨) જો હા, તો તે કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૩) આ કામ ક્યારે પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રૂ. ૨,૦૨,૪૯,૭૮,૬૯૯/- બાદમાં, તા.૦૧-૦૨-૨૦૨૨ના રોજ રૂ.૨,૮૧,૮૧,૨૯,૫૪૦.૦૦ ની મંજૂરી મળેલ છે.

(૩) ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ઓર્ડર આપ્યા તારીખથી ૨૪ માસમાં.

- - - - - - - - -

તા. ૧૫મી માર્ચ ૨૦૨૨

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત(નિયમ-૧૧૬)

**છોટાઉદેપુર અને ડાંગ જિલ્લામાં સરકારી હોસ્પિટલોમાં સિટી સ્કેન અને એમ.આર.આઇ. મશીન**

૪૩૨૦૯ **શ્રી ભાવેશભાઇ કટારા** (ઝાલોદ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમાં સત્રમાં તા.૨૪-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ *૩૬૯૯૧ (અગ્રતા-૧૦૩)ના અનુસંધાને **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છોટાઉદેપુર અને ડાંગ જિલ્લામાં આવેલ સરકારી હોસ્પિટલોમાં તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ સિટી સ્કેન અને એમ.આર.આઇ. મશીનો ઉપલબ્ધ ન હતાં તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત મશીનોના અભાવે કેટલા દર્દીઓને અન્ય હોસ્પિટલોમાં રીફર કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત જિલ્લા મથકે ઉક્ત મશીનો ક્યાં સુધીમાં ઉપલબ્ધ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| **હોસ્પિટલનું નામ** | **વર્ષ-૨૦૨૦** | **વર્ષ-૨૦૨૧** |
|---|---|---|
| જનરલ હોસ્પિટલ, આહવા | ૧૨ | ૧૬ |
| જનરલ હોસ્પિટલ, છોટાઉદેપુર | ૦ | ૦ |

(૩) સિટી સ્કેન મશીન અને એમ.આર.આઇ. મશીન ખરીદીનું હાલ કોઈ આયોજન નથી.

---------

ડો.કીરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે. આજની પ્રશ્નોતરીમાં પ્રશ્ન ક્રમાંકઃ ૧૨૭ માં જે જવાબ આપ્યો છે (વચ્ચેથી અટકાવતાં)...

અધ્યક્ષશ્રી : આવો પોઈન્ટ ઓફ ઓર્ડર ન હોય. ગઈ કાલે પણ ના પાડી હતી. આપ મંત્રીશ્રી પાસે જઈને ચર્ચા કરી લેજો.

**તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ -૧૧૬)**

**પાણીજન્ય રોગચાળો ફેલાવવા બાબત**

શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ-૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત ઉપર માનનીય આરોગ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

''ગાંધીનગર જિલ્લાના કલોલમાં પાણીજન્ય રોગચાળો ફાટી નીકળતાં છેલ્લાં બે-ત્રણ દિવસથી ઝાડા-ઉલ્ટીના કેસો સતત વધી રહ્યા છે અને મૃત્યુ પણ નોંધાયેલ છે, જેના કારણે લોકોમાં ભય ફેલાયેલ છે ત્યારે મૃતકોના પરિવારને સહાય ચૂકવવા અને રોગચાળાને કાબૂમાં લાવવા રાજ્ય સરકારે લીધેલાં કે લેવાં ધારેલાં પગલાં''

શ્રીમતી નિમિષાબેન સુથાર (રાજ્યકક્ષાના આરોગ્યમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં રોગચાળાને ત્વરિત ઓળખવા અને તે અનુસાર પગલાં ભરવાં માટે ઈન્ટિગ્રેટેડ ડિસીઝ સર્વેલન્સ પ્રોજેક્ટ અમલી કરવામાં આવ્યો છે. જે પ્રોજેક્ટ અન્વયે કુલ-૧૬ રોગો જે રોગચાળા માટે મુખ્યત્વે જવાબદાર છે તેનું નિયમિત એટલે કે અઠવાડીક મોનિટરિંગ કરવામાં આવે છે અને તે મોનિટરિંગના આધારે જરૂરી રોગચાળા અટકાયત પગલાં લેવામાં આવે છે.

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં રેલ્વે પુર્વ વિસ્તારમાં ઝાડા-ઉલ્ટીના કેસોની શરૂઆત તા.૦૬.૦૩.૨૦૨૨ના રોજ થયેલ છે. જેમાં પુષ્પકુંજ સોસાયટી, તેજાનંદ સોસાયટી, સરસ્વતી સોસાયટી, જ્યોતી પાર્ક સોસાયટીમાં સવારથી છુટાછવાયા ઝાડા-ઉલ્ટીના કેસો નોંધાયેલ છે. તા.૧૩/૦૩/૨૦૨૨ સુધીમાં કુલ-૫૫૪ દર્દીઓ મળેલ જે પૈકી ૧ મરણ નોંધાયેલ છે. તા.૦૭.૦૩.૨૦૨૨ના રોજ તેજાનંદ સોસાયટીના આઠ માસના બાળકનું સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર ખાતે ઝાડા ઉલ્ટીથી થતી આડ અસરોને કારણે મરણ થયેલ છે. તા.૦૬.૦૩.૨૦૨૨ના રોજ ૧૪ કેસ, તા.૦૭.૦૩.૨૦૨૨ના રોજ ૧૧૩ કેસ, તા.૦૮.૦૩.૨૦૨૨ના રોજ ૮૮ કેસ, તા.૦૯.૦૩.૨૦૨૨ના રોજ ૧૧૧ કેસ, તા.૧૦.૦૩.૨૦૨૨ના રોજ ૯૦ કેસ, તા.૧૧.૦૩.૨૦૨ ના રોજ ૫૮ કેસ, તા.૧૨.૦૩.૨૦૨૨ના રોજ ૫૧ કેસ અને તા.૧૩.૦૩.૨૦૨૨ના રોજ ૨૯ કેસ મળી આવેલ છે. આ રોગ થવાનું મુખ્ય કારણ દૂષિત પાણી પીવાથી થયેલ હોવાનું માલુમ પડેલ છે. આ વિસ્તારમાં રહેલા લીકેજના

કારણે દૂષિત પાણી મુખ્ય પાઈપ લાઈનમાં જતાં પાણી પીવાથી આ રોગ થયેલ હોવાનું જણાય છે. અત્યાર સુધીમાં અલગ-અલગ ૭૧ જગ્યાએ (સોસાયટી/ચાલી વગેરે)માં છુટાછવાયા કેસો નોંધાયેલ છે.

**સર્વેલન્સ અને મોનીટરીંગઃ-**

ઝાડા-ઉલ્ટી અસરગ્રસ્ત વિસ્તારનું મેપિંગ કરવામાં આવેલ છે અને તે મુજબ સર્વેલન્સની સઘન કામગીરી કરવામાં આવેલ છે. તા.૧૩.૦૩.૨૦૨૨ સુધીમાં ૪૦ આરોગ્યની ટીમ દ્વારા ૨૦,૬૬૪ ઘરોમાં ૭૮,૨૨૬ વ્યક્તિઓનું ત્વરિત સર્વેલન્સ કરવામાં આવેલ છે. ૫૯૫ જગ્યાએ ક્લોરીનેશન તપાસની કામગીરી કરેલ છે તેમજ ૨૫,૫૪૦ ક્લોરીન ટેબ્લેટ અને ૨૫,૬૫૭ ઓઆરએસ પેકેટનું વિતરણ કરવામાં આવેલ છે. સર્વેલન્સની કામગીરી વધુ સઘન બનાવવા તાલુકા આરોગ્ય કચેરી માણસા, દેહગામ અને ગાંધીનગરના ૧૦-૧૦ પુરુષ આરોગ્ય કર્મચારીને કલોલ ખાતે પ્રતિનિયુક્તિ કરવામાં આવેલ છે.

અસરગ્રસ્ત વિસ્તારમાં પાણીપૂરી, શરબત, બરફના ગોળા વગેરે અન્ય ખાદ્ય પદાર્થને બંધ કરવા તાત્કાલિક પગલાં લેવામાં આવેલ છે.

આ રોગચાળાની અટકાયત માટે જિલ્લા વહીવટી તંત્ર, રાજ્ય કક્ષાની ટીમ અને રેપીડ રિસ્પોન્સ ટીમ (ફિઝિશિયન, પિડિયાટ્રીશન, માઈક્રોબાયોલોજી અને પી.એસ.એમ.ના તજજ્ઞો) સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર દ્વારા પાણીજન્ય રોગ અટકાયતી પગલાં લેવા તેમજ દાખલ દર્દીની અને અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લેવામાં આવેલ છે.

સઘન સર્વેલન્સ, ત્વરિત નિદાન અને સારવાર માટે તમામ આશાબહેનો, સ્ત્રી અને પુરુષ આરોગ્ય કર્મચારી, કોમ્યુનિટી હેલ્થ ઓફિસરને આ અંગેની તાલીમ આપવામાં આવી છે.

**સારવાર અને નિદાનઃ -**

૫૫૪ કેસ પૈકી ૯૭ દર્દીઓને દાખલ કરવામાં આવેલ છે અને ૪૫૭ દર્દીઓને ઓ.પી.ડી. સારવાર આપવામાં આવેલ છે.

આ રોગચાળા દરમ્યાન નોંધાયેલ તમામ દર્દીઓને કલોલના શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામૂહિક આરોગ્ય કેન્દ્ર, રાજ્ય વીમા કામદાર યોજના અને સિવિલ હોસ્પિટલ ગાંધીનગર ખાતે તમામ સારવાર આપવામાં આવી છે. ઓ.પી.ડી. અને દાખલ દર્દી માટે શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ૨૪X ૭ મેડિકલ અને પેરા મેડિકલ ટીમ સુસજ્જ કરવામાં આવેલ છે. અસરગ્રસ્ત વિસ્તારમાં પંડિત દીનદયાળ ક્લિનિક સવારે ૯.૦૦ કલાકથી રાત્રે ૯.૦૦ કલાક સુધી ચાલુ કરવામાં આવેલ છે. સામૂહિક આરોગ્ય કેન્દ્ર, કલોલ ખાતે ફિઝિશિયન, પિડ્યાટ્રેશન, સ્ટાફ નર્સ, વર્ગ-૪ના કર્મચારીને અન્ય હોસ્પિટલમાંથી પ્રતિનિયુક્તિના આદેશ કરવામાં આવેલ છે.

ગુજરાત મેડિકલ સર્વિસીસ કોર્પોરેશન લી. (જી.એમ.એસ.સી.એલ.) દ્વારા જિલ્લા આરોગ્ય તંત્રને જરૂરી વધારાનો તમામ દવાઓનો જથ્થો સત્વરે ફાળવી આપવામાં આવેલ છે.

કુલ ૨૨ ઝાડાના સેમ્પલ અને ૨૧ પાણીના જીવાણુ પરીક્ષણ માટેના સેમ્પલ મોકલવામાં આવેલ છે. મોઈક્રોબાયોલોજી ડિપાર્ટમેન્ટ, જી.એમ.ઈ.આર.એસ. (સિવિલ હોસ્પિટલ), ગાંધીનગર દ્વારા રેપીડ રિસ્પોન્સ ટીમે લીધેલ ઝાડાના સેમ્પલનું પરિણામ મોકલેલ જેમાં વિબ્રિઓ કોલેરાની હાજરી જોવા મળેલ ન હતી. પરંતુ પાણીના સાત સેમ્પલ પીવાલાયક ન હોવાનું જણાયેલ છે.

રહીશોને આરોગ્યની સેવાઓ સરળતાથી મળી રહે તે હેતુસર આરોગ્ય કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવેલ છે અને કંટ્રોલ રૂમના નંબર સાથેના સ્ટિકર ઘરે ઘરે લગાડવામાં આવેલ છે.

**નગરપાલિકા દ્વારા કરેલ કામગીરીઃ-**

રેલ્વે પૂર્વ ગાંધી પોલીસ ચોકી પાસે લીકેજ મળતા નગરપાલિકા દ્વારા લીકેજ દૂરસ્ત કરવામાં આવેલ છે. શ્યામ હાઈટ્સની બાજુમાં ઉભરાયેલ ગટરની ગંદકી દૂર કરવા નગરપાલિકા દ્વારા તાત્કાલિક કામગીરી કરવામાં આવેલ છે. અસરગ્રસ્ત વિસ્તારમાં ટેન્કર દ્વારા પાણી પૂરું પાડવામાં આવેલ છે. આજુબાજુના વિસ્તારમાં પણ સ્વચ્છતાનું પ્રમાણ જળવાય તે અંગે કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

નગરપાલિકા દ્વારા પણ લીકેજ, ગંદુ પાણી, સાફ-સફાઈ વગેરેના પ્રશ્નોના નિરાકરણ માટે કંટ્રોલ રૂમના નંબર સાથેના સ્ટિકર અસરગ્રસ્ત વિસ્તારમાં લગાડવામાં આવેલ છે.

કલોલ નગરપાલિકાની ટીમ દ્વારા અત્યાર સુધી કલોલ શહેરના પૂર્વ વિસ્તારમાં કુલ-૨૧ લીકેજ શોધીને દુરસ્ત કરવામાં આવેલ છે. પીવાનું પાણી સુપર ક્લોરીનેશન કર્યા બાદ જ નગરપાલિકા દ્વારા પૂરું પાડવામાં આવે છે.

**લોક જાગૃતિ અને પ્રચાર-પ્રસારઃ-**

લોકોમાં પાણીજન્ય રોગચાળા નિયંત્રણની વિસ્તૃત માહિતી મળી રહે તે માટે પેમ્પલેટ તૈયાર કરવામાં આવેલા છે. જેનું ઘરે ઘરે વિતરણ કરવામાં આવેલ છે. રીક્ષા/વાન દ્વારા પાણીજન્ય રોગચાળા અટકાયતી પગલા અંગે માઈક પ્રચાર શરૂ કરવામાં આવેલ છે.

આ રોગની અટકાયત માટે શુદ્ધ પાણી એ જ એકમાત્ર ઉપાય હોય લોકોમાં ભય ન ફેલાય તે હેતુસર જનજાગૃતિ માટે ૧૦,૦૦૦ પત્રિકાઓ અસરગ્રસ્ત વિસ્તારમાં વહેંચવામાં આવેલી છે. જેમાં ઘરની અંદર કોઈને ઝાડા-ઉલ્ટી જેવા લક્ષણો જણાય તો આરોગ્યની ટીમ દ્વારા આપવામાં આવેલ ઓઆરએસનો ઉપયોગ કરવો, ઉકાળેલું જ પાણી પીવું અને તેને ઢાંકીને રાખવું,

ક્લોરીન ટેબ.નો ભૂકો કરીને પીવાના ૨૦ લીટર જેટલા પાણીના પાત્રમાં નાંખી હલાવી અને થોડીવાર ઠરવા દીધા બાદ પાણીનો ઉપયોગ કરવો. આપવામાં આવેલ ક્લોરીન ટેબ ગોળીને પ્લાસ્ટિકની થેલીમાં સાચવી રાખવી જેથી તેનો ક્લોરીન વાયુ ઉડી ન જાય તેવી બાબતોની માહિતી પત્રિકા સ્વરૂપે લોકોને વહેંચવામાં આવેલ છે.

આમ, રાજ્ય સરકારે રોગચાળા દરમ્યાન રોગનું નિદાન અને સારવાર સંદર્ભે અસરકારક કામગીરી કરેલ છે તથા આ બાબતે સર્વેલન્સ અને મોનિટરીંગ અંગેની કામગીરી પણ ત્વરિત રીતે કરેલ છે. વધુમાં, લોકોમાં કોઈ ભયનો માહોલ પેદા ન થાય તે માટે લોક જાગૃતિ અને પ્રચાર પ્રસારની કામગીરી કરવામાં આવેલ છે. આમ, રોગચાળાના વ્યાપને આગળ વધતો અટકાવવા માટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અને સમગ્ર વહીવટી તંત્ર દ્વારા સઘન પ્રયત્નો કરવામાં આવેલ છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ૮ દિવસથી કલોલ શહેરના પૂર્વ વિસ્તારમાં પાણીજન્ય રોગ એક વર્ષમાં બીજી વખત થયો. પહેલી વખત જ્યારે આ બનાવ બન્યો ત્યારે પૂર્વ વિસ્તારમાંથી પાંચ લોકોના મૃત્યુ થયા હતા. એ વખતે પણ વારંવાર રજૂઆતો કરવામાં આવી હતી છતાં પણ બેદરકારી દાખવવામાં આવી. આ અઠવાડિયામાં ફરી વખત પાણીજન્ય રોગો અને કોલેરા ફાટી નીકળવાથી ૧ મૃત્યુ થયું છે. ગયા વખતે નગરપાલિકાએ પીવાના પાણીનો રૂ. ૩૧ લાખ અને ૫૦ હજારનો ખર્ચ પાડેલો. તેમાંથી જો રૂ. ૨૫ લાખની પાણીની પાઈપલાઈન નાંખી હોત તો બીજી વખત આ કલોલ નગરપાલિકામાં આ રોગચાળો ફાટી નીકળ્યો ન હોત. આ વિસ્તાર આપણા દેશના ગૃહમંત્રી પણ પ્રતિનિધિત્વ કરે છે, ધારાસભ્ય તરીકે હું પણ કરું છું. બંનેની રજૂઆતો છતાં આ નગરપાલિકા દ્વારા ઘોર બેદરકારી થવા પામી છે. વારંવાર રજૂઆત કરવા છતાં પૂર્વ વિસ્તારમાં ૯૦ ટકા દલિત સમાજના મિત્રો રહે છે. બાકીના એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી. સમાજના લોકો રહે છે. નગરપાલિકા એકતરફી કામ કરી, ચોક્કસ વિસ્તારમાં જ વિકાસના કામ કરવાના. પીવાના પાણીની સુવિધા પણ આ વિસ્તારમાં પૂરી પાડવામાં આવતી નથી. તેના કારણે આ રોગચાળો ફાટી નીકળ્યો છે. ગયા વખતે પણ દલિત સમાજના પાંચ માણસોએ જીવ ગુમાવ્યો હતો. આ વખતે પણ દલિત સમાજના એક બાળકે જીવ ગુમાવ્યો છે. અહીં માનનીય અમિતભાઈ એમ.પી. તરીકે ફરજ બજાવે છે, હું એમ.એલ.એ. તરીકે ફરજ બજાવું છું ત્યારે વારંવાર રજૂઆત કરવા છતાં પણ નગરપાલિકાની ઘોર બેદરકારીના કારણે આ થયું છે ત્યારે હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે નગરપાલિકાના ચીફ ઓફિસરની બેદરકારીના કારણે લોકોએ જીવ ગુમાવવો પડ્યો છે ત્યારે એમની સામે કોઈ પગલા ભરવા માગો છો કે કેમ? મૃતકોના વારસદારોને કોઈ વળતર ચૂકવવા માગો છો કે કેમ? મારો ત્રીજો પ્રશ્ન છે કે કલોલ સી.એચ.સી. દવાખાનામાં આવા દર્દીઓ દાખલ થવા પહોંચેલા હોય અને ડૉક્ટર દ્વારા ઉદ્ધતાઈભર્યું વર્તન કરીને અમારી પાસે દવા નથી એમ કહીને પાછા કાઢેલા હોય તેના કારણે દર્દીઓને અમદાવાદ અને ગાંધીનગર સિવિલમાં દાખલ કરવા પડ્યા હતા ત્યારે આવા ડૉક્ટર સામે પગલાં ભરવાં માગો છો કે કેમ?

શ્રી નિમિષાબેન સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, તા.૦૬-૦૩-૨૦૨૨ના રોજ કલોલ વિસ્તારમાં ઝાડા-ઉલ્ટીના જે કેસો થયા છે તેમાં કલોલના રેલવે પૂર્વ વિસ્તારમાં પાણી વિતરણની મેઇન લાઇન અંદાજિત ૪૦ વર્ષ જૂની છે અને આ ૪૦ વર્ષ જૂની પાઇપલાઇન હોવાના કારણે લાઇનમાં વારંવાર ભંગાણ થાય છે અને જે ગંદુ દૂષિત પાણી છે એ પીવાના પાણી સાથે મિક્ષ થવાથી આવાં કારણો ઉદ્ભવે છે. જેથી, અમારા આદરણીય કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબ, ગુજરાત રાજ્યના અમારા આદરણીય મુખ્યમંત્રી સાહેબશ્રી તથા આરોગ્યની ટીમ દ્વારા જયારથી એટલે કે તા. ૦૬-૦૩-૨૦૨૨ના રોજથી આ ખબર પડી છે તે દિવસથી જ આ બાબતને ખૂબ જ ગંભીરતાથી લેવામાં આવી છે. સાથે સાથે ભવિષ્યમાં આવી રીતે આવું ગંદુ પાણી મિક્ષ થવાનાં જે કારણો છે અને આરોગ્યને લગતા જે પ્રશ્નો ઉદ્ભવે છે, તે ફરીથી કયારેય ઉદ્ભવે નહીં, એની ગંભીરતા રાખીને અમારા માનનીય કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબની સૂચના અને આરોગ્ય ટીમની સતર્કતાના કારણે રેલવેના પૂર્વ મેઇન વોટર બેંચની જે ઊંચી ટાંકી છે એની પીવાના પાણીના ડિસ્ટ્રિબ્યુશનની જે મેઇન લાઇન છે એ બદલાવવાની થાય છે. ત્યારે આ કામગીરી માટે રકમ રૂપિયા ૧ કરોડ ૫૯ લાખ સરકારશ્રીએ મંજૂર કર્યા છે અને એની સાથે કલોલ નગરપાલિકા દ્વારા એને રજૂ કરવામાં આવ્યું છે. આમ, કલોલ નગરપાલિકા દ્વારા પીવાના પાણીની જે મેઇન લાઇન છે એ બદલીને હાલના સંજોગોમાં શક્ય એટલી વહેલી સતર્કતાપૂર્વક કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે અને દૂષિત પાણી, પીવાના પાણીની પાઇપલાઇન સાથે મિક્ષ થવાનો જે પ્રશ્ન છે એનું નિરાકરણ લાવીને, ભવિષ્યમાં આવી બાબતોનું પુનરાવર્તન ન થાય એ સરકારશ્રીની નેમ છે. સરકારશ્રી દ્વારા આ કાર્યવાહી કરવામાં આવશે. બીજો પ્રશ્ન એવો હતો કે, કલોલમાં ઓફિસરની જે વાત કરી, એમાં આ અસરગ્રસ્ત વિસ્તારમાં ડાયરિયા અને વોમેટિંગના જે કેસો નોંધાયા, એ પછી આરોગ્ય વિભાગની ટીમે વારંવાર સ્થળની મુલાકાત કરી છે. જેમાં, એકેડમિક નાયબ નિયામક છે, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી છે, તબીબી અધિકારી છે, જિલ્લા એકેડમિક મેડિકલ ઓફિસર્સ છે, તાલુકા આરોગ્ય અધિકારી છે, એની સાથે સિવિલ હોસ્પિટલ, ગાંધીનગરના જે વિવિધ તજજ્ઞો છે, સામૂહિક આરોગ્ય કેન્દ્રની ટીમ, એ તમામ ટીમોએ આ જે કલોલ અસરગ્રસ્ત વિસ્તાર છે ત્યાં જઇને સ્થળ તપાસ કરી છે અને સ્થળ તપાસ કરીને આનાં કારણો શું છે? એ અંગે તજજ્ઞોની ટીમને પૂછવામાં આવ્યું છે. આદરણીય સભ્યશ્રી આપ પણ ત્યાં હાજર હતા. મેં જે વાત કરી એ પ્રમાણે લીકેજની મુલાકાત લેવામાં આવી છે તથા ડાયેરિયા અને વોમેટિંગના સેમ્પલ પણ લેવામાં આવ્યા છે. દર્દીઓની ડોર ટુ ડોર મુલાકાત લેવામાં આવી છે અને આરોગ્ય વિશે એમને માહિતી આપવામાં આવી છે અને એની સાથે સાથે ઘરે ઘરે સર્વેલન્સ કરવામાં આવ્યું છે અને એનું મોનિટરિંગ પણ કરવામાં આવ્યું છે. મોનિટરિંગની સાથે

સાથે ફરીથી પાણી દૂષિત ન થાય એના માટે ટેન્કર દ્વારા ક્લોરિન ટીકડીથી શુદ્ધ પીવાનું પાણી આપવામાં આવ્યું છે. જેથી કરીને કેસ વધે નહી એની પણ તકેદારી રાખવામાં આવી છે. બાળકની જે વાત કરી છે એમાં એના ડેથનું જે કારણ છે એ પણ જાણ્યું છે. આવા કારણોથી જયારે બાળકનું મૃત્યુ થયું હોય ત્યારે આપણા બધા માટે દુઃખની બાબત છે પણ મૃત્યુ પામેલ જે બાળક છે એને ગંભીર બીમારીઓ હતી. રાજ્ય સરકાર દ્વારા જયારે કુદરતી આફતો આવતી હોય ત્યારે વખતોવખત મૃત્યુના સમયમાં આવા કેસોમાં સહાય આપવામાં આવે છે. પણ માનવસર્જિત રોગચાળાના કિસ્સામાં સહાય આપવાની કોઇ જોગવાઇ હોતી નથી. એટલે સહાયની રકમ ચૂકવવામાં આવેલ નથી. આ મૃત્યુ પામેલ બાળકનું જે ડેથ સર્ટિફિકેટ આપેલ છે એમાં પણ કારણો આપેલાં છે. એને ૮ પ્રકારના રોગો હતા અને જે સિમ્ટમ્સ જોવા મળ્યા એ પ્રમાણે એનું ડેથ થયેલું છે. પણ આગામી સમયમાં આપણી સરકાર જયારે આવો રોગચાળો ફાટી નીકળે ત્યારે પૂરેપૂરી આરોગ્ય ટીમ પોતાની ટીમ સાથે, સર્વેલન્સ સાથે, મોનિટરિંગ સાથે ત્વરિત આ કાર્યવાહી કરીને ફરીથી આવા કારણો ન બને એ માટેની કાર્યવાહી માટે સજ્જ છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રી તરફથી મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો, એ ખરેખર સારો જવાબ છે. મેં પહેલી વખત પણ કહ્યું કે સરકારશ્રી તરફથી કોઇ તકલીફ ન હતી. સરકારની જયારે જયારે જરૂર પડે એટલે ફોન કરે ત્યારે તાત્કાલિક આખી ટીમ ત્યાં આવી જાય છે. મારો સવાલ એ છે કે પૂર્વ વિસ્તારની અંદર ઇરાદાપૂર્વક, આપે જવાબમાં કહ્યું છે કે ૪૦-૪૫ વર્ષથી જૂની પાઇપ લાઇનો હતી, મારે આ જ કહેવું છે કે મેં પણ રજૂઆત કરી છે, મેં ધારાસભ્યની ગ્રાન્ટમાંથી પૈસા આપીને પણ નવી પાઇપ લાઇનો નાખો તેવી રજૂઆત કરી હતી. સવાલ એટલો જ છે કે જરૂરિયાત વાળી જગ્યાએ પૈસા નહીં વાપરીને આ નગરપાલિકાના પદાધિકારીઓએ જયાં જરૂરિયાત ન હોય એવા વિસ્તારની અંદર પૈસા વાપરી અને આ વિસ્તારની અંદર બેદરકારી રાખી છે. મેં ચીફ ઓફિસરને પણ વાત કરી તો આ જવાબદારી ચીફ ઓફિસરની થાય છે કે નહીં અને થાય તો એના ઉપર શું પગલાં ભરવાં માગો છો? બીજું કે જયારે આવો રોગચાળો ફાટી નીકળ્યો ત્યારે જે દર્દીઓ કલોલ સી.એચ.સી. દવાખાનામાં દાખલ થવા ગયા તો ત્યાંના ડોકટર ટાંકે ઇરાદાપૂર્વક ત્યાં દાખલ નહી કરીને મારી પાસે દવા નથી, અહીંથી તમે બીજે લઇ જાઓ, પ્રાઇવેટમાં લઇ જાઓ એમ કરીને કાઢી મૂકયા, તો આવા ડોકટરને બદલીને બીજા સારા ડોકટરને મૂકવા માગો છો કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય બળદેવજીએ પહેલા કહ્યું કે પૂર્વ વિસ્તાર છે, ઓ.બી.સી. છે, એસ.સી. છે અને ગરીબ વર્ગનો સમાજ ત્યાં રહે છે. અમારા ભારતીય જનતા પાર્ટી માટે કયો વર્ગ, કયો સમાજ કયાં રહે છે એ બહુ મહત્ત્વનું નથી. અમારા માટે તો પ્રત્યેક ગુજરાતી જયાં વસતો હોય એ સદૈવ ગુજરાતી છે અને એનું હિત જાળવવું એ અમારી ફરજનો ભાગ છે. એમણે બીજી વાત કરી કે આ વિસ્તારની અંદર નગરપાલિકા દ્વારા વખતો વખત ગ્રાન્ટની વાત કરવામાં આવી છે, ગ્રાન્ટ આપવાની એમણે તૈયારી પણ બતાવી છે, ખૂબ સારી બાબત છે. પરંતુ આખા સમગ્ર વિસ્તારમાં ગટર લાઇન અને પાણીની લાઇન આ બન્ને વર્ષો જૂની છે. એટલે જે તે વખતે વર્ષ ૨૦૨૧ જુલાઇમાં જે બનાવ બન્યો, પાંચ મૃત્યુ પણ થયા હતા, દુ:ખદ હતા. પરંતુ એ વખતે જયાં પંકચર હતા પાણીમાં ગટર અને પીવાનું પાણી ભેગું થઇ જતું હતું ત્યાં એને શોધીને તેનો નિકાલ કર્યો હતો. પરંતુ આ વખતે જે ઘટના બની છે એમાં જેને કોલેરા કહેવાય એવું કંઇ નથી. પરંતુ પાણી જન્ય કહેવાય અને એમાં પણ જે સેમ્પલિંગ મળ્યું છે એમાં જે પ્રકારના બેકટેરીયામાં કોલેરાને લગતું કંઇ વિશેષ ધ્યાનમાં નથી આવ્યું. પરંતુ રાજય સરકાર આદરણીય વિજયભાઇ અને શ્રી નીતિનભાઇની સરકાર હતી અને અત્યારે શ્રી ભૂપેન્દ્રભાઇની સરકાર છે, પરંતુ એ ગુજરાતીઓ માટે અને પ્રત્યેક ગુજરાતી ગુજરાતના કોઇ પણ ખૂણામાં વસતો હોય તો એના આરોગ્યની સદાય ચિંતા કરે છે. પરંતુ આજે રસ્તાઓ સાંકડા થયા છે, કયાંક પાણીની પાઇપ લાઇન છે. કયાંક નીચે ગટરની લાઇન છે અને પાણીની લાઇન કયાંક નીચે છે, કયાંક ગટરની લાઇન ઉપર છે, આના કારણે એવું થાય છે કે જયાં પાણીની લાઇન જતી હોય અને ગટરની લાઇન લીકેજ થતી હોય ત્યાં બન્ને પાણી ભેગુ થતું હોય તેના કારણે દૂષિત પાણી ત્યાં જતું હોય તેવું શકય છે અને એ શકય એટલા માટે બન્યું છે કે કયાંક બી.એસ.એન.એલ.ની લાઇન ચાલતી હોય, કયાંક ઓપ્ટીકલ ફાઇબર નાખવાનું કામ ચાલતું હોય, જે તે કંપની નગરપાલિકાને જાણ કર્યા સિવાય આ કામકાજ કરતી હોય છે, અને પંકચર થાય તો એ પંકચર થાય એટલે નગરપાલિકા કયાંય દંડકીય કાર્યવાહી ન કરે, એના ઉપર એકશન ન લે, એટલે એનું કામ પૂરું કરી અને એ કંપની પૂરું કરી દેતા હોય છે. અને છ, સાત કે આઠ ફૂટ ઉંડે જયારે કામ થતું હોય ત્યારે સ્વાભાવિક પાણી પણ પછી પાછળથી ઉપર આવતું હોય છે. એટલે કલોલ નગરપાલિકા માટે પણ આખા પૂર્વ વિસ્તારની અંદર પાઇપ લાઇન બદલવા વાળો વિષય ખૂબ મોટો છે અને નાણાંકીય બર્ડન પણ એના ઉપર ખૂબ મોટું આવે છે. એટલે રાજય સરકાર અને આદરણીય અમારા શ્રી ભૂપેન્દ્રભાઇએ ખાતરી આપી છે એના માટે, અને શ્રી અમિતભાઇએ પણ સ્પેસિફિક સૂચના આપી છે કે પૂર્વ વિસ્તારના ગરીબ લોકોને કયાંય તકલીફ ન પડે અને પીવાનું શુદ્ધ પાણી મળી રહે એના માટે જે કરવું પડે એ કરો એવી સૂચના આપી છે, હાલ તાત્કાલિક રૂપિયા ૧ કરોડ અને ૫૯ લાખના ખર્ચે જે મુખ્ય લાઇનમાં આપણને તકલીફ પડી છે એ તો આપણે બદલીએ જ છીએ. પરંતુ સમય જતા પણ જો તકલીફ આપણને લાગશે તો આખી નવી વ્યવસ્થાઓ પણ ઉભી કરવાનું સરકારના મનમાં નકકી છે અને જે ડોકટરની વાત આપે કરી, એ જે બનાવ બન્યો અને લોકોને કાઢી મૂકયા એવું સરકારની જાણમાં નથી આવ્યું પરંતુ આની પૂરતી તપાસ કરાવી અને યોગ્ય પગલાં લેવામાં આવશે.

તા. ૧૫મી માર્ચ ૨૦૨૨

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, પૂર્વ વિસ્તારમાં જે બનાવ બન્યો છે તે અંગે સરકારે જે જવાબ આપ્યો તેનાથી મને સંતોષ છે અને ખરેખર સાચો છે.

શ્રી શંભુજી એ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે રોગચાળો ચાલુ થયો ત્યારથી અત્યાર સુધી કેટલા દર્દીઓને સારવાર આપવામાં આવી અને હાલ કેટલા દર્દીઓ કઇ કઇ જગ્યાએ સારવાર હેઠળ છે?

શ્રી નિમિષાબેન સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, રોગચાળો શરૂ થયો ત્યારથી જોઇએ તો ગાંધીનગર જિલ્લાની વાત કરીએ એમાં કલોલ તાલુકામાં આ પ્રશ્ન આવ્યો. રોગચાળાની શરૂઆત તા.૬-૩-૨૦૨૨થી ચાલુ થઇ અને તા.૧૩-૩-૨૦૨૨ની સ્થિતિએ કુલ ૫૫૪ દર્દીઓ નોંધાયા હતા. એમાંથી ૫૫૪ પૈકી ૫૭ દર્દીઓને દાખલ કરવામાં આવ્યા હતા જયારે ૪૫૭ દર્દીઓને આરોગ્યની ટીમ દ્વારા ત્યાં સ્થળ ઉપર જ સારવાર આપવામાં આવી હતી. જે ૫૭ દર્દીઓને દાખલ કરવામાં આવેલ એમને સિવિલ હોસ્પિટલ ગાંધીનગર, સામૂહિક આરોગ્ય કેન્દ્ર, શહેર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કામદાર વીમા યોજનામાં દાખલ કરવામાં આવ્યા છે. ગઇકાલે તા.૧૪-૩-૨૦૨૨ની સ્થિતિએ અત્યારે ૧૫ જેટલા દર્દીઓ સારવાર હેઠળ છે અને તેઓને ૨૪ કલાક સેવા મળી રહી છે. સામૂહિક આરોગ્ય કેન્દ્ર, શહેર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને પેરા મેડિકલ ટીમને સુસજ્જ કરવામાં આવેલ છે. સારવાર માટે ફિઝિશિયન અને બાળ રોગ નિષ્ણાત પણ ઉપલબ્ધ છે.

વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

**અંદાજ સમિતિના પાંચમા અને છઠ્ઠા અહેવાલની રજૂઆત**

શ્રી શ્રી શંભુજી એ. ઠાકોર :(સમિતિના સભ્યશ્રી) માનનીય અધ્યક્ષશ્રી, હું અંદાજ સમિતિનો પાંચમો અને છઠ્ઠો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલો રજૂ કરવામાં આવ્યા.**

**બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના અહેવાલની રજૂઆત**

શ્રીમતી ઝંખનાબેન હિ. પટેલ : (સમિતિના પ્રમુખ) માનનીય અધ્યક્ષશ્રી, હું બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો સોળમો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

શ્રીમતી ઝંખનાબેન હિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ બિન સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના સોળમા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સન ૨૦૨૨-૨૩નું અંદાજપત્ર લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અંદાજપત્રમાં દિવસેને દિવસે રકમમાં વધારો થાય છે. સાથે સાથે દેવામાં પણ વધારો થાય છે. ગાંધી અને સરદારનું અડીખમ ગુજરાત એ ભાજપનાં ૨૭ વર્ષના શાસનમાં ખાલીખમ ગુજરાત તરફ જઇ રહ્યું હોય તેવું લાગી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ સન ૨૦૨૨-૨૩નું અંદાજપત્ર ૨,૪૩,૯૬૫ કરોડ રૂપિયાનું છે. એ રકમ કયાંથી આવશે અને કયાં વપરાશે. વિકાસલક્ષી ખર્ચ માટે ૫૯.૨૮ ટકા અને બિન વિકાસલક્ષી ખર્ચ પાછળ ૩૦.૪૭ ટકા અને જાહેર દેવાની ચૂકવણી માટે ૯.૧૩ ટકાની રકમ આ અંદાજપત્ર દ્વારા ચૂકવવામાં આવશે. રાજય સરકારને જી.એસ.ટી.ની આવક ૨૩.૯૨ ટકા અને રાજયના પોતાના વેરાની આવક ૨૫.૮૦ ટકા છે અને જાહેર દેવાથી આવતી રકમ કે જે લોન પેટે લેવાની છે તે ૨૧.૧૫ ટકા થાય છે, એટલે કે ૫૧ હજાર કરોડ રૂપિયા કરતા પણ વધારે લોનની રકમ આ વખતે રાજ્ય સરકાર દેવાં મારફત લેવાં જઇ રહી છે. રાજ્ય સરકારનું આ બજેટ રજૂ થાય ત્યારે વિકાસલક્ષી અને બિન વિકાસલક્ષી એ બન્ને તરફના પહેલુ હોય છે, સિક્કાની બન્ને બાજુ હોય છે. સિક્કાની પહેલી બાજુ એટલે વિકાસલક્ષી ખર્ચ. તો વિકાસલક્ષી ખર્ચની અંદર વર્ષ ૨૦૨૦-૨૧ અને વર્ષ ૨૦૨૧-૨૨નું પ્રમાણ આપણે જોઇએ તો વર્ષ ૨૦૨૦-૨૧ કરતાં વર્ષ ૨૦૨૧-૨૨માં ૧૧,૫૨૧.૦૫ કરોડ રૂપિયા એ રાજ્ય સરકારે ગયા વર્ષ કરતા આ વર્ષના વિકાસ ખર્ચમાં વધારો કર્યો છે. તેનું બીજું પાસું કે જેને બિન વિકાસલક્ષી ખર્ચ કહેવામાં આવે છે, એ વર્ષ ૨૦૨૦-૨૧ કરતાં વર્ષ ૨૦૨૧-૨૨માં ૮,૭૪૮.૪૬ કરોડ રૂપિયાનો બિન વિકાસલક્ષી ખર્ચ કરવામાં આવ્યો છે. આમ, વિકાસલક્ષી ખર્ચમાં ૧૧,૦૦૦ કરોડ રૂપિયા છે અને બિન વિકાસલક્ષી ખર્ચમાં ૮૭ કરોડ રૂપિયા રાજ્ય સરકાર વાપરવા જઇ રહી છે. રાજ્ય સરકારનું આ દેવું વધવાના મુખ્ય કારણો તેની પાછળ હોય તો રાજ્ય સરકાર બિન વિકાસલક્ષી ખર્ચની અંદર દિવસેને દિવસે વધારો કરતી જાય છે. દર વર્ષે વિકાસલક્ષી ખર્ચનો અને બિન વિકાસલક્ષી ખર્ચનો આંકડો આપણે જોઇએ તો બિન વિકાસલક્ષી ખર્ચની અંદર રાજ્ય સરકાર પુષ્કળ પ્રમાણમાં ખર્ચ કરે છે અને વર્ષ ૨૦૧૭-૧૮થી માંડીને વર્ષ ૨૦૨૧-૨૨માં આપણે જોઇએ તો ભારતીય જનતા પાર્ટીના વર્ષ ૨૦૧૭ની ચૂંટણી પછી અત્યાર સુધીમાં પાંચ વર્ષના સમયગાળા

દરમ્યાન ૩,૪૨,૨૫૯ કરોડ રૂપિયા એ ફક્તને ફક્ત બિન વિકાસલક્ષી ખર્ચની પાછળ વાપરવામાં આવ્યા છે. રાજ્યની મહેસૂલી આવકના પેટે આપણે ગણીએ તો રાજ્ય સરકારની કરવેરાની જે આવક છે તેમાં ગત વર્ષ કરતા આ વખતે ૩૫,૦૫૦ કરોડ રૂપિયાનો વધારો થવાનો છે. આ રાજ્ય સરકારની કર સિવાયની જે આવક છે તેમાં ગત વર્ષ કરતા આ વખતે ૫૪૪ કરોડ રૂપિયાની આવક ઘટવાની છે. રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર તરફથી મળતો ફાળો કે સહાય-અનુદાન જે ગત વર્ષના પ્રમાણમાં ૧૦,૨૬૬.૫૨ કરોડ રૂપિયા ઓછા મળવાના છે. માનનીય મંત્રીશ્રી પોતાના જવાબમાં જણાવે કે કેન્દ્ર સરકાર તરફથી મળતી સહાય અને અનુદાનના ફાળામાં ૧૦,૦૦૦ કરોડ રૂપિયા કરતા પણ વધારે રકમનો ફાળો કેમ ઓછો આપવામાં આવ્યો છે? રાજ્ય સરકાર જે ખર્ચ કરે છે એ એસ.ટી, એસ.સી. કે ઓ.બી.સી. હોય તેના કલ્યાણ પાછળ કરવામાં આવતો ખર્ચ છે એ વર્ષ ૨૦૧૮-૧૯ના પ્રમાણમાં વર્ષ ૨૦૨૧-૨૨માં આપણે જોઇએ તો ફક્તને ફક્ત ૧૭૭.૭૫ કરોડ રૂપિયાનો તમે વધારો કર્યો છે. જે રાજ્યની અંદર એસ.ટી, એસ.સી. અને ઓ.બી.સી.ની સંખ્યાનું પ્રમાણ, તેની વસતિનું પ્રમાણ વધુ હોવા છતાં પણ ફક્ત ૧૭૭ કરોડ રૂપિયાનો તમે વધારો કર્યો છે. સરકાર ખેડૂતોની ચિંતા કરે છે, સરકાર ગ્રામ્ય વિકાસની ચિંતા કરે છે. સરકાર સિંચાઇની ચિંતા કરે છે. રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૦-૨૧ના બજેટના પ્રમાણમાં વર્ષ ૨૦૨૧-૨૨ની અંદર ૮૬૮.૮૯ કરોડ રૂપિયા ગત બજેટ કરતા ખેડૂતલક્ષી તમામ યોજનાઓ પાછળ ઓછા ખર્ચ્યા છે અને આ બતાવી આપે છે કે રાજ્ય સરકાર ખેડૂતોને ખેડૂતપુત્ર તો ગણે છે પણ જ્યારે આપવાની વાત આવે છે ત્યારે રકમ તો વધારે આપતી નથી પણ એ રકમમાં પણ ઘટાડો કરે છે. એ આ રાજ્ય સરકારનો ખેડૂતો માટેનો પ્રેમ છે એ દેખાઇ આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ, સિંચાઇ અને ગ્રામ્ય વિકાસની વાત કરીએ. વર્ષ ૨૦૨૧-૨૨ના પ્રમાણમાં ગત વર્ષની અંદર ૨.૩૬ ટકાનો ખર્ચ કૃષિ, સિંચાઇ અને ગ્રામ્ય વિકાસની અંદર રાજ્ય સરકારે પોતાનું અંદાજપત્ર રજૂ કર્યા પછી ઓછો આપ્યો છે અને એટલે જ ખેતી, પશુપાલનના ઘરગથ્થુ ઉત્પાદનમાં ૬.૦૮ ટકાનો જે ઘટાડો થયો છે તેમ છતાં પણ અંદાજપત્રની અંદર ૨.૩૬ ટકાની રકમ ઓછી ફાળવીને કૃષિ, સિંચાઇ અને ગ્રામ્ય વિકાસ એટલે કે ગુજરાતનાં ૧૮ હજાર ગામડાં, ૩૬ જિલ્લાઓ અને તાલુકાઓની અંદર ખેડૂતલક્ષી, ગરીબલક્ષી, લોકોને પીવાના પાણી મળે તેમાં તેમણે બજેટ ઓછું ફાળવેલું છે. રાજયના દેવાની તો ચર્ચા ખૂબ થઇ, માનનીય મંત્રીશ્રીએ એમના જવાબમાં પણ કીધું કે આપણે સાડા ચાર લાખ કરોડ રૂપિયાનું પણ દેવું લઇ શકીએ છીએ. રાજય સરકાર બજેટ લઇને આવી છે. આ વર્ષનું બજેટ ૨,૪૩,૯૬૫ કરોડ રૂપિયા, રાજયનું દેવું રૂ.૩,૪૯,૭૮૯ કરોડ, રાજય સરકાર આખે આખી અંદાજપત્રની રકમ જો આ દેવામાં ચૂકતે કરી દે તેમ છતાં પણ ૧,૦૫,૮૨૪ રૂપિયા હજી પણ ભરવાના નીકળે આ રાજય સરકારનો પારદર્શક વહીવટ. આ રાજય સરકારનો અણઆવડતનો વહીવટ. દેવાના આંકડાઓ ઉપરથી કિલયર થાય છે. કોઇપણ નાણામંત્રી હોય તે કહે કે દેવું કરવાની ક્ષમતા હોય એને દેવું આપે. અહીંયા બેઠેલા ધારાસભ્યોમાંથી કેટલાને માથે દેવું છે એ આપણે વિચારીએ છીએ? આપણે કોઇ દેવું કરીએ છીએ? આપણા કોઇની પાસે દેવું નહીં હોય પણ જયારે બજેટની વાત આવે, રાજય સરકારની વાત આવે, તો કહે કે રાજય સરકારની ક્ષમતા વધારે છે. આજે જયારે એક વ્યકિતને માથે રૂ.૬૫ હજારનું દેવું છે, ત્યારે છેલ્લાં પાંચ વર્ષમાં રુ.૧,૧૧,૧૩૩ કરોડ રૂપિયા ફકત રાજય સરકારે વ્યાજની રકમ પાછળ ખર્ચ્યા છે અને સામે દેવું કેટલું લીધું તો ૨,૦૯,૮૬૧ કરોડ રૂપિયાનું એમણે દેવું લીધેલું છે. આમ જોઇએ તો ૫ વર્ષમાં રૂ.૧,૧૧,૧૩૩ કરોડ રૂપિયા જેટલી મોટી રકમ વ્યાજ પેટે ચૂકવેલી છે. વિકાસના ખર્ચની પાછળ જે દેવાની ચૂકવણી કરવાની હોય છે, રાજય સરકાર કહે છે કે અમારી કેપેસિટી છે અને અમે દેવું લઇએ છીએ, તો રાજય સરકારની કેપેસટી દેવું કરવાની છે પણ રાજય સરકારની કેપેસિટી દેવું ભરવાની બિલકુલ નથી અને એટલા માટે કહું છું કે રાજય સરકારે છેલ્લાં પાંચ વર્ષની અંદર જે દેવાની રકમ લીધી એ દેવાની રકમની અંદર ૫ વર્ષમાં ૮૪,૨૭૫ કરોડ રૂપિયા ફકત દેવાની રકમ પેટે ચૂકવેલાં છે અને એની સામે રુ. ૧ લાખ ૧૧ હજાર કરોડ કરતા વધુ વ્યાજ ચૂકવવામાં આવ્યું છે. આમ રાજય સરકાર દ્વારા જે રીતે દીનપ્રતિદિન દેવું વધતું જાય છે એ આવનારા દિવસોમાં ગુજરાતના દરેકને માથે ભાર વધવાનો છે. ચોપડીની અંદર માનનીય કનુભાઇએ ખૂબ સરસ લખ્યું છે,

'' પડકારો અમને હંફાવી ના શકયા, અમે પરિશ્રમથી ગુજરાતને દેવામાં ડૂબાડવાની કેડી કંડારી છે. કર્મયોગીઓથી લોકસેવા કરતા અમે ખાનગીકરણની વાટ પકડી છે ''

માનનીય અધ્યક્ષશ્રી, એ આ બજેટ ઉપરથી કિલયર દેખાય છે. સરકાર અહીંયા ચર્ચા કરે છે, ખેતીવાડી, જંગલ કે મત્સ્ય ઉદ્યોગની વાત હોય, ખાણ કે ખોદકામની વાત હોય, વર્ષ ૨૦૧૧-૧૨ના પ્રમાણમાં વર્ષ ૨૦૨૦-૨૧માં જોઇએ તો રાજય સરકાર એમ કહે છે કે ઘરગથ્થું ઉત્પાદનમાં વધારો કર્યો છે. છેલ્લાં દસ વર્ષની અંદર પાંચ ટકા ખેતીવાડી, જંગલ કામ, મત્સ્ય ઉદ્યોગ કે ખાણ કે ખોદકામમાં ઘરગથ્થું ઉત્પાદનમાં ઘટાડો થયો છે. ખેતી અને પશુપાલનની વાત કરીએ તો વર્ષ ૨૦૧૧-૧૨ના પ્રમાણમાં વર્ષ ૨૦૨૦-૨૧માં જોઇએ, આમ, છેલ્લા દસ વર્ષમાં ૬.૪ ટકા જેટલો ખેતી અને પશુપાલના ઘરગથ્થું ઉત્પાદનમાં ઘટાડો થયો છે. ઉત્પાદન, વીજળી વાયુ બધું એમાં આવી જાય, વર્ષ ૨૦૧૮-૧૯ના પ્રમાણમાં વર્ષ ૨૦૨૦-૨૧માં જોઇએ તો ૧.૮ ટકાનો ઘટાડો થયો છે. આમ, રાજયની સરખામણીમાં માથાદીઠ આવકમાં ઘરગથ્થું ઉત્પાદનમાં ૩.૨ ટકાનો ઘટાડો થયેલો છે અને રાજય સરકારના એકંદર ઘરગથ્થું ઉત્પાદન કે જે વર્ષની વૃદ્ધિના ટકાવારી પ્રમાણે આપણે ગણીએ તો વર્ષ ૨૦૧૧ અને ૧૨માં ૧૭.૭ ટકા જે હતું એ વર્ષ ૨૦૨૧-૨૨માં ૧૭.૪ ટકા થયું છે એટલે કે ૦.૩ ટકાનો એમાં ઘટાડો થયેલો છે. રાજય સરકર જે બજેટ લઇને આવી છે એમાં ખેડૂતલક્ષી વાત કરવી જોઇએ. એસ.ટી., એસ.સી., ઓ.બી.સી. માટે એની ટકાવારી

પ્રમાણે બજેટ ફાળવવું જોઇએ. એસ.સી.ની વસતિ ૭ ટકા હોય તો એ પ્રમાણે ૭ ટકા બજેટ ફાળવવું જોઇએ. ખાસ કરીને સરકાર દ્વારા જે બજેટ ફાળવવામાં આવે છે એ રકમમાં ઘટાડો થયો છે ત્યારે દેવામાં વધારો અને બજેટમાં ઘટાડો. આમ, રાજ્ય સરકારના માનનીય કનુભાઇ દેસાઇ જે આ બજેટ લઇને આવ્યા છે એમાં કોંગ્રેસ પાર્ટી તરીકે કોઇ સંજોગોમાં સમર્થન આપી શકાય તેમ નથી.

શ્રી શૈલેષભાઇ ક. મહેતા(ડભોઇ) : માનનીય અધ્યક્ષશ્રી, હું આપનો આભારી છું કે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ જેવા મહત્ત્વના વિષય ઉપર બોલવાની મને તક આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીના શાસનમાં ગામ, નગર અને મહાનગરોનો સર્વાંગી વિકાસ થાય તે માટે સદૈવ તત્પર અને કટિબદ્ધ રહીને તે માટે યોજનાબદ્ધ આયોજન કરવામાં આવ્યું છે. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી યોજના, રોડ રિ-સરફેસની ગ્રાન્ટ, આગવી ઓળખ અંતર્ગત વિવિધ કરોડો રૂપિયાની ગ્રાન્ટ આપવામાં આવી છે અને આપવામાં આવી રહી છે. એટલું જ નહીં પણ રોડ અને બ્રિજ વગેરે માળખાગત સુવિધા માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ આપવામાં આવે છે. જેના થકી નગરો અને મહાનગરોનો માળખાકીય વિકાસ થાય છે. મારા વિસ્તાર ડભોઇ નગર, જેનું પૈરાણિક નામ દર્ભાવતી છે, તેમાં ટાઉન હોલ અને સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ બનાવવા માટે કરોડોની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. એવી જ રીતે વડોદરા શહેર જેનો કેટલોક વિસ્તાર મારા વિધાનસભા ક્ષેત્રમાં આવે છે તેની વાત કરું તો શહેરી વિકાસ મંત્રાલય દ્વારા વડોદરા શહેરના ગેંડા સર્કલથી મનીષા ચોકડી સુધી બ્રિજને પહેલા સમગ્ર ગ્રાન્ટ આપવાની હતી. ત્યારબાદ ફક્ત ૬૫ કરોડ રૂપિયા સરકાર તરફથી આપવામાં આવ્યા. ત્યાર પછી કોર્પોરેશનની આર્થિક પરિસ્થિતિ નબળી હોઇ, એ કામ મંદ ગતિએ ચાલતું હતું પણ સરકારમાં રજૂઆતો કરવામાં આવી એના કારણે ૧૦૦ કરોડ રૂપિયામાં આ કામ પૂરાં કરવામાં આવ્યાં છે. આથી વડોદરા શહેર અને જિલ્લા વતી સરકારશ્રીનો આભાર માનું છું. એટલું જ નહીં પણ ૮૦:૨૦ની સ્કીમ અંતર્ગત વડોદરા શહેરની સોસાયટીઓમાં આર.સી.સી. રસ્તા બનાવવા માટેનો વિષય ફંડના અભાવે વર્ષોથી ગૂંચવાયેલો હતો. ઘણી સોસાયટીઓએ તેમનો ફાળો આપી દીધા છતાં પણ આર.સી.સી.ના રસ્તા બન્યા હતા. આ બાબતે સરકારમાં રજૂઆત થતાં આર.સી.સી.ના પેન્ડિંગ કામ માટે રૂપિયા ૬૫ કરોડની ગ્રાન્ટ મંજૂર કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સોસાયટીના આંતરિક રસ્તાની સાથે ૪૦ મિટરના રસ્તા જેવા મોટા રસ્તા ઉપર વડોદરા શહેરમાં ૫ જેટલા બ્રિજો મંજૂર કરવામાં આવ્યા છે. એમાં ૨૭૦ કરોડ રૂપિયાની ગ્રાન્ટ સરકાર તરફથી મંજૂર કરવામાં આવી છે. આના લીધે શહેરની ટ્રાફિકની સમસ્યાનો અંત આવશે અને લોકોની સુવિધામાં વધારો થશે. આ જ વિભાગના કામમાં ટી.પી. સ્કીમની જ્યારે વાત આવે, ટી.પી. સ્કીમમાં ૪૦ ટકા જમીનો કાપી લીધા પછી લોકોની સુવિધા માટે વિવિધ પ્લોટો નક્કી કરવામાં આવે છે. પણ હમણા બળદેવજીભાઇ વાત કરતા હતા એમ નગરપાલિકામાં જ્યારે ટી.પી. સ્કીમો આવે છે એમાં રેસિડેન્સિયલ પ્લોટો હોતા નથી. કોમર્શિયલ પ્લોટોનું જ રિઝર્વેશન કરવામાં આવે છે. જેના કારણે જમીનો વેચીને નગરપાલિકા એમના દેવામાંથી મુક્તિ મેળવી શકતી નથી. દરેક નગરપાલિકા એના સ્ટ્રીટ લાઇટના બિલ ભરી શકતી નથી, એના ડ્રેનેજ અને પાણીનાં કામો કરી શકતી નથી. આમાં ફેરફાર કરાવીને નગરપાલિકામાં રેસિડેન્સિયલ પ્લોટ, શૈક્ષણિક હેતુના પ્લોટ, રમત-ગમતના પ્લોટ, બાગ બગીચાના પ્લોટ એવી રીતે ટી.પી. સ્કીમો મહાનગરપાલિકાની માફક નગરપાલિકામાં પણ બનવી જોઇએ. આનો અનુભવ મને થયો છે. હું મહાનગરપાલિકામાં વર્ષો સુધી કોર્પોરેટર રહ્યો છું અને ડેપ્યુટી મેયર રહ્યો છું. પણ ગ્રામ્ય વિસ્તારમાં ગયો ત્યારે નગરપાલિકાની આ સ્થિતિ જોવામાં આવી. આ બાબતે મંત્રીશ્રી કંઇક ઘટતું કરશે એવું માનું છું. સાથોસાથ વુડા કે જેનો ૪૦ ટકા વિસ્તાર ડભોઇ વિસ્તારમાં લાગે છે. નવાઇની વાત એ છે કે વર્ષ ૨૦૧૭માં એક જાહેર હરાજી થઇ. હરાજીમાં ભાગ હું લઉં, શ્રી શૈલેષ મહેતા લે અને હરાજી પછી જમીનનો દસ્તાવેજ થાય તો શ્રી શૈલેષ પરમારના નામનો થાય. આ શક્ય છે? આ વુડામાં થયું છે અને આ અંગે મેં મુખ્યમંત્રીશ્રીને કાગળ પણ લખ્યો છે. જાણીતા વકીલનો અભિપ્રાય લેવામાં આવ્યો. એમનો અભિપ્રાય પણ નેગેટીવ હોય અને છતાં એ જમીન બીજી પાર્ટીને આપવામાં આવે. આ વડોદરા શહેર વિકાસ મંડળ જ નહીં પણ હું માનું છું કે તમામ ઠેકાણે ઔડા, સુડા, બધામાં આ તપાસ કરવી જોઇએ તો આવા કૌભાંડો નીકળશે. આની સાથેસાથે હમણાં હું મારા વિસ્તારોમાં ફર્યો. મીડિયા મારફત મને જાણ થઇ. અમારા વિસ્તારમાં એક પણ ઝૂંપડું ન હોય, મકાન ન હોય, કોઇ જગ્યા ન હોય એ નિર્જન વિસ્તારમાં રસ્તા બન્યા અને જયાં જરૂરિયાત છે, જયાં અમે રજૂઆત કરીએ છીએ ત્યાં બજેટ નથી એવું કહેવામાં આવે છે. (અંતરાય) તમારા શહેરોમાં પણ આ જ પરિસ્થિતિ છે. તમારા શહેરોમાં તપાસ કરજો. આ જ પરિસ્થિત આવશે. બજેટ સરકાર આપે છે. સરકારમાંથી બજેટ આવે છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ બાકી છે.

શ્રી શૈલેષભાઇ ક. મહેતા : માનનીય અધ્યક્ષશ્રી, થોડું સાંભળશો તો તમને પણ મજા આવશે. આમાં સફાઇ કરવી પડશે. આમાં સરકારની બદનામી થાય છે. જે બજેટ તમે ફાળવો છો એ બજેટ અધિકારીઓ ઉંધા રસ્તે વાપરે છે અને જયાં વાપરવાનું હોય છે ત્યાં વપરાતું નથી. હું બજેટને સમર્થન આપું છું પણ સાથેસાથે એવી વિનંતી કરું છું કે જે હેડમાં બજેટ મૂકવામાં આવ્યું છે એ હેડમાં જ વપરાય. આભાર.

ડો. સી. જે. ચાવડા(ગાંધીનગર-ઉત્તર): માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાણામંત્રીશ્રી જે રૂપિયા ૨.૪૩ લાખ કરોડનું બજેટ લઇને આવ્યા છે. આ બજેટ એમાં દેવાની મારે વાત નથી કરવી, આજે ગૃહ ખાતાના સુધારાની મારે વાત નથી

કરવી, ગુજરાતનો હેપ્પીનેસ ઇન્ડેક્ષ ઘટયો છે, લોકોની સુખાકારી ઘટી છે એના વિશે મારે આજે વાત નથી કરવી. મારે વાત કરવી છે ખેડૂતની.

માનનીય અધ્યક્ષશ્રી, એક તો ગાંધી અને સરદારની અમારી પાર્ટી છે. શાંતિદૂત જવાહરની પાર્ટી, ડો. બાબાસાહેબ આંબેડકરની પાર્ટી છે. મૌલાના આઝાદ અને સરહદના ગાંધીની આ પાર્ટી છે. વીર ભગતસિંહ, શ્રી સુખરામની પાર્ટીના અમે કાર્યકર છીએ. જલિયાવાલા બાગમાં હત્યાકાંડ થયો, ત્યારે ૫,૦૦૦ ખેડૂતો ઉપર ગોળીઓનો વરસાદ વરસ્યો હતો એ જનરલ ડાયરની સામે લડતા લોકોની પાર્ટી છે. આ પાર્ટીને રાષ્ટ્રવાદી ન કહેતા. આ પાર્ટીના કાર્યકરને તિરંગાની આન, બાન અને શાનની વાત લઇને અમારી સમક્ષ ન આવતા. અમને બરાબર ખબર છે કારણ કે અમે આઝાદી અપાવી છે. આ બજેટમાં જે વાત થઇ છે એમાં ખેડૂતોની ચિંતા કરવામાં નથી આવી. ખેડૂતોની વર્ષ ૨૦૨૨માં આવક ડબલ થશે એ વાત મૂકી તમે મત લઇ લીધા, પણ આજે આવક અડધી થઇ. જાવક ડબલ થઇ ગઇ અને ખેડૂતોના જે પ્રશ્નો ઉભા કર્યા. જમીન માપણીમાં ભ્રષ્ટાચાર આચરીને પ્રશ્નો ઉભા કર્યા. ખેડૂત-ખેડૂત વચ્ચે ઝઘડા ઉભા કર્યા. ભાઇ-ભાઇ વચ્ચે ઝઘડા ઉભા કર્યા. પાંચ લાખ જેટલા કેસ રિ-સરવે માટેના ઉભા કર્યા. જે જમીન માપણીના કારણે ખેડૂતો બરબાદ થઇ રહ્યા છે એનો કોઇ અંદાજ નથી અને માપણી રદ કરવાની વાત બજેટમાં થઇ નથી ત્યારે અમને ખેદ છે. આ માપણી રદ થવી જોઇએ. જયાં સુધી કોંગ્રેસની સરકાર હતી ત્યાં સુધી અમે ખેડૂતોની ચિંતા કરી છે, પશુપાલકોની ચિંતા કરી છે, ખેતમજૂરોની ચિંતા કરી છે, એની સાથે સંકળાયેલા માલધારીની ચિંતા કરી છે પરંતુ આમાં કયાંય ઉલ્લેખ નથી. જયાં સુધી કોંગ્રેસની સરકાર રહી ત્યાં સુધી આણંદ જિલ્લામાં અમૂલ ડેરી, મહેસાણા જિલ્લામાં સાગર ડેરી શ્રી નીતિનભાઇ સાહેબ, સાબરકાંઠા જિલ્લામાં સાબર ડેરી, બનાસકાંઠા જિલ્લામાં સમગ્ર એશિયામાં સૌથી મોટી ડેરી બનાસ ડેરી, અમદાવાદ જિલ્લામાં ઉત્તમ ડેરી, વડોદરા જિલ્લામાં સુગમ ડેરી, ભરૂચ જિલ્લામાં દૂધધારા ડેરી. સુરત જિલ્લામાં સુમૂલ ડેરી, વલસાડ જિલ્લામાં વસુધારા ડેરી, પંચમહાલ જિલ્લામાં આજે માનનીય ઉપાધ્યક્ષશ્રી હાજર નથી એમને પંચામૃત ડેરી આપી છે. જેટલું દૂધ પીવું હોય એટલું પી શકે. રાજકોટ જિલ્લામાં ગોપાલ ડેરી, ગાંધીનગર જિલ્લામાં મધુર ડેરી, સુરેન્દ્રનગર જિલ્લામાં સુરસાગર ડેરી, જૂનાગઢ જિલ્લામાં જૂનાગઢ ડેરી, ડો. કુરિયનના હસ્તક ચાલતી એન.ડી.ડી.બી., આઇ.ડી.સી., મધર ડેરી, એન.ડી.આર.કર્નાલ. કોંગ્રેસની સરકાર રહી ત્યાં સુધી આ બન્યું. તમારી સરકાર આવ્યા પછી ૧૯ જિલ્લાના ૩૩ થયા. એક પણ જિલ્લામાં આ અમૂલ ડેરી, બનાસ ડેરી, દૂધ ઉત્પાદક સંઘ બનાવ્યો હોય તો તમે જાહેર કરો. ના, એક પણ નહીં. ફકત હાંસલ કેમ કરવી, કેમ દૂધ સાગર ડેરી લઇ લેવી, કેમ સુમૂલ ડેરી લઇ લેવી, કેમ અમૂલ ઝૂંટવી લેવી, એ સહકારી ક્ષેત્રમાં જે તમે કર્યું છે એના વિષે વિશેષ મારે કહેવું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, એનાથી આગળ. ગુજરાતની જેટલી લોકમાતા નદીઓ છે. તમને કદાચ નામ યાદ ન હોય તો મારે કહેવા છે. નર્મદા નદી, મહા નદી, મહી નદી, તાપી, દમણગંગા નદી, વાત્રક, મેશ્વો, સાબરમતી, બનાસ, હાથમતી, ભાદર, મચ્છુ, આજી, દમણગંગા, વિશ્વામિત્રી, ખારી, ઓઝત, પૂના, રૂપેણ, સરસ્વતિ અને ક્ષેત્રુંજય. આ તમામ લોકમાતા નદીઓ ઉપર ડેમ બનાવ્યા. ડેમ બનાવીને પાણીનો સંગ્રહ કર્યો. કેનાલો બનાવી, સબ કેનાલો બનાવી, અને ખેડૂતના ખેતર સુધી પાણી પહોંચાડવાનું કામ કોંગ્રેસની સરકારમાં થયું. મારે આ સરકારને પૂછવું છે કે આ નદીઓ સિવાય કોઇ નદીઓ હોય અને આ નદી ઉપર જો બે ડેમ બની શકતા હોય, એકપણ નદી ઉપર એકપણ ડેમ બનાવ્યો હોય તો જાહેર કરે તો હું કોંગ્રેસમાંથી રાજીનામું આપીશ. ફકત ચેકડેમ, ખેત તલાવડીઓ, બોરીબંધ, વરસાદ પછી વહી જાય બોરીબંધ, આવા નાના નાના ચેકડેમો બનાવીને કાર્ય કર્યું છે. કોઇ મોટું કામ કર્યું નથી. ખેડૂતના ખેતર સુધી વીજળી પહોંચાડવાનું કામ, ઘર ઘર સુધી વીજળી પહોંચાડવાનું કામ, ખેડૂતના ખેતર સુધી ૨૪ કલાક વીજળી આપવાની વાતો કરવાવાળા લોકો, રોડ તોડવાવાળા લોકો, ઝાડ તોડવાવાળા લોકો, વીજળીના થાંભલા તોડવાવાળા લોકો, એસ.ટી.ઓ સળગાવવા વાળા લોકો, દિવસે વીજળી આપીશું, રાત્રે નહિ. ખેડૂતને સાંપ કરડે, એ ખેડૂતને આજે ૪ કલાક પણ વીજળી આપી શકતા નથી અને રાત્રે દોડાવો છો એની મારે વાત કરવી છે. વિદ્યુત મથકો. ગુજરાત રાજ્યમાં વિદ્યુત મથકોની સ્થાપના થઇ. હાઇડ્રો વિદ્યુત મથક, ગેસ આધારિત વિદ્યુત મથક, એટોમિક એનર્જીથી ચાલતા વિદ્યુત મથકો અને કોલસાથી ચાલતા વિદ્યુત મથકો, ગાંધીનગર થર્મલ, સાબરમતી એટોમિક થર્મલ સ્ટેશન, સિક્કા થર્મલ, વણાકબોરી થર્મલ, ઉકાઇ, પાન્ધ્રો, લિગ્નાઇટ, ભાવનગર લિગ્નાઇટ, ધુવારણ ગેસ, સરદાર સરોવર હાઇડ્રો, કડાણા હાઇડ્રો, ઉકાઇ હાઇડ્રો, કાંકરાપાર, કચ્છ તાપી વિદ્યુત મથક, ઉતરાણ આવા અનેક વિદ્યુત મથકોની સ્થાપના થઇ. અને ગુજરાતના ખેડૂતોને ઘેરઘેર સુધી વીજળી પહોંચાડવાનું આયોજન થયું. કરોડો થાંભલા નાખીને ઘરઘર સુધી અને આદિવાસીના પહાડ ઉપર વસતા લોકોના ઘર સુધી વીજળીના થાંભલા પહોંચાડીને તાર ખેંચીને એક એક ઘર સુધી વીજળી પહોંચાડવાનું કામ કોંગ્રેસની સરકારમાં થયું છે. તમે કયું નવું વિદ્યુત મથક બનાવ્યું જાહેર તો કરો? ના, તમે શું કર્યું? અદાણી પાવર લિમિટેડ સાથે ૨૫ વર્ષના કરાર કર્યા. ૨.૩૫ પૈ.ના યુનિટ પ્રતિદિઠ વીજળી ખરીદવાના કરાર કર્યા. વળી પાછો એનો ભાવ વધારો આપ્યો. આજે એને ૪.૩૮ રૂપિયાના ભાવથી એગ્રીમેન્ટનો ભંગ કરીને તમે ખરીદી કરી રહ્યા છો. કોસ્ટલ ગુજરાત પાવર લિમિટેડ ટાટા એને ૨.૨૬ ના પ્રતિ યુનિટના ભાવથી તમે કરાર કર્યા. અને ૫.૪૦ ના ડબલ ભાવથી આજે તમે વીજળી ખરીદી રહ્યા છો. છેલ્લાં બે વર્ષમાં ૧૦,૦૦૦ કરોડ રૂપિયાની વીજળી ટાટા અને અદાણી પાસેથી ખરીદી છે. આ ૧૦,૦૦૦ કરોડ રૂપિયામાં નવા વિદ્યુત મથકો બનાવ્યા હોત તો આવા પ્રાઇવેટ લોકો પાસેથી વીજળી ખરીદવાનો વારો ગુજરાતના લોકોને ન આવ્યો હોત અને અમારા એકત્રિત થયેલા ટેક્સના પૈસા અદાણી અને ટાટાના ઘરમાં ન પહોંચ્યા હોત એ

વાત બજેટમાં નાણામંત્રીશ્રીએ કરી નથી. એટલે અમે એને અનુમોદન આપી શકતા નથી. જ્યારે ૨.૪૩ લાખનું બજેટ હોય ત્યારે તમારે આરોગ્યની ચિંતા કરવી જોઇએ. આ દેશમાં ડો. મનમોહનસિંહની સરકાર વખતે ૧૦૮ એમ્બ્યુલન્સની શરૂઆત થઇ. સૌ પ્રથમ શરૂઆત થઇ ત્યારે ગુજરાતમાં નરેન્દ્રભાઇ મોદીનું શાસન ચાલતું હોવા છતા કોઇ ભેદભાવ રાખ્યા વગર ગુજરાતમાં પણ આ ૧૦૮ એમ્બ્યુલન્સની શરૂઆત ડો. મનમોહનસિંહની યુ.પી.એ.ની સરકારમાં કરવામાં આવેલી. તમે તેને સદ્ધર કરી હશે, એમ્બ્યુલન્સ વધારી હશે તે વાત જુદી છે. એશિયાની સૌથી મોટી સિવિલ હોસ્પિટલ અમદાવાદમાં, દરેક શહેરોમાં સિવિલ હોસ્પિટલો, કામદારો માટે હોસ્પિટલો, જિલ્લા મથકો પર સિવિલ હોસ્પિટલો, તાલુકા મથકો પર સી.એચ.સી., પી.એચ.સી. આખું માળખું કોંગ્રેસની સરકારમાં બનાવવામાં આવ્યું. નવા જિલ્લા બન્યા પછી પણ સરકારી ધોરણે અને સરકારના ખર્ચે એકપણ સિવિલ હોસ્પિટલ બની હોય તે પણ જાહેર કરવું જોઇએ તો મને ખબર પડે. કરો જાહેર. કરજો ને? માનનીય નીતિનભાઇ સાહેબ કરજો ને? હું એ જ કહું છું તમે જાહેર તો કરો?

શ્રી નીતિનભાઇ ૨. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તમે મારા મિત્ર છો અને તમને સાંભળું છું. તમને જવાબ આપવો હોય તો એકે એક મુદ્દાનો હું સરસ જવાબ આપું અને આ બધા સંમત થઇ જાય તેવો જવાબ આપું. પણ મારે જવાબ આપવાનો નથી એટલે હું આપતો નથી.

ડો. સી. જે. ચાવડા : માનનીય સાહેબશ્રી તમે જવાબ આપો. અમે ઇચ્છીએ કે તમે જવાબ આપો. તમે મુખ્યમંત્રી તરીકે બિરાજો અમે ઇચ્છીએ છીએ. અમે તો ઇચ્છીએ છીએ કે, તમે બેસો અને જવાબ આપો. આરોગ્યની ચિંતા કરવામાં આવી નથી.

અધ્યક્ષશ્રી : આપની પાસે એક મિનિટ છે.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણની ચિંતા કરવામાં આવી નથી. આ રાજ્યના હાથપગ ગણાય એવા કર્મચારીની ચિંતા કરવામાં આવી નથી. પેન્શન યોજના બંધ કરવામાં આવી છે. આઉટસોર્સિંગથી ભરતી થાય છે. હજારો, લાખો લોકોની ભરતીઓ કરીને લૂંટ, લાંચ લેવાઇ રહી છે. ગુજરાતના પૈસા, નાણાકીય પૈસા પ્રાઇવેટ એજન્સીઓ આઉટ સોર્સિંગથી કમાઇ રહી છે અને અમારા કર્મચારીની ભરતી થતી નથી. પેપર લીક થાય છે. પાંચ લાખ કર્મચારીઓની ભરતી કોંગ્રેસની સરકાર આવશે તો વર્ષ ૨૦૨૨ની પહેલી કેબિનેટમાં ઠરાવ કરીને પાંચ લાખ કર્મચારીઓની ભરતી કરવામાં આવશે. માનનીય નીતિનભાઇ પટેલ સાહેબ અમે ઇચ્છીએ કે, તમે ફરીથી પાછા આવીને બેસો. અમને કંઇ વાંધો નથી, પરંતુ શિક્ષણ, આરોગ્ય, મહિલા સુરક્ષા, ગૃહ આ બધામાં સારી કામગીરી નહીં કરીને ગુજરાતનો હેપીનેસ ઇન્ડેક્ષ, ગુજરાતની સુખાકારી અને ગુજરાતના લોકો ચેનથી જીવી શકતા હતા તે પરિસ્થિતિ આજે ગુજરાતમાં કોના કારણથી નથી રહી, કોણ સુપર સી.એમ. છે, કોણ સરકાર બદલે છે, કોણ નચાવે છે તેની તપાસ થવી જોઇએ.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી વી.ડી. ઝાલાવાડિયા(કામરેજ) : માનનીય અધ્યક્ષશ્રી, આજ રોજ માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે તેને હું મારું અનુમોદન આપું છું અને સામાન્ય ચર્ચામાં ભાગ લેતા હું મારા વિચારો ગૃહ સમક્ષ રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સેવાસેતુ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો ત્યારે આ કાર્યક્રમ ભારતમાં યુનિક હતો અને આજે પણ હશે. પ્રજાની સેવામાં કઇ રીતે મહત્તમ સમર્પિત થવું તે કદાચ આ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબથી વધુ કોઇ જાણતું નહીં હોય. આ દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ પહેલેથી જ દરેક કામમાં મિનિમમ ગવર્નમેન્ટ અને મેક્સીમમ ગવર્નન્સમાં માનનારા છે. સામાન્ય સમયમાં પણ આપણે પ્રજાને પોતાનાં વિવિધ કામો માટે સરકારી કચેરીઓમાં આવતી જતી જોઇએ છીએ. આ દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આનો પણ રસ્તો શોધી કાઢ્યો. લોકોને સરકાર પાસે જવાની જરૂરત ન રહે અને ખુદ સરકાર લોકો પાસે જાય અને પ્રજાને કહે કે લાવો તમારાં શું કામ છે? તેનું નામ જ સેવાસેતુ. એક સ્થળ પર સરકારની તમામ પ્રજાલક્ષી સેવાઓના લાગતા વળગતા વિભાગોના કર્મચારીઓ પોતાના કાફલા સાથે આવે અને પ્રજાને સ્પર્શતી ૫૬ જેટલી સેવાઓનું સ્થળ પર અરજીઓ સ્વીકારી તેનું નિરાકરણ કરવા સુધીની સેવાઓ આપવામાં આવે છે. દેશના તમામ વિપક્ષો શ્રી નરેન્દ્રભાઇની સફળતા માપવાના પ્રયત્નો કરે છે પણ સમજી શકતા નથી. શક્ય એ છે કે, આ ભાજપ જ છે કે તે આખે આખી સરકાર લઇને પ્રજાના દ્વાર સુધી જાય છે અને પ્રજાની સમસ્યાનું નિરાકરણ કરે છે. આ સરકારનું પ્રજા પ્રત્યેનું સમર્પણ સૂચવે છે કે, રાજ્ય સરકારના પારદર્શક, સંવેદનશીલ વહીવટી તંત્રને વેગવંતુ બનાવવાના હેતુથી નાગરિકોની વ્યક્તિતલક્ષી રજૂઆતોનો સ્થળ ઉપર નિકાલ થાય, એક જ સ્થળે જવાબો મળી રહે તે માટે રાજ્ય સરકારે તા.૫-૧-૨૦૧૬થી ગ્રામ્ય કક્ષાએ, તાલુકા કક્ષાએ તેમજ તા.૬-૧૨-૨૦૧૬થી શહેરી નગરપાલિકાઓ અને મહાનગરપાલિકા કક્ષાએ સેવાસેતુ કાર્યક્રમ યોજવાનું શરૂ કર્યું. ત્યાર બાદ જુદા જુદા સમયગાળાના વર્ષ ૨૦૧૭થી ૨૦૨૧ દરમ્યાન અન્ય ૬ સેવાસેતુ કાર્યક્રમો યોજેલ હતા. હાલમાં સેવાસેતુના કાર્યક્રમ હેઠળ કુલ ૭ તબક્કાઓ પૂર્ણ કરવામાં આવેલ છે. સેવાસેતુ કાર્યક્રમમાં પ્રજાના આવકના દાખલા, રેશન કાર્ડ, આધાર કાર્ડ, વિશિષ્ટ નાગરિકતા પ્રમાણ પત્ર, દિવ્યાંગતા પ્રમાણ પત્ર, વિધવા સહાય યોજના, વૃદ્ધ નિરાધાર સહાય યોજના, લર્નિંગ લાયસન્સ, ૭/૧૨ અને ૮ (અ)ના પ્રમાણ પત્ર, બસ કન્સેશન પાસ, નવું બેન્ક એકાઉન્ટ ખોલાવવું, પશુઓની સારવાર, લગ્ન નોંધણી પ્રમાણ પત્ર અને સુકન્યા સમૃદ્ધિ યોજના વગેરેને લગતી સેવાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આમ, આવી ૫૬ જેટલી સમસ્યાઓનું નિરાકરણ એક જ જગ્યાએ થઇ શકે છે. ગ્રામ્ય કક્ષાએ ૬થી

૮ ગામો વચ્ચે પ્રાન્ત અધિકારીની અધ્યક્ષતામાં જુદા જુદા ૧૩ અધિકારીઓની ટીમ દ્વારા એક કેમ્પ ગોઠવી સેવાસેતુ કાર્યક્રમ યોજાય છે. જ્યારે શહેરી વિસ્તારમાં મહાનગરપાલિકા વિસ્તારમાં સમગ્ર સમયગાળા દરમ્યાન ૪થી ૧૦ કાર્યક્રમો નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રીની અધ્યક્ષતામાં કુલ ૧૧ અધિકારીઓની ટીમ દ્વારા યોજાય છે અને નગરપાલિકા વિસ્તારમાં ૪થી ૫ વોર્ડનું એક યુનિટ બનાવી અને સમગ્ર રાજયની તમામ નગરપાલિકાઓમાં ૨થી ૩ કાર્યક્રમ જિલ્લા મ્યુનિસિપલ કમિશનરશ્રીની અધ્યક્ષતામાં કુલ ૧૧ અધિકારીઓની ટીમ દ્વારા યોજાય છે. આ કાર્યક્રમ દર અઠવાડિયે શુક્રવાર અને શનિવારે યોજાય છે, તેમાં ૫૬ સેવાઓનો ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં સમાવેશ કરવામાં આવે છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર જયારથી બની છે ત્યારથી આવી અનેક પ્રજાલક્ષી સમસ્યાઓ હોય એનું નિરાકરણ કરવા માટે કટિબદ્ધ છે. ઘણા મિત્રો અનેકવાર ટકોર કરતા હોય છે કે, તમે વાત વાતમાં શ્રી નરેન્દ્રભાઇના વખાણ કરો છો. મારે એ મિત્રોને કહેવું છે કે, અમારે શ્રી જવાહરલાલ નહેરુના વખાણ કરવા છે પણ *(xxx) અમે પણ અભિનંદન આપત. (અંતરાય) એવી જ રીતે સરદાર વલ્લભભાઇ પટેલનો તમારી સરકારમાં એક ફોટો મૂકવામાં નહોતો આવ્યો. જો તમે એ ફોટો મૂક્યો હોત તો અમે તમને અભિનંદન આપત. (અંતરાય)

અધ્યક્ષશ્રીઃ આપણે આ વિષયની તપાસ કરીશું. હું આ વિષયની તપાસ કરાવીશ અને ખોટું હશે તો રેકર્ડ ઉપરથી દૂર કરીશ.

શ્રી વી.ડી. ઝાલાવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે સરદાર વલ્લભભાઇ પટેલ માટે આવી અનેક બાબતો જે રીતે સરદાર વલ્લભભાઇ પટેલના નામે તમે આજે વાત કરો છો. આ દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇએ મહાત્મા ગાંધી મંદિર નિર્માણ કર્યું છે અને સરદાર વલ્લભભાઇનું તમે જ્યારે જરૂર હોય ત્યારે જ નામ લો છો બાકી સરદાર વલ્લભભાઇના નામનો તમે ખોટો ઉપયોગ કરો છો. આજે હું શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને અભિનંદન આપુ છું કે, ક્યારેય પણ કોણ ક્યા પક્ષના નેતા છે એ જોયા વગર જે લોકોએ આ દેશ માટે કામ કર્યું છે એ સૌને સાથે લઇને ચાલ્યા છે.

શ્રી જીગ્નેશકુમાર ન. મેવાણી(વડગામ) : માનનીય અધ્યક્ષશ્રી, આર. એસ. એસ. ઉપર સરદાર વલ્લભભાઇ પટેલે બેન મૂકયો હતો એમને બહુ પ્રેમપૂર્વક યાદ કરીને બજેટ ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બજેટ એ કોઇ પણ રાજય અને દેશની જનતાના જે સ્વપ્ના હોય એને રિફ્લેકટ કરતું હોવું જોઇએ. ગુજરાતની જનતાની અપેક્ષા હતી કે ખાલી પડેલા તમામ સરકારી પદોમાં ભરતી કરવામાં આવે, ગુજરાતના તમામ ખેડૂતોના દેવાની માફી આપવામાં આવે, કોરોનામાં જે લોકોએ પોતાના સ્વજનો ગુમાવ્યા છે એમના પરિવારોને ૪ લાખ રૂપિયા મળે અને ફિક્સ પગાર આઉટસોર્સીંગ કોન્ટ્રાકટની નાબૂદી થાય આમાંની કોઇ જ વાત આ બજેટમાં ન હોવાના કારણે આ બજેટ એ ગુજરાતની જનતા અને એના સ્વપ્નાની ઘોર ઉપેક્ષા કરનારું બજેટ છે. આ બજેટમાં શિક્ષણ અને આરોગ્યને ટોપ મોસ્ટ પ્રાયોરિટી આપવામાં આવે એવી અપેક્ષા હતી. સતત એવો સવાલ સત્તાધારી પક્ષના મિત્રો પૂછતા હોય છે કે કોંગ્રેસે ૭૦ વર્ષમાં શું કર્યું? તમે ૬,૧૮૮ જર્જરિત થયેલી આંગણવાડીને રિપેર કરી શકતા નથી અને સવાલ એને પૂછો છો જેણે પીઆરએલ બનાવ્યું, જેણે ઇસરો બનાવ્યું, જેણે આઇઆઇએમ બનાવ્યું, જેણે આઇઆઇટી બનાવ્યાં, જેણે એનઆઇડી બનાવ્યું અને જેણે સેપ્ટનો પાયો નાંખ્યો. તમારી સરકારમાં ૭૦૦ સ્કૂલોની વચ્ચે ફકત એક ટીચર છે *(xxx) ગુજરાતની અંદર વર્ષ ૨૦૦૨માં, ૨૦૦૫માં, ૨૦૦૭માં, ૨૦૧૦માં, ૨૦૧૫માં, ૨૦૨૦માં દર વર્ષે બજેટમાં કબૂલાત થાય કે ૩૫થી ૪૦ ટકા બાળકો વર્ષ ૨૦૦૨માં પણ કુપોષિત હતાં, વર્ષ ૨૦૧૨માં છે અને ૨૦૨૨માં પણ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ૧૦૦માંથી ૫૫ ટકા બહેનો એનેમિક છે એના માટે આ બજેટમાં કોંક્રિટ શું પ્રોવિઝન છે ? કશું જ નહીં. ગુજરાતની અંદર શિડયુલ કાસ્ટ, શિડ્યુલ ટ્રાઇબ અને માઇનોરિટી સમાજની વસતિ ટોટલ ૩૩ ટકા થાય છે. રૂપિયા ૨ લાખ ૪૪ હજાર કરોડના બજેટમાંથી આ દલિત, આદિવાસી અને મુસ્લિમ માટે રૂપિયા ૭૫ હજાર કરોડ ફળવાવા જોઇએ, તેના બદલે તેના ફકત ૧૦ ટકા સાડા સાત હજાર પણ તેના માટે બજેટમાં જોગવાઇ નથી. કોરોનાની પરિસ્થિતિમાં આરોગ્યનું તંત્ર જે પ્રમાણે ખાડે ગયેલું આપણે જોયું તે પરિસ્થિતિમાં ગુજરાતના ૧૯થી ૨૦ જિલ્લામાં એક બેઝિક એમ.આર.આઇ. અને સિટી સ્કેનના મશીન નથી. કોરોનાનો સચોટ ઉપચાર તો છોડો, તેના બેઝિક ડાયગ્નોસીસ માટે જે સી.બી.સી.નાં મશીન આપણાં પ્રાયમરી હેલ્થ સેન્ટરોમાં જોઇએ તે નથી. રાજયના આરોગ્ય મંત્રી કહી શકે કે ગુજરાતના એક પણ જિલ્લાના, એક પણ તાલુકામાં એક પીએસસી એવુ ખરું જે ઇન્ડિયન પબ્લિક હેલ્થ સ્ટાન્ડર્ડના નોર્મ્સ પ્રમાણેની ફેસેલિટીઝ હોય. આ પ્રમાણેના બજેટની અપેક્ષા ના હોય તો આ *(xxx)

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર સતત દલિત સમાજના ધારાસભ્યોએ ગૃહની અંદર રજૂઆત કરી છે કે, એક પણ સફાઇ કામદાર ગટરમાં ના મરે.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**શબ્દો રદ કરવા અંગે.**

શ્રી પૂર્ણેશ મોદી ( માર્ગ અને મકાન મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી સરકારનું અપમાન કરે છે *(xxx) શબ્દો રેકર્ડ ઉપરની દૂર કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : *(xxx) શબ્દો રેકર્ડ પરથી દૂર કરવામાં આવે છે.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૧૫મી માર્ચ ૨૦૨૨

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

શ્રી જીગ્નેશકુમાર ન. મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં ૨૫ વર્ષમાં રૂપિયા ૨૫ હજાર કરોડનો લોસ ગુજરાતના દલિત અને આદિવાસીઓને થયો છે તે ના થાય તેના માટેની કોઇ જોગવાઇ બજેટમાં નથી. ગુજરાતની અંદર બહેનોની સુરક્ષાનો પ્રશ્ન બહુ ગંભીર થયો છે એના માટે રાજયની સરકાર શું ક્રોંક્રિટ પ્લાનિંગ કરવા માગે છે ? કોઇ જ બજેટની અંદર વાત નથી. ગુજરાતની અંદર સામાન્ય જનતા સતત એ કહી રહી છે કે આરોગ્યના શિક્ષણનું બજેટ ડબલ કરો, ખાલી પડેલા સરકારી પદોમાં ભરતી કરો, આઉટ સોર્સિંગની નાબૂદી કરો. આ બધા મુદ્દા ઉપર આ બજેટ એક્ફ્શ્યુલન્ટલી સાઇલેન્ટ છે. આજે ગુજરાતની અંદર ૬૫થી ૬૮ લાખ જેટલા ખેતમજૂરો છે. દરેક ખેતમજૂરની અપેક્ષા હતી જે આદિવાસી અને ઓ.બી.સી. સમાજમાંથી આવે છે કે મનરેગાનું બજેટ ડબલ કરવામાં આવે. કેમ કે રોજગારીનો પ્રશ્ન ગ્રામિણ ગુજરાતમાં વિકટ છે. ભારત સરકારના નીતિ-આયોગના રિપોર્ટ મુજબ ઉત્તર ગુજરાતના...

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી જીગ્નેશકુમાર ન. મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, ખાલી પાંચ સેકન્ડ લઇશ. ભારત સરકારના નીતિ આયોગના રિપોર્ટ મુજબ વર્ષ ૨૦૪૦ સુધીમાં ૮૦ કરોડ લોકોને પાણીનો સિરિયસ પ્રશ્ન હશે. ઉત્તર ગુજરાતના ૨૪ તાલુકામાં ૧૨૦૦-૧૫૦૦ ફૂટે પાણી ગયું છે. મારા વિધાનસભા ક્ષેત્ર વડગામના કરબાવત તળાવ અને આખા ગુજરાતની અંદર નર્મદાની કેનાલનું નેટવર્ક બને એવું પણ કોઇ આયોજન બજેટમાં ના હોઇ હું સમર્થન કરી શકતો નથી.

શ્રી વિક્રમભાઇ અ. માડમ(ખંભાળીયા) : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બોલવા માટે તો ઘણું છે પણ મારી પાસે છ મિનિટ છે એટલે બહુ ટૂંકા મુદ્દાઓ રજૂ કરું છું. હું જે વિસ્તારમાંથી ચૂંટાઇને આવું છું તે દેવભૂમિ દ્વારકાની અંદર એક પણ ઉદ્યોગ નથી. ભાણવડમાં રોજી રોટીનું કોઇ સાધન નથી. કલ્યાણપુરમાં રોજી રોટીનું કોઇ સાધન નથી. હમણાં ઘણી કંપનીઓ આવી છે પણ સ્થાનિકોને રોજગાર મળતો નથી. રોજગાર માટેના આંકડા પૂછીએ તો ગોળ ગોળ આંકડા મળી જાય છે. તેના એડ્રેસ પૂછીએ તો જાણે સિક્રેટ પૂછતાં હોઇએ તેમ કોઇ જાતના આંકડા કોણ નોકરી કરે છે, કયાંનો વ્યકિત નોકરી કરે છે આવા કોઇ આંકડા આપવામાં આવતા નથી. ત્યાં બોક્સાઇટ ઉદ્યોગ હતો તે બોક્સાઇટ ઉદ્યોગની અંદર હજારો ટ્રક, હજારો લોકો, હજારો મજૂરો કામ કરતાં હતાં. છેલ્લા ત્રણ વર્ષથી એવું શું થયું કે બોક્સાઇટની અંદર એક ટને ૧૨૦ રૂપિયા રોયલ્ટી સરકારને ચૂકવવાની હતી સરકારે તે રોયલ્ટી ૮૫૦ રૂપિયા કરી નાંખી. કયારેય આવો તોતીંગ ભાવ-વધારો તે દુનિયાની અંદર કયાંય પણ મેં સાંભળ્યો નથી. કોઇએ સાંભળ્યો હોય તો મુબારક. શા માટે આ ઉદ્યોગને ખતમ કરી નાંખવામાં આવે છે ? શા માટે આ લોકોને ભૂખે મારવામાં આવે છે ? શા માટે નાણામંત્રી આના ઉપર ધ્યાન નથી દેતા ? સરકારની આવક બંધ થઇ છે, લોકોની રોજી રોટી બંધ થઇ છે અને આના જવાબદાર જો કોઇ હોય તો એ ગુજરાત સરકાર અને ગુજરાત સરકારના આયોજનના અધિકારીઓથી માંડીને જેણે કોઇએ આ બજેટની અંદર જે કોઇ આંકડાની રમતો રમી હોય તેને મુબારક છે. મારા ભાણવડની અંદર એક રાજાશાહી વખતનો ગુલાબ સાગર ડેમ જર્જરિત હાલતમાં છે. તેને રિપેર કરવા માટે છેલ્લા સાત વર્ષથી વારંવાર રજૂઆત કરી. મને આંકડા આપવામાં આવ્યા કે શ્રી વિક્રમભાઇ, તેના માટે ૧૮ લાખ અને ૭૮ હજાર રૂપિયા રિપેરિંગ માટે મંજૂર કર્યા છે. આ એક વર્ષ પહેલાં. આટલા રૂપિયાની અંદર તો એમનું એક ગાબડું પણ પૂરું ના થાય. શા માટે કરવામાં આવતો નથી તેની મને ખબર નથી. મારા ભાણવડ વિસ્તારની અંદર એક હડમતીયા ડેમ છે આ હડમતીયા ડેમનું જે તે સમયે શ્રી બાબુભાઇ બોખીરીયા મિનિસ્ટર હતા ત્યારે તેમણે તા.૨૩-૩-૨૦૧૬ના રોજ ખાતમુહૂર્ત કર્યું હતું અને બાજુમાં એક બીજા ડેમનું પણ ઉદ્ઘાટન કર્યું હતું.

અધ્યક્ષશ્રી : ગૃહનો વિરામનો સમય થયો છે શ્રી વિક્રમભાઇ માડમનું પ્રવચન ચાલુ રહેશે.

**( વિરામ સાંજના ૫-૩૦થી ૬-૦૦ )**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી વિક્રમભાઇ અ. માડમ (ક્રમશઃ) માનનીય અધ્યક્ષશ્રી, હું હડમતિયા ડેમની વાત કરતો હતો. આ ડેમમાં ઓછામાં ઓછા ૧૨થી ૧૩ ગામો વર્ષોથી પ્રયત્ન કરે છે. એમનું ૨૮૫ મીટરનું કામ છે પણ ૬૦ મીટરનું કામ કરી અને સ્થગિત કરી દેવામાં આવ્યું છે. તાત્કાલિક અસરથી જો આ ડેમનું કામ થાય તો ઓછામાં ઓછા ૧૭-૧૮ ગામોના ખેડૂતોને તેનો લાભ મળે તેમ છે. દેવભૂમિ-દ્વારાકામાં વિશાળ દરિયા કિનારો આવેલ હોવાથી માછીમારી એ એક બહુ મોટો ઉદ્યોગ છે. આ ઉદ્યોગના લીધે માછીમારો વિદેશી હૂંડિયામણ કમાઇને આપે છે પરંતુ એમને જોઈતી સુવિધાઓ અને ડીઝલમાં મળતી સબસિડી સમયસર મળતી નથી, પૂરી મળતી નથી ત્યારે આ બજેટમાં પૂરી જોગવાઈ કરી હોત તો મને ચોક્કસ આનંદ થાત. દેવભૂમિ-દ્વારકા છેવાડાનો જિલ્લો છે. તેનાથી આગળ કંઈ નથી. એક સજાનો જિલ્લો હોય તેવી રીતે કર્મચારી બદલીને આવે છે અને કોઈ કર્મચારી ઈચ્છતા નથી કે ત્યાં રહે. બધા કર્મચારીઓ કોઈને કોઈ કોશિશ કરીને અથવા તો કોઈ ફોલ્ટમાં આવીને એમની ફરિયાદ ઉપરથી એમની બદલી થઈ જાય છે. લગભગ બધાને અમદાવાદ તરફ પાછું આવવું છે. અમારી પીડા એ છે કે આ જિલ્લાને અલગ થયે ૮ વર્ષ જેટલો સમય થયો હોવા છતાં પણ પૂરતો સ્ટાફ નથી, પૂરતી સુવિધા નથી. પૂરતાં સાધનો નથી. આવી પરિસ્થિતિમાં અમારે કામ કરવું પડે છે. સારા કર્મચારીઓ ત્યાં સ્થાયી થાય અને વ્યવસ્થિત કામ કરે તો ત્યાંની પ્રજાનું થોડું કલ્યાણ થશે. આ

જિલ્લામાં શિક્ષકો સારા છે, શિક્ષકોનું કામ સારું છે, પરંતુ એમને જોઈતા પૂરાં સાધનો, પૂરતો સ્ટાફ, પૂરતી વ્યવસ્થા, પૂરા સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ મળતા ન હોવાથી શિક્ષણમાં બાળકોનું ભણતર ક્યાંકને ક્યાંક કાચું રહી જાય છે. મેં ઘડી ઉદ્યોગની વાત કરી હતી. એમનું કેમિકલયુક્ત પાણી દરિયામાં નાંખે છે. મેં વારંવાર સંકલન સમિતિમાં આ પ્રશ્ન પૂછ્યો પણ તેના રૂટિન જવાબ મળે છે. હકીકત એ છે કે એક કમિટી બનાવવામાં આવે, ચેક કરવામાં આવે તો વર્ષોથી બનેલી દરિયાઈ જીવ સૃષ્ટિ નાશ પામે છે તેનાથી પર્યાવરણને જતું ખૂબ મોટું નુકસાન અટકાવી શકાય તેમ છે. જો આવતાં દિવસોમાં આ વ્યવસ્થા કરવામાં આવશે તો મને ચોક્કસ આનંદ થશે. મેં માછીમારોની વાત કરી હતી. છેલ્લાં બે વર્ષમાં ૩૫૮ માછીમારોની ધરપકડ થઈ છે અને અત્યાર સુધી એક પણ માછીમાર છૂટ્યા નથી. ભૂતકાળમાં યુ.પી.એ. સરકારમાં અમે બોટો પણ છોડાવી હતી અને બોટ ન છૂટી હોય તો કેન્દ્ર સરકારે એક બોટ દીઠ રૂ. ૪૦ લાખ વળતર અપાવવાનો પણ પ્રયત્ન કર્યો હતો. ઘણા બધા લોકોને વળતર પણ આપ્યું છે. મારા એક મિત્રએ વાત કરી હતી કે કૉંગ્રેસની સરકારે કાંઇ કર્યું નથી તો આ મનરેગાની યોજના ગ્રામ્ય પ્રજાને ધ્યાનમાં રાખીને ગામડાના મજૂરોને રોજીરોટી મળે એના માટે થઈને કૉંગ્રેસની યુપીએ સરકાર લાવી હતી. ગામડાના લોકોને રોજી રોટી મળે તો શહેરીકરણ ઓછું થશે, ગામડાં પણ સમૃદ્ધ થશે. જે તે સમયે ખેડૂતોના ૭૨ હજાર કરોડ રૂપિયા માફ કરીને ખેડૂતોને બહુ મોટી રાહત આપી હતી. ખેડૂતોને જેટલી રાહત આપીશું તેટલા તે સદ્ધર થશે, મજબૂત થશે અને જેટલું અનાજ આ દેશ માટે ઉત્પન્ન કરશે તેટલો આ દેશને ફાયદો થશે. બહારથી અનાજ મંગાવવું નહિ પડે. ઘણી બધી યોજનાઓ છે, ઘણા બધા પ્રશ્નો છે પણ સમયની મર્યાદા છે એટલે હું આ સરકારને વિનંતી કરું છું કે આપે સારું બજેટ આપવાનો પ્રયત્ન કર્યો હશે પણ જેટલી ક્ષતિઓ રહી ગઈ છે તેટલી ક્ષતિઓ સુધારીને આપ આગળ વધશો તો મને આનંદ થશે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈ જે બજેટ લઈને આવ્યા છે તેને આવકારું છું અને સમર્થન આપું છું સાથે સાથે મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં સામે પક્ષેથી શ્રી સી. જે. ચાવડા, શ્રી શૈલેષભાઈ, શ્રી બળદેવભાઈ બધાએ બજેટ વિશે પોતપોતાના વિચારો રજૂ કર્યા. મેં બહુ શાંતિથી સાંભળ્યા છે એટલે મારી વિનંતી છે કે એ પણ મને શાંતિથી સાંભળે. હું પણ શોધું છું એ કૉંગ્રેસ કાંડના હુલ્લડો, એ વારંવાર કર્ફ્યુ, એ રોજ થતા હત્યાકાંડો, એ સૈન્યની શહેરમાં કૂચ, એ દહેશત, એ ભય, એ સન્નાટો, એ આગજની. હું પણ શોધું છું એ પોરબંદરની માફિયાગીરી, એ સલાયાની દાણચોરી, એ ભરૂચની લુખ્ખાગીરી, એ લતિફનું રાજ, રિસાલદારનો દરબાર, એ ભડકે બળતું અમદાવાદ, એ ભડભડ સળગતું વડોદરા, (અંતરાય) પ્લીઝ. એ સળગતાં શહેરો, ખાખ થતા નગરો, એ બડબડતાં ગામડાં અને ભસ્મ થતા મહાનગરો. હું પણ શોધું છું એ રોજેરોજનો પાણી કાળ, એ તરસતું કચ્છ, એ વલખાં મારતું સૌરાષ્ટ્ર, એ તરસે ટળવળતું ઉત્તર ગુજરાત, એ રાશનની કતારો, એ ભાંગેલા રસ્તાઓ, એ બિસ્માર રાજમાર્ગો, એ ખખડધજ બસો, એ ખંડેર જેવા બસ સ્ટેન્ડ. હું પણ શોધું છું એ રોજ થતા બોમ્બ બ્લાસ્ટ, એ આતંકી હુમલાઓ, ૩૬૫ માંથી ૧૮૦ દિવસ ભરૂચમાં કર્ફ્યુ રહ્યો, એ શોધું છું. હું પણ શોધું છું કોમનવેલ્થ કૌભાંડો, એ કોલસાની દલાલી, એ ટુજીનું ભોપાળું, એ આદર્શ થયેલો ગોટાળો, એ સંરક્ષણ સોદાની દલાલી, એ પી.એમ. કરતા શકિતશાળી જમાઇ, સર્વશકિત સમાન મેડમ, એ રામની કાલ્પનિક કહેવાવાળા. હું પણ શોધું છું, બહુ તલાશ કરી પણ કોઇ મળતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીને જે મત આપ્યા છે. આટલા બધા લોકોએ કીધું કે ૨૭ વર્ષથી તમારું રાજ છે. ત્યારે મારે કહેવું છે કે, વન વોટ ટુ બી.જે.પી. ઇઝ સી.એ.એ.નો કાયદો, રેરા એક્ટ, રામમંદિરનું નિર્માણ, ત્રણ કરોડ ઘરો, ઊજ્જવલા યોજના, સાડા અગિયાર કરોડ ટોઇલેટ બ્લોક, મુદ્રા યોજના, પી.એમ. ફસલ વીમા યોજના, ઊજાલા એલ.ઈ.ડી. બલ્બ, લાર્જેસ્ટ વેક્સિનેશન ડ્રાઇવ, ત્રિપલ તલાક, ૧૫ નવા આઇ.આઇ.એમ. (અંતરાય) હું કયારેય બોલતો નથી જયારે તમે બોલો છો ત્યારે.

અધ્યક્ષશ્રી : શ્રી પ્રતાપભાઈ, વારંવાર ઉભા થઇને બોલો છો. તમારી સ્પીચ હોય ત્યારે કોઇ આવું કરતું નથી. આપ બેસો, નહીં પ્લીઝ. આવું બિલકુલ ન ચાલે. સતત તમને કહીએ છીએ છતાં તમે વચ્ચે બોલ, બોલ કરો છો. આવું થોડું ચાલે? શાંતિથી બોલવા દો ને, તમારો સમય આવે ત્યારે તમે બોલજો. શ્રી અંબરીશભાઈ, તમે બોલતા હતા ત્યારે કોઇ વચમાં બોલ્યું નથી. આપ બેસો. વચ્ચે કોઇને બોલવાનું નથી, બેસો. કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર અત્યારે નહીં. એમની સ્પીચ પૂરી થાય પછી, બેસો.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ટૅરેરિસમ ગ્રોથ, ૧૫ નવા એ.આઇ.એમ.એસ., ૩૫ નવા એરપોર્ટ, ટ્રાન્સજેન્ડર એક્ટ, મોટર વ્હીકલ એક્ટ, નવી એજ્યુકેશન પોલિસી, ૧૪૧ યુનિવર્સિટી, ૭ આઇ.આઇ.ટી. ૭ આઇ.આઇ.એમ, ૯૦ મેડિકલ કોલેજ, રેડ્યુસ્ડ કોર્પોરેટ ટેક્સ, કિસાન સન્માન નિધિ, સર્જિકલ સ્ટ્રાઇક, બાલાકોટ સ્ટ્રાઇક, પી.એમ. જન ધન યોજના, આજે ભારત દેશ સેકન્ડ લાર્જેસ્ટ મોબાઇલ મેન્યુફેકચરર, આજે ભારત દેશ ફોર્થ લાર્જેસ્ટ ઓટોમોટિવ માર્કેટ, સી.બી.ટી. ઇકોનોમિક ઓફન્ડર એક્ટ, કલોથ મેન્યુફેકચરિંગ, શુગર પ્રોડકશનમાં આજે આપણે કયાં છીએ? એ જોવાની જરૂર છે. સેવન્થ પે કમિશન, એમ.એસ.પી. વધારો, જી.એસ.ટી સ્લેબનું રિડેકશન, બ્લેક મની રિકવર્ડ, હાઇએસ્ટ ફૂડ ગ્રેન પ્રોડકશન ઇન વર્ષ ૨૦૨૧, હર ઘર જલ યોજના, સ્ટેચ્યુ ઓફ યુનિટી, ડેથ પેનલ્ટી ફોર ચાઇલ્ડ રેપ, ૫૮ રિડન્ડન્ટ લો, જે કાયદા કામના ન હતા એને હટાવ્યા. ફીટ ઇન્ડિયા મૂવમેન્ટ, લેબર સેફ્ટી બિલ, લાઇફ ટાઇમ હાઇ ફૉરેસ્ટ રિઝર્વ, રૂપિયા ૨૭.૧

લાખ કરોડનું આત્મનિર્ભર પેકેજ, સોઇલ હેલ્થ કાર્ડ, ક્રોપ ઇન્સ્યુરન્સ, નીમ કોટેડ યુરિયા, એની સાથે સાથે ૫ કરોડ ઘોસ્ટ એકાઉન્ટ ટર્મિનેટેડ, ૪.૭૯ કરોડ બોગસ એલ.પી.જી. કનેક્શન કેન્સલ્ડ, ૩.૧ કરોડ ફેક બેનીફિશિયરીઝ, જે લોકો ટ્રસ્ટ બનાવીને લૂંટતા હતા એમને મનરેગા એક્ટ હેઠળ ફીટ કર્યા. ૨.૯૮ કરોડ ફેક રેશન કાર્ડ કેન્સલ્ડ, ૯૮.૮ લાખ ફેક આંગણવાડી બેનીફિશિયરીઝ રિડ્યુસ, ૩.૩૮ લાખ શેલ કંપની ડી-રજીસ્ટર્ડ, ૧૧.૪૪ લાખ ફેક પેન કાર્ડ ડીએક્ટિવેટેડ, ૧૨.૮૬ લાખ માઇનોરિટી બેનીફિશિયરીઝ રિમૂવ્ડ, ૭ લાખ પ્લસ ફેક સ્કોલરશિપ ટર્મીનેટેડ, આ શ્રી કનુભાઇ જે બજેટ લઇને આવ્યા છે એ આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત, ભારત આજે જોવા જાઓ તો ફાઇવ ટ્રિલિયન ઇકોનોમીની બહુ નજીક છે, અને બહુ ઓછા દિવસની અંદર આપણે ફાઇવ ટ્રિલિયન ઇકોનોમીને ક્રોસ કરીશું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : શ્રી પ્રતાપભાઇ, તમે બોલ્યા વગર રહી શકતા નથી?

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : હવે આ વધારે પડતું થાય છે.

અધ્યક્ષશ્રી : હવે જો તમે વચ્ચે બોલશો તો હું પગલાં લઇશ. એમની સ્પીચ પતે પછી હું તક આપીશ. કોઇ પણ સભ્ય બોલતા હોય ત્યારે વચ્ચે પોઇન્ટ ઓફ ઓર્ડર નહીં આપું. સભ્યનું પ્રવચન પતે પછી જ પોઇન્ટ ઓફ ઓર્ડરની મંજૂરી આપીશ.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૦-૨૧ની અંદર રૂપિયા ૧ લાખ ૬૩ હજાર કરોડનું એફ.ડી. આઇ. આવ્યું. તમને ખબર છે આ એફ.ડી. આઇ. એ ૩૭ ટકા દેશનો હિસ્સો આમાં કવર થાય છે. થર્ટી સેવન પર્સન્ટેઝ એફ.ડી. આઇ. આપણને મળ્યું છે. પાંચ ટકાની વસતિ છે, પાંચ ટકા જીયોગ્રાફીકલ એરિયા છે અને તેમ છતાં રૂપિયા ૧ લાખ ૬૩ હજાર કરોડનું એફ.ડી.આઇ. પ્રાપ્ત થયું છે એ શું દર્શાવે છે? પરફોર્મન્સ બેઇઝ ગવર્નન્સ. હું ત્રીજીવાર વિધાનસભામાં બોલું છું. ભારતીય જનતા પાર્ટી પરફોર્મન્સ બેઇઝ ગવર્નન્સ, પોલિટિક્સ ઓફ પરફોર્મન્સ અને પોલિટિક્સ ઓફ એકાઉન્ટિબિલિટી, આપ જોવા જાઓ, ગયા અઠવાડિયામાં પાંચ રાજયની ચૂંટણીમાં ખબર પડી ગઇ છે. આ પરફોર્મન્સ ઓફ ગવર્નન્સ છે. નહીં કે બોલી બોલીને અહીંથી જતા રહેવું, એ યોગ્ય નથી. એની સાથે સાથે ભારતીય જનતા પાર્ટી તમે જોશો, ૨૭ વર્ષથી રાજ કેમ કરે છે તેનું કારણ છે ડેવલપમેન્ટ વીથ જસ્ટીસ. ગ્રોથ વીથ ઇક્વાલિટી, અને ટેકનોલોજી વીથ હ્યુમન ફેસ, ન્યાય સાથે વિકાસ, સમાનતા સાથે વૃદ્ધિ અને સંવેદનશીલતા સાથે ટેકનોલોજી, મીનીમમ ગવર્નમેન્ટ, મેક્સીમમ ગવર્નન્સનો મતલબ છે આજે ગુજરાત મેઇક ઇન ઇન્ડિયામાં સૌથી વધારે કોઇ આઇડીયલ સ્પોટ હોય તો તે ગુજરાત છે. આપણે કોઇ લાવ્યા નથી, પણ આ વહીવટના કારણે, સરકાર જે રીતે ચાલી છે તેના કારણે ઇઝ ઓફ ડૂઇંગ બિઝનેશ, આજે તપાસ કરો, માનનીય લલિતભાઇ સવારે ઇન્ડસ્ટ્રી પર બોલતા હતા, મારે કહેવું છે શ્રી લલિતભાઇને, કે આત્મનિર્ભરથી શું મળ્યું છે? આ જી.એસ.ટી. ટેકસ કલેકશન આપણે જોઇ શકીએ છીએ, કેમ રૂપિયા ૧ લાખ કરોડ આ મંદીની અંદર ક્રોસ કરે છે. વિશ્વની અંદર મંદી છે ત્યારે ગુજરાત એક એવું સ્પોટ છે કે જયાં તમામ ઉદ્યોગોની અંદર મંદી નથી ત્યાં તેજી છે અને ટેક્સ કલેકશનના રિફોર્મ આપણને બતાવે છે. આત્મનિર્ભર ભારતની મેં વાત કરી, શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ વાય હી ઇઝ ધ બેસ્ટ પ્રાઇમ મિનિસ્ટર ઇન ધ વર્લ્ડ, આજે સૌથી મજબૂત નેતા કેમ છે? કારણ કે જે પ્રકારની નીતિ અને જે પ્રકારનો વહીવટ અને જે પ્રકારનું એમણે રાજ આપ્યું છે, આજે તમામ લોકો એમને પસંદ કરે છે, ગુજરાતની ઇમેજની પાછળ આમ જોવા જઇએ તો બે દાયકાનું કુશળ અને દીર્ઘદ્રષ્ટિવાળું નેતૃત્વ રહેલું છે. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને આ દેશના યશસ્વી વડાપ્રધાને જે પ્રકારે સર્વાંગી વિકાસ એમણે અથાગ પ્રયત્નોથી કર્યો છે એ જ ટ્રેક ઉપર આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને આખી એમની ઉર્જાવાન બ્રીગેડ, એ આત્મ વિશ્વાસ સાથે એ ટ્રેક પર આગળ વધી રહી છે ત્યારે આ બજેટને હું સ્વીકારું છું. આમાં કોઇ ક્રિટીસાઇઝ કરવાનો એક પણ પોઇન્ટ નથી. કોઇ ન્યૂઝ પેપરે એને ક્રિટીસાઇઝ નથી કર્યું. બધી જ જગ્યાએથી જોઇએ તો બધા જ સેકટર આવરી લીધા છે. કોઇ એક સેકટર તમારે બોલવા માટે બાકી નથી. ત્યારે હું શ્રી કનુભાઇ દેસાઇ જે બજેટ લઇને આવ્યા છે તેને અભિનંદન અને સમર્થન આપું છું.

શ્રી અંબરીશભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ જ ઉત્સાહી અને અભ્યાસુ ધારાસભ્યશ્રી દુષ્યંતભાઇએ જે વાત કરી છે એમાં મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે અને ઇન્ફર્મેશન પણ છે. પ્રધાનમંત્રી ફસલ વીમા યોજનાની એમણે જે વાત કરી છે એ ફરજિયાત હવે નથી, એ મરજિયાત છે અને જો બહુ સારી હતી તો એને ફરજિયાતમાંથી મરજિયાત શા માટે કરી? અને મારા વિસ્તારમાં આજે પણ વર્ષ ૨૦૧૯થી હાર્વેસ્ટનો વીમો ૯ કરોડ રૂપિયા એક જ વિધાનસભાનો બાકી છે. એટલે મારા વિસ્તારના લોકો પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના નહીં પણ પ્રધાનમંત્રી ફસા જા વીમા યોજના આજે પણ કહે છે અને હું વિનંતી કરું છું...

અધ્યક્ષશ્રી : આપનો કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર બનતો નથી. આવો પોઇન્ટ ઓફ ઓર્ડર ન હોય.
આમાં કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર ન હોય.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય દુષ્યંતભાઇ ખૂબ સિનિયર ધારાસભ્યશ્રી છે. હાઉસની અંદર આ પક્ષના કે તે પક્ષના સભ્યનું અપમાન થાય તેવું વર્તન ચલાવી લેવાય નહિ. પાંચ ટ્રિલિયનમાં ૧૨ મીંડા છે કે ૧૩ મીંડા છે એ પૂછવાનો કોઇપણ સભ્યને અધિકાર નથી. મારી દ્રષ્ટિએ આવા સભ્યને આપે ટકોર કરવી જોઇએ. આપ વારંવાર ટકોર કરો છો તેમ છતાં એ કોઇપણ સભ્યનું માન રાખતા નથી.

અધ્યક્ષશ્રી : માનનીય અંબરીશભાઇ, માનનીય મંત્રીશ્રી બોલે છે ત્યારે આપ ઉભા થઇને બોલવાનું ચાલુ રાખો એ બરાબર નથી. આપ પહેલા મારી વાત સાંભળો. તમે કહ્યું કે પોઇન્ટ ઓફ ઓર્ડર. તમે તમારા વિસ્તારનું કલેરિફિકેશન અત્યારે

કેમ માગો છો? શ્રી કનુભાઇ દેસાઇ જવાબ આપે ત્યારે પ્રશ્ન પૂછજોને? હું તમને તક આપીશ. કોઇની સ્પીચ વચ્ચે બોલવું એ યોગ્ય નથી. દર વખતે કાંઇને કાંઇ માનનીય પ્રતાપભાઇ દૂધાત અને શ્રી અંબરીશભાઇ કોઇની સ્પીચ હોય ત્યારે વચ્ચે કોમેન્ટ કરતા જ હોય છે. આ રીતે ગૃહ ન ચાલી શકે અને આવી તમારી વર્તણૂક ચલાવી લઇશ નહિ. આ છેલ્લી ટકોર તમને કરું છું.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપે અમારું રક્ષણ કરવું જોઇએ. ૧૫ દિવસથી જે પરંપરા બની છે આ ગૃહમાં વિરોધપક્ષ છે એ ભાગીદાર છે ભાડૂઆત નથી. ટ્રેઝરી બેંચના લોકો અહીંયાથી કોઇપણ વાત રજૂ કરે છે.

અધ્યક્ષશ્રી : આવો કોઇ વિષય નથી. બધું સારી રીતે ચાલે છે, બધા સરસ રીતે વાત કરે છે. વચ્ચે વચ્ચે બોલવું અને કોઇને ટોકવા એ બરાબર નથી.

શ્રી પરેશ ધાનાણી : આપ તો માતા છો અને માતાએ બાળકોનું રક્ષણ કરવાનું હોય છે. કોઇ વાત સભ્યશ્રી કરે...

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, મારી વાત સાંભળો. આવી વાતમાં તમે ન પડો. તમારા સભ્યો જયારે આવું વર્તન કરે છે ત્યારે આવું ન કરાય. તમારા કોઇપણ સભ્ય બોલતા હોય ત્યારે આ બાજુથી કોઇ બોલતું નથી. હું જોઉં છું અને કોઇપણ વચ્ચે બોલે તો હું એને ટોકું પણ છું. માનનીય અંબરીશભાઇ, શ્રી પ્રતાપભાઇ દૂધાત અને શ્રી વિરજીભાઇ વારંવાર ઉભા થઇને કોઇપણ સભ્ય બોલતા હોય એને ટોકે છે એવું ન ચાલે. ગૃહ એના નિયમોથી અને બંધારણથી ચાલે છે. આવી રીતે ન ચાલે.

ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે રક્ષણ શિસ્તને હોય અશિસ્તને રક્ષણ ન હોય.

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. અહીંયા સભ્યશ્રીઓ કહે છે કે શ્રી વલ્લભભાઇની હાઇટ અમને નડે છે પણ શ્રી વલ્લભભાઇનું નામ જ એટલું જ ઉંચે છે, એની હાઇટ ઘણાને નડી છે અને નીચી કરવા કોશિશ કરી છે.

અધ્યક્ષશ્રી : આવો પોઇન્ટ ઓફ ઓર્ડર ન હોય. માનનીય રાજેન્દ્રસિંહ પરમાર.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(બોરસદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી ચાલુ વર્ષ સન ૨૦૨૨-૨૩નું બજેટ લઇને આવ્યા છે, એમાં કોઇ પોલિટિકલ ઓબ્ઝર્વેશન વગર મારે આપને વાત કરવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં ૨૨ વર્ષથી આ ગૃહમાં આવું છું. ૨૨ વર્ષ એટલે કે મારી આ પાંચમી ટર્મ છે. છેલ્લાં દસ વર્ષથી બે શબ્દોથી હું થાકી ગયો છું. એક લાખ લાખ અભિનંદન, શ્રી નરેન્દ્રભાઇનું નામ અને વિકાસ. આ વિકાસ વર્ષ ૨૦૧૭માં મારે માનનીય નીતિનભાઇની બાજુમાં જ આપણા પૂર્વ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અત્યારે અહીંયા હાજર નથી. સન ૨૦૧૭માં મુવાલ મુકામે જાહેરસભામાં એમણે બજેટ ઉપર ચૂંટણી સમયે વાત કરી હતી. મારો નદી કિનારાનો આખો કાંઠો સામે નદી કિનારો જંબુસર જાહેરસભામાં એમણે વાત કરી હતી કે બદલપુર તીથોલનો આડબંધ માટે ૨૦૦ કરોડ રૂપિયા બજેટમાં મૂકીને ચાલુ વર્ષે ચાલુ થઇ જશે આજે હું એ શોધું છું કે એ બંધ કયાં છે? જાહેરમાં વાત કરી હતી. ૧૦૦ કરોડ રૂપિયાનો પાદરાથી જંબુસર ફોરલેન થઇ જશે આજે હું એને પણ શોધું છું. રૂપિયા ૧૫ લાખવાળા તો મળતા જ નથી. બધા જ મોટા મોટા બજેટની વાત કરે ત્યારે મારે થોડી વાત કરવી છે. ડુંગર જેટલું આપણું બજેટ. ડુંગર ખોદ્યો, નીકળ્યો ઉંદર. દેશના શિક્ષણ વિશે કહું, જે પોલિટિકલ લોકો સોનાના મંદિરોની વાત કરે અને મારા ગુજરાતના સરસ્વતીના મંદિર, પ્રાઇમરી સ્કૂલોના અને આંગણવાડીના કેન્દ્રો પાણીથી જર્જરિત થાય એ રાજ્યનો ક્યારેય વિકાસ ન થઇ શકે. કેટલી સ્કૂલો. શિક્ષણ સુધર્યું હોવાનો દાવો પોકળ. રાજ્યના ૧૭ જિલ્લામાં એક પણ જિલ્લા નિરીક્ષક નહીં. રાજ્યમાં કેળવણી નિરીક્ષકની ૯૫ ટકા જગ્યા ખાલી. રાજ્યમાં ૫૬૩ કેળવણી નિરીક્ષકોની જગ્યા ખાલી. રાજ્યમાં તાલુકા શિક્ષણ અધિકારીની ૯૩ જગ્યાઓ ખાલી. આપણા શિક્ષણ મંત્રી ભાવનગર જિલ્લાના છે. ભાવનગર જિલ્લામાં ૪૨ કેળવણી નિરીક્ષકમાંથી માત્ર એક જગ્યા ભરેલી છે. પંચમહાલ, અમરેલી, રાજકોટ, અરવલ્લી અને સાબરકાંઠામાં એક પણ કેળવણી નિરીક્ષક નહીં. દાહોદ, પોરબંદર, નર્મદા, છોટાઉદેપુર અને વડોદરામાં એક પણ કેળવણી નિરીક્ષક નહીં. બોટાદ, જામનગર, વલસાડ, દેવભૂમિદ્વારકા એક પણ કેળવણી નિરીક્ષક નહીં. ડાંગ, સુરત, નવસારીમાં પણ કેળવણી નિરીક્ષકની જગ્યા ખાલી છે. રાજ્યમાં ૭૦૦ શાળાઓમાં માત્ર એક જ શિક્ષક છે. આપણે શિક્ષણ આગળ લઇ જવાની વાતો કરીએ છીએ. કઇ રીતે બજેટમાં આપણે સંમત થઇએ? મેં કહ્યું એમ હું ૨૨ વર્ષથી વિધાનસભામાં આવું છું. ક્યારેય મેં પોલિટિકલ ઓબ્ઝર્વેશન નથી કર્યા. ૧૦ વખત મેં વિધાનસભામાં કહ્યું હશે કે મારો પાદરા તાલુકો, બોરસદ તાલુકો ખારાશવાળો, ૨૦૦૦ ટી.ડી.એસ.વાળું પાણી અમે પીએ છીએ. એક આડબંધ ન બનાવી શકીએ? મુખ્યમંત્રી જેવા જાહેરાત કરે તો પણ ન બનાવી શકીએ? અમારા શ્રી નીતિનભાઇ પટેલ સાહેબ હતા કે મારો જિલ્લો નવો બન્યો. મને આજે સિવિલ હોસ્પિટલ નથી મળી. મંજૂર થઇ ગઇ, જગ્યા નથી. બે-બે વખત જગ્યા મંજૂર થઇ. હું જે ગામમાંથી આવું છું. વર્ષ ૨૦૧૬માં પી.એચ.સી. સેન્ટર મંજૂર થયું, જમીન આપી, બધું જ આપ્યું પણ આજ દિન સુધી તેનો પાયો ખોદ્યો નથી. આ વર્ષ ૨૦૨૨ આવ્યું, ત્યારે તેને આપણે કઇ રીતે વિકાસ કહીએ?

માનનીય અધ્યક્ષશ્રી, દેશ અને રાજ્યની હાલની પરિસ્થિતિ જોતાં બેરોજગાર યુવાનો પર એક ફિલ્મ બનાવી જોઇએ. મોંઘવારી પર ફિલ્મ બનાવો, શિક્ષણના વેપાર પર ફિલ્મ બનાવો. સરકારી ભરતીના પેપરલીક પર ફિલ્મ બનાવો અને પછી કરો કરમુક્ત. દેશનું ભવિષ્ય આ જોવા માગે છે. આ ગુજરાતની પ્રજા. મારે ખાસ કરીને માથાદીઠ આવકની વાત કરીએ છીએ. અમૂલની વાત થાય છે. હું અમૂલમાં પણ ૧૭ વર્ષથી છું. અહીં અમૂલની બહુ મોટી વાતો થાય. ગુજરાતમાં આ એક એવો સંઘ છે, હું જાહેરમાં કહું છું કે બનાસ હોય, સાબર હોય, મહેસાણા હોય તેનું જાહેર દેવું કેટલું છે અને અમૂલનું કેટલું જાહેર દેવું છે એ

જરા તપાસો. ફક્ત રૂપિયા સવાસો કરોડનું દેવું. બીજા સંઘોમાં સરકારી પ્રતિનિધિ ન મૂકાય. અમૂલમાં ત્રણ સરકારી પ્રતિનિધિ મૂકાય. હું કોંગ્રેસનો છું એટલે? હું ૧૭ વર્ષથી અમૂલમાં છું. ક્યારેય મેં ભારતીય જનતા પાર્ટી કે કોંગ્રેસનું વિચાર્યું નથી. આજે સૌથી વધારે પૈસા ચૂકવતી હોય તો અમૂલ ડેરી ચૂકવે છે. ૧૪-૧૪ મહિનાથી ત્યાં બોર્ડ ન મળે. અમારું દૂધ વધતું જાય. તેનો કોઇ રણી-ધણી નહીં? સાડા છ લાખ લોકોની વાત કરીએ. અમૂલના નામે ૧૮ સંઘ ચાલે. ૩૫ લાખ કુટુંબ દરરોજના દૂધ ભરે. એક લીટર, બે લીટર દૂધ. અમૂલના નામે દરરોજ અઢી કરોડ લીટર દૂધ થાય. અમૂલને અન્યાય? શા માટે? કયું કારણ? ૯૩ની કલમ લગાવી દેવાની? ૨૮ કરોડ રૂપિયાનું બોર્ડ ઓફ ડિરેક્ટરે ઉઘરાણું કર્યું. સહકાર મંત્રીને મારે કહેવું છે કે વર્ષ ૧૯૬૪માં ત્રિભુવનદાસ ફાઉન્ડેશનની સ્થાપના થયેલી... ત્યારે મારે એ કહેવું છે કે આરડા એટલે શું? લીટરે ૩૦ પૈસા કાપીએ. વર્ષ ૧૯૬૪માં અમારા બાયલોજ મુજબ અમે ૩૦ પૈસા કાપીએ. દરેક સંઘ, બધા જ પૈસા કાપે છે. બનાસ પણ કાપે છે. સાબર પણ કાપે છે. બનાસ ગલબાભાઇ ટ્રસ્ટ તરીકે કાપે છે. મહેસાણા પણ કાપે છે. દરેક સંઘ પૈસા કાપે છે...

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય શ્રી કુંવરજીભાઇ બાળવળીયા.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા(જસદણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી આદરણીય કનુભાઇ દેસાઇ જે વર્ષ ૨૦૨૨-૨૩નું બજેટ લઇને આવ્યા છે અને એમાં ખાસ કરીને મારા ભાગે પાણી પુરવઠા અને જળ સંપત્તિની વાત કરવાની આવી છે એની અંદર જે છેલ્લાં વર્ષોમાં ઉત્તરોત્તર પીવાના પાણી માટેની જે જોગવાઇઓ કરવામાં આવે છે અને એના ભાગરૂપે ચાલુ વર્ષે પણ જે રીતે આ બજેટની અંદર રૂ. ૫,૪૫૧ કરોડની જોગવાઇ કરીને છેવાડાના વિસ્તારોમાં કે જે પીવાના પાણીથી વંચિત છે એવા વિસ્તારોમાં પીવાનું પાણી પહોંચાડવા માટે બજેટમાં જોગવાઇ કરતા આવ્યા છે અને એમાં પણ શ્રી કનુભાઇએ આ વખતે એજ પ્રમાણે વિશેષ જોગવાઇ સાથે આ બજેટમાં પીવાના પાણી માટેનું મહત્ત્વ આપ્યું છે ત્યારે હું આદરણીય નાણામંત્રીશ્રી કનુભાઇને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં કેટલાંક વર્ષોથી હું જોતો આવ્યો છું કે પીવાના પાણી માટે જે રીતે ભૂતકાળની અંદર હું જયારે પ્રથમ વખત આ વિધાનસભાગૃહમાં ધારાસભ્ય તરીકે આવ્યો એ વખતે મારા વિસ્તારની અંદર પીવાના પાણી માટેની જે પરિસ્થિતિ હતી અને એ વખતે આ વિધાનસભાગૃહની અંદર મેં પીવાના પાણીનો પ્રશ્ન પૂછયો હતો. મુખ્યમંત્રી તરીકે માનનીય કેશુભાઇ હતા, પાણી પુરવઠા વિભાગના મંત્રી તરીકે માનનીય નરોત્તમભાઇ હતા. સૌરાષ્ટ્રમાં પીવાના પાણીની સમસ્યાની કલ્પના માનનીય કેશુભાઇને હતી પણ માનનીય નરોત્તમભાઇને નહીં હોય, એમણે એ જ વખતે મારા વિસ્તારની અંદર પાણી પુરવઠા વિભાગના સચિવને મોકલ્યા અને એ વખતે જે પરિસ્થિતિ જોઇ કે નદીઓમાં પાણી સૂકાઇ ગયા, બોરમાં, કૂવામાં પાણી ઉંડા ગયેલા, એક બેડા માટે સૌરાષ્ટ્રના અમૂક વિસ્તારની બહેનોએ ખૂબ દૂર દૂર સુધી કૂવાના કાંઠે બેડું લઇને પાણી સીંચવા જવું પડે છતાં પીવાનું પાણી મળતું નહોતું એવી પરિસ્થિતિમાંથી પસાર થતા અને આ હું એટલા માટે એમને યાદ કરું છું કે એ વખતના માનનીય મુખ્યમંત્રીશ્રી કેશુભાઇએ અને એ વખતે પાણી પુરવઠા વિભાગના મંત્રીશ્રી માનનીય નરોત્તમભાઇએ સૌ પ્રથમ વખત સૌરાષ્ટ્રમાં મારા વિસ્તારની અંદર પીવાના પાણી માટેની મહી પરીએજ આધારીત એક યોજના બનાવી અને એ નાવડાથી અમારા વિસ્તારની અંદર સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ વખત પીવાના પાણીની યોજના બનાવી, જો એ યોજના ન બની હોત તો પછીના દિવસોમાં સૌરાષ્ટ્રના કેટલાય વિસ્તારો અને આપના વિસ્તારની અંદર પણ મેં જોયું છે કે કેટલાય વિસ્તારો ખાલી થઇ ગયા હોત અને કેટલાય વિસ્તારોમાં લોકોને ત્યાં રહેવું અસહ્ય બન્યું હોત. સૌરાષ્ટ્રનો વિસ્તાર, ઉત્તર ગુજરાતનો વિસ્તાર, કચ્છનો વિસ્તાર હોય ત્યાં પાણીની સગવડ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સદસ્યશ્રીઓ હમણાં વાત કરતા હતા, કદાચ કયાંક ચૂક થઇ હશે, અમારા પાણી પુરવઠા વિભાગના મંત્રીશ્રી પણ અત્યારે ખૂબ જાગૃત છે. જે તે વખતે જાહેરાત થઇ હશે, ચોકકસ તમારા વિસ્તારની અંદર પીવાના પાણીની મુશ્કેલી ના પડે એવું હું એમના વતી પણ તમને આશ્વાસન અને ખાતરી આપું છું. કોઇ વિસ્તારની અંદર પીવાના પાણીની મુશ્કેલી ના પડે એવું અમે જોતા આવ્યા છીએ. એક કહેવત છે, ' જલ એ જીવન', આ યુકિતને ચરિતાર્થ કરવા માટે સમગ્ર જીવ સૃષ્ટિ માટે જયારે પાણીએ જીવામૃત સમાન છે, ત્યારે પીવાના પાણી માટે શહેરી વિસ્તાર હોય કે ગ્રામ્ય વિસ્તાર હોય એમને શુદ્ધ, ચોખ્ખું અને પૂરતા પ્રમાણમાં પીવાનું પાણી રાજયની તમામ જનતાને મળી રહે એ માટે રાજય સરકાર સતત ચિંતન અને ચિંતા કરતી આવી છે અને પીવાના પાણીને હંમેશા અગ્રતા આપી છે એનો હું સાક્ષી છું. પહેલાં પીવાનું પાણી વીરડાથી ભરતા હતા. બોર, કૂવા, તળાવમાં પાણીના તળ ઉંડા ગયા અને ધીરે ધીરે જયારે પીવાના પાણીની મુશ્કેલી ઉભી થઇ એ વખતે જયારે રાજય સરકારે આવા કેટલાક વિસ્તારો શોધીને સૌ પ્રથમ વખત પીવાના પાણી માટેની બલ્ક પાઇપલાઇન અને પાઇપલાઇન નાખીને પીવાના પાણીની જે ગ્રીડ ઉભી કરી છે. એના કારણે આજે સૌરાષ્ટ્ર અને કચ્છ તેમજ ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં છેવાડાના વિસ્તારો સુધી પીવાનું પાણી પૂરું પાડવાનો પ્રયત્ન કર્યો છે. પાણી પુરવઠા વિભાગ એમાં ઘણો સફળ થયો છે. આજે ભારતીય જનતા પાર્ટીની સરકારે અને એમાં પણ છેલ્લાં વર્ષોમાં પીવાના પાણી માટેની અગ્રતા આપી છે. એવા કેટલાય બનાવો અને દાખલાઓ છે અને મેં મારા વિસ્તારમાં જોયા છે કે જ્યાં આ પીવાના પાણી માટેની બલ્ક પાઇપલાઇન નાખીને ગ્રીડ ઉભી કરવામાં ન આવી હોત તો માનવ અને પશુઓને જીવવું અસહ્ય બની ગયું હોત અને સ્થળાંતરની સ્થિતિ ઉભી થઇ હોત. રાજ્યમાં બલ્ક પાઇપલાઇનની ગ્રીડ ઉભી કરી છે. નાણામંત્રીશ્રી કનુભાઇએ વાત કરી કે ૩ હજાર કિલોમિટરની પાઇપલાઇન નાખીને સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાત પછી હવે પૂર્વ પટ્ટીમાં દક્ષિણમાં જ્યાં પીવાના પાણીની મુશ્કેલી છે ત્યાં

આવી બલ્ક પાઈપલાઈન નાખીને પીવાનું પણી છેવાડાના માનવીને આપવા માટે પ્રયત્ન થઇ રહ્યો છે. કેટલોક અંતરિયાળ અને ડુંગરાળ વિસ્તાર એવો છે કે ત્યાં પીવાના પાણી માટે યોજના બનાવવી અશક્ય છે એવા વિસ્તારોની અંદર પણ માનનીય મુખ્યમંત્રી અને દેશના પ્રધાનમંત્રીએ એવા છેવાડાના વિસ્તારોમાં પીવાનું પાણી પહોંચે એના માટેની વિવિધ યોજનાઓ બનાવી છે. એટલા માટે વિશેષ નહીં કહેતા રાજ્યના મુખ્યમંત્રી અને નાણામંત્રી જે રીતે પીવાના પાણી માટેની બજેટેડ જોગવાઇઓ લઇને આવ્યા છે એને અભિનંદન આપું છું. હજુ પણ કોઇ મિત્રનો એવો વિસ્તાર બાકી રહી જતો હશે તો આ રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે કે એવા વિસ્તારમાં પીવાના પાણીની પાઇપલાઇન નાખીને વ્યવસ્થા કરશે.

શ્રી સુનિલભાઇ ર. ગામીત(નિઝર) : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, બજેટમાં આદિવાસી વિસ્તારમાં શાળામાં ઓરડા આપવાની વાત કરી છે. પરંતુ મારા વિસ્તારમાં નવી શાળાની જરૂરિયાત છે તો નવી શાળાઓ આપવા વિનંતી કરું છું. શાળામાં પૂરતા શિક્ષકો નથી, ધોરણ-૧થી પમાં ઘણી સ્કૂલો માત્ર એક શિક્ષકથી જ ચલાવવામાં આવે છે. શિક્ષકો પૂરા ભરવા જોઇએ. શાળામાં રમત-ગમતના સાધનો નથી, રમત-ગમતના શિક્ષકો નથી કે રમત-ગમતના મેદાનો નથી. ચિત્રકામ કે સંગીતના શિક્ષકો નથી છતાં સરકાર ભણશે ગુજરાત, રમશે ગુજરાતની વાતો કરે છે. મારો વિસ્તાર અંતરિયાળ અને વિસ્થાપિત વિસ્તાર છે. આ વિસ્તારમાં આરોગ્ય વિષયક સુવિધાઓ ઓછી છે. હોસ્પિટલમાં પૂરતો સ્ટાફ નથી. નિઝર, કુકરમુંડાથી વ્યારાનું અંતર ૧૨૦ કિલોમિટર જેટલું છે. મારા વિસ્તારમાં સારવાર અર્થે વ્યારા કે સુરતની વાટ પકડવી પડે છે. મારા વિસ્તારમાં એક પણ બ્લડ બેન્ક નથી. ઇમરજન્સીમાં બ્લડની જરૂર પડે છે ત્યારે ૧૦૦થી ૧૨૦ કિલોમિટરનું અંતર કાપીને બ્લડ માટે વ્યારા જવું પડે છે. ઉચ્છલ ખાતે બ્લડ બેન્ક સ્થપાય એવી હું માગણી કરું છું. મારા વિસ્તારમાં વર્ષ ૨૦૧૭ના બજેટમાં ઉચ્છલ, નિઝર, સોનગઢ અને કુકરમુંડા વિસ્તારમાં ઉદવહન સિંચાઇ યોજના માટે જોગવાઇ કરી હતી અને નાણાની જોગવાઇ કરી છે. જેને આજે પાંચ વર્ષ પૂરાં થવાં છતાં ૫૦ ટકા જેટલાં પણ કામો થયાં નથી ત્યારે આ ઉદ્વહન સિંચાઇ યોજના ઝડપથી પૂર્ણ થાય એવી મારી માગણી છે. મારા વિસ્તારમાં વર્ષ ૨૦૦૯ પછી સરકારની વિવિધ યોજનાઓ અંતર્ગત નાની સિંચાઇ યોજનાઓ ચાલે છે. જેમાં સોનગઢ તાલુકામાં ૩, ઉચ્છલ તાલુકામાં ૩૪, નિઝરમાં ૧૦ અને કુકરમુંડા તાલુકામાં ૫ ગામોમાં લાભ મળતો હતો. આ સિંચાઇ યોજનાના કામો જે તે એજન્સીએ નબળા કામો કર્યા હોવાથી પાઇપલાઇનો તૂટી જાય છે. જેથી યોજના બંધ છે. આ યોજનાઓનું સંચાલન ગામની મંડળીઓને સોંપેલ છે પણ તેમની જાળવણી અને નિભાવનો ખર્ચ તથા વીજ બિલ વધુ આવતું હોઇ, આ યોજનાઓ માટે સરકારે મેન્ટેનન્સ અને વીજ બિલ માટે અલગથી જોગવાઇ કરી પુનઃ ચાલુ કરી એ વિસ્તારના ખેડૂતોને લાભ આપવો જોઇએ એવી મારી માગણી છે. વર્ષ ૨૦૨૨માં ખેડૂતોની આવક ડબલ કરવાની વાત કરી હતી, પરંતુ પરિસ્થિતિ વિપરીત છે અને જયારે બિયારણ, દવાના ઉંચા ભાવ ચૂકવવા પડે છે જયારે પોતાનો પાક બજારમાં વેચવા જાય ત્યારે ઓછા ભાવ મળે છે. શાકભાજી અને અન્ય પાકોના બિયારણ, ખાતરના ઉંચા વ્યાજે પૈસા લીધા પછી નબળા બિયારણને કારણે પાક થતો નથી. ખેડૂતોને સમયસર વીજળી મળતી નથી. કિસાન સૂર્યોદય યોજના અંતર્ગત દિવસના ભાગે ખેડૂતોને વીજળી આપવાની વાત હતી, પરંતુ ખેડૂતોને પૂરતી વીજળી મળતી નથી ત્યારે દિવસના ભાગે વીજળી મળવાનું ખેડૂતો માટે દિવાસ્વપ્ન બન્યું છે. મારા વિસ્તારમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે ત્યારે મારા વિસ્તારમાં વેદાંત જીન કંપની કે જે પ્રદૂષણ ફેલાવતી કંપની છે. આ કંપની દ્વારા હવામાં, પાણીમાં પ્રદૂષણ ફેલાતું હોવા અંગે કોઇપણ ગ્રામજનને પૂછી શકાય તેમ છે. આ કંપની સાથે કરાયેલ એમ.ઓ.યુ. તાત્કાલીક રદ કરવામાં આવે.

શ્રી અરવિંદ છો. પટેલ(ધરમપુર) : માનનીય અધ્યક્ષશ્રી, આજનું બજેટ જે અમારા નાણામંત્રીશ્રી આદરણીય કનુભાઇ દેસાઇસાહેબ સૌથી મોટું લઇને આવ્યા છે તેને અભિનંદન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજની સામાન્ય ચર્ચામાં પ્રવાસન વિષય ઉપર મારા વિચારો રજૂ કરું છું. વર્ષ ૨૦૦૫-૦૬માં પ્રવાસન માટે રૂ. ૩૫ કરોડનું બજેટ હતું જે હાલ વધીને વર્ષ ૨૦૨૧-૨૨માં ૪૮૭.૫૦ કરોડ થવા પામેલ છે અને વર્ષ ૨૦૨૨-૨૩માં પ્રવાસન ક્ષેત્રે ૪૬૪ કરોડની જોગવાઇ સૂચવેલ છે એ બદલ નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની પ્રજા વિશ્વ પ્રવાસી છે. આનંદ પ્રમોદ અને અવનવું જાણવાની આપણી કુતુહલતાને કારણે આપણે ગુજરાતના કોઇપણ ખૂણે જોવા, જાણવા અને માણવા પહોંચી જઇએ છીએ. રાજય સરકારની છેલ્લાં કેટલાંય વર્ષોની અથાગ મહેનતના કારણે ગુજરાત આજે સમગ્ર દુનિયાના લોકો માટે હરવા ફરવા માટેનું અગ્રીમ હરોળનું સ્થાન બની ચૂક્યું છે. જેના કારણે આજે દુનિયાના પર્યટનના નકશા ઉપર ગુજરાત મહત્ત્વનું પર્યટન કેન્દ્ર પ્રસ્થાપિત થયું છે અને એનો શ્રેય માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને અને એમના ગુજરાતના પ્રેમને જાય છે. "ખુશ્બુ ગુજરાત કી" આ ત્રણ શબ્દોએ કમાલ કરી છે. ભારતીય ફિલ્મ જગતના મહાનાયક અમિતાભ બચ્ચન દ્વારા બોલાયેલા આ ત્રણ શબ્દો જોવા જઇએ તો એમ જ કંઇ સહજ નહીં નીકળ્યા હોય. એ ગુજરાતમાં ફર્યા. અલગ અલગ સ્થળોએ જઇને એને જાણ્યા પછી એમણે દુનિયાને કહ્યું કે ગુજરાતની વિરાસત અને ધરોહરને જાણવા "કુછ દિન તો ગુજારો ગુજરાત મેં" અને ચમત્કાર તો જુઓ. દુનિયાના મોટાભાગના દેશોના લોકો ગુજરાતના પ્રવાસે આવવા લાગ્યા. જેમ જેમ એ લોકો ગુજરાતમાં આવતા ગયા તેમ તેમ વધુને વધુ

લોકો ગુજરાતના સ્થળોને સમજવા લાગ્યા અને લોકોને રોજગારી વધુને વધુ મળવા લાગી. રાજ્ય સરકારના આયોજનબદ્ધ પ્રયાસોથી ગુજરાત આજે પર્યટકોની પસંદગીમાં અગ્ર સ્થાન ધરાવે છે. છેલ્લા દોઢેક વર્ષથી ગુજરાતમાં આવતા પ્રવાસીઓની સંખ્યામાં ઉત્તરોત્તર નોંધપાત્ર વધારો થતો જાય છે. "અતિથિ દેવો ભવઃ" ની પારંપારિક સ્વાગત ભાવનાને ગુજરાતે પ્રવાસન સાથે વણી લીધી છે. જેના પરિણામે સહેલાણીઓ માટે ગુજરાત સ્વર્ગ સમાન બન્યું છે. ગુજરાત પોલિસી ગ્રીન સ્ટેટ છે. રાજ્યમાં પ્રવાસન ક્ષેત્રે વિકાસ થાય તે હેતુથી પ્રવાસન નીતિ વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૫ ની જાહેરાત કરવામાં આવી છે. ગુજરાતમાં આવેલી ઐતિહાસિક ઇમારતોને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા હેરિટેજ નીતિની પણ સરકારે ઘોષણા કરી છે. દેશ વિદેશના પ્રવાસીઓને ગુજરાતની સંસ્કૃતિથી પરિચિત કરાવવા માટે હોમ સ્ટે પોલિસી પણ જાહેર કરવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા પ્રવાસન ક્ષેત્રે વૈશ્વિક સ્તરની માળખાકીય સુવિધાનો વિકાસ કરવામાં આવી રહ્યો છે. કેવડીયા અપરંપાર પ્રાકૃતિક સુંદરતા, કલા અને સંસ્કૃતિનો વારસો ધરાવે છે. આ તમામનો સમાવેશ કરીને કેવડિયાને ટોટલ ટુરિઝમ સેન્ટર તરીકે રાજ્ય સરકાર દ્વારા વિકાસ કરવામાં આવી રહેલ છે. દેશ વિદેશના પ્રવાસીઓ બે-ત્રણ દિવસ રોકાય, અને વિવિધ પ્રવૃત્તિઓને માણી શકે તે માટેની વ્યવસ્થા રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી છે, જેના કારણે પ્રવાસનમાં વધારો થશે. સાથે સાથે સ્થાનિકોને રોજગારી મળશે. આમ કેવડિયા ખાતે પણ આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબે ખૂબ મહેનત કરીને એમાં વિકસાવવામાં આવ્યું છે. ખાસ કરીને અમારા વલસાડ જિલ્લો એ છેવાડાનો જિલ્લો આવેલ છે. એમાં વલસાડ, પારડી, ઉંમરગામ તાલુકો અરબી સમુદ્રના દરિયાઇ સરહદ પર આવેલ છે. તેમજ ધરમપુર અને કપરાડા તાલુકામાં મહત્તમ આદિવાસી ધરાવતો ડુંગરાળ પ્રદેશ આવેલ છે. ધરમપુર, કપરાડા તાલુકાનો મોટા ભાગનો વિસ્તાર ડુંગરાળ પ્રદેશ અને જંગલોથી ભરપુર છે. સહ્યાદ્રી પર્વતમાળાઓ ખોળામાં ઝૂલે છે. નૈસર્ગિક સૌંદર્ય ભારતના એક હિલ સ્ટેશનની સરખામણીએ ખૂબ જ સુંદર છે. આ વિસ્તારમાં આવેલા નયનરમ્ય ઉંચા પહાડો, ગાંઢ વનરાજી ધરાવતું આ ક્ષેત્ર પ્રવાસન ક્ષેત્રે વિકસાવવાની વિપૂલ તકો ધરાવે છે. ધરમપુર, કપરાડામાં આવા પ્રવાસન સ્થળો વિકસાવવા જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ સાથે સ્થળ મુલાકાત કરી છે. એની પ્રપોઝલ પણ ગુજરાત સરકારમાં કરવામાં આવી છે. આ ધરમપુર, કપરાડા એ મહારાષ્ટ્રને અડીને આવેલો વિસ્તાર છે. અને સુરતથી ૧૦૦ કિ.મી. અને મુંબઇથી ૨૦૦ કિ.મી.ના અંતરે આ સ્થળો આવેલ છે. આ સ્થળોમાં અનેક જગ્યાએ હિલ સ્ટેશનો, મોટી નદીઓ, વોટર ફ્લો તેમજ ટેબલ પોઇન્ટ પણ આવેલ છે. તેમને વિકસાવવામાં આવે તો આ વિસ્તારમાં ઘણા પ્રવાસીઓ એનો લાભ લઇ શકે અને આ વિસ્તારના સ્થાનિક લોકોને રોજગારી મળી શકે. આ રીતે અમારા વલસાડ જિલ્લામાં પણ આ પ્રવાસન સ્થળોને વિકસાવવા માટે અમને મદદરૂપ થાય તેવી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સામાજિક અને આર્થિક ક્ષેત્રે સતત આગળ વધતું વાઇબ્રન્ટ રાજ્ય છે. એને એની પ્રજા વિકાસની ઝંખના માટે કર્મઠ છે. રણોત્સવ અને સ્ટેચ્યૂ ઓફ યુનિટીએ ગુજરાતને વધુ ઉંચાઇ ઉપર મૂકી દીધું છે. આવતા દિવસોમાં ગુજરાત સરકાર રાજ્યની પ્રજાના કલ્યાણ માટે પ્રવાસન ક્ષેત્ર માટે વધુને વધુ પ્રગતિ શાંધશે તેમાં બેમત નથી અને આ બજેટને મારું સમર્થન જાહેર કરું છું.

શ્રી અનંતકુમાર હ. પટેલ(વાંસદા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રી કનુભાઇ દેસાઇ જે બજેટ લઇને આવ્યા છે. એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી સમાજ સમગ્ર દક્ષિણ વિસ્તારમાં છે એ જુદી જુદી સમસ્યાઓથી ઘેરાયેલ છે. અમારા વિસ્તારમાં શાળાઓ જર્જરિત છે, પંચાયતો જર્જરિત છે, રસ્તાઓ જર્જરિત છે. આદિવાસી વિસ્તારમાં હું જે વિસ્તારમાંથી આવું છું. અત્યારે જે નાણામંત્રીશ્રી બજેટ લઇને આવ્યા છે, તેમાં ૯માં પાના ઉપર પાર-તાપી નર્મદા રીવર લીંકની વાત અને ૫૦૦ કરોડ ફાળવ્યા છે તેની વાત કરી છે. આદિવાસી વિસ્તારમાં વર્ષોથી કુદરતના ખોળે તાર, નાર, પાર, અંબિકા જેવી નદીઓ વહેતી રહેલ છે. અમારો આખો વિસ્તાર એ જંગલ અને પ્રકૃતિથી કુલ્યોફાલ્યો છે. વન્ય જીવન ત્યાં કુલ્યુફાલ્યું છે. અનેક જીવો ત્યાં રહે છે એની સાથે સાથે આદિવાસી વિસ્તાર જંગલમાં નાની એવી ખેતી કરીને પશુપાલનનો વ્યવસાય કરીને જીવે છે. પરંતુ હાલમાં જ્યારે શ્રીમતી નિર્મલા સીતારમણજીએ કેન્દ્રીય બજેટમાં જ્યારે પાર તાપી નર્મદા લીંકની સૈદ્ધાંતિક મંજૂરી આપી ત્યારે અમારા વિસ્તારમાં આદિવાસી સમાજ નાનો, ભોળો, અશિક્ષિત, ગરીબ છે, પરંતુ એની પાસે જમીનો લઇ લેવાની વાત છે. એની પાસે એ વિસ્તાર ખાલી કરાવી દેવાની વાત છે. એ વિસ્તારમાં કેટલાક સમયથી કપરાડા, ધરમપુર, ડાંગ વ્યારા, સોનગઢ, ડોલવણ, માંડવી, માંગરોળ જેવા વિસ્તારોમાં ડેમો બનાવવામાં આવનાર છે. જેમાં ધરી ડેમ, પેખર ડેમ, ચાસમાંડવા ડેમ, ચિકાર ડેમ, દાબદલ ડેમ અને કેલવણ ડેમ જેવા ડેમો બનશે. જેના કારણે મારા ખ્યાલથી ૨૫ લાખ જેટલી વન્ય પ્રજાતિઓ, પ્રાણીઓ, પક્ષીઓ અને પશુઓને ખૂબ અસર પડશે. ત્યાં રહેતા ૫૦ હજાર જેટલા આદિવાસી ઘરો, ૫૦ હજાર જેટલા આદિવાસી પરિવારો કયાં જશે તેની ચિંતા થાય છે. મારી ચિંતા એટલા માટે વ્યાજબી છે કે, એ પરિવાર ગરીબ છે, અભણ છે અને અશિક્ષિત છે. વર્ષ ૨૦૦૫માં જે જંગલ જમીનનો કાયદો આવ્યો તેના લીધે તેમને પહાડ પર, ડુંગળ પર, તળેટીમાં, નદી પાસે જમીન આપવામાં આવી અને તે જમીન ખેડીને તે પોતાનું જીવન ગુજરાન કરે છે. તે જમીન સરખી કરતા કરતા તેને તાપ-તડકો અને ચોમાસું જોયું નથી. તેમણે જયારે જમીન સરખી કરી છે ત્યારે તેમને વિસ્થાપિત થવાનો ડર છે તેની મને ચિંતા થાય છે. આદિવાસી સમાજ પ્રકૃતિના ખોળે, પ્રકૃતિની સાથે, સંસ્કૃતિની સાથે પોતાના દેવ દેવીઓ સાથે રહે છે ત્યારે જયારે પણ વિકાસ થાય છે અને વિકાસનો વાંધો અમને કદી ન હોઇ શકે. પરંતુ તે વિકાસ જો આદિવાસી સમાજના વિનાશથી થતો હશે તો

અમને માફ કરજો આવો વિકાસ અમને જોઇતો નથી. અમારા આદિવાસી વિસ્તારની વાત કરીએ તો અમારા આદિવાસી વિસ્તારને શિક્ષણની જરૂર છે, અમારા આદિવાસી વિસ્તારને મુખ્ય પ્રવાહ સાથે જોડવાનો છે, અમારા આદિવાસી વિસ્તારને બોલતો કરવાનો છે ત્યારે તેને જો પાછા વિસ્થાપિત કરશો તો પાછું નર્મદાની, કેવડિયાની જે વાત થાય છે તેનું પુનરાવલોકન થશે. આ અમારા વિસ્તારની અંદર પાર-તાપી-નર્મદા રીવર જેવી નદીઓ લીન્ક કરવાની વાત છે.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી,...

અધ્યક્ષશ્રી : તેમના પ્રવચનની એક જ મિનિટ બાકી છે.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નદીઓ લીન્ક કરવાનો જે પ્રોજેક્ટ કરવામાં આવ્યો છે તે પ્રોજેક્ટ રદ કરવો જોઇએ. કેન્દ્ર સરકારની યોજના રદ કરવી જોઇએ. કારણ કે અમારે કોન્ક્રિટના જંગલોમાં રહેવું નથી. અમારે કુદરતના ખોળે, કુદરતી જંગલોમાં અને વન્ય લોકોની સાથે રહેવું છે. અમારા વિસ્તારમાં ડાંગમાં ત્રણ ડેમ બનવાના છે ત્યારે ડાંગની અંદર ડાંગી લાકડું, ડાંગી સિસમ, ડાંગી સાગ વિશ્વ વિખ્યાત છે. કપરાડામાં જ્યારે ડુંગરાળ વિસ્તારના લોકો રહે છે. તે વિસ્તારના લોકોને વિસ્થાપિત કરવામાં આવશે અને અન્ય પ્રવાહમાં લઇ જવામાં આવશે તો તે જીવી શકવાના નથી. અમારા વિસ્તારમાં જે ડેમો બનવાના છે, ડાંગમાં જે ત્રણ ડેમો બનવાના છે તેમાં જે ડૂબાણમાં જવાનું છે તે થવું જોઇએ નહીં. મારે એટલું જ કહેવું છે કે, પાર-તાપી-નર્મદા રીવર લીન્ક પ્રોજેક્ટથી પાણી લઇને જ્યારે ઉદ્યોગોને આપવાના હોય અને તે પાણીનો ઉપયોગ પીવા માટે કરવાના ના હોય તો મારી મહેરબાની છે આ લીન્ક પ્રોજેક્ટ પડતો મૂકવો જોઇએ. પેસા એક્ટ ૧૯૯૬ મુજબ જે આદિવાસીઓ માટે પ્રોવિઝન કરવામાં આવ્યું છે કે, ગ્રામસભામાં અથવા ટી.એસ.પી.માં અથવા તો ટ્રાઇબલ એડવાઇઝરી કાઉન્સિલમાં લીધા વગર કોઇની જમીન અથવા તો કોઇ મોટા પ્રોજેક્ટ ના થાય. પરંતુ આ તો શું લેપર્ડ સફારી પાર્ક બનાવવાના, તમે કેવડીયાથી સાપુતારા સી-પ્લેન ચલાવવાના, આ શું રતનમહાલમાં રીંછ પ્રોજેક્ટ લાવવાના, દિલ્હી મુંબઇ કોરિડોર તમે કરવાના...

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી અનંતકુમાર હ. પટેલ : મારી પાસે હજી એક મિનિટ છે. હું ક્યારનો મિનિટ લખું છું.

અધ્યક્ષશ્રી : મેં લખેલ છે. બિલકુલ લખેલું છે. તમે લખો તે ન ચાલે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ (જળસંપત્તિ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, પોઇન્ટ ઓફ ક્લેરિફિકેશન છે.

અધ્યક્ષશ્રી : આપ બેસો.

શ્રી અનંતકુમાર હ. પટેલ : એક મિનિટ તો આપી શકો ને બહેન?

અધ્યક્ષશ્રી : આપના પોઇન્ટનું ક્લેરિફિકેશન કરે છે. આપે બહુ ગંભીર પ્રશ્ન રજૂ કર્યો છે તેનું ક્લેરિફિકેશન કરે છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ક્લેરિફિકેશન એ છે..

અધ્યક્ષશ્રી : હા, બોલો.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું ક્યારનો એક-એક મિનિટ લખું છું. શ્રી રાજેન્દ્રભાઇ બોલે ત્યારનો લખું છું. મારે એટલા માટે જ કહેવું છે કે, આઝાદી પછી દેશમાં ડેમના કારણે ૪૦ થી ૫૦ ટકા આદિવાસીઓ વિસ્થાપિત થયા છે. નર્મદાની વાત હોય કે કોઇપણ વાત હોય, જ્યારે જ્યારે વિકાસ કરવાની વાત હોય ત્યારે આદિવાસીનું વિસ્થાપન કેમ? તે જ મારે કહેવું છે. કોઇપણ ભોગે ૫૦૦ કરોડ રૂપિયા પણ આમાંથી કાઢી નાખવા જોઇએ. કારણ કે આ પાંચ નદીમાં રૂપિયા ૫૦૦ કરોડ એટલે ૧૦૦૦ જેટલા ડેમ બનવાના. ૧૦૦૦ જેટલા ડેમ ક્યાં બનવાના? આ પાર-તાપી લીન્ક પ્રોજેક્ટ રદ કરવો જોઇએ.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય ઋષિકેશભાઇ.

**પોઇન્ટ ઓફ ક્લેરીફિકેશન**

**પાર તાપી લિન્ક પ્રોજેક્ટ બાબત.**

શ્રી ઋષિકેશ ગ. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, મારું પોઇન્ટ ઓફ ક્લેરિફિકેશન છે. માનનીય સભ્યશ્રી જે પાર-તાપી લીન્ક પ્રોજેક્ટની વાત કરતા હતા. તે કેન્દ્રના બજેટમાં માનનીય નિર્મલા સીતારમણજીએ બે લીન્ક કેનાલો ઇન્ટર સ્ટેટ મૂકી છે. મારું પોઇન્ટ ઓફ ક્લેરિફિકેશન એટલું છે કે, આમાં બંને સ્ટેટની સહમતિ મળે તો જ આ પ્રોજેક્ટ થાય. બીજી વાત એ છે કે, આ ભારતીય જનતા પાર્ટીની સરકારની અંદર અને હકીકતમાં તો આખી પ્રક્રિયા તો વર્ષ ૧૯૮૦થી ચાલુ થઇ છે. વર્ષ ૧૯૮૧, વર્ષ ૧૯૮૪, વર્ષ ૧૯૮૭, વર્ષ ૧૯૮૮ અને વર્ષ ૧૯૯૫ની અંદર ભારતીય જનતા પાર્ટી જ્યારે ગુજરાતમાં સત્તામાં આવી એ પહેલા એનો પ્રિ-ડ્રાફ્ટ રિપોર્ટ તૈયાર થવાનો હોય એ તૈયાર થયો અને એના પછી વખતો વખત આ યોજનાઓ ત્યાં ચર્ચામાં આવી અને આ વખતે એને બજેટમાં લીધી છે. પરંતુ મારે બિલકુલ સ્પષ્ટતા સાથે કહેવું છે કે, આદિવાસીઓના હિતની વાત હોય, એમની લાગણીઓ અને વિષયની વાત હોય ભારતીય જનતા પાર્ટીની આ સરકાર એમાં ક્યારેય સંમત નથી અને આ વિસ્થાપિત કરવાના થાય એવી કોઇ યોજના સાથે ભારતીય જનતા પાર્ટીની સરકારે જે વાત કરી છે એમાં ક્યાંય સંમત નથી અને આવી કોઇ યોજના બનાવવા માટે સંમત પણ નથી અને સાથે સાથે આ જે બજેટમાં ૫૦૦ કરોડ રૂપિયા મૂક્યા છે એ તમારા માટે મૂક્યા છે. વિસ્થાપન થયા સિવાય ચેક ડેમ અને વિયર બને એના માટેની યોજનાઓ છે. આનાથી આ જે ચેક ડેમ બનશે, જે

વિયર બનશે પાણી ત્યાં રોકી અને ત્યાંને ત્યાં જ ખેડૂતોને ઉપયોગમાં આવે એ પ્રકારનું આ બજેટમાં પ્રોવિઝન છે. બાકી વિસ્થાપિત કરવાનો કોઇ પ્રશ્ન આજની તારીખે નથી. વારંવાર દક્ષિણ ગુજરાતની અંદર આ વિષયે ભોળા કહેવાય એવા આદિવાસીઓને ભડકાવવાનું એક ષડયંત્ર સતત ચાલતું રહ્યું છે અને અત્યારે હું આ એટલા માટે સ્પષ્ટતા કરું છું, કારણ કે ઘણા સમયથી આ ચાલુ છે અને હકીકતમાં આના મૂળ જો કોઇએ નાખ્યા હોય તો વર્ષ ૧૯૮૦થી ૧૯૯૫ સુધીમાં આના મૂળ નાખવા માટે કોંગ્રેસ જવાબદાર છે.

અધ્યક્ષશ્રી : છતાં પણ આપને કાંઇ હોય તો મંત્રીશ્રી પાસે રુબરુ જઇને ચર્ચા કરી લેજો. બીજા ઘણા બધા સભ્યશ્રીઓને બોલવાનું છે એટલે એક જ મુદ્દા પર બધી ચર્ચાઓ અહીંયા ન થઇ શકે. (અંતરાય)

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એ વીડિયો પણ અમે જોયો છે અને એટલા માટે પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે જ્યારે પાંચ નદીઓમાં કોઝ-વે બનાવવાના હોય તો ૧૦ લાખ રૂપિયાનું એની અંદર એસ્ટીમેટ હોય, ત્યારે ૫૦૦ કરોડ રૂપિયાની વાત છે અને અમે ભોળા જ છીએ અમને કોઇ ભડકાવતું નથી. પોત-પોતાની રીતે અમારી વાત તો અમે મૂકી શકીએને?

અધ્યક્ષશ્રી : આપ બેસો, આપે જે કાંઇ ક્લેરિફિકેશન કરવું હોય એ મંત્રીશ્રી સાથે બેસીને ચર્ચા કરી આવજો.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી અનંતભાઇ અમારા ટ્રાયબલ ધારાસભ્યશ્રી છે, હું મિત્ર તરીકે પણ માનું છું. પરંતુ એક બાજુથી વિપક્ષના નેતા અથવા વિપક્ષના સભ્યો ચેક ડેમો આદિવાસી વિસ્તારમાં બનવા જોઇએ, ત્યાં પાણી માટેની વ્યવસ્થા ઉભી થવી જોઇએ, સિંચાઇની પણ વ્યવસ્થા થવી જોઇએ, પીવાના પાણી માટેની પણ થવી જોઇએ એ મોટા ભાગના ધારાસભ્યોની રજૂઆત હોય છે. શ્રી અનંતભાઇના મગજમાં શું ચાલે છે એ મને ખબર પડતી નથી.

અધ્યક્ષશ્રી : આપને જે કહેવાનું હોય એ સ્પષ્ટ કહી દો મારે સમય જાય છે.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વનબંધુ પેકેજની અંદર (અંતરાય) ભાઇ, સાંભળો તો ખરા, વનબંધુ પેકેજની અંદર.. (અંતરાય) મેં નાણામંત્રીશ્રીને રિક્વેસ્ટ કરી...(અંતરાય)

અધ્યક્ષશ્રી : સાંભળો, તમે વારંવાર શ્રી નૌષાદભાઇ, ઉભા ન થાવ. આ શ્રી અનંતભાઇનો વિષય છે આપ વચ્ચે ના બોલો. આ પૂરું કરે પછી બોલવા દઇશ. એમનું પૂરું કરવા દો. તમે જ કહો એમ જ બધું ન થાય, એ બોલે છે એ પછી તમને બોલવા દઇશ. આપ આપની જગ્યા પર જાવ, આપ જગ્યા પર જાવ.(અંતરાય) પછી હું તમને તક આપુ છું. મેં કહ્યુંને આપ બેસી જાવ. તક પછી આપું છું. હા, આપ બોલો શ્રી નરેશભાઇ.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હજુ પણ કહું છું આ રૂપિયા ૫૦૦ કરોડની આ અમારી જે યોજના છે, પહેલા શ્રી અનંતભાઇને પૂછું છું કે, આપ ૯માં પાના ઉપર બરાબર વાંચો. (અંતરાય)

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી અનંતભાઇનું મગજ ખરાબ છે એમ કેવી રીતે કહી શકે?

અધ્યક્ષશ્રી : આપ એમને બોલાવી અને સ્પષ્ટતા કરજો. નેકસ્ટ. માનનીય સભ્યશ્રી અરવિંદસિંહ રાણા.

શ્રી નરેશભાઇ મ. પટેલ : હજુ પણ કહું છું કે, મેં મગજ ખરાબ છે એવું કહ્યું નથી.

અધ્યક્ષશ્રી : તમે એમને બોલાવીને સમજાવજો અને બધી ચર્ચા કરજો. શ્રી અરવિંદસિંહ રાણા. (અંતરાય) બધું ક્લેરિફિકેશન માનનીય ઋષિકેશભાઇએ કર્યું છે. પ્લીઝ, આપ બંને બેસો પ્લીઝ, માનનીય મંત્રીશ્રી, આપ બંને બેસો, પ્લીઝ આપ બેસો. (અંતરાય) પ્લીઝ આપ બેસો. આપ બેસો, એમને બોલાવીને તમે ચર્ચા કરજો. મેં તમને કહી દીધું છે પછી શા માટે આપણે ઉશ્કેરણીજનક વિષયો ઉભા કરીએ છીએ? (અંતરાય) ( સૂત્રોચ્ચાર ) માનનીય નરેશભાઇ, આપ બેસો, પ્લીઝ બેસો. બન્નેને સમય આપીશ. પહેલાં આપ બન્ને બેસો, પ્લીઝ. (અંતરાય) કેટલો બધો સમય તેમને આપ્યો. તેમણે કહ્યું બે મિનિટ વધારે આપી અને કલેરિફિકેશન કરે છે છતાંય વિષય પકડીને બેસી જાવ છો. (અંતરાય ) તે પણ આદિવાસી જ છે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી ( વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, જે કંઇ પણ વિષય થયો છે તેમાં શબ્દોની કંઇક વાત છે તે આપ ચકાસણી કરીને નક્કી કરજો ત્યાર પછી જાહેર કરજો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી અનંતભાઇ પોતાની વાત ગૃહ સમક્ષ રજૂ કરી રહ્યા હતા અને તેમણે તેમની વાત રજૂ કરી દીધી. આમાં કેટલું સાચું છે, કેટલુ ખોટું છે સરકાર પણ જાણે છે અને બીજું, માનનીય નરેશભાઇ તમે બોલ્યા છો કે નથી બોલ્યા (અંતરાય) મારી વાત તો સાંભળો.

અધ્યક્ષશ્રી : આપ એમને જવાબ નહીં આપો. શ્રી નરેશભાઇ, હું રેકર્ડ તપાસીશ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે શબ્દો બોલ્યા છે અને શ્રી અનંતભાઇએ સાંભળ્યા છે કે તે બોલ્યા છે. જો શબ્દો હોય તો શબ્દો દૂર કરી દો એટલે વાત પૂરી થઇ જશે.

અધ્યક્ષશ્રી : હું રેકર્ડ તપાસી જઇશ.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી ( વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, એટલેથી વાત પૂરી નહીં થાય. જો આવું બોલ્યા હોય તો તેનો પછી અધ્યક્ષશ્રી નિકાલ કરશે.

અધ્યક્ષશ્રી : હું રેકર્ડ તપાસી લઇશ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપણે કહીએ જ છીએ કે આ શબ્દો બોલ્યા છે તો એ દૂર કરો.

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

અધ્યક્ષશ્રી : હું બન્નેનો રેકર્ડ જોઇ લઇશ કે બન્ને શું બોલ્યા છે અને પછી હું મારો નિર્ણય આપીશ. (અંતરાય)

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ના ના માફી માગવાની જરૂર નથી. શબ્દો આપણે દૂર કરીએ છીએ.

અધ્યક્ષશ્રી : બધાની વાત પૂરી થઇ ગઇ હોય તો હું મારી વાત કરું. આપ સૌ બેસો. શ્રી નરેશભાઇ અને શ્રી અનંતભાઇ (અંતરાય) શ્રી અનંતભાઇ બેસો, જે કંઇ બોલ્યા છે હું રેકર્ડ તપાસી લઇશ. પોઇન્ટ ઓફ ઓર્ડર અંગે શ્રી રાજેન્દ્રભાઇએ અને શ્રી શૈલેષભાઇએ વાત કરી છે. બન્નેનું રેકર્ડ તપાસી અને હું મારો નિર્ણય જાહેર કરીશ. (અંતરાય ) **(આ તબક્કે માનનીય અનંતભાઇ ગૃહ છોડી ચાલ્યા ગયા.)** (અંતરાય) શ્રીમતી ચંદ્રિકાબેન, આપ આપની જગ્યાએ જાવ. શ્રી શૈલેષભાઇ, શ્રીમતી ચંદ્રિકાબેન, આપ આપની જગ્યાએ જાવ, શ્રી નરેશભાઇ, આપ બેસો. (અંતરાય) પ્લીઝ. શ્રીમતી ચંદ્રિકાબેન, આપ આપની જગ્યાએ બેસો. તેમને તેમની જગ્યાએ બેસવા દો. આપ સૌ બેસો આ બાબતની કોઇ ચર્ચા કરવાની નથી. હું રેકર્ડ તપાસી લઇશ. કોઇને પણ ચર્ચા કરવાની નથી. પ્લીઝ બેસો. કોઈને પણ નહિ. પ્લીઝ બેસો. વેલમાં જાય તો એમને રોકવા તો પડે ને? આપ સૌ પોતપોતાની જગ્યાએ બેસો. શ્રી અનંતભાઈ અને શ્રી નરેશભાઇ વચ્ચે જે કાંઈ ઘર્ષણ થયું છે, જે કાંઈ શબ્દો થયા છે, હું તમામ રેકર્ડ જોઈ જઈશ. બંનેને બોલાવીશ, અત્યારે હવે આ વિષય ન ઊભો કરીએ તો બહુ સારું. શ્રી નરેશભાઈ, આપ માનો. આપ બેસો તો હું મારી વાત કરું. આપ બેસો પછી તમારા માઈક ચાલુ કરું. શ્રી નરેશભાઈએ પણ હાથ ઊંચો કર્યો, શ્રી ઋષિકેશભાઈએ પણ હાથ ઊંચો કર્યો. જ્યારે શ્રી અનંતભાઈ બોલ્યા ત્યારે મેં શ્રી નરેશભાઈને કહ્યું કે આપ બોલશો કે શ્રી ઋષિકેશભાઈ એટલે એમણે શ્રી ઋષિકેશભાઈ સામે કહ્યું એટલે મેં શ્રી ઋષિકેશભાઈને કહ્યું એટલે એમણે તમામ વસ્તુનો ખુલાસો કર્યો. ત્યાર પછી આપણે બજેટ ઉપર જે કંઈ ચર્ચા કરવાની છે તેના બદલે બીજા વિષયની ચર્ચામાં પડી જઈએ અને ગૃહનો સમય બગાડીએ તે બરાબર નથી. તમે બધા જ મળી અને આ બધી ચર્ચાઓ કરજો પણ અત્યારે આ ચર્ચા મૂકી દો તો બહુ સારું. માનનીય ઋષિકેશભાઈ, બોલો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) મહત્ત્વની વાત છે. આદરણીય સી.એમ. સાહેબ અને આદરણીય પાટિલ સાહેબે આ બાબતનો ખુલાસો પાર તાપી યોજના ઈન્ટર સ્ટેટ લિંકિંગ કરવી કે નહિ તેની વાત કરી દીધી છે. આદિવાસીઓનું વિસ્થાપન કરવું પડે તેવી કોઈ યોજના ગુજરાતમાં કરવાની નથી. આ વાત એમણે જાહેર કરી દીધી છે.

અધ્યક્ષશ્રી : એ આપે ક્લેરિફાઇ કરી દીધું છે. પ્લીઝ બેસો. પ્લીઝ.

શ્રી અરવિંદ શાં. રાણા(સુરત-પુર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના વર્ષ ૨૦૨૨-૨૩ના વર્ષ માટે રૂ. ૨ લાખ ૪૩ હજાર ૯૬૫ કરોડની માતબર રકમના બજેટમાં આરોગ્ય અને આયુષ્યમાન યોજના સંદર્ભે હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હાલના અંદાજપત્રમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ માટે માનનીય નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈ સાહેબે રૂ.૧૨,૨૪૦ કરોડની જોગવાઈ કરી છે. મનુષ્ય જાતિને જીવન જીવવા માટે લાઈટ, પાણી, ગટર, રસ્તા, શિક્ષણ, મકાન કે વિકાસ કરતા પણ વધુ જરૂરિયાત એ વ્યક્તિના સ્વાસ્થયની છે, તેના આરોગ્યની છે, તેના જીવનની છે. કોરોના મહામારીમાં એપ્રિલ-૨૦૨૦માં જ્યારે લોકડાઉન લાગ્યું હતું તે વખતે આપણે સૌએ જોયું છે, સૌએ અનુભવ્યું છે કે વ્યક્તિના જીવન વગર બધું વ્યર્થ છે. એટલે જ આપણા આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે રાષ્ટ્રજોગ સંદેશમાં કહ્યું હતું કે **જાન હૈ તો જહાન હૈ.** કોરોનાની પહેલી, બીજી અને ત્રીજી લહેર વખતે રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી આદરણીય વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, હાલના આપણા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્યભરના આરોગ્ય અધિકારી, કર્મચારીઓ, ડૉક્ટરશ્રીઓ, મેડિકલ, પેરામેડિકલ સ્ટાફ, પોલીસકર્મીઓ અને સફાઈકર્મીઓએ જીવના જોખમે નમૂનેદાર કામગીરી કરીને રાજ્યના લોકોનું જીવન બચાવવાનું કામ તથા વેક્સિન દ્વારા ૧૦ કરોડ કરતાં વધુ પહેલો, બીજો અને બુસ્ટર ડોઝ આપવાનું કામ કરનાર તમામ લોકોને હું અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય અને દેશના લોકો ફરીથી પગભર થાય, પોતાનું રૂટિન જીવન ફરીથી ધબકતું કરે તે માટે આપણા દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે રાષ્ટ્રજોગ સંબોધનમાં કહ્યું હતું કે, જાન ભી ઔર જહાન ભી. આપણે સૌ જાહેર જીવનના ચૂંટાયેલા પ્રતિનિધિઓ છીએ. હું વર્ષ ૧૯૮૭માં સુરત મહાનગરમાં કોર્પોરેટર તરીકે ચૂંટાયો હતો ત્યારે પંચાયતથી પાર્લામેન્ટ સુધી કોંગ્રેસનું શાસન હતું. ૩૦ કરતાં વધુ વર્ષ સુધીનું એકસરખું શાસન કરવા છતાં, ગરીબ અને મધ્યમવર્ગના લોકોના આરોગ્ય કે તબીબી સહાય માટે આ કોંગ્રેસના લોકોએ કોઇ કામ કર્યું ન હતું. ત્યારે કોઇને ત્યાં અચાનક તબિયત બગડે, ઓપરેશન કરવું પડે, લાખો રૂપિયાનો ખર્ચની અચાનક આવી પડેલ આફતમાં લોકો ફાઇલ લઇને દર દર ભટકતા હતા. ચૂંટાયેલા પ્રતિનિધિ તરીકે આપણી પાસે પણ લોકો આવતા હતા. પરિવારના સભ્યને બચાવવા માટે દર-દાગીના, માલ-મિલકત વેચીને, દેવું કરીને પરિવારના સભ્યને બચાવતા હતા ત્યારે કોઇ સરકારી સહાય કે લાભ મળતો ન હતો. કોંગ્રેસના સમયમાં ગરીબી હટાવોના નારા આપનારાઓએ ગરીબો માટે કોઇ કામ કર્યા ન હતાં. ભલું થજો કે ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું અને આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ, રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે ગરીબોનો હાથ પકડીને તા. ૪થી સપ્ટેમ્બર ૨૦૧૨ના રોજ મુખ્યમંત્રી મા અમૃતમ અને મા વાત્સલ્ય યોજના અમલમાં લાવી. આ મા વાત્સલ્ય યોજનામાં કુટુંબ દીઠ વાર્ષિક રકમ રૂપિયા ૫ લાખ સુધીની મેડિકલ સહાય એમણે ચાલુ કરી. જેનો રાજ્યભરના જરૂરિયાતમંદ લોકોએ લાભ લીધો અને ભારતીય જનતા પાર્ટીને લોકોએ અંતરથી આશીર્વાદ આપ્યા. માનનીય શ્રી નરેન્દ્રભાઇ

## તા. ૧૫મી માર્ચ ૨૦૨૨

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

મોદી સાહેબ વર્ષ ૨૦૧૪માં દેશના વડાપ્રધાન બન્યા, પછી ગુજરાત રાજ્યની જેમ દેશના લોકોને પણ આરોગ્યનું કવચ મળી રહે તે માટે તા. ૨૩મી સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ દુનિયાની સૌથી મોટી હેલ્થ પોલિસી આયુષ્યમાન ભારત યોજના રૂપિયા ૮,૦૮૮ કરોડ એટલે કે ૧.૧ મિલિયન ડોલરની યોજના અમલમાં મૂકી. આ યોજના વર્ષ ૨૦૧૪ના આર્થિક સરવે મુજબના દેશના ૫૦ કરોડ લોકો એટલે કે ૫૦૦ મિલિયન લોકો માટે વ્યકિત દીઠ રૂપિયા ૫ લાખ સુધીની મેડિકલ સહાયની યોજના એમણે અમલમાં મૂકી. આપણા રાજ્યમાં પહેલાં મા કાર્ડ મારફત એક પરિવારમાં વધુમાં વધુ ૫ વ્યકિતઓને વાર્ષિક રકમ રૂપિયા ૫ લાખ સુધીનું હોસ્પિટલોમાં આરોગ્યનું કવચ મળતું હતું અને ઓપરેશનમાં સહાય મળતી હતી. આપણા લોકપ્રિય મુખ્યમંત્રીશ્રી, આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે તેમાં વધારો કરીને તા.૧૬ જૂન ૨૦૨૧માં મા અમૃતમ યોજનાને આયુષ્યમાન યોજના સાથે જોડીને પી.જે.વાય.એમ. એટલે કે મા આયુષ્યમાન યોજના હેઠળ રૂપિયા ૪ લાખથી ઓછી અને સિનિયર સિટિઝન કુટુંબ માટે રૂપિયા ૬ લાખથી ઓછી આવક મર્યાદાવાળા તમામ વ્યકિતને વ્યકિત દીઠ રૂપિયા ૫ લાખની આરોગ્ય અને ઓપરેશનની સહાય પૂરી પાડવાનું કામ એ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. જે અભિનંદનને પાત્ર છે. રાજ્ય સરકારે આ યોજનાનો લાભ રાજ્યના તમામ જરૂરિયામંદ લોકોને મળે તે માટે ૪ કરોડ વ્યકિતઓને રૂપિયા ૫ લાખના વીમા કવચ એટલે કે મેડિકલેઇમ હેઠળ આવરી લેવાનું લક્ષ્યાંક નિર્ધારિત કરેલ છે. હાલમાં, આ યોજના હેઠળ ૧ કરોડ ૮૦ લાખ કરતાં વધુ લાભાર્થીઓની મા આયુષ્યમાન કાર્ડ માટે નોંધણી થયેલ છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરુ થાય છે. માનનીય હર્ષદભાઇ રિબડીયા. માનનીય દુષ્યંતભાઇ.

**સભાગૃહનો સમય લંબાવવા અંગે**

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ (નાયબ મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે.

ડો. સી. જે. ચાવડા (વિપક્ષના દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્ય દંડક શ્રી દુષ્યંતભાઇ પટેલે જે દરખાસ્ત કરી છે, તેને અમારુ અનુમોદન છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા(વિસાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્ય શ્રી અરવિંદભાઇએ વાત કરી, ગરીબોના બેલી. આ રાજ્યની અંદર આ બજેટમાં મેં જોયું કે, ગરીબ વધુ ગરીબ થતો જાય છે. સામાન્ય માણસ કે કોઇ ઉદ્યોગપતિ હોય તો એની મિલકતો નક્કી હોય છે, કોઇ ખેડૂત હોય તો એની મિલકત શું? તો કહે ૭/૧૨, કોઇ ઉદ્યોગપતિ હોય તો એના કારખાનાની મિલકત હોય, કોઇને રેસિડેન્ટની મિલકત હોય એના દસ્તાવેજ હોય.સાહેબ આ મારો ગુજરાતનો ગરીબનો દીકરો, ગરીબ માણસ, તેની મિલકત શું? એની પાસે કોઇ સાત બાર નથી, બીજી કોઇ નકલ નથી, તેની પાસે તો ફકત હતું આ બી.પી.એલ. કાર્ડ, આજે ગામડામાં જઇને ગરીબોની વેદના જુઓ, એના ખંભે હાથ મૂકીને પૂછો કે તારે શું તકલીફ છે, તો સાહેબ બે પાંચ હજાર માટે થઇને આ રેશન કાર્ડ ગીરવે મૂકે એવી સ્થિતિ આ ગુજરાતના ગરીબોની કરી નાખી છે. કયાં લઇ જવાના છો? અહીંયાથી ખેડૂતોની બહુ વાત થઇ કે અમે ખેડૂતોના હામી છીએ, ખેડૂતોના બેલી છીએ, ખેડૂતો માટે બજેટ લાવ્યા છીએ, હમણા રજામાં ગામડામાં ગયો તો ખેડૂત ચિંતા કરતો હતો, આ બજેટ વાંચીને ખેડૂતે નિસાસો નાખ્યો, ગરીબ ખેડૂત, અઢારેય વરણ જેની સાથે જોડાયેલ હોય તેવો આ વર્ગ ગુજરાતની અંદર છે. શું કર્યું આપણે તેના માટે? ખેડૂતોની ચિંતા હતી (અંતરાય) શ્રી જીતુભાઇ, સમય આવશે ત્યારે ખબર પડશે. આપણે વાતો કરીએ છીએ, પણ કિસાન આબાદ તો દેશ આબાદ, આ મારા શબ્દો યાદ રાખજો. કિસાન કી જો બાત સુનેગા વોહી દેશ પે રાજ કરેગા, તમે ઉપર ઉડો નહીં, નીચે ધરતી સામે જુઓ, ખેડૂતોની માગ હતી કે આવનારા બજેટમાં ૨૭ વર્ષના તમારા શાસનમાં ખેડૂતને માટે તમે કોઇ એવી યોજના નથી લાવ્યા કે ખેડૂત પોતાના સીમના રસ્તા રિપેર કરી શકે. તમે ઉદ્યોગમાં કરો, હું હમણાં કચ્છમાં ગયો હતો, ઉદ્યોગોને રસ્તા આપો, અમને વાંધો નથી, અદાણી પાવર જોયું ત્યાં પણ રસ્તા એવા સરસ મજાના બનાવ્યા, તમે એમને ઓવર બ્રિજ આપો અમને વાંધો નથી, પણ અમારો જગતનો તાત, ખેડૂતનો દીકરો, એને સીમમાં રસ્તાની અંદર ફકત નાલા, પુલિયા, મેટલ રોડ અને ધાબીની જરૂર છે. જો આ બજેટની અંદર બે ત્રણ હજાર કરોડ રૂપિયાની જોગવાઇ કરી હોત તો મારો જગતનો તાત, ખેડૂતનો દીકરો એમ કહેત કે ના સરકારે મારું કામ કર્યું. પણ તમે નહીં કરો, અમારી સરકાર વર્ષ ૨૦૨૨માં આવશે ત્યારે એક જાટકે ત્રણ હજાર કરોડ રૂપિયાની જોગવાઇ કરી અને મારા ખેડૂતનો રસ્તો સીમમાં મેટલથી બંધાશે. આવું પણ અમે કરવા માગીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટમાં મેં વાંચ્યું, બજેટની બૂકમાં જગતના તાત માટે, ખેડૂતના દીકરા માટે ફકત ૨૦ કરોડ રૂપિયા, રોઝડાં અને ભૂંડણાના ત્રાસ માટે ફેન્સિંગ માટે આપવામાં આવ્યા. જગતનો તાત ખેડૂતનો દીકરો આખી રાત ખેતરમાં વાહુ કરે, મને બે વર્ષ પહેલાં વન વિભાગની માહિતીમાંથી જવાબ મળ્યો. મેં કહ્યું કે આ રોઝડાં અને ભૂંડણાં કોનાં છે? ફોરેસ્ટ વિભાગે, સરકારે વિચાર્યું, સરકારે જવાબ આપ્યો કે અમારા છે, તો તમારાં રોઝડાં, તમારાં ભૂંડણાં, તો આ અમારા બાપ દાદાની મિલકત ખેડૂતોની જમીનમાં આવીને ખેડૂતોના પાકનો કચ્ચરઘાણ કરી નાખે અને તમે એનું વળતર ન આપો? અને તમે ફેન્સિંગ માટે ફકત ૨૦ કરોડ રૂપિયા આપો. આનાથી કંઇ ન થાય, ખેડૂતોને ફેન્સિંગ માટે ૮૦ ટકા સબસિડી આપશો, તો ૨૦

ટકા ખેડૂત પોતે જાળી બાંધીને મજૂરી કામ કરી લેશે. આવી જોગવાઇ લાવ્યા હોત તો સારું હતું. પણ તમે નહીં કરો. અમે જોગવાઇમાં લેવાના છીએ. ફૉરેસ્ટ ડિપાર્ટમેન્ટની વાત થઇ છે. અમારા વિસ્તારમાં બબ્બે જિલ્લાને જોડતા રસ્તાઓ છે, આ જંગલ ખાતું રસ્તાનાં કામ રોકાવે, છતાં પણ સરકાર દ્વારા એના ઉપર કોઇ લગામ નથી. આજે હસ્તાપર ગામની અંદર બે હજાર બહેનો અને ભાઇઓ લઇને રેલી કાઢી, જંગલ ખાતુ એની દાદાગીરી, આખા ગામને જંગલનો અધિકારી એમ કહે છે કે હું ગામ સળગાવી દઉં, એમ છતાં સરકાર આવા અધિકારીને પ્રોત્સાહન આપતી હોય, અને ગામે ગામથી લોકો નીકળ્યા છે. મારે તો બહુ કહેવું છે પણ તમે સમય આપ્યો નથી. થોડીક વાત કરી દઉં, કે સરકાર ધ્યાન રાખે....

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે, માનનીય રમણભાઇ પટેલ.

શ્રી રમણભાઇ ધુ. પટેલ(વિજાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી આદરણીય કનુભાઇ દેસાઇ આ સન્માનનીય ગૃહ સમક્ષ વર્ષ ૨૦૨૨-૨૩નું રૂ. ૨,૪૩,૯૬૪ કરોડનું અંદાજપત્ર લઇને આવ્યા છે ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની ભાજપની સરકારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અંદાજપત્રમાં સૌનો સાથ અને સૌનો વિકાસ એ સૂત્રને સાર્થક કર્યું છે. સર્વ સ્પર્શીય, લોકઉપયોગી અને લોકોના વિકાસ માટેનું બજેટ રજૂ કર્યું છે. હમણાં મારા મિત્ર કહેતા હતા કે કિસાન કી બાત સુનેગા વો હી રાજ કરેગા. આપે જોયું છે કે અત્યાર સુધી ભારતીય જનતા પાર્ટી શાસન કરે છે અને સન ૨૦૨૨માં પણ ભારતીય જનતા પાર્ટીની સરકાર શાસનમાં હશે એવું અમે ચોક્કસ કહી શકીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા ગુજરાતના પનોતા પુત્ર અને વિકાસ પુરુષ દેશના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબનું વિઝન ઘરે ઘરે નળથી પાણી પહોંચાડવું છે. આ યોજના સો ટકા ફળીભૂત થાય એ માટે ભારત સરકારે જળ જીવન મિશન યોજના અમલમાં મૂકી છે. જે યોજના દ્વારા ગ્રામ્ય વિસ્તારના તમામ ગામોને ગામના ઘરોને વર્ષ ૨૦૨૪ સુધી જળથી પાણી આપવા માટે નલ સે જલ યોજના અમલમાં મૂકી છે જેના અંતર્ગત ગુજરાત રાજયમાં ૯૩.૦૭ ટકા ઘરોમાં નળથી પીવાનું પાણી પૂરું પડાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારો જિલ્લો મહેસાણા છે એવા અનેક જિલ્લાઓમાં સો ટકા પાણી ઘરે નળથી આપવામાં આવે છે. ગત વર્ષે ૧૦ લાખ ૯૪ હજાર ઘરોમાં કામ પૂર્ણ કરેલ છે જયારે ચાલુ વર્ષે પણ ૮ લાખ ૨૪ હજાર ઘરોમાં નળથી જોડાણ આપવામાં આવેલ છે. જળ જીવન મિશન અંતર્ગત કેન્દ્ર સરકારે રૂપિયા ૨,૫૦૦ કરોડ અને રાજય સરકારે રૂપિયા ૩,૦૪૦ કરોડ સહિત રૂપિયા ૫,૫૪૦ કરોડનું આયોજન કરવામાં આવ્યું છે. મારા મત વિસ્તારમાં સાબરમતી નદી પર રૂપિયા ૨૨૫ કરોડના ખર્ચે હીરપુરા અને બલાસણ એમ બે બૅરેજ માટે રૂપિયા ૩૫ કરોડની જોગવાઇ આ બજેટમાં કરવામાં આવી છે. ત્યારે વિજાપુરની જનતાના પ્રતિનિધિ તરીકે હું અમારા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, નાણામંત્રીશ્રી કનુભાઇ અને સિંચાઇ મંત્રીશ્રી ઋષિકેશભાઇને પણ ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

જળ એ જ જીવન, પાણી સિવાય જીવન સૃષ્ટિ અશકય છે એટલા માટે પાણી આપવું એ પ્રથામિકાતા છે. માનવ શરીર પાંચ તત્ત્વોમાંથી નિર્માણ પામેલ છે. જેમાંથી એક જળ છે, માનવ જીવનમાં સ્વચ્છ હવા, પાણી એમાં સૌથી મહત્ત્વનું હોય તો એ જળ છે. પાણી તમામ પ્રાણીઓ માટે અનિવાર્ય છે. પ્રાચીન કાળમાં માણસ જયાં પાણી વિપુલ માત્રામાં હોય ત્યાં જ વસવાટ કરતો હતો. તેથી જ તળાવ, સરોવર કે નદી કિનારે તમામ દેશોની સંસ્કૃતિનું ઉદ્ભવસ્થાન છે અને આજે પણ તેટલું જ એ સત્ય છે. પ્રાચીન કાળથી ભારત દેશના રાહદારીઓ માટે કોઇ પાણીની પરબ મંડાવે તેનુ ખૂબ મહત્ત્વ હતું અને મોટું પૂણ્યનું કામ છે. ઘણા તો આજે પણ આ ભારતમાં પાણીનો ઇતિહાસ ગહન અને ઉંડો છે. રાજય સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં લોકોના ઘર સુધી પીવાનું શુદ્ધ પાણી મળી રહે તે માટે નળ સે જળ યોજના અમલમાં મૂકવામાં આવી છે. કેન્દ્ર સરકાર દ્વારા આ યોજનાને સન ૨૦૨૪ના અંત સુધીમાં પૂર્ણ કરવાની છે. જયારે રાજયના દરેક ગામોમાં નળ દ્વારા ઘરે ઘરે પાણી પહોંચાડવામાં આવશે પરંતુ મારે ચોક્કસ કહેવું જોઇએ કે ગુજરાત સરકારે આ લક્ષ્યાંક સન ૨૦૨૨ના અંત સુધીમાં પૂરો કરવાનો નિર્ધાર કરેલો છે, બીડુ ઝડપ્યું છે. એના અનુસંધાને આ યોજનાના અમલીકરણ માટે રાજય અને જિલ્લા કક્ષાએ પીવાના પાણીને પૂરું પાડવા માટે સ્વચ્છ મિશનની સ્થાપના કરવામાં આવી છે. ગ્રામ પંચાયતોમાં લોકો સ્વચ્છ સંચાલન વિભાગ દ્વારા આ યોજનાનો લાભ આપવામાં આવનાર છે. નળ સે જળ યોજના અંતર્ગત રાજયના ગ્રામ્ય વિસ્તારમાં પીવાનું પાણી પૂરું પાડવા માટે પાઇપ લાઇનનું માળખું પણ તૈયાર કરવામાં આવી રહ્યું છે. ત્યારે જળ જીવન મિશન રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલા ગામોમાં સરકાર સાકાર કરવા જઇ રહી છે. જીવન ઉપયોગી શુદ્ધ પીવાનું પાણી પૂરું પાડવા માટે રાજય સરકાર ભગીરથ કામ કરી રહી છે ત્યારે તેના અમલીકરણ માટે માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને એમની ટીમ અદભૂત કામગીરી કરી રહી છે ત્યારે આ સરકારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

શ્રી પ્રતાપ દુધાત(સાવરકુંડલા) : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રી જે બજેટ લઇને આવ્યા છે તેમાં મારા વિચાર રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશ સરહદ ઉપર સૈનિકોથી અને સરહદની અંદર વાત કરીએ તો ખેડૂતોથી સુરક્ષિત છે તેમાં કોઇ શંકા નથી. આ દેશના શહીદો ગુજરાતના સૈનિક હોય, આપણે અવ્વલ નં.૧ ઉપર હોઇએ પણ સૈનિકોમાં વધારે પડતા પંજાબ, હરિયાણા વિસ્તારના સૈનિકો હોય. ગુજરાત તેની અંદર પાછળ છે તેમાં આપણી નીતિ-રીતિ કંઇક, વર્તન આપણું

કંઇક અલગ પ્રકારનું હોય એવું એટલા માટે લાગી રહ્યું છે. આપણા સૈનિકો જ્યારે શહીદ થાય ત્યારે અહીં વિધાનસભામાં સાથી મિત્રો અન્ય રાજ્યોની વાતો કરતા હોય પણ આ સૈનિક શહીદ થાય ત્યારે મુખ્યમંત્રી ફંડ યોજનામાંથી માત્ર ૧ લાખ રૂપિયા તેને વળતર આપવામાં આવે છે. આમાં વધારો કરવો જોઇએ એવી નાણામંત્રીશ્રીને વિનંતી કરું છું. એટલા માટે કે શહીદ સૈનિકના પરિવારને વળતરરૂપે જે ૧ લાખ રૂપિયા આપે છે. અન્ય રાજ્યોની અંદર ૨૫ લાખ, ૫૦ લાખ રૂપિયા, કરોડ રૂપિયા સુધીનું વળતર આપવામાં આવે છે. તો આપણે શા માટે તેમાં પાછળ છીએ? એ પરિવારની વિધવા બહેન હોય તેને ૧,૦૦૦ રૂપિયાનું વેતન ચૂકવીએ છીએ. તેમાં કંઈક વધારો કરીએ તો ઉમંગ આવે અને સૈનિકોની અંદર આપણાં ગુજરાતના લોકો જાય તો આપણી છાતી ગજગજ ફૂલી શકે એવું મારું માનવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારે માજી સૈનિકોને પોલીસની ભરતીમાં ૧૦ ટકા અનામત આપેલું છે. મેરિટ લિસ્ટ જે ડિક્લેર કરવામાં આવે તેના વેઈટિંગ લિસ્ટમાં અન્ય વિભાગોમાં લિસ્ટ બને પણ સૈનિકો જ્યારે રિટાયર્ડ થઇને ગુજરાતમાં આવતા હોય તો પોલીસ વિભાગ દ્વારા તેનું સૈનિકોને નોકરી બાબતનું મેરિટ લિસ્ટ બનાવવામાં આવતું નથી. તેમાં આપણે કંઇક સુધારો કરીએ અને એમાં કંઇક સારું એવું વિચારીએ તો દેશની બોર્ડર સુરક્ષિત રહે. દેશની બોર્ડર સુરક્ષિત રહે તો ભારત માતા કી જય બોલવાનો આપણને આનંદ આવે આવું મારું માનવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીં પહેલાં સેશનની અંદર નર્મદા યોજનાની વાત થઇ. મારા ખાસ મિત્ર ઈનામદારે ઘણી વાત કરી, ડેમની વાત કરી પણ તમને યાદ અપાવી દઉં, આ ડેમનો પાયો શ્રી જવાહરલાલ નહેરૂએ નાખ્યો હતો. તેમણે સ્વપ્ન જોયું હતું. ત્યાર પછી હર કોઇ સરકારે તેની અંદર કામગીરી કરી. એ કામગીરીના ભાગ રૂપે શ્રી ચીમનભાઇ સરકારને આપણે યાદ કરવી જોઇએ. શ્રી ચીમનભાઇ વખતે વર્લ્ડ બેંકે આપણને પૈસા આપવાની ના પાડી ત્યારે નર્મદા બોન્ડ લાવી અને તેનું કામ અટકવા દીધું નહોતું, શ્રી ઇનામદારભાઇ. શ્રી ચીમનભાઇએ ડેમને આગળ વધારવાનું કામ કર્યું. અહીંયા વાત થાય અમે પાટિયા ચડાવ્યા, પાટિયા ચડાવ્યા. આપના મારફત મારા મિત્રોને કહેવા માગું છું. એ સમયના શ્રી જવાહરલાલ નહેરૂએ ૧૮ લાખ હેક્ટર કમાન્ડ એરિયાને પિયત આપવાનું સ્વપ્ન જોયું હતું. તેને ધીરે ધીરે ઘટાડતા ઘટાડતા ૧૧ લાખ હેક્ટરની વાત આવી અને આજે ૮ લાખ હેક્ટર ઉપર આવીને સરકાર ઉભી રહી ગઇ છે. કેનાલો બનાવી એ કેનાલોની અંદર તેની સુરક્ષા કરવાની જવાબદારી સરકારની બનતી હોય છે. સુરક્ષાના નામે ૭૦૦ વાર ફાંડા પડ્યા. ૭૦૦ વાર કેનાલો તૂટી. કેનાલો તૂટી તો એ કેનાલનાં ગાબડાં કોણે પાડ્યાં? તો જવાબ એવો આપ્યો કે ઉંદર મારફત આ ગાબડાં પડ્યાં. આ ઉંદરને હું ગોતું છું, આ કયો ઉંદર છે આ ૭૦૦-૭૦૦ વાર ગાબડાં પાડી ગયાં? ગયા બજેટની અંદર ૩૭૦ કરોડ રૂપિયા કેનાલ સફાઇ માટેની યોજનામાં લાભ આપવામાં આવ્યો. હું પૂછવા માગું છું કે ૩૭૦ કરોડ રૂપિયાનું બજેટ વપરાયું તો ક્યાં વપરાયું? આપના મારફત મારા મિત્રો પાસેથી જાણવા માગું છું. શ્રી ઈનામદારભાઇ, વાત કરવી સહેલી છે. કામ કરવું અઘરું છે. સિક્કાની બે બાજુ છે. અમે પાયામાં હતા. તમે ઇમારત ઉપર ઉભા છો. ૨૭ વર્ષની તમારી સરકાર અને ૩૦ વર્ષની કોંગ્રેસની સરકાર. પણ એનો પાયો કોંગ્રેસે નાખ્યો હતો. તમે કલર લગાડ્યો, ફર્નિચર કર્યું પણ આ પાયાની અંદર અમારા શ્રી વલ્લભબાપા જ્યારે અમદાવાદમાં આવ્યા હશે ત્યારે એક ઝૂંપડામાં રહી અને તેના દીકરાને વહીવટ સોંપ્યો. દીકરાને વહીવટ સોંપ્યા પછી બાપાને પૂછે, બાપા તમે શું કર્યું, તો બાપાને ખોટું લાગે કે ન લાગે? અહીં મારા મિત્રએ પહેલાં સેશનમાં વાત કરી.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ(નવસારી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી આદરણીય ભૂપેન્દ્રભાઇના નેતૃત્વમાં અને નાણા મંત્રીશ્રી આદરણીય કનુભાઇ દેસાઇએ જે બજેટ રજૂ કર્યું છે એમાં આગળની જે વાત કરતા હતા.

**ये जो किसानों के हित की बात करते हैं,**
**इस लिये हम अठ्ठाइस साल से राज करते हैं।**
**बाइस में भी हम राज करेंगे।**
**इसी लिये हम युपी जीते, उत्तराखंड जीते, गोवा जीते**
**और आप ने पंजाब गंवाया।**

માનનીય અધ્યક્ષશ્રી, મારે રાજકીય વાતોમાં નથી પડવું પરંતુ અમારા માનનીય સભ્યશ્રી ભરતભાઇ, ખાસ કરીને શ્રીમતી ઝંખનાબેન, શ્રી કેતનભાઇ, શ્રી અરવિંદભાઇ, શ્રી કિશોરભાઇ, શ્રી વલ્લભભાઇને બધા અમે બજેટ રજૂ થયું ત્યારે પાછળ બેઠેલા, ત્યારે અમારી બધાની એવી અપેક્ષા એવી હતી કે શ્રી કનુભાઇ, તમે મન મૂકીને વરસો, આ ઝાપટું અમને નહીં ફાવે, અમે તો હેલીના માણસ. આ માવઠું અમને નહીં ફાવે અને શ્રી કનુભાઇએ સાચા અર્થમાં ગુજરાતના પ્રજાજનોના વિકાસ માટે મન મૂકીને વરસ્યા છે એવું કહું તો ખોટું નથી. બજેટમાં એના કેન્દ્રમાં ખેડૂત છે, ગરીબ એના કેન્દ્રમાં રહ્યો છે, મજૂરલક્ષી ક્રાંતિકારી બજેટ એમણે આપ્યું છે. વિકાસશીલ બજેટ છે, ઉદ્યોગોના વિકાસ સાથે રોજગારલક્ષી બજેટની વાત કરી છે, મહિલા સશક્તિકરણની ચિંતા બજેટમાં કરી છે અને વિદ્યાર્થીઓ અને યુવાનો માટે આશા અને અપેક્ષા પરિપૂર્ણ કરેલ છે. મારે ગૃહ વિભાગ ઉપર પણ ચર્ચા કરવી છે. ગૃહ વિભાગમાં રૂપિયા ૮,૩૨૫ કરોડની જોગવાઇ કરી છે અને આ વિભાગના અનેક ક્રાંતિકારી ફેરફારો કર્યા છે. હું ભૂતકાળમાં નહોતો જવા માંગતો, પરંતુ મારે ભૂતકાળમાં પણ જવું પડે એમ છે. વર્ષ ૧૯૯૫માં

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર બની. વર્ષ ૧૯૯૫, વર્ષ ૧૯૯૮, વર્ષ ૨૦૦૨, વર્ષ ૨૦૧૨, વર્ષ ૨૦૧૭માં છઠ્ઠી વખત ભારતીય જનતા પાર્ટીને ગુજરાતની છ કરોડ પ્રજાએ પોતાના મત આપ્યા હોય તો તે ફકત અને ફકત શાંતિ, સલામતિ અને સુરક્ષા માટેના મતો છે. ગુજરાત શાંતિપ્રિય રાજય તરીકે દેશમાં જાણીતું છે. ગુજરાત એક એવું રાજય છે કે one of the best road connectivity, one of the best rail connectivity, one of the best air connectivity, one of the best education connectivity, one of the best health connectivity, one of the best water connectivity, one of the best gas grid connectivity. આ બધું તો છે જ પરંતુ લાખો કરોડો રૂપિયાના ઉદ્યોગો ગુજરાતની ધરતી ઉપર આવે છે. અન્ય પ્રાંતના લોકો રોજીરોટી માટે પણ અહીં આવે છે. ગુજરાતની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સમગ્ર દેશની અંદર ઉત્તમ પ્રકારની છે અને એટલા માટે આવે છે. વર્ષ ૧૯૮૫થી ૧૯૯૦ સુધીના દિવસો એ ભગવાન જગન્નાથજીનો રથ અમદાવાદના ૨૨ કિલોમીટરમાં પરિભ્રમણ કરવાનો હોય ત્યારે મારે શરમ સાથે કહેવું પડે કે ભગવાન જગન્નાથજીનો બુલેટપ્રુફ રથ આ કોંગ્રેસના શાસનમાં કાઢવામાં આવ્યો હતો. શ્રી નરેન્દ્રભાઇ મુખ્યમંત્રી બન્યા પછી ૧૪ વર્ષ પછી આ કરફ્યુ શું છે એ ગુજરાતની પ્રજા જાણતી ન હતી. દરેક શહેરમાં પોતાના આકાઓથી ઓળખાતા એમાં મારે વિશેષ પડવું નથી. મારે યુવાન સંવેદનશીલ ગૃહ રાજયમંત્રીશ્રી હર્ષભાઇને પણ અભિનંદન આપવા છે. દુનિયાની અંદર આપણે બધાએ ચિંતા કરવાની જરૂર છે. શ્રી વિરજીભાઇ, તમે આ બધી ચિંતા કરી હોત તો પોલિટિકલ વાત ન થતી. આજે સૌથી વધુ દૂષણ દુનિયામાં હોય તો ડ્રગ્સના સેવનનું છે. આપણે બધા સાથે મળીને એ ચિંતા કરવાની જરૂર છે એમ કહું તો ખોટું નથી. કોઇ ડેવલપ્ડ કન્ટ્રી હોય કે ઇમર્જન કન્ટ્રી હોય, કોઇપણ દેશ આ ડ્રગ્સના સેવામાંથી મુક્ત થઇ શક્યો નથી. મને એ વાતનો આનંદ છે કે નવી સરકાર ભારતીય જનતા પાર્ટીના શ્રી ભૂપેન્દ્રભાઇના નેતૃત્વમાં આવી અને પહેલી ડ્રગ રિવોર્ડ પોલિસી તા.૧૪-૧૦-૨૦૨૧ના રોજ બની હોય તો એમના શાસનમાં બની છે. એના લીધે આપણે આ ડ્રગને નાથી શક્યા છીએ એમ કહું તો ખોટું નથી.

શ્રી કાન્તિભાઇ શા. પરમાર(ઠાસરા) : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ જે બજેટ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. ખેડા જિલ્લામાં મનરેગા યોજના ચાલે છે. એની અંદર ભ્રષ્ટાચારનો ભોરિંગ એટલો બધો ખીલ્યો છે અને એટલી બધી રજૂઆતો કરી છતાં પણ કોઇ તપાસ ન કરી. અહીં સુધી આવેલા. શૌચાલય બનાવ્યા એમાં એક પણ જણને બેસવા લાયક નથી. ગાંધીનગર સુધી આવ્યા તો પણ કોઇ જવાબ ન મળ્યો. પછી કહે અમે વિકાસ કર્યો. જોરદાર રજૂઆત કરી એમાં એક સરપંચ હતા એની વાત જ જુદી. જિલ્લા પંચાયતમાં જઇને આંદોલન કર્યું તો પણ એને આજ સુધી કોઇ જવાબ નહીં. પછી કહે વિકાસ અમે કરીએ છીએ. શું આને વિકાસ કહેવાય? ખેડા જિલ્લામાં વણાકબોરી ડેમ છે એમાંથી મહી નહેર નીકળે છે. આજથી ૭૦-૮૦ વર્ષ પહેલાં બનાવેલી છે. એમાં અમુક પુલ તૂટી ગયા છે છતાં પણ આજ સુધી એ રિપેર થતા નથી. એમાં ગાડીઓ પડે તો શું થાય? જ્યાં જરૂર છે ત્યાં વિકાસ કરો. અમુક જગ્યાએ વિકાસ કરો એનો મતલબ શું? ખેડૂતો સુખી થાય એવું કરવું જોઇએ. નહેર ઉપર બે માણસો સમાઇ જાય એટલા ખાડા પડેલા છે. પૂછવા જઇએ ત્યારે કહે કે એ નહેર વાળાઓને કરવાનું, તમારે નહીં. કોની જવાબદારી? આવો જવાબ મળે પછી કહે કે વિકાસ કરી નાખ્યો. આમાં આખા ગુજરાતનો વિકાસ ક્યાં દેખાય છે? ડાકોરની બાજુમાં શેઢી નદી આવેલી છે એ પુરાઇ ગઇ. એનું પાણી ઉપર ડાકોરમાં આવે છે. કદાચ રણછોડજી પણ તણાઇ જાય તેમ છતાં એની પણ ચિંતા કરતાં નથી.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના લોકપ્રિય મુખ્યમંત્રી આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળ માનનીય નાણામંત્રી આદરણીય કનુભાઇ દેસાઇ દ્વારા બજેટ રજૂ થયું છે એના સમર્થનમાં હું મારી વાત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત દેશ એ કૃષિ પ્રધાન દેશ છે ત્યારે દેશમાં મોટાભાગની વસતિ ગામડામાં રહે છે અને ખેતી અને પશુપાલનના વ્યવસાય સાથે જોડાયેલ છે. અગાઉના વર્ષોની વાત કરીએ ત્યારે ખેડૂત ખેતી કરતો ત્યારે પૈસાની જરૂર પડતી. ગામમાં શેઠ હોય કે શાહુકાર હોય એની પાસેથી ઉંચા વ્યાજે એણે પૈસા લેવા પડતા હતા. આકાશ આધારિત ખેતી ચોમાસામાં વરસાદ ન પડે, દુષ્કાળ આવે ત્યારે ખેતીનો પાક ન પાકે અને એની જમીન મિલકત આ શાહુકારો પડાવી લેતા હતા ત્યારે એને લઇને સહકારી પ્રવૃત્તિનો જન્મ થયો અને એની સાથે મને કહેતા આનંદ થાય છે કે ભૂતકાળની અંદર જે પ્રકારે ખેડૂતોને ધિરાણ જોઇતું હોય તો ૧૭-૧૮ ટકે મળતું હતું પરંતુ એને લઇને ખેડૂત દેવાના ડુંગર નીચે કચડાતો, પીસાતો હતો ત્યારે મને કહેતા આનંદ થાય છે કે નાબાર્ડની ક્રેડિટ પોલિસી મુજબ ખેડૂત માટે ૭ ટકાના વ્યાજના દરે ભંડોળ આપે છે અને એમાંથી કેન્દ્ર સરકાર ૩ ટકા સહાય આપે છે અને રાજય સરકાર ૪ ટકા સહાય આપે છે. એ રીતે એક ખેડૂત ખાતેદારને ૩ લાખ રૂપિયા સુધીનું ધિરાણ મળે અને જયારે ભરવાના થાય ત્યારે એક પણ કાણી પાઇ વ્યાજ એને ભરવાનું નથી. કેન્દ્ર સરકાર અને રાજય સરકાર ભરે એ આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં શકય બન્યું છે. આ વર્ષે વ્યાજ રાહતની વાત કરું ત્યારે એક વર્ષની અંદર રૂપિયા ૧,૧૦૦થી ૧,૨૦૦ કરોડ જેવી માતબર રકમ આ સરકાર દ્વારા વ્યાજ સહાયના મળે છે. વિશ્વમાં સૌથી સારી સહકારી પ્રવૃત્તિ કયાં? તો એ ભારતમાં અને ભારતમાં પણ સૌથી સારી સહકારી પ્રવૃત્તિ કયા રાજયમાં? તો એ ગુજરાતની અંદર.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે આજે ૮૩,૦૦૦થી પણ વધારે સહકારી મંડળીઓ આ રાજયની અંદર છે અને દર ચાર વ્યક્તિએ એક વ્યક્તિ સહકારી મંડળીઓ સાથે જોડાયેલી છે, ત્યારે આજે ગુજરાતમાં સહકારી પ્રવૃત્તિઓ થકી નાના વેપારી હોય, ખેડૂતો હોય, ખેતમજૂરો હોય, દૂધ ઉત્પાદક હોય એમની આર્થિક સદ્ધરતામાં વધારો થયો છે. જયારે

## તા. ૧૫મી માર્ચ ૨૦૨૨

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

ખેડૂતનો માલ ખેતરની અંદર તૈયાર થાય. એની પાસે સ્ટૉરેજ કરવા માટેની જગ્યા ન હોય તો સીધો ખેતરથી શહેરની અંદર વેચવા માટે જાય પરંતુ ત્યાં જાય ત્યારે વેપારી સસ્તા ભાવે એનો માલ પડાવી લે. ત્યારે રાજય સરકારે ગોદામ બાંધકામ કેપીટલ સહાય યોજના કે જેને લઇને ખેડૂતે ગોદામ બનાવવું હોય તો એને સબસિડી આપે. સહકારી મંડળી એ.પી.એમ.સી. કરવી હોય તો ૨૫ ટકા સહાયની અંદર એને સાડા ત્રણ લાખ રૂપિયાની સહાય આપવામાં આવે છે. ગત વર્ષે એપ્રિલ-મે ની અંદર તાઉતે વાવાઝોડું આવ્યું હતું અને એમાં ઘણા ખેડૂતોનો માલ પણ બગડયો હતો. ચોમાસા પછી શિયાળા, ઉનાળાની વાત કરું દરેક મહિનાની અંદર માવઠાને લઇને ખેડૂતોનો માલ બગડયો, ત્યારે આ જે ગોડાઉનની યોજના છે એ ખૂબ સારી યોજના છે. વર્ષ ૨૦૧૫ની અંદર એની શરૂઆત થઇ હતી. વર્ષ ૨૦૨૧-૨૨ની અંદર ૩,૨૮૩.૧ લાખની સહાય આપવામાં આવી છે એમાં ૨,૬૧૧ લાભાર્થીઓએ એનો લાભ લીધો છે. ગોડાઉનની કેપેસિટીમાં જે વધારો થયો છે એમાં ૨,૪૫,૭૧૭ મેટ્રિક ટનનો વધારો થયો છે. જેને લઇને આ ખેડૂત ખાતેદારો પોતે પોતાનો માલ પોતાના ગોડાઉનની અંદર ૨-૩ મહિના સંગ્રહ કરી શકે તો એને સારો ભાવ મળે એ પ્રકારની આ યોજના છે. એ જ રીતે ખેડૂત પોતાનો માલ એ.પી.એમ.સી.માં વેચવા જાય ત્યારે ત્યાં ખેડૂતોને રહેવા, જમવાની વ્યવસ્થા સારી હોય તો એ પોતે ત્યાં રહી શકે એને માટેની કિસાન કલ્પવૃક્ષ યોજના, આધુનિક બજાર સ્થાપવા માટેની યોજના આ રીતે એક એ.પી.એમ.સી.ને પાંચ કરોડ રૂપિયાની સહાય આ આધુનીકરણ માટે આપવામાં આવે છે. એમાં રાજયની અંદર ૨૧૨ જેટલા મુખ્ય યાર્ડ છે. ૧૯૨ સબયાર્ડ છે. આમ કુલ ૪૦૪ બજાર આવેલી છે. અ વર્ગ અને બ વર્ગના માર્કેટ યાર્ડને જો સહાય જોઇતી હોય તો એને ૨૫થી ૫૦ ટકા સહાય આપવામાં આવે છે. ક અને ડ વર્ગની હોય એને ૫૦થી ૭૫ ટકા સહાય આપવામાં આવે છે. કિસાન કલ્પવૃક્ષ યોજનામાં એ.પી.એમ.સી.ના ઓકશન શેર, ફેન્સિંગ, દીવાલ, ખેડૂત કેન્ટીન, ગેટ, ઓફિસ બિલ્ડિંગ, લાઇટની વ્યવસ્થા, શૌચાલય, બાથરૂમ અત્યાર સુધીમાં કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ રાજયની ૧૮૬ એ.પી.એમ.સી.ને ૩૦૮.૨૫ કરોડની માતબર રકમની સહાય આપવામાં આવી છે. આપણે સૌએ જોયું છે કે આ વૈશ્વિક કોરોનાની મહામારીની અંદર આપણા નાના નાના વેપારીઓ હોય, કારીગરો હોય, શ્રમિકો હોય આ બધાના ધંધા રોજગાર તૂટી ગયા હતા ત્યારે આત્મનિર્ભર ગુજરાત યોજના-૧ દ્વારા લોન આપવામાં આવી અને વગર જામીને એક લાખ રૂપિયા સુધીની લોન આપવામાં આવી. આ સહકારી બેન્કોએ ૮ ટકાના દરે આપી એમાં ૪ ટકા રાજ્ય સરકાર સબસિડી આપે છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી બાબુભાઇ કા. વાજા(માંગરોળ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ જે બજેટ લઇને આવ્યા છે તેમાં મારું મંતવ્ય રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ભાજપ સરકારને પ્રોત્સાહનો મળ્યા હોય તો વધારેમાં વધારે ભ્રષ્ટાચારમાં. આજે અમારે તકલીફ છે. અમને અને તમને પણ તકલીફો છે. વધારેમાં વધારે ભ્રષ્ટાચાર હોય તો એના માટે કંઇક કરો. બાકી તો સૌ સૌની રીતે બોલ્યા છે. એના માટે સંયુક્ત રીતે લડાઇ કરવાની છે. જે ભ્રષ્ટાચાર છે એ આપણા નાના અધિકારી કરતા નથી. વધારેમાં વધારે ભ્રષ્ટાચાર મોટા અધિકારીઓ કરે છે. એમને આપણી બીક જ નથી રહી. એના માટે થઇને તમારા ધારાસભ્યની કમિટી રાખો. જેથી કરીને આ ભ્રષ્ટાચારી લોકો છે. એમ નથી કહેતો કે બધા છે. ૭૦ ટકા ભ્રષ્ટાચારીઓ છે, છે અને છે. એમને આપણી બીક જરાય નથી. એના માટે પ્રયત્ન કરવો જોઇએ. એમાં નાના અધિકારીઓ ઝપટમાં ચડી જાય છે. તેમને આ અધિકારી કહે કે મારા માટે થઇને એક કરોડ રૂપિયા માગી લેજે. મારા માટે થઇને ૫૦ લાખ રૂપિયા માગી લેજે. આ અધિકારીઓને આપણે કન્ટ્રોલ નહિ કરીએ તો આ ભારતની પ્રજા, ગુજરાતની પ્રજા જે કચડાય છે એ માટે મોટા અધિકારીના હિસાબે. આપણે આત્મા ઉપર હાથ રાખીએ. આ લોકોને બીક હોવી જોઇએ. એ ઓફિસરના પિતા, કાકા, સસરા છે એ કેન્દ્રમાં છે. તો એને ત્યાં મૂકી દો ત્યાં ભેગા રહે. સેવા કર્યા કરે. આપણને નુકસાન કરે. આપણને લૂંટે. તો એના માટે કંઇક કરવું જોઇએ. આજે બે આઇ.પી.એસ. અધિકારીઓ છે. એકનો ધંધો બંધ કરાવી દીધો. ૧૦ કરોડ રૂપિયા દે. નહિતર તારો ધંધો બંધ કરીએ. એનું નામ કયાંય બંધ થઇ ગયું. કેમ બંધ થઇ ગયું એની ખબર ન પડી. એના માટે આ સરકાર કંઇક કરે. આ પગલાં ભરે તો કંઇક કર્યું કહેવાય. બાકી તમે અને અમે વાત કરીએ...

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બાબુભાઇ વાજાની એટલી લાગણી હતી કે મંત્રીશ્રી રાજેન્દ્રભાઇ એક બીક કમિટી બનાવે તો ભ્રષ્ટાચાર ઓછો થાય.

શ્રી કનુભાઇ મો. દેસાઇ (નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળ અમારી સરકારનું આ પ્રથમ અંદાજપત્ર છે. રાજ્યની જનતાના આશા, આકાંક્ષાઓને સાકાર કરતું અને સમાજના દરેક વર્ગની અપેક્ષાઓને પૂર્ણ કરતું બજેટ આપવાનો અમારી સરકારે નમ્ર પ્રયાસ કર્યો છે. આત્મનિર્ભર ગુજરાત થકી આત્મનિર્ભર ભારત બનવાની દિશામાં આગળ વધતું આ બજેટ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય સભાગૃહમાં બજેટ ઉપરની ચર્ચામાં કેટલાક માનનીય ધારાસભ્યોએ નાણામંત્રી તરીકે મેં રજૂ કરેલ બજેટને અનુમોદન આપેલ છે. કેટલાક માનનીય ધારાસભ્યોએ સૂચન કરેલા છે. સન્માનનીય સભાગૃહના સર્વે માનનીય સભ્યશ્રીઓએ બજેટ અંગે રજૂ કરેલ મંતવ્યો અને સૂચનોની મેં નોંધ લીધી છે. બજેટ રજૂ કર્યા પછી વિપક્ષના

સભ્યોએ ઘણાએ અભિનંદન આપ્યા હતા. એમને માટે હું એમનો આભારી છું. આ બજેટમાં ખેડૂતો, પશુપાલકો અને સાગરખેડૂની આવક વધે એના માટે અનેકવિધ યોજનાઓ છે. સરદાર સરોવર યોજનાની વિરાટ કામગીરી, સુજલામ્ સુફલામ્ અને સૌની યોજનાથી સિંચાઇની વધારાની કામગીરી પૂર્ણ કરવાની જવાબદારી સાથે કચ્છ વિસ્તારમાં નર્મદાના પૂરના વધારાના એક મિલિયન એકર ફીટ પાણીથી સિંચાઇ સુવિધા ઉભી કરવાનું તેમજ જલ જીવન મિશન અંતર્ગત હર ઘર નલસે જલના ઉદ્દેશને સો ટકા પૂર્ણ કરવા માટેનું આ બજેટ છે. પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અને મુખ્યમંત્રી અમૃતમ્ મા-યોજના હેઠળ ૮૦ લાખ કરતા વધુ કુટુંબોને પાંચ લાખ સુધીની મફત તબીબી સારવારની ખાતરી આપતું તેમજ બાળકના પ્રથમ એક હજાર દિવસનું અનેરું મહત્ત્વ ધ્યાને રાખી શિશુના ગર્ભકાળથી શરૂ કરી એક હજાર દિવસ સુધી બાળક અને ધાત્રી માતાના પોષણને સુનિશ્ચિત કરતું આ બજેટ છે. આ બજેટ મારફતે શિક્ષણ ક્ષેત્રે પણ સ્કૂલ ઓફ એક્સલન્સના માધ્યમથી વધુ સારી માળખાગત સુવિધાઓ તેમજ ગુણવત્તાલક્ષી શિક્ષણ સુવિધાઓ પૂરી પાડવામાં આવશે. તેમજ રાજ્યના ગામે ગામ ફ્રી વાઇફાઇ સેવાની શરૂઆત કરવામાં આવશે. આદિજાતિ વિસ્તારો મોબાઇલ નેટવર્કથી વંચિત ન રહે તે માટે ૫૦૦ મોબાઇલ ટાવર ઉભા કરવાનું આયોજન છે. શહેરી વિસ્તારમાં રહેતા લોકોની સુખાકારી માટે અનેકવિધ જોગવાઇઓ કરતું અને રોજગારીના વિપુલ અવસર ઉભા કરવા રાજ્યના ઔદ્યોગિક વિકાસને વેગ આપતું આ બજેટ છે. આવી રોજગારીની તકોનો ગુજરાતનો યુવાધન લાભ લઇ શકે તે માટે તેને કૌશલ્યબદ્ધ કરવા માટેનું આ બજેટ છે. સી.એમ. ગતિશક્તિ પ્રોજેક્ટ સ્વરૂપે ઝડપી પરિવહન માટે રોડ રસ્તાની તેમજ બંદરોની ઉચ્ચ ગુણવત્તાવાળી માળખાગત સુવિધાઓ ઉભી કરવા અમારી સરકારના આયોજનને વેગ આપવાની સાથે સાથે દેશમાં ઉર્જા ક્ષેત્રે ગુજરાતનું મોખરાનું સ્થાન જાળવી રાખવાના નિર્ધાર સાથે અમે આ બજેટ રજૂ કર્યું છે. આ સાથે ખાસ જે વીજળીનો પ્રશ્ન છે તેના માટેની ઘણી ચર્ચા થઇ છે, પણ હું ખાતરી આપું છું કે, ગુજરાત સરકાર દરેક ખેડૂતો અને આપણા નાગરિકોને ઉર્જા ક્ષેત્રે સંપૂર્ણરીતે સુવિધા આપવા માટે તત્પર છે. યુક્રેનનું યુદ્ધ હોય, કોલસાની તંગી હોય કે ગેસનો સપ્લાયનો પ્રોબ્લેમ હોય પરંતુ આપણે આપણા ખેડૂતોને વીજળી આપીશું અને એક થી બે દિવસમાં આ પ્રશ્ન સોલ્વ થઇ જશે. ખાસ કરીને નમો વડ વનની વાત હોય કે મધમાખી ઉછેરથી મધક્રાંતિ વિશેની વાત હોય, ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ હોય કે આઇ.ટી.બી.ટી. ક્ષેત્રની કામગીરી હોય, પોલીસ આધુનીકરણની વાત હોય, ન્યાયતંત્ર માટેની માળખાગત સુવિધા માટેની વાત હોય, લોકોની સેવા અને સુખ શાંતિ માટે દરેક બાબતનો ખ્યાલ રાખવામાં આવ્યો છે. ગર્ભસ્થ શિશુથી માંડીને અબાલવૃદ્ધ સુધી સમાજના તમામ લોકોની સુખાકારીમાં વધારો કરતું આ બજેટ ગુજરાતના વિકાસના નવા આયામો સર કરશે તેવી મને ખાતરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ સમક્ષ વિવિધ વિભાગો માટેની જોગવાઇઓ રજૂ કરેલ છે. જેને સર્વાનુમતે પસાર કરી વિકાસની ન્યાયયાત્રામાં આપ જોડાઓ તેવું હું ગૃહના તમામ સભ્યોને આહવાન કરું છું. વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાનપત્રનું કદ ૨ લાખ ૪૩ હજાર ૯૬૫ કરોડ રૂપિયા જેટલું છે. રાજ્યના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકારે હાથ ધરેલાં કામો અને આગામી વર્ષમાં હાથ ધરવાનાં કામોની મેં મારા અંદાજપત્ર પ્રવચનમાં વિગતવાર અને મહત્ત્વની યોજનાઓની માહિતી આપી છે. રાજયના અંદાજપત્રનું દર વર્ષે ઉત્તરોત્તર કદ વધતું જાય છે. ગયા વર્ષે એટલે વર્ષ ૨૦૨૧-૨૨ના વર્ષના બજેટમાં જોગવાઇ માનનીય શ્રી નીતિનભાઇએ આપી હતી તે ૨ કરોડ ૨૭ લાખ ૨૯ હજાર કરોડ રૂપિયા સામે ૨૦૨૨-૨૩ના વર્ષના બજેટની જોગવાઇ ૨ લાખ ૪૩ હજાર ૯૬૫ કરોડ રૂપિયા છે. જે અંદાજપત્રમાં રૂપિયા ૭.૪૬ કરોડનો વધારો સૂચવે છે. કોરોનાકાળ દરમ્યાન અર્થવ્યવસ્થામાં કટોકટી ઉભી થઇ છતાં પણ ગુજરાતે વધારા સાથેનું આ બજેટ રજૂ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, હવે હું આવકના અંદાજ રજૂ કરીશ. સને ૨૦૨૨-૨૩ માટે કુલ આવક ૨ લાખ ૪૩ હજાર ૫૦૨ કરોડ રૂપિયા અંદાજવામાં આવી છે. જે સને ૨૦૨૧-૨૨ના સુધારેલ અંદાજ કરતાં ૭.૮૫ ટકા વધુ છે. સને ૨૦૨૨-૨૩ માટે મહેસૂલી આવક ૧ લાખ ૮૨ હજાર ૪૬ કરોડ રૂપિયા અંદાજવામાં આવેલ છે. જે સને ૨૦૨૧-૨૨ના મહેસૂલી આવકના સુધારા અંદાજ કરતાં ૧૧.૬૭ ટકા વધુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હવે હું ખર્ચના અંદાજ રજૂ કરીશ. સને ૨૦૨૨-૨૩ના અંદાજો ૨,૪૩,૯૬૫/- કરોડ રૂપિયા અંદાજવામાં આવેલ છે, વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન સરકારનો વિકાસલક્ષી ખર્ચ રૂપિયા ૧,૪૨,૯૨૬ કરોડ જેટલો ઉંચો જશે જે બિન વિકાસલક્ષી ખર્ચ રૂપિયા ૯૬,૯૮૩ કરોડની સામે રૂપિયા ૪૫,૯૬૪ કરોડનો વધારો બતાવે છે. માનનીય અધ્યક્ષશ્રી, સારું નાણાકીય વ્યવસ્થાપન એ ઉત્તમ વહીવટની ઓળખ છે. ગુજરાતે નાણાકીય વ્યવસ્થાપનમાં સમગ્ર દેશમાં નામના મેળવી છે. છેલ્લા બે દશકામાં ઓવર ડ્રાફ્ટ લીધા વગર ઉત્તરોતર વૃદ્ધિ સાથેનું બજેટ અને વિકાસના કાર્યો માટે નાણાની ફાળવણી ગુજરાતે કરી છે. કોરોનાની મહામારીના કારણે અર્થવ્યવસ્થા પર આવી આવેલ સંકટ વચ્ચે ગુજરાત આ વર્ષે પણ જી.ડી.પી.માં ૧૩ ટકા કરતા પણ વધારે વૃદ્ધિદર મેળવશે તેવી અપેક્ષા છે. નાણાકીય વ્યવસ્થાપન ઇન્ડેક્ષમાં ગુજરાત મોખરાનું સ્થાન ધરાવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સારા સુઘડ વહીવટ માટે કાર્યદક્ષ અને યોગ્ય વહીવટી માળખાની જરૂરિયાત રહે છે. સરકારી યોજનાઓમાં પારદર્શકતા, સરળીકરણ અને યોગ્ય લાભાર્થીની પસંદગી જરૂરી છે. વહીવટી તંત્રને સક્ષમ કરવા માટે સરકારે આધાર કાર્ડ, ડી.બી.ટી. અને ફાઇનાન્સિયલ ઇન્ક્લ્યુઝન જેવી માનનીય વડાપ્રધાનશ્રીએ આપેલ સંકલ્પનાનો અમલ કરેલ છે.

વહીવટી સરળીકરણ લાવવા તેમજ લાભાર્થીઓ સુધી સરકારની કલ્યાણકારી યોજનાના લાભ પહોંચે તે માટે વ્યક્તિલક્ષી સહાયની યોજનામાં સરકારે ડી.બી.ટી.નો ઉપયોગ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોને હાલ ખરીફ પાક માટે ટૂંકી મુદતના ધિરાણ ઉપર વ્યાજ રાહત પેટે સહાય આપવામાં આવે છે. રવી તેમજ ઉનાળુ પાક માટે પણ વ્યાજ સહાય મળી રહે તે માટે કિશાન ક્રેડિટ કાર્ડ મારફત ટૂંકી મુદતના ધિરાણ ઉપર વ્યાજ રાહત આપવા આ બજેટમાં જોગવાઇ કરવામાં આવેલ છે. વધુમાં પશુપાલકો અને માછીમારોને પણ કિશાન ક્રેડીટ કાર્ડ મારફત કૃષિ સમકક્ષ ટૂંકી મુદતના ધિરાણ પર વ્યાજ રાહત આપવામાં આવશે જેથી તેમની આવક અને સુખાકારીમાં વધારો થશે.

માનનીય અધ્યક્ષશ્રી, વડાપ્રધાનશ્રીએ ખેડૂતોના કલ્યાણને કેન્દ્ર સ્થાને રાખી છેલ્લાં ત્રણ વર્ષથી પ્રધાનમંત્રી કિશાન સન્માન નિધિ યોજના અંતર્ગત દેશના પ્રત્યેક ખેડૂત કુટુંબને વાર્ષિક રૂપિયા ૬,૦૦૦ સહાય આપવાની યોજના અમલી બનાવી છે. આ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં ગુજરાતના આશરે ૬૦ લાખ જેટલા ખેડૂતોના બેન્ક ખાતામાં સીધે સીધા ૯,૦૭૭ કરોડ રૂપિયા પ્રાપ્ત થયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષે મે માસમાં તાઉતે વાવાઝોડાથી ખેતી અને બાગાયતી પાકોને થયેલ નુકસાનને લઇને અમારી સરકારે રાજ્યના ૧૨ જિલ્લાના ખેડૂતોના હિતમાં પેકેજ જાહેર કરેલ જે અંતર્ગત રાજ્યના અંદાજે ૧.૫૦ લાખ ખેડૂતોને ૩૫૪ કરોડની સહાયની રકમ લાભાર્થી ખેડૂતોને તેમના બેન્ક ખાતામાં આપવામાં આવી છે. આજે માનનીય લલિતભાઇએ એક વાત કરી હતી એમની સાથે માનનીય રાઘવજીભાઇને વાત થઇ છે એ ખેડૂતોને પણ ન્યાય આપવામાં આવશે. રાજ્યમાં ચાલુ વર્ષે સપ્ટેમ્બર માસ દરમ્યાન થયેલ ભારે વરસાદથી થયેલ પાક નુકસાન અન્વયે પ્રથમ તબક્કામાં ૪ જિલ્લાના ૨૩ તાલુકાના ૬૮૨ ગામોના ખેડૂતોને મદદરૂપ થવા માટે એસ.ડી.આર.એફ. ઉપરાંત રાજ્ય બજેટમાંથી મળીને કુલ રૂપિયા ૫૪૭ કરોડનું માતબર સહાયનું પેકેજ જાહેર કરેલ. આ ઉપરાંત બીજા તબક્કામાં ૯ જિલ્લાના ૩૭ તાલુકાના ૧,૫૩૦ ગામોના ખેડૂતોને મદદરૂપ થવા માટે કુલ રૂપિયા ૫૩૧ કરોડનું સહાય પેકેજ જાહેર કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગૌ ધનના સંરક્ષણ માટે અને સંવર્ધન માટે અમારી સરકાર કાર્યરત છે. ગૌશાળા અને પાંજરાપોળના નિભાવ અને જાળવણી માટે મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના થકી રૂપિયા ૫૦૦ કરોડની જોગવાઇ આ બજેટમાં કરી છે. વધુમાં, રખડતાં અને નિરાધાર પશુઓની સમસ્યામાંથી મુક્તિ મેળવવા શહેરી અને ગ્રામિણ વિસ્તારોમાં ખાસ પ્રયત્નો માટે રૂપિયા ૧૦૦ કરોડની જોગવાઇ કરેલ છે.

અમારી સરકાર મહિલાઓ, બાળકો, નિરાધાર વૃદ્ધો, વિધવાઓ અને સમાજના જરૂરિયાતમંદ વર્ગોને સામાજિક સુરક્ષા આપી તેઓ ગૌરવભેર જીવન જીવી શકે એ માટે હાલની યોજનાઓમાં મળતી સહાયમાં વધારો કરવાનો નિર્ણય કરેલ છે. આ બજેટમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગોની વિવિધ જોગવાઇઓમાં ધરખમ વધારો સૂચવવામાં આવેલ છે. અમારા પ્રદીપભાઇએ જેટલી પણ રજૂઆત કરી હતી એ બધી બજેટમાં સમાવેશ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, નિરાધાર વડીલોની કાળજી લેવાના હેતુથી સરકારે વૃદ્ધ પેન્શન યોજનાના ૧૧ લાખ લાભાર્થીઓને સીધો લાભ પહોંચાડવા માટે આ યોજનાની સહાયની રકમમાં નોંધપાત્ર વધારો કરીને આ બજેટમાં રૂપિયા ૯૭૭ કરોડની જોગવાઇ કરેલ છે. બજેટ પરની ચર્ચામાં જો લોકાએ આ બાબત પર ચર્ચા કરી હોત તો મને ઘણો આનંદ થાત. ઉત્તમ અને ગુણવત્તાયુકત શિક્ષણ દ્વારા બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે હેતુથી રાજયમાં રૂપિયા ૧૦ હજાર કરોડના ખર્ચે "સ્કૂલ ઓફ એક્સેલન્સ પ્રોજેક્ટ" હાથ ધરવાનું નક્કી કરવામાં આવેલ છે. આ મિશન હેઠળ કુલ ૨૦ હજાર શાળાઓ અને આશરે ૫૭ લાખ વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવશે. આમ, રાજયની આશરે ૫૦ ટકા જેટલી મોટી શાળાઓને આવરી લઇ ૮૫થી ૯૦ ટકા બાળકોને સીધો ફાયદો થશે.

માનનીય અધ્યક્ષશ્રી, નવા ભારતના નિર્માણ માટે ભાવિ પેઢીને તૈયાર કરવા સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ અને ઇનોવેશન પોલિસી- ૨ ઇનોવેશનને પ્રોત્સાહન આપવા અને જ્ઞાન આધારિત અર્થ વ્યવસ્થાને આગળ ધપાવવામાં મુખ્ય ભૂમિકા રહેશે. આવતાં પાંચ વર્ષમાં અમલી થનાર સુપોષિત માતા સ્વસ્થ બાળ યોજના દ્વારા સગર્ભા અને ધાત્રી માતાઓને ૧,૦૦૦ દિવસ સુધી વિનામૂલ્યે એક કિલો તુવેરદાળ, બે કિલો ચણા અને એક લીટર ખાદ્યતેલ દર મહિને આપવા માટેની સરકારની પહેલ દ્વારા રાજયનાં ભાવિ એવાં બાળકોના પોષણની જરૂરિયાત પરિપૂર્ણ થશે અને ઉમદા આશય સાથે સરકારે આ બજેટમાં નિર્ધાર કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોરોના જેવી મહામારીમાં પણ રાજ્ય સરકાર દ્વારા એક પણ લાભાર્થી, એક પણ નાગરિક પૂરક પોષણની સેવાઓથી વંચિત ન રહે તે પ્રમાણેનું આયોજન કરવામાં આવેલ છે. ૩થી ૬ વર્ષનાં બાળકોને ઘરે ઘરે સુખડીનું વિતરણ કરવામાં આવેલ છે અને બાળકો, કિશોરીઓ અને સગર્ભા-ધાત્રી માતાઓને ટેક હોમ રેશન પણ પૂરું પાડવામાં આવેલ છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇના નેતૃત્વમાં અમારી સરકારે ૧ લાખ રોજગારી ઉભી કરવાના હેતુથી ઇન્ફર્મેશન ટેકનોલોજી ક્ષેત્રમાં વેગ આપવા નવી આઇ.ટી પોલિસી જાહેર કરી છે. જે અંતર્ગત વિશ્વકક્ષાના આઇ.ટી ઇન્ફ્રાસ્ટ્રકચરનું નિર્માણ કરી ઉચ્ચ કૌશલ્ય ધરાવતા માનવબળના સ્ત્રોત ઉભા કરવામાં આવશે. આઇ.ટી. એક્સપોર્ટમાં ધરખમ વધારો કરવાના આશયથી ગુજરાતમાં આઇ.ટી. ઇકો સિસ્ટમમાં પરિવર્તન લાવવાનો લક્ષ્યાંક છે.

ફાલ્ગુન ૨૪, ૧૯૪૩ શાકે

## અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ વર્ષે ૨૦૨૧-૨૨ દરમિયાન કોરોનાની બીજી લહેરના કારણે ઉદભવેલ પરિસ્થિતિના કારણોસર ભારત સરકાર દ્વારા "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" હેઠળ રાજયના રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા હેઠળ સમાવિષ્ટ તમામ ૭૦ લાખ રેશનકાર્ડ ધારકોની અંદાજે સાડા ત્રણ કરોડ જન સંખ્યાને તેઓને મળવાપાત્ર રાહત દરના નિયમિત રાશનના લાભ ઉપરાંત વ્યકિતદીઠ સાડા ત્રણ કિલોગ્રામ ઘઉં અને દોઢ કિલોગ્રામ ચોખા મળી કુલ પાંચ કિલોગ્રામ અનાજનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવેલ છે. માહે-મે-૨૦૨૧થી ફેબ્રુઆરી-૨૦૨૨ સુધી કુલ ૧૧ લાખ ૮૩ હજાર મે.ટન ઘઉં તથા ૫ લાખ ૪૭ હજાર મે.ટન ચોખા મળી કુલ ૧૭ લાખ ૩૦ હજાર મે.ટન અનાજનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ છે, જેનો રાજય સરકારની સબસિડી ખર્ચ રૂપિયા ૨૫૦ કરોડથી વધુ થયેલ છે. નિવાસી શાળાઓના માધ્યમથી ગુણવત્તાસભર શિક્ષણ આપવાના હેતુથી આદિજાતિ વિસ્તારોમાં સામાજિક ભાગીદારીથી ૨૫ બિરસા મુંડા જ્ઞાનશકિત રેસિડેન્શિયલ સ્કૂલ ઓફ એકસેલન્સ શરૂ કરવામાં આવશે, જેમાં અનુસૂચિત જાતિના ૫૦ હજાર વિદ્યાર્થીઓને પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ આપવા માટે આ બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રધાનમંત્રી એકતા નગરના સંકલિત વિકાસની દીર્ઘદ્રષ્ટિ ભરી પરિકલ્પનાની પૂર્તિની દિશામાં વધુ એક પગલું આગળ વધારવા અને મુખ્યત્વે આદિજાતિ વિસ્તારના સામાજિક આર્થિક ઉત્થાન માટે કેવડિયા ખાતે એકતા સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટરનું નિર્માણ થયેલ છે. અત્યારે અહીં વિવિધ પ્રકારના કૌશલ્યલક્ષી કોર્ષ ચાલી રહ્યાં છે તથા તાલીમાર્થીઓ તેમની આવડત આધારિત ક્ષેત્રોમાં રોજગારી મેળવવાની શરૂઆત કરી ચૂકયા છે. એકતા નગર ભારતનું પ્રથમ "ઇ-વાહન માત્ર" ક્ષેત્ર બની રહ્યું છે. કેવડિયા સ્થિત વિવિધ પ્રવાસન સ્થળોની મુલાકાતે પધારતા પ્રવાસીઓને સુવિધા માટે ૬૦ જેટલી ઇ-રીક્ષાઓ સ્થાનિક મહિલાઓ દ્વારા ચલાવી રોજગારી પ્રાપ્ત કરવામાં આવે છે. શ્રમિક અન્નપૂર્ણા યોજનાથી રાજયના ૨૧ જિલ્લાઓ અને ૨૧ ભોજન વિતરણ કેન્દ્રોમાં શ્રમિકોને રૂપિયા પાંચમાં ભોજન ઉપલબ્ધ થાય તે માટે અમારી સરકારે આ બજેટમાં જોગવાઇ કરેલ છે. વાહનોના ફિટનેસ ટેસ્ટિંગ સુનિશ્ચિત કરવા પી.પી.પી. ધોરણે આધુનિક અને ઓટોમેટિક વાહન ફિટનેસ સેન્ટરો સ્થાપવામાં આવશે. સ્ક્રેપ પોલિસી અંતર્ગત જૂનાં વાહનોના નિકાલ કરવા માટેની સગવડો પણ પી.પી.પી. ધોરણે કરવા આ બજેટમાં જોગવાઈ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે ભારતના રાષ્ટ્રીય વૃક્ષ અને સંકડો વર્ષો સુધી જીવંત રહેનાર વડ વૃક્ષોનું ૭૫ સ્થળોએ વાવેતર કરીને ૭૫ નમો વડ વન બનાવવાનું નિર્માણ કરવામાં આવનાર છે. આ મહોત્સવ હેઠળ તમામ જિલ્લાઓને આવરી લેવામાં આવ્યા છે. બ્લ્યુ ફ્લેગ એક વિશ્વ સ્તરીય માન્યતા પ્રાપ્ત ઈકોટેગ છે. કોઈ પણ સમુદ્રી બીચને વિવિધ આંતરરાષ્ટ્રીય માપદંડો જેવાં કે પર્યાવરણ શિક્ષા અને સૂચના, પાણીની ગુણવત્તા, બીચનું સંરક્ષણ વગેરેના આધારે બ્લ્યુ ફ્લેગ બીચ તરીકેની માન્યતા પ્રાપ્ત થાય છે. ભારતમાં હાલ આવા કુલ ૮ બ્લ્યુ ફ્લેગ બીચ છે. જેમાં શિવરાજપુર બીચને બ્લ્યુ ફ્લેગ આંતરરાષ્ટ્રીય બીચ તરીકે માન્યતા મળેલી છે. આ આપણા માટે ગૌરવની વાત છે. બ્લ્યુ ફ્લેગ બીચના વિકાસ સાથે પ્રવાસનને વેગ અને સ્થાનિક સ્તરે રોજગારીની તકો સર્જાશે તેમજ રાજયનો સમુદ્રી તટ આંતરરાષ્ટ્રીય સ્તરે વિકસિત તટ તરીકે ઉપસી આવશે. બ્લ્યુ ફ્લેગ બીચના આ મહત્ત્વને ધ્યાને લઈ ગુજરાતના જુદા જુદા સ્થળોએ બ્લ્યુ ફ્લેગ બિચનો વિકાસ કરવા માટે સરકારે બજેટમાં જોગવાઈ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ગુજરાતના ખેલાડીઓ પ્રગતિ કરે તે માટેના પ્રયત્નો ખેલ મહાકુંભ મારફત સરકારે આદર્યા છે. હમણાં જ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના હસ્તે ૧૧મા ખેલ મહાકુંભનો પ્રારંભ કરાવ્યો. જેમાં અંદાજે ૫૫ લાખ જેટલા રમતવીરોએ ભાગ લીધો છે. તાજેતરમાં ટોકિયો ખાતે પેરા ઓલમ્પિકની ટેબલ ટેનિસની રમતમાં ગુજરાતની યુવતીએ સિલ્વર મેડલ મેળવેલ છે જે પણ રાજ્ય માટે ગૌરવની વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય સેવાઓની વાત કરીએ તો મેડિકલ કોલેજો તથા સંલગ્ન હોસ્પિટલો બાંધવા માટે પણ સરકારે બજેટમાં જોગવાઈ કરેલ છે. આયુષ્યમાન ભારત હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિશન હેઠળ આગામી પાંચ વર્ષમાં ૩૩ નવી ઈન્ટિગ્રેટેડ ડિસ્ટ્રિક્ટ પબ્લિક હેલ્થ લેબોરેટરીની સ્થાપના, ૬ જિલ્લા હોસ્પિટલો ખાતે ૧૦૦ પથારીવાળા ક્રિટિકલ કેર બ્લોક્સ, ૧૫ જિલ્લા હોસ્પિટલો ખાતે ૫૦ પથારીવાળા ક્રિટિકલ કેર બ્લોક્સ અને રાજયમાં કુપોષણ અને એનિમિયાથી થતાં બાળ મૃત્યુમાં ઘટાડો કરવા માટે સગર્ભા માતાઓને સહાય કરવા પ્રધાનમંત્રી માતૃવંદના યોજનાનો વ્યાપ વધારવાની આ બજેટમાં નોંધપાત્ર જોગવાઈ કરેલ છે. અન્ય રાજ્યો તેમજ બહારના દેશોમાંથી આરોગ્ય અને વેલનેસ સેવા માટે લોકોને આકર્ષિત કરવા તેમજ રાજ્યને ગ્લોબલ મેડિકલ અને વેલનેસ ટુરિઝમ હબ તરીકે સ્થાપિત કરવા ગુજરાત મેડિકલ અને વેલનેસ ટુરિઝમ પ્રમોશન સોસાયટીની રચના કરવામાં આવશે. ૩,૦૦૦થી વધુ વસતિ ધરાવતાં અંદાજે ૪,૦૦૦ ગ્રામ પંચાયતોમાં માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ કરવા તેમજ ગ્રામજનોનું જીવન ધોરણ ઊંચુ લાવવા ''ગ્રામ અસ્મિતા યોજના'' શરૂ કરેલ છે. જે અંતર્ગત લોકોમાં વાંચન થકી જ્ઞાનમાં વૃદ્ધિ થાય તે માટે જાહેર ગ્રંથાલયો બનાવવા, ગામના લોકોના સ્વાસ્થ્યને સુદ્રઢ બનાવવા માટે કસરતનાં સાધનો પૂરાં પાડવાં, ગામની સ્મૃતિ સ્મારકનું રિપેરિંગ, ગામનું ગેઝેટિયર બનાવવું અને સરકારી કચેરી ઉપર સોલાર રૂફ ટોપ જેવી સગવડની આ બજેટમાં જોગવાઈ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત વિભાગના વહીવટી માળખાને સુદ્રઢ કરવાના ભાગરૂપે ૧૩,૦૦૦ જેટલી ખાલી જગ્યાઓ ભરવા માટે ભરતી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જ્યારે આગામી વર્ષ ૨૦૨૨-૨૩માં પણ પંચાયત વિભાગના

વિવિધ સંવર્ગની ૩,૦૦૦થી વધુ ખાલી જગ્યાઓ ભરવાનું આયોજન છે. ભારતનેટ પ્રોજેક્ટને આગળ વધારતા સમાંતર કનેક્ટિવિટી દ્વારા ગામમાં આવેલી શાળાઓ, આંગણવાડી, સ્વાસ્થ્ય કેન્દ્ર, પોલીસ સ્ટેશન અને સરકારી વિભાગોની ક્ષેત્રીય કચેરીઓને હાઈસ્પીડ ઈન્ટરનેટ કનેક્ટિવિટીથી જોડવા ફ્રી વાઈ-ફાઈની સુવિધા આપવા તેમજ ભારતનેટ પ્રોજેક્ટના બીજા તબક્કા હેઠળ જરૂરી માળખાગત સુવિધાઓ ઊભી કરવાનું આયોજન સરકારે આ બજેટમાં કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સૌરાષ્ટ્રના દરિયા કિનારે કાંઠાના છેવાડાના ગામોમાં જળ સલામતી પ્રદાન કરવા માટે ચાર જુદી જુદી યોજનાઓ હેઠળ ૨૭ કરોડ લિટર ક્ષમતાના ડીસેલીનેશન પ્લાન્ટ સ્થાપવાનાં કામો કન્સેશનરને સોંપવામાં આવ્યા છે તેમજ પર્યાવરણીય મંજૂરી લેવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રી તરીકે વિકસિત ગુજરાતને અમૃતકાળ તરફ આગળ વધતું સ્વર્ણિમ ગુજરાત બનાવવા આ અંદાજપત્રના માધ્યમથી વિવિધ જોગવાઈઓ સન્માનનીય ગૃહ સમક્ષ રજૂ કરેલ છે. સમાજના તમામ વર્ગો અને ક્ષેત્રોને આવરી લેતી યોજનાઓનો આ બજેટમાં સમાવેશ કરવા સંનિષ્ઠ પ્રયાસ કરેલ છે. તેમ છતાં અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચામાં ભાગ લઈને આ ગૃહના માનનીય સભ્યશ્રીઓએ અમૂલ્ય સૂચનો કરેલ છે. જેની અમોએ હૃદયપૂર્વક નોંધ લીધેલ છે. આ ચર્ચામાં સક્રિયપણે ભાગ લેવા બદલ સૌ માનનીય સભ્યશ્રીઓનો આભાર માનું છું. આભાર.

અધ્યક્ષશ્રી : ગૃહની બીજી બેઠકનું કામકાજ હવે પૂર્ણ થાય છે. સભાગૃહ આવતી કાલે સવારે ૧૦-૦૦ કલાકે ફરી મળશે.

**સભાગૃહનું કામકાજ રાત્રિના ૦૮-૦૫ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા. ૧૬થી માર્ચ, ૨૦૨૨ના રોજ સવારના ૧૦-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

ફાલ્ગુન ૨૪, ૧૯૪૩ શાકે

તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**

**બુધવાર, તા.૧૬મી માર્ચ, ૨૦૨૨**

**ફાલ્ગુન-૨૫, ૧૯૪૩ શાકે**

**પહેલી બેઠક**

**સભાગૃહ સવારના ૧૦-૦૦ વાગ્યે મળ્યું.**

**માનનીય અધ્યક્ષશ્રી ડો. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**

**તારાંકિત પ્રશ્નો**

**બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં સરદાર આવાસ યોજના**

* ૪૨૫૬૭ **શ્રી ગુલાબસિંહ રાજપૂત** (થરાદ) : **માનનીય ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં જિલ્લાવાર સરદાર આવાસ યોજનામાં કેટલા મકાનો મંજૂર કર્યા, તે પૈકી કેટલી રકમ ફાળવવામાં આવી, | (૧)<br>• બનાસકાંઠાઃ શૂન્ય મકાનો મંજૂર<br>• કચ્છઃ શૂન્ય મકાનો મંજૂર<br>• ફાળવેલ રકમઃ શૂન્ય |
| (૨) ઉક્ત સ્થિતિએ આ આવાસો બાંધવા કેન્દ્ર, રાજ્ય સરકાર અને લાભાર્થીનો કેટલો ફાળો નક્કી કરવામાં આવેલ છે, અને | (૨) સરદાર આવાસ યોજના-૨ના નવા આવાસના બાંધકામની યુનિટ કોસ્ટ રૂ. ૧,૦૦,૦૦૦/- સામે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૪૦,૦૦૦/- ની સહાય |
| (૩) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલા આવાસો બાંધવામાં આવ્યા અને તે અંગેની કેટલી અરજીઓ પડતર છે ? | (૩) ખંડ-૧ મુજબ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, સરદાર સાહેબના નામે સરદાર આવાસ યોજના શરુ કરવામાં આવી છે ત્યારે સરદાર આવાસ યોજના ૧ અને ૨માં બનાસકાંઠા અને કચ્છ જિલ્લાઓમાં આવાસ માટે કેટલી અરજીઓ આવી? કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી? કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી? એનાં કારણો શું છે? સરદાર આવાસ યોજનામાં જે મકાનો તૈયાર થઇ ગયા છે એના છેલ્લા હપ્તા કેટલાના બાકી છે? અને છેલ્લા હપ્તા પૂરા કરવાની સમયમર્યાદા કેટલી હોય છે? સાથે સાથે પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ઓનલાઇન ડેટા સરવેના લીધે મારા વિસ્તારના ૪૩ ગામોના ગરીબ લોકોને કોઇ લાભ મળતો નથી. તો આના બાબતે સરકારશ્રી ઓનલાઇન ડેટા એન્ટ્રીથી એ વિસ્તારના ગરીબોને લાભ આપવા માંગે છે કે કેમ?

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે, એમાં તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં બનાસકાંઠા અને કચ્છ જિલ્લાની માહિતી માંગી છે. છેલ્લાં બે વર્ષમાં કોઇ મકાનો મંજૂર થયા નથી. એટલે ફાળવણી અને ગ્રાન્ટનો કોઇ વિષય થતો નથી. સરદાર આવાસ યોજનામાં રકમ રૂપિયા ૧ લાખના ખર્ચે જે મકાન નિર્માણ થાય, એમાં માત્ર રકમ રૂપિયા ૪૦ હજાર સહાય હતી. અત્યારે પ્રધાનમંત્રી આવાસ યોજનામાં રકમ રૂપિયા ૧ લાખ ૫૨ હજાર જેટલી માતબર રકમ મળતી હોવાથી એમાં બધાને રસ હોય છે.

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, બે વર્ષની અંદર કેટલી અરજીઓ આવી હતી? સરદાર સાહેબના નામે જે યોજના શરુ કરવામાં આવી, એક પણ મકાન મંજૂર કરવામાં આવ્યું નથી, તો મંજૂર ના કરવાનાં કારણો શું? અને હપ્તા બાકી છે, તમે કહેશો તો લીસ્ટ સાથે આપીશું કે આટલા લોકોના હપ્તા બાકી છે. તમે એમ કહો છો કે કોઇના હપ્તા બાકી નથી. હપ્તા બાકી છે. તો હપ્તા શા માટે બાકી છે? અને છેલ્લો હપ્તો આપવાની સમયમર્યાદા કેટલી છે? અને એક પ્રશ્ન પ્રધાનમંત્રી આવાસ યોજના માટેનો પણ પૂછ્યો છે તો એના માટે પણ જવાબ આપો એવી વિનંતી છે?

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, નવી કોઈ અરજી આવી નથી એટલે મંજૂર કરવાનો પ્રશ્ન થતો નથી. ટેકનિકલ કારણોસર થોડા આવાસ નામંજૂર કર્યા છે. જેને ગ્રાન્ટ મળવાપાત્ર છે તેને ઝડપથી મળશે તેની ખાતરી આપીએ છીએ.

શ્રી પ્રદ્યુમનસિંહ મ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, સરદાર આવાસ યોજનાની સહાય શું છે? અને ચૂકવવાની પદ્ધતિ શું છે? એ જાણવા માગું છું.

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આ સરદાર આવાસ યોજના વર્ષ ૧૯૯૭માં શરૂ થયેલી યોજના છે. મેં આગળ કહ્યું તેમ એમાં રકમ રૂપિયા ૪૦ હજાર જેટલી રકમનો વિષય હતો. પ્રથમ હપ્તો રકમ રૂપિયા ૨૧,૦૦૦/- નો

ચૂકવવામાં આવે છે. બીજો હપ્તો રકમ રૂપિયા ૧૫,૦૦૦/- નો લિન્ટલ લેવલે અને કામ પૂર્ણ થયે ત્રીજો હપ્તો રકમ રૂપિયા ૯,૦૦૦/- નો ચૂકવવામાં આવે છે.

શ્રી શશીકાન્ત મ. પંડ્યા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ સરદાર આવાસ યોજનામાં સહાયના ધોરણોમાં કેટલી વખત ફેરફાર કરવામાં આવ્યો છે?

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, સરકારના નિયમ મુજબ વખતોવખત આમાં ફેરફાર થયા છે. તારીખ ૦૧/૦૫/૧૯૯૭ના ઠરાવ મુજબ સામાન્ય વિસ્તારમાં રકમ રૂપિયા ૨૦,૦૦૦/- અને પર્વતીય અને દુર્ગમ વિસ્તારમાં રકમ રૂપિયા ૨૨,૦૦૦/- ની જે તે વખતે જોગવાઈ હતી. તા. ૧૧/૦૧/૨૦૦૦ ના રોજ ૫૪,૦૦૦ ના યુનિટ કોસ્ટની, જેમાં રકમ રૂપિયા ૪૫,૦૦૦/- ની જોગવાઈ હતી અને તેમાં શ્રમિક ફાળો રકમ રૂપિયા ૭,૦૦૦/- અને ટોઈલેટ બ્લોક માટે રકમ રૂપિયા ૨,૨૦૦/- અને શ્રમ ફાળા પેટે રકમ રૂપિયા ૩૦૦/- ની ચૂકવણી કરવામાં આવતી હતી. ૧૮-૦૨-૧૪ના રોજ સરદાર આવાસ યોજનામાં આવાસ યોજના-૨માં લઘુતમ બાંધકામ યુનિટની કોસ્ટ હતી તે ૧ લાખ રૂપિયા હતી, તેની સામે સરકારશ્રીમાંથી ૪૦ હજાર રૂપિયા જેવી રકમ મળતી હતી.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે મંત્રીશ્રીને પૂછવા માગું છું કે બનાસકાંઠા જિલ્લાની અંદર સરદાર આવાસના મકાનો જે મંજૂર થયા છે એ મકાનોમાં એકે એક હપ્તો આપવામાં આવ્યો, તેના પછી હપ્તા જ આપવામાં નથી આવ્યા, અને એ મકાનો આજ તારીખ સુધી પૂરા થયા નથી તો વહેલામાં વહેલી તકે આ કામો પૂરાં કરવા માટે અને સાથે સાથે એમને હપ્તા ચૂકવવા માગો છો કે કેમ?

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આગળ કહ્યું એમ થોડી તપાસનો વિષય છે, અને થોડા આવાસો રદ કર્યા છે. જે ચૂકવણું કરવાનું બાકી છે અને ચૂકવવાને પાત્ર છે તેની ઝડપથી ચૂકવણી થઇ જશે.

શ્રી શીવાભાઇ અ. ભુરિયા : માનનીય અધ્યક્ષશ્રી, આવાસ યોજનાનો પ્રશ્ન છે એટલે એક મારું લાખાણી તાલુકાનું જસરા ગામ છે, તેને વર્ષ ૨૦૧૭માં ખૂબ પૂર આવવાને કારણે ગરીબ લોકોના ઘરમાં દસ દસ ફૂટ પાણી ભરાઇ ગયું હતું અને મુખ્યમંત્રીએ જાતે મુલાકાત લઇ અને ગામ તળ નીમ કર્યું હતું અને નીમ થઇ ગયું છે, પરંતુ મકાન પડી ગયા છે તેમને મકાન સહાય આજ દિન સુધી આપવામાં આવી નથી, તો સરકાર શું કરવા માગે છે? કારણ કે મુખ્યમંત્રીશ્રીએ જાતે નિરિક્ષણ કરીને જાહેરાત કરી હતી. આજ દિવસ સુધી કોઇ કાર્યવાહી થઇ નથી.

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય સભ્યશ્રી ફરી પ્રશ્ન પૂછો.

શ્રી શીવાભાઇ અ. ભુરિયા : મારો પ્રશ્ન એવો છે કે, લાખણ તાલુકાનું જસરા ગામ, જસરામાં તા. ૧૫-૦૨-૧૭ના રોજ પૂર આવવાને કારણે ગરીબ લોકો જયાં રહેતા હતા ત્યાં દસ દસ ફૂટ પાણી ભરાઇ ગયું હતું. અને માનનીય મુખ્યમંત્રી રૂપાણી સાહેબે જાત મુલાકાત લીધી હતી. અને મુલાકાત લીધા પછી એમણે નવું ગામતળ ટેકરા ઉપર નીમ કરવાની સૂચના આપેલી અને ગામતળ નીમ થઇ ગયું છે. પણ ફકત એ આવાસ બનાવવા માટે આખું મકાન ન બનાવી આપે, પણ નિયમ મુજબ જે સહાય મળવાપાત્ર છે તે સહાય આપવામાં આવે તો આવા સોએક ઘર એવા છે કે જે મકાન વિહોણા છે અને ત્યાં ફકત પડદા બાંધીને રહે છે. એટલે નિયમ મુજબ એમને જે સહાય મળવાપાત્ર હોય તે સહાય મળે, તો એ મકાન એમને રહેવા માટે બની શકે. બધા જ ગરીબ લોકો છે.

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, ચોકકસ આની માહિતી મંગાવીશું અને લાભાર્થીને આવાસ મળે એવો મારો અને આ સરકારનો પ્રામાણિક પ્રયત્ન રહેશે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા અને કચ્છ જિલ્લા માટેનો આ પ્રશ્ન છે. પ્રધાનમંત્રી આવાસ યોજનાની શરૂઆત કરવામાં આવી તે પહેલા આ બધી યોજનાઓ હતી એને બંધ કરવામાં આવી છે. જયારે બંધ કરી ત્યારે સરદાર આવાસ હોય, આંબેડકર આવાસ યોજના હોય કે ઇન્દિરા આવાસ યોજના હોય તે અંતર્ગત મકાનો બનાવવા માટેના મંજૂર કરવામાં આવ્યા અને પહેલો, બીજો હપતો આપવામાં આવ્યા છે, હજુ એ મકાનો અધૂરા છે, આ જિલ્લામાં પણ અધૂરા હશે અને અન્ય જિલ્લાઓમાં પણ અધૂરા છે. તો અગાઉના મંજૂર કરેલા જે આવાસો અધૂરા છે તે ફકત બે હપ્તા કે ત્રણ હપ્તા બાકી છે તેની ચકાસણી કરી અને એ મકાનોની ગ્રાન્ટ ફાળવીને એ મકાનો પૂર્ણ કરવા માગીએ છીએ કે કેમ?

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા અને કચ્છમાં દસ-બાર, દસ-બાર જે આવાસો છે એ અમુક નિયમના લીધે રદ કર્યા છે અને ટેકનિકલ કારણોસર રદ કર્યા છે. બીજા થોડા જે બાકી છે તે ઝડપથી થશે, આગળ પણ મેં કહ્યું છે. ઝડપથી તેની ચૂકવણી થઇ જશે.

**વડોદરા જિલ્લામાં ઘાસચારા બિયારણની કીટ**

* ૪૨૧૩૨ **શ્રી મધુભાઇ શ્રીવાસ્તવ** (વાઘોડિયા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે | (૧) ૪૪૨૧ કીટ. |

વર્ષમાં ઘાસચારા વિકાસ કાર્યક્રમ યોજના હેઠળ વડોદરા જિલ્લામાં કુલ કેટલી બિયારણ કીટનું વિતરણ કરવામાં આવી, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? (૨) રૂ. ૩૭,૦૫,૭૯૦ /-

શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, વડોદરા જિલ્લામાં બે વર્ષમાં ઘાસચારા વિકાસ કાર્યક્રમ યોજના હેઠળ તાલુકાવાર કુલ કેટલી ઘાસચારા માટેના બિયારણ કીટનું વિતરણ કરવામાં આવ્યું છે? અને ઘાસચારા વિકાસ માટેની કીટના વિતરણ પેટે કેટલી સહાયની રકમ ચૂકવવામાં આવી છે?

શ્રી રાઘવજીભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ડેરી ઉદ્યોગનો દિન પ્રતિદિન વિકાસ થઇ રહ્યો છે એટલે ખેડૂતોને ખેતી સાથે સાથે પશુપાલનનો વ્યવસાય કરતાં લોકો એના પશુઓને પૌષ્ટિક ઘાસ મળી રહે, આહાર મળી રહે એના માટે ઘાસના બિયારણનું વધુમાં વધુ વિતરણ થાય વધુમાં વધુ પશુઓને પૌષ્ટિક આહાર મળી રહે એના માટે રાજય સરકાર દ્વારા પશુ ધનની સખ્યાને ધ્યાનમાં લેતા આ ઉદ્યોગ સફળતા પૂર્વક વિકસાવવા અને દૂધ ઉત્પાદન વધારવા અને ઉત્તમ ગુણવત્તાવાળું લીલુ તથા સૂકુ ઘાસ મળી રહે એના માટે આ યોજના અમલમાં મૂકવામાં આવી છે.

વડોદરા જિલ્લામાં તાલુકાવાર ઘાસચારામાં જુવાર, બાજરો, મકાઇનું બિયારણ કીટનું પાકના સહાયથી વિતરણ કરવામાં આવ્યું છે. વડોદરા તાલુકામાં વર્ષ ૨૦૨૦માં ૩૨૫ વ્યકિતઓને જયારે વર્ષ ૨૦૨૧માં ૩૯૫ લોકોને વિતરણ કરવામાં આવેલ હતું. એ જ રીતે પાદરા તાલુકામાં વર્ષ ૨૦૨૦માં ૨૫૦ અને ૨૦૨૧માં ૩૫૫ લોકોને વિતરણ કરવામાં આવેલ હતું. સાવલી તાલુકામાં વર્ષ ૨૦૨૦માં ૩૦૫ ખેડૂતોને જયારે ૨૦૨૧માં ૨૩૦ ખેડૂતોને આપેલ છે. દેસર તાલુકામાં વર્ષ ૨૦૨૦માં ૨૩૫ ખેડૂતોને જયારે વર્ષ ૨૦૨૧માં ૨૬૭ ખેડૂતોને આપવામાં આવેલ છે. વાઘોડીયા તાલુકામાં સન ૨૦૨૦માં ૨૪૦ ખેડૂતોને જયારે સન ૨૦૨૧માં ૧૯૧ ખેડૂતોને આપવામાં આવેલ છે. સિનોર તાલુકામાં સન ૨૦૨૦માં ૧૮૦ ખેડૂતોને જયારે સન ૨૦૨૧માં ૨૮૫ ખેડૂતોને આપેલ છે. કરજણ તાલુકામાં સન ૨૦૨૦માં ૨૭૦ ખેડૂતોને જયારે સન ૨૦૨૧માં ૧૭૮ ખેડૂતોને આપવામાં આવેલ છે. ડભોઇ તાલુકામાં સન ૨૦૨૦માં ૩૧૫ ખેડૂતોને જયારે સન ૨૦૨૧માં ૪૨૦ ખેડૂતોને આપવામાં આવેલ છે. આમ સન ૨૦૨૦માં ૨,૧૦૦ ખેડૂતોને જયારે સન ૨૦૨૧માં ૨,૩૨૧ ખેડૂતોને આ કીટનું વિતરણ કરવામાં આવેલ છે.

માનનીય સભ્યશ્રીના બીજા પ્રશ્નમાં જણાવવાનું કે વડોદરા જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં ઘાસચારા બિયારણ કીટ વિતરણ હેઠળ તાલુકાવાર સહાયની રકમ કેટલી છે? તો એની વિગત નીચે મુજબ છે. વડોદરા તાલુકામાં સન ૨૦૨૦માં ૨ લાખ ૩૭ હજાર જયારે સન ૨૦૨૧માં ૩ લાખ ૩૮ હજાર રૂપિયા. પાદરા તાલુકામાં સન ૨૦૨૦માં ૧ લાખ ૯૩ હજાર જયારે સન ૨૦૨૧માં ૨ લાખ ૫૧ હજાર રૂપિયા. સાવલી તાલુકામાં ૨૦૨૦માં ૨ લાખ ૩૭ હજાર જયારે સન ૨૦૨૧માં ૨ લાખ ૮૬ હજાર રૂપિયા. દેસર તાલુકામાં સન ૨૦૨૦માં ૧ લાખ ૮૨ હજાર જયારે સન ૨૦૨૧માં ૨ લાખ ૩૩ હજાર રૂપિયા. વાઘોડીયા તાલુકામાં સન ૨૦૨૦માં ૧ લાખ ૮૭ હજાર જયારે સન ૨૦૨૧માં ૨ લાખ ૩૭ હજાર રૂપિયા. સિનોર તાલુકામાં સન ૨૦૨૦માં ૧ લાખ ૪૧ હજાર જયારે સન ૨૦૨૧માં ૨ લાખ ૨ હજાર. કરજણ તાલુકામાં સન ૨૦૨૦માં ૨ લાખ ૬ હજાર અને સન ૨૦૨૧માં ૨ લાખ ૨૩ હજાર. ડભોઇ તાલુકામાં સન ૨૦૨૦માં ૨ લાખ ૪૪ હજાર અને સન ૨૦૨૧માં ૨ લાખ ૩ હજાર એમ કુલ સન ૨૦૨૦માં ૧૬ લાખ ૩૦ હજાર જયારે સન ૨૦૨૧માં ૨૦ લાખ ૩૫ હજાર રૂપિયા સહાયની રકમ થાય છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : વડોદરા જિલ્લામાં ઘાસચારા બિયારણ કીટસ આપવામાં આવેલ છે એમાં સરકાર દ્વારા આ બિયારણ ખરીદ કરવામાં આવ્યું હતું એ કઇ એજન્સી પાસેથી ખરીદવામાં આવેલ હતું એમાં ખેડૂત દીઠ કેટલો ખર્ચ કરવામાં આવ્યો હતો અને આ યોજના માત્ર ડેરીઓ દ્વારા જ અમલમાં મૂકવામાં આવી છે કે એ સિવાયના બીજા ખેડૂતો પોતાના દૂધાળા ઢોર રાખે છે એના માટે કોઇ સ્કીમ છે કે કેમ એ મારે જાણવું છે? આ બાબતે સરકારને કોઇ ફરિયાદ મળી છે કે કેમ?

શ્રી રાઘવજીભાઇ પટેલ : માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને જણાવવાનું કે અત્યાર સુધી સરકારશ્રીને કોઇ બિયારણ વિતરણ અંગે ફરિયાદ મળી નથી. આ બીજ વિતરણ ગુજરાત રાજય બિજ નિગમના ડીલરો મારફત થાય છે. આમાં ખેડૂતોને એકર દીઠ ૧,૨૦૦ રૂપિયા તથા જે ખેડૂતને પિયતની સગવડ હોય અને પશુધન રાખતા હોય એવા ખેડૂતને એકર દીઠ ૧,૨૦૦ રૂપિયા એમ ૨ એકરની મર્યાદામાં આ સહાય ચૂકવવામાં આવે છે.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ઘાસચારા વિકાસ કાર્યક્રમ યોજના છે તેમાં બિયારણની કીટ આપો છો એ કયા કયા પાકો માટે અને કયા કયા પ્રકારના ઘાસનું વાવેતર થઇ શકે તેના માટે આપો છો? એ કીટ આપ્યા પછી પશુપાલક કે ખેડૂતના ખેતરમાં તે બિયારણનો ઉપયોગ થાય છે કે કેમ તેના માટે ગ્રામસેવક તેનું મોનીટરિંગ કરે છે કે કેમ? નહીં તો પછી શું થાય છે કે આ કીટ ખોલતા જ નથી અને કાં તો કીટ ખોલે તો ગાય-ભેંસને ખવડાવી દે છે. ઉગાડવાના બદલે એ જ ખવડાવી દે છે. એટલે એ મોનીટરિંગ થાય છે કે કેમ એ ખાસ જણાવે?

શ્રી રાઘવજીભાઇ પટેલ : માનનીય સભ્યશ્રીને જણાવવાની રજા લઉં કે જે ખેડૂતોને ઘાસચારાનું બિયારણ આપવામાં આવ્યું હોય એવા તમામ ખેડૂતો ઘાસચારો ઉગાડે છે કે કેમ તેની નિયમિત તપાસ કરવામાં આવે છે. તેના રિપોર્ટ પણ લેવામાં આવે છે અને બીજા પ્રશ્નના જવાબમાં કહું તો ઘાસચારા વિકાસ કાર્યક્રમ હેઠળ કયા કયા ઘાસચારાના અને બિયારણના પાકો

આવરી લેવામાં આવેલ છે, તો આ ઘાસચારા વિકાસ કાર્યક્રમ યોજના હેઠળ વડોદરા જિલ્લામાં મકાઇ, જુવાર, બાજરી અને રજકો જેવા ઘાસચારાના પાકોને આવરી લીધેલ છે.

**સુરેન્દ્રનગર જિલ્લામાં વ્યક્તિગત શૌચાલય**

* ૪૨૧૮૦ **શ્રી પરસોત્તમ સાબરીયા** (ધ્રાંગધ્રા) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના અંતર્ગત છેલ્લા એક વર્ષમાં ન્યુ હાઉસ હોલ્ડસના તાલુકાવાર કેટલા કુટુંબો માટે વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા, અને

(૨) તે અંગે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના અંતર્ગત છેલ્લા એક વર્ષમાં ન્યુ હાઉસ હોલ્ડસના તાલુકાવાર નીચે મુજબના વ્યક્તિગત શૌચાલયો બનાવવામાં આવ્યા.

| ક્રમ | તાલુકાનું નામ | તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બનેલ વ્યક્તિગત શૌચાલયની સંખ્યા |
|---|---|---|
| ૧ | ચોટીલા | ૧૨ |
| ૨ | ચુડા | ૪ |
| ૩ | દસાડા | ૯ |
| ૪ | ધ્રાંગધ્રા | ૧૦ |
| ૫ | લખતર | ૮ |
| ૬ | લીંબડી | ૨૨૬ |
| ૭ | મુળી | ૧૦૭ |
| ૮ | સાયલા | ૯ |
| ૯ | થાનગઢ | ૩ |
| ૧૦ | વઢવાણ | ૮ |
| | **કુલ** | **૩૯૬** |

(૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ શૌચાલય અંગે ખર્ચ થયેલ નથી.

શ્રી પરસોત્તમ ઉ. સાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે સ્વચ્છ ભારત મિશન(ગ્રામીણ) યોજનાનો હેતુ શું છે તથા આ આયોજન હેઠળ લાભાર્થીઓને સમાવી લેવામાં આવે છે કે કેમ?

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વડાપ્રધાનશ્રી મોદી સાહેબના માર્ગદર્શન હેઠળ સ્વચ્છ ભારત મિશન(ગ્રામીણ) યોજના, આ યોજનાનો મુખ્ય જે ભાવ છે, હેતુ છે તે ખુલ્લામાં શૌચક્રિયામાંથી મુક્તિ સાથે ગામડાં સ્વચ્છ રહે, તેમાં ઘન અને પ્રવાહી કચરાનું પણ યોગ્ય મેનેજમેન્ટ થાય. સ્વચ્છ ભારત મિશન(ગ્રામીણ) ફેઝ-૧ અને ૨ અંતર્ગત શૌચાલય વિહોણા જે કુટુંબો છે એ બધાને શૌચાલય મળે એવો સરકારનો એક પ્રામાણિક પ્રયત્ન છે.

શ્રી ધનજીભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે આ વ્યક્તિગત શૌચાલય યોજના શરૂ થઇ ત્યારે શું હતું અને ત્યાર બાદ શું ફેરફાર કરવામાં આવ્યા?

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન યોજના અંતર્ગત વર્ષ ૧૯૯૯માં પ્રથમ તબક્કામાં રાજકોટ, સુરત અને મહેસાણા આ ત્રણ જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવ્યો. વર્ષ ૨૦૦૩-૦૪માં રાજયના તમામ જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવ્યો. ગરીબી રેખા હેઠળ જીવતા તમામ કુટુંબોનો વિશેષ સમાવેશ અને વિશેષ વર્ષ ૨૦૧૩માં આ યોજનાનું નિર્મળ ભારત અભિયાન તરીકે નામકરણ થયું. નિર્મળ ભારત અભિયાનનું વર્ષ ૨૦૧૪માં પુનઃ સ્વચ્છ ભારત મિશન તરીકે નામકરણ થયું.

શ્રી કનુભાઇ ક. પટેલ : હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સ્વચ્છ ભારત મિશન(ગ્રામીણ) યોજના હેઠળ કઇ કઇ કામગીરી હાથ ધરવામાં આવે છે?

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : સ્વચ્છ ભારત મિશન યોજના અંતર્ગત ઘનકચરાના નિકાલનું વ્યવસ્થાપન કરવામાં આવે છે. એ રીતે પ્રવાહી કચરાનું પણ વ્યવસ્થાપન કરવામાં આવે છે. જ્યાં જરૂર જણાય ત્યાં ધાર્મિક સ્થળો હોય, મોટાં ગામ હોય, નાનાં ગામ હોય ત્યાં જાહેર શૌચાલયનું પણ બાંધકામ કરવામાં આવે છે. આ સિવાય પણ આ અભિયાન અંતર્ગત જે પણ પ્રચાર-પ્રસાર કરવાની જરૂર પડે ત્યાં પ્રચાર-પ્રસાર પણ કરવામાં આવે છે.

ફાલ્ગુન ૨૪, ૧૯૪૩ શાકે

## તારાંકિત પ્રશ્નો

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી મારે જાણવું છે કે આજની તારીખમાં મારા જિલ્લાની અંદર સેંકડો ગામડાઓ એવાં છે કે જે ગામડાઓની અંદર આજે પણ આપણી મહિલાઓ રાત્રે અંધારું થઇ જાય એની રાહ જોવે ત્યાર પછી ખુલ્લા રોડ ઉપર એને મળત્યાગ કરવા માટે જવું પડતું હોય છે અને તેમ છતાં આવાં ગામડાઓ માટે એમ કહેવાય છે કે આવાં ગામડામાં ખુલ્લામાં શૌચ કરવામાંથી મુકત થઇ ગયા છે અને ગામડાના તમામ ઘરોમાં શૌચાલય બનાવી દેવામાં આવ્યા છે તો મારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે સુરેન્દ્રનગર જિલ્લામાં એવાં કેટલાં ગામડાઓ છે કે હાલ તમે સંપૂર્ણપણે જાહેર કરી દીધું હોય કે એ શૌચમુકત થયા છે અને એ જે તમે જાહેર કરેલાં ગામડાઓની અંદર જો આપ મારી સાથે આવવા તૈયાર હોવ તો હું રાત્રે આપને લઇ જઉં કે ગામડામાં કેટલી આપણી બહેનો શરમજનક પરિસ્થિતિની અંદરથી પસાર થઇ રહી છે તો એ બાબતે આપ શું કરવા માગો છો?

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, મહાત્મા ગાંધીજીનું સ્વપ્ન હતું કે સ્વચ્છતા ત્યાં પ્રભુતા અને એમનો સંકલ્પ હતો જે છે આદરણીય મોદી સાહેબે ચરીતાર્થ કર્યો છે. માનનીય નૌશાદભાઇએ બહુ સારો પ્રશ્ન કર્યો છે. ગ્રામીણ મહિલાને જે તકલીફ છે પછી એ ગેસનો ચૂલો હોય કે શૌચાલયની વાત હોય અત્યાર સુધી સરકારોએ જે ચિંતા કરી છે એ આપણા ધ્યાનમાં છેજ, પણ આ સરકારનો એવો પ્રામાણિક પ્રયત્ન છે કે બધાને શૌચાલય મળે અને માતાઓ, બહેનોની તકલીફ આ સરકાર સારી રીતે જાણે છે. આપ અલગ નોટિસ પાઠવશો તો સુરેન્દ્રનગર જિલ્લામાં જે પણ બાકી હશે અને નાનું મોટું કંઇ ખૂટતું હશે એ પૂરો કરવાનો અમારો પ્રયાસ હશે.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી,આપે અમારું રક્ષણ કરવું જોઇએ. સિમ્પલ એવો પ્રશ્ન છે અને જવાબ મળતો નથી. એમણે તૈયારી કરીને આવવું જોઇએ. સુરેન્દ્રનગર જિલ્લાનો પ્રશ્ન છે અને તેમ છતા જવાબ ના આપે?

અધ્યક્ષશ્રી : ના ના એવો વિષય નથી નૌશાદભાઇ, તમે એમને એમ કીધું કે તમે મારી સાથે આવો કેટલા શૌચાલય છે તો એ તપાસ કરીને આવશે એમાં કંઇ જવાબ તૈયાર નથી એવો વિષય ના આવે.

શ્રી કનુભાઇ મ. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ખરેખર સ્વચ્છ ભારત મિશનમાં જે શૌચાલય બનાવવામાં આવે છે, એમાં રૂ.૧૨,૦૦૦ ચૂકવવામાં આવે છે પરંતુ ખરેખર તે રૂ.૧૨,૦૦૦માં બનતું નથી. સરકારનો ઇરાદો કોઇપણ વ્યકિત રૂ.૨૦,૦૦૦ કે રૂ.૨૫,૦૦૦નું બનાવે તો સરકાર એને રૂ.૧૨,૦૦૦ની સહાય આપે ત્યારે એમાં એવું બનવાને બદલે રૂ. ૧૨,૦૦૦માં સખી મંડળ પાસે કામ કરાવે, કોન્ટ્રાકટર પાસે કામ કરાવે, બે-ત્રણ હજાર રાખે અને આઠ-નવ હજારમાં બને છે, મોટાં ભાગનાં ગામડાઓની અંદર શૌચાલયો બંધ છે. જાહેર ગામોના શૌચાલયો ૯૦ ટકા બંધ છે. તો આ બાબતે તપાસ કરીને કંઇ કરવા માગો છો કે કેમ?

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આ રૂ.૧૨,૦૦૦ની રકમ એ પ્રોત્સાહક રકમ છે. અને જે પણ કંઇ ફરિયાદ હોય તો લેખિતમાં અમને કરજો, અમે ચોક્કસ એનો ઉકેલ લાવવા પ્રયત્ન કરીશું.

### રાજ્યમાં જીરાની ટેકાના ભાવે ખરીદી

* ૪૨૫૮૯ **શ્રી ચંદનજી ઠાકોર** (સિધ્ધપુર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં શિયાળુ પાક તરીકે ખેડૂતો દ્વારા ઉત્પાદન કરવામાં આવતા જીરાના પાકને ટેકાના ભાવે ખરીદી કરવામાં આવે છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો ના, તો જીરાના પાકનો ટેકાના ભાવે ખરીદી થાય તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે ભારત સરકાર સમક્ષ ક્યારે રજૂઆત, માંગણી કે દરખાસ્ત કરી, અને | (૨) ભારત સરકારશ્રીની ટેકાના ભાવ નીતિ અંતર્ગત જીરા પાકનો સમાવેશ થતો નથી. તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તે અન્વયે ભારત સરકાર તરફથી ક્યારે શા પ્રતિભાવ મળ્યા ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી ચંદનજી ત. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી ભારત સરકાર દ્વારા ટેકના ભાવે ખરીદીની નીતિ અંતર્ગત જીરાના પાકનો સમાવેશ થતો નથી તેવો સરકાશ્રીનો જવાબ છે. મારો પ્રશ્ન એ છે કે ગુજરાતમાં જીરાની ખેતી સૌથી વધારે થાય છે અને જીરાના પાકને સૌથી વધારે નુકસાન પણ થાય છે. ભારત સરકારમાં જીરાની ટેકાના ભાવે ખરીદી કરવા માટેની દરખાસ્ત કરવાનાં કારણો શું છે? સરકાર આ બાબતે કેન્દ્ર સરકારમાં ટેકાના ભાવે ખરીદી કરવા માટેની દરખાસ્ત કરવા માગે છે કે કેમ અને જો કરવા માગતી હોય તો કેટલા સમયમાં કરશે?

શ્રી રાઘવજીભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન બહુ સરસ છે. જીરું એ મસાલા પાક છે અને આવા મસાલા પાકોના ઉત્પાદકોને પૂરા ભાવ મળી રહે એ ખૂબ જરૂરી છે. આપણા માનનીય વડાપ્રધાનશ્રીએ ખેડૂતોની આવક ડબલ કરવાની વાત અવાર-નવાર કરી છે. મને કહેતા આનંદ થાય છે કે આ જીરાના ભાવની વાત છે એમાં આજની

તારીખે ગઈકાલના જીરાના ભાવ માનનીય સભ્યશ્રીને આપવા માગું છું. ઉંઝા એ.પી.એમ.સી.માં ૪,૯૦૦ રૂપિયે મણ, થરાદમાં ૪,૩૦૦ રૂપિયે મણ, હારીજમાં ૪,૩૧૦ રૂપિયે મણ, થરામાં ૪,૨૫૦ રૂપિયે મણ, પાટણમાં ૪,૨૫૧ રૂપિયે મણ એ જીરાના અત્યારના ભાવો છે. આ ઐતિહાસિક ભાવો છે. ભૂતકાળમાં ક્યારેય ન મળ્યા હોય તેટલા જીરા સહિત અન્ય ખેત ઉત્પાદન અને જણસીના ભાવો ખેડૂતોને મળી રહ્યા છે. તેનું કારણ હોય તો માત્ર ને માત્ર દેશના વડાપ્રધાનના મનની ભાવના છે કે ખેડૂતોની આવક ડબલ કરવી. એટલા માટે કેન્દ્ર સરકારની ખેડૂતલક્ષી નીતિ અને રાજ્ય સરકારની કૃષિલક્ષી નીતિ થકી ખેડૂતોની આવક વધે એ દિશામાં સરકારે કરેલ પ્રયત્નોનું પરિણામ છે. માનનીય સભ્યશ્રીને જણાવું કે, ભારત સરકારની ટેકાના ભાવની નીતિમાં કુલ ૨૩ પાકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. દર વર્ષે ટેકાના ભાવ વાવેતર પહેલાં જાહેર કરવામાં આવે છે. જે પૈકી ગુજરાતના ૧૫ મુખ્ય પાકો જેવા કે બાજરી, જુવાર, મકાઇ, ડાંગર, કપાસ, તુવેર, મગ, અડદ, મગફળી, સોયાબીન, તલ, ઘઉં, ચણા, રાઇ અને શેરડીના પાકનો સમાવેશ થયો છે. કેન્દ્ર સરકારની ટેકાના ભાવની યોજના અંતર્ગત ટેકાના ભાવો નક્કી કરવા માટે વિવિધ રાજ્ય સરકારો તથા સ્વાયત્ત સંસ્થાઓ દ્વારા તમામ ખર્ચને આવરી લઇને વૈજ્ઞાનિક પદ્ધત્તિથી અંદાજવામાં આવેલ પાક ઉત્પાદન, ખર્ચની વિગતો મેળવી એ વિગતો અનુસાર પાક ઉત્પાદન ખર્ચ ઉપરાંત આનુષંગિક બાબતો જેવી કે આગામી વર્ષના ઇનપુટસના ભાવો, સંભવિત ભાવ-વધારો તથા કુદરતી આપત્તિથી નુકસાન તેમજ અન્ય બાબતોને ધ્યાને લઇ પંચ દ્વારા ટેકાના ભાવની ભલામણ ભારત સરકારને કરવામાં આવે છે. જીરાનો બજાર ભાવ ખેતી ખર્ચ કરતાં બે ગણા જેટલો હોવાથી ભારત સરકારના એમ.એસ.પી. પોલિસીના મેન્ડેટમાં જીરાના પાકનો સમાવેશ થતો ન હોઇ, ભારત સરકારશ્રીને આ અંગે કોઇ દરખાસ્ત કરવાની રહેતી નથી.

શ્રી અજમલજી વ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાજ્યમાં છેલ્લાં બે વર્ષમાં જીરાના પાકનું કેટલું વાવેતર થયેલ છે અને કેટલું ઉત્પાદન થયેલ છે. જીરાની વધુ ઉત્પાદન આપતી કઇ જાત છે અને તે હેકટર દીઠ કેટલું ઉત્પાદન આપે છે.

શ્રી રાઘવજીભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં છેલ્લાં બે વર્ષમાં જીરાના પાકનું વાવેતર જોઇએ તો રાજ્યમાં વર્ષ ૨૦૨૦-૨૧માં કુલ ૪ લાખ ૭૪ હજાર હેકટરમાં વાવેતર થયેલ હતું અને અંદાજિત ઉત્પાદન ૩ લાખ ૯૧ હજાર મેટ્રિક ટન થયેલ છે. એ જ રીતે વર્ષ ૨૦૨૧-૨૨માં જીરાના પાકનું કુલ ૨ લાખ ૮૯ હજાર હેકટરમાં વાવેતર થયેલ અને અંદાજિત ઉત્પાદન ૨ લાખ ૩૭ હજાર મેટ્રિક ટન થવાનો અંદાજ છે.

ડો.કીરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ઉત્તર ગુજરાતમાં જીરાનું સારું વાવેતર થાય છે અને ઉંઝાથી મોટાભાગે જીરાનું એક્સપોર્ટ થાય છે. ઘણીવાર એવું બને છે કે જીરાનું એક્સપોર્ટ થયા પછી ફોરેનમાં જંતુનાશક દવા હોય એના પાર્ટીકલ અંદર આવે છે એટલે ખેડૂત કે વેપારીએ એક્સપોર્ટ કર્યું હોય તો પરત લેવું પડે છે અથવા નાખી દેવું પડે છે. સરકાર આવું જીરું એક્સપોર્ટ ન થાય અને આવા પાર્ટીકલ ન આવે અને ખેડૂતોને ફાયદો થાય એવું કંઇ કરવા માગે છે કે કેમ ?

શ્રી રાઘવજીભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે ગુજરાતમાં અને દેશમાં પ્રાકૃતિક ખેતીનું આકર્ષણ વધી રહ્યું છે અને એનું જો કોઇ કારણ હોય તો વધુ પડતી જંતુનાશક દવાનો પાક ઉપર ઉપયોગ, વધુ પડતા રાસાયણિક ખાતરનો ઉપયોગ અને એના પરિણામે ઉત્પાદિત પાક છે એમાં ખાતર અને દવાના ઝેરી જંતુઓ, ઝેરી રસાયણોની અસર જોવા મળે છે. એના પરિણામે માણસ જાતના આરોગ્યને પણ એનાથી નુકસાન થાય છે. વાત છે જીરાની તો ઉંઝા છે એ જીરાનું મુખ્ય વેપાર કેન્દ્ર છે. ઉંઝાથી સમગ્ર ગુજરાતના જીરાની નિકાસ પણ થઇ રહી છે પણ માનનીય સભ્યશ્રીએ જે વાત કરી એમ છેલ્લા થોડા સમયથી આપણું નિકાસ થયેલું જીરું પરત આવે છે. જેના પરિણામે વેપારીઓને પણ નુકસાન થાય છે અને વેપાર ધંધાને પણ નુકસાન થાય છે અને એનું જો કોઇ એક માત્ર કારણ હોય તો માત્રને માત્ર વધુ પડતી જંતુનાશક દવા અને રાસાયણિક ખાતરનો ઉપયોગ છે. આ જંતુનાશક દવાના અવશેષો મુકત કરવાના સરકારના ઘણાંબધાં પગલાંઓ જીરા માટે લેવાઇ રહ્યાં છે. હું થોડી વિગતો આપું તો ફેડરેશન ઓફ ઇન્ડિયન સ્પાઇસ ટ્રેડર્સ ઉંઝાની રજૂઆત અનુસાર રાજયમાંથી ચીન, યુરોપ અને અન્ય દેશોમાં નિકાસ થતા જીરાના પાક માટે આ દેશોએ જંતુનાશકોના અવશેષોના ધોરણો જે નકકી કરેલ છે જેના કારણે રાજયમાંથી નિકાસ થતા જીરુંના પાકને માટે આ માપદંડો પરિપૂર્ણ કરવા અનિવાર્ય છે. જીરુંના પાકમાં વાતાવરણમાં સામાન્ય ફેરફારના લીધે ગરમી નામનો ફુગનો રોગ તથા ચુસીયા પ્રકારની જીવાતોનો ઉપદ્રવ વધે છે એના નિરાકરણ માટે ખેડૂતો જીરાના પાકમાં ભલામણ વગરની જંતુનાશક, ફુગનાશક દવાનો આડેધડ ઉપયોગ કરતા જંતુનાશક અવશેષોના પ્રશ્નો ઉપસ્થિત થાય છે. જેના નિરાકરણ માટે રાજયની કૃષિ યુનિવર્સિટી, કૃષિ વિસ્તરણ તંત્ર અને સ્પાઇસીસ બોર્ડ દ્વારા પગલાં લેવામાં આવ્યાં છે અને આ પગલાંની વિગત જણાવું તો જીરુંના પાકમાં રાસાયણિક દવાઓના અવશેષોની માત્રા ન્યૂનતમ રહે એ માટે ખેડૂતોને આ પ્રચાર અને પ્રસાર અંગેની એડવાઇઝરી મસાલા બીજ સંશોધન કેન્દ્ર જગુદાણ દ્વારા તૈયાર કરવામાં આવેલ છે અને તેનો વિસ્તરણ તંત્ર મારફતે ખેડૂતોમાં બહોળો પ્રચાર અને પ્રસાર કરવામાં આવે છે. ખેડૂતોમાં આ અંગે જાગૃતિ લાવવા સારુ જીરુંનું હબ ગણાતા પાટણ જિલ્લાના રાધનપુર વિસ્તારમાં રાસાયણિક દવામુકત જીરું ઉત્પાદન અંતર્ગત એક અવેરનેસ કાર્યક્રમનું આયોજન જગુદાણ કેન્દ્ર દ્વારા કરવામાં આવ્યું છે. જીરુંની રાસાયણિક દવાઓ મુકત ખેતી તરફ ખેડૂતો વધારે પ્રેરાય તે હેતુસર બનાસકાંઠા જિલ્લાના વાવ અને દિયોદર તાલુકાના અનુક્રમે ૧૫ અને ૨૦ એકરમાં કુલ ૨૫ ખેડૂતોના એકર પર કૃષિ યુનિવર્સિટી દ્વારા એના નિદર્શનો ગોઠવવામાં આવ્યા હતા. મહેસાણા જિલ્લાના વડનગર ખાતે ૧૫૦ જેટલા ખેડૂતોને રાસાયણિક દવાઓ

મુકત ઉત્પાદન સારું સ્પાઇસીસ બોર્ડ ઉંઝા તેમજ બાગાયત ખાતા દ્વારા આયોજિત જાગૃતિ કાર્યક્રમમાં માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બનાસકાંઠા જિલ્લાના વાવ તાલુકાના ડેડાવા મુકામે પણ તાલીમ કાર્યક્રમમાં ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવ્યું છે. જંતુનાશક દવાની વિક્રેતાની તાલીમમાં પણ આ વિશે વિશેષ માહિતી આપી ખેડૂતો સુધી યોગ્ય ભલામણ મુજબની જ દવાઓ પહોંચે એવા પ્રયત્ન કરવામાં આવ્યા. ખેડૂતોમાં ઓછી રાસાયણિક દવાઓવાળા જીરુંના ઉત્પાદન માટે તાજેતરમાં સ્પાઇસીસ બોર્ડ ઉંઝા તેમજ બાગાયતના સહયોગથી એક માસ્ટર ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન મસાલા બીજ સંશોધન કેન્દ્ર જગુદાણ ખાતે કરવામાં આવ્યું અને તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવી. આનો એક માત્ર જો ઉપાય હોય તો માત્રને માત્ર પ્રાકૃતિક ખેતી દ્વારા વધુમાં વધુ આપણી કૃષિની જણસી ઉત્પન્ન થાય. ઓછામાં ઓછા રાસાયણિક ખાતરનો ઉપયોગ થાય. ઓછામાં ઓછી જંતુનાશક દવાનો ઉપયોગ થાય અને જે ચીજવસ્તુઓ ઉત્પન્ન થાય તો આ પ્રશ્નમાંથી આપણને કાયમી ધોરણે મુક્તિ મળે અને એના માટે રાજય સરકાર પ્રાકૃતિક ખેતી તરફ ખેડૂતો વળે એ દિશામાં પૂરતા પ્રયત્નો કરી રહી છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ એવું કહ્યું ૪ લાખ હેક્ટરમાં જીરાનું વાવેતર કર્યુ. એનું ૩ લાખ મેટ્રિક ટન ઉત્પાદન થયું. હું ખોટો ના હોઉં નો જીરાનું વાવેતર એ વારંવાર પીયત કરતી જમીન હોય તેમાં થતું નથી. ગમે એટલું જીરું સારું થયું હોય, એ બીન પીયત જમીનમાં આ જીરાનો પાક વધારે થાય છે અને એમાં કાળીયા નામનો રોગ આવતો હોય છે. સાંજે કાળીયો આવ્યો હોય અને બીજા દિવસે સાંજે તમે જોવા જાવ તો જીરાનો નાશ થતો હોય છે. આવા પ્રકારના રોગ આવતા હોય છે. જીરું ગમે એટલું સારું હોય તો ૫ થી ૧૦ મણ વધારેમાં વધારે ૧૦ મણની આજુબાજુ એક વીઘે આ જીરાનો પાક થતો હોય છે. તો આ ૩ લાખ મેટ્રિકટન જે ઉત્પાદન ગણાવ્યું એ મંત્રીશ્રી કયા આધારે ગણાવ્યું?

શ્રી રાઘવજીભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે કાળીયા રોગની વાત કરી એના કારણે જીરાના ઉત્પાદન ઉપર મોટી અસર થાય છે. પાક ઘણી વખત નાશ પામે છે તે હકીકત છે. જીરું બહુ સેન્સિટિવ પાક છે. માવઠાના હિસાબે નુકસાન થાય, વધારે પડતો હીમ પડે તો નુકસાન થાય કે આવો કોઇ રોગ આવે તો પણ નુકસાન થાય તે વાત સત્ય છે. ઉત્પાદન સામાન્ય રીતે ૫ થી ૧૦ મણની વાત કરી. સારું જીરું હોય તો વીઘે ૧૫ મણથી પણ વધુ ઉત્પાદન થાય છે. ૩ લાખ મેટ્રિક ટનના ઉત્પાદનની વાત કરી એ અમે અંદાજિત વાવેતરના આધાર ઉપર અમે ઉત્પાદનની વાત કરી છે. એક્ઝેટ ઉત્પાદન નક્કી ન કરી શકીએ. જ્યારે ઉત્પાદન થાય ત્યારે ખબર પડે. અંદાજે નક્કી કરેલ છે.

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ગયા વર્ષ કરતા આ વર્ષે જીરાના વાવેતરમાં કેટલો ઘટાડો થયો છે? જે ભાવ કહ્યા કે ૪,૨૦૦ રૂપિયા એ થરાદ એપીએમસીમાં, ઉંઝા એપીએમસીમાં ૫,૦૦૦ જેટલા ભાવ. પહેલા મુહૂર્તમાં એક મણનો ભાવ હોય છે અને આખા દિવસની ખરીદી થતી હોય છે. ૩,૮૦૦ રૂપિયાના ભાવે આખા દેશમાં જીરાની ખરીદી થતી હોય છે. આ વખતે અમારા વિસ્તારમાં જીરાના ઉત્પાદનમાં રોગચાળાના લીધે તથા બીજા અન્ય રોગોના કારણે ૫૦ ટકાનો ઘટાડો થયો છે. તો આવક કઇ રીતે ડબલ થઇ? ડીઝલના ભાવ ડબલ થઇ ગયા છે. ખાતરના ભાવ ડબલ થઇ ગયા છે. ત્યારે જીરાનો ૩,૮૦૦ રૂપિયા ભાવ મળતો હોય. ૫૦ ટકાનું વાવેતર થઇ ગયું તો આવક કઇ રીતે ડબલ થઇ?

શ્રી રાઘવજીભાઇ પટેલ : ગયા વર્ષની સરખામણીએ આ વર્ષે ચોક્કસપણે ૧.૮૫ લાખ હેક્ટર જેટલા વિસ્તારમાં જીરાનું વાવેતર ઓછું થયું છે. બીજું, જીરાનો ભાવ ગયા વર્ષ કરતા ડબલ હોય એટલે વાવેતર ઓછું છે. કદાચ ઉત્પાદન પણ ઓછું થયું હોય. પણ ખેડૂતોની આવકમાં ખૂબ મોટો ફેર પડે છે.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું અને એક વાત મંત્રીશ્રીને કહેવા માગું છું કે જે આપે વાત કરી તે પ્રમાણે મારા વિસ્તારમાં જીરાનું વાવેતર ખૂબ થાય છે. ક્વોલિટી ભાવ મળ્યો તેની તમે વાત કરી. આજે ભાણવડ, ખંભાળિયાની અંદર ૩,૨૦૦ રૂપિયામાં જીરાનું કોઇ લેવાલ નથી. આ વાસ્તવિકતા છે. ઝાંકળ પડવાથી જીરાનો પાક નાશ પામ્યો છે. ઉત્પાદન ઓછું થયું છે. બળદેવજીએ કહ્યું તે પ્રમાણે ઓછામાં ઓછું ૫ થી ૬ મણ જીરું થયું છે. હું આપને પૂછવા માગું છું કે આપ દરેક ચીજની અંદર એમ કહો છો કે ખેડૂતોના ભાવ વર્ષ ૨૦૨૨ માં ડબલ થવા જોઇએ. મંત્રીશ્રી યાદ કરો વર્ષ ૨૦૧૨ માં હું સાંસદ હતો અને આપ ધારાસભ્ય શ્રી હતા. મગફળીનો ભાવ ૧,૨૦૦ રૂપિયે મળતો હતો અને આજે ૧૦ વર્ષ પછી મગફળીનો ભાવ ૧,૧૦૦ રૂપિયા મળે છે.કયાં છે આપની નીતિ? વર્ષ ૨૦૨૨ ની અંદર ભાવ ડબલ કરવાની વાત કરો છો. તમે અને અમે આંદોલન કર્યુ હતું. આજે તમે ત્યાં બેઠા છો એટલે તમારી જવાબ દેવાની મર્યાદાઓ આવી ગઇ છે.

અધ્યક્ષશ્રી : આપ પ્રશ્ન પૂછો વિક્રમભાઇ.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : પ્રશ્ન જ પૂછું છું કે, ખેડૂતોની આવક ડબલ કરવાની વાતો કરો છો, કેન્દ્ર સરકારને જશ આપો છો. આ જીરાના પાકના ખેડૂતોને પૂરતો ભાવ મળે તેના માટેના આપના પ્રયત્નો શું છે?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો ભાવની સ્થિતિ છે તે રાજ્ય સરકારનો વિષય નથી. બીજી વાત કે સૌરાષ્ટ્રમાં...

અધ્યક્ષશ્રી : સાંભળો. જવાબ તો સાંભળી લો. તમે લાંબો સવાલ પૂછો છો.

## તા. ૧૬મી માર્ચ ૨૦૨૨

## તારાંકિત પ્રશ્નો

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર તો ખેડૂતો ઉત્પાદન વધારે, ગુણવત્તાયુક્ત ઉત્પાદન વધે, તેને વેચાણ માટેની સારી સગવડ મળે તેના માટેના પ્રયત્નો કરી શકે છે. તેના માટે ખેડૂતોને સહાય કરી શકે છે. ભાવનો વિષય કેન્દ્ર સરકારનો છે. વિક્રમભાઇની એક વાત સાથે હું સંમત છું. મેં અગાઉ કહ્યું તેમ જીરાનો પાક સેન્સિટિવ છે. જીરુંના પાકને વાવાઝોડું, અતિવૃષ્ટિ, રોગચારો આવી જાય તો નુકસાન કરે છે, માવઠું નુકસાન કરે છે, હિમ પડે તો નુકસાન થાય છે. આ વાત સાથે હું સંમત છું. આ એકપણ પરિસ્થિતિ આપણા કાબૂમાં છે નહીં. આ પરિસ્થિતિ કુદરત સર્જિત આફતો છે. આ આફતોનો તો આપણે સામનો કરવો જ પડે. વિક્રમભાઇની ત્રીજી વાત સાચી છે. મેં ખેડૂતો માટે ખૂબ આંદોલનો કર્યા છે, તેની સાથે રહીને કર્યા છે. મને એમ લાગ્યું કે, આ આંદોલનો કરવા એ એક વાત છે, લોકોને મદદ કરવી, તેના સાચા પ્રશ્નો ઉકેલવા અને સાચા રાષ્ટ્રવાદી પક્ષ પાસે જે સત્તા છે તેની પાસે જઇ હું મારા સિદ્ધાંતો અને મારે જે કામ કરવાનું છે તે અમલમાં મૂકી શકીશ. એટલે મેં પરિવર્તન કર્યું છે અને ડંકાની ચોટ ઉપર પરિવર્તન કર્યું છે.

શ્રી મોહનલાલ મા. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, માર્કેટ યાર્ડમાં ૧૪ તારીખના રોજ ઘઉંનો ભાવ ૫૧૮ રૂપિયા હોય અને ૧૫ તારીખના રોજ યાર્ડના વેપારીઓ હોય તે કાર્ટેલ રચી ૪૧૮ રૂપિયાથી ખરીદી શરૂ કરે છે. તો ખેડૂતોને પારાવાર નુકસાન જાય છે તો આ બાબતે આપ કોઇ ફરિયાદ લેવા માગો છો કે કેમ?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન ઘઉં અને તેના ભાવ બાબતનો છે. અત્યારે આ પ્રશ્ન જીરાના ભાવ અને જીરાના ઉત્પાદન બાબતનો છે. એટલે આના માટે અલગથી નોટિસ આપશે તો હું ચોક્કસથી જવાબ આપીશ.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંકઃ પ. સી.કે.રાઉલજી.

### પંચમહાલ જિલ્લામાં હક્કપત્રક નોંધોનો નિકાલ

* ૪૨૧૭૦ **શ્રી સી. કે. રાઉલજી** (ગોધરા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલી હક્કપત્રક નોંધોની નિકાલ બાકી છે,

**જવાબ**

(૧)

| તાલુકો | બાકી નોંધોની સંખ્યા |
|---|---|
| શહેરા | ૫૮૭ |
| મોરવા (હ.) | ૨૩૧ |
| ગોધરા (ગ્રા.) | ૨૨૩૭ |
| કાલોલ | ૧૧૨૮ |
| ઘોઘંબા | ૨૧૭ |
| હાલોલ | ૧૩૧૫ |
| જાંબુઘોડા | ૬૫ |
| ગોધરા (શ.) | ૭૧૩ |
| **કુલ** | **૬૪૯૩** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૨)

| તાલુકો | કુલ પાડેલ | મંજૂર | નામંજૂર |
|---|---|---|---|
| શહેરા | ૪૯૩૩ | ૪૧૦૭ | ૨૩૯ |
| મોરવા (હ.) | ૨૩૯૪ | ૨૦૭૭ | ૮૬ |
| ગોધરા (ગ્રા.) | ૧૩૦૮૭ | ૧૦૨૧૪ | ૬૩૬ |
| કાલોલ | ૬૧૯૪ | ૪૭૨૮ | ૩૩૮ |
| ઘોઘંબા | ૨૪૫૨ | ૨૧૩૪ | ૧૦૧ |
| હાલોલ | ૭૯૪૩ | ૬૪૧૦ | ૨૧૮ |
| જાંબુઘોડા | ૫૭૩ | ૪૯૦ | ૧૮ |
| ગોધરા (શ.) | ૩૪૫૬ | ૨૪૯૫ | ૨૪૮ |
| **કુલ** | **૪૧૦૩૨** | **૩૨૬૫૫** | **૧૮૮૪** |

(૩) નામંજૂર કરવાના મુખ્ય કારણો શાં છે ?

(૧) ટુકડાધારાનો ભંગ થતો હોવાથી.
(૨) ખેડૂત ખરાઇ પુરાવા રજૂ થયેલ ન હોવાથી.
(૩) એકરારનામા તથા ૭/૧૨માં કબજેદારમાં વિસંગતતા હોવાથી.
(૪) બીજા હકોમાં બોજો હોવાથી
(૫) મરણ પ્રમાણપત્રમાં વિસંગતતા હોવાથી.

(૬) પ્રોબેટ સર્ટી રજૂ કરેલ ન હોવાથી.
(૭) વસિયતનામું રજૂ કરેલ ન હોવાથી.
(૮) એકત્ર કુટુંબના વારસો હોવાનું સ્પષ્ટ થતું ન હોવાથી.
(૯) મરણ પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોવાથી.
(૧૦) અસલ સોગંદનામું રજૂ કરેલ ન હોવાથી.
(૧૧) અસલ પેઢીનામું રજૂ કરેલ ન હોવાથી.
(૧૨) વડીલોપાર્જિત જમીન ન હોવાથી.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના ૩૩ જિલ્લા, ૬ મહાનગરપાલિકા અને નગરપાલિકામાં વસતા નાગરિકો માટે માનનીય મુખ્યમંત્રી અને મહેસૂલ મંત્રીએ જમીનોના પ્રશ્નોના નિકાલ કરવા માટે મહેસૂલ મેળાનું જે આયોજન કર્યુ છે તેના માટે હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. મારા પ્રશ્ન ક્રમાક-૫ ની અંદર જે હકકપત્રક નોંધોની બાબતની વાત છે તેમાં મારે એટલું જ જાણવું છે કે, તા. ૩૧-૧૨-૨૦૨૧ ની સ્થિતિએ ૬,૪૯૩ હકકપત્રકની નોંધો બાકી છે. તે કયા પ્રકારની છે, તે નોંધોનો નિકાલ બાકી રહેવાનાં શું કારણો છે અને આ નોંધો અંગે આજે શું પરિસ્થિતિ છે?

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ એક એવો વિભાગ છે કે જે બજેટમાં સૌથી ઓછું લે છે અને સૌથી વધારે આપે છે. સૌથી વધારે કાર્ય કરનારો કોઇ વિભાગ હોય તો તે મહેસૂલ વિભાગ છે. માનનીય રાઉલજી સાહેબ પોતે ખેડૂત છે. તેમણે જે પ્રશ્ન પૂછયો છે કે, હક્કપત્રકની બાકી નોંધો કયા પ્રકારની છે? માનનીય અધ્યક્ષશ્રી, જમીન મહેસૂલ નિયમમાં ઠરાવ્યા પ્રમાણે ૧૧ પ્રકારની નોંધ હોય છે. એ છે વારસાઇ, હયાતી હક દાખલ, વેચાણ, વસિયત, ભેટ, સહભાગીદાર હક દાખલ, બોજો, ગીરો દાખલ, સગીર પુખ્ત થયાની નોંધો, બોજો મુક્તિ કે ગીરો મુક્તિની નોંધ હોય, વેચાણી, હયાતીમાં વેચણી આવી લગભગ ૧૧ પ્રકારની નોંધો હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગોધરા જિલ્લા ખાતે તા. ૨૧.૧૨.૨૦૨૧ની સ્થિતિએ જે ૬,૪૯૩ નોંધના નિકાલની બાકીની વાત છે તે પૈકી ૬,૨૮૯ નોંધો, મુખ્યમંત્રી આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારની આગેવાની હેઠળ અમને જે શક્તિ અને છૂટ મળી છે કામ કરવાની એમાં તમામ ત્રણ માસની અંદરની તકરારી સિવાયની જે નોંધ છે, એમાં ૭૧ નોંધ સમય મર્યાદા બહારની છે, ૧૩૩ નોંધ તકરારી બાકી નોંધ છે અને આ અંગે મને સન્માનીય ગૃહને અને માનનીય સી.કે. રાઉલજીને જણાવતા આનંદ થાય છે કે, મહેસૂલ વિભાગ દ્વારા પ્રશ્નોનો સ્થળ પર જ નિકાલ કરવાની બાબતમાં મહેસૂલી મેળા જે શરૂ કર્યા છે અને મહેસૂલ વિભાગના જે અધિકારી/કર્મચારીઓ છે એમણે પ્રોત્સાહન જે આપ્યું છે કે કામનો નિકાલ ઝડપથી કરો એ સંવેદનશીલતાથી નિકાલ કરવાનો નિર્ધાર અને નવતર ગતિ જે મળી છે એને કારણે તા. ૩૧.૧૨.૨૦૨૧ની સ્થિતિએ જે ૬,૪૯૩ નોંધો નિકાલ માટે બાકી હતી તે પૈકી હાલની સ્થિતએ પંચમહાલ ખાતે તકરારી ન હોય એવી માત્ર ૨૯ હક્કપત્રક નોંધ અને તકરારી ૩૯ નોંધ બાકી રહેવા પામેલ છે એ સિવાયની તમામ નોંધનો નિકાલ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે તકરારી સિવાયની ૨૭ સમય મર્યાદા અંદરની બાકી નોંધ છે, ૨ નોંધ અરજદારો દ્વારા પ્રિમિયમની રકમ ભરપાઇ ન કરવાના કારણોસર બાકી છે. આમ તકરારી નોંધો અંગે અરજદારોને સુનાવણી કરીને બાકીની નોંધ છે એનો સત્વરે નિકાલ કરવામાં આવશે. ખૂબ બહોળા પ્રમાણમાં નોંધનો નિકાલ કરવામાં આવેલ છે. એમણે તાલુકાવાઇસ વિગતોની માગણી કરી છે તો એમાં શહેરામાં ૫૮૪ નોંધ સમય મર્યદાની અંદરની હતી એમાંથી ૩ તકરારી બાકી રહી, મોરવાની અંદર તકરારી નોંધ એક પણ નહીં, ગોધરા ગ્રામ્યમાં ૬૪, કાલોલમાં ૨૧, ઘોઘંબામાં ૭, હાલોલમાં ૧૬, જાંબુઘોડામાં ૧, ગોધરામાં ૨૧ એમ મળીને કુલ ૧૩૩ નોંધ બાકી રહેવા પામેલ હતી અને આ તમામનો નિકાલ કરવાનો આ સરકારે પ્રયાસ કર્યો છે, વિભાગે પ્રયાસ કર્યો છે અને આગળ પણ અમારો એવો પ્રયત્ન છે કે કોઇ પણ પ્રશ્ન મહેસૂલની બાબતનો હોય એમાં અમે ત્વરિત નિકાલ થાય, ઝડપથી નિકાલ થાય, હકારાત્મક નિકાલ થાય એવા તમામ પ્રયત્ન કરીશું.

શ્રી જીગ્નેશકુમાર અં. સેવક : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો આદરણીય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને મહેસૂલ વિભાગના મંત્રીશ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદી સાહેબને જે મહેસૂલ વિભાગમાં સરળતા કરી છે ત્યારે ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ વારસાઇની જે નોંધો હોય છે એ ઓનલાઇન થઇ શકે કે કેમ? અને જો હા, તો તેની વિગતો જાણવા માગું છું.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, વારસાઇની નોંધની આખી પ્રક્રીયા છે એ જણાવું તો વારસાઇ નોંધ ચોક્કસપણે થઇ શકે છે. એ ફેરફારની નોંધ અરજદાર દ્વારા નિયત કરેલ ફોર્મમાં જરૂરી પૂર્તતા સાથે અને મૃત્યુના પ્રમાણ પત્ર સાથે અને તલાટી દ્વારા મંજૂર થયેલ અસલ પેઢીનામું તથા સહ કબજેદારોની સંમતિ જો હોય તો એ સાથે ઇ-ધરા કેન્દ્રમાં રજૂ કરવાનું થાય છે. આની ઇ-ધરા નાયબ મામલતદાર દ્વારા ચકાસણી થાય છે. તમામ પૂરાવા જે રજૂ કર્યા હોય તો પણ કાચી નોંધ પ્રથમ પાડવામાં આવે છે અને અરજદારને તેની રસીદ આપવામાં આવે છે. કાચી ફેરફાર નોંધ જનરેટ થયા બાદ અરજદાર અને સંબંધિતને કલમ-૧૩૫-ડીની નોટિસથી મોકલી આપવામાં આવે છે. તા. ૭-૩-૨૦૧૯ના પરિપત્રથી ગામ નમૂના નંબરઃ૬માં ઇ-ધરા કેન્દ્ર ખાતે વારસાઇ ફેરફારની નોંધની અરજી આ ઓન લાઇન કરવાનો સરકારે નિર્ણય લીધેલો છે. વારસાઇ

## તા. ૧૬મી માર્ચ ૨૦૨૨

## તારાંકિત પ્રશ્નો

નોંધ માટે જેમ આપણે જાણીએ છીએ કે આપણી ગુજરાતની જે વેબસાઇટ છે આઇ.ઓ.આર.એ. તેના પર સહીવાળી અરજી સાથે મરણનું પ્રમાણપત્ર તથા મરણ પામનાર ખાતેદારનું તલાટી રૂબરૂનું પેઢીનામું સ્કેન કરીને અપલોડ કરવાનુ હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, તાલુકા ઇ-ધરા કેન્દ્ર ખાતે આ રજૂ કરવામાં આવે તેમાં ૧૫ દિવસમાં અસલ દસ્તાવેજ જે હોય તે સબમિટ કર્યા પછી અરજી સાથે ૭/૧૨, ૮અ જેવા અન્ય કોઇ દસ્તાવેજ અપલોડ કરવાના થતા નથી. જો કોઇ ચોક્કસ કિસ્સા માટે કોર્ટનો હુકમ હોય તો તે વિગતો પણ અપલોડ કરવાની રહે છે. અરજદાર અરજી મુજબના હક્ક ધરાવનાર તમામના મોબાઇલ નંબરની વિગતો રજૂ કરેલ હશે તો તે તમામને વારસાઇની કાચી નોંધ બાબતે નિયમિત એસ.એમ.એસ. પણ જશે. નોંધનો નિર્ણય કરનારને કાગળોની ચકાસણી દરમિયાન નોંધની સ્ક્રિપ્ટમાં જોડણીની કે નામની કોઇ ભૂલ જણાય તો તે માટે અરજદાર દ્વારા રજૂ કરાયેલ અસલ અરજી, પેઢીનામું અને મરણના પ્રમાણપત્ર ચકાસીને તે મુજબના સુધારા સાથેની વિગતોનો ઉલ્લેખ નિર્ણયના લખાણમાં કરવાનો રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, નામંજૂર થવાનાં જે મુખ્ય કારણો છે તે જો માનનીય ધારાસભ્યશ્રીને, જરૂરી છે.

* હક્કપત્રક નોંધ નામંજૂર કરવા માટે ખેડૂત ખાતેદારના પુરાવા રજૂ કરેલ ન હોવાથી નામંજૂર થાય.
* વારસાઇ કેસમાં મરણ દાખલા, પેઢીનામું વિગેરે ન હોવાથી નામંજૂર થાય.
* કોર્ટમાં કેસ ચાલતો હોય અને મનાઇ આપેલી હોવાથી તે નામંજૂર થાય.
* ક્ષેત્રફળમાં વિસંગતતા હોય તો પણ તે નામંજૂર થાય.
* પેઢીનામામાં બધા વારસદારો દર્શાવેલ ના હોય તો આવી નોંધ નામંજૂર થાય.
* ૭૩A A વેંચાણ પરવાનગી અંગેના આધાર પુરાવા રજૂ કરેલ ના હોય તો એ કિસ્સામાં પણ એ સ્થિતિ.
* જમીન વેંચાણમાં ટુકડા ધારાનો ભંગ થતો હોવાથી પણ નામંજૂર થાય.
* જમીન વેંચાણમાં બોજા કમી થયેલ ન હોવાથી નામંજૂર થાય.
* ૧૩૫-ડીની નોટિસમાં ખાતેદાર સહી કરવા સંમત ના હોય તો આવા વિવિધ કારણોથી એ નામંજૂર થાય છે.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, સરકારની જે નોંધ પાડવાની અને મંજૂર થાય તે નીતિ સરળ છે, પરંતુ વેંચનાર અને ખરીદનાર આ બન્ને ઇન્વોલ હોય ત્યાં સુધી કોઇ પ્રશ્ન નથી, પણ વેંચનાર અને ખરીદનારની વચ્ચે વચેટિયાઓ, વકીલો, તલાટી અને સરકારી તંત્ર આ ઇન્વોલ થાય છે. એટલે સીધી સરળ એન્ટ્રી મંજૂર થવાની હોય તેમાં વાંધાઓ મૂકવામાં આવે છે કાં તો જે પેપર્સ હોય તેમાંથી એક પેપર્સ ખેંચી લેવામાં આવે છે અને આને વિવાદાસ્પદ એન્ટ્રી બનાવી દેવામાં આવે છે. એટલા માટે કે આખું જે નેકસસ છે તે આખું તંત્ર સારી રીતે ચાલતું હોય તેમાં આખું નેકસસ ઉભું થઇ જાય અને નામંજૂર કરવા તરફ લઇ જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે, સરળ નીતિ છે એન્ટ્રી પડયા પછી ૧૦ દિવસમાં મંજૂર જ થાય પણ જે વાંધા લેનાર છે, એટલે ખરેખર તો ૭/૧૨માં જેનું નામ છે જે બે-ત્રણ ખેડૂતના નામ છે એ અને લેનાર પાર્ટી ખેડૂત હોય તેનો પુરાવો મળી જાય એટલે એન્ટ્રી મંજૂર જ થવી જોઇએ, પરંતુ વાંધાઓ એવા મૂકવામાં આવે છે કે આમાં બે પેઢી પહેલાં મારો આમાં હક્ક બને છે, એક પેઢી પહેલાં હક્ક બને છે. ખરેખર એન્ટ્રી મંજૂર થઇ તેની સામે તેને લડવું જોઇએ આની સામે નહીં. એટલે ખરેખર ખોટા વિવાદ ઉભા કરવામાં આવે છે અને તમામ વિવાદ આ પ્રકારના જ છે અને વચેટિયાઓ જે સાદો, સરળ દસ્તાવેજ જે થયેલો હોય છે તે ખેડૂતને અને વેંચાણ લેનારને હેરાન કરવા માટે આવા વકીલો અને બધા મારફતે વાંધાઓ આપી અને કેમ કરીને આ એન્ટ્રી નામંજૂર થાય તે તરફ જતા હોય છે, તો તમારી ૭/૧૨ની સરળ નીતિ જે બનાવી છે, સરકારના વખતો વખતના સુધારાઓ થયા છે તે પ્રમાણે તો દશમા કે અગિયારમા દિવસે એન્ટ્રી મંજૂર થઇ જવી જોઇએ પણ હજુ સુધી આવી એકેય જિલ્લામાં ૬-૬ હજાર એન્ટ્રીઓ નામંજૂર થાય અથવા ૬-૬ હજાર..

અધ્યક્ષશ્રી : આપનો પ્રશ્ન ?

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, કેસ થાય તો આવા આખા રાજયમાં કેટલા કેસ ઉભા થયા છે, જિલ્લામાં કેટલા કેસ ઉભા થયા છે અને તેની નિકાલ કરવાની સમય-મર્યાદા નક્કી કરવા માગો છો કે કેમ ?

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ચાવડાજીએ ખૂબ સુંદર રજૂઆત કરી છે એમની વાતમાં તથ્ય છે, પણ તથ્ય શું છે? આદરણીય મોદીજી જયારે તત્કાલીન મુખ્યમંત્રી હતા ત્યારથી એક તેમનો પ્રયાસ રહ્યો છે કે જેટલા ડિજિટલાઇઝેશન તરફ આપણે આગળ વધીશું તો એમાં ટ્રાન્સફરન્સી આવશે અને જયારે ટ્રાન્સફરન્સી હશે તો આપના પ્રશ્નો જે છે તેનો મોટાભાગે નિકાલ આવશે. હવે વાસ્તવિક સ્થિતિની વાત કરીએ. કુદરતી ન્યાયના સિધ્ધાંત અનુસાર હંમેશા તક આપવી પડે. આપણે જ્યારે કોઈ વાંધેદારને તક આપીએ ત્યારે તે વાંધેદાર સાચો છે કે ખોટો તે નિર્ણય કરવો પડે. ઘણીવાર વાંધો આપનાર સાચો પણ હોઈ શકે એ બહાના હેઠળ કેટલાંક લોકો એવા હોય છે કે જે વાંધો પાડવા ખાતર કોઈ સંબધ ન હોય તેમ છતાં આવી અરજી કરી શકે, પરંતુ તે ચકાસવું એટલા માટે જરૂરી છે કે વાંધો પાડનાર ખોટો છે એવું પણ ઠરાવવું પડે. હું તો ત્યાં સુધી કહું કે લેન્ડ ગ્રેબિંગના કાયદામાં કોઈની પણ જમીન પચાવી પાડવાનો પ્રયાસ કરવો તે પણ ગુનો બને છે. આ સરકારે ટ્રાન્સપરન્સી કરી છે અને અમારો પ્રયાસ છે અને આપ બધાને આમંત્રણ આપીએ છીએ કે આપના કોઈ પણ સૂચન હોય તો મને રૂબરૂમાં મળીને ચોક્કસ આપજો. હું તેનો અમલ કરાવવાનો પ્રયાસ કરીશ. આ હક્કપત્રકની બાબતમાં જે ટ્રાન્સપરન્સી કરી

છે તેમાં ઘણા બધા પ્રશ્નો સોલ્વ થાય છે. જમીન મહેસૂલ નિયમો, ૧૮૭૯ની કલમ-૧૩૫(સી) મુજબ ખાતેદારે હક્ક સંપાદન અથવા ફેરફાર હક્કનો રિપોર્ટ ત્રણ માસમાં તાલુકાની ઈ-ધરા કચેરીમાં લેખિત કરવાનો રહે છે એટલે જે ખરીદે છે તેને પણ તેની જાણ કરવાની રહે છે. અન્યથા તેને રૂ. ૧,૦૦૦ નો દંડ થઈ શકે છે. રેવન્યુ એકાઉન્ટ મેન્યુઅલમાં ગામ નમૂના નંબર-૬ના ફકરા-૩૧ મુજબ રજિસ્ટ્રાર પાસેથી મળેલ દસ્તાવેજોને નોટિસ ગણીને તલાટીએ એન્ટ્રી પાડવાની રહે છે. આ એક સરળતા આપણે કરી. કલમ-૧૩૫(સી) મુજબ રજિસ્ટરમાં તલાટી દ્વારા એક અઠવાડિયામાં નોંધ કરવાની રહે છે. કલમ-૧૩૫(ડી) મુજબ ફેરફારમાં રસ ધરાવતી તમામ વ્યક્તિઓને નોટિસ, લેખિત જાણ કરવામાં આવે છે અને એ માટે ૩૦ દિવસમાં તલાટી સમક્ષ વાંધા રજૂ કરવાના થાય. આ ૩૦ દિવસ બાદ પ્રમાણિત કરવાની કાર્યવાહી હાથ ધરવી અને ૯૦ દિવસમાં તેને પૂર્ણ કરવું. મહેસૂલી તંત્રને સૂચના છે કે જ્યારે પણ કોઈ વિવાદિત વાંધા આવે તો તેનો પણ ત્વરિત નિકાલ કરવો. તેના કારણે સાચા માણસોને ન્યાય મળે.

શ્રીમતી સુમનબેન પ્ર. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે નોંધો નામંજૂર થવાના કિસ્સામાં શું જોગવાઈ છે?

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી આદરણીય સુમનબેનને જણાવવાનું કે, આવા કિસ્સામાં નારાજ થતી વ્યક્તિ ગુજરાત જમીન મહેસૂલ નિયમો, ૧૯૭૨ના નિયમ-૧૦૮(૫) અન્વયે સંબંધિત પ્રાંત અધિકારી પાસે અપીલ દાખલ કરી શકે છે. પ્રાંત અધિકારીના નિર્ણયથી નારાજ થતી વ્યક્તિ કલેક્ટરશ્રી પાસે અથવા તેને સમકક્ષ જમીન મહેસૂલ નિયમો, ૧૯૭૨ના નિયમ-૧૦૮(૬) હેઠળ રિવિઝન અરજી પણ દાખલ કરી શકે છે. કલેક્ટરશ્રીના નિર્ણયથી નારાજ થતી વ્યક્તિ નિયમ-૧૦૮(૬)(ક) હેઠળ સચિવશ્રી (વિવાદ) સમક્ષ ફેરતપાસ અરજી દાખલ કરી શકે છે.

શ્રી ભગાભાઈ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ખેડૂત ખાતેદાર ખેડૂતનું પ્રમાણપત્ર લેવા જાય છે ત્યારે તેની પાસેથી રૂ. ૨,૦૦૦ વસૂલ કરવામાં આવે છે તો સરકારનો આવો કોઈ પરિપત્ર છે કે રૂ. ૨,૦૦૦ ભરે તો જ ખેડૂત ખાતેદારને તેનું પ્રમાણપત્ર મળે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન હક્કપત્રકની બાબતનો છે. પ્રમાણપત્ર બાબતની ખરાઈનો નથી. અલાયદી નોટિસથી જવાબ કરવામાં આવશે.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ભાઈ ભાગની વહેંચણીમાં હિસ્સા માપણી ફરજિયાત કરી છે. હિસ્સા માપણીમાં દોઢ-બે વર્ષે વારો આવે છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોતરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**ગાંધીનગર જિલ્લામાં સરકારી પડતર જમીનોને રી-ગ્રાન્ટ કરવા બાબત**

૪૧૮૬૦ **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર સરકારી પડતર જમીનોને રી-ગ્રાન્ટ કરવા માટે કેટલી અરજીઓ સરકારને મળેલ છે, અને

(૨) તે પૈકી કેટલી અરજીઓ અન્વયે કેટલી જમીન રી-ગ્રાન્ટ કરવામાં આવી ?

**જવાબ**

(૧)

| **ક્રમ** | **વર્ષ** | **તાલુકાનું નામ** | **મળેલ અરજીઓની સંખ્યા** |
|---|---|---|---|
| ૧ | ૨૦૨૦ | ગાંધીનગર | ૧ |
| | | દહેગામ | ૧ |
| | | કલોલ | ૦ |
| | | માણસા | ૦ |
| ૨ | ૨૦૨૧ | ગાંધીનગર | ૧ |
| | | દહેગામ | ૧ |
| | | કલોલ | ૧ |
| | | માણસા | ૦ |

(૨) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં સરકારી પડતર જમીનોને રી-ગ્રાન્ટ કરવા માટેની ઉક્ત અરજીઓ અન્વયે કોઈ જમીન રી-ગ્રાન્ટ કરવામાં આવી નથી.

---------

તા. ૧૬મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

**સુરેન્દ્રનગર જિલ્લામાં ટ્રેક્ટર સહાય**

૪૨૧૩૧ **શ્રી ધનજીભાઇ પટેલ** (વઢવાણ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર ટ્રેક્ટર ખરીદવામાં સહાય મેળવવા કેટલી અરજીઓ મળી, અને

(૨) તે પૈકી વર્ષવાર અને તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર કરી ખેડૂતોને ટ્રેક્ટર માટે કેટલી સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર ટ્રેક્ટર ખરીદવામાં સહાય મેળવવા નીચે મુજબની અરજીઓ મળી.

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૨૦-૨૧ | વર્ષ ૨૦૨૧-૨૨ (તા. ૩૧-૧૨-૨૦૨૧ સુધી) |
|---|---|---|---|
| ૧ | ચુડા | ૧૯૧ | ૨૩૧ |
| ૨ | ચોટીલા | ૧૬૦ | ૧૯૩ |
| ૩ | થાનગઢ | ૪૧ | ૬૪ |
| ૪ | દસાડા | ૫૨૭ | ૫૭૮ |
| ૫ | ધ્રાંગધ્રા | ૬૮૦ | ૭૨૦ |
| ૬ | મૂળી | ૩૬૦ | ૪૩૬ |
| ૭ | લખતર | ૨૬૧ | ૨૩૨ |
| ૮ | લીંબડી | ૧૮૬ | ૨૭૮ |
| ૯ | વઢવાણ | ૨૯૧ | ૩૯૬ |
| ૧૦ | સાયલા | ૩૦૦ | ૪૪૪ |
| | **કુલ** | **૨૯૯૭** | **૩૫૭૨** |

(૨) તે પૈકી વર્ષવાર અને તાલુકાવાર નીચે મુજબ અરજીઓ મંજૂર કરી ખેડૂતોને ટ્રેક્ટર માટે સહાય ચૂકવવામાં આવી.

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૨૦-૨૧ | | વર્ષ ૨૦૨૧-૨૨ (તા. ૩૧-૧૨-૨૦૨૧ સુધી) | |
|---|---|---|---|---|---|
| | | મંજૂર અરજીઓ | સહાયની રકમ | મંજૂર અરજીઓ | સહાયની રકમ |
| ૧ | ચુડા | ૧૧૦ | ૫૨,૦૫,૦૦૦ | ૯૯ | ૪૬,૩૫,૦૦૦ |
| ૨ | ચોટીલા | ૧૧૨ | ૫૩,૪૦,૦૦૦ | ૧૦૫ | ૪૯,૨૦,૦૦૦ |
| ૩ | થાનગઢ | ૩૦ | ૧૫,૪૫,૦૦૦ | ૧૦ | ૪,૮૦,૦૦૦ |
| ૪ | દસાડા | ૨૧૦ | ૧,૦૬,૮૬,૦૦૦ | ૧૭૫ | ૮૬,૨૫,૦૦૦ |
| ૫ | ધ્રાંગધ્રા | ૩૭૨ | ૧,૯૯,૩૫,૦૦૦ | ૫૮ | ૩૧,૬૫,૦૦૦ |
| ૬ | મૂળી | ૧૮૨ | ૯૦,૦૦,૦૦૦ | ૦ | ૦ |
| ૭ | લખતર | ૧૩૫ | ૭૧,૨૫,૦૦૦ | ૮૨ | ૪૧,૫૫,૦૦૦ |
| ૮ | લીંબડી | ૧૦૭ | ૫૩,૭૦,૦૦૦ | ૧૪૫ | ૬૮,૮૫,૦૦૦ |
| ૯ | વઢવાણ | ૧૪૩ | ૭૧,૫૫,૦૦૦ | ૧૨૬ | ૬૩,૬૦,૦૦૦ |
| ૧૦ | સાયલા | ૨૦૦ | ૯૭,૨૦,૦૦૦ | ૫૩ | ૨૪,૪૫,૦૦૦ |
| | **કુલ** | **૧૬૦૧** | **૮,૧૦,૮૧,૦૦૦** | **૮૫૩** | **૪,૧૬,૭૦,૦૦૦** |

\- - - - - - - - -

**પાટણ અને મહેસાણા જિલ્લામાં નોંધાયેલ ખેડૂત ખાતેદાર**

૪૨૫૮૭ **ડો.કીરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પાટણ અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર ક્યા પ્રકારના કેટલા ખેડૂત ખાતેદારો નોંધાયેલા છે,

**જવાબ**

(૧) ભારત સરકારશ્રી દ્વારા સમગ્ર દેશમાં દર પાંચ વર્ષે યોજવામાં આવતા ખેતી વિષયક ગણના (એગ્રી સેન્સસ)ના વર્ષ ૨૦૧૫-૧૬ ની ગણના મુજબ નોંધાયેલ ખેડૂત ખાતેદાર

નીચે મુજબ છે.

| પ્રકાર | ખેડૂત ખાતેદારોની સંખ્યા | |
|---|---|---|
| | પાટણ | મહેસાણા |
| સીમાંત | ૬૭,૧૨૦ | ૧,૬૬,૮૬૩ |
| નાના | ૫૧,૯૧૩ | ૭૨,૮૬૬ |
| અર્ધ-મધ્યમ | ૪૪,૨૨૧ | ૩૬,૩૮૦ |
| મધ્યમ | ૨૩,૮૧૭ | ૯,૯૩૬ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લી એગ્રી સેન્સસ મુજબ ક્યા પ્રકારના કેટલા ખાતેદાર ખેડૂતોની વધઘટ થઇ, અને

(૨) પાટણ જિલ્લામાં એગ્રી સેન્સસ ૨૦૧૦-૧૧ ની સરખામણીએ એગ્રી સેન્સસ ૨૦૧૫-૧૬માં સીમાંત ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૧૮,૮૬૦નો વધારો, નાના ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૧૦,૬૧૪નો વધારો, અર્ધ-મધ્યમ ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૫,૨૯૨નો વધારો, મધ્યમ ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૭૮નો વધારો અને મોટા ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૪૫૭નો ઘટાડો નોંધાયેલ છે. આમ, તમામ પ્રકારના કુલ ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૩૪,૩૮૭નો વધારો નોંધાયેલ છે.

મહેસાણા જિલ્લામાં એગ્રી સેન્સસ ૨૦૧૦-૧૧ ની સરખામણીએ એગ્રી સેન્સસ ૨૦૧૫-૧૬ માં સીમાંત ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૨૫,૪૪૭નો વધારો, નાના ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૮,૮૯૯નો વધારો, અર્ધ-મધ્યમ ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૯૪૩નો વધારો, મધ્યમ ખાતેદાર ખેડૂતો ની સંખ્યામાં ૮૩૬નો ઘટાડો અને મોટા ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૧૩૯નો ઘટાડો નોંધાયેલ છે. આમ, તમામ પ્રકારના કુલ ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૩૪,૩૧૪નો વધારો નોંધાયેલ છે.

(૩) ઉક્ત છેલ્લી એગ્રી સેન્સસની સરખામણીએ ઉક્ત જિલ્લાવાર ખેડૂતોની ઘટ થઇ હોય તો તેના મુખ્ય કારણો શાં છે ?

(૩) ઉક્ત પ્રકારના કુલ ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ઘટ થયેલ ન હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

## છોટાઉદેપુર જિલ્લામાં ખેડૂતોને તાલીમ

૪૨૧૩૦ **શ્રી અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કૃષિલક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ અંતર્ગત છોટાઉદેપુર જિલ્લામાં કેટલા ખેડૂતોએ સંસ્થાકીય તાલીમમાં ભાગ લીધો, અને | (૧) ૧૧૪૦ |
| (૨) તે પૈકી કેટલી સંખ્યામાં મહિલા તાલીમાર્થી અને પુરૂષ તાલીમાર્થીઓએ ભાગ લીધો ? | (૨) ૫૭૦-મહિલા<br>૫૭૦-પુરૂષ |

- - - - - - - - -

તા. ૧૬મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

**માંડવી તાલુકા / શહેરમાં જમીન ભાડાપટ્ટે આપવા બાબત**

૪૨૭૦૯ **શ્રી આનંદભાઇ ચૌધરી** (માંડવી) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લાના માંડવી તાલુકા અને શહેરમાં કેટલી સરકારી પડતર, ખરાબા અને ગૌચરની જમીન કેટલા વર્ષ માટે ભાડાપટ્ટે આપવામાં આવેલ છે, | (૧) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જમીન ફાળવેલ નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકા અને શહેરમાં ભાડાપટ્ટે આપેલ જમીનની મુદત પૂર્ણ થઇ હોય તેવી કેટલી જમીનનો કબજો પરત લેવાનો બાકી છે, અને<br>(૩)ક્યાં સુધીમાં તેનો કબજો પરત લેવામાં આવશે ? | (૨) અને (૩) ઉક્ત સ્થિતિએ શૈક્ષણિક સંસ્થાને રમત-ગમતના હેતુ ફાળવેલ ૩૦૦૦ ચો.મી. જમીનનો ભાડાપટ્ટો પૂર્ણ થયેલ છે, તે લંબાવી આપવાની બાબત વિચારણા હેઠળ છે. આથી કબજો પરત લેવા બાબતે હાલ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

\- - - - - - - - -

**ભાવનગર અને અમરેલી જિલ્લામાં સરદાર આવાસ યોજના**

૪૨૬૬૫ **શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા) : **માનનીય ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર અને અમરેલી જિલ્લામાં જિલ્લાવાર સરદાર આવાસ યોજનામાં કેટલા મકાનો મંજૂર કર્યા, તે પૈકી કેટલી રકમ ફાળવવામાં આવી, | (૧)<br>• ભાવનગરઃ- શૂન્ય મકાનો મંજૂર.<br>• અમરેલીઃ- શૂન્ય મકાનો મંજૂર.<br>• ફાળવેલ રકમઃ- શૂન્ય. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ આવાસો બાંધવા કેન્દ્ર, રાજ્ય સરકાર અને લાભાર્થીઓનો કેટલો ફાળો નક્કી કરવામાં આવેલ છે, અને | (૨) સરદાર આવાસ યોજના-૨ના નવા આવાસના બાંધકામની યુનિટ કોસ્ટ રૂ. ૧,૦૦,૦૦૦/- સામે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૪૦,૦૦૦/- ની સહાય. |
| (૩)ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલા આવાસો બાંધવામાં આવ્યા અને તે અંગેની કેટલી અરજીઓ પડતર છે ? | (૩) ખંડ-૧ મુજબ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

\- - - - - - - - -

**પાલનપુર ખાતે સરકારી જમીનો ગ્રાન્ટ કરવાની દરખાસ્તો**

૪૨૫૭૩ **શ્રી કાન્તીભાઇ ખરાડી** (દાંતા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જમીન મહેસૂલ માફી અને કિંમત માફીથી સરકારી જમીન ગ્રાન્ટ કરવાના સરકારના ઠરાવની જોગવાઇઓનો ભંગ કરીને પાલનપુર ખાતેની સરકારી જમીનો ગ્રાન્ટ કરવા થયેલ દરખાસ્તોને નામંજૂર કરવા સને ૨૦૧૯ તથા સને ૨૦૨૦ દરમ્યાન વર્ષવાર કેટલી રજૂઆતો સરકારને મળી, અને | (૧) શૂન્ય. |
| (૨) તે અન્વયે તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ શી કાર્યવાહી કરવામાં આવી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

\- - - - - - - - -

**મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં સરદાર આવાસ યોજના**

૪૨૬૨૬ **શ્રી લલીતભાઈ કગથરા** (ટંકારા) : **માનનીય ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં જિલ્લાવાર સરદાર | (૧) |

આવાસ યોજનામાં કેટલા મકાનો મંજૂર કર્યા, તે પૈકી કેટલી રકમ ફાળવવામાં આવી,

- મોરબીઃ- શૂન્ય મકાનો મંજૂર.
- સુરેન્દ્રનગરઃ- શૂન્ય મકાનો મંજૂર.
- ફાળવેલ રકમઃ- શૂન્ય.

(૨) ઉક્ત સ્થિતિએ આ આવાસો બાંધવા કેન્દ્ર, રાજ્ય સરકાર અને લાભાર્થીઓનો કેટલો ફાળો નક્કી કરવામાં આવેલ છે, અને

(૨) સરદાર આવાસ યોજના-૨ના નવા આવાસના બાંધકામની યુનિટ કોસ્ટ રૂ. ૧,૦૦,૦૦૦/- સામે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૪૦,૦૦૦/- ની સહાય.

(૩)ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલા આવાસો બાંધવામાં આવ્યા અને તે અંગેની કેટલી અરજીઓ પડતર છે ?

(૩) ખંડ-૧ મુજબ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**આણંદ જિલ્લામાં હક્કપત્રક નોંધોનો નિકાલ**

૪૨૧૬૬ **શ્રી મહેશકુમાર રાવલ** (ખંભાત) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલી હક્કપત્રક નોંધોની નિકાલ બાકી છે,

(૧)

| તાલુકો | બાકી નોંધોની સંખ્યા |
|---|---|
| આણંદ (શહેર) | ૧૬૧ |
| આણંદ (ગ્રામ્ય) | ૧૭૮૨ |
| ઉમરેઠ | ૫૭૦ |
| બોરસદ | ૧૧૬૮ |
| આંકલાવ | ૫૫૩ |
| પેટલાદ | ૮૫૮ |
| સોજીત્રા | ૪૫૯ |
| ખંભાત | ૧૦૧૨ |
| તારાપુર | ૪૧૬ |
| **કુલ** | **૬૯૭૯** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૨)

| તાલુકો | કુલ પાડેલ | મંજૂર | નામંજૂર |
|---|---|---|---|
| આણંદ (શહેર) | ૧૫૮૪ | ૧૩૭૧ | ૫૨ |
| આણંદ (ગ્રામ્ય) | ૧૫૫૭૬ | ૧૨૭૮૪ | ૧૦૧૦ |
| ઉમરેઠ | ૫૭૬૩ | ૪૮૭૧ | ૩૨૨ |
| બોરસદ | ૧૨૩૦૩ | ૧૦૬૧૬ | ૫૧૯ |
| આંકલાવ | ૫૧૫૭ | ૪૩૯૮ | ૨૦૬ |
| પેટલાદ | ૮૭૯૯ | ૭૫૨૦ | ૪૨૧ |
| સોજીત્રા | ૩૫૬૫ | ૨૯૨૫ | ૧૮૧ |
| ખંભાત | ૧૧૧૫૮ | ૯૬૮૪ | ૪૬૨ |
| તારાપુર | ૬૧૪૮ | ૫૪૫૬ | ૨૭૬ |
| **કુલ** | **૭૦૦૫૩** | **૫૯૬૨૫** | **૩૪૪૯** |

(૩) નામંજૂર કરવાના મુખ્ય કારણો શાં છે ?

(૩)

(૧) ખેડૂત ખાતેદારનું પ્રમાણપત્ર રજૂ ન થવાથી.

(૨) વારસાઇ તથા હક કમી નોંધોના મરણના દાખલા અને ૭/૧૨ માં નામની વિસંગતતા હોવાથી.

(૩) નવી શરત/પ્ર.સ.પ્ર. ની જમીનોનું વેચાણ થયેલ હોવાથી.

(૪) બીજા હક્કમાં ગીરો આપનાર / ગણોતીયાનું નામ અથવા બોજો ચાલુ હોય.

(૫) વેચાણના કિસ્સામાં બીજા હક્કમાં બોજો ચાલુ હોવાથી.

(૬) આડી લીટીના હક કમીના કિસ્સામાં ખૂટતી સ્ટેમ્પ ડ્યુટીના કારણે.

(૭) બિનખેતી વેચાણ કિસ્સામાં બિનખેતી હુકમ રજૂ થયેલ ના હોવાથી.

- - - - - - - - -

**અમદાવાદ શહેરમાં સ્ટેમ્પ ડ્યુટી ભરવા માટે બેન્કોમાં ફ્રેન્કીંગ મશીનના પરવાના**

૪૨૧૭૧ **શ્રી અરવિંદકુમાર પટેલ** (સાબરમતી) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં બેન્કોમાં ફ્રેન્કીંગ મશીનથી સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કરવાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે કે કેમ, | (૧) હા. |
| (૨)જો હા,તો અમદાવાદ શહેરમાં ઉક્ત સ્થિતિએ આવી કેટલી નેશનલાઈઝ બેન્કોને ફ્રેન્કીંગ મશીનથી સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કરવા અંગેના પરવાના આપવામાં આવેલ છે, અને | (૨) ૨૨ (બાવીસ). |
| (૩) ઉક્ત સ્થિતિએ અમદાવાદ શહેરમાં આવી કેટલી સહકારી બેન્કોને ફ્રેન્કીંગ મશીનથી સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કરવા અંગેના પરવાના આપવામાં આવેલ છે ? | (૩) ૧૦૦ (સો). |

- - - - - - - - -

**અમદાવાદ જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમા યોજના**

૪૨૧૨૮ **શ્રી બાબુભાઇ પટેલ** (દસક્રોઇ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમાની સહાય મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) ૧૪૧ અરજીઓ મળી. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૯૩ અરજીઓ. |
| (૩) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૧૮૬.૦૦ લાખ. |

- - - - - - - - -

**કપાસ અને મગફળીમાં પ્રોત્સાહક બોનસ**

૪૨૬૫૭ **શ્રી પુંજાભાઇ વંશ** (ઉના) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કપાસ અને મગફળીના ટેકાના ભાવ શું નક્કી કરવામાં આવેલ, | (૧) ભારત સરકારશ્રી દ્વારા કપાસ અને મગફળીના જાહેર થયેલ ટેકાના ભાવો નીચે મુજબ છે. |

| પાકનું નામ | | ટેકાનો ભાવ (રૂ./ક્વિ.) | |
|---|---|---|---|
| | | **વર્ષ ૨૦૨૦-૨૧** | **વર્ષ ૨૦૨૧-૨૨** |
| કપાસ | લંબતારી | ૫૮૨૫ | ૬૦૨૫ |

| | | | |
|---|---|---|---|
| | મધ્યમતારી | ૫૫૧૫ | ૫૭૨૬ |
| મગફળી | | ૫૨૭૫ | ૫૫૫૦ |

(૨) ઉક્ત ભાવો ઉપરાંત રાજ્ય સરકારે કોઇ પ્રોત્સાહક બોનસની રકમ જાહેર કરેલ છે કે કેમ, અને

(૨) ના, જી.

(૩) જો હા, તો ઉક્ત કયા પાક માટે કેટલી પ્રોત્સાહક બોનસની રકમ જાહેર કરવામાં આવેલ છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**જોટાણા ખાતે સરકારી જમીનમાં દબાણ બાબત**

૪૨૫૯૧ **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં જોટાણા ખાતે સરકારી જગ્યામાં દબાણો કરીને બાંધકામ કરવામાં આવ્યા હોવાની કેટલી ફરીયાદો સરકારને મળી,

(૧) આવી કોઇ ફરીયાદ રજૂ થયેલ નથી.

(૨) મળેલ ફરીયાદો અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલા દબાણો ખુલ્લા કરાવવામાં આવ્યા અને કેટલા દબાણો ખુલ્લા કરાવવાના બાકી છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત બાકી દબાણ ક્યાં સુધીમાં ખુલ્લા કરાવવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**ભાવનગર જિલ્લામાં પશુપાલકોને ખાણદાણ સહાય**

૪૨૧૩૯ **શ્રી કેશુભાઇ નાકરાણી** (ગારિયાધાર) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન ભાવનગર જિલ્લામાં પશુપાલકોના ગાભણ પશુઓ માટેની (ગાય/ભેંસ) ખાણદાણ સહાય યોજના હેઠળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૧) ૩.૪૯,૬૬,૯૫૦/-

(૨) તે અન્વયે કુલ કેટલા પશુપાલકોને લાભ આપવામાં આવ્યો ?

(૨) ૧,૭૫૯ પશુપાલકો.

- - - - - - - - -

**મહેસાણા જિલ્લામાં સરકારના વિભાગોને જાહેર હેતુ માટે જમીન**

૪૨૧૬૧ **શ્રી રમણભાઈ પટેલ** (વિજાપુર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમા ગુજરાત જમીન મહેસૂલ નિયમો, ૧૯૭૨ના વહીવટી હુકમ-૩ હેઠળ સરકારના વિભાગોને જાહેર હેતુ માટે જમીન ફાળવવાની કેટલી દરખાસ્તો મળી,

(૧) ૫૦(પચાસ).

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી, અને

(૩) મંજૂર કરેલ દરખાસ્તો પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા કિસ્સામાં જમીન ફાળવવામાં આવેલ છે ?

(૨) અને (૩) મંજૂર કરેલ ૩૦ (ત્રીસ) કિસ્સામાં જમીન ફાળવવામાં આવેલ છે.

- - - - - - - - -

**કપાસ અને મગફળીમાં પ્રોત્સાહક બોનસ**

૪૨૬૧૨ **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે

(૧) ભારત સરકારશ્રી દ્વારા કપાસ અને મગફળીના

વર્ષમાં વર્ષવાર કપાસ અને મગફળીના ટેકાના ભાવ શું નક્કી કરવામાં આવેલ,

જાહેર થયેલ ટેકાના ભાવો નીચે મુજબ છે.

| પાકનું નામ | | ટેકાનો ભાવ (રૂ./ક્વિ.) | |
|---|---|---|---|
| | | વર્ષ ૨૦૨૦-૨૧ | વર્ષ ૨૦૨૧-૨૨ |
| કપાસ | લંબતારી | ૫૮૨૫ | ૬૦૨૫ |
| | મધ્યમતારી | ૫૫૧૫ | ૫૭૨૬ |

(૨) ઉક્ત ભાવો ઉપરાંત રાજ્ય સરકારે કોઇ પ્રોત્સાહક બોનસની રકમ જાહેર કરેલ છે કે કેમ, અને

(૨) ના, જી.

(૩) જો હા, તો ઉક્ત ક્યા પાક માટે કેટલી પ્રોત્સાહક બોનસની રકમ જાહેર કરવામાં આવેલ છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**ખેડા અને દાહોદ જિલ્લામાં સરદાર આવાસ યોજના**

૪૨૬૮૫ **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ) : **માનનીય ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ખેડા અને દાહોદ જિલ્લામાં જિલ્લાવાર સરદાર આવાસ યોજનામાં કેટલા મકાનો મંજૂર કર્યા, તે પૈકી કેટલી રકમ ફાળવવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ આ આવાસો બાંધવા કેન્દ્ર, રાજ્ય સરકાર અને લાભાર્થીઓનો કેટલો ફાળો નક્કી કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલા આવાસો બાંધવામાં આવ્યા અને તે અંગેની કેટલી અરજીઓ પડતર છે ?

**જવાબ**

(૧)

- ખેડા :- શૂન્ય મકાનો મંજૂર.
- દાહોદ :- શૂન્ય મકાનો મંજૂર.
- ફાળવેલ રકમ :- શૂન્ય.

(૨) સરદાર આવાસ યોજના-૨ના નવા આવાસના બાંધકામની યુનિટ કોસ્ટ રૂ. ૧,૦૦,૦૦૦/- સામે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૪૦,૦૦૦/- ની સહાય.

(૩) ખંડ-૧ મુજબ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**તાપી અને સુરત જિલ્લામાં નોંધાયેલ ખેડૂત ખાતેદાર**

૪૨૭૧૫ **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ તાપી અને સુરત જિલ્લામાં જિલ્લાવાર ક્યા પ્રકારના કેટલા ખેડૂત ખાતેદારો નોંધાયેલા છે,

**જવાબ**

(૧) ભારત સરકારશ્રી દ્વારા સમગ્ર દેશમાં દર પાંચ વર્ષે યોજવામાં આવતા ખેતી વિષયક ગણના (એગ્રી સેન્સસ)ના વર્ષ ૨૦૧૫-૧૬ની ગણના મુજબ નોંધાયેલ ખેડૂત ખાતેદાર નીચે મુજબ છે.

| પ્રકાર | ખેડૂત ખાતેદારોની સંખ્યા | |
|---|---|---|
| | તાપી | સુરત |
| સીમાંત | ૨૫,૪૮૨ | ૬૭,૪૯૪ |
| નાના | ૨૧,૨૯૩ | ૪૩,૫૬૩ |
| અર્ધ-મધ્યમ | ૧૫,૬૮૮ | ૩૦,૧૩૦ |
| મધ્યમ | ૭,૪૦૭ | ૧૧,૨૭૨ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લી એગ્રી સેન્સસ મુજબ ક્યા પ્રકારના કેટલા ખાતેદાર ખેડૂતોની વધઘટ થઇ, અને

(૨) તાપી જિલ્લામાં એગ્રી સેન્સસ ૨૦૧૦-૧૧ની સરખામણીએ એગ્રી સેન્સસ ૨૦૧૫-૧૬માં સીમાંત ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૪,૧૩૧નો ઘટાડો, નાના ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૧,૧૭૭નો વધારો, અર્ધ મધ્યમ ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૫૫૪નો વધારો, મધ્યમ ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૧૫૩નો ઘટાડો અને મોટા

ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૫૦નો ઘટાડો નોંધાયેલ છે. આમ, તમામ પ્રકારના કુલ ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૨,૬૦૩નો ઘટાડો નોંધાયેલ છે.

સુરત જિલ્લામાં એગ્રી સેન્સસ ૨૦૧૦-૧૧ની સરખામણીએ એગ્રી સેન્સસ ૨૦૧૫-૧૬માં સીમાંત ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૬,૦૭૪નો વધારો, નાના ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૫,૮૦૬નો વધારો, અર્ધ મધ્યમ ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૧,૭૯૯નો વધારો, મધ્યમ ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૫૨૨નો ઘટાડો અને મોટા ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૯૨નો ઘટાડો નોંધાયેલ છે. આમ, તમામ પ્રકારના કુલ ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૧૩,૦૬૫નો વધારો નોંધાયેલ છે.

(૩) ઉક્ત છેલ્લી એગ્રી સેન્સસની સરખામણીએ ઉક્ત જિલ્લાવાર ખેડૂતોની ઘટ થઇ હોય તો તેના મુખ્ય કારણો શાં છે ?

(૩) એગ્રી સેન્સસના સર્વેમાં વધ-ઘટના કારણો નોંધવામાં આવતા નથી, તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## સાબરકાંઠા જિલ્લામાં સરકારી જમીનની ફાળવણી

૪૨૧૬૫ **શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા** (હિંમતનગર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં આદર્શ નિવાસી શાળા, એકલવ્ય મોડેલ રેસીડેન્શીયલ સ્કૂલ અને કન્યા/કુમાર છાત્રાલય માટે સરકારી જમીન આપવા અંગે કેટલી અરજીઓ મળેલ છે,

**જવાબ**

(૧)

| ક્રમ | વિગત | સંખ્યા |
|---|---|---|
| ૧ | આદર્શ નિવાસી શાળા | ૦ |
| ૨ | એકલવ્ય મોડેલ રેસીડેન્શીયલ સ્કૂલ | ૧ |
| ૩ | કન્યા/કુમાર છાત્રાલય | ૨ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) અગાઉ મળેલ અરજીઓ અન્વયે ઉક્ત સ્થિતિએ કુલ-૨ અરજીઓ મંજૂર કરવામાં આવી.

(૩)મંજૂર કરેલ અરજીઓ પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા કિસ્સામાં કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી ?

(૩) ઉક્ત સ્થિતિએ ૨ કિસ્સામાં કુલ ૧૮૭૯૯ ચો.મી. જમીનની ફાળવણી કરવામાં આવી.

---------

## રાજ્યમાં કેલીમીટી ફંડમાંથી ખર્ચ

૪૨૫૭૭ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્યમાં કુદરતી આફતો સબબે કેલીમીટી ફંડમાંથી વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે,

**જવાબ**

(૧) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કુદરતી આફતો સબબે કેલીમીટી ફંડમાંથી વર્ષવાર કરવામાં આવેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૨૪૩૫.૧૬ |
| ૨૦૨૦-૨૧ | ૨૩૪૦.૧૬ |
| ૨૦૨૧-૨૨ | ૧૦૦૪.૮૭ |

(૨) કેન્દ્ર સરકાર દ્વારા ઉક્ત ફંડમાં ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) કેન્દ્ર સરકાર દ્વારા ઉક્ત ફંડમાં ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ફાળવવામાં આવેલ રકમની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | કેન્દ્ર સરકાર દ્વારા મળેલ રકમ (રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૮૮૬.૮૦ |
| ૨૦૨૦-૨૧ | ૧૩૨૪.૦૦ |

| | |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૧૦૫૯.૨૦ |

વધુમાં તૌકતે વાવાઝોડાના કારણે થયેલ નુકશાન બદલ કેન્દ્ર સરકાર દ્વારા સ્પેશિયલ પેકેજ અંતર્ગત રૂ.૧૦૦૦ કરોડની ગ્રાન્ટ NDRF માંથી ફાળવવામાં આવેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ફંડમાં કુલ કેટલી રકમ જમા છે ?

(૩)ઉક્ત સ્થિતિએ ઉક્ત ફંડમાં રૂ.૧૧૬૫.૩૪ કરોડ જમા છે.

- - - - - - - - -

**નવસારી જિલ્લામાં હક્કપત્રક નોંધોનો નિકાલ**

૪૨૧૬૮ **શ્રી પિયુષભાઈ દેસાઈ** (નવસારી) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નવસારી જિલ્લામાં તાલુકાવાર કેટલી હક્કપત્રક નોંધોની નિકાલ બાકી છે,

(૧)

| **તાલુકાનું નામ** | **બાકી નોંધો** |
|---|---|
| નવસારી (શહેર) | ૩૬૮ |
| નવસારી (ગ્રામ્ય) | ૬૨૦ |
| જલાલપોર | ૧૦૨૮ |
| ગણદેવી | ૮૮૩ |
| ચીખલી | ૧૧૬૫ |
| વાંસદા | ૪૮૯ |
| ખેરગામ | ૧૪૫ |
| **કુલ** | **૪૬૯૮** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૨)

| **તાલુકાનું નામ** | **પાડવામાં આવેલ નોંધો** | **મંજૂર નોંધો** | **નામંજૂર નોંધો** |
|---|---|---|---|
| નવસારી (શહેર) | ૨૮૧૦ | ૨૩૪૭ | ૯૫ |
| નવસારી (ગ્રામ્ય) | ૩૬૬૯ | ૨૯૪૭ | ૧૦૨ |
| જલાલપોર | ૫૮૯૬ | ૪૫૬૪ | ૩૦૪ |
| ગણદેવી | ૫૬૯૩ | ૪૬૦૦ | ૨૧૦ |
| ચીખલી | ૭૪૯૬ | ૬૦૬૮ | ૨૬૩ |
| વાંસદા | ૪૦૧૫ | ૩૩૯૩ | ૧૩૩ |
| ખેરગામ | ૧૬૨૦ | ૧૪૩૩ | ૪૨ |
| **કુલ** | **૩૧૧૯૯** | **૨૫૩૫૨** | **૧૧૪૯** |

(૩) નામંજૂર કરવાનાં મુખ્ય કારણો શાં છે ?

(૩) નામંજૂર કરવાનાં મુખ્ય કારણો નીચે મુજબ છે.

૧. પેઢીનામા તથા મરણના દાખલામાં નામમાં વિસંગતતા હોવાના કારણોસર.
૨. જરૂરી આવશ્યક પુરાવા રજૂ થયેલ ન હોવાથી.
૩. ખેડૂત ખાતેદાર હોવાના પુરાવા રજૂ ન થવાથી.
૪. ખૂટતી સ્ટેમ્પ ડ્યુટી અંગેના કારણોસર.
૫. વારસાઈના કિસ્સામાં સક્ષમ અધિકારીશ્રીના મરણ અંગેના દાખલા રજૂ થયેલ ન હોવાના કારણોસર.
૬. વેચાણ આપેલ જમીનમાં બોજો હોવાથી.
૭. સિવિલ કોર્ટ તથા અન્ય કોર્ટ કેસ ચાલુ હોવાથી.
૮. તમામ સહ કબજેદારોએ સંમતિ આપેલ ન હોવાથી.
૯. ૭૩-એએ નું નિયંત્રણ હોય અને સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મળેલ ન હોય.
૧૦. ક્ષેત્રફળમાં વિસંગતતા હોવાથી.

- - - - - - - - -

અતારાંકિત પ્રશ્નો

**અમદાવાદ જિલ્લામાં કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓના પશુપાલકોને લાભ**

૪૨૧૪૯ **શ્રી જગદીશભાઈ પટેલ** (અમરાઈવાડી) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં શુદ્ધ સંવર્ધન દ્વારા રાજ્યની સ્થાનિક ઓલાદની ગાયમાં કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓના ઉછેર માટે પશુપાલકોને પ્રોત્સાહન આપવાની યોજના હેઠળ કેટલા પશુપાલકોને લાભ આપવામાં આવ્યો, અને | (૧) ૨૭૦ |
| (૨) તે અંગે કુલ કેટલી સહાય આપવામાં આવી ? | (૨) રૂ. ૮,૧૦,૦૦૦/- |

---------

**મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં કિસાન સહાય યોજના**

૪૨૬૮૬ **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મુખ્યમંત્રી કિસાન સહાય યોજનામાં કેટલા દિવસ સતત વરસાદ ન પડે તો યોજનાનો લાભ મળવાપાત્ર થાય છે, | (૧) રાજ્યમાં ચોમાસુ શરૂ થાય ત્યાંથી ૩૧ ઓગસ્ટ સુધીના સમયગાળામાં જે તાલુકામાં તાલુકાના મહેસૂલી રેઈન ગેજ મુજબ બે વરસાદ વચ્ચે સતત ચાર અઠવાડીયા (૨૮ દિવસ) વરસાદ પડેલ ન હોય એટલે કે સતત શૂન્ય વરસાદ નોંધાયેલ હોય અને ઠરાવની અન્ય જોગવાઈઓ પરિપૂર્ણ થતી હોય તો આ યોજનાનો લાભ મળવાપાત્ર થાય. |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહીસાગર અને પંચમહાલ જિલ્લાના ક્યા તાલુકાને ઉક્ત લાભ મળવાપાત્ર થાય છે, | (૨) છેલ્લાં બે વર્ષમાં મહીસાગર અને પંચમહાલ જિલ્લાના કોઈપણ તાલુકાને ઠરાવની જોગવાઈઓ મુજબ લાભ મળવાપાત્ર થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ તે અન્વયે ઉક્ત યોજના હેઠળ ઉક્ત ક્યા તાલુકાના કેટલા ખેડૂતોને ક્યા દરે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલા ખેડૂતોને કેટલી રકમ ચૂકવવાની બાકી છે, તેના કારણો શાં છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**જૂનાગઢ જિલ્લામાં ખેડૂતોને ખેતઓજારોમાં સબસિડી**

૪૨૬૪૫ **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નેટ હાઉસ, ગ્રીન હાઉસ, ટ્રેક્ટર અને થ્રેસર, ખેતઓજારોમાં કેટલી સબસિડી આપવામાં આવે છે, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નેટ હાઉસ, ગ્રીન હાઉસ, ટ્રેક્ટર અને થ્રેસર, ખેતઓજારોમાં નીચે મુજબની સબસિડી આપવામાં આવે છે. |

| નેટ હાઉસ | ગ્રીન હાઉસ |
|---|---|
| જનરલ ખેડૂત માટે લાભાર્થી દીઠ ખર્ચના ૬૫%, ૪૦૦૦ ચો.મી.ની મર્યાદામાં તેમજ દેવીપૂજક ખેડૂત, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ખેડૂતને ૭૫%, ૪૦૦૦ ચો.મી.ની મર્યાદામાં સહાય આપવામાં આવે છે. | લાભાર્થી દીઠ ખર્ચના ૫૭.૫%, ૪૦૦૦ ચો.મી.ની મર્યાદામાં સહાય. |

| ટ્રેક્ટર માટે સહાયની | ટ્રેક્ટર માટે સહાયની |
|---|---|

| વિગત (બાગાયતની યોજના) | વિગત (ખેતીવાડીની યોજના) |
|---|---|
| - ૨૦ પી.ટી.ઓ હોર્સ પાવર સુધીના મૉડેલ માટે સામાન્ય ખેડૂતને ખર્ચના ૪૦% કે રૂ.૪૫,૦૦૦ની સહાય તેમજ અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિના ખેડૂતને ખર્ચના ૫૦% કે રૂ.૬૦,૦૦૦ની સહાય આપવામાં આવે છે. | - ૪૦ પી.ટી.ઓ. હોર્સ પાવર સુધીના મૉડેલ માટે ખર્ચના ૨૫% અથવા રૂ.૪૫,૦૦૦/-ની મર્યાદામાં બે માંથી જે ઓછું હોય તે.<br>- ૪૦ પી.ટી.ઓ. હોર્સ પાવરથી વધુ અને ૬૦ પી.ટી.ઓ. હોર્સ પાવર સુધીના મૉડેલ માટે ખર્ચના ૨૫% અથવા રૂ.૬૦,૦૦૦/-ની મર્યાદામાં બે માંથી જે ઓછું હોય તે. |

**થ્રેસર માટે સહાયની વિગત :-**

| ક્રમ | અનુસૂચિત જાતિ/ જનજાતિ સિવાયના સામાન્ય વર્ગના ખેડૂતો માટે | અનુસૂચિત જાતિ/ જન જાતિના ખેડૂતો અને અનુસૂચિત જાતિ/ જન જાતિ સિવાયના સામાન્ય વર્ગના નાના/ સિમાંત; મહિલા ખેડૂતો માટે |
|---|---|---|
| **ટ્રેક્ટર/પાવરટીલર (૨૦ બી.એચ.પી. સુધી)થી ચાલતા ખેત ઓજારો/સાધનો** | | |
| ૧ | કુલ ખર્ચના ૪૦% અથવા રૂ.૨૫ હજાર એ બે માંથી જે ઓછું હોય તે. | કુલ ખર્ચના ૫૦% અથવા રૂ.૩૦ હજાર એ બે માંથી જે ઓછું હોય તે. |
| **ટ્રેક્ટર (૨૦ થી વધુ અને ૩૫ બી.એચ.પી. સુધી)થી ચાલતા ખેત ઓજારો/સાધનો** | | |
| ૨ | કુલ ખર્ચના ૪૦% અથવા રૂ.૩૦ હજાર એ બે માંથી જે ઓછું હોય તે. | કુલ ખર્ચના ૫૦% અથવા રૂ.૪૦ હજાર એ બે માંથી જે ઓછું હોય તે. |
| **ટ્રેક્ટર (૩૫ બી.એચ.પી. થી વધુ)થી ચાલતા ખેત ઓજારો/સાધનો** | | |
| ૩ | કુલ ખર્ચના ૪૦% અથવા રૂ.૮૦ હજાર એ બે માંથી જે ઓછું હોય તે. | કુલ ખર્ચના ૫૦% અથવા રૂ.૧.૦૦ લાખ એ બે માંથી જે ઓછું હોય તે. |
| **થ્રેસર/મલ્ટી ક્રોપ થ્રેસર ૪ ટન/કલાકથી વધુ કેપેસિટી** | | |
| ૪ | કુલ ખર્ચના ૪૦% અથવા રૂ.૨.૦૦ લાખ એ બે માંથી જે ઓછું હોય તે. | કુલ ખર્ચના ૫૦% અથવા રૂ.૨.૫૦ લાખ એ બે માંથી જે ઓછું હોય તે. |

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂતોને કેટલી રકમની સબસિડી

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ ખેડૂતોને સબસિડી ચૂકવવામાં

ચૂકવવામાં આવી ? આવી.

| અ.નં. | તાલુકાનું નામ | નેટહાઉસ ઘટક | | ગ્રીન હાઉસ | |
|---|---|---|---|---|---|
| | | ખેડૂતોની સંખ્યા | સબસિડીની રકમ (રૂપિયામાં) | ખેડૂતોની સંખ્યા | સબસિડીની રકમ (રૂપિયામાં) |
| ૧ | કેશોદ | ૧ | ૧૪,૯૫,૦૦૦ | - | - |
| ૨ | જૂનાગઢ | ૧ | ૧૪,૮૧,૫૪૫ | - | - |
| ૩ | જૂનાગઢ શહેર | ૦ | ૦ | - | - |
| ૪ | ભેસાણ | ૧૪ | ૨,૧૧,૬૦,૦૦૦ | - | - |
| ૫ | મેંદરડા | ૨ | ૩૪,૬૧,૫૦૦ | - | - |
| ૬ | માંગરોળ | ૦ | ૦ | - | - |
| ૭ | માણાવદર | ૧ | ૨૦,૭૦,૦૦૦ | - | - |
| ૮ | માળીયા હાટીના | ૨ | ૩૫,૭૬,૯૬૦ | - | - |
| ૯ | વંથલી | ૧ | ૧૪,૭૭,૦૬૦ | - | - |
| ૧૦ | વિસાવદર | ૨ | ૧૮,૯૨,૮૦૦ | - | - |
| | **કુલ** | **૨૪** | **૩,૬૬,૧૪,૮૬૫** | **-** | **-** |

| અ.નં. | તાલુકાનું નામ | વર્ષ : ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ) | | | |
|---|---|---|---|---|---|
| | | ટ્રેક્ટર | | થ્રેસર | |
| | | ખેડૂતોની સંખ્યા | સબસિડીની રકમ (રૂપિયામાં) | ખેડૂતોની સંખ્યા | સબસિડીની રકમ (રૂપિયામાં) |
| ૧ | કેશોદ | ૩૬૭ | ૧,૬૭,૧૦,૦૦૦ | ૩૮ | ૧૮,૨૭,૧૮૫ |
| ૨ | જૂનાગઢ | ૨૧૩ | ૯૭,૮૦,૦૦૦ | ૨૫ | ૧૫,૫૪,૬૪૭ |
| ૩ | જૂનાગઢ શહેર | ૧૦ | ૪,૮૦,૦૦૦ | ૦ | ૦ |
| ૪ | ભેસાણ | ૨૮૨ | ૧,૨૯,૦૦,૦૦૦ | ૨૭ | ૧૪,૨૭,૩૯૬ |
| ૫ | મેંદરડા | ૧૭૬ | ૮૦,૫૫,૦૦૦ | ૩૦ | ૧૬,૨૨,૪૦૪ |
| ૬ | માંગરોળ | ૩૮૧ | ૧,૭૪,૯૦,૦૦૦ | ૩૦ | ૧૬,૦૫,૦૦૪ |
| ૭ | માણાવદર | ૨૩૯ | ૧,૧૦,૫૫,૦૦૦ | ૩૦ | ૧૦,૧૯,૭૯૬ |
| ૮ | માળીયા હાટીના | ૩૮૫ | ૧,૭૫,૨૦,૦૦૦ | ૩૯ | ૨૮,૧૩,૩૪૩ |
| ૯ | વંથલી | ૧૬૩ | ૭૪,૪૦,૦૦૦ | ૩૯ | ૧૯,૬૧,૭૧૬ |
| ૧૦ | વિસાવદર | ૩૫૧ | ૧,૬૨,૪૫,૦૦૦ | ૩૩ | ૨૧,૧૬,૨૨૩ |
| | **કુલ** | **૨૫૬૭** | **૧૧,૭૬,૭૫,૦૦૦** | **૨૯૧** | **૧,૫૯,૪૭,૭૧૪** |

---------

**કચ્છ જિલ્લામાં કાર્યરત ફરતાં પશુ દવાખાના**

૪૨૧૫૦ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષ દરમિયાન કચ્છ જિલ્લામાં ‘૧૦ ગામ દીઠ એક ફરતું પશુ દવાખાનું’ યોજના હેઠળ કેટલા ફરતાં પશુ દવાખાનાં કાર્યરત કરવામાં આવ્યાં, અને

(૨) તેના દ્વારા વર્ષવાર કેટલા પશુઓને સારવાર પૂરી પાડવામાં આવી ?

**જવાબ**

(૧) ૨૩

(૨)

| તા. ૦૧-૦૧-૨૦૨૦ થી તા. ૩૧-૧૨-૨૦૨૦ સુધી | તા. ૦૧-૦૧-૨૦૨૧ થી તા. ૩૧-૧૨-૨૦૨૧ સુધી |
|---|---|
| ૭,૨૦૩ | ૮૦,૪૬૨ |

તા. ૧૬મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

**કચ્છ જિલ્લામાં સરકારના વિભાગોને જાહેર હેતુ માટે જમીન**

૪૨૧૬૦ **માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત જમીન મહેસૂલ નિયમો, ૧૯૭૨ના વહીવટી હુકમ-૩ હેઠળ સરકારના વિભાગોને જાહેર હેતુ માટે જમીન ફાળવવાની કેટલી દરખાસ્તો મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી, અને

(૩) મંજૂર કરેલ દરખાસ્તો પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા કિસ્સામાં જમીન ફાળવવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ૫૫

(૨) અને (૩) મંજૂર કરેલ ૪૯ દરખાસ્તોમાં જમીન ફાળવવામાં આવેલ છે.

---------

**રાજકોટ જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માગતી અરજીઓ**

૪૨૧૫૯ **શ્રી ગોવિંદભાઈ પટેલ** (રાજકોટ દક્ષિણ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી કેટલી અરજીઓ મળેલ છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી ?

**જવાબ**

(૧) ૨૬૮૩ (બે હજાર છસો ત્યાંસી)

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઉપલેટા | ૫૪ |
| ૨ | કોટડાસાંગાણી | ૧૬૦ |
| ૩ | ગોંડલ | ૩૪૪ |
| ૪ | જસદણ | ૯૨ |
| ૫ | જામકંડોરણા | ૩૬ |
| ૬ | જેતપુર | ૧૫૫ |
| ૭ | ધોરાજી | ૫૪ |
| ૮ | પડધરી | ૯૪ |
| ૯ | રાજકોટ તાલુકા | ૪૨૯ |
| ૧૦ | રાજકોટ શહેર (દક્ષિણ) | ૬૩ |
| ૧૧ | રાજકોટ શહેર (પશ્ચિમ) | ૨૦ |
| ૧૨ | રાજકોટ શહેર (પૂર્વ) | ૬૨ |
| ૧૩ | લોધીકા | ૨૬૬ |
| ૧૪ | વિંછીયા | ૨૯ |

---------

**અરવલ્લી જિલ્લામાં ડીઆઇએલઆર કચેરીમાં સર્વેયરોની ખાલી જગ્યા**

૪૨૫૯૯ **શ્રી જશુભાઇ પટેલ** (બાયડ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં ડીઆઇએલઆર કચેરીમાં સર્વેયરોની કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં ડીઆઇએલઆર કચેરીમાં સર્વેયરોની કુલ-૦૮ જગ્યા મંજૂર થયેલ છે.

(૨) તે પૈકી કુલ-૦૭ જગ્યાઓ ભરાયેલ અને કુલ-

જગ્યા ખાલી છે, અને

૦૧ જગ્યા ખાલી છે.

(૩) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) દસ વર્ષીય ભરતી કેલેન્ડર અન્વયે સીધી ભરતીથી ઉમેદવારો મળ્યેથી તથા ફીડર કેડરમાં બઢતી માટે જરૂરી અનુભવ ધરાવતા બઢતીપાત્ર કર્મચારીઓ ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરવાનું આયોજન છે.

- - - - - - - - -

**દાહોદ જિલ્લામાં મનરેગા યોજના**

૪૨૬૯૩ **શ્રી વજેસિંગભાઇ પણદા** (દાહોદ) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર દાહોદ જિલ્લામાં તાલુકાવાર મનરેગા યોજના અન્વયે કયા-કયા કામ મંજૂર કરવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર, તાલુકાવાર કેટલી વ્યક્તિઓને કેટલા માનવદિનની રોજગારી પૂરી પાડવામાં આવી, અને

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર દાહોદ જિલ્લામાં તાલુકાવાર મનરેગા યોજના અન્વયે નીચેની વિગતે કામ મંજૂર કરવામાં આવ્યા.

| ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૨૦-૨૧ | વર્ષ ૨૦૨૧-૨૨ (તા.૩૧-૦૧-૨૦૨૨ અંતિત) |
|---|---|---|---|
| ૧ | દાહોદ | આંગણવાડી, પેવરબ્લોક, વનીકરણ, બાગાયત વનીકરણ, જમીન સમતલ, જૂથ સિંચાઇ કુવા, માટી મેટલ રોડ, કેટલ શેડ, પ્રધાન મંત્રી આવાસની મજૂરી, ચેક ડેમ, ચેકડેમ ઊંડા, નવા તળાવ, તળાવ ઊંડા, કમ્પોસ્ટ પિટ અને સોક પિટ, નાળા પ્લગ/ગલી પ્લગ, પથ્થર પાળા વિગેરે. | આંગણવાડી, પેવરબ્લોક, પંચાયત ઘર, વનીકરણ, બાગાયત વનીકરણ, જમીન સમતલ, જૂથ સિંચાઇ કુવા, માટી મેટલ રોડ, કેટલ શેડ, પ્રધાન મંત્રી આવાસની મજૂરી, ચેક ડેમ, ચેકડેમ ઊંડા, નવા તળાવ, તળાવ ઊંડા, કમ્પોસ્ટ પિટ અને સોક પિટ, નાળા પ્લગ/ગલી પ્લગ, કન્ટુર, રેન વોટર હોર્વેસ્ટીંગ, ગેબિયન, કેનાલ સફાઇ, પોલ્ટ્રીશેડ, પથ્થર પાળા વિગેરે. |
| ૨ | દેવગઢ બારીયા | | |
| ૩ | ધાનપુર | | |
| ૪ | ફતેપુરા | | |
| ૫ | ગરબાડા | | |
| ૬ | ઝાલોદ | | |
| ૭ | લીમખેડા | | |
| ૮ | સંજેલી | | |
| ૯ | સિંગવડ | | |

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર, તાલુકાવાર નીચેની વિગતે વ્યક્તિઓને અને માનવદિનની રોજગારી પૂરી પાડવામાં આવી.

| ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૨૦-૨૧ | | વર્ષ ૨૦૨૧-૨૨ (તા.૩૧-૦૧-૨૦૨૨ અંતિત) | |
|---|---|---|---|---|---|
| | | વ્યક્તિઓ | માનવદિન | વ્યક્તિઓ | માનવદિન |
| ૧ | દાહોદ | ૫૦૦૪૨ | ૧૨૫૫૨૧૫ | ૩૩૭૦૯ | ૧૦૬૭૪૭૮ |
| ૨ | દેવગઢ બારીયા | ૩૫૫૮૨ | ૧૨૬૯૨૩૦ | ૨૬૭૬૭ | ૧૦૬૨૫૬૪ |
| ૩ | ધાનપુર | ૫૯૬૪૪ | ૨૨૬૩૯૧૫ | ૫૫૬૨૪ | ૨૫૧૦૮૮૨ |
| ૪ | ફતેપુરા | ૪૩૯૬૦ | ૧૧૫૯૭૯૨ | ૪૨૭૭૦ | ૧૫૪૧૯૪૩ |
| ૫ | ગરબાડા | ૨૧૭૦૯ | ૫૫૧૧૮૨ | ૧૯૪૭૬ | ૬૨૪૯૦૮ |
| ૬ | ઝાલોદ | ૬૧૯૫૦ | ૧૨૫૫૭૭૫ | ૩૫૨૮૫ | ૯૭૧૬૨૫ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭ | લીમખેડા | ૪૦૭૫૧ | ૧૨૮૨૯૯૪ | ૨૫૬૦૧ | ૯૩૨૩૨૪ |
| ૮ | સંજેલી | ૨૬૪૨૬ | ૫૦૩૪૯૭ | ૧૦૭૪૭ | ૨૮૧૨૫૨ |
| ૯ | સિંગવડ | ૩૯૮૬૨ | ૮૫૦૨૪૨ | ૨૭૨૭૨ | ૭૬૨૮૨૮ |
| | **કુલ** | **૩૭૯૯૨૬** | **૧૦૩૯૧૮૪૨** | **૨૭૭૨૫૧** | **૯૭૫૫૮૦૪** |

નોંધઃ મનરેગા સોફ્ટમાં નાણાંકીય વર્ષ મુજબ માહિતી ઉપલબ્ધ હોઇ, નાણાંકીય વર્ષ પ્રમાણે માહિતી તૈયાર કરવામાં આવેલ છે.

(૩) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩) ૭૦૧૯૭.૫૨ લાખ.

- - - - - - - - -

## સુરત જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના

૪૨૧૭૬ **શ્રીમતી સંગીતાબેન પાટીલ** (લીંબાયત) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના(ગ્રામીણ) અંતર્ગત વર્ષવાર કેટલી અરજીઓ મળી, અને

(૧)

| **જિલ્લો** | **મળેલ અરજી** | |
|---|---|---|
| | **વર્ષ ૨૦૨૦ (તા.૩૧-૧૨-૨૦૨૦ અંતિત)** | **વર્ષ ૨૦૨૧ (તા.૩૧-૧૨-૨૦૨૧ અંતિત)** |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી ?

(૨)

| **જિલ્લો** | **મંજૂર કરેલ અરજીઓ** | |
|---|---|---|
| | **વર્ષ ૨૦૨૦ (તા.૩૧-૧૨-૨૦૨૦ અંતિત)** | **વર્ષ ૨૦૨૧ (તા.૩૧-૧૨-૨૦૨૧ અંતિત)** |

- - - - - - - - -

## સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ અંતર્ગત રકમ

૪૨૬૭૫ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ અંતર્ગત છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર તથા રાજ્ય સરકારના હિસ્સા તરીકે કેટલી રકમની જોગવાઇ કરવામાં આવી, અને

(૧)

| **કરવામાં આવેલ જોગવાઈ (રૂ.લાખમાં)** | |
|---|---|
| **કેન્દ્ર** | **રાજ્ય** |
| ૧૨૨૪૯.૦૭ | ૩૮૦૦૬.૦૫ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨)

| **થયેલ ખર્ચ** | |
|---|---|
| **તારીખ** | **ખર્ચ (રૂ.લાખમાં)** |
| ૦૧-૦૨-૨૦૧૯ થી ૩૧-૦૧-૨૦૨૦ | ૧૪૫૨૫.૦૦ |
| ૦૧-૦૨-૨૦૨૦ થી ૩૧-૦૧-૨૦૨૧ | ૧૧૮૧૩.૦૦ |

- - - - - - - - -

## તાપી જિલ્લામાં બકરાં એકમના લાભાર્થી

૪૨૧૫૬ **શ્રી મોહનભાઇ ઢોડિયા** (મહુવા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં બકરાં એકમ (૧૦+૧) યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને

(૧) ૧૧૨ લાભાર્થીઓ.

(૨) તેમાં કુલ કેટલી સહાય આપવામાં આવી ?

(૨) રૂ.૫૦,૪૦,૦૦૦/-

- - - - - - - - -

## રાજ્યમાં બાગાયત પાક માટે વીમા યોજના

૪૨૬૫૩ **શ્રી ભગાભાઇ બારડ** (તાલાલા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં બાગાયતી પાક માટે વીમા યોજના અમલમાં છે કે કેમ, અને

(૧) ના, જી.

(૨) જો હા, તો તે અન્વયે ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમનો વીમો ચૂકવવામાં આવ્યો ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**ભાવનગર જિલ્લામાં કાર્યરત ફરતાં પશુ દવાખાના**

૪૨૧૫૧ **શ્રી ભીખાભાઇ બારૈયા** (પાલીતાણા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષ દરમિયાન ભાવનગર જિલ્લામાં '૧૦ ગામ દીઠ એક ફરતું પશુ દવાખાનું' યોજના હેઠળ કેટલા ફરતાં પશુ દવાખાનાં કાર્યરત કરવામાં આવ્યા, અને

(૧) ૨૫

(૨) તેના દ્વારા વર્ષવાર કેટલા પશુઓને સારવાર પૂરી પાડવામાં આવી ?

(૨)

| **તા. ૦૧-૦૧-૨૦૨૦ થી તા. ૩૧-૧૨-૨૦૨૦ સુધી** | **તા. ૦૧-૦૧-૨૦૨૧ થી તા. ૩૧-૧૨-૨૦૨૧ સુધી** |
|---|---|
| ૨૦,૨૨૨ | ૧,૨૧,૨૮૪ |

- - - - - - - - -

**સુરત જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માગતી અરજીઓ**

૪૨૧૭૨ **શ્રી અરવિંદ રાણા** (સુરત પૂર્વ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી ?

(૧) અને (૨)

| **તાલુકો** | **મળેલ અરજીઓ** | **મંજૂર કરવામાં આવેલ અરજીઓ** |
|---|---|---|
| ઓલપાડ | ૪૬૫ | ૨૭૦ |
| માંગરોળ | ૩૭૬ | ૧૮૭ |
| ઉમરપાડા | ૫ | ૨ |
| માંડવી | ૧૯૪ | ૯૬ |
| કામરેજ | ૫૭૪ | ૩૪૧ |
| ચોર્યાસી | ૬૧૭ | ૩૩૮ |
| પલસાણા | ૪૨૪ | ૨૫૦ |
| બારડોલી | ૨૦૭ | ૧૦૨ |
| મહુવા | ૪૮ | ૨૭ |
| અડાજણ | ૨૯૧ | ૧૫૨ |
| કતારગામ | ૫૯ | ૩૫ |
| પુણા | ૧૦૮ | ૭૬ |
| ઉધના | ૬૨ | ૩૩ |
| મજુરા | ૬૩૭ | ૩૬૯ |

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લામાં બકરાં એકમના લાભાર્થી**

૪૨૧૪૭ **શ્રી શશીકાન્ત પંડ્યા** (ડીસા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં બકરાં એકમ (૧૦+૧) યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને

(૧) ૧૭૫ લાભાર્થીઓ.

(૨) તેમાં કુલ કેટલી સહાય આપવામાં આવી ? (૨) રૂ.૭૮,૭૫,૦૦૦/-

---------

**કચ્છ જિલ્લામાં પશુ આરોગ્ય મેળાનું આયોજન**

૪૨૧૪૪ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા** (માંડવી) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન કચ્છ જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું,

(૧)

| **તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ સુધી** | **તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ સુધી** | **કુલ** |
|---|---|---|
| ૧૭૪ | ૨૦૬ | **૩૮૦** |

(૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને

(૨)

| **તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ સુધી** | **તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ સુધી** | **કુલ** |
|---|---|---|
| ૭૯,૫૬૮ | ૮૫,૬૬૯ | **૧,૬૫,૨૩૭** |

(૩) કેટલા પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું ?

(૩)

| **તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ સુધી** | **તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ સુધી** | **કુલ** |
|---|---|---|
| ૧,૬૭૦ | ૩,૩૧૯ | **૪,૯૮૯** |

---------

**અમરેલી જિલ્લામાં મીઠાના અગરો માટે લીઝ**

૪૨૬૬૪ **શ્રી અંબરીશભાઇ ડેર** (રાજુલા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં તાલુકાવાર બે એકરથી વીસ એકર સુધીની મીઠાના અગરો માટે આપેલ લીઝો રીન્યુ કરવાના બદલે તે પૈકી કેટલી જમીનમાં શ્રીસરકાર દાખલ કરવા માટે કેટલા કિસ્સામાં નોટિસો આપવામાં આવેલ છે, અને

(૧)

| **તાલુકાનુ નામ** | રાજુલા |
|---|---|
| **જમીનનું ક્ષેત્રફળ (ચો.મી.માં)** | ૫૧૦૯૧૮ |
| **કિસ્સાની સંખ્યા** | ૧૬ |

(૨) ઉક્ત જમીનોમાં શ્રીસરકાર દાખલ કરવા અંગેની નોટિસો આપવાના મુખ્ય કારણો શા છે ?

(૨) મુખ્ય કારણો :
- પટ્ટેદાર તરફથી સતત જમીન પડતર રાખવાના કારણે.
- પટ્ટેદારને ફાળવેલ જમીનને બદલે વિપરીત કબજો હોવાના તથા અનધિકૃત દબાણ હોવાને કારણે.

---------

**ભરૂચ જિલ્લામાં પશુપાલકોને ખાણદાણ સહાય**

૪૨૧૪૬ **શ્રી અરૂણસિંહ રણા** (વાગરા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન ભરૂચ જિલ્લામાં પશુપાલકોના ગાભણ પશુઓ માટેની (ગાય/ભેંસ) ખાણદાણ સહાય યોજના હેઠળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૧) રૂ.૪૪,૬૧,૦૭૫/-

(૨) તે અન્વયે કુલ કેટલા પશુપાલકોને લાભ આપવામાં આવ્યો ?

(૨) ૧,૫૫૧ પશુપાલકો.

---------

ફાલ્ગુન ૨૪, ૧૯૪૩ શાકે

અતારાંકિત પ્રશ્નો

**અમદાવાદ જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માગતી અરજીઓ**

૪૨૧૭૩ **શ્રી વલ્લભભાઇ કાકડીયા** (ઠક્કરબાપાનગર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી કેટલી અરજીઓ મળેલ છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી ?

**જવાબ**

(૧) ૧૨૭૬૧

(૨) પત્રક મુજબ.

**પત્રક**

| ક્રમ | તાલુકો | મંજૂર અરજીઓ |
|---|---|---|
| ૧ | ઘાટલોડિયા | ૬૯૯ |
| ૨ | વેજલપુર | ૨૪૦ |
| ૩ | સાબરમતી | ૧૪૯ |
| ૪ | વટવા | ૩૩૩ |
| ૫ | મણિનગર | ૩૯ |
| ૬ | અસારવા | ૧૦૯ |
| ૭ | દસક્રોઇ | ૧૩૪૨ |
| ૮ | સાણંદ | ૮૬૧ |
| ૯ | વિરમગામ | ૧૨૭ |
| ૧૦ | માંડલ | ૧૬૫ |
| ૧૧ | દેત્રોજ-રામપુરા | ૫૮ |
| ૧૨ | ધોળકા | ૧૬૪ |
| ૧૩ | બાવળા | ૨૭૬ |
| ૧૪ | ધંધુકા | ૩૫ |
| ૧૫ | ધોલેરા | ૨૮૧ |

---------

**ખેડા જિલ્લામાં ગામતળ નીમ કરવાની દરખાસ્ત**

૪૨૧૬૩ **શ્રી કેસરીસિંહ સોલંકી** (માતર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગામતળ નીમ કરવાની કેટલી દરખાસ્તો મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી, અને

(૩) મંજૂર કરેલ દરખાસ્તો પૈકી ઉક્ત સ્થિતિએ કેટલું ગામતળ નીમ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ૮ (આઠ) દરખાસ્તો.

(૨) ૫ (પાંચ) દરખાસ્તો.

(૩) ૨૦૮૩૭૫ ચો.મી.

---------

**સાબરકાંઠા અને રાજકોટ જિલ્લામાં કિસાન સહાય યોજના**

૪૨૫૯૩ **શ્રી અશ્વિનભાઇ કોટવાલ** (ખેડબ્રહ્મા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મુખ્યમંત્રી કિસાન સહાય યોજનામાં કેટલા દિવસ સતત વરસાદ ન પડે તો યોજનાનો લાભ મળવાપાત્ર થાય છે,

**જવાબ**

(૧) રાજ્યમાં ચોમાસુ શરૂ થાય ત્યાંથી ૩૧ ઓગસ્ટ સુધીના સમયગાળામાં જે તાલુકામાં તાલુકાના મહેસૂલી રેઇન ગેજ મુજબ બે વરસાદ વચ્ચે સતત ચાર અઠવાડીયા (૨૮ દિવસ) વરસાદ પડેલ ન હોય એટલે કે સતત શૂન્ય વરસાદ નોંધાયેલ હોય અને ઠરાવની અન્ય જોગવાઇઓ પરિપૂર્ણ થતી હોય તો આ યોજનાનો લાભ મળવાપાત્ર થાય.

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સાબરકાંઠા અને રાજકોટ જિલ્લાના ક્યા તાલુકાને ઉક્ત લાભ મળવાપાત્ર થાય છે,

(૨) છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા અને રાજકોટ જિલ્લાના કોઈપણ તાલુકાને ઠરાવની જોગવાઈઓ મુજબ લાભ મળવાપાત્ર થતો નથી.

(૩) ઉક્ત સ્થિતિએ તે અન્વયે ઉક્ત યોજના હેઠળ ઉક્ત ક્યા તાલુકાના કેટલા ખેડૂતોને ક્યા દરે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલા ખેડૂતોને કેટલી રકમ ચૂકવવાની બાકી છે, તેના કારણો શા છે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**સુરત જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમા યોજના**

૪૨૧૨૭ **શ્રી વી. ડી. ઝાલાવાડીયા** (કામરેજ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમાની સહાય મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) ૧૧૪ અરજીઓ મળી. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૯૭ અરજીઓ. |
| (૩) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૧૯૨.૦૦ લાખ. |

- - - - - - - - -

**વડોદરા જિલ્લામાં કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓના પશુપાલકોને લાભ**

૪૨૧૪૧ **શ્રીમતી સીમાબેન મોહીલે** (અકોટા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વડોદરા જિલ્લામાં શુધ્ધ સંવર્ધન દ્વારા રાજ્યની સ્થાનિક ઓલાદની ગાયમાં કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓના ઉછેર માટે પશુપાલકોને પ્રોત્સાહન આપવાની યોજના હેઠળ કેટલા પશુપાલકોને લાભ આપવામાં આવ્યો, અને | (૧) ૨૨૩ |
| (૨) તે અંગે કુલ કેટલી સહાય આપવામાં આવી ? | (૨) રૂ. ૬,૬૯,૦૦૦/- |

- - - - - - - - -

**અરવલ્લી જિલ્લામાં જમીન માપણીની પડતર અરજીઓ**

૪૨૫૯૬ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાની ડી.આઇ.એલ.આર. કચેરીમાં કેટલા ખેડૂતોની જમીન માપણીની અરજીઓ પડતર છે, | (૧) કુલ ૨૬૬ અરજીઓ પડતર છે. |
| (૨) ઉક્ત અરજીઓ પૈકી કેટલી અરજીઓ એક વર્ષ કરતા વધુ સમયથી પડતર છે, | (૨) એક પણ નહીં. |
| (૩) ઉક્ત અરજીઓ પડતર રહેવાના કારણો શા છે, અને | (૩) ૧ વર્ષ કરતા ઓછા સમયથી પડતર અરજીઓનો નિકાલ નીચેના કારણોસર બાકી છે.<br>જિલ્લાની ડી.આઇ.એલ.આર. કચેરીમાં આવતાં કોર્ટ કેસો, સરકારી ખર્ચે કેસો, ગ્રાન્ટ કેસો, અરજન્ટ માપણીના કેસો, ઓનલાઇન પોર્ટલ પર આવતા કેસો તથા લેન્ડ ગ્રેબીંગ |

કમિટી મારફતે ભલામણ થતાં કેસોની માપણી તથા રી-સર્વે વાંધા અરજીઓનો નિકાલ કરવાનો હોવાથી અરજીઓ પડતર છે.

(૪) ઉક્ત પડતર અરજીઓની જમીન માપણી ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

(૪) ઉક્ત પડતર અરજીઓનો સત્વરે નિકાલ કરવામાં આવશે.

- - - - - - - - -

**રાજ્યમાં કેલીમીટી ફંડમાંથી ખર્ચ**

૪૨૫૭૧ **શ્રી નથાભાઇ પટેલ** (ધાનેરા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કુદરતી આફતો સબબે કેલીમીટી ફંડમાંથી વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે,

(૨) કેન્દ્ર સરકાર દ્વારા ઉક્ત ફંડમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ફંડમાં કુલ કેટલી રકમ જમા છે ?

**જવાબ**

(૧) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુદરતી આફતો સબબે કેલીમીટી ફંડમાંથી વર્ષવાર કરવામાં આવેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ.કરોડમાં) |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૨૪૩૫.૧૬ |
| ૨૦૨૦-૨૧ | ૨૩૪૦.૧૬ |
| ૨૦૨૧-૨૨ | ૧૦૦૪.૮૭ |

(૨) કેન્દ્ર સરકાર દ્વારા ઉક્ત ફંડમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ફાળવવામાં આવેલ રકમની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | કેન્દ્ર સરકાર દ્વારા મળેલ રકમ (રૂ.કરોડમાં) |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૮૮૬.૮૦ |
| ૨૦૨૦-૨૧ | ૧૩૨૪.૦૦ |
| ૨૦૨૧-૨૨ | ૧૦૫૯.૨૦ |

વધુમાં તૌકતે વાવાઝોડાના કારણે થયેલ નુકશાન બદલ કેન્દ્ર સરકાર દ્વારા સ્પેશિયલ પેકેજ અંતર્ગત રૂ.૧૦૦૦ કરોડની ગ્રાન્ટ NDRF માંથી ફાળવવામાં આવેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ફંડમાં રૂ.૧૧૬૫.૩૪ કરોડ જમા છે.

- - - - - - - - -

**ડાંગ જિલ્લામાં જળસંગ્રહની કામગીરી**

૪૨૧૭૯ **શ્રી વિજયભાઇ પટેલ** (ડાંગ) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના (વોટરશેડ કમ્પોનન્ટ) અંતર્ગત ડાંગ જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જળસંગ્રહ માટે કેવા પ્રકારના કામ હાથ ધરવામાં આવેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જળસંગ્રહના કુલ કેટલા કામ પૂર્ણ કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧)

| હાથ ધરવામાં આવેલ કામના પ્રકાર | |
|---|---|
| **વર્ષ ૨૦૧૯-૨૦** | **વર્ષ ૨૦૨૦-૨૧** |
| ચેકડેમ,<br>ચેકવોલ,<br>ખેત તલાવડી | ચેકડેમ,<br>ચેકવોલ,<br>ખેત તલાવડી |

(૨) ૭૧

(૩) રૂ.૧૦૩.૩૫ લાખ.

તા. ૧૬મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

- - - - - - - - -

**અબડાસા તાલુકામાં સરકારી જમીનોમાં દબાણ**

૪૧૩૯૯ **શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૦૧-૦૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાના અબડાસા તાલુકામાં સરકારી જમીનમાં પાકા બાંધકામ કરી દબાણો કરવાની કેટલી ફરિયાદો મળી, | (૧) ૧ (એક). |
| (૨) તે અન્વયે કેટલા ગામની કેટલી સરકારી જમીનો ઉપર ગેરકાયદેસર દબાણો થયા છે, અને | (૨) ૧ (એક) ગામની અંદાજિત હે.૨-૦૦-૦૦ ચો.મી. જમીન |
| (૩)ઉક્ત દબાણો ક્યા સુધીમાં દૂર કરવામાં આવશે ? | (૩) જમીન મહેસૂલ અધિનિયમ હેઠળની કાર્યવાહી અનુસરીને. |

- - - - - - - - -

**તાપી અને સુરત જિલ્લામાં સરદાર આવાસ યોજના**

૪૨૭૧૧ **શ્રી પુનાભાઇ ગામીત** (વ્યારા) : **માનનીય ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી અને સુરત જિલ્લામાં જિલ્લાવાર સરદાર આવાસ યોજનામાં કેટલા મકાનો મંજૂર કર્યા, તે પૈકી કેટલી રકમ ફાળવવામાં આવી, | (૧)<br>• તાપીઃ શૂન્ય મકાનો મંજૂર<br>• સુરતઃ શૂન્ય મકાનો મંજૂર<br>• ફાળવેલ રકમઃ શૂન્ય |
| (૨) ઉક્ત સ્થિતિએ આ આવાસો બાંધવા કેન્દ્ર, રાજ્ય સરકાર અને લાભાર્થીઓનો કેટલો ફાળો નક્કી કરવામાં આવેલ છે, અને | (૨) સરદાર આવાસ યોજના-૨ના નવા આવાસના બાંધકામની યુનિટ કોસ્ટ રૂ. ૧,૦૦,૦૦૦/- સામે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૪૦,૦૦૦/- ની સહાય. |
| (૩) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલા આવાસો બાંધવામાં આવ્યા અને તે અંગેની કેટલી અરજીઓ પડતર છે ? | (૩) ખંડ-૧ મુજબ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**સુરત જિલ્લામાં પશુપાલકોને ખાણદાણ સહાય**

૪૨૧૫૫ **શ્રીમતી ઝંખના પટેલ** (ચોર્યાસી) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન સુરત જિલ્લામાં પશુપાલકોના ગાભણ પશુઓ માટેની (ગાય/ભેંસ) ખાણદાણ સહાય યોજના હેઠળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૧) રૂ.૬૧,૮૭,૫૦૦/- |
| (૨) તે અન્વયે કુલ કેટલા પશુપાલકોને લાભ આપવામાં આવ્યો ? | (૨) ૨,૧૭૨ પશુપાલકો. |

- - - - - - - - -

**સુરેન્દ્રનગર જિલ્લામાં તારની વાડ માટેની અરજીઓ**

૪૨૬૨૩ **શ્રી ઋત્વિકભાઇ મકવાણા** (ચોટીલા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર પાક રક્ષણ માટે તારની વાડ બનાવવા માટે કેટલી અરજીઓ મળી, | (૧) પત્રક-૧ મુજબની અરજીઓ મળેલ છે. |

**પત્રક-૧**

**તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળેલ અરજીઓની સંખ્યા**

| તાલુકો | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|

| | |
|---|---|
| ચુડા | ૧૮૯ |
| ચોટીલા | ૬૮ |
| થાનગઢ | ૮ |
| દસાડા | ૪૪૫ |
| ધ્રાંગધ્રા | ૧૩૪ |
| મૂળી | ૧૩૮ |
| લખતર | ૧૬૭ |
| લીંબડી | ૧૪૭ |
| વઢવાણ | ૧૬૯ |
| સુરેન્દ્રનગર શહેર | ૬ |
| સાયલા | ૧૮૦ |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા ખેડૂતોને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી,

(૨) પત્રક-૨ મુજબની સહાય ચૂકવવામાં આવેલ છે.

**પત્રક-૨**

| **છેલ્લા બે વર્ષમાં ચૂકવેલ સહાયની રકમ** | | |
|---|---|---|
| **તાલુકો** | **ખેડૂતોની સંખ્યા** | **સહાયની રકમ** |
| ચુડા | ૫ | ૬,૫૯,૩૫૩/- |
| ચોટીલા | ૧ | ૧,૨૨,૦૬૩/- |
| થાનગઢ | ૦ | ૦ |
| દસાડા | ૧ | ૧,૦૬,૭૩૨/- |
| ધ્રાંગધ્રા | ૫ | ૮,૨૬,૦૬૬/- |
| મૂળી | ૬ | ૭,૧૩,૩૫૮/- |
| લખતર | ૦ | ૦ |
| લીંબડી | ૭ | ૯,૪૬,૧૯૦/- |
| વઢવાણ | ૨ | ૨,૫૦,૬૦૯/- |
| સુરેન્દ્રનગર શહેર | ૦ | ૦ |
| સાયલા | ૮ | ૧૪,૬૨,૮૯૨/- |

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરી અને કેટલી અરજીઓ પડતર છે, અને

(૩) નામંજૂર કરેલી અરજીઓની સંખ્યા શૂન્ય છે તથા પાત્રતા ધરાવતી તમામ અરજીઓને મંજૂરી આપેલ છે. આથી કોઇ અરજી પડતર નથી.

(૪) પડતર અરજીઓને કયા સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ખેડા જિલ્લામાં ખેડૂતોને તાલીમ**

૪૨૧૨૫ **શ્રી જિગ્નેશકુમાર સેવક** (લુણાવાડા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કૃષિલક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ અંતર્ગત ખેડા જિલ્લામાં કેટલા ખેડૂતોએ સંસ્થાકીય તાલીમમાં ભાગ લીધો, અને

(૧) ૧૧૯૪

(૨) તે પૈકી કેટલી સંખ્યામાં મહિલા તાલીમાર્થી અને પુરૂષ તાલીમાર્થીઓએ ભાગ લીધો ?

(૨) ૫૯૮ - મહિલા
૫૯૬ - પુરૂષ

---------

**વલસાડ જિલ્લામાં હક્કપત્રક નોંધોનો નિકાલ**

૪૨૧૬૯ **શ્રી ભરતભાઇ પટેલ** (વલસાડ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વલસાડ

(૧)

જિલ્લામાં તાલુકાવાર કેટલી હક્કપત્રક નોંધોનો નિકાલ બાકી છે,

| તાલુકાનું નામ | બાકી નોંધો |
|---|---|
| વલસાડ | ૧૩૫૪ |
| ધરમપુર | ૨૩૮ |
| પારડી | ૭૩૭ |
| કપરાડા | ૧૩૦ |
| ઉમરગામ | ૭૨૨ |
| વાપી | ૪૧૬ |
| વલસાડ (શહેર) | ૬૬ |
| વાપી (શહેર) | ૧૨૮ |
| **કુલ** | **૩૭૯૧** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૨)

| તાલુકાનું નામ | પાડવામાં આવેલ નોંધો | મંજૂર નોંધો | નામંજૂર નોંધો |
|---|---|---|---|
| વલસાડ | ૭૭૬૨ | ૬૦૪૫ | ૩૬૩ |
| ધરમપુર | ૧૯૪૬ | ૧૬૨૭ | ૮૧ |
| પારડી | ૪૮૪૪ | ૪૦૩૫ | ૭૨ |
| કપરાડા | ૧૧૯૪ | ૯૯૨ | ૭૨ |
| ઉમરગામ | ૪૧૨૦ | ૩૨૦૭ | ૧૯૧ |
| વાપી | ૩૩૪૬ | ૨૮૪૯ | ૮૧ |
| વલસાડ (શહેર) | ૪૨૭ | ૩૪૪ | ૧૭ |
| વાપી (શહેર) | ૯૧૮ | ૭૭૬ | ૧૪ |
| **કુલ** | **૨૪૫૫૭** | **૧૯૮૭૫** | **૮૯૧** |

(૩) નામંજૂર કરવાના મુખ્ય કારણો શાં છે ?

(૩) નામંજૂર કરવાના મુખ્ય કારણો નીચે મુજબ છે.

૧. ખેડૂત ખાતેદાર હોવાનું પ્રમાણપત્ર ન હોવાથી.
૨. ટુકડાધારાનો ભંગ હોવાથી.
૩. બોજા સાથે તબદીલી હોવાથી.
૪. મરણનો આધાર-પુરાવો ન હોવાથી.
૫. ક્ષેત્રફળમાં વિસંગતતા હોવાથી.

---------

**અમદાવાદ જિલ્લામાં હક્કપત્રક નોંધોનો નિકાલ**

૪૨૧૭૫ **શ્રી બલરામ થાવાણી** (નરોડા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટલી હક્કપત્રક નોંધોનો નિકાલ બાકી છે,

(૧)

| તાલુકાનું નામ | બાકી નોંધો |
|---|---|
| અસારવા | ૪૩૧ |
| મણિનગર | ૩૦૭ |
| વટવા | ૨૩૯ |
| સાબરમતી | ૧૨૪ |
| ઘાટલોડિયા | ૩૬૫ |
| વેજલપુર | ૪૩૮ |
| દસક્રોઇ | ૩૩૨૨ |
| સાણંદ | ૩૦૪૪ |
| બાવળા | ૧૪૨૧ |
| ધોળકા | ૧૬૯૯ |
| ધંધુકા | ૧૮૩ |
| ધોલેરા | ૨૦૬ |

| | |
|---|---|
| વિરમગામ | ૧૪૧૬ |
| માંડલ | ૬૮૩ |
| દેત્રોજ-રામપુરા | ૭૪૮ |
| **કુલ** | **૧૪૬૨૬** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૨)

| **તાલુકાનું નામ** | **પાડવામાં આવેલ નોંધો** | **મંજૂર નોંધો** | **નામંજૂર નોંધો** |
|---|---|---|---|
| અસારવા | ૨૩૧૪ | ૧૭૪૨ | ૧૪૧ |
| મણિનગર | ૧૭૧૬ | ૧૨૦૨ | ૨૦૭ |
| વટવા | ૩૦૨૮ | ૨૬૮૨ | ૧૦૭ |
| સાબરમતી | ૨૧૬૯ | ૧૮૪૪ | ૨૦૧ |
| ઘાટલોડિયા | ૪૫૩૯ | ૩૮૪૦ | ૩૩૪ |
| વેજલપુર | ૨૭૮૨ | ૨૧૮૮ | ૧૫૬ |
| દસક્રોઇ | ૧૮૯૧૫ | ૧૫૦૧૮ | ૫૭૫ |
| સાણંદ | ૧૬૫૬૩ | ૧૨૮૧૭ | ૭૦૨ |
| બાવળા | ૮૩૩૧ | ૬૫૩૭ | ૩૭૩ |
| ધોળકા | ૧૨૨૫૭ | ૧૦૧૧૭ | ૪૪૧ |
| ધંધુકા | ૬૯૧૮ | ૬૬૦૭ | ૧૨૮ |
| ધોલેરા | ૪૧૫૯ | ૩૮૭૯ | ૭૪ |
| વિરમગામ | ૧૦૪૬૧ | ૮૫૨૬ | ૫૧૯ |
| માંડલ | ૫૬૭૪ | ૪૮૦૭ | ૧૮૪ |
| દેત્રોજ-રામપુરા | ૪૯૪૭ | ૪૦૦૯ | ૧૯૦ |
| **કુલ** | **૧૦૪૭૭૩** | **૮૫૮૧૫** | **૪૩૩૨** |

(૩) નામંજૂર કરવાના મુખ્ય કારણો શાં છે ?

(૩) નામંજૂર કરવાના મુખ્ય કારણો નીચે મુજબ છે.

૧. પુરાવાઓના અભાવે
૨. રેકર્ડ સાથે સુસંગત ન હોઇ
૩. ૧૩૫-ડી ની નોટિસ પરત આવેલ હોવાના કારણે
૪. બિનખેતીના પુરાવા ન હોવાના કારણે
૫. બીજા હક્કમાં બોજો હોવાથી
૬. જમીન મહેસૂલ ભરપાઇ કરેલ ન હોઇ
૭. ગુજરનારના મરણના દાખલા રજૂ થયેલ ન હોઇ
૮. નામદાર કોર્ટના મનાઇ હુકમ હોઇ
૯. ખેડૂત ખરાઇનું પ્રમાણપત્ર રજૂ થયેલ ન હોઇ
૧૦. અન્ય ખાતેદારોની સંમતિ, સહમતી રજૂ કરેલ ન હોઇ
૧૧. સ્ટેમ્પ ડ્યુટી વસૂલવાની બાકી હોઇ
૧૨. પેઢીનામું રજૂ થયેલ ન હોઇ

- - - - - - - - -

## મહેસાણા જિલ્લામાં વ્યક્તિગત શૌચાલય

૪૨૧૮૧ **શ્રી અજમલજી ઠાકોર** (ખેરાલુ) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના અંતર્ગત છેલ્લા એક વર્ષમાં નો-વન લેફ્ટ બિહાઇન્ડ (NOLB) ના તાલુકાવાર કેટલા કુટુંબો માટે વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા, અને

(૧)

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નો-વન લેફ્ટ બિહાઇન્ડ (N O L B )ના તાલુકાવાર બનાવવામાં આવેલ શૌચાલય** |
|---|---|---|
| ૧ | બેચરાજી | ૫૪ |

| | | |
|---|---|---|
| ૨ | કડી | ૧૬ |
| ૩ | જોટાણા | ૧૭ |
| ૪ | ખેરાલુ | ૧૬૨ |
| ૫ | મહેસાણા | ૧૭૧ |
| ૬ | સતલાસણા | ૧૨૭ |
| ૭ | ઊંઝા | ૪૧ |
| ૮ | વડનગર | ૪૬ |
| ૯ | વિજાપુર | ૧૪૫ |
| ૧૦ | વિસનગર | ૪૮ |
| | **કુલ** | **૮૨૭** |

(૨) તે અંગે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) ૯૯,૨૪,૦૦૦/- રૂ. પુરા.

- - - - - - - - -

**જૂનાગઢ જિલ્લામાં પાકવીમાની અરજીઓ**

૪૨૬૪૮ **શ્રી બાબુભાઇ વાજા** (માંગરોળ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર પાકવીમાની રકમ મેળવવા કેટલા ખેડૂતોની અરજીઓ મળી,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી તાલુકાવાર કેટલા ખેડૂતોની અરજી મંજૂર કરી પાકવીમાની કેટલી રકમ ચૂકવવામાં આવી,

(૩) કેટલા ખેડૂતોને રકમ ચૂકવવાની બાકી છે, અને

(૪) તે ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) રવિ-ઉનાળુ ૨૦૧૯-૨૦ માટે પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના અંતર્ગત પાકવીમાની રકમ મેળવવા વીમા કંપનીને કોઇપણ ખેડૂતની અરજી મળેલ નથી. તેમજ ખરીફ-૨૦૨૦થી સદરહું યોજના રાજ્યમાં અમલી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**જૂનાગઢ જિલ્લાની કલેક્ટર કચેરી અંગેની ફરિયાદો**

૪૨૬૪૧ **શ્રી ભીખાભાઇ જોષી** (જૂનાગઢ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લાની કલેક્ટર કચેરીમાં ઇ-ધરામાં ગામ નમૂના નં.૬ અને અન્ય ઉતારાઓની નકલો મળતી ન હોવાની કેટલી ફરિયાદો સરકારને મળી, અને

(૨) ઉક્ત સ્થિતિએ મળેલ ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) કોઇ ફરિયાદ મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**કપાસ, ડાંગર અને મગફળીના ટેકાના ભાવ**

૪૨૨૦૫ **શ્રી પરેશ ધાનાણી** (અમરેલી) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કપાસ, ડાંગર અને મગફળીના ટેકાના ભાવ શા નક્કી કરવામાં આવેલ,

**જવાબ**

(૧) ભારત સરકારશ્રી દ્વારા કપાસ, ડાંગર અને મગફળીના જાહેર થયેલ ટેકાના ભાવો નીચે મુજબ છે.

| **પાકનું નામ** | | **ટેકાનો ભાવ (રૂ./ક્વિ.)** | |
|---|---|---|---|
| | | **વર્ષ ૨૦૨૦-૨૧** | **વર્ષ ૨૦૨૧-૨૨** |
| કપાસ | લંબતારી | ૫૮૨૫ | ૬૦૨૫ |
| | મધ્યમતારી | ૫૫૧૫ | ૫૭૨૬ |
| ડાંગર | કોમન | ૧૮૬૮ | ૧૯૪૦ |

| | | | |
|---|---|---|---|
| | ગ્રેડ એ | ૧૮૮૮ | ૧૯૬૦ |
| મગફળી | | ૫૨૭૫ | ૫૫૫૦ |

(૨) ઉક્ત ભાવો ઉપરાંત રાજ્ય સરકારે કોઇ પ્રોત્સાહક બોનસની રકમ જાહેર કરેલ છે કે કેમ,

(૨) ના, જી.

(૩) જો હા, તો ઉક્ત ક્યા પાક માટે કેટલી પ્રોત્સાહક બોનસની રકમ જાહેર કરવામાં આવેલ છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**રાજકોટ અને પોરબંદર જિલ્લામાં સરદાર આવાસ યોજના**

૪૨૬૩૦ **શ્રી લલિત વસોયા** (ધોરાજી) : **માનનીય ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર સરદાર આવાસ યોજનામાં કેટલા મકાનો મંજૂર કર્યા, તે પૈકી કેટલી રકમ ફાળવવામાં આવી,

(૨) અમદાવાદ જિલ્લામાંથી બોટાદ જિલ્લાની રચના વર્ષ ૨૦૧૩માં થયેલ હોવાથી, એગ્રી સેન્સસ ૨૦૧૫-૧૬માં અમદાવાદ જિલ્લામાં નોંધાયેલ ખાતેદાર ખેડૂતોની સરખામણી એગ્રી સેન્સસ ૨૦૧૦-૧૧ માં નોંધાયેલ ખાતેદાર ખેડૂત સાથે કરી શકાય નહી. આથી, ખાતેદાર ખેડૂતોમાં થયેલ વધઘટ નોંધવા અંગે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

બોટાદ જિલ્લાની રચના વર્ષ ૨૦૧૩માં ભાવનગર અને અમદાવાદ જિલ્લામાંથી થયેલ હોવાથી એગ્રી સેન્સસ ૨૦૧૦-૧૧માં બોટાદ જિલ્લાના ખાતેદાર ખેડૂતોની સંખ્યા ઉપલબ્ધ નથી. આથી, બોટાદ જિલ્લાના એગ્રી સેન્સસ ૨૦૧૫-૧૬માં નોંધાયેલ ખાતેદાર ખેડૂતોની સરખામણી શક્ય નથી. આથી, બોટાદ જિલ્લા માટે ખાતેદાર ખેડૂતોમાં થયેલ વધ કે ઘટ નોંધવા અંગે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત છેલ્લી એગ્રી સેન્સસની સરખામણીએ ઉક્ત જિલ્લાવાર ખેડૂતોની ઘટ થઇ હોય તો તેના મુખ્ય કારણો શાં છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં નોંધાયેલ ખેડૂત ખાતેદાર**

૪૨૫૭૮ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર કયા પ્રકારના કેટલા ખેડૂત ખાતેદારો નોંધાયેલા છે,

**જવાબ**

(૧) ભારત સરકારશ્રી દ્વારા સમગ્ર દેશમાં દર પાંચ વર્ષે યોજવામાં આવતા ખેતી વિષયક ગણના (એગ્રી સેન્સસ)ના વર્ષ ૨૦૧૫-૧૬ની ગણના મુજબ નોંધાયેલ ખેડૂત ખાતેદાર નીચે મુજબ છે.

| **પ્રકાર** | **ખેડૂત ખાતેદારોની સંખ્યા** | |
|---|---|---|
| | **બનાસકાંઠા** | **સાબરકાંઠા** |
| સીમાંત | ૯૫,૧૫૭ | ૭૬,૨૬૨ |
| નાના | ૧,૦૪,૯૭૦ | ૪૯,૮૭૭ |
| અર્ધ-મધ્યમ | ૯૧,૩૭૫ | ૨૮,૦૭૩ |
| મધ્યમ | ૪૫,૦૨૧ | ૯,૦૭૩ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લી એગ્રી સેન્સસ મુજબ કયા પ્રકારના કેટલા ખાતેદાર ખેડૂતોની વધઘટ થઇ, અને

(૨) બનાસકાંઠા જિલ્લામાં એગ્રી સેન્સસ ૨૦૧૦-૧૧ની સરખામણીએ એગ્રી સેન્સસ ૨૦૧૫-૧૬માં સીમાંત ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૧૮,૦૧૭ નો વધારો, નાના ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૧૩,૦૨૦ નો વધારો, અર્ધ-મધ્યમ ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૫,૧૩૮ નો વધારો, મધ્યમ ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૨,૫૦૦ નો ઘટાડો અને મોટા ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૬૭૭ નો ઘટાડો નોંધાયેલ છે. આમ તમામ પ્રકારના કુલ ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૩૨,૯૯૮ નો વધારો નોંધાયેલ છે.

સાબરકાંઠા જિલ્લામાંથી અરવલ્લી જિલ્લાની રચના વર્ષ ૨૦૧૩માં થયેલ હોવાથી, એગ્રી સેન્સસ ૨૦૧૫-૧૬માં સાબરકાંઠા જિલ્લામાં નોંધાયેલ ખાતેદાર ખેડૂતોની સંખ્યાની સરખામણી એગ્રી સેન્સસ ૨૦૧૦-૧૧માં નોંધાયેલ ખાતેદાર ખેડૂતો સાથે કરી શકાય નહી. આથી ખાતેદાર ખેડૂતોમાં થયેલ વધઘટ નોંધવા અંગે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત છેલ્લી એગ્રી સેન્સસની સરખામણીએ ઉક્ત જિલ્લાવાર ખેડૂતોની ઘટ થઇ હોય તો તેના મુખ્ય કારણો શાં છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં સરદાર આવાસ યોજના**

૪૨૬૮૮ **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર સરદાર આવાસ યોજનામાં કેટલા મકાનો મંજૂર કર્યા, તે પૈકી કેટલી રકમ ફાળવવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ આ આવાસો બાંધવા કેન્દ્ર, રાજ્ય સરકાર અને લાભાર્થીઓનો કેટલો ફાળો નક્કી કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧)

- મહીસાગરઃ શૂન્ય મકાનો મંજૂર.
- પંચમહાલઃ શૂન્ય મકાનો મંજૂર.
- ફાળવેલ રકમઃ શૂન્ય.

(૨) સરદાર આવાસ યોજના-૨ના નવા આવાસના બાંધકામની યુનિટ કોસ્ટ રૂ. ૧,૦૦,૦૦૦/- સામે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૪૦,૦૦૦/- ની સહાય.

(૩) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલા આવાસો બાંધવામાં આવ્યા અને તે અંગેની કેટલી અરજીઓ પડતર છે ?

(૩) ખંડ-૧ મુજબ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**દાહોદ જિલ્લામાં વ્યક્તિગત શૌચાલયો**

૪૨૬૯૪ **શ્રી વજેસિંગભાઇ પણદા** (દાહોદ) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાહોદ જિલ્લામાં તાલુકાવાર સ્વચ્છ ભારત અભિયાન અને સ્વચ્છ ગુજરાત યોજના અંતર્ગત કેટલા વ્યક્તિગત શૌચાલયો બનાવવા મંજૂરી આપવામાં આવી,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૨૦ Phase-II (2020-21) | વર્ષ ૨૦૨૧ Phase-II (2021-22) | કુલ |
|---|---|---|---|---|
| ૧ | દાહોદ | ૩૯૯૬ | ૪૯૭ | ૪૪૯૩ |
| ૨ | દેવગઢ બારીઆ | ૧૫૬૭ | ૩૮૮ | ૧૯૫૫ |
| ૩ | ધાનપુર | ૩૨૨૦ | ૧૪૨ | ૩૩૬૨ |
| ૪ | ફતેપુરા | ૨૮૨૫ | ૨૮૦ | ૩૧૦૫ |
| ૫ | ગરબાડા | ૪૦૪૫ | ૪૬૭ | ૪૫૧૨ |
| ૬ | ઝાલોદ | ૪૩૫૦ | ૩૭૨ | ૪૭૨૨ |
| ૭ | લીમખેડા | ૪૦૨૫ | ૨૬૭ | ૪૨૯૨ |
| ૮ | સંજેલી | ૧૫૯૯ | ૩૦૧ | ૧૯૦૦ |
| ૯ | સીંગવડ | ૩૨૪૯ | ૭૭ | ૩૩૨૬ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર તાલુકાવાર મંજૂર કરેલ વ્યક્તિગત શૌચાલયો પૈકી કેટલા શૌચાલય બનાવવાનું કામ પૂર્ણ થયું અને કેટલાનું કામ બાકી છે,

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૨૦ Phase-II (2020-21) | | વર્ષ ૨૦૨૧ Phase-II (2021-22) | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | પૂર્ણ થયેલ | બાકી | પૂર્ણ થયેલ | બાકી | |
| ૧ | દાહોદ | ૩૯૯૬ | ૦ | ૦ | ૪૯૭ | ૪૪૯૩ |
| ૨ | દેવગઢ બારીઆ | ૧૫૬૭ | ૦ | ૦ | ૩૮૮ | ૧૯૫૫ |
| ૩ | ધાનપુર | ૩૨૨૦ | ૦ | ૦ | ૧૪૨ | ૩૩૬૨ |
| ૪ | ફતેપુરા | ૨૮૨૫ | ૦ | ૦ | ૨૮૦ | ૩૧૦૫ |
| ૫ | ગરબાડા | ૪૦૪૫ | ૦ | ૦ | ૪૬૭ | ૪૫૧૨ |
| ૬ | ઝાલોદ | ૪૩૫૦ | ૦ | ૦ | ૩૭૨ | ૪૭૨૨ |
| ૭ | લીમખેડા | ૪૦૨૫ | ૦ | ૦ | ૨૬૭ | ૪૨૯૨ |
| ૮ | સંજેલી | ૧૫૯૯ | ૦ | ૦ | ૩૦૧ | ૧૯૦૦ |
| ૯ | સીંગવડ | ૩૨૪૯ | ૦ | ૦ | ૭૭ | ૩૩૨૬ |

(૩) ઉક્ત સ્થિતિએ વ્યક્તિગત શૌચાલયોના કામમાં ગેરરીતિ થઇ હોવાની કેટલી ફરિયાદો ઉક્ત વર્ષવાર મળી, અને

(૩)

| વર્ષ ૨૦૨૦ | વર્ષ ૨૦૨૧ | કુલ |
|---|---|---|
| ૨૧ | ૯ | **૩૦** |

(૪) મળેલ ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરી ?

(૪) ૨૨ અરજી દફતરે કરેલ છે. ૮ અરજી અંગે નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરેલ છે.

તા. ૧૬મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

- - - - - - - - -

**ગીર સોમનાથ જિલ્લામાં ડીઆઇએલઆર કચેરીમાં સર્વેયરોની ખાલી જગ્યા**

૪૨૬૫૪ **શ્રી ભગાભાઇ બારડ** (તાલાલા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં ડીઆઇએલઆર કચેરીમાં સર્વેયરોની કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યા ખાલી છે, અને

(૩) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં ડીઆઇએલઆર કચેરીમાં સર્વેયરોની કુલ-૧૭ જગ્યા મંજૂર થયેલ છે.

(૨) તે પૈકી કુલ-૧૨ જગ્યાઓ ભરાયેલ અને કુલ-૦૫ જગ્યા ખાલી છે.

(૩) દસ વર્ષીય ભરતી કેલેન્ડર અન્વયે સીધી ભરતીથી ઉમેદવારો મળ્યેથી તથા ફીડર કેડરમાં બઢતી માટે જરૂરી અનુભવ ધરાવતા બઢતીપાત્ર કર્મચારીઓ ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરવાનું આયોજન છે.

- - - - - - - - -

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં સરદાર આવાસ યોજના**

૪૨૫૯૪ **શ્રી અશ્વિનભાઇ કોટવાલ** ખેડબ્રહ્મા) : **માનનીય ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર સરદાર આવાસ યોજનામાં કેટલા મકાનો મંજૂર કર્યા, તે પૈકી કેટલી રકમ ફાળવવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ આ આવાસો બાંધવા કેન્દ્ર, રાજ્ય સરકાર અને લાભાર્થીઓનો કેટલો ફાળો નક્કી કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલા આવાસો બાંધવામાં આવ્યા અને તે અંગેની કેટલી અરજીઓ પડતર છે ?

**જવાબ**

(૧)

- અરવલ્લીઃ શૂન્ય મકાનો મંજૂર
- સાબરકાંઠાઃ શૂન્ય મકાનો મંજૂર
- ફાળવેલ રકમઃ શૂન્ય

(૨) સરદાર આવાસ યોજના-૨ના નવા આવાસના બાંધકામની યુનિટ કોસ્ટ રૂ. ૧,૦૦,૦૦૦/- સામે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૪૦,૦૦૦/- ની સહાય.

(૩) ખંડ-૧ મુજબ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**અરવલ્લી અને મોરબી જિલ્લામાં કિસાન સહાય યોજના**

૪૨૫૯૮ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મુખ્યમંત્રી કિસાન સહાય યોજનામાં કેટલા દિવસ સતત વરસાદ ન પડે તો યોજનાનો લાભ મળવાપાત્ર થાય છે,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી અને મોરબી જિલ્લાના ક્યા તાલુકાને ઉક્ત લાભ મળવાપાત્ર થાય છે,

(૩) ઉક્ત સ્થિતિએ તે અન્વયે ઉક્ત યોજના હેઠળ ઉક્ત ક્યા તાલુકાના કેટલા ખેડૂતોને ક્યા દરે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલા ખેડૂતોને કેટલી રકમ ચૂકવવાની બાકી છે, તેના કારણો શા છે ?

**જવાબ**

(૧) રાજ્યમાં ચોમાસુ શરૂ થાય ત્યાંથી ૩૧ ઓગસ્ટ સુધીના સમયગાળામાં જે તાલુકામાં તાલુકાના મહેસૂલી રેઇન ગેજ મુજબ બે વરસાદ વચ્ચે સતત ચાર અઠવાડીયા (૨૮ દિવસ) વરસાદ પડેલ ન હોય એટલે કે સતત શૂન્ય વરસાદ નોંધાયેલ હોય અને ઠરાવની અન્ય જોગવાઇઓ પરિપૂર્ણ થતી હોય તો આ યોજનાનો લાભ મળવાપાત્ર થાય.

(૨) છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને મોરબી જિલ્લામાં ઠરાવની જોગવાઇઓ પરિપૂર્ણ થતી ન હોઇ લાભ મળવાપાત્ર થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ફાલ્ગુન ૨૪, ૧૯૪૩ શાકે

અતારાંકિત પ્રશ્નો

**બનાસકાંઠા અને અરવલ્લી જિલ્લામાં નોંધાયેલ ખેડૂત ખાતેદાર**

૪૨૫૭૨ **શ્રી નથાભાઇ પટેલ** (ધાનેરા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા અને અરવલ્લી જિલ્લામાં જિલ્લાવાર ક્યા પ્રકારના કેટલા ખેડૂત ખાતેદારો નોંધાયેલા છે,

**જવાબ**

(૧) ભારત સરકારશ્રી દ્વારા સમગ્ર દેશમાં દર પાંચ વર્ષે યોજવામાં આવતા ખેતી વિષયક ગણના (એગ્રી સેન્સસ)ના વર્ષ ૨૦૧૫-૧૬ ની ગણના મુજબ નોંધાયેલ ખેડૂત ખાતેદાર નીચે મુજબ છે.

| **પ્રકાર** | **ખેડૂત ખાતેદારોની સંખ્યા** | |
|---|---|---|
| | **બનાસકાંઠા** | **અરવલ્લી** |
| સીમાંત | ૯૫,૧૫૭ | ૪૯,૩૬૦ |
| નાના | ૧,૦૪,૯૭૦ | ૩૬,૩૭૦ |
| અર્ધ-મધ્યમ | ૯૧,૩૭૫ | ૨૪,૫૭૮ |
| મધ્યમ | ૪૫,૦૨૧ | ૯,૫૨૩ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લી એગ્રી સેન્સસ મુજબ ક્યા પ્રકારના કેટલા ખાતેદાર ખેડૂતોની વધઘટ થઇ, અને

(૨) બનાસકાંઠા જિલ્લામાં એગ્રી સેન્સસ ૨૦૧૦-૧૧ ની સરખામણીએ એગ્રી સેન્સસ ૨૦૧૫-૧૬માં સીમાંત ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૧૮,૦૧૭ નો વધારો, નાના ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૧૩,૦૨૦ નો વધારો, અર્ધ-મધ્યમ ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૫,૧૩૮ નો વધારો, મધ્યમ ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૨,૫૦૦ નો ઘટાડો અને મોટા ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૬૭૭ નો ઘટાડો નોંધાયેલ છે. આમ, તમામ પ્રકારના કુલ ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૩૨,૯૯૮નો વધારો નોંધાયેલ છે.

અરવલ્લી જિલ્લાની રચના વર્ષ ૨૦૧૩માં સાબરકાંઠા જિલ્લામાંથી થયેલ હોવાથી, એગ્રી સેન્સસ ૨૦૧૦-૧૧માં અરવલ્લી જિલ્લાના ખાતેદાર ખેડૂતોની સંખ્યા ઉપલબ્ધ નથી. આથી અરવલ્લી જિલ્લાના એગ્રી સેન્સસ ૨૦૧૫-૧૬માં નોંધાયેલ ખાતેદાર ખેડૂતોની સરખામણી શક્ય નથી. આથી અરવલ્લી જિલ્લા માટે ખાતેદાર ખેડૂતોમાં થયેલ વધ કે ઘટ નોંધવા અંગે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત છેલ્લી એગ્રી સેન્સસની સરખામણીએ ઉક્ત જિલ્લાવાર ખેડૂતોની ઘટ થઇ હોય તો તેના મુખ્ય કારણો શાં છે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ખેડા અને આણંદ જિલ્લામાં ખેતીમાંથી બિન ખેતીમાં તબદીલ**

૪૧૪૦૦ **શ્રી ઇન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૦૧-૦૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડા અને આણંદ જિલ્લામાં ખેતીની જમીનને બિનખેતીમાં તબદીલ કરવા કેટલા બોગસ ચલણો પકડાયા, અને

**જવાબ**

(૧) શૂન્ય

(૨) ઉક્ત પકડાયેલા બોગસ ચલણો સંબંધમાં કેટલી પોલીસ ફરીયાદ કરવામાં આવી?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**તાપી અને સુરત જિલ્લામાં કિસાન સહાય યોજના**

૪૨૭૧૨ **શ્રી પુનાભાઈ ગામીત** (વ્યારા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મુખ્યમંત્રી કિસાન સહાય યોજનામાં કેટલા દિવસ સતત વરસાદ ન પડે તો યોજનાનો લાભ મળવાપાત્ર થાય છે, | (૧) રાજ્યમાં ચોમાસુ શરૂ થાય ત્યાંથી ૩૧ ઓગસ્ટ સુધીના સમયગાળામાં જે તાલુકામાં તાલુકાના મહેસૂલી રેઈન ગેજ મુજબ બે વરસાદ વચ્ચે સતત ચાર અઠવાડીયા (૨૮ દિવસ) વરસાદ પડેલ ન હોય એટલે કે સતત શૂન્ય વરસાદ નોંધાયેલ હોય અને ઠરાવની અન્ય જોગવાઈઓ પરિપૂર્ણ થતી હોય તો આ યોજનાનો લાભ મળવાપાત્ર થાય. |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાપી અને સુરત જિલ્લાના ક્યા તાલુકાને ઉક્ત લાભ મળવાપાત્ર થાય છે, | (૨) છેલ્લા બે વર્ષમાં તાપી અને સુરત જિલ્લાના કોઈપણ તાલુકાને ઠરાવની જોગવાઈઓ મુજબ લાભ મળવાપાત્ર થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ તે અન્વયે ઉક્ત યોજના હેઠળ ઉક્ત ક્યા તાલુકાના કેટલા ખેડૂતોને ક્યા દરે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલા ખેડૂતોને કેટલી રકમ ચૂકવવાની બાકી છે, તેના કારણો શા છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**રાજ્યના ખેડૂતોનો નકલી બિયારણનું વેચાણ**

૪૨૬૨૪ **શ્રી ઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના ખેડૂતોને નકલી બિયારણનું વેચાણ થતું હોવા અંગેનું કેટલી ફરિયાદો સરકારને મળી, અને | (૧) ૧૫ |
| (૨) ઉક્ત સ્થિતિએ મળેલ ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરી ? | (૨) ઉક્ત સ્થિતિએ મળેલ ૧૫ ફરિયાદો પૈકી ૦૩ (ત્રણ) ફરિયાદોના કિસ્સામાં કુલ ૦૪ (ચાર) બિયારણના નમૂનાઓ પૃથ્થકરણ અર્થે લેવામાં આવેલ, જે પૈકી ૦૩ (ત્રણ) નમૂનાઓ પ્રમાણિત જ્યારે ૦૧ (એક) નમૂનો બિન-પ્રમાણિત જાહેર થયેલ છે, બિન-પ્રમાણિત થયેલ નમૂનાના કિસ્સામાં કોર્ટ કેસ દાખલ કરવામાં આવેલ છે. ૦૧ (એક) ફરિયાદના કિસ્સામાં ખેડૂત તરફથી સમાધાન થયેલ છે, જ્યારે ૧૧ (અગિયાર) ફરિયાદોના કિસ્સામાં તપાસ સમિતી દ્વારા સ્થળ તપાસ કરી રોજકામ કરવામાં આવેલ, જે પૈકી ૦૧ (એક) કેસમાં બિયારણનું લાયસન્સ સ્થગિત કરવામાં આવેલ છે. |

---------

**જૂનાગઢ જિલ્લામાં દૂધાળા પશુ ખરીદીની અરજીઓ**

૪૨૬૪૯ **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર દૂધાળા પશુઓની ખરીદીની લોન માટે કેટલા લોકોની અરજી મળેલ છે, | (૧) પશુપાલન ખાતા દ્વારા દૂધાળા પશુઓની ખરીદીની લોન માટે સીધી સહાયની કોઈ યોજના અમલમાં ન હોઈ જૂનાગઢ જિલ્લામાં આવી કોઈ અરજીઓ મળવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર, તાલુકાવાર કેટલા લોકોની અરજીઓ મંજૂર કરી કેટલી રકમની લોન | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

આપવામાં આવી અને કેટલાને લોન આપવાની બાકી છે, અને

(૩) સરકાર દ્વારા કયા દૂધાળા પશુ દીઠ કેટલી રકમની સબસિડી આપવામાં આવે છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

### જૂનાગઢ જિલ્લામાં ખેડૂતોને પાક વીમાની રકમ

૪૨૬૪૩ **શ્રી ભીખાભાઈ જોષી** (જૂનાગઢ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના અન્વયે કઈ વીમા કંપનીને કેટલી રકમ ચૂકવવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર ઉક્ત યોજના અન્વયે કેટલા ખેડૂતોને કેટલી રકમનો પાક વીમો ચૂકવવામાં આવ્યો ?

**જવાબ**

(૧) રવિ-ઉનાળુ ૨૦૧૯-૨૦ માટે પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના અન્વયે રાજ્ય સરકારશ્રી દ્વારા એગ્રીકલ્ચર ઈન્સ્યોરન્સ કંપની ઓફ ઈન્ડિયા લિમિટેડ વીમા કંપનીને તેના ક્લસ્ટર-૪ માં સમાવિષ્ટ જિલ્લાઓ પૈકી જૂનાગઢ જિલ્લા માટે રૂ.૩,૦૬,૧૫,૯૨૨/- ની રકમ પ્રિમિયમ પેટે ચૂકવવામાં આવેલ છે. તેમજ ખરીફ-૨૦૨૦થી સદરહું યોજના રાજ્યમાં અમલી નથી.

(૨) રવિ-ઉનાળુ ૨૦૧૯-૨૦માં જૂનાગઢ જિલ્લામાં વીમા કંપની મુજબ કોઈ પણ તાલુકામાં દાવા ચૂકવવાપાત્ર થતા નથી. તેમજ ખરીફ-૨૦૨૦થી સદરહું યોજના રાજ્યમાં અમલી ન હોઈ, દાવા ચૂકવણીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

### પોરબંદર અને રાજકોટ જિલ્લામાં નોંધાયેલ ખેડૂત ખાતેદાર

૪૨૬૩૧ **શ્રી લલિત વસોયા** (ધોરાજી) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પોરબંદર અને રાજકોટ જિલ્લામાં જિલ્લાવાર કયા પ્રકારના કેટલા ખેડૂત ખાતેદારો નોંધાયેલા છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લી એગ્રી સેન્સસ મુજબ કયા પ્રકારના કેટલા ખાતેદાર ખેડૂતોની વધઘટ થઇ, અને

**જવાબ**

(૧) ભારત સરકારશ્રી દ્વારા સમગ્ર દેશમાં દર પાંચ વર્ષે યોજવામાં આવતા ખેતી વિષયક ગણના (એગ્રી સેન્સસ)ના વર્ષ ૨૦૧૫-૧૬ની ગણના મુજબ નોંધાયેલ ખેડૂત ખાતેદાર નીચે મુજબ છે.

| પ્રકાર | ખેડૂત ખાતેદારોની સંખ્યા | |
|---|---|---|
| | પોરબંદર | રાજકોટ |
| સીમાંત | ૧૯,૭૮૬ | ૬૬,૨૫૫ |
| નાના | ૨૭,૪૮૫ | ૧,૧૬,૭૫૩ |
| અર્ધ-મધ્યમ | ૧૬,૦૫૪ | ૭૦,૩૧૨ |
| મધ્યમ | ૬,૦૨૭ | ૨૦,૬૧૬ |

(૨) પોરબંદર જિલ્લામાં એગ્રી સેન્સસ ૨૦૧૦-૧૧ની સરખામણીએ એગ્રી સેન્સસ ૨૦૧૫-૧૬માં સીમાંત ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૩,૨૨૨ નો વધારો, નાના ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૩,૨૫૧ નો વધારો, અર્ધ-મધ્યમ ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૧,૨૮૩ નો વધારો, મધ્યમ ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૧૨૮ નો ઘટાડો અને મોટા ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૮૫ નો ઘટાડો નોંધાયેલ છે. આમ, તમામ પ્રકારના કુલ ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૭,૫૪૩ નો વધારો નોંધાયેલ છે.

રાજકોટ જિલ્લામાંથી મોરબી જિલ્લાની રચના વર્ષ ૨૦૧૩માં થયેલ હોવાથી, એગ્રી સેન્સસ ૨૦૧૫-૧૬માં રાજકોટ જિલ્લામાં નોંધાયેલ ખાતેદાર ખેડૂતોની સરખામણી એગ્રી સેન્સસ ૨૦૧૦-૧૧માં રાજકોટ જિલ્લામાં નોંધાયેલ ખાતેદાર

ખેડૂતો સાથે કરી શકાય નહી. આથી, ખાતેદાર ખેડૂતોમાં થયેલ વધઘટ નોંધવા અંગે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત છેલ્લી એગ્રી સેન્સસની સરખામણીએ ઉક્ત જિલ્લાવાર ખેડૂતોની ઘટ થઇ હોય તો તેના મુખ્ય કારણો શાં છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**ભરૂચ અને નર્મદા જિલ્લામાં સરદાર આવાસ યોજના**

૪૨૭૦૨ **શ્રી પ્રેમસિંહભાઈ વસાવા** (નાંદોદ) : **માનનીય ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ભરૂચ અને નર્મદા જિલ્લામાં જિલ્લાવાર સરદાર આવાસ યોજનામાં કેટલા મકાનો મંજૂર કર્યા, તે પૈકી કેટલી રકમ ફાળવવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ આ આવાસો બાંધવા કેન્દ્ર, રાજ્ય સરકાર અને લાભાર્થીઓનો કેટલો ફાળો નક્કી કરવામાં આવેલ છે, અને

(૩)ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલા આવાસો બાંધવામાં આવ્યા અને તે અંગેની કેટલી અરજીઓ પડતર છે ?

**જવાબ**

(૧)

- ભરૂચ :- શૂન્ય મકાનો મંજૂર.
- નર્મદા :- શૂન્ય મકાનો મંજૂર.
- ફાળવેલ રકમ :- શૂન્ય.

(૨) સરદાર આવાસ યોજના-૨ના નવા આવાસના બાંધકામની યુનિટ કોસ્ટ રૂ. ૧,૦૦,૦૦૦/- સામે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૪૦,૦૦૦/- ની સહાય.

(૩) ખંડ-૧ મુજબ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**કચ્છ જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજનાની અરજીઓ**

૪૨૫૬૨ **શ્રીમતી સંતોકબેન આરેઠીયા** (રાપર) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં તાલુકાવાર પ્રધાનમંત્રી આવાસ યોજના અન્વયે મકાનો બનાવવા કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧)

| તાલુકા | મકાન બનાવવા મળેલ અરજીની સંખ્યા |
|---|---|
| અબડાસા | ૧૬૫ |
| અંજાર | ૪૪ |
| ભચાઉ | ૨૨૩ |
| ભુજ | ૪૯૩ |
| ગાંધીધામ | ૧ |
| લખપત | ૩૩૬ |
| માંડવી | ૪૧ |
| મુન્દ્રા | ૨૪ |
| નખત્રાણા | ૨૬૦ |
| રાપર | ૬૬૯ |

(૨) ઉક્ત સ્થિતિએ મળેલ અરજીઓ અન્વયે તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર કરી, અને

(૨)

| તાલુકા | મકાન બનાવવાની મંજૂર કરેલ અરજીની સંખ્યા |
|---|---|
| અબડાસા | ૧૬૫ |
| અંજાર | ૪૪ |
| ભચાઉ | ૨૨૩ |
| ભુજ | ૪૯૩ |
| ગાંધીધામ | ૧ |
| લખપત | ૩૩૬ |
| માંડવી | ૪૧ |
| મુન્દ્રા | ૨૪ |
| નખત્રાણા | ૨૬૦ |

| | |
|---|---|
| રાપર | ૬૬૯ |

(૩) મંજૂર કરેલ અરજીઓ અન્વયે ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા લાભાર્થીને કેટલી રકમ ચૂકવવામાં આવી ?

(૩) મંજૂર કરેલ અરજીઓ અન્વયે ઉક્ત સ્થિતિએ તાલુકાવાર નીચેની વિગતે લાભાર્થીને રકમ ચૂકવવામાં આવી.

| તાલુકા | લાભાર્થીની સંખ્યા | ચૂકવાયેલ રકમ (લાખમાં) |
|---|---|---|
| અબડાસા | ૯૩ | ૩૩૪૦૦૦૦ |
| અંજાર | ૩૧ | ૧૫૩૦૦૦૦ |
| ભચાઉ | ૧૨૩ | ૫૯૧૦૦૦૦ |
| ભુજ | ૩૩૨ | ૧૫૪૮૦૦૦૦ |
| ગાંધીધામ | ૧ | ૮૦૦૦૦ |
| લખપત | ૨૩૭ | ૧૧૫૭૦૦૦૦ |
| માંડવી | ૩૫ | ૧૯૫૦૦૦૦ |
| મુન્દ્રા | ૧૪ | ૮૨૦૦૦૦ |
| નખત્રાણા | ૯૨ | ૨૭૬૦૦૦૦ |
| રાપર | ૫૮૩ | ૨૩૯૯૦૦૦૦ |

- - - - - - - - -

**ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં સરદાર આવાસ યોજના**

૪૨૬૫૧ **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં જિલ્લાવાર સરદાર આવાસ યોજનામાં કેટલા મકાનો મંજૂર કર્યા, તે પૈકી કેટલી રકમ ફાળવવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ આ આવાસો બાંધવા કેન્દ્ર, રાજ્ય સરકાર અને લાભાર્થીઓનો કેટલો ફાળો નક્કી કરવામાં આવેલ છે, અને

(૩)ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલા આવાસો બાંધવામાં આવ્યા અને તે અંગેની કેટલી અરજીઓ પડતર છે ?

**જવાબ**

(૧)

- ગીર સોમનાથ :- શૂન્ય મકાનો મંજૂર.
- જૂનાગઢ :- શૂન્ય મકાનો મંજૂર.
- ફાળવેલ રકમ :- શૂન્ય.

(૨) સરદાર આવાસ યોજના-૨ના નવા આવાસના બાંધકામની યુનિટ કોસ્ટ રૂ. ૧,૦૦,૦૦૦/- સામે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૪૦,૦૦૦/- ની સહાય.

(૩) ખંડ-૧ મુજબ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**ગાંધીનગર અને કચ્છ જિલ્લામાં નોંધાયેલ ખેડૂત ખાતેદાર**

૪૨૬૦૪ **ડો.સી. જે. ચાવડા** (ગાંધીનગર ઉત્તર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગાંધીનગર અને કચ્છ જિલ્લામાં જિલ્લાવાર ક્યા પ્રકારના કેટલા ખેડૂત ખાતેદારો નોંધાયેલા છે,

**જવાબ**

(૧) ભારત સરકારશ્રી દ્વારા સમગ્ર દેશમાં દર પાંચ વર્ષે યોજવામાં આવતા ખેતી વિષયક ગણના (એગ્રી સેન્સસ)ના વર્ષ ૨૦૧૫-૧૬ની ગણના મુજબ નોંધાયેલ ખેડૂત ખાતેદાર નીચે મુજબ છે.

| પ્રકાર | ખેડૂત ખાતેદારોની સંખ્યા | |
|---|---|---|
| | ગાંધીનગર | કચ્છ |
| સીમાંત | ૭૭,૮૧૧ | ૩૨,૪૪૩ |
| નાના | ૩૩,૦૨૩ | ૭૨,૬૩૬ |
| અર્ધ-મધ્યમ | ૧૬,૨૨૮ | ૮૧,૬૦૫ |
| મધ્યમ | ૪,૪૫૨ | ૫૨,૦૬૮ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લી એગ્રી સેન્સસ મુજબ ક્યા પ્રકારના કેટલા ખાતેદાર ખેડૂતોની વધઘટ થઇ,

(૨) ગાંધીનગર જિલ્લામાં એગ્રી સેન્સસ ૨૦૧૦-૧૧ની સરખામણીએ એગ્રી સેન્સસ ૨૦૧૫-૧૬માં સીમાંત

અને

ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૯,૯૧૩નો વધારો, નાના ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૩,૫૭૦નો વધારો, અર્ધ મધ્યમ ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૫૧૦નો વધારો, મધ્યમ ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૩૮૩નો ઘટાડો અને મોટા ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૧૨૮નો ઘટાડો નોંધાયેલ છે. આમ, તમામ પ્રકારના કુલ ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૧૩,૪૮૨નો વધારો નોંધાયેલ છે.

કચ્છ જિલ્લામાં એગ્રી સેન્સસ ૨૦૧૦-૧૧ની સરખામણીએ એગ્રી સેન્સસ ૨૦૧૫-૧૬માં સીમાંત ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૫,૦૯૭નો વધારો, નાના ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૧૭,૪૭૭નો વધારો, અર્ધ મધ્યમ ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૧૨,૭૧૦નો વધારો, મધ્યમ ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૩૩૪નો વધારો અને મોટા ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૧,૭૬૪નો ઘટાડો નોંધાયેલ છે. આમ, તમામ પ્રકારના કુલ ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૩૩,૮૫૪નો વધારો નોંધાયેલ છે.

(૩) ઉક્ત છેલ્લી એગ્રી સેન્સસની સરખામણીએ ઉક્ત જિલ્લાવાર ખેડૂતોની ઘટ થઇ હોય તો તેના મુખ્ય કારણો શાં છે ?

(૩) ઉક્ત પ્રકારના કુલ ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ઘટ થયેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

### ગાંધીનગર અને સુરેન્દ્રનગર જિલ્લામાં કિસાન સહાય યોજના

૪૨૬૦૭ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મુખ્યમંત્રી કિસાન સહાય યોજનામાં કેટલા દિવસ સતત વરસાદ ન પડે તો યોજનાનો લાભ મળવાપાત્ર થાય છે,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગાંધીનગર અને સુરેન્દ્રનગર જિલ્લાના ક્યા તાલુકાને ઉક્ત લાભ મળવાપાત્ર થાય છે,

(૩) ઉક્ત સ્થિતિએ તે અન્વયે ઉક્ત યોજના હેઠળ ઉક્ત ક્યા તાલુકાના કેટલા ખેડૂતોને ક્યા દરે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલા ખેડૂતોને કેટલી રકમ ચૂકવવાની બાકી છે, તેના કારણો શા છે ?

**જવાબ**

(૧) રાજ્યમાં ચોમાસુ શરૂ થાય ત્યાંથી ૩૧ ઓગસ્ટ સુધીના સમયગાળામાં જે તાલુકામાં તાલુકાના મહેસૂલી રેઈન ગેજ મુજબ બે વરસાદ વચ્ચે સતત ચાર અઠવાડીયા (૨૮ દિવસ) વરસાદ પડેલ ન હોય એટલે કે સતત શૂન્ય વરસાદ નોંધાયેલ હોય અને ઠરાવની અન્ય જોગવાઇઓ પરિપૂર્ણ થતી હોય તો આ યોજનાનો લાભ મળવાપાત્ર થાય.

(૨) છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર અને સુરેન્દ્રનગર જિલ્લામાં ઠરાવની જોગવાઇઓ પરિપૂર્ણ થતી ન હોઈ લાભ મળવાપાત્ર થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

### ખેડા અને આણંદ જિલ્લામાં કિસાન સહાય યોજના

૪૨૬૮૨ **શ્રી કાન્તિભાઈ પરમાર** (ઠાસરા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મુખ્યમંત્રી કિસાન સહાય યોજનામાં કેટલા દિવસ સતત વરસાદ ન પડે તો યોજનાનો લાભ મળવાપાત્ર થાય છે,

**જવાબ**

(૧) રાજ્યમાં ચોમાસુ શરૂ થાય ત્યાંથી ૩૧ ઓગસ્ટ સુધીના સમયગાળામાં જે તાલુકામાં તાલુકાના મહેસૂલી રેઈન ગેજ મુજબ બે વરસાદ વચ્ચે સતત ચાર અઠવાડીયા (૨૮ દિવસ) વરસાદ પડેલ ન હોય એટલે કે સતત શૂન્ય વરસાદ નોંધાયેલ હોય અને ઠરાવની અન્ય જોગવાઇઓ પરિપૂર્ણ થતી હોય તો આ યોજનાનો લાભ મળવાપાત્ર

થાય.

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડા અને આણંદ જિલ્લાના ક્યા તાલુકાને ઉક્ત લાભ મળવાપાત્ર થાય છે,

(૨) છેલ્લા બે વર્ષમાં ખેડા અને આણંદ જિલ્લાના કોઈપણ તાલુકાને ઠરાવની જોગવાઇઓ મુજબ લાભ મળવાપાત્ર થતો નથી.

(૩) ઉક્ત સ્થિતિએ તે અન્વયે ઉક્ત યોજના હેઠળ ઉક્ત ક્યા તાલુકાના કેટલા ખેડૂતોને ક્યા દરે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલા ખેડૂતોને કેટલી રકમ ચૂકવવાની બાકી છે, તેના કારણો શા છે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ભરૂચ અને નવસારી જિલ્લામાં કિસાન સહાય યોજના**

૪૨૭૦૬ **શ્રી સંજયભાઈ સોલંકી** (જંબુસર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મુખ્યમંત્રી કિસાન સહાય યોજનામાં કેટલા દિવસ સતત વરસાદ ન પડે તો યોજનાનો લાભ મળવાપાત્ર થાય છે,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભરૂચ અને નવસારી જિલ્લાના ક્યા તાલુકાને ઉક્ત લાભ મળવાપાત્ર થાય છે,

(૩) ઉક્ત સ્થિતિએ તે અન્વયે ઉક્ત યોજના હેઠળ ઉક્ત ક્યા તાલુકાના કેટલા ખેડૂતોને ક્યા દરે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલા ખેડૂતોને કેટલી રકમ ચૂકવવાની બાકી છે, તેના કારણો શા છે ?

**જવાબ**

(૧) રાજ્યમાં ચોમાસુ શરૂ થાય ત્યાંથી ૩૧ ઓગસ્ટ સુધીના સમયગાળામાં જે તાલુકામાં તાલુકાના મહેસૂલી રેઈન ગેજ મુજબ બે વરસાદ વચ્ચે સતત ચાર અઠવાડીયા (૨૮ દિવસ) વરસાદ પડેલ ન હોય એટલે કે સતત શૂન્ય વરસાદ નોંધાયેલ હોય અને ઠરાવની અન્ય જોગવાઇઓ પરિપૂર્ણ થતી હોય તો આ યોજનાનો લાભ મળવાપાત્ર થાય.

(૨) છેલ્લા બે વર્ષમાં ભરૂચ અને નવસારી જિલ્લાના કોઈપણ તાલુકાને ઠરાવની જોગવાઇઓ મુજબ લાભ મળવાપાત્ર થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજ્યમાં કેલીમીટી ફંડમાંથી ખર્ચ**

૪૨૫૬૫ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્યમાં કુદરતી આફતો સબબે કેલીમીટી ફંડમાંથી વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે,

(૨) કેન્દ્ર સરકાર દ્વારા ઉક્ત ફંડમાં ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલી રકમ ફાળવવામાં આવી, અને

**જવાબ**

(૧) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કુદરતી આફતો સબબે કેલીમીટી ફંડમાંથી વર્ષવાર કરવામાં આવેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૨૪૩૫.૧૬ |
| ૨૦૨૦-૨૧ | ૨૩૪૦.૧૬ |
| ૨૦૨૧-૨૨ | ૧૦૦૪.૮૭ |

(૨) કેન્દ્ર સરકાર દ્વારા ઉક્ત ફંડમાં ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ફાળવવામાં આવેલ રકમની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | કેન્દ્ર સરકાર દ્વારા મળેલ રકમ (રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૮૮૬.૮૦ |
| ૨૦૨૦-૨૧ | ૧૩૨૪.૦૦ |

| | |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૧૦૫૯.૨૦ |

વધુમાં તૌકતે વાવાઝોડાના કારણે થયેલ નુકશાન બદલ કેન્દ્ર સરકાર દ્વારા સ્પેશિયલ પેકેજ અંતર્ગત રૂ.૧૦૦૦ કરોડની ગ્રાન્ટ NDRF માંથી ફાળવવામાં આવેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ફંડમાં કુલ કેટલી રકમ જમા છે ?

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ફંડમાં રૂ.૧૧૬૫.૩૪ કરોડ જમા છે.

- - - - - - - - -

**અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં ખેડૂત ખાતેદારો**

૪૨૭૨૧ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરીયાપુર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા નાના, મધ્યમ અને સીમાંત ખેડૂત ખાતેદારો નોંધાયેલ છે,

(૨) તે પૈકી છેલ્લા એગ્રી સેન્સસ મુજબ ઉક્ત જિલ્લાવાર કયા પ્રકારના ખેડૂત ખાતેદારમાં કેટલો વધારો કે ઘટાડો નોંધાયો, અને

(૩) ખાતેદાર ખેડૂતોમાં ઘટાડો નોંધાયો હોય તો તેના મુખ્ય કારણો શાં છે ?

**જવાબ**

(૧) ભારત સરકારશ્રી દ્વારા સમગ્ર દેશમાં દર પાંચ વર્ષે યોજવામાં આવતા ખેતી વિષયક ગણના (એગ્રી સેન્સસ) ના વર્ષ ૨૦૧૫-૧૬ની ગણના મુજબ નોંધાયેલ ખેડૂત ખાતેદાર સામેલ પત્રક મુજબ છે.

(૨) અમદાવાદ જિલ્લામાંથી બોટાદ જિલ્લાની રચના વર્ષ ૨૦૧૩માં થયેલ હોવાથી, એગ્રી સેન્સસ ૨૦૧૫-૧૬માં અમદાવાદ જિલ્લામાં નોંધાયેલ ખાતેદાર ખેડૂતોની સરખામણી એગ્રી સેન્સસ ૨૦૧૦-૧૧માં નોંધાયેલ ખાતેદાર ખેડૂત સાથે કરી શકાય નહી. આથી, ખેડૂત ખાતેદારમાં થયેલ વધારો કે ઘટાડો નોંધવા અંગે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
ગાંધીનગર જિલ્લામાં એગ્રી સેન્સસ ૨૦૧૦-૧૧ની સરખામણીએ એગ્રી સેન્સસ ૨૦૧૫-૧૬માં સીમાંત ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૯,૯૧૩નો વધારો, નાના ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૩,૫૭૦નો વધારો, અર્ધ-મધ્યમ ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૫૧૦નો વધારો, મધ્યમ ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૩૮૩નો ઘટાડો અને મોટા ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૧૨૮નો ઘટાડો નોંધાયેલ છે. આમ, તમામ પ્રકારના કુલ ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૧૩,૪૮૨નો વધારો નોંધાયેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક**

**ભારત સરકારશ્રી દ્વારા સમગ્ર દેશમાં દર પાંચ વર્ષે યોજવામાં આવતા ખેતી વિષયક ગણના (એગ્રી સેન્સસ)ના વર્ષ ૨૦૧૫-૧૬ની ગણના મુજબ નોંધાયેલ ખેડૂત ખાતેદાર નીચે મુજબ છે.**

| **અમદાવાદ** | | | | |
|---|---|---|---|---|
| **ક્રમ** | **તાલુકા** | **ખેડૂત ખાતેદારોની સંખ્યા** | | |
| | | **સીમાંત** | **નાના** | **મધ્યમ** |
| ૧ | અમદાવાદ સિટી | ૫૭૧૫ | ૧૭૮૧ | ૨૬૬ |
| ૨ | બાવળા | ૬૨૭૮ | ૫૯૫૫ | ૩૬૯૯ |
| ૩ | દસ્ક્રોઈ | ૧૫૩૭૧ | ૬૨૯૨ | ૧૪૦૨ |
| ૪ | દેત્રોજ-રામપુરા | ૬૦૨૬ | ૪૭૫૨ | ૧૨૨૩ |
| ૫ | ધંધુકા | ૧૯૪૪ | ૫૪૦૮ | ૫૧૬૯ |
| ૬ | ધોલેરા | ૮૩૬ | ૩૪૪૯ | ૪૨૦૬ |
| ૭ | ધોળકા | ૮૯૯૪ | ૭૮૨૩ | ૫૩૭૭ |
| ૮ | માંડલ | ૨૭૬૦ | ૪૦૧૪ | ૨૫૯૨ |

| | | | | |
|---|---|---|---|---|
| ૯ | સાણંદ | ૧૩૬૧૨ | ૮૨૦૯ | ૩૧૮૨ |
| ૧૦ | વિરમગામ | ૫૧૪૬ | ૭૧૫૨ | ૪૯૩૪ |
| **ગાંધીનગર** | | | | |
| **ક્રમ** | **તાલુકા** | **ખેડૂત ખાતેદારોની સંખ્યા** | | |
| | | **સીમાંત** | **નાના** | **મધ્યમ** |
| ૧ | દહેગામ | ૧૪૭૧૪ | ૯૫૦૪ | ૧૬૭૯ |
| ૨ | ગાંધીનગર | ૨૫૦૧૦ | ૯૭૮૦ | ૧૨૩૮ |
| ૩ | કલોલ | ૧૯૦૧૭ | ૬૫૬૦ | ૧૦૪૪ |
| ૪ | માણસા | ૧૯૦૭૦ | ૭૧૭૯ | ૪૯૧ |

- - - - - - - - -

### જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નોંધાયેલ ખેડૂત ખાતેદાર

૪૨૬૩૬ **શ્રી ચિરાગભાઈ કાલરીયા** (જામજોધપુર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર કયા પ્રકારના કેટલા ખેડૂત ખાતેદારો નોંધાયેલા છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લી એગ્રી સેન્સસ મુજબ કયા પ્રકારના કેટલા ખાતેદાર ખેડૂતોની વધઘટ થઇ, અને

(૩) ઉક્ત છેલ્લી એગ્રી સેન્સસની સરખામણીએ ઉક્ત જિલ્લાવાર ખેડૂતોની ઘટ થઇ હોય તો તેના મુખ્ય કારણો શાં છે ?

**જવાબ**

(૧) ભારત સરકારશ્રી દ્વારા સમગ્ર દેશમાં દર પાંચ વર્ષે યોજવામાં આવતા ખેતી વિષયક ગણના (એગ્રી સેન્સસ)ના વર્ષ ૨૦૧૫-૧૬ની ગણના મુજબ નોંધાયેલ ખેડૂત ખાતેદાર નીચે મુજબ છે.

| **પ્રકાર** | **ખેડૂત ખાતેદારોની સંખ્યા** | |
|---|---|---|
| | **જામનગર** | **દેવભૂમિ દ્વારકા** |
| સીમાંત | ૩૦,૦૦૩ | ૧૭,૮૭૧ |
| નાના | ૬૬,૬૯૬ | ૩૫,૪૮૮ |
| અર્ધ-મધ્યમ | ૪૭,૮૩૫ | ૩૦,૩૩૮ |
| મધ્યમ | ૧૮,૩૨૩ | ૧૨,૮૯૨ |

(૨) જામનગર જિલ્લામાંથી દેવભૂમિ દ્વારકા જિલ્લાની રચના વર્ષ ૨૦૧૩માં થયેલ હોવાથી, એગ્રી સેન્સસ ૨૦૧૫-૧૬માં દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં નોંધાયેલ ખાતેદાર ખેડૂતોની સરખામણી એગ્રી સેન્સસ ૨૦૧૦-૧૧માં જામનગર જિલ્લામાં નોંધાયેલ ખાતેદાર ખેડૂતો સાથે કરી શકાય નહિ. આથી ખાતેદાર ખેડૂતોમાં થયેલ વધઘટ નોંધવા અંગે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

### વડોદરા અને ભરૂચ જિલ્લામાં નોંધાયેલ ખેડૂત ખાતેદાર

૪૨૬૯૯ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વડોદરા અને ભરૂચ જિલ્લામાં જિલ્લાવાર કયા પ્રકારના કેટલા ખેડૂત ખાતેદારો નોંધાયેલા છે,

**જવાબ**

(૧) ભારત સરકારશ્રી દ્વારા સમગ્ર દેશમાં દર પાંચ વર્ષે યોજવામાં આવતા ખેતી વિષયક ગણના (એગ્રી સેન્સસ)ના વર્ષ ૨૦૧૫-૧૬ની ગણના મુજબ નોંધાયેલ ખેડૂત ખાતેદાર નીચે મુજબ છે.

| **પ્રકાર** | **ખેડૂત ખાતેદારોની સંખ્યા** | |
|---|---|---|
| | **વડોદરા** | **ભરૂચ** |
| સીમાંત | ૯૩,૫૧૧ | ૫૯,૯૫૧ |
| નાના | ૫૧,૧૪૨ | ૪૫,૫૬૨ |

| | | |
|---|---|---|
| અર્ધ-મધ્યમ | ૩૪,૪૩૬ | ૩૪,૨૭૩ |
| મધ્યમ | ૧૨,૩૯૨ | ૧૭,૬૭૬ |
| મોટા | ૭૦૦ | ૧,૬૦૨ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લી એગ્રી સેન્સસ મુજબ કયા પ્રકારના કેટલા ખાતેદાર ખેડૂતોની વધઘટ થઇ, અને

(૨) વડોદરા જિલ્લામાંથી છોટાઉદેપુર જિલ્લાની રચના વર્ષ ૨૦૧૩માં થયેલ હોવાથી, એગ્રી સેન્સસ ૨૦૧૫-૧૬માં વડોદરા જિલ્લામાં નોંધાયેલ ખાતેદાર ખેડૂતોની સંખ્યાની સરખામણી એગ્રી સેન્સસ ૨૦૧૦-૧૧માં નોંધાયેલ ખાતેદાર ખેડૂતો સાથે કરી શકાય નહીં. આથી ખાતેદાર ખેડૂતોમાં થયેલ વધઘટ નોંધવા અંગે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
ભરૂચ જિલ્લામાં એગ્રી સેન્સસ ૨૦૧૦-૧૧ની સરખામણીએ એગ્રી સેન્સસ ૨૦૧૫-૧૬માં સીમાંત ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૧૪,૦૧૫નો વધારો, નાના ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૧૧,૫૩૯નો વધારો, અર્ધ-મધ્યમ ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૫,૮૨૭નો વધારો, મધ્યમ ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૫૪૮નો વધારો અને મોટા ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૨૨૮નો ઘટાડો નોંધાયેલ છે. આમ, તમામ પ્રકારના કુલ ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૩૧,૭૦૧નો વધારો નોંધાયેલ છે.

(૩) ઉક્ત છેલ્લી એગ્રી સેન્સસની સરખામણીએ ઉક્ત જિલ્લાવાર ખેડૂતોની ઘટ થઇ હોય તો તેના મુખ્ય કારણો શાં છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં કિસાન સહાય યોજના**

૪૨૫૮૧ **શ્રી શીવાભાઈ ભુરીયા** (દિયોદર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મુખ્યમંત્રી કિસાન સહાય યોજનામાં કેટલા દિવસ સતત વરસાદ ન પડે તો યોજનાનો લાભ મળવાપાત્ર થાય છે,

(૧) રાજ્યમાં ચોમાસુ શરૂ થાય ત્યાંથી ૩૧ ઓગસ્ટ સુધીના સમયગાળામાં જે તાલુકામાં તાલુકાના મહેસૂલી રેઈન ગેજ મુજબ બે વરસાદ વચ્ચે સતત ચાર અઠવાડીયા (૨૮ દિવસ) વરસાદ પડેલ ન હોય એટલે કે સતત શૂન્ય વરસાદ નોંધાયેલ હોય અને ઠરાવની અન્ય જોગવાઈઓ પરિપૂર્ણ થતી હોય તો આ યોજનાનો લાભ મળવાપાત્ર થાય.

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા અને કચ્છ જિલ્લાના ક્યા તાલુકાને ઉક્ત લાભ મળવાપાત્ર થાય છે,

(૨) છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં ઠરાવની જોગવાઈઓ પરિપૂર્ણ થતી ન હોઈ લાભ મળવાપાત્ર થતો નથી.

(૩) ઉક્ત સ્થિતિએ તે અન્વયે ઉક્ત યોજના હેઠળ ઉક્ત ક્યા તાલુકાના કેટલા ખેડૂતોને ક્યા દરે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલા ખેડૂતોને કેટલી રકમ ચૂકવવાની બાકી છે, તેના કારણો શા છે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**અમરેલી જિલ્લામાં જમીન માપણીમાં વિસંગતતા**

૪૨૬૬૦ **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં તાલુકાવાર જમીન માપણીમાં રહેલ વિસંગતતા દૂર કરવાની કેટલી અરજીઓ પડતર છે,

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં તાલુકાવાર જમીન માપણીમાં રહેલ વિસંગતતા દૂર કરવાની નીચે મુજબની અરજીઓ પડતર છે.

| તાલુકાનું નામ | પડતર અરજીઓ |
|---|---|
| અમરેલી | ૩૦ |
| કુંકાવાવ વડિયા | ૦૭ |
| ખાંભા | ૪૦ |
| જાફરાબાદ | ૦૯ |
| ધારી | ૦૬ |
| બગસરા | ૦૩ |
| બાબરા | ૪૯ |
| રાજુલા | ૦૭ |
| લાઠી | ૩૦ |
| લીલીયા | ૧૭ |
| સાવરકુંડલા | ૦૭ |
| **કુલ** | **૨૦૫** |

(૨) તેના કારણો શું છે, અને

(૨)

- રી-સર્વે વાંધા નિકાલની કામગીરી એ સતત ચાલતી પ્રક્રિયા છે.
- મોટાભાગની અરજીઓ પૈકી સર્વે નંબરોમાં તથા જૂના પૈકી સર્વે નંબરોના હિસ્સા માપણીની છે. જેમાં અરજદારશ્રી દ્વારા નિયમ મુજબ સંમતી પત્રક રજૂ ન થતાં તથા અરજદારોના પોતાના કૌટુંબિક પ્રશ્નો હોઈ અરજદારશ્રીઓ તથા લાગુ ખાતેદારો હાજર ન રહેવાના કારણે અરજીઓ નિકાલ કરવામાં મુશ્કેલીઓ સર્જાય છે.
- કોવિડ-૧૯ અંતર્ગત કોરોના સમયગાળાના લોકડાઉન અને તે દરમિયાન સ્ટાફ રાજ્ય સરકાર તરફથી સોંપવામાં આવેલ ફરજમાં રોકાયેલ હોય કામગીરીમાં વિલંબ થયેલ છે.
- ઓનલાઇન આઇ-મોજણીની અરજીઓ, સંપાદન કેસોની માપણી, લેન્ડ ગ્રેબીંગ કમિટી મારફતે ભલામણ થતાં કેસોની માપણી કામગીરી વિગેરે ચાલુમાં હોય કામગીરીમાં વિલંબ થયેલ છે.
- રાજ્ય સરકાર દ્વારા ખેડૂત ખાતેદારોના હિતમાં વાંધા અરજી કરવાની મુદ્દત તા.૩૧-૧૨-૨૦૨૨ સુધી લંબાવી આપેલ છે. જેથી અરજદારશ્રીને જાણ થાય તેમ નવી વાંધા અરજીઓ મળતી રહે છે.

(૩) ક્યાં સુધીમાં આ અરજીઓ નિકાલ કરી વિસંગતતા દૂર કરવામાં આવશે ?

(૩) ઉક્ત પડતર અરજીઓની નિકાલની કામગીરી સત્વરે કરવામાં આવશે.

---------

**દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં નોંધાયેલ ખેડૂત ખાતેદાર**

૪૨૬૯૦ **શ્રી ભાવેશભાઇ કટારા** (ઝાલોદ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર કયા પ્રકારના કેટલા ખેડૂત ખાતેદારો નોંધાયેલા છે,

**જવાબ**

(૧) ભારત સરકારશ્રી દ્વારા સમગ્ર દેશમાં દર પાંચ વર્ષે યોજવામાં આવતા ખેતી વિષયક ગણના (એગ્રી સેન્સસ)ના વર્ષ ૨૦૧૫-૧૬ની ગણના મુજબ નોંધાયેલ ખેડૂત ખાતેદાર નીચે મુજબ છે.

| પ્રકાર | ખેડૂત ખાતેદારોની સંખ્યા |
|---|---|

| | દાહોદ | છોટાઉદેપુર |
|---|---|---|
| સીમાંત | ૩૫,૫૯૨ | ૪૨,૧૪૪ |
| નાના | ૨૬,૪૬૪ | ૩૯,૧૭૨ |
| અર્ધ-મધ્યમ | ૨૪,૬૧૨ | ૨૩,૫૭૩ |
| મધ્યમ | ૧૨,૮૫૦ | ૮,૧૨૨ |
| મોટા | ૯૮૯ | ૩૬૬ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લી એગ્રી સેન્સસ મુજબ કયા પ્રકારના કેટલા ખાતેદાર ખેડૂતોની વધઘટ થઇ, અને

(૨) દાહોદ જિલ્લામાં એગ્રી સેન્સસ ૨૦૧૦-૧૧ની સરખામણીએ એગ્રી સેન્સસ ૨૦૧૫-૧૬માં સીમાંત ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૫૦ નો ઘટાડો, નાના ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૫૬૪નો વધારો, અર્ધ-મધ્યમ ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૫૬નો વધારો, મધ્યમ ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૧૫૬નો ઘટાડો અને મોટા ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૬૧નો ઘટાડો નોંધાયેલ છે. આમ, તમામ પ્રકારના કુલ ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૩૫૩નો વધારો નોંધાયેલ છે.

છોટાઉદેપુર જિલ્લાની રચના વર્ષ ૨૦૧૩માં વડોદરા જિલ્લામાંથી થયેલ હોવાથી એગ્રી સેન્સસ ૨૦૧૦-૧૧માં છોટાઉદેપુર જિલ્લાના ખાતેદાર ખેડૂતોની સંખ્યા ઉપલબ્ધ નથી. આથી, છોટાઉદેપુર જિલ્લાના એગ્રી સેન્સસ ૨૦૧૫-૧૬માં નોંધાયેલ ખાતેદાર ખેડૂતોની સરખામણી શક્ય નથી. આથી, છોટાઉદેપુર જિલ્લા માટે ખાતેદાર ખેડૂતોમાં થયેલ વધ કે ઘટ નોંધવા અંગે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત છેલ્લી એગ્રી સેન્સસની સરખામણીએ ઉક્ત જિલ્લાવાર ખેડૂતોની ઘટ થઇ હોય તો તેના મુખ્ય કારણો શાં છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**નવસારી અને વલસાડ જિલ્લામાં નોંધાયેલ ખેડૂત ખાતેદાર**

૪૨૭૧૭ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નવસારી અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર કયા પ્રકારના કેટલા ખેડૂત ખાતેદારો નોંધાયેલા છે,

(૧) ભારત સરકારશ્રી દ્વારા સમગ્ર દેશમાં દર પાંચ વર્ષે યોજવામાં આવતા ખેતી વિષયક ગણના (એગ્રી સેન્સસ)ના વર્ષ ૨૦૧૫-૧૬ની ગણના મુજબ નોંધાયેલ ખેડૂત ખાતેદાર નીચે મુજબ છે.

| પ્રકાર | ખેડૂત ખાતેદારોની સંખ્યા | |
|---|---|---|
| | નવસારી | વલસાડ |
| સીમાંત | ૭૪,૫૪૧ | ૮૫,૩૯૯ |
| નાના | ૨૨,૫૩૯ | ૨૪,૬૩૪ |
| અર્ધ-મધ્યમ | ૧૩,૯૪૦ | ૧૫,૪૩૯ |
| મધ્યમ | ૫,૩૫૦ | ૬,૮૩૭ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લી એગ્રી સેન્સસ મુજબ કયા પ્રકારના કેટલા ખાતેદાર ખેડૂતોની વધઘટ થઇ, અને

(૨) નવસારી જિલ્લામાં એગ્રી સેન્સસ ૨૦૧૦-૧૧ની સરખામણીએ એગ્રી સેન્સસ ૨૦૧૫-૧૬માં સીમાંત ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૭,૩૯૮ નો ઘટાડો, નાના ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૫૧૭નો વધારો, અર્ધ-મધ્યમ ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૪૪૮નો ઘટાડો, મધ્યમ

ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૪૩૭નો ઘટાડો અને મોટા ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૪૫નો ઘટાડો નોંધાયેલ છે. આમ, તમામ પ્રકારના કુલ ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૭,૮૧૧નો ઘટાડો નોંધાયેલ છે.

વલસાડ જિલ્લામાં એગ્રી સેન્સસ ૨૦૧૦-૧૧ની સરખામણીએ એગ્રી સેન્સસ ૨૦૧૫-૧૬માં સીમાંત ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૪,૮૩૬ નો વધારો, નાના ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૧,૮૬૪નો વધારો, અર્ધ-મધ્યમ ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૭૨૩નો વધારો, મધ્યમ ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૧૦૯નો વધારો અને મોટા ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૩૩નો ઘટાડો નોંધાયેલ છે. આમ, તમામ પ્રકારના કુલ ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૭,૪૯૯નો વધારો નોંધાયેલ છે.

(૩) ઉક્ત છેલ્લી એગ્રી સેન્સસની સરખામણીએ ઉક્ત જિલ્લાવાર ખેડૂતોની ઘટ થઇ હોય તો તેના મુખ્ય કારણો શાં છે ?

(૩) એગ્રી સેન્સસના સર્વેમાં વધ-ઘટના કારણો નોંધવામાં આવતા નથી, તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

## ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડને રકમની ફાળવણી

૪૨૬૦૯ **શ્રી લાખાભાઈ ભરવાડ** (વિરમગામ) : **માનનીય ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડને રાજ્ય સરકારે કેટલી રકમની ફાળવણી કયા કયા હેતુસર કરી, અને

(૧)

| વર્ષ | ફાળવેલ રકમ (રૂ.લાખમાં) | ફાળવણીનો હેતુ |
|---|---|---|
| ૨૦૨૦-૨૧ | ૬૧.૫૦ | બોર્ડ મહેકમના કર્મચારીના સી.પી.એફ. પર વ્યાજની ચૂકવણી માટે |
| | ૨૯૦.૮૬ | બોર્ડના નિવૃત્ત કર્મચારીઓને રજા પગાર અને ગ્રેજ્યુઈટીની ચૂકવણી માટે |
| | ૧૦૦૦.૦૦ | રિવોલ્વીંગ ફંડ |

(૨) તે પૈકી કેટલી રકમનો કયા હેતુસર ખર્ચ કરવામાં આવ્યો અને કેટલી રકમ વણવપરાયેલ રહી ?

(૨)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) | બચત (વણવપરાયેલ રકમ) | ખર્ચનો હેતુ |
|---|---|---|---|
| ૨૦૨૦-૨૧ | ૬૧.૫૦ | ૦૦ | બોર્ડ મહેકમના કર્મચારીના સી.પી.એફ. પર વ્યાજની ચૂકવણી માટે |
| | ૨૯૦.૮૬ | ૦૦ | બોર્ડના નિવૃત્ત કર્મચારીઓને રજા પગાર અને ગ્રેજ્યુઈટીની ચૂકવણી માટે |
| | ૧૦૦૦.૦૦ | ૧૦૦૦.૦૦ | |
| ૨૦૨૧-૨૨ | - | - | |

- - - - - - - - -

તા. ૧૬મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

**અમદાવાદ અને બોટાદ જિલ્લામાં કિસાન સહાય યોજના**

૪૨૬૧૯ **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મુખ્યમંત્રી કિસાન સહાય યોજનામાં કેટલા દિવસ સતત વરસાદ ન પડે તો યોજનાનો લાભ મળવાપાત્ર થાય છે, | (૧) રાજ્યમાં ચોમાસુ શરૂ થાય ત્યાંથી ૩૧ ઓગસ્ટ સુધીના સમયગાળામાં જે તાલુકામાં તાલુકાના મહેસૂલી રેઈન ગેજ મુજબ બે વરસાદ વચ્ચે સતત ચાર અઠવાડીયા (૨૮ દિવસ) વરસાદ પડેલ ન હોય એટલે કે સતત શૂન્ય વરસાદ નોંધાયેલ હોય અને ઠરાવની અન્ય જોગવાઈઓ પરિપૂર્ણ થતી હોય તો આ યોજનાનો લાભ મળવાપાત્ર થાય. |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને બોટાદ જિલ્લાના ક્યા તાલુકાને ઉક્ત લાભ મળવાપાત્ર થાય છે, | (૨) છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને બોટાદ જિલ્લામાં ઠરાવની જોગવાઈઓ પરિપૂર્ણ થતી ન હોઈ લાભ મળવાપાત્ર થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ તે અન્વયે ઉક્ત યોજના હેઠળ ઉક્ત કયા તાલુકાના કેટલા ખેડૂતોને ક્યા દરે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલા ખેડૂતોને કેટલી રકમ ચૂકવવાની બાકી છે, તેના કારણો શા છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**દાહોદ જિલ્લામાં પશુ આરોગ્ય કેમ્પ**

૪૨૬૯૬ **શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા** (ગરબાડા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલા પશુ આરોગ્ય કેમ્પ કરવામાં આવ્યા,

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | તા.૦૧-૦૨-૨૦૨૦ થી તા.૩૧-૦૧-૨૦૨૧ સુધી | તા.૦૧-૦૨-૨૦૨૧ થી તા.૩૧-૦૧-૨૦૨૨ સુધી | કુલ |
|---|---|---|---|
| દાહોદ | ૨૯ | ૨૯ | ૫૮ |
| ગરબાડા | ૧૯ | ૧૯ | ૩૮ |
| ઝાલોદ | ૨૭ | ૨૭ | ૫૪ |
| ફતેપુરા | ૨૩ | ૨૩ | ૪૬ |
| સંજેલી | ૮ | ૮ | ૧૬ |
| લીમખેડા | ૧૪ | ૧૪ | ૨૮ |
| દેવગઢ બારીયા | ૨૩ | ૨૩ | ૪૬ |
| ધાનપુર | ૧૯ | ૧૯ | ૩૮ |
| સિંગવડ | ૧૩ | ૧૩ | ૨૬ |
| **કુલ** | **૧૭૫** | **૧૭૫** | **૩૫૦** |

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર, તાલુકાવાર કેટલા પશુઓને મુખ્ય કયા પ્રકારની સારવાર આપવામાં આવી,

(૨) પત્રક મુજબ.

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર, તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩)

| તાલુકાનું નામ | તા.૦૧-૦૨-૨૦૨૦થી તા.૩૧-૦૧-૨૦૨૧ સુધી | તા.૦૧-૦૨-૨૦૨૧થી તા.૩૧-૦૧-૨૦૨૨ સુધી | કુલ |
|---|---|---|---|
| દાહોદ | ૨,૯૦,૦૦૦ | ૨,૯૦,૦૦૦ | ૫,૮૦,૦૦૦ |
| ગરબાડા | ૧,૯૦,૦૦૦ | ૧,૯૦,૦૦૦ | ૩,૮૦,૦૦૦ |
| ઝાલોદ | ૨,૭૦,૦૦૦ | ૨,૭૦,૦૦૦ | ૫,૪૦,૦૦૦ |
| ફતેપુરા | ૨,૩૦,૦૦૦ | ૨,૩૦,૦૦૦ | ૪,૬૦,૦૦૦ |

| | | | |
|---|---|---|---|
| સંજેલી | ૮૦,૦૦૦ | ૮૦,૦૦૦ | ૧,૬૦,૦૦૦ |
| લીમખેડા | ૧,૪૦,૦૦૦ | ૧,૪૦,૦૦૦ | ૨,૮૦,૦૦૦ |
| દેવગઢ બારીયા | ૨,૩૦,૦૦૦ | ૨,૩૦,૦૦૦ | ૪,૬૦,૦૦૦ |
| ધાનપુર | ૧,૯૦,૦૦૦ | ૧,૯૦,૦૦૦ | ૩,૮૦,૦૦૦ |
| સિંગવડ | ૧,૩૦,૦૦૦ | ૧,૩૦,૦૦૦ | ૨,૬૦,૦૦૦ |
| **કુલ** | **૧૭,૫૦,૦૦૦** | **૧૭,૫૦,૦૦૦** | **૩૫,૦૦,૦૦૦** |

**પત્રક**

**તા.૦૧-૦૨-૨૦૨૦ થી તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ તાલુકાવાર સારવારની વિગત**

| અ.નં. | તાલુકાનું નામ | પશુ આરોગ્ય મેળામાં આપેલ સારવારની વિગત | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | સારવાર | | | | | ખસીકરણ | કૃત્રિમ બીજદાન |
| | | તબીબી | શસ્ત્રક્રિયા | જાતીય આરોગ્ય | કૃમિનાશક પીવડાવી | કુલ સારવાર | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | દાહોદ | ૨,૨૬૪ | ૪૫૮ | ૫૧૨ | ૨,૨૦૮ | **૫,૪૪૨** | ૨૪ | ૮૭ |
| ૨ | ગરબાડા | ૧,૫૨૪ | ૦ | ૪૨૭ | ૪,૬૪૯ | **૬,૬૦૦** | ૫૮ | ૫૭ |
| ૩ | ઝાલોદ | ૨,૯૮૯ | ૧૫૫ | ૭૬૨ | ૬,૩૦૩ | **૧૦,૨૦૯** | ૨૫૮ | ૩૦૨ |
| ૪ | ફતેપુરા | ૧,૪૦૦ | ૪૦ | ૬૬૮ | ૩,૭૪૪ | **૫,૮૫૨** | ૧૪૫ | ૧૨૯ |
| ૫ | સંજેલી | ૩૩૭ | ૩૨ | ૨૬૫ | ૧,૨૪૫ | **૧,૮૭૯** | ૧૨૮ | ૪૯ |
| ૬ | લીમખેડા | ૩૨૭ | ૧૦ | ૧૦૫ | ૨,૪૫૦ | **૨,૮૯૨** | ૧૩ | ૪૫ |
| ૭ | દેવગઢ બારીયા | ૧,૧૩૫ | ૬૧ | ૧,૦૮૬ | ૦ | **૨,૨૮૨** | ૧૫૮ | ૮૦ |
| ૮ | ધાનપુર | ૧,૧૯૨ | ૪૭ | ૬૩૪ | ૧,૩૧૧ | **૩,૧૮૪** | ૧૦૩ | ૭૨ |
| ૯ | સિંગવડ | ૧૪૨ | ૩૪ | ૨૬૯ | ૧,૧૪૭ | **૧,૫૯૨** | ૧૨૦ | ૭૪ |
| **કુલ** | | **૧૧,૩૧૦** | **૮૩૭** | **૪,૭૨૮** | **૨૩,૦૫૭** | **૩૯,૯૩૨** | **૧,૦૦૭** | **૮૯૫** |

**તા.૦૧-૦૨-૨૦૨૧ થી તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ તાલુકાવાર સારવારની વિગત**

| અ.નં. | તાલુકાનું નામ | પશુઆરોગ્ય મેળામાં આપેલ સારવારની વિગત | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | સારવાર | | | | | ખસીકરણ | કૃત્રિમ બીજદાન |
| | | તબીબી | શસ્ત્રક્રિયા | જાતીય આરોગ્ય | કૃમિનાશક પીવડાવી | કુલ સારવાર | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | દાહોદ | ૨,૩૫૧ | ૮૪ | ૪૫૯ | ૩,૧૦૧ | **૫,૯૯૫** | ૯૪ | ૭૦ |
| ૨ | ગરબાડા | ૯૭૨ | ૨૯ | ૮૧ | ૮૬૭ | **૧,૯૪૯** | ૩૮ | ૭૦ |
| ૩ | ઝાલોદ | ૨,૮૦૨ | ૧૫૬ | ૫૯૯ | ૫,૭૧૭ | **૯,૨૭૪** | ૪૩૩ | ૮૨૩ |
| ૪ | ફતેપુરા | ૧,૫૬૯ | ૩૦ | ૪૫૬ | ૧,૯૭૮ | **૪,૦૩૩** | ૨૯ | ૯૭ |
| ૫ | સંજેલી | ૨૩૫ | ૨૦ | ૧૩૦ | ૫૩૧ | **૯૧૬** | ૦ | ૨૯ |
| ૬ | લીમખેડા | ૨૮૮ | ૧૭ | ૧૯૭ | ૧,૮૫૧ | **૨,૩૫૩** | ૩૩ | ૧૩ |
| ૭ | દેવગઢ | ૧,૩૩૭ | ૫૧ | ૧,૧૫૧ | ૦ | **૨,૫૩૯** | ૧૬૩ | ૭૪ |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | બારીયા | | | | | | | |
| ૮ | ધાનપુર | ૧,૫૭૨ | ૪૦ | ૬૮૨ | ૧,૯૯૫ | **૪,૨૮૯** | ૯૩ | ૭૧ |
| ૯ | સિંગવડ | ૧,૨૯૮ | ૩૩ | ૪૨૧ | ૨,૮૯૨ | **૪,૬૪૪** | ૭૯ | ૮૧ |
| | **કુલ** | **૧૨,૪૨૪** | **૪૬૦** | **૪,૧૭૬** | **૧૮,૯૩૨** | **૩૫,૯૯૨** | **૯૬૨** | **૧,૩૨૮** |

- - - - - - - - -

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સરદાર આવાસ યોજના**

૪૨૬૩૪ **શ્રી પ્રવિણભાઈ મુસડીયા** (કાલાવડ) : **માનનીય ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર સરદાર આવાસ યોજનામાં કેટલા મકાનો મંજૂર કર્યા, તે પૈકી કેટલી રકમ ફાળવવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ આ આવાસો બાંધવા કેન્દ્ર, રાજ્ય સરકાર અને લાભાર્થીઓનો કેટલો ફાળો નક્કી કરવામાં આવેલ છે, અને

(૩)ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલા આવાસો બાંધવામાં આવ્યા અને તે અંગેની કેટલી અરજીઓ પડતર છે ?

**જવાબ**

(૧)

- જામનગરઃ- શૂન્ય મકાનો મંજૂર.
- દેવભૂમિ દ્વારકાઃ- શૂન્ય મકાનો મંજૂર.
- ફાળવેલ રકમઃ- શૂન્ય.

(૨) સરદાર આવાસ યોજના-૨ના નવા આવાસના બાંધકામની યુનિટ કોસ્ટ રૂ. ૧,૦૦,૦૦૦/- સામે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૪૦,૦૦૦/- ની સહાય.

(૩) ખંડ-૧ મુજબ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**સાવરકુંડલા અને લીલીયા તાલુકામાં ઇ-ધરા ખાતે નામ સુધારણા અરજીઓ**

૪૨૧૮૬ **શ્રી પ્રતાપ દૂધાત** (સાવરકુંડલા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લાના સાવરકુંડલા અને લીલીયા મામલતદાર કચેરીઓમાં ઇ-ધરા શાખામાં કચેરીવાર નામ સુધારવા માટે કુલ કેટલી અરજીઓ મળી,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કચેરીવાર કેટલી અરજીઓ મંજૂર કરી અને નામ સુધારવામાં આવ્યા,

(૩) કચેરીવાર કેટલી અરજીઓ કયા કારણોસર નામંજૂર કરવામાં આવી, અને

**જવાબ**

(૧)

| તાલુકો | અરજીની સંખ્યા |
|---|---|
| લીલીયા | ૨૮ |
| સાવરકુંડલા | ૧૪૭ |
| **કુલ** | **૧૭૫** |

(૨)

| તાલુકો | મંજૂરીની સંખ્યા તથા નામ સુધારવામાં આવ્યા |
|---|---|
| લીલીયા | ૧૫ |
| સાવરકુંડલા | ૩૩ |
| **કુલ** | **૪૮** |

(૩)

| તાલુકો | નામંજૂર |
|---|---|
| લીલીયા | ૧૩ |
| સાવરકુંડલા | ૮૪ |

**નામંજૂર થવાના કારણોઃ-**

- નામ સુધારા અંગેની અરજીઓ અન્વયે જે તે સમયે જે નોંધથી ખાતેદારનું નામ દાખલ થયેલ હોય તે નોંધના રેકર્ડ ચકાસતા રજૂ થયેલ રેકર્ડમાં

અરજદારની અરજી કે અન્ય સાધનિક કાગળો/આધાર-પુરાવા આધારે તે નામ સુધારો કરવાપાત્ર જણાતો નથી.

– મહેસૂલ વિભાગના રેકર્ડ સુધારણા અંગેના તા.૧૦-૩-૨૦૧૬ના પરિપત્ર ક્રમાંકઃ સીએમપી/૧૦૨૦૦૯ /૨૪/હ.૨ ની સૂચના મુજબ હસ્તલિખિત રેકર્ડનું કોમ્પ્યુટરાઇઝડ કરતી વખતે વહીવટી રીતે કોઇ ક્ષતિ રહી ગયેલ હોય તેવા કિસ્સામાં જ સુધારણા કરવાપાત્ર છે. જેથી અરજદાર દ્વારા રજૂ થતી અરજીઓમાં સદરહુ પરિપત્રની જોગવાઇ મુજબ યોગ્ય આધાર-પુરાવા ન હોવાના કારણે અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે.

(૪) કચેરીવાર કેટલી અરજીઓ પડતર છે અને ક્યાં સુધીમાં તેનો નિકાલ કરવામાં આવશે ?

(૪)

| | |
|---|---|
| લીલીયા | ઉક્ત સ્થિતિએ કોઇ અરજી પડતર ન હોય, પ્રશ્ન નથી. |
| સાવરકુંડલા | ઉક્ત સ્થિતિએ ૩૦ અરજીઓ પડતર હતી. જે તમામનો હાલની સ્થિતિએ નિકાલ થયેલ હોય, પ્રશ્ન નથી. |

---------

**આણંદ અને ડાંગ જિલ્લામાં સરદાર આવાસ યોજના**

૪૨૬૭૩ **શ્રી કાંતિભાઈ સોઢાપરમાર** (આણંદ) : **માનનીય ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર સરદાર આવાસ યોજનામાં કેટલા મકાનો મંજૂર કર્યા, તે પૈકી કેટલી રકમ ફાળવવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ આ આવાસો બાંધવા કેન્દ્ર, રાજ્ય સરકાર અને લાભાર્થીઓનો કેટલો ફાળો નક્કી કરવામાં આવેલ છે, અને

(૩)ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલા આવાસો બાંધવામાં આવ્યા અને તે અંગેની કેટલી અરજીઓ પડતર છે ?

**જવાબ**

(૧)

- આણંદઃ- શૂન્ય મકાનો મંજૂર.
- ડાંગઃ- શૂન્ય મકાનો મંજૂર.
- ફાળવેલ રકમઃ- શૂન્ય.

(૨) સરદાર આવાસ યોજના-૨ના નવા આવાસના બાંધકામની યુનિટ કોસ્ટ રૂ. ૧,૦૦,૦૦૦/- સામે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૪૦,૦૦૦/- ની સહાય.

(૩) ખંડ-૧ મુજબ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**આણંદ જિલ્લામાં બીપીએલ યાદીમાં સમાવેશની અરજીઓ**

૪૨૬૬૯ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર બીપીએલ યાદીમાં સમાવેશ કરવા કેટલી અરજીઓ મળી, અને

**જવાબ**

(૧)

| તાલુકો | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|
| આણંદ | ૪૪ |
| આંકલાવ | ૩૬ |
| બોરસદ | ૧૨ |
| ખંભાત | ૬૮ |
| પેટલાદ | ૨૦ |

| | |
|---|---|
| સોજીત્રા | ૮ |
| તારાપુર | ૪ |
| ઉમરેઠ | ૮ |

(૨) મળેલ અરજીઓ પૈકી ઉક્ત વર્ષવાર, તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર કરી ?

(૨)

| તાલુકો | મંજૂર અરજીઓની સંખ્યા | |
|---|---|---|
| | તા. ૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ | તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ |
| આણંદ | ૭ | ૯ |
| આંકલાવ | ૧૬ | ૬ |
| બોરસદ | ૧ | ૭ |
| ખંભાત | ૩૦ | ૧ |
| પેટલાદ | ૬ | ૪ |
| સોજીત્રા | ૧ | ૨ |
| તારાપુર | ૧ | ૨ |
| ઉમરેઠ | ૩ | ૦ |

---------

**કપાસ અને મગફળીમાં પ્રોત્સાહક બોનસ**

૪૨૫૯૫ **શ્રી અશ્વિનભાઇ કોટવાલ** (ખેડબ્રહ્મા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કપાસ અને મગફળીના ટેકાના ભાવ શું નક્કી કરવામાં આવેલ,

**જવાબ**

(૧) ભારત સરકારશ્રી દ્વારા કપાસ અને મગફળીના જાહેર થયેલ ટેકાના ભાવો નીચે મુજબ છે.

| પાકનું નામ | | ટેકાનો ભાવ (રૂ./ક્વિ.) | |
|---|---|---|---|
| | | વર્ષ ૨૦૨૦-૨૧ | વર્ષ ૨૦૨૧-૨૨ |
| કપાસ | લંબતારી | ૫૮૨૫ | ૬૦૨૫ |
| | મધ્યમતારી | ૫૫૧૫ | ૫૭૨૬ |

(૨) ઉક્ત ભાવો ઉપરાંત રાજ્ય સરકારે કોઇ પ્રોત્સાહક બોનસની રકમ જાહેર કરેલ છે કે કેમ, અને

(૨) ના, જી.

(૩) જો હા, તો ઉક્ત કયા પાક માટે કેટલી પ્રોત્સાહક બોનસની રકમ જાહેર કરવામાં આવેલ છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજ્યના ખેડૂતોને બનાવટી જંતુનાશક દવાઓનું વેચાણ**

૪૨૬૨૫ **શ્રી ઋત્વિકભાઇ મકવાણા** (ચોટીલા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના ખેડૂતોને બનાવટી જંતુનાશક દવાઓનું વેચાણ થતું હોવા અંગેની કેટલી ફરિયાદો સરકારને મળી, અને

**જવાબ**

(૧) ૦૮ (આઠ).

(૨) ઉક્ત સ્થિતિએ મળેલ ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરી ?

(૨) ઉકત સ્થિતિએ મળેલ ૦૮ ( આઠ ) ફરિયાદો અન્વયે,

(૧) ૦૬ (છ) ફરિયાદોના કિસ્સામાં કુલ ૧૫ (પંદર) જંતુનાશક દવાના નમુનાઓ પૃથક્કરણ અર્થે લેવામાં આવેલ જે પૈકી ૦૮ (આઠ) નમૂનાઓ પ્રમાણિત, ૦૨ (બે) નમૂનાઓ બિન-પ્રમાણિત તથા ૦૫ (પાંચ) નમુનાઓના પૃથક્કરણ અહેવાલ મળવાના બાકી છે. બિન-પ્રમાણિત થયેલ ૦૨ (બે) નમૂનાઓ પૈકી એક કેસમાં પોલીસમાં લેખિત ફરિયાદ કરવામાં આવેલ છે; જ્યારે એક નમુનામાં કોર્ટકેસની મંજૂરી અર્થે દરખાસ્ત મળેલ છે.

(૨) ૦૧ (એક) ફરિયાદના કિસ્સામાં વિક્રેતા પાસે માત્ર એક જ કન્ટેઇનર સ્ટોકમાં હોવાથી નમૂનો લઇ શકાયેલ નથી, જ્યારે

(૩) ૦૧ (એક) ફરિયાદ ટ્રેડમાર્કને લગતી હોઇ નમૂનો લેવાયેલ નથી.

(૪) વધુમાં, ફરિયાદ હેઠળના ૦૬ (છ) વિક્રેતાઓના લાયસન્સ સ્થગિત કરવામાં આવેલ છે અને એક કિસ્સામાં કારણદર્શક નોટિસ આપવામાં આવેલ છે.

- - - - - - - - -

**નર્મદા અને ડાંગ જિલ્લામાં નોંધાયેલ ખેડૂત ખાતેદાર**

૪૨૭૦૩ **શ્રી પ્રેમસિંહભાઇ વસાવા** (નાંદોદ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નર્મદા અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર કયા પ્રકારના કેટલા ખેડૂત ખાતેદારો નોંધાયેલા છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લી એગ્રી સેન્સસ મુજબ કયા પ્રકારના કેટલા ખાતેદાર ખેડૂતોની વધઘટ થઇ, અને

**જવાબ**

(૧) ભારત સરકારશ્રી દ્વારા સમગ્ર દેશમાં દર પાંચ વર્ષે યોજવામાં આવતા ખેતી વિષયક ગણના (એગ્રી સેન્સસ)ના વર્ષ ૨૦૧૫-૧૬ની ગણના મુજબ નોંધાયેલ ખેડૂત ખાતેદાર નીચે મુજબ છે.

| **પ્રકાર** | **ખેડૂત ખાતેદારોની સંખ્યા** | |
|---|---|---|
| | **નર્મદા** | **ડાંગ** |
| સીમાંત | ૧૮,૧૫૯ | ૧,૫૨૨ |
| નાના | ૧૮,૯૪૨ | ૧,૯૭૫ |
| અર્ધ-મધ્યમ | ૧૩,૯૫૮ | ૩,૩૧૮ |
| મધ્યમ | ૫,૩૦૪ | ૪,૪૬૯ |

(૨) નર્મદા જિલ્લામાં એગ્રી સેન્સસ ૨૦૧૦-૧૧ની સરખામણીએ એગ્રી સેન્સસ ૨૦૧૫-૧૬માં સીમાંત ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૨૩૬ નો વધારો, નાના ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૮૩૬નો વધારો, અર્ધ-મધ્યમ ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૨૩૯નો વધારો, મધ્યમ ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૪૩નો ઘટાડો અને મોટા ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૩૭નો ઘટાડો નોંધાયેલ છે. એમ તમામ પ્રકારના કુલ ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૧,૨૩૧ નો વધારો નોંધાયેલ છે.

ડાંગ જિલ્લામાં એગ્રી સેન્સસ ૨૦૧૦-૧૧ની સરખામણીએ એગ્રી સેન્સસ ૨૦૧૫-૧૬માં સીમાંત ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૧૯૯નો ઘટાડો, નાના ખાતેદાર

ખેડૂતોની સંખ્યામાં ૩૭નો વધારો, અર્ધ-મધ્યમ ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૦૭ નો વધારો, મધ્યમ ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૧૧નો ઘટાડો અને મોટા ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૨૦નો ઘટાડો નોંધાયેલ છે. એમ તમામ પ્રકારના કુલ ખાતેદાર ખેડૂતોની સંખ્યામાં ૧૮૬નો ઘટાડો નોંધાયેલ છે.

(૩) ઉક્ત છેલ્લી એગ્રી સેન્સસની સરખામણીએ ઉક્ત જિલ્લાવાર ખેડૂતોની ઘટ થઇ હોય તો તેના મુખ્ય કારણો શાં છે ?

(૩) એગ્રી સેન્સસના સર્વેમાં વધ-ઘટના કારણો નોંધવામાં આવતા નથી, તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**કચ્છ જિલ્લામાં ગૌશાળા / પાંજરાપોળોને કાયમી સહાય**

૪૨૫૬૩ **શ્રીમતી સંતોકબેન આરેઠીયા** (રાપર) : **માનનીય ગૌસંવર્ધન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં આવેલ ગૌશાળાઓ અને પાંજરાપોળોને કાયમી સહાય આપવા અંગેની કેટલી રજૂઆતો સરકારને મળી, અને

(૧) ૨૫૫

(૨) ઉક્ત સ્થિતિએ મળેલ રજૂઆતો અન્વયે શી કાર્યવાહી કરી ?

(૨) ઉક્ત સ્થિતિએ મળેલ રજૂઆતો અન્વયે એપ્રિલ-૨૦૨૦ થી જાન્યુઆરી-૨૦૨૨ ના સમયગાળા દરમ્યાન કોવિડ-૧૯ વૈશ્વિક મહામારી અંતર્ગત રાજ્યની રજીસ્ટર્ડ પાંજરાપોળો તથા ગૌશાળાઓને પશુસહાય ચૂકવવાની યોજના હેઠળ કચ્છ જિલ્લામાં રૂ. ૬૨,૭૬,૩૭,૧૫૦/- ની ગ્રાંટ ફાળવણી કરવામાં આવી.

- - - - - - - - -

**ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં નોંધાયેલ ખેડૂત ખાતેદાર**

૪૨૬૫૨ **શ્રી વિમલભાઇ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં જિલ્લાવાર કયા પ્રકારના કેટલા ખેડૂત ખાતેદારો નોંધાયેલા છે,

(૧) ભારત સરકારશ્રી દ્વારા સમગ્ર દેશમાં દર પાંચ વર્ષે યોજવામાં આવતા ખેતી વિષયક ગણના (એગ્રી સેન્સસ)ના વર્ષ ૨૦૧૫-૧૬ની ગણના મુજબ નોંધાયેલ ખેડૂત ખાતેદાર નીચે મુજબ છે.

| **પ્રકાર** | **ખેડૂત ખાતેદારોની સંખ્યા** | |
|---|---|---|
| | **ગીર સોમનાથ** | **જૂનાગઢ** |
| સીમાંત | ૪૭,૪૯૮ | ૫૧,૯૪૮ |
| નાના | ૪૦,૮૩૪ | ૭૧,૯૪૩ |
| અર્ધ-મધ્યમ | ૧૮,૬૩૪ | ૪૧,૬૧૪ |
| મધ્યમ | ૫,૪૧૩ | ૧૫,૭૬૪ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લી એગ્રી સેન્સસ મુજબ કયા પ્રકારના કેટલા ખાતેદાર ખેડૂતોની વધઘટ થઇ, અને

(૨) જૂનાગઢ જિલ્લામાંથી ગીર સોમનાથ જિલ્લાની રચના વર્ષ ૨૦૧૩માં થયેલ હોવાથી, એગ્રી સેન્સસ ૨૦૧૫-૧૬માં ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં નોંધાયેલ ખાતેદાર ખેડૂતોની સરખામણી એગ્રી સેન્સસ ૨૦૧૦-૧૧ જૂનાગઢ જિલ્લામાં નોંધાયેલ ખાતેદાર ખેડૂતો સાથે કરી શકાય નહિ. આથી ખાતેદાર ખેડૂતોમાં થયેલ વધઘટ નોંધવા અંગે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩)ઉક્ત છેલ્લી એગ્રી સેન્સસની સરખામણીએ ઉક્ત

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

જિલ્લાવાર ખેડૂતોની ઘટ થઇ હોય તો તેના મુખ્ય કારણો શાં છે ?

- - - - - - - - -

**જામનગર અને ભાવનગર જિલ્લામાં કિસાન સહાય યોજના**

૪૨૬૩૭ **શ્રી ચિરાગભાઇ કાલરીયા** (જામજોધપુર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મુખ્યમંત્રી કિસાન સહાય યોજનામાં કેટલા દિવસ સતત વરસાદ ન પડે તો યોજનાનો લાભ મળવાપાત્ર થાય છે, | (૧) રાજ્યમાં ચોમાસુ શરૂ થાય ત્યાંથી ૩૧ ઓગસ્ટ સુધીના સમયગાળામાં જે તાલુકામાં તાલુકાના મહેસૂલી રેઇન ગેજ મુજબ બે વરસાદ વચ્ચે સતત ચાર અઠવાડીયા (૨૮ દિવસ) વરસાદ પડેલ ન હોય એટલે કે સતત શૂન્ય વરસાદ નોંધાયેલ હોય અને ઠરાવની અન્ય જોગવાઇઓ પરિપૂર્ણ થતી હોય તો આ યોજનાનો લાભ મળવાપાત્ર થાય. |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જામનગર અને ભાવનગર જિલ્લાના ક્યા તાલુકાને ઉક્ત લાભ મળવાપાત્ર થાય છે, | (૨) છેલ્લા બે વર્ષમાં જામનગર અને ભાવનગર જિલ્લામાં ઠરાવની જોગવાઇઓ પરિપૂર્ણ થતી ન હોઇ લાભ મળવાપાત્ર થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ તે અન્વયે ઉક્ત યોજના હેઠળ ઉક્ત ક્યા તાલુકાના કેટલા ખેડૂતોને ક્યા દરે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલા ખેડૂતોને કેટલી રકમ ચૂકવવાની બાકી છે, તેના કારણો શા છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં સરદાર આવાસ યોજના**

૪૨૭૦૦ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : **માનનીય ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર સરદાર આવાસ યોજનામાં કેટલા મકાનો મંજૂર કર્યા, તે પૈકી કેટલી રકમ ફાળવવામાં આવી, | (૧)<br>• વડોદરાઃ શૂન્ય મકાનો મંજૂર<br>• છોટાઉદેપુરઃ શૂન્ય મકાનો મંજૂર<br>• ફાળવેલ રકમઃ શૂન્ય |
| (૨) ઉક્ત સ્થિતિએ આ આવાસો બાંધવા કેન્દ્ર, રાજ્ય સરકાર અને લાભાર્થીઓનો કેટલો ફાળો નક્કી કરવામાં આવેલ છે, અને | (૨) સરદાર આવાસ યોજના-૨ના નવા આવાસના બાંધકામની યુનિટ કોસ્ટ રૂ. ૧,૦૦,૦૦૦/- સામે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૪૦,૦૦૦/- ની સહાય. |
| (૩) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલા આવાસો બાંધવામાં આવ્યા અને તે અંગેની કેટલી અરજીઓ પડતર છે ? | (૩) ખંડ-૧ મુજબ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**મુખ્યમંત્રી કિસાન સહાય યોજના માટે નાણાંકીય જોગવાઇ**

૪૨૬૬૧ **શ્રી વિરજીભાઇ ઠુમ્મર** (લાઠી) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં વર્ષવાર મુખ્યમંત્રી કિસાન સહાય યોજના માટે કેટલી નાણાકીય જોગવાઇ કરવામાં આવી, | (૧) વર્ષ ૨૦૨૦-૨૧માં રૂ. ૧૧૯૦.૦૯ કરોડની જોગવાઇ અને વર્ષ ૨૦૨૧-૨૨માં રૂ. ૧.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ. |
| (૨) ઉક્ત જોગવાઇમાંથી જાહેરાત પાછળ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) વર્ષ ૨૦૨૦-૨૧માં રૂ. ૨૪,૦૪,૯૮૭/- નો ખર્ચ થયેલ છે. જ્યારે વર્ષ ૨૦૨૧-૨૨માં કોઇ ખર્ચ થયેલ નથી. |
| (૩)ઉક્ત યોજના માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં વર્ષવાર કેન્દ્ર સરકાર તરફથી કેટલી રકમ મળી ? | (૩) યોજના સંપૂર્ણ રાજ્ય પુરસ્કૃત હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

તા. ૧૬મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

**દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં કિસાન સહાય યોજના**

૪૨૬૯૧ **શ્રી ભાવેશભાઇ કટારા** (ઝાલોદ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મુખ્યમંત્રી કિસાન સહાય યોજનામાં કેટલા દિવસ સતત વરસાદ ન પડે તો યોજનાનો લાભ મળવાપાત્ર થાય છે, | (૧) રાજ્યમાં ચોમાસુ શરૂ થાય ત્યાંથી ૩૧ ઓગસ્ટ સુધીના સમયગાળામાં જે તાલુકામાં તાલુકાના મહેસૂલી રેઈન ગેજ મુજબ બે વરસાદ વચ્ચે સતત ચાર અઠવાડીયા (૨૮ દિવસ) વરસાદ પડેલ ન હોય એટલે કે સતત શૂન્ય વરસાદ નોંધાયેલ હોય અને ઠરાવની અન્ય જોગવાઈઓ પરિપૂર્ણ થતી હોય તો આ યોજનાનો લાભ મળવાપાત્ર થાય. |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાહોદ અને છોટાઉદેપુર જિલ્લાના ક્યા તાલુકાને ઉક્ત લાભ મળવાપાત્ર થાય છે, | (૨) છેલ્લા બે વર્ષમાં દાહોદ અને છોટાઉદેપુર જિલ્લાના કોઈપણ તાલુકાને ઠરાવની જોગવાઈઓ મુજબ લાભ મળવાપાત્ર થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ તે અન્વયે ઉક્ત યોજના હેઠળ ઉક્ત ક્યા તાલુકાના કેટલા ખેડૂતોને ક્યા દરે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલા ખેડૂતોને કેટલી રકમ ચૂકવવાની બાકી છે, તેના કારણો શા છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**વિરમગામ, માંડલ અને દેત્રોજ તાલુકામાં બીપીએલ યાદીમાં સમાવેશની અરજીઓ**

૪૨૬૧૦ **શ્રી લાખાભાઇ ભરવાડ** (વિરમગામ) : **માનનીય ગ્રામવિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લાના વિરમગામ, માંડલ અને દેત્રોજ તાલુકામાં તાલુકાવાર કેટલા પરિવારોનો બીપીએલની યાદીમાં સમાવેશ કરવા અરજીઓ મળી,

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લાના વિરમગામ, માંડલ અને દેત્રોજ તાલુકામાં તાલુકાવાર નીચે મુજબ પરિવારોનો બીપીએલની યાદીમાં સમાવેશ કરવા અરજીઓ મળી.

| તાલુકો | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|
| વિરમગામ | ૦ |
| માંડલ | ૦ |
| દેત્રોજ | ૪ |

**પ્રશ્ન**

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર કરી બીપીએલ યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો,

**જવાબ**

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર નીચે મુજબ અરજીઓ મંજૂર કરી બીપીએલ યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો.

| તાલુકો | મંજૂર અરજીઓની સંખ્યા (૦ થી ૨૦નો સ્કોર) |
|---|---|
| વિરમગામ | ૦ |
| માંડલ | ૦ |
| દેત્રોજ | ૪ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી અરજીઓ નામંજૂર કરી અને કેટલી પડતર છે, અને | (૩) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર એકપણ અરજી નામંજૂર કે પડતર નથી. |
| (૪) પડતર અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

ફાલ્ગુન ૨૪, ૧૯૪૩ શાકે

અતારાંકિત પ્રશ્નો

**દાહોદ જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના**

૪૨૬૯૭ **શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા**(ગરબાડા) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાહોદ જિલ્લામાં તાલુકાવાર પ્રધાનમંત્રી આવાસ યોજના અન્વયે કેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર, તાલુકાવાર કેટલા આવાસોનું કામ પૂર્ણ થયું, અને

(૩) બાકી રહેલ આવાસોનું કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) મંજૂર કરવામાં આવેલ આવાસોની સંખ્યા.

| **તાલુકા** | **વર્ષ ૨૦૨૦-૨૧ તા.૩૧-૦૧-૨૦૨૧ અંતિત** | **વર્ષ ૨૦૨૧-૨૨ (તા.૩૧-૦૧-૨૦૨૨ની અંતિત)** |
|---|---|---|
| દાહોદ | ૨૭૪૦ | ૮૫૬ |
| દેવગઢ બારીયા | ૨૬ | ૧૦ |
| ધાનપુર | ૧૨૭૪ | ૩૬૧ |
| ફતેપુરા | ૪૫૫ | ૧૧૫ |
| ગરબાડા | ૮૧૮ | ૨૪૩ |
| ઝાલોદ | ૩૪૯ | ૯૯ |
| લીમખેડા | ૭૦૪ | ૧૮૩ |
| સંજેલી | ૫૩ | ૭ |
| સીંગવડ | ૪૯૦ | ૧૨૮ |

(૨) પૂર્ણ કરેલ આવાસોની સંખ્યા.

| **તાલુકા** | **વર્ષ ૨૦૨૦-૨૧ (તા.૩૧-૧-૨૦૨૧ અંતિત)** | **વર્ષ ૨૦૨૧-૨૨ (તા.૩૧-૧-૨૦૨૨ની અંતિત)** |
|---|---|---|
| દાહોદ | ૧૩૨૯ | ૩૬૫ |
| દેવગઢ બારીયા | ૩ | ૨ |
| ધાનપુર | ૫૭૮ | ૧૬૪ |
| ફતેપુરા | ૨૨૮ | ૪૮ |
| ગરબાડા | ૩૮૯ | ૧૦૩ |
| ઝાલોદ | ૧૫૫ | ૩૮ |
| લીમખેડા | ૨૩૬ | ૬૯ |
| સંજેલી | ૧૪ | ૦ |
| સીંગવડ | ૨૫૮ | ૭૧ |

(૩) બનતી ત્વરાએ.

- - - - - - - - -

**સાવરકુંડલા અને લીલીયા તાલુકામાં સરકારી જમીન પર દબાણ**

૪૨૧૮૭ **શ્રી પ્રતાપ દૂધાત** (સાવરકુંડલા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લાના સાવરકુંડલા અને લીલીયા તાલુકામાં સરકારી પડતર જગ્યા પર દબાણ થયા અંગેની કેટલી ફરિયાદો મળી,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી મળેલ ફરિયાદો અન્વયે ક્યારે શી કાર્યવાહી કરી અને કેટલી જમીનમાંથી દબાણ દૂર કરવામાં આવ્યા,

(૩) કેટલી ફરિયાદો પડતર છે, અને

(૪) ક્યાં સુધીમાં પડતર ફરિયાદોનો નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) સાવરકુંડલા-૬

લીલીયા-એક પણ નહીં.

(૨) ઉક્ત ફરિયાદો અન્વયે જમીન મહેસૂલ અધિનિયમની કલમ-૬૧ નીચે દબાણ કેસ દાખલ કરી હે.આરે.૬-૮૭-૯૮ ચો.મી. જમીનમાં દબાણ દૂર કરવા હુકમ કરવામાં આવેલ છે.

(૩) એક પણ નહીં.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

તા. ૧૬મી માર્ચ ૨૦૨૨

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

**માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)**

સામાન્ય વહીવટ વિભાગ, માહિતી અને પ્રસારણ વિભાગ, કાયદા વિભાગ

**માગણી ક્રમાંક- ૩૦**

**સામાન્ય વહીવટ વિભાગ**

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રી પરિષદને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રકમ રૂપિયા ૫,૯૮,૫૧,૦૦૦ /-ની માગણી ક્રમાંક- ૩૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૩૦ રજૂ કરવામાં આવી.**

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨ રજૂ કરવામાં આવી.

શ્રી ચિરાગભાઇ ર. કાલરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૩ રજૂ કરવામાં આવી.

શ્રી વિક્રમભાઇ અ. માડમ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૭ રજૂ કરવામાં આવી.

શ્રી અંબરીશભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૮ રજૂ કરવામાં આવી.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૯ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી નૌશાદ ભ. સોલંકી :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી કનુભાઇ મ. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૨ રજૂ કરવામાં આવી.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૩ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક- ૩૧**

**સામાન્ય વહીવટ વિભાગ**

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું ચૂંટણીને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રકમ રૂપિયા ૫,૫૭,૧૭,૮૫,૦૦૦ /-ની અને મૂડી ખર્ચ માટેની રકમ રૂપિયા ૯૨,૮૮,૦૦૦/- ની માગણી ક્રમાંક-૩૧ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૩૧ રજૂ કરવામાં આવી.**

શ્રી કાળાભાઇ ર. ડાભી :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૬ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રતાપ દુધાત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૮ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક-૩૩**

**સામાન્ય વહીવટ વિભાગ**

---

* પહેલા દિવસની માગણીઓ રજૂ કરવામાં આવી તે પહેલા નાણામંત્રીશ્રીએ સન ૨૦૨૨-૨૩ના વર્ષ માટેની અનુદાન માટેની બધી માગણીઓની ગુજરાત વિધાનસભાએ વિચારણા કરવા બાબતની રાજ્યપાલશ્રીની સિફારસ વાંચી સંભળાવી.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સામાન્ય વહીવટ વિભાગને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧,૨૪,૬૦,૭૦,૦૦૦/ - ની માગણી ક્રમાંક ૩૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૩૩ રજૂ કરવામાં આવી.**

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક - ૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૨૦ રજૂ કરવામાં આવી.

શ્રી લલીતભાઇ કગથરા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક - ૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી સુનિલભાઇ ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક - ૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક - ૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક - ૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૨૪ રજૂ કરવામાં આવી.

શ્રી ભગાભાઇ બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક - ૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૨૫ રજૂ કરવામાં આવી.

શ્રી નથાભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક - ૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૨૬ રજૂ કરવામાં આવી.

શ્રી વજેસિંગભાઇ પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક - ૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૨૮ રજૂ કરવામાં આવી.

શ્રી અજીતસિંહ ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક - ૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૨૯ રજૂ કરવામાં આવી.

શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક - ૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૩૦ રજૂ કરવામાં આવી.

શ્રી બળદેવજી ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક - ૩૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૩૧ રજૂ કરવામાં આવી.

શ્રી અમીત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક - ૩૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૩૨ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક - ૫૪**

**માહિતી અને પ્રસારણ વિભાગ**

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (માહિતી અને પ્રસારણ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું માહિતી અને પ્રચારને લગતી સેવા અંગેની માહિતી અને પ્રસારણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧,૪૦,૩૯,૦૭,૦૦૦/ - ની માગણી ક્રમાંક ૫૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૫૪ રજૂ કરવામાં આવી.**

શ્રી ભરતજી ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક - ૩૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૩૪ રજૂ કરવામાં આવી.

ડો.કીરીટકુમાર પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક - ૩૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૩૫ રજૂ કરવામાં આવી.

શ્રી બાબુભાઇ વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક - ૩૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૩૬ રજૂ કરવામાં આવી.

શ્રી ભીખાભાઇ જોષી : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક - ૩૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૩૭ રજૂ કરવામાં આવી.

શ્રી મહેશકુમાર પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક - ૩૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૩૯ રજૂ કરવામાં આવી.

શ્રી શીવાભાઇ ભુરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક - ૪૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૪૦ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તીભાઇ ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક - ૪૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૪૧ રજૂ કરવામાં આવી.

તા. ૧૬મી માર્ચ ૨૦૨૨

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

શ્રી પ્રવિણભાઇ મુસડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક-૪૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૫ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક-૬૦**

**કાયદા વિભાગ**

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (કાયદા અને ન્યાય મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ન્યાય તંત્રના વહીવટને લગતી સેવા અંગેની કાયદા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧૦,૭૪,૦૨,૪૮,૦૦૦/- ની માગણી ક્રમાંક ૬૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૬૦ રજૂ કરવામાં આવી.**

શ્રી લલીતભાઇ વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક-૪૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૬ રજૂ કરવામાં આવી.

શ્રી પુનાભાઇ ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક-૪૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૭ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેશકુમાર ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક-૪૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૮ રજૂ કરવામાં આવી.

શ્રી સંજયભાઇ સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક-૪૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૯ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક-૫૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫૧ રજૂ કરવામાં આવી.

શ્રી ચંદનજી ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક-૫૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫૨ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક-૫૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫૩ રજૂ કરવામાં આવી.

શ્રી અનંતકુમાર પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક-૫૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫૪ રજૂ કરવામાં આવી.

શ્રી હર્ષદભાઇ રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક-૫૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫૫ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનલાલ વાળા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક-૫૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫૬ રજૂ કરવામાં આવી.

શ્રી જશુભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક-૫૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫૭ રજૂ કરવામાં આવી.

**સન ૨૦૨૨-૨૦૨૩ના વર્ષના અંદાજપત્ર માટેના અનુદાનો અંગેની માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | **સામાન્ય વહીવટ વિભાગ**<br>**માગણી નં. ૩૦** | |
| *૧ | **૨૦૧૩- મંત્રી પરીષદ**<br>**૧૦૧- મંત્રી...પગાર**<br>**૦૧- મંત્રીઓ....સચિવો**<br>**રૂ. ૫,૯૮,૫૧,૦૦૦**<br>**અં.પ્ર.નં.૯,**<br>**પાના નં. ૧૮** | ૧૦૦ | મંત્રી પરીષદ દ્વારા વિરોધપક્ષોની રજૂઆતોને ગંભીરતાથી લેવાય તેવું કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હિંમતસિંહ પટેલ |
| ૨ | _ _"_ _ | ૧૦૦ | મંત્રી પરીષદ દ્વારા પ્રજાલક્ષી નિર્ણયો લેવામાં થતી વિસંગતતાઓને પરીણામે વારંવાર નિર્ણયો બદલાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લાખાભાઈ ભરવાડ |
| ૩ | _ _"_ _ | ૧૦૦ | મંત્રી પરીષદ કેન્દ્ર સરકાર પર આધારિત ન રહેતાં સ્વયં નિર્ણયો લે તેવું કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ચિરાગભાઈ કાલરીયા |
| *૪ | _ _"_ _ | ૧૦૦ | કોરોના કાળમાં મંત્રી પરીષદની જનસેવા અંગેની જવાબદારી નિષ્ઠાપૂર્વક બજાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અશ્વિનભાઈ કોટવાલ |
| *૫ | _ _"_ _ | ૧૦૦ | મંત્રી પરીષદ દ્વારા ઉતાવળે તૈયાર કરેલ કાયદાઓ નિરર્થક બનતા જાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પરેશ ધાનાણી |

| | | | | |
|---|---|---|---|---|
| *૬ | __"__ | ૧૦૦ | મંત્રી પરીષદ દ્વારા પ્રજા હિતમાં નીતિ વિષયક નિર્ણયો લેવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ઋત્વિકભાઈ મકવાણા |
| ૭ | __"__ | ૧૦૦ | મંત્રી પરીષદ દ્વારા દુર્ઘટના સમયે નીમાયેલ તપાસ પંચનો રિપોર્ટ સત્વરે જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિક્રમભાઈ માડમ |
| ૮ | __"__ | ૧૦૦ | ધારાસભ્યો દ્વારા મંત્રીઓને લખેલ પત્રોનું સમયસર નિરાકરણ લાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અંબરીશભાઈ ડેર |
| ૯ | **૨૦૧૩- મંત્રી પરીષદ**<br>**૧૦૧- મંત્રી...પગાર**<br>**૦૧- મંત્રીઓ....સચિવો**<br>**રૂ. ૫,૯૮,૫૧,૦૦૦**<br>**અં.પ્ર.નં.૯,**<br>**પાના નં. ૧૮** | ૧૦૦ | મંત્રી પરીષદના સભ્યો દ્વારા સમયાંતરે દરેક જિલ્લાના તાબાની કચેરીઓની ઓચિંતી મુલાકાત લઈ કામગીરીની તપાસ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી આનંદભાઈ ચૌધરી |
| ૧૦ | __"__ | ૧૦૦ | આમજનતાનો રોષ દૂર કરવામાં અને સમસ્યાઓનું નિરાકરણ લાવવામાં મંત્રી પરિષદની ઉદાસીનતા. | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (પુંજાભાઈ વંશ) |
| ૧૧ | __"__ | ૧૦૦ | કેન્દ્ર સરકાર સમક્ષ રાજ્યના પડતર પ્રશ્નો અને તેના ઉકેલ લાવવા માટે કરેલ પ્રયાસોની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નૌશાદ સોલંકી (નિરંજન પટેલ) |
| ૧૨ | __"__ | ૧૦૦ | નિષ્ફળ નિવડવા છતાં પાંચ વર્ષની ઉજવણીમાં થતો નાણાંનો વ્યય અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કનુભાઈ બારૈયા |
| ૧૩ | __"__ | ૧૦૦ | કોરોનાની મહામારીમાં વિરોધપક્ષનો સહકાર લઈ પ્રજાલક્ષી નિર્ણયો લેવામાં અને પ્રજાના પ્રશ્નો હલ કરવામાં તંત્રની નિષ્ફળતા. | ડો. સી. જે. ચાવડા |
| | | **માગણી નં. ૩૧** | | |
| ૧૪ | **૨૦૧૫- ચૂંટણી**<br>**૧૦૧- ચૂંટણી પંચ**<br>**૦૧- રાજ્ય ચૂંટણી પંચ**<br>**રૂ. ૧૧,૯૩,૩૨,૦૦૦**<br>**અં.પ્ર.નં. ૯**<br>**પાના નં. ૨૨ અને ૨૩** | ૧૦૦ | ચૂંટણીપંચની યોગ્ય કામગીરીના અભાવે આમજનતાનો વિશ્વાસ સંપાદન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાળાભાઈ ડાભી |
| ૧૫ | __"__ | ૧૦૦ | ચૂંટણીપંચની કામગીરીમાં થતો રાજકીય હસ્તક્ષેપ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિમલભાઈ ચુડાસમા |
| ૧૬ | __"__ | ૧૦૦ | વિરોધપક્ષ દ્વારા કરાયેલ ચૂંટણી સંબંધિત ફરિયાદોને ધ્યાને લેવામાં રખાતો ભેદભાવ દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી પુનમભાઈ પરમાર |
| ૧૭ | __"__ | ૧૦૦ | ચૂંટણી અધિકારીઓ દ્વારા વિરોધપક્ષની ફરિયાદો ધ્યાને લઈ મતદાન સમયે ત્વરીત યોગ્ય નિર્ણય લેવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી પ્રતાપ દુધાત |
| ૧૮ | **૨૦૧૫- ચૂંટણી**<br>**૧૦૮- મતદારોને...આપવા**<br>**૦૧- મતદારોને...આપવા**<br>**રૂ. ૮,૪૦,૦૦,૦૦૦**<br>**અં.પ્ર.નં. ૯**<br>**પાના નં. ૩૨** | ૧૦૦ | ચૂંટણીપંચ દ્વારા મતદારયાદી સુધારણા કાર્યક્રમની જાહેરાત બાદ નવા ઓળખપત્રો આપવાનો તથા જૂના ઓળખપત્રોનો સુધારણા કાર્યક્રમ સમયસર શરૂ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગુલાબસિંહ રાજપૂત |
| *૧૯ | **૨૦૧૫- ચૂંટણી**<br>**૧૦૮- મતદારોને...આપવા**<br>**૦૧- મતદારોને...આપવા**<br>**રૂ. ૮,૪૦,૦૦,૦૦૦**<br>**અં.પ્ર.નં. ૯**<br>**પાના નં. ૩૨** | ૧૦૦ | મતદારોને ખૂબ જ જૂના ઓળખપત્રોને સ્થાને બુથ ઉપર જ નવા ઓળખપત્રો આપવામાં આવે તેવી વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાંતિભાઈ સોઢાપરમાર |
| | | **માગણી નં. ૩૩** | | |
| ૨૦ | **૨૦૧૪- ન્યાયતંત્રનો વહીવટ**<br>**૧૧૬- રાજ્ય વહીવટી ટ્રિબ્યુનલ**<br>**રૂ. ૨,૩૭,૮૦,૦૦૦**<br>**અં.પ્ર.નં. ૯**<br>**પાના નં. ૨૦** | ૧૦૦ | રાજ્ય ટ્રિબ્યુનલમાં સ્ટાફની ઘટ નિવારી પડતર કેસોના સત્વરે નિકાલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૨૧ | **૨૦૫૨- સચિવાલય...સેવાઓ**<br>**૦૯૦- સચિવાલય** | ૧૦૦ | સરકારમાં અગત્યની ઉચ્ચ જગ્યાઓ પર નિવૃતિ બાદ પુન: નિમણૂક પામતા અધિકારીઓની જોહુકમી નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લલીતભાઈ કગથરા |

| | | | | |
|---|---|---|---|---|
| | **રૂ. ૭૨,૭૧,૫૮,૦૦૦**<br>**અં.પ્ર.નં. ૯**<br>**પાના નં. ૩૯ થી ૪૨** | | | |
| ૨૨ | __"__ | ૧૦૦ | વિભાગના પરિપત્ર હોવા છતાં વિપક્ષના નેતાના કાર્યાલયમાં મોકલાતી ટપાલો સેન્ટ્રલ રજીસ્ટ્રી મારફત ટીકીટનો ખર્ચ કરી મોકલાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સુનિલભાઈ ગામીત |
| ૨૩ | __"__ | ૧૦૦ | ધારાસભ્યોની ગ્રાન્ટ સમયસર ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિરજીભાઇ ઠુમ્મર (ઇન્દ્રજીતસિંહ પરમાર) |
| ૨૪ | __"__ | ૧૦૦ | સરકારી ભરતી પરીક્ષાઓના પેપરો લીક થવાથી વારંવાર પરીક્ષાઓ રદ થવાના કારણે ઉમેદવારોમાં ઉદ્ભવતો રોષ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| ૨૫ | __"__ | ૧૦૦ | સરકારી ભરતી પરીક્ષાઓના પેપરો લીક કરવા માટે જવાબદારો સામે તાકીદે પગલા ભરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભગાભાઇ બારડ |
| ૨૬ | __"__ | ૧૦૦ | આઇ.એ.એસ. અધિકારીઓની ટૂંકા ગાળામાં થતી વારંવાર બદલીઓને કારણે વહીવટ પર પડતી ગંભીર અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નથાભાઇ પટેલ |
| *૨૭ | __"__ | ૧૦૦ | નિવૃત્તિ બાદ અધિકારીઓ/કર્મચારીઓને પુન:નિમણૂક આપવાને બદલે નવી ભરતી કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી જશપાલસિંહ પઢિયાર |
| ૨૮ | __"__ | ૧૦૦ | નિવૃત્તિ પછી પુન: નિમણૂકો અપાતા યુવા અધિકારીઓને બઢતીમાં થતો અન્યાય નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વજેસિંગભાઇ પણદા |
| ૨૯ | **૨૦૫૨- સચિવાલય...સેવાઓ**<br>**૦૯૦- સચિવાલય**<br>**રૂ. ૭૨,૭૧,૫૮,૦૦૦**<br>**અં.પ્ર.નં. ૯**<br>**પાના નં. ૩૯ થી ૪૨** | ૧૦૦ | વિભાગની કામગીરીને સંગીન બનાવવા માટે વિભાગના ઠરાવો/પરિપત્રનો કડકાઇથી અમલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અજીતસિંહ ચૌહાણ |
| ૩૦ | __"__ | ૧૦૦ | પછાત જિલ્લાઓમાં નર્મદા અને દાહોદ જીલ્લાઓનો સમાવેશ થયા પછી પણ તેનું પછાતપણું દૂર કરવા માટે જરૂરી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા |
| ૩૧ | __"__ | ૧૦૦ | છેલ્લા અઢી વર્ષથી નોકરીના ભરતી કેલેન્ડરનો યોગ્ય અમલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બળદેવજી ઠાકોર |
| ૩૨ | __"__ | ૧૦૦ | સરકારી કાર્યક્રમોમાં વિપક્ષના ધારાસભ્યોનું પ્રોટોકોલ અનુસાર સન્માન જાળવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમીત ચાવડા |
| | | | **માહિતી અને પ્રસારણ વિભાગ**<br>**માંગણી નં. ૫૪** | |
| *૩૩ | **૨૨૨૦- માહિતી અને પ્રચાર**<br>**૦૧- ચલચિત્રો**<br>**૦૦૧- નિર્દેશ અને વહીવટ**<br>**૦૧- માહિતી નિયામકની કચેરી**<br>**રૂ.૨૮,૯૪,૭૦,૦૦૦**<br>**અં.પ્ર.નં.૧૪**<br>**પાના નં. ૧૫ અને ૧૬** | ૧૦૦ | દિવાળી અંકો છપાવવા પાછળ થતો બિનજરૂરી ખર્ચ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહમદજાવીદ પીરઝાદા |
| ૩૪ | __"__ | ૧૦૦ | છેલ્લા બે વર્ષમાં જીલ્લાવાર માહિતી પ્રચાર માટે નિર્માણ પામેલ ચલચિત્રો અને તે માટે થયેલ ખર્ચની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભરતજી ઠાકોર |
| ૩૫ | __"__ | ૧૦૦ | વિરોધપક્ષો દ્વારા જાહેર કરાતી સાચી અને અસરકારક માહિતી પ્રસિધ્ધિ કરવામાં તંત્રની નિષ્ફળતા. | ડો.કીરીટકુમાર પટેલ |
| ૩૬ | __"__ | ૧૦૦ | કોવિડ-૧૯ની મહામારીને કારણે ગુજરાતી ચલચિત્ર ઉદ્યોગ પર પડેલ માઠી અસરને કારણે તેના પર અવલંબિત રોજગારોને સહાય આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બાબુભાઇ વાજા |
| ૩૭ | __"__ | ૧૦૦ | વિધાનસભાની કાર્યવાહી દરમિયાન વિપક્ષ દ્વારા રજૂ થયેલ અસરકારક પ્રશ્નોત્તરીને બદલે સામાન્ય માહિતી છપાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભીખાભાઇ જોષી |
| *૩૮ | **૨૨૨૦- માહિતી અને પ્રચાર** | ૧૦૦ | ટી.વી. અને અખબારોમાં જાહેરાતો પાછળ છેલ્લા બે વર્ષમાં થયેલ | શ્રી રઘુભાઇ દેસાઇ |

| | | | | |
|---|---|---|---|---|
| | **૦૧- ચલચિત્રો**<br>**૦૦૧- નિર્દેશ અને વહીવટ**<br>**૦૨- PUB(1) પ્રચાર...ઉપયોગ**<br>**રૂ.૯૬,૪૫,૫૨,૦૦૦**<br>**અં.પ્ર.નં.૧૪**<br>**પાના નં. ૧૫ થી ૧૭** | | ખર્ચની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૩૯ | _ _ " _ _ | ૧૦૦ | જાહેરાતો માટેના પોસ્ટરો-પુસ્તીકાઓ અને ચોપાનીઆઓ પાછળ થતો બેફામ ખર્ચ રોકવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહેશકુમાર પટેલ |
| ૪૦ | _ _ " _ _ | ૧૦૦ | જિલ્લાની માહિતી નિયામકની કચેરીઓની કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શીવાભાઇ ભુરીયા |
| ૪૧ | _ _ " _ _ | ૧૦૦ | રાજ્ય બહાર વસતા રાજ્યના નાગરિકોને રાજ્યની બહુહેતુક વિવિધ યોજનાઓની માહિતી પુસ્તિકાઓની (ગુજરાતી-અંગ્રેજી) કેટ કેટલી નકલો મોકલાઇ અને તે માટે થયેલ ખર્ચની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તીભાઇ ખરાડી |
| *૪૨ | _ _ " _ _ | ૧૦૦ | કોરોનાની મહામારી વખતે નિયમોમાં વારંવાર બદલાવ કરી એકતરફી ફાયદાકારક નીતિ અપનાવવાને બદલે પ્રજાને હિતકારક માહિતીઓ પ્રસિધ્ધ કરવામાં તંત્રની નિષ્ફળતા. | ગેનીબેન ઠાકોર |
| *૪૩ | _ _ " _ _ | ૧૦૦ | વિરોધપક્ષ દ્વારા તૈયાર કરેલ પ્રેસયાદીની પ્રસિધ્ધિ કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ઇમરાન ખેડાવાલા |
| *૪૪ | _ _ " _ _ | ૧૦૦ | માન્ય પત્રકારોને વિમા કવચ આપવામાં તેમજ કુદરતી અથવા આકસ્મિક ઘટના સમયે પત્રકારોને ચૂકવાતી સહાયની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગ્યાસુદ્દીન શેખ |
| ૪૫ | _ _ " _ _ | ૧૦૦ | માહિતી નિયામકની કચેરીમાં નિષ્ણાત અને અનુભવી અધિકારીઓની નિમણૂક કરીને કચેરીનો વહીવટ સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રવિણભાઇ મુસડીયા |
| | | **કાયદા વિભાગ**<br>**માગણી નં ૬૦** | | |
| ૪૬ | **૨૦૧૪- ન્યાયતંત્રનો વહીવટ**<br>**૧૦૩- ખાસ કોર્ટો**<br>**૦૧- એન.ડી.પી.સી....કોર્ટ**<br>**રૂ. ૬૩,૮૦,૦૦૦**<br>**અં.પ્ર.નં.૧૬**<br>**પાના નં. ૧૧** | ૧૦૦ | નાર્કોટિક્સ કેસોની સંખ્યા અને તે પૈકીના નિકાલ કરેલ કેસોની સંખ્યાની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લલીત વસોયા |
| ૪૭ | **૨૦૧૪- ન્યાયતંત્રનો વહીવટ**<br>**૧૦૫- સીવીલ....કોર્ટ**<br>**૦૧- જિલ્લા....જજ**<br>**રૂ. ૨,૯૩,૩૫,૫૭,૦૦૦**<br>**અં.પ્ર.નં.૧૬**<br>**પાના નં. ૧૨ અને ૧૩** | ૧૦૦ | સિવિલ અને સેશન્સ કોર્ટમાં જજોની ઘટ નિવારી કેસોનો સમયસર નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનાભાઇ ગામીત |
| ૪૮ | _ _ " _ _ | ૧૦૦ | કોર્ટોમાં લાંબા સમયથી પડતર કેસોનો સત્વરે નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેશકુમાર ગોહિલ |
| ૪૯ | _ _ " _ _ | ૧૦૦ | કોર્ટોમાં યોગ્ય નિશ્ચિત મુદ્દતોમાં કેસોનો નિકાલ કરવાની મર્યાદાઓ નક્કી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સંજયભાઇ સોલંકી |
| *૫૦ | _ _ " _ _ | ૧૦૦ | સિવિલ અને સેશન્સ કોર્ટોના વકીલોને જે તે કોર્ટોમાં સ્થાયી બેઠકોની વ્યવસ્થા ઉભી કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી પ્રેમસિંહભાઇ વસાવા |
| ૫૧ | **૨૦૧૪- ન્યાયતંત્રનો વહીવટ** | ૧૦૦ | રાજ્યમાં કાર્યરત ફાસ્ટ ટ્રેક કોર્ટસનું મહેકમ અને તેના વાર્ષિક ખર્ચની | શ્રી કાન્તિભાઇ પરમાર |

| | | | | |
|---|---|---|---|---|
| | **૧૦૫- સીવીલ....કોર્ટ**<br>**૧૨- ફાસ્ટ ટ્રેક કોર્ટસ**<br>**રૂ.૬,૫૦,૦૦,૦૦૦**<br>**અં.પ્ર.નં.૧૬**<br>**પાના નં. ૨૩** | | વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૫૨ | **૨૦૧૪- ન્યાયતંત્રનો વહીવટ**<br>**૧૦૮- ફોજદારી કોર્ટ**<br>**૦૧- અદાલતી મેજીસ્ટ્રેટ**<br>**રૂ. ૩૩,૨૮,૧૯,૦૦૦**<br>**અં.પ્ર.નં.૧૬**<br>**પાના નં. ૨૬ અને ૨૭** | ૧૦૦ | ફોજદારી કોર્ટોના જજોને કોર્ટોમાં જરૂરી સુવિધાઓ તેમજ સારા નિવાસસ્થાનો ફાળવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ચંદનજી ઠાકોર |
| ૫૩ | _ _ " _ _ | ૧૦૦ | લોક અદાલતો યોજી ફોજદારી કોર્ટોના પડતર કેસોનો ઝડપી નિકાલ કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૫૪ | **૨૦૧૪- ન્યાયતંત્રનો વહીવટ**<br>**૧૧૪- કાનુની...ધારાશાસ્ત્રીઓ**<br>**૦૧- કાયદા અધિકારીઓ**<br>**રૂ. ૧,૫૫,૫૯,૪૨,૦૦૦**<br>**અં.પ્ર.નં.૧૬**<br>**પાના નં. ૨૯ અને ૩૦** | ૧૦૦ | કાનૂની સલાહકારોમાં નિષ્ણાત અનુભવી વ્યક્તિઓની નિમણૂંકોના અભાવે પડતી મુશ્કેલીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અનંતકુમાર પટેલ |
| ૫૫ | _ _ " _ _ | ૧૦૦ | અનુભવી કાનુની સલાહકારો અને નિષ્ણાંત ધારાશાસ્ત્રીઓના અભાવે કરોડો રૂપિયાનો ખર્ચ કરવા છતાં કેસો હારી જવાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હર્ષદકુમાર રીબડીયા |
| ૫૬ | **૨૦૧૪- ન્યાયતંત્રનો વહીવટ**<br>**૧૧૪- કાનુની...ધારાશાસ્ત્રીઓ**<br>**૦૧- કાયદા અધિકારીઓ**<br>**રૂ. ૧,૫૫,૫૯,૪૨,૦૦૦**<br>**અં.પ્ર.નં.૧૬**<br>**પાના નં. ૨૯ અને ૩૦** | ૧૦૦ | મહત્તવના ગંભીર કેસોમાં સરકારી વકીલો અસલ દસ્તાવેજો કોર્ટોમાં સમયસર રજૂ કરી શકતા નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનલાલ વાળા |
| ૫૭ | _ _ " _ _ | ૧૦૦ | આસી. સરકારી વકીલો કોર્ટમાં સમયસર હાજર નહી રહેતાં હોવાની ફરિયાદો સામે તાકીદે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જશુભાઇ પટેલ |

* આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થયેલ નથી.

અધ્યક્ષશ્રી : હવે માગણીઓ અને રજૂ થયેલી કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા (વિરોધપક્ષના નેતાશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે સામાન્ય વહીવટ વિભાગ, કાયદા વિભાગ અને માહિતી અને પ્રસારણ વિભાગની માગણીઓ લઇને માનનીય મંત્રીશ્રી ઉપસ્થિત થયા છે ત્યારે આ માગણીઓ ઉપર મારા અવલોકનો અને કેટલાંક સૂચનો રજૂ કરવા ઉભો થયો છું.

સામાન્ય વહીવટ વિભાગ એ સરકારનું હાર્ટ છે અને સરકારના હાર્ટમાં લાંબા સમયથી ઘણી બધી જગ્યાઓ ભરવાની બાકી છે અને શા માટે ભરવામાં આવતી નથી એ વિચારવાનો વિષય છે. જે મંજૂર થયેલ જગ્યાઓ છે, એની વાત કરીએ તો તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ સરકારે જે આંકડા રજૂ કરેલા છે એ આપની સમક્ષ રજૂ કરું છું. મંજૂર મહેકમ વર્ગ-૩ની ૧,૫૪૬ છે, જયારે ભરાયેલ જગ્યાઓ ૬૮૧ એમાં ૨૩૮ જેટલી જગ્યાઓ ભરવાની બાકી છે.એ જ રીતે સેકશન અધિકારી વર્ગ-૨ની ૪૨૮ જગ્યાઓ ભરાયેલી છે અને ૧૦૭ જગ્યાઓ ખાલી છે. મૂલ્કી સચિવાલય ઉપ સચિવની ૧૮૬ જગ્યાઓ મંજૂર થયેલ છે, એમાં ૯૩ ભરાયેલી છે અને ૯૩ જગ્યાઓ ખાલી છે. જયારે સેકશન અધિકારી વર્ગ-૨ની ૩૪ જગ્યાઓ ભરાયેલી છે ને ૬૫ જગ્યાઓ ભરવાની બાકી છે. ઉપસચિવ વર્ગની ૧૪ જગ્યા ભરાયેલી છે અને ૧૬ જગ્યાઓ ખાલી છે. આમાં અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિની જગ્યાઓ ભરવાની બાકી છે એ આપણો કેવો વહીવટ કરીએ છીએ એના ઉપરથી ખ્યાલ આવે છે. આ વિભાગમાં એસ.સી., એસ.ટી. અને બક્ષી પંચની કેટલી જગ્યાઓ ભરવાની થાય છે, કેટલીક પ્રમોશનથી ભરવાની થાય છે એ હજુ સરકાર ભરી શકી નથી અથવા તો પ્રમોશન આપ્યા નથી. એના કારણે વહીવટમાં આડખીલીરૂપ થઇ રહ્યું છે એમ કહી શકાય. આપણે નવી નિમણૂક વર્ગ-૧ અને વર્ગ-૨ની કરીએ છીએ એમને સીધા જ જિલ્લા કક્ષાની કચેરીમાં મૂકી દઇએ છીએ. આ નવા અધિકારી કર્મચારીઓને ટ્રેનિંગ આપવા માટે આપણી પાસે સ્પીપા નામની સંસ્થા આવેલ છે ત્યાં પહેલા તાલીમ આપવી જોઇએ અને એ આપ્યા પછી જ આ અધિકારીઓને જિલ્લા કક્ષાએ મૂકવા જોઇએ તો જ વહીવટ અને અને એની કાગીરીની ગુણવત્તા સુધરશે. એટલે હાલ જે પરિસ્થિતિનું નિર્માણ થયું છે એનું નિવારણ કરવું જોઇએ. મને ચોક્કસ ખબર છે કે આ માટે સરકાર પ્રયત્ન કરશે.

લાંબા સમયથી દેખાતું આવ્યું છે કે આ સચિવાલયમાં એડહોક ધોરણે કર્મચારીઓને ભરવામાં આવે છે. એ કર્મચારીઓને ફરી પાછા બીજા વર્ષે રીન્યુ કરીએ છીએ એના લીધે નીચેના કર્મચારી છે એને પ્રમોશન આપી શકતા નથી. આ

બાબતને સરકાર વિચારણામાં લઈને જયારે પ્રમોશન આપવાના થતા હોય અથવા રિવ્યુ કમિટી મળતી નથી એના કારણે વહીવટીમાં થોડીક અગવડતા ઉભી થઇ છે એ દૂર કરવી જોઇએ.

નામદાર કોર્ટોની વાત કરીએ તો સિવિલ કોર્ટોમાં કેસોનો ભરાવો જબરજસ્ત થયો છે એનું મૂલ્યાંકન કાયદા વિભાગે કરવું જોઇએ. નામદાર કોર્ટોના જજોના પરવ્યુમાં આવે છે તેમ છતાં નાના માણસોને ન્યાય મળવો જોઇએ એ અપાવવો હોય તો આપણે લોક અદાલતો ભરવી જોઇએ અને એના દ્વારા પડતર કેસોનો નિકાલ કરવો જોઇએ. જેથી નાના અને ગરીબ માણસોને ન્યાય મળે. આ કેસોનું ભારણ દૂર કરવા માટે લોક અદાલતો એ સારું હથિયાર છે એમ કહેવું જરાય ખોટું નથી.

માનનીય ધારાસભ્યશ્રીઓના પ્રશ્નો અલગ અલગ વિભાગમાં જતા હોય છે એના જવાબોના પત્રો મળે છે. એમાં કહેવામાં આવે છે કે અધિકારીને સૂચના આપવામાં આવી છે એટલે હવે પછી સંપર્ક ત્યાં કરવો. આ પ્રકારનો જવાબ મળતો હોય છે.પરંતુ કેટલીક ફરિયાદોમાં ધારાસભ્યોને જવાબ મળવા જોઇએ એ મળતા નથી. તે જવાબ મળતો નથી. લાંબો ગાળો જવા છતાં, કેટલીક વખત મંત્રીઓ બદલાઇ જવા છતાં પણ તેના જવાબો મળતા નથી. આ બાબતમાં સરકારે વિચારણા કરીને તેનો નક્કર પ્રત્યુત્તર ધારાસભ્યને મળે એવી અપેક્ષા રાખું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આયોજનમાં ધારાસભ્યોને જે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે તેની ગાઇડલાઇન હોય છે. એ ગાઇડલાઇનના કારણે વધુ રકમના કામો લઇ શકાતા નથી. મને અનુભવે એવું જણાયું છે કે કેટલીક પંચાયતોમાં ૮૦-૨૦ના ધોરણે કામો લેવાનાં થાય છે. ઘણી બધી પંચાયતોમાં ૨૦ ટકા રકમ ભરવાની સગવડતા હોતી નથી. એ ૨૦ ટકા રકમ ધારાસભ્ય જો અનુદાન અથવા તો એમ.પી. ફંડનું અનુદાન જોઇન્ટ કરવામાં આવે તો વિકાસનાં કામો થઇ શકે તેમ છે. આ જે બાબત છે એ સામુહિક રીતે વિચારીને સરકારે સારો પ્રતિભાવ આપવો જોઇએ એવું મારું માનવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ. ભરતીઓ થાય છે. વારેઘડીએ પેપર લીક થાય. પેપર લીક થયા પછી પગલાં લેવામાં સરકાર નિષ્ફળ ગઇ છે એમ કહીએ તો ખોટું નહીં. શાં માટે પગલાં લેવામાં આવતાં નથી? લોકાયુક્તની આપણે વાતો કરી. ગુજરાત સરકારમાં લાંબા સમયથી લોકાયુક્તની નિમણૂક પડતર છે. તમે કયા અધિકારીની ખોજમાં છો? કોઇ સારા રિટાયર્ડ જજ, સારું કામ કરતાં હોય તો તેની નિમણૂક થવી જોઇએ. જે કેસોનો ભરાવો ત્યાં થયો છે એ કેસોનો નિકાલ થાય. હું ચોક્કસ એવું માનું છું કે ભારત સરકારની સ્પષ્ટ ગાઇડલાઇન હોવા છતાં આ લોકાયુક્તને આપણે ભરી શક્યા નથી. સરકાર કેટલા દિવસમાં તેને ભરવા માગે છે એ આપની પાસેથી ચોક્કસ જાણવું છે?

માનનીય અધ્યક્ષશ્રી, માહિતી અને પ્રસારણમાં જે ફિલ્મો બતાવવામાં આવે છે, પુસ્તિકાઓ છાપવામાં આવે છે, સરકારની યોજનાઓની વાહવાહી થાય એ બરાબર છે પણ તેનું સાહિત્ય જે રીતના છપાવવામાં આવે છે, સાચું કહું તો ખોટું નહીં લગાડતા. તેનું ભગવાકરણ થઇ રહ્યું છે. શા માટે તમારા પક્ષનો ભગવો કલર તેમાં લગાવવામાં આવે છે? સરકાર તેના માટે પણ થોડી ગાઇડલાઇન નક્કી કરે. તમે વાહ વાહ કરો તેનો અમને વાંધો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, સરકાર પાસે અમે ચોક્કસ અપેક્ષા રાખીએ છીએ કે આ ખાલી પડેલી જગ્યાઓ છે એ જગ્યા સુપેરે ઝડપથી ભરાય અને જગ્યા ભરાયા પછી કામોનો નિકાલ થાય. સરકારમાં આપણે જે બઢતી આપીએ છીએ એ બઢતી માટેની કમિટી હોય છે. એ કમિટીઓ નહીં મળવાના કારણે ઘણા બધા કર્મચારીઓને પ્રમોશન મળતું નથી. સરકાર આ બાબતે ચોક્કસ વિચારણા કરીને કમિટી વહેલી થાય અને મેં પહેલાં કહ્યું તેમ જે નવી નિમણૂકો આપીએ છીએ એ નવી નિમણૂક આપતા કર્મચારીને સ્પીપામાં ફરજીયાત તાલીમ આપવામાં આવે એની વ્યવસ્થા સરકારે કરવી જોઇએ અને આદિવાસી હોવાના નાતે આદિવાસીઓને, અનુસૂચિત જાતિને, બક્ષી પંચના કર્મચારીઓને યેનકેન પ્રકારે, ઘણી વખત કોઇ ખોટી અરજી થઇ હોય તેની તપાસ કર્યા વગર તેના પ્રમોશનો અટકી રહે છે. એ બાબતમાં સરકાર ચોક્કસ નિર્ણય લે એવું મારું સૂચન છે.

શ્રી આત્મારામ પરમાર(ગઢડા) : માનનીય અધ્યક્ષશ્રી, ૧૪મી વિધાનસભાનું આ છેલ્લું બજેટ સત્ર છે. આ બજેટ સત્રમાં ન્યાયતંત્રનો વહીવટ વિભાગ અંગે જે માગણીઓ રજૂ થઇ છે તે અંગે હું મારા વિચારો વ્યક્ત કરું છું. કોઇપણ દેશ કે રાજય હોય તો એનું સુશાસન જરૂરી છે અને રાજયના કે દેશના વિકાસ માટે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિનું શાસન પણ જરૂરી છે અને એની સાથે સાથે સુખ, શાંતિ અને સમૃદ્ધિ જોઇતી હોય તો કાયદો અને ન્યાયતંત્રનું સુપેરે સંચાલન થાય એ પણ જરૂરી છે. ભારત જેવા સૌથી મોટા લોકશાહી દેશમાં બંધારણીય રીતે દેશનું અને રાજયનું શાસન થાય એવા પ્રયત્નો આજે સમગ્ર દેશમાં થઇ રહ્યા છે ત્યારે ન્યાય તંત્રની વાત કરીએ તો એક એવી છાપ છે કે ''જે ચડયા કોર્ટ દરબાર , તેના ગયા ઘરબાર'' એક એવી કહેવત છે. કોર્ટમાં સમય, શકિત અને નાણાનો સૌથી વધારે વ્યય અગાઉ થતો હતો, એ કોર્ટના પ્રોસીડિંગ અને નિર્ણયોમાં થતો હતો. હું એટલું કહી શકું કે અત્યારની સરકાર જ્યુડીશિયરીમાં ફાસ્ટ ટ્રેક ઉપર છે. એમ તો ઘણી ફાસ્ટ ટ્રેક અદાલતો આપણે બનાવી છે, પણ સમગ્ર ન્યાયતંત્રને હું ફાસ્ટટ્રેકમાં છે એ એટલા માટે કહી શકું કે હમણાંજ આપણી સામે ૩-૪ ચૂકાદાઓ એવા આવ્યા. એક સુરતમાં ઇચ્છાપુર પોલીસ સ્ટેશનમાં અને પાંડેસરા પોલીસ સ્ટેશનમાં જયાં બળાત્કાર અને હત્યાના બનાવો બન્યા હતા, હું ન્યાયતંત્રને અભિનંદન એટલા માટે આપું છું કે આ કેસોમાં ૧૦ દિવસની અંદર ચુકાદો આપીને આરોપીઓને ફાંસીની સજા સુધી લઇ જવાનું કામ ન્યાયતંત્રની અને ગૃહવિભાગની સક્રિયતાને લીધે થયું છે. એમ તો સામાન્ય રીતે આપણે કહી શકીએ કે ગૃહ અને ન્યાયતંત્ર એ ન્યાય આપવા માટેના આ બે પૈડાઓ છે અને એ બંન્નેનો તાલમેલ જરૂરી છે. ન્યાય તંત્રને ન્યાય આપવો હોય પણ એની સાથે જરૂરી ચાર્જશીટ, જરૂરી પુરાવાઓ ફોરેન્સિક લેબના

રિપોર્ટો આ બધાનું જો વ્યવસ્થિત પ્લાનિંગ થઇ શકયું હોય તો આપણે ન્યાય આપી શકીએ છીએ. આવો જ એક બીજો લીંબાયત પોલીસ સ્ટેશનનો પણ કેસ હતો, જેમાં માતા અને દીકરી એમ બેવડી હત્યાના ગુનામાં પણ આપણે ત્વરિત ન્યાય આપી શકયા છીએ અને જેમણે સમગ્ર ગુજરાતમાં હમણા ચકચાર જગાવ્યો એવા કામરેજ પોલીસ સ્ટેશનના ગ્રીષ્મા હત્યા કેસમાં પણ છ દિવસમાં ચાર્જશીટ રજૂ થઇ અને સાતમા દિવસે એ કેસની સુનાવણીઓ શરૂ થઇ. આ દાખલો એટલા માટે આપું છું કે ગુજરાતની આ સરકારનો વહીવટ જે રીતે ઝડપી ન્યાય આપવાની પદ્ધતિ ઉપર ચાલી રહ્યો છે, જેનાથી લોકોને વિશ્વાસ ઉભો થયો કે આ રાજયમાં ગુનેગારોને લાંબા સમય સુધી કાયદાની પક્કડમાંથી બહાર રાખી શકવાની શકયતાઓ ઓછી છે અને એટલા માટે આજે ગુનાખોરી અને ગુનેગારો ડરે છે. મારે બીજી પણ એક વાત કરવી છે કે પહેલા એક કહેવત હતી કે ડીલે ઇન જસ્ટીસ, ન્યાયમાં વિલંબ એ પણ લોકોને માટે ખૂબ મોટો અને ખર્ચાળ વિષય હતો, કારણ કે કોર્ટ કચેરીઓમાં જવું અને ઠરાવો પાસ કરે, કોઇ વાર સાક્ષી આવે, કોઇવાર સાક્ષી ન આવે, કોઇવાર ઉલટ તપાસ થાય, કોઇ વાર ઉલટ તપાસ બાકી રહે, કોઇ વખત વકીલ માંદા પડે, કોઇ વાર જ્યુડિશિયરીના પ્રશ્નો હોય આ બધા કારણોને લીધે ન્યાયતંત્ર ઉપર લોકોનો એક અવિશ્વાસ ઉભો થયો. હું રાજયના મુખ્યમંત્રીશ્રી અને કાયદો અને ન્યાયતંત્રના મંત્રીશ્રીને અભિનંદન આપું છું કે સતત આવા કેસોમાં ઝડપી ન્યાય થાય એ માટેની મહેનત અને તૈયારીઓ એ કરતા રહે છે. મારે બીજી વાત એ કરવી છે કે જ્યુડિશિયરીના વિભાગો એટલા બધા મજબૂત રાખવા પડે, એને જોઇતાં સાધનોની સુવિધા, એને જોઇતી કોર્ટ બિલ્ડિંગો. આજે મોટાભાગના તમામ તાલુકાઓમાં કોર્ટ અસ્તિત્વમાં છે ત્યારે કોર્ટ બિલ્ડિંગો, એના માટેના જ્યુડિશિયરી ઓફિસરોની નિમણૂકો, એના માટેના પબ્લિક પ્રોસિક્યુટરોની નિમણૂકો, સરકારી નિમણૂકો, આ બધી નિમણૂકો સતત કર્યે જ રાખવી પડે. કોઇ જગ્યાએ જગ્યા ખાલી ન રહે અને એ જગ્યાઓ ભરીને ઝડપથી ન્યાય મળે અને ગુનેગારોને સજા થાય એ પ્રકારના પ્રયત્નો આપણી સરકાર કરી રહી છે ત્યારે હું એમને અભિનંદન પણ આપું છું. એક જ વાત કરીને મારું પ્રવચન પૂરું કરીશ. હું આ સરકારનો આભાર એટલા માટે માનું છું કે આ વકીલાતનો વ્યવસાય છે એ આકાશી રોજી જેવો છે. કોર્ટમાં ટેબલ પર બેસી રહે અને કોઇ આવ્યું તો ઠીક. એવા સંજોગોમાં જે મધ્યમ કક્ષાના વકીલો છે, જેની આવકની મર્યાદા ઓછી છે એવા વકીલોને ઘણીવાર પોતાના પરિવારનું ગુજરાત ચલાવવાની મુશ્કેલી પડે છે. એના નિધન બાદ પણ કેટલીક સમસ્યાઓ ઉભી થાય છે ત્યારે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની વિનંતીને માન આપીને ૬ કરોડ જેવી માતબર રકમ આ ગુજરાત સરકારે બાર કાઉન્સિલને આપી છે ત્યારે હું આ સરકારને પણ અભિનંદન પાઠવું છું અને એની સાથે એક નવી પહેલ ગુજરાત હાઇકોર્ટે જસ્ટિસ ક્લોક નામની કરી છે. જ્યુડિશિયરી ઓન લાઇન તમારા કેસ કયા તબક્કે છે, કયા દિવસે સાક્ષીઓ તપાસવાના છે આ બધી વિસ્તૃત માહિતીઓ ઓન ક્લિક આપણે મેળવી શકીએ. જસ્ટિસ ક્લોક નામની સિસ્ટમ આપણે કારગીલ ચોક આગળ કરી છે. સમગ્ર દેશમાં આ કદાચ પ્રથમ છે. એટલા માટે આ સરકાર અને એના ન્યાયતંત્રને હું ફરીથી અભિનંદન પાઠવું છું અને ગૃહ અને ન્યાયતંત્ર એક રથના બે પૈડા છે અને એનું સતત સંતુલન જળવાઇ રહેશે તો આવતા સમયમાં ગુજરાતમાં ગુનેગારો સજાથી બચી શકશે નહીં અને જે રીતે વહીવટી તંત્ર અને ન્યાયતંત્રના અધિકારીઓ અને સરકારી તંત્ર જે રીતે સરકારને મદદરૂપ થઇ રહ્યા છે, એ સંજોગોમાં આવનારા દિવસોમાં ગુનેગારો ગુજરાતમાંથી દૂર ચાલ્યા જાય એવી સ્થિતિનું નિર્માણ થશે ત્યારે આ માગણીઓમાં મારા વિચારો વ્યક્ત કરીને એને અનુમોદન આપું છું.

શ્રી નૌશાદ ભ. સોલંકી(દસાડા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારનું આપણું સામાન્ય વહીવટ વિભાગ અને એના ઉપર માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગ એવો વિભાગ છે કે એક પ્રકારે સમગ્ર ગુજરાત રાજ્યના તમામ સત્તાતંત્રો, રાજ્યતંત્ર ચાલે છે અને એના ઉપર એનું નિયંત્રણ છે. પછી એની અંદર નવા કર્મચારીઓની નિમણૂકનો પ્રશ્ન હોય, ઘણા બધા બહુ અગત્યના પરિપત્રો, ઠરાવો, વ્યવસ્થાપનો, બદલીઓ આ બધું જ સામાન્ય વહીવટ વિભાગ સંભાળે છે. સરકાર ભા.જ.પ.ની હોય કે કોંગ્રેસની, ઘણીવાર સરકારમાં બેઠેલા માણસોમાં, સરકારનો એવો ઇરાદો હોતો નથી, જે કાંઇ ઠરાવ કે કાયદા બનાવે એ લોકોના હિત માટેનો જ ઉદ્દેશ હોય છે. એનો ઉદ્દેશ એ હોય કે લોકોને સુખાકારી થાય પણ જે વહીવટમાં અમુક કર્મચારીઓ બેઠા છે એ કર્મચારીઓની માનસિકતા એવા પ્રકારની હોય જેને આપણે હિન્દીમાં બાબુશાહી, બ્યૂરોક્રેટસ કહીએ છીએ. કારણ વગરના કોઇપણ નાના મોટા પ્રશ્નો ઉપસ્થિત કરીને સરકારની ઇચ્છા હોય તો પણ એ ફાઇલને એ લોકો પોતાના રિમાર્કસમાં, પ્રતિ રિમાર્કસમાં, પૂર્તતામાં એટલી બધી ગૂંચવી નાખતા હોય છે કે જેના કારણે ખરેખર ન્યાય મળવો જોઇએ, નિર્ણય થવો જોઇએ એ થતો નથી. જે ઠરાવોનું ડ્રાફ્ટિંગ થવું જોઇએ, ખૂબ મોટા સનદી અધિકારીઓ ઠરાવો ડ્રાફ્ટ કરતા હોય છે. પણ એવી સામાન્ય ભૂલો એની અંદર કરતા હોય છે, એના કારણે પણ આપણે હેરાન થતા હોઇએ છીએ. પછી એ ઠરાવમાં દીર્ઘ-ઈ, હ્રસ્વ-ઇ સુધારવી હોય તો પણ એની પાછળ ખૂબ મોટી મહેનત કરવી પડતી હોય છે. જે પ્રકારે હમણા હમણા સમગ્ર ગુજરાતની અંદર અનુસૂચિત જાતિ સમાજમાં એક આક્રોશ વ્યકત થઇ રહ્યો છે. ખાસ કરીને જયારે જયારે જી.પી.એસ.સી.ની નિમણૂકો આવે અને અનામત કેટેગરીની અંદર જયારે નિમણૂકો કરવામાં આવતી હોય, ત્યારે કોઇક ને કોઇક અર્થઘટન એવા ઉલટાસુલટા કરી અને પછી એ કેસો કોર્ટની અંદર જતા રહે છે અને પછી વર્ષોના વર્ષો સુધી હમણાં કીધું ખૂબ ઝડપી ન્યાય છે, પણ વર્ષોના વર્ષ સુધી પછી કેસ ચાલતા હોય છે. એવા બે કિસ્સા મારે ધ્યાન ઉપર મૂકવા છે કે જેના કારણે યોગ્ય પ્રતિભાવાન અનુસૂચિત જાતિના ઉમેદવારો હોય, મેરિટમાં આવતા હોય તો પણ એને નોકરીથી વંચિત કરી

દેવામાં આવે છે, એને પોસ્ટથી વંચિત કરી દેવામાં આવે છે. હમણા થોડા દિવસ પહેલા માનનીય મુખ્યમંત્રીશ્રીને પણ મળીને મેં રજૂઆત કરી હતી. વર્ષ ૨૦૦૬-૦૭ની અંદર સેક્શન ઓફિસર લેવલની કુલ ૪૦ જગ્યાઓ માટેની પરીક્ષા જી.પી.એસ.સી.એ લીધી. એમાં ૨૦ જગ્યાઓ જનરલ હતી. ૬ જગ્યાઓ મહિલાઓ માટેની અનામત હતી અને ૪ જગ્યાઓ અનુસૂચિત જાતિ માટેની હતી. એની અંદર અનુસૂચિત જાતિની એક મહિલા ઉમેદવાર એ જનરલ મેરિટ લિસ્ટમાં પણ આગળ છે. મહિલાના મેરિટ લિસ્ટમાં પણ આગળ છે અને અનુસૂચિત જાતિનું જે મેરિટ લિસ્ટ બને એમાં પણ એ આગળ છે. તેમછતાં જે અનુસૂચિત જાતિની ૪ જગ્યા ભરવાની હતી એ ૪ ને બદલે માત્ર ૩ જ ભરવામાં આવી અને જનરલ કેટેગરીની અંદર જે મહિલાની ૬ જગ્યા હતી એ જગ્યાની જગ્યાએ ૭ જગ્યા ભરવામાં આવી. જે જગ્યા માટેની જાહેરાત બહાર પડે એના કરતા વધારે જગ્યા ભરી શકાતી નથી, તેમ છતાં એક મેરિટ લિસ્ટમાં, પ્યોર મેરિટ લિસ્ટમાં તમામ પ્રકારના કોઇપણ મેરિટ લિસ્ટમાં જોવામાં આવે તો એને નોકરી મળતી હતી તેમછતાં એને નોકરી આપવામાં ન આવી અને એક અન્ય વ્યક્તિને એડજસ્ટ કરવા માટે કઇ રીતે એડજસ્ટ થતા હોય છે હું સરકાર ઉપર સીધો કોઇ આક્ષેપ નથી કરતો, મંત્રીશ્રી ઉપર કોઇ આક્ષેપ નથી કરતો, પણ સરકારના વહીવટમાં બેઠેલા અધિકારીઓ ભ્રષ્ટાચાર આચરીને, *(xxx) આચરીને એવાએવા ઉલટ સુલટ અર્થઘટન કરીને એને નોકરીથી વંચિત કરેલ છે એટલે સરકારશ્રીની ઇચ્છા હોય. સરકાર ઇચ્છે કે વંચિત સમાજના લોકોને યોગ્ય જગ્યાએ પદ મળે પણ તેમછતાં આવા અધિકારીઓને કારણે સરકારને બદનામ થવું પડે છે. આ કિસ્સો કોર્ટમાં ચાલ્યો. કોર્ટમાં ઉચ્ચ ન્યાયાલયના માનનીય ન્યાયાધીશે સ્પષ્ટ ઉલ્લેખ કર્યો. નામજોગ ઉલ્લેખ કર્યો. એમાં બ્રહ્મભટ્ટ કરીને જે અધિકારી છે એડીશનલ સેક્રેટરી એના ઉપર તપાસ કરવાનું કીધું કે એણે આ મિસ્ટુરિયસ એલોકેશન કર્યું છે. એની તપાસ થવી જોઇએ. એના ઉપર પગલાં લેવાં જોઇએ અને એણે તરત જ હુકમ કર્યો કે જે મેરિટ લિસ્ટમાં આવે છે એને તમે તાત્કાલીક નિમણૂક આપો. ત્યારબાદ સરકાર એને નિમણૂક પણ આપી દે છે. ૭ વર્ષ ૨૦૦૬ થી ચાલતો કેસ વર્ષ ૨૦૧૧માં નિમણૂક પત્ર, વર્ષ ૨૦૧૭માં કોર્ટનો નિર્ણય આવ્યો ત્યાં સુધી પાછા એમાં કોઇ બીજા વ્યક્તિ કોર્ટમાં જાય અને આમાં સ્પષ્ટ ઉલ્લેખ હોવા છતાં કે આવા મિસ્ટીરિયસ એલોકેશનનો પ્રશ્ન હોઇ, ક્રિમિનલ પ્રશ્ન હોઇ એટલે આ કેસને ઇન્ડિવિડ્યુઅલ ટ્રીટ કરીને તમે નિમણૂક આપી શકશો, પણ તેમછતાં એને નિમણૂક આપવામાં આવતી નથી. એનો તપાસ અહેવાલ પણ હજી શું થયું? કોર્ટે ઇન્કવાયરી કર્યા છતાં તપાસ થઇ કે ન થઇ? થઇ તો એ તપાસમાં કોણ બહાર આવ્યું? એના ઉપર પગલાં લેવામાં આવ્યાં કે ન આવ્યાં? એ મોટો પ્રશ્ન છે. એક બીજો પ્રશ્ન છે. ડી.વાય.એસ.પી.ની નિમણૂકની અંદર અનુસૂચિત જાતિની મહિલા ઉમેદવાર બધી જ રીતે ઉત્તીર્ણ થાય તેમછતાં જે નિમણૂક માટેના માનાંકો હતા એ માનાંકો કરતા ઓછા માનાંકો જે ડીસક્વોલીફાઇ થઇ શકે એવા માનાંકવાળી વ્યક્તિને નિમણૂક આપી દેવામાં આવે, પરંતુ જે મેરિટમાં આવે એને નિમણૂક આપવામાં ન આવે અને ત્યારપછી એ અધિકારી એવું માને છે કે એક વખત એને નિમણૂક આપી દો પછી જેને અન્યાય થયો હશે એ કોર્ટમાં જશે. કોર્ટમાં ૧૦ થી ૧૫ વર્ષ સુધી ભલે કેસ ચાલે. પછી કોર્ટનો નિર્ણય આવશે તો આપણે કરીશું અને ઘણાબધા એવા ઉમેદવારો હોય છે જે કોર્ટમાં જઇ શકતા નથી. એની લડવાની ક્ષમતા પણ હોતી નથી. સામે સરકાર પક્ષે સરકારી વકીલ લડતા હોય. આ પક્ષે એ પોતાના પૈસા ખર્ચીને સારાસારા હાઇકોર્ટના વકીલો કઇ રીતે રોકી શકે? એટલે અનેક એવા ઉમેદવારો આવી નિમણૂકથી વંચિત જઇ જાય છે. *(xxx)પછી કોર્ટમાં જાય અને સ્ટે આવે. સરકારે આ બાબતમાં મજૂબત પક્ષ રાખવો જોઇએ. જ્યારે આવી નિમણૂકોમાં ગેરરીતિ થતી હોય ત્યારે સ્પષ્ટ મત રાખે તો આમાં હાઇકોર્ટ યોગ્ય નિર્ણય કરી શકે. સરકારી વકીલ જે પ્રકારની દલીલો કરતા હોય છે, એના કારણે આવા કેસો ઉપર સ્ટે મળતો હોય છે અને ખરેખર લાયક ઉમેદવારને વર્ષો સુધી લડાઇઓ લડવી પડે છે. બીજું, સામાન્ય વહીવટ વિભાગનો કિસ્સો ખૂબ ઇન્ટરેસ્ટિંગ છે. જ્યારે કોરોનાની વિપરિત પરિસ્થિતિ ચાલતી હતી. સામાન્ય વહીવટ વિભાગે એક ઠરાવ બહાર પાડ્યો કે તમામ ધારાસભ્યોએ ૫૦ લાખ રૂપિયા ફરજિયાત હેલ્થ સેક્ટરમાં વાપરવા પડશે. હેલ્થ સેક્ટરમાં ઠરાવ થયો. એમાં સાધનો અને મશીનો વસાવીને હોસ્પિટલોને અદ્યતન કરવાની વાત હતી. કોરોનામાં જોયું કે લોકો એમ્બ્યુલન્સ માટે બબ્બે દિવસ, ૪૮ કલાક સુધી રાહ જોતા હતા. ગામડામાં એમ્બ્યુલન્સ હતી નહતી. અમે ઘણા બધા ધારાસભ્યોએ સી.એચ.સી. અને પી.એચ.સી. જેવી સરકારી હોસ્પિટલોમાં એમ્બ્યુલન્સ માટે ગ્રાન્ટ ફાળવી. આ અધિકારીઓએ એમાં વિક્ષેપ કર્યો. પહેલા હા પાડી અને પાછળથી એમ કહ્યું કે આ તો વાહન કહેવાય, આને સાધન ન કહેવાય. એમ્બ્યુલન્સ અનેક ઇકવિપમેન્ટ સાથેનું બનેલું એક સાધન છે. પણ સાધનને વાહન જેવો પ્રશ્ન ઉપસ્થિત કર્યો. હું માનનીય વિજયભાઇને મળવા ગયો. વિજયભાઇ સંમત થયા, ત્યારે જે તે વખતે તત્કાલીન મુખ્યમંત્રી હતા. તેમણે સૂચના આપી. એમને મેં પત્ર લખ્યો. એ બદલાઇ ગયા. ત્યારબાદ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલને મળવા ગયો. એમને હું ૩ વખત મળ્યો. દરેક વખતે પૂછે નૌશાદ, હજુ તમારું કામ થયું નથી? આટલું સામાન્ય કામ થતું નથી. એડિશનલ સેક્રેટરી કે.કે. સાહેબને હું મળ્યો. તેમણે કહ્યું તાત્કાલિક ફાઇલ મોકલાવો. ૭ મહિના લડ્યો. એ ફાઇલ માનનીય મુખ્યમંત્રીશ્રીની ઓફિસમાં ન ગઇ તે ન જ ગઇ.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. શ્રી વિજયભાઇ પટેલ.

શ્રી વિજયભાઇ ર. પટેલ(ડાંગ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય મંત્રીશ્રી માગણી નંબર ૫૪ માહિતી અને પ્રસારણ વિભાગની લઇને આવ્યા છે, એના ઉપર ચર્ચામાં ભાગ લેવા માટે ઉભો થયો છું. રાજ્યની સરકારની જે કલ્યાણકારી

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

યોજના હોય, પ્રજાના હિત માટે વિકાસલક્ષી નીતિઓ હોય અને જે કામગીરી હોય એની માહિતી જનજન સુધી પહોંચાડવાની કામગીરી આ રાજ્યનું માહિતી અને પ્રસારણ વિભાગ કરી રહ્યું છે. રાજ્ય સરકાર દ્વારા અમલી બનાવેલ જે યોજનાઓ છે તે પ્રજા સુધી પહોંચાડવા પ્રજાની આશા, અપેક્ષાઓ સરકાર પર શું છે એ આ યોજનાની અસર પ્રજા ઉપર અસર શું થાય છે, એની જાણકારી સરકાર સુધી પહોંચાડવા માટે માહિતી અને પ્રસારણ વિભાગ કામગીરી કરી રહ્યું છે.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**અસંસદીય શબ્દ અંગે**

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓર્ડર છે. માનનીય નૌશાદભાઇ બોલતા હતા. તે જ વખતે કહું, પણ તેઓ ઉઠીને જવા લાગ્યા એટલે મારે વચ્ચે ઉભા થવું પડ્યું. *(xxx) આવા જે શબ્દો બોલ્યા છે. એ શબ્દ રદ કરવા જોઇએ.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, જે એ પ્રતિબંધિત શબ્દોની યાદીમાં આ *(xxx) શબ્દ હોય તો હું એ દૂર કરવા સંમતિ આપું છું. *(xxx)શબ્દ જો કોઇને ખરાબ લાગતો હોય તો...

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : દરેક શબ્દો એ ચોપડીમાં હોતા નથી. એ નિર્ણય સ્પીકર સાહેબે કરવાનો હોય. શબ્દોનું ભંડોળ તો ખૂબ હોય. પણ આ માનસિકતાની વાત છે તો આવી કોઇ માનસિકતા હોઇ શકે નહિ. આવો આરોપ કરી ન શકાય. એના પછી બહુ બધાં પરિણામો થતાં હોય.

અધ્યક્ષશ્રી : આપે જે અધિકારીઓ માટે *(xxx) શબ્દ વાપર્યો છે એ રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે.

શ્રી વિજયભાઇ ર. પટેલ : આજે રશિયા અને યુક્રેન વચ્ચે મહાયુદ્ધ ચાલી રહ્યુ છે. ત્યારે મારે ડાંગની એક દીકરી યુક્રેનમાં ફસાઇ ગઇ હતી. ત્યારે મારા ડાંગના માહિતી વિભાગને આની જાણકારી મળી. માહિતી વિભાગે એમનાં માતા-પિતા સાથે ડાંગ કલેક્ટર સાથે વાત કરી.ડાંગ કલેક્ટરશ્રીએ રાજ્ય સરકારને જાણ કરી અને રાજ્ય સરકારે કેન્દ્ર સરકારની અંદર જાણ કરી. રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના સંકલનના કારણે આ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબના અથાગ પ્રયત્નોના કારણે આ દેશના હજારો વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ આજે વતનની અંદર પહોંચ્યા છે. ત્યારે મારી ડાંગની દીકરી ડાંગ જિલ્લાની અંદર આવીને પહેલાં તેના ઘરે નહીં ગઇ, પણ તે કલેક્ટર કચેરી ગઇ અને કલેક્ટર કચેરીમાં જઇને તેમણે આ દેશના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને રાજ્યના મુખ્યમંત્રી માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો. એમણે કહ્યું હતું કે, આ તો મોદી છે તો મુમકિન છે. બાકી મને કોઇ આશા ન હતી. એટલે આપણે આ દેશના ચાર રાજ્યોનાં પરિણામ જોઇ રહ્યાં છીએ તે પરિણામ પણ મોદી છે તો મુમકિન છે. ગુજરાતમાં વર્ષ ૨૦૨૨ માં પણ ભાજપની સરકાર આવવાની છે. મોદી છે તો મુમકિન છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ માહિતી પ્રસારણ વિભાગ દ્વારા વિવિધ લોકોપયોગી યોજનાઓ છે તેમાં સમાચાર યાદીઓ હોય, વર્તમાનપત્રો હોય, આકાશવાણી હોય, દૂરદર્શન હોય તેમાં વીડિયો તેમજ ફિલ્મના રૂપમાં દસ્તાવેજી ફિલ્મનું નિર્માણ કરી દૂરદર્શન તેમજ સિનેમાગૃહોની અંદર પ્રસારણ કરવામાં આવે છે. રાજ્ય સરકારનો પ્રજાલક્ષી અભિગમ, દૃષ્ટિકોણ તેમજ સરકારશ્રીની સિદ્ધિઓ, કલ્યાણકારી યોજનાઓ, વિકાસના કાર્યક્રમો જેવી અનેક અતિ મહત્વની બાબતો જન-જન સુધી પહોંચાડવાનું કામ આ માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા કરવામાં આવે છે. સરકારશ્રીએ વર્ષ દરમ્યાન જે સિદ્ધિઓ પ્રાપ્ત કરેલ હોય, મહત્વના નીતિ વિષયક નિર્ણયો લીધા હોય, મહત્વની યોજનાઓ હોય જેવી કે ડો.બાબાસાહેબ આંબેડકર જન્મજયંતિ હોય, અનુસૂચિત જાતિ કલ્યાણની યોજનાઓ હોય, આદિવાસીઓનો સર્વાંગી વિકાસ હોય, રાષ્ટ્રીય પંચાયત દિવસ હોય, વન મહોત્સવ હોય, મહિલા સશક્તિકરણની વાત હોય, આંતરરાષ્ટ્રીય મૂળ નિવાસી દિવસ હોય, ગુજરાત ગૌરવ દિવસ હોય, કૃષિ મહોત્સવ હોય, સૌને શિક્ષણ અને રોજગારની વાત હોય, વનબંધુ સંમેલન હોય, આંતરરાષ્ટ્રીય યોગ દિવસ હોય, ગુણવત્તાસભર શિક્ષણ દ્વારા ગુજરાત બન્યું ગતિશીલ, સ્વાતંત્ર પર્વ, દિવ્યાંગોના જીવનમાં પથરાયો ઉજાસ અને સરદાર પટેલ જન્મજયંતિ જેવા કુલ ૪૨ જેટલા પ્રસંગોના ડિસ્પ્લે જાહેર ખબર દ્વારા આ વિભાગ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવે છે. આ ઉપરાંત આ સરકારની પ્રજાલક્ષી યોજનાઓની જાણકારી પ્રજા સુધી વધુ સરળતાથી પહોંચે તેના માટે આઉટડોર પબ્લિસિટીના માધ્યમથી રાજ્યના પવિત્ર યાત્રાધામો હોય, ધોરીમાર્ગો હોય, હવાઇ મથકો હોય...

અધ્યક્ષશ્રી : આપની પાસે બે મિનિટ છે.

શ્રી વિજયભાઇ ર. પટેલ : એસ.ટી. બસ સ્ટેશન જેવા મથકો હોય તે જગ્યાએ હોર્ડિંગ્સ લગાડવામાં આવે છે અને લોકોનું સહજતાથી ધ્યાન આકર્ષાય તેવા સ્થળોએ પણ સરકારશ્રીની યોજનાઓ અને સિદ્ધિઓ હોય તેના હોર્ડિંગ્સ લગાડવામાં આવે છે. આદિવાસી વિસ્તારમાં આદિવાસીઓના કલ્યાણની યોજના હોય કે, અનુસૂચિત જાતિના કલ્યાણની યોજનાઓ હોય તેના હોર્ડિંગ્સ પણ લગાડવામાં આવે છે. કુશળ નિર્માતાની પેનલ દ્વારા રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ જેવી કે, કોરોનાની મહામારીથી બચવાના સાવચેતીનાં પગલાં, મુખ્યમંત્રી કિસાન સહાય યોજના, ઔદ્યોગિક પ્રોત્સાહન માટે નવી ઔદ્યોગિક નીતિ, પારદર્શક વહીવટ અને મહેસૂલી સુધારા જેવા ૧૭ જેટલા ખાસ દસ્તાવેજી ચિત્રોનું નિર્માણ કરીને આ વિભાગ દ્વારા પ્રસારિત કરવામાં આવે છે. માહિતી નિયામક કચેરી દ્વારા ગુજરાત ગાથા ટી.વી. સિરિયલનું પણ નિર્માણ કરવામાં આવેલ

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

છે. સરકારશ્રીની વિવિધ સફળતાઓ છે, વિવિધ યોજનાઓ છે તેને આ ગુજરાત ગાથા દ્વારા વિવિધ ટી.વી. ચેનલોની અંદર પ્રસારિત કરવામાં આવે છે. આ ગુજરાત ગાથા દર શનિવારે પ્રસારિત કરવામાં આવે છે. આમ, આ રાજ્યની સિદ્ધિઓ અને રાજ્યની પ્રગતિના સમાચારોને ધ્યાનમાં રાખીને યશગાથા ગુજરાતની આ કાર્યક્રમ ટી.વી. ચેનલો દ્વારા દર રવિવારે નિયમિત રીતે પ્રસારિત કરવામાં આવે છે. આ ઉપરાંત આપણું વિધાનસભા સત્ર જયારે ચાલુ હોય ત્યારે વિધાનસભા સત્રની પ્રશ્નોત્તરી પર આધારિત કાર્યક્રમ લોકશાહીના ધબકારા વિવિધ ચેનલો દ્વારા પ્રસારિત કરવામાં આવે છે. આમ માહિતી પ્રસારણ વિભાગ ખૂબ સારી કામગીરી લોકો સુધી પહોંચાડવાનું કામ કરે છે ત્યારે આ મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારું સમર્થન આપુ છું.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એના માટે મારાં સૂચનો રજૂ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, માગણીઓની અંદર મેં જોયું તો મોટા ભાગે જે વાત કરવામાં આવી છે એમાં કોર્ટોમાં, ન્યાયમાં અને કાયદા વિભાગમાં આઉટસોર્સિંગની વાત કરવામાં આવી છે. દાખલા તરીકે ગયા વર્ષે આઉટસોર્સિંગની માગણીઓ હતી. એમાં રૂ. ૪૦.૭૨ કરોડની જોગવાઇ કરવામાં આવી હતી અને આ વર્ષે રૂ. ૧૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. એટલે દિવસે દિવસે સરકાર દ્વારા કાયમી કર્મચારીઓની ભરતી કરવાના બદલે આઉટસોર્સિંગને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે એવું બજેટ પરથી લાગી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ચૂંટણી અને ન્યાયતંત્ર આ બે વિભાગો એવા છે કે, એની અંદર આઉટસોર્સિંગ હોવું જ ન જોઇએ, એમાં કાયમી કર્મચારીઓ જ હોવા જોઇએ એટલા માટે કે, આઉટસોર્સિંગ કર્મચારીઓ હોય તો એની જવાબદારી ફિક્સ થઇ શકતી નથી. મોટામાં મોટું કોઇ કૌભાંડ ચાલતું હોય તો એ આઉટસોર્સિંગ અને કરાર આધારીત કર્મચારીઓની ભરતીનું છે. ગઇ કાલે મને એક માહિતી આપવામાં આવી એમાં હું સ્પષ્ટતા કરવા માગતો હતો પણ આપે મને ન બોલવા દીધો. એક માહિતી માનનીય મંત્રીશ્રીએ મને આપી કે, પાટણ જિલ્લાની અંદર આરોગ્ય વિભાગના જે આઉટસોર્સિંગના કર્મચારીઓ છે એની મને રેકર્ડ ઉપર માહિતી આપી છે કે, એમને ૧૬,૦૦૦ રૂપિયા ચૂકવવામાં આવ છે. પણ હું માનનીય મંત્રીશ્રીને બધા પુરાવા રજૂ કરીશ. ૧૧,૦૦૦ થી વધુ રૂપિયા ચૂકવવામાં આવતા નથી. એટલે ખાસ કરીને ન્યાયતંત્ર અને ચૂંટણીની અંદર આ પ્રકારે આઉટસોર્સિંગ ન હોવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી બાબત એવી છે કે રાજયના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા એટલે કે જી.એ.ડી. દ્વારા જે પરિપત્રો કરવામાં આવે છે એને ઘણી વાર બીજા વિભાગો સ્વીકારતા નથી અથવા તો એનું સંકલન થતું નથી એના લીધે જે અરજદારો હોય કે કર્મચારીઓ હોય ભારે નુકસાન ભોગવવું પડે છે. તો માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આવા કોઇ પણ પરિપત્ર કરો તો એની અંદર સમય મર્યાદા નક્કી હોવી જોઇએ. સમય મર્યાદા નથી હોતી અથવા તો એની જવાબદારી ફિક્સ હોતી નથી, તો આના માટે જોગવાઇ કરવામાં આવે તો એનાથી લોકોને ફાયદો થશે. બીજી બાબત એ છે કે નિવૃત્તિ પછી નિયુક્તિની વાત આવે છે એમાં રાજ્ય સરકાર દ્વારા એના પરિપત્રો કરવામાં આવે છે કે આટલા વર્ષ સુધી એને નિયુક્તિ આપી શકાય. પણ હજુ પણ સચિવાયલમાં કે બીજી કચેરીઓમાં જે માનીતા અધિકારીઓ હોય છે એમને વારંવાર પુનઃનિયુક્તિ આપવામાં આવે છે અને એના લીધે જે બેકાર યુવાનો હોય એમને નોકરી મળતી નથી. એટલે રાજ્ય સરકારના જી.એ.ડી.ના આ પરિપત્રનું પાલન કરવામાં આવે અને તમામ વિભાગોમાં આનું સ્પષ્ટપણે પાલન થાય એ જોવામાં આવે. માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ આત્મારામભાઇ કાયદાની વાત કરતા હતા કે જસ્ટીસ ડિલેડ ઇઝ જસ્ટીસ ડિનાઇડની વાત કરી, પણ હમણાં જ મેં નેશનલ જ્યુડિશિયલ ડેટા ગ્રેડ વર્ષ ૨૦૨૧ના ડેટા જોયા તો ગુજરાતમાં ૧૮,૫૬,૫૨૭ કુલ પેન્ડિંગ કેસ છે, એની અંદર ૧૪,૭૭૬ ક્રિમિનલ અને ૪,૪૮,૫૪૧ સિવિલ કેસ છે અને એની ૧૭.૮૫ ટકા કેસ છે એ ૧૦ વર્ષથી ઉપરના છે અને ડેટાની અંદર આશ્ચર્ય થાય એવી બાબત એ છે કે એવરેજ કેસીસ ડિસ્પોઝ બાય એ જજ બાઇ સ્ટેટ એટલે કે એ જજ દ્વારા દરેક રાજયની અંદર કેસ ડિસ્પોઝ કરતા કેટલો સમય લાગે? તો સૌથી પહેલો નંબર ગુજરાતનો છે. ગુજરાતની અંદર આ પ્રમાણે ડેટા જોઇએ તો ગુજરાતમાં જે પેન્ડિંગ કેસ છે એ પેન્ડિંગ કેસ ડિસ્પોઝ કરવા હોય તો ૨૮૭ વર્ષ લાગે અને ૭ રાજયો એવા છે કે જેની અંદર કોઇ પેન્ડિંગ કેસ નથી. બીજી ચોકાવનારી બાબત એ છે કે એવરેજ કેસીસ ડિસ્પોઝ બાય જજ બાય સ્ટેટ એટલે કે જજ દ્વારા પર ડે કેટલા કેસીસ ડિસ્પોઝ કરવામાં આવે છે અને કેસ કેટલા ઝડપથી ચલાવવામાં આવે છે તેની અંદર પણ કર્ણાટકનો ૧૧૩ કેસ,

અધ્યક્ષશ્રી : આપની પાસે બે મિનિટ છે.

ડો.કીરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર ૧૯ કેસ ચલાવવામાં આવે છે તેનો ૨૧મો નંબર છે. એટલે આપણે જસ્ટિસ ડીલેની વાત કરીએ છીએ તો આપણે ખાસ કરીને કેસ ઝડપી ચાલે તેની વાત કરીએ. હમણાં ખાસ કોર્ટોની વાત કરી સ્પેશ્યલ કોર્ટો પણ સ્પેશ્યલ કોર્ટોની અંદર માત્ર જજોને બિરૂદ જ આપવામાં આવે છે. તે કોઇ નિમણૂક કરવામાં આવતી નથી. પોસ્કોનો જજ હોય, સેશન્સ જજ હોય તો સેશન્સ જજ અને પોસ્કોનો કેસ ચલાવતા હોય તો એ સ્પેશ્યલ જજ એટલે આવુ ના હોવું જોઇએ. સ્પેશ્યલ કોર્ટ હોય તો તેની અંદર સ્પેશ્યલ જજ અને સ્પેશ્યલ પીપી હોવા જોઇએ. સી.આર.પી.સી.ની કલમ-૨૫(૧) મુજબ ડાયરેકટર ઓફ પ્રોસિક્યુસનની માનનીય મંત્રીશ્રીની નિમણૂક કરવામાં આવી છે અને તેની નિમણૂકની કાર્યપદ્ધતિ નક્કી કરવામાં આવી છે તે પ્રમાણે નિમણૂક થતી નથી. માત્ર રાજકીય જે લોકો હોય તેને જ

આવી નિમણૂક આપવામાં આવે છે. એટલે આપણે જ્યારે સારા ન્યાયની વાત કરતા હોઇએ તો આવા જે લોકોને નિમણૂક આપવામાં ના આવે. ડાયરેકટર ઓફ પ્રોસિક્યુશન એ સ્વતંત્ર હોવું જોઇએ અને સી.આર.પી.સી.ની કલમ-૨૪ મુજબ માનનીય મંત્રીશ્રી કે પીપીની નિમણૂક કરવામાં આવે છે તે પણ રાજકીય વ્યકિતની કરવામાં આવે છે. જ્યારે બીજી બાજુ જે સિવિલ કોર્ટની અંદર જજ હોય તે,

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી વકીલોની નિમણૂક,

ડો.કીરીટકુમાર ચી. પટેલ : સાહેબ, એ વાત કરું છું.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત સાંભળો તેમાં ડિસ્ટ્રિક્ટ જજ હોય છે, કલેકટરશ્રી હોય છે અને તેની કમિટી તેમાંથી એ કરતી હોય છે અને પછી નિમણૂક થતી હોય છે. એટલે જેમાં જજ આવી જતાં હોય તેમાં આપણે ટીકા ના કરીએ તો સારું.

ડો.કીરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જી.પી.એસ.સી. દ્વારા જે સરકારી વકીલોની નિમણૂક થાય છે તે કોઇ પ્રાઇવેટ કેસ લડી શકતા નથી, જ્યારે પેલા પ્રાઇવેટ કેસ લડી શકે અને એક વખત સિવિલ કોર્ટની અંદર પી.પી.ની નિમણૂક થઇ તો તેને પ્રમોશનના કોઇ લાભ નથી એટલે આ લાભ આપવા જોઇએ.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ(નવસારી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નંબરઃ ૬૦ ન્યાયતંત્રનો વહીવટ લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ રાષ્ટ્રના સર્વાંગી વિકાસ માટે કાયદો અને વ્યવસ્થા એ અગત્યનું પરિબળ છે. તેમના સુરાજ્ય અને સુશાસનના પ્રકલ્પોને પૂર્ણ કરવા માટે કાયદાનો આધારસ્તંભ હોવો જરૂરી છે.

**ॐ सर्वे भवन्तु सुखिनः। सर्वे सन्तु निरामयाः।**
**सर्वे भद्राणि पश्यन्तु। मा कश्चित दुःख भाग्भवेता।**

ના સિદ્ધાંત મુજબ ભારતીય પરંપરાના મૂલ્યો તેને પરિપૂર્ણ કરવા પડે છે. વિશ્વની સૌથી મોટી લોકશાહી ધરાવતી આ ભારતની ભૂમિના પાયામાં માનવતાના નૈતિક અને બંધારણીય મૂલ્યોનો સમાવેશ થયો છે અને ભારતીય સંવિધાન હું એમ કહું તો ખોટું નથી કે દુનિયાના શ્રેષ્ઠ સંવિધાનો પૈકીનું એક અજોડ સંવિધાન ગણાય છે અને આપણાં લોકલાડીલા વડાપ્રધાન નરેન્દ્રભાઇએ ૨૬મી નવેમ્બરના રોજ એ સંવિધાન દિવસ જાહેર કર્યો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, હું એટલા માટે વાત કરું છું તે વખતે જ્યારે ગુજરાત હાઇકોર્ટની ડાયમંડ જ્યુબિલિ પ્રસંગે વડાપ્રધાને જણાવ્યું કે કાયદાનું શાસન જ સુશાસન અને સુરાજ્યનો આધાર છે અને તેમણે તે પ્રસંગે જે વાત કરી તે બધાએ જાણવા જેવી છે કે ન્યાયાલયો તે બંધારણીય મૂલ્યોનું જતન કરવાના ખરેખર સાચા મંદિરો છે. આત્મારામભાઇ મારા સિનિયર સભ્ય અને અનુભવી અને એડવોકેટ પણ છે. મારે આ વખતે કિરીટભાઇ બાર કાઉન્સિલના આ ભારતીય જનતા પાર્ટીએ ગયા વર્ષે પાંચ કરોડ રૂપિયા, આ વખતે છ કરોડ રૂપિયા રાજેન્દ્રભાઇ અને આત્મારામભાઇ, અમારા શંભુજી, ભૂપેન્દ્રસિંહજી તે વખતે વકીલાત કરતા હતા ત્યારે તેમની ધીકતી પ્રેક્ટિસ ચાલતી હતી. હું પણ વકીલ છું. સનદ નથી લીધી, હવે લેવાનો છું. હાલ હું જ્યારે કોર્ટમાં ગયો ત્યારે વકીલોમાં આનંદ અને ઉત્સાહ હતા. તેનું કારણ છે કે પહેલીવાર બાર કાઉન્સિલને ગયા વખતે રૂ. ૫ કરોડ અને આ વર્ષે રૂ. ૬ કરોડ આપ્યા છે. આ સરકારની અને કાયદામંત્રીની સંવેદના બતાવે છે. બજેટમાં સમાજના તમામ વર્ગને ઉપયોગી થવાની જોગવાઈ કરી છે, ત્યારે બાર કાઉન્સિલને રૂ. ૬ કરોડ ફાળવ્યા છે તે રકમ નાની લાગે, પણ વકીલો માટે આ રકમ ખૂબ મોટી છે એમ કહું તો ખોટું નથી. તે જ રીતે માનનીય કિરીટભાઈ અને બધા કહતા હતા પરંતુ વર્ષ ૨૦૦૩-૦૪ માં ફક્ત રૂ. ૧૪૯ કરોડનું બજેટ હતું. જ્યારે આ વખતે લગભગ બે-ત્રણ વર્ષથી રૂ. ૧,૭૦૦ કરોડ ઉપરાંતના બજેટની કાયદા વિભાગમાં જોગવાઈ થઈ રહી છે. એક જમાનો એવો હતો કે પાંચ વર્ષ પહેલાં ૩૦૦ કોર્ટ હતી, પાંચ વર્ષ દરમિયાન ૯૧૯ કોર્ટ આવી, અત્યારે ૧,૦૪૮ જેટલી કોર્ટ કાર્યરત છે. હું એટલા માટે કહું છું કે કોર્ટ વધારે હોય તો એ ઉપયોગી કે નહિ ઉપયોગી તેમાં ન પડતા, પણ જે રીતે કાયદા વિભાગ કામગીરી કરી રહ્યો છે એ ખરેખર દાદ માંગી લે તેવી છે. અમારી બધાની એ વખતે જ્યારે અમે ભણતા હતા ત્યારે ઈચ્છા હતી કે ૧૨માં ધોરણ પછી સીધું કાયદાનું જ્ઞાન મળે. આજે ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીમાંથી નીકળતો વકીલ સીધો હાઈકોર્ટમાં પ્રેક્ટિસ કરી શકે છે. આ જેવી તેવી વાત નથી. આ ભારતીય જનતા પાર્ટીની ઉપલબ્ધિ છે કે એમના વખતે આ યુનિવર્સિટી બની છે. જેને નેશનલ યુનિવર્સિટી કહેવામાં આવે છે. એ ફક્ત બેંગ્લોર, હેદરાબાદ, કોલકત્તા એવી બહુ ઓછી જગ્યાએ આ લો યુનિવર્સિટી છે. હું રોમન વિચારક માર્ક્સ શીસરોએ કહ્યું કે Safety of people shall be the highest law. પ્રજાની સલામતી એ સર્વોચ્ચ કાયદો હોય ત્યારે રાજ્ય સરકાર તેનો અમલ કરી રહી છે. જ્યારે અલગ અલગ કોર્ટોની વાત કરવામાં આવે, સમાજનો પણ વિકાસ થઈ રહ્યો છે, સમાજમાં કાયદાની જાગૃતિ આવે તેની સાથે સાથે સમાજના પ્રશ્નો પણ ઊભા થાય. માનનીય આત્મારામભાઈ અને માનનીય રાજેન્દ્રભાઈને ખબર છે કે જ્યારે બહેનો સવારે નોકરી પર જાય અને સાંજે પાછી ઘરે આવે. એ પહેલા એવો જમાનો હતો કે જ્યારે ફેમિલી કોર્ટ ન હતી, ત્યારે તેમને આખો દિવસ કોર્ટમાં રજા પાડવી પડતી હતી. હવે ઈવનિંગ કોર્ટ પણ ચાલુ થઈ છે અને તેમાં પોતાનો કામ ધંધો કરીને આવે તો સાંજે ઈવનિંગ કોર્ટમાં જઈને કામ કરી શકે તેમ છે. મને જણાવતા એ વાતનો આનંદ છે કે Right of person of

disability Act, 2016 પ્રમાણે દિવ્યાંગોની પણ ચિંતા આ સરકારે કરી છે. હંમેશા કોર્ટને ન્યાયનું મંદિર કહેવાય છે એટલા માટે આ ન્યાય મંદિરમાં કોઈ પણ પ્રકારની અસુવિધા ન થાય એટલે દિવ્યાંગો માટે આ વ્યવસ્થા કરવામાં આવી છે. માનનીય કાયદા મંત્રીશ્રી જે માંગણી લઈને આવ્યા છે તેમાં જે રીતની જોગવાઈ છે તેને અને કોરોના જેવી જીવલેણ બિમારીઓમાં કોર્ટમાં સીધી આર્ગ્યુમેન્ટ કરી શકતા ન હતાં ત્યારે પણ ગુજરાતની વડી અદાલતોએ રાજ્યના નાગરિકોને સંપૂર્ણપણે કાયદામાં વિશ્વાસ ટકાવી રાખવા માટે ખૂબ જ પ્રશંસનીય અને સેતુબંધની કામગીરી કરી છે ત્યારે હું આ માગણીને અનુમોદન આપું છું.

**(વિરામ ૧૧.૫૯ થી ૧૨.૩૦)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી અંબરીશભાઈ જી. ડેર(રાજુલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી હસ્તકનો વિભાગ એટલે કે સામાન્ય વહીવટ વિભાગની બાબત ઉપર જયારે માંગણીઓ અને ચર્ચા ચાલી રહી છે ત્યારે તેમાં થોડાં સૂચનો રજૂ કરવા ઉપસ્થિત થયો છું. ગઈ કાલે પૂર્વ મંત્રીશ્રી, આદરણીય શ્રી વાસણભાઈ આહિરે ડિસ્ટ્રિક્ટ મિનરલ ફંડ એટલે કે ડી.એમ.એફ. ઉપરની જે થોડી ચર્ચા કરી એ બાબતે જ હું આગળ વધવા ઈચ્છું છું. શ્રી વાસણભાઈએ જે રીતે કહ્યું એ રીતે વર્ષ ૨૦૧૬ અને વર્ષ ૨૦૧૭માં માનનીય પ્રધાનમંત્રીશ્રીએ આ યોજના શરૂ કરી. અત્યાર સુધી આ યોજના આ રાજ્યની અંદર આ રીતે અમલમાં ન હતી. એટલે અભિનંદનને પાત્ર છે, એ હું સ્વીકારુ છું અને સામાન્ય વહીવટી વિભાગની વાત છે તો સાથે સાથે વિનંતી પણ કરું છું કે આ બાબતમાં થોડું યોગ્ય થાય. વર્ષ ૨૦૧૮માં જો મારી ભૂલ ન થતી હોય તો આ વિભાગને મેં ચર્ચાના માધ્યમથી વિનંતી કરી હતી કે, આ ડિસ્ટ્રિકટ મિનરલ ફંડ, ડી.એમ.એફ. જે વાપરવામાં આવે છે, એ કમિટીમાં કયાંક ને કયાંક ચૂંટાયેલા જનપ્રધિનિધિશ્રીઓનો સમાવેશ કરવામાં આવે અને બહું આદરપૂર્વક એમનો હું આભાર માનું છું કે, વર્ષ ૨૦૧૮ પછી ઈ.સી. કમિટીની અંદર પ્રભારીમંત્રીશ્રીના બદલે જે તે જિલ્લાના સંસદસભ્યશ્રી અને ધારાસભ્યશ્રીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. પણ મને દુઃખ થાય છે અને એ કહેવત પણ આજે યાદ આવે છે કે, હાથે કરેલા હૈયે વાગે, એવી સ્થિતિ પેદા થઈ હોય તેવું હું સ્પષ્ટ માનું છું. જો અમરેલી જિલ્લાની વાત કરું તો, આ યોજનાની અંદર આખા જિલ્લામાંથી અંદાજે ૮૦૦ ગામોમાંથી ૬૦ ગામોની અંદર ખનનની પ્રવૃતિઓ થઈ રહી છે. પાંચ વિધાનસભા છે. આ પાંચ વિધાનસભાના ૬૦ ગામોમાંથી ૩૦ ગામો એકલા મારી વિધાનસભા વિસ્તારના છે, એટલે આપણે બધા સમજી શકીએ છીએ. બાકીના સાવરકુંડલા,અમરેલી, લાઠી અને ધારી સીટ ઉપરના છે. મારે બહુ દુઃખ સાથે કહેવું છે કે, દર વર્ષે અંદાજે રકમ રૂપિયા ૪૦ થી ૭૦ કરોડ ખનન પ્રવૃતિઓના આ ડી.એમ.એફ. વિભાગમાં વાપરવામાં આવે છે. પણ એ કેવા પ્રકારે વાપરવામાં આવે છે અને ભૂતકાળમાં એ કેવા પ્રકારે વપરાયા છે, એ બાબતે મારે સરકારશ્રી, માનનીય મંત્રીશ્રી અને માનનીય વિભાગનું ધ્યાન દોરવું છે કે, હજુ આમાં જો યોગ્ય કરવામાં આવે તો ચોક્કસપણે છેવાડાના લોકોને લાભ મળી શકે તેમ છે. આમાં બે કમિટીઓ છેઃ એક્ઝિક્યુટિવ કમિટી અને ગવર્નિંગ કમિટી. એક્ઝિક્યુટિવ કમિટીમાં, જિલ્લા કલેકટરશ્રી અધ્યક્ષ છે અને ગવર્નિંગ કમિટીમાં પણ જિલ્લા કલેકટરશ્રી જ અધ્યક્ષ છે. એમાં સાથે સાથે સંસદસભ્યશ્રી અને ધારાસભ્યશ્રીઓ છે. બહું દુઃખ સાથે કહેવું પડે અને મારે કરુંણતા પણ દર્શાવી છે અથવા તો વાસ્તવિક કરુંણતાની ચર્ચા મારે આપની સાથે કરવી છે. આ વર્ષે પણ ચૂંટાયેલા જનપ્રતિનિધિશ્રીઓએ, તેમાં એકાદ જનપ્રતિનિધિશ્રીએ જે કાગળો લખ્યા છે અને એમાં સૂચનો કર્યા છે કે આવાં પ્રકારનાં કામો આ ગામોમાં થવાં જોઈએ, એ તરફ હું આપનું ધ્યાન દોરવા ઈચ્છું છું અને અ મહાશયશ્રીએ જે રીતે કાગળ લખ્યો અને અમારા ધ્યાનમાં આવ્યું તો અમને પણ એમ થયું કે, જો એક ચૂંટાયેલો જનપ્રતિનિધિ માત્ર એક કાગળ લખવાથી રકમ રૂપિયા ૭-૮ કરોડ કમાઈ શકતો હોય તો શ્રી અંબરીશ ડેર પણ એક ધારાસભ્ય છે એને પણ એક કાગળ લખવાથી રકમ રૂપિયા ૨ કે ૩ કરોડનો ફાયદો થતો હોય તો મારે પણ આવો કાગળ લખવો જોઈએ. કાગળ લખ્યો પણ ખરો, પણ પછી એમ થયું કે કુદરત માફ નહીં કરે. એટલે પછી મને એને અટકાવવા માટેનું થયું. એટલે મેં જ મારી જાતને કીધું કે મારાથી આ નહીં થઈ શકે. રાજ્ય અને દેશની અંદર પાયાની અને સૌથી મહત્વની બાબત જો કોઈ હોય તો એ હું અને તમે સારી રીતે સમજી શકીએ છીએ કે એ શિક્ષણ અને આરોગ્ય છે. આજે પણ સ્કૂલોની અંદર ઓરડા નથી. આજે પણ અમુક સ્કૂલોની અંદર શિક્ષકો નથી. આજે પણ અમુક સ્કૂલો અને પી.એચ.સી. સેન્ટરોમાં કમ્પાઉન્ડ હોલ નથી, શૌચાલયો નથી. અમુક સ્કૂલોમાં બાળકોને ભણવા માટે બેન્ચિસ નથી. સફાઈ માટે સફાઈ કામદારો નથી. ગામડાની અંદર અમુક ગામોમાં સ્મશાન છાપરીઓ નથી. સ્મશાન છાપરીઓ છે, તો સગડીઓ નથી. ગામડાઓની અંદર અમુક વિસ્તારોમાં પાણીની તકલીફો છે. સ્મશાન છાપરીઓ છે તો સગડીઓ નથી. ગામડાંની અંદર અમુક વિસ્તારની અંદર પાણીની તકલીફો છે, દયનીય પરિસ્થિતિમાં ગામડાં છે. અમુક પી.એચ.સી. સેન્ટરોમાં અમુક મશીનો નથી, અમુક દવા નથી.

અધ્યક્ષશ્રી : આપની પાસે બે મિનિટ છે.

શ્રી અંબરીશભાઈ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, એટલે આપના માધ્યમથી હું વિનંતી કરું છું કે જે કાગળો જે આગેવાનોએ લખ્યા છે તેને મારે તાદ્રશ્ય આપની સામે રકમ સાથે રજૂ કરવા છે. એક નેતા કહી રહ્યા છે અથવા તો અમે લોકો કહી રહ્યા છીએ કે અમને આવી સ્કૂલોમાં સાયન્સ લેબોરેટરી આપો. જેની કિંમત ૨૦ લાખ રૂપિયા છે. ચૂંટાયેલા જન પ્રતિનિધિ કહી રહ્યા છે કે થ્રી ડી એજયુકેશન ચાર્ટ આપો, જેની એકની કિંમત ૧૦ લાખ રૂપિયા છે. જોયફૂલ કલાસીસ આપો જેની કિંમત ૬ લાખ રૂપિયા છે, લર્ન બાય ડુઈંગ કલાસીસ આપો જેની કિંમત ૨૦ લાખ રૂપિયા છે. સાયન્સ પાર્ક આપો જેની કિંમત ૩૦

લાખ રૂપિયા છે, અરે છોડો, શૂ રેક આપો, શૂ રેક એટલે કે જોડા રાખવા માટેનો કબાટ આપો. બહુ દુ:ખ સાથે કહેવું પડે છે કે એની કિંમત ૪ લાખ રૂપિયા છે, આજે ગામડામાં કેટલાં બાળકો શૂઝ પહેરીને જાય છે? ચપ્પલ પહેરીને જાય છે, અને જો એવા મોંઘા ચપ્પલ કે શૂઝ પહેરીને જતા હોય તો એ પ્રાઇવેટ સ્કૂલમાં ભણે, ગામડાંની ગરીબ સ્કૂલમાં ન ભણે, એટલે આપને હું કરુંણતા સાથે, વિનમ્રતા સાથે વિનંતી કરું છું કે તકેદારી આયોગને આ બાબતમાં એક્ટિવ કરવામાં આવે, તેની પાસે તપાસ કરાવડાવવામાં આવે તો ચોક્કસપણે આ બધું બહાર આવશે. વર્ષ ૨૦૧૮ની વાત કરીએ તો મારા વિસ્તારની ૩૦ સ્કૂલોમાં, (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મને એક મિનિટ આપજો, આપ જયારે કહેશો ત્યારે હું બેસી જઇશ. પણ આ મહત્વનો મુદ્દો છે, દરેક ધારાસભ્યો વર્ષે દોઢ કરોડમાં લાંબા થઇ જાય છે અને આ ૩૦-૩૦ કરોડ, ૪૦-૪૦ કરોડ રૂપિયા આમ ને આમ વપરાય જાય એટલે મારી વ્યથા છે એટલે મને એકાદ મિનિટ વધુ આપજો. વર્ષ ૨૦૧૮ની અંદર મારા જિલ્લાની અંદર મારા મત વિસ્તારની અંદર ૧૩-૧૩ લાખ રૂપિયાની પ્રાથમિક શાળાઓમાં ઇ-સ્કૂલ પ્રોજેક્ટ માટે પૈસા ફળવાયા, વરસાદ આવે તો છત ટપકે છે, અમારી સ્કૂલોની આ સ્થિતિ છે અને આમાં આટલા આટલા રૂપિયા આપણે ફાળવીએ એટલે બહુ દુ:ખ સાથે કહું છું કે આ બાબતમાં યોગ્ય થાય જેથી કરીને માનનીય પ્રધાનમંત્રીશ્રીએ જે નવું આયામ આ જિલ્લામાં અને રાજ્યમાં શરૂ કર્યું છે એને ન્યાય મળે એટલે વધારે વાત નહીં કરતા એક જ વાત આપને કરું છું અગર આપ ચાહતે હો કી ભગવાન મિલે તો કર્મ ઐસા કીજીયે........

અધ્યક્ષશ્રી : માનનીય અંબરીશભાઇ, આપનો સમય પૂરો થાય છે. માનનીય હિતુભાઇ કનોડીયા.

શ્રી હિતુ કનોડિયા(ઇડર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી ક્રમાંક ૫૪ લઇને આવ્યા છે એમાં મારા વિચારો મારા સમર્થનની સાથે રજૂ કરું છું આમ તો મારા સાથી મિત્ર ભાઇ વિજયભાઇએ ઘણી બધી વિગતો આ માહિતી અને પ્રસારણ વિભાગની આપી દીધી છે. તે છતાં મારી અમુક વાત અહીંયા રજૂ કરીશ. આઇ વીલ ટ્રાઇ નોટ ટુ રિપીટ માય સેલ્ફ. મારા પપ્પા ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં વર્ષોથી સંકળાયેલા, એજ એન એકટર, કામ કર્યું, ખૂબ પ્રેમ મળ્યો, ત્યારે એમની ફિલ્મ જયારે રિલીઝ થવાની હોય ત્યારે એ જમાનામાં પ્રચાર-પ્રસાર એટલો બધો થઇ શકતો નહોતો, પણ રેડિયો થકી આવે કે આ પિકચર રિલીઝ થવાનું છે, અને થિયેટરોમાં રાતથી ગાડાઓની લાઇન લાગી જાય, અને સવારે મોટી લાઇન લાગી હોય, જેની અંદર બધા ટિકિટ લેવા માટે પડા પડી કરતા હોય અને લાલાઓના દંડાય ખાવા પડે, સુપર ડુપર હિટ ફિલ્મો થતી હતી. મારા પપ્પા મને કહેતા કે બેટા આજે ફિલ્મ્સના પ્રમોશન માટે, અત્યારે પ્રચાર પ્રસાર માટે બધે ફરવું પડે છે, એ બધું અમારે ત્યારે હતું નહીં. ત્યારે પરિસ્થિતિ અલગ હતી, માત્ર છાપા હતા અને રેડિયો હતો, એના પછી ટી.વી. આવ્યું, ટી.વી. પછી સેટેલાઇટ ચેનલ્સ આવી, ઇન્ટરનેટ આવ્યું, ઇન્ટરનેટ આવ્યા પછી વિવિધ પ્રકારના બધા મોબાઇલના એપ્સ આવ્યા, ઓ.ટી.ટી. પ્લેટફોર્મ આવ્યું, એટલે આ રીતે બધો વિસ્તાર વધતો ગયો. અને જે આજનું યુથ છે, એને બાકી બધી વસ્તુઓ મોબાઇલ ઉપર જોવાની બહુ જ ઇચ્છા થતી હોય છે, એટલે ધે આર ડાયવર્ટિંગ ધેમ સેલ્વ્સ, એટલે કોમ્પિટેશન ખૂબ વધી છે. આજે માહિતી અને પ્રસારણનો જે વિભાગ છે એની જવાબદારી એટલી બધી વધી ગઇ છે, કારણ કે અહીંયા આપણે બેસીને જે પણ યોજનાઓ નક્કી કરતા હોઇએ છીએ, જે પણ આપણે કાયદા-કાનૂનો લાવતા હોઇએ છીએ, તે લોકો સુધી, છેવાડાના ગામડાંના માણસો સુધી એકે એક વ્યક્તિ સુધી પહોંચાડવાના છે. હવે આટલી કોમ્પિટેશનમાં એ પહોંચાડવા માટે કેટલું કામ કરવું પડે, કેટલી મહેનત કરવી પડે. એટલા માટે આ વિભાગ આપણા એક એક લોક હિતના કાર્યો અને આપણી જે યોજનાઓ છે તે સુપેરે એક એક વ્યક્તિ સુધી ગામડાં સુધી પહોંચાડી શકે તેના માટે આ મહત્વનો વિભાગ છે. અને એટલા માટે આ જે પણ માગણીઓ આવી છે તેમાં તમામ લોકોએ સમર્થન આપવું જોઇએ. મને મારી પાર્ટી, ભારતીય જનતા પાર્ટીએ પત્રકાર મિત્રોને બધા જિલ્લાઓમાં જઇને મળવાની એક જવાબદારી આપી છે.ત્યાં જતો હોય ત્યારે મારી જાણમાં આવેલ છે એ પત્રકાર મિત્રોની વાત કરવા માગીશ. They are very important - એ લોકશાહીનો આપણો ફોર્થ પીલર છે . એટલે એ લોકોએ અમુક વાત કરી હતી એ અહીંયા તમારા થકી હું આ માધ્યમથી કહેવા માગું છું કે પત્રકાર મજબૂત લોકશાહીનો ચોથો પીલર છે. તંદુરસ્ત લોક ઘડતર અને લોક હિત તેમજ સામાજિક શ્રેણીના જતનમાં મહત્વની ભૂમિકા ભજવે છે. હવે આ લોકો માટે સરકાર શું કામ કરવા માગે છે એ ઘણું બધું કન્ફયુઝન હોય છે એ હું કિલીયર કરવા માગું છું. મહત્વની કામગીરી કરતા માન્યતા પ્રાપ્ત પત્રકારોને રક્ષણ આપવા સરકારે સામૂહિક જુથ વીમા યોજના તા. ૧-૧-૧૯૯૪ થી અમલમાં મૂકેલ છે. માન્યતા પ્રાપ્ત પત્રકારોનું કુદરતી મૃત્યુ થાય તો એના વારસદારને એક લાખ રૂપિયા, આકસ્મિત મૃત્યુના કિસ્સામાં પાંચ લાખનું વીમા કવચ પૂરું પાડવામાં આવે છે. આ યોજના અંતર્ગત જાન્યુઆરી-૨૦૨૧ થી ડિસેમ્બર-૨૦૨૧ માટે અનુક્રમે ભારતીય જીવન વીમા નિગમને ૧,૨૨૩ પત્રકારો માટે વાર્ષિક પ્રિમિયમ પેટે ૬,૯૨,૬૭૮ તેમજ યુનાઇટેડ ઇન્ડિયા ઇન્સ્યોરન્સ કંપની લિમિટેડને જુલાઇ-૨૦૨૧ થી જૂન-૨૦૨૨ના સમયગાળા માટે ૩,૮૯,૬૫૦ પ્રિમિયમ ભરવામાં આવેલ છે. માન્યતા પ્રાપ્ત પત્રકારો તથા તેમજ તેમના પરિવારોમાં મા અમૃતમ, મા વાત્સલ્ય યોજના અંતર્ગત કોઇ આવક મર્યાદા વગર હૃદય, કિડની, કેન્સર, નવજાત શીશુને ગંભીર ઇજા, બર્ન્સ અને મગજના રોગો જેવી ગંભીર બીમારી માટે આરોગ્ય વિભાગ દ્વારા ધારા ધોરણ મુજબ માન્યતા પ્રાપ્ત પત્રકારોને કુટુંબ દીઠ વાર્ષિક મહત્તમક પાંચ લાખ સુધીની કેશલેસ સારવારની મર્યાદામાં કુટુંબમાં મહત્તમ પાંચ વ્યકિતઓ અને નવજાત શીશુ એમ છ જણાં માટે આ યોજનામાં આવરી લઇને લાભ આપવામાં આવે છે. જાન્યુઆરી, ૨૦૨૦થી એક્રેડિશન કાર્ડ માટે ઓન

લાઇન અરજી દાખલ કરવાની પ્રક્રિયા સફળતાપૂર્વક અમલી બનાવી છે. વર્ષ દરમિયાન ૧,૦૭૨ જેટલા એક્રેડિશન કાર્ડ ઇસ્યુ કરવામાં આવ્યા છે. This is for the knowledge of the journalists.

અહીંયાથી લોકશાહીના ધબકારા કાર્યક્રમ પ્રસારિત થતો હોય છે. વિપક્ષના મિત્રો બધા કહેતા હોય છે કે માનનીય મંત્રીશ્રીઓ આટલું લાંબુ લાંબુ શા માટે બોલે છે? સાહેબ એ એટલા માટે લાંબુ લાંબુ બોલે છે કે એ વિગતો આ લોકશાહીના ધબકારા થકી લોકો સુધી પહોંચે છે અને એ વાતની નોંધ લઇને આમાં કેટલાં કામ મારાં વિસ્તારનાં થયાં છે અને એ કામ એ યોજનાઓથી કેવી રીતે હેલ્પફુલ થાય છે એટલા માટે થઇને આ લોકશાહીના ધબકારા ઇઝ ડુઇંગ વેરી ગુડ જોબ.

આ ગુજરાત પાક્ષિક મેગેઝીન માટેની એક વાત કરવામાં આવી કે એને પણ ભગવાકરણ એટલે કે આપણે તો હવે ભગવો કલર પણ લગાવીએ તો કલરને પણ એ લોકો ભગવાકરણ જ કહી દે છે. એમ તો માનનીય શૈલેષભાઇએ ભગવા કલરનો ઝબ્બો પહેર્યો છે એટલે ભગવાકરણ થઇ ગયું? સાહેબ એમ નથી હોતું. This is very important જે આપણે કામ કરીએ છીએ એ લોકો સુધી પહોંચાડવાનો આ સરકારનો જબરજસ્ત પ્રયત્ન રહેલો છે.

ફિલ્મ ઇન્ડસ્ટ્રીઝ ઉપર આવું છું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય અંબરીશભાઇ, આપ બોલતા હતા ત્યારે કોઇ સભ્યશ્રી વચ્ચે બોલ્યા નથી. એટલે તમે બધાની વચ્ચે આ રીતે કોમેન્ટો કરો છો એ કોઇ રીતે યોગ્ય નથી. હું આપને સૂચના આપું છું. પ્લીઝ.

શ્રી હિતુ કનોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, કોમેન્ટોથી કોઇ ફરક પડતો નથી. ઉલ્ટાનો મને જવાબ આપવાનો મોકો મળે છે. ગુણવત્તા સન્માનિત પ્રોત્સાહક નીતિ, ૨૦૧૯ જે સરકાર ગુજરાત ફિલ્મ ઇન્ડસ્ટ્રીઝ માટે લાવી, એટલા માટે કે ધારા ધોરણ સારું થાય ફિલ્મ ઇન્ડસ્ટ્રીઝમાં સારા પિકચરો બને, લોકો સુધી આપણી માતૃભાષા પહોંચે, દેશ વિદેશ સુધી પહોંચે એના માટે થઇને પાંચ લાખ થી લઇને ૭૫ લાખ સુધીની સરકાર એ લોકોને સહાય આપતી હોય છે, ખરેખર આ સરાહનીય છે. જે નેશનલ એવોર્ડ વિનર હોય છે એમને એક કરોડથી બે કરોડ અને ઇન્ટરનેશનલ એટલે કે ઓસ્કારમાં જઇને એ લોકો વિનર થઇને આવે તો એમને ૩ કરોડ થી લઇને ૫ કરોડ સુધી સહાય આપવામાં આવતી હોય છે.

હવે ફિલ્મની વાત થાય છે, ત્યારે બીજી એક અમારી પી.પી.પી. એટલે કે પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશિપ થકી ગુજરાતી ફિલ્મ ઇન્ડસ્ટ્રીઝના નિર્માણ અહીંયા થાય, એના માટે અહીંયા ફિલ્મ સિટી બને એ ખૂબ અગત્યનું છે. ફિલ્મ સિટી અહીંયા બનાવવામાં આવશે તો લોકોને ખૂબ રોજગારી મળશે. ફિલ્મની વાત થાય છે ત્યારે એક વાત ખૂબ કહેવા માગીશ કે ફિલ્મો જે બનતી હોય છે એ કાલ્પનિક હોય છે, પરંતુ અમુક ફિલ્મો હોય છે એ સમાજનું દર્પણ બતાવતું હોય છે, સરકારનું દર્પણ બતાવતું હોય છે. એવી જ એક ફિલ્મ અત્યારે ચાલી રહી છે ''ધ કાશ્મીર ફાઇલ'' આ ફિલ્મ એવી છે કે તમારું દિલ દહેલી જશે. જે રીતે કાશ્મીરની અંદર હિંદુઓ ઉપર, જે રીતે કાશ્મીરની અંદર કાશ્મીરી પંડિતો ઉપર જે અત્યાચાર થયો હતો એવા લોકો સાથે આ કોંગ્રેસના લોકો જઇને હાથ મિલાવે છે. સાહેબ, આ વાત ન થવી જોઇએ. લોકો સુધી આ કાશ્મીર ફાઇલ ફિલ્મ ઉજાગર થઇ રહી છે, આ ફિલ્મ લોકોએ જોવી જોઇએ. એ લોકોની વેદના સમજવી જોઇએ. એ લોકો જે ભાગલા પાડવા માગે છે એ બધું સમજવું જોઇએ. આપે મને સમય આપ્યો, ખૂબ ખૂબ આભાર.

શ્રી રાજેશકુમાર હ. ગોહિલ(ધંધુકા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સામાન્ય વહીવટ વિભાગ, માહિતી-પ્રસારણ વિભાગ અને કાયદા વિભાગની માગણીઓ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ન્યાયતંત્રમાં દરેક નાગરિકને સરળ અને ઝડપી ન્યાય મળે તેના માટે સરકાર હંમેશા પ્રયત્નશીલ હોય છે ત્યારે ન્યાયતંત્રમાં ઝડપી ન્યાય મળે તેના માટે જુદી જુદી વિવિધ પ્રકારની સ્પેશ્યલાઇઝ કોર્ટો કરવા છતાં આપણે હજુ સુધી લોકોને ઝડપી ન્યાય આપી શકતા નથી એ પણ એક ગંભીર પ્રશ્ન છે. આપણા ગુજરાતમાં અત્યારે પ્રોહિબિશન અને ડ્રગ્ઝનો ભરડો લેવાઇ રહ્યો છે, ત્યારે હજારો-કરોડો રૂપિયાનું ડ્રગ્ઝ પકડાય છે, કરોડો રૂપિયાનો દારું પકડાય છે, ત્યારે આવા ગંભીર કેસની અંદર તપાસમાં પૂરતા પુરાવા નહીં મળવાના કારણે આરોપીઓ છૂટી જતા હોય છે અને આવા ગુના વધુમાં વધુ બનતા હોય છે. વિધાનસભામાં પણ પ્રોહિબિશન અંગે આપણે ઘણા બધા કાયદા પસાર કર્યા, પરંતુ હજુ સુધી દાખલારૂપ સજાનો એક પણ કેસ બન્યો નથી, એટલે આવા ગુનાની ગંભીરતા લઇને તપાસ થાય અને સજા થાય તો આ ગુના ઉપર આપણે કન્ટ્રોલ લાવી શકીએ. જ્યારે ન્યાયતંત્રની વાત થાય છે ત્યારે ધંધુકા સિવિલ કોર્ટ બિલ્ડિંગ ખૂબ જ જૂનું છે. નવું મંજૂર થયું છે પરંતુ સરકારની ગાઇડલાઇન મુજબ ૧૦,૦૦૦ ચોરસમીટર જમીન જોઇએ. જ્યારે હાલનું બિલ્ડિંગ ૭,૦૦૦ ચોરસમીટર છે. તો સરકારશ્રીને મારી વિનંતી છે કે આ ૭,૦૦૦ ચોરસમીટરની અંદર બિલ્ડિંગ બનાવવામાં આવે અથવા તો બાજુમાં પી.ડબલ્યુ.ડી.ની સરકારી જમીન છે તેની પાસેથી થોડી જમીન લઇ અને આ નવું બિલ્ડિંગ બનાવવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, રાણપુરમાં નવું કોર્ટ બિલ્ડિંગ તૈયાર થઇ ગયું છે. લોકાર્પણના વાંકે છે તો તાત્કાલિક લોકાર્પણ થાય અને ધોલેરામાં પણ નવું કોર્ટ બિલ્ડિંગ બનાવવામાં આવે એવી મારી સરકારને વિનંતી છે. ગુજરાતમાં દરેક તાલુકે કોર્ટ બનાવવાનો સરકારનો સંકલ્પ છે ત્યારે હજી ઘણાં તાલુકાઓમાં કોર્ટ બનાવવાની બાકી છે, તો એ કોર્ટો બનાવવામાં આવે અને જે નવી કોર્ટો શરૂ કરવામાં આવી છે ત્યાં જરૂરી સ્ટાફની નિમણૂકો આપવામાં આવે. જેથી લોકોને ઝડપી અને સરળ ન્યાય મળી રહે.

## તા. ૧૬મી માર્ચ ૨૦૨૨

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, ક્રિમિનલ કેસોની અંદર સરકારી વકીલો દ્વારા અમુક સાક્ષીઓને તપાસવાનો આગ્રહ રાખવામાં આવતો હોય છે. જે સાંભળેલા સાક્ષી તરીકે Heirs વિટનેસ હોય છે ત્યારે આવા વિટનેસના કારણે ઘણાં કેસો લાંબા સમય સુધી ખેંચાતા હોય છે. તો સરકારી વકીલશ્રીઓને પણ કંઇક ગાઇડલાઇન આપવામાં આવે જેથી આવા ખોટા કેસો ખેંચાય નહીં અને ઝડપી અને સરળ ન્યાય લોકોને મળી રહે તેના માટે પણ સરકારી વકીલશ્રીઓને પણ સરકાર તરફથી કંઇક માર્ગદર્શન આપવામાં આવે એવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ વર્ષના બજેટમાં વકીલો માટે વેલ્ફેર ફંડ માટે ૬ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે એ આવકારદાયક છે, હું પણ વકીલ છું પણ લાખો વકીલો છે, હજુ પણ આ વેલ્ફેર ફંડ સ્કીમની અંદર થોડી વધારે રકમ ફાળવવામાં આવે એવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, તાલુકા અને જિલ્લા કોર્ટની અંદર વકીલાત કરતા વકીલોને બેસવા માટે અને મૂળભૂત સુવિધાઓ માટે ખૂબ જ તકલીફ પડતી હોય છે ત્યારે વકીલોને બેસવા માટે સુવ્યવસ્થિત આયોજન કરીને વકીલોને સારી રીતે બેઠક મળે તેના માટે કંઈક આયોજન થાય એવી મારી સરકારશ્રીને વિનંતી છે. ધંધુકામાં જે.એમ.એફ.સી. કોર્ટ અને સિનિયર ડિવિઝન કોર્ટ ફાળવવામાં આવી છે, પણ સિનિયર ડિવિઝન જજ સાહેબની નિમણૂક છે અને જે.એમ.એફ.સી., જે.ડી. કોર્ટમાં છેલ્લાં ત્રણ વર્ષથી જજની નિમણૂક આપવામાં આવી નથી, તો વહેલી તકે જજની નિમણૂક આપવામાં આવે તો બન્ને કોર્ટ ચાલુ થાય અને લોકોને ઝડપી ન્યાય મળે. માનનીય અધ્યક્ષશ્રી, માહિતી અને પ્રસારણ વિભાગની વાત કરું તો લોકશાહીના ધબકારાનો જે કાર્યક્રમ દર્શાવવામાં આવે છે તે માત્ર એકતરફી છે. વિરોધ પક્ષની વાત લોકશાહીના ધબકારાઓમાં દર્શાવવામાં નથી આવતી તો વિરોધ પક્ષની વાત પણ લોકશાહીના ધબકારામાં દર્શાવવામાં આવે તો અમે સહજ સ્વીકાર કરીએ પણ એ બતાવવામાં નથી આવતી. અમારી વિરોધ પક્ષની હંમેશા માગણી રહી છે કે વિધાનસભાનું લાઇવ પ્રસારણ કરવામાં આવે જેથી વિરોધ પક્ષ જે વાત મૂકે છે એ પ્રજા સમક્ષ જાય પરંતુ આ માગણી પણ અમારી સ્વીકારવામાં નથી આવતી અને માત્ર એક તરફી લોકશાહીના ધબકારામાં પ્રસારણ કરવામાં આવે છે. સામાન્ય વહીવટ વિભાગની વાત કરું તો જિલ્લા કક્ષાએ, તાલુકા કક્ષાએ ધારાસભ્યોના માન સન્માન જળવાતા નથી, પ્રોટોકોલ જળવાતા નથી, વારંવાર રજૂઆતો કરીએ છીએ છતાં જવાબો આપવામાં આવતા નથી તો સામાન્ય વહીવટ વિભાગમાં પણ આ અંગે સૂચના અપાય એવી મારી સરકારશ્રીને વિનંતી છે. લોકાર્પણના કાર્યક્રમો કરવામાં આવે છે તો એ તક્તીઓમાં પણ વિરોધ પક્ષના ધારાસભ્યોનાં નામ લખવામાં નથી આવતાં.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ(મણીનગર) : માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય મંત્રીશ્રી માગણી નં. ૫૪, માહિતી અને પ્રસારણની જે લઇને આવ્યા છે એને હું અનુમોદન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું. સરકારની જે જનકલ્યાણકારી યોજનાઓ છે, જનહિતલક્ષી કાર્યક્રમો છે એની સિદ્ધિઓની જાણકારી આખા ગુજરાતમાં તમામ સમૂદાયોને થાય તે માટે વિવિધ પ્રચાર પ્રસારના માધ્યમો દ્વારા સરકારના વિવિધ વિભાગો અને પ્રજાજનો વચ્ચે સેતુ બનવાનું કામ આ ટેકનોલોજીના યુગમાં ખુબ અદ્યતન રીતે આપણો માહિતી અને પ્રસારણ વિભાગ ઉમદા કામગીરી બજાવી રહ્યો છે. આપણે જોઇએ છીએ કે ગુજરાત સરકારે સેંકડો યોજનાઓથી ગુજરાતના તમામ લોકોને એ વિદ્યાર્થી હોય, ખેડૂત હોય, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, વિકસતિ જાતિ, વિકસિત જાતી એવી હજારો પ્રકારની અલગ અલગ યોજનાઓ લોકોના હિત માટે કરેલી છે. આપણે જોઇએ છીએ કે ગુજરાતમાં આપણી સંસ્કૃતિની પરંપરા અનુસાર દરેક સરકારના કાર્યક્રમો અને વિવિધ મેળા, લોકોત્સવ દરેક જિલ્લાવાઇઝ યોજાતા હોય છે એમાં માહિતી વિભાગ દ્વારા જે ફિલ્મ બનાવવામાં આવે છે અને જનજાગૃતિ કરવામાં આવે છે તો એની અંદર લોકોની યોજનાઓ, કઇ કઇ યોજના લોકોને એમાં મદદરૂપ થશે, આ જે યોજનાઓ છે એ થકી એમાં લોકો ભાગીદાર થાય એના માટે જિલ્લાવાઇઝ કાર્યક્રમો થાય છે. મને યાદ છે કે હું જયારથી આ ગૃહમાં આવ્યો ત્યારથી દરેક વિધાનસભા સત્રમાં આ જે ખર્ચ કર્યા છે એને માનનીય વિરોધ પક્ષના મિત્રો તાયફા કહે છે. આ શબ્દની એટલા માટે મારે આજે ક્લેરિટી કરવી છે, ગરીબ કલ્યાણ યોજના અને એના જેવી બીજી યોજનાઓ હોય એમાં સરકાર એવું કરે છે કે ઘેર ઘેર સરકારના અધિકારીઓને મોકલે છે, અને પહેલાં જે ૫,૦૦૦ રૂપિયાની વસ્તુ હોય એમાં સહી કરાવીને ૫૦૦ રૂપિયા પણ મળતા નહોતા અને હવે તો ડાયરેકટ એને બસ દ્વારા લઇ જાય છે, ખૂબ સુંદર મંડપ નીચે બેસાડે છે, એને ભોજન માટે સાત્વિક ભોજન આપે છે અને આ બધી જ વ્યવસ્થાઓ ગરીબ અને મધ્યમ વર્ગ માટે કરે છે અને આવા ખર્ચને, લોકોના માટે કરેલા ખર્ચને આપના માધ્યમથી જો આને તાયફા કહેતા હોય તો ગરીબોના વિકાસ માટે ગરીબોના કલ્યાણ માટે આ યોજનાઓમાં માહિતી વિભાગે જે લોકોના ફીડબેક કર્યા છે. સરકારે કેટલા કરોડ રૂપિયા આપ્યા એ અગત્યનું નથી. પણ એક શાકભાજીની લારીવાળો હોય કે પછી દૂધનું કેન્દ્ર મળ્યું હોય તો એના પ્રતિભાવ કે મને આ મળ્યું. આટલી મહેનત કરી મહિને ૧૫ હજાર રૂપિયા કમાઉ છું. આ પ્રોત્સાહન ફિલ્મો આખા ગુજરાતમાં બતાવે જેથી કરીને ગરીબોનું ઉત્થાન થાય. એક તો આજે આપણા માનનીય મુખ્યમંત્રીશ્રીને 'કાશ્મીર ફાઇલ્સ' ફિલ્મને ટેક્સ-ફ્રી કરવા માટે ગુજરાતની પ્રજા વતીથી ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આ આપણી સંસ્કૃતિમાં આપણા ઉપર થયેલ અત્યાચાર ભૂલવા ન જોઇએ. આજે જોઇએ છીએ કે ઘણીવાર વાત કરીએ તો ખ્યાલ આવે છે કે જ્યાં ૨૫ ટકાવાળા હોય ત્યાં ૭૫ ટકા થઇ જાય અને ૭૫ ટકા વાળા ૧૦ ટકા થઇ જાય એવી હાલત છે. ભવિષ્યની પેઢીને શું બોધપાઠ લેવાનો છે? રાજકીય પાર્ટીઓએ પણ આપણા અસ્તિત્વ માટે આ શીખવાની ખૂબ જરૂર છે. આપણા ગુજરાતના બેરોજગારો માટે રોજગાર સાપ્તાહિક, ગુજરાત રોજગાર સમાચાર એ માત્ર ૩૦ રૂપિયાના વાર્ષિક લવાજમથી બેરોજગાર

યુવક-યુવતિઓને ગુજરાતમાં અથવા ગુજરાત બહાર સ્વરોજગાર અને રોજગાર માટે એક પાક્ષિક આવે છે. માત્ર ૩૦ રૂપિયા વાર્ષિક લવાજમ છે એના માટે માહિતી વિભાગને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આપણું ગુજરાત છે એની ઘણી બધી બાબતો શીખવા જેવી છે. આપણા પ્રવાસન સ્થળો જેવા કે દ્વારકા, સોમનાથ, સ્ટેચ્યુ ઓફ યુનિટી, નર્મદા ડેમ આ બધું જોવાલાયક છે. એની બધી જ માહિતી, આપણા સંસ્કાર અને સંસ્કૃતિ આ બધા વિશે માહિતી વિભાગ દ્વારા અંગ્રેજી ભાષામાં દર ત્રણ મહિને The Gujarat સામયિક પ્રિન્ટિંગ કરીને ગુજરાત બહાર અને વિદેશમાં આવી માહિતી આપી ગુજરાતના પ્રવાસન સ્થળો અને બાકીના લોકો અહીંયા આવે એના માટે બહાર પાડવામાં આવે છે. છેલ્લે આપણા પ્રજાસત્તાક દિવસ ૨૬મી જાન્યુઆરીના દિવસે જેમ દરેક જગ્યાએ દરેક રાજ્ય પોતાની સંસ્કૃતિ પ્રમાણે પોતાના ટેબ્લો મૂકે છે. હું ગુજરાત સરકારને અભિનંદન આપીશ કે આઝાદીના જંગમાં ગુજરાતના આદિવાસીઓનું યોગદાન એ ટેબ્લો મૂકીને આપણી આઝાદીમાં આદિવાસી સમાજે આપેલ યોગદાનનો આખા દેશમાં પ્રચાર કર્યો છે.

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા(કાલાવડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સામાન્ય વહીવટ વિભાગ અને માહિતી પ્રસારણ વિભાગની માગણી નં. ૩૧, ૩૩ અને ૫૪ લઇને આવ્યા છે ત્યારે હું એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે ગુજરાત અને આપણા પ્રદેશમાં નોકરીનું ખૂબ મહત્વ છે. એમાં પણ સરકરી નોકરી ખૂબ મહત્વની છે. વિદ્યાર્થીઓ આખું જીવન એનું ભણવામાં ખર્ચી નાખે અને સરકારી નોકરી એ એનું સ્વપ્ન હોય છે. એટલા માટે ખાલી સરકારી નોકરિયાત નહીં પણ એ જો સરકારી નોકરિયાતના પત્ની હોય તો એનું પણ મહત્વ એટલું જ છે. એટલે કહેવાય છે કે જમાના તો હૈ નોકર બીવી કા. આ એક ગુજરાત સરકારની નોકરી વિદ્યાર્થીઓ માટે ખૂબ મહત્વની છે ત્યારે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા જ્યારે આવી પરીક્ષા યોજાય છે તો એ પરીક્ષામાં કયા કયા પ્રકારનું ધ્યાન રાખવું જોઇએ? અંબાલાલ પટેલ આગાહી કરે કે બે-ચાર દિવસ પછી વરસાદ થવાનો છે પણ જ્યારે વિદ્યાર્થીઓ ઇન્ટર્વ્યૂમાં કે લેખિત પરીક્ષામાં જાય છે, ત્યારે એ વિસ્તારમાં વરસાદ, વાવાઝોડું કે બીજી કોઇ નુકસાની તો આવે તેમ નથી ને એ બાબતનો ખ્યાલ રાખવો જોઇએ. આ ઉપરાંત વિદ્યાર્થીનું જે પરીક્ષા કેન્દ્ર હોય ત્યાં સુધી પહોંચવા માટે વાહનની શું સુવિધા છે કારણકે આપણા પરીક્ષા કેન્દ્રો શહેરથી દૂર સીમ વિસ્તારની અંદર આપણે શાળા કોલેજો ઉભી કરી છે ત્યાં પરીક્ષા કેન્દ્રો આપણે ઉભા કરીએ છીએ જેના કારણે ત્યાં પહોંચવા માટે ખાસ કરીને દીકરીઓ ખૂબ હેરાન થાય છે એટલે જયારે આપણે પરીક્ષાનું આયોજન કરીએ ત્યારે સરકારે આ પણ વિચારવું જોઇએ અને એક બીજી વાત જે ખાતાકીય પરીક્ષાઓ છે એમાં જે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન ૪,૫૦૦ કર્મચારીઓની ખાતાકીય પરીક્ષા લેવાની વાત છે. આ ખાતાકીય પરીક્ષા શું છે? કલાર્ક હોય એમાંથી ડેપ્યુટી મામલતદાર બની જાય અને જે ગોલ્ડ મેડાલિસ્ટ છે એ સતત ભણે છે. જે હોંશિયાર છે એને શું સમજવાનું? ખાતાકીય પરીક્ષા છે એ એક સવાલ ઉભો કરે છે. આ ઉપરાંત કર્મચારીઓની બદલીમાં સરકાર દ્વારા કર્મચારીમાં જે પતિ પત્નિ હોય એ સાથે રહીને સારું સામાજિક જીવન જીવી શકે એ ખૂબ મહત્વની બાબત છે પણ કેટલીય વાર રજૂઆતો કરવા છતાં પતિ પત્નિ અલગ અલગ નોકરી કરતા હોય મેં પોલીસ વિભાગમાં માનનીય પ્રદીપસિંહ જાડેજા હતા ત્યારે પણ એક બહેન પી.એસ.આઇ.ની બદલી માટે હું ગયો હતો. એના પતિ અને એ બંને જુદા રહેતા હતા. બાળકની સમસ્યા હતી પણ જયારે જઇએ ત્યારે હિંચકો જ નાખે અને કહે થઇ જશે. નવા ગૃહ પ્રધાન આવ્યા મને એમ હતું કે યંગ છે. સંવેદનશીલ હશે. જુવાન છે એટલે આ કદાચ કામ કરશે અને ત્યાં પણ જઇએ તો એમણે તો આકાશમાં મોટો ઝૂલો બાંધ્યો એવો હિંચકો નાખ્યો હજી સુધી એ મહિલા પી.એસ.આઇ.ની બદલી કરી નથી અને એના કારણે એના પત્નિ અને એ બંને નાસીપાસ થઇ ગયા છે અને અત્યારે એની મેન્ટલી દવા ચાલી રહી છે એટલે ખરેખર જયારે પતિ પત્નિ જુદા થતા હોય છે ત્યારે પતિનું કેટલું મહત્વ હોય છે? રોટી, કપડા ઔર મકાન ફિલ્મમાં આ નોકરીનું એટલું બધું મહત્વ હોય છે કે છેલ્લે એના વિયોગમાં એની પત્નિ કહે છે કે તેરી દો ટકીયોંકી નોકરી મેં મેરા લાખોંકા સાવન જાયે હાય હાય યે મજબૂરી. આવી મજબૂરીની વાત છે. એનો લાખોનો સાવન એનાથી અલગ થઇ જતો હોય અને આ *(xxx) શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. *(xxx) એ શબ્દ બરાબર નથી. એ દૂર થવા જોઇએ.

અધ્યક્ષશ્રી : *(xxx) એવું રેકર્ડ ઉપરથી આપણે દૂર કરીએ છીએ.

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આંગણવાડી વર્કરમાંથી મુખ્ય સેવિકા તરીકેની નિમણૂકો કરવા જિલ્લા પંચાયત દ્વારા શ્રેયાન યાદી બનાવવામાં આવે છે અને શ્રેયાન યાદીમાં મનગમતા કર્મચારીઓ ન આવે તો એનું પાછું ઇમ્પ્લીમેન્ટ થતું નથી. છેલ્લાં ૧૩ વર્ષથી વ્યાયામમાં ભરતી થઇ નથી તો કેવી રીતે રમશે ગુજરાત, ખેલશે ગુજરાત એ પણ સવાલો છે. વાત તો અનેક છે. ઇ.વી.એમ. મશીનની પણ છે અને ખાસ કરીને માનનીય ધારાસભ્યશ્રીની પણ વાત છે એમને ગ્રાન્ટ ઓછી આપવામાં આવે છે એ પણ પ્રશ્ન છે. ઇ.વી.એમ.ની અંદર ગામડાંની અંદર હજી પણ વાત કરું તો લોકોને હજી મતદાન કરતા નથી આવડતું, કારણ કે ઇ.વી.એમ. મશીનમાં ગોટાળા થાય એમ અર્થઘટન અવળું ન કરવામાં આવે પણ ગામડાંની અંદર મોક ડ્રીલ કરી અને ગરીબ લોકો સુધી મતદાન કેવી રીતે કરી શકાય એ પ્રકારની વ્યવસ્થા ઉભી થવી જોઇએ. જાગૃતતા લાવવી જોઇએ એ બાબત ખાસ મહત્વની છે. આ જે માહિતી અને પ્રસારણ વિભાગ પ્રિન્ટર મીડિયા કે ઇલેક્ટ્રોનિક

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

મીડિયા છે એના દ્વારા રાજકીય પ્રતિનિધિઓ જે ચૂંટાઇને આવ્યા છે એની વેલ્યુ દિવસે ને દિવસે ઘટતી જાય છે કારણકે એવી અફવા ફેલાવવામાં આવે છે કે ધારાસભ્યોને પેન્શન મળે છે વાસ્તવમાં મળતું નથી. આનું ક્લેરિફિકેશન થાય.

શ્રી જશુભાઇ શી. પટેલ(બાયડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સામાન્ય વહીવટ વિભાગ અને બીજા વિભાગો માટે માગણીઓ લઇને આવ્યા છે, તે માટે મારા વિચારો રજૂ કરું છું. રાજ્ય સરકાર ખૂબ સંવેદનશીલ છે, આવી વાતો વારંવાર થાય છે. એક ધારાસભ્ય તરીકે જ્યારે જ્યારે વહીવટી તંત્રને કોઇ કાગળ લખે છે, ત્યારે મહિનાઓ સુધી, વર્ષો સુધી એ પત્રનો નિકાલ આવતો નથી. એવી આ સંવેદનશીલ સરકારને વિનંતી છે કે સંવેદનશીલતાની વાતો કરે છે, ત્યારે સામાન્ય વહીવટ વિભાગે ધારાસભ્યશ્રી અગર તો સંસદસભ્યશ્રીએ લખેલા કાગળનો વહેલી તકે ઉકેલ લાવે. જવાબો મળે. એ વાત કરવા માટે માનનીય મંત્રીશ્રી જે કઇ લઇને આવ્યા છે, એમાં સમર્થન આપીએ. અમારી જવાબદારી છે. જનપ્રતિનિધિ તરીકે આવ્યા છીએ, ત્યારે અમારા પત્રનો જવાબ ન મળે જે ખૂબ ચિંતાનો વિષય છે. વાત એટલા માટે કરું છું કે મારા મત વિસ્તારમાં ધારાસભ્ય તરીકે મળેલા ફંડ પૈકી કોરોના વખતે ઓક્સિજન પ્લાન્ટ અને એમ્બ્યુલન્સની ફાળવણી માટે નાણાં ફાળવ્યાં હતાં. અમારા પડોશી ધારાસભ્ય જિગ્નેશભાઇ બેઠા છે. એમના ૭ દિવસની અંદર પ્લાન્ટ લોન્ચ થાય છે. એમને એમ્બ્યુલન્સ મળે છે. મને એક વર્ષ સુધી હજુ પણ તેનું વહીવટી કામ થયેલ નથી. કા તો પક્ષપાતિ ધોરણ છે કા તો વહીવટી તંત્ર ઉપર જે કઇ સૂચનાઓ આપવી જોઇએ તે અપાતી નથી. વહીવટી તંત્ર ઉંઘતું ઝડપાયું હોય તેવું મને દેખાય છે. રાજ્યના માર્ગ મકાન વિભાગની વાત કરું તો જેની અંદર આ વહીવટી તંત્ર પૈસા ફાળવ્યા પછી જોબ નંબર બહુ સરળ રીતે આપે છે. ખૂબ સારા સ્વભાવના છે કે જ્યારે અમે જઇએ છીએ, ત્યારે જોબ નંબર અને કામ પૂરું કરી આપે. વહીવટી તંત્ર વહીવટી મંજૂરી આપે, ટેકનિકલ સેંકશન આપતા હોય, એસ્ટીમેટ બનાવતા હોય, એમાં કામ કરતાં ખૂબ લાંબો સમય જાય છે. પણ એમાં એક અગત્યની બાબત છે. સામાન્ય વહીવટ વિભાગમાં રાજ્યની અંદર વ્યાજની આવકનો કોઇ હેડ નથી. હોય તો મને જણાવે? પણ અમલીકરણ અધિકારીઓ આ પૈસા એમના ખાતામાં રાખે છે. પ્રાઇવેટ બેન્કમાં કે મળતી જુલતી અધિકારીના બેન્કમાં પૈસા મૂકી આ વ્યાજની આવકમાં કઇક રંધાય છે એવું દેખાય છે અને અમલીકરણ પૂરું થતું નથી. રાજ્ય સરકારે આ બાબતમાં ખૂબ ચિંતા કરવાની જરૂરી છે. જે નાણાં રાજ્યના વિકાસમાં જનહિતમાં વપરાવવાં જોઇએ, તે પૈસા બેન્કમાં પડી રહે છે. સરકારની વગોવણી થાય છે. આવા પૈસા પડી ન રહે અને ઝડપથી અમલ થાય. અને કામ ઝડપથી પૂરું થાય તો લોકોને ઉપયોગી થાય. ધારાસભ્ય અને સંસદસભ્ય દ્વારા જે કાગળો લખાય છે સામાન્ય વહીવટ વિભાગ એની સૂચના આપતું નથી. આપે છે તો તંત્ર કામ કરતું નથી. જેના કારણે આ તંત્ર અને રાજ્ય સરકાર વગોવાય છે. એ બાબતે થોડું ધ્યાન આપે. ખાસ કરીને વિનંતી છે કે વધુ પૈસા માગ્યા છે, ત્યારે મારા વિસ્તારની અને બાજુની વાત કરું તો ડીઆરડીએની અંદર મારા મેઘરજ તાલુકામાં નરેગા યોજનામાં ખૂબ મોટું કઇક રંધાયું છે. વારંવાર સંકલનમાં વાત કરી. આ બાબતનું તથ્ય રાજ્ય સરકાર જ્યારે સામાન્ય રીતે કોઇપણ અધિકારીની તપાસ હોય તો તેના ઉપરી અધિકારીને જેમ કે મામલતદાર હોય તો તેની તપાસ પ્રાંત કરી શકે, નહિ કે નાયબ મામલતદાર. આ ડીઆરડીએ મેઘરજની અંદર જે કઇ થયું છે એમાં કોમ્પ્યૂટર બાળી નાખવામાં આવ્યા. રેકોર્ડ બાળી નાખવામાં આવ્યા. વારંવાર રજૂઆત થઇ છતા કોઇ ઠોંસ તપાસ થઇ નથી.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગ અને માહિતી, પ્રસારણ અને કાયદા વિભાગના મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે, તેમાં હું મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું. મારા સાથી મિત્ર દ્વારા અહીયા કહેવામાં આવ્યું છે, એટલે લાંબી વાત નહિ કરું. જે કાશ્મીર ફાઇલ પિકચરની વાત કરી છે, ત્યારે એટલું ધ્યાન દોરવાનું કે કાશ્મીરમાંથી પંડિતોએ હિજરત કરી ત્યારે દિલ્હીમાં કોની ભાગીદારીવાળી સરકાર હતી એ ન ભૂલે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય હિતુભાઇએ જે વાત કરી કે, લોકશાહીના ધબકારા થકી સરકારની કામગીરી લોકો સુધી પહોંચે છે તે સારી વાત છે. સરકાર પોતાની કામગીરી પહોંચાડે તેના માટે લોકશાહીના ધબકારા છે તો અમારી માગણી વર્ષોથી થતી આવી છે અને આજે પણ માગણી કરીએ છીએ કે વિધાનસભાનું લાઇવ પ્રસારણ કરવામાં આવે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી,

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય ભુપેન્દ્રસિંહ મેં એવી કોઇ વાત નથી કરી...

અધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ક્લેરિફિકેશન છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, રેકર્ડ ઉપર સાચી વાત જાય એટલે કે, જે તે વખતે કમસેકમ ભારતીય જનતા પાર્ટીની ભાગીદારીની સરકાર તો ન્હોતી જ. નરસિંહરાવની સરકાર હતી.

અધ્યક્ષશ્રી : માનનીય પુંજાભાઇ આપનો સમય જાય છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાનું લાઇવ પ્રસારણ કરવામાં આવે અને સરકારની કામગીરી લોકો સુધી પહોંચે અને અમે વિપક્ષ તરીકે પ્રજાના પ્રશ્નોને વાચા આપીએ છીએ તે વાત પણ લોકો સુધી પહોંચશે. અમને આશા છે કે, હિતુભાઇની લાગણી છે તે આ સરકાર સ્વીકારશે. હું ભૂતકાળમાં લઇ જવા માગું છું. ભૂતકાળમાં રાજકોટ એરપોર્ટની બાજુમાં ટોચ મર્યાદા ધારા નીચે જે જમીનો ફાજલ પડી અને તેમાંથી જમીન કૌભાંડ થયું અને સુરેન્દ્રનગરના કલેકટરે તપાસ કરીને સી.આઇ.ડી. ક્રાઇમમાં ફરિયાદ દાખલ કરી અને તે તપાસ વખતે મેં વિધાનસભામાં રજૂ કરેલી વાતનું આજે

પુનરાવર્તન કરું છું. તે વખતે માનનીય મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ મેં કરેલી વાતનો જવાબ આપ્યો હતો કે માનનીય અધ્યક્ષશ્રી મારી વાતની શરૂઆત કરું તે પહેલાં શ્રી પુંજાભાઇએ જે વાત કરી હતી તેની ચોખ્ખવટ કરવા માગું છું. અમારે ભ્રષ્ટાચાર કરવો નથી, કરવા દેવો નથી અને છાવરવો પણ નથી. આ વાત જે તે વખતે તત્કાલીન મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ કરી હતી. આજે તેને ત્રણ વર્ષ થયાં છે. આ જમીનનું જે કૌભાંડ થયું હતું તે રાજ્યના કાયદા વિભાગ સુધી પહોંચે છે. સી.આઇ.ડી. ક્રાઇમે કાયદા વિભાગના અધિકારીઓની ફાઇલો તપાસી, તેમના મોબાઇલ ફોન લઇ લીધા. મોબાઇલ ફોનની સી.ડી. બનાવવામાં આવી. બીજા અધિકારીઓને તમે જેલમાં નાખ્યા. નાયબ કલેકટર, મામલતદાર અને સર્કલ ઓફિસરને જેલમાં નાખ્યા, પણ કાયદા વિભાગના અધિકારીઓની તપાસ કર્યા પછી, રાતના બાર વાગ્યા સુધી કાયદા વિભાગની સી.આઇ.ડી. ક્રાઇમે તપાસ કરી પણ તપાસના અંતે કાયદા વિભાગના અધિકારીઓ, જે તે વખતે કાયદા વિભાગના અધિકારીએ સી.આઇ.ડી. ક્રાઇમને પત્ર લખ્યો કે અમે ખાતાકીય રાહે તપાસ કરીને પગલાં લઇશું. માનનીય મંત્રીશ્રીએ પણ જે તે વખતે આનો ઉલ્લેખ કર્યો હતો. હું લાંબી વાત નથી કરતો. છતાં પણ આજદિન સુધી રાજ્યમાં કોઇ પ્રજાને અન્યાય થાય અને તેની સામે ન્યાય મેળવવા માટે...

અધ્યક્ષશ્રી : આપની પાસે એક મિનિટ છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, કાયદા વિભાગનો આશરો લેવામાં આવે છે અને તે કાયદા વિભાગ જ જો ભ્રષ્ટ હોય તો ન્યાય કોની પાસે મેળવવાનો? સામાન્ય વહીવટ વિભાગના અનુસંધાને કહું તો આજે પણ કાયદા વિભાગની અંદર એક ડેપ્યુટી સેક્રેટરી વર્ષ ૨૦૦૮-૦૯ માં નિવૃત્ત થયા છે અને હજી પણ ચાલું છે. એક સચિવશ્રી આજે નિવૃત્ત થઇ ગયા છે અને તેને ૧૧ થી ૧૨ વર્ષ થયાં છે છતાં પણ હજી નોકરીમાં ચાલુ છે. અહીં વાત કરે છે કે, અમે સરકારના ભરતી કેલેન્ડર મુજબ ભરતી કરીશું. આટલા લાંબા સમય સુધી શા માટે અધિકારીઓ ચાલુ રહે છે? હૃદય જે છે તેમાં બ્લડ સરક્યુલેશન સારું થાય તો હૃદય બરાબર ચાલે છે. તો આ જૂના લોકો દસ-દસ, બાર-બાર વર્ષથી રિટાયર્ડ થઇ ગયા છે તો નવું લોહી સામાન્ય વહીવટ વિભાગ દ્વારા આપવામાં આવે, તેના પછીના જે લોકો છે તેનો વારો આવે અને રાજ્યની અંદર કંઇક સારું કામ કરી શકે તે માટે આ કાયદા વિભાગના અધિકારીઓ માટે જે તે મંત્રીશ્રીને કહ્યું છે તેની તપાસ કરવામાં આવે અને તેની સામે પગલાં લેવામાં આવે.

ડો. સી. જે. ચાવડા(ગાંધીનગર-ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગની માગણીઓ ઉપર હું મારા વિચારો રજૂ કરું છું. ગુજરાતમાં સામાન્ય વહીવટ ઉભો કરવાનું કામ કોંગ્રેસની સરકારે કરેલો. સમજજો. ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા વર્ગ-૧ અને વર્ગ-૨ ની ભરતી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા વર્ગ-૩ અને વર્ગ-૪ ની ભરતી, તેમાં તમામ કેડર આવી જાય છે. પંચાયત સેવા પસંદગી બોર્ડમાં જિલ્લામાં તમામ કેડરની ભરતી થાય. પોલીસ ભરતી બોર્ડમાં પોલીસની અલગથી ભરતી થાય. પરંતુ આ બધી જ વૈધાનિક સંસ્થાઓ છે તેને બાજુએ રાખી ગૌણ સેવા પસંદગી મંડળની ભરતીઓ બંધ થઇ ગઇ. કારણો જુદાં છે. પેપર લીક થયા, પેપર ફૂટી ગયા. પરીક્ષાઓ લેવાતી નથી, તપાસ પંચ બેઠા એ ઉભા થતા નથી. એવા ઘણાં બધાં કારણો છે પણ પરીક્ષા થતી નથી એટલે ગૌણ સેવાનું કામ કશું રહ્યું નહીં. ગૌણ સેવાનું કામ એક જ રહ્યું કે એનો ચેરમેન સાચો છે કે ખોટો છે એની તપાસ કરો, કાઢી મૂકો કે રાખો એમાં સરકારનો સમય જાય છે. પંચાયત પસંદગી બોર્ડ તો બિલકુલ મૃતપ્રાય થઇ ગયું હતું. હમણા જાગૃત થયું એટલે આ બધી સંસ્થાઓ મૃતપ્રાય થઇ ગઇ છે ફક્ત આઉટસોર્સિંગથી ભરતી કરી સામાન્ય વહીવટ હતો એ સામાન્ય ગેરવહીવટ થઇ ગયો છે. એટલે આમાં કાળજી રાખવી જોઇએ અને જે કેલેન્ડર દસ વર્ષનું બહાર પાડ્યું છે એ પ્રમાણે ભરતી થવી જોઇએ. જે ફિક્સ પગારથી ભરતી થઇ એમાં સુપ્રીમ કોર્ટ સુધી આપણે હારી ગયા. સુપ્રીમ કોર્ટે પણ કહ્યું કે આ શોષણ છે, રેગ્યુલર પગારની નિમણૂક આપવી જોઇએ, પણ એ કોર્ટની મેટર છે એટલે એમાં પડતો નથી. હવે ધારો કે શિક્ષકમાં પાંચ વર્ષ માટે ફિક્સ પગારમાં નોકરી કરી પછી એના એ વ્યક્તિ તલાટીમાં પસંદ થાય એટલે પાછી પેલા પાંચ વર્ષની નોકરી જાય એની અને ફરી પાછી ફિક્સ પગારની પાંચ વર્ષની નોકરી કરવાની અને પછી એના એ વ્યક્તિ ડેપ્યુટી એસ.ઓ. કે નાયબ મામલતદારમાં સિલેક્ટ થાય એટલા પેલા પાંચ વર્ષ કે ચાર વર્ષ કર્યા હોય એ એના ગયા અને ફરી પાંચ વર્ષ ફિક્સ પગારની નોકરી કરવાની આમ, ૧૫-૧૫ વર્ષથી લોકો ફિક્સ પગારમાં નોકરી કરે છે. આ કેવું શોષણ? આમાં તમે કોઇ નિયમ ન બનાવી શકો? આમાં સામાન્ય વહીવટ વિભાગ કંઇ વિચારી ન શકે? સામાન્ય રીતે પાંચ વર્ષ પૂરાં થાય એટલે સળંગ નોકરી ગણવી જોઇએ અને સરકારની એક કેડરમાંથી બીજી કેડરમાં જાય ત્યારે રાજીનામુ નહીં પરંતુ એની સળંગ નોકરી ગણાવી જોઇએ અને એને તમામ લાભો મળવા જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, હિતુભાઇ કહેતા હતા એમાં મારે ધ્યાન દોરવું છે કે, કશ્મીર ફાઇલ, કાશ્મીરમાં થયેલા જે કંઇ તોફાનો હોય કે પંડિતોનું શોષણ થયું કે પંડિતોને હિજરત કરવી પડી હોય એમાં અમે પણ દુઃખમાં ભાગીદાર છીએ. એવું નથી કે તમે એકલા જ છો? પરંતુ તમારે યાદ કરાવવાની જરૂર હતી, આજે જેમ અમને યાદ કરાવ્યુંને એમ જ્યારે પી.ડી.પી. સાથે જોડાણ કરીને કાશ્મીરમાં મુફતી મહેબુબા સૈયદ સાથે ભારતીય જનતા પક્ષે *(xxx) એ વખતે યાદ કરાવવાની જરૂર હતી કે આપણે આ સત્તા માટે આ ન કરી શકાય. મુફતી મહમદ સૈયદ જે પાકિસ્તાનની વાતો કરે છે એની સાથે જોડાણ ન કરી શકાય.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

જ્યારે યાદ કરાવવાનું હોય છે ત્યારે યાદ કરાવતા નથી અને અત્યારે તમે યાદ કરાવવા નીકળ્યા છો? જો કે તમારી ઉંમર એ વખતે નાની હશે એટલે કદાચ તમે યાદ નહીં કરાવ્યું હોય. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી,

શ્રી આત્મારામ પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, *(xxx) એમ ન કહી શકાય, જોડાણ કર્યું એમ કહેવું જોઇએ.

અધ્યક્ષશ્રી : માનનીય ચાવડા સાહેબ, આપ બહુ સિનિયર છો આવા શબ્દો બોલો એ ન ચાલે હું *(xxx) એ શબ્દો રેકોર્ડ ઉપરથી દૂર કરું છું. જોડાણ કર્યું એમ કહો.

ડૉ. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, રાજકીય જોડાણ કર્યું એમ કહીશ. માનનીય અધ્યક્ષશ્રી, કાયદા મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે, એક જ પ્રકારના કેસ હાઇકોર્ટમાં કે સુપ્રીમ કોર્ટમાં જાય અને એનું જજમેન્ટ આવે અને એવા જ પ્રકારના કેસમાં બીજી વ્યક્તિ અરજદાર હોય તો સરકારે અને કાયદા વિભાગે એનું મુલ્યાંકન કરીને એનો લાભ આપવો જોઇએ. દરેક વ્યક્તિ કોર્ટમાં જાય કે દરેક વ્યક્તિ સુપ્રીમ કોર્ટમાં જાય એવું ન હોવું જોઇએ. એક દાખલો આપું કે સુપ્રીમ કોર્ટે હમણા સરકારની ટીકા પણ કરી અને એક જજમેન્ટ આવ્યું કે, યુ.જી.સી. દ્વારા જે નિયમો ઘડવામાં આવ્યા છે અને નામદાર રાજયપાલશ્રી દ્વારા નિયમો ઘડીને જે પ્રમાણે વાઇસ ચાન્સેલરની નિમણૂક થવી જોઇએ એ પ્રકારના વાઇસ ચાન્સેલરની નિમણૂક ગુજરાત સરકાર દ્વારા થતી નથી. જેને વાઇસ ચાન્સેલર તરીકે સરદાર પટેલ યુનિવર્સિટીમાં નિમણૂક આપી હતી એની સુપ્રીમ કોર્ટે ટીકા કરી અને રદ કરી અને કહ્યું કે આમાં યુ.જી.સી.ના નિયમો પ્રમાણે અને સરકારના નિયમો પ્રમાણે આ નિમણૂક થઇ નથી અને આ તાત્કાલિક દૂર થવી જોઇએ. યથા રાજા તથા પ્રજા, સુપ્રીમ કોર્ટના જજે જજમેન્ટમાં લખવું પડ્યું છે કે, યથા રાજા તથા પ્રજા, જેથી ચાણક્ય નીતિનું વાક્ય છે એનું ઉલ્લંઘન અહીંયા આ સરકારમાં થયું છે, તો એવા જેટલા પણ વાઇસ ચાન્સેલરની નિમણૂક થયેલી છે, ગુજરાતમાં જે ૧૫-૧૬ વાઇસ ચાન્સેલરો છે, જે એસ.પી. યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલરની જેમ લાયકાત ધરાવતા નથી એનો કાયદા વિભાગે અભ્યાસ કરી અને કોર્ટમાં જાવ. કેમ કે, સુપ્રીમ કોર્ટ સુધી અમે લડીએ કે પ્રજા કોર્ટમાં જઇને લડે એની રાહ જોયા વગર આવા તમામ લાયકાત ન ધરાવતા હોય એવા વાઇસ ચાન્સેલરોને તાત્કાલિક ધોરણે દૂર કરવા જોઇએ જેથી ગુજરાત સરકારની ઇમેજ ન ખરડાય અને તમારી સાથે સાથે અમારી પણ ઇમેજ ન બગડે એટલા માટે આપણે એની કાળજી રાખવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, ઉત્સવો, ચીફ મિનિસ્ટરના કાર્યકાળ દરમ્યાન સારાં કામ કરે તો ઉત્સવ ઉજવે. માનનીય રૂપાણી સાહેબે ચાર વર્ષ પૂરાં કરીને ઉત્સવ ઉજવવાનું ચાલું કર્યું, જિલ્લે જિલ્લે જઇને ઉત્સવ ઉજવવાનું ચાલું કર્યું અને એની પાછળ રાજકીય મેળાવડા થાય, ખર્ચ થાય, સરકાર ઉપર ખર્ચનું ભારણ પડે અને ઉત્સવો તો ચાલું છે, સફળતાના ઉત્સવો તો ચાલું છે ત્યાં તો રૂપાણી સાહેબ જ બદલાઇ ગયા. તો એકબાજુ સફળતાના તમે ઉત્સવો ઉજવો છો અને ચાર વર્ષે તમને બદલી નાંખ્યા એ સફળતા વધારે પડતી કરી એટલે બદલ્યા કે નિષ્ફળતાના લીધે બદલ્યા? એ એટલા માટે પૂછું છું અહીંયા કે એની પાછળ ખર્ચ થયો છે અને હવે નવા મુખ્યમંત્રી આવ્યા એટલે નવા મુખ્યમંત્રીના પાછા ૧૦૦ દિવસ પૂરા થયા એટલે ઉત્સવો ઉજવો, વળી પાછા ૨૦૦ દિવસ પૂરા થશે એટલે ઉત્સવ ઉજવશો, વળી પાછા ૩૦૦ દિવસ પૂરા થશે ઉત્સવ ઉજવશો. તમારે આ સામાન્ય વહીવટ વિભાગમાં જે કોઇ મુખ્યમંત્રી કે જે કોઇ સરકાર કામગીરી કરે છે, મંત્રી પરિષદ કામ કરે છે તે પ્રજાને કે અમને સમજાવવામાં તમે નિષ્ફળ ગયા છો એટલે ઉત્સવો કરીને ત્યાં જવું પડે છે. આખું મંત્રી પરિષદ નિષ્ફળ ગણાય કે તમે તમારી વાત પ્રજાને અને અમને સમજાવી ના શકયા એટલે ગામડે ગામડે જવું પડે છે.

માનનીય અધ્યક્ષશ્રી, શંકા જયારે થાય ચૂંટણી પંચની સામે અત્યારે શંકાની સોય જાય છે. જે તે રાજયમાં જે તે પક્ષો અને વખતો વખત લાલકૃષ્ણ અડવાણી સાહેબે આ ઇ.વી.એમ. પ્રત્યે શંકા વ્યકત કરેલી કે ઇવીએમમાં કંઇક ગોટાળા થાય છે. એટલે ઇવીએમ પ્રત્યે કોઇ ભાજપ પ્રત્યે કે મોદી સાહેબ પ્રત્યે કે કોઇના પ્રત્યે અમને શંકા નથી, પણ ઇવીએમ એટલે ચૂંટણી પંચ પ્રત્યે શંકાની સોય જાય છે કે તટસ્થ ચૂંટણીઓ થતી નથી તેની કાળજી આપણે બધાયે ભેગા મળીને રખાવવી પડે અને તેની આંગળી આપણાં સુધી ના આવે એ પણ ધ્યાન રાખવુ જોઇએ. હજુ આની અંદર જે કંઇ સૂચનો થયાં છે, તેનુ કાયદા મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રી ધ્યાન રાખે એટલી વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એક મિનિટ પણ મારે સી.જે.ચાવડાને ડિસ્ટર્બ નહોતા કરવા એટલે હું સાંભળતો હતો. તેમણે આ બદલાયું, ના બદલાયું બધુ કરે છે તો તેમનું આ બધુ બદલાઇ ગયુ. પ્રમુખ બદલાઇ ગયા, બધા દંડકો બદલાયા, બહાર તમારી ઓફિસ તમને ઉત્સવ તો શું કશું કરવાનો હક્ક જ નથી. તમારે તો બારમા સિવાય હવે કશું કરવાનુ નથી. મારે એટલા માટે કહેવુ પડે કે આ પક્ષની એક પરંપરા છે, પદ્ધતિ છે તે બધુ ચાલ્યા કરે તેમાં તમે બધા બહુ ખુશ ના થશો. તમારે કોઇ જગ્યાએ ખુશ થવાની કયાંય જરૂર નથી. હજુ વધારે તકલીફ અને આ બધુ ઓછું થાય એવા દિવસો આવી રહ્યાં છે અને અમે જ લાવીશું.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (સામાન્ય વહીવટ વિભાગ અને માહિતી અને પ્રસારણ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે મારે સંયુકત રીતે સરકારના ત્રણ મહત્વના વિભાગો અંગે ચર્ચા અને મારા વિચારો મૂકવાના છે. જે માગણી સામાન્ય વહીવટ વિભાગ તરફથી આવી છે તેમાં ૩૨ કાપ દરખાસ્તો મૂકેલી છે. માહિતી અને પ્રસારણ વિભાગના

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

સંદર્ભમાં માગણી ક્રમાંકઃ ૫૪માં ૨૬ મિત્રોએ કાપ દરખાસ્ત મૂકી છે. કાયદા વિભાગ કે જેમાં ખરેખર કોઇ કાપ દરખાસ્ત હોવી ન જોઇએ એવુ હું માનુ છું એ માગણી ક્રમાંકઃ ૬૦ ઉપર તેમાંય ૧૨ કાપ દરખાસ્ત આવેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને એમ થયુ કે હું મારા વિચારો પહેલાં મૂકું કે તમે જે પ્રશ્નો મૂકયા છે તેના જવાબ આપું. મારા વિચારો મૂકીશ તો સમય ઓછો પડશે કારણ કે સરકાર જે સૂચારૂ રૂપે ચાલતી આવેલી છે તે ભાજપની સરકાર છે. વ્યકિત બદલાય કે ના બદલાય અને તમે તો અમારૂં અનુકરણ કરો છો. તમારામાં પણ કોઇ જ કારણ નહોતું તો પણ કેમ બદલી નાંખ્યા ? એટલે આ વિચાર પાર્ટીના અંગત વિચારો હોય, સરકાર કેવી રીતે ચલાવવી સૂચારૂ રૂપે વધુ સારી રીતે ચલાવવા માટ મેં આગલા પ્રવચનમાં પહેલાં જ કહ્યું કે આ રીલે રેસ જેવુ છે. અમે આટલુ આગળ વધાર્યું માનનીય વિજયભાઇ રૂપાણી સાહેબે જેટલુ આગળ વધાર્યુ તેનાથી આગળ હવે માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલના હાથમાં રેસનો એ આવ્યો છે તો આ રેસ છે તે રીલે રેસ છે તો ભારતીય જનતા પાર્ટીની રીલે રેસ હજુ બીજાં ૨૫ વર્ષ ચાલુ રહેવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિપક્ષના નેતાશ્રી હાજર નથી, પરંતુ તેમણે જે મુદ્દો રજૂ કર્યો હતો કે લોકાયુકતમાં નિયુકિત થઇ નથી તે કરવી જોઇએ. કદાચ તે બાબતનો ખ્યાલ નહીં હોય. નિવૃત્ત ન્યાયમૂર્તિશ્રી આર.એચ.શુકલ લોકાયુકત તરીકે નિયુકત થયેલા છે અને લોકાયુકત કેટલી તાકાતથી કામ કરે છે તેનો એક દાખલો હમણાં મળ્યો છે. તત્કાલીન કાયદા અને શિક્ષણ મંત્રી માનનીય ભૂપેન્દ્રસિંહજી હમણાં જ લોકાયુકતે નોટિસ કાઢી અને તે બાબતમાં માનનીય ભૂપેન્દ્રસિંહજી હાજર પણ થયા આ લોકાયુકતની તાકાત છે અને તેને આપણે સૌએ સ્વીકારવી રહી. એટલે નિમણૂક થયેલી છે અને એ પદ ભરાયેલું છે તે બાબતનો ખુલાસો જરૂરી હતો એટલે મેં કહ્યું. માનનીય નૌશાદભાઈએ રીમા મુનશીના સંદર્ભમાં આક્ષેપ કર્યો તો એ બાબતમાં વિગતવાર જવાબ આપું તે પહેલા બીજા નાના પ્રશ્નો છે એ લઈ લઉં. માનનીય કિરીટભાઈએ કોર્ટોમાં ક્રિમિનલ અને સિવિલ કેસોના ભરાવા અને નિકાલના વિલંબનો જે ઉલ્લેખ કર્યો છે તેમાં બધાને નમ્રતાપૂર્વક વિનંતી કરું છું કે જ્યાં કાયદા વિભાગની વાત આવે છે એ કેસોના વિલંબના સંદર્ભમાં આપણે કંઈ પણ ન બોલીએ તો વધારે સારું. સરકારે સંપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર આખા ગુજરાતમાં આપેલું છે. કદાચ ગુજરાતમાં તાલુકા અને જિલ્લાઓમાં જેટલી સારી અદાલતો છે એવી અન્ય જગ્યાએ નથી. એ ક્રેડિટ ગુજરાતને આપણે આપવી જોઈએ. કેસો ચાલવાની બાબતના માનનીય આત્મારામભાઈએ પણ ઘણાં બધાં કારણો કહ્યાં. વિલંબનાં અનેકવિધ કારણો છે તે આપણા પર્વ્યુમાં આવતા નથી. બંધારણની રીતે જ્યુડિશિયરી સ્વતંત્ર છે અને સ્વતંત્ર જ હોવી જોઈએ. જેથી કરીને આપણે એ વિષયની ચર્ચા ન કરીએ. હું મિત્રોને ફરી વિનંતી કરીશ કે જેમણે પણ કાપ દરખાસ્ત મૂકી છે તેમાં આમ તો બધા વિભાગમાં હું વિનંતી કરીશ પણ કમ સે કમ ન્યાય વિભાગમાં પરત ખેંચી લેશો તો આપના ક્રેડિટમાં એક વધારાનું પીછું ઉમેરાશે. Another feather in the cap. કેટલાક માનનીય ધારાસભ્યશ્રીઓએ પોક્સોના કેસોની બાબતમાં એવી રજૂઆત કરી છે કે અદાલત નથી, જજ નથી અથવા માનનીય કિરીટભાઈએ કહ્યું એમ જજને પોક્સોનો હોદ્દો આપવામાં આવતો નથી, તો તેમાં એક મોટી મોટી વાત કરું તો વર્ષ ૨૦૧૩ થી તા.૩૧/૧૨/૨૦૨૧ સુધીમાં દાખલ થયેલા ૧૯,૬૨૪ કેસોમાંથી નિકાલ થયેલ કેસો ૧૦,૩૩૨ છે. આમ, તા.૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ ૯,૨૯૨ કેસો પેન્ડિંગ છે, પરંતુ આપ જાણો છો કે એક કેસ પતે ત્યાં બીજો કેસ બનતો હોય છે એટલે આ ઉમેરો થતો રહેવાનો. કહેવાનો ભાવાર્થ છે કે ૧૯,૦૦૦ ઉપરાંતના કેસો હોય અને તેમાંથી અડધો અડધ કેસોનો નિકાલ થતો હોય ત્યારે જજ નથી કે અદાલત નથી એવું માનવું યોગ્ય નથી. આ બાબતની કાપ દરખાસ્ત હોય તો પાછી ખેંચવી જોઈએ. જો કે સ્પેસિફિક એવી બાબત માટે કોઈ કાપ દરખાસ્ત મૂકી નથી. માનનીય નૌશાદભાઈ સોલંકીએ સામાન્ય વહીવટ વિભાગ માટે એવી રજૂઆત કરી કે, કોવિડના સાધનોની રજૂઆતના સંદર્ભમાં એમ.એલ.એ. ગ્રાન્ટ વર્ષ ૨૦૨૧-૨૨ની વિગતો બાબતમાં કોરોનાની મહામારી સંદર્ભમાં આપણે તમામે જે કાંઈ કાર્ય કર્યું છે તે અભિનંદનીય છે અને આપણે પોતાના માટે પાટલી થપથપાવીએ કે તમે તેમાં ફાળો આપ્યો છે. આ પક્ષ કે તે પક્ષ નહિ પણ આપે સૌએ પણ ફાળો આપ્યો છે. આ બાબતમાં વર્ષ ૨૦૨૧-૨૨ની એમ.એલ.એ. ફંડની જોગવાઈમાંથી આરોગ્ય ક્ષેત્ર માટે રૂ.૯૯.૬૪ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવેલી છે. જેમાં કુલ ૧,૦૫૧ કામો મંજૂર થયેલાં છે. એમ.એલ.એ. ફંડમાંથી કુલ ૧૫૩ એમ્બ્યુલન્સ મંજૂર કરવામાં આવી છે. મેં પણ બે એમ્બ્યુલન્સ આપી છે. આ બાબત આપણા ધ્યાનમાં રહે અને એ આપણી ક્રેડિટ છે. રાણપુર કોર્ટમાં ફર્નિચરના કામકાજ માટેની વાત હતી તેમાં વહીવટી મંજૂરી મેળવવાની પ્રક્રિયા ચાલુ છે અને માર્ગ અને મકાન વિભાગ તરફથી અને નાણાં વિભાગ તરફથી પરામર્શમની અંદર પ્રગતિમાં છે એટલે ઝડપથી કાર્ય થશે. ધંધુકા કોર્ટની બાબતમાં જજની નિમણૂક નામદાર હાઈકોર્ટ દ્વારા કરવામાં આવે છે. નામદાર હાઈકોર્ટ કેસોની સંખ્યા અને અન્ય પરિબળને ધ્યાનમાં રાખીને નામદાર વડી અદાલત દ્વારા જજોની નિમણૂક કરવામાં આવતી હોય છે. એટલે આ બાબતમાં વિશેષ કહેવું પણ ન જોઈએ. એ એમના પર્વ્યુમાં છે. અમારો પ્રયાસ હશે કે આપની લાગણી ત્યાં સુધી પહોંચે. જી.પી.એસ.સી અને યુ.પી.એસ.સી. સંદર્ભમાં પણ આપના તરફથી કહેવાયું. આપણને જણાવતાં આનંદ થાય છે કે બી.જે.પી.ની સરકારમાં તત્કાલીન માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ એમની દૂરંદેશીના પરિણામે જી.પી.એસ.સી.ની કાર્યપધ્ધતિમાં ધરખમ ફેરફારો કરી, અને કોગ્રેંસના સમયમાં જે કંઈપણ સ્પર્ધાત્મક પરીક્ષાઓ હતી, એ પંચવર્ષીય યોજનાઓ જેવી હતી, જયારે અહીંયા આપણે એની અંદર ઘણો સુધારો કરી ઝડપી કરી શક્યા છીએ. કાયદા વિભાગમાં એક કૌભાંડની વાત કરી, જેમાં હાલમાં એ.સી.બી. ની તપાસ ચાલી રહી છે. સંબંધિત મોબાઈલ ફોન પણ એફ.એસ.એલ.માં મોકલવામાં આવ્યો છે. સમગ્ર પ્રકરણ, મહેસૂલી રેકર્ડ અને એન્ટ્રીને લગતું હોઈ, વિસ્તૃત તપાસ માંગી લે

તેમ છે. એમાં જો એનો ગુનો હશે તો એ અધિકારીને આવી બાબતમાં કડકમાં કડક સજા થાય, એ પ્રમાણે એને કાયદાના પંજા સુધી લઈ જઈશું. કાયદા વિભાગ ભ્રષ્ટ છે એવો જે આક્ષેપ કર્યો, એ વખતે મને એમ થયું કે હું ઉભો થઈને કહું કે આ શબ્દો કાઢી નાખવામાં આવે. પરંતુ આવી રીતે કોઈ આખો વિભાગ ભ્રષ્ટ છે અને એમાં પણ કાયદાના માટે કહેવું એ સન્માનજનક વાત નથી. શ્રી નૌશાદભાઈ સાહેબે, મને લાગે છે કે એસ.ઓ., ની ભરતીમાં બાબતમાં કંઈક વાત કરી. એની વિગતમાં, એસ.સી, એસ.ટી. અને ઓ.બી.સી.નું પ્રતિનિધિત્વની બાબતમાં, એસ.સી.ની ભરવાપાત્ર જગ્યાઓ ૮ હતી, એમાંથી ૮ જગ્યા ભરાયેલી છે. એસ.ટી.માં ૧૮ જગ્યાઓમાંથી ૧૭ જગ્યાઓ ભરાયેલી છે. એસ.સી.બી.સી.માં ૨૩ માંથી ૪૧ જગ્યાઓ, અને ઈ.ડબલ્યુ.એસ.માં ૧૨માંથી એકપણ જગ્યાઓ નહીં. બઢતીમાં, શિડ્યુલ કાસ્ટની ભરવાપાત્ર ૧૫ જગ્યાઓ હતી, એની જગ્યાએ ૨૪ જગ્યાઓ ભરાઈ છે. જે પ્લસ ૯ છે. એસ.ટી.માં ૩૨ જગ્યાઓ ભરવાપાત્ર હતી એમાં ૩૮ બઢતી તક આપવામાં આવી છે. એટલે એમાં ૬ પ્લસ થઈ છે. કહેવાનો ભાવાર્થ એ છે કે, આ સરકાર કોઈપણ જ્ઞાતિ-જાતિનો જે એનો અધિકાર છે એ અધિકારની અંદર કયાંય ઓછું કરવા માંગતી નથી. શક્ય હશે અને વધારો થતો હશે તો વધારો આપવા રાજી છે. *(xxx) શ્રી નૌશાદભાઈ મારા મિત્ર છે અને હું એમના માટે આદર રાખું છું, પરંતુ એમણે જે આ ચર્ચા કરી છે એ રેકર્ડ ઉપરથી દૂર કરવી જોઈએ અને આ બાબતની આપને જાણકારી આપુ છું. મને લાગે છે કે માનનીય શ્રી પુંજાભાઈ સાહેબે યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરની વાત કરી કે યુનિવર્સિટીના વાઈસ ચાન્સલરની બાબતે એસ.પી. યુનિવર્સિટીના એક હુકમની વાત શ્રી સી.જે.ચાવડા સાહેબે પણ કીધું. પરંતુ એ કેસની અંદર જે ચુકાદો આવ્યો છે, એની સામે રિવ્યું ફાઈલ કરવા માટે કાયદા વિભાગે અભિપ્રાય આપેલો છે અને એની પ્રક્રિયા ચાલુ છે, જેથી આપને એનું ધ્યાન રહે. ખૂબ મિત્રોએ આ બાબતમાં ચર્ચા કરી છે, જુદા જુદા વિભાગો છે. એમાં માનનીય શ્રી સુખરામભાઈ, માનનીય શ્રી આત્મારામભાઈ, માનનીય શ્રી નૌશાદભાઈ, માનનીય શ્રી વિજયભાઈ પટેલ, માનનીય શ્રી સુરેશભાઈ પટેલ, માનનીય શ્રી પ્રવિણભાઈ મૂસડીયાજી, માનનીય શ્રી જશુભાઈ પટેલ, માનનીય શ્રી પુંજાભાઈ વંશ, માનનીય સી. જે. ચાવડાજી, માનનીય કિરીટભાઈ અને માનનીય દેસાઈભાઈ, અમરીશભાઈ ડેર, હિતુભાઈ કનોડીયા, રાજેશભાઈ ગોહેલ, તમામે પોતાના મંતવ્યો વ્યકત કર્યા છે, એમાં મને જે સારાં સૂચનો લાગ્યાં છે અને મને ગળે પણ ઉતરે છે, માનનીય ડેર ભાઈએ પણ ઘણી બધી વાત કરી અને એમાં જે ગંભીરતા છે એ વાતને હું ગંભીરતાથી લઉં છું. પણ આપણે એક વસ્તુનો સ્વીકાર કરવો જોઈશે કે, ન્યાય વગર આ જગતમાં કશું જ નથી, અને એટલે જ ન્યાયાલયને ન્યાય મંદિરનું નામ સર સયાજીરાવ ગાયકવાડે વડોદરાની અદાલત અને વડોદરા રાજયની વડી અદાલતનું નામ ન્યાય મંદિર આપ્યું હતું અને ત્યાર પછી અનેક જગ્યાએ અદાલતો માટે આ શબ્દનો પ્રયોગ થાય છે. અદાલતો સમૃદ્ધ ત્યારે જ બને કે જયારે ત્યાં સારા વકીલો હોય, સારા જજીસ હોય. ઝડપી ન્યાય હોય, ડોર સ્ટેપ હોય, સસ્તો ન્યાય હોય, સરળતાથી મળતો ન્યાય હોય, અને મને કહેતા આનંદ થાય છે, એની વિગતો હું આપું તો કદાચ બે-ત્રણ કલાક જાય, તાલુકે તાલુકે આપણે અદાલતો ઉભી કરી છે, એના ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભા કર્યા છે, જજીસની સંખ્યા માટે જે પણ માગણી જયાંથી આવે છે અને નામદાર હાઈકોર્ટ તરફથી જે ભરાય છે એને આપણે મંજૂરી આપીએ છીએ, ઈન્ફ્રાસ્ટ્રકચરની બાબત હોય કે એને ડિજિટલાઈઝ કરવાની બાબત હોય, અને મારે ન્યાયાલયને એટલા માટે મારા ન્યાય વિભાગને અભિનંદન આપવા પડે છે કે ન્યાયાલય તરફથી, નામદાર હાઈકોર્ટ તરફથી જયારે પણ કોઈ પણ બાબત માટે પ્રશ્ન ઉપસ્થિત થયો હશે એની અંદર સંપૂર્ણ સહકાર આપવાની વાત મારા વિભાગે અને સરકારે કરી છે. સરકારે કયારેય એ બાબતમાં પાછી પાની કરી નથી, કારણ કે લોકશાહીની મજબૂતાઈનો આધાર અને સ્તંભ કોઈ હોય તો એ ન્યાય તંત્ર છે. અને ન્યાય તંત્રને મજબૂત રાખવું આપણા સૌની જવાબદારી બને છે. ન્યાય મંદિરની વાત કરીએ તો આ સરકારે પ્રગતિશીલતા, ગતિશીલતા, પારદર્શિતા અને સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને માનનીય નાણામંત્રીશ્રીએ જે આટલું મોટું ફંડ એલોટ કર્યું છે એ બદલ હું મુખ્યમંત્રીશ્રીનો અને નાણામંત્રીશ્રીનો આભાર માનું છું. આપણે બધા જાણીએ છીએ કે આપણું જે બંધારણ છે એ વિશ્વનું સૌથી મોટું લેખિત બંધારણ છે. આ બંધારણ તૈયાર કરવામાં સિંહફાળો આપણા આદરણીય ડો.બાબા સાહેબ આંબેડકરજીએ આપ્યો હતો અને એમણે આ ગૌરવપૂર્ણ બંધારણને તૈયાર કર્યું, ત્યાર પછી બાબા સાહેબ આંબેડકરને, મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે તેઓ જે પક્ષમાં હતા એ છોડી દીધો કે એમને કાઢી મૂકયા મને બહુ ખબર નથી, પરંતુ બાબા સાહેબ આંબેડકરજીને સૌથી વધારે આદર કોઈએ આપ્યો હોય તો એ ભારતીય જનતા પાર્ટીએ આપ્યો છે. (અંતરાય) એ બંધારણના આધારે જ આપણે અહીં ભેગા થયા છીએ, એ બંધારણના આધારે જ આપણું તમામનું ગૌરવ છે. (અંતરાય) કોઈએ નથી કીધું એવું, (અંતરાય) અમે બંધારણને માથે લઈને યાત્રાઓ કાઢી છે અને બંધારણ દિવસ કોઈ મનાવતું હોય તો આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ બંધારણ દિવસ ઉજવવાનું નક્કી કર્યું હતું. હાથીની પાલખી કાઢીને બંધારણ એમાં મૂકીને યાત્રા કાઢી, (અંતરાય) એટલે તમે ગમે તે કહો, પણ લોકો તમારી વાતને માનતા નથી (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, બાર કાઉન્સિલ એ બંધારણીય બોડી છે. ઘણા ઓછા લોકોને બહાર ખબર હોય છે કે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની બોડી એ સંવિધાનીક સંસદની અંદર પાસ થયેલી બોડી છે. કોરોના દરમિયાનમાં ઘણા બધા વકીલ મિત્રો મૃત્યુ પામ્યા છે, એના ફંડની જરૂરિયાત હતી અને મારે માનનીય ભૂપેન્દ્રભાઈ મુખ્યમંત્રીશ્રીને અને નાણા મંત્રીશ્રીને અભિનંદન આપવા છે કે એ માગણી જે હતી, એમની એ રજૂઆતમાં મારો પણ ટેકો હતો, અને એ માગણી આપણે

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

મંજૂર કરી અને ૬ કરોડ રૂપિયા જેટલી માતબર રકમ બાર કાઉન્સિલના મિત્રો માટે આપી છે એ ખરેખર ખૂબ અભિનંદનીય છે. ૨૬ નવેમ્બર બંધારણનો દિવસ છે એ હવે તમે પણ ઉજવજો. સર્વને સમાન ન્યાય, અને છેવાડાનો માણસ પણ ન્યાયથી વંચિત ન રહે એટલા માટે જરૂરિયાતમંદ નાગરિકોને કાનૂની સહાય આપવા માટેના પૂરતા પ્રયાસો આ સરકાર તરફથી કરવામાં આવ્યા છે. અને એના માટે કયાંય ફંડની કમી ન પડે એટલા માટે માગણી મુજબના પૈસા આ સરકારે એલોટ કર્યા છે એ બદલ નાણામંત્રીશ્રીને ફરી વખત અભિનંદન આપું છું.

રાજય સરકારે છેલ્લાં પાંચ વર્ષમાં વિવિધ કાયદાઓ હેઠળ ગુજરાતના લગભગ તમામ તાલુકાઓમાં અને પ્રત્યેક જિલ્લા કોર્ટની સ્થાપના કરેલી છે અને ઇઝ ઓફ જસ્ટિસના કારણે ઇઝ ઓફ ડુઇંગ બિઝનેશ પણ સરળ થયો છે અને સરકારે નામદાર ગુજરાત હાઇકોર્ટ તરફથી જે કંઇ દરખાસ્તો આવેલી છે એના મૂળ સ્વરૂપે સ્વીકારીને આનુષાંગિક પગલાં ભરેલાં છે.

કોરોના કાળની અંદર અદાલતો પ્રત્યક્ષ ચાલી શકે એમ ન હોવા છતાં મારે નામદાર ગુજરાત હાઇકોર્ટને અભિનંદન આપવા જોઇએ કે એમણે ઓનલાઇન મારફતે અનેક કેસોનો નિકાલ કર્યો છે અને આધુનિક ટેકનોલોજીની મદદથી સર્વોત્તમ કામગીરીનું એક ઉદાહરણ પૂરું પાડેલ છે. અદાલતનું કોમ્પ્યુટરાઇઝેશન છે અને ડિજિટલાઇઝેશન છે એ બાબતે વિવિધ સેવાઓને ડિજિટલાઇઝ કરીને વહીવટમાં પારદર્શિતા લાવવાનો ભરચક પ્રયાસ કર્યો છે. ડિજિટલ ઇન્ડિયાનો જે એજન્ડા આદરણીય મોદીજીએ મૂકયો છે અને તમામ કોર્ટોનું રેકોર્ડ ડિજિટલાઇઝ થાય એટલા માટેના ભરચક પ્રયાસો થયા છે એના માટે આ વખતના બજેટમાં દસ કરોડ ઉપરાંતની જોગવાઇ કરવામાં આવી છે.

કોર્ટ ફીની બાબતમાં ઇ-કોર્ટ ફી થાય જેના કારણે લોકોએ જવું ન પડે અને સીધા પૈસા કોર્ટ ફીના ભરાઇ જાય એના માટે સ્ટેમ્પ લેવાની જરૂર નહિ. સ્ટેમ્પ નેટ બેન્કિંગ, યુપીઆઇ, ડેબીટ કાર્ડ, ક્રેડીટ કાર્ડ વગેરેથી કોર્ટ ફી સીધી ઘરે બેઠા ભરી શકો એનું નિર્માણ કર્યું છે. આ ડિજિટલાઇઝેશનના કારણે કોરોના મહામારીમાં પણ વીડિયો કોન્ફરન્સથી ઘણા બધા કેસોનો નિકાલ થયો છે.

એક અદભૂત પ્રયાસ ગુજરાતમા પહેલીવાર થયો છે. ન્યાય અદાલતે માનનીય મુખ્ય ન્યાયમૂર્તિશ્રીએ હાઇકોર્ટની કોર્ટના અને અન્ય માન્ય ન્યાયમૂતિની કોર્ટનું યુ ટ્યૂબના માધ્યમથી જીવંત પ્રસારણ નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા ચાલુ કરવામાં આવેલ છે એના માટે પણ આપણે હાઇકોર્ટને અભિનંદન આપવા જોઇએ. (અંતરાય) વિધાનસભામાં આ તોડીને કોઇ મારે નહિ અને આ બધુ જોવે તો આપણા બધાની આબરું ન જાય એટલે આ જે છે તે બરાબર છે.

કોમર્શિયલ કોર્ટના ઓર્ડર એ ઓન લાઇન ડિજિટલ સાઇનથી હવે મળી ગયા છે, એના માટે સર્ટિફાઇ કોપી લેવાની જરૂરિયાત રહેતી નથી અને એની પ્રમાણિત નકલો આપણને મળી શકે છે. એવી જ રીતે રાજયની ૨૫ જિલ્લા અદાલત ખાતે સ્ટુડીયો બેઇઝ વીડિયો કોન્ફરન્સની સુવિધા કરેલી છે અને અન્ય સાત જિલ્લામાં આ સુવિધા વધારી રહ્યા છીએ. રાજયની ૨૩ જેલોમાં પણ ઇ-કોર્ટ મિશન મોડના માધ્યમ દ્વારા આરોપીઓની હાજરી નોંધાય છે, જેને કારણે પક્ષકારોને કોર્ટમાં આવવા જવાનો ખર્ચ ન થાય, પોલીસનો ખર્ચ પણ બચી જાય અને સમયનો પણ બચાવ થાય. કેદી પાર્ટીને લઇને લાવવાનો કોર્ટમાં જવા પાછળ ઘણા ખર્ચમાં પણ બચત થાય અને કેદીઓની સુરક્ષા પણ જળવાય રહે. કેદીઓની વાત નીકળે છે ત્યારે મને એક વાત યાદ આવે છે.

एक हवा ऐसी चली, एक हवा ऐसी चली, दुश्मन ज़माना बन गया।
दोस्त दुश्मन बन गए, अपने विराने बन गए।
इजलास में झूठी गवाही दोस्त आकर दे गए,
उन का तो क्या बिगड़ा, हमें जेलखाना हो गया।
जेल में मैं जब गया तो दिल मेरा गभरा गया,
तो कैदियों ने दी तसल्ली तो दोस्ताना बन गया।

આ ખરેખર જેલ છે એ કારાગૃહ નથી ખરેખર તો એ સુધારા ગૃહ છે. સિટી સિવિલ કોર્ટ, ઔદ્યોગિક અદાલતો, મજૂર અદાલતો, મેટ્રો કોર્ટ, સ્મોલ કોઝ કોર્ટ, ફેમિલી કોર્ટ, તાલુકા કોર્ટ તથા સેસન્સ કોર્ટ સહિતના ૩૩૯ કોર્ટ બિલ્ડિંગ અને ૧,૨૪૨ કોર્ટ રૂમમાં સીસી ટીવી મૂકવાની કામગીરી પૂર્ણ કરેલી છે. અને ૧,૨૪૨ કોર્ટ રૂમમાં સી.સી.ટી.વી મૂકવાની કાયવાહી પૂર્ણ કરેલી છે. અલગ અલગ જિલ્લાઓમાં અને કોર્ટોમાં સ્પેશિયલ કોર્ટોની સ્થાપના કરી છે. અત્યાર સુધીમાં જે.એમ.એફ.સી. કોર્ટની ૧,૦૫૮ કોર્ટો અસ્તિત્વમાં છે. એ બધી કોર્ટોની વિગત હું આપતો નથી, કારણ કે ખૂબ લંબાણપૂર્વક વિગતો છે. ૭૪૫ અદાલતો, જુદી જુદી પ્રકારની કોર્ટો, સી.બી.આઇ. કોર્ટ, એન.ડી.પી.એસ. એક્ટની કોર્ટ, ઇલેક્ટ્રિસિટી એક્ટની કોર્ટ, હેલ્થ અને સેનિટેશન, ડ્રગ અને કોસ્મેટિક્સ એક્ટ, ડિસેબિલિટીની કોર્ટ, મની લોન્ડરિંગની કોર્ટ, સિરિયલ બોમ્બ બ્લાસ્ટના કેસોની કોર્ટ, ફેમિલી કોર્ટ, આ સિરિયલ બોમ્બ બ્લાસ્ટની કોર્ટ હવે ફરી મને લાગે છે કે એની જરૂર નહીં પડે એવું માનનીય મુખ્યમંત્રીશ્રીએ તપાસ કરીને

એકેએક લોકોને દબોચીને જેલ ભેગા કર્યા છે અને ફાંસીની સજા સુધી લઇ ગયા છે. આ ગૃહ ખાતુ અને ન્યાય ખાતું તેની કામગીરી છે તે આ છે કે જેને કારણે આપણે, દેશ અને લોકશાહી કાયમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક નવો પ્રયોગ કર્યો છે એ હું તમામ માનનીય ધારાસભ્યશ્રીઓના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે સામાન્ય રીતે લો મિનિસ્ટરે શું કરવાનું? તો કહે કે કોર્ટોનું જે બજેટ હોય એ મંજૂર કરવા માટે મૂકવાનું. લો મિનિસ્ટરે કદાચ પ્રોસિક્યુટર્સની નીચે છે તેની બદલીઓ કરવાની. ક્યાંક વળી કામ સુચારું ચાલે છે કે નહીં એ ધ્યાન રાખવાનું. આમ જોવા જઇએ તો ખૂબ નાનું કામ હોય, કામ મહત્વનું છે પણ કામગીરી ઓછી છે. એક એવો પણ વિચાર આ વખતના બજેટમાં લીધો છે કે ફેમિલી ફર્સ્ટ. આપણે બધા જ ઘરબાર છોડીને રાજકારણમાં કામ કરીએ છીએ પણ આપણે પણ આ યાદ રાખવા જેવું છે કે ફેમિલી ફર્સ્ટ. પહેલું આપણું કુટુંબ. સમજાવટનું સરનામું. આ નેજા હેઠળ, આ નામ હેઠળ લગભગ દરેક તાલુકા મથકે અને દરેક જિલ્લા મથકે કુટુંબના ઝઘડા થાય છે. કુટુંબ વચ્ચેનો, પતિ-પત્નીની વચ્ચેનો, માતા-પિતા વચ્ચેનો, બાળક અને માતા વચ્ચેનો. આ કુટુંબના ઝઘડાની અંદર દરેક તાલુકે કમિટી બને અને એ કમિટીમાં ધાર્મિક નેતાઓ હોય, રાજકીય નેતાઓ હોઇ શકે, તેની અંદર સામાજિક સંસ્થાઓ હોઇ શકે. એ લોકો બેસીને એ પ્રશ્નનો નિવેડો ઘરબેઠા લાવે. એક લોક અદાલતના કોન્સેપ્ટની વાત આપના તરફથી હતી એવી જ આ વાત છે અને તેના માધ્યમથી આ સમિતિનું ગઠન થશે. તેના માટે વર્ષ ૨૦૨૨-૨૩માં ૨૦૦ લાખ રૂપિયાની જોગવાઇ માનનીય નાણામંત્રીશ્રીએ આપી છે. હું ફરી વખત આ બાબત માટે તેમને અભિનંદન આપું છું. આ ગૃહના માધ્યમથી સમગ્ર નાગરિકોના ધ્યાનમાં આવે કે અદાલતોમાં જવાથી કદાચ તારીખો પડે, કેસ લાંબા ચાલે અને તેના કારણે ફેમિલીનું જીવન બરબાદ થાય, એ કેસો માટે આ એક સમજાવટનું સરનામું આપણે મૂક્યું છે તો ત્યાં લોકો આવે, લોકોના પ્રશ્નો સાંભળે, કમિટી લોકોને નિકાલ આપે અને એ પ્રમાણે ઘરબેઠે સમાધાન થાય એવો એક પ્રયાસ કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યમાં ૨૫૦ ન્યાયિક તાલુકાઓ પૈકી એક માત્ર જોટાણાને બાદ કરતા રાજ્યના તમામ તાલુકાઓમાં જે.એમ.એફ.સી.ની કોર્ટો કાર્યરત છે અને એ બદલ સરકારને અભિનંદન આપીએ છીએ. જોટાણાની પણ પૂરી થવા પર જ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માહિતી પ્રસારણ માટે થોડી વાત કરી લઉં. ભારત શબ્દમાં ભા એટલે પ્રકાશ. ભા સંસ્કૃત શબ્દ છે અને રત, એટલે કે પ્રકાશમાં રત છે એ આ દેશ અને પ્રકાશ એટલે શું? જ્ઞાનનો પ્રકાશ. જ્ઞાનમાં રચ્યાપચ્યા રહે છે એવો પ્રદેશ, એવો દેશ એટલે ભારત અને આપણે એ ઋષિમુનિઓના સંતાનો છીએ અને એ ભારત પ્રદેશની અંદર જે વેદવાણીનો ઉદભવ થયો એ વેદવાણીના ઇશ્વર પ્રેરિત જ્ઞાન જેને આપણે સૌ સ્વીકારીએ છીએ. વેદના મંત્રો શ્રુતિ તરીકે ઓળખાયા. પ્રાચીન યુગમાં પ્રબુદ્ધ શબ્દ સ્વામી પતંજલિએ શબ્દોનો મહિમા ગાતા એમ કહ્યું છે કે '' શબ્દની શકિત અસીમ છે, અલૌકીક છે'' અને જયારે જયારે માનનીય પરેશભાઇ ધાનાણી બોલતા હોય, માનનીય શૈલેષભાઇ પરમાર બોલતા હોય, અમિતભાઇ ચાવડા પણ ચોટદાર વાત કરતા હોય છે, ત્યારે આપણને ધ્યાનમાં આવે. શબ્દોની જે અલૌકિક તાકાત છે, ચમત્કારીક શબ્દો છે અને એટલે જ શબ્દોને આપણા વેદોમાં બ્રહ્મ કહ્યો છે અને એ કારણથી યંગ ઇન્ડિયામાં વર્ષ ૧૯૨૫માં આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ કહ્યું હતું બહુ જ મોટી વાત છે, બધા પત્રકાર મિત્રોના સંદર્ભની વાત છે કારણ કે માહિતી અને પ્રસારણ વિભાગની વાત આવે તો પત્રકાર પહેલાં આવે. પત્રકારને ખાતર મેં પત્રકારત્વ સ્વીકારેલું નથી પણ હું જેને જીવનકાર્ય સમજુ છું તેને મદદ થાય એ દ્રષ્ટિએ જ મેં એને સ્વીકારેલું છે. આદરણીય રાષ્ટ્રપિતાએ જયારે આવી અદભૂત વાત કરી હોય કે પત્રકારિત્વ કેવું હોવું જોઇએ અને પત્રકાર કેવા હોવા જોઇએ એ અંગે માહિતી અને પ્રસારણના ખાતામાં સત્ય વાતો લોકો સુધી કેવી રીતે પહોંચે એ એક ખૂબ મોટું માધ્યમ છે અને એ માધ્યમથી લોકો સુધી સરકારની વાત પણ પહોંચે, વિપક્ષની વાત પણ પહોંચે અને જયાં નુકતેચીની હોય એ વાત પણ પહોંચે એ જરૂરી છે અને એ સંજોગોમાં આ માહિતીનો યુગ છે, પળે પળે પરિવર્તન પામતા સમયમાં મારા માહિતી અને પ્રસારણ વિભાગે તાલ મિલાવીને શાસન અને સમાજ વચ્ચે સુંદર તાલમેલ કર્યો છે. સંવાદના અભાવની અવસ્થાનો ગેરલાભ લઇને સમાજને ગેરમાર્ગે દોરતા અને ગુમરાહ કરતા તત્વોને માત કરવા માટે પણ આ માહિતી અને પ્રસારણ ખાતું જરૂરી છે અને એનો ખર્ચ પણ એટલો જ જરૂરી છે. આ યુગ ઇન્ફર્મેશન અને ટેકનોલોજીનો યુગ છે. આખું વિશ્વ એ ગ્લોબલ વિલેજ છે. આ શબ્દ અમારા માનનીય જગદીશભાઇ છે એ કાયમ આ શબ્દનો પ્રયોગ કરે છે કે આખું વિશ્વએ ગ્લોબલ વિલેજ બની ગયું છે. એક સેકન્ડમાં તમે અમેરિકા પહોંચી જાવ, બીજી સેકન્ડમાં તમે રશિયા સાથે વાત કરી લો, ત્રીજી સેકન્ડમાં તમે જાપાન પણ જઇ શકો. એક ગ્લોબલ વિલેજ થઇ ગયું છે, ઇન્ફર્મેશન અને ટેકનોલોજીનો જયારે આ જમાનો છે ત્યારે નિઃસંદેહપણે આ વિશ્વ જયારે આ એક મુઠ્ઠીમાં સમાઇ ગયું છે અને વૈશ્વિક નેતા આદરણીય મોદીજી જયારે સમગ્ર વિશ્વમાં છવાઇ ગયા છે ત્યારે આ પ્રસારણ જે છે એ પ્રસારણ આપની વાતને પહોંચાડતું હોય છે. વાત પ્રસારણથી પહોંચતી હોય છે. આપણી તાકાત પ્રસારણથી પહોંચતી હોય છે. હું અમારી જે ટીમ છે એને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. માહિતી પ્રસારણ ખાતાના સંદર્ભમાં વિશેષ નહીં કહેતા સામાન્ય વહીવટ વિભાગ વિશે વાત કરવા માગું છું. આ કાપ દરખાસ્ત જેમણે પણ મૂકી છે, જેમણે તૈયાર કરી છે પણ બે-ચાર કિસ્સાઓ ઉપર ધ્યાન દોરું અને મારો એક નમ્ર પ્રયાસ છે. થોડા અભ્યાસની એટલા માટે જરૂર છે કે કયાંક કયાંક ક્ષતિઓ થાય છે. ભૂલ મારી પણ થઇ શકે, ભૂલ કોઇની પણ થઇ શકે, પહેલા નંબરની કાપ દરખાસ્ત છે એ જોઇએ તો એમાં વિષય છે મંત્રી પરીષદ દ્વારા વિરોધપક્ષોની રજૂઆતોને ગંભીરતાથી લેવાય તેવું કરવામાં તંત્રની

નિષ્ફળતા અને કાપ દરખાસ્ત માનનીય શ્રી હિંમતસિંહ પટેલ તરફથી આવેલ છે. આ બાબતમાં ૨-૫ દાખલા આપવા માંગુ છું. દર્શાવેલ મુખ્ય સદરમાં બતાવ્યું છે એ માનનીય મુખ્યમંત્રીશ્રી સહિત મંત્રીશ્રીઓના પગાર ભથ્થાને સંબંધિત જોગવાઇ કરેલી છે. આ આપણા ધારાસભ્યોના પગાર ભથ્થાની જોગવાઇના સંદર્ભની વાત અને એમાં કાપ દરખાસ્ત છે એટલે ક્યાંક ક્ષતિ થઇ છે, ક્યાંક ભૂલ થઇ છે. એમાં તંત્રની નિષ્ફળતા ક્યાં આવી એ મને ખબર નથી પડતી. અનુક્રમ નંબર-૨ની જે કાપ દરખાસ્ત છે, મંત્રી પરિષદ દ્વારા પ્રજાલક્ષી નિર્ણયો લેવામાં થતી વિસંગતતાઓને પરિણામે વારંવાર નિર્ણયો બદલાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. હવે જો આપણે એનું સદર જો જોઇએ તો માનનીય મુખ્યમંત્રીશ્રી સહિત મંત્રીશ્રીઓના પગાર ભથ્થાને લગતી આ સંબંધિત જોગવાઇ છે. અને એમાં તંત્રની નિષ્ફળતાની વાત ક્યાં હોઇ શકે? મારી વિનંતી છે કે આવી કાપ દરખાસ્ત રજૂ કરતાં પહેલાં ચકાસણી થવી જોઇતી હતી. ક્યાંક ભૂલ થઇ છે, ક્ષતિ થઇ છે, ધ્યાનચૂક થયું છે. એવી જ રીતે કાપ દરખાસ્ત નં.૩ મંત્રી પરિષદ કેન્દ્ર સરકાર પર આધારિત ન રહેતા સ્વયં નિર્ણય લે તેવું કરવામાં તંત્રની નિષ્ફળતા. પણ આનું સદર છે એ મંત્રી પરિષદ દ્વારા દર અઠવાડિયે મળતી મંત્રી પરિષદની બેઠક એમાં જે નિર્ણયો લેવામાં આવે છે, વખતોવખત ત્વરિત નિર્ણય લેવામાં આવે છે. જનતાએ પણ મંત્રી પરિષદમાં પોતાનો વિશ્વાસ દર્શાવેલો છે. મંત્રી પરિષદ દ્વારા સ્વયં નિર્ણયો લેવામાં અશક્ત છે તેવી ફરિયાદ નિવારવામાં તંત્રની નિષ્ફળતા એમ કહી શકાય નહીં. આવી કાપ દરખાસ્તો જે કાંઇ છે એ તમામના જવાબો પણ મારી પાસે છે. (અંતરાય) તમારું હાર્દ અમે સમજી ગયા છીએ કે તમે સહકાર આપશો તો કદાચ તમારી પ્રગતિ થશે. પણ તમે અસહકાર આપશો તો લોકોને હવે થઇ ગયું છે કે કોંગ્રેસ એટલે વિરોધ કરવા ખાતર વિરોધ કરે છે. સાચી વાતમાં સહકાર આપો. સરકાર જે સારું કરી રહી હોય (અંતરાય) એના માટે ઘણી બધી વાતો કહેવાઇ છે. મારે કહેવું ન જોઇએ, અત્યારે એ વિષય નથી. મિત્રોએ ખૂબ સારાં સૂચનો પણ કર્યાં છે એને આવકારું છું અને તમામ મિત્રોને વિનંતી કરું છું કે જેમણે કાપ દરખાસ્તો મૂકી છે એ કાપ દરખાસ્તો પાછી ખેંચી અને માગણીઓને મંજૂર કરવામાં સહકાર આપે.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, આપનો આભાર માનું છું તક આપવા બદલ. ટીકા કરવા માટે ઉભો થયો નથી પણ માનનીય મંત્રીશ્રીએ જે એસ.ઓ.ની ભરતી બાબતે કહ્યું એમાં એસ.સી.ની ૮ નહીં પણ ૬ છે. એની જાહેરાત બધું મારી પાસે છે. એની અંદર ન્યાયતંત્ર વિશે હું બધું જાણતો હતો. પણ મારો મુદ્દો જે સંદર્ભમાં મેં ઉપસ્થિત કર્યો હતો કે જ્યારે નિમણૂક કરવામાં આવે છે ત્યારે અધિકારીઓ આ પ્રકારે ન કરે તો આવા કિસ્સામાં વર્ષો સુધી ન્યાય માટે હેરાન થવું પડે છે. એ મુદ્દો મેં ઉપસ્થિત કરેલો છે. મારા શબ્દો દૂર કરવા માટે આપે કહ્યું હતું એટલા મારે સ્પષ્ટતા કરવી હતી. બીજું કે એસ.ઓ.ની નિમણૂક છે એમાં આપ નિર્ણય કરી શકો એમ છો. માનનીય ન્યાયધીશે mysteries allocation of post કરીને કહ્યું છે. આ વ્યક્તિગત કિસ્સો છે. એમાં આપ નિર્ણય કરવા માટે આજે પણ શક્તિમાન છો. બધી જ તરફથી meritorious વ્યક્તિને અન્યાય થયો છે.

**કાપ દરખાસ્ત ક્રમાંક : - ૨, ૩, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૯, ૪૦, ૪૧, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬ અને ૫૭ મત ઉપર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક : ૩૦,૩૧, ૩૩, ૫૪ અને ૬૦ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧.૫૯ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બપોરના ૩-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

તા. ૧૬મી માર્ચ ૨૦૨૨
તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તા. ૧૬મી માર્ચ, ૨૦૨૨**
**ફાલ્ગુન-૨૫, ૧૯૪૩ શાકે**
**બીજી બેઠક**
**સભાગૃહ બપોરના ૩-૩૦ વાગ્યે મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી ડૉ. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**

તારાંકિત પ્રશ્નો

**સરતાનપર ખાતે જેટીની સુવિધાઓ માટેની કામગીરી**

* ૪૩૩૭૦ **શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા) : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરતાનપર ખાતે મત્સ્ય પ્રવૃત્તિ સારૂ જેટીની સુવિધાઓ માટેની કામગીરી વાપ્કોસ લિ. કન્સલ્ટન્ટને માર્ચ-૨૦૨૧ સુધીમાં પૂર્ણ કરવાની શરતે સોંપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉક્ત કામગીરી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૨) સરતાનપર ખાતે મત્સ્ય ઉતરાણ કેન્દ્ર વિકસાવવા માટે ડી. પી. આર. તૈયાર કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી પૂર્ણ થયેલ ન હોય તો તેના કારણો શા છે અને તે માટે જવાબદારો સામે શા પગલાં લીધા ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી કનુભાઇ મ. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તાર તળાજામાં આઝાદી પહેલાં સમગ્ર દેશ અને દુનિયા સાથે જોડાયેલું એક સરતનપર ધમધમતું બંદર હતું. ત્યાં જેટી તૂટી જવાને કારણે બધો વ્યવહાર બંધ છે. માછીમારી પણ બંધ છે, ત્યારે આપના મારફત મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે છેલ્લે આ જેટી કયારે બની હતી? આ જેટી કયારે તૂટી અને આ વિસ્તારમાં ખૂબ મોટી સંખ્યામાં માછીમારભાઇઓ છે એમને માટે આ રોજગારીનું સાધન છે અને મરીન પોલીસ લાઇન માટે પણ ખાસ ઉપયોગી હોય ત્યારે આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ જેટીનું કામ કયારે પૂર્ણ કરશો?

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, સરતાનપર જેટી વર્ષ ૧૯૪૧માં આઝાદી પહેલાં બની હતી એનો ખર્ચ જે તે સમયે જી.એમ.ડી.સી.એ કરેલો હતો અને રૂ. ૪૪,૭૭૩ નો ખર્ચ થયો હતો. ત્યારબાદ વર્ષ ૧૯૪૯ ની અંદર એને વુડન સ્લોટ તરીકે વિકસાવવામાં આવી એનો ખર્ચ રૂ. ૩૯,૬૪૨ થયો હતો, પણ આઝાદીના વર્ષ ૧૯૪૧ ના દાયકામાં બનેલી જેટી ૭૦ વર્ષના દાયકાની અંદર નષ્ટ થઇ ગઇ હતી. એનું અસ્તિત્વ નથી અત્યારે એ ખંડેર જેવી હાલતમાં છે ત્યારે માનનીય સભ્યશ્રીએ માહિતી માંગી છે કે નવી સરતાનપર જેટી બનાવવા માટે સરકારનું આયોજન છે. આમ તો સમગ્ર ગુજરાતમાં ૧૬૦૦ કિલોમીટરનો દરિયાકિનારો છે. ૧૬૦૦ કિલોમીટરના દરિયાની અંદર સમગ્ર ગુજરાતની અંદર વર્ષ ૨૦૧૮-૧૯ ના બજેટની અંદર ૮ જેટલા મસ્ત્ય ઉતરાણ કેન્દ્રની જોગવાઇ કરવામાં આવી છે. એમાંનું એક ભાવનગર જિલ્લાના તળાજાના સરતાનપર મત્સ્ય ઉતરાણ કેન્દ્રનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે, ત્યારે સરતાનપર ગામની વસતિ ફિશરીઝની વસ્તી ગણતરી છે એ વર્ષ ૨૦૦૭ની વસતિ પ્રમાણે ૨૫૦ માછીમાર કુટુંબ ધરાવે છે. જેમાં ૧૫૦૦ માછીમારોની વસતિ છે, જે પૈકી ૫૦૭ સક્રિય માછીમારો છે ત્યાં ૧૪૧ નાની મોટી મત્સ્ય બોટોનું રજિસ્ટ્રેશન થયેલું છે. સરતાનપર ખાતે વર્ષ ૨૦૨૦-૨૧ ની અંદર કુલ ૪૪૬ મેટ્રિક ટન મત્સ્ય પકડવામાં આવતી હતી એટલી એની આવક હતી. એ જ પ્રમાણે સરતાનપર મત્સ્ય ઉતરાણ કેન્દ્ર ખાતે સ્થળ સ્થિતિ મુજબ પાયાગત સુવિધા જેવી કે જેટીમાં બોટ લંગારવા તેમજ મત્સ્યને ઉતરાણ કરવા માટે એ જ પ્રમાણે ઓકશન હોલ, ઉતરાણ થયેલી માછલીઓનું શોર્ટિંગ કરી હરાજી કરવા માટે, નેટ, મત્સ્ય પકડવા માટે નેટ બનાવવા માટેના શેડ, પાર્કિંગની જગ્યા, રોડ, લાઇટિંગ, ચોખ્ખા પાણીનું નેટવર્ક, કમ્પાઉન્ડ વોલ વગેરે વિકસાવવાનું પ્લાનિંગ છે. મત્સ્ય ઉતરાણ કેન્દ્ર બનાવવા માટેની જે પ્રક્રિયા છે એમાં સૌથી પહેલા તો ફિઝિબિલિટી રિપોર્ટ બનાવવાનો, ત્યારબાદ ડીટેઇલ પ્રોજેકટ રિપોર્ટ ડી.પી.આર. બનાવવાનો, ત્યારબાદ તાંત્રિક મંજૂરી લીધા બાદ ડીટેઇલ ટેન્ડર પેપર, ત્યારબાદ ટેન્ડરની મંજૂરી અને ટેન્ડર મંજૂર થયા બાદની ભૌતિક કાર્યવાહી કરવામાં આવે છે.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ભાજપ સરકાર દ્વારા માછીમારીના ઉત્કર્ષ માટે કટિબદ્ધ છે, ત્યારે સરતાનપર મત્સ્ય ઉતરાણ કેન્દ્ર ખાતે કેવી સુવિધા ઉભી કરવા માગો છો? બીજો પ્રશ્ન આમ તો મત્સ્યોદ્યોગનો સ્વતંત્ર હવાલો ધરાવતા અમારા વિસ્તારના મંત્રીશ્રી જીતુભાઇ છે. એટલે વલસાડ

જિલ્લામાં અમારા કનુભાઇ નાણામંત્રી છે. તો હું પૂછવા માગું છું કે વલસાડ જિલ્લામાં અમારા વિસ્તારના કાંઠા વિસ્તારના ગામોમાં જેટીની સુવિધા મંજૂર કરવા માગો છો કે કેમ?

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન છે. સરતાનપર મત્સ્ય ઉતરાણ કેન્દ્ર ખાતે મત્સ્ય બોટોને લાંગરવા તેમજ મત્સ્યને ઉતરાણ કરવા માટે જેટી એટલે કે ધક્કો, ઉતરાણ થયેલ મત્સ્યને શોર્ટિંગ કરી હરાજી માટેનો ઓક્શન હોલ, મત્સ્ય પકડવા માટેની નેટ બનાવવા માટેની મેટિંગ શેડ, સીઝન તથા બોટ રિપેરિંગ કરવા માટેની બોટિંગ ફેસિલિટી, પાર્કિંગ સુવિધા તે પ્રમાણે રોડ, લાઇટિંગ અને કમ્પાઉન્ડ વોલ એની આખી સુવિધા ઉભી કરવામાં આવશે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જાણવું છે કે ગયા આઠમાં સત્રમાં ગુરુવાર ૨૫ માર્ચ, ૨૦૨૧ ના રોજ આજ પ્રશ્ન માનનીય કનુભાઇ બારૈયાએ આ જ વિધાનસભામાં પૂછ્યો હતો, ત્યારે સરકાર દ્વારા જવાબ આપવામાં આવ્યો હતો કે સરતાનપર ખાતે મત્સ્ય પ્રવૃત્તિ સારુ જેટીની સુવિધા માટે વાપ્કોસ લિ. કન્સલ્ટન્ટને અંદાજિત કિમતના ૨ ટકા પ્રમાણે કામગીરી સોંપવામાં આવી છે. અને આ કામગીરી માર્ચ-૨૦૨૧ ના અંત સુધીમાં પૂર્ણ કરવાની શરતે સોંપવામાં આવી છે. આ પ્રશ્નનો જવાબ તા. ૨૫-૩-૨૧ ના રોજ સરકારશ્રી તરફથી જવાબ આપવામાં આવ્યો હતો. પ્રશ્ન એટલો છે કે સરકારે આવી રીતે જવાબ આપ્યો છે કે અત્યારે મત્સ્ય ઉતરાણ કેન્દ્ર ખાતે ડી.પી.આર. તૈયાર કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. ગઇ વખતે જવાબ આપ્યો હતો કે માર્ચ ૨૦૨૧ ના અંત સુધીમાં સંપૂર્ણ કામગીરી કરી દેવામાં આવશે. અત્યારે માર્ચ-૨૦૨૨ ચાલે છે. આજે ૧૬મી તારીખ થઇ. ૬ દિવસ પછી માર્ચ-૨૦૨૨ થશે. એક વર્ષ સુધી આ કંપનીએ કોઇપણ પ્રકારની કામગીરી કરી નથી. પ્રગતિ હેઠળ લખેલ છે. પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે આ કંપની સામે કામ લેટ કરવા માટે કેટલી રકમ ચૂકવવામાં આવી છે? કામ પૂર્ણ નથી કર્યુ તો આ કંપની સામે કોઇ પગલાં ભરવામાં આવ્યાં છે કે કેમ?

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : શ્રી શૈલેષભાઇએ પ્રશ્ન પૂછ્યો છે એમાં સરકારશ્રીએ કન્સ્લ્ટન્ટ નીમવામાં થયેલા વિલંબ અંગેની એની મારી પાસે માહિતી છે કે લગભગ માર્ચ ૨૦૨૦ થી કોરોના વાઇરસના કારણે છેલ્લા લગભગ દોઢ-પોણા બે વર્ષના તબક્કામાં જે વિલંબ થયેલ છે તે બાબતે રાજ્યના દરિયાઇ મત્સ્ય ઉતરાણ કેન્દ્રને વિકસાવવા માટે કન્સ્લ્ટન્ટ નીમવા બાબતે તા. ૩-૭-૨૦૧૮ થી ટેન્ડર ઓનલાઇન પ્રસિદ્ધ કરવામાં આવેલ. આ ટેડરનું ટેકનિકલ બીડ તા. ૧૩-૮-૨૦૧૮ ના રોજ મત્સ્યોદ્યોગ કમિશનરશ્રીની કચેરી અધિકારીશ્રીઓ તથા એજન્સીઓ ઉપસ્થિત રહી ખોલવામાં આવેલ. ઉક્ત કામ માટે પ્રસિદ્ધ કરેલ ટેન્ડર શરતો મુજબ લાયક ઠરતી એજન્સીના ભાવો ખોલ્યા બાદ તેની સાથે તા. ૨૩-૧-૨૦૧૯ ના રોજ નેગોસીએશન મીટિંગ રાખી. તેઓ સાથે નેગોસીએશન બાદ આપવામાં આવેલ વ્યાજબી ભાવોની સરકારશ્રીમાં આથી મંજૂરી લેવા માટે તા. ૨૮-૧-૧૯ ના રોજ દરખાસ્ત કરેલી. જે અન્વયે સરકારશ્રી દ્વારા તા. ૨૭-૩-૧૯ ના પત્રથી જણાવેલ કે માત્ર ૨ ટેન્ડર પૈકી ૧ ટેન્ડરની વિચારણા કરી ટેન્ડર બીડ ખોલેલ. જે સીંગલ ટેન્ડરને ઓફર ગણાય, આથી બીડ પાસેથી વધુ સ્પર્ધાત્મક ભાવ મેળવવા માટે રી-ટેન્ડરિંગ કરવા જણાવેલ. તથા વર્ષ ૨૦૧૯માં લોકસભાની ચૂંટણીની આચારસંહિતા પૂર્ણ થયા પછી રીટેન્ડર કરવાની સૂચના આપવામાં આવેલી. ત્યારપછી વર્ષ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીની આચારસંહિતા પૂરી થયા પછી નગરપાલિકાની ખાલી પડેલ બેઠકોના ઇલેકશનના અનુસંધાને આદર્શ આચાર સંહિતા લાગુ પડેલ તથા મતગણતરીની તા. ૯-૭-૨૦૧૯ હોવાથી તા.૧૦-૭-૨૦૧૯ ના રોજ જાહેર નિવિદા આપી તા.૧૧-૭-૨૦૧૯ના રોજ ટેન્ડર ઓનલાઇન પ્રસિદ્ધ કરવામાં આવેલ. રી-ટેન્ડરિંગમાં ટેન્ડરની શરતો મુજબ વાપ્કોસ લિ. લાયક ઠરતા અને તેના ટેન્ડરના ભાવો ખુલ્યા બાદ તા.૧૮-૯-૨૦૧૯ ના રોજ નેગોસીએશન મીટિંગ રાખવામાં આવેલ. ત્યારબાદ અત્રેની કચેરીએ તા. ૨૧-૭-૨૦૧૯ના પત્રથી લાયક ઠરેલ વાપ્કોસ લિ. ને કન્સલટન્ટ તરીકે નિમવા માટે બહાર પાડવામાં આવેલ રીટેન્ડર વર્ષ ૨૦૧૯ ની નેગોસીએટ ઓફરને મંજૂરી અર્થે સરકારશ્રીને દરખાસ્ત કરવામાં આવેલ. સદર દરખાસ્તને ધ્યાને લઇ સરકારશ્રી દ્વારા તા. ૫-૩-૨૦૨૦ ના રોજ નવા મત્સ્યોદ્યોગ બંદરો વિકસાવવા માટેના કન્સલટન્ટ તરીકે વાપ્કોસને મંજૂરી આપવામાં આવેલ. સદર મંજૂરી મળી ગયા બાદ અત્રેના વિભાગ દ્વારા તા. ૨૭-૫-૨૦૨૦ ના રોજ વાપ્કોસ લિ. સાથે એગ્રીમેન્ટ કરવામાં આવેલ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કોરોનાની વાત કરી અને લોકસભાની ચૂંટણી આવી. હું સંમત છું. મેં પ્રશ્ન કિલિયર પૂછયો છે, અને મારા કરતાં કિલિયર જવાબ સરકારે આપ્યો છે. તમે ટેન્ડરની વાત કરો છો, દરખાસ્તની વાત કરો છો. મંજૂરી મળી આઇ એમ એગ્રી. જે રીતે રાજ્ય સરકારે જવાબ આપ્યો છે તે માર્ચ ૨૦૨૧ ના રોજ આ કામ પૂર્ણ કરવાની શરતે સોંપવામાં આવેલ છે તે કિલિયર તેના જવાબમાં લખેલ છે. વિધાનસભાગૃહની અંદર સરકારનો રજૂ થયેલ આ જવાબ છે. મંત્રીશ્રી જવાબ આપી રહ્યા છે તેમાં દરખાસ્ત કયારે આવી, ટેન્ડર કયારે આવ્યું તેમાં એગ્રી છું. તેમાં મારી ના નથી. ટેન્ડર પાસ કર્યા પછી જે કંપનીને તમે કામ આપ્યું છે તે કામ માર્ચ-૨૦૨૧ માં પૂર્ણ કરવાનું હતું. તે કામ પૂર્ણ થયું નથી. છ દિવસ પછી એક વર્ષ પૂર્ણ થવાનું છે. તમે તેની સામે શું પગલાં લીધાં, કોઇ દંડ લીધો, શું એકશન લીધા તે સરકાર અમને જણાવે?

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વિગતો માગી છે. મત્સ્ય ઉતરાણ કેન્દ્ર બનાવવા માટે કોસ્ટલ વિભાગની પરમિશનો લેવાની હોય છે. તે લેવામાં વિલંબ થાય છે. તેમ છતાં સરકારે કહ્યું છે કે, આ તારીખે પૂર્ણ થશે પરંતુ કોરોના વાઇરસના કારણે જ ડીલે થયું છે.

તા. ૧૬મી માર્ચ ૨૦૨૨

તારાંકિત પ્રશ્નો

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, કોરોના અને લોકસભાની ચૂંટણીને વચ્ચે ના લો. કોરોના અને લોકસભાની ચૂંટણીની વચ્ચે તમે બિન વિકાસલક્ષી ખર્ચ પણ કર્યો છે અને તમે ઉત્સવો પણ ઉજવ્યા છે. એટલે તમે કોરોનાને વચ્ચે ના નાખો. મારો સવાલ બહુ ક્લિયર છે કે, સરકારના મત્સ્યોદ્યોગ વિભાગે સરકારને એમ કહ્યું કે, માર્ચ-૨૦૨૧ ના રોજ આ કામ પૂર્ણ થવાનું છે. પૂર્ણ કેમ નથી થયું તો કહે છે કોરોના છે, નો પ્રોબ્લેમ. પણ તમે આ કન્સલટન્ટ સામે શું પગલાં લીધાં, દંડની કોઇ રકમ વસૂલ કરી કે કેમ તેનો સરકાર અમને જવાબ આપે?

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, એમનું કહેવું એટલું જ છે કે, આપણે કોન્ટ્રાકટરને કોઇ નોટિસ આપી, લેટ થયું તો તેના પર કોઇ પગલાં લીધાં? કોના દ્વારા લેટ થયું છે?

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, તેમને તા. ૩૦-૯-૨૦૨૧ ના રોજ વર્ક ઓર્ડર રિ-ટેન્ડરિંગ થયા પછી ફરીવાર વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે.

અધ્યક્ષશ્રી : વર્ક ઓર્ડર જ હવે રિ-ટેન્ડરિંગ કરીને આપ્યો છે.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, તેના ઉપર કાર્યવાહી કરવાનો કોઇ પ્રશ્ન નથી આવતો.

અધ્યક્ષશ્રી : કોસ્ટલ વિભાગની મંજૂરી લેવામાં ટાઇમ ગયો છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપની વાત સાથે સંપૂર્ણ રીતે સંમત છું. મંત્રીશ્રીની વાત સાથે પણ સંપૂર્ણ રીતે સંમત છું. સવાલ મારો ત્યાં ઉત્પન્ન થાય છે કે, તમે રિ-ટેન્ડરિંગ કેવી રીતે કર્યું? જયારે કોઇ કંપનીને તમે કામ આપી દો છો. તેની સાથે સરકાર કરાર કરી દે છે. કરાર આધારે માર્ચ-૨૦૨૧ માં તેને કામ પૂર્ણ કરવાનું છે. તો રિ-ટેન્ડરિંગનો સવાલ ઉત્પન્ન થતો જ નથી. સવાલ ત્યાં ઉત્પન્ન થાય છે કે, કોરોના આવ્યો હતો, લોકસભાની ચૂંટણી આવી હતી, તેમાં સરકારે મુદત લંબાવી, સરકાર તેમાં ટેન્ડર થયા પછી બીજુ ટેન્ડર બહાર નથી પાડી શકતી. મત્સ્ય ઉદ્યોગ માટે સરકારનો કોઇ નવો પરિપત્ર છે જ નહીં તો ટેન્ડર બહાર પડ્યા પછી જેને કામ સોંપાયું હતું એ કામ સોંપાયાના આધારે માનો કે એણે કામ માર્ચ ૨૦૨૧માં પૂર્ણ નથી કર્યું તો સરકારે શું પગલાં ભર્યાં? કોઇ દંડની રકમ વસૂલ કરવાનું સરકારે નક્કી કર્યું કે નહીં આટલો જ મારો પ્રશ્ન છે?

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, હજુ કામગીરી કન્સલ્ટન્સી દ્વારા પૂર્ણ કરવામાં આવેલ નથી અને કોઇ ચૂકવણું પણ કરવામાં આવેલ નથી એટલે એના ઉપર પગલાં લેવાનો કોઇ પ્રશ્ન નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : હું આપને કહું, આ ડી.પી.આર. બનાવવા માટેનું પહેલું ટેન્ડર વાપ્કોસ એજન્સીને આપ્યું, એટલે એણે ડી.પી.આર.ને એ બનાવવાનું હોય, એમાં તો કંઇ એ લોકોને આપવાનું હશે નહીં. કન્સ્ટ્રકશન ચાલું નથી કર્યું અને એનો વર્ક ઓર્ડર નથી અપાયો એવું એમનું કહેવું છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપની વાત સાથે સંમત છું. ટેન્ડર બહાર પડયું કંપનીને કામ સોંપાય ગયું છે, કંપનીએ મત્સ્ય ઉદ્યોગના વિભાગ દ્વારા જે શરત મૂકી એ શરત મુજબ માર્ચ ૨૦૨૧માં કામ પૂર્ણ કરવાનું છે. માનનીય મંત્રીશ્રી, આપ જે જવાબ આપો છો એ જવાબને આને કોઇ લેવાદેવા જ નથી હું એટલા માટે કહું છું. વિધાનસભાની અંદર જે સરકારે જવાબ આપ્યો હતો એ જવાબના આધારે કહી રહ્યો છું અને આજનો જવાબ અને સરકારનો તા. ૨૫ માર્ચ, ૨૦૨૧નો જવાબ એ બંનેમાં ડિફરન્સ છે. કોરોના હતો એગ્રી, લોકસભાની ચૂંટણી હતી એગ્રી, કામ આપી દીધું છે કામ નથી કર્યું, તમામ શરતોને આધીન સરકારે કામ આપ્યું છે એમાં કોઇ પ્રોબ્લેમ છે નહીં. સવાલ એટલો જ ઉભો થાય છે કે આ કંપની સામે સરકારે કોઇ પગલાં લીધાં છે કે કેમ?અને નથી લીધાં તો શું કારણ અને, દંડની કોઇ રકમ વસૂલ કરી છે કે કેમ?

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, કામ જ શરૂ નથી થયું, કામ શરૂ નથી થયું તો દંડ લેવાનો કોઇ પ્રશ્ન નથી. (અંતરાય)

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, વર્ષ ૨૦૧૭ થી હું મારા વિસ્તાર સૂત્રાપાડા બંદર ઉપર જેટી બનાવવાની વાત કરતો આવ્યો છું. હમણા ગઇ કાલે વિનિયોગ ઉપર એ મુદ્દો ઉપસ્થિત કરીને અહીંયા સરકારે મને એમાં પોઝિટિવ જવાબ પણ આપ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું અને જાણવા માગું છું કે, મારા વિસ્તારની સૂત્રાપાડા બંદરની જેટી માટે ઘણા સમયથી દર વખતના બજેટમાં એની જોગવાઇ પણ કરવામાં આવે છે, ખાત મુહૂર્ત પણ થાય છે પણ જેટીનું કામ ક્યારેય ચાલુ નથી થતું. ઇલેક્શન આવે ત્યારે ખાતમુહૂર્ત થાય છે, ખાતમુહૂર્ત કરો એની સામે મને વાંધો નથી, પણ એનું ટેન્ડર બહાર પાડીને વહેલીતકે આપ ખાત મુહૂર્ત કરો તો કેટલા સમયમાં સૂત્રાપાડા બંદરની જેટીનું ખાતમુહૂર્ત કરવાના છો અને ક્યારે એનું ટેન્ડર બહાર પાડવાના છો?

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન છે. કારણ કે સૂત્રાપાડાનો આ પ્રશ્ન નથી સરતાનપરનો પ્રશ્ન છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપની પાસે સૂત્રાપાડાની વિગત હોય તો કહો.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આ બરાબર પ્રથા નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ સૂત્રાપાડા માટે બીજી નોટિસ આપજો. (અંતરાય)

તારાંકિત પ્રશ્નો

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અમારા ધારાસભ્યશ્રી જ્યારે પ્રશ્ન પૂછે છે ત્યારે સૂચન છે એવું કહે છે. માનનીય અધ્યક્ષશ્રી, અમારા ધારાસભ્યો જ્યારે પ્રશ્ન પૂછે ત્યારે સરકારના મંત્રીશ્રી એમ કહે છે કે સૂચન છે અને તમે નવી નોટિસ આપો એવું સૂચન કરે છે. મારા પ્રશ્નનો જવાબ તો આપો ક્યાં નવી નોટિસ આપવાની છે એમાં? દરેક વખતે સરકારશ્રી છટકવાની વાત કરે છે. (અંતરાય)

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, સૂત્રાપાડાનો આમાં કોઇ પ્રશ્ન નથી. સરતાનપરનો ખાલી પ્રશ્ન છે અને આદરણીય શૈલેષભાઇ કહે છે પણ કામ શરુ જ થયું નથી એટલે એના ઉપર દંડ લેવાનો કોઇ પ્રશ્ન જ નથી આવતો,(અંતરાય) કામ શરુ જ નથી થયું તો દંડ લેવાનો કોઇ પ્રશ્ન જ નથી આવતો.

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રીએ જવાબ આપી દીધો છે તેમને જે આપવાનો હોય તે જવાબ તેમણે આપી દીધો છે આપણે ફોર્સ નથી કરતા. (અંતરાય)

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શૈલેષભાઇએ જે વાત કરી કે, આ પ્રથા ખોટી પડી રહી છે. આ આક્ષેપ સીધો આદરણીય સ્પીકર ઉપર કહેવાય અને આ ના ચલાવી લેવાય. આદરણીય સ્પીકર સાહેબની ગરિમા છે તમે સ્પીકર સાહેબ (અંતરાય) તમે કહ્યું કે આ પ્રથા ખોટી પડી રહી છે, એટલે આપ પ્રથા ખોટી પાડી રહ્યાં છો. સાહેબ તેમના શબ્દો પાછાં ખેંચાવા જોઇએ. (અંતરાય) સ્પીકર સાહેબ ઉપર કહે છે.

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ સંપૂર્ણ જવાબ આપ્યો છે છતાં પણ એકની એક વાત ચાલુ રાખવી અયોગ્ય છે.

અધ્યક્ષશ્રી : મેં પહેલાં જ કહ્યું તેમ મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે. મંત્રીશ્રીને આપણે ધારીએ એવા જવાબ માટે ફોર્સ આપ પણ નથી કરી શકતા અને હું પણ નથી કરી શકતી. તેમણે જે જવાબ આપ્યો છે તેમાં સંતોષ ના હોય તો ફ્રેશ નોટિસ આપવાનો સૌને અધિકાર છે. આ નિયમ પ્રમાણે જ કર્યુ છે આમાં કોઇ પ્રથાનો વિષય જ નથી. નિયમમાં ચોખ્ખું લખેલું છે કે, મંત્રીશ્રીને જવાબ માટે આપણે ફોર્સ કરી શકતા નથી. સભ્યશ્રી ધારે એવો જવાબ મંત્રીશ્રી આપે એવો કોઇ ફોર્સ અધ્યક્ષ પણ કરી શકતા નથી. આ નિયમમાં લખેલું છે. (અંતરાય) આપ બધાને બેસાડો તો આપને સાંભળું. પ્લીઝ બધા બેસો. માનનીય રાજેન્દ્રભાઇએ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો છે અને તેનો જવાબ છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપની સામે કોઇ આક્ષેપ નથી. આપ અમારાં મા સમાન છો, આપનું રિસ્પેક્ટ, આપનો ઓર્ડર એ અમારા સર આંખો પર છે. અમારું ફકત અને ફકત ગુજરાત વિધાનસભાની પ્રણાલિ સાથે અમે બંધાયેલા છીએ, સંસદીય કાર્યની પદ્ધતિ અમે જાણીએ છીએ. મારો પ્રશ્ન એટલો જ છે કે, જયારે પણ વિધાનસભાની અંદર કોંગ્રેસ પક્ષના સભ્યો જયારે પણ પ્રશ્ન પૂછે છે ( અંતરાય ) અરે, મારી વાત તો પૂરી થવા દો.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : તમે ચાર-ચાર વખત બોલ્યા.

અધ્યક્ષશ્રી : રાજેન્દ્રભાઇ, એક મિનિટ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપે મને બોલવા માટે કહ્યું છે. હું આ સત્રની અંદર જે જોઇ રહ્યો છું કે કોંગ્રેસ પક્ષના ધારાસભ્યો તરફથી કોઇ પણ પ્રશ્ન જયારે પૂછવામાં આવે છે, ત્યારે સરકારના મંત્રીશ્રીઓ જવાબ આપે છે કે આપનુ સૂચન છે, એમાં કોઇ વાંધો નથી. બીજો કોઇ પ્રશ્ન પૂછશે તો તમે નવી નોટિસ આપો, અમને કોઇ વાંધો નથી પણ જયારે કોઇ પ્રશ્ન રિયાલિટીનો પૂછાયેલો છે, જે હકીકત છે જે સૂચનને પણ લાયક નથી કે નવી નોટિસને પણ લાયક નથી તેમ છતાં પણ જવાબ આપવામાં આવતો નથી આનાથી ઉલટું થાય છે. ભારતીય જનતા પાર્ટીના કોઇ પણ ધારાસભ્યને ચિઠ્ઠી આપવામાં આવે છે અને ચિઠ્ઠીના આધારે (અંતરાય) ત્યારે મંત્રીશ્રી જવાબ આપે છે.

અધ્યક્ષશ્રી : આપને મેં સમય આપ્યો છે આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર જે છે(અંતરાય) આપને સાંભળ્યા છે. પ્લીઝ સૌ બેસો પોઇન્ટ ઓફ ઓર્ડરની પ્રક્રિયા ચાલી રહી છે આપ સૌ બેસો, શૈલેષભાઇ બધાને બેસાડો.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિપક્ષના તમામ સભ્યશ્રીઓનું હું ધ્યાન દોરવા માગું છું, સંસદીય પરંપરાને આપણે જાણીએ(અંતરાય) એક મિનિટ, મને સાંભળી તો લો. મારી વિનંતી છે માનનીય શૈલેષભાઇને આપને પાંચ-પાંચ વખત સાંભળ્યા. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ બેસો હવે, ચર્ચા ચાલે છે તમે વચ્ચે નહીં. બોલો મેં આપને એલાઉ નથી કર્યા. આપ બેસી જાવ, આપ આપની સીટ ઉપર બેસો માનનીય મંત્રીશ્રી બોલી રહ્યા છે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયોમાં પાના નંબરઃ ૨૫૨, ૨૫૩ ઉપર ત્રણ નિર્ણયો મહત્વના છે જે હું આપ સૌનું ધ્યાન દોરવા માગું છું. પછી આપને જેમ લાગે તેમ કરજો. પાન નંબર ૨૫૨.

અધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ઓર્ડર હોય ત્યારે વ્યવસ્થિત ચર્ચા થાય એ બધા માટે જરૂરી છે. (અંતરાય)

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : આપે શું ઉપાડ્યું? આપ કયા હિસાબે બોલી રહ્યા છો? એ આપનો પણ પોઇન્ટ ઓફ ઓર્ડર જ હતો. (સતત અંતરાય)

અધ્યક્ષશ્રી : મેં રાજેન્દ્રભાઇને એલાઉ કર્યા છે એ બાબતમાં એ વાત કરી રહ્યા છે. આપે કહ્યું મને બોલવા દો, તો મેં આપને સમય આપ્યો. નિયમ વાંચે છે તો એમને સાંભળોને?

તા. ૧૬મી માર્ચ ૨૦૨૨

તારાંકિત પ્રશ્નો

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : તમારો જો પોઈન્ટ ઓફ ઓર્ડર ન હતો તો આ પોઈન્ટ ઓફ ઈન્ફર્મેશન છે.

અધ્યક્ષશ્રી : બેસો, પ્લીઝ બેસો.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો પાન નંબર ૨૫૨ ઉપર, હું આ સભાગૃહનો સમય નહિ લઉં પણ આ અગત્યની વાત છે. (૧) સભ્યશ્રી ઈચ્છે તેવો પ્રશ્નનો જવાબ આપવા મંત્રીશ્રીને ફરજ પાડી શકાય નહિ. (૨) મંત્રીશ્રીએ પ્રશ્નનો જવાબ કઈ રીતે આપવો તે અંગે માર્ગદર્શન આપી શકાય નહિ. (૩) સભ્યશ્રીને સંતોષ થાય તે રીતે મંત્રીશ્રીએ જવાબ આપવો જોઈએ એવી અપેક્ષા રાખી શકાય નહિ. એમને સંતોષ નથી થયો, સંતોષ નથી થયો એમ એમને ત્રણ-ચાર વાર સંતોષ થયો નથી. આ સંજોગોમાં આપણે આ વાંચીએ અને સમજીએ. આપે આપની રજૂઆત કરી દીધી એ વાત ત્યાં પૂરી થાય.

અધ્યક્ષશ્રી : આવું મેં પણ વારંવાર કહ્યું છે. માનનીય ભગાભાઈ, મેં આપને પ્રશ્ન ઉપર બોલવાનું કહ્યું છે. બાકી નથી કહ્યું.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું કોઈ મંત્રીશ્રીને ફોર્સ પાડતો નથી. મંત્રીશ્રી એમ કહે છે કે આ સૂચન છે, આ જિલ્લામાં લાગુ પડતું નથી, તો તેની પહેલાં સભ્યને વલસાડના પ્રશ્નના જવાબમાં એમણે જવાબ આપ્યો છે. મારી અપેક્ષા (અંતરાય) મેં જેટીના મુદ્દામાં જ પ્રશ્ન પૂછ્યો છે. મેં નવા કામ માટેનું સૂચન કર્યું નથી. મેં ગઈકાલે પણ હાઉસમાં કહ્યું છે, મેં ફક્ત જવાબ માગ્યો છે કે તમે કેટલા સમયમાં જેટીનું કામ ચાલુ કરવા માગો છો? મારો આટલો જ મુદ્દો છે.

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી પાસે જે માહિતી હતી તે એમણે આપી છે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : તમે સૂત્રાપાડાનું પૂછ્યું ને?

શ્રી ભગાભાઇ ધા. બારડ : હું સૂત્રાપાડાનું પૂછું છું.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : તો એ ન પૂછાય. એ જ તો આ વાત છે.

શ્રી ભગાભાઇ ધા. બારડ : તો વલસાડનું કેમ પૂછાય? આ હાઉસની અંદર તે રીતે દબાવવાની વાત ન ચાલે?

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, એમની પાસે જવાબ હોય તો આપે. આ પ્રશ્ન સૂત્રાપાડાનો પૂછે છે.

અધ્યક્ષશ્રી : આ બધો વિવાદ બંધ કરો. આપ સૌ બેસો.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સંસદીય મંત્રીશ્રીએ અધ્યક્ષશ્રીના નિર્ણયો ટાંક્યા પછી પણ માનનીય સભ્યશ્રી જે પ્રકારે વાત કરે છે તે બરાબર નથી. અધ્યક્ષશ્રીના નિર્ણયોના આધારે માનનીય મંત્રીશ્રીએ જવાબો આપ્યા છે, છતાં દુરાગ્રહ રાખો છો તે બરાબર નથી.

અધ્યક્ષશ્રી : માનનીય ભગાભાઈ આપ બેસો, આપને તક આપી છે આપ બેસો તો હું વાત કરું. માનનીય શૈલેષભાઈ, એમને બેસાડો. મેં એમને બે વાર તક આપી છે. અહીંયા જે પ્રશ્ન ઊભો થયો છે તેમાં ઘણા બધાએ બોલી લીધું છે. હવે એકને એક વાત ફરી રિપીટ ન કરીએ, નિયમો બતાવી દીધા, બધી ચર્ચા થઈ ગઈ, મેં કહ્યુ, સંસદીય મંત્રીશ્રીએ કહ્યું, છતાં પણ એના ઉપર આપ કઈ ચર્ચા કરવા માગો છો? માનનીય પુંજાભાઈ પ્રશ્નોતરીનો આ રીતે સમય બગાડવો યોગ્ય નથી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સંસદીય મંત્રીશ્રીએ પૂર્વ અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયોને ટાંકીને જે ત્રણ બાબતોનો ઉલ્લેખ કર્યો છે એની સાથે અમે સંપૂર્ણપણે સહમત છીએ. પરંતુ તળાજા તાલુકાના સરતાનપરના ગામની જેટીનો આ પ્રશ્ન છે. ત્યારપછી વલસાડના ધારાસભ્યશ્રીએ વલસાડની જેટી અંગેના સવાલો પૂછયા, એનો માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો. ત્યારપછી શ્રી ભગાભાઇએ સૂત્રાપાડાનો પ્રશ્ન પૂછ્યો. (વચ્ચે અટકાવતાં)

અધ્યક્ષશ્રી : આ ચર્ચા થઇ ગઇ છે. માનનીય મંત્રીશ્રી, આપે આ બાબતમાં શું કહેવું છે?

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય સભ્યશ્રીએ પૂછ્યું એનો મેં જવાબ આપી દીધો છે. આ ખાલી સરતાનપર પૂરતી વાત હતી. મેં નથી વલસાડનો જવાબ આપ્યો કે નથી ચોરવાડનો જવાબ આપ્યો.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન પૂરો થાય છે. પ્રશ્ન ક્રમાંક-૨

**આણંદ જિલ્લામાં કુટીર ઉદ્યોગ માટે અરજીઓ**

* ૪૩૩૭૩ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કુટીર ઉદ્યોગ શરૂ કરવા કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કુટીર ઉદ્યોગ શરૂ કરવા નીચે મુજબની અરજીઓ મળી,

| અ.નં. | તાલુકાનું નામ | કુલ |
|---|---|---|
| ૧ | આણંદ | ૬૩૩ |
| ૨ | ઉમરેઠ | ૧૯૬ |

| | | |
|---|---|---|
| ૩ | ખંભાત | ૫૬૦ |
| ૪ | પેટલાદ | ૩૯૭ |
| ૫ | બોરસદ | ૩૬૧ |
| ૬ | આંકલાવ | ૬૯ |
| ૭ | સોજિત્રા | ૯૬ |
| ૮ | તારાપુર | ૬૧ |
| | **કુલ** | **૨૩૭૩** |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર કરી, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અને બેન્ક કક્ષાએ નીચે મુજબની અરજીઓ મંજૂર કરી,

જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ:

| **અ. નં.** | **તાલુકાનું નામ** | **૦૧-૦૧-૨૦ થી ૩૧-૧૨-૨૦** | **૦૧-૦૧-૨૧ થી ૩૧-૧૨-૨૧** | **કુલ** |
|---|---|---|---|---|
| ૧ | આણંદ | ૧૧ | ૧૩૮ | ૧૪૯ |
| ૨ | ઉમરેઠ | ૦ | ૭૬ | ૭૬ |
| ૩ | ખંભાત | ૬૧ | ૧૫૯ | ૨૨૦ |
| ૪ | પેટલાદ | ૫ | ૮૬ | ૯૧ |
| ૫ | બોરસદ | ૧ | ૮૧ | ૮૨ |
| ૬ | આંકલાવ | ૦ | ૦૪ | ૦૪ |
| ૭ | સોજિત્રા | ૦ | ૦૮ | ૦૮ |
| ૮ | તારાપુર | ૦ | ૦૪ | ૦૪ |
| | **કુલ** | **૭૮** | **૫૫૬** | **૬૩૪** |

બેન્ક કક્ષાએ:

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **૦૧-૦૧-૨૦ થી ૩૧-૧૨-૨૦** | **૦૧-૦૧-૨૧ થી ૩૧-૧૨-૨૧** | **કુલ** |
|---|---|---|---|---|
| ૧ | આણંદ | ૧૪૯ | ૧૮ | ૧૬૭ |
| ૨ | ઉમરેઠ | ૨૫ | ૦ | ૨૫ |
| ૩ | ખંભાત | ૧૧૫ | ૪૧ | ૧૫૬ |
| ૪ | પેટલાદ | ૧૬૪ | ૧ | ૧૬૫ |
| ૫ | બોરસદ | ૯૧ | ૦ | ૯૧ |
| ૬ | આંકલાવ | ૨૬ | ૦ | ૨૬ |
| ૭ | સોજિત્રા | ૩૫ | ૦ | ૩૫ |
| ૮ | તારાપુર | ૧૧ | ૦ | ૧૧ |
| | **કુલ** | **૬૧૬** | **૬૦** | **૬૭૬** |

(૩) ઉક્ત મંજૂર કરેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓને બેન્કો દ્વારા કેટલી રકમની લોન પૂરી પાડવામાં આવી ?

(૩) ઉક્ત મંજૂર કરેલ અરજીઓ પૈકી બેન્કો દ્વારા તાલુકાવાર અરજીઓને નીચે મુજબની રકમની લોન પૂરી પાડવામાં આવી.

**(રકમ રૂ. લાખમાં)**

| **અ. નં.** | **તાલુકાનું નામ** | **૦૧-૦૧-૨૦ થી ૩૧-૧૨-૨૦** | **૦૧-૦૧-૨૧ થી ૩૧-૧૨-૨૧** | **કુલ** |
|---|---|---|---|---|
| ૧ | આણંદ | ૮૦.૩૪ | ૩.૬૭ | ૮૪.૦૧ |
| ૨ | ઉમરેઠ | ૭.૫૦ | ૦.૦૦ | ૭.૫૦ |
| ૩ | ખંભાત | ૬૯.૯૮ | ૯.૦૧ | ૭૮.૯૯ |
| ૪ | પેટલાદ | ૯૭.૭૦ | ૦.૨૦ | ૯૭.૯૦ |
| ૫ | બોરસદ | ૬૧.૭૩ | ૦.૦૦ | ૬૧.૭૩ |
| ૬ | આંકલાવ | ૧૮.૩૭ | ૦.૦૦ | ૧૮.૩૭ |

| | | | | |
|---|---|---|---|---|
| ૭ | સોજિત્રા | ૧૮.૭૦ | ૦.૦૦ | ૧૮.૭૦ |
| ૮ | તારાપુર | ૮.૩૪ | ૦.૦૦ | ૮.૩૪ |
| | **કુલ** | **૩૬૨.૬૬** | **૧૨.૮૮** | **૩૭૫.૫૪** |

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારો આ પ્રશ્ન પૂછવાનો હેતું એક જ છે કે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર બેંકોને અરજી મોકલી આપે છે. અગત્યની વાત એ છે કે જે અરજીઓ બેંક પાસે જાય છે તો બેંકોના કર્મચારી, અધિકારીઓ જેની સાથે સેટલમેન્ટ થાય છે એને જ લોન આપે છે એવી કોઇ આપણને અરજીઓ મળી છે? મારી પાસે અસંખ્ય પુરાવા છે અને મારી વ્યકિતગત આપવાની તૈયારી છે. જેથી કરીને, લાભાર્થીને ધક્કા ખાવા પડે છે અને જેની સાથે સેટલમેન્ટ થાય એને જ આ લોન મળે છે. એવી આપણી પાસે કોઇ જાણ છે?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, કુટિર ઉદ્યોગ વિભાગની આ બાજપાઇ બેંકેબલ યોજના ખૂબ સરસ યોજના છે. માનનીય સભ્યશ્રીએ લોન મળતી નથી અથવા ગેરરીતિ થાય છે એના કોઇ પુરાવા હોય તો ચોક્કસ મને આપશે, તો આપણે એ બેંક ઉપર કડક પગલાં લઇશું.

શ્રીમતી સીમાબેન અ. મોહીલે : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, બાજપાઇ બેંકેબલ યોજનાનો લાભ મેળવવાની પ્રક્રિયા શું છે? અને ઓનલાઇન અરજી કરવા માટે કયા દસ્તાવેજો અપલોડ કરવાના રહે છે?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, જે લોકો શિક્ષિત હોય, બેરોજગાર હોય, કારીગર વર્ગ હોય તેમને સ્વરોજગારીની તક આપી શકાય તે માટેની આ યોજના ભારતીય જનતા પાર્ટીની સરકારે તા. ૦૧-૦૪-૨૦૦૧થી અમલમાં લાવી છે. આ યોજનામાં તા.૧૪-૦૮-૨૦૧૫ના સહાયના દરોમાં સુધારા કર્યા. ભારતીય જનતા પાર્ટીની સરકાર ખૂબ ઉદાર સરકાર છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર, માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇની સરકાર, છેવાડાના માનવીની ચિંતા કરતી સરકાર, છેવાડાના માનવી સુધી પહોંચવા માટે આ બેંકેબલ યોજના લઇને આવી. સાથે સાથે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ ઇ-ગવર્નન્સના માધ્યમથી ગુજરાત સરકારની તમામ પ્રકારની યોજનાઓ, કોઇપણ પ્રકારની સહાયો, કોઇપણ સહાય કોઇને પણ મળે એ લાભાર્થીના બેંકના ખાતામાં સીધી જાય, કોઇપણ અરજી કરવી હોય તો સીધી સરકારશ્રીને એન્ડ ટુ એન્ડ કરી શકે, ડિજિટલાઇઝેશનની સુવિધાના ભાગરૂપે અરજદારને પડતી મુશ્કેલીઓ નિવારવાના માટે રાજ્ય સરકાર દ્વારા વ્યકિતગત લાભાર્થીને સીધી આર્થિક સહાય કરવામાં આવતી હોય છે અને એનો લાભ લાભાર્થીને ઓનલાઇન પોર્ટલથી મળે છે. આખા દેશમાં ગુજરાત સરકારની જે કામગીરી છે એમાં કોઇપણ યોજના હોય એની ઓનલાઇન પોર્ટલના માધ્યમથી અરજી કરવામાં આવે છે. અગત્યની બાબત એ છે કે કદાચ કોઇ ઓનલાઇન અરજી કરી શકતું નથી તો આખા રાજ્યમાં આપણી જિલ્લા ઉદ્યોગની ૩૩ કચેરીઓ છે. આ ૩૩ કચેરીઓમાં અલગ માણસ, કોમ્પ્યૂટર, સ્કેનર લઇને બેઠો હોય છે અને કોઇપણ અરજદાર જાય કે કોઇ ગામડાનો વ્યકિત જાય અને એના ડોક્યુમેન્ટ ત્યાં આપે તો એના ડોક્યુમેન્ટ સ્કેન કરી એને ફોર્મ ભરી આપે છે અને ત્યારબાદ મોકલી આપે છે. એનાથી વિશેષ, જે કોમ્પ્યૂટર વિલેજ એન્ટરપ્રિન્યોર જેને વી.સી.ઇ. કહે છે તેની મદદથી કોઇપણ નાગરિકને અરજી કરવી હોય તો ઓનલાઇન માધ્યમથી અરજી કરી શકે છે. સાથે સાથે ગવર્મેન્ટની વેબસાઇટ પણ છે અને બી.એલ.બી. પોર્ટલ પણ છે અને આ પોર્ટલને વધુ સદ્રઢ બનાવવા માટે તા.૨૬-૧૦-૨૦૨૧ના રોજ વધુ સુદ્રઢ બનાવવા માટેની આ યોજના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે લોન્ચ કરી છે. અને તેના માટે અમારા મુખ્યમંત્રીશ્રી બેઠા છે એમને પણ અભિનંદન પાઠવું છું.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે આણંદ જિલ્લાના મારા મત વિસ્તારનું સોજિત્રા અને તારાપુર આ બે જગ્યાઓ પર મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે કુટિર ઉદ્યોગમાં ૯૬ અરજીઓ સોજિત્રામાં મળી અને ૬૧ અરજીઓ તારાપુરમાં મળી. એમાં ૪૩ અરજીઓ સોજિત્રામાં નામંજૂર કરી અને ૪૨ અરજી તારાપુરમાં નામંજૂર કરી. આ નામંજૂર કરવાનાં કારણો શું છે? અને બીજો પ્રશ્ન મારો એ છે કે જેમની અરજીઓ મંજૂર કરી છે એ અરજીઓ મંજૂર કર્યા પછી વ્યાજ સબસિડી સરકારના નિયમ પ્રમાણે મળતી હોય છે, આ વ્યાજ સબસિડી માટે અમારા આણંદ જિલ્લા ઉદ્યોગ અધિકારીઓ લાભાર્થીઓ પાસેથી બેંકનું સ્ટેટમેન્ટ માગે છે, એની જગ્યાએ જો સીધુ સ્ટેટમેન્ટ માગે તો એ જેટલી વ્યાજની સબસિડી બાકી છે, એટલી જ લોન બાકી હોય એવા કિસ્સાઓની અંદર આપ જિલ્લા ઉદ્યોગ અધિકારીને સૂચના આપવા માગો છો કે કેમ?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, પુનમભાઇનો જે બીજો પ્રશ્ન છે એનો જવાબ આપીશ અને એમને કહીશ કે, કોઇ પણ લાભાર્થીને આવી કોઇ પણ પ્રકારની મુશ્કેલી પડતી હોય તો ચોક્કસ મને આપજો તો આપણે તેનું નિરાકરણ કરીશું. આ તમામ ધારાસભ્યશ્રીઓને મારે કહેવું છે કે જરૂરિયાતમંદ પરિવારની જરૂરિયાતમંદ વ્યક્તિને યોગ્ય દિશામાં લોન મળી રહે તેના માટે સરકારે યોજના બનાવી છે. પણ સાથે સાથે કોઇ ખોટી વ્યક્તિ લોન ન લઇ જાય તેની પણ સરકાર અને વિભાગ ચિંતા કરતું હોય છે, (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ વ્યક્તિ જેની વય મર્યાદા નક્કી કરવામાં આવી છે, એને કદાચ ખબર નથી અને ભૂલથી ફોર્મ ભર્યું છે તો એવી વ્યક્તિની અરજી રિજેકટ થાય છે, અથવા અન્ય ધંધામાં રોકાયેલા હોય, બીજાં કોઇ કારણોસર અથવા એમના પૂરતા કાગળો ન મળ્યા હોય, જરૂરી જે ડોકયુમેન્ટ્સ માંગ્યા છે એ ન હોય તો આવી

વ્યક્તિની લોન નામંજૂર થાય છે. છતાં પુનમભાઇના મત વિસ્તારમાં કયાંય પણ એવા જેન્યુઇન લોકો હશે અને અરજી કરશે તો ચોક્કસ સરકાર સહાય કરશે અને મંત્રી તરીકે હું પણ એમને હેલ્પ કરીશ.

શ્રી અક્ષયકુમાર ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, શ્રી બાજપાઇ બેંકેબલ યોજનાની રકમ મર્યાદા કેટલી છે અને કેટલી સબસિડી મળવાપાત્ર છે?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, બાજપાઇ બેંકેબલ યોજનાની જે મળવાપાત્ર રકમ અને સબસિડી કહેવાય તો ઉદ્યોગ, સેવા અને વેપાર ક્ષેત્રમાં ૮ લાખ રૂપિયા જેટલી માતબર રકમ આપવામાં આવે છે. આ યોજનામાં જાતિવાઇઝ સહાયના દર પણ નક્કી કરવામાં આવેલા છે. શહેરી વિસ્તાર હોય અને જનરલ કેટેગરી હોય તો ૨૦ ટકા, ગ્રામ્ય વિસ્તારમાં ૨૫ ટકા, સવિશેષ તમામ ધારાસભ્ય મિત્રોને કહીશ કે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જન જાતિ, માજી સૈનિક, મહિલા કે દિવ્યાંગ હોય તો ગ્રામ્ય વિસ્તારમાં ૪૦ ટકા, શહેરી વિસ્તારમાં ૩૦ ટકા અને આ યોજના હેઠળ ઉદ્યોગ, સેવા, વેપારની સહાય એટલે જે આપણે સબસિડી આપીએ છીએ એ ઉદ્યોગમાં ૧ લાખ ૨૫ હજાર રૂપિયા, સેવાકીય વ્યવસાયની અંદર ૧ લાખ રૂપિયા, જનરલ કેટેગરી હોય અને શહેરી વિસ્તારમાં ૬૦ હજાર અને ગ્રામ્યમાં ૭૫ હજાર, રીઝર્વ કેટેગરી છે એમાં શહેરી અને ગ્રામ્યમાં ૮૦ હજાર રૂપિયા. દા. ત. અરજદારે ડેરીના ઉદ્યોગ માટે પાંચ લાખની લોન લીધી હોય તો એને મહત્તમ ૨૫ ટકા લેખે ૧ લાખ ૨૫ હજાર સબસિડી સહાય મળે, એટલે ૩ લાખ ૭૫ હજાર બેંકમાં ભરવાના થાય. આ ઉદાર દિલ વાળી સરકાર, દયા વાળી સરકાર, માનનીય ભૂપેન્દ્રભાઇ તો અમારા દાદા ભગવાનમાં ખૂબ માનનારા છે, અને દયાભાવી માનનીય મુખ્યમંત્રી કોઇ પણ દિવ્યાંગ લાભાર્થીના કિસ્સામાં કોઇ પણ સમાજની વ્યક્તિ હોય તો તેને મહત્તમ સહાય ૧ લાખ ૨૫ હજાર આપવામાં આવે છે. અને આ ગૃહની તમામ બહેનોને કહું છું અને બધા ધારાસભ્યોને કહું છું કે એમના વિસ્તારમાં કદાચ કોઇ પણ મહિલા અરજી કરે તો એ બહેનને કોઇ પણ સમાજની બહેન હોય તો ૪૦ ટકા જેટલી સહાયની રકમ નકકી કરવામાં આવેલી છે. શ્રી કાંતિભાઇ સોઢાપરમાર : આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે અમારા આણંદ તાલુકામાં કુટિર ઉદ્યોગ ચાલુ કરવા માટે ૬૩૩ અરજીઓ મળી, એમાંથી ૧૬૭ અરજીઓ બેંકે મંજૂર કરી છે. એમાં ફકત ધિરાણ જોઇએ તો ૮૪,૦૧,૦૦૦/ - નું ધિરાણ કરવામાં આવેલ છે. તો કુટિર ઉદ્યોગમાં કેટલું ધિરાણ કરવામાં આવે છે એની શું મર્યાદા છે? બીજો પ્રશ્ન છે કે ૪૮૪ અરજીઓ નામંજૂર કરી એ બેંકને પૂર્તતા કરીને લાભાર્થીઓનો સમય ન વેડફાય ફરીથી કાગળો ન કરવા પડે તો બેંકોમાંથી ફરીથી લોન અપાવવા માગે છે કે કેમ?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો છે એનો અગાઉ જવાબ આપ્યો કે આઠ લાખ સુધી સહાય આપવામાં આવે છે. છતાં સભ્યશ્રીને કહું છું કે એમના મત વિસ્તારમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર કોઇપણ પક્ષાપક્ષી કર્યા વગર ગુજરાતના સાડા છ કરોડ જનતાનું ધ્યાન રાખે છે. એ કોંગ્રેસના ધારાસભ્યની અરજી હોય કે ભારતીય જનતા પાર્ટીની સરકાર હોય એવું અમારી અધિકારી જોતા નથી. માનનીય શૈલેષભાઇનો વિસ્તાર હોય કે પુનમભાઇના વિસ્તારના કોઇ વ્યકિતઓએ અરજી કરી હોય તો એ તમામ લોકોને સરકાર લોન આપે છે. સાથે સાથે એવું પણ કહીશ કે સરકારે ખૂબ સરસ વ્યવસ્થા કરી છે. જે પણ અરજીઓ પડી રહી હોય, અરજીઓની મુવમેન્ટ ન થઇ હોય એના માટે એક બ્લોક લેવલ કન્સલ્ટન્ટ કમિટી બી.એલ.સી.સી. કમિટી બનાવવામાં આવી છે. એક ડી.એલ.સી.સી. કમિટી બનાવવામાં આવી છે. આ કમિટીના આધારે છેલ્લાં બે વર્ષમાં લગભગ પ૬ વખત બી.એલ.સી.સી. અને ૬ વખત ડી.એલ.સી.સી. ની રિવ્યુ બેઠકો થઇ છે. તમામ ધારાસભ્ય મિત્રોને કહું છું કે તમારા વિસ્તારમાં જે કંઇ અરજીઓ થતી હોય છે એ અરજીઓ તમે જયારે આપણે કલેકટર ઓફિસે જાવ ત્યારે સંકલનમાં પણ રજૂ કરજો. મને જણાવતા આનંદ થાય છે કે છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન આણંદ જિલ્લામાં બી.એલ.સી.સી. અને ડી.એલ.સી.સી. મળી એમાં ૧૧,૫૦૦ કરતાં વધારે લાભાર્થીઓને ૮૮૮ કરોડ રૂપિયાની લોનો એ ભારતીય જનતા પાર્ટીની સરકારે આપી છે.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : આપની મારફત માનનીય મંત્રીશ્રીને સીધો પ્રશ્ન પૂછવા માગું છું કે આ પ્રશ્ન આખા ગુજરાતનો છે. સારું છે કે તમે ગરીબ કલ્યાણ મેળાઓ યોજીને ઉદ્યોગ કેન્દ્રો મારફતે લાભાર્થીઓને લાભ આપવા માગો છો, એમાં એવું કહેવાય કે ન કહેવાય, પણ કહું છું કે સીધા ને સીધા ગરીબોની મશ્કરી સમાન છે એટલા માટે જે કવર આપવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : ગરીબોની મશ્કરીને રહેવા દો તમારો સીધો પ્રશ્ન પૂછો.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : આ કવર આપવામાં આવે છે. પછી એ લાભાર્થીને બેંકમાં કે બીજે કોઇ જગ્યાએ લાભ આપતા નથી. એમની લોન મંજૂર કરવામાં આવતી નથી. તમે એ લોકોને લાભાર્થીને લાભ આપવા માગતા હોય તો હકીકતમાં લાભાર્થીને લાભ મળેલ છે કે નથી મળેલ એ માહિતી કલેકટર ઓફિસમાં મળે છે. મીટિંગમાં અમે પણ બેસીએ છીએ તો પણ આનો ઉકેલ આવતો નથી. તો એના બદલે આનું નિરાકરણ કરવા માગો છો કે કેમ?

શ્રી જગદીશ વિશ્વકર્મા : ધારાસભ્ય ખરાડીજી અમારા જિલ્લાના છે એટલે એમને કહીશ કે હજી પણ કહું છું કે માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર પારદર્શક સરકાર છે. કોઇ પણ મત વિસ્તારના કોઇપણ ધારાસભ્ય હોય કે કોઇપણ વ્યકિતની અરજીઓ પડી રહી હોય તો ચોક્કસ અમારું ધ્યાન દોરજો. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર કોઇપણ વ્યકિતને મદદ કરવા માટે તત્પર છે. બાકી તમારી કોઇ અરજી હોય તો મારું ધ્યાન દોરજો.

તા. ૧૬મી માર્ચ ૨૦૨૨

તારાંકિત પ્રશ્નો

**રાજકોટ અને પોરબંદર જિલ્લામાં ઔદ્યોગિક ભરતીમેળા**

* ૪૩૩૩૫ **શ્રી લલિત વસોયા** (ધોરાજી) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી (રાજયકક્ષા)**જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ અને પોરબંદર જિલ્લામાં રોજગાર વિનિમય કચેરીવાર કેટલા ઔદ્યોગિક ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું,

(૨) ઉક્ત જિલ્લાવાર તેમાં કેટલા બેરોજગારો હાજર રહ્યા, અને

(૩) આ ભરતીમેળામાં મુખ્યત્વે કેવા પ્રકારની રોજગારી આપી ?

**જવાબ**

(૧) યોજવામાં આવેલ ભરતીમેળા

| રાજકોટ | પોરબંદર |
|---|---|
| ૧૭૨ | ૬૬ |

(૨) હાજર રહેલ ઉમેદવારોની સંખ્યા

| રાજકોટ | પોરબંદર |
|---|---|
| ૨૧૩૬૫ | ૭૩૭૨ |

(૩) આ ભરતીમેળામાં ખાનગી ક્ષેત્રના એકમોમાં વિવિધ પ્રકારની રોજગારી આપવામાં આવી.

શ્રી લલીત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, આપની મારફત મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ જે રોજગાર મેળા થાય છે, એમાં હાજર રહેલા ઉમેદવારોની સંખ્યા આપવામાં આવી છે. એમાં કેટલા લોકોને રોજગારી આપવામાં આવી છે? મારો બીજો પ્રશ્ન એ છે કે જેને રોજગારી આપવામાં આવી છે એ બેરોજગારીની યાદી રોજગાર વિનિમય કચેરીમાં રહે છે એમાંથી બાદ કરી દેવામાં આવે છે કે નહિ. ત્રીજી વાત જે ખાનગી એકમોની અંદર આ લોકોને નોકરી આપવામાં આવી છે તો એની માહિતી જિલ્લા ફરિયાદ અને સંકલન સમિતિમાં માગવામાં આવે છે તો આવી યાદી આપવામાં આવતી નથી. આપ રાજકોટ જિલ્લામાં કયા કયા ખાનગી એકમોમાં કેટલાને રોજગારી આપી એ માહિતી આપવા માગો છો કે કેમ?

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય લલિતભાઇ વસોયાના જવાબ ઉપર આવું ત્યાર પહેલાં આ સન્માનનીય ગૃહના સભ્યશ્રી કુંવરજીભાઇ બાવળીયા અને ભારતીય સંસદીય ગૃહના સભ્યશ્રી નવસારીના સાંસદ શ્રી સી.આર. પાટીલ સાહેબનો આજે જન્મદિવસ છે. આજે આપણે આ ગૃહ મારફત જન્મ દિવસની શુભેચ્છાઓ પાઠવીએ છીએ. માનનીય લલિતભાઇએ પ્રશ્ન પૂછ્યો, લલિતભાઇએ ઘણા મેળા જોયા છે અને આજે આ ભરતી મેળાની વાત લઇને આવ્યા છે તેનો મને આનંદ છે, કારણ કે ભારતીય સંસ્કૃતિમાં મેળા એ પછી ભવનાથનો મેળો હોય, શિવરાત્રીનો મેળો હોય, જન્માષ્ટમીનો મેળો હોય પણ લલિતભાઇ તો એના મતવિસ્તાર પાટણવાવના ઓસમ ડુંગરના મેળામાં પણ ગયા હશે, પણ અમે મેળાને આપણી ભારતીય સંસ્કૃતિ છે, તેને ભૂપેન્દ્રભાઇના વડપણ હેઠળની આ સરકારે કાર્યસંસ્કૃતિમાં ફેરવી દીધેલ છે. તેને ધ્યાને લઇને અમે આવા ભરતી મેળાઓ કરી રહ્યા છીએ. આપના ધ્યાનમાં મૂકું કે રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ભરતી મેળા ઓફ લાઇન અને ઓન લાઇન, કારણ કે કોરોનાની સ્થિતિ હતી ત્યારે આપણે ઓફ લાઇન કરી શકતા નહોતા. અમે ઓફ લાઇન ૪૨ અને ઓન લાઇન ૧૩૦ એમ ૧૭૨ જેટલા ભરતી મેળા રાજકોટ જિલ્લામાં કર્યા. ભરતી મેળામાં હાજર ઉમેદવારોની સંખ્યા ઓફ લાઇન ૪,૮૪૩ અને ઓન લાઇન ૧૬,૫૨૨. એમ કુલ ૨૧,૩૬૫. ભરતી મેળામાં રોજગારી મેળવેલ ઉમેદવારોની સંખ્યા ઓફ લાઇન ૨,૩૪૭ અને ઓન લાઇન ૪,૫૦૭. એમ કરીને ૪૧,૬૪૬ જેટલા ઉમેદવારોને આખા જિલ્લામાં રોજગાર વિનિમય કચેરી દ્વારા રોજગારી આપેલ છે. જ્યારે ભરતી મેળા યોજાય છે ત્યારે નોકરી આપનારા અને નોકરી મેળવનારા ત્યાં ઉપસ્થિત હોય છે અને અમે ૮૦ ટકાને નોકરી આપવાનું એમ.ઓ.યુ. કરીએ છીએ અને માહિતી તમને આપેલી છે કે રાજકોટ જિલ્લામાં આટલા ભરતી મેળા કરીને આટલી રોજગારી આપી છે. રહી વાત જિલ્લા સંકલનની? તો જિલ્લા સંકલનનો પ્રશ્ન અહીં અપ્રસ્તુત છે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : આપનો કયો પ્રશ્ન બાકી છે? પ્રશ્ન ફરીથી બોલો.

શ્રી લલીત વસોયા : પ્રશ્ન નં. ૨ બાકી છે. જેને રોજગારી મળી છે તેનું નામ બેરોજગારની યાદીમાંથી કમી કરવામાં આવે છે કે રાખવામાં આવે છે? આપને ત્રીજો પ્રશ્ન એ પૂછ્યો કે જે ખાનગી યુનિટમાં આપે આ નોકરી આપી છે, સરકારી કે અર્ધસરકારી નોકરી નથી આપી. કઇ ખાનગી કંપનીમાં કોને નોકરી આપી એ માહિતી જિલ્લામાંથી નથી મળતી. આપ અહીંથી આપવા માગો છો કે કેમ?

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રીના માધ્યમથી લલિતભાઇના નમ્ર ધ્યાને મૂકું છું કે રોજગાર વિનિમય કચેરીમાં બેરોજગારોની નોંધણી થતી હોય છે તેનું લાઇવ રજિસ્ટર હોય છે અને લાઇવ રજિસ્ટરમાંથી જેને જેને નોકરી આપવામાં આવી હોય છે તેને આપોઆપ બાદ કરવામાં આવતા હોય છે.

શ્રી લલીત વસોયા : આમાં પણ પ્રશ્ન છે. માની લો કે રોજગારી મળી ગઇ. એટલે ઓટોમેટિક તમે તેમાંથી નામ કાઢી નાખો છો. ખાનગી યુનિટમાં છે. મહિના દિવસ પછી કે ૧૫ દિવસ પછી તેને છૂટો કરી દેવામાં આવે તો ફરી તેનો બેરોજગારની યાદીમાં સમાવેશ કરો છો કે નથી કરતા અને ત્રીજું, આની માહિતી આપવા માગો છો કે કેમ?

## તારાંકિત પ્રશ્નો

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય સભ્યશ્રી, મેં આપને કહ્યું કે મારા જવાબમાં આવી જાય છે કે રોજગારી માટે અમારી રોજગાર વિનિમય કચેરીમાં લાઇવ રજિસ્ટર છે. લાઇવમાં આ ઓટોમેટિક આવી જાય. એ બેરોજગાર થઇ જાય તો અમે એનું નામ નોંધીને બીજે પણ રોજગારી અપાવવા માટેના પ્રયત્નો કરતા હોઇએ છીએ. આપના નમ્ર ધ્યાને મૂકું તો આપે જે પ્રશ્ન પૂછ્યો છે તો રાજકોટ અને પોરબંદરમાં જે લોકમેળા યોજાતા હોય છે એમ અમે ભરતી મેળા યોજીએ છીએ. આ ભારતીય જનતા પક્ષની સરકારની કાર્ય સંસ્કૃતિને અનુરૂપ આ કાર્ય છે, ત્યારે આપને કહું કે રાજકોટના અને પોરબંદરના આંગણે વેલસન ઇન્ડિયા લિમિટેડ, જયોતિ એન.સી., એલ.એન્ડ ટી., અતુલ ઓટો, રિલાયન્સ એવી તો મસ મોટી કંપનીઓ છે. જો કહેવા બેસીસને તો આ ગીતા અને રામાયણ તમે સાંભળી નહીં શકો એટલી કંપનીઓ અમારે ત્યાં રાજકોટમાં અને પોરબંદરમાં જઇ અને રોજગારી આપવા માટે તલપાપડ હોય છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા મંત્રીશ્રીને પૂછવા માગું છું કે રોજગાર કચેરી દ્વારા ક્લાસ-૪ની ભરતીની પણ ખરેખર જવાબદારી આપને આવેલી છે. તમે ભરતી મેળા કરો છો. ધારાસભ્યોના પણ ઘણા ભરતી મેળા કર્યા, ખરીદીમેળા કર્યા અને એમાં તમે આવી ગયા. તમે ભરતીમેળામાં જ ગયેલા છો. મારે આપના દ્વારા મંત્રીશ્રીને કહેવું છે કે દા.ત. કોઇપણ વ્યકિતગત રીતે કોઇ પ્રાઇવેટ વ્યકિત કોઇ ફેકટરી બનાવે અને એ ફેકટરીમાં ૧૦-૫૦ કે ૧૦૦ માણસની જરૂર પડે અને એ ફેકટરીનો માલિક એમને કામે રાખતો હોય છે એની ગણતરી તમે આમાં કરો છો કે નથી કરતા?

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બળદેવજીભાઇ ઠાકોર સિનિયર સભ્યશ્રી છે. તેમની ચિંતા સમજી શકાય એમ છે કે કલાસ-૪ની ભરતી તો આપશ્રી જાણો છો કે છેલ્લા કેટલાક સમયથી સરકારશ્રીએ કલાસ-૪ની જે ભરતી છે એ આઉટસોર્સથી ભરતી કરવાનો નિર્ણય કર્યો છે એના અનુસંધાને આઉટસોર્સથી જ આ ભરતી થતી હોય છે એટલે એમાં સરકારશ્રીનો સીધો રોલ હોતો નથી.

શ્રી પરસોત્તમ ઉ. સાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે રોજગાર કચેરીમાં નામ નોંધાવવા માટે ઉમેદવારે રૂબરૂ આવવું પડે કે ઓનલાઇન થાય? જો હા તો એની મને માહિતી આપો?

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પરસોત્તમભાઇ સાબરિયા પણ ઉદ્યોગ ચલાવતા એક અગ્રણી ઉદ્યોગકાર છે. એમણે જે પ્રશ્ન પૂછયો છે એ બહુ સારો પ્રશ્ન છે. રોજગાર કચેરીમાં નામ નોંધાવવા માટે ઉમેદવારે રૂબરૂ હાજર રહેવું જરૂરી છે કે ઓન લાઇન સુવિધા ઉપલબ્ધ છે? તો આ અંગે હું મારા ગૃહના સૌ માનવંતા સભ્યશ્રીઓને નોલેજ માટે માહિતી મૂકું છે કે અત્યારે ડિજિટલ યુગ ચાલે છે. આદરણીય પ્રધાનમંત્રીશ્રી મોદીસાહેબ આપણને સૌને હાઇટેક ટેકનોલોજીમાં સામેલ કરી રહ્યા છે ત્યારે રોજગાર કચેરીમાં પણ નામ નોંધાવવા માટે રૂબરૂ કોઇ બેરોજગારે જવાની જરૂરીયાત નથી. રાજયના શ્રમ કૌશલ્ય અને રોજગાર વિભાગ હેઠળની રોજગાર અને તાલીમ નિયામકની કચેરી દ્વારા રાજયના યુવાનોને અને નોકરીદાતાઓની સવલત માટે આપ સૌના ધ્યાનમાં મૂકું છું કે આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે એક અનુબંધમ નામનું વેબપોર્ટલ અને મોબાઇલ એપનું લોકાર્પણ કરીને આ જે નોકરી દાતાઓ છે અને નોકરીવાંછુઓ છે એની માટે એક સેતુબંધ રચ્યો છે અને આ રીતે નોકરી દાતાઓને અનુબંધમ. ગુજરાત જી.ઓ.વી.ઇન એના દ્વારા નોંધણી પણ થઇ શકતી હોય છે. આ અનુબંધમ વેબ પોર્ટલ રાજયના યુવાનોને રોજગારલક્ષી સેવાઓ, ડિજિટલ મોડ દ્વારા મળી રહે, નોકરી દાતાઓને કુશળ માનવબળ આપવાના ઉમદા ઉદ્દેશ સાથે આ વેબપોર્ટલ વિકસાવવામાં આવેલ છે જેના માધ્યમથી ઉમેદવારો તેની લાયકાત અને તેની યોગ્યતા મુજબ રોજગારી મેળવી શકે છે એટલું જ નહીં નોકરીદાતા અને તેના એકમમાં રહેલ ખાલી જગ્યાઓ માટેની જરૂરિયાત મુજબના ઉમેદવારો પણ આ અનુબંધમ પોર્ટલ દ્વારા પસંદ થઇ શકતા હોય છે.

શ્રી જગદીશ ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું, પણ વચ્ચે એક વાત કહી દઉં કે વર્ષ ૨૦૨૨માં આ લોકો બેરોજગાર થઇ જાય તો એ લોકોનું રજિસ્ટર મેઇન્ટેન કરજો.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન પૂછો.

શ્રી જગદીશ ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ વૈશ્વિક કક્ષાનું પ્રસ્થાપિત થયેલ એમ. એસ. એમ.ઇ. કલસ્ટર છે. ઇન્ડસ્ટ્રિયલ હબ છે. ઓઇલ એન્જિન કે ઓટોમોબાઇલ જેવી ઇન્ડસ્ટ્રીઝ ચાઇનાને કોમ્પીટ કરે છે. રાજકોટ જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં મુખ્યત્વે કયા સેકટરમાં કેટલી રોજગારી આપવામાં આવી?

શ્રી બ્રિજેશ મેરજા : જગદીશભાઇ પટેલ ગૃહના એક અભ્યાસુ સભ્યશ્રી છે. એમણે આ લલિતભાઇ વિશે જે ચિંતા કરી છે.

અધ્યક્ષશ્રી : ટૂંકમાં જવાબ આપો. મારે બીજા પ્રશ્નો લેવાના છે.

શ્રી બ્રિજેશ મેરજા : રાજકોટ જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં મુખ્યત્વે મેન્યુફેકચરિંગ ઓફ એન્જિનિયરિંગ ગુડ્ઝ ક્ષેત્રે ૩,૨૭૨ , ઓટોમોબાઇલ ક્ષેત્રે ૨૧૦, સેલ્સ એન્ડ રિટેલ ક્ષેત્રે ૧,૫૫૬, બેન્કિંગ અને ફાયનાન્સિયલ સર્વિસ અને ઇન્સ્યોરન્સ ક્ષેત્રે ૭૮૯ જેટલી રોજગારી આપવામાં અમને સફળતા મળી છે.

### વડોદરા જિલ્લામાં રોડને ચાર માર્ગીય કરવાની મંજૂરી

* ૪૨૫૦૫ **શ્રી કેતનભાઈ ઈનામદાર** (સાવલી) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

તા. ૧૬મી માર્ચ ૨૦૨૨
અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લાના સાંકરદા-ભાદરવા-સાવલી રસ્તો કિ.મી.૦/૦ થી ૨૧/૪૦ને ચાર માર્ગીય કરવાની કામગીરીને મંજૂરી મળેલ છે કે કેમ. | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામને કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે, અને | (૨) રૂ. ૮૨૨૦.૦૦ લાખ. |
| (૩) કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે ? | (૩) પ્રગતિમાં. |

શ્રી કેતનભાઇ મ. ઇનામદાર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગુજરાતની આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં સાવલી-સાંકરદા રસ્તો રૂ. ૮,૨૨૦ લાખના ખર્ચે મંજૂર થયો છે, ત્યારે સાવલી અને લાભાર્થી ગ્રામજનો વતી હું એમનો ખૂબ ખૂબ આભાર માનું છું. મારો પ્રશ્ન એ છે કે સાવલી-સાંકરદા વાળો રસ્તો જે અત્યારે એનું કામ ચાલુ છે એની સમય મર્યાદા શું છે અને સમય મર્યાદામાં કામ પૂર્ણ થશે કે કેમ?

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે એમાં કામગીરીનો વર્ક ઓર્ડર તા. ૧૦-૩-૨૦૨૧ના રોજ આપવામાં આવ્યો હતો. ૧૮ માસની મુદત છે. તા. ૯-૯-૨૦૨૨ના રોજ પૂર્ણ થવાનો છે. હજી ઘણો સમય છે અને સમયસર કામ ચાલી રહ્યું છે.

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે, આ રસ્તાને ચાર માર્ગીય કરવાથી કયા કયા ધાર્મિક સ્થળો ઉતાર જતા યાત્રીઓને લાભ થશે તેમજ સાવલી તેમજ આસપાસના વિસ્તારને આ રસ્તાથી શું લાભ થવાનો છે?

શ્રી પૂર્ણેશ મોદી : સદર માર્ગ લંબાઇમાં ભાદરવા ગામ પાસે ચેહર જોગણી માતાનો મઠ સ્થિત છે. પ્રતિ આઠમના દિવસે ત્યાં દર્શનનો ખૂબ મહિમા છે. તે ઉપરાંત ભાદરવા ગામમાં આંગલેશ્વર મહાદેવ અને સાવલીમાં ભીમનાથ મહાદેવ આ બન્ને જગ્યા પર પણ ખૂબ મહિમા છે. વડોદરા જિલ્લાથી વિવિધ તાલુકામાં ભારે માત્રામાં શ્રદ્ધાળુઓ અવર-જવર કરી રહ્યા છે. સાગરકા ગામમાં સ્વામિનારાયણ મંદિર પણ છે. મોક્સી ગામમાં શિકોતર માતાનું મંદિર છે. આમ, સાવલી તાલુકામાં ભમ્મરમોડા મેલડી માતાનું પણ મંદિર છે. ટૂંકમાં ખૂબ જ ધાર્મિક વાતાવરણને અનુકૂળ હોઇ યાત્રાળુઓ ખૂબ જ વાહનોમાં આવતા હોય છે. આથી એમને અવર-જવરમાં ખૂબ જ સુગમતા લાગશે. એટલું જ નહીં પરંતુ જે ઇન્ડસ્ટ્રીઝ છે એમાં રણોલીમાં જી.આઇ.ડી.સી. છે. આઇ.ઓ.સી. અને જી.એસ.એફ.સી. ની સાથે સાથે અનેક કંપનીઓ છે. એમાં પણ ઘણા લોકોને ઔદ્યોગિક બેલ્ટમાં અવર-જવરમાં આ રસ્તો ખૂબ અનુકૂળ રહેશે. ટીમ્બા ગામે ક્વોરી ઉદ્યોગ છે. આમ, અનેક લોકોને પરિવહનમાં સુગમતા રહેવાની છે. એટલું જ નહીં મોક્સી ગામે બેસ્ટ વેલ્યુકેમ પ્રાઇવેટ લિમિટેડ છે. રાણીયા ગામે ડી.ડબલ્યુ.ડી. ફાર્માશ્યુટિકલ ઇન્સ્ટિટ્યૂટ છે. ક્લેરિયલ કેમિકલ ઇન્ડિયા લિમિટેડ છે. આમ, જે ઔદ્યોગિક એકમો છે એ ખૂબ મોટા પ્રમાણમાં ત્યાં છે. જેના કારણે ઔદ્યોગિક એકમોના લોકોને ફાયદો થશે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો
(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**રાજ્યમાં મહિલા માછીમારોને સ્વરોજગારી માટે યોજનાઓ**

૪૨૪૪૧ **શ્રીમતી સીમાબેન મોહીલે** (અકોટા) : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મહિલા માછીમારોને સ્વરોજગારી મળી રહે તે માટે મત્સ્યોદ્યોગ ખાતા દ્વારા કઈ કઈ યોજનાઓ અમલમાં છે ? | તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મહિલા માછીમારોને સ્વરોજગારી મળી રહે તે માટે મત્સ્યોદ્યોગ ખાતા દ્વારા નીચેની વિગતે યોજના અમલમાં છે.<br>● મત્સ્યબીજનું ઉત્પાદન અને આંતરદેશીય મત્સ્યોદ્યોગના સાધનો વધારવાની યોજના હેઠળ પછાત મહિલા વેચાણ સહાય યોજના.<br>● આદિજાતી વિકાસ પેટા યોજના હેઠળ મહિલા |

દ્વારા સ્પોન ઉછેર યોજના.

- - - - - - - - -

**રાજકોટ ખાતે એરપોર્ટ બનાવવાની કામગીરી**

૪૨૪૬૦ **શ્રી ગોવિંદભાઈ પટેલ** (રાજકોટ-દક્ષિણ) : **માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ રાજકોટ ખાતે કઈ કક્ષાનું એરપોર્ટ બનાવવામાં આવનાર છે,

(૨) રાજ્ય સરકાર દ્વારા આ એરપોર્ટ બનાવવા ઉક્ત સ્થિતિએ શું કામગીરી કરવામાં આવેલ છે, અને

(૩) એરપોર્ટ બનાવવાની કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) રાજકોટ ખાતે Code 'C' Type નું આંતરરાષ્ટ્રીય કક્ષાનું એરપોર્ટ બનાવવાની કામગીરી પ્રગતિમાં છે.

(૨) રાજ્ય સરકાર દ્વારા આ એરપોર્ટ બનાવવા જરૂરી જમીન મેળવી એરપોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાને સોંપવામાં આવેલ છે.

(૩) ઓગસ્ટ-૨૦૨૨ સુધીમાં એરપોર્ટ બનાવવાની પ્રથમ તબક્કાની કામગીરી પૂર્ણ થવાની શક્યતા છે.

- - - - - - - - -

**તાપી અને સુરત જિલ્લા પંચાયતમાં મંજૂર મહેકમ**

૪૩૪૧૫ **શ્રી પુનાભાઈ ગામીત** (વ્યારા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ તાપી અને સુરત જિલ્લાની જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ તાપી અને સુરત જિલ્લા પંચાયતનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ નીચે મુજબ છે.

| ક્રમ | સંવર્ગ | તાપી જિલ્લાનું મંજૂર જગ્યા | સુરત જિલ્લાનું મંજૂર જગ્યા |
|---|---|---|---|
| ૧ | વર્ગ-૧ | ૧૩ | ૧૬ |
| ૨ | વર્ગ-૨ | ૧૭ | ૨૨ |
| ૩ | વર્ગ-૩ | ૧૩૨ | ૨૦૯ |
| ૪ | વર્ગ-૪ | ૨૭ | ૨૯ |
| | **કુલ** | **૧૮૯** | **૨૭૬** |

(૨) તે અન્વયે જિલ્લા પંચાયતવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

(૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નીચે દર્શાવેલ વિગતે તાપી અને સુરત જિલ્લા પંચાયતની જગ્યાઓ ભરાયેલ અને ખાલી નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લા પંચાયતનું નામ | સંવર્ગ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ખાલી જગ્યાનો સમયગાળો | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | ૧ વર્ષથી ઓછું | ૧ થી ૩ વર્ષ સુધીની | ૩ થી વધુ સમયની |
| ૧ | તાપી | વર્ગ-૧ | ૬ | ૭ | ૩ | ૩ | ૧ |
| | | વર્ગ-૨ | ૮ | ૯ | ૧ | ૪ | ૪ |
| | | વર્ગ-૩ | ૫૬ | ૭૬ | ૨૦ | ૨૩ | ૩૩ |
| | | વર્ગ-૪ | ૨૭ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | **કુલ** | **૯૭** | **૯૨** | **૨૪** | **૩૦** | **૩૮** |
| ૨ | સુરત | વર્ગ-૧ | ૧૧ | ૫ | ૨ | ૨ | ૧ |
| | | વર્ગ-૨ | ૧૨ | ૧૦ | ૫ | ૩ | ૨ |
| | | વર્ગ-૩ | ૮૧ | ૧૨૮ | ૨૭ | ૨૮ | ૭૩ |
| | | વર્ગ-૪ | ૧૧ | ૧૮ | ૪ | ૫ | ૯ |
| | | **કુલ** | **૧૧૫** | **૧૬૧** | **૩૮** | **૩૮** | **૮૫** |

(૩)ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) વર્ગ-૧, વર્ગ-૨ અને વર્ગ-૩માં તબક્કાવાર ૧૦

વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ સીધી ભરતી અને બઢતીથી સ્ટાફ ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે અને વર્ગ-૪માં આઉટસોર્સથી જગ્યાઓ ભરવામાં આવશે.

- - - - - - - - -

**મુનસર તળાવને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાની કામગીરી**

૪૩૩૦૮ **શ્રી લાખાભાઈ ભરવાડ** (વિરમગામ) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના વિરમગામ શહેરમાં આવેલ ઐતિહાસિક મુનસર તળાવને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાની કામગીરી કયા તબક્કે છે, અને | (૧) કોઈ કામગીરી હાથ ધરવામાં આવી રહેલ નથી. |
| (૨) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**કલ્પસર યોજના હેઠળ ખર્ચ**

૪૩૩૨૬ **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા): ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૧-૦૪-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૯૪૫૫ (અગ્રતા-૮૩)ના અનુસંધાને **માનનીય કલ્પસર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કલ્પસર યોજના અન્વયે ભાડભૂત બેરેજનું બાંધકામનું કામ ઓક્ટોબર-૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવાનું છે તે કામગીરી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કયા તબક્કે છે, | (૧) ભાડભૂત બેરેજનું બાંધકામ પ્રગતિ હેઠળ છે. |
| (૨) ઉક્ત કામગીરી કેટલા ખર્ચે કઇ એજન્સીને આપવામાં આવેલ છે, અને | (૨) ઉક્ત કામગીરી રૂ.૪૧૬૭.૬૯ કરોડના ખર્ચે મેસર્સ દિલીપ બિલ્ડકોન લિ. - હિંદુસ્તાન કન્સ્ટ્રક્શન કુ. લિ. (સંયુક્ત સાહસ), ભોપાલને કામગીરી સોંપવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત કામગીરી પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે અને કુલ કેટલો ખર્ચ થનાર છે ? | (૩) ઉક્ત કામગીરી પાછળ ઉક્ત સ્થિતિએ કુલ રૂ.૩૪૭.૮૫ કરોડનો ખર્ચ થયેલ છે અને અંદાજિત રૂ.૩૮૧૯.૮૪ કરોડનો ખર્ચ થનાર છે. |

- - - - - - - - -

**મહેસાણા જિલ્લામાં માનવ કલ્યાણ યોજના**

૪૨૪૬૭ **શ્રી રમણભાઈ પટેલ** (વિજાપુર) : **માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી, | (૧) મહેસાણા જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર પત્રક-૧ મુજબ અરજીઓ આવી, |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) તે પૈકી પત્રક-૨ મુજબની અરજીઓ મંજૂર કરવામાં આવી. |
| (૩) તે અન્વયે ક્યા ક્યા પ્રકારની ટુલકીટ મંજૂર કરવામાં આવી ? | (૩) જોડાણ-૧ સામેલ રાખેલ છે. |

| જોડાણ-૧ | |
|---|---|
| ૧ | કડિયાકામ |
| ૨ | સેન્ટીંગ કામ |
| ૩ | વાહન સર્વિસીંગ અને રિપેરિંગ |
| ૪ | મોચીકામ |

| | |
|---|---|
| ૫ | દરજીકામ |
| ૬ | ભરતકામ |
| ૭ | કુંભારીકામ |
| ૮ | વિવિધ પ્રકારની ફેરી |
| ૯ | પ્લમ્બર |
| ૧૦ | બ્યુટીપાર્લર |
| ૧૧ | ઇલેક્ટ્રીક એપ્લાર્યન્સીસ રિપેરિંગ |
| ૧૨ | ખેતીલક્ષી લુહારી / વેલ્ડીંગ કામ |
| ૧૩ | સુથારીકામ |
| ૧૪ | ધોબીકામ |
| ૧૫ | સાવરણી સૂપડા બનાવનાર |
| ૧૬ | દૂધ - દહીં વેચનાર |
| ૧૭ | માછલી વેચનાર |
| ૧૮ | પાપડ બનાવટ |
| ૧૯ | અથાણા બનાવટ |
| ૨૦ | ગરમ / ઠંડાપીણા અલ્પાહાર વેચાણ |
| ૨૧ | પંચર કીટ |
| ૨૨ | ફ્લોરમીલ |
| ૨૩ | મસાલામીલ |
| ૨૪ | રૂ ની દિવેટ બનાવવી (સખીમંડળ) |
| ૨૫ | મોબાઇલ રિપેરિંગ |
| ૨૬ | પેપરકપ અને ડીશ બનાવટ (સખીમંડળ) |
| ૨૭ | હેરકટીંગ (વાળંદકામ) |

**પત્રક - ૧**

| અ.નં. | તાલુકાનું નામ | તા.૦૧-૦૧-૨૦ થી તા.૩૧-૧૨-૨૦ સુધી | તા.૦૧-૦૧-૨૧થી તા.૩૧-૧૨-૨૧ સુધી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ખેરાલુ | ૨૩૫ | ૨૧૩ | ૪૪૮ |
| ૨ | સતલાસણા | ૩૬૧ | ૨૫૫ | ૬૧૬ |
| ૩ | મહેસાણા | ૩૪૯ | ૭૧૮ | ૧૦૬૭ |
| ૪ | કડી | ૩૧૭ | ૩૬૪ | ૬૮૧ |
| ૫ | વિસનગર | ૪૯૬ | ૩૨૧ | ૮૧૭ |
| ૬ | ઊંઝા | ૨૭૯ | ૨૦૦ | ૪૭૯ |
| ૭ | વિજાપુર | ૪૭૮ | ૩૪૮ | ૮૨૬ |
| ૮ | વડનગર | ૩૧૦ | ૨૮૦ | ૫૯૦ |
| ૯ | બેચરાજી | ૨૧૮ | ૯૪ | ૩૧૨ |
| ૧૦ | જોટાણા | ૨૧૨ | ૧૪૬ | ૩૫૮ |
| | **કુલ** | **૩૨૫૫** | **૨૯૩૯** | **૬૧૯૪** |

**પત્રક - ૨**

| અ.નં. | તાલુકાનું નામ | તા.૦૧-૦૧-૨૦ થી તા.૩૧-૧૨-૨૦ સુધી | તા.૦૧-૦૧-૨૧થી તા.૩૧-૧૨-૨૧ સુધી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ખેરાલુ | ૮૪ | ૮૪ | ૧૬૮ |

તા. ૧૬મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

| અ.નં. | તાલુકાનું નામ | તા.૦૧-૦૧-૨૦ થી તા.૩૧-૧૨-૨૦ સુધી | તા.૦૧-૦૧-૨૧થી તા.૩૧-૧૨-૨૧ સુધી | કુલ |
|---|---|---|---|---|
| ૨ | સતલાસણા | ૧૦૫ | ૧૦૫ | ૨૧૦ |
| ૩ | મહેસાણા | ૧૬૧ | ૧૬૧ | ૩૨૨ |
| ૪ | કડી | ૧૯૩ | ૧૯૩ | ૩૮૬ |
| ૫ | વિસનગર | ૧૧૯ | ૧૧૯ | ૨૩૮ |
| ૬ | ઊંઝા | ૬૧ | ૬૧ | ૧૨૨ |
| ૭ | વિજાપુર | ૧૧૫ | ૧૧૫ | ૨૩૦ |
| ૮ | વડનગર | ૬૭ | ૬૭ | ૧૩૪ |
| ૯ | બેચરાજી | ૬૩ | ૬૩ | ૧૨૬ |
| ૧૦ | જોટાણા | ૬૮ | ૬૮ | ૧૩૬ |
| | **કુલ** | **૧૦૩૬** | **૧૦૩૬** | **૨૦૭૨** |

- - - - - - - - -

**ભરૂચ જિલ્લામાં ભાડભૂત બૅરેજ યોજના**

૪૨૪૫૯ **શ્રી અરૂણસિંહ રણા** (વાગરા) : **માનનીય કલ્પસર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં ભાડભૂત બૅરેજ યોજના અન્વયે નર્મદા નદીના બંન્ને કાંઠા ઉપર પૂર સંરક્ષણ અંગે કોઇ આયોજન કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા. |
| (૨) જો હા, તો તે અન્વયે શી કામગીરી કરવામાં આવી ? | (૨) ભાડભૂત બૅરેજ યોજના અન્વયે બૅરેજના ઉપરવાસમાં નર્મદા નદીના ડાબા કાંઠે ૨૨ કિલોમીટર અને જમણાં કાંઠે ૧૯ કિલોમીટર લંબાઇના પૂર-સંરક્ષણ પાળાના બાંધકામનું આયોજન કરવામાં આવેલ છે, જે અન્વયે ઉપલબ્ધ જમીનમાં બાંધકામની કામગીરી પ્રગતિ હેઠળ છે. |

- - - - - - - - -

**અમદાવાદ જિલ્લામાં લઘુમતી સમાજના યાત્રાધામોનો વિકાસ**

૪૩૩૧૭ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : **માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં લઘુમતી સમાજના કયા યાત્રાધામોના વિકાસ માટે કેટલી રકમ ફાળવવામાં આવી,<br>(૨) તે પૈકી કયા યાત્રાધામના વિકાસના કયા કામ માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને<br>(૩)કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી ? | (૧), (૨) અને (૩)<br>તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં લઘુમતી સમાજના યાત્રાધામોના વિકાસમાં ફાળવેલ રકમ, ખર્ચ અને કામોની માહિતી પત્રકમાં સામેલ રાખેલ છે. |

**પત્રક**

| અમદાવાદ શહેર અને જિલ્લાના લઘુમતી સમાજના યાત્રાધામની વિગત | | | | | | |
|---|---|---|---|---|---|---|
| (તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦) | | | | | | |
| ક્રમ | તાલુકો | યાત્રાધામની વિગત | થયેલ ફાળવણીની | થયેલ ખર્ચની રકમ | વણવપરાયેલ | વણવપરાયેલ |

અતારાંકિત પ્રશ્નો

| | | | રકમ | | રકમ | રકમના કારણો |
|---|---|---|---|---|---|---|
| ૧ | દશક્રોઈ | ધી ઈમામશાહ બાવા દરગાહ, મુ. પીરાણા ખાતે ૧૫ કિ.વો. સોલાર રૂફટોપની કામગીરી | રૂ.૫,૩૧,૫૨૫/- | રૂ.૫,૩૧,૫૨૫/- | શુન્ય | - |
| ૨ | અમદાવાદ શહેર | શ્રી પુરૂષાદાનીય પાર્શ્વનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, નારણપુરા, ખાતે ૬ કિ.વો. સોલાર રૂફટોપની કામગીરી | રૂ.૨,૬૩,૯૬૪/- | રૂ.૨,૬૩,૯૬૪/- | શૂન્ય | - |
| (તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧) | | | | | | |
| કોઈ રકમની ફાળવણી કરવામાં આવેલ નથી. | | | | | | |

---------

**પાટણ અને મહેસાણા જિલ્લામાં ડમ્પર પાર્સીંગમાં ગેરરીતિ**

૪૩૨૮૪ **ડૉ.કીરીટકુમાર પટેલ** (પાટણ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા.૧૩-૦૩-૨૦૨૦ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૭૯૯૧ (અગ્રતા-૮૨)ના અનુસંધાને **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ટાટા કંપનીના એક સરખી એક્સલવાળા ખાલી ડમ્પરના સરખા વજન ધરાવતા ડમ્પરો પર પાટણ અને મહેસાણા જિલ્લાના આર.ટી.ઓ. દ્વારા ખાલી ડમ્પરના ઓછા-વધુ વજન દર્શાવીને તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાર્સીંગ કરવાની ગેરરીતિ અંગે વિસંગતતા સંબંધી તપાસ ચાલુ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ તપાસ પૂર્ણ કરવામાં આવી છે કે કેમ તથા તપાસમાં કેટલા અધિકારીઓ સામેલ હોવાનું જાહેર થયેલ છે અને જવાબદારો સામે શાં પગલાં લેવાયા છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) પૂર્વ પ્રાથમિક તપાસમાં વર્ગ-૨ ના ૮ અધિકારીઓ સામેલ હોવાનું જણાયેલ છે. જે પૈકી ૩ અધિકારીઓને કારણદર્શક નોટિસ આપી તેઓની ક્ષતિ સામાન્ય જણાયેલ હોય તેઓને તાકીદ કરવામાં આવેલ છે. જ્યારે બાકીના ૫ અધિકારીઓ સામે શિસ્ત વિષયક કાર્યવાહી કરવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

---------

**કલ્પસર યોજના હેઠળ ખર્ચ**

૪૩૩૧૧ **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૧-૦૪-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૯૪૫૫ (અગ્રતા-૮૩)ના અનુસંધાને **માનનીય કલ્પસર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કલ્પસર યોજના અન્વયે ભાડભૂત બૅરેજનું બાંધકામનું કામ ઓક્ટોબર-૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવાનું છે તે કામગીરી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કયા તબક્કે છે,

(૨) ઉક્ત કામગીરી કેટલા ખર્ચે કઈ એજન્સીને આપવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત કામગીરી પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે અને કુલ કેટલો ખર્ચ થનાર છે ?

**જવાબ**

(૧) ભાડભૂત બૅરેજનું બાંધકામ પ્રગતિ હેઠળ છે.

(૨) ઉક્ત કામગીરી રૂ.૪૧૬૭.૬૯ કરોડના ખર્ચે મેસર્સ દિલીપ બિલ્ડકોન લિ. - હિંદુસ્તાન કન્સ્ટ્રક્શન કુ. લિ. (સંયુક્ત સાહસ), ભોપાલ ને કામગીરી સોંપવામાં આવેલ છે.

(૩) ઉક્ત કામગીરી પાછળ ઉક્ત સ્થિતિએ કુલ રૂ.૩૪૭.૮૫ કરોડનો ખર્ચ થયેલ છે અને અંદાજિત રૂ.૩૮૧૯.૮૪ કરોડનો ખર્ચ થનાર છે.

તા. ૧૬મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

- - - - - - - - -

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સ્થાનિકોને રોજગારી**

૪૩૨૬૮ **શ્રી ગુલાબસિંહ રાજપૂત** (થરાદ) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ. અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલ નાયરા એનર્જી લિ (અગાઉની એસ્સાર કંપની) માં કંપનીવાર છેલ્લા બે વર્ષમાં માસવાર કેટલા સ્થાનિકોને અને બિન સ્થાનિક શ્રમિકોને રોજગારી પૂરી પાડવામાં આવી, અને

**જવાબ**

(૧) શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧-૦૩-૧૯૯૫ ના ઠરાવની જોગવાઇ અન્વયે દર છ માસે (જૂન અને ડિસેમ્બર અંતિત) મેનેજર/સુપરવાઇઝર અને કર્મચારી/કામદાર/કારીગર કક્ષાની રોજગારી અને તે પૈકી સ્થાનિક રોજગારીની વિગતો મેળવવામાં આવે છે.

તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ (૧) જામનગર જિલ્લામાં આવેલ રિલાયન્સ ઇન્ડ્રસ્ટ્રીઝ લિ. અને (૨) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલ નાયરા એનર્જી લિમિટેડ કંપનીમાં (અગાઉની એસ્સાર કંપની) છેલ્લા બે વર્ષની રોજગારીની માહિતી નીચે મુજબ છે.

**જામનગર જિલ્લામાં આવેલ**

(૧) રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિ. સેઝ (યુનિટ-૧)ની રોજગારીની વિગત

| સમયગાળો | સ્થાનિક રોજગારી | બિનસ્થાનિક રોજગારી |
|---|---|---|
| જૂન-૨૦૨૦ | ૧૭૮૩ | ૨૫૩ |
| ડિસેમ્બર-૨૦૨૦ | ૧૬૮૭ | ૨૩૬ |
| જૂન-૨૦૨૧ | ૧૬૪૫ | ૨૨૧ |
| ડિસેમ્બર-૨૦૨૧ | ૧૫૦૮ | ૧૮૦ |

(૨) રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિ. રીફાઇનરી ડીવીઝન (યુનિટ-૨) ની રોજગારીની વિગત

| સમયગાળો | સ્થાનિક રોજગારી | બિનસ્થાનિક રોજગારી |
|---|---|---|
| જૂન-૨૦૨૦ | ૨૭૮૪ | ૪૫૮ |
| ડિસેમ્બર-૨૦૨૦ | ૨૭૨૧ | ૪૭૩ |
| જૂન-૨૦૨૧ | ૨૬૪૦ | ૪૫૧ |
| ડિસેમ્બર-૨૦૨૧ | ૨૫૨૬ | ૪૩૦ |

(૩) રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિ. સી-૨ (યુનિટ-૩)ની રોજગારીની વિગત

(આ યુનિટ વર્ષ.૨૦૨૧ થી કાર્યરત થયેલ છે)

| સમયગાળો | સ્થાનિક રોજગારી | બિનસ્થાનિક રોજગારી |
|---|---|---|
| જૂન-૨૦૨૧ | ૪૮૧ | ૫૨ |
| ડિસેમ્બર-૨૦૨૧ | ૪૨૬ | ૪૫ |

**દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલ**

(૧) નાયરા એનર્જી લિ. (અગાઉની એસ્સાર કંપની)ની રોજગારીની વિગત

| સમયગાળો | સ્થાનિક રોજગારી | બિનસ્થાનિક રોજગારી |
|---|---|---|
| જૂન-૨૦૨૦ | ૩૨૩૭ | ૪૪૦ |
| ડિસેમ્બર-૨૦૨૦ | ૫૨૮૮ | ૪૦૧ |
| જૂન-૨૦૨૧ | ૫૩૬૯ | ૪૩૧ |
| ડિસેમ્બર-૨૦૨૧ | ૫૮૩૬ | ૭૫૨ |

(૨) ઉક્ત કંપનીઓ સ્થાનિકોને ૮૫ ટકા મુજબ રોજગારી પૂરી પાડતી ન હોઈ તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત કઇ કંપની સામે શા પગલાં લીધાં ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**કચ્છ જિલ્લામાં સ્થાનિકોને રોજગારી અંગે તપાસ**

૪૩૨૯૩ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં અદાણી ગ્રુપની કંપનીઓમાં સ્થાનિકોને ૮૫ ટકા રોજગારી પૂરી પાડવામાં આવે છે કે કેમ તે અંગે છેલ્લા બે વર્ષમાં ક્યારે તપાસ કરવામાં આવી,

(૨) ઉક્ત તપાસ દરમ્યાન અદાણી ગૃપની કઇ કંપનીઓમાં સ્થાનિકોને ૮૫ ટકા મુજબ રોજગારી પૂરી પાડવામાં આવતી નથી, અને

(૩) સ્થાનિકોને રોજગારી પૂરી પાડવાનું ઉલ્લંઘન કરવા સબબ ઉક્ત પૈકી કઇ કંપની સામે શા પગલા લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧-૦૩-૧૯૯૫ના ઠરાવમાં સ્થાનિકોને ૮૫ ટકા રોજગારી પૂરી પાડવા અંગે તપાસ કરવાની જોગવાઇ નથી, ફક્ત દર છ માસે
(જૂન અંતિત અને ડિસેમ્બર અંતિત) સ્થાનિક રોજગારીની માહિતી એકત્ર કરવામાં આવે છે.

(૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અદાણી પાવર લિ.,
મું. ટુંડા, તા.મુન્દ્રામાં સ્થાનિકોની નિયત ટકાવારી જળવાતી નથી.

(૩)
- નિયત ટકાવારી જાળવવા અંગે પત્રો પાઠવેલ છે અને નાયબ નિયામક (રોજગાર), રાજકોટ દ્વારા બેઠક યોજી વિસ્તૃત સમજ આપવામાં આવેલ છે.
- રોજગાર કચેરી દ્વારા જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર તથા વેરા કચેરીને અને રોજગાર અને તાલીમ નિયામકની કચેરી દ્વારા ઉદ્યોગ કમિશનરશ્રીને ઉક્ત એકમ દ્વારા નિયત ટકાવારી જાળવવામાં આવેલ નથી તે અંગેની જાણ કરવામાં આવેલ છે.
- રોજગાર ભરતીમેળા (જોબફેર)નું આયોજન કરી સ્થાનિક ઉમેદવારોને રોજગારી મળી રહે તેવા પ્રયત્નો કરવામાં આવે છે.

- - - - - - - - -

**માઢવાડ ખાતે મત્સ્ય જેટી બનાવવાની કામગીરી**

૪૩૩૫૯ **શ્રી મોહનલાલ વાળા** (કોડીનાર) : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના માઢવાડ ખાતે મત્સ્ય જેટી બનાવવાની કામગીરી કયા તબક્કે છે, અને

**જવાબ**

(૧) ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના માઢવાડ ખાતે મત્સ્ય બંદર વિકસાવવાની કામગીરી અન્વયે, તા.૦૮-૦૭-૨૦૨૧ના રોજ વહીવટી મંજૂરી

આપવામાં આવેલ છે. સદર કામગીરી ગુજરાત મેરીટાઇમ બોર્ડને ડીપોઝીટરી વર્ક તરીકે સોંપવાનું નક્કી થયેલ હોઇ જરૂરી તમામ દસ્તાવેજો ગુજરાત મેરીટાઇમ બોર્ડને સોંપેલ છે.

(૨) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં કેટલા ખર્ચે પૂર્ણ કરવામાં આવનાર છે ?

(૨) રૂ.૧૭૫.૦૭ કરોડના ખર્ચે બનતી ત્વરાએ સદર કામગીરી પૂર્ણ કરવામાં આવનાર છે.

- - - - - - - - -

**દાહોદ જિલ્લામાં રસ્તાને ડામર કરવા બાબત**

* ૪૩૪૦૦ **શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા** (ગરબાડા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના વજેલાવ ગામના ભુતવલ ફળીયાના માંડોસેલ કોતરથી માતવા કલમ સુધીના રસ્તા પર છેલ્લે ક્યારે માટી-મેટલ કામ કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત રસ્તાને ડામર સપાટી કરવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને

(૩) ઉક્ત રસ્તાને ક્યાં સુધીમાં ડામર સપાટીનો કરવામાં આવશે ?

**જવાબ**

(૧) માર્ગ અને મકાન વિભાગ દ્વારા આવી કોઇ જ કામગીરી કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**મહીસાગર જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની જગ્યાઓ**

૪૨૫૧૯ **શ્રી જિગ્નેશકુમાર સેવક** (લુણાવાડા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨)

| મંજૂર | ભરાયેલ | ખાલી |
|---|---|---|
| ૦૨ | ૦૨ | ૦૦ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**પાકિસ્તાન દ્વારા પકડવામાં આવેલ માછીમારો**

૪૩૩૬૧ **શ્રી પુંજાભાઇ વંશ** (ઉના) : **માનનીય મત્સ્યદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યના કેટલા માછીમારો પાકિસ્તાનની જેલમાં છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા માછીમારોને પકડવામાં આવ્યા છે, અને

(૩) ઉક્ત માછીમારોને છોડાવવા રાજ્ય સરકારે શા પ્રયાસો કર્યા ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યના ૫૧૯ માછીમારો પાકિસ્તાનની જેલમાં છે.

(૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ સુધીમાં રાજ્યના ૧૬૩ માછીમારો અને તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ સુધીમાં રાજ્યના ૧૯૫ માછીમારો મળીને કુલ ૩૫૮ માછીમારોને પકડવામાં આવ્યા છે.

(૩) ઉક્ત માછીમારોને છોડાવવા માટે રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૦માં સાત વાર અને વર્ષ ૨૦૨૧માં ૧૧ રજૂઆતો મળી કુલ ૧૮ વાર રજૂઆતો તેમજ રાષ્ટ્રીયતાની ખરાઇની વિગતો ભારત સરકારના ગૃહ મંત્રાલયને પૂરી પાડવામાં આવેલ છે.

ફાલ્ગુન ૨૫, ૧૯૪૩ શાકે

અતારાંકિત પ્રશ્નો

**પોરબંદર તાલુકામાં રસ્તાની મંજૂરી**

૪૨૪૫૩ **શ્રી બાબુભાઇ બોખીરીયા** (પોરબંદર) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પોરબંદર જિલ્લાના પોરબંદર તાલુકાના કુછડી ગામે હાઇવેથી વેરણ વિસ્તારવાળો શ્રીનગર તરફનો રસ્તો મંજૂર કરવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી લંબાઈ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી ? | (૨) ૬.૩૦ કિ.મી., રૂ.૨૫૨.૦૦ લાખ. |

---------

**લીમખેડા તાલુકામાં પુલ બનાવવાનું આયોજન**

૪૨૪૫૭ **શ્રી શૈલેષભાઇ ભાભોર** (લીમખેડા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકામાં દુધીયા-પીપળી બાંડીબાર રોડ પુલ બનાવવા માટે સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને<br>(૨)જો હા, તો આ કામ ક્યારે મંજૂર કરવામાં આવશે ? | (૧) અને (૨)<br>તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નહી પરંતુ તા.૦૬-૦૧-૨૦૨૨ની સ્થિતિએ રૂ.૧૦૦૦ લાખ મંજૂર કરેલ છે. |

---------

**પાટણ જિલ્લામાં ફ્લાયઓવર બ્રિજની મંજૂરી**

૪૨૫૦૬ **શ્રી સુરેશભાઇ પટેલ** (મણીનગર) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પાટણ જિલ્લામાં પાટણ-ડીસા રોડ ઉપર નવજીવન ચોકડી પાસે ફ્લાયઓવર બ્રિજ બનાવવાની મંજૂરી મળેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામગીરી માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) રૂ.૨૭૦૦.૦૦ લાખ. |
| (૩) આ કામ ક્યાં સુધીમાં શરૂ કરવામાં આવશે ? | (૩) કામ પ્રગતિમાં છે. |

---------

**વડોદરા જિલ્લામાં માનવ કલ્યાણ યોજના**

૪૨૪૭૩ **શ્રી શૈલેષભાઇ મહેતા** (ડભોઈ) : **માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી, | (૧) વડોદરા જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર પત્રક-૧ મુજબ અરજીઓ આવી, |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) તે પૈકી પત્રક-૨ મુજબની અરજીઓ મંજૂર કરવામાં આવી. |
| (૩) તે અન્વયે ક્યા ક્યા પ્રકારની ટુલકીટ મંજૂર કરવામાં આવી ? | (૩) જોડાણ-૧ સામેલ રાખેલ છે. |

| **જોડાણ-૧** | |
|---|---|
| ૧ | કડિયાકામ |
| ૨ | સેન્ટીંગ કામ |
| ૩ | વાહન સર્વિસીંગ અને રિપેરિંગ |
| ૪ | મોચીકામ |
| ૫ | દરજીકામ |

| | |
|---|---|
| ૬ | ભરતકામ |
| ૭ | કુંભારીકામ |
| ૮ | વિવિધ પ્રકારની ફેરી |
| ૯ | પ્લમ્બર |
| ૧૦ | બ્યુટીપાર્લર |
| ૧૧ | ઇલેક્ટ્રીક એપ્લાયન્સીસ રિપેરિંગ |
| ૧૨ | ખેતીલક્ષી લુહારી / વેલ્ડીંગ કામ |
| ૧૩ | સુથારીકામ |
| ૧૪ | ધોબીકામ |
| ૧૫ | સાવરણી સુપડા બનાવનાર |
| ૧૬ | દૂધ - દહીં વેચનાર |
| ૧૭ | માછલી વેચનાર |
| ૧૮ | પાપડ બનાવટ |
| ૧૯ | અથાણા બનાવટ |
| ૨૦ | ગરમ / ઠંડાપીણા અલ્પાહાર વેચાણ |
| ૨૧ | પંચર કીટ |
| ૨૨ | ફ્લોરમીલ |
| ૨૩ | મસાલામીલ |
| ૨૪ | રૂ ની દિવેટ બનાવવી (સખીમંડળ) |
| ૨૫ | મોબાઇલ રિપેરિંગ |
| ૨૬ | પેપરકપ અને ડીશ બનાવટ (સખીમંડળ) |
| ૨૭ | હેરકટીંગ (વાળંદકામ) |

**પત્રક - ૧**

| અ.ન. | તાલુકાનું નામ | તા.૦૧-૦૧-૨૦ થી તા.૩૧-૧૨-૨૦ સુધી | તા.૦૧-૦૧-૨૧થી તા.૩૧-૧૨-૨૧ સુધી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | વડોદરા સિટી | ૫૯૨ | ૩૦૪ | ૮૯૬ |
| ૨ | વડોદરા ગ્રામ્ય | ૪૪૫ | ૨૦૩ | ૬૪૮ |
| ૩ | પાદરા | ૧૩૬ | ૨૧૨ | ૩૪૮ |
| ૪ | કરજણ | ૧૪૪ | ૨૨૨ | ૩૬૬ |
| ૫ | શિનોર | ૧૦૨ | ૪૨ | ૧૪૪ |
| ૬ | સાવલી | ૧૯૧ | ૧૬૫ | ૩૫૬ |
| ૭ | ડેસર | ૯૧ | ૬૪ | ૧૫૫ |
| ૮ | ડભોઇ | ૨૨૬ | ૧૫૬ | ૩૮૨ |
| ૯ | વાઘોડીયા | ૮૬ | ૮૪ | ૧૭૦ |
| | **કુલ** | **૨૦૧૩** | **૧૪૫૨** | **૩૪૬૫** |

**પત્રક - ૨**

| અ.ન. | તાલુકાનું નામ | તા.૦૧-૦૧-૨૦ થી તા.૩૧-૧૨-૨૦ સુધી | તા.૦૧-૦૧-૨૧થી તા.૩૧-૧૨-૨૧ સુધી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | વડોદરા સિટી | ૪૩૬ | ૩૦૪ | ૭૪૦ |
| ૨ | વડોદરા ગ્રામ્ય | ૩૫૧ | ૨૦૩ | ૫૫૪ |
| ૩ | પાદરા | ૯૮ | ૨૧૨ | ૩૧૦ |
| ૪ | કરજણ | ૯૪ | ૨૨૨ | ૩૧૬ |
| ૫ | શિનોર | ૫૮ | ૪૨ | ૧૦૦ |
| ૬ | સાવલી | ૧૫૨ | ૧૬૫ | ૩૧૭ |
| ૭ | ડેસર | ૫૬ | ૬૪ | ૧૨૦ |
| ૮ | ડભોઇ | ૧૫૬ | ૧૫૬ | ૩૧૨ |

અતારાંકિત પ્રશ્નો

| અ.ન. | તાલુકાનું નામ | તા.૦૧-૦૧-૨૦ થી તા.૩૧-૧૨-૨૦ સુધી | તા.૦૧-૦૧-૨૧થી તા.૩૧-૧૨-૨૧ સુધી | કુલ |
|---|---|---|---|---|
| ૯ | વાઘોડીયા | ૫૧ | ૮૪ | ૧૩૫ |
| | **કુલ** | **૧૪૫૨** | **૧૪૫૨** | **૨૯૦૪** |

---------

**સાવરકુંડલા શહેરમાં બાયપાસ રોડનું કામ**

૪૨૧૯૪ **શ્રી પ્રતાપ દુધાત** (સાવરકુંડલા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લાના સાવરકુંડલા શહેરમાં બાયપાસ રોડનું કામ ક્યારે મંજૂર કરવામાં આવેલ,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત બાયપાસ રોડનું કામ ક્યા તબક્કે છે, અને

(૩) ક્યાં સુધીમાં આ કામ પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) સાવરકુંડલા બાયપાસનું કામ વર્ષ ૨૦૧૫-૧૬માં મંજૂર કરવામાં આવેલ.

(૨) અને (૩)

સદર બાયપાસ રોડમાં આર.ઓ.બી સિવાયની કામગીરી તા.૨૫/૦૨/૨૦૨૦ના રોજ પૂર્ણ કરવામાં આવેલ છે.

---------

**જૂનાગઢ જિલ્લામાં બેંકો અને મંડળીઓને વ્યાજ રાહત ચૂકવણી**

૪૨૬૪૪ **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કૃષિ પાક ધિરાણમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા વ્યાજમાં કેટલી રાહત આપવામાં આવે છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ જિલ્લામાં કેટલી બેંકો અને મંડળીઓને ઉક્ત વ્યાજની રાહત ચૂકવવાની બાકી છે,

(૩) તેના કારણો શા છે, અને

(૪) તે ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) ખેડૂત દ્વારા જે તે બેંકોમાંથી લેવામાં આવેલ ટૂંકી મુદતના પાક ધિરાણ પૈકી સમયસર ધિરાણ પરત ભરપાઇ કરવામાં આવે તેવા ધિરાણ પૈકી રૂ.૩ લાખ સુધીના ધિરાણ ઉપર 3% કેન્દ્ર સરકાર અને ૪% રાજ્ય સરકાર દ્વારા વ્યાજ રાહત આપવામાં આવે છે.

(૨) ૮ બેંકો

(૩) બેંક તરફથી ક્લેઇમ સંદર્ભે ખામી પૂર્તતા થયેલ ન હોવાના કારણે

(૪) સંબંધિત બેંક તરફથી ખામીની પૂર્તતા થયેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે.

---------

**જૂનાગઢ જિલ્લામાં નવી મત્સ્ય જેટી**

૪૩૪૨૪ **શ્રી બાબુભાઇ વાજા** (માંગરોળ) : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં શેરીયાજ બારા ખાતે નવી મત્સ્ય જેટી બનાવવા માટે તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ક્યારે જાહેરાત કરવામાં આવેલ,

(૨) ઉક્ત સ્થિતિએ શેરીયાજ બારા ખાતે જેટી બનાવવા માટે છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ક્યાં સુધીમાં જેટી બનાવવાનું કામ પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) નવેમ્બર-૨૦૧૫માં ટેન્ડર માટેની જાહેરાત કરવામાં આવેલ.

(૨) ઉક્ત ટેન્ડર રદ થયેલ હોવાથી છેલ્લાં બે વર્ષમાં કોઇ રકમ ફાળવવામાં આવેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**નર્મદા જિલ્લામાં સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય**

૪૨૫૧૧ **શ્રી મધુભાઇ શ્રીવાસ્તવ** (વાઘોડીયા) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

તા. ૧૬મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નર્મદા જિલ્લામાં કેટલી સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય આપવામાં આવેલ છે ? ૦૫

- - - - - - - - -

**ધારાસભ્યોના પ્રોટોકોલ ભંગની ફરિયાદો**

૪૩૩૬૪ **શ્રી વિરજીભાઇ ઠુમ્મર** (લાઠી) : **માનનીય પ્રોટોકોલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં થતા સરકારી કાર્યક્રમોમાં જે-તે વિસ્તારના સ્થાનિક ધારાસભ્યને કેવા પ્રકારનો પ્રોટોકોલ આપવાની જોગવાઇ છે, | (૧) સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તેમજ ભારત સરકાર દ્વારા સદર બાબતે સમયાંતરે વિવિધ ઠરાવો/પરિપત્રો કરવામાં આવેલા છે. આ ઉપરાંત બેઠક વ્યવસ્થા સંદર્ભે "warrant of precedence" પણ બહાર પાડવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત પ્રોટોકોલ ભંગ થયાની કેટલી ફરિયાદો, રજુઆતો પ્રભાગને મળી, અને | (૨) ૧૬ (સોળ) ફરિયાદો |
| (૩) મળેલ ફરિયાદ, રજૂઆત અન્વયે સરકારે શા પગલાં લીધા ? | (૩) સામેલ પત્રક મુજબ |

**પત્રક**

**તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૧ સુધી મળેલ પ્રોટોકોલ ભંગ થયા અંગેની ફરિયાદો**

| ક્રમ | માન.ધા.સ.શ્રીનું નામ | લીધેલ પગલાં |
|---|---|---|
| ૧ | માન. ધારાસભ્યશ્રી જસુભાઇ પટેલ (બાયડ) તા.૦૧-૦૯-૨૦૨૦. | સા.વ.વિ.ના તા.૨૨-૦૯-૨૦૨૦ પત્રથી તાત્કાલિક તપાસ કરાવી આવા ભવિષ્યમાં આવા બનાવો ન બને અને પ્રોટોકોલ ભંગ ન થાય તે અંગે જરૂરી કાર્યવાહી કરવા અને સંબંધિતોને જરૂરી સૂચના આપવા કલેક્ટરશ્રી અરવલ્લીને જણાવેલ છે. |
| ૨ | માન. ધારાસભ્યશ્રી વિરજીભાઇ ઠુંમર (લાઠી) તા.૨૦-૦૮-૨૦૨૦. | સા.વ.વિ.ના તા.૦૧-૧૦-૨૦૨૦ના પત્રથી ગૃહ વિભાગને કેસની વિગતો ચકાસી નિયમોનુસાર યોગ્ય કાર્યવાહી કરી, માન. ધારાસભ્યશ્રીને પ્રત્યુત્તર પાઠવવા તથા તેની જાણ અત્રે કરવા જણાવેલ છે. |
| ૩ | માન. મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયા (પાણી પુરવઠા, પશુપાલન અને ગ્રામ ગૃહ નિર્માણ)તા.૧૮-૧૧-૨૦૨૦. | સા.વ.વિ.ના તા.૦૩-૧૨-૨૦૨૦ પત્રથી જિલ્લામાં સરકારી કાર્યક્રમો યોજાય ત્યારે કાર્યક્રમમાં આવનાર જનપ્રતિનિધિશ્રીનો સરકારી પ્રોટોકોલ જળવાય તથા ભવિષ્યમાં આવા બનાવો ન બને તેની તકેદારી રાખવા કલેક્ટરશ્રી બોટાદ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી બોટાદને જણાવેલ છે. |
| ૪ | માન. ધારાસભ્યશ્રી જશપાલસિંહ પઢિયાર (પાદરા) તા.૧૧-૦૧-૨૦૨૧. | સા.વ.વિ.ના તા.૦૨-૦૨-૨૦૨૧ પત્રથી પ્રસ્તુત બાબતે તપાસ કરવા તથા જિલ્લામાં સરકારી કાર્યક્રમો યોજાય ત્યારે કાર્યક્રમમાં આવનાર જનપ્રતિનિધિશ્રીનો સરકારી પ્રોટોકોલ જળવાય તથા ભવિષ્યમાં આવા બનાવો ન બને તેની તકેદારી રાખવા અધિક મુખ્ય સચિવશ્રી, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ તથા કલેક્ટરશ્રી વડોદરાને જણાવેલ છે. |
| ૫ | માન. ધારાસભ્યશ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) તા.૨૯-૦૧-૨૦૨૧. | સા.વ.વિ.ના તા.૧૫-૦૨-૨૦૨૧ પત્રથી જિલ્લામાં સરકારી કાર્યક્રમો યોજાય ત્યારે કાર્યક્રમમાં આવનાર જનપ્રતિનિધિશ્રીનો સરકારી પ્રોટોકોલ જળવાય તથા ભવિષ્યમાં આવા બનાવો ન બને તેની તકેદારી રાખવા અધિક મુખ્ય સચિવશ્રી, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ તથા કલેક્ટરશ્રી મહેસાણાને જણાવેલ છે. |
| ૬ | માન. ધારાસભ્યશ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) તા.૧૯-૧૨-૨૦૨૦. | સા.વ.વિ.ના તા.૧૫-૦૨-૨૦૨૧ પત્રથી જિલ્લામાં સરકારી કાર્યક્રમો યોજાય ત્યારે કાર્યક્રમમાં આવનાર જનપ્રતિનિધિશ્રીનો સરકારી પ્રોટોકોલ જળવાય તથા ભવિષ્યમાં આવા બનાવો ન બને તેની તકેદારી રાખવા સચિવશ્રી, માર્ગ અને |

| ક્રમ | માન.ધા.સ.શ્રીનું નામ | લીધેલ પગલાં |
|---|---|---|
| | | મકાન વિભાગ તથા કલેક્ટરશ્રી છોટાઉદેપુરને જણાવેલ છે. |
| ૭ | માન. ધારાસભ્યશ્રી<br>રૂત્વિક મકવાણા (ચોટીલા)<br>તા.૧૯-૦૧-૨૦૨૧. | સા.વ.વિ.ના તા.૧૬-૦૨-૨૦૨૧ પત્રથી જિલ્લામાં સરકારી કાર્યક્રમો યોજાય ત્યારે કાર્યક્રમમાં આવનાર જનપ્રતિનિધિશ્રીનો સરકારી પ્રોટોકોલ જળવાય તથા ભવિષ્યમાં આવા બનાવો ન બને તેની તકેદારી રાખવા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ તથા ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગને તથા કલેક્ટરશ્રી સુરેન્દ્રનગરને જણાવેલ છે. |
| ૮ | માન. ધારાસભ્યશ્રી<br>પુંજાભાઇ વંશ<br>તા.૨૭-૦૧-૨૦૨૧. | સા.વ.વિ.ના તા.૧૬-૦૨-૨૦૨૧ પત્રથી જિલ્લામાં સરકારી કાર્યક્રમો યોજાય ત્યારે કાર્યક્રમમાં આવનાર જનપ્રતિનિધિશ્રીનો સરકારી પ્રોટોકોલ જળવાય તથા ભવિષ્યમાં આવા બનાવો ન બને તેની તકેદારી રાખવા બંદરો અને વાહન વ્યવહાર વિભાગ તથા કૃષિ, સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગને તથા કલેક્ટરશ્રી પોરબંદરને જણાવેલ છે. |
| ૯ | માન. ધારાસભ્યશ્રી<br>અશ્વિન કોટવાલ<br>તા.૧૭-૦૩-૨૦૨૧. | સા.વ.વિ.ના તા.૦૫-૦૫-૨૦૨૧ પત્રથી જિલ્લામાં સરકારી કાર્યક્રમો યોજાય ત્યારે કાર્યક્રમમાં આવનાર જનપ્રતિનિધિશ્રીનો સરકારી પ્રોટોકોલ જળવાય તથા ભવિષ્યમાં આવા બનાવો ન બને તેની તકેદારી રાખવા શિક્ષણ વિભાગ તથા કલેક્ટરશ્રી, સાબરકાંઠાને જણાવેલ છે. |
| ૧૦ | માન. ધારાસભ્યશ્રી<br>જસુભાઇ પટેલ<br>તા.૦૮-૦૬-૨૦૨૧. | સા.વ.વિ.ના તા.૨૯-૦૬-૨૦૨૧ પત્રથી મિનિસ્ટ્રી ઓફ પર્સોનલ, પબ્લિક ગ્રીવન્સીસ એન્ડ પેન્શન, ડીપાર્ટમેન્ટ ઓફ પર્સોનલ એન્ડ ટ્રેનીંગના તા.૦૧-૧૨-૨૦૧૧ના ઓફિસ મેમોરેન્ડમની ગાઇડલાઇનની અમલવારી કરવા સારૂ અત્રેના તા.૦૫-૧૧-૨૦૧૯ના પત્રથી સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓને જણાવેલ છે.<br>ભવિષ્યમાં આવા બનાવો ન બને તેની તકેદારી રાખવા કલેક્ટરશ્રી, અરવલ્લીને જણાવેલ છે. |
| ૧૧ | માન. ધારાસભ્યશ્રી<br>અશ્વિન કોટવાલ<br>તા.૨૭-૦૬-૨૦૨૧. | સા.વ.વિ.ના તા.૩૧-૦૭-૨૦૨૧ પત્રથી જિલ્લામાં સરકારી કાર્યક્રમો યોજાય ત્યારે આમંત્રણ આપવા માટે સરકારશ્રીની વખતોવખતની સૂચનાઓનું પાલન થાય તથા કાર્યક્રમમાં આવનાર જનપ્રતિનિધિશ્રીનો સરકારી પ્રોટોકોલ જળવાય તથા ભવિષ્યમાં આવા બનાવો ન બને તેની તકેદારી રાખવા મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલયને તથા કલેક્ટરશ્રી, અરવલ્લીને સૂચના આપેલ છે તેમ જણાવેલ છે. |
| ૧૨ | માન. ધારાસભ્યશ્રી<br>વિરજી ઠુંમર<br>તા.૨૯-૦૬-૨૦૨૧ | સા.વ.વિ.ના તા.૩૧-૦૭-૨૦૨૧ પત્રથી માન. ધારાસભ્યશ્રી દ્વારા જે રજૂઆત કરવામાં આવેલ છે તે માર્ગ અને મકાન વિભાગને સંબંધિત હોઇ સદર બાબત માર્ગ અને મકાન વિભાગને તબદીલ કરવામાં આવે છે. તેમ જણાવેલ છે. |
| ૧૩ | માન. ધારાસભ્યશ્રી<br>નૌશાદ સોલંકી<br>તા.૧૬-૦૯-૨૦૨૧ | - કલેક્ટરશ્રી, સુરેન્દ્રનગરના તા.૨૯-૦૧-૨૦૨૨ના પત્રથી મોકલેલ અહેવાલમાં જણાવ્યા મુજબ જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી તથા કલેક્ટરશ્રી, સુરેન્દ્રનગર દ્વારા હવે પછીના આયોજિત કોઇપણ સરકારી કાર્યક્રમમાં પ્રોટોકોલ મુજબ દરેક ચૂંટાયેલ જનપ્રતિનિધિઓનું યોગ્ય સન્માન જાળવવા તથા તે મુજબની બેઠક વ્યવસ્થા રાખવાની ખાતરી આપેલ છે.<br>- આ ઉપરાંત, સા.વ.વિ.ના તા.૦૨-૦૨-૨૦૨૨ પત્રથી આવા બનાવો ભવિષ્યમાં ન બને અને પ્રોટોકોલ ભંગ ન થાય તે અંગે તકેદારી રાખવા તથા રાજ્ય સરકારની સ્થાયી સૂચનાઓ અનુસાર યોગ્ય કાર્યવાહી કરવા કલેક્ટરશ્રી સુરેન્દ્રનગરને સૂચના આપેલ છે. |
| ૧૪ | માન. પરેશ ધાનાણી,<br>વિરોધપક્ષના નેતાશ્રી, ગુજરાત વિધાનસભા<br>તા.૨૪-૦૯-૨૦૨૧ | - કલેક્ટરશ્રી, સુરેન્દ્રનગરના તા.૨૯-૦૧-૨૦૨૨ના પત્રથી મોકલેલ અહેવાલમાં જણાવ્યા મુજબ જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી તથા કલેક્ટરશ્રી, સુરેન્દ્રનગર દ્વારા હવે પછીના આયોજિત કોઇપણ સરકારી કાર્યક્રમમાં પ્રોટોકોલ મુજબ દરેક ચૂંટાયેલ જનપ્રતિનિધિઓનું યોગ્ય સન્માન જાળવવા તથા તે મુજબની બેઠક વ્યવસ્થા રાખવાની ખાતરી આપેલ છે.<br>- આ ઉપરાંત, સા.વ.વિ.ના તા.૦૨-૦૨-૨૦૨૨ પત્રથી આવા બનાવો ભવિષ્યમાં ન બને અને પ્રોટોકોલ ભંગ ન થાય તે અંગે તકેદારી રાખવા તથા રાજ્ય |

તા. ૧૬મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

| ક્રમ | માન.ધા.સ.શ્રીનું નામ | લીધેલ પગલાં |
|---|---|---|
| | | સરકારની સ્થાયી સૂચનાઓ અનુસાર યોગ્ય કાર્યવાહી કરવા કલેક્ટરશ્રી સુરેન્દ્રનગરને સૂચના આપેલ છે. |
| ૧૫ | માન. ધારાસભ્યશ્રી સુનીલભાઇ ગામીત તા.૨૭-૦૯-૨૦૨૧ | સા.વ.વિ.ના તા.૧૮-૧૦-૨૦૨૧ પત્રથી જિલ્લામાં સરકારી કાર્યક્રમો યોજાય ત્યારે કાર્યક્રમમાં આવનાર જનપ્રતિનિધિશ્રીનો ધારાસભ્યશ્રી તરીકેનો વિશેષાધિકાર ભંગ ન થાય તથા ભવિષ્યમાં આવા બનાવો ન બને તે અંગે તકેદારી રાખવા જણાવવામાં આવેલ છે તેમ જણાવેલ છે. |
| ૧૬ | માન. સુખરામ રાઠવા, વિરોધપક્ષના નેતાશ્રી, ગુજરાત વિધાનસભા તા.૩૦-૧૨-૨૦૨૧ | સા.વ.વિ.ના તા.૧૮-૦૧-૨૦૨૨ પત્રથી સરકારી કાર્યક્રમોમાં જનપ્રતિનિધિશ્રીનો પ્રોટોકોલ જાળવવા બાબતના અત્રેના તા.૨૮-૧૦-૨૦૨૧ના સંકલિત પરિપત્રથી તથા તા.૨૯-૧૦-૨૦૨૧ના પરિપત્રથી તેમજ ભારત સરકારના તા.૦૧-૧૨-૨૦૧૧ના ઓફિસ મેમોરેન્ડમ તથા તા.૧૯-૧૧-૨૦૧૪ના પત્રથી વિગતવાર સૂચનાઓ મુજબ કાર્યવાહી કરવા તથા ભવિષ્યમાં આવા બનાવ ન બને તેની તકેદારી રાખવા સહિતની નિયમોનુસારની કાર્યવાહી કરવા કલેક્ટરશ્રી, આણંદને જણાવેલ છે. |

- - - - - - - - -

**અમદાવાદ જિલ્લામાં રોડ પર રેલ્વે ફાટક**

૪૩૩૨૩ **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના ધંધુકા શહેરમાં ધંધુકાથી બગોદરા રોડ પર રેલ્વે ઓવરબ્રિજ બનાવવાની કામગીરી ક્યા તબક્કે છે,

(૨) ઉક્ત કામગીરી ક્યારે કેટલા સમયમાં પૂર્ણ કરવાની શરતે કોઇ એજન્સીને સોંપવામાં આવેલ છે,

(૩) ઉક્ત કામગીરી સમયસર પૂર્ણ ન થઇ હોય તો તેના કારણો શાં છે, અને

(૪)ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) પ્રગતિ હેઠળ.

(૨) ઉક્ત રેલ્વે ઓવરબ્રિજ માટે

- એપ્રોચ પોર્શનની કામગીરી તા.૧૭-૦૫-૨૦૧૭ના રોજ ૧૮ માસની સમયમર્યાદા સાથે અવધુત કન્સ્ટ્રક્શનને.
- રેલ્વે પોર્શનની કામગીરી તા.૨૩-૦૯-૨૦૧૯ના રોજ ૧૧ માસની સમયમર્યાદા સાથે આશિષ બ્રિજકોનને સોંપવામાં આવેલ છે.

(૩) રેલ્વે વિભાગની સમયસર મંજૂરી ન મળવાના તથા કોવિડ-૧૯ કારણે. (*પરિશિષ્ટ-૧ અને ૨ (અ),(બ))

(૪) બનતી ત્વરાએ.

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સ્થાનિકોને રોજગારી**

૪૩૨૭૯ **શ્રી શીવાભાઇ ભુરીયા** (દિયોદર) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ. અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલ નાયરા એનર્જી લિ. (અગાઉની એસ્સાર કંપની) માં કંપનીવાર છેલ્લા બે વર્ષમાં માસવાર કેટલા સ્થાનિકોને અને બિનસ્થાનિક શ્રમિકોને રોજગારી પૂરી પાડવામાં આવી, અને

**જવાબ**

(૧) શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧-૦૩-૧૯૯૫ ના ઠરાવની જોગવાઇ અન્વયે દર છ માસે (જૂન અને ડિસેમ્બર અંતિત) મેનેજર/સુપરવાઇઝર અને કર્મચારી/કામદાર/ કારીગર કક્ષાની રોજગારી અને તે પૈકી સ્થાનિક રોજગારીની વિગતો મેળવવામાં આવે છે.

તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ (૧) જામનગર જિલ્લામાં આવેલ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ. અને (૨) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલ નાયરા એનર્જી લિમિટેડ કંપનીમાં (અગાઉની એસ્સાર કંપની) છેલ્લા બે વર્ષની

રોજગારીની માહિતી નીચે મુજબ છે.

**જામનગર જિલ્લામાં આવેલ**

(૧) રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિ.સેઝ (યુનિટ-૧) ની રોજગારીની વિગત

| સમયગાળો | સ્થાનિક રોજગારી | બિનસ્થાનિક રોજગારી |
|---|---|---|
| જૂન-૨૦૨૦ | ૧૭૮૩ | ૨૫૩ |
| ડિસેમ્બર-૨૦૨૦ | ૧૬૮૭ | ૨૩૬ |
| જૂન-૨૦૨૧ | ૧૬૪૫ | ૨૨૧ |
| ડિસેમ્બર-૨૦૨૧ | ૧૫૦૮ | ૧૮૦ |

(૨) રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિ.રીફાઇનરી ડીવીઝન (યુનિટ-૨) ની રોજગારીની વિગત

| સમયગાળો | સ્થાનિક રોજગારી | બિનસ્થાનિક રોજગારી |
|---|---|---|
| જૂન-૨૦૨૦ | ૨૭૮૪ | ૪૫૮ |
| ડિસેમ્બર-૨૦૨૦ | ૨૭૨૧ | ૪૭૩ |
| જૂન-૨૦૨૧ | ૨૬૪૦ | ૪૫૧ |
| ડિસેમ્બર-૨૦૨૧ | ૨૫૨૬ | ૪૩૦ |

(૩) રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિ.સી-૨ (યુનિટ-૩) ની રોજગારીની વિગત

(આ યુનિટ વર્ષ.૨૦૨૧ થી કાર્યરત થયેલ છે)

| સમયગાળો | સ્થાનિક રોજગારી | બિનસ્થાનિક રોજગારી |
|---|---|---|
| જૂન-૨૦૨૧ | ૪૮૧ | ૫૨ |
| ડિસેમ્બર-૨૦૨૧ | ૪૨૬ | ૪૫ |

**દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલ**

(૧) નાયરા એનર્જી લિ. (અગાઉની એસ્સાર કંપની)ની રોજગારીની વિગત

| સમયગાળો | સ્થાનિક રોજગારી | બિનસ્થાનિક રોજગારી |
|---|---|---|
| જૂન-૨૦૨૦ | ૩૨૩૭ | ૪૪૦ |
| ડિસેમ્બર-૨૦૨૦ | ૫૨૮૮ | ૪૦૧ |
| જૂન-૨૦૨૧ | ૫૩૬૯ | ૪૩૧ |
| ડિસેમ્બર-૨૦૨૧ | ૫૮૩૬ | ૭૫૨ |

(૨) ઉક્ત કંપનીઓ સ્થાનિકોને ૮૫ ટકા મુજબ રોજગારી પૂરી પાડતી ન હોઇ તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત કઇ કંપની સામે શા પગલાં લીધાં ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**ધારાસભ્યોને સરકારી કાર્યક્રમોમાં પ્રોટોકોલ**

૪૩૨૯૬ **શ્રી જશુભાઇ પટેલ** (બાયડ) : **માનનીય પ્રોટોકોલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં જે-તે વિસ્તારના ધારાસભ્યોને રાજ્યમાં સરકારી કાર્યક્રમો

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં જે-તે વિસ્તારના ધારાસભ્યને સરકારી કાર્યક્રમો વખતે પ્રસંગને

વખતે કેવા પ્રકારનો પ્રોટોકોલ આપવામાં આવે છે,

અનુરૂપ પર "warrant of precedence" મુજબ અગ્રતા ક્રમ આપવા, મંચ ઉપર યોગ્ય સ્થાન આપવા, જે તે વિસ્તારના ધારાસભ્યને આમંત્રણ આપવામાં આવે છે.

(૨) ઉક્ત પ્રોટોકોલ જાળવવા માટે જિલ્લા વહીવટી તંત્રના તાબા હેઠળની કચેરીઓ તેમજ જુદા જુદા વિભાગની જિલ્લા કક્ષાની કચેરીઓના વડાઓ દ્વારા ધારાસભ્યના પદનું ઔચિત્ય જળવાય તે માટે કોઇ સ્થાઇ સૂચના પ્રભાગ તરફથી આપવામાં આવેલ છે કે કેમ, અને

(૨) હા,જી.

(૩) જો હા, તો તેની વિગતો શી છે ?

(૩) અત્રેના તા.૨૮-૧૦-૨૦૨૧ના સંકલિત પરિપત્રથી સરકાર તરફથી યોજવામાં આવતા તેમજ સરકારી કે અર્ધ સરકારી નિયંત્રણ હેઠળના બોર્ડ/કોર્પોરેશન વગેરે તરફથી યોજવામાં આવતાં સમારંભોમાં જે તે જિલ્લાના/ સ્થાનિક જનપ્રતિનિધિશ્રીઓને આમંત્રણ આપવા, આ આમંત્રણ સમયસર પાઠવવામાં આવે તેની તકેદારી રાખવા, નિમંત્રણ પત્રિકામાં સમારંભના મહેમાન તરીકે સ્થાનિક ધારાસભ્યશ્રીની પૂર્વ અનુમતિ સિવાય તેમના નામો આમંત્રણ પત્રિકામાં છાપવા નહીં, સ્થાનિક ધારાસભ્યશ્રીઓને મંચ પર "warrant of precedence" મુજબ સ્થાન આપવા, જો મંચ પર સ્થાન આપવાનું નક્કી થયેલ ન હોય તો ધારાસભ્યશ્રીની ગરીમા જળવાય તે રીતે પ્રમાણે યોગ્ય જગ્યાએ બેઠક વ્યવસ્થા ગોઠવવા તેમજ રાષ્ટ્રીય કે રાજ્યકક્ષાના સમારંભોમાં આમંત્રિત કરાયેલા મહાનુભાવોને રાજ્ય સરકારના "warrant of precedence" મુજબ યોગ્ય સ્થાન આપવાની સૂચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.
અત્રેના તા.૨૯-૧૦-૨૦૨૧ના પરિપત્રથી ઉક્ત સૂચનાઓનું ચૂસ્તપાલન કરવા સંબંધિતોને સૂચના આપવામાં આવેલ છે.

- - - - - - - - -

## નવસારી જિલ્લામાં રસ્તાને કાચાથી ડામર કરવા માટે મંજૂરી

૪૩૪૨૧ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નવસારી જિલ્લામાં તાલુકાવાર ૧ કિ.મી. થી વધુ લંબાઇવાળા કાચાથી ડામર કરવા માટે કેટલા રસ્તા મંજૂર કરવામાં આવ્યા, | (૧) કુલ-૧૦૩ રસ્તા. |
| (૨) તે પૈકી કેટલા રસ્તાઓનું કામ પ્રગતિમાં છે અને કેટલા રસ્તાઓનું કામ શરૂ થઇ શકેલ નથી, અને | (૨) ૫૫ રસ્તાઓનું કામ પ્રગતિમાં અને ૩૬ રસ્તાઓનું કામ શરૂ થઇ શકેલ નથી. |
| (૩) કામ શરૂ ન થઇ શકવાના કારણો શા છે ? | (૩) ૨૮ રસ્તાઓના કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ, ૫ રસ્તાઓના કામો સિંચાઇ વિભાગની મંજૂરી હેઠળ, ૨ રસ્તાઓના કામો જમીન વિવાદના કારણે તથા ૧ રસ્તાનું કામ જોબ નંબર ફેરફાર કરવાની મંજૂરી હેઠળ. |

- - - - - - - - -

## કરજણ તાલુકામાં રોડ પાકો બનાવવાનું આયોજન

૪૨૪૫૫ **શ્રી અક્ષયકુમાર પટેલ** (કરજણ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના ગંધારા-લીંગસ્થળી રોડને પાકો બનાવવા સરકારનું કોઇ આયોજન છે કે કેમ,અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ ક્યારે મંજૂર કરવામાં આવશે ? | (૨) તા.૨૨-૧૧-૨૦૨૧ના રોજ રૂ.૩૫૦ લાખ મંજૂર કરેલ છે. |

**કચ્છ જિલ્લામાં કિસાન કલ્પવૃક્ષ યોજના**

૪૨૪૭૯ **શ્રીમતી માલતીબેન મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લાની ભૂજ બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી છે ?

**જવાબ**

(૧) રૂ.૧૨.૫૮/- લાખ.

(૨) રૂ.૧૨.૫૮/- લાખ.

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લામાં માનવ કલ્યાણ યોજના**

૪૨૪૬૯ **શ્રી શશીકાન્ત પંડ્યા** (ડીસા) : **માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) તે અન્વયે ક્યા ક્યા પ્રકારની ટુલકીટ મંજૂર કરવામાં આવી ?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે પત્રક-૧ મુજબ અરજીઓ આવી,

(૨) તે પૈકી નીચે પત્રક-૨ મુજબની અરજીઓ મંજૂર કરવામાં આવી.

(૩) જોડાણ-૧ સામેલ રાખેલ છે.

| **જોડાણ-૧** | |
|---|---|
| ૧ | કડિયાકામ |
| ૨ | સેન્ટીંગ કામ |
| ૩ | વાહન સર્વિસીંગ અને રિપેરિંગ |
| ૪ | મોચીકામ |
| ૫ | દરજીકામ |
| ૬ | ભરતકામ |
| ૭ | કુંભારીકામ |
| ૮ | વિવિધ પ્રકારની ફેરી |
| ૯ | પ્લમ્બર |
| ૧૦ | બ્યુટીપાર્લર |
| ૧૧ | ઇલેક્ટ્રીક એપ્લાયન્સીસ રિપેરિંગ |
| ૧૨ | ખેતીલક્ષી લુહારી/ વેલ્ડીંગકામ |
| ૧૩ | સુથારીકામ |
| ૧૪ | ધોબીકામ |
| ૧૫ | સાવરણી સૂપડા બનાવનાર |
| ૧૬ | દૂધ-દહીં વેચનાર |
| ૧૭ | માછલી વેચનાર |
| ૧૮ | પાપડ બનાવટ |
| ૧૯ | અથાણા બનાવટ |
| ૨૦ | ગરમ/ઠંડાપીણા અલ્પાહાર વેચાણ |
| ૨૧ | પંચર કીટ |
| ૨૨ | ફ્લોરમીલ |
| ૨૩ | મસાલામીલ |
| ૨૪ | રૂ ની દિવેટ બનાવવી (સખીમંડળ) |

| | |
|---|---|
| ૨૫ | મોબાઇલ રિપેરિંગ |
| ૨૬ | પેપરકપ અને ડીશ બનાવટ (સખીમંડળ) |
| ૨૭ | હેરકટીંગ (વાળંદકામ) |

**પત્રક-૧**

| અ.નં. | તાલુકાનું નામ | તા.૦૧-૦૧-૨૦ થી તા.૩૧-૧૨-૨૦ સુધી | તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧ સુધી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | પાલનપુર | ૭૧૮ | ૫૮૪ | ૧૩૦૨ |
| ૨ | ડીસા | ૬૨૪ | ૪૨૮ | ૧૦૫૨ |
| ૩ | વડગામ | ૩૨૩ | ૩૨૦ | ૬૪૩ |
| ૪ | ધાનેરા | ૨૯૧ | ૨૨૭ | ૫૧૮ |
| ૫ | દાંતીવાડા | ૧૩૯ | ૧૧૦ | ૨૪૯ |
| ૬ | કાંકરેજ | ૩૬૪ | ૨૬૫ | ૬૨૯ |
| ૭ | ભાભર | ૧૫૧ | ૧૪૬ | ૨૯૭ |
| ૮ | દિયોદર | ૨૦૪ | ૧૬૯ | ૩૭૩ |
| ૯ | થરાદ | ૩૧૧ | ૩૭૦ | ૬૮૧ |
| ૧૦ | વાવ | ૨૩૦ | ૩૦૭ | ૫૩૭ |
| ૧૧ | અમીરગઢ | ૧૩૦ | ૮૩ | ૨૧૩ |
| ૧૨ | દાંતા | ૨૯૬ | ૨૯૦ | ૫૮૬ |
| ૧૩ | લાખણી | ૧૫૪ | ૧૫૩ | ૩૦૭ |
| ૧૪ | સુઇગામ | ૧૨૯ | ૧૫૯ | ૨૮૮ |
| | **કુલ** | **૪૦૬૪** | **૩૬૧૧** | **૭૬૭૫** |

**પત્રક-૨**

| અ.નં. | તાલુકાનું નામ | તા.૦૧-૦૧-૨૦ થી તા.૩૧-૧૨-૨૦ સુધી | તા.૦૧-૦૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧ સુધી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | પાલનપુર | ૩૫૦ | ૩૫૦ | ૭૦૦ |
| ૨ | ડીસા | ૩૪૦ | ૩૪૦ | ૬૮૦ |
| ૩ | વડગામ | ૧૬૨ | ૧૬૨ | ૩૨૪ |
| ૪ | ધાનેરા | ૧૫૫ | ૧૫૫ | ૩૧૦ |
| ૫ | દાંતીવાડા | ૯૮ | ૯૮ | ૧૯૬ |
| ૬ | કાંકરેજ | ૧૬૨ | ૧૬૨ | ૩૨૪ |
| ૭ | ભાભર | ૯૫ | ૯૫ | ૧૯૦ |
| ૮ | દિયોદર | ૧૩૩ | ૧૩૩ | ૨૬૬ |
| ૯ | થરાદ | ૧૨૮ | ૧૨૮ | ૨૫૬ |
| ૧૦ | વાવ | ૧૧૨ | ૧૧૨ | ૨૨૪ |
| ૧૧ | અમીરગઢ | ૭૬ | ૭૬ | ૧૫૨ |
| ૧૨ | દાંતા | ૧૦૫ | ૧૦૫ | ૨૧૦ |
| ૧૩ | લાખણી | ૭૧ | ૭૧ | ૧૪૨ |
| ૧૪ | સુઇગામ | ૮૬ | ૮૬ | ૧૭૨ |
| | **કુલ** | **૨૦૭૩** | **૨૦૭૩** | **૪૧૪૬** |

---------

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સ્થાનિકોને રોજગારી**

૪૩૩૩૮ **શ્રી પ્રવિણભાઇ મુસડીયા** (કાલાવડ) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જામનગર | (૧) શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧-૦૩- |

અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ. અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલ નાયરા એનર્જી લિ. (અગાઉની એસ્સાર કંપની) માં કંપનીવાર છેલ્લા બે વર્ષમાં માસવાર કેટલા સ્થાનિકોને અને બિનસ્થાનિક શ્રમિકોને રોજગારી પૂરી પાડવામાં આવી, અને

૧૯૯૫ ના ઠરાવની જોગવાઈ અન્વયે દર છ માસે (જૂન અને ડિસેમ્બર અંતિત) મેનેજર/સુપરવાઈઝર અને કર્મચારી/કામદાર/કારીગર કક્ષાની રોજગારી અને તે પૈકી સ્થાનિક રોજગારીની વિગતો મેળવવામાં આવે છે.

તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ (૧) જામનગર જિલ્લામાં આવેલ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ. અને (૨) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલ નાયરા એનર્જી લિમિટેડ કંપનીમાં (અગાઉની એસ્સાર કંપની) છેલ્લા બે વર્ષની રોજગારીની માહિતી નીચે મુજબ છે.

**જામનગર જિલ્લામાં આવેલ**

(૧) રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ.સેઝ (યુનિટ-૧) ની રોજગારીની વિગત

| **સમયગાળો** | **સ્થાનિક રોજગારી** | **બિનસ્થાનિક રોજગારી** |
|---|---|---|
| જૂન-૨૦૨૦ | ૧૭૮૩ | ૨૫૩ |
| ડિસેમ્બર-૨૦૨૦ | ૧૬૮૭ | ૨૩૬ |
| જૂન-૨૦૨૧ | ૧૬૪૫ | ૨૨૧ |
| ડિસેમ્બર-૨૦૨૧ | ૧૫૦૮ | ૧૮૦ |

(૨) રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ. રીફાઈનરી ડીવીઝન (યુનિટ-૨) ની રોજગારીની વિગત

| **સમયગાળો** | **સ્થાનિક રોજગારી** | **બિનસ્થાનિક રોજગારી** |
|---|---|---|
| જૂન-૨૦૨૦ | ૨૭૮૪ | ૪૫૮ |
| ડિસેમ્બર-૨૦૨૦ | ૨૭૨૧ | ૪૭૩ |
| જૂન-૨૦૨૧ | ૨૬૪૦ | ૪૫૧ |
| ડિસેમ્બર-૨૦૨૧ | ૨૫૨૬ | ૪૩૦ |

(૩) રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ.સી-૨ (યુનિટ-૩) ની રોજગારીની વિગત

(આ યુનિટ વર્ષ.૨૦૨૧ થી કાર્યરત થયેલ છે)

| **સમયગાળો** | **સ્થાનિક રોજગારી** | **બિનસ્થાનિક રોજગારી** |
|---|---|---|
| જૂન-૨૦૨૧ | ૪૮૧ | ૫૨ |
| ડિસેમ્બર-૨૦૨૧ | ૪૨૬ | ૪૫ |

**દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલ**

(૧) નાયરા એનર્જી લિ. (અગાઉ એસ્સાર કંપની)ની રોજગારીની વિગત

| **સમયગાળો** | **સ્થાનિક રોજગારી** | **બિનસ્થાનિક રોજગારી** |
|---|---|---|
| જૂન-૨૦૨૦ | ૩૨૩૭ | ૪૪૦ |
| ડિસેમ્બર-૨૦૨૦ | ૫૨૮૮ | ૪૦૧ |
| જૂન-૨૦૨૧ | ૫૩૬૯ | ૪૩૧ |
| ડિસેમ્બર-૨૦૨૧ | ૫૮૩૬ | ૭૫૨ |

(૨) ઉક્ત કંપનીઓ સ્થાનિકોને ૮૫ ટકા મુજબ રોજગારી પૂરી પાડતી ન હોઇ તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત કઇ કંપની સામે શા પગલાં લીધાં ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

તા. ૧૬મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

**અમદાવાદ જિલ્લામાં માનવ કલ્યાણ યોજના**

૪૨૪૭૨ **શ્રી અરવિંદકુમાર પટેલ** (સાબરમતી) : **માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) તે અન્વયે ક્યા ક્યા પ્રકારની ટુલકીટ મંજૂર કરવામાં આવી ?

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે પત્રક-૧ મુજબ અરજીઓ આવી,

(૨) તે પૈકી નીચે પત્રક-૨ મુજબની અરજીઓ મંજૂર કરવામાં આવી.

(૩) જોડાણ-૧ સામેલ રાખેલ છે.

| **જોડાણ-૧** | |
|---|---|
| ૧ | કડિયાકામ |
| ૨ | સેન્ટીંગ કામ |
| ૩ | વાહન સર્વિસીંગ અને રિપેરિંગ |
| ૪ | મોચીકામ |
| ૫ | દરજીકામ |
| ૬ | ભરતકામ |
| ૭ | કુંભારીકામ |
| ૮ | વિવિધ પ્રકારની ફેરી |
| ૯ | પ્લમ્બર |
| ૧૦ | બ્યુટીપાર્લર |
| ૧૧ | ઇલેક્ટ્રીક એપ્લાયન્સીસ રિપેરિંગ |
| ૧૨ | ખેતીલક્ષી લુહારી / વેલ્ડીંગ કામ |
| ૧૩ | સુથારીકામ |
| ૧૪ | ધોબીકામ |
| ૧૫ | સાવરણી સુપડા બનાવનાર |
| ૧૬ | દૂધ-દહીં વેચનાર |
| ૧૭ | માછલી વેચનાર |
| ૧૮ | પાપડ બનાવટ |
| ૧૯ | અથાણા બનાવટ |
| ૨૦ | ગરમ / ઠંડાપીણા અલ્પાહાર વેચાણ |
| ૨૧ | પંચર કીટ |
| ૨૨ | ફ્લોરમીલ |
| ૨૩ | મસાલામીલ |
| ૨૪ | રૂ ની દિવેટ બનાવવી (સખીમંડળ) |
| ૨૫ | મોબાઇલ રિપેરિંગ |
| ૨૬ | પેપરકપ અને ડીશ બનાવટ (સખીમંડળ) |
| ૨૭ | હેરકટીંગ (વાળંદકામ) |

**પત્રક-૧**

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **તા.૦૧-૦૧-૨૦ થી તા.૩૧-૧૨-૨૦ સુધી** | **તા.૦૧-૦૧-૨૧થી તા.૩૧-૧૨-૨૧ સુધી** | **કુલ** |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨૭૯૧ | ૨૯૧૫ | ૫૭૦૬ |
| ૨ | ધોળકા | ૨૫૪ | ૨૫૪ | ૫૦૮ |
| ૩ | બાવળા | ૨૩૧ | ૨૧૯ | ૪૫૦ |
| ૪ | સાણંદ | ૨૪૩ | ૨૦૭ | ૪૫૦ |
| ૫ | દસક્રોઇ | ૨૪૭ | ૨૨૩ | ૪૭૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૬ | વિરમગામ | ૨૫૧ | ૨૫૬ | ૫૦૭ |
| ૭ | માંડલ | ૧૮૯ | ૧૬૭ | ૩૫૬ |
| ૮ | દેત્રોજ | ૧૭૩ | ૨૦૪ | ૩૭૭ |
| ૯ | ધંધુકા | ૧૫૭ | ૧૭૮ | ૩૩૫ |
| ૧૦ | ધોલેરા | ૧૦૬ | ૧૬૬ | ૨૭૨ |
| | **કુલ** | **૪૬૪૨** | **૪૭૮૯** | **૯૪૩૧** |

**પત્રક-૨**

| **અ.ન.** | **તાલુકાનું નામ** | **તા.૦૧-૦૧-૨૦ થી તા.૩૧-૧૨-૨૦ સુધી** | **તા.૦૧-૦૧-૨૧થી તા.૩૧-૧૨-૨૧ સુધી** | **કુલ** |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨૦૨૦ | ૨૦૨૦ | ૪૦૪૦ |
| ૨ | ધોળકા | ૧૮૯ | ૧૮૯ | ૩૭૮ |
| ૩ | બાવળા | ૧૫૦ | ૧૫૩ | ૩૦૩ |
| ૪ | સાણંદ | ૧૭૦ | ૧૬૯ | ૩૩૯ |
| ૫ | દસક્રોઇ | ૧૮૨ | ૧૮૨ | ૩૬૪ |
| ૬ | વિરમગામ | ૧૮૮ | ૧૯૦ | ૩૭૮ |
| ૭ | માંડલ | ૧૩૦ | ૧૩૨ | ૨૬૨ |
| ૮ | દેત્રોજ | ૧૪૦ | ૧૩૪ | ૨૭૪ |
| ૯ | ધંધુકા | ૧૨૫ | ૧૨૫ | ૨૫૦ |
| ૧૦ | ધોલેરા | ૭૪ | ૭૪ | ૧૪૮ |
| | **કુલ** | **૩૩૬૮** | **૩૩૬૮** | **૬૭૩૬** |

---------

**વડોદરા જિલ્લામાં સ્થાનિકોને રોજગારી**

૪૩૩૭૬ **શ્રી કાંતિભાઇ સોઢાપરમાર** (આણંદ) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં આવેલ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિ. માં છેલ્લા બે વર્ષમાં માસવાર કેટલા સ્થાનિકોને અને બિન સ્થાનિક શ્રમિકોને રોજગારી પૂરી પાડવામાં આવી, અને

**જવાબ**

(૧) શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧-૦૩-૧૯૯૫ ના ઠરાવની જોગાવાઇ અન્વયે દર છ માસે (જૂન અને ડિસેમ્બર અંતિત) મેનેજર/સુપરવાઇઝર અને કર્મચારી/કામદાર/કારીગર કક્ષાની રોજગારી અને તે પૈકી સ્થાનિક રોજગારીની વિગતો મેળવવામાં આવે છે.

તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં આવેલ રિલાયન્સ ઇન્ડ્રસ્ટ્રીઝ લિ. માં છેલ્લા બે વર્ષની રોજગારીની માહિતી નીચે મુજબ છે.

(૧) રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિ., મેન્યુફેકચરિંગ ડીવીઝન, વડોદરા ની રોજગારીની વિગત

| **સમયગાળો** | **સ્થાનિક રોજગારી** | **બિનસ્થાનિક રોજગારી** |
|---|---|---|
| જૂન-૨૦૨૦ | ૨૦૦૦ | ૩૧૦ |
| ડિસેમ્બર-૨૦૨૦ | ૧૯૧૩ | ૨૮૮ |
| જૂન-૨૦૨૧ | ૧૭૯૯ | ૨૬૯ |
| ડિસેમ્બર-૨૦૨૧ | ૧૭૩૪ | ૨૪૮ |

(૨) રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિ., કમ્પોઝીટ ડિવિઝન, મુ.પો. આસોજ, તા. વાઘોડીયા, જિ.વડોદરાની રોજગારીની વિગત

| **સમયગાળો** | **સ્થાનિક રોજગારી** | **બિનસ્થાનિક રોજગારી** |
|---|---|---|

| | | |
|---|---|---|
| જૂન-૨૦૨૦ | ૫૯૫ | ૧૦૦ |
| ડિસેમ્બર-૨૦૨૦ | ૯૩૯ | ૧૫૯ |
| જૂન-૨૦૨૧ | ૧૦૫૬ | ૧૭૫ |
| ડિસેમ્બર-૨૦૨૧ | ૧૨૫૬ | ૨૧૧ |

(૨) ઉક્ત કંપનીઓ સ્થાનિકોને ૮૫ ટકા મુજબ રોજગારી પૂરી પાડતી ન હોઇ તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કંપની સામે શા પગલાં લીધાં ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**કચ્છ જિલ્લામાં સ્થાનિકોને રોજગારી અંગે તપાસ**

૪૩૨૬૨ **શ્રીમતી સંતોકબેન આરેઠીયા** (રાપર) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં અદાણી ગ્રૂપની કંપનીઓમાં સ્થાનિકોને ૮૫ ટકા રોજગારી પૂરી પાડવામાં આવે છે કે કેમ તે અંગે છેલ્લા બે વર્ષમાં ક્યારે તપાસ કરવામાં આવી,

(૨) ઉક્ત તપાસ દરમ્યાન અદાણી ગ્રૂપની કઇ કંપનીઓમાં સ્થાનિકોને ૮૫ ટકા મુજબ રોજગારી પૂરી પાડવામાં આવતી નથી, અને

(૩) સ્થાનિકોને રોજગારી પૂરી પાડવાનું ઉલ્લંઘન કરવા સબબ ઉક્ત પૈકી કઇ કંપની સામે શા પગલા લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧-૦૩-૧૯૯૫ના ઠરાવમાં સ્થાનિકોને ૮૫ ટકા રોજગારી પૂરી પાડવા અંગે તપાસ કરવાની જોગવાઇ નથી, ફક્ત દર છ માસે (જૂન અંતિત અને ડિસેમ્બર અંતિત) સ્થાનિક રોજગારીની માહિતી એકત્ર કરવામાં આવે છે.

(૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અદાણી પાવર લિ.,
મું. ટુંડા, તા.મુન્દ્રામાં સ્થાનિકોની નિયત ટકાવારી જળવાતી નથી.

(૩)

- નિયત ટકાવારી જાળવવા અંગે પત્રો પાઠવેલ છે અને નાયબ નિયામક (રોજગાર), રાજકોટ દ્વારા બેઠક યોજી વિસ્તૃત સમજ આપવામાં આવેલ છે.
- રોજગાર કચેરી દ્વારા જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર તથા વેરા કચેરીને અને રોજગાર અને તાલીમ નિયામકની કચેરી દ્વારા ઉદ્યોગ કમિશનરશ્રીને ઉક્ત એકમ દ્વારા નિયત ટકાવારી જાળવવામાં આવેલ નથી તે અંગેની જાણ કરવામાં આવેલ છે.
- રોજગાર ભરતીમેળા (જોબફેર)નું આયોજન કરી સ્થાનિક ઉમેદવારોને રોજગારી મળી રહે તેવા પ્રયત્નો કરવામાં આવે છે.

- - - - - - - - -

**જૂનાગઢ જિલ્લામાં ખોટા દસ્તાવેજ રજૂ કરી મંડળીઓની નોંધણી**

૪૩૩૪૭ **શ્રી ભીખાભાઈ જોષી** (જૂનાગઢ) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં કેટલી સેવા સહકારી મંડળીઓ નોંધાયેલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત મંડળીઓ દ્વારા ખોટા દસ્તાવેજો રજૂ કરી મંડળીઓ નોંધવામાં આવી હોય તેવી કેટલી ફરિયાદો મળી,

(૩) મળેલ ફરિયાદો અન્વયે શા પગલાં લેવામાં આવ્યા, અને

(૪)કેટલી મંડળીઓની નોંધણી રદ કરવામાં આવી ?

**જવાબ**

(૧) ૫૦૨ (પાંચસો બે).

(૨) ૨૭

(૩) તપાસની કામગીરી ચાલુ છે.

(૪) શૂન્ય.

- - - - - - - - -

અતારાંકિત પ્રશ્નો

**વડોદરા જિલ્લામાં રસ્તાને ફોરલેન બનાવવાની કાર્યવાહી**

૪૩૪૦૩ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વડોદરા જિલ્લાના પાદરા-જંબુસર રસ્તાને ફોરલેન બનાવવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને

(૨) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં કેટલા ખર્ચ પૂર્ણ કરવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) અને (૨) ઉક્ત સ્થિતિએ આ રસ્તાની કામગીરી મંજૂર થયેલ ન હોય પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**સુરત જિલ્લામાં સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય**

૪૨૪૭૬ **શ્રી વી.ડી. ઝાલાવાડીયા** (કામરેજ) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં કેટલી સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય આપવામાં આવેલ છે ?

**જવાબ**

૧૦

---------

**સાબરકાંઠા જિલ્લામાં પ્રાણઘાતક અકસ્માત**

૪૨૫૦૦ **શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા** (હિંમતનગર) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં કેટલા પ્રાણઘાતક અકસ્માત થયા, આ અકસ્માતોમાં કેટલા શ્રમયોગીઓ મૃત્યુ પામ્યા,

(૨) સદરહું પ્રાણઘાતક અકસ્માતોમાં સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવેલ છે, અને

(૩) આ અકસ્માતો અટકાવવા સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) શૂન્ય.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ગાંધીનગર મહાનગરપાલિકામાં લઘુત્તમ વેતનધારાનો ભંગ**

૪૩૨૯૯ **ડો. સી.જે. ચાવડા** (ગાંધીનગર ઉત્તર) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર મહાનગરપાલિકામાં સફાઇની એજન્સી દ્વારા લઘુત્તમ વેતનધારાના ભંગ તથા કર્મચારીઓ પાસે વધુ સમય નોકરી કરાવાતી હોવાની કેટલી ફરિયાદો વિભાગને મળી, અને

(૨) ઉક્ત મળેલ ફરિયાદો અન્વયે ક્યારે કઈ એજન્સી સામે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર મહાનગરપાલિકામાં સફાઇની એજન્સી દ્વારા લઘુત્તમ વેતનધારાના ભંગ બાબતે ૦૬ ફરિયાદો વિભાગને મળી તથા કર્મચારીઓ પાસે વધુ સમય નોકરી કરાવાતી હોવાની કોઈ ફરિયાદ મળી નથી.

(૨) ઉક્ત મળેલ ફરિયાદો અન્વયે એજન્સીઓ સામે નીચે મુજબ કાર્યવાહી કરી.

| ક્રમ | એજન્સીનું નામ | કરેલ કાર્યવાહી |
|---|---|---|
| ૧ | એ.બી.એન્ટરપ્રાઈઝ, મહેસાણા | લઘુત્તમ વેતનધારાના ભંગ હેઠળ નામદાર મજૂર અદાલતમાં તા.૦૨-૦૩-૨૦૨૧ ના રોજ કોર્ટ કેસ નં.૨૯૦/૨૦૨૧ તથા તા.૦૩-૦૯-૨૦૨૧ના રોજ |

| | | |
|---|---|---|
| | | કોર્ટ કેસ નં.૭૯૫/૨૦૨૧ દાખલ કરેલ છે. |
| ૨ | ડી.બી.એન્ટરપ્રાઈઝ, મહેસાણા-૨ | લઘુત્તમ વેતનધારાના ભંગ હેઠળ નામદાર મજૂર અદાલતમાં તા.૦૨-૦૩-૨૦૨૧ ના રોજ કોર્ટ કેસ નં.૨૯૩/૨૦૨૧ તથા તા.૦૩-૦૯-૨૦૨૧ના રોજ કોર્ટ કેસ નં.૭૯૬/૨૦૨૧ દાખલ કરેલ છે. |
| ૩ | ગ્રીન ગ્લોબલ સોલ્યુશન, અમદાવાદ | લઘુત્તમ વેતનધારાના ભંગ હેઠળ નામદાર મજૂર અદાલતમાં તા.૦૩-૦૯-૨૦૨૧ના રોજ કોર્ટ કેસ નં.૭૯૨/૨૦૨૧ દાખલ કરેલ છે. |

---------

## તાપી અને સુરત જિલ્લામાં ઔદ્યોગિક ભરતીમેળા

૪૩૪૧૮ **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી (રાજયકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી અને સુરત જિલ્લામાં રોજગાર વિનિમય કચેરીવાર કેટલા ઔદ્યોગિક ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું,

(૨) ઉક્ત જિલ્લાવાર તેમાં કેટલા બેરોજગારો હાજર રહ્યા, અને

(૩) આ ભરતીમેળામાં મુખ્યત્વે કેવા પ્રકારની રોજગારી આપી ?

**જવાબ**

(૧) યોજવામાં આવેલ ભરતીમેળા

| **તાપી** | **સુરત** |
|---|---|
| ૬૩ | ૧૩૫ |

(૨) હાજર રહેલ ઉમેદવારોની સંખ્યા

| **તાપી** | **સુરત** |
|---|---|
| ૬૩૨૯ | ૮૭૩૭૭ |

(૩) આ ભરતીમેળામાં ખાનગીક્ષેત્રનાં એકમોમાં વિવિધ પ્રકારની રોજગારી આપવામાં આવી.

---------

## પાકિસ્તાન દ્વારા પકડાયેલ માછીમારોના કુટુંબને સહાય

૪૩૩૪૪ **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળિયા) : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પાકિસ્તાન દ્વારા પકડાયેલા ગુજરાતી માછીમારોના કુટુંબના જીવન નિર્વાહ માટે રાજ્ય સરકાર દ્વારા કેટલી રકમની સહાય ચૂકવવામાં આવે છે,

(૨) ઉક્ત સહાયના દરો ક્યારથી અમલમાં છે,

(૩) ઉક્ત દરોમાં છેલ્લે ક્યારે કેટલો વધારો કરવામાં આવ્યો, અને

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા માછીમાર કુટુંબોને સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) ઉક્ત સ્થિતિએ પાકિસ્તાન દ્વારા પકડાયેલા ગુજરાતી માછીમારોના કુટુંબના જીવન નિર્વાહ માટે રાજ્ય સરકાર દ્વારા દૈનિક રૂ.૩૦૦/- ની સહાય ચૂકવવામાં આવે છે.

(૨) ઉક્ત સહાયના દરો તા.૦૧-૦૪-૨૦૧૯થી અમલમાં છે.

(૩) ઉક્ત દરોમાં છેલ્લે ઠરાવ ક્રમાંકઃ એફડીવી/૧૩૨૦૧૯/ ૩૧/ટ, તાઃ૦૭/૦૩/૨૦૧૯થી સહાયનો દર દૈનિક રૂ.૧૫૦ને બદલે દૈનિક રૂ.૩૦૦/- કરવામાં આવેલ છે.

(૪) ઉક્ત સ્થિતિએ માછીમાર કુટુંબોને ચૂકવવામાં આવેલ સહાયનું પત્રક સામેલ છે.

**પત્રક**

| **ક્રમ** | **સમયગાળો** | **માછીમાર કુટુંબોની** | **ચૂકવેલ સહાય (રૂ.માં)** |
|---|---|---|---|

| | | સંખ્યા | |
|---|---|---|---|
| ૧ | તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ | ૧૮૪ | ૨,૩૦,૦૪,૯૦૦/- |
| ૨ | તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | ૩૨૩ | ૪,૨૮,૭૬,૦૦૦/- |

---------

**સુરત જિલ્લામાં મત્સ્યોદ્યોગ માટે માસ્ટર મેપીંગ**

૪૨૪૪૩ **શ્રીમતી ઝંખના પટેલ** (ચોર્યાસી) : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સુરત જિલ્લામાં પાણીમાં મત્સ્યોદ્યોગ માટે તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા હેક્ટરમાં માસ્ટર મેપીંગ કરવામાં આવેલ છે. | કોઈ માસ્ટર મેપીંગ કરવામાં આવેલ નથી. |

---------

**રાજ્યમાં આંતર રાજ્ય હવાઈ સેવા**

૪૨૨૧૪ **શ્રી પરેશ ધાનાણી** (અમરેલી) : **માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં આંતર રાજ્ય હવાઈ સેવા ક્યારે-ક્યારે શરૂ કરવામાં આવેલ છે, | (૧) આંતર રાજ્ય હવાઈ સેવા વિષયક વિગતો ભારત સરકાર પાસે ઉપલબ્ધ રહેતી હોઈ માહિતી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) આંતર રાજ્ય સેવા કયા-કયા સ્થળો માટે શરૂ કરવામાં આવેલ છે, | (૨), (૩), (૪) અને (૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ આંતર રાજ્ય હવાઈ સેવા ચાલુ થયા બાદ કયા સ્થળો માટે બંધ કરવામાં આવી છે, | |
| (૪) સેવા બંધ કરવાના કારણો શા છે, અને | |
| (૫) બંધ કરવામાં આવેલ તે સ્થળો પર કેટલા સમય માટે ઉક્ત સેવા ચાલુ રહેલ ? | |

---------

**પાકિસ્તાનની જેલમાંથી મુક્ત કરાયેલ માછીમારો**

૪૩૩૫૩ **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યના કેટલા માછીમારો પાકિસ્તાનની જેલમાં છે,

(૧) ૫૧૯ માછીમારો.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા માછીમારોને પકડવામાં આવ્યા છે, અને

(૨)

| **તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચેની વિગતે માછીમારોને પકડવામાં આવ્યા છે.** | |
|---|---|
| તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ | ૧૬૩ માછીમારો |
| તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | ૧૯૫ માછીમારો |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યના કેટલા માછીમારોને પાકિસ્તાનની જેલમાંથી છોડવામાં/મુક્ત કરવામાં આવ્યા ?

(૩)

| **ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યના નીચેની વિગતે પાકિસ્તાનની જેલમાંથી છોડવામાં/મુક્ત કરવામાં આવ્યા છે.** | |
|---|---|
| તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ | શૂન્ય |
| તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | ૨૦ માછીમારો |

---------

**ધારાસભ્યોને સરકારી કાર્યક્રમોમાં પ્રોટોકોલ**

૪૩૨૯૦ **શ્રી અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા) : **માનનીય પ્રોટોકોલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં જે-તે વિસ્તારના ધારાસભ્યને રાજ્યમાં સરકારી કાર્યક્રમો વખતે કેવા પ્રકારનો પ્રોટોકોલ આપવામાં આવે છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં જે-તે વિસ્તારના ધારાસભ્યને સરકારી કાર્યક્રમો વખતે પ્રસંગને અનુરૂપ 'warrant of precedence' મુજબ અગ્રતા ક્રમ આપવા, મંચ ઉપર યોગ્ય સ્થાન આપવા, જે તે વિસ્તારના ધારાસભ્યને આમંત્રણ આપવામાં આવે છે. |
| (૨) ઉક્ત પ્રોટોકોલ જાળવવા માટે જિલ્લા વહીવટી તંત્રના તાબા હેઠળની કચેરીઓ તેમજ જુદા જુદા વિભાગની જિલ્લા કક્ષાની કચેરીઓના વડાઓ દ્વારા ધારાસભ્યના પદનું ઔચિત્ય જળવાય તે માટે કોઈ સ્થાઈ સૂચના પ્રભાગ તરફથી આપવામાં આવેલ છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો તેની વિગતો શી છે ? | (૩) અત્રેના તા.૨૮-૧૦-૨૦૨૧ના સંકલિત પરિપત્રથી સરકાર તરફથી યોજવામાં આવતા તેમજ સરકારી કે અર્ધ સરકારી નિયંત્રણ હેઠળના બોર્ડ/કોર્પોરેશન વગેરે તરફથી યોજવામાં આવતાં સમારંભોમાં જે તે જિલ્લાના/સ્થાનિક જનપ્રતિનિધિશ્રીઓને આમંત્રણ આપવા, આ આમંત્રણ સમયસર પાઠવવામાં આવે તેની તકેદારી રાખવા નિમંત્રણ પત્રિકામાં સમારંભના મહેમાન તરીકે સ્થાનિક ધારાસભ્યશ્રીની પૂર્વ અનુમતિ સિવાય તેમના નામો આમંત્રણ પત્રિકામાં છાપવા નહીં, સ્થાનિક ધારાસભ્યશ્રીઓને મંચ પર 'warrant of precedence' મુજબ સ્થાન આપવા, જો મંચ પર સ્થાન આપવાનું નક્કી થયેલ ન હોય તો ધારાસભ્યશ્રીની ગરીમા જળવાય તે રીતે પ્રમાણે યોગ્ય જગ્યાએ બેઠક વ્યવસ્થા ગોઠવવા તેમજ રાષ્ટ્રીય કે રાજ્યકક્ષાના સમારંભોમાં આમંત્રિત કરાયેલા મહાનુભાવોને રાજ્ય સરકારના 'warrant of precedence' મુજબ યોગ્ય સ્થાન આપવાની સૂચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.<br>અત્રેના તા.૨૯-૧૦-૨૦૨૧ના પરિપત્રથી ઉક્ત સૂચનાઓનું ચુસ્તપાલન કરવા સંબંધિતોને સૂચના આપવામાં આવેલ છે. |

**કાલોલ તાલુકામાં રોડને પહોળો કરવાનું આયોજન**

૪૨૪૬૬ **શ્રીમતી સુમનબેન ચૌહાણ** (કાલોલ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકામાં કાલોલ-સાવલી રોડને પહોળો કરવા માટે સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને | (૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નહીં પરંતુ તા.૦૧-૦૧-૨૦૨૨ના રોજ રૂ.૪૫૬.૦૦ લાખ મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો આ કામ ક્યારે મંજૂર કરવામાં આવશે ? | |

---------

**ભાવનગર જિલ્લામાં રોડને રિસરફેસિંગ**

૪૨૫૨૯ **શ્રી ભીખાભાઈ બારૈયા** (પાલીતાણા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં જેસર-આસરાણા રોડ ચે.૧૬/૦૦૦ થી ૨૭/૫૦૦ ને રિસરફેસિંગ કરવાનું આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |

(૨) જો હા, તો આ કામને કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે, અને

(૨) ૩.૮૩૯.૫૦ લાખની.

(૩) આ કામ ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ?

(૩) નકશા અંદાજ તબક્કે.

- - - - - - - - -

**સુરત જિલ્લામાં માનવ કલ્યાણ યોજના**

૪૨૪૭૪ **શ્રી વિવેક પટેલ** (ઉધના) : **માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને

(૩)ક્યા ક્યા પ્રકારની ટુલકીટ મંજૂર કરવામાં આવી ?

**જવાબ**

(૧) સુરત જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે પત્રક-૧ મુજબ અરજીઓ આવી.

(૨) તે પૈકી નીચે પત્રક-૨ મુજબની અરજીઓ મંજૂર કરવામાં આવી.

(૩) જોડાણ-૧ સામેલ રાખેલ છે.

**પત્રક-૧**

| અ.નં. | તાલુકાનું નામ | તા.૦૧/૦૧/૨૦૨૦ થી તા.૩૧/૧૨/૨૦૨૦ સુધી | તા.૦૧/૦૧/૨૦૨૧ થી તા.૩૧/૧૨/૨૦૨૧ સુધી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | સુરત સિટી | ૨૧૯ | ૧૭૬ | ૩૯૫ |
| ૨ | ઓલપાડ | ૧૫૩ | ૧૬૯ | ૩૨૨ |
| ૩ | કામરેજ | ૧૨૩ | ૧૨૮ | ૨૫૧ |
| ૪ | ચોર્યાસી | ૧૪૪ | ૭૦ | ૨૧૪ |
| ૫ | પલસાણા | ૧૧૬ | ૧૨૭ | ૨૪૩ |
| ૬ | માંગરોલ | ૧૪૮ | ૧૪૭ | ૨૯૫ |
| ૭ | માંડવી | ૧૪૧ | ૧૮૮ | ૩૨૯ |
| ૮ | બારડોલી | ૧૫૮ | ૨૦૭ | ૩૬૫ |
| ૯ | મહુવા | ૧૬૯ | ૧૩૮ | ૩૦૭ |
| ૧૦ | ઉમરપાડા | ૧૧૦ | ૧૨૨ | ૨૩૨ |
| | **કુલ** | **૧૪૮૧** | **૧૪૭૨** | **૨૯૫૩** |

**પત્રક-૨**

| અ.નં. | તાલુકાનું નામ | તા.૦૧/૦૧/૨૦૨૦ થી તા.૩૧/૧૨/૨૦૨૦ સુધી | તા.૦૧/૦૧/૨૦૨૧ થી તા.૩૧/૧૨/૨૦૨૧ સુધી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | સુરત સિટી | ૨૦૦ | ૯૬ | ૨૯૬ |
| ૨ | ઓલપાડ | ૧૪૯ | ૧૧૬ | ૨૬૫ |
| ૩ | કામરેજ | ૧૧૬ | ૧૦૯ | ૨૨૫ |
| ૪ | ચોર્યાસી | ૧૩૯ | ૪૩ | ૧૮૨ |
| ૫ | પલસાણા | ૧૧૧ | ૯૯ | ૨૧૦ |
| ૬ | માંગરોલ | ૧૩૯ | ૧૦૦ | ૨૩૯ |
| ૭ | માંડવી | ૧૩૩ | ૧૩૨ | ૨૬૫ |
| ૮ | બારડોલી | ૧૫૦ | ૬૨ | ૨૧૨ |
| ૯ | મહુવા | ૧૬૦ | ૯૦ | ૨૫૦ |
| ૧૦ | ઉમરપાડા | ૧૦૧ | ૪૯ | ૧૫૦ |
| | **કુલ** | **૧૩૯૮** | **૮૯૬** | **૨૨૯૪** |

**જોડાણ-૧**

તા. ૧૬મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

| જોડાણ-૧ | |
|---|---|
| ૧ | કડિયાકામ |
| ૨ | સેન્ટીંગકામ |
| ૩ | વાહન સર્વિસીંગ અને રિપેરિંગ |
| ૪ | મોચીકામ |
| ૫ | દરજીકામ |
| ૬ | ભરતકામ |
| ૭ | કુંભારીકામ |
| ૮ | વિવિધ પ્રકારની ફેરી |
| ૯ | પ્લમ્બર |
| ૧૦ | બ્યુટીપાર્લર |
| ૧૧ | ઈલેક્ટ્રીક એપ્લાર્યન્સીસ રિપેરિંગ |
| ૧૨ | ખેતીલક્ષી લુહારી / વેલ્ડીંગકામ |
| ૧૩ | સુથારીકામ |
| ૧૪ | ધોબીકામ |
| ૧૫ | સાવરણી સુપડા બનાવનાર |
| ૧૬ | દૂધ - દહીં વેચનાર |
| ૧૭ | માછલી વેચનાર |
| ૧૮ | પાપડ બનાવટ |
| ૧૯ | અથાણા બનાવટ |
| ૨૦ | ગરમ / ઠંડા પીણા અલ્પાહાર વેચાણ |
| ૨૧ | પંચર કીટ |
| ૨૨ | ફલોરમીલ |
| ૨૩ | મસાલામીલ |
| ૨૪ | રૂ ની દિવેટ બનાવવી (સખીમંડળ) |
| ૨૫ | મોબાઈલ રિપેરિંગ |
| ૨૬ | પેપરકપ અને ડીશ બનાવટ (સખીમંડળ) |
| ૨૭ | હેરકટીંગ (વાળંદકામ) |

- - - - - - - - -

**કચ્છ જિલ્લામાં સ્થાનિકોને રોજગારી અંગે તપાસ**

૪૩૨૬૫ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં અદાણી ગ્રૂપની કંપનીઓમાં સ્થાનિકોને ૮૫ ટકા રોજગારી પૂરી પાડવામાં આવે છે કે કેમ તે અંગે છેલ્લા બે વર્ષમાં ક્યારે તપાસ કરવામાં આવી,

(૨) ઉક્ત તપાસ દરમ્યાન અદાણી ગ્રૂપની કઈ કંપનીઓમાં સ્થાનિકોને ૮૫ ટકા મુજબ રોજગારી પૂરી પાડવામાં આવતી નથી, અને

(૩) સ્થાનિકોને રોજગારી પૂરી પાડવાનું ઉલ્લંઘન કરવા સબબ ઉક્ત પૈકી કઈ કંપની સામે શા પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧-૦૩-૧૯૯૫ ના ઠરાવમાં સ્થાનિકોને ૮૫ ટકા રોજગારી પૂરી પાડવા અંગે તપાસ કરવાની જોગવાઈ નથી, ફક્ત દર છ માસે (જૂન અંતિત અને ડિસેમ્બર અંતિત) સ્થાનિક રોજગારીની માહિતી એકત્ર કરવામાં આવે છે.

(૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અદાણી પાવર લિ., મું.ટુંડા, તા.મુન્દ્રામાં સ્થાનિકોની નિયત ટકાવારી જળવાતી નથી.

(૩) નિયત ટકાવારી જાળવવા અંગે પત્રો પાઠવેલ છે અને નાયબ નિયામક (રોજગાર), રાજકોટ દ્વારા બેઠક યોજી વિસ્તૃત સમજ આપવામાં આવેલ છે.

- રોજગારી કચેરી દ્વારા જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર તથા વેરા કચેરીને અને રોજગાર અને તાલીમ નિયામકની કચેરી દ્વારા ઉદ્યોગ કમિશનરશ્રીને

ઉક્ત એકમ દ્વારા નિયત ટકાવારી જાળવવામાં આવેલ નથી તે અંગેની જાણ કરવામાં આવેલ છે.

- રોજગાર ભરતીમેળા (જોબફેર)નું આયોજન કરી સ્થાનિક ઉમેદવારોને રોજગારી મળી રહે તેવા પ્રયત્નો કરવામાં આવે છે.

- - - - - - - - -

**આણંદ જિલ્લામાં લઘુત્તમ વેતનધારા હેઠળ ચૂકવણું**

૪૨૫૦૨ **શ્રી મહેશકુમાર રાવલ** (ખંભાત) : **માનનીય શ્રમ, કોશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં આવેલા કેટલા ઔદ્યોગિક એકમો/સંસ્થાઓમાં લઘુત્તમ વેતનધારા, ૧૯૪૮ હેઠળ શ્રમયોગીઓને સમજાવટથી ચૂકવણું કરવામાં આવેલ છે,

(૨) આવા શ્રમયોગીઓની સંખ્યા કેટલી છે, અને

(૩) શ્રમયોગીઓને ચૂકવાયેલ રકમ કેટલી છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં ૨૪ એકમો/સંસ્થાઓમાં લઘુત્તમ વેતનધારા, ૧૯૪૮ હેઠળ શ્રમયોગીઓને સમજાવટથી ચૂકવણું કરવામાં આવેલ છે.

(૨) આવા શ્રમયોગીઓની સંખ્યા ૨૮૧ છે.

(૩) શ્રમયોગીઓને ચૂકવાયેલ કુલ રકમ રૂ.૧૭,૬૬,૫૩૦/-(અંકે રૂપિયા સત્તર લાખ છાસઠ હજાર પાંચસો ત્રીસપુરા) છે.

- - - - - - - - -

**સુરત જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની જગ્યાઓ**

૪૨૫૦૭ **શ્રી અરવિંદ રાણા** (સુરત પૂર્વ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સુરત જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨)

| મંજૂર | ભરાયેલ | ખાલી |
|---|---|---|
| ૦૩ | ૦૩ | ૦ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**અમરેલી જિલ્લામાં પુલ બનાવવાની કામગીરી**

૪૩૩૬૭ **શ્રી અંબરિષભાઇ ડેર** (રાજુલા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના વિક્ટર ગામથી ચાંચ બંદર વચ્ચે પુલ બનાવવાનું સરકારે આયોજન કર્યુ છે તે હકીક્ત સાચી છે, અને

(૨) ઉક્ત કામ કેટલા ખર્ચે અને ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**ગાંધીનગર જિલ્લામાં સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃદ્ધિ સહાય**

૪૨૪૭૫ **શ્રી શંભુજી ઠાકોર** (ગાંધીનગર-દક્ષિણ) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં કેટલી સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃદ્ધિ સહાય આપવામાં આવેલ છે ?

**જવાબ**

૦૪

- - - - - - - - -

તા. ૧૬મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

**સંખેડા તાલુકામાં પુલ બનાવવાનું આયોજન**

૪૨૪૫૮ **શ્રી અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકામાં નાગરવાડા-ઝાંપા રોડ પર ઉચ્છ નદી પર પુલ બનાવવા માટે સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને | (૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નહી પરંતુ તા.૦૬-૦૧-૨૦૨૨ની સ્થિતિએ રૂ.૬૦૦ લાખ મંજૂર કરેલ છે. |
| (૨)જો હા, તો આ કામ ક્યારે મંજૂર કરવામાં આવશે ? | |

**સાણંદ તાલુકામાં રોડની મંજૂરી**

૪૨૪૫૨ **શ્રી કનુભાઈ પટેલ** (સાણંદ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના નવાપુરાથી પેટાપરા વિસનગર રોડને મંજૂર કરવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી લંબાઈ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી ? | (૨) ૨.૫૦ કિ.મી, રૂ.૯૦.૦૦ લાખ. |

**વલસાડ તાલુકામાં એપ્રોચ રોડ બનાવવાનું આયોજન**

૪૨૪૫૬ **શ્રી ભરતભાઈ પટેલ** (વલસાડ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વલસાડ જિલ્લાના વલસાડ તાલુકાના સારંગપુર એપ્રોચ રોડ પર પુલ બનાવવા સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને | (૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નહીં પરંતુ તા.૦૫-૦૧-૨૦૨૨નાં રોજ રૂ. ૧૨૦૦ લાખ મંજૂર કરેલ છે. |
| (૨) જો હા, તો આ કામ ક્યારે મંજૂર કરવામાં આવશે ? | |

---------

**સુરત અને ભરૂચ જિલ્લામાં સ્થાનિકોને રોજગારી**

૪૩૪૦૯ **શ્રી સંજયભાઈ સોલંકી** (જંબુસર) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ભરૂચ અને સુરત જિલ્લામાં આવેલ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ.માં સરકારી જોગવાઈ મુજબ સ્થાનિકોને રોજગારી આપવાના નિયમોનું ઉલ્લંઘન કરતા હોવાની હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શા પગલાં લીધાં ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ભાડભૂત પરિયોજનાની કામગીરી**

૪૩૩૦૨ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય કલ્પસર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કલ્પસર યોજના સંલગ્ન ભાડભૂત પરિયોજનાનું કામ ક્યારે ચાલુ કરવામાં આવેલ છે, | (૧) ભાડભૂત પરીયોજનાનું કામ તા.૧૫-૧૦-૨૦૨૦ના રોજ ચાલુ કરવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત કામગીરી ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૨) ઉક્ત કામગીરી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પ્રગતિ હેઠળ છે. |
| (૩) ઉક્ત કામગીરી કેટલા ખર્ચે ક્યાં સુધીમાં પૂર્ણ કરવાની શરતે કઈ એજન્સીને કામગીરી આપવામાં આવેલ છે ? | (૩) ઉક્ત કામગીરી રૂ. ૪૧૬૭.૬૯ કરોડના ખર્ચે ઓક્ટોબર-૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવાની શરતે મેસર્સ દિલીપ બિલ્ડકોન લિ. -હિંદુસ્તાન કન્સ્ટ્રક્શન લિ. |

(સંયુક્ત સાહસ), ભોપાલને કામગીરી સોંપવામાં આવેલ છે.

- - - - - - - - -

**નવસારી જિલ્લામાં મત્સ્યોદ્યોગ માટે માસ્ટર મેપીંગ**

૪૨૪૪૪ **શ્રી પિયુષભાઈ દેસાઈ** (નવસારી) : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

નવસારી જિલ્લામાં પાણીમાં મત્સ્યોદ્યોગ માટે તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા હેક્ટરમાં માસ્ટર મેપીંગ કરવામાં આવેલ છે?

**જવાબ**

નવસારી જિલ્લામાં પાણીમાં મત્સ્યોદ્યોગ માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચેની વિગતે માસ્ટર મેપીંગ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા. ૩૧-૧૨-૨૦૨૦ | ૧૪૭૦.૦૦ હેક્ટર |
| તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા. ૩૧-૧૨-૨૦૨૧ | ૦૦.૦૦ હેક્ટર |

- - - - - - - - -

**સુરેન્દ્રનગર રોજગાર કચેરીમાં નોંધાયેલ રોજગારવાંચ્છુઓ**

૪૨૫૦૧ **શ્રી ધનજીભાઈ પટેલ** (વઢવાણ) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જિલ્લા રોજગાર કચેરી, સુરેન્દ્રનગર ખાતે કેટલા રોજગારવાંચ્છુઓ નોંધાયેલા છે, અને | (૧) ૧૩૧૫૨ |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા રોજગારવાંચ્છુઓને રોજગારી આપવામાં આવી? | (૨) ૨૫૭૬ |

- - - - - - - - -

**પાટણ જિલ્લામાં સહકારી મંડળીઓને ધીરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય**

૪૨૫૧૨ **શ્રી જગદીશભાઈ પટેલ** (અમરાઈવાડી) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ જિલ્લામાં કેટલી સેવા સહકારી મંડળીઓને ધીરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય આપવામાં આવેલ છે? | ૦૯ |

- - - - - - - - -

**અરવલ્લી જિલ્લામાં સહકારી મંડળીઓને ધીરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય**

૪૨૫૧૦ **શ્રી બલરામ થાવાણી** (નરોડા) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અરવલ્લી જિલ્લામાં કેટલી સેવા સહકારી મંડળીઓને ધીરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય આપવામાં આવેલ છે? | ૨૨ |

- - - - - - - - -

**બાલારામ અને જેસોરનો પ્રવાસન ધામ તરીકે વિકાસ**

૪૨૫૭૬ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના બાલારામ અને જેસોર પર્વતને પ્રવાસન ધામ તરીકે વિકસાવવાની દરખાસ્ત અન્વયે તા.૨૫-૦૨-૨૦૨૦ના પત્રથી કલેક્ટર, બનાસકાંઠાને અંદાજો સહિતનો વિગતવાર અહેવાલ મોકલી આપવા જણાવેલ છે, તે હકીકત તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સાચી છે, | (૧) હા, જી. |

(૨) જો હા, તો કલેક્ટર, બનાસકાંઠા દ્વારા સરકારને અહેવાલ ક્યારે મોકલેલ છે,

(૨) તા.૧૪-૧૦-૨૦૨૧

(૩) ઉક્ત અહેવાલ સરકારને મોકલેલ ન હોય તો તેના કારણો શાં છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ઉક્ત અહેવાલ ક્યાં સુધીમાં સરકારને મોકલી આપવામાં આવશે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**કલ્પસર યોજના અન્વયે ભાડભૂત બૅરેજનું બાંધકામ**

૪૩૩૮૮ **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ) : તેરમી ગુજરાત વિધાનસભાના પ્રથમ સત્રમાં તા.૦૧-૦૪-૨૦૧૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૫૩૪૭ (અગ્રતા-૮૬)ના અનુસંધાને **માનનીય કલ્પસર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કલ્પસર યોજના અન્વયે ભાડભૂત બૅરેજનું બાંધકામ વર્ષ ૨૦૧૩-૧૪માં શરૂ કરવાનું આયોજન હતું તો સદરહું કામ તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કયા તબક્કે છે, | (૧) ભાડભૂત બૅરેજનું બાંધકામ તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પ્રગતિ હેઠળ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામ પૂર્ણ ના થવાના કારણો શા છે, અને | (૨) ભાડભૂત યોજના તાંત્રિક રીતે જટીલ હોઈ યોજના સંબંધિત વિવિધ અભ્યાસો, પર્યાવરણીય અંગેની મંજૂરીઓ, ટેન્ડર વગેરેની કામગીરી પૂર્ણ કરી યોજનાનું કામ તા.૧૫-૧૦-૨૦૨૦થી શરૂ કરવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૩) ઓક્ટોબર-૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

**રાજ્યમાં કામદારોના કલ્યાણ માટેની સેસની જમા રકમ**

૪૩૩૩૨ **શ્રી લલિતભાઈ કગથરા** (ટંકારા) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન સેસ એક્ટ હેઠળ કામદારોના કલ્યાણ માટેની સેસની કુલ કેટલી રકમ જમા થઈ છે, | (૧) રૂ.૩૮૫૨.૭૮ કરોડ. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આ રકમમાંથી કેટલો ખર્ચ કઈ યોજનાઓ પાછળ કરવામાં આવ્યો, અને | (૨) પરિશિષ્ટ-૧ મુજબ. |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી રકમ બચત છે ? | (૩) રૂ.૧૫૭૫.૨૨ કરોડ. |

**પરિશિષ્ટ-૧**

**યોજનાકીય ખર્ચ (રકમ રૂ.લાખમાં)**

| ક્રમ | યોજનાનું નામ | તા.૦૧/૦૧/૨૦૨૦ થી તા.૩૧/૧૨/૨૦૨૦ | તા.૦૧/૦૧/૨૦૨૧ થી તા.૩૧/૧૨/૨૦૨૧ |
|---|---|---|---|
| ૧ | શ્રમિક અન્નપૂર્ણા યોજના | ૪૭૮.૫૩ | ૧૯૧.૧૪ |
| ૨ | કૌશલ્યવર્ધન તાલીમ યોજના | ૦.૫૧ | ૦.૦૦ |
| ૩ | વ્યવસાયિક રોગોમાં સારવાર યોજના | ૪.૬૩ | ૨.૯૪ |
| ૪ | ધન્વન્તરી આરોગ્ય રથ યોજના | ૫૨૦.૧૮ | ૭૨૧.૯૧ |
| ૫ | સ્થળાંતરિત શ્રમિકોના બાળકો માટેની હોસ્ટેલ સહાય યોજના (નવી) | ૮૪૯.૦૦ | ૦.૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૬ | બાંધકામ શ્રમિકોના બાળકો માટેની હોસ્ટેલ સુવિધા યોજના જૂની | ૨.૬૪ | ૦.૦૦ |
| ૭ | તબીબી સહાય યોજના | ૧.૦૦ | ૦.૦૦ |
| ૮ | પ્રસુતિ સહાય યોજના | ૩૪.૦૫ | ૧૫૧.૧૫ |
| ૯ | ભાગ્યલક્ષી બોન્ડ યોજના | ૩૨.૩૦ | ૪૯.૮૦ |
| ૧૦ | શિક્ષણ સહાય યોજના | ૨૦૩૭.૨૩ | ૧૧૩૬.૯૩ |
| ૧૧ | આકસ્મિક મૃત્યુ સહાય યોજના | ૮૪.૦૦ | ૧૯૮.૦૦ |
| ૧૨ | અંત્યેષ્ઠી સહાય યોજના | ૪.૦૧ | ૧૩.૨૩ |
| ૧૩ | કોરોના કવચ | ૫૨૦૦.૦૦ | ૦.૦૦ |
| ૧૪ | શ્રમિક પરિવહન યોજના | ૦.૦૦ | ૨૭.૨૫ |
| ૧૫ | સ્માર્ટ કાર્ડ / ઓળખ કાર્ડ | ૨૦.૩૫ | ૧૯.૫૬ |
| ૧૬ | કાયમી અશક્તતા સહાય | ૩.૦૦ | ૦.૦૦ |
| ૧૭ | માહિતી શિક્ષણ અને પ્રસારણ પ્રોગ્રામ | ૦.૧૭ | ૨૧.૦૯ |
| ૧૮ | PMJJBYનું PMSBY માં રૂપાંતર(PMJJBY+PMSBY) | ૦.૩૨ | ૦.૦૦ |
| ૧૯ | EMD પરત | ૦.૦૫ | ૨૧૭.૦૫ |
| ૨૦ | TDS | ૧૦.૩૭ | ૬.૫૧ |
| ૨૧ | GST | ૧૪.૩૦ | ૮.૮૨ |
| | **કુલ** | **૯૨૯૬.૬૪** | **૨૭૬૫.૩૮** |

**વહીવટી ખર્ચ + યોજનાકીય ખર્ચ + મુખ્ય મંત્રી ગરીબ કલ્યાણ પેકેજ**

| **ક્રમ** | **યોજનાનું નામ** | **તા.૦૧/૦૧/૨૦૨૦ થી તા.૩૧/૧૨/૨૦૨૦** | **તા.૦૧/૦૧/૨૦૨૧ થી તા.૩૧/૧૨/૨૦૨૧** |
|---|---|---|---|
| ૧ | વહીવટી / મહેકમ ખર્ચ | ૩૫૫.૧૬ | ૩૫૯.૬૮ |
| ૨ | યોજનાકીય ખર્ચ | ૯૨૯૬.૬૪ | ૨૭૬૫.૩૮ |
| ૩ | મુખ્ય મંત્રી ગરીબ કલ્યાણ પેકેજ | ૨૫૦૦૦.૦૦ | ૦.૦૦ |
| ૪ | આત્મનિર્ભર સહાય યોજના | ૦.૦૦ | ૨૫૦૦.૦૦ |
| ૫ | અન્ય ખર્ચ | ૦.૦૦ | ૨.૭૫ |
| | **કુલ** | **૩૪૬૫૧.૮૦** | **૫૬૨૭.૮૧** |
| | **કુલ રકમ (રૂ.લાખમાં)** | **૪૦૨૭૯.૬૧** | |

- - - - - - - - -

**ભાવનગર જિલ્લામાં માનવ કલ્યાણ યોજના**

૪૨૪૬૮ **શ્રી કેશુભાઈ નાકરાણી** (ગારીયાધાર) : **માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) તે અન્વયે ક્યા ક્યા પ્રકારની ટુલકીટ મંજૂર કરવામાં આવી ?

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે પત્રક-૧ મુજબ અરજીઓ આવી.

(૨) તે પૈકી નીચે પત્રક-૨ મુજબની અરજીઓ મંજૂર કરવામાં આવી.

(૩) જોડાણ-૧ સામેલ રાખેલ છે.

**પત્રક-૧**

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **તા.૦૧/૦૧/૨૦૨૦ થી તા.૩૧/૧૨/૨૦૨૦ સુધી** | **તા.૦૧/૦૧/૨૦૨૧ થી તા.૩૧/૧૨/૨૦૨૧ સુધી** | **કુલ** |
|---|---|---|---|---|
| ૧ | ભાવનગર | ૬૩૬ | ૮૦૬ | ૧૪૪૨ |
| ૨ | ઘોઘા | ૭૬ | ૭૮ | ૧૫૪ |
| ૩ | પાલીતાણા | ૭૭ | ૧૦૮ | ૧૮૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪ | જેસર | ૪૫ | ૬૨ | ૧૦૭ |
| ૫ | મહુવા | ૮૧ | ૧૧૪ | ૧૯૫ |
| ૬ | ઉમરાળા | ૪૧ | ૬૪ | ૧૦૫ |
| ૭ | વલ્લભીપુર | ૫૨ | ૯૨ | ૧૪૪ |
| ૮ | તળાજા | ૪૯ | ૬૬ | ૧૧૫ |
| ૯ | ગારીયાધાર | ૫૦ | ૫૨ | ૧૦૨ |
| ૧૦ | શિહોર | ૬૨ | ૧૧૭ | ૧૭૯ |
| | **કુલ** | **૧૧૬૯** | **૧૫૫૯** | **૨૭૨૮** |

**પત્રક-૨**

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **તા.૦૧/૦૧/૨૦૨૦ થી તા.૩૧/૧૨/૨૦૨૦ સુધી** | **તા.૦૧/૦૧/૨૦૨૧ થી તા.૩૧/૧૨/૨૦૨૧ સુધી** | **કુલ** |
|---|---|---|---|---|
| ૧ | ભાવનગર | ૫૨૬ | ૬૨૪ | ૧૧૫૦ |
| ૨ | ઘોઘા | ૪૭ | ૩૯ | ૮૬ |
| ૩ | પાલીતાણા | ૪૭ | ૫૯ | ૧૦૬ |
| ૪ | જેસર | ૨૮ | ૩૪ | ૬૨ |
| ૫ | મહુવા | ૫૭ | ૭૧ | ૧૨૮ |
| ૬ | ઉમરાળા | ૨૯ | ૩૪ | ૬૩ |
| ૭ | વલ્લભીપુર | ૩૭ | ૪૭ | ૮૪ |
| ૮ | તળાજા | ૩૯ | ૫૧ | ૯૦ |
| ૯ | ગારીયાધાર | ૪૩ | ૨૮ | ૭૧ |
| ૧૦ | શિહોર | ૫૮ | ૭૦ | ૧૨૮ |
| | **કુલ** | **૯૧૧** | **૧૦૫૭** | **૧૯૬૮** |

| **જોડાણ-૧** | |
|---|---|
| ૧ | કડિયાકામ |
| ૨ | સેન્ટીંગકામ |
| ૩ | વાહન સર્વિસીંગ અને રિપેરિંગ |
| ૪ | મોચીકામ |
| ૫ | દરજીકામ |
| ૬ | ભરતકામ |
| ૭ | કુંભારીકામ |
| ૮ | વિવિધ પ્રકારની ફેરી |
| ૯ | પ્લમ્બર |
| ૧૦ | બ્યુટીપાર્લર |
| ૧૧ | ઈલેક્ટ્રીક એપ્લાર્યન્સીસ રિપેરિંગ |
| ૧૨ | ખેતીલક્ષી લુહારી/વેલ્ડીંગકામ |
| ૧૩ | સુથારીકામ |
| ૧૪ | ધોબીકામ |
| ૧૫ | સાવરણી સુપડા બનાવનાર |
| ૧૬ | દૂધ-દહીં વેચનાર |
| ૧૭ | માછલી વેચનાર |
| ૧૮ | પાપડ બનાવટ |
| ૧૯ | અથાણા બનાવટ |
| ૨૦ | ગરમ/ઠંડા પાણી અલ્પાહાર વેચાણ |
| ૨૧ | પંચર કીટ |
| ૨૨ | ફ્લોરમીલ |

| જોડાણ-૧ | |
|---|---|
| ૨૩ | મસાલામીલ |
| ૨૪ | રૂ ની દિવેટ બનાવવી (સખીમંડળ) |
| ૨૫ | મોબાઈલ રિપેરિંગ |
| ૨૬ | પેપરકપ અને ડીશ બનાવટ (સખીમંડળ) |
| ૨૭ | હેરકટીંગ (વાળંદકામ) |

- - - - - - - - -

**બોટાદ તાલુકામાં રોડની મંજૂરી**

૪૨૪૫૪ **શ્રી આત્મારામ પરમાર** (ગઢડા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બોટાદ તાલુકાના લાખેણી-લાઠીદડ રોડને મંજૂર કરવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી લંબાઈ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી ? | (૨) ૭.૦૦ કિ.મી. માટે રૂ.૩૨૫.૦૦ લાખ. |

- - - - - - - - -

**પાટણ જિલ્લામાં ઓવરબ્રિજની કામગીરી**

૪૩૨૮૭ **શ્રી ચંદનજી ઠાકોર** (સિદ્ધપુર) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પાટણ જિલ્લાના સિદ્ધપુર ખાતે તાહેરપુરા વિસ્તારમાં ઓવરબ્રિજ બનાવવાની કામગીરી ક્યા તબક્કે છે, | (૧) પ્રગતિમાં. |
| (૨) ઉક્ત કામગીરી કેટલા ખર્ચે ક્યાં સુધીમાં પૂર્ણ કરવાની શરતે કઈ એજન્સીને સોંપવામાં આવેલ છે, અને<br>(૩) ઉક્ત કામગીરી સમયસર પૂર્ણ ન થઈ હોય તો તેના કારણો શું છે ? | (૨) અને (૩) રૂ.૩૬.૨૩ કરોડના ખર્ચે ૧૮ મહિનામાં પૂર્ણ કરવાની શરતે મે.અજય એન્જીનીયરીંગ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રા.લિ. ને સોંપવામાં આવેલ છે. પરંતુ જમીન સંપાદનના પ્રશ્નોના કારણે કામગીરી પૂર્ણ થઈ શકેલ નથી. |

- - - - - - - - -

રાજ્યના માછીમારોને બાયોમેટ્રીક કાર્ડ

૪૨૪૪૨ **શ્રી કાંતીભાઈ બલર** (સુરત ઉત્તર) : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દરિયામાં માછીમારોની ઓળખ પ્રસ્થાપિત કરવા માટેની કોઈ યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યના કેટલા માછીમારોને બાયોમેટ્રીક કાર્ડ આપવામાં આવેલ છે ? | (૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યના ૧,૬૮,૮૯૫ માછીમારોને બાયોમેટ્રીક કાર્ડ આપવામાં આવેલ છે. |

- - - - - - - - -

**સાબરકાંઠા જિલ્લામાં કિસાન કલ્પવૃક્ષ યોજના**

૪૨૪૭૮ **શ્રી હિતુ કનોડીયા** (ઈડર) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લાની ખેડબ્રહ્મા બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૧) રૂ.૧૩૨.૬૦/- લાખ. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી છે ? | (૨) રૂ.૧૩૨.૬૦/- લાખ. |

- - - - - - - - -

**દાંતીવાડા ખાતે નવીન બસ ડેપો**

તા. ૧૬મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

૪૩૨૭૧ **શ્રી નથાભાઈ પટેલ** ધાનેરા) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં દાંતીવાડા ખાતે નવિન બસ ડેપો બનાવવાની કામગીરી ક્યા તબક્કે છે, અને

(૨) ઉક્ત કામગીરી ક્યાં સુધી કેટલા ખર્ચે પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) એસ.ટી. નિગમે દાંતીવાડા મુકામે નવીન બસ ડેપો બનાવવાનું આયોજન કરેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**નડિયાદ-ખંભાત રોડ ઉપર રેલ્વે ફાટક**

૪૩૩૭૯ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નડિયાદ-ખંભાત રોડ ઉપર પેટલાદ રેલ્વે ફાટક ઉપર ઓવરબ્રિજ બનાવવા ક્યારે મંજૂરી આપવામાં આવેલ,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પુલનું કામ કઈ એજન્સીને કેટલા ખર્ચે સોંપવામાં આવ્યું,

(૩) ઉક્ત એજન્સી દ્ધારા સમયમર્યાદામાં કામ પૂર્ણ થયેલ ન હોવાની હકીક્ત સાચી છે કે કેમ, અને

(૪) જો હા, તો ઉક્ત કામ સમયમર્યાદામાં પૂર્ણ નહીં કરવા માટે એજન્સી સામે શું કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) મંજૂરીની તા.૨૧-૦૧-૨૦૧૫.

(૨) જી.આર.આઈ.સી.એલ. રેલ બ્રિજ ડેવલોપમેન્ટ કંપનીને રૂ.૨૭.૩૭ કરોડની ઈપીસી કિંમતે સોંપવામાં આવેલ.

(૩) હા, જી.

(૪) એજન્સીને ટર્મીનેટ કરવામાં આવેલ છે.

- - - - - - - - -

**ભરૂચ અને સુરત જિલ્લામાં સ્થાનિકોને રોજગારી**

૪૩૪૧૨ **શ્રી આનંદભાઈ ચૌધરી** (માંડવી) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ભરૂચ અને સુરત જિલ્લામાં આવેલ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ. માં છેલ્લા બે વર્ષમાં માસવાર કેટલા સ્થાનિકોને અને બિન સ્થાનિક શ્રમિકોને રોજગારી પૂરી પાડવામાં આવી, અને

**જવાબ**

(૧) શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧/૦૩/૧૯૯૫ ના ઠરાવની જોગાવાઇ અન્વયે દર છ માસે (જૂન અને ડિસમ્બર અંતિત) મેનેજર/સુપરવાઇઝર અને કર્મચારી/ કામદાર/ કારીગર કક્ષાની રોજગારી અને તે પૈકી સ્થાનિક રોજગારીની વિગતો મેળવવામાં આવે છે.

તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ભરૂચ અને સુરત જિલ્લામાં આવેલ રિલાયન્સ ઈન્ડ્રસ્ટ્રીઝ લિ. ની છેલ્લા બે વર્ષની રોજગારીની માહિતી નીચે મુજબ છે.

ભરૂચ જિલ્લામાં આવેલ

(૧) રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ.ભરૂચ

| સમયગાળો | સ્થાનિક રોજગારી | બિનસ્થાનિક રોજગારી |
|---|---|---|
| જૂન-૨૦૨૦ | ૧૨૮૪ | ૨૯૨ |
| ડિસેમ્બર-૨૦૨૦ | ૧૨૭૯ | ૨૯૬ |
| જૂન-૨૦૨૧ | ૧૨૬૧ | ૨૪૮ |
| ડિસેમ્બર-૨૦૨૧ | ૧૨૨૭ | ૨૧૨ |

સુરત જિલ્લામાં આવેલ

(૧) રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ.(પોલીએસ્ટર)

સુરત

| સમયગાળો | સ્થાનિક રોજગારી | બિનસ્થાનિક રોજગારી |
|---|---|---|
| જૂન-૨૦૨૦ | ૮૬૬ | ૫૪ |
| ડિસેમ્બર-૨૦૨૦ | ૯૨૦ | ૦ |
| જૂન-૨૦૨૧ | ૮૫૭ | ૫૨ |
| ડિસેમ્બર-૨૦૨૧ | ૮૩૪ | ૬૭ |

(૨) રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ. (પેટ્રોકેમિકલ્સ) સુરત

| સમયગાળો | સ્થાનિક રોજગારી | બિનસ્થાનિક રોજગારી |
|---|---|---|
| જૂન-૨૦૨૦ | -- | -- |
| ડિસેમ્બર-૨૦૨૦ | ૧૫૫૮ | ૦ |
| જૂન-૨૦૨૧ | ૧૫૩૯ | ૦ |
| ડિસેમ્બર-૨૦૨૧ | ૧૩૮૯ | ૮૭ |

(૨) ઉક્ત કંપની સ્થાનિકોને ૮૫ ટકા મુજબ રોજગારી પૂરી પાડતી ન હોઇ તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કંપની સામે શા પગલાં લીધાં ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ભાડભૂત પરિયોજનાની કામગીરી**

૪૩૩૨૯ **શ્રી ઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા) : **માનનીય કલ્પસર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કલ્પસર યોજના સંલગ્ન ભાડભૂત પરિયોજનાનું કામ ક્યારે ચાલુ કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત કામગીરી ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૩) ઉક્ત કામગીરી કેટલા ખર્ચે ક્યાં સુધીમાં પૂર્ણ કરવાની શરતે કઈ એજન્સીને કામગીરી આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ભાડભૂત પરિયોજનાનું કામ તા.૧૫-૧૦-૨૦૨૦ના રોજ ચાલુ કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત કામગીરી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પ્રગતિ હેઠળ છે.

(૩) ઉક્ત કામગીરી રૂ.૪૧૬૭.૬૯ કરોડના ખર્ચે ઓક્ટોબર-૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવાની શરતે મેસર્સ દિલીપ બિલ્ડકોન લિ.,- હિંદુસ્તાન કન્સ્ટ્રકશન લિ., (સંયુક્ત સાહસ), ભોપાલને કામગીરી સોંપવામાં આવેલ છે.

---------

**છોટાઉદેપુર જિલ્લામાં પ્રાથમિક શાળાઓને મુખ્ય રસ્તા સાથે જોડવા બાબત**

૪૨૭૬૨ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં પ્રાથમિક શાળાઓને મુખ્ય રસ્તા સાથે જોડવા માટેની કેટલી માંગણીઓ સરકારને ક્યારે મળી,

(૨) આવા રસ્તાઓ બનાવવા માટે કેટલો અંદાજ છે, અને

(૩) આવી પ્રાથમિક શાળાઓને ક્યારે મુખ્ય રસ્તા સાથે જોડવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨)

કુલ-૪ પ્રાથમિક શાળાઓને રૂ.૮૪૦ લાખના અંદાજીત ખર્ચે મુખ્ય રસ્તા સાથે જોડવાની ૬ માંગણીઓ મળી. (પરિશિષ્ટ મુજબ)

(૩) મંજૂર થયેલ ૨ પ્રાથમિક શાળાઓને મુખ્ય રસ્તાથી જોડવાનું કામ બનતી ત્વરાએ, બાકીની કામગીરી

તા. ૧૬મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

વનબંધુ કલ્યાણ યોજના-૨ હેઠળ વિચારણામાં લેવામાં આવશે.

**પરિશિષ્ટ**

| ક્રમ | રજૂઆત કરનાર / તારીખ | કામનું નામ | કરેલ દરખાસ્તની તારીખ |
|---|---|---|---|
| **પ્રથમ વર્ષ - તા.૦૧-૦૨-૨૦૨૦ થી તા.૩૧-૦૧-૨૦૨૧ સુધી** | | | |
| ૧ | પ્રમુખશ્રી ભા.જ.પા. છોટાઉદેપુર તા.૨૨-૧૦-૨૦૨૦ | આંત્રોલી ગામના મુખ્ય રસ્તા થી જમોરી ફળીયા (ખૂંદા પીપળા) પ્રાથમિક શાળા સુધી રોડ | તા.૨૩-૦૩-૨૦૨૧ |
| **બીજુ વર્ષ - તા.૦૧-૦૨-૨૦૨૧ થી તા.૩૧-૦૧-૨૦૨૨ સુધી** | | | |
| ૧ | લોકસંવાદ કાર્યક્રમ સરપંચશ્રી ગ્રામ પંચાયત તા.૦૪-૦૯-૨૦૨૧ | આંત્રોલી ગામના મુખ્ય રસ્તા થી જમોરી ફળીયા (ખૂંદા પીપળા) પ્રાથમિક શાળા સુધી રોડ | તા.૨૭-૦૯-૨૦૨૧ |
| ૨ | મોહનસિંહ રાઠવા ધારાસભ્યશ્રી છોટાઉદેપુર તા.૦૭-૧૨-૨૦૨૧ | આંત્રોલી ગામના મુખ્ય રસ્તા થી જમોરી ફળીયા (ખૂંદા પીપળા) પ્રાથમિક શાળા સુધી રોડ | તા.૦૩-૦૨-૨૦૨૨ |
| ૩ | અભેસિંહભાઇ તડવી ધારાસભ્યશ્રી સંખેડા તા.૧૫-૦૭-૨૦૨૧ | જેશીંગપુરા - નિશાળ ફળીયા રોડ | તા.૨૭-૦૯-૨૦૨૧ |
| ૪ | ભારતીય જનતા પાર્ટી છોટાઉદેપુર મહામંત્રી (શંકરભાઇ રાઠવા) તા.૧૩-૦૧-૨૦૨૧ | ખેડા ગામે પ્રાથમિક શાળા થી મેઇન રોડ ફરાસી થઇ વીરપુર ગામ તરફ જતો રસ્તો | તા.૧૩-૦૫-૨૦૨૧ |
| ૫ | સાંસદ સભ્યશ્રી ગીતાબેન રાઠવા તા.૨૫-૦૫-૨૦૨૧ | પોટિયા ગામ થી મેડીયાવાડ પ્રાથમિક શાળા ઝેર ગામ સુધી રોડ | તા.૨૭-૦૯-૨૦૨૧ |

- - - - - - - - -

**સુત્રાપાડા ખાતે જેટીની કામગીરી**

૪૩૩૫૬ **શ્રી ભગાભાઇ બારડ** (તાલાલા) : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા ખાતે ફીશરીઝ હાર્બર જેટીનું કામ કયા તબક્કે છે,

(૨) ઉક્ત કામગીરી ક્યાં સુધી કેટલા ખર્ચે પૂર્ણ કરવાની શરતે કઇ એજન્સીને સોંપવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત કામગીરી સમયસર પૂર્ણ થયેલ ન હોય તો તેના કારણો શા છે ?

**જવાબ**

(૧) ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા ખાતે મત્સ્ય બંદર વિકસાવવાની કામગીરી અન્વયે, તા.૦૮-૦૭-૨૦૨૧ના રોજ વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. સદર કામગીરી ગુજરાત મેરીટાઇમ બોર્ડને ડીપોઝીટરી વર્ક તરીકે સોંપવાનું નક્કી થયેલ હોઇ જરૂરી તમામ દસ્તાવેજો ગુજરાત મેરીટાઇમ બોર્ડને સોંપેલ છે. સદર પ્રોજેક્ટ માટે SEIAA, ગાંધીનગર પાસેથી પર્યાવરણીય મંજૂરી મેળવવા માટેની કામગીરી પ્રગતિ હેઠળ છે.

(૨) કોઇ એજન્સીને કામગીરી સોંપેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**વડોદરા જિલ્લામાં સ્થાનિકોને રોજગારી**

૪૩૩૮૨ **શ્રી પૂનમભાઇ પરમાર** (સોજીત્રા) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વડોદરા

**જવાબ**

(૧) શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧-૦૩-

જિલ્લામાં આવેલ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિ. માં છેલ્લા બે વર્ષમાં માસવાર કેટલા સ્થાનિકોને અને બિન સ્થાનિક શ્રમિકોને રોજગારી પૂરી પાડવામાં આવી, અને

૧૯૯૫ના ઠરાવની જોગાવાઈ અન્વયે દર છ માસે (જૂન અને ડિસેમ્બર અંતિત) મેનેજર/સુપરવાઈઝર અને કર્મચારી/કામદાર/કારીગર કક્ષાની રોજગારી અને તે પૈકી સ્થાનિક રોજગારીની વિગતો મેળવવામાં આવે છે.

તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં આવેલ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિ. માં છેલ્લા બે વર્ષની રોજગારીની માહિતી નીચે મુજબ છે.

(૧) રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિ., મેન્યુફેકચરિંગ ડિવિઝન, વડોદરાની રોજગારીની વિગત

| **સમયગાળો** | **સ્થાનિક રોજગારી** | **બિનસ્થાનિક રોજગારી** |
|---|---|---|
| જૂન-૨૦૨૦ | ૨૦૦૦ | ૩૧૦ |
| ડિસેમ્બર-૨૦૨૦ | ૧૯૧૩ | ૨૮૮ |
| જૂન-૨૦૨૧ | ૧૭૯૯ | ૨૬૯ |
| ડિસેમ્બર-૨૦૨૧ | ૧૭૩૪ | ૨૪૮ |

(૨) રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિ., કમ્પોઝીટ ડિવિઝન, મુ. પો. આસોજ, તા.વાઘોડિયા, જિ.વડોદરાની રોજગારીની વિગત

| **સમયગાળો** | **સ્થાનિક રોજગારી** | **બિનસ્થાનિક રોજગારી** |
|---|---|---|
| જૂન-૨૦૨૦ | ૫૯૫ | ૧૦૦ |
| ડિસેમ્બર-૨૦૨૦ | ૯૩૯ | ૧૫૯ |
| જૂન-૨૦૨૧ | ૧૦૫૬ | ૧૭૫ |
| ડિસેમ્બર-૨૦૨૧ | ૧૨૫૬ | ૨૧૧ |

(૨) ઉક્ત કંપની સ્થાનિકોને ૮૫ ટકા મુજબ રોજગારી પૂરી પાડતી ન હોઇ તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કંપની સામે શા પગલાં લીધાં ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**વલસાડ જિલ્લામાં મત્સ્યોદ્યોગ માટે માસ્ટર મેપીંગ**

૪૨૪૪૫ **શ્રી અરવિંદ પટેલ** (ધરમપુર) : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વલસાડ જિલ્લામાં પાણીમાં મત્સ્યોદ્યોગ માટે તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા હેક્ટરમાં માસ્ટર મેપીંગ કરવામાં આવેલ છે ?

**જવાબ**

| વલસાડ જિલ્લામાં પાણીમાં મત્સ્યોદ્યોગ માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચેની વિગતે માસ્ટર મેપીંગ કરવામાં આવેલ છે. | |
|---|---|
| તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ | ૦૦.૦૦ હેક્ટર |
| તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | ૧૨૭.૦૦ હેક્ટર |

---------

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ઔદ્યોગિક ભરતીમેળા**

૪૩૩૪૧ **શ્રી ચિરાગભાઇ કાલરીયા** (જામજોધપુર) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા)**જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

તા. ૧૬મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રોજગાર વિનિમય કચેરીવાર કેટલા ઔદ્યોગિક ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું,

(૧) યોજવામાં આવેલ ભરતીમેળા

| જામનગર | દેવભૂમિ દ્વારકા |
|---|---|
| ૧૧૪ | ૭૪ |

(૨) ઉક્ત જિલ્લાવાર તેમાં કેટલા બેરોજગારો હાજર રહ્યા, અને

(૨) હાજર રહેલ ઉમેદવારોની સંખ્યા

| જામનગર | દેવભૂમિ દ્વારકા |
|---|---|
| ૧૭૪૮૩ | ૧૧૧૪૯ |

(૩) આ ભરતીમેળામાં મુખ્યત્વે કેવા પ્રકારની રોજગારી આપી ?

(૩) આ ભરતીમેળામાં ખાનગીક્ષેત્રનાં એકમોમાં વિવિધ પ્રકારની રોજગારી આપવામાં આવી.

- - - - - - - - -

**કલ્પસર યોજનાની કામગીરી**

૪૩૩૮૫ **શ્રી કાન્તિભાઇ પરમાર** (ઠાસરા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં તા.૧૨-૦૭-૨૦૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૬૩૧૧ (અગ્રતા-૪૭)ના અનુસંધાને **માનનીય કલ્પસર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કલ્પસર યોજના શરૂ કરવા અગાઉ તા.૨૨-૦૧-૨૦૦૩ના રોજ સરકાર દ્વારા રૂ.૮૪ કરોડની વહીવટી મંજૂરી આપેલ હતી તે કામગીરી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કયા તબક્કે છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી પેટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) ઉક્ત યોજના ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) કલ્પસર યોજનાનો પૂર્ણ શક્યતાદર્શી અહેવાલ (ડી.પી.આર.) બનાવવાના તબક્કે છે.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી પેટે કુલ રૂ.૨૧૬.૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

(૩) કલ્પસર યોજનાનાં પૂર્ણ શક્યતાદર્શી અહેવાલ (ડી.પી.આર.) બનાવવાની કામગીરી પૂર્ણ થયા બાદ, રાજ્ય/કેન્દ્ર સરકારશ્રી પાસેથી મેળવવાની થતી યોજના સંબંધિત તમામ મંજૂરીઓ મળ્યેથી, આ યોજનાની કામગીરી શક્ય તેટલી વહેલી પૂર્ણ કરવાનું આયોજન છે.

- - - - - - - - -

**પાટણ અને મહેસાણા જિલ્લામાં ઔદ્યોગિક ભરતીમેળા**

૪૩૨૮૧ **શ્રી રઘુભાઇ દેસાઇ** (રાધનપુર) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી(રાજયકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ અને મહેસાણા જિલ્લામાં રોજગાર વિનિમય કચેરીવાર કેટલા ઔદ્યોગિક ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું,

(૨) ઉક્ત જિલ્લાવાર તેમાં કેટલા બેરોજગારો હાજર રહ્યા, અને

(૩) આ ભરતીમેળામાં મુખ્યત્વે કેવા પ્રકારની રોજગારી આપી ?

**જવાબ**

(૧) યોજવામાં આવેલ ભરતીમેળા

| પાટણ | મહેસાણા |
|---|---|
| ૬૨ | ૯૯ |

(૨) હાજર રહેલ ઉમેદવારોની સંખ્યા

| પાટણ | મહેસાણા |
|---|---|
| ૯૫૧૦ | ૧૮૩૮૭ |

(૩) આ ભરતીમેળામાં ખાનગીક્ષેત્રનાં એકમોમાં વિવિધ પ્રકારની રોજગારી આપવામાં આવી.

- - - - - - - - -

**સુરેન્દ્રનગર જિલ્લામાં બ્રિજની કામગીરીની મંજૂરી**

૪૨૫૩૧ **શ્રી પરસોત્તમ સાબરીયા** (ધ્રાંગધ્રા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના માલવણ-વાવડી-ઇસદ્રા રોડ પર કિ.મી. ૫/૨-૪ પાસે મેજર બ્રિજની કામગીરીની મંજૂરી મળેલ છે તે હકીકત સાચી છે કે કેમ,

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો હા, તો આ કામને કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે, અને — (૨) રૂ.૭૮૦.૦૦ લાખની.

(૩) આ કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે ? — (૩) નકશા અંદાજ તબક્કે.

---------

**ખેડા જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની જગ્યાઓ**

૪૨૫૦૯ **શ્રી કેસરીસિંહ સોલંકી** (માતર) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ખેડા જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૧) અને (૨)

| મંજૂર | ભરાયેલ | ખાલી |
|---|---|---|
| ૦૨ | ૦૧ | ૦૧ |

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? — (૩) આ ખાલી જગ્યા વિભાગના તા.૦૬-૦૧-૨૦૨૨ના હુકમથી ભરવામાં આવેલ છે.

---------

**નર્મદા જિલ્લામાં રસ્તો ચારમાર્ગીય કરવાની મંજૂરી**

૪૨૫૦૪ **શ્રી જીતેન્દ્ર સુખડીઆ** (સયાજીગંજ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં નાંદોદ-રસેલા-પોઇચા રોડ કિ.મી.૦/૦ થી ૧૩/૭૫ ને ચારમાર્ગીય કરવાની કામગીરીને મંજૂરી મળેલ છે કે કેમ, — (૧) હા, જી.

(૨) જો હા, તો આ કામને કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે, અને — (૨) રૂ.૭૫૫૦.૦૦ લાખ

(૩) કામ ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ? — (૩) પ્રગતિમાં.

---------

**નર્મદા અને નવસારી જિલ્લામાં ઔદ્યોગિક ભરતીમેળા**

૪૩૪૦૬ **શ્રી પ્રેમસિંહભાઈ વસાવા** (નાંદોદ) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી(રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા અને નવસારી જિલ્લામાં રોજગાર વિનિમય કચેરીવાર કેટલા ઔદ્યોગિક ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું,

(૧) યોજવામાં આવેલ ભરતીમેળા

| નર્મદા | નવસારી |
|---|---|
| ૯૩ | ૬૪ |

(૨) ઉક્ત જિલ્લાવાર તેમાં કેટલા બેરોજગારો હાજર રહ્યા, અને

(૨) હાજર રહેલ ઉમેદવારોની સંખ્યા

| નર્મદા | નવસારી |
|---|---|
| ૮૪૨૭ | ૫૨૨૨ |

(૩) આ ભરતીમેળામાં મુખ્યત્વે કેવા પ્રકારની રોજગારી આપી ? — (૩) આ ભરતીમેળામાં ખાનગીક્ષેત્રનાં એકમોમાં વિવિધ પ્રકારની રોજગારી આપવામાં આવી.

---------

**ઝાલોદ તાલુકામાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અન્વયે પુલ**

૪૩૩૯૪ **શ્રી ભાવેશભાઈ કટારા** (ઝાલોદ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઝાલોદ તાલુકાના ચિત્રોડીયા ગામે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અન્વયે કેટલા રસ્તા અને પુલની કામગીરી

(૧) ઝાલોદ તાલુકાના ચિત્રોડીયા ગામે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ મંજૂર થયેલ કામગીરી

| વર્ષ | મંજૂર કામગીરી | શરૂ ન થયેલ કામગીરી |
|---|---|---|

મંજૂર થયેલ છે,

| | રસ્તા | પુલ | રસ્તા | પુલ |
|---|---|---|---|---|
| ૧-૧-૨૦૨૦ થી ૩૧-૧૨-૨૦૨૦ | ૧ | ૧ | - | ૧ |
| ૧-૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | ૪ | ૧ | ૩ | ૧ |
| કુલ | ૫ | ૨ | ૩ | ૨ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી શરૂ થયેલ નથી તે હકીકત સાચી છે, અને

(૨) કુલ-૩ રસ્તાની તથા ૨ પુલની કામગીરી શરૂ થયેલ નથી.

(૩) જો હા તો, આ કામગીરી ક્યાં સુધીમાં શરૂ કરવામાં આવશે ?

(૩) ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી બનતી ત્વરાએ.

- - - - - - - - -

**રાજકોટ જિલ્લાના રોડને રિસરફેસિંગ**

૪૨૫૩૨ **શ્રી લાખાભાઈ સાગઠીયા** (રાજકોટ ગ્રામ્ય) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં અમરનગર-સુલતાનપુર-દેરડી-રાવણા-વાસાવડ રોડને રિસરફેસિંગ કરવાનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામને કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે, અને | (૨) રૂ.૮૫૦.૦૦ લાખ |
| (૩) આ કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે ? | (૩) નકશા અંદાજ તબક્કે. |

- - - - - - - - -

**અમરેલી જિલ્લામાં તાલુકા પંચાયતના નવીન મકાનો**

૪૨૫૨૫ **શ્રી જે.વી.કાકડિયા** (ધારી) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં કેટલી તાલુકા પંચાયતના નવીન મકાનો મંજૂર કરવામાં આવ્યા છે, અને | (૧) ૦૧ (એક). |
| (૨) તે માટે સરકાર દ્વારા કેટલું અનુદાન મંજૂર કરવામાં આવ્યું છે ? | (૨) રૂ.૨,૩૯,૯૦,૩૦૦/- |

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લામાં ચારમાર્ગીય રસ્તાની કામગીરી**

૪૩૨૭૩ **શ્રી કાંતિભાઈ ખરાડી** (દાંતા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમાં સત્રમાં તા.૦૧-૦૪-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૩૯૪૫૨ (અગ્રતા-૧૩૪)ના અનુસંધાને **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં (૧) રતનપુર-આંબાઘાટ-સતલાસણા, (૨) અંબાજી-દાંતા અને (૩) અંબાજી-ખોરજ (સાબરકાંઠા)ના ચારમાર્ગીય રસ્તાઓની કામગીરી અંતર્ગત કરવાના પુલોના કામમાં પુલમાં પાયાની ઉંડાઈ પુરતા પ્રમાણમાં ન કરાયાની રાજ્ય સરકારને મળેલ સાત ફરિયાદો અંગે તપાસની કાર્યવાહી પ્રગતિમાં હતી તે કાર્યવાહી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કયા તબક્કે છે, | (૧), (૨) અને (૩) ઉક્ત સ્થિતિએ તપાસની કામગીરી પ્રગતિમાં છે. |
| (૨) ઉક્ત તપાસની કાર્યવાહી પૂર્ણ થયેલ હોય તો તપાસમાં કેવા પ્રકારની ગેરરીતિ કે ખામીઓ સામે આવી, અને | |

(૩) તે અન્વયે જવાબદારો/કસૂરવાર સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

- - - - - - - - -

**અમદાવાદ અને સુરત શહેરમાં ઔદ્યોગિક એકમોમાં આગ**

૪૩૩૨૦ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને સુરત શહેર/જિલ્લામાં કેટલા ઔદ્યોગિક એકમોમાં આગ લાગવા/બ્લાસ્ટ થવાની ઘટનાઓ બની,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર, શહેર/જિલ્લાવાર કેટલા મૃત્યુ નોંધાયા અને કેટલા ઈજાગ્રસ્ત થયા, અને

(૩) મૃતકના વારસદારો અને ઈજાગ્રસ્તોને કેટલી રકમની સહાય ઉક્ત સ્થિતિએ ક્યારે ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧)

| **શહેર/જિલ્લો** | **વર્ષ** | **ઔદ્યોગિક એકમો** |
|---|---|---|
| અમદાવાદ શહેર/જિલ્લો | ૨૦૨૦ | ૧૧ |
| | ૨૦૨૧ | ૧૬ |
| સુરત શહેર/જિલ્લો | ૨૦૨૦ | ૧૯ |
| | ૨૦૨૧ | ૩૩ |

(૨)

| **શહેર/જિલ્લો** | **વર્ષ** | **મૃત્યુ** | **ઈજાગ્રસ્ત** |
|---|---|---|---|
| અમદાવાદ શહેર/જિલ્લો | ૨૦૨૦ | ૧૩ | ૦૨ |
| | ૨૦૨૧ | ૦૬ | ૦૩ |
| સુરત શહેર/જિલ્લો | ૨૦૨૦ | ૦૮ | ૦૦ |
| | ૨૦૨૧ | ૦૯ | ૦૫ |

(૩) અકસ્માતના કિસ્સામાં મૃત્યુ પામનાર શ્રમિકોના વારસદારોને વળતર ચૂકવવા જ્યાં E S I C A C T 1948ની જોગવાઈઓ લાગુ પડતી હોય ત્યાં E S I C A C T 1948 હેઠળ વળતર ચૂકવવામાં આવે છે અથવા જ્યાં E S I C A C T નોટીફાઈડ એરીયા ન હોય ત્યાં કામદાર વળતર અધિનિયમ ૧૯૨૩ હેઠળ વર્કમેન કમ્પેન્સેશન ઓથોરિટી નામદાર લેબર કોર્ટ દ્વારા વળતર ચૂકવવામાં આવે છે.

- - - - - - - - -

**ફાગવેલ યાત્રાધામના વિકાસ માટે રકમ ફાળવણી**

૪૩૩૯૧ **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ખેડા જિલ્લાના કઠલાલ તાલુકામાં ફાગવેલ ખાતે આવેલ પ્રખ્યાત યાત્રાધામના વિકાસ માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમની ફાળવણી કરવામાં આવી,

(૨) તે પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમનો કયા હેતુસર ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩)કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈ રકમની ફાળવણી કરવામાં આવેલ નથી.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**કલોલ ખાતે સર્વિસ રોડનું સમારકામ**

૪૩૩૦૬ **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે

**જવાબ**

(૧) ૦૨ (બે)

વર્ષમાં અમદાવાદ-મહેસાણા ટોલ રોડ પર કલોલ ખાતે ડો.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાથી સિંદબાદ હોટલ તરફના રસ્તાની બંને સાઇડના સર્વિસ રોડ ઉપર આવેલ ભયજનક ખાડાઓ અને ડામર સપાટી ઉખડી જવા બાબતની કેટલી ફરિયાદો સરકારને મળેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ મળેલ ફરિયાદો અંગે સરકારે શાં પગલા ભર્યા ?

(૨) સરકાર કક્ષાએ આ રોડના કન્સેશનરને ફરિયાદ બાબતે જાણ કરતા કન્સેશનર દ્વારા આ રસ્તાના સર્વિસ રોડની મરામતની કામગીરી ઓક્ટોબર-૨૦૨૧માં પૂર્ણ કરેલ છે.

- - - - - - - - -

**ડાંગ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની મંજૂર જગ્યાઓ**

૪૨૫૨૧ **શ્રી વિજયભાઈ પટેલ** (ડાંગ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨)

| મંજૂર | ભરાયેલ | ખાલી |
|---|---|---|
| ૦૨ | ૦૨ | ૦ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**પંચમહાલ જિલ્લામાં કિસાન કલ્પવૃક્ષ યોજના**

૪૨૪૭૭ **શ્રી સી.કે.રાઉલજી** (ગોધરા) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લાની ઘોઘંબા બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી છે ?

**જવાબ**

(૧) રૂ.૩૬.૦૫/- લાખ.

(૨) રૂ.૩૬.૦૫/- લાખ.

- - - - - - - - -

**ખેડા અને આણંદ જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો**

૪૨૪૮૬ **શ્રી ઈન્દ્રજિતસિંહ પરમાર** (મહુધા) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૦૧-૦૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રોજગાર કચેરી ખેડા અને આણંદ જિલ્લામાં કેટલા બેરોજગારોની નોંધણી થઈ, અને

**જવાબ**

(૧)

| જિલ્લાનું નામ | તા.૦૧-૦૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં થયેલ નોંધણી |
|---|---|
| ખેડા | ૧૬૧૧૫ |
| આણંદ | ૨૧૩૧૬ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તે પૈકી કેટલા બેરોજગારોને રોજગાર કચેરી દ્વારા સરકારી નોકરી અને ખાનગી કંપનીમાં રોજગારી આપવામાં આવી ?

(૨) તા.૦૧-૦૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રોજગાર વિનિમય કચેરી, ખેડા અને આણંદ મારફત આપવામાં આવેલ સરકારી અને ખાનગી રોજગારી

| જિલ્લાનું નામ | સરકારી | ખાનગી |
|---|---|---|
| ખેડા | ૦ | ૫૧૭૧ |
| આણંદ | ૦ | ૪૯૬૧ |

સરકારી નોકરીની વિગતમાં રોજગાર કચેરી મારફત થયેલ ભરતીના આંકડા છે. અન્ય સરકારી ભરતીનો તેમાં સમાવેશ થતો નથી.

---------

**ભાવનગર અને અમરેલી જિલ્લામાં ઔદ્યોગિક ભરતીમેળા**

૪૩૩૭૧ **શ્રી કનુભાઈ બારૈયા** (તળાજા) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી(રાજયકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર અને અમરેલી જિલ્લામાં રોજગાર વિનિમય કચેરીવાર કેટલા ઔદ્યોગિક ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું,

(૨) ઉક્ત જિલ્લાવાર તેમાં કેટલા બેરોજગારો હાજર રહ્યા, અને

(૩) આ ભરતીમેળામાં મુખ્યત્વે કેવા પ્રકારની રોજગારી આપી ?

**જવાબ**

(૧) યોજવામાં આવેલ ભરતીમેળા

| ભાવનગર | અમરેલી |
|---|---|
| ૧૦૯ | ૮૭ |

(૨) હાજર રહેલ ઉમેદવારોની સંખ્યા

| ભાવનગર | અમરેલી |
|---|---|
| ૧૨૫૦૧ | ૧૦૩૨૯ |

(૩) આ ભરતીમેળામાં ખાનગીક્ષેત્રનાં એકમોમાં વિવિધ પ્રકારની રોજગારી આપવામાં આવી.

---------

**આણંદ જિલ્લામાં રોડનું પેવરકામ**

૪૩૩૭૫ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના ભાદરણ-સીસ્વા-દહેવાણ રોડનું પેવરકામ કરવા માટે કઈ એજન્સીને ક્યારે વર્ક ઓર્ડર આપવામાં આવેલ,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત રસ્તાનું કામ તદ્દન હલકી ગુણવત્તાવાળું થયું હોવા અંગેની કેટલી ફરિયાદો મળેલ છે, અને

(૩) મળેલ ફરિયાદ અન્વયે એજન્સી સામે શા પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) ઉક્ત સ્થિતિએ નીચે મુજબની એજન્સીને નીચે દર્શાવેલ તારીખે વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે.

| વર્ષ | એજન્સી | વર્ક ઓર્ડર આપ્યા તારીખ |
|---|---|---|
| ૨૦૧૬-૧૭ | સરસ્વતી બિલ્ડકોન, મહેસાણા | તા.૦૬-૦૨-૨૦૧૭ |
| ૨૦૧૯-૨૦ | ગીરીશ જે. પટેલ, વિદ્યાનગર | તા.૧૭-૧૨-૨૦૧૯ |

(૨) ૩ (ત્રણ) ફરિયાદ મળેલ છે.

(૩) ઈજારદારશ્રી પાસે ખરાબ થયેલ સપાટીમાં તેઓના ખર્ચે ડામર કામ કરાવેલ છે.

---------

**રાજ્યમાં કામદારોના કલ્યાણ માટેની સેસની જમા રકમ**

૪૩૩૩૬ **શ્રી લલિત વસોયા** (ધોરાજી) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

તા. ૧૬મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રક્શન સેસ એક્ટ હેઠળ કામદારોના કલ્યાણ માટેની સેસની કુલ કેટલી રકમ જમા થઇ છે, | (૧) ૩૮૫૨.૭૮ કરોડ. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આ રકમમાંથી કેટલો ખર્ચ કઇ યોજનાઓ પાછળ કરવામાં આવ્યો, અને | (૨) પરિશિષ્ટ-૧ મુજબ. |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી રકમ બચત છે ? | (૩) રૂ.૧૫૭૫.૨૨ કરોડ. |

**પરિશિષ્ટ-૧**

**યોજનાકીય ખર્ચ** **(રકમ રૂ. લાખમાં)**

| ક્રમ | યોજનાનું નામ | તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ | તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ |
|---|---|---|---|
| ૧ | શ્રમિક અન્નપૂર્ણા યોજના | ૪૭૮.૫૩ | ૧૯૧.૧૪ |
| ૨ | કૌશલ્યવર્ધન તાલીમ યોજના | ૦.૫૧ | ૦.૦૦ |
| ૩ | વ્યવસાયિક રોગોમાં સારવાર યોજના | ૪.૬૩ | ૨.૯૪ |
| ૪ | ધન્વન્તરી આરોગ્ય રથ યોજના | ૫૨૦.૧૮ | ૭૨૧.૯૧ |
| ૫ | સ્થળાંતરિત શ્રમિકોના બાળકો માટેની હોસ્ટેલ સહાય યોજના (નવી) | ૮૪૯.૦૦ | ૦.૦૦ |
| ૬ | બાંધકામ શ્રમિકોના બાળકો માટેની હોસ્ટેલ સુવિધા યોજના જૂની | ૨.૬૪ | ૦.૦૦ |
| ૭ | તબીબી સહાય યોજના | ૧.૦૦ | ૦.૦૦ |
| ૮ | પ્રસૂતિ સહાય યોજના | ૩૪.૦૫ | ૧૫૧.૧૫ |
| ૯ | ભાગ્યલક્ષ્મી બોન્ડ યોજના | ૩૨.૩૦ | ૪૯.૮૦ |
| ૧૦ | શિક્ષણ સહાય યોજના | ૨૦૩૭.૨૩ | ૧૧૩૬.૯૩ |
| ૧૧ | આકસ્મિક મૃત્યુ સહાય યોજના | ૮૪.૦૦ | ૧૯૮.૦૦ |
| ૧૨ | અંત્યેષ્ઠી સહાય યોજના | ૪.૦૧ | ૧૩.૨૩ |
| ૧૩ | કોરોના કવચ | ૫૨૦૦.૦૦ | ૦.૦૦ |
| ૧૪ | શ્રમિક પરિવહન યોજના | ૦.૦૦ | ૨૭.૨૫ |
| ૧૫ | સ્માર્ટ કાર્ડ / ઓળખ કાર્ડ | ૨૦.૩૫ | ૧૯.૫૬ |
| ૧૬ | કાયમી અશક્તતા સહાય | ૩.૦૦ | ૦.૦૦ |
| ૧૭ | માહિતી શિક્ષણ અને પ્રસારણ પ્રોગ્રામ | ૦.૧૭ | ૨૧.૦૯ |
| ૧૮ | PMJJBYનું PMSBYમાં રૂપાંતર (PMJJBY+ PMSBY) | ૦.૩૨ | ૦.૦૦ |
| ૧૯ | EMD પરત | ૦.૦૫ | ૨૧૭.૦૫ |
| ૨૦ | TDS | ૧૦.૩૭ | ૬.૫૧ |
| ૨૧ | GST | ૧૪.૩૦ | ૮.૮૨ |
| | **કુલ** | **૯૨૯૬.૬૪** | **૨૭૬૫.૩૮** |

**વહીવટી ખર્ચ + યોજનાકીય ખર્ચ + મુખ્યમંત્રી ગરીબ કલ્યાણ પેકેજ**

| ક્રમ | યોજનાનું નામ | તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ | તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ |
|---|---|---|---|
| ૧ | વહીવટી / મહેકમ ખર્ચ | ૩૫૫.૧૬ | ૩૫૯.૬૮ |
| ૨ | યોજનાકીય ખર્ચ | ૯૨૯૬.૬૪ | ૨૭૬૫.૩૮ |
| ૩ | મુખ્યમંત્રી ગરીબ કલ્યાણ પેકેજ | ૨૫૦૦૦.૦૦ | ૦.૦૦ |
| ૪ | આત્મનિર્ભર સહાય યોજના | ૦.૦૦ | ૨૫૦૦.૦૦ |

| ક્રમ | યોજનાનું નામ | તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ | તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ |
|---|---|---|---|
| ૫ | અન્ય ખર્ચ | ૦.૦૦ | ૨.૭૫ |
| | **કુલ** | **૩૪૬૫૧.૮૦** | **૫૬૨૭.૮૧** |
| | **કુલ રકમ રૂ. (લાખમાં)** | **૪૦૨૭૯.૬૧** | |

- - - - - - - - -

**રાજકોટ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની મંજૂર જગ્યાઓ**

૪૨૫૨૩ **શ્રી ગોવિંદભાઇ પટેલ** (રાજકોટ દક્ષિણ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨)

| મંજૂર | ભરાયેલ | ખાલી |
|---|---|---|
| ૧૧ | ૧૧ | ૦ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**કલ્પસર યોજનાની કામગીરી**

૪૩૪૧૬ **શ્રી પુનાભાઇ ગામીત** (વ્યારા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં તા.૧૨-૦૭-૨૦૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૬૩૧૧ (અગ્રતા-૪૭)ના અનુસંધાને **માનનીય કલ્પસર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કલ્પસર યોજના શરૂ કરવા અગાઉ તા.૨૨-૦૧-૨૦૦૩ના રોજ સરકાર દ્વારા રૂ.૮૪ કરોડની વહીવટી મંજૂરી આપેલ હતી તે કામગીરી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કયા તબક્કે છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી પેટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) ઉક્ત યોજના ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) કલ્પસર યોજનાનો પૂર્ણ શક્યતાદર્શી અહેવાલ (ડી.પી.આર) બનાવવાના તબક્કે છે.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી પેટે કુલ રૂ.૨૧૬.૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

(૩) કલ્પસર યોજનાનાં પૂર્ણ શક્યતાદર્શી અહેવાલ (ડી.પી.આર) બનાવવાની કામગીરી પૂર્ણ થયા બાદ, રાજ્ય/કેન્દ્ર સરકારશ્રી પાસેથી મેળવવાની થતી યોજના સંબંધિત તમામ મંજૂરીઓ મળ્યેથી, આ યોજનાની કામગીરી શક્ય તેટલી વહેલી પૂર્ણ કરવાનું આયોજન છે.

- - - - - - - - -

**અમદાવાદ જિલ્લામાં રસ્તાઓના સમારકામ**

૪૩૩૦૯ **શ્રી લાખાભાઈ ભરવાડ** (વિરમગામ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લાના વિરમગામ, દેત્રોજ અને માંડલ તાલુકાના ભારે વરસાદથી ધોવાણ થયેલ કેટલા રસ્તાઓના સમારકામ કરવાના કયા કારણોસર બાકી છે, અને

(૨) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) ઉક્ત સ્થિતિએ ભારે વરસાદથી ધોવાણ થયેલ કોઈ રસ્તાનું સમારકામ કરવાનું બાકી ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

તા. ૧૬મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

### સુરેન્દ્રનગર અને છોટાઉદેપુર જિલ્લામાં ઔદ્યોગિક ભરતીમેળા

૪૩૩૨૭ **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી(રાજયકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર અને છોટાઉદેપુર જિલ્લામાં રોજગાર વિનિમય કચેરીવાર કેટલા ઔદ્યોગિક ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું,

(૨) ઉક્ત જિલ્લાવાર તેમાં કેટલા બેરોજગારો હાજર રહ્યા, અને

(૩) આ ભરતીમેળામાં મુખ્યત્વે કેવા પ્રકારની રોજગારી આપી ?

**જવાબ**

(૧) યોજવામાં આવેલ ભરતીમેળા

| સુરેન્દ્રનગર | છોટાઉદેપુર |
|---|---|
| ૯૮ | ૧૪૫ |

(૨) હાજર રહેલ ઉમેદવારોની સંખ્યા

| સુરેન્દ્રનગર | છોટાઉદેપુર |
|---|---|
| ૨૩૬૫૬ | ૧૨૯૮૪ |

(૩) આ ભરતીમેળામાં ખાનગીક્ષેત્રના એકમોમાં વિવિધ પ્રકારની રોજગારી આપવામાં આવી.

- - - - - - - - -

### મહેસાણા જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની મંજૂર જગ્યાઓ

૪૨૫૨૨ **શ્રી રમણભાઇ પટેલ** (વિજાપુર) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨)

| મંજૂર | ભરાયેલ | ખાલી |
|---|---|---|
| ૧૦ | ૧૦ | ૦ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

### ભરૂચ જિલ્લામાં રોડને પહોળો કરવાની મંજૂરી

૪૨૫૩૪ **શ્રી અરૂણસિંહ રણા** (વાગરા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લાના દઢાલ-ધારોલી એપ્રોચ રોડ કિ.મી. ૦/૦ થી ૧૧/૦૦ ને પહોળો કરવાની કામગીરીને મંજૂરી મળેલ છે કે કેમ,

(૨) જો હા, તો આ કામને કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે, અને

(૩) આ કામ ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રૂ.૧૪૨૦.૦૦ લાખ.

(૩) પ્રગતિમાં.

- - - - - - - - -

### કલ્પસર યોજના પાછળ ખર્ચ

૪૩૩૧૮ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : **માનનીય કલ્પસર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કલ્પસર યોજના ક્યારે મંજૂર કરવામાં આવેલ,

(૨) ઉક્ત સ્થિતિએ કલ્પસર યોજનાની કાર્યવાહી ક્યા તબક્કે છે, અને

(૩) ઉક્ત યોજના પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કલ્પસર યોજનાનો શક્યતાદર્શી અહેવાલ તૈયાર કરવા માટેના જરૂરી અભ્યાસોની કામગીરી માટે તા.૨૨-૦૧-૨૦03 થી સરકારશ્રીએ મંજૂરી આપેલી હતી.

(૨) આ યોજના પૂર્ણ શક્યતાદર્શી અહેવાલ (ડી.પી.આર) બનાવવાના તબક્કે છે.

(૩) આ યોજના પાછળ ઉક્ત સ્થિતિએ કુલ ૨૧૬.૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

ફાલ્ગુન ૨૫, ૧૯૪૩ શાકે

અતારાંકિત પ્રશ્નો

- - - - - - - - -

**ગુજકોમાસોલ દ્વારા ગાંધીનગર જી.આઇ.ડી.સી. માં પ્લોટ ખરીદીની ફરિયાદ**

૪૩૨૮૫ **ડૉ.કીરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ માર્કેટીંગ ફેડરેશન લિમિટેડ (ગુજકોમાસોલ) દ્વારા ગાંધીનગર ખાતે આવેલ જી.આઇ.ડી.સી.માં મકાન કે પ્લોટ ખરીદી હોવા અંગેની કેટલી ફરિયાદો છેલ્લા બે વર્ષમાં પ્રભાગને મળી, અને | (૧) શૂન્ય. |
| (૨) મળેલ ફરિયાદો અન્વયે શા પગલા લેવામાં આવ્યા ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**અમદાવાદ અને બોટાદ જિલ્લામાં ઔદ્યોગિક ભરતીમેળા**

૪૩૩૧૩ **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા)**જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને બોટાદ જિલ્લામાં રોજગાર વિનિમય કચેરીવાર કેટલા ઔદ્યોગિક ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું,

(૨) ઉક્ત જિલ્લાવાર તેમાં કેટલા બેરોજગારો હાજર રહ્યા, અને

(૩) આ ભરતીમેળામાં મુખ્યત્વે કેવા પ્રકારની રોજગારી આપી ?

**જવાબ**

(૧) યોજવામાં આવેલ ભરતીમેળા

| અમદાવાદ | બોટાદ |
|---|---|
| ૧૪૭ | ૭૮ |

(૨) હાજર રહેલ ઉમેદવારોની સંખ્યા

| અમદાવાદ | બોટાદ |
|---|---|
| ૫૩૭૭૨ | ૯૦૭૪ |

(૩) આ ભરતીમેળામાં ખાનગીક્ષેત્રનાં એકમોમાં વિવિધ પ્રકારની રોજગારી આપવામાં આવી.

- - - - - - - - -

**કચ્છ જિલ્લામાં સ્થાનિકોને રોજગારી અંગે તપાસ**

૪૩૨૬૯ **શ્રી ગુલાબસિંહ રાજપૂત** (થરાદ) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં અદાણી ગ્રૂપની કંપનીઓમાં સ્થાનિકોને ૮૫ ટકા રોજગારી પૂરી પાડવામાં આવે છે કે કેમ તે અંગે છેલ્લા બે વર્ષમાં ક્યારે તપાસ કરવામાં આવી,

(૨) ઉક્ત તપાસ દરમ્યાન અદાણી ગ્રૂપની કઇ કંપનીઓમાં સ્થાનિકોને ૮૫ ટકા મુજબ રોજગારી પૂરી પાડવામાં આવતી નથી, અને

(૩)સ્થાનિકોને રોજગારી પૂરી પાડવાનું ઉલ્લંઘન કરવા સબબ ઉક્ત પૈકી કઇ કંપની સામે શા પગલા લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧-૦૩-૧૯૯૫ના ઠરાવમાં સ્થાનિકોને ૮૫ ટકા રોજગારી પૂરી પાડવા અંગે તપાસ કરવાની જોગવાઇ નથી, ફક્ત દર છ માસે

(જૂન અંતિત અને ડિસેમ્બર અંતિત) સ્થાનિક રોજગારીની માહિતી એકત્ર કરવામાં આવે છે.

(૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અદાણી પાવર લિ.,મુ. ટુંડા, તા.મુન્દ્રામાં સ્થાનિકોની નિયત ટકાવારી જળવાતી નથી.

(૩)

- નિયત ટકાવારી જાળવવા અંગે પત્રો પાઠવેલ છે અને નાયબ નિયામક (રોજગાર), રાજકોટ દ્વારા બેઠક યોજી વિસ્તૃત સમજ આપવામાં આવેલ છે.
- રોજગાર કચેરી દ્વારા જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર તથા વેરા

કચેરીને અને રોજગાર અને તાલીમ નિયામકની કચેરી દ્વારા ઉદ્યોગ કમિશનરશ્રીને ઉક્ત એકમ દ્વારા નિયત ટકાવારી જાળવવામાં આવેલ નથી તે અંગેની જાણ કરવામાં આવેલ છે.

- રોજગાર ભરતીમેળા (જોબફેર)નું આયોજન કરી સ્થાનિક ઉમેદવારોને રોજગારી મળી રહે તેવા પ્રયત્નો કરવામાં આવે છે.

- - - - - - - - -

**કલ્પસર યોજનાનો પૂર્ણ શક્યતાદર્શી અહેવાલ**

૪૩૨૯૫ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૧-૦૪-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૯૫૬૯ (અગ્રતા-૪૬)ના અનુસંધાને **માનનીય કલ્પસર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કલ્પસર યોજનાનો પૂર્ણ શક્યતાદર્શી અહેવાલ (ડી.પી.આર.) તૈયાર કરવાની કામગીરી પ્રગતિ હેઠળ હતી તે કામગીરી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, | (૧) કલ્પસર યોજનાનો પૂર્ણ શક્યતાદર્શી અહેવાલ (ડી.પી.આર.) તૈયાર કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. |
| (૨) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ થનાર છે, અને | (૨) ઉક્ત કામગીરી ડિસેમ્બર-૨૦૨૨ અંતિત પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી પાછળ કેટલી રકમનો કુલ ખર્ચ થયેલ છે ? | (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી પાછળ કુલ ૩.૨૧૬.૫૦ કરોડનો ખર્ચ થયેલ છે. |

- - - - - - - - -

**ગીર સોમનાથ જિલ્લામાં સ્થાનિકોને રોજગારી**

૪૩૩૬૦ **શ્રી મોહનલાલ વાળા** (કોડીનાર) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ઔદ્યોગિક એકમો દ્વારા સ્થાનિકોને રોજગારી આપવા અંગે સરકાર દ્વારા કોઇ જોગવાઇ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની અમલવારીની જવાબદારી ગીર સોમનાથ જિલ્લામાં કોને સોંપાઇ છે, | (૨) ગીર સોમનાથ જિલ્લામાં સ્થાનિકોને રોજગારી આપવાની અમલવારીની જવાબદારી પ્રોત્સાહિત એકમો માટે ઉદ્યોગ કમિશનરની કચેરી દ્વારા સંચાલિત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, ગીર સોમનાથને અને તે સિવાયના એકમો માટે રોજગાર અને તાલીમ ખાતા દ્વારા સંચાલિત રોજગાર કચેરી, ગીર સોમનાથને સોંપાઇ છે. |
| (૩) ઉક્ત જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ક્યા ઔદ્યોગિક એકમોએ તે અન્વયે સ્થાનિકોને ઉક્ત જોગવાઇ મુજબ રોજગારી આપેલ નથી, અને | (૩) શૂન્ય. |
| (૪) આવા એકમો સામે શા પગલા લીધાં ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**બાબાઘોડા દેવ યાત્રાધામમાં રેનબસેરા, રસ્તા તથા ગેટની કામગીરી**

૪૩૪૦૧ **શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા** (ગરબાડા) : **માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ દાહોદ | (૧) કોઇ કામ મંજૂર કરવામાં આવેલ નથી. |

જિલ્લાના ગરબાડા તાલુકાના પાટાડુંગરી ગામે બાબાઘોડા દેવ કે જે આદિવાસી આસ્થાનું મોટું યાત્રાધામ છે, ત્યાં રેનબસેરા, રસ્તા તથા ગેટ બનાવવાનું કામ ક્યારે મંજૂર કરવામાં આવેલ,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી ક્યા તબક્કે છે, અને

(૩) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**રાજ્યમાં નોંધાયેલા બાંધકામ શ્રમિકો**

૪૩૩૬૨ **શ્રી પુંજાભાઇ વંશ** (ઉના) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં કેટલા બાંધકામ શ્રમિકો નોંધાયેલા છે, અને | (૧) ૭૨૩૨૧૦ |
| (૨) ઉક્ત નોંધાયેલ બાંધકામ શ્રમિકોને સરકાર દ્વારા કઇ યોજના હેઠળ કેવા પ્રકારની સહાય / લાભો આપવામાં આવે છે ? | (૨) પરિશિષ્ટ-૧ મુજબ. |

**પરિશિષ્ટ-૧**

**ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડમાં નોંધણીના લાભ**

| ક્રમ | યોજનાનું નામ | વિગત |
|---|---|---|
| ૧ | શ્રમિક અન્નપૂર્ણા યોજના | નોંધાયેલા બાંધકામ શ્રમિક અને તેના પરિવારના અન્ય ચાર સભ્ય એમ કુલ પાંચ વ્યક્તિની મર્યાદામાં રાહતદરે માત્ર રૂ. ૧૦/- માં સાત્વિક અને પોષણયુકત ભોજન. |
| ૨ | શિક્ષણ સહાય યોજના | નોંધાયેલા શ્રમિકોના બે બાળકોને ધોરણ- ૧ થી માસ્ટર ડીગ્રી તથા પી.એચ.ડી સુધીના અભ્યાસક્રમો માટે શિક્ષણ સહાય યોજના હેઠળ કુલ રૂપિયા ૫૦૦ થી ૪૦,૦૦૦/- સુધીની વર્ષમાં એક વાર શિક્ષણ સહાય (પુસ્તક સહાય / હોસ્ટેલ સહાય). |
| ૩ | પ્રસૂતિ સહાય યોજના | બાંધકામ શ્રમિકની પત્નીને પ્રથમ બે પ્રસૂતિ માટે રૂપિયા ૫૦૦૦/- ની આર્થિક સહાય નોંધાયેલા મહિલા બાંધકામ શ્રમિકને પ્રથમ બે પ્રસૂતિ માટે પ્રસૂતિ થયા પહેલા રૂ.૧૨,૫૦૦/- તથા પ્રસૂતિ બાદ રૂ.૧૫,૦૦૦/- આમ કુલ રૂ.૨૭,૫૦૦/- ની આર્થિક સહાય. |
| ૪ | મુખ્યમંત્રી ભાગ્યલક્ષ્મી બોન્ડ યોજના | મુખ્યમંત્રી ભાગ્યલક્ષ્મી બોન્ડ યોજના અંતર્ગત નોંધાયેલા બાંધકામ શ્રમિકને બે પ્રસૂતિની મર્યાદામાં દિકરીનો જન્મ થાય ત્યારે એક દીકરીને રૂ.૧૦,૦૦૦/- ના ૧૮ વર્ષની મુદત માટેના બોન્ડ આપવામાં આવે છે . |
| ૫ | મેડિકલ હેલ્થ યુનિટ (ધન્વન્તરી આરોગ્ય રથ) | કુલ ૫૪ ધન્વન્તરી આરોગ્ય રથ દ્વારા ૩૧ જિલ્લાઓમાં વિવિધ બાંધકામ સાઇટો તથા શ્રમિક વસાહતો પર વિનામૂલ્યે પ્રાથમિક તબીબી સારવાર. |
| ૬ | વ્યવસાયિક રોગોમાં સહાય યોજના | નોંધાયેલા બાંધકામ શ્રમિકને વ્યવસાયના કારણે થતા ૧૫ પ્રકારના રોગો અને ૨૩ પ્રકારની ઈજાઓમાં મફત તબીબી સારવાર આપવામાં આવે છે. ૯૦ ટકાથી ઓછી અશક્તતાના કિસ્સામાં મફત તબીબી સારવાર તથા માસિક રૂ. ૧૫૦૦/-ની સહાય તથા ૯૦ થી ૧૦૦ ટકા સુધીની અશક્તતાના કિસ્સામાં મફત તબીબી સારવાર તથા માસિક રૂ.૩૦૦૦/-ની સહાય, મહત્તમ રૂ.૩.૦ લાખની મર્યાદામાં. |
| ૭ | આકસ્મિક મૃત્યુ સહાય યોજના | નોંધાયેલા / વણ નોંધાયેલા બાંધકામ શ્રમિકનું બાંધકામ સાઈટ પર ચાલુ કામે અકસ્માતે અવસાન થાય તથા કાયમી અશક્તતાના કિસ્સામાં તેમના વારસદારને આકસ્મિક મૃત્યુ / કાયમી અશક્તતા સહાય રૂ.૩,૦૦,૦૦૦/- ની સહાય. |

| | | |
|---|---|---|
| ૮ | અંત્યેષ્ઠિ સહાય યોજના | ચાલુ નોંધણીના સમય દરમ્યાન મૃત્યુ પામે તો અંત્યેષ્ઠી સહાય યોજના હેઠળ રૂ. ૭,૦૦૦/- ની સહાય મૃતકની અંતિમ ક્રિયા માટે તેમના વારસદારોને આપવામાં આવે છે. |
| ૯ | શ્રી નાનાજી દેશમુખ આવાસ યોજના | શહેરી વિસ્તારોમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા/શહેરી વિકાસ સત્તા મંડળ તથા ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા મુખ્યમંત્રી આવાસ યોજના/પ્રધાનમંત્રી આવાસ યોજના અન્વયે EWS/LIG/MIG આવાસોમાં રાજ્ય સરકાર/કેન્દ્ર સરકારની મળવાપાત્ર સહાય/ફાળા ઉપરાંત શ્રી નાનાજી દેશમુખ આવાસ યોજના હેઠળ રૂ.૧,૬૦,૦૦૦/- ની સહાય બાંધકામ બોર્ડની વધારાની સહાય નોંધાયેલ બાંધકામ શ્રમિક વતી મકાન ફાળવણી કરનાર જે તે સત્તામંડળને હવાલે આપવામાં આવે છે. |
| ૧૦ | સ્થળાંતરિત થતા બાંધકામ શ્રમિકોના બાળકો માટેની હોસ્ટેલ | ટ્રાયબલ જિલ્લામાં સ્થળાંતરિત થતા બાંધકામ શ્રમયોગીના બાળકોને વતનમાં જ શિક્ષણ સુવિધા મળી શકે તે માટે જે - તે શાળામાં જ જરૂરી વ્યવસ્થા કરીને બાળકો અભ્યાસ કરી શકે તે માટે હોસ્ટેલ સુવિધા પૂરી પાડવામાં આવે છે . |
| ૧૧ | શ્રમિક પરિવહન યોજના | નોંધાયેલા બાંધકામ શ્રમિકને મુસાફરી ખર્ચ પેટે રાહત દરનો પાસ પૂરો પાડવા માટે અમદાવાદ, સુરત, રાજકોટ તથા વડોદરા જિલ્લામાં શ્રમિક પરિવહન યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. જેનો ૮૦ % ખર્ચ બોર્ડ દ્વારા તથા ૨૦ % ખર્ચ લાભાર્થી દ્વારા ચૂકવવાનો રહે છે. |
| ૧૨ | હાઉસિંગ સબસિડી યોજના | બે વર્ષથી નોંધાયેલા બાંધકામ શ્રમિકોએ પોતાના મકાન ખરીદી માટે મહત્તમ રૂ. ૧૫.૦૦ લાખ સુધીની લોન લીધેલ હોય તેઓને પાંચ વર્ષ સુધી વાર્ષિક રૂ.૨૦,૦૦૦/- ની એમ કુલ<br>રૂ.૧,૦૦,૦૦૦/- ની સહાય. |
| ૧૩ | બેટરી ઓપરેટેડ ટુ વ્હીલર (ગો-ગ્રીન) યોજના | એક વર્ષથી નોંધાયેલા બાંધકામ શ્રમિકને બેટરી આધારિત ટુ-વ્હીલરની ખરીદી પર ખરીદ કિંમતના ૫૦ % રકમ અથવા રૂ.૩૦,૦૦૦/- પૈકી જે રકમ ઓછી હોય તેની મર્યાદામાં સબસિડી આપવામાં આવે છે. વધુમાં આર.ટી.ઓ ટેક્સ તેમજ રોડ ટેક્સની સહાય પણ બોર્ડ દ્વારા આપવામાં આવે છે. |

- - - - - - - - -

**પોરબંદર જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની જગ્યાઓ**

૪૨૫૧૮ **શ્રી બાબુભાઇ બોખીરીયા** (પોરબંદર) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પોરબંદર જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨)

| મંજૂર | ભરાયેલ | ખાલી |
|---|---|---|
| ૦૧ | ૦૧ | ૦૦ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**અમરેલી જિલ્લામાં નાણાપંચ અંતર્ગત કામ**

૪૨૧૯૫ **શ્રી પ્રતાપ દુધાત** (સાવરકુંડલા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લાના સાવરકુંડલા અને લીલીયા તાલુકામાં પંદરમા નાણાપંચ અંતર્ગત કેટલી રકમના કામ મંજૂર કરવામાં આવ્યા છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા કામ પૂર્ણ થયા, કેટલા બાકી છે, કેટલા કામો પ્રગતિમાં છે, અને

**જવાબ**

(૧)

| વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ | |
|---|---|
| **તાલુકાનું નામ** | **મંજૂર કરવામાં આવેલ કામોની રકમ (રૂ. લાખમાં)** |
| સાવરકુંડલા | ૩૩૨.૫૪ |
| લીલીયા | ૧૩૧.૩૮ |

(૨)

| તાલુકાનું | પૂર્ણ કામો | બાકી | પ્રગતિ |
|---|---|---|---|

| નામ | | કામો | હેઠળના કામો |
|---|---|---|---|
| સાવરકુંડલા | ૦ | ૯૮ | ૦ |
| લીલીયા | ૦ | ૮૯ | ૦ |

(૩) પ્રગતિમાં રહેલ અને બાકી કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૩) પ્રગતિ હેઠળના તથા બાકી કામો ૧૫મા નાણાપંચની ગાઇડલાઇન મુજબ બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે.

- - - - - - - - -

**જૂનાગઢ જિલ્લામાં ખોટા દસ્તાવેજ રજૂ કરી મંડળીઓની નોંધણી**

૪૩૩૫૦ **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં કેટલી સેવા સહકારી મંડળીઓ નોંધાયેલી છે,

(૧) ૫૦૨ (પાંચસો બે)

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત મંડળીઓ દ્વારા ખોટા દસ્તાવેજો રજૂ કરી મંડળીઓ નોંધવામાં આવી હોય તેવી કેટલી ફરિયાદો મળી,

(૨) ૨૭

(૩) મળેલ ફરિયાદો અન્વયે શા પગલાં લેવામાં આવ્યા, અને

(૩) તપાસની કામગીરી ચાલુ છે.

(૪)કેટલી મંડળીઓની નોંધણી રદ કરવામાં આવી ?

(૪) શૂન્ય.

- - - - - - - - -

**જૂનાગઢ જિલ્લામાં રસ્તાઓ તૂટી જવાની ફરિયાદો**

૪૩૪૨૫ **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર ગેરંટી પીરીયડ પૂરો થાય તે પહેલાં નોન-પ્લાન રસ્તા તથા રીસરફેસ થયેલા રસ્તાઓ તૂટી જવા અંગેની કેટલી ફરિયાદો મળી,

(૧) કુલ ૬ ફરિયાદો મળેલ છે.

| ક્રમ | જિલ્લો | તાલુકો | ફરિયાદો |
|---|---|---|---|
| ૧ | જૂનાગઢ | જૂનાગઢ | ૩ |
| ૨ | | કેશોદ | ૨ |

(૨) ઉક્ત સ્થિતિએ મળેલ ફરિયાદ અન્વયે કઈ એજન્સી સામે શી કાર્યવાહી કરવામાં આવી,

(૩) ઉક્ત મળેલ ફરિયાદો અન્વયે કેટલા રસ્તાઓ પુનઃ બનાવવામાં આવ્યા, અને

(૨) અને (૩) ઉક્ત સ્થિતિએ મળેલ ફરિયાદો અન્વયે એજન્સી પાસે તેઓના ખર્ચે જરૂરી મરામતની કામગીરી પૂર્ણ કરાવેલ છે.

(૪) બાકી રસ્તાઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

(૪) પ્રશ્ન રહેતો નથી.

- - - - - - - - -

**રાજ્ય સહકારી ટ્રીબ્યુનલમાં પડતર કેસ**

૪૩૩૬૬ **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્ય સહકારી ટ્રીબ્યુનલમાં કેટલા કેસો પડતર છે,

(૧) ૧૫૩૯

(૨) તે પૈકી કેટલા કેસો ત્રણ વર્ષ કે તેથી વધુ સમયથી પડતર છે, અને

(૨) ૧૦૯૮

(૩) આ કેસોના ઝડપી નિકાલ કરવા માટે સરકારે શું કાર્યવાહી કરી ?

(૩) રાજ્ય સરકારે ટ્રીબ્યુનલમાં બે સભ્યની બનેલી એક એવી ૨ (બે) બેન્ચની રચના કરેલ છે.

- - - - - - - - -

**અમદાવાદ અને બોટાદ જિલ્લા પંચાયતમાં મંજૂર મહેકમ**

૪૩૩૨૫ **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

તા. ૧૬મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદ અને બોટાદ જિલ્લાની જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદ અને બોટાદ જિલ્લા પંચાયતનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ નીચે મુજબ છે.

| ક્રમ | સંવર્ગ | અમદાવાદ જિલ્લાની મંજૂર જગ્યા | બોટાદ જિલ્લાની મંજૂર જગ્યા |
|---|---|---|---|
| ૧ | વર્ગ-૧ | ૧૬ | ૧૪ |
| ૨ | વર્ગ-૨ | ૨૪ | ૧૫ |
| ૩ | વર્ગ-૩ | ૨૪૧ | ૧૦૨ |
| ૪ | વર્ગ-૪ | ૫૧ | ૧૪ |
| | **કુલ** | **૩૩૨** | **૧૪૫** |

(૨) તે અન્વયે જિલ્લા પંચાયતવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

(૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નીચે દર્શાવેલ વિગતે અમદાવાદ અને બોટાદ જિલ્લા પંચાયતની જગ્યાઓ ભરાયેલ અને ખાલી નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લા પંચાયતનું નામ | સંવર્ગ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ખાલી જગ્યાનો સમયગાળો | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | ૧ વર્ષથી ઓછું | ૧ થી ૩ વર્ષ સુધીની | ૩ થી વધુ સમયની |
| ૧ | અમદાવાદ | વર્ગ-૧ | ૧૪ | ૨ | ૨ | ૦ | ૦ |
| | | વર્ગ-૨ | ૧૬ | ૮ | ૨ | ૪ | ૨ |
| | | વર્ગ-૩ | ૮૮ | ૧૫૩ | ૩૩ | ૫૪ | ૬૬ |
| | | વર્ગ-૪ | ૩૪ | ૧૭ | ૭ | ૧૦ | ૦ |
| | | **કુલ** | **૧૫૨** | **૧૮૦** | **૪૪** | **૬૮** | **૬૮** |
| ૨ | બોટાદ | વર્ગ-૧ | ૧૦ | ૪ | ૨ | ૧ | ૧ |
| | | વર્ગ-૨ | ૯ | ૬ | ૧ | ૨ | ૩ |
| | | વર્ગ-૩ | ૩૫ | ૬૭ | ૩ | ૧૦ | ૫૪ |
| | | વર્ગ-૪ | ૦ | ૧૪ | ૦ | ૦ | ૧૪ |
| | | **કુલ** | **૫૪** | **૯૧** | **૬** | **૧૩** | **૭૨** |

(૩)ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) વર્ગ-૧, વર્ગ-૨ અને વર્ગ-૩માં તબક્કાવાર ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ સીધી ભરતી અને બઢતીથી સ્ટાફ ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે અને વર્ગ-૪માં આઉટસોર્સથી જગ્યાઓ ભરવામાં આવશે.

- - - - - - - - -

**બનાસકાંઠા અને ભરૂચ જિલ્લામાં ઔદ્યોગિક ભરતીમેળા**

૪૩૨૮૦ **શ્રી શીવાભાઈ ભુરીયા** (દિયોદર) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી (રાજયકક્ષા)**જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા અને ભરૂચ જિલ્લામાં રોજગાર વિનિમય કચેરીવાર કેટલા ઔદ્યોગિક ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું,

(૧) યોજવામાં આવેલ ભરતીમેળા

| બનાસકાંઠા | ભરૂચ |
|---|---|
| ૮૨ | ૧૨૯ |

(૨) ઉક્ત જિલ્લાવાર તેમાં કેટલા બેરોજગારો હાજર રહ્યા, અને

(૨) હાજર રહેલ ઉમેદવારોની સંખ્યા

| બનાસકાંઠા | ભરૂચ |
|---|---|
| ૧૬૩૫૯ | ૧૦૮૮૫ |

(૩) આ ભરતીમેળામાં મુખ્યત્વે કેવા પ્રકારની રોજગારી આપી ?

(૩) આ ભરતીમેળામાં ખાનગીક્ષેત્રનાં એકમોમાં વિવિધ પ્રકારની રોજગારી આપવામાં આવી.

- - - - - - - - -

ફાલ્ગુન ૨૫, ૧૯૪૩ શાકે

અતારાંકિત પ્રશ્નો

**કલ્પસર યોજનાનો પૂર્ણ શક્યતાદર્શી અહેવાલ**

૪૩૨૯૭ **શ્રી જશુભાઈ પટેલ** (બાયડ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૧-૦૪-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૯૫૬૯ (અગ્રતા-૪૬)ના અનુસંધાને **માનનીય કલ્પસર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કલ્પસર યોજનાનો પૂર્ણ શક્યતાદર્શી અહેવાલ (ડી.પી.આર.) તૈયાર કરવાની કામગીરી પ્રગતિ હેઠળ હતી તે કામગીરી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કયા તબક્કે છે,

(૨) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ થનાર છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી પાછળ કેટલી રકમનો કુલ ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) કલ્પસર યોજનાનો પૂર્ણ શકયતાદર્શી અહેવાલ (ડી.પી.આર.) તૈયાર કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

(૨) ઉક્ત કામગીરી ડિસેમ્બર-૨૦૨૨ અંતિત પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી પાછળ કુલ રૂ.૨૧૬.૫૦ કરોડનો ખર્ચ થયેલ છે.

---------

**નવસારી જિલ્લામાં જર્જરિત પંચાયત ઘર**

૪૩૪૨૨ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નવસારી જિલ્લામાં તાલુકાવાર કેટલા પંચાયત ઘર જર્જરિત હાલતમાં છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે છેલ્લા બે વર્ષમાં નવીન પંચાયત ઘર બનાવવા કેટલી દરખાસ્તો ક્યારે મળી, અને

(૩) મળેલ દરખાસ્તો અન્વયે ક્યારે શું કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | જર્જરિત પંચાયત ઘરની વિગત |
|---|---|---|
| ૧ | નવસારી | ૮ |
| ૨ | જલાલપોર | ૧૮ |
| ૩ | ગણદેવી | ૧૦ |
| ૪ | ચીખલી | ૨૨ |
| ૫ | વાંસદા | ૧૯ |
| ૬ | ખેરગામ | ૧૧ |

(૨) વર્ષઃ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં કુલ-૮૮ દરખાસ્તો મળેલ છે.

(૩) કુલ ૮૮ પૈકી ૭૭ પંચાયત ઘર મનરેગા કન્વર્ઝન્સ યોજના હેઠળ અને ૦૯ પંચાયત ઘર ૧૫મા નાણાપંચ હેઠળ બનાવવા જિલ્લા કક્ષાએ આયોજન કરવામાં આવેલ છે. બાકી રહેલ ૦૨ ગ્રામ પંચાયત ઘરને મનરેગા કન્વર્ઝન્સ યોજનાની જોગવાઈ અને અનુદાન મુજબ સમાવેશ કરવામાં આવશે.

---------

**કચ્છ જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની જગ્યાઓ**

૪૨૫૧૭ **શ્રીમતી માલતીબેન મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨)

| મંજૂર | ભરાયેલ | ખાલી |
|---|---|---|
| ૦૩ | ૦૩ | ૦ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

તા. ૧૬મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતમાં મંજૂર મહેકમ**

૪૩૩૩૯ **શ્રી પ્રવિણભાઈ મુસડીયા** (કાલાવડ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાની જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ નીચે મુજબ છે.

| **ક્રમ** | **સંવર્ગ** | **જામનગર જિલ્લાની મંજૂર જગ્યા** | **દેવભૂમિ દ્વારકા જિલ્લાની મંજૂર જગ્યા** |
|---|---|---|---|
| ૧ | વર્ગ-૧ | ૧૬ | ૧૪ |
| ૨ | વર્ગ-૨ | ૨૫ | ૧૫ |
| ૩ | વર્ગ-૩ | ૧૭૫ | ૧૨૯ |
| ૪ | વર્ગ-૪ | ૪૮ | ૧૬ |
| | **કુલ** | **૨૬૪** | **૧૭૪** |

**પ્રશ્ન**

(૨) તે અન્વયે જિલ્લા પંચાયતવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

**જવાબ**

(૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નીચે દર્શાવેલ વિગતે જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતની જગ્યાઓ ભરાયેલ અને ખાલી નીચે મુજબ છે.

| **ક્રમ** | **જિલ્લા પંચાયતનું નામ** | **સંવર્ગ** | **ભરાયેલ જગ્યા** | **ખાલી જગ્યા** | **ખાલી જગ્યાનો સમયગાળો** | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | **૧ વર્ષથી ઓછું** | **૧ થી ૩ વર્ષ સુધીની** | **૩ થી વધુ સમયની** |
| ૧ | જામનગર | વર્ગ-૧ | ૯ | ૭ | ૨ | ૩ | ૨ |
| | | વર્ગ-૨ | ૧૨ | ૧૩ | ૧ | ૫ | ૭ |
| | | વર્ગ-૩ | ૮૨ | ૯૩ | ૧૨ | ૨૬ | ૫૫ |
| | | વર્ગ-૪ | ૨૬ | ૨૨ | ૪ | ૧૦ | ૮ |
| | | **કુલ** | **૧૨૯** | **૧૩૫** | **૧૯** | **૪૪** | **૭૨** |
| ૨ | દેવભૂમિ દ્વારકા | વર્ગ-૧ | ૧૧ | ૩ | ૧ | ૧ | ૧ |
| | | વર્ગ-૨ | ૫ | ૧૦ | ૧ | ૫ | ૪ |
| | | વર્ગ-૩ | ૩૬ | ૯૩ | ૨૧ | ૫૮ | ૧૪ |
| | | વર્ગ-૪ | ૦ | ૧૬ | ૦ | ૦ | ૧૬ |
| | | **કુલ** | **૫૨** | **૧૨૨** | **૨૩** | **૬૪** | **૩૫** |

**પ્રશ્ન**

(૩) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૩) વર્ગ-૧, વર્ગ-૨ અને વર્ગ-૩માં તબક્કાવાર ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ સીધી ભરતી અને બઢતીથી સ્ટાફ ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે અને વર્ગ-૪માં આઉટસોર્સથી જગ્યાઓ ભરવામાં આવશે.

- - - - - - - - -

**ધારાસભ્યોને સરકારી કાર્યક્રમોમાં પ્રોટોકોલ**

૪૩૩૭૭ **શ્રી કાંતિભાઈ સોઢાપરમાર** (આણંદ) : **માનનીય પ્રોટોકોલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં જે-તે વિસ્તારના ધારાસભ્યને રાજ્યમાં સરકારી કાર્યક્રમો વખતે કેવા પ્રકારનો પ્રોટોકોલ આપવામાં આવે છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં જે-તે વિસ્તારના ધારાસભ્યને સરકારી કાર્યક્રમો વખતે પ્રસંગને અનુરૂપ 'warrant of precedence' મુજબ અગ્રતા ક્રમ આપવા, મંચ ઉપર યોગ્ય સ્થાન આપવા, જે-તે વિસ્તારના ધારાસભ્યને આમંત્રણ આપવામાં આવે છે.

(૨) ઉક્ત પ્રોટોકોલ જાળવવા માટે જિલ્લા વહીવટી તંત્રના તાબા હેઠળની કચેરીઓ તેમજ જુદા જુદા વિભાગની જિલ્લા કક્ષાની કચેરીઓના વડાઓ દ્વારા ધારાસભ્યના પદનું ઔચિત્ય જળવાય તે માટે કોઈ સ્થાયી સૂચના પ્રભાગ તરફથી આપવામાં આવેલ છે કે કેમ, અને

(૨) હા, જી.

(૩) જો હા, તો તેની વિગતો શી છે ?

(૩) અત્રેના તા.૨૮-૧૦-૨૦૨૧ના સંકલિત પરિપત્રથી સરકાર તરફથી યોજવામાં આવતા તેમજ સરકારી કે અર્ધ સરકારી નિયંત્રણ હેઠળના બોર્ડ/કોર્પોરેશન વગેરે તરફથી યોજવામાં આવતાં સમારંભોમાં જે-તે જિલ્લાના/સ્થાનિક જનપ્રતિનિધિશ્રીઓને આમંત્રણ આપવા, આ આમંત્રણ સમયસર પાઠવવામાં આવે તેની તકેદારી રાખવા, નિમંત્રણ પત્રિકામાં સમારંભના મહેમાન તરીકે સ્થાનિક ધારાસભ્યશ્રીની પૂર્વ અનુમતિ સિવાય તેમના નામો આમંત્રણ પત્રિકામાં છાપવા નહીં, સ્થાનિક ધારાસભ્યશ્રીઓને મંચ પર 'warrant of precedence' મુજબ સ્થાન આપવા, જો મંચ પર સ્થાન આપવાનું નક્કી થયેલ ન હોય તો ધારાસભ્યશ્રીની ગરિમા જળવાય તે રીતે પ્રમાણે યોગ્ય જગ્યાએ બેઠક વ્યવસ્થા ગોઠવવા તેમજ રાષ્ટ્રીય કે રાજ્યકક્ષાના સમારંભોમાં આમંત્રિત કરાયેલા મહાનુભાવોને રાજ્ય સરકારના 'warrant of precedence' મુજબ યોગ્ય સ્થાન આપવાની સૂચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

અત્રેના તા.૨૯-૧૦-૨૦૨૧ના પરિપત્રથી ઉક્ત સૂચનાઓનું ચુસ્તપાલન કરવા સંબંધિતોને સૂચના આપવામાં આવેલ છે.

---------

## કચ્છ અને બનાસકાંઠા જિલ્લા પંચાયતમાં મંજૂર મહેકમ

૪૩૨૬૩ **શ્રીમતી સંતોકબેન આરેઠીયા** (રાપર) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કચ્છ અને બનાસકાંઠા જિલ્લાની જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કચ્છ અને બનાસકાંઠા જિલ્લા પંચાયતનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ નીચે મુજબ છે.

| ક્રમ | સંવર્ગ | કચ્છ જિલ્લાની મંજૂર જગ્યા | બનાસકાંઠા જિલ્લાની મંજૂર જગ્યા |
|---|---|---|---|
| ૧ | વર્ગ-૧ | ૧૬ | ૧૫ |
| ૨ | વર્ગ-૨ | ૨૩ | ૨૪ |
| ૩ | વર્ગ-૩ | ૨૫૦ | ૨૦૨ |
| ૪ | વર્ગ-૪ | ૮૧ | ૫૬ |
| | **કુલ** | **૩૭૦** | **૨૯૭** |

(૨) તે અન્વયે જિલ્લા પંચાયતવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

(૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નીચે દર્શાવેલ વિગતે કચ્છ અને બનાસકાંઠા જિલ્લા પંચાયતની જગ્યાઓ ભરાયેલ અને ખાલી પત્રક મુજબ છે.

(૩)ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) વર્ગ-૧, વર્ગ-૨ અને વર્ગ-૩માં તબક્કાવાર ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ સીધી ભરતી અને બઢતીથી સ્ટાફ ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે અને વર્ગ-૪માં આઉટસોર્સથી જગ્યાઓ ભરવામાં આવશે.

તા. ૧૬મી માર્ચ ૨૦૨૨
અતારાંકિત પ્રશ્નો

**પત્રક**

| ક્રમ | જિલ્લા પંચાયતનું નામ | સંવર્ગ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ખાલી જગ્યાનો સમયગાળો | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | ૧ વર્ષથી ઓછું | ૧ થી ૩ વર્ષ | ૩ થી વધુ સમયની |
| ૧ | કચ્છ | વર્ગ-૧ | ૧૧ | ૫ | ૦ | ૪ | ૧ |
| | | વર્ગ-૨ | ૯ | ૧૪ | ૧ | ૧૧ | ૨ |
| | | વર્ગ-૩ | ૧૨૧ | ૧૨૯ | ૧૭ | ૧૧૨ | ૦ |
| | | વર્ગ-૪ | ૪૬ | ૩૫ | ૩ | ૨૫ | ૭ |
| | **કુલ** | | **૧૮૭** | **૧૮૩** | **૨૧** | **૧૫૨** | **૧૦** |
| ૨ | બનાસકાંઠા | વર્ગ-૧ | ૯ | ૬ | ૪ | ૦ | ૨ |
| | | વર્ગ-૨ | ૧૦ | ૧૪ | ૫ | ૫ | ૪ |
| | | વર્ગ-૩ | ૯૫ | ૧૦૭ | ૧૦ | ૪૯ | ૪૮ |
| | | વર્ગ-૪ | ૧૯ | ૩૭ | ૫ | ૧૯ | ૧૩ |
| | **કુલ** | | **૧૩૩** | **૧૬૪** | **૨૪** | **૭૩** | **૬૭** |

---------

**વડોદરા-પાદરા-જંબુસર રોડને ફોરલેન બનાવવા માટે અરજી**

૪૩૪૦૪ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા-પાદરા-જંબુસર રોડને ફોરલેન બનાવવા માટે કેટલી રજૂઆતો સરકારને મળી, | (૧) ઉક્ત સ્થિતિએ કુલ ૧૪ રજૂઆતો મળેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે શી કાર્યવાહી કરી, અને | (૨) અને (૩) રસ્તાની કામગીરી મંજૂર થયેલ ન હોય પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત રસ્તાનું કામ ક્યાં સુધીમાં મંજૂર કરવામાં આવશે ? | |

---------

**કલ્પસર યોજના અન્વયે ભાડભૂત બૅરેજનું બાંધકામ**

૪૩૪૨૦ **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર) : તેરમી ગુજરાત વિધાનસભાના પ્રથમ સત્રમાં તા.૦૧-૦૪-૨૦૧૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૫૩૪૭ (અગ્રતા-૮૬)ના અનુસંધાને **માનનીય કલ્પસર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કલ્પસર યોજના અન્વયે ભાડભૂત બૅરેજનું બાંધકામ વર્ષ ૨૦૧૩-૧૪માં શરૂ કરવાનું આયોજન હતું તો સદરહુ કામ તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, | (૧) ભાડભૂત બૅરેજનું બાંધકામ તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પ્રગતિ હેઠળ છે. |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામ પૂર્ણ ના થવાના કારણો શા છે, અને

(૨) ભાડભૂત યોજના તાંત્રિક રીતે જટિલ હોઈ યોજના સંબંધિત વિવિધ અભ્યાસો, પર્યાવરણીય અંગેની મંજૂરીઓ, ટેન્ડર વગેરેની કામગીરી પૂર્ણ કરી યોજનાનું કામ તા.૧૫-૧૦-૨૦૨૦થી શરૂ કરવામાં આવેલ છે.

(૩) ઉક્ત કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

(૩) ઓક્ટોબર-૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગૌચરની જમીનમાં દબાણો**

૪૩૩૪૫ **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળિયા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં કેટલી ગૌચરની જમીનમાં કેટલા દબાણો થયેલા છે,

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | ગામોની સંખ્યા | બે વર્ષમાં થયેલ દબાણ (હે.આરે.પ્ર.) |
|---|---|---|---|
| ૧ | ખંભાળિયા | ૦૬ | ૦૨-૫૪-૦૦ |
| ૨ | ભાણવડ | ૧૦ | ૦૦-૦૨-૬૫ |
| ૩ | કલ્યાણપુર | ૦૩ | ૦૨-૧૯-૯૪ |
| ૪ | દ્વારકા | ૦૬ | ૧૬-૨૫-૦૨ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત તાલુકાવાર દબાણો દૂર કરી કેટલી જમીન ખુલ્લી કરવામાં આવી, અને

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | છેલ્લા બે વર્ષમાં દબાણ દૂર કરી ખુલ્લી કરેલ જમીન (હે.આરે.પ્ર.) |
|---|---|---|
| ૧ | ખંભાળિયા | ૦૨-૫૪-૦૦ |
| ૨ | ભાણવડ | ૦૦-૦૨-૬૫ |
| ૩ | કલ્યાણપુર | ૦૨-૧૯-૯૪ |
| ૪ | દ્વારકા | ૧૪-૮૨-૩૪ |

(૩) ઉક્ત બાકી દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે?

(૩) દ્વારકા તાલુકામાં પાડલી ગામે સર્વે નંબર-૧૪૫ વાળી જમીન ૦૦-૮૬-૨૩ હે.આરે. પર દબાણ અંગે નામદાર કોર્ટમાં કેસ ચાલુ છે. નામદાર કોર્ટનો નિર્ણય આવ્યેથી તેમજ ભીમરાણા ગામે ૦૦-૫૬-૪૫ હે.આરે. ગૌચરની જમીન પર રહેણાંક મકાન સંબંધે આનુષાંગિક કાર્યવાહી ચાલુ હોઈ, પૂર્ણ થયેથી.

---------

(૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નીચે દર્શાવેલ વિગતે બનાસકાંઠા અને ગીર સોમનાથ જિલ્લા પંચાયતની જગ્યાઓ ભરાયેલ અને ખાલી નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લા પંચાયતનું નામ | સંવર્ગ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ખાલી જગ્યાનો સમયગાળો | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | ૧ વર્ષથી ઓછુ | ૧ થી ૩ વર્ષ સુધીની | ૩ થી વધુ સમયની |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | બનાસકાંઠા | વર્ગ-૧ | ૯ | ૬ | ૪ | ૦ | ૨ |
| | | વર્ગ-૨ | ૧૦ | ૧૪ | ૫ | ૫ | ૪ |
| | | વર્ગ-૩ | ૯૫ | ૧૦૭ | ૧૦ | ૪૯ | ૪૮ |
| | | વર્ગ-૪ | ૧૯ | ૩૭ | ૫ | ૧૯ | ૧૩ |
| | | **કુલ** | **૧૩૩** | **૧૬૪** | **૨૪** | **૭૩** | **૬૭** |
| ૨ | ગીર સોમનાથ | વર્ગ-૧ | ૬ | ૮ | ૦ | ૪ | ૪ |
| | | વર્ગ-૨ | ૭ | ૫ | ૦ | ૩ | ૨ |
| | | વર્ગ-૩ | ૪૦ | ૮૨ | ૭ | ૧૨ | ૬૩ |
| | | વર્ગ-૪ | ૧ | ૧૮ | ૦ | ૦ | ૧૮ |
| | | **કુલ** | **૫૪** | **૧૧૩** | **૭** | **૧૯** | **૮૭** |

(૩)ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) વર્ગ-૧, વર્ગ-૨ અને વર્ગ-૩માં તબક્કાવાર ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ સીધી ભરતી અને બઢતીથી સ્ટાફ ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે અને વર્ગ-૪માં આઉટસોર્સથી જગ્યાઓ ભરવામાં આવશે.

---------

**અમરેલી જિલ્લામાં રસ્તાઓને વધુ મજબુત બનાવવા બાબત**

૪૩૩૬૯ **શ્રી અંબરીશભાઈ ડેર** (રાજુલા) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં ભારે વાહનોના કારણે રસ્તાઓને નુકસાન થાય છે તેવા રસ્તાઓને વધુ/ખાસ મજબૂત બનાવવાની જાહેરાત ક્યારે કરવામાં આવેલ,

(૨) ઉક્ત જાહેરાત અન્વયે અમરેલી જિલ્લામાં તાલુકાવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા રસ્તાઓને વધુ/ખાસ મજબૂત બનાવવામાં આવ્યા, અને

(૩) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) તત્કાલીન માન.નાયબ મુખ્ય મંત્રીશ્રીએ ગૃહમાં તા.૦૯.૧૨.૨૦૧૯ના રોજ જાહેરાત કરેલ.

(૨) અને (૩) અમરેલી જિલ્લામાં બે વર્ષમાં ૩૪ રસ્તાઓના કામો મંજૂર કરવામાં આવ્યા જે પૈકી ભારે વાહનો વાળા ૬ રસ્તાઓને વધુ/ખાસ મજબૂત બનાવવામાં આવ્યા છે જે નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | વર્ષ | રસ્તાની સંખ્યા | રકમ રૂ.લાખમાં |
|---|---|---|---|---|
| ૧ | જાફરાબાદ | ૨૦૨૦ | | |
| | | ૨૦૨૧ | ૧ | ૮૮૫.૯૦ |
| ૨ | રાજુલા | ૨૦૨૦ | ૨ | ૧૯૬૯.૨૧ |
| | | ૨૦૨૧ | | |
| ૩ | લાઠી | ૨૦૨૦ | | |
| | | ૨૦૨૧ | ૧ | ૨૩૮.૭૪ |
| ૪ | સાવરકુંડલા | ૨૦૨૦ | ૧ | ૮૭.૬૦ |
| | | ૨૦૨૧ | | |
| ૫ | ખાંભા | ૨૦૨૦ | | |
| | | ૨૦૨૧ | ૧ | ૩૪.૬૬ |

---------

તા. ૧૬મી માર્ચ ૨૦૨૨

અતારાંકિત પ્રશ્નો

**ભરૂચ અને નવસારી જિલ્લા પંચાયતમાં મંજૂર મહેકમ**

૪૩૪૧૧ **શ્રી સંજયભાઈ સોલંકી** (જંબુસર) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ભરૂચ અને નવસારી જિલ્લાની જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ભરૂચ અને નવસારી જિલ્લા પંચાયતનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ નીચે મુજબ છે.

| ક્રમ | સંવર્ગ | ભરૂચ જિલ્લાનું મંજૂર જગ્યા | નવસારી જિલ્લાનુ મંજૂર જગ્યા |
|---|---|---|---|
| ૧ | વર્ગ-૧ | ૧૫ | ૧૫ |
| ૨ | વર્ગ-૨ | ૨૩ | ૨૩ |
| ૩ | વર્ગ-૩ | ૧૭૦ | ૧૪૨ |
| ૪ | વર્ગ-૪ | ૪૪ | ૨૭ |
| | **કુલ** | **૨૫૨** | **૨૦૭** |

**પ્રશ્ન**

(૨) તે અન્વયે જિલ્લા પંચાયતવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

**જવાબ**

(૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નીચે દર્શાવેલ વિગતે ભરૂચ અને નવસારી જિલ્લા પંચાયતની જગ્યાઓ ભરાયેલ અને ખાલી નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લા પંચાયતનું નામ | સંવર્ગ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ખાલી જગ્યાનો સમયગાળો | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | ૧ વર્ષથી ઓછુ | ૧ થી ૩ વર્ષ સુધીની | ૩ થી વધુ સમયની |
| ૧ | ભરૂચ | વર્ગ-૧ | ૧૨ | ૩ | ૧ | ૧ | ૧ |
| | | વર્ગ-૨ | ૧૬ | ૭ | ૧ | ૨ | ૪ |
| | | વર્ગ-૩ | ૭૦ | ૧૦૦ | ૪૦ | ૫૬ | ૪ |
| | | વર્ગ-૪ | ૩૮ | ૬ | ૩ | ૩ | ૦ |
| | **કુલ** | | **૧૩૬** | **૧૧૬** | **૪૫** | **૬૨** | **૯** |
| ૨ | નવસારી | વર્ગ-૧ | ૧૩ | ૨ | ૧ | ૦ | ૧ |
| | | વર્ગ-૨ | ૨૦ | ૩ | ૦ | ૨ | ૧ |
| | | વર્ગ-૩ | ૭૭ | ૬૫ | ૨૭ | ૨૩ | ૧૫ |
| | | વર્ગ-૪ | ૧ | ૨૬ | ૦ | ૦ | ૨૬ |
| | **કુલ** | | **૧૧૧** | **૯૬** | **૨૮** | **૨૫** | **૪૩** |

**પ્રશ્ન**

(૩)ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૩) વર્ગ-૧, વર્ગ-૨ અને વર્ગ-૩માં તબક્કાવાર ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ સીધી ભરતી અને બઢતીથી સ્ટાફ ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે અને વર્ગ-૪માં આઉટસોર્સથી જગ્યાઓ ભરવામાં આવશે.

**ગાંધીનગર અને વડોદરા જિલ્લામાં ઔદ્યોગિક ભરતીમેળા**

૪૩૩૦૪ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર અને વડોદરા જિલ્લામાં રોજગાર વિનિમય કચેરીવાર કેટલા ઔદ્યોગિક ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું,

(૨) ઉક્ત જિલ્લાવાર તેમાં કેટલા બેરોજગારો હાજર રહ્યા, અને

(૩) આ ભરતીમેળામાં મુખ્યત્વે કેવા પ્રકારની રોજગારી આપી ?

**જવાબ**

(૧) યોજવામાં આવેલ ભરતીમેળા

| ગાંધીનગર | વડોદરા |
|---|---|
| ૧૦૨ | ૨૦૦ |

(૨) હાજર રહેલ ઉમેદવારોની સંખ્યા

| ગાંધીનગર | વડોદરા |
|---|---|
| ૧૬૬૩૫ | ૪૫૧૦૧ |

(૩) આ ભરતીમેળામાં ખાનગીક્ષેત્રનાં એકમોમાં વિવિધ પ્રકારની રોજગારી આપવામાં આવી.

અતારાંકિત પ્રશ્નો

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લામાં ગુજકોમાસોલ દ્વારા ગેરકાયદે જમીન ખરીદી**

૪૩૨૭૭ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ માર્કેટીંગ ફેડરેશન લિમિટેડ (ગુજકોમાસોલ) દ્વારા બનાસકાંઠા જિલ્લામાં ખોડલા ગામે ગેરકાયદેસર રીતે જમીન ખરીદી હોવા અંગેની કેટલી ફરિયાદો છેલ્લા બે વર્ષમાં પ્રભાગને મળી, અને | (૧) ૦૨ (બે). |
| (૨) મળેલ ફરિયાદો અન્વયે શાં પગલા લેવામાં આવ્યા ? | (૨) વિચારણા હેઠળ છે. |

- - - - - - - - -

**સિદ્ધપુર શહેરમાં રેલ્વે ઓવરબ્રિજ**

૪૩૨૮૯ **શ્રી ચંદનજી ઠાકોર** (સિદ્ધપુર) : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સિદ્ધપુર શહેરમાં રેલ્વે ઓવરબ્રિજની કામગીરી ક્યા તબક્કે છે, અને | (૧) પ્રગતિમાં. |
| (૨) ઉક્ત કામગીરી કેટલા ખર્ચે કેટલા સમયમાં પૂર્ણ કરવાની શરતે કઈ એજન્સીને ક્યારે કામગીરી આપવામાં આવેલ છે ? | (૨) રૂ.૩૬.૨૩ કરોડના ખર્ચે ૧૮ મહિનામાં પૂર્ણ કરવાની શરતે મે.અજય એન્જીનીયરીંગ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રા.લિ. ને તા.૨૭/૦૨/૨૦૧૭ના રોજ આપવામાં આવેલ પરંતુ જમીન સંપાદનના પ્રશ્નોના કારણે કામગીરી પૂર્ણ થઈ શકેલ નથી. |

- - - - - - - - -

**પાકિસ્તાન મરીન એજન્સી દ્વારા પકડાયેલ બોટ માલિકોને સહાય**

૪૩૩૮૧ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પાકિસ્તાન મરીન એજન્સી દ્વારા પકડવામાં આવેલ બોટ માલિકોને સહાય પેટે કેટલી રકમ ચૂકવવામાં આવે છે, અને | (૧) પાકિસ્તાન મરીન એજન્સી દ્વારા પકડવામાં આવેલ બોટ માલિકોને સહાય ચૂકવવાની કોઇ યોજના અમલમાં નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા બોટ માલિકોને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**છોટાઉદેપુર જિલ્લામાં આર.ટી.ઓ. કચેરીમાં રજિસ્ટર વાહનો**

૪૨૭૬૪ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૨ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં આર.ટી.ઓ. કચેરીમાં તાલુકાવાર કેટલા વાહનો રજિસ્ટર થયેલા છે,

(૧)

| તાલુકાનું નામ | વાહનોની સંખ્યા |
|---|---|
| છોટાઉદેપુર | ૨૨૩૮૧ |
| બોડેલી | ૧૩૬૩૧ |
| પાવી જેતપુર | ૧૫૧૪૮ |
| સંખેડા | ૧૧૮૮૪ |
| ક્વાંટ | ૧૩૧૯૨ |
| નસવાડી | ૧૦૬૪૯ |
| **કુલ** | **૮૬૮૮૫** |

(૨) છેલ્લા બે વર્ષમાં કેવા પ્રકારના કેટલા લાઇસન્સ ઇશ્યુ કરવામાં આવ્યા, અને

(૨)

| સમયગાળો | તા.૦૧-૦૨-૨૦૨૦ થી તા.૩૧-૦૧-૨૦૨૧ | તા.૦૧-૦૨-૨૦૨૧ થી તા.૩૧-૦૧-૨૦૨૨ |
|---|---|---|

| લાયસન્સનો પ્રકાર | લાઈસન્સની સંખ્યા | |
|---|---|---|
| ગિયર વગરના વાહન | ૯૫૦ | ૧૦૩૪ |
| ગિયરવાળા વાહન | ૭૬૭૮ | ૫૭૩૩ |
| હળવા મોટર વાહન | ૭૫૧૪ | ૮૧૫૫ |
| ટ્રાન્સપોર્ટ વાહન | ૪૩૦ | ૪૪૫ |
| દિવ્યાંગ માટેના વાહન | ૦૩ | ૦૪ |
| અન્ય વાહન | ૩૨ | ૫૦ |
| **કુલ લાઈસન્સની સંખ્યા** | **૧૬૬૦૭** | **૧૫૪૨૧** |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાઈસન્સ રદ કરવામાં આવ્યા ?

(૩)

| સમયગાળો | તા.૦૧-૦૨-૨૦૨૦ થી તા.૩૧-૦૧-૨૦૨૧ | તા.૦૧-૦૨-૨૦૨૧ થી તા.૩૧-૦૧-૨૦૨૨ |
|---|---|---|
| લાઈસન્સ રદ કર્યાની સંખ્યા | શૂન્ય | શૂન્ય |

---------

**પાકિસ્તાનની જેલમાં રાજ્યના માછીમારો**

૪૩૩૫૮ **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા) : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યના કેટલા માછીમારો પાકિસ્તાનની જેલમાં બંધ છે,

(૨) તે પૈકી કેટલા માછીમારો એક વર્ષ, ત્રણ વર્ષ અને પાંચ વર્ષ કે તેથી વધુ સમયથી બંધ છે, અને

(૩) ઉક્ત માછીમારોને છોડાવવા માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યના ૫૧૯ માછીમારો પાકિસ્તાનની જેલમાં બંધ છે.

(૨)

| જેલમાં બંધ માછીમારોની વર્ષવાર સંખ્યા | | |
|---|---|---|
| **એક વર્ષ** | **ત્રણ વર્ષ** | **પાંચ વર્ષ કે તેથી વધુ સમયથી** |
| ૨૪૭ | ૭૬ | ૦૧ |

(૩) ઉક્ત માછીમારોને છોડાવવા માટે રાજ્ય સરકાર દ્વારા વખતો-વખત રજૂઆતો તેમજ રાષ્ટ્રીયતાની ખરાઈની વિગતો ભારત સરકારના ગૃહ મંત્રાલયને પૂરી પાડવામાં આવેલ છે.

---------

**આણંદ અને વલસાડ જિલ્લામાં ઔદ્યોગિક ભરતીમેળા**

૪૩૩૮૪ **શ્રી પૂનમભાઈ પરમાર** (સોજીત્રા) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ અને વલસાડ જિલ્લામાં રોજગાર વિનિમય કચેરીવાર કેટલા ઔદ્યોગિક ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું,

(૨) ઉક્ત જિલ્લાવાર તેમાં કેટલા બેરોજગારો હાજર રહ્યા, અને

(૩) આ ભરતીમેળામાં મુખ્યત્વે કેવા પ્રકારની રોજગારી આપી ?

**જવાબ**

(૧) યોજવામાં આવેલ ભરતીમેળા

| આણંદ | વલસાડ |
|---|---|
| ૧૫૬ | ૮૯ |

(૨) હાજર રહેલ ઉમેદવારોની સંખ્યા

| આણંદ | વલસાડ |
|---|---|
| ૧૪૮૧૯ | ૭૩૯૨ |

(૩) આ ભરતીમેળામાં ખાનગીક્ષેત્રનાં એકમોમાં વિવિધ પ્રકારની રોજગારી આપવામાં આવી.

---------

**ખેડા અને ડાંગ જિલ્લા પંચાયતમાં મંજૂર મહેકમ**

૪૩૩૮૭ **શ્રી કાન્તિભાઇ પરમાર** (ઠાસરા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ખેડા અને ડાંગ જિલ્લાની જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ખેડા અને ડાંગ જિલ્લા પંચાયતનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ નીચે મુજબ છે.

| ક્રમ | સંવર્ગ | ખેડા જિલ્લાની મંજૂર જગ્યા | ડાંગ જિલ્લાની મંજૂર જગ્યા |
|---|---|---|---|
| ૧ | વર્ગ-૧ | ૧૫ | ૯ |
| ૨ | વર્ગ-૨ | ૧૯ | ૧૭ |
| ૩ | વર્ગ-૩ | ૧૭૭ | ૧૦૧ |
| ૪ | વર્ગ-૪ | ૩૭ | ૨૩ |
| | **કુલ** | **૨૪૮** | **૧૫૦** |

(૨) તે અન્વયે જિલ્લા પંચાયતવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

(૨) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નીચે દર્શાવેલ વિગતે ખેડા અને ડાંગ જિલ્લા પંચાયતની જગ્યાઓ ભરાયેલ અને ખાલી નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લા પંચાયતનું નામ | સંવર્ગ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ખાલી જગ્યાનો સમયગાળો | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | ૧ વર્ષથી ઓછુ | ૧ થી ૩ વર્ષ સુધીની | ૩ થી વધુ સમયની |
| ૧ | ખેડા | વર્ગ-૧ | ૧૩ | ૨ | ૦ | ૨ | ૦ |
| | | વર્ગ-૨ | ૧૨ | ૭ | ૧ | ૬ | ૦ |
| | | વર્ગ-૩ | ૮૨ | ૯૫ | ૩૩ | ૪૨ | ૨૦ |
| | | વર્ગ-૪ | ૧૦ | ૨૭ | ૩ | ૧૪ | ૧૦ |
| | | **કુલ** | **૧૧૭** | **૧૩૧** | **૩૭** | **૬૪** | **૩૦** |
| ૨ | ડાંગ | વર્ગ-૧ | ૮ | ૧ | ૦ | ૧ | ૦ |
| | | વર્ગ-૨ | ૧૦ | ૭ | ૧ | ૪ | ૨ |
| | | વર્ગ-૩ | ૩૧ | ૭૦ | ૧૯ | ૩૨ | ૧૯ |
| | | વર્ગ-૪ | ૭ | ૧૬ | ૮ | ૭ | ૧ |
| | | **કુલ** | **૫૬** | **૯૪** | **૨૮** | **૪૪** | **૨૨** |

(૩)ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) વર્ગ-૧, વર્ગ-૨ અને વર્ગ-૩માં તબક્કાવાર ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ સીધી ભરતી અને બઢતીથી સ્ટાફ ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે અને વર્ગ-૪માં આઉટસોર્સથી જગ્યાઓ ભરવામાં આવશે.

**કલ્પસર યોજનાનો પૂર્ણ શક્યતાદર્શી અહેવાલ**

૪૩૨૮૩ **શ્રી રઘુભાઇ દેસાઇ** (રાધનપુર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૧-૦૪-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૯૫૬૯ (અગ્રતા-૪૬)ના અનુસંધાને **માનનીય કલ્પસર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કલ્પસર યોજનાનો પૂર્ણ શક્યતાદર્શી અહેવાલ (ડી.પી.આર.) તૈયાર કરવાની કામગીરી પ્રગતિ હેઠળ હતી તે કામગીરી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે,

(૨) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ થનાર છે, અને

**જવાબ**

(૧) કલ્પસર યોજનાનો પૂર્ણ શક્યતાદર્શી અહેવાલ (ડી.પી.આર.) તૈયાર કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

(૨) ઉક્ત કામગીરી ડિસેમ્બર-૨૦૨૨ અંતિત પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી પાછળ કેટલી રકમનો કુલ ખર્ચ થયેલ છે ?

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી પાછળ કુલ રૂ. ૨૧૬.૫૦ કરોડનો ખર્ચ થયેલ છે.

**બનાસકાંઠા જિલ્લામાં ચાર માર્ગીય રસ્તાની કામગીરી**

૪૩૨૭૫ **શ્રી કાંતિભાઈ ખરાડી** (દાંતા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૧-૦૪-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૯૪૫૩ (અગ્રતા-૨૩૨)ના અનુસંધાને **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં (૧) રતનપુર-આંબાઘાટ-સતલાસણા, (૨) અંબાજી-દાંતા અને (૩) અંબાજી-ખોરજ (સાબરકાંઠા)ના ચાર માર્ગીય રસ્તાઓની કામગીરી હલકી ગુણવત્તાવાળી થયાની રાજ્ય સરકારને મળેલ સાત ફરિયાદો અંગે તપાસની કાર્યવાહી પ્રગતિમાં હતી તે કાર્યવાહી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કયા તબક્કે છે,

(૨) ઉક્ત તપાસની કાર્યવાહી પૂર્ણ થયેલ હોય તો તપાસમાં કેવા પ્રકારની ગેરરીતિ કે ખામીઓ સામે આવી, અને

(૩) તે અન્વયે જવાબદારો/કસૂરવાર સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧), (૨) અને (૩) ઉક્ત સ્થિતિએ તપાસની કામગીરી પ્રગતિમાં છે.

**રાજ્ય સરકારે એસ.ટી. નિગમ પાસેથી લેવાની રકમ**

૪૩૩૨૨ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્ય સરકારે એસ.ટી. નિગમ પાસેથી કુલ કેટલી રકમ લેવાની નીકળે છે,

(૨) લેવાની નીકળતી રકમમાં કેટલી રકમ લોનની, લોનના વ્યાજની, પેસેન્જર ટેક્ષની, મોટર વ્હીકલ ટેક્ષની અને અન્ય કેટલી રકમનો સમાવેશ થાય છે, અને

(૩) એસ.ટી. નિગમ તરફથી છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને ક્યા પ્રકારની કેટલી રકમ મળી ?

**જવાબ**

(૧) રાજ્ય સરકારશ્રીએ એસ.ટી. નિગમ પાસેથી તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ પરત લેવાની થતી રકમ રૂ. ૩૭૭૦.૯૭ કરોડ લેવાની થાય છે.

(૨) નિગમે રાજ્ય સરકારશ્રીને તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નીચે મુજબની રકમ ચૂકવવા પાત્ર થાય છે.

| ક્રમ | વિગત | તા. ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્ય સરકારને ચૂકવવાની બાકી રકમ (રૂ. કરોડમાં) |
|---|---|---|
| ૧ | ચૂકવવાની બાકી લોનની રકમ | ૩૫૨૫.૧૬ |
| ૨ | ચૂકવવાની બાકી લોનના વ્યાજની રકમ | ૦.૦૦ |
| ૩ | ચૂકવવાના બાકી પેસેન્જર ટેક્ષની રકમ | ૨૦૬.૨૫ |
| ૪ | ચૂકવવાના બાકી મોટર વ્હીકલ ટેક્ષની રકમ | ૩૯.૫૬ |
| | **કુલ** | **૩૭૭૦.૯૭** |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા રાજ્ય સરકારને ચૂકવવાની થતી રકમ પૈકી વર્ષવાર નીચે મુજબની રકમ પેસેન્જર ટેક્ષની સામે સરભર કરવામાં આવે છે.

| વિગત | તા.૦૧.૦૧.૨૦૨૦ થી ૩૧.૧૨.૨૦૨૦ | તા. ૦૧.૦૧.૨૦૨૧ થી ૩૧.૧૨.૨૦૨૧ |
|---|---|---|
| ચૂકવેલ બાકી લોનની રકમ (સરભર) | ૦.૦૦ | ૦.૦૦ |
| ચૂકવેલ બાકી લોનના વ્યાજની રકમ | -- | -- |
| ચૂકવેલ બાકી પેસેન્જર ટેક્ષની રકમ | ૮૮.૧૭ | ૧૧૬.૩૨ |
| ચૂકવેલ બાકી મોટર વ્હીકલ ટેક્ષની રકમ | -- | -- |

---------

સભાગૃહના મેજ ઉપર મુકાયેલા કાગળો

ડો.કીરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્નોત્તરીની અંદર પ્રશ્ન ક્રમાંક-૧૧૨ ની અંદર જે જવાબ આપવામાં આવ્યો છે કે ગુજકોમાસોલની અંદર.

અધ્યક્ષશ્રી : એની આપણે ચર્ચા નથી કરતા. મેં ના પાડેલી છે. મંત્રીશ્રી જોડે જઇને ચર્ચા કરી લેજો. મેં ના પાડી છે. પહેલા પણ ના પાડી છે. ફરી વખત ના પાડું છું. અહીંયા ખુલાસો ન થાય. બધાનો સમય બરબાદ થાય. તમારી જે કવેરી હોય એ મંત્રીશ્રી પાસે જઇને કહેજો. માનનીય સી.જે. ચાવડાજી.

**સભાગૃહનો સમય લંબાવવા અંગે.**

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આજની જે કામકાજની યાદી છે એમાં ગૃહ વિભાગની અગત્યની માગણીઓ આવી છે અને કામકાજ સલાહકાર સમિતિમાં માનનીય પ્રધાનમંત્રીશ્રી આવ્યા હતા તેથી આપણે ગૃહનો કાર્યકાળ બંધ રાખ્યો હતો એટલે અમે વિનંતી કરી હતી કે જયારે ગૃહની માગણીઓ આવે ત્યારે આજની કામગીરીનું પ્રમાણ જોતા તો ૧૩-૧૪ મિનિટ અમારા ભાગમાં આવે તેમ છે તો વધુ સમય મળે એવી વિનંતી કરી હતી અને સરકારશ્રી તરફથી દંડકશ્રીએ અને કામકાજ સલાહકાર સમિતિના સભ્યશ્રીઓએ હા પાડી હતી, તો એક કલાક માટે આ ગૃહનો સમય લંબાવવામાં આવે અને વિપક્ષને વધુ રજૂઆત કરવાની તક આપવામાં આવે.

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ (મુખ્ય દંડકશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, કામકાજ સલાહકાર સમિતિમાં નકકી થયા મુજબ એક કલાકનો સમય લંબાવીએ.

અધ્યક્ષશ્રી : સમય લંબાવવામાં આવે છે. નેકસ્ટ. (અંતરાય) કોઇ પ્રશ્ન નહીં. મારે બહુ સમય લંબાવવો પડે છે,પ્લીઝ આપ બેસો. પીયૂષભાઇ, પ્લીઝ આપ બેસો. પીયૂષભાઇ, પ્લીઝ બેસો. ત્રણ વાર કીધું છે પ્લીઝ, બેસો.

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

સન ૨૦૨૦-૨૧ નો દહેજ સેઝ લિમિટેડનો વાર્ષિક અહેવાલ, ઓડિટ અહેવાલ તથા સમીક્ષા

શ્રી જગદીશ વિશ્વકર્મા (રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું દહેજ સેઝ લિમિટેડનો સન ૨૦૨૦-૨૧ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, ઓડિટ અહેવાલ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

સન ૨૦૨૦-૨૧ નો ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડનો અહેવાલ

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ ( કૃષિ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડનો સન ૨૦૨૦-૨૧ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનલરની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, ઓડિટ અહેવાલ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

સન ૨૦૧૮-૧૯ નો ગુજરાત ઔદ્યોગિક મૂડીરોકાણ નિગમ લિમિટેડનો અહેવાલ

શ્રી જગદીશ વિશ્વકર્મા (રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઔદ્યોગિક મૂડીરોકાણ નિગમ લિમિટેડનો સન ૨૦૧૮-૧૯ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

સન ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ નો ગુજરાત વૃદ્ધિ કેન્દ્ર વિકાસ નિગમ લિમિટેડના અહેવાલ

શ્રી જગદીશ વિશ્વકર્મા ( રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વૃદ્ધિ કેન્દ્ર વિકાસ નિગમ લિમિટેડના સન ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ ના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ સન ૨૦૧૯-૨૦ ના અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

સન ૨૦૧૯-૨૦ નો ગુજરાત ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડનો અહેવાલ

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ ( રાજ્યકક્ષાના પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૯-૨૦ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

સન ૨૦૧૮-૧૯ નો ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો અહેવાલ

શ્રી જગદીશ વિશ્વકર્મા ( રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સન ૨૦૧૮-૧૯ નો વાર્ષિક અહેવાલ તથા સન ૨૦૧૯-૨૦ નો વાર્ષિક હિસાબ અને તપાસણી અહેવાલ તેમજ આ

અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, વાર્ષિક હિસાબ, તપાસણી અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

સન ૨૦૨૦-૨૧ નો ગુજરાત જૈવવિવિધતા બોર્ડનો વાર્ષિક અહેવાલ

શ્રી જગદીશ વિશ્વકર્મા ( રાજ્યકક્ષાના પર્યાવરણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત જૈવવિવિધતા બોર્ડનો સન ૨૦૨૦-૨૧ નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

સન ૨૦૧૭-૧૮ અને ૨૦૧૮-૧૯ ના માંડલ-બેચરાજી ખાસ મૂડીરોકાણ પ્રાદેશિક સત્તામંડળ ગાંધીનગરનો અહેવાલ

શ્રી જગદીશ વિશ્વકર્મા ( રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું માંડલ-બેચરાજી ખાસ મૂડીરોકાણ પ્રાદેશિક વિકાસ સત્તામંડળ ગાંધીનગરના સન ૨૦૧૭-૧૮ અને ૨૦૧૮-૧૯ ના વાર્ષિક અહેવાલ અને હિસાબો તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

સન ૨૦૨૦-૨૧ ના ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડના વાર્ષિક હિસાબો અહેવાલ

શ્રી વિનોદભાઇ અ. મોરડીયા (રાજ્યકક્ષાના શહેરી વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડના સન ૨૦૨૦-૨૧ ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

સન ૨૦૨૦-૨૧ નો ગુજરાત માહિતી આયોગનો અહેવાલ

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી ( સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત માહિતી આયોગનો સન ૨૦૨૦-૨૧ નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો**

સન ૨૦૨૧ ના ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા (સુધારા) અધિનિયમ અન્વયેના નાણાં વિભાગનું જાહેરનામું

શ્રી કનુભાઇ મો. દેસાઇ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૨૧ ના ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા(સુધારા) અધિનિયમ અન્વયેના નાણા વિભાગના તા.૦૩/૧૨/૨૦૨૧ નું જાહેરનામું ક્રમાંકઃ જીએચએન-૯૩-પીએફટી-૨૦૨૧-એસ.૧(૨)(૩)ઠ. સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામું સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.**

સન ૧૯૪૯ ના ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ અન્વયેના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનું જાહેરનામું તેમજ નિવેદન

શ્રી વિનોદભાઇ અ. મોરડીયા (રાજ્યકક્ષાના શહેરી વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૧૯૪૯ ના ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ અન્વયેના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૩૧/૦૩/૨૦૨૧ ના જાહેરનામા ક્રમાંકઃ કેવી-૨૦૨૧ નો ૩૫-જીએમસી-૧૦૨૦૧૦-૫૬૩૬-પી તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામું તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

**વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિનો ચોથો અહેવાલ

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા : (સમિતિના પ્રમુખશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિના ચોથો અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના આઠમા અહેવાલની રજૂઆત

શ્રી પ્રવિણભાઇ મ. ઘોઘારી : (સમિતિના પ્રમુખશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિનો આઠમો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

શ્રી પ્રવિણભાઇ મ. ઘોઘારી : (સમિતિના પ્રમુખશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના આઠમા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)**

ગૃહ વિભાગ**,** પોલીસ**,** જેલ

**માગણી ક્રમાંક- ૪૨**

**ગૃહ વિભાગ**

શ્રી હર્ષ સંઘવી( રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગૃહ વિભાગને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૨૩,૯૩,૯૭,૦૦૦/ -ની માગણી ક્રમાંક-૪૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૪૨ રજૂ કરવામાં આવી.**

શ્રી કાંતિભાઇ સોઢાપરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરવામાં આવી.

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી.

શ્રી કાળાભાઇ ર. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરવામાં આવી.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરવામાં આવી.

શ્રી ચિરાગભાઇ ર. કાલરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરવામાં આવી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરવામાં આવી.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરવામાં આવી.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૯ રજૂ કરવામાં આવી.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રતાપ દુધાત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી લલીત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૬ રજૂ કરવામાં આવી.

શ્રી શીવાભાઇ અ. ભુરિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી ભરતજી સો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૯ રજૂ કરવામાં આવી.

ડો.કીરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરવામાં આવી.

તા. ૧૬મી માર્ચ ૨૦૨૨

માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)

શ્રી ચંદનજી ત. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી જશુભાઇ શી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી સુનિલભાઇ ર. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૪ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૬ રજૂ કરવામાં આવી.

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનલાલ મા. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૮ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક- ૪૩**

**ગૃહ વિભાગ**

શ્રી હર્ષ સંઘવી : (રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, હું પોલીસને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૬૧,૦૬, ૨૭,૩૮,૦૦૦/ - ની માગણી ક્રમાંક-૪૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક -૪૩ રજૂ કરવામાં આવી.**

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૦ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૨ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૩ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૪ રજૂ કરવામાં આવી.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૫ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૬ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેશકુમાર હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૭ રજૂ કરવામાં આવી.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૮ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૯ રજૂ કરવામાં આવી.

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૦ રજૂ કરવામાં આવી.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૫ રજૂ કરવામાં આવી.

શ્રી લલીતભાઇ કગથરા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૬ રજૂ કરવામાં આવી.

શ્રી ઇન્દ્રજીતસિંહ ન. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૭ રજૂ કરવામાં આવી.

ફાલ્ગુન ૨૫, ૧૯૪૩ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક-૪૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૮ રજૂ કરવામાં આવી.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪૯ રજૂ કરવામાં આવી.

શ્રી પુનાભાઇ ઢે. ગામિત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫૦ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક-૪૪**

**ગૃહ વિભાગ**

શ્રી હર્ષ સંઘવી : (રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, હું જેલને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧,૯૦,૪૭,૯૦,૦૦૦/-ની માગણી ક્રમાંક ૪૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૪૪ રજૂ કરવામાં આવી.**

શ્રી કાન્તિભાઇ શા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૫૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૫૨ રજૂ કરવામાં આવી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૫૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૫૪ રજૂ કરવામાં આવી.

શ્રી ભીખાભાઇ ગ. જોષી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૫૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૫૫ રજૂ કરવામાં આવી.

શ્રી નથાભાઇ હે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૫૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૫૭ રજૂ કરવામાં આવી.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૫૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૫૮ રજૂ કરવામાં આવી.

**સન ૨૦૨૨-૨૦૨૩ના વર્ષના અંદાજપત્ર માટેના અનુદાનો અંગેની માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત ચાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **ગૃહ વિભાગ**<br>**માગણી નં. ૪૨** | | |
| ૧ | **૨૦૫૨-સચિવાલય...સેવાઓ**<br>**૦૯૦-સચિવાલય**<br>**૦૧-GES -23ગૃહ વિભાગ**<br>**રૂ. ૧૭,૬૮,૬૫,૦૦૦**<br>**અં.પ્ર.નં. ૧૨**<br>**પાનાનં. ૧૩** | ૧૦૦ | બોર્ડ સમક્ષ તપાસ કરાવ્યા બાદ હેલ્થ દારૂ માટેની પરમીટો આપવાના બદલે નાણાથી અપાતી પરમીટો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાંતિભાઈ સોઢાપરમાર |
| ૨ | ---"--- | ૧૦૦ | દારૂબંધીના કાયદાનો કડક અમલ કરાવવામાંતંત્રની નિષ્ફળતા. | શ્રી ગુલાબસિંહ રાજપૂત |
| ૩ | ---"--- | ૧૦૦ | ગૃહ વિભાગ દ્વારા દુર્ઘટનાની તપાસ માટે નિમાતા પંચો દ્વારા આમજનતાનો અભિપ્રાય લેવામાં તેમજ પંચનોરિપોર્ટ સમયસર જાહેર કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાળાભાઈ ડાભી (નિરંજન પટેલ) |
| *૪ | ---"--- | ૧૦૦ | હોસ્પિટલોમાં થતા અગ્નિકાંડ વખતે હાઈકોર્ટના આદેશનું પાલન કરવાના બદલે તપાસપંચો નિમાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કનુભાઈ બારૈયા |
| ૫ | ---"--- | ૧૦૦ | દારૂ,જુગાર,કોલસેન્ટરના તોડકાંડમાં સસ્પેન્ડ થયેલા પોલીસ કર્મચારીઓને ફરીથી નોકરી પર લેવાયા છે તે અંતર્ગત તપાસ કરી જવાબદાર અધિકારીઓ સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નૌશાદ સોલંકી |
| ૬ | ---"--- | ૧૦૦ | નબળી કામગીરી કરતાં પોલીસ અધિકારીઓ/ કર્મચારીઓને વહેલાસર ફરજમુક્ત કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ચિરાગભાઈ કાલરીયા |
| ૭ | ---"--- | ૧૦૦ | વહાલા-દવલા થવાની નીતિના કારણે કાયદો અને વ્યવસ્થા બગડી રહી છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુંજાભાઈ વંશ |
| ૮ | **૨૦૫૨-સચિવાલય...સેવાઓ** | ૧૦૦ | આજીવન કેદની સજા પામેલ કેદીને પુનઃ સ્થાપન કરવા | ડો. સી.જે. ચાવડા |

| | | | | |
|---|---|---|---|---|
| | **૦૯૦-સચિવાલય**<br>**૦૧-GES -23 ગૃહ વિભાગ**<br>**રૂ. ૧૭,૬૮,૬૫,૦૦૦**<br>**અં.પ્ર.નં. ૧૨**<br>**પાનાનં. ૧૩** | | માટેની કમિટિની બેઠકોનું સમયસર આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૯ | --- " --- | ૧૦૦ | કેદીઓના પુનઃ સ્થાપન અંગેની કલમ ૪૩૩ અંતર્ગત ૧૪ વર્ષના જેલવાસ બાદ વિભાગ દ્વારા કેદીઓની વિગતો મંગાવવામાં આવે છે પરંતુ તે અંગેની પડતર ફાઈલોનો નિકાલ કરવામાં આવતો નથી તે માટે જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હિંમતસિંહ પટેલ |
| ૧૦ | --- " --- | ૧૦૦ | દારૂ કંટીગના કેસો તથા દારૂની હેરાફેરીમાં સંડોવાયેલ પોલીસ કર્મચારીઓને સત્વરે નોકરીમાંથી ફરજમુક્ત કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિરજીભાઈ ઠુમ્મર |
| ૧૧ | --- " --- | ૧૦૦ | હનીટ્રેપ કેસોમાં સંડોવાયેલા પોલીસ કર્મચારીઓ સામે શિક્ષાત્મક પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રતાપ દુધાત |
| ૧૨ | --- " --- | ૧૦૦ | પરમીટથી અપાતા દારૂનોકાળાબજાર થતો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિમલભાઈ ચુડાસમા |
| ૧૩ | --- " --- | ૧૦૦ | પોલીસ મથકોમાં અરજદારોના નિવેદનો લીધા બાદ લાંબા સમય સુધી ફરિયાદોનો નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લાખાભાઈ ભરવાડ |
| ૧૪ | --- " --- | ૧૦૦ | જમીન છેતરપીંડીની ફરિયાદો પોલીસ કમીશ્નરની કચેરીમાં દાખલ ન કરતાં પોલીસ સ્ટેશનોમાં દાખલ કરાય છે અને ત્યારબાદ થતી ગેરરીતિ માટે જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભગવાનભાઈ બારડ |
| ૧૫ | --- " --- | ૧૦૦ | પોસ્કોના ગંભીર કેસોમાં પોલીસતંત્ર દ્વારા અસલ દસ્તાવેજો કોર્ટમાં રજૂ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હર્ષદકુમાર રીબડીયા |
| ૧૬ | --- " --- | ૧૦૦ | સાયબર પોલીસ સ્ટેશનોની કામગીરી અસરકારક બનાવી ફરિયાદોનો ઝડપી નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લલીત વસોયા |
| ૧૭ | --- " --- | ૧૦૦ | ડ્રગ્સના દૂષણને નાથવા એન.ડી.પી.એસના કાયદામાં ફેરફાર કરી કડક કાયદોબનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શીવાભાઈ ભુરીયા |
| ૧૮ | --- " --- | ૧૦૦ | પોલીસ કર્મચારીઓને પૂરતા આવાસો ફાળવવા બજેટમાં વધુ રકમની જોગવાઈ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભરતજી ઠાકોર |
| ૧૯ | --- " --- | ૧૦૦ | એન.સી.બી પોલીસ દ્વારા નાના પાયે થતાં ડ્રગ્સના વેચાણને રોકવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઈમરાન ખેડાવાલા |
| ૨૦ | **૨૦૫૨-સચિવાલય...સેવાઓ**<br>**૦૯૦-સચિવાલય**<br>**૦૧-GES -23 ગૃહ વિભાગ**<br>**રૂ. ૧૭,૬૮,૬૫,૦૦૦**<br>**અં.પ્ર.નં. ૧૨**<br>**પાનાનં. ૧૩** | ૧૦૦ | આકસ્મિક દરોડા પાડી દારૂના અડ્ડાઓના માલિકો સામે સખ્તાઈથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | ડો.કીરીટકુમાર પટેલ |
| ૨૧ | --- " --- | ૧૦૦ | રિસોર્ટ-ફાર્મહાઉસમાં દારૂની મહેફિલો યોજતાં ઈસમો સામે નવા કાયદા મુજબ કલમો લગાવી દંડ અને સજા કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ચંદનજી ઠાકોર |
| ૨૨ | --- " --- | ૧૦૦ | ડ્રગ્સના દુષણને નજર અંદાજ કરતા જવાબદારોને કારણે વધતી જતી ગુન્હાખોરી રોકવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જશુભાઈ પટેલ |
| ૨૩ | --- " --- | ૧૦૦ | મની લોન્ડરીંગનું દુષણ અટકાવવા માટે જુગાર નિવારણ અધિનિયમમાં સુધારો કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સુનિલભાઈ ગામીત |
| ૨૪ | --- " --- | ૧૦૦ | ભૂમાફીયાઓને રક્ષણ આપતા જવાબદારો સામે તપાસ કરી તેનો અહેવાલ રજૂ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| ૨૫ | --- " --- | ૧૦૦ | પોલીસ તંત્રમાં વ્યાપેલ ગેરશિસ્ત નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રવિણભાઈ મુસડીયા |
| ૨૬ | --- " --- | ૧૦૦ | પાસાની ધમકીઓ આપી પોલીસ દ્વારા ફરિયાદીઓ વચ્ચે ગેરવ્યાજબી રીતે સમાધાન કરવાની થતી પ્રવૃતિઓ બંધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૭ | - - - " - - - | ૧૦૦ | પોલીસતંત્રની કામગીરીમાં રાજકારણની દખલઅંદાજી દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અશ્વિનભાઇ કોટવાલ |
| ૨૮ | - - - " - - - | ૧૦૦ | ગેરરીતિ આચરી પોલીસ તંત્રની કામગીરીને નબળી બનાવનાર જવાબદાર પોલીસ અધિકારીઓ/કર્મચારીઓ સામે કડક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનલાલ વાળા |
| *૨૯ | - - - " - - - | ૧૦૦ | રાજ્યમાં ગેરકાયદેસર રીતે થતા હથિયારોના વ્યાપાર અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમિત ચાવડા |
| | | **માગણી નં. ૪૩** | | |
| ૩૦ | **૨૦૫૫- પોલીસ**<br>**૦૦૧- નિર્દેશ અને વહીવટ**<br>**૦૧-MEP -**<br>**30....મહાનિરીક્ષક**<br>**રૂ. ૨૯,૩૩,૩૪,૦૦૦**<br>**અં.પ્ર.નં. ૧૨**<br>**પાના નં-૧૯ અને ૨૦** | ૧૦૦ | પોલીસ કસ્ટડીમાં થતાં કસ્ટોડીયન ડેથ માટે જવાબદારો સામે સખ્તાઇથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વજેસિંગભાઇ પણદા |
| *૩૧ | - - - " - - - | ૧૦૦ | દારૂની ગેરકાયદેસર હેરાફેરી અટકાવવા માટે રાજયની ચેકપોસ્ટ પર કડક બંદોબસ્ત ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અજીતભાઇ ચૌહાણ |
| ૩૨ | **૨૦૫૫- પોલીસ**<br>**૦૦૧- નિર્દેશ અને વહીવટ**<br>**૦૧-MEP -**<br>**30....મહાનિરીક્ષક**<br>**રૂ. ૨૯,૩૩,૩૪,૦૦૦**<br>**અં.પ્ર.નં. ૧૨**<br>**પાના નં-૧૯ અને ૨૦** | ૧૦૦ | રાજયમાં પછાત અશિક્ષિત આદિવાસીઓને પોલીસ દ્વારા થતી કનડગત અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રેમસિંહભાઇ વસાવા |
| ૩૩ | - - - " - - - | ૧૦૦ | પોલીસની કામગીરીમાં પારદર્શકતા લાવી લોકોનો પોલીસ પ્રત્યેનો વિશ્વાસ સંપાદન કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૩૪ | - - - " - - - | ૧૦૦ | અમદાવાદના દરિયાપુર વિસ્તારના જુગારધામમાં પાડેલ દરોડા દરમિયાન પકડાયેલ અસામાજિક તત્વોની તપાસ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| ૩૫ | - - - " - - - | ૧૦૦ | પોલીસ તંત્રની રહેમ નજર હેઠળ ચાલતા જુગારધામ-દારૂના અડ્ડાઓની ફરિયાદો છતાં જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગ્યાસુદ્દીન શેખ |
| ૩૬ | - - - " - - - | ૧૦૦ | પોલીસ તંત્ર પાસેથી વાહન ચાલકો પાસેથી દંડ વસૂલવાની કે વાહનો ડીટેઇન કરવાની સત્તા પરત લઇને થતો ભ્રષ્ટ્રાચાર અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૩૭ | - - - " - - - | ૧૦૦ | વિપક્ષોને ધરણાની મંજૂરી અપાતી નથી અને ધરપકડો કરવામાં આવે છે તે અટકાવવામાંતંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેશકુમાર ગોહિલ |
| ૩૮ | - - - " - - - | ૧૦૦ | દારૂ-રેતી ખનનના માફીયાઓને છાવરતાં જવાબદારો સામે કડક પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | ગેનીબેન ઠાકોર |
| ૩૯ | - - - " - - - | ૧૦૦ | સિનિયર સિટીઝનોની નોંધણી માટે ડી.જી.પી.ના આદેશની અવગણના કરનાર જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તીભાઇ ખરાડી |
| ૪૦ | - - - " - - - | ૧૦૦ | સામાન્ય માનવીની સરખામણીમાં રાજકીય નેતાઓને કોવીડ ગાઇડ લાઇનના ભંગ બદલ દંડની વધુ જોગવાઇ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહેશકુમાર પટેલ |
| *૪૧ | - - - " - - - | ૧૦૦ | માસ્ક નહીં પહેરીને ડી.જી.પી.ના આદેશનો ભંગ કરનાર જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રઘુભાઇ દેસાઇ |
| *૪૨ | - - - " - - - | ૧૦૦ | રાજયમાં જિલ્લાવાર ગુન્હાહીત પ્રવૃત્તિઓ કરતી આઇડેન્ટીફાઇ થયેલ ગેંગોની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પરેશ ધાનાણી |
| *૪૩ | - - - " - - - | ૧૦૦ | પાસાના કાયદાનો થતો બેફામ દુરૂપયોગ રોકવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અંબરીશભાઇ ડેર |
| *૪૪ | **૨૦૫૫- પોલીસ**<br>**૦૦૧- નિર્દેશ અને વહીવટ**<br>**૦૧-MEP -**<br>**30....મહાનિરીક્ષક**<br>**રૂ. ૨૯,૩૩,૩૪,૦૦૦** | ૧૦૦ | નિયમિત રાઉન્ડ લેવાના બદલે ઓફીસમાં બેસી રહેતા પોલીસ સ્ટેશનોના પી.આઇ./પી.એસ.આઇ સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઋત્વિકભાઇ મકવાણા |

| | | | | |
|---|---|---|---|---|
| | **અં.પ્ર.નં. ૧૨<br>પાના નં-૧૯ અને ૨૦** | | | |
| ૪૫ | - - - " - - - | ૧૦૦ | જૂનાગઢ શહેર અને જિલ્લામાં ગેરકાયદેસર રીતે થતા દારૂના વ્યાપાર કરનાર જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બાબુભાઇ વાજા |
| ૪૬ | - - - " - - - | ૧૦૦ | પોલીસ કર્મચારીઓ દ્વારા જ દારૂની ગાડીઓની હેરાફેરી થાય છે તે અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લલીતભાઇ કગથરા |
| ૪૭ | - - - " - - - | ૧૦૦ | પોલીસ સ્ટેશનમાં રાત્રીના સમયે મહિલાઓને બોલાવવા તથા રોકી રાખવાનો પ્રતિબંધ હોવા છતાં તેનું ઉલ્લંઘન કરતા જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઇન્દ્રજીતસિંહ પરમાર |
| ૪૮ | - - - " - - - | ૧૦૦ | પોલીસ તંત્ર દ્વારા પકડાયેલ દારૂ પોલીસ સ્ટેશનમાંથી બારોબાર વેચાઇ જાય છે તેવી ફરિયાદો છતાં જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા |
| ૪૯ | - - - " - - - | ૧૦૦ | દરેક પોલીસ સ્ટેશનોમાંથી વહીવટદારોને કાયમી રીતે દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી આનંદભાઇ ચૌધરી |
| ૫૦ | - - - " - - - | ૧૦૦ | પોલીસ કર્મચારીઓની અનિયમિતતા અને ગેરરીતિઓને દૂર કરવા જિલ્લા ફેર પોલીસ બદલીઓ કરવામાંતંત્રની નિષ્ફળતા. | શ્રી પુનાભાઇ ગામીત |
| *૫૧ | - - - " - - - | ૧૦૦ | ટ્રાફીક પોલીસ સીસિટીવી કેમેરાના આધારે ખોટા ઓનલાઇન મેમા આપી અને નાણા વસૂલ કરે છે જેની વ્યાપક ફરિયાદો છતાં પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહમદજાવીદ પીરઝાદા |
| | | **માગણી નં. ૪૪** | | |
| ૫૨ | **૨૦૫૬-જેલ ,<br>૦૦૧-નિર્દેશ વહીવટ,<br>૦૧-MEP -22 જેલ મહાનિરીક્ષક<br>રૂ. ૨૩,૧૦,૮૧,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૨<br>પાના નં-૫૮ અનેપ૯** | ૧૦૦ | જેલોમાં કેદીઓને બહારથી ટીફીન વ્યવસ્થા કરી આપવાની પ્રથા રદ કરી જેલમાંથી જ ભોજન અપાય તેવી કામગીરી કરવામાંતંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તિભાઇ પરમાર |
| *૫૩ | - - - " - - - | ૧૦૦ | જેલ મહાનિર્દેશકની નબળી કામગીરીને કારણે જેલોમાં થતી ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અનંતકુમાર પટેલ |
| ૫૪ | - - - " - - - | ૧૦૦ | જેલમાં પ્રતિબંધિત વસ્તુઓ પકડાય છે ત્યારે કેદી સામે પગલા લેવાને બદલે પ્રથમ જેલ અધિકારી અને સ્ટાફ સામે કડક શિક્ષાત્મકપગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બળદેવજી ઠાકોર |
| ૫૫ | **૨૦૫૬-જેલ ,<br>૦૦૧-નિર્દેશ વહીવટ,<br>૦૧-MEP -22 જેલ મહાનિરીક્ષક<br>રૂ. ૨૩,૧૦,૮૧,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૨<br>પાના નં-૫૮ અને ૫૯** | ૧૦૦ | નિયમિત ચેકીંગના અભાવે જેલોમાં ચાલતી ગેરરીતિઓ માટે જવાબદાર અધિકારીઓ સામે કડક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભીખાભાઇ જોષી |
| *૫૬ | - - - " - - - | ૧૦૦ | જેલમાં ઝામર લગાવ્યા હોવા છતાં કેદીઓ મોબાઇલનો ઉપયોગ કરે છે જે અંગેની તપાસ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિક્રમભાઇ માડમ |
| ૫૭ | - - - " - - - | ૧૦૦ | જેલમાં સી.સી.ટી.વી. કેમેરા ગેરરીતિઓ પકડવામાં નિષ્ફળ રહ્યા છે તેના કારણોની તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નથાભાઇ પટેલ |
| ૫૮ | - - - " - - - | ૧૦૦ | સાબરમતી મધ્યસ્થ જેલમાં વગદાર કેદીઓને સુવિધાઓ આપી કમાણી કરવાનું કૌભાંડ ચાલે છે જે અંગે તપાસ કરી જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનમભાઇ પરમાર |

*આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થયેલ નથી.

અધ્યક્ષશ્રીઃ હવે માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા(વિરોધ પક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના ગૃહમંત્રીશ્રી તેઓના વિભાગની માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારાં અવલોકનો, સૂચનો, રાજયના ગૃહ વિભાગની નિષ્ફળતાઓ રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં બિરાજમાન ગૃહમંત્રીશ્રીના વિસ્તારમાં દસેક દિવસમાં લગભગ ૧૩ જેટલા ગંભીર ગુનાઓ બન્યા હોય જેમાં ગ્રીષ્માબેન પણ આવી જાય અને ગ્રીષ્માબેનના કેસમાં સરકારે ઝડપ તો કરી પણ એવા બીજા કેસમાં

પણ સરકાર ઝડપ કરે એ જરૂરી છે. આ સરકારમાં દિવસેને દિવસે વડોદરા, રાજકોટ, જામનગર, સુરત જેવાં શહેરોમાં અઘટિત ઘટનાઓ બનતી જાય છે એ ચાહે છેડતીના બનાવો હોય, બળાત્કારના બનાવો હોય, મારા મારીના બનાવો હોય પણ એ ડામવામાં આ રાજયનું ગૃહ તંત્ર નિષ્ફળ ગયું છે એમ કહીએ તો ખોટું નથી. મને ચોક્કસ ખ્યાલ છે કે, છેલ્લાં બે વર્ષમાં રાજયના ૩૧ જિલ્લામાં જે ઘટનાઓ બની અને ઘટના થકી આપણને ખ્યાલ આવશે કે રાજયના ગૃહ વિભાગની કામગીરી કેવી રહી છે? માનનીય અધ્યક્ષશ્રી, રાજયના ૩૧ જિલ્લામાં લૂંટના બનાવો બન્યા ૧,૦૨૪, ખૂનના બનાવો બન્યા ૧,૮૯૩, ધાડના બનાવો બન્યા ૨૩૧, ચોરીના બનાવો બન્યા ૧૮,૬૫૮, અપહરણના બનાવો બન્યા ૩,૯૧૧, આત્મહત્યાના બનાવો બન્યા ૧૫,૧૪૬, ઘરફોડ ચોરીના બનાવો ૫,૩૩૨, રાયોટિંગ ૧,૮૪૪, ખૂનની કોશિશ ૧,૬૭૯ ઉપરોકત ગણતરી જો કરીએ તો દર બે દિવસે ૫ ખૂન, ૫ અપહરણ, ૪૧ આત્મહત્યા. માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહ વિભાગનું જે તંત્ર છે ગામડાં લેવલે જે કામ કરે છે એ આત્મહત્યાના કેસને આકસ્મિક મોતમાં ખપાવવાના પ્રયત્નો કરી રહ્યું છે. આ તંત્રની આવી જે કામગીરી છે એને કારણે ગૃહ વિભાગ પર જે પ્રજાનો વિશ્વાસ હોવો જોઇએ એ વિશ્વાસ ઉઠી ગયો છે. રાજયના ગ્રામીણ વિસ્તારમાં જે પોલીસ સ્ટેશનો આવેલા છે, આઉટ પોસ્ટ છે અને એ આઉટ પોસ્ટની અંદર કામ કરતા કર્મચારીની સંખ્યા છે એ ઓછી હોવાના કારણે પણ આવા બનાવો બનતા હોય છે એવું જોવામાં આવ્યું છે, ત્યારે રાજયના આદિવાસી વિસ્તારો હોય કે કચ્છ-સૌરાષ્ટ્રનો વિસ્તાર હોય એ તમામ આઉટ પોસ્ટની અંદર કર્મચારીની સંખ્યામાં વધારો કરવો ખૂબ જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોસ્ટલ હાઇવે અને તેની આજુબાજુમાં થતી ચોરીઓ અટકાવવા આ તંત્ર નિષ્ફળ ગયુ છે. અગાઉ એ વાતની ચર્ચા થઇ છે તેમ છતાં મારે સરકારને પૂછવું છે કે દરિયાકાંઠા ઉપર જે બંદરો આવેલા છે, જે જેટીઓ આવેલી છે તેમાં વારે અને ઘડીએ ડ્રગ્સની ચોરીઓ થાય છે અને ડ્રગ્સની જે ચોરીઓ થાય છે તે મોટાં માથા સુધી તમે આજદિન સુધી પહોંચી શકયા નથી. શા માટે તમે તેની તપાસ કરતા નથી તેનુ કારણ આ ગુજરાતની પ્રજા જાણવા માગે છે? ખાસ કરીને જે નશીલા દ્રવ્યો આવે છે તે નશીલા દ્રવ્યોથી ગુજરાતનું યુવાધન બગડતું જાય છે અને તેને અટકાવવા માટે તમે સઘન પગલાં નહીં લેશો તો આપણે પહેલાં ઉડતા પંજાબ કહેતા હતા હવે ઉડતા ગુજરાતનો વારો નહીં આવે તેની કાળજી તમારે રાખવી પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, દેશના ગૃહમંત્રી જયારે આ ગુજરાતની મુલાકાતે આવ્યા ત્યારે ગૃહ વિભાગે હમણાં એક પુસ્તક પ્રકાશિત કર્યુ હતું તેનુ નામ હતું સુરક્ષા, સુવાસ અને સંવેદના. આ પુસ્તક ખાનગી પ્રેસમાં છપાવવામાં આવ્યું અને ખાનગી પ્રેસમાં છપાવતાં પહેલાં રાજય સરકારની જે પ્રેસ છે તેની અનુમતિ મેળવવાની હોય છે. તમે કદાચ અનુમતિ મેળવી કે ના મેળવી પણ તેની પાછળ લગભગ ૫,૧૦૦ જેટલા પુસ્તકો છપાવવા આ સરકારે ૧૭ લાખ રૂપિયાનો ખર્ચો કર્યો છે અને આ ખર્ચો કર્યો હોય ત્યારે તેની ટેન્ડર પ્રક્રિયા હોવી જોઇએ. એ ટેન્ડર પ્રક્રિયા તમારા વિભાગે નથી કરી અને કરી હોય તો તમારા જવાબમાં બતાવજો, અમને ચોક્કસ કહેજો.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં બે વર્ષમાં આપણી રાજસ્થાનની બોર્ડર હોય, મધ્યપ્રદેશની બોર્ડર હોય અને તે બોર્ડર ઉપરથી અને ખાસ કરીને આ બાજુ સુરત, વાપી તરફના આપણા જે કેન્દ્ર સરકાર હસ્તકના રાજયો છે તેમાંથી મોટા પ્રમાણમાં દારૂ, નશીલા દ્રવ્યોની હેરાફેરી થતી હોય છે અને એ હેરાફેરી અટકાવવામાં આ તંત્ર નિષ્ફળ ગયુ છે. અમારા પૂર્વ ગૃહમંત્રી આવી ગયા મને ખ્યાલ છે, કોઇ પણ ચમરબંધીને અમે છોડીશું નહીં એ એમના શબ્દો હતા અને એમની જે વાત હતી આ ગૃહને ખાતરી આપેલી હતી એ ખાતરી પ્રમાણે તમે પણ કોઇ પણ ચમરબંધીને છોડશો કે નહીં છોડવાના તે વાત મારે તમારી પાસેથી જાણવી છે?

માનનીય અધ્યક્ષશ્રી, રાજયનું પોલીસ બળ વધારવા માટે એલ.આર.ડી.ની પરીક્ષાઓ થઇ. પરીક્ષા થયા પછી,

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : એલ.આર.ડી.ની પરીક્ષામાં અમારા જિલ્લાના છોકરાઓ પાસ થયા. જાતિ પ્રમાણપત્ર ચકાસણીના બહાના હેઠળ હજુ સુધી તેમને નોકરી મળી નથી. મને ખ્યાલ છે કે, તેમને આપણે નોકરી આપી શકયા હોત તે પાસ થયેલા છોકરાઓને તમે વેઇટિંગ લિસ્ટમાં રાખવાના છો કે ફરી પાછા નવેસરથી પરીક્ષા આપવાની છે તેની પણ ચોખવટ કરે? માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહ વિભાગનો મામલો છે અને તેમના વિસ્તારમાં જયારે આવી ઘટનાઓ અગાઉ બની. એવો બનાવ આખા ગુજરાતમાં ના બને તેની તકેદારી રાખવા માટે ગૃહ વિભાગ શું શું એકશન લેવા માગે છે તે આ ગુજરાતની પ્રજા જાણવા માગે છે તે જવાબ આપો ત્યારે તેનો ચોક્કસ ઉલ્લેખ કરજો?

**શ્રી વાસણભાઇ ગો. આહિર (અંજાર):** माननीय अध्यक्षश्री, राज्य के जनप्रिय मुख्यमंत्री आदरणिय श्री भुपेन्द्रभाई पटेल जी की सरकार के गृह मंत्री, नव जवान गृह मंत्री, आदरणिय हर्ष भाई अपने डिपार्टमेन्ट की डिमान्डें लेकर आए है, 42, 43 और 44। उस मांगो की प्रस्तुति में मैं अपना समर्थन करता हुं। और उन के बारे में कुछ बातें रखना चाहता हुं।

माननीय अध्यक्ष श्री, आज की स्थिति में राज्य में कुल 32 जेल हैं। इन में से, 04 मध्यस्थ जेल हैं, 11 जिला जेल हैं, 09 सब जेल हैं, 02 विशेष जेल हैं, 02 महिला जेल हैं,

04 खुली जेल हैं। राज्य सरकार ने पिछले पांच सालों में 6 नई जेल बनाई गई हैं। और प्रकार से - गलपादल, जो मेरे कच्छ में है, वहां गलपादर जिल्ला जेल, राजपीपला जिला जेल, जूनागढ़ ओपन जेल, अहमदाबाद महिला जेल, दाहोद सब जेल, दंतेश्वर में ओपन जेल बनाई गई है।

माननीय अध्यक्ष श्री, राज्य का गृह विभाग अत्यंत महत्त्वपूर्ण विभाग है। यह विभाग पूरे राज्य में कानून और व्यवस्था की उचित अमलवारी के लिए राज्य की जनता को आंतरिक सुरक्षा उपलब्ध करवाने की महत्त्वपूर्ण भूमिका अदा करता है। पूरे साल के दौरान कुछ छोटे-मोटे आंदलनों को छोड़कर राज्य में ऐसा कोई बड़ा आंदोलन नहीं हुआ है, ये हमारा गौरव है। ये हमारी सफलता है। ऐसी प्रवृत्ति न होने देने के लिए में राज्य सरकार को अभिनंदन देता हुं। I Realy congratulation to Mr. Sanghvi. आप को मैं बहोत बहोत अभिनंदन देता हुं। पीछले साल राज्य में स्थानिक निकाय चुनाव और राज्य की राजधानी गांधीनगर महानगर पालिका में चुनाव के दौरान किसी भी अवांछित घटना न होने देने के साथ शांतिपूर्ण माहोल में ये मतदान संपन्न कराने के लिए मैं राज्य सरकार को और गृह मंत्री और माननीय मुख्यमंत्री जी को बहोत बहोत अभिनंदन देता हुं।

माननीय अध्यक्ष श्री, माननीय अध्यक्ष श्री हमने देखा है की दो साल पहले कोविड-19 की महामारी में पूरा देश नहीं बलकी पूरा विश्व तहस-नहस हो गया था। लेकिन उस में भी हमारे गुजरात के गृह विभाग के ग्राम रक्षक दल के करीब 30 हजार सदस्यों ने रोज़ाना जो अपनी सन्मानार्थ सेवाएं दी हैं, उस के लिए में उन सभी को बहोत-बहोत अभिनंदन देता हुं। उन्हों ने जो अपनी सन्मानार्थ सेवाएं दी हैं, उस के लिए वे सभी अभिनंदन के पात्र हैं।

सरहदीय राज्यों के बीच में होने की वजह से गुजरात कानून-व्यवस्था और आतंकी गतिविधियों के मद्देनजर एक संवेदनशील राज्य है। राज्य की पांच सो बारह किलोमीटर जितनी लंबी पाकिस्तान से जुटी आंतरराष्ट्रीय सरहद राज्य के बनासकांठा- पाटन और और मेरे अपने डिस्ट्रीक्ट कच्छ से जुड़ी हुई है।

सरहदी राज्य होने की वजह से सीमा पार से होनेवाली घुसपैठ को रोकने के लिए राज्य की पुलिसने महत्त्वपूर्ण भूमिका निभाई है। गुजरात राज्य की सरहद को मजबूत बनाने के लिए केन्द्र सरकार की ओर से करीब चार हजार चारसो तियांलिस करोड़ रुपए, इस राज्य को कानून और व्यवस्था मजबूत बनाने के लिए, कच्छ और बनासकांठा जिले में दो बटालियन मंजूर की गई हैं और बनाई गई है। इस के लिए मैं केन्द्रीय गृह मंत्री श्रीमान अमित भाई शाह और देश के प्रजावत्सल प्रधान मंत्री आदरणिय नरेन्द्र भाई मोदी जी का बहोत-बहोत आभार व्यक्त करता हुं और अभिनंदन देता हुं, कि दिल्ली मैं बैठे हुए भी अपने कच्छ और गुजरात की वो चिंता करते हैं। और इतनी सारी बडी राशि गुजरात को मंजूर करते हैं।

गुजरात राज्य की सरहदों को मजबूत बनाने के लिए सरकारी जमीनों का ज्यादा से ज्यादा उपयोग करते हुए पुलिस अधिकारी और कर्मचारियों के लिए राज्य सरकारने आधुनिक बहुमंज़िला ईमारतें बनाने का फैसला लिया। इस में अब तक चार हजार चारसो तियांलिस करोड रूपए खर्च किए गए हैं और अड़तालीस हजार छेसो पचास आवास बनाकर हमने दे दिए हैं। ये हमारे गृह विभाग की एक उपलब्धी गिनाई जा सकती है।

राज्य सरकार ने घुसखोरी और बुराईयों को दुर करने के लिए 18 जिलों में ए.सी.बी. पुलिस थाने शुरू किए हैं। साथ में नये 6 जिलों में ए.सी.बी. पुलिस थाने बनाने का आनेवाले दिनों में हम विचार कर रहे हैं। विश्वास प्रोजेक्ट के तहत चौंतिस जिले, छे धार्मिक स्थल और केवडिया कोलोनी को मिला कर कुल इकतालिस स्थानों में छे हजार सी.सी.टी.वी. कैमरे लगा कर अपराधियों की खोज करने में राज्य की पुलिस को अच्छी सफलता प्राप्त हो रही है।

विश्वास प्रोजेक्ट के तहत पूरे साल के दौरान, चोरी और लूंट के एक हजार एक सो तेईस, एक्सिडेंट के सात सो सतरह, अपहरण के तीन सो पिंन्चान्वे, और अन्य अपराध मिलाते हुए कुल पांच हज़ार तीन सो बहत्तर जितने अपराध हल करने में मेरी गुजरात की पुलिस को सफलता प्राप्त हुई है।

राज्य के पुलिस विभाग को मजबूत बनाने के लिए पुलिस महकमे में एक साल में ग्यारह हज़ार आठ सो इक्तालीस अधिकारीयों की भर्ती हमारे आदरणीय प्रदिप सिंह जी के नेतृत्व में की गई थी। कर्मचारीयों की भर्ती की गई थी। राज्य सरकार के पुलीस की आधुनिकीकरण के लिए एक साल के दौरान हमने एक हज़ार पांच सो बीस वाहन खरीदे हैं। राज्य की फोरेन्सिक विज्ञान शाखा-लेबोरेटरी, जो एक साल के दौरान कुल दो लाख अस्सी हजार आठ सो एकत्तीस केस में से पांच लाख इक्यासी हजार छेसो बारह केस का सफलतापूर्वक परीक्षण कर के पूरे देश में नाम रोशन किया है।

અધ્યક્ષશ્રી : आप के पास दो मिनिट हैं।

**શ્રી વાસણભાઇ ગો. આહિર :** माननीय अध्यक्ष श्री, मेरे एक - दो सुझाव भी हैं। माननीय गृह मंत्री जी मुझे संपूर्ण भरोसा है। जहां से आप और हम कच्छ से आ रहे हैं। पाकिस्तान से जुडी ये बोर्डर है। आज हमारा कच्छ का ईस्ट कच्छ और वेस्ट कच्छ दो डिस्ट्रीक्ट हैं। वेस्ट कच्छ में कुछ कर्मीयों की जगह खाली है। आज हमारे मोथाला है, अबडासा है, नारायण सरोवर जैसे ईन्टिरियर क्षेत्र हैं। उस में कुछ महेकम भी कम है।

इस लिए मेरी माननीय गृह मंत्री जी से प्रार्थना है की वो महेकम पूरा करे। मेरे पूर्व कच्छ में टोटल पंदराह सौ का महेकम मंजूर है और आज की तारीख में ग्यारह सौ का महेकम भरा हुआ है। जिस के कारण हमारे खडीब जैसे ईन्टेरियर विस्तार जो हमारे देश के प्रजावत्सल प्रधान मंत्री श्री नरेन्द्र भाई मोदीजी ने, जो विश्व की धरोहर धोलावीरा को, जो वर्ल्ड हेरिटेज में लिया है। वहां भी हमारे पुलिस स्टेशनों की और सुरक्षा बढ़ाई जाए।

**ये शब्दों के साथ फिर एक बार आदरणीय श्री हर्ष भाई को इतने अच्छे, सकारात्मक जो बजेट में जोगवाई की है उसके लिए मैं बहोत बहोत धन्यवाद देता हुं। धन्यवाद। भारत माता की जय।**

શ્રી શૈલેષ મ. પરમાર (દાણીલીમડા): માનનય અધ્યક્ષશ્રી, રાજ્યના ગૃહમંત્રીશ્રી વિભાગની જે માંગણી ક્રમાંક-૪૨ અને ૪૩ લઇને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોરોનાની મહામારીમાં પોલીસના ઉચ્ચ અધિકારીથી માંડીને પોલીસના નાના કર્મચારીએ જે પ્રશંસનીય કામગીરી કરી છે, તે બદલ અધિકારીશ્રીઓથી માંડીને તમામ કર્મચારીશ્રીઓનો આજે દિલથી અભિનંદન આપુ છું અને એમનો આભાર માનું છું. ગૃહ વિભાગની માંગણીના અનુસંધાનમાં રાજ્ય સરકારના કર્મચારીશ્રીઓ દ્વારા ગ્રેડ-પે ની માંગણી કરવામાં આવી હતી. એક કમિટીની નિમણૂક થઇ, એક મહિનામાં રિપોર્ટ આપવાની વાત થઇ. તો મારી રાજ્ય સરકારને વિનંતી છે કે, ગુજરાત પોલીસના કર્મચારીશ્રીઓની જે ગ્રેડ-પેની માંગણી છે, એને મંજૂર કરવા માટે કોગ્રેંસ પાર્ટી માંગણી કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં થયેલા જાતિય આંદોલનો કે જે સામાજિક આંદોલનો હતા, એ પાટીદાર આંદોલનો હોય, એ દલિત સમાજના આંદોલનો હોય, એ ઓ.બી.સી. સમાજના આંદોલનો હોય કે અન્ય કોઇપણ આંદોલનો હોય, એ આંદોલનો જયારે સામાજિક આંદોલનો હતા ત્યારે એ આંદોલનોને સામાજિક આંદોલનો ગણીને સરકારશ્રી દ્વારા જે કેસો કરવામાં આવ્યા હતા એ કેસોને પાછા ખેંચવાની પણ કોગ્રેંસ પાર્ટી માંગણી કરે છે. આ જ વિધાનસભાની અંદર ગાંધીનગર શહેરને, પોલીસ કમિશનરની નિમણૂક કરીને પોલીસ કમિશનરના નેજા હેઠળ લેવું એવી જાહેરાત કરવામાં આવી હતી, એની જોગવાઇ કરવામાં આવી હતી, એનું બજેટ ફાળવવામાં આવ્યું હતું. એનું ગેઝેટ પણ બહાર પાડવામાં આવ્યું હતું. તેમ છતાં, આજસુધી ગાંધીનગરમાં પોલીસ કમિશનરની કચેરી મળી શકી નથી. એ કયા કારણોસર મળી શકી નથી, એ મારા કરતાં ગૃહમંત્રીશ્રી ખૂબ સારી રીતે જાણે છે. જે પણ અધિકારીશ્રીને મૂકવા માંગતા હોય તેમને કમિશનર તરીકે મુકી દો અને તાત્કાલિક ગાંધીનગર શહેરમાં પોલીસ કમિશનરની કચેરી ચાલુ કરવા માટે કોગ્રેંસ પાર્ટી માંગણી કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને, આ ગુજરાત ગાંધી અને સરદારનું કહેવાય. પણ છેલ્લાં ૨૭ વર્ષના શાસનમાં ભારતીય જનતા પાર્ટી છેલ્લાં પાંચ વર્ષથી રાજ કરે છે અને પાંચ વર્ષના શાસન દરમિયાન ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં પણ પાંચ વર્ષમાં જે ૧૭ કરોડ ૪૨ લાખ ૮૦ કરતા પણ વધારે વિદેશી દારૂની બોટલો પકડાઇ છે. જેની કિંમત રકમ રૂપિયા ૫૨૧ કરોડ ૬૭ લાખ કરતા પણ વધારે થાય છે. ૬૩ લાખ ૭૫ હજાર બિયરની બોટલો પકડાઇ, જેની કિંમત રકમ રૂપિયા ૩૯ કરોડ ૯૩ લાખ થાય છે. ૬૧ લાખ ૪૨ હજાર લિટર દેશી દારૂ પકડાયો, જેની કિંમત રકમ રૂપિયા ૯ કરોડ ૬૦ હજાર કરતાં પણ વધારે થાય છે. આ રાજ્યમાં જે કેફીદ્રવ્યો પકડાયાં છે જેની કિંમત રકમ રૂપિયા ૪૩૮ કરોડ ૮૫ લાખ કરતા પણ વધારે થાય છે. આ આંકડા ફક્ત ગુજરાત વિધાનસભાની અંદર જે રજૂ કરેલા છે એ રજૂ કરેલા આંકડાના આધારે હું કહું છું કે વિદેશી દારૂ, દેશી દારૂ, બિયર અને કેફી દ્રવ્યો જે પકડાયાં છે એની કિંમત થાય છે ૬,૦૧૦ કરોડ ૭ લાખ ૨,૯૧૯ રૂપિયા જેટલી આ રકમ થાય છે. માનનીય મંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે તે બજેટની કિંમત ૮,૩૨૫ કરોડ છે, અને માનનીય મંત્રીશ્રી આજે પાંચ વર્ષમાં દારૂ કે અન્ય વસ્તુઓ પકડાઇ છે તેની કિંમત ૬ હજાર કરોડ કરતા પણ વધારે થાય છે. આ આંકડા તો એટલે આપ્યા કે વિધાનસભામાં રજૂ થયા છે. પણ એક જ વર્ષની અંદર આ રાજયની અંદર ૩૦ હજાર કરોડ રૂપિયા કરતા પણ વધારેનું ડ્રગ્સ પકડાયું છે અને એ ડ્રગ્સ ગુજરાતના જે બંદરો છે, જે પોર્ટ છે તે પોર્ટ ઉપરથી આ ડ્રગ્સ પકડવામાં આવ્યું છે. અને એની કિંમત ગણીએ તો ૩૦ હજાર કરોડ રૂપિયા કરતા પણ વધારે થાય. એટલે આપનું જે બજેટ છે એવા ત્રણ બજેટ રજૂ કરો તેમ છતાં પણ આ રકમ વધે એટલી મોટી રકમનું ડ્રગ્સ આ ગુજરાતમાં પકડાયું છે. અને ખાસ કરીને (અંતરાય) તમે કોને પકડયો મને કહો? મારે ટીકામાં નથી પડવું ગૃહ મંત્રીશ્રી, પણ આપણે ગુજરાતનો કાયદો અને વ્યવસ્થાના અનુસંધાનમાં આ માગણીઓ લઇને આવ્યા છો ત્યારે પોલીસ જાગતી રહે એટલે ગુજરાતની પ્રજા સો ટકા સુતી રહે. એમાં વૃદ્ધો આવી જાય, મહિલાઓ આવી જાય, બાળકો આવી જાય, કિશોરો આવી જાય, તમામ વર્ગના લોકો આની અંદર આવી જાય, પોલીસની કામગીરીને બિરદાવું છું. પણ થોડા ઘણા એવા પોલીસ કર્મચારીઓ અને અધિકારીઓ છે કે જેના લીધે આ રાજય સરકારની પોલીસ ઉપર પણ આંગળી ઉઠતી હોય છે. ત્યારે મારે ચોક્કસ કહેવું છે આ રાજય સરકારના વહીવટના આધારે મારે કહેવું છે. નેશનલ ક્રાઇમ રેકોર્ડ બ્યુરોના આધારે હું બોલવા માગું છું કે આઇ.પી. સી. મુજબ થયેલો ક્રાઇમ, કે જે વર્ષ ૨૦૧૮ કરતા વર્ષ ૨૦૨૦ની અંદર ૨,૩૪,૨૭૫ કેસો વધારે થયા છે. એટલે વર્ષ ૨૦૨૦ના ક્રાઇમ રેટ મુજબ ગુજરાતનો ક્રાઇમ રેટ ૯૭.૧ છે જયારે ઇન્ડિયાનો ક્રાઇમ રેટ ૭૫.૮ છે. આજ રીતે એસ.એલ.એલ. ક્રાઇમ મુજબ વર્ષ ૨૦૧૮ કરતા વર્ષ ૨૦૨૦માં ૭૨,૧૫૦ કેસ વધુ નોંધાયા છે. એટલે ગુજરાતનો ક્રાઇમ રેટ એસ.એલ.એલ. ક્રાઇમ મુજબ ૯૮.૮ થાય છે, આમ આઇ.પી.સી. અને એસ.એલ.એલ.ના ક્રાઇમ રેટ મુજબ ગણીએ તો ઇન્ડિયાનો ક્રાઇમ રેટ ૮૩.૫ છે, બિહાર જેવું રાજય જેનો ક્રાઇમ રેટ ૭૯.૨ છે, કોંગ્રેસનું રાજય જે તમે ઘણી વખત બોલતા હતા કે રાજસ્થાનનો ક્રાઇમ રેટ ૬૫.૧ છે. છત્તીસગઢનો ક્રાઇમ રેટ ૮૭.૩ છે. અને ગુજરાતનો ક્રાઇમ રેટ ૯૮.૩

છે. આ સરકારે ચિંતા કરવાની જરૂર છે. આ રાજયમાં મર્ડર થાય છે, અપહરણ થાય છે, બળાત્કાર થાય છે. નેશનલ ક્રાઇમ રેકોર્ડ બ્યુરોના આધારે હું કહેવા માગીશ કે મર્ડરનો જે ક્રાઇમ રેટ રેશિયો છે તે આંધ્રપ્રદેશમાં ૫.૮, ઝારખંડમાં ૭.૬, પંજાબમાં ૫.૦૦ જયારે ગુજરાતનો મર્ડરનો ક્રાઇમ રેટ રેશીયો ૮.૧ છે. અપહરણની વાત કરું તો બિહારનો ક્રાઇમ રેટ ૧.૩, આંધ્રપ્રદેશનો ક્રાઇમ રેટ ૦.૫, ઝારખંડ જેવા રાજયમાં ક્રાઇમ રેટ ૦.૩ છે, અને ગુજરાતનો આપહરણમાં ક્રાઇમ રેટ ૨.૦ છે. બળાત્કારની ખૂબ વાત થાય છે, ચર્ચા કરીએ છીએ, વિચારણા કરીએ છીએ, બધી જ પાર્ટી, કોંગ્રેસ હોય, ભાજપ હોય કોઇ પણ હોય બધા આ બાબતમાં અમે આપની સાથે છીએ, પણ જે રીતે બળાત્કારની વાત થઇ તો ઉત્તરાખંડ જેવા રાજયમાં ૨૭.૯ ટકા ક્રાઇમ રેટ છે. સિક્કીમ જેવા રાજયમાં ક્રાઇમ રેટ ૨૭.૧ છે. જયારે ગુજરાતનો ક્રાઇમ રેટ ૨૯.૦ છે. આ સૌથી ગંભીર બાબત છે. આમાં કયાં દીકરી બચાવો, બેટી બચાવોની વાત આવે છે. રાયોટિંગની વાત કરીએ તો વર્ષ ૨૦૨૦ના નેશનલ ક્રાઇમ રેકોર્ડ બ્યુરોના આધારે કહું તો રાજસ્થાનનો ક્રાઇમ રેટ ૦.૪ છે, આંધ્રપ્રદેશનો ક્રાઇમ રેટ ૦.૭ છે. ગુજરાતનો ક્રાઇમ રેટ ૧.૬ ટકા છે. ચોરી-લૂંટમાં બિહારનો ક્રાઇમ રેટ ઝીરો ઝીરો છે, આ નેશનલ ક્રાઇમ રેકોર્ડ બ્યુરોના આધારે બોલું છું. પશ્ચીમ બંગાલનો ક્રાઇમ રેટ ઝીરો ઝીરો બતાવે છે. ઇન્ડિયાનો ૦.૮ છે. જયારે ગુજરાતનો ક્રાઇમ રેટ ૦.૫ છે. રાજયની સૌથી દુઃખદ બાબત આ રાજયમાં મહિલાઓની સલામતીની વાત કરીએ છીએ, પરંતુ જેની ઉપર થયેલા ગુનાઓના આંકડા હું આ સભાગૃહમાં મૂકવા માગું છું. નેશનલ ક્રાઇમ રેકર્ડના આધારે કહીશ કે છત્તીસગઢ ક્રાઇમ રેટ ૭૬.૫ ટકા છે. ઝારખંડનો ક્રાઇમ રેટ ૭૮.૦ છે, રાજસ્થાનનો ક્રાઇમ રેટ ૫૫.૦ જયારે ગુજરાતનો ૯૪.૬ છે એટલે આપણે નક્કી કરવાનું છે કે મહિલા ઉપર થતા અત્યાચારમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર કેટલી ચિંતા કરે છે એનો આપણે વિચાર કરવો પડશે.

થોડા આંકડા વિધાનસભા ગૃહમાં રજૂ કરવા માગું છું. મહિલા સુરક્ષાની વાત કરીએ છીએ પરંતુ હકીકતમાં આપણે સુરક્ષા આપી શકયા છીએ એને બચાવી શકયા છીએ ખરા? ગુજરાતમાં છેલ્લાં પાંચ વર્ષમાં ૬,૩૧૬ બળાત્કારની ઘટનાઓ બની છે. સામૂહિક બળાત્કારની ૭૨ ઘટનાઓ બની છે અને ખાસ કરીને હું અમદાવાદ શહેરમાંથી આવું છું પાંચ વર્ષમાં ૯૭૭ ઘટના બની છે. ગૃહમંત્રીશ્રી જે શહેરમાંથી આવે છે એ સુરત શહેરમાં ૭૫૩ ઘટનાઓ બળાત્કારની બની છે. અને સૌથી કરુંગણા અને દુઃખદ બાબત એ છે કે આ રાજયની અંદર વસતા સિનિયર સિટિઝન જેની ઉપર ૬૫ વર્ષ કરતા વધારે છે એ પોતે પોતાને ત્યાં રહે છે ત્યારે આ રાજયની અંદર સિનિયર સિટિઝન જે મહિલા અને વૃદ્ધો છે એની ઉપર જયારે બળાત્કારની કોઇ ઘટના થાય આનાથી દુઃખદ અને કરુંગણ બાબત કોઇ હોઇ ન શકે. આ રાજયની અંદર આજે સિનિયર સિટિઝન મહિલાઓ ઉપર બળાત્કાર થઇ રહ્યા છે. અપહરણની છ ઘટનાઓ બની છે અને ઘટનાઓને કારણે સિનિયર સિટિઝન વ્યકિતઓ આ રાજયમાં સલામતી અનુભવતા નથી એ આપણા માટે દુઃખની બાબત છે. ખાસ કરીને વર્ષ ૨૦૧૫-૧૬માં જે બળાત્કારના કેસો થયા હતા એના પ્રમાણમાં વર્ષ ૨૦૧૯-૨૦માં ૨૮૯ કેસનો આ રાજયમાં વધારો થયો છે. સામૂહિક બળાત્કાર વર્ષ ૨૦૧૫-૧૬માં ફકત પાંચ જ થયા હતા એની જગ્યાએ આજે ૨૦ કેસ થયા છે. એમાં ૧૫ કેસનો વધારો થયો છે. જો પોલીસનો ડર હોય પોલીસની બીક હોય કે પોલીસના લીધે કે એના ડર કે બીકના લીધે આ બનાવો અટકી શકે છે, પરંતુ કયા કારણોસર આ બનાવો દિન પ્રતિદિન વધતા જાય છે એ સમજાતું નથી. જનરલી ગુજરાતનો ક્રાઇમ રેટ ઓવરઓલ તમામ બાબતોની અંદર નેશનલ ક્રાઇમ રેટ બ્યુરોના આધારે કહેવા માગું છું કે વર્ષ ૨૦૨૦નો ક્રાઇમ રેટ રાજસ્થાનનો ૯૬.૩ છે. આંધ્રપ્રદેશનો ૮૪.૦૨ છે.પંજાબનો ક્રાઇમ રેટ ૭૭.૦૭ છે જયારે ગુજરાતનો ક્રાઇમ રેટ ૧૧૦.૦૬ છે તેથી આની અંદર સરકારે અને ગૃહ મંત્રીએ ખૂબ ઉંડાણપૂર્વક વિચારવાની જરૂર છે. આમાં કયાં કાયદો અને વ્યવસ્થાની વાત આવી કોણે તમને રોકયા છે. ખાસ કરીને ડ્રગ્સની વાત છે. આવનારી ગુજરાતની પેઢી આ ગુજરાતનું જયારે ભાવિ નક્કી કરવાની છે ત્યારે ગુજરાતના કિશોર વર્ગની અંદર જે ૧૬ થી ૧૮ વર્ષના છે એની અંદર નશાખોરીનું પ્રમાણ અતિશય વધી રહ્યું છે. ગુનાખોરીનું પ્રમાણ પણ ખૂબ મોટા પ્રમાણમાં વધી રહ્યું છે. ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા રાજયસભાની અંદર જવાબ આપવામાં આવ્યો છે કે ઉત્તર પ્રદેશ, બિહાર અને પંજાબ કરતાં પણ વધારે ગુજરાતના કિશોરો સામે પોલીસ ફરિયાદનું પ્રમાણ સૌથી વધુ છે. આ રાજયસભાની અંદર ગૃહમંત્રાલયે જવાબ આપેલો છે.

રાજયમાં બાળ અપરાધો રાજસ્થામાં ૬,૫૦૦ છે, બિહારમાં ૩,૩૦૦ છે, ઉત્તર પ્રદેશમાં ૨,૮૦૦ છે જયારે ગુજરાતમાં ૬,૦૦૦ જેટલા કિસ્સા બનેલા છે. પકડાયેલા ગુનેગાર રાજસ્થાનમાં ૮,૩૦૦ છે, બિહારમાં ૨,૧૦૦ છે, ઉત્તર પ્રદેશમાં ૩,૧૦૦ છે જયારે ગુજરાતની અંદર ૭,૨૫૩ પકડાયેલા બાળ ગુનેગારો છે. કિશોરોના પ્રમાણમાં રાજયની અંદર જે ગુનાહિત પ્રવૃતિ થઇ રહી છે એ ગુનાહિત પ્રવૃતિમાં ગુજરાત ભારતમાં ૬.૩ ટકા એફ.આર.આઇ. નોંધાયેલ છે એવો રાજયસભામાં જવાબ રજૂ થયો છે.

મારે એક વાત કરીને મારી વાત પૂરી કરવી છે. આ રાજયમાં સાયબર ક્રાઇમ ખૂબ સારું કામ કરે છે એના લીધે વર્ષ ૨૦૧૮ કરતાં વર્ષ ૨૦૨૦માં સાયબર ક્રાઇમમાં ૫૮૧ જેટલા વધારે ગુનાઓ નોંધાયા છે. આ ગુનાઓ નોંધાયા છે તે માટે સાયબર ક્રાઇમ જે કામ કરી રહી છે તે માટે તેમને પણ હું અભિનંદન આપું છું. નેશનલ ક્રાઇમ રેકોર્ડ બ્યુરોના આધારે આપણે કહીએ કે વર્ષ-૨૦૨૦માં દેશમાં અન્ય રાજ્યોની સરખામણીમાં ગુજરાતની તમામ કોર્ટો દ્વારા સૌથી વધુ જે ક્રિમિનલ કેસો રદ કરવામાં આવ્યા છે તેની સંખ્યા છે ૨,૬૬૬. આ ખૂબ ગંભીર બાબત છે. જયારે કોર્ટ કોઇ ક્રિમિનલ કેસ જયારે રદ કરતી હોય એનો મતલબ એવો થયો કે પોલીસ સ્ટેશનમાં બેઠેલો અધિકારી, તેનો ઉચ્ચ અધિકારી હોય તેણે ખોટો કેસ કર્યો હશે. નિર્દોષ

નાગરિક સામે ખોટી સજાની વાત કરી હશે. જેલમાં પૂરવાની વાત કરી હશે. તેને ડરાવવાની વાત કરી હશે. એવા ૨,૬૬૬ કેસ કોર્ટે કેન્સલ કર્યા છે ત્યારે પોલીસ તંત્ર દ્વારા આ રીતે ખોટા કેસો કરવામાં આવ્યા છે તેનું પ્રમાણ નેશનલ ક્રાઇમ રેકોર્ડ બ્યુરોના આધારે જોવા મળે છે. આ રાજ્યના સૌથી મોટાં શહેરો કે જ્યાં બળાત્કાર થાય છે તેમાં ગુજરાતનો આઠમો નંબર આવે છે. અમદાવાદમાં ૧,૩૦૦, સુરતમાં ૧,૩૦૦, કલકત્તાનો રેશિયો ૧૨૯.૫, મુંબઇનો ૩૧૮.૬ અને અને બેંગલોરનો ૪૦૧.૯ છે. આમ, જે રીતે કેસો વધી રહ્યા છે એ જોતાં મારી સરકારશ્રીને પણ વિનંતી છે. પોલીસ પોલીસનું કામ કરે છે પણ રાજ્ય સરકાર દ્વારા પોલીસ વિભાગમાં ભરતીઓ કેમ કરવામાં આવતી નથી? પોલીસ વિભાગની ખાલી જગ્યાઓમાં પી.એસ.આઇ.ની ૩૭૨ જગ્યા ખાલી, આઇ.પી.ઓ.ની ૨૭ જગ્યા ખાલી, એ.એસ.આઇ.ની ૯૩૮ જગ્યાઓ ખાલી, લોકરક્ષક રિક્રુટમેન્ટ બોર્ડ જેને એલ.આર.ડી. કહેવામાં આવે છે. તેની ૧૦,૪૫૯ જગ્યાઓ ખાલી છે. પોલીસ કોન્સ્ટેબલની ૬,૨૩૮ જગ્યાઓ ખાલી છે, આમ આ રાજ્યમાં પોલીસ ખાતાની કુલ ૧૮,૧૦૯ જગ્યાઓ ખાલી છે. દુઃખની વાત તો એ છે કે આ રાજ્યની અંદર સાડા છ કરોડ ગુજરાતીઓ છે એ ગુજરાતીઓનો રેશિયો ગણીએ તો આ ગુજરાતની અંદર ૭૦૦ વ્યક્તિ સામે ફક્ત એક જ પોલીસકર્મી છે, માટે માનનીય મંત્રીશ્રી જે આ માગણીઓ લઇને આવ્યા છે તેને હું કોઇ સંજોગોમાં સમર્થન આપી શકું તેમ નથી.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ(નવસારી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ અને અમારા યુવાન રાજ્ય ગૃહમંત્રી હર્ષભાઇ સંઘવી સાહેબ રાજ્યની કાયદો અને વ્યવસ્થા સુદ્રઢ બને અને રાજ્યના નવયુવાનો અને યુવતિઓને રોજગાર મળી રહે તેના માટે સતત પ્રયત્નશીલ છે અને આજે માનનીય રાજ્ય કક્ષાના મંત્રીશ્રીએ માગણી ક્રમાંક-૪૨, ૪૩ અને ૪૪ રજૂ કરી છે જેને હું સમર્થન કરું છું અને આ બાબતે મારું મંતવ્ય રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ભૂતકાળમાં જવાની જરૂર નહોતી કારણ કે વર્તમાનમાં જ એટલા કાર્યો કર્યા છે પરંતુ શૈલેષભાઇએ જે વાત કરી છે તેના પર મારે ભૂતકાળમાં જવું પડે છે. આપણે ભૂતકાળને ભૂલતા નથી. ૨૮-૨૮ કિલોમીટર સુધીની યાત્રા, ભગવાન જગન્નાથજીનો તે વખતનો રથ બુલેટપ્રૂફ ગાડીમાં લઇ જવામાં આવતો હતો એના આપણે સાક્ષી છીએ. દરેક શહેરો પોતાનાં આકાઓથી ઓળખાતાં હતાં. એના પણ આપણે સાક્ષી છીએ. મારે પોરબંદરની માફિયાગીરી હોય, સલાયાની દાણચોરી હોય, ભરૂચની લુખ્ખાગીરી હોય, લતીફનું રાજ હોય કે રિસાલદારનો દરબાર હોય, ભડકે બળતું અમદાવાદ હોય કે ભડકે બળતું વડોદરા હોય એ વાત મારે નથી કરવી. આજે રાજ્યની અંદર પોલીસ એટલે શું? પોલીસ એટલે પ્રજામાં ડર ઉત્પન્ન થાય તે પોલીસ નહીં, પરંતુ પ્રજાની મિત્ર એટલે પોલીસ. ગુનેગારોને છાવરે તે પોલીસ નહીં પરંતુ ગુનેગારને તાત્કાલિક પાતાળમાંથી શોધી લાવે તે અમારી પોલીસ છે. ગુનેગારને છાવરીને ફરિયાદને ગોળ ચકરાવે ચડાવે તે પોલીસ નહીં પણ વધુમાં વધુ ગુના ડિટેક્ટ કરી ગુનેગારને સજા અપાવે તે પોલીસ છે. અમારા યુવાન ગૃહમંત્રીને અભિનંદન આપવા છે. એ પ્રયાસ નહીં, પરિણામમાં માને છે. દુષ્કર્મની જો વાત કરવામાં આવી છે, આ સમાજમાં એક પણ બનાવ બનવો જોઇએ નહીં. એ સમાજ માટે લાંછન છે એમ કહું તો ખોટું નથી પરંતુ એ આપણા હાથમાં નથી. મને જણાવતા આનંદ એ વાતનો છે કે અત્યાર સુધીના એક મહિનાના ટૂંકા ગાળામાં આ દુષ્કર્મના કિસ્સાઓમાં સાત જેટલા ગુના ડિટેક્ટ થયા છે અને એકને તો એક જ મહિનામાં ફાંસીની સજા આપવામાં આવી છે એ સમાજમાં ઉદાહરણરૂપ છે એમ કહું તો ખોટું નથી. આ સજાને લીધે ગુનેગારો કોઇ પણ ગુનો કરતા અટકશે. માનનીય હર્ષભાઇ જે રીતે કામ કરે છે એના માટે એક શાયરી કહેવી છે.

'' ન કરતો ભાગ્યની પરવા હું એને ખુદ ઘડી લઉં છું,
ગ્રહો વાંકા પડે જો કોઇ તો સીધા ગોઠવી દઉં છું.''

માનનીય અધ્યક્ષશ્રી, પોલીસતંત્રને વધુ કાર્યક્ષમ બનાવવા માટે છેલ્લાં પાંચ વર્ષમાં ૨૯,૦૦૦ કરતા વધુ ભરતીઓ કરવામાં આવી છે અને અત્યારે ૧૨,૦૦૦ જગ્યા ઉપર ભરતીની પ્રક્રિયા ચાલુ છે. ડ્રગ્સની જે વાત કરવામાં આવી છે એ બધાને માટે સંવેદનશીલ વિષય છે. બધાએ આની ચર્ચા અને વિચારણા કરવી પડે એવી આ પરિસ્થિતિ છે. સમગ્ર દુનિયામાં કોઇપણ દેશ એવો નથી કે જે આમાંથી બચી શકયો હોય. એ વિકસિત દેશ હોય કે વિકસતો દેશ હોય, આપણી બધાની એમાં સંયુકત જવાબદારી છે. હું માનું છું કે અત્યારે જે ઘટનાઓ બની છે, આજે જે વાત કરવામાં આવે છે કે અત્યારે ડ્રગ્સ પકડાયું છે પણ એ ડ્રગ્સ અમારી સરકારે પકડયું છે. એ રાજસ્થાન અને મહારાષ્ટ્રમાં જતું અટકાવ્યું છે. એનું કારણ છે કે ડ્રગ્સ સાથે સંકળાયેલા ઇસમોએ એ માહિતિ આપી કે આ ડ્રગ્સ ગુજરાત સરકારે ના પકડયું હોત તો એ રાજસ્થાન અને મહારાષ્ટ્રમાં પહોંચતું કરવાનું હતું. આપણને સૌને ગૌરવ થાય એવી વાત કરું છું કે હાલમાં જ વડાપ્રધાનશ્રી આપણી ગુજરાતની ધરતી ઉપર આવ્યા, આપણી ગુજરાતની ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી અને આપણી રક્ષા યુનિવર્સિટીને પ્રધાનમંત્રીશ્રીએ રાષ્ટ્રીય દરજ્જો આપ્યો છે એટલા માટે આ કહેવાનું મન થાય કે આ રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના નરેન્દ્રભાઇએ નવા સંકુલનું લોકાર્પણ કર્યું. રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી દેશભરમાં રક્ષાના ક્ષેત્રમાં પોતાની કારકિર્દી બનાવવા માગતા હોય એવા યુવાનો માટે આ વિસ્તૃત ક્ષેત્ર છે. વેલ ટ્રેઇન મેનપાવર એ સમયની માંગ છે. રક્ષાના ક્ષેત્રમાં એકવીસમી સદીના પડકારોને અનુરૂપ વ્યવસ્થા વિકસિત થાય તે હેતુ સાથે પુનઃરચના કરવામાં આવી છે. આ પહેલાં પણ આ યુનિવર્સિટી ગુજરાત પૂરતી સીમિત હતી, પરંતુ કેન્દ્ર સરકારે આને માન્યતા આપી છે અને આ યુનિવર્સિટી દેશનું ઘરેણું છે એમ કહું તો ખોટું નથી. આ રક્ષા યુનિવર્સિટી દેશભરમાં વિસ્તાર કરશે. વિરોધ પક્ષ સતત કયારેક કયારેક સંતોષ દર્શાવી ના શકે. એમની મજબૂરી છે. એમનો હિસાબ અલગ છે, પણ હું કહીશ કે

સરકાર બધાને સુખ આપવા બેઠી છે પરંતુ વિરોધ પક્ષને સત્તા સુખ આપી શકાય એમ એમ નથી.'' દરેક વાતમાં બસ એક જ હિસાબ લાગે છે, ન આપે સુખ તો ઇશ્વર પણ ખરાબ લાગે છે.'' આભાર.

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહમંત્રીશ્રી પોતાના વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા નેતા અને ઉપનેતાશ્રીએ આંકડાકીય માહિતી સાથે ઘણી બધી વિગતો રજૂ કરી છે. એનો પુનરોચ્ચાર નહીં કરતાં ગૃહ વિભાગ રાજ્યની શાંતિ, સુખ અને સલામતિ માટેની જવાબદારીઓ નિભાવે છે, ત્યારે વિભાગમાં જે અધિકારીઓ કામ કરે છે એ અધિકારીઓએ ભૂતકાળમાં પણ રાજ્યના ઘણા બધા અધિકારીઓના નામ લઇને પણ આપણે કહેવું હોય તો કહી શકીએ કે ગૃહ વિભાગની અંદર અસરકારક કામગીરી કરીને રાખ્યમાં સુખ, શાંતિ અને સલમતિ જાળવવા માટે મહત્વની કામગીરી બજાવી હોય પણ અહીંયા કહેવાયું એ પ્રમાણે બધા લોકો ખરાબ નથી હોતા. અમુક ખરાબ કાર્યપદ્ધતિના કારણે સમગ્ર વિભાગ બદનામ થતો હોય છે અને એ આપણે સ્વીકારવું જોઇએ. ગુજરાતમાં દારૂબંધી છે. દારૂબંધીનો કડક અમલ થાય તેના માટે આપણે અવાર-નવાર પુનરાવર્તન કરીને વાતો કરીએ છીએ. એનો કાયદો ઘડવામાં આવ્યો છે પણ ખરેખર અમલવારી થાય છે કે કેમ? જે રીતે અહીંયા આંકડા આપવામાં આવ્યા એ તો જે રેકર્ડ ઉપર પકડાયા છે એનું રેકર્ડ આપવામાં આવે છે. પણ જે નથી પકડાયા તેનું શું? ૧૬૦૦ કિલોમિટરનો દરિયા કિનારો અને એ દરિયા કિનારા ઉપર વસતા લોકોમાં ખાસ કરીને દેશી દારૂનું જે ઉત્પાદન થઇ રહ્યું છે અને એ દેશી દારૂમાં જે મટિરિયલ વપરાય છે એમાં ન વાપરવા જેવું વાપરવામાં આવે છે તેના કારણે ભૂતકાળમાં પણ મેં આ વિધાનસભા ગૃહમાં કહ્યું છે કે એક દીકરી કે બહેન એક-બે બાળકોની માતા બને અને એણે ૨૪-૨૫ કે ૨૮ વર્ષની ઉંમરે વિધવા થવાનું આવે. આ સ્થિતિ છેલ્લાં વર્ષોમાં દિન પ્રતિદિન વધતી જાય છે ત્યારે જે અધિકારીઓ સારું કામ કરે છે, કાયદાનો કડક રીતે અમલ કરાવે છે એવા અધિકારીઓને વિભાગ દ્વારા સાઇડ લાઇન કરવામાં આવે છે. આ સ્થિતિ પણ છેલ્લાં વર્ષોમાં જોવા મળે છે. તમે એવા અધિકારીને જવાબદારી સોંપો કે કાયદો અને વ્યવસ્થા અસરકારક રીતે જળવાય. એવા અધિકારી એક જિલ્લામાં પોસ્ટિંગ મેળવે અને એસ.પી., આઇ.જી., કે પછી ઉના પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઇ. કે પી.આઇ. એની નિમણૂક થાય તો જે તમામ પ્રકારની અસામાજિક પ્રવૃત્તિ છે એ સંપૂર્ણપણે બંધ થઇ જાય. મહિનો દિવસ થાય પછી ફરી વખત રાબેતા મુજબ એ કામગીરી પુનઃ ચાલુ થઇ જાય. એનો અર્થ એ થાય કે કડક કામગીરી કરવામાં આવે અને બંધ કરાવવામાં આવે છે એટલે મહિના દિવસ પછી હપ્તો વધી જાય. આ સ્થિતિ હકીકતમાં વાસ્તવિક રીતે છે. એની સાથોસાથ દારૂની સાથે ગ્રામ્ય વિસ્તારમાં તાડી વેચવાના નામે ગામડે ગામડે વેચાણ ચાલુ થઇ જાય છે. તાડી શિયાળામાં ઉત્પન્ન થાય છે. પણ અત્યારે જે રીતે ગામડે ગામડે તાડીનું વેચાણ થાય છે એમાં નશીલા પદાર્થો નાખીને ૨૪ કલાક સુધી સતત વેચવામાં આવે છે. એના કારણે લોકોનું આરોગ્ય પણ બગડે છે. ઉના ખાતે ગીર સોમનાથ જિલ્લો અલગ બન્યો. ડી.વાય.એસ.પી. કચેરી બનાવવા માટે અને ડી.વાય.એસ.ટી.નું પોસ્ટિંગ આપવા માટે અગાઉ જિલ્લા કક્ષાએથી દરખાસ્ત કરવામાં આવી છે. ઘણા લાંબા સમયથી આપવામાં આવી છે. પૂર્વ ગૃહમંત્રીશ્રીએ વિધાનસભામાં રેકર્ડ ઉપર ખાતરી આપી હતી કે અમે આગામી દિવસોમાં કરીશું પણ હજી સુધી થયું નથી. ત્યાં બે બંદરો આવે છે અને ક્રાઇમ રેટ પણ વધ્યો છે એટલે ડી.વાય.એસ.પી. કચેરી ઉના ખાતે આપવાની વાત છે એ આપવામાં આવે. ઉનામાંથી ગીર ગઢડા તાલુકો નવો બન્યો છે. ઉનામાંથી જે ગામો ગીર ગઢડામાં ગયા છે એની વહીવટી, મહેસૂલી અને પંચાયતની કામગીરી ગીર ગઢડામાં થાય છે. અમુક ગામો હજુ ઉના પોલીસ સ્ટેશન સાથે કામગીરી કરે છે. જ્યારે કોઇ પકડાય કે કોઇ ગુનાના કામે રજૂ કરવામાં આવે તો પોલીસ ઉનાની હોય અને કોર્ટ ગીર ગઢડાની જે કોર્ટ ચાલુ થઇ ગઇ છે એ હોય. વહીવટી રીતે એકસૂત્રતા જળવાય તે માટે જે ગામો ઉના પોલીસ સ્ટેશનમાં છે અને ગીર ગઢડામાં ગયા છે એ તમામ ગામોને તાત્કાલિક અસરથી ગીર ગઢડા પોલીસ સ્ટેશનના હવાલે મૂકવા જોઇએ. તેવી જ રીતે કોડીનાર તાલુકાના ત્રણ ગામો અમારા ગીર ગઢડા તાલુકામાં આવ્યા છે એનું પોલીસ સ્ટેશન કોડીનારમાં આવે છે પણ હકીકતમાં એની પંચાયત અને મહેસૂલી વહીવટની કામગીરી ગીર ગઢડામાં થાય છે. આની એકસૂત્રતા જળવાય એ માટે આ ગામોને પણ તાત્કાલિક અસરથી ગીર ગઢડા પોલીસ સ્ટેશનની નીચે મૂકવામાં આવે એવી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

**(વિરામ સાંજના ૫-૩૦ થી ૬-૦૦)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના માનનીય ગૃહમંત્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારાં સૂચનો અને સભ્યશ્રીઓએ જે વાતો કરી છે તેમાં હું પણ મારી વાત કહેવા માગું છું. મારી પહેલા હમણા આ ગૃહના સભ્ય પીયૂષભાઇ દેસાઇ બોલતા હતા મેં બહુ શાંતિથી સાંભળ્યા. એમને વલ્લભભાઇની ઉંચાઇ થોડી મુશ્કેલીમાં મૂકતી હશે પણ એની ઉંચાઇ કરતા એમના જિલ્લાના એમના જ લોકો એમને મુશ્કેલીમાં મૂકે છે એ એમને નહીં ખ્યાલ હોય. વલ્લભભાઇની ચિંતા કરવાને બદલે જિલ્લાની ચિંતા કરવાની જરૂર છે. પીયૂષભાઇને હું કહેવા માગું છું, ગોવિંદભાઇ પટેલ જો બેઠા હોય તો ગોવિંદભાઇ એક પત્ર પીયૂષભાઇને આપી દેજો કે પોલીસ તંત્રમાં શું ચાલી રહ્યું છે? રાજકોટના કમિશનર ખંડણીખોર કમિશનર ગણાય છે. એમની તપાસ કરવામાં આવે, વાત કરવામાં આવે. રૂલિંગ પાર્ટીના ધારાસભ્ય લખીને આપે. કોંગ્રેસના લખીને આપે અને ગૃહમંત્રી ના માને તો એની ચિંતા નથી પરંતુ તમારી પાર્ટીના પૂર્વમંત્રીશ્રી લખીને એમ આપે કે અમારા પોલીસ કમિશનર માત્ર

હપ્તાખોરી કરે છે અને કોઇકની પતાવટ કરવા માટે સિત્તેર, સિત્તેર લાખ રૂપિયા ઉઘરાવી રહ્યા છે. સુરતના અમારા સૌરાષ્ટ્રના કોન્ટ્રાકટર એમણે પણ એમની ક્લિપ બહાર પાડી કે મારી પાસેથી ડેપ્યુટી કમિશનર ૧૦ લાખ રૂપિયા મારી સાઇટ ઉપર આવીને લઇ ગયા છે. પોલીસ આના માટે કામગીરી કરે છે? પોલીસને જે કામગીરી કરવાની છે છતાં વખાણ કર્યે રાખે. કહેતા હતા કે અત્યારે ૨૧,૦૦૦ નું ડ્રગ પકડયું. અમારી પોલીસે પકડયું. પોલીસને અભિનંદન. હું પણ કહું છું કે પોલીસ પકડવા ગઇ હતી પરંતુ આ ગૃહને હું સાચી માહિતી એ આપવા માગું છું કે યુ.એસ.એ.ની ખુફિયા એજન્સીએ એમ કહ્યું કે હિન્દુસ્તાનના મુંદ્રા પોર્ટ ઉપર ૨૧,૦૦૦ કરોડનું હેરોઇન આવી રહ્યું છે એની તપાસ કરવામાં આવે અને ત્યારપછી પકડાયું છે એટલે અભિનંદન તો યુ.એસ.એ. ની ખુફિયા એજન્સીને આપવા પડે. રોજ ડ્રગ વેચાઇ રહ્યું છે. ગાંધીનું ગુજરાત, સરદાર વલ્લભભાઇ પટેલનું ગુજરાત. અત્યારે પાછળથી રાજકોટ રોડ ઉપર ચડીએ અને રવિવારે નીકળીએ જાહેરમાં ડ્રગ વેચાય છે અને જાહેરમાં પીવાય છે. આ યુવાનોને બચાવવા માટે હોમ મિનિસ્ટર શું કરવા માંગે છે? આ વિભાગ શું કરવા માંગે છે? ગાંધીનગરમાં પણ આવી રીતે ડ્રગ વેચાઇ રહ્યું છે અને યુવાનો એના રવાડે ચડી રહ્યા છે. એટલા માટે રવાડે ચડયા છે કે રોજગારીની તકો મળતી નથી એટલે મુશ્કેલીમાં મુકાયેલો આ યુવાન આજે ડ્રગના રવાડે ચડી ગયો છે. ચિંતામુકત નથી થઇ શકતો એને કારણે આજે ગાંધીના ગુજરાતમાં ડ્રગ ખુલ્લેઆમ વેચાઇ રહ્યું છે. પોલીસ પકડતી હશે. પોલીસને અભિનંદન આપવામાં આવે. હું તો કહું છું પોલીસની જો ખરેખર ચિંતા કરતા હોય તો માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફત ગૃહમંત્રીશ્રીને કહેવું છે ૨૫૦ કરોડ રૂપિયાનો માસ્કનો હમણા દંડ લેવામાં આવ્યો. પોલીસે દંડ લીધો. એ પોલીસે લીધેલો દંડ જો હોમના પોલીસ કર્મીઓમાં આપવા માગતા હોય તો તમામ સભ્યોને હું વિનંતી કરવા માગું છું કે કોરોના વાઇરસમાં જે સાચી ડયૂટી બજાવતા પોલીસ કર્મીઓ અને ગુજરી ગયા એમના વારસદારોને આ ૨૫૦ કરોડ આપી દેવામાં આવે એવી કોંગ્રેસ પક્ષ માગણી કરે છે. છે તાકાત તમારી? ૨૫૦ કરોડનો દંડ ઉઘરાવવો છે અને કોઇ પોલીસમેન ખોટી રીતે ચાલતા હોય એની એમણે ટીકા કરી છે. હોમગાર્ડ જવાનોને ૨૫-૨૫ વર્ષની નોકરી થઇ છે. હજુ રોજમદાર તરીકે ચલાવવામાં આવે છે. ગ્રામ રક્ષક દળના યુવાનો પોતે ગામનું રક્ષણ કરતા હતા. એક ગામમાં મોટું ગામ હોય તો ત્રણ ત્રણ ગ્રામ રક્ષક દળો હતા. એને સામાન્ય રકમ આપવામાં આવતી હતી. એ ગ્રામ રક્ષક દળના યુવાનોને આજે કોઇ જગ્યાએ કયાંય કામ આપવામાં આવતું નથી. સરકાર યુવાનોને કાંઇ આપવા માંગે છે કે કેમ? માત્ર અદાણીને અને અંબાણીને આપવા માગીએ છીએ બધું? આ દેશનો યુવાન છે. આ રાજયનું ભવિષ્ય છે અને એની ચિંતા થતી નથી એના કારણે ગુજરાતમાં ગુનાખોરીનું પ્રમાણ ૧૦૬ ટકા વધ્યું છે. અમારા શૈલેષભાઇ કહેતા હતા કે ગૃહમંત્રીશ્રી, આપણે ગુજરાતની ચિંતા કરીએ. આપણે સતત ગાંધીજીની વાતો કરીએ છીએ. છતા પણ અહીયા જુઓ કે કેટલો દારૂ પકડાઇ રહ્યો છે. દારૂ પકડાય એ બરાબર છે. જે દારૂ પકડાયો નથી અને વેચાય છે. અમરેલીમાંથી ટ્રકોને ટ્રકો ભરીને દારૂ પકડાયો છે. કયાંથી આવે છે? રેલ્વે સ્ટેશન ઉપર કોઇ વ્યકિત ઉતરતો તો તંત્રને ખબર પડી જતી હતી. આંતકવાદી આવી ગયો છે. એને પકડી મારી નાખવામાં આવે. અહીયા આવડી મોટી ટ્રકો જતી રહે છે. કયાંથી કયાં પહોંચી જાય છે. દેશી દારૂની પુંજાભાઇ વાત કરતા હતા. ઇન્ગ્લીશ દારૂ પકડાય છે. દેશી દારૂની બધી જગ્યાએ ભઠ્ઠીઓ ચાલે છે. સામાન્ય ખેડૂત પોતાની માટી લેવા માટે નીકળે તો પોલીસ તંત્ર સિટી વગાડીને એને રોકવામાં આવે છે. એના ખેતરમાં માટી લઇને જતો હોય ત્યારે પોલીસ તંત્ર એને પકડવા માટેનું કામ કરે છે. પોલીસ તંત્રને આવાં કામમાંથી રોકવું જોઇએ. એને માટે અમે આંદોલન કરવા જઇએ તો મંજૂરી આપવામાં આવતી નથી. સરકાર મંજૂરી આપવા માટેની શરૂઆત કરે તો ગુજરાતના લોકો રોડ ઉપર ઉતરી જાય તેમ છે. પરંતુ મંજૂરી આપવામાં આવતી નથી. એના કારણે આંદોલન કરે એટલે અમારી સેવાદળની મહિલા ઉપર કરેલું કૃત્ય છે, એની તપાસ કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી શશીકાન્ત મ. પંડ્યા(ડીસા) : માનનીય અધ્યક્ષશ્રી, આજરોજ ગુજરાતના લોકલાડીલા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, ગૃહ રાજ્ય મંત્રીશ્રી હર્ષ સંઘવી રાજ્યની કાયદો અને વ્યવસ્થા સુદૃઢ બનાવવા માટે રાજ્યના નવ યુવકોને રોજગારી મળી રહે તેવા દ્રઢ સંકલ્પ સાથે આગળ વધી રહ્યા છીએ, ત્યારે હેતુને બર લાવવા માટેના પ્રયત્નને હું હૃદયપૂર્વક આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી માગણી ક્રમાંક ૪૨, ૪૩, ૪૪ રજૂ કરેલ છે. તેને સમર્થન કરવા માટે હું મારું મંતવ્ય રજૂ કરું છું. પોલીસ ખાતાની વાત કરીએ તો ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી. ત્યારબાદ આપ સૌ જોઇ શકો છો. પોલીસ ખાતામાં સીધી ભરતી કેટલી કરવામાં આવી છે. ભૂતકાળમાં કોંગ્રેસની સરકાર વખતે કેટલી ભરતી થયેલ હતી તે અહીયા બેઠેલા વિરજીભાઇ જે વાતો કરી રહ્યા હતા. તે વિરજીભાઇને જવાબ આપવા માટે હું ઉભો થયો છું. છેલ્લાં ૧૦ વર્ષમાં ૪૮,૯૬૫ની ભરતીઓ કરવામાં આવી છે. એ પ્રમાણે એક વર્ષની સરેરાશ જોઇએ તો અંદાજે ૫,૦૦૦ આસપાસ આવે છે. તમારાં ૫૦ વર્ષમાં ભૂતકાળનો ઇતિહાસ જુઓ તો આટલું મહેકમ થતું નથી. મારે એ પણ જણાવવું છે કે રાજ્યના બેરોજગાર યુવાનો, યુવતિઓને સરકારી સેવા કરવાની સુવર્ણ તક પ્રાપ્ત થાય, તેઓને રોજગારી મળી રહે તે માટે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય ગૃહ રાજ્ય મંત્રીશ્રી હર્ષભાઇના દૂરંદેશી વિચારો અને શુભ આશયથી પોલીસ ઇન્સ્પેક્ટરના સંવર્ગની જગ્યા ભરવા માટે રાજ્ય સરકાર દ્વારા પોલીસ સબ ઇન્સ્પેક્ટર ભરતી બોર્ડની રચના કરવામાં આવી છે. આ ભરતી બોર્ડ દ્વારા હથિયારધારી પોલીસ સબ ઇન્સ્પેક્ટર ૩૦૦, બીન હથિયારધારી પોલીસ સબ ઇન્સ્પેક્ટરની ૯૮૩, ઇન્ટેલિજન્સ ઓફિસરની વર્ગ-૩ ની ૨૭, એસ.આર.પી.એફ.ના પોલીસ સબ ઇન્સ્પેક્ટરની વર્ગ-૩ની ૭૨ એમ કુલ ૧,૩૮૨ જગ્યાઓ તા. ૧૫-૩-૨૦૨૧ ના રોજ

જાહેરાત આપી પ્રસિદ્ધ કરવામાં આવી છે. મને જણાવતા આનંદ થાય છે કે ઉક્ત અંતર્ગત કુલ ૪,૫૧,૬૮૯ ઉમેદવારોને શારીરિક કસોટી માટે બોલાવવામાં આવેલ હતા. તેમાંથી કુલ ૯૬,૨૨૯ જેટલા ઉમેદવારો પાસ થયેલ હતા. તા. ૬-૩-૨૦૨૨ ના રોજ તેઓની પ્રિલિમ પરીક્ષાઓ લેવાઇ ગયેલ છે. તેઓનું પરિણામ પ્રસિદ્ધ કરી આગામી લેખિત પરીક્ષાનું આયોજન મેરિટના આધારે કરવામાં આવી રહ્યું છે. કોઇપણ પ્રકારની લાગવગશાહી કે દબાણથી નહિ, પણ મેરિટના આધારે થશે. દસ્તાવેજોની ચકાસણી પૂર્ણ થઇ ગયા બાદ પસંદગીની યાદી રજૂ કરવામાં આવશે. હું એ બાબત પણ ઉમેરવા માગું છું કે સરકાર દ્વારા પોલીસ ઇન્સ્પેક્ટરની સીધી ભરતી ઉપરાંત લોક રક્ષકના સંવર્ગની જગ્યાઓ ભરવા માટે લોક રક્ષક ભરતી બોર્ડની રચના કરવામાં આવી છે. આ ભરતી બોર્ડ દ્વારા બિન હથિયારધારી પોલીસ કોન્સ્ટેબલની જગ્યા ૫,૨૧૨, હથિયારધારી પોલીસ કોન્સ્ટેબલની જગ્યા ૭૯૭, એસ.આર.પી.એફ.ના પોલીસ હથિયારધારી કોન્સ્ટેબલની જગ્યા ૪,૪૫૦ એમ કુલ મળીને ૧૦,૪૫૯ જગ્યાઓની જાહેરાત તા.૨૩-૧૦-૨૦૨૧ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવી છે. મને જણાવતાં હર્ષની લાગણી થાય છે કે, કુલ ૮,૮૬,૮૩૯ ઉમેદવારોને શારીરિક કસોટી માટે બોલાવવામાં આવેલ હતા. તેમાંથી ૨,૯૪,૪૭૮ ઉમેદવારો પાસ થયેલ છે. જેઓની લેખિત પરીક્ષા તા.૧૦-૪-૨૦૨૨ ના રોજ યોજાનાર છે. જે પૂર્ણ થયેથી મેરિટના આધારે તેઓની આખરી પસંદગી કરવામાં આવશે. હું આપના માધ્યમથી એ પણ કહેવા માગું છું કે, હાલના સમયમાં વધતી જતી ટેકનોલોજીની સાથે સાથે રાજ્યની પોલીસ કદમ સાથે કદમ મિલાવી ચાલી શકે તે માટે અદ્યતન ટેકનોલોજીનો ભરપૂર ઉપયોગ કરી ગુનાઓ અટકાવવા, ગુનાઓના ડિટેક્શન માટે આ સંવેદનશીલ સરકાર એક હકારાત્મક અભિગમ દાખવીને આગળ વધી રહી છે. રાજ્ય પોલીસદળના ટેકનિકલ સંવર્ગ જેવા કે, વાયરલેસ પોલીસ સબ ઇન્સપેક્ટરની કુલ-૬૨ જગ્યાઓ, પોલીસ સબ ઇન્સપેક્ટર એમ.ટી.ની કુલ-૩૫ જગ્યાઓ, ટેકનિકલ ઓપરેટરની કુલ-૨૩૬ જગ્યાઓ ઉપર સીધી ભરતી ભરતી બોર્ડ દ્વારા કરવામાં આવનાર છે. આમ કુલ ૩૩૩ જગ્યાઓ માટે તા.૩૦-૯-૨૦૨૧ ના રોજ ભરતી અંગેની જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જે અંતર્ગત તા.૨૭-૨-૨૦૨૨ ના રોજ કુલ ૩૮,૭૫૨ ઉમેદવારોની લેખિત પરીક્ષા પણ લેવાઇ ગયેલ છે. જેનું પરિણામ ટૂંક સમયમાં પ્રસિદ્ધ કરી આગળના તબક્કાની કોમ્પ્યૂટર ટેસ્ટ માટે બોલાવવામાં આવનાર છે. હું આપના માધ્યમથી એ પણ કહેવા માગું છું કે, વિપક્ષના મિત્રો દ્વારા વારંવાર એવા આક્ષેપ કરવામાં આવે છે અને પોલીસનું મોરલ તોડી નાખે તે પ્રકારના આક્ષેપો કરવામાં આવે છે. આ પોલીસ મિત્રોએ લોકડાઉનના કપરા કાળમાં પોતાના પરિવારની કોઇપણ જાતની ચિંતા કર્યા વગર સતત સેવાઓ આપતા રહ્યા છે. પ્રજાની સતત સેવા કરવાના પરિણામ સ્વરૂપ કેટલાયે પોલીસ મિત્રો કોરોનાનો ભોગ બન્યા. છતા પણ પોતાની જાતની અને જીવની પરવા કર્યા વગર આ પોલીસ મિત્રોએ હકારાત્મક અભિગમ સાથે પ્રજાની સેવા કરી છે તે કયારેય ભૂલી નહીં શકાય. પોલીસનું મોરલ તોડવાનો જે પ્રયાસ કરવામાં આવ્યો છે તેને કયારેય સાંખી લેવામાં નહીં આવે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય શ્રી ગ્યાસુદ્દીનભાઇ શેખ. છ મિનિટ છે. એક મિનિટ ગ્યાસુદ્દીનભાઇ.

શ્રી શશીકાન્ત મ. પંડ્યા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી એ પણ કહેવા માગું છું અને કોંગ્રેસના મિત્રો વારંવાર કહે છે કે, ક્રાઇમ વધ્યો છે, ક્રાઇમ વધ્યો છે. પરંતુ હું એ કહેવા માગું છું કે, મહિલાઓ વિરુદ્ધના અત્યાચાર ગુજરાતમાં ૮,૦૨૮ થયા છે તો તેની સામે કોંગ્રેસનું શાસન છે તેવા મહારાષ્ટ્રમાં ૨૧,૯૫૪, રાજસ્થાન ૩૪,૫૩૫, ખૂન અને સામૂહિક બળાત્કારના....

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય શ્રી ગ્યાસુદ્દીનભાઇ શેખ.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરિયાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહ મંત્રીશ્રી જે પોતાની માગણીઓ લઇને આવ્યા છે તેના ઉપર હું મારા વિચારો અને મંતવ્યો રજૂ કરવા માટે સન્માનનીય સભાગૃહ સમા ઉપસ્થિત થયો છું. હું આ ગૃહનું અને માનનીય મંત્રીશ્રીનું એક ખાસ ગંભીર ઘટના બાબતે ધ્યાન દોરવા માગું છું. ધોળકા ખાતે ૧૦ મી તારીખે એક સગીરવયની મુસ્લિમ દીકરી ઉપર સામૂહિક બળાત્કારનો બનાવ બન્યો. જયારે દેશની અંદર અને રાજયની અંદર બેટી પઢાઓ બેટી બચાવોનો નારો આપનાર આપના વડાપ્રધાનશ્રી જયારે ગુજરાતમાં મોજૂદ હતા ત્યારે તે દીકરી અને તેના પરિવારજનો પોતાની ફરિયાદ લખાવવા માટે ટળવળી રહ્યા હતા. બે દિવસ સુધી તેમની ફરિયાદ લેવામાં આવી નથી. જયારે તેમની ફરિયાદ લેવામાં આવી ત્યારે તેમણે ૧૦ આરોપીઓના નામ આપ્યાં. તેમાંથી ફકત ૮ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. આ બાબતે મારા સાથી ધારાસભ્ય ઇમરાનભાઇ ખેડાવાલા સાથે ગૃહ રાજયમંત્રી સમક્ષ આ બાબતની રૂબરૂમાં રજૂઆત કરી હતી. આજે વિધાનસભાગૃહમાં આ બાબતે રજૂઆત કરી રહ્યો છું. ૨ આરોપીઓનું હજુ સુધી નામ નોંધવામાં નથી આવ્યા. જયારે પીડિતા અને પીડિતાના પરિવારે ૧૦ લોકોનાં નામ આપ્યાં હોય તો ફકત ૮ લોકોની સામે કેમ કેસ દાખલ કરવામાં આવ્યો છે? કયા પરિબળો છે, કયા રાજકીય પીઠબળ છે, કઇ એ વ્યક્તિ છે કે જેને બચાવવા માટે પોલીસ સ્ટેશનમાં રાજકીય આગેવાનો જઇને બેસી જતા હોય અને પીડિતાને ન્યાય અપાવવાની જ્યારે વાત ચાલતી હોય એની અંદર વિઘ્ન ઉભું કરતા હોય. હું માનુ છું કે આ ગાંધીના ગુજરાતમાં, આ સરદાર સાહેબના ગુજરાતમાં આ ઘટના જે બની છે એ બહુ શરમજનક ઘટના બની છે. હું મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે, જે ૨ આરોપીઓનાં નામ બાકી છે અને જેની ધરપકડ નથી કરવામાં આવી, જેના નામ એફ.આઇ.આર.માં નોંધવામાં આવ્યાં નથી, એ ૨ આરોપીઓની સામે ગુનો દાખલ કરવામાં આવે અને એની ધરપકડ કરવામાં આવે. ૧૬૪ મુજબના નિવેદનમાં પણ પીડિતાએ કાલે જવાબ લખાવ્યો છે એટલે મારી વિનંતી છે કે, આ કેસમાં કોઇ પણ એક

મહિલા અધિકારી હોય જે મહિલા અધિકારી પીડિતાની પીડાને સમજી શકે એવી કોઇ એક મહિલા અધિકારીને આની તપાસ આપવી જોઇએ અને આ કેસને ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચલાવીને ઝડપથી જે રીતે સુરતમાં ન્યાય અપાવ્યો એજ રીતે આપણે ધોળકાની યુવતી છે કે જેની સાથે આ ગંભીર ઘટના બની છે એને પણ વહેલી તકે ન્યાય મળે એ માટે મહિનાની અંદર ફાસ્ટ ટ્રેક કોર્ટમાં કેસ ચલાવીને ન્યાય અપાવવા હું આપણા સંવેદનશીલ ગૃહમંત્રીશ્રીને વિનંતી કરું છું. મને રુબરુ મળ્યા ત્યારે પણ બહુ સંવેદનશીલ રીતે મારી વાત સાંભળી છે અને આજે હું વિનંતી કરું છું કે, જ્યારે વિધાનસભા ગૃહમાં મેં વાત મૂકી છે ત્યારે એમનો જવાબ રજૂ કરવા તેઓ ઉભા થાય ત્યારે આ સંવેદનશીલ બનાવ બાબતે પ્રકાશ પાડે, માનવતાવાદી રીતે પ્રકાશ પાડે અને ગુજરાતની ગરિમાને શોભે એવી રીતે તમામને સમાન રીતે ન્યાય મળે છે એની પ્રતીતિ થાય એવી વાત જો રજૂ કરશે તો હું માનુ છું કે ગૃહની શોભા હજુ વધવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, ડ્રગ્સ બાબતની વાત કરું, જ્યારે વર્ષ ૨૦૧૫માં વિધાનસભા ગૃહમાં હું આ વાત કરતો હતો ત્યારે લોકો એમ.ડી. ડ્રગ્સ શું છે એ મને પૂછતા હતા. એ વખતે પડીકીઓ આવતી હતી, લોકો પકડાય અને તરત છૂટી જતા હતા. એ બાબતે નામદાર હાઇકોર્ટમાં પી.આઇ.એલ. દાખલ કરી હતી અને આ એમ.ડી. ડ્રગ્સને નાર્કોટિક્સ એક્ટ હેઠળ એનો સમાવેશ કરવા માટે મેં પ્રયત્ન કર્યો હતો અને હાઇકોર્ટના હુકમથી એનો નાર્કોટિક્સ ડ્રગ્સમાં સમાવેશ કરવામાં આવ્યો. એ વખતે પડકીઓ હતી, પડીકીઓમાંથી પોટલા થયા અને પોટલામાંથી તમે જુઓ તો હવે તો વહાણ અને સ્ટીમરો પણ આવે છે, તોય હું ગુજરાતની બહાદૂર પોલીસને સલામ કરું છું. મારી ટેવ છે કે હું સાચી વાતને સાચી કહેવામાં માનુ છું. પોલીસે એના જીવના જોખમે પણ જે કામગીરી કરી છે અને મોટા પ્રમાણમાં ડ્રગ્સ પકડ્યું છે એ અધિકારીઓને હું મારા તરફથી ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. પરંતુ સાથે સાથે ગૃહમંત્રીશ્રીને હું કહેવા માગું છું કે, એક વખત બીજી કોઇ પણ પ્રવૃત્તિ હોય દારૂની કે જુગારની તો એમાં થોડી દેખી અનદેખી થાય તો ચલાવી શકાય પરંતુ ડ્રગ્સના કારણે યુવાધન બરબાદી તરફ જઇ રહ્યું છે, આના મૂળ બહુ ઉંડા જતા રહ્યા છે, બહુ નીચે સુધી આ પહોંચી ગયા છે અને આના જે પેડલરો છે એના મોટા જે સપ્લાયરો છે એને આપણે તાબે કરીએ, એમને આપણે પકડીએ પરંતુ સાથે સાથે જ્યાં સુધી નીચેનું નેટવર્ક આપણે નહીં તોડીએ તો હું માનુ છું કે, આનાથી આપણું યુવાધન બચી શકશે નહીં. આ જે ગંભીરતાપૂર્વક પોલીસ કામ કરી રહી છે એવી રીતે આગામી દિવસોમાં પણ આ રીતે ગંભીરતાપૂર્વક કામ કરે એ જરૂરી છે. ખાસ કરીને સાઇબર ક્રાઇમ બાબત હું કહેવા માગું છું કે, જે કંઇ દુઃખદ ઘટનાઓ બને છે એમાં સાઇબર ક્રાઇમ દ્વારા જે રીતે કામગીરી થવી જોઇએ એ રીતે કામગીરી થતી નથી. લોકોની ધાર્મિક ભાવનાઓ, બધા પક્ષો તરફથી હું એમ નથી કહેતો કે કોઇ એક, ધાર્મિક ભાવનાઓ દુભાય એવા પ્રયત્નો અવાર-નવાર થતા હોય છે. રાજય સરકાર અને ગૃહમંત્રીશ્રી આ બાબતે સંબંધિત અધિકારીઓને, સાઇબર ક્રાઇમને સૂચના આપે કે કોઇ પણ ધર્મની લાગણી દુભાતી હોય, સુઓમોટો પોલીસ એની સામે ગુનો રજિસ્ટર કરે અને ગમે તે ચમરબંધી હોય એને પકડવામાં આવે.

**પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન**

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (કાયદો અને ન્યાય તંત્ર મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન. બળાત્કારનો કોઇ બચાવ થઇ શકે નહીં, કોઇ પણ કિસ્સામાં ન થઇ શકે, ક્યારેય ન થઇ શકે. પણ કાયદાની વાત હતી એટલે પોઇન્ટ ઓફ ક્લેરિફિકેશન માટે પણ આ જરૂરી હતું. માનનીય સભ્યશ્રીએ કહ્યું કે, ૧૬૪ નું નિવેદન લેવાયું એમાં પણ આ લખાયું છે. ૧૬૪નું નિવેદન મેજિસ્ટ્રેટશ્રી સમક્ષ દીકરીનું લેવામાં આવે છે અને એ નિવેદન સીલ થઇ જાય છે એની ખબર આપને ન પડવી જોઇએ કેવી રીતે પડી એ મને ખબર નથી.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર(વાવ) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગની માગણીઓ ઉપર મારી લાગણીઓ આપના માધ્યમથી ગૃહમંત્રીશ્રી સમક્ષ મૂકવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બે વર્ષમાં ૩,૭૯૬ બળાત્કાર અને ૬૧ જેટલી સામૂહિક બળાત્કારના બનાવો નોંધાયા છે. જે ક્રિમિનલ છે, સમાજમાં જેની ક્રેડિટ નથી. અસામાજીક તત્વો છે અથવા તો અસામાજીક તત્વોના સહકારથી દીકરીઓને અલગ અલગ લોભ-લાલચ આપીને લવ મેરેજ કરીને ભગાડી જાય છે અને આ બધી જ જાણ આપણા સૌના ધ્યાનમાં હોય છે અને પોલીસના ધ્યાનમાં પણ હોય છે. આવી ઘટનાઓના કારણે હજારો પરિવાર બરબાદ થાય છે તેની પાછળ જવાબદાર કોણ ?

માનનીય અધ્યક્ષશ્રી, મહિલા સુરક્ષા માટે પોલીસ સ્ટેશન બનાવવામાં આવે છે પરંતુ તેમાં પૂરતો સ્ટાફ નથી ત્યારે મહિલાઓની સુરક્ષા કયાંથી થશે ? રાજયમાં જે તાલુકા અને જિલ્લામાં મહિલા પોલીસ સ્ટેશનો બનાવવામાં આવ્યા છે અને જયાં બાકી છે ત્યાં તાત્કાલિક મહિલા પોલીસ સ્ટેશન બનાવવામાં આવે એવી પણ હું ગૃહ વિભાગ પાસે માગણી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્કૂલમાં ભણતી દીકરીઓને સ્વરક્ષણ માટે કરાટે જેવી તાલીમ આપવામાં આવે છે પણ આ રાજયની અંદર ગુનાખોરીની પ્રવૃત્તિઓ એટલી બધી વધી ગઇ છે, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ એટલી બધી કથળી ગઇ છે કે હવે કરાટેથી મહિલાઓ રક્ષણ મેળવી શકે તેમ નથી પણ આવી મહિલાઓને રાજય સરકારે એક બંદૂકનું લાઇસન્સ આપવું જોઇએ એવી પણ હું ગૃહમંત્રીશ્રી અને ગૃહ વિભાગ પાસે વિનંતી કરું છું. મહિલા ઉપરના અત્યાચાર, બળાત્કારો, છેડતી, સામૂહિક બળાત્કાર, ભગાડી જવી, જાહેરમાં ગળું કાપી નાંખીને હત્યા કરવી, આપઘાત કરવા મજબૂર કરવી જેવી ઘટનાઓ (અંતરાય) મારી પાસે પણ લાઇસન્સ છે. હું મહિલાઓ માટે લાઇસન્સ માગું છું. યુવા વર્ગમાં બેરોજગારી અને તેના કારણે ડ્રગ્સ, દારૂ વગેરે કેફી દ્રવ્યોનું સેવન પણ જવાબદાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારો જિલ્લો તે રાજસ્થાનની બોર્ડરનો જિલ્લો છે. આ જિલ્લાની અંદર અમીરગઢ અને પોળા બે ચેક પોસ્ટો આવેલી છે. આ ચેક પોસ્ટના માધ્યમથી વડોદરાનો હીનુ સિંધી નામનો બુટલેગર મોટા પ્રમાણમાં પોલીસની રહેમ નજર હેઠળ કન્ટેઇનર અને મોટી ટ્રકો ભરી ભરીને બનાસકાંઠા અને ગુજરાતની અંદર દારૂ ઘૂસાડે છે. પંચાયતની પ્રથમ ચૂંટણીના તબક્કામાં થરાદની અંદર યુવાનોની મદદથી જનતા રેડ પાડી દારૂ પકડ્યો. ત્યાંના પી.આઇ.એ જે યુવાનોએ દારૂ પકડ્યો તેને તમારા ઉપર લૂંટનો કેસ દાખલ કરવામાં આવશે એવી ધમકી આપીને બુટલેગરોને પાછું દારૂ અપાવવાનું કામ આ રાજયની અને થરાદની પોલીસે કર્યુ.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તાર ભાભર તાલુકામાં ચાલુ *(xxx ) ભાભર પ્રોપરમાંથી હજારો લિટર દેશી દારૂ ગ્રામ્ય વિસ્તારમાં પહોંચાડવામાં આવે છે. આ દારૂમાં યુરિયા ખાતર, બેટરીના સેલ, પશુઓને આપવામાં આવતા ઇંન્જેકશન વગેરે નાંખવામાં આવે છે. ગ્રામ્ય વિસ્તારના યુવાનો આવો દારૂ પી અને બરબાદ થાય છે અને અંતે મૃત્યુ પામે છે જેના કારણે અનેક દીકરીઓ વિધવા બને છે. દરેક સમાજની આ સમસ્યા હશે પણ સૌથી વધારે આ દેશી દારૂના ભોગ બનીને મારા સમાજની મહિલાઓ વિધવા બને છે તે દુઃખદ બાબત છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, એક મિનિટ.

અધ્યક્ષશ્રી : બધાને એક મિનિટ ના અપાય જે સમય નક્કી થયો હોય તે અપાય. આપે બહુ સરસ રજૂઆત કરી દીધી.

શ્રી વી.ડી. ઝાલાવાડિયા(કામરેજ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને અમારા ગૃહમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી માંગણી ક્રમાંકઃ ૪૨, ૪૩ અને ૪૪ લઇને આવ્યા છે તેમાં હું મારું અનુમોદન આપું છું અને આ માગણીઓ પર ચર્ચામાં ભાગ લેતાં ગૃહ વિભાગ પર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઈ પણ રાજ્ય હોય તેની સુખ, શાંતિ અને વિકાસ વગેરેનો આધાર તેની કાયદા કાનૂનની વ્યવસ્થા પર નિર્ભર હોય છે. આ રાજ્ય વર્ષોથી દારૂબંધીના પ્રતિબંધ સાથે ચાલી રહ્યું છે એટલે જ રાજ્ય પ્રગતિના પંથે છે. અહીં પોલીસ વિભાગ હંમેશા સતર્ક રહે છે અને એવા અનેક ઉદાહરણો આપી શકાય જેમાં ગુજરાત પોલીસે ગુંચવાયેલા અનેક ગુનાઓના ભેદ ઉકેલ્યા છે. એવા કેટલાંય ગુનાઓને અંજામ આપતાં પહેલા જ ગુજરાત પોલીસે નિષ્ફળ બનાવ્યા છે અને મોટા મોટા ખેરખાંઓને પોતાનું સ્થાન બતાવ્યું છે. ગૃહ વિભાગ એ ગુજરાત સરકારનો એ વિભાગ છે જે બહારથી વજ્ર જેવો કઠોર છે. જો ગુનેગારો ટકરાશે તો સીધા જેલના સળિયા પાછળ એમનું સ્થાન લેશે. બીજી બાજુ આ પોલીસ વિભાગ સમયે સમયે માતા જેવું હૃદય રાખીને માનવતાના કાર્યો પણ કરતા રહે છે. કોરોનાકાળમાં આ વિભાગની કામગીરીને નજર અંદાજ કરી શકાય નહિ. આમ તો કોરોના એ આરોગ્ય વિભાગ સાથે સંકળાયેલી સમસ્યા હતી પરંતુ સાથે સાથે પોલીસ વિભાગે પણ ઉમદા કામગીરી કરી છે. અમે ગુજરાત પોલીસ પર ગર્વ લઇએ છીએ. પોલીસ વિભાગે રાત-દિવસ પોતાના જીવના જોખમે લોકડાઉનમાં જે કામગીરી કરી છે તે અભિનંદનને પાત્ર છે. ગુજરાત પોલીસની ઘણી પ્રશંસનીય કામગીરી છે પરંતુ વિધાનસભામાં ઘણા દિવસથી ઘણા મિત્રો આ ગ્રીષ્મા હત્યા કેસની વાત કરતા હોય છે. મારે આ બાબતના માનનીય મુખ્યમંત્રીશ્રી અને ગૃહમંત્રીશ્રીને અભિનંદન આપવા છે. જ્યારે આ ઘટના બની ત્યારે હું ઉત્તરાખંડ હતો અને ત્યાંથી સીધો અહીં ગાંધીનગર આવી અને મુખ્યમંત્રીશ્રી અને ગૃહમંત્રીશ્રીને મળ્યો. તેમણે તાત્કાલિક કાર્યવાહી થાય અને કડકમાં કડક સજા થાય તે માટેના આદેશો આપ્યા. અમારા ગૃહમંત્રીશ્રીએ ગ્રીષ્માના ઘરે જઈને તેના પરિવારને સાંત્વના આપી અને તાત્કાલિક કાર્યવાહી થાય એ પ્રકારનું આયોજન કર્યું. એ ઉપરાંત અમારા પોલીસ વિભાગના તમામ અધિકારીઓએ થોડા જ દિવસોમાં ચાર્જશીટ કરીને આ કેસને આગળ વધારવાનું કામ કર્યું. ફાસ્ટટ્રેક કોર્ટમાં આ કેસ ચાલ્યો અને ૧૯૦ સાક્ષીઓને સાંભળી તેની કાર્યવાહી ચાલુ થઈ ગઈ છે. એવી જ બીજી ઘટના, મારા વિસ્તારમાં ખોલવાડ ખાતે ધારા રાદડિયા નામની એક બહેને અગ્નિ સ્નાન કરેલું. એમને પણ એક વ્યક્તિ ત્રાસ આપતો હતો તો એમને પણ બીજા જ દિવસે પોલીસ વિભાગ દ્વારા સુરત થી ગોંડલ જઈને તાત્કાલિક પકડી અને સજા આપવાની કામગીરી કરાવીને જેલના સળિયાની પાછળ ધકેલી દેવામાં આવ્યો છે. અહીંયા માનનીય શૈલેષભાઈ અને સૌ મિત્રોએ યુવાનોની ચિંતા કરી તો મારી સૌને વિનંતી છે કે આપણે સૌ સાથે મળી આ દેશનું યુવાધન બગડે નહિ તેવી કામગીરી કરીએ. કારણ કે માનનીય શૈલેષભાઈ, આપને કદાચ ખ્યાલ નહિ હોય પણ મારી વિધાનસભામાં આપણા જ કોંગ્રેસના કાર્યકર્તાઓ જે યુવાધનને બગાડવાનું કામ કરે છે એમને ખરેખર તો તમારે રોકવા જોઈએ. કારણ કે ચૂંટણીમાં દસમું કે બારમું ધોરણ ભણતા વિદ્યાર્થીને ઘરેથી ૫૦૦ રૂપિયા ન મળતા હોય તેવા લોકોને ૫-૧૦ હજાર રૂપિયા આપીને બગાડવાનું કામ કર્યું છે. (અંતરાય) ના, મારી પાસે પુરાવા છે. તમારે પુરાવા જોઈએ તો મારી સાથે આવજો હું તમને એ છોકરાઓનાં માતા-પિતા સામે બેસાડીશ અને એ કહેશે કે આ પાટીદારના નામે આંદોલન કરી અને આ યુવાનોને ૧૦-૧૫ હજાર રૂપિયા આપીને બગાડવાનું કામ કર્યું છે. એ યુવાનોને અમે છોડાવ્યા છે કે ખરેખર આ વિદ્યાર્થીઓનું ભવિષ્ય ન બગડે. અમે તમારા કોંગ્રેસના કાર્યાલયે જઈ ત્યાં સાબિત કર્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, હું તેમની ઓફિસે જઈને બેઠો ત્યાં બે યુવાનો આવ્યા કે તમે અમને જે કામ સોંપ્યું હતું એ અમે કરીને આવ્યા છીએ. એમને ખ્યાલ ન હતો કે હું ધારાસભ્ય છું અને પછી મેં એમની સાથે વાત કરી કે

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તમે ક્યાં ક્યાં જઈ આવ્યા? એટલે એમણે બધી સોસાયટીઓનાં નામ આપ્યાં. પછી એમણે અમને કહ્યું કે અમને જે આપવાની વાત કરી છે એ અમને આપો ત્યારે મેં કૉંગ્રેસના આગેવાનોને કહ્યું કે આમની સાથે તમે જે નક્કી કર્યું હોય તે આપો. એટલે આપણે સૌ સાથે મળી આ દેશનું યુવાધન ન બગડે એ માટે કામ કરીએ. તમને ખ્યાલ નહિ હોય કે સુરતમાં કૉંગ્રેસના આગેવાનો શું કરી રહ્યા છે એટલે તમારા ધ્યાન પર મૂકું છું. આપણે સૌએ ચિંતા કરવી જોઈએ.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરુ થાય છે. માનનીય શ્રી મોહનભાઇ વાળા.

શ્રી મોહનલાલ મા. વાળા(કોડીનાર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહ મંત્રીશ્રી, ગૃહવિભાગની માંગણી ક્રમાંક-૪૨,૪૩ અને ૪૪ જે લઇને આવ્યા છે એના સંદર્ભમાં ગૃહ વિભાગ જે કામ કરે છે, એ સંદર્ભે હું મારા વિસ્તારની પણ કેટલીક વાત કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગત તારીખ ૨જી ઓક્ટોબરના રોજ અમારા વિસ્તારની અંદર જે કોલેજ અને પ્રાથમિક શાળા છે, એની સામે જે દારૂના અડ્ડા ચાલતા હતા, એના માટે હું ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઇ સંઘવીને મળ્યો હતો અને કહ્યું કે આ બે વિદ્યાના ધામ છે, અહીંયા દારૂ બંધ કરાવી દેવામાં આવે, અડ્ડાઓ બંધ કરાવી દેવામાં આવે તો ખૂબ સારૂ છે. ગૃહ રાજ્યમંત્રીશ્રીએ તરત જ ડી.આઇ.જી.ને ફોન કરીને કીધું, પણ દુઃખની વાત એ છે કે આજની તારીખે એ અડ્ડાઓ ધમધમે છે. કોઇ કાર્યવાહી કરવામાં આવી નથી. એના માટે મેં પોલીસતંત્રને અઠવાડિયા-દસ દિવસની મુદ્દત આપી અને પછી હું ઉપવાસ ઉપર ઉતર્યો. ઉપવાસ ઉપર ઉતર્યો એટલે ત્રણ દિવસ બંધ રાખી અને જયારે પાંચમા દિવસે ઉપવાસ પૂરા કર્યા, ત્યારે તરત જ પોલીસતંત્રએ કહી દીધું કે સમાધાન થઇ ગયું છે તમે ચાલુ કરી દો અને બીજે જ દિવસે ચાલુ થઇ ગયા. આ હકીકત છે. એટલે પોલીસતંત્ર આ રીતે કામ કરી રહ્યું છે. મારા મિત્ર હમણા કહેતા હતા કે, પોલીસને તમે બદનામ કરો છો. પોલીસને જરા પણ બદનામ કરતાં નથી. પોલીસ સારું કામ પણ કરે છે. અમારા વિસ્તારના એ.એસ.પી. જાંટ સાહેબને સલામ કરું છું કે એને કોઇ ફરિયાદ કરે તો અમારા પી.આઇ., પી.એસ.આઇ. કોઇ કામગીરી કરવાના બદલે રાત્રે મોટર સાઇકલ લઇને જે તે સ્થળે જયાં ખરાબ ધંધો ચાલતો હોય ત્યાં જઇ રેડ કરે છે, એને રંગે હાથે પકડે છે અને જેલ હવાલે કરે છે. એ અધિકારીશ્રીઓને હું સલામ કરું છું. પણ દુઃખની વાત એ છે કે, તેઓ અત્યારે પ્રોબેશન પિરિયડ ઉપર છે. એમનો પ્રોબેશન પિરિયડ પૂરો થઇ જાય એની કેટલાક ગુંડાતત્વો રાહ જોઇને બેઠા છે. કેટલાંક કામ ગોઠવીને બેઠા છે કે આ જાંટ સાહેબની બદલી થાય તો આપણે આ ધંધા ચાલુ કરી દેવાના છે. એટલે મારે ગૃહ રાજ્યમંત્રીશ્રીને વિનંતી કરવી છે કે, કદાચ જો જાંટ સાહેબનું પ્રોબેશન પૂરું થાય અને એમની બદલી થાય તો એવા સારા અધિકારીશ્રીને અમારા જિલ્લામાં મૂકવામાં આવે જેથી કરીને આ કાયદો અને વ્યવસ્થા જે થોડા ઘણા અંશે વ્યવસ્થિત ચાલે છે એ ચાલે. દારૂના અડ્ડાઓની મેં જે રજૂઆત કરી છે એ બાબતે પણ કાર્યવાહી કરવામાં આવે. એક તો જે પ્રાથમિક શાળાની સામે દારૂનો અડ્ડો ચાલે છે એ તો ચેલેન્જ મારે છે કે, તમારે ગુજરાતમાં જેને કહેવું હોય એને કહી દો, મારો અડ્ડો બંધ નહીં થાય. ત્યારે મારે દુઃખ સાથે કહેવું પડે છે કે આવી વ્યકિતોઓને કોની પીઠ છે? કે તેઓ દારૂના ધંધા બંધ કરી શકતા નથી. બીજું, મારે પોલીસતંત્ર માટે એ પણ કહેવું છે કે, દરેક પોલીસતંત્રની અંદર ડી-સ્ટાફ હોય છે અને એ ડી-સ્ટાફની અંદર પી.આઇ.ના અંગત માણસો અને લાગતા વળગતા માણસોની જ પસંદગી કરવામાં આવે છે. જયારે ઘણા સમયની નોકરી થઇ ગઇ હોય, ખૂબ બુદ્ધિશાળી માણસ હોય, એક્સેલન્ટ માણસ હોય એવા માણસને તક મળતી નથી, પણ જે વધારે ઉઘરાવી આપતા હોય છે એની જ પસંદગી કરવામાં આવે છે.

શ્રી ભરતજી સો. ઠાકોર(બેચરાજી) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગના માનનીય મંત્રીશ્રી જે માંગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું. અહીંયા ઘણી બધી વાતો થઇ. હમણાં શ્રી ઝાલાવાડિયા સાહેબ બોલ્યા કે, પાટીદાર અનામત આંદોલનમાં આવું થયું પણ યુવાનો પોતાના સમાજ માટેની લડાઇ લડતાં હતા અને તમે એમના ઉપર જે અત્યાચાર કર્યો એના વીડિયો હજુ પણ જોઇ શકાતા નથી. એવા અત્યાચાર આ સરકાર દ્વારા કરવામાં આવ્યા હતો. કોરોના મહામારીમાં એકબાજુ લોકોને હોસ્પિટલોમાં બેડ, વેન્ટિલેટરો, ઓક્સિજન મળતા ન હતા અને લોકો મોત સામે ઝઝૂમી રહ્યા હતા. અને લોકો મોત સામે ઝઝૂમી રહ્યા હતા એવા સમયે આ *(xxx) આપણે વાતો સારી કરીએ છીએ. પણ ૨૮ રાજયોની અંદર આપણે જોઇએ તો ટોટલ ૫,૭૫,૫૬૧ ગુનાઓ કલમ ૧૮૮ હેઠળ નોંધાયા છે. શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ વાત આગળ ન ચાલવી જોઇએ. મેં અગાઉ પણ કહ્યું હતું કે માસ્ક માટે નામદાર હાઇકોર્ટે ઓર્ડર કર્યો છે કે ૧ હજાર રૂપિયાનો દંડ કરવો. ગુજરાત સરકારે હાઇકોર્ટમાં રિક્વેસ્ટ કરી હતી, હાઇકોર્ટે ગ્રાહ્ય નહોતી રાખી, આજે પણ નથી રાખી, છતાં સરકાર, *(xxx) એ શબ્દો સહેજ પણ યોગ્ય નથી, આજે એ શબ્દો રદ થવા જોઇએ અને હવે કોઇ ન બોલે તેની આપે તાકીદ આપવી જોઇએ. આ વારંવાર બોલાય છે. કોર્ટના હુકમનો અમલ કરવો એ સરકારી તંત્રની અને પોલીસ વિભાગની જવાબદારી છે. કોર્ટના ઓર્ડરના અમલ કરવાની ટીકા થતી હોય તો એ યોગ્ય નથી.

અધ્યક્ષશ્રી : ભરતજીભાઇ, શબ્દો પાછા ખેંચી લો.

શ્રી ભરતજી સો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, નીતિનભાઇ સાહેબે કહ્યું એ પ્રમાણે એવું લાગતું હોય તો પૈસા પાછા આપી દો. માનનીય અધ્યક્ષશ્રી, નેશનલ ક્રાઇમ રેકોર્ડ બ્યુરોના રિપોર્ટ અનુસાર...(અંતરાય)

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભ્યશ્રી દ્વારા પાછા ખેંચવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : આપે એમ કહ્યું કે હું શબ્દો પાછા ખેંચુ છું એવું કહ્યું ને?

શ્રી ભરતજી સો. ઠાકોર : એ તો ખેંચી લીધા ને, હવે શું?

અધ્યક્ષશ્રી : બસ.

શ્રી ભરતજી સો. ઠાકોર : પાંચ શહેરોની અંદર ક્રાઇમ વધ્યું છે, આપણે વારંવાર અહીંયા વાતો કરીએ છીએ કે અમદાવાદ લતીફના નામે ઓળખાય છે, પણ સાહેબ દુ:ખની વાત એ છે કે એન.સી.આર.બી.ના રેકોર્ડ મુજબ આજે સૌથી વધુ ક્રિમિનલ ગુનાઓ બનતા હોય તો એ અમદાવાદ શહેરની અંદર બને છે. વર્ષ ૨૦૨૧-૨૨ની સ્થિતિએ પહેલા કરતા રેપ કેસમાં ૧૫ ટકાનો વધારો થયો છે. અને એમાંથી ૧૦ ટકા ભોગ બનનાર ૧૩ વર્ષથી નાની દીકરીઓ છે. હમણા વાત થઇ કે સારા અધિકારીઓને બિરદાવવા જોઇએ. પણ ઘણા એવા અધિકારીઓ પણ છે કે એમની સીધી રહેમ નજર હેઠળ ખુલ્લેઆમ દારૂના બુટલેગરો બેફામ બન્યા છે અને મહેસાણાની અંદર આજે એક હજારથી વધારે અડ્ડાઓ ધમધમી રહ્યા છે. અને આજે નાની નાની બહેનો દારૂના કારણે વિધવા બની રહી છે. એટલે મારી તો ગૃહ મંત્રીશ્રીને વિનંતી છે કે એવા જે અધિકારીઓ હોય એવા અધિકારીઓને તમારે અહીંથી જે પણ સૂચના આપવાની હોય તે આપવી જોઇએ. અમારા બહુચરાજીની અંદર જે સ્થાનિક પી.એસ.આઇ. છે તે પી.એસ.આઇ.એ છેલ્લા એક વર્ષથી દારૂની એક પણ રેડ કરી નથી. અને માત્ર ને માત્ર હપ્તા કયાંથી મળે છે એમાં જ એમને રસ છે. એટલે આવા અધિકારીઓને પણ સબક શીખવાડવો જોઇએ. કડીની અંદર ૭૦ લાખ રૂપિયાનો દારૂ એક પોલીસ દ્વારા નર્મદાની કેનાલની અંદર ફેંકી દેવામાં આવ્યો. અહીંના રેન્જ આઇ.જી.ને ખબર પડી ત્યારે અહીંથી જે રેડ કરવા ગયા, એની અંદર જે અધિકારીઓ સામેલ હતા તેવા અધિકારીઓને પણ સજા થવી જોઇએ.

શ્રી હર્ષ સંઘવી (રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહ સમક્ષ ગુજરાત રાજયની સ્થાપનાથી લઇને આજ દિન સુધી મારા પૂરોગામી આદરણીય ગૃહ મંત્રીશ્રીઓ ગૃહ વિભાગની અંદાજપત્રની માગણીઓ રજૂ કરી ચૂકયા છે. આ સન્માનનીય ગૃહ સમક્ષ ગૃહ રાજયમંત્રી તરીકે ગૃહ વિભાગના અંદાજપત્રની માગણી મૂકવાનું મને સૌભાગ્ય પ્રાપ્ત થયું છે તેના માટે હું આપણા રાષ્ટ્રના મહાન અને પ્રતિભાવંત પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો, આપણા ગૃહમાં ગૃહ મંત્રીશ્રીના પદને શોભાવીને વર્તમાનમાં કેન્દ્ર સરકારમાં ગૃહમંત્રી તરીકે ઐતિહાસિક નિર્ણયો લેવામાં મહત્વનું યોગદાન આપનાર શ્રી અમિતભાઇ શાહ સાહેબ, આ ગૃહના નેતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને આ ગૃહના તમામ સિનિયર સભ્યો, પક્ષ હોય કે વિપક્ષ, આ તમામ સિનિયર સભ્યો પાસેથી મને શીખવાની તક મળી છે તેવા તમામનો હું હ્રદયપૂર્વક આભાર વ્યકત કરું છું. ખાસકરીને મારા તમામ સિનિયર સભ્યોને અને ખાસ કરીને પૂર્વમાં જે કોઇ લોકોએ અહીંયા ગૃહમંત્રી તરીકે ફરજ આપી હોય કે અહીંયા સરકારની અંદર વિવિધ જવાબદારીઓમાં રહી ચૂક્યા હોય એવા સૌ લોકો માટે

**ना हम कुछ हस के सीखे हैं, ना हम कुछ रो के सीखे हैं,**

**जितना भी सीखें हैं, तुम्हारा हो के सीखे हैं।**

માનનીય અધ્યક્ષશ્રી, આજ રોજ હું આ સન્માનનીય સભાગૃહ સમક્ષ આગામી નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટેના અંદાજપત્રમાં ગૃહ વિભાગ માટેની કુલ ૮,૩૨૫ કરોડ રૂપિયાની જોગવાઇ પૈકી માગણી ક્રમાંક-૪૨, ૪૩ અને ૪૪ હેઠળની ૬,૩૨૦.૬૯ કરોડની માગણીઓ રજૂ કરું છું. રાજયના અંદાજપત્રમાં ગૃહ વિભાગની જોગવાઇમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ સતત વધારો કરવામાં આવ્યો છે તેથી હું નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇનો આભાર માનું છું. ખાસ કરીને મુખ્યમંત્રીશ્રીએ ગૃહ વિભાગની ગંભીરતા સમજીને બેઉ જણે અમને આમાં મદદ કરી છે. રાજયકક્ષાના ગૃહમંત્રી તરીકે સન્માનનીય ગૃહને જણાવતા મને આનંદ થાય છે કે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના મજબૂત નિર્ણાયક અને ન્યાય પ્રિય નેતૃત્વ હેઠળની ભારતીય જનતા પાર્ટીની સરકારે ગુનાખોરી માટે ઝીરો ટોલરન્સની નીતિનો સફળ અને સૂચારું અમલીકરણના લીધે દેશના અન્ય રાજયોની સરખામણીમાં ગુજરાત રાજયનો ગુનાખોરીનો ક્રમાંક આજે પણ ઓછો છે. રાજયમાં કાયદો અને વ્યવસ્થા તથા રાજયની આંતરિક સલામતીની જાળવણી કરવી એ પ્રજાની જાનમાલની રક્ષાની સાથે ગુનાઓની તપાસ ગુનેગારોને શોધીને તેમની અટકાયત કરી અદાલતી કાર્યવાહી કરવા અંગેની ફરજ પોલીસ તંત્રની છે. રાજયનું પોલીસ દળ સમગ્ર પ્રજાને સલામતી અને સુરક્ષા પ્રદાન કરીને ખરા અર્થમાં કલ્યાણ રાજય બનાવવાની નેમ સાથે કામ કરી રહેલ છે અને રાજયને સતત પ્રગતિશીલ રાખવા કટિબદ્ધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના ગૃહ વિભાગ અને પોલીસ તંત્રની શિસ્તબદ્ધ કામગીરી અને ફરજ પાલનને આ માટે શ્રેયના ભાગીદાર છે જે રીતે ગુજરાત રાજય વિકાસની હરણફાળ ભરેલ છે તે લક્ષમાં લેતા જાહેર સુલેહ, સલામતી અને સુરક્ષાના પડકારો પણ વધતા જતા હોય છે. પરંતુ આવા પડકારોને પહોંચી વળવા ગૃહ વિભાગ અને પોલીસ તંત્ર આધુનિક શસ્ત્ર સરંજામ, ટેકનોલોજી ઉપકરણો, ઇન્ફર્મેશન ટેકનોલોજી અને ફોરેન્સિક વિજ્ઞાનના અસરકારક ઉપયોગથી જાહેર સુલેહ શાંતિ જાળવવા માટે સફળતા મેળવી છે. ભવિષ્યમાં પણ માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના કુશળ નેતૃત્વ હેઠળ પોલીસ તંત્ર ખૂબ કુશળતાથી અને મજબૂત બનીને ગુનેગારી ડામવા કાર્ય કરે તે માટેના આયોજનબદ્ધ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. સમય સાથે પોલીસ વિભાગમાં જે ફેરફારો કે સુધારાને આવશ્યક છે તેને ઓળખીને તે પ્રમાણનો સકારાત્મક પગલાં લેવાં અનિવાર્ય બની રહે છે. ગુજરાત રાજયની અલગ રાજય તરીકેની સ્થાપના સમયથી જ રાજય સરકારની કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટેની મજબૂત અને અસરકારક વ્યવસ્થા ગુનો બનતા પહેલા ડામવા માટેની વ્યવસ્થા અને પોલીસ તંત્રના

અધિકારીઓ અને કર્મચારીઓ અવિરત અહિર્નેશ કર્તવ્ય અને નિષ્ઠાના કારણે ગુજરાતના તમામ નાગરિકો શાંતિ, સુરક્ષા અને સલામતીની લાગણી અનુભવી રહ્યા છે. ગુજરાત પોલીસની કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તત્પરતાને લીધે ગુનેગારો ગુનો કરતા પહેલા સો વાર વિચાર કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની બહેનો ગુજરાતની દીકરીઓ રાત્રિના સમયે પણ નીડર થઇને કોઇપણ જાતના ભય વિના આજે પણ હરી ફરી શકે છે. આ બાબતે સમગ્ર દેશ માટે ગુજરાત રાજ્ય તમામ ક્ષેત્રમાં ગુજરાત મોડલ તરીકે અનુસરનીય અને અનુકરણીય ઉદાહરણરુપ બની ચૂકેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે હું આ સન્માનીય ગૃહ સમક્ષ અત્યંત સંવેદનશીલ અને મહત્વનો મુદ્દો રજૂ કરવા માગું છું. સમાજમાં કેટલાક વાસના ભૂખ્યા વરુઓ તેમની વાસનાની વિકૃતિ સંતોષવા માટે છેક છેલ્લી કક્ષાએ જાય છે. માસૂમ દીકરીઓ કાલી ઘેલી ભાષામાં બોલીને આપણને પરાણે વહાલી લાગે તેવી દીકરીઓને ફૂલની કળી જેવી કોમળરજ્જુ મુલાયમ હોય છે તેની માસૂમ આંખોમાં ઉજ્જવળ ભવિષ્યના સ્વપ્નાઓ પતંગિયાની જેમ ઉડાઉડ કરતાં હોય છે. આવી દીકરીઓ દુનિયાદારીથી જોજનો દૂર હોય છે. જેની આંખોમાં માસૂમિયત હોય છે અને જેની કાલી ઘેલી ભાષામાં સ્નેહ ટપકતો હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, એવી દીકરીઓને આ દરીંદાઓ ક્રૂરતાથી કચડી નાખતા હોય છે. વાસનાના વરૂઓએ કરેલ શારીરિક અત્યાચારના જખ્મ સમય જતા રૂઝાઇ જાય છે, પરંતુ તેના મનોવિશ્વમાં જે વિઘાતક અસર થાય છે તે કોઇ કાળે જતી નથી. મારે આવી દીકરીઓની વેદના, પીડા, દર્દ સન્માનનીય ગૃહ સમક્ષ રજૂ કરવા છે. તાજેતરમાં જ એક ગામડાંમાં માત્ર અઢી વર્ષની દીકરીને એક વાસનાભૂખ્યા હવસખોરોએ પીંખી નાખી. આવા હવસખોરો સમાજ માટે કલંકરૂપ છે તેમજ આવા હવસખોરો કોઇ પણ પ્રકારે માફીને લાયક નથી. ગુજરાતની સાડા છ કરોડની જનતાએ આવા ગુનેગારોને સજા આપવા માટે એકસંપ થઇ કાર્યવાહી કરવાનો સમય આવી ગયો છે. અત્રે મારે એ પણ જણાવવાનું છે કે રાજ્યની પોલીસ આવા હવસખોરોને પલક ઝપકતા જ દબોચી લે છે. તેને તેના કૂકર્મોની સજા મળે તે માટે ખાસ અદાલતમાં રજૂ કરે છે. આ કામને પોલીસ એકલા હાથે કરી શકે તેમ નથી. સગીર બાળાઓ સાથે અત્યાચાર કરનારા હેવાનોને સજા આપવા માટે મારે સન્માનનીય ગૃહના તમામ સભ્યોને સામાજિક ક્ષેત્રે, આ માત્ર ગૃહ વિભાગનું કે પોલીસનું કામ નથી. આજના ટેક્નોલોજીના જમાનામાં જે રીતે મોબાઇલ એ ખૂબ મોટું દૂષણ બનેલું છે. અનેક એવી ટેક્નોલોજી કે જે ટેક્નોલોજીના માધ્યમથી એવી અનેક વસ્તુઓ ઉપલબ્ધ હોય છે કે જેના કારણે અનેક લોકો પોતાની સેન્સ ગુમાવી ચૂકે છે. આ કોઇ માત્ર પોલીસ અને લો એન્ડ ઓર્ડરની વાત નથી, આ એક સામાજિક લડાઇ છે. હું એવું માનું છું કે આ સામાજિક લડાઇને આપણે સૌએ એક થઇને લડવી પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે ગુજરાતમાં આવા કિસ્સાઓ ઉપર ગુજરાત પોલીસ દ્વારા ખૂબ જ સખ્તાઇથી કામગીરી કરવામાં આવી. આ દેશના ઇતિહાસમાં હું આપ સૌ સાથી ધારાસભ્યોને જણાવવા માગું છું. હું આ વિષયમાં કોઇ પક્ષાપક્ષી કરવા માગતો નથી કારણ કે ગુજરાત આજે પણ લો એન્ડ ઓર્ડરની દૃષ્ટિએ ભલે નં.૧ છે પણ એ નં.૧માં એક પણ દીકરી સાથે આવા દુષ્કર્મનો કોઇ પણ વ્યવહાર થાય તે આપણા માટે ક્યારેય સ્વીકાર્ય નથી. એટલે એવી એક પણ ઘટના બનતી હોય, હું કોઇ પણ રાજ્યના આંકડા સાથે આ આંકડાની સરખામણી કરવા માગતો નથી પરંતુ આપને વિનંતી કરું છું કે આ આપણું રાજ્ય છે. સત્તા કોઇની પણ હોય. પક્ષ હોય, વિપક્ષ હોય, આ બધી વાત થઇ શકે પરંતુ આપણું રાજ્ય સેઇફ નથી એવું કહીને રાજનીતિના સ્ટેટમેન્ટ ન આપવા જોઇએ કારણ કે બીજા રાજ્યોના તમે જનરલ આંકડા ગણાવી શકો છો, પરંતુ રેપના આંકડા, મહિલાઓ સાથે થતાં દૂષણો છે તેના આંકડા તેની હું આપને વિનંતી કરું છું કે આપ પ્લીઝ તેને કમ્પેર કરજો. તેમાં આજે પણ આપણું રાજ્ય દેશમાં સૌથી સુરક્ષિત છે. અનેક લોકોએ અનેક વાત કહી. એ બેન ગ્રીષ્માની વાત હોય, ધોળકાની બનેલી ઘટના હોય કે ગુજરાતની એક પણ દીકરી સાથે બનેલી ઘટના હોય. અમે કોઇને છોડવા માગતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એક એવું રાજ્ય છે કે જે રાજ્યની પોલીસે અને ન્યાયતંત્રએ ભેગા થઇને આ દેશમાં ક્યારેય નહીં બની હોય એવી ઘટના, સાતથી વધારે કેસોમાં ઘટના બનવાના એક મહિનામાં કોર્ટમાંથી નિર્ણય આવેલો છે. એક કેસમાં તો ૨૨ જ દિવસમાં ફાંસીની સજા ફટકારવામાં આવેલી છે. ગ્રીષ્માના કેસની વાત થઇ, ગ્રીષ્મા જેવી દીકરી, જે દીકરીનો ચહેરો જોઇને કોઇને પણ આંખમાંથી આંસુ નીકળી જાય એ પ્રકારની ઘટના છે. હું માનું છું કે આ ઘટના અતિ ગંભીર બનેલી છે. ઘટના જે બની તેમાં ગુજરાત પોલીસે કઇ રીતે કામગીરી કરી એ પણ જોવા જેવું છે. આજે જ કોર્ટની અંદર તમામ લોકોની જુબાની લેવાઇ ગઇ છે. ૧૬જના તમામ નિવેદનો લેવાઇ ગયા છે. થોડા દિવસની અંદર એમાં કડકમાં કડક સજા ૧૦૦ ટકા આવશે એવું મારું સ્પષ્ટપણે માનવું છે. આ પ્રકારના કોઇ પણ કેસ હોય. જે પ્રકારે મેં કહ્યું, ગ્યાસુદ્દીનભાઇએ ધોળકાની વાત કરી. અમારી ગ્યાસુદ્દીનભાઇ અને તમામ લોકો સાથે પહેલાં પણ વાત થઇ ગઇ કે આ જે ઘટના બની છે તેમાં કોઇ પણ પ્રકારની છૂટ આપવામાં આવશે નહીં. ઉચ્ચ અધિકારી દ્વારા ડાયરેક્ટ એ તપાસનું નિરીક્ષણ થાય તે માટે તેમની સામે જ સૂચના આપવામાં આવી છે. એમની વાત જેટલી સાચી હશે એ તમામ ઉપર પગલા લેવામાં આવશે એની હું સો ટકા ખાતરી આપું છું. ગુજરાતના પનોતા પુત્ર એવા દેશના આર્દદ્રષ્ટા પ્રધાનમંત્રી અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે તેમજ રાજ્યના તત્કાલીન ગૃહરાજ્ય મંત્રીશ્રી અને વર્તમાનમાં કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રીશ્રી પદને શોભાવનાર શ્રી અમિતભાઇ શાહ સાહેબ દ્વારા ગુજરાતના પોલીસ તંત્રને આધુનિક બનાવવા માટે અત્યંત મહત્વની અભિયાન ઝુંબેશ સ્વરૂપે હાથ ધરી. આધુનિક ટેકનોલોજીની મદદથી ગુજરાતના પોલીસતંત્રની કાયા પલટ કરી હતી. આજનું પોલીસતંત્રનું આધુનિકરણ

માનનીયશ્રી નરેન્દ્રભાઇની દીર્ઘદ્રષ્ટિ અને દૂરંદેશીના વિઝનને અને માનનીયશ્રી અમિતભાઇ શાહ સાહેબનું સુચારું અમલીકરણને આભારી છે. દેશ વિદેશમાં ગુજરાત રાજ્યની સામાન્ય છાપ વેપારપ્રિય અને ઉદ્યોગ સાહસિક હોવાની છે. વેપાર, વાણિજ્ય અને ઉદ્યોગની સ્થાપના અને સંચાલન માટે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની જાળવણી અને કોઇપણ અનિચ્છનીય બનાવો ના બને અને વેપાર ઉદ્યોગજગતના પ્રતિનિધિઓને કોઇપણ પ્રકારની અડચણ કે કનડગત ના થાય તેના નિવારણ માટે લોખંડી પગલાં લઇ તેમને સુરક્ષા અને સલામતીનો અહેવાસ સતત થવાથી ગુજરાત રાજ્યમાં ઔદ્યોગિક રોકાણમાં સતત વૃદ્ધિ થઇ રહી છે અને ઔદ્યોગિક વિકાસની દિશામાં રાજ્યે હરણફાળ ભરેલ છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી અને રક્ષાશકિત યુનિવર્સિટીનું અભિનવ સ્વપ્ન સેવેલ હતું. આ બન્ને યુનિવર્સિટીના સ્થાપના કાળથી રાજ્ય સરકારે દરેક જરૂરીયાતને પારખીને જરૂરી સાધન-સામગ્રી, મહેકમ, આધુનિક ટેકનોલોજી, પ્રયોગશાળા વગેરે સમયસર ઉપલબ્ધ કરાવેલ છે. તેના પરિણામે બંને યુનિવર્સિટીની અભૂતપૂર્વ નામના રાજ્યના તેમજ દેશના સિમાડા ઓળંગીને આંતરરાષ્ટ્રીય નામના મેળવેલ છે. ગુજરાત રાજ્યની સાડા છ કરોડ જનતાએ ૨૫ વર્ષથી અમારી ભારતીય જનતા પાર્ટી પર સતત સૌના આશીર્વાદ અને કૃપાની હેલી વરસાવી છે. આ એક વિક્રમજનક બાબત છે. સાથોસાથ અમને સચેત પણ કરે છે કેમ કે પ્રજાએ અમારા ઉપર મુકેલ વિશ્વાસને સાર્થક કરી રાજ્યની અનંત વિકાસકૂચને બુલેટ ટ્રેનની ઝડપથી અમારે આગળ વધારવાની છે. અમારા ખંભા ઉપર છેવાડાના ગરીબ, વંચિત નાગરિકોની સર્વોત્તોમુખી, સર્વસમાવેશક, સર્વગ્રાહી ઉત્કર્ષ અને કલ્યાણ થકી વિકાસ કરવાની મજબૂત જવાબદારી છે. ગુજરાતની સાડા છ કરોડ પ્રજાએ અમારા ઉપર મુકેલ વિશ્વાસને સાર્થક કરી શકીએ તે માટે અમે પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ. ગુજરાતના પનોતા પુત્ર અને ભારતના વડાપ્રધાન અને સમગ્ર વિશ્વમાં મજબૂત નેતા તરીકે સ્થાન પામનાર માનનીયશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબના માર્ગદર્શન, કઠોર પરિશ્રમ અને વ્યૂહરચનાથી તાજેતરમાં પાંચ રાજ્યોની વિધાનસભાની યોજાયેલ ચૂંટણીમાં ચોગ્ગો ફટકારીને વિરોધ પક્ષની વ્યૂહરચના વેરવિખેર કરી નાંખી છે. માનનીયશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબે વધુ મજબુત અને સશકત નેતા તરીકે ચૂંટણીની પરીક્ષામાં ઝળહળતી સફળતા મેળવી છે. અમારા પક્ષના રાષ્ટ્રીય પ્રમુખ અમારા સૌના નેતા અમિતભાઇ શાહ સાહેબ અને કરોડો કાર્યકરો તન, મન અને ધનની પ્રબળ રાષ્ટ્રપ્રેમની ભાવના હૈયે રાખીને ભારત માતાની સેવા કરી રહ્યા છે. તેમના અથાગ પરિશ્રમને કારણે અમે પંચાયતથી પાર્લામેન્ટ સુધી સતત ફતેહ મેળવતા આવ્યા છીએ. આજે મારે આ સન્માનનીય ગૃહના સદસ્યોને પોલીસ તંત્રના જવાનોની ફરજપરસ્તી કર્તવ્યનિષ્ઠા, ફરજ પરત્વેના સમર્પણની વાતો રજૂ કરવી છે. જેમાં પોલીસ તંત્ર માટેની પરંપરાગત રૂઢ થયેલી માન્યતાને ઘરમૂળથી ફગાદી દેવી છે. આપણે પોલીસ શબ્દ બોલીએ એટલે એક ચોક્કસ પ્રકારની ફીલિંગ આવે છે. સમાજમાં પોલીસ માટે અપમાનકારક શબ્દો પણ બોલવામાં આવે છે. પોલીસ એટલે ચાર રસ્તા પર ટ્રાફિકનું નિયમન કરતો જવાન એવું નથી. પોલીસ એટલે મહાનુભાવોના કાર્યક્રમમાં માત્ર બંદોબસ્ત કરતો કર્મચારી છે એવું પણ નથી. પોલીસ એટલે ચૂંટણીમાં માત્ર ફરજ બજાવતો હોય એવું પણ નથી. પોલીસ એટલે ૧૫મી ઓગસ્ટ કે ૨૬મી જાન્યુઆરી જેવા રાષ્ટ્રીય પર્વની ઉજવણી દરમ્યાન અવનવા કરતબો દર્શાવતો કે એક લાઇનમાં પરેડ કરતો પોલીસ જવાન એવું પણ નથી. પોલીસ સાપ્તાહિક રજા વિના ચોવીસ કલાક આ રાજ્યની શાંતિ, સલામતિ, સુરક્ષા માટે ફરજ બજાવવી પડે તો તેની કામગીરી કોઇપણ પ્રકારની અપેક્ષા કે આકાંક્ષા વગર કરનાર એ પોલીસ છે. કેટલીયવાર મારો પોલીસનો જવાન તેના પરિવારના સભ્યો રાતની નીંદર લેતા હોય ત્યારે તેની ફરજ પર પાછો જાય છે અને ફરજ પરથી પરત આવે ત્યારે તેના પરિવારના સભ્યો રાતની નીંદર લેતા હોય એવા એકેએક પોલીસના જવાનનું આ પ્રકારનું જીવન એ આ રાજ્યની શાંતિ, સલામતિ અને સુરક્ષા માટે જીવે છે. તેના પરિવારના સભ્યો નાનાં બાળકો કે વયોવૃદ્ધ મા-બાપ હોય એમને સમય આપી શકતાં નથી. પરિવારની માંદગી કે સામાજિક પ્રસંગોએ હાજરી આપી શકતા નથી. પોલીસ પોતાના વ્યક્તિગત કે અંગત સુખને ત્યજીને તે રાષ્ટ્ર અને રાજ્ય તરફની ફરજ સૈનિકની જેમ અદા કરે છે. આપણે સૌ હજી કોરોનાનો કાળ ભૂલ્યા નથી. કોરોનાની અંદર કેટલા લોકોને માસ્ક માટે રોક્યા, કેટલા રૂપિયા ભેગા થયા, જે શહીદ થયા એનું શું થયું? કોરોના કાળમાં જે કોઇ પોલીસના જવાન મૃત્યુ પામ્યા છે એ તમામને ૨૫ લાખ રૂપિયા આપી દેવામાં આવ્યા છે. ટેકનિકલ કારણોસર જે બાકી છે એની કામગીરી ચાલી રહી છે અને એ પણ ઝડપથી ચૂકવી દેવામાં આવશે. એ કોરોના કાળ જ્યારે સગા પણ સગા ન હતા. બાજુમાં પડોશી રહેતા હોય કે જેની સાથે રાત દિવસ પાસે બેસતા હોય એ લોકો પણ જોવા મળ્યા ન હતા. એવા સમયમાં આ ગુજરાત પોલીસના એકે એક જવાને કોઇના માતા-પિતા બિમાર હતા, કોઇની પત્ની બિમાર હતી, કોઇનો દીકરો કોરોનાગ્રસ્ત હતો છતાં તમામ લોકોએ પોતાના પરિવારની ચિંતા છોડીને આ રાજ્યને કોરોનાગ્રસ્તમાંથી બહાર લાવવા માટે સૌથી વધારે મહેનત કરી છે. પોલીસ ડિપાર્ટમેન્ટ એટલે શું? કોરોના સમયમાં સિવિલ હોસ્પિટલની બહાર ડોકટરની જેમ અમારો પોલીસનો જવાન વ્યવસ્થામાં ઉભો રહ્યો છે. કોઇપણ ઘટના બને, ફાયર બ્રિગેડ સાથે ઉભા રહેવા વાળો કોઇ સ્ટાફ હોય તો એ અમારો પોલીસનો જવાન હોય છે. કવિ પ્રદીપજીની લખેલી પંક્તિઓ મારે કહેવી છે. બે પ્રદીપજી છેઃ એક કવિ જેની કવિતા મારે બોલવી છે અને એક અમારા પ્રદીપસિંહજી, જેમણે અનેક વર્ષોથી આ ગૃહ વિભાગની મહત્વની જવાબદારી સંભાળેલી હતી અને ગુજરાત રાજ્યમાં લો અને ઓર્ડરની બાબતે મજબૂતાઇથી જે પ્રકારે કામગીરી કરી છે. પહેલા દિવસે જ્યારે હું ચાર્જ લેવા જતો હતો, હું મારા વિપક્ષના સાથી સભ્યોને કહેવા માગું છું કે અનેકવાર એવી વાત આવી, નવી સરકાર, જૂની સરકાર. આ સહિયારી સરકાર છે. કોઇ નવી સરકાર નથી. પહેલા દિવસે ગૃહમંત્રી તરીકે ચાર્જ લેવા જતો હતો ત્યારે સૌથી પહેલા એમને પગે

લાગીને આશીર્વાદ લીધા. એમની પાસેથી માર્ગદર્શન લીધું અને અવાર નવાર ગૃહમાં બોલવાનું હોય, પ્રશ્નો હોય, અનેકવાર અમારા પૂર્વ મંત્રીશ્રી અને અમારા નેતા આદરણીય શ્રી પ્રદીપસંહજીએ અમને લોકોને માર્ગદર્શન આપ્યું છે. અમારા લોકોની આ સહિયારી સરકાર છે. આ પોલીસ માટેની પંક્તિ છે. હું માનું છું કે આપણા સૌ માટે છે. 'જબ દેશ મેં થી દિવાલી, વો ખેલ રહે થે હોલી. જબ હમ બૈઠે થે ઘરો મૈં, વો ઝેલ રહે થે ગોલી. થે ધન્ય વો જવાન અપને, થી ધન્ય વો ઉનકી જવાની' પોલીસના જવાનો હોળી હોય કે દિવાળી હોય આ તમામ તહેવારોમાં પોતાના પરિવારથી દૂર રહીને ફરજ બજાવે છે. અનેક દિવસોથી આ ડ્રગ્ઝની વાત સાંભળું છું. ઘણા સમયથી જેમ જેમ ડ્રગ પકડાયું મને એમ થાય કે જે રાજ્યમાં ડ્રગ નથી પકડાતું, આપણું ગુજરાત એક એવું રાજ્ય છે કે જેના બે પડોશી રાજ્યો આ દેશમાં ખૂબ ફેમશ છે. મહારાષ્ટ્રમાં મુંબઇ શહેર આવે છે. ડ્રગ માટેનું દુનિયામાં જે મોટા મોટા સ્પોટ ગણાતા હોય એમાં એક મુંબઇ સ્પોટ ગણાતું હોય છે. અફીણની ખેતી રાજસ્થાનમાં ખૂબ સામાન્ય વાત છે. હું એમ નથી કહેવા માગતો કે હમણા કોંગ્રેસની સરકાર છે અને ખેતી વધી ગઇ છે. આ ટ્રેડિશનલ ઇશ્યૂ છે પરંતુ હું આજે આપને જણાવવા માગું છું કે ડ્રગનો કિસ્સો અને ડ્રગના કિસ્સાઓ પકડવામાં આપણે કઇ રીતે સફળતા મેળવી છે. શૈલેષભાઇએ ડ્રગ્સની વાત કરી. અનેક સભ્યોએ ડ્રગ્સની વાત કરી છે. તમામ લોકોને હું વિનંતી કરું છું કે ડ્રગ્સનો વિષય એ કયારેય સરકાર કે વિપક્ષ ન હોઇ શકે. ડ્રગ્સનો વિષય એ કયારેય આરોપ, પ્રતિ આરોપ ન હોઇ શકે. ડ્રગ્સ ના પકડાય તો એ ચિંતાનો વિષય છે. જે પ્રકારે વેસ્ટર્ન કન્ટ્રિઝની અંદર ડ્રગ્સનું પ્રમાણ વધતું જાય છે. જે પ્રકારે ડ્રગ્સ એક ફેશન બની ગયું છે. તેની સામે આપણા દેશમાં કયાંક ને કયાંક આપણે ડ્રગની સામે સારી લડાઇ લડી રહ્યા છીએ. એમાં પણ ગુજરાતની વાત હોય તો કદાચ આ દેશમાં આજે પણ ડ્રગ્સ માટે સૌથી સખત પગલાં લેવાતાં હોય તો એ આપણા ગુજરાત રાજયમાં લેવાય છે. આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલસાહેબે રાજયના મુખ્યમંત્રી તરીકેની જવાબદારી લીધી. એમણે જવાબદારી લેતાની સાથે જ સૌથી પહેલી બેઠકોમાં નિર્ણય લેવામાં આવ્યો કે ગુજરાત પોલીસ સૌથી પહેલી અને સૌથી મજબૂત લડાઇ હાથમાં લે છે એ લડાઇ છે ડ્રગ સામેની. ગુજરાતમાં ડ્રગ ઘૂસે તે પહેલા પકડાય એ માટેની લડાઇ ચાલુ છે. આ લડાઇ કઇ રીતે લડી શકાય? આ લડાઇ લડવા માટે સૌથી પહેલા શનિવારની રાત હોય અને અનેક લોકો પોતાના પરિવાર સાથે વીકએન્ડ મનાવતા હોય છે ત્યારે રાજયનો ગૃહ વિભાગ દ્વારા રાત્રે બે વાગ્યા સુધી બેસીને ડ્રગ્સ રિવોર્ડ પોલિસી બનાવવામાં આવી અને બધા પૂછે છે ને કે આ ડ્રગ કઇ રીતે પકડાયું? આ દેશમાં માત્ર ગુજરાત રાજ્ય એક જ એવું રાજ્ય છે કે જેણે પોતાની ડ્રગ્સ રિવોર્ડ પોલિસી બનાવી અને રિવોર્ડ પોલિસીના હિસાબે ગુજરાત પોલીસને તમામ માહિતી મળવાનો સ્ત્રોત વધ્યો. હું બે કિસ્સા આ બાબતે આપને જણાવવા માગું છું. આ કિસ્સા આપણે સાંભળવા જોઇએ. ડ્રગ્સ પકડવા માટે કઇ રીતે કામગીરી થઇ રહી છે. આપણી ગુજરાતની એ.ટી.એ. આપણને સૌને એના ઉપર ગર્વ હોવો જોઇએ. શૈલેષભાઇનો હું આભાર માનું છું. એમણે ગુજરાત પોલીસની કામગીરીને અભિનંદન આપ્યા છે. શૈલેષભાઇ, હું આપનો આભાર માનું છું અને સૌ પક્ષના લોકો જેમણે ડ્રગ્સની બાબતમાં આજે ગુજરાત પોલીસનું મોરલ મજબૂત કર્યું છે એમનો પણ આભાર માનું છું. ડ્રગ્સ કઇ રીતે પકડાય છે? જ્યારે દિવાળીનો તહેવાર હતો. તમામ લોકો પોતાના પરિવાર જોડે દિવાળી મનાવી રહ્યા હતા, ત્યારે અમારી ગુજરાત એ.ટી.એસ.ની ટીમ ભારત- પાકિસ્તાનની દરિયાઇ સીમામાં ૩-૩ દિવસ સુધી બોટમાં રહે છે. જે જમવાનું લઇ ગયા હતા એમાં જ ચલાવવું પડયું અને એટલા દિવસ સુધી દિવસે તાપ હોય કે રાત્રે ગમે તેટલી ઠંડી હોય આ બોટમાં રહીને પાકિસ્તાનથી તાત્કાલિક જેવી બોટ અંદર ઘૂસે છે આ બોટ પકડવામાં આવે છે અને એ બોટની અંદર કરોડો રૂપિયાનું ડ્રગ્સ હોય છે. જે ડ્રગ્સ પંજાબ જવાનું હતું. ગુજરાત પોલીસે આ જવાબદારી પૂર્ણ કરી. આ રીતે સલીમ કરીને મુંબઇના થાણેમાં વર્ષ ૨૦૨૦ થી શાકભાજી, ફ્રૂટની લારી ચલાવે. શાકભાજી ફ્રૂટની લારીની આડમાં હજારો યુવાનોનું જીવન બરબાદ કરવાનું કામ આ સલીમ દ્વારા થઇ રહ્યું હતું. મહારાષ્ટ્ર પોલીસે અગર વર્ષ ૨૦૨૦માં આ કામગીરી કરી હોત તો ગુજરાતે આજે વર્ષ ૨૦૨૨માં કામગીરી ન કરવી પડી હોત. આ સલીમ મોરબી આવે છે. પાકિસ્તાનથી ડ્રગનું મોટું કાર્ટલ મંગાવે છે. ગુજરાત એ.ટી.એસ.ની ટીમ અને ત્યાંની લોકલ ટીમ ત્યાં ફૂટપાથ ઉપર ૭-૭ દિવસ સુધી કોઇ ભિખારી બનીને બેસે છે તો કોઇ દૂધવાળો બનીને જાય છે અને આ સલીમ સવાસો કરોડ કરતા વધારેનું ડ્રગ્સ એ મુંબઇ લઇ જવાનો હતો. મહારાષ્ટ્રના હજારો યુવાનોનું જીવન બરબાદ કરવા માટેની સામગ્રી ગુજરાતમાંથી બહાર પાકિસ્તાનથી આવેલ હતું એ ડ્રગ્સ લઇ જવાનું હતું. આ કયા રાજયની જવાબદારી છે એ નહીં સમજાય. અમે આ જવાબદારી અમારી સામાજિક જવાબદારી છે એમ સમજીને પકડયો અને મહારાષ્ટ્રના હજારો યુવાનોનો જીવ બગડતો બચાવવાની કામગીરી રાજ્ય પોલીસ દ્વારા કરવામાં આવી. હું માત્ર વિપક્ષ અને મારા પક્ષના સૌ લોકોને એક વિનંતી કરવા માગું છું. હું એમ નથી કહેતો કે મારા રાજયના એક પણ યુવાનો ડ્રગ્સ નથી લેતા એ વાત સાચી છે, પરંતુ મારા રાજયના એકેએક યુવાનોને કોઇપણ યુવાનને અગર એ ડ્રગ્સના દૂષણની અંદર કયાંયથી આવેલો હોય તો એને નિકાળવાની તો ફરજ આપણા સૌની છે. આ રાજયના સૌ નાગરિકો પક્ષ હોય કે વિપક્ષ હોય આ તમામ લોકોને એક આશા સાથે ચૂંટાઇને વિધાનસભા સુધી મોકલ્યા છે. ડ્રગની બાબતમાં હું આપ સૌને વિનંતી કરું છું કે આપણે સૌ સાથે મળીને ટીમ ગુજરાત તરીકે આખા ગુજરાતમાં અને સામાજિક દૂષણની સામે લડાઇ લડવામાં તમે પણ અમારી સાથે જોડાવ. તમે પણ સૌ લોકો અહીયા બેઠેલા અનેક લોકોના નાના દીકરા, નાની દીકરી છે. આપણા સૌની સામાજિક જવાબદારી છે. મને ૫ મિનિટ આપશો તો હું તમામ લોકોને મહત્વના જવાબો પોઝિટિવલી આપવા માગું છું. ૪ મિનિટ આપી દો. સૌથી પહેલા તો વિરજીભાઇની વાત કે કોરોનામાં શહીદ થયેલ તમામ પોલીસ કર્મચારીઓને ૨૫-૨૫ લાખ આપવામાં આવે છે. ધોળકાવાળા કેસમાં ૮ જણાની ધરપકડ થઇ ગઇ છે. ૧૬૪નું નિવેદન લઇ લેવામાં આવેલ છે. અને આપને ગૃહની વચ્ચે

કહેવા માગું છું કે ગ્યાસુદીનભાઇને વિનંતી કરું છું કે આ ગૃહ તમામ સમાજ માટેનું છે. તમે કે હું. કયારેય કયા સમાજની દીકરી છે એ કયારેય આપણને ન શોભે. તેઓ બધાની દીકરી છે. આપણી બહેન છે. એને કોઇપણ પ્રકારની તકલીફ પડી હોય તો તે આપણી જવાબદારી છે. આપણે સૌ સાથે મળીને મજબૂતમાં મજબૂત પગલાં લઇશું. તે માટે હું આપને ૧૦૦ ટકા પ્રોમીશ આપું છું. સુખરામભાઇએ જે સર્ટીફિકેટ બાબતમાં પ્રશ્ન કર્યા. એમાં પીયૂષભાઇ વંડા છે. શીલ્પાબેન બરાઇ છે. સંજયભાઇ કર્મટા છે. હેમલત્તા, કુ. માલીવાડ છે. સંદીપકુમાર અને લક્ષ્મીબેન છે. આમાં કોર્ટમાં જેટલા કિસ્સાઓ ચાલે છે. ૬૦ દિવસમાં નિમણૂક આપવાની છે ખાતરી આપીએ છીએ. ૬૦ દિવસમાં નિમણૂક અપાતી હશે. ૧૦૦ ટકા આપીશું.

वासणभाईने बहोत ही महत्त्वपूर्ण आपके जिले की बात की थी, कि वो सरहदी जिला है। वो सरहदी जिले में हम लोगों ने सभी प्रकारकी व्यवस्थाएं और आउट पोस्ट पुलिस स्टेशन, नए पुलिस स्टेशन बनानेकी व्यवस्था की है। में मात्र यही कहना चाहता हुं।

માનનીય અધ્યક્ષશ્રી, બધા જ લોકોમાં એક ગેનીબેનની જે મહત્વની વાત છે. હું ગેનીબેનને વિનંતી કરું છું કે આખી મેથડ વાંચ્યા વગર બોલી શકે છે એ ખૂબ સારી વાત છે. ગેનીબેનને વિશ્વાસ છે કે ગેનીબેન કોઇપણ સાચી ફરિયાદ કરશે તો અમે ૧૦૦ ટકા પગલાં ભરીશું. આભાર.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો પ્રોસસ થઇ ગઇ છે. તેમ છતા અમારા ગૃહના નેતા સાથે ચર્ચા કરતા, ચર્ચાને અંતે સ્વાભાવિક છે કે પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિ તરીકે સરકારની મેઇન જવાબદારી છે, પણ એમના સાથી તરીકે અમારી પણ જવાબદારી એટલી જ છે, ત્યારે સરકારને અમે ધારાસભ્યશ્રીઓએ જે પણ રજૂઆત કરી, ટીકાના સ્વરૂપ કરતા અમારી પાસે આવેલ મુદા, ગ્યાસુદીનભાઇનો મુદો આવ્યો એમ અનેક પ્રકારના મુદા સરકાર સમક્ષ અમે મૂકતા હોઇએ છીએ. ખાસ કરીને ડ્રગ્સ, દારૂ, મહિલાઓની છેડતીથી માંડીને જે પણ કિસ્સાઓ છે. આ તમામ કિસ્સામાં અમારો જે રોલ હોય છે. જે આપનું ધ્યાન દોરવાનો રોલ હોય છે. ત્યારે હર્ષભાઇએ ખૂબ સારી રીતે કોઇપણ પોલિટિકલ ટીકા કર્યા વગર ચિંતા કરી અને એમની માગણીઓ મૂકી છે અને ગુજરાતના પોલીસનું મનોબળ તોડવાનો અમારો કોઇ ઇરાદો નથી. માટે અમારા નેતાના આદેશ મુજબ અમારી જેટલી પણ કાપ દરખાસ્તો છે એ અમે પાછી ખેંચીએ છીએ અને સર્વાનુમતે રાજ્યના પોલીસ તંત્રને વધુ મજબૂતાઇ મળે તે માટે સર્વાનુમતે સ્વીકારીએ છીએ.

શ્રી શૈલેષ મ. પરમાર(વિપક્ષના ઉપનેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, અમારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧, ૨, ૩, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૩૦, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૨, ૫૪, ૫૫, ૫૭ અને ૫૮ પાછી ખેંચી લેવાની સભાગૃહની અનુમતિ માગું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી શૈલેષ મ. પરમાર(વિપક્ષના ઉપનેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, અમારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧, ૨, ૩, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૩૦, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૨, ૫૪, ૫૫, ૫૭ અને ૫૮ પાછી ખેંચી લઉં છું.

**કાપ દરખાસ્તો ક્રમાંક- ૧, ૨, ૩, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૩૦, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૨, ૫૪, ૫૫, ૫૭ અને ૫૮ પરત ખેંચવામાં આવી.**

**માગણી ક્રમાંકઃ ૪૨, ૪૩,૪૪ મત માટે મુકવામાં આવી અને વિના વિરોધે મંજૂર કરવામાં આવી.**

શ્રી હર્ષ ૨. સંઘવી : ખાસ કરીને હું વિપક્ષના સૌ સાથી મિત્રોને ખરા હૃદયથી આભાર માનું છું. એમને વિશ્વાસ અપાવવા માગું છું કે આપણે ટીમ ગુજરાત તરીકે કામગીરી કરીશું. ખાસ કરીને વિરોધપક્ષના નેતાનો આભાર માનું છું.

**સન ૨૦૨૨નું ગુજરાત વિધેયક ક્રમાંક –**

સન ૨૦૨૨ નું ગુજરાત લઘુમતી કલ્યાણ અને સંરક્ષણ વિધેયક**,** ૨૦૨૨

**ગુજરાત રાજ્યમાં લઘુમતી કોમોના કલ્યાણ માટે અને તેમના જાનમાલના રક્ષણ માટે અને તેની સાથે સંકળાયેલી બાબતો માટે જોગવાઇ કરવા બાબત વિધેયક**

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા**(**જમાલપુર-ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૨નું ગુજરાત લઘુમતી કલ્યાણ અને સંરક્ષણ વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

તા. ૧૬મી માર્ચ ૨૦૨૨

બિન-સરકારી સંકલ્પો

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૨૨ નું ગુજરાત લઘુમતી કલ્યાણ અને સંરક્ષણ વિધેયક દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**બિન-સરકારી સંકલ્પો**

**પ્રાકૃતિક ખેતી તરફના પ્રયાણ અંગે**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા(ધોળકા) : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો હું વિપક્ષનો આભાર માનીને હર્ષભાઇને ખૂબ અભિનંદન આપું છું. ભાઇ પ્રદીપસિંહજીએ જે રીતે સાડાચાર વર્ષ આ વિભાગને ચલાવ્યો તેવી જ રીતે ભાઇ હર્ષભાઇ પણ આ વિભાગ ચલાવે છે. પાર્ટીના સિનિયર તરીકે અને ગૃહના સિનિયર આગેવાન તરીકે હું એમને ખૂબ અભિનંદન આપું છું. હવે હું આ મારો નીચે મુજબનો સંકલ્પ રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રાકૃતિક ખેતી એ માત્ર ખેતી જ નહિ પણ જીવનદર્શન છે. રાસાયણિક ખાતર અને દવાઓના વધુ પડતા ઉપયોગના કારણે કુદરતી તત્વો જેવાં કે જળ, જમીન અને હવા એ ત્રણેય તત્વોને થયેલા ગંભીર નુકશાનના દુષ્પ્રભાવને નિવારવા માટે ‘‘પ્રાકૃતિક ખેતી’’ તરફનું પ્રયાણ એ ક્રાંતિકારી પરિવર્તન છે. આ પરિવર્તન ખેડૂતોની સાથોસાથ પ્રકૃતિનું પણ સંરક્ષક બની રહેશે. આજે દેશ અને રાજ્યના હજારો કિસાનો પ્રાકૃતિક કૃષિ સાથે જોડાયા છે. ગુજરાતના ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વાળવાના આ મહાઅભિયાનનું નેતૃત્વ રાજ્ય સરકારે લીધું છે. પ્રાકૃતિક ખેતીના પ્રચાર-પ્રસાર માટે સુભાષ પાલેકર પ્રાકૃતિક કૃષિ તાલીમ કાર્યશાળાના કાર્યક્રમો સમયાંતરે રાખવામાં આવે છે.

સમગ્ર વિશ્વ આજે અનેક પ્રકારના પડકારોનો સામનો કરી રહ્યું છે. તે પૈકી જળ અને વાયુ પરિવર્તન એ વિશ્વ સામેનો એક મોટો પડકાર છે. પ્રકૃતિ સાથે છેડછાડ કરવાના કારણે સમગ્ર વાતાવરણ દૂષિત થયું છે. આજે શુદ્ધ પાણી, શુદ્ધ હવા કે શુદ્ધ ખોરાક મેળવવા અશક્ય બની ગયેલ છે ત્યારે આપણા માટે કુદરત તરફ પાછા વળવાનો સમય આવી ગયો છે. ખેડૂતો રાત-દિવસ મહેનત કરી અન્ન પેદા કરે છે. પરંતુ આધુનિક રીતે કરવામાં આવતી રાસાયણિક ખેતીમાં વધેલ ખર્ચને કારણે તેને આર્થિક હાડમારી ભોગવવી પડે છે. અનુભવે એ તારણ બહાર આવ્યું છે કે, પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને ખેતી અંગેનો ખર્ચ ઘટવાની સાથે તેમની આવકમાં પણ વધારો થયો છે. તેથી રાસાયણિક ખેતીને તિલાંજલિ આપી, આપણી પ્રાચીન ઋષિ પરંપરા અનુસાર ગાયના છાણ આધારિત પ્રાકૃતિક કૃષિ અપનાવવા ખેડૂતોને આગળ લાવવા પ્રશિક્ષિત કરવા જરૂરી છે.

રાજ્યની ચારેય કૃષિ યુનિવર્સિટીઓમાં પ્રાકૃતિક ખેતીના વિકાસ અને વિસ્તરણ માટે વૈજ્ઞાનિક પદ્ધતિથી સંશોધનો હાથ ધરવામાં આવ્યા છે. ખેડૂતોને દાહોદ અને દેવાતજ કૃષિ વિજ્ઞાન કેન્દ્રોમાં જીવામૃત અને ઘન જીવામૃત બનાવવા અંગેની તાલીમ આપવામાં આવી રહી છે. પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને ખેત પેદાશોના યોગ્ય ભાવ મળી રહે તે માટે રાજ્યના દરેક જિલ્લામાં બજાર વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. ખેડૂતોને પ્રાકૃતિક ખેતી માટે સારી જાતના બિયારણોની પસંદગી કરવા માટે માર્ગદર્શન આપીને અદ્યતન માહિતીથી વાકેફ કરવા જરૂરી છે. રાસાયણિક ખાતર અને દવાઓના વધારે પડતા ઉપયોગથી પ્રકૃતિને ખૂબ જ નુકશાન થઇ રહ્યું છે, જેથી હવે તેનું જતન કરવાની ખૂબ તાતી જરૂરિયાત છે.

આથી ગુજરાતના ખેડૂતોને રાસાયણિક ખાતર અને દવાઓના ઉપયોગથી જમીનને થતા નુકશાન અંગે સમજ આપી તેઓ પ્રાકૃતિક ખેતી અપનાવતા થાય તે માટેના ઘનિષ્ઠ પ્રયાસો હાથ ધરવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રકૃત્તિ પોષણ માટે છે શોષણ માટે નથી. માણસે વિજ્ઞાનની મદદથી પ્રકૃત્તિનું શોષણ કર્યું છે, હવે આ વૈશ્વિક સમસ્યા બની ગઇ છે. વૃક્ષ એ પ્રકૃત્તિ છે, હવા પ્રકૃત્તિ છે, પાણી પ્રકૃત્તિ છે અને જમીન જેને આપણે માતા કહીએ છીએ એ પણ પ્રકૃત્તિ છે. આપણે એમને કેવી રીતે શોષિત કર્યા છે? આ ચારેય પ્રકૃત્તિનું આપણે પોષણ નહીં પરંતુ શોષણ કર્યું છે. વૃક્ષો કાપ્યા, મિલ-કારખાના, પેટ્રોલ-ડીઝલના ધુમાડા, કેમિકલ છોડીને નદીઓના પાણીને પ્રદૂષિત કર્યું, જમીનમાં અપ્રમાણ વધારે પડતા ખાતર અને જંતુનાશક દવાઓના ઉપયોગને કારણે આજે જમીન પણ આપણાથી રીસાઇ ગઇ હોય એ પ્રકારનો અનુભવ ખેડૂત કરી રહ્યો છે. વૃક્ષો અને મિલ-કારખાના, પેટ્રોલ-ડીઝલ અને રસોડાના ધુમાડામાં માનનીય નરેન્દ્રભાઇ મોદીને આપણે દીર્ઘદ્રષ્ટા શા માટે કહીએ છીએ? વૃક્ષો રોડ માટે કપાય, મકાન માટે કપાય, કોલેજ, રેલ, કેનાલ પરંતુ રાજય સરકારનો નિર્ણય છે કે એક વૃક્ષ જ્યાં તમારે કાપવાની જરૂર પડે ત્યાં સામે દસ વૃક્ષ તમારે વાવવાના એટલે રાજય સરકારે એનું પોષણ કર્યું છે અને આ ધુમાડા અટકાવવા માટે આપણને બધાને ખબર છે કે, ઘરે ઘરે ગેસ આપીને માનનીય વડાપ્રધાનશ્રીએ ખૂબ મહત્વનું કામ કર્યું છે. ૫૦ વર્ષ પહેલાં ઋતુનું નામ અને ઓળખ હતી ગરમી પડે છે, ઠંડી પડે છે, સમઘાત વાતાવરણ છે આ ત્રણ જ નામ હતાં, એમાં ચોથું નામ ઉમેરાયું ગ્લોબલ વોર્મિંગનું અને એ પ્રકૃત્તિના શોષણને કારણે જ થયું. અનઇવન સિઝન, અનિયમિત ઋતુંને કારણે આ વાતાવરણ દૂષિત થાય છે એના પરિણામે જેવી રીતે હવામાં હવા દૂષિત થાય છે એના પરિણામે ભયંકર ગરમી, ઠંડી, આજનો દિવસ આપણે પહેલું સત્ર પૂરું થયું અને હું બહાર ગયો ૪૨ ડિગ્રી ગરમી, આપણને આશ્ચર્ય લાગે કે માર્ચ માહિનામાં જે આપણે એપ્રિલમાં પણ ન હોય એવી ગરમી આજે આપણને જોવા મળી છે, અતિશય ઠંડી જેનો અનુભવ આપણે આ વખતે કર્યો છે. ગમે ત્યારે વરસાદ, આ માત્રને માત્ર ગ્લોબલ

વોર્મિંગને કારણે જ છે. હીમશીલા ઓગળવી આ બધી જ અસર એ જમીન ઉપર સૌથી વધારે થાય છે અને આ બધી સમસ્યાનું કોઇ મૂળ હોય અને એનો ઉકેલ હોય તો મૂળ છે વાતાવરણ દૂષિત થયું છે, ઉપાય છે પ્રાકૃતિક ખેતી અને પ્રાકૃતિક ખેતી પણ એટલા માટે મેં કહ્યું હતું કે મેં વેબસાઇટ ઉપરથી ખૂબ મહેનત કરીને મને જ્યારથી સમાચાર મળ્યાં કે ૧૬મી તારીખે મારે બોલવાનું છે આ બધા દુનિયાભરના લોકોએ, તમારી બધાની માહિતી માટે કહું છું દુનિયાભરના લોકોએ ખાતરથી શું નુકસાન થાય છે, જંતુનાશક દવાથી શું નુકસાન થાય છે તેના સાઇટિશન સાથે હું આવ્યો છું. આ બધા સાઇટિશન તે મારે ગૃહને જણાવવા છે.

અધ્યક્ષશ્રી : બે મિનિટ છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, બે મિનિટ છે તો માત્ર અને માત્ર, આના ઉકેલ માટે જીવામૃત અને એક છે ગૌકૃપા અમૃતમ્. માનનીય ગવર્નરશ્રીને આપણે ગૃહ વતી અભિનંદન આપવા જોઇએ કે તેમણે આ આખી બાબતને હાથમાં લઇ અને વિજયભાઇ રૂપાણી હતા ત્યારે આખા મંત્રી મંડળની હાજરીની અંદર ૧૦ હજાર ખેડૂતોને બોલાવીને આની શરૂઆત કરેલી અને આજે ધારાસભ્યોને પણ બોલાવ્યા હતા અને કહ્યું હતું કે જે ધારાસભ્ય આ પ્રકારની મીટિંગ રાખશે તો હું ત્યાં આવીશ.

માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદના સીમાડે એક બંસી ગૌશાળા છે અને બંસી ગૌશાળામાં આ જ પ્રકારે પ્રાકૃતિક ખેતીનો પ્રકાર ગૌકૃપા અમૃતમ્ આની જરૂરિયાત કેમ પડી? અનેક સંશોધનો થયા છે, અનેક રિપોર્ટ આવ્યા છે, ડબલ્યુએચઓ એ કહ્યું છે વર્લ્ડના જાણીતા લોકોએ કહ્યું છે. એરીક ડેવીસ તેણે કહ્યું છે 'Harmful impacts of chemical fertilizers on human health.' શ્રીલંકાના Hemantha Kulanga એ કહ્યું છે 'impacts of chemical fertilizers on human health and environment.' આવી રીતે આવા અનેક લોકોએ ચિંતા કરીને આવું કેમ થયું તો ૫૦ વર્ષ પહેલાં આવુ થતું નહોતું પણ અચાનક હાર્ટએટેક, કિડની, કેન્સર માણસ ધાણાદાળ ના ખાતો હોય, ચા ના પીતો હોય, કોઇ વ્યસન ના હોય અને ડિટેક્ટ થાય કે તેને કેન્સર છે, શું કારણ ? સવારમાં ઉઠીને ચા પીવે. ચા ઉગાડવામાં કેમિકલ ખાતર અને જંતુનાશક દવા, ખાંડમાં શેરડી પકવવામાં જંતુનાશક દવા અને ખાતર, દૂધમાં જે ગાય-ભેંસ ચારો ખાય છે તેના પણ આખા દિવસમાં આપણે જે પણ ખોરાક લઇએ છીએ રોટલી, દાળ,ભાત, શાક, ફળ, ફ્રૂટ બધુજ પકવવાની અંદર અપ્રમાણ અને વધારે ઉપજ લેવાની લ્હાયમાં અને લ્હાયમાં આજે માનવજાત ઉપર, હર્ષદભાઇ રીબડીયા જે દિવસે કૃષિમંત્રી આ ઓર્ગેનિક યુનિવર્સિટીનું બિલ લાવ્યા ત્યારે બોલ્યાં હતા મેં નોંધી લીધું મને બરાબર યાદ છે કે સાહેબ ઉપજ ઘટે છે. માનનીય રીબડીયા ઉપજ ભલે ઘટે આપણે આપણા અસ્તિત્વનો સવાલ છે. ૨૫ વર્ષના છોકરાંને કેન્સર થઇ જાય, ૩૦ વર્ષના છોકરાને કોઇ વ્યસન ના હોય અને તેની કિડની ફેઇલ થઇ જાય એટલે આ જીવામૃત અને ગૌકૃપા બનાવવા માટે ગાય માત્ર અને માત્ર ગાય, કાઉ નહીં, નો કાઉ. ગાય. જર્સીને કાઉ કહેવાય દેશી તેને ગાય કહેવાય. વિશ્વમાં ભગવાને ત્રણ વસ્તુની ભેંટ આપી છેઃ હવા, પાણી અને ત્રીજી ભેંટ હોય તો એ દેશી ગાયની ભેંટ છે. દેશી ગાય બીજી કાઉ નહીં અને આપણી ગાયના તુણને આધારે આજે વિશ્વના લોકો હોલેન્ડ, પોલેન્ડ, ન્યુઝીલેન્ડ આ બધા લોકોએ પહેલાં જર્સી વાપરતા હતા અને તેનું દૂધનું વધારે ઉત્પાદન થાય એટલા માટે તેઓ પણ આજે સમજયા છે કે કવોલિટી બેઇઝ એટલા માટે તે લોકો દૂધ આપતી બંધ થાય એટલે કતલખાને મોકલતાં હતાં હવે દૂધ આપતી બંધ થાય તે જગ્યા ઉપર આપણી ગાય ચાલી જાય છે અને તે ગાયના ગોબરમાં અને ગૌમૂત્રમાં કોઇ પણ પ્રાણીના મળ-મૂત્રમાં જે તાકાત નથી એટલી તાકાત માત્ર આપણી દેશી ગાયમાં છે. આ જીવામૃત બનાવવા માટે આ દેશી ગાયનું ગોબર અને ગૌમૂત્ર તે અત્યારે આખા રાજયની અંદર ખેડૂતો ઉપયોગ કરી રહ્યા છે. આ પ્રસ્તાવ લાવવાની મને જે તક મળી છે તે માટે હું આપનો આભાર માનું છું. મારું પ્રવચન એક કલાક ચાલે તેટલું હતું. આપને તો અનુભવ છે કે હું ખેડૂત કાર્યક્રમમાં જાઉં છું ત્યારે એક કલાક બોલું છે અને આ તો મારો પ્રિય વિષય છે. સમયની મર્યાદા છે એટલે હું તમને બધાને વિનંતી કરું છું કે આ સંકલ્પને સર્વાનુમતે સ્વીકારીએ.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ભુપેન્દ્રસિંહ બાપુ આ ગૃહમાં પ્રાકૃતિક ખેતી અંગેનો જે પ્રસ્તાવ લઇને આવ્યા છે તેને સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું. દુનિયામાં બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન જે દારૂગોળો વધી પડ્યો હતો તેને ઠેકાણે પાડવા માટે એક ફર્ટિલાઇઝરની ખોટી શોધ થઈ છે. મેં બે દિવસ પહેલા પણ કહ્યું હતું કે જર્મન વૈજ્ઞાનિક જસ્ટસ લિબઝે ભગવાન પાસે માફી માગી કે આ શોધ બદલ મને માફ કરી દેવામાં આવે. કેમિકલ ફર્ટિલાઇઝરનો સિધ્ધાંત અને તેની થિયરી તદ્દન ખોટી હતી. તેના કારણે જમીનમાં રહેલા બેક્ટેરિયા નાશ પામે છે. જમીન નિર્જીવ અને બંજર બનતી જાય છે. ફર્ટિલાઇઝર ગરમ હોવાથી ભેજ ખતમ થતો જાય છે, પાકને નુકસાન થાય છે, સેન્દ્રિય ખાતરનો નાશ થાય છે. ફર્ટિલાઇઝરના ઉપયોગથી જે ફળો ઉત્પન્ન થાય છે તે ખાવાથી મનુષ્યને થતાં રોગોથી મૃત્યુ થવાનું પ્રમાણ છેલ્લાં વર્ષોમાં વધ્યું છે. મારે દુઃખ સાથે કહેવું છે કે આ મૃત્યુનું પ્રમાણ વધ્યું છે તેની પાછળનું જો કોઈ કારણ હોય તો પેસ્ટીસાઇડ્સ અને ફર્ટિલાઇઝરના કારણે વધારેમાં વધારે કેન્સરના રોગો આપણા ગુજરાતમાં પણ આવ્યા છે. એક માવાથી જે દૂષણ વધ્યું છે અને મોઢાના કેન્સર થાય છે એવા જ કેન્સર આવા દવાયુક્ત અને ફર્ટિલાઇઝરવાળા અનાજ અને ફળ ખાવાથી થાય છે. સરકાર હજારો કરોડો રૂપિયાની સબસિડી ફર્ટિલાઇઝર પાછળ આપે છે. તેના કારણે સરકાર ઉપર પણ બોજ વધતો જાય છે. પ્રાકૃતિક ખેતી તરફ વાળવા માટેનો માનનીય ભુપેન્દ્રસિંહ બાપુ બહુ સારો સંકલ્પ લઇને આવ્યા છે. એક પ્રાકૃતિક ખેતી

જ આ દેશનો અને રાજ્યનો ઉદ્ધાર કરી શકે તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. બધાએ વિચારવાની જરૂર છે. ગૃહમાં ચર્ચા કરીએ તેના બદલે સરકારે આ બાબતમાં વધારે ધ્યાન આપવું પડશે. પ્રાકૃતિક ખેતી અંગે મહામહીમ રાજ્યપાલશ્રી અમે મળવા જઈએ છીએ ત્યારે ચિંતા વ્યક્ત કરે છે. આ બહુ સાચી વાત છે. હું સૌરાષ્ટ્રમાંથી આવું છું અને ખેડૂતનો દીકરો છું. અમારે ત્યાં પહેલા ગેસ કે ચૂલા ન હતા, સગડીઓ શહેરમાં હતી. હું નાનો હતો ત્યારનો ખેતી સાથે જોડાયેલો છું. અડાયા વીણવા જતા હતા. કદાચ ગૃહને બહુ ઓછી ખબર હશે કે અડાયા એટલે શું? ગાયનું છાણ સૂકાય જાય એટલે અડાયા બને. ગાય એક જ એવી છે કે તેના છાણમાં કોઈ જાતના જીવજંતુ પડતા નથી. એ અડાયા અમે બાળીને અમારા ચૂલા જગાવતા હતા. એ અડાયાના કારણે ખેડૂતો પોતાના રોટલા શેકતા હતા, એ રોટલા શેકીને હું અહીંયા આવ્યો છું ત્યારે આપને કહેવા માગું છું કે ભવિષ્યમાં પ્રાકૃતિક ખેતી સિવાય આપણી તંદુરસ્તી પણ જળવાય ન શકે તેવી પરિસ્થિતિ નિર્માણ થતી જાય છે. ક્રોનોલોજી, ગેસ્ટ્રોલોજી ડૉક્ટર પાસે જવું પડે છે. હું પણ પસાર થઈ ચૂક્યો છું. ગીરની ગાય અને એમાય અમારી સૌરાષ્ટ્રની ગાય. હું કહેવા માગું છું કે જો ગીરની બે કે ત્રણ ગાય ઘરે રાખે તો પોતાનો જીવન નિર્વાહ પણ ચલાવી શકે એટલું દૂધ, માખણ અને ઘી થાય છે એટલા માટે ગાયનું દૂધ મોંઘુ થતું જાય છે. એમાં પણ ભેળસેળ થતી હશે તો ભેળસેળ રોકવાનું કામ પણ સરકારે કરવું પડશે. એટલા માટે આ પ્રાકૃતિક ખેતી તરફ વાળવા માટે મહામહીમ રાજ્યપાલની જે અંતરની ઈચ્છા છે તે પ્રકારે સરકારે આગળ વધવું જોઈએ. માનનીય શ્રી ભૂપેન્દ્રસિંહજી જે સંકલ્પ લઇને આવ્યા છે અને આપણા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પણ છે, એ પણ ખેતી સાથે જોડાયેલા છે. અમારા કૃષિમંત્રી શ્રી રાઘવજીભાઇ પણ ખેતી સાથે જોડાયેલા છે. એમણે પણ ખેડૂતોની ચિંતા કરી છે, લોકોની ચિંતા કરી છે, ત્યારે હું એટલું જ કહેવા માંગીશ કે, કેન્દ્ર સરકારને પણ વિનંતી કરીને ફર્ટીલાઇઝર ઉપર જે સબસિડી અપાય છે, કરોડો રૂપિયાની સબસિડી અપાય છે. હું તો ઇફકોનો ડાયરેકટર રહી ચૂકયો છું. ઇફકોના ડાયરેકટર તરીકે મારા સમયમાં જોયું છે કે, રૂપિયા ૧૫-૧૫ હજાર કરોડની સબસિડી કેન્દ્રની સરકાર અમને ફર્ટીલાઇઝરના ઉદ્યોગ માટે આપતી હતી, ત્યારે પ્રાકૃતિક ખેતી તરફ વાળવા માટે આ જે સબસિડી આપવામાં આવે છે ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય કૃષિમંત્રીશ્રીને વિનંતી કરું છું કે તમે જયારે આઇ.સી.આર.ની મીટિંગમાં જાઓ ત્યારે આઇ.સી.આર. એટલે ખેતી માટેનું એક મોટું તંત્ર કેન્દ્ર સરકારનું ચાલે છે, એનો પણ હું સાંસદ તરીકે સભ્ય રહી ચૂક્યો છું. એ આઇ.સી.આર.માં વિનંતી કરીને આ પ્રાકૃતિક ખેતી તરફ વાળવા માટે જે સબસિડી રાષ્ટ્રીય ફર્ટીલાઇઝરને અપાય છે એને બદલે પ્રાકૃતિક ખેતીમાં અપાય તો જ આ બાબતમાં વાળી શકાશે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રી ભૂપેન્દ્રસિંહજી જે સંકલ્પ લઇને આવ્યા છે તેને અનુમોદન આપુ છું અને મારા વિચારો વ્યકત કરું છું. શ્રી ભૂપેન્દ્રભાઇએ કીધું એ પ્રમાણે એમનો પ્રિય વિષય છે. આપણા બધા માટે આ પ્રિય વિષય છે. એમાં જેટલું બોલી શકાય એટલું બોલી શકાય. સમયનો પણ અભાવ રહે. પણ આપણે જે રીતે જોઇએ છીએ કે છેલ્લાં વર્ષોમાં જે રીતે ભૌતિક સુખો મેળવવા માટે માનવજાત આગળ વધી રહી છે, વગર મહેનતે, વગર પરસેવો પાડે વધુ કેમ કમાઇ લેવું, એ પ્રકારની માનસિકતા છેલ્લાં વર્ષોથી જે ઉભી થઇ છે એના કારણે જે સ્થિતિનું નિર્માણ થયું છે એનો આપણે બધા ભોગ બનતા આવ્યા છીએ. કેન્સરની બીમારીની અહીંયા વાત થઇ. અન્ય રોગોની પણ વાત થઇ. ખેતી બગડતી જાય છે. એટલું જ નહી, પણ એની સાથે પશુ-પંખીનો કલરવ ભૂતકાળમાં જે ગ્રામ્ય વિસ્તારમાં સમી સાંજના આપણે જોતા હતા એ સ્પષ્ટપણે આજે લુપ્ત થતું જાય છે. એના પાયામાં જે કહેવામાં આવ્યું છે કે એના જવાબદાર કોણ? તો એના જવાબદાર તો આપણે બધા છીએ. એકબાજુ, ઉદ્યોગો દ્વારા થતું પ્રદૂષણ, એના દ્વારા થતું વાયુપ્રદૂષણ, કેમિકલ કારખાનાઓ, પેસ્ટીસાઇડ્સ દવાઓનું ઉત્પાદન, આ તમામ પ્રકારની વપરાશના આધારે છેલ્લે તમામ પ્રકારે આપણે ભોગવવાનું આવ્યું છે. કુદરતે તો પ્રકૃતિની રચના કરી છે. કુદરતે તો જે આપવાનું છે એ આપ્યું છે. પણ કુદરતે આપેલી પ્રકૃતિને આપણે જે રીતે જીવીએ છીએ અથવા અમલમાં મૂકીએ છીએ, એમાં મને લાગે છે કે તેના કારણે આ પરિસ્થિતિનું નિર્માણ થયું છે. ઘણી વખત એમ થાય છે કે આપણે ધર્મ અને અધર્મની વ્યાખ્યા કરીએ છીએ કે ધર્મ કોને કહેવો? અને અધર્મ કોને કહેવો? તો હું એવું બહુ સ્પષ્ટ માનું છું કે, ધર્મ અને અધર્મની વ્યાખ્યા કરવી હોય તો, કુદરતે જે પ્રકૃતિની રચના કરી છે, એને અનુરૂપ માનવજાત ચાલે તો એ ધર્મ અને કુદરતે જે પ્રકૃતિની રચના કરી છે એની વિરુદ્ધમાં માનવજાત ચાલે તો એ અધર્મ ગણાય. એને સમજીને આવનારા દિવસોમાં માત્ર સરકાર જ નહીં, બધા લોકોએ સાથે રહીને, આવનારા દિવસોની અંદર આપણે સામૂહિક પ્રયત્નો કરવા પડશે. જો એ નહીં કરીએ તો ભવિષ્ય કેવું હશે? એની આપણે કલ્પના પણ નહીં કરી શકીએ. આજે આપણે જે સ્થિતિ છે તેનો અનુભવ કરીએ છીએ, આના કરતા પણ વધારે ખરાબ પરિસ્થિતિનો આપણે સામનો કરવાનો આવશે. ત્યારે સરકારને, માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રીને આપણે વિનંતી કરીએ છીએ કે માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇ જે સંકલ્પ લઇને આવ્યા છે એને આપણે સ્વીકારીને ભવિષ્યમાં ગુજરાતનો ખેડૂત પ્રાકૃતિક ખેતી કરે અને આ પ્રાકૃતિક ખેતી કરવાથી આપણે પ્રદૂષણ ઉપર નિયંત્રણ સારી રીતે મિકી શકીએ અને ખેડૂતો કેમિકલ, પેસ્ટીસાઇડ્સ દવાઓનો ઉપયોગ કરતા બંધ થાય એના માટે રાજ્ય સરકાર આવનારા દિવસોમાં કોઇ પ્લાનિંગ કરીને લઇ આવે કે જેથી કરીને ગુજરાતનો ખેડૂત પ્રાકૃતિક ખેતી તરફ વધુ વળે.

શ્રી રમણભાઇ ધુ. પટેલ(વિજાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા ગૃહના સિનિયર સભ્યશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ જે સંકલ્પ લઇને આવ્યા છે તેને હું સમર્થન કરું છું અને મારા વિચારો વ્યકત કરું છું. આ ગુજરાત એ સંત, શૂરા અને મહાવિરોની ભૂમિ છે. આપણને સંસ્કારમાં, વારસામાં સંસ્કૃતિ અને સંસ્કાર મળ્યા છે અને ખેડૂતને ઋષિ તરીકે ઓળખતા આવ્યા છીએ. જયારે ખેડૂત ખેતી કરે છે ત્યારે એક સમય હતો કે આઝાદી વખતે આપણે ત્યાં અનાજની ખોટ હતી અને અનાજ

વધુ પકવવા માટે ખેડૂતોને હાકલ કરવામાં આવી હતી કે તમે વધુ ઉત્પાદન કરો. ખેડૂત એની આવડત અને રસાયણિક ખાતર, ફર્ટીલાઇઝરનો ઉપયોગ કરીને હરિફાઇમાં ઉત્પાદન વધારતો ગયો. પરંતુ એક સમય એવો આવ્યો કે આ રસાયણિક ખાતરના કારણે ઉત્પાદન પણ ઘટ્યું અને જમીનની ફળદ્રુપતા પણ ઘટી, જેના કારણે ઉત્પાદન ઘટ્યું અને ખર્ચ વધ્યો, ખેડૂતને પોષણ થતું ન હતું અને એવો સમય આવ્યો કે આજે પરિવર્તનની આવશ્યકતા ઉભી થઇ છે. તો એનો વિકલ્પ શું? તો ફકત અને ફકત પ્રાકૃતિક ખેતી જ એનો વિકલ્પ છે. આ ખેતીના કારણે ફકત જમીનની ફળદ્રુપતા ઘટી છે એવું નથી, પરંતુ માણસનું સ્વાસ્થ્ય પણ ઘટ્યું છે. જેના કારણે આપણે ઘણા રોગોનો ભોગ પણ બન્યા છીએ. પ્રાકૃતિક ખેતી ગુજરાતમાં અપનાવવા પાછળ મુખ્ય કોઇ પરિબળ હોય તો રસાયણિક ખેતીથી ખેડૂતની જમીનની ફળદ્રુપતા ઘટી, દવા પાછળના ખર્ચા વધ્યા, પાણી અને વીજળીના ખર્ચા વધ્યા, ખાતર-બિયારણ પાછળ ખર્ચા વધ્યા, અને દિન પ્રતિદિન જે ઉત્પાદન થતું હતું તેમાં ઘટાડો થયો. તેની સામે ટકવા માટે એક જ ઉપાય પ્રાકૃતિક ખેતી છે. અને આપણને સંસ્કૃતિમાં આપણા વારસામાં કહ્યું છે અને આપણે ભારતમાં ગાયને ગાય માતા કહીએ છીએ. ફકત આનો વિકલ્પ ગાય માતાનો ઉચ્છેર, ગાય માતાના મળ મૂત્રનો જો ખેતીમાં ઉપયોગ કરવામાં આવે તો સો ટકા પ્રાકૃતિક ખેતીથી આપણને મોટો ફાયદો થઇ શકે. અને એમાં ગુજરાત સરકાર આગળ વધી રહી છે એવું ચોક્કસ માની શકાય. જમીનમાં કાર્બનની માત્રા વધે જે જમીનની ફળદ્રુપતા વધારે છે, આજ કાલ જે પ્રદૂષણ વધી રહ્યું છે તેને પણ આ પ્રાકૃતિક કૃષિ ઘટાડી શકશે. આ ખેતીમાં લાગત મૂલ્ય નહીંવત આવે છે કેમ કે એમાં રાસાયણિક ખાતર અને દવા જેવા ખર્ચા બિલકૂલ થતા નથી. બીજ, ખાતર, દવા પાછળ કોઇ વધારે બોજ પડતો નથી. દેશી ગાયનું જતન અને એ જ દૂધનું જે આપણને વળતર મળે તે સ્વાસ્થ્ય માટે ખૂબ સારું છે અને સ્વાસ્થ્ય પણ સારું બની રહે છે. આજે જે હોસ્પિટલો દર્દીઓથી ભરેલી છે. કેન્સર, ડાયાબિટીસ જેવા રોગોમાંથી પણ આપણને મુક્તિ મળી શકે. આપણે જોઇએ છીએ કે અત્યારે જે સફરજન પાકે છે, સફરજન ખાઇએ છીએ ત્યારે એથી આપણે સ્વાસ્થ્ય સારું થાય એ માટે ખાઇએ છીએ. પરંતુ આ સફરજન પકવવા માટે સોસપેપ એના ઉપર છાંટવામાં આવે છે અને એ રસાયણથી, એ દવાથી આપણને કેટલું નુકસાન થઇ રહ્યું છે અને કેટલા રોગો થઇ રહ્યા છે તેનો આપણને ખ્યાલ નથી. આપણા રાજયપાલશ્રીએ પણ આ બાબતમાં ખૂબ સારો રસ્તો આપણને બતાવ્યો છે. માર્ગ બતાવ્યો છે, એ માર્ગે આજે ગુજરાત ખૂબ આગળ વધી રહ્યું છે અને આવનારા સમયમાં આ પ્રાકૃતિક ખેતી એ આપણા માટે ખૂબ મહત્વની બની રહેશે. ત્યારે મારે પણ ગુજરાત સરકારને અને કૃષિ મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે તમે આ પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપો એ સાથે મારી વાતને વિરામ આપું છું.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રી અહીં બેઠા છે, એમને અભિનંદન આજે આપવા છે એટલા માટે કે, આજે જે વીજળીનો પ્રશ્ન હતો આ સાડા ચાર વર્ષમાં પહેલી વાર એવું બન્યું કે કોંગ્રેસના ધારાસભ્યને સાથે રાખીને આ પ્રશ્ન ઉકેલવાનો પ્રયાસ કર્યો, માનનીય રાઘવજીભાઇ અને કનુભાઇએ સાથે રાખ્યા, ભવિષ્યમાં પણ હું વિનંતી કરીશ કે વિકાસનો પ્રશ્ન હોય અમે સાથે જ છીએ. એટલે જયારે પણ આવો પ્રશ્ન હોય અમે સરકારને સાથ આપવા માટે તૈયાર છીએ. માનનીય આદરણીય સન્માનનીય ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ જે સંકલ્પ લઇને આવ્યા છે તે માટે એમને અમે અભિનંદન આપીએ છીએ. આપણ સૌના માટે અને સમાજ માટે, રાજય માટે અને દેશ માટે આ બહુ ચિંતાનો વિષય છે. ખેડૂતોની આવક બમણી થાય, ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે, રાજયના યુવાનોનું અને લોકોનું આરોગ્ય સચવાય એવા પ્રયાસો કરતા હોય ત્યારે અમે હંમેશા સરકારને સાથ આપીએ છીએ. આ બધી વાતો કરવાથી ના થાય. કોઇ વ્યકિત ભૂખ્યો હોય અને એના પેટ ઉપર તમે હાથ ફેરવો કે રંગીન ટોપી પહેરાવી દો તો એનાથી એની ભૂખ મટતી નથી એને ખાવાનું આપવું પડે.

હમણાં જ વાત કરી પ્રાકૃતિક ખેતી માટે સૌથી વધુ જરૂરિયાત હોય તો એ ગાયની અને છાણની છે. આ મોટા શહેરોમાં રખડતી ગાયો છે એ પ્લાસ્ટિક તથા જુદો જુદો કચરો ખાય છે એના લીધે છાણ ઉત્પન્ન થાય છે એની અંદર પ્લાસ્ટિક આવે છે એના લીધે ખેતીને નુકસાન થાય છે. એટલે આજે ગૌચરો બેફામ રીતે આપી દેવામાં આવ્યા છે. જે માલધારીઓ છે એમને શહેરોની આજુબાજુ ઢોર કે ગાયો રાખવા માટે થોડી જગ્યા આપવામાં આવે તો છાણનો સારી રીતે ઉપયોગ કરી શકીશું.

બીજું પ્રાકૃતિક ખેતીની વાત કરી છે કૃષિ વિભાગ માટે રૂ. ૭,૭૩૭ કરોડ રૂપિયાના બજેટની જાહેરાત કરી છે, એમાંથી માંડ ૧૦૦ કરોડ રૂપિયા પ્રાકૃતિક ખેતી માટે, ઓર્ગેનિક ખેતી માટે જોગવાઇ કરવામાં આવી છે. આ જોગવાઇ વધારવામાં આવે તો ગુજરાત આર્ગેનિક ખેતીમાં આગળ આવશે. હમણા કેન્દ્રીય કૃષિ મંત્રાલય વિભાગનો સન ૨૦૨૦-૨૧નો રિપોર્ટ આવ્યો એની અંદર જે ખેડૂતો ઓર્ગેનિક ખેતી કરે છે એની અંદર ગુજરાત ૧૫માં સ્થાને છે. માત્ર ૫ હજાર ખેડૂતો જ આ ઓર્ગેનિક ખેતી કરે છે. રાજસ્થાનમાં ૩,૦૭,૫૦૦ આંધ્ર પ્રદેશમાં ૨,૬૫,૦૦૦ હજાર એટલે આપણે વધુ ખેડૂતોને પ્રોત્સાહિત કરી શકીશું અને આ રિપોર્ટની અંદર જે હેકટરની ખેતી થાય છે એની અંદર પણ ગુજરાતનો દસમો નંબર છે એમ.પી.અંદર ૧૬,૩૭,૭૩૦ હેકટર, રાજસ્થાનમાં ૪,૮૧,૮૬૨ અને ગુજરાતની અંદર ૧,૪૭,૮૬૬ હેકટરમાં પ્રાકૃતિક ખેતી થાય છે. એટલે ખેડૂતોને પ્રોત્સાહન આપવામાં આવે, આ કૃષિ ઓર્ગેનિક ખેતી છે એને પ્રોત્સાહન આપવામાં આવે એ ખાસ જરૂરી છે. હમણાં બાપુએ કહ્યું કે ખેડૂતો ઓર્ગેનિક ખેતી કરવા જાય છે એને પૂરતા પ્રમાણમાં એનું ઉત્પાદન થતું નથી જે ઉત્પાદન થાય છે એનાથી ૪૦ ટકા જ થાય છે. એટલે ખેડૂતોને એના પૂરતા ભાવ મળી રહે એના માટે આપણે ચિંતા કરીશું તો ઓર્ગેનિક ખેતીને પ્રોત્સાહન મળશે. હું અભિનંદન આપીશ શિક્ષણ મંત્રીશ્રીને કે હમણાં ૧૧ અને ૧૨માં ધોરણમાં વૈકલ્પિક વિષય તરીકે પ્રાકૃતિક ખેતીનો વિષય

દાખલ કરેલ છે. વર્ષો પહેલાં કોંગ્રેસે ઉત્તર બુનિયાદી શિક્ષણ ચાલુ કર્યું હતું પરંતુ આ સરકારે બંધ કરેલ અને ફરીથી તમે એ રસ્તે ચાલ્યા છો. આમાં જે જોગવાઇ કરી છે એ બદલ અભિનંદન.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા(વિસાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ભૂપેન્દ્રસિંહ ચુડાસમા જે સંકલ્પ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય બાપુ ખૂબ સારો સંકલ્પ લઇને આવ્યા છે અને ખૂબ જરૂરી પણ છે. અમે પણ જોઇએ છીએ કે ગામડાંની અંદર પેસ્ટીસાઇઝ દવા ખેડૂત છાંટે છે કોઇ જાતનું એને વ્યસન ન હોય અને એમાં આવા હજારો યુવાનો કેન્સરના રોગથી પીડાય છે. માનનીય દેવાભાઇનો મત વિસ્તાર છે. કેશોદમાં અજાત ગામ ત્યાં રીંગણી અને મરચીના રોપનું વાવેતર કરવામાં આવે છે, ત્યાં પેસ્ટીસાઇડ્સ દવા છાંટવામાં આવે છે, ત્યાં ગણી ન શકાય તેટલા યુવાનોને કેન્સર થયું છે, ત્યારે માનનીય બાપુ ખૂબ સારો સંકલ્પ લઇને આવ્યા છો. પ્રાકૃતિક ખેતી ગાય આધારિત ખેતી. મને જણાવતા આનંદ થાય છે કે સરકારે આ પહેલીવાર જોયું કે આપણા બજેટની અંદર પણ પ્રાકૃતિક ખેતી માટે સો કરોડ અને ગાયના નીભાવ માટે ૨૧૩ કરોડ રૂપિયાની બજેટમાં જોગવાઇ કરવામા આવી છે એ ખૂબ સારી બાબત છે, પરંતુ હજી આમાં થોડોક વધારો થાય એ પણ ખૂબ જરૂરી છે. માનનીય અધ્યક્ષશ્રી, પેસ્ટીસાઇડ્સ દવાઓ, આ મલ્ટીનેશનલ કંપનીઓ આવી. પહેલા આપણા દેશની કંપનીઓ હતી જે મોનોકોટોન આવી બધી દવાઓ છાંટવામાં આવતી, જેનાથી બહુ મોટું નુકસાન ન જતું, પણ મલ્ટીનેશનલ કંપનીઓ દ્વારા એવી દવાઓ આવી છે કે તેનાથી ખૂબ મોટું નુકસાન થાય છે. પહેલાં આપને ખ્યાલ હોય તો જમીનમાં અળસિયાં હતાં. ખેડૂતનો દીકરો હોય તો તેને ખબર હોય, ડાળીયા આવતા એ ચૂસિયા પ્રકારની જીવાતને ખાઇ જતા એટલે દવા છાંટવી પડતી નહોતી. કરોળીયાના જાળામાં ઉડતી જીવાત એટલે કે ફ્લાય, વ્હાઇટ ફ્લાય બધી એમાં કવર થઇ જતી. દવા છાંટવી નહોતી પડતી. અત્યારે તમને ખબર છે જમીનની અંદર કલોરોફાયરીપોસ પાવામાં આવે છે. છેક જમીનના ઘડા સુધી તમામ જીવાતો મૃત્યુ પામે છે. તેમાં અળસિયાં પણ પૂરાં થઇ જાય છે. આ નુકસાન કર્તા છે. કાલે વાત થઇ હતી કે એક્સપોર્ટમાં આપણું જીરૂ પાછું આવ્યું. જો આપણે પ્રાકૃતિક ખેતી તરફ જઇએ, જીરૂ પાછું આવ્યું તો આલ્ફાટોક્સિન આપણે વધારે આવે છે. ઓસ્ટ્રેલિયાની અંદર ઓર્ગેનિક ખેતીનો મેં અભ્યાસ કર્યો છે. ૧૦૦ ટકા ઓર્ગેનિક. તેના સિવાય કોઇ વસ્તુની એન્ટ્રી ન થવા દે. આપણે જો આવું કરીએ તો ખૂબ સારી બાબત કહેવાય. ઓર્ગેનિક ખેતી તરફ આપણે ખરેખર જવું જોઇએ. શાકભાજી-કઠોળ. આપણે પહેલાના જોઇએ તો શાકભાજીમાં તમને ટેસ્ટ આવે. તમને એમ થાય કે તમે ટમેટું ખાવ, રીંગણું ખાવ કે તુરિયા ખાવ. આજે તમને કોઇ ટેસ્ટ નહીં આવે. આપણા જે જૂના દેશી બિયારણો હતા એ પણ લુપ્ત થઇ ગયા છે. આને પણ આપણે જાળવી રાખવા, આને આપણે કઇ રીતે સંશોધન કરવા આ પણ ખૂબ જરૂરી છે. માનનીય મુખ્યમંત્રીશ્રીનો પણ હું આભાર માનું છું. જેમ કિરીટભાઇએ કહ્યું કે સવારે કનુભાઇએ અને રાઘવજીભાઇએ અમને બોલાવીને આ જગતના તાત ખેડૂતોનો વીજળીનો પ્રશ્ન હલ કર્યો. ખૂબ ખૂબ આભાર અને પ્રાકૃતિક ખેતીમાં હું ગીરમાંથી આવું છું. હું તમને એ વાત કહી દઉં કે અમારે ગીરની અંદર ગાયો છે એ જડીબુટ્ટી ખાય. ત્યાં જંગલમાં કોઇ જાતની પેસ્ટીસાઇડ નથી હોતી. ચરીને જડીબુટ્ટીઓ ખાય. એ દૂધ આપે છે એ દૂધ તમે ક્યારેક ટેસ્ટ કરજો. ૧૦૦ ટકા ઓર્ગેનિક. તો આપનો વિચાર ખૂબ સારો છે.

શ્રી વિજયભાઇ ર. પટેલ(ડાંગ) : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય સભાગૃહના સન્માનનીય સભ્યશ્રી ભૂપેન્દ્રભાઇ ચુડાસમા સાહેબ જે બિનસરકારી સંકલ્પ પ્રાકૃતિક ખેતી એ માત્ર ખેતી જ નહીં પણ જીવનદર્શન છે એ લઇને આવ્યા છે તેમાં હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો મારા ડાંગ જેવા આદિવાસી વિસ્તારને સૌ પ્રથમ વખત પ્રાકૃતિક જિલ્લા તરીકે આ રાજ્યના મહામહીમ રાજ્યપાલ અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ જાહેર કર્યો છે એ બદલ તેમનો હૃદયપૂર્વક આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જન્મ આપનારી માતા છે પણ ત્યાર પછી માતા અને બાળકનું ભરણપોષણ કરવાવાળી ધરતી મા કરતાં વધુ શ્રેષ્ઠ કોણ હોઇ શકે? એટલે જ તો ધરતી આપણી માતા છે. આપણી ભારત ભૂમિને આપણે ભારત માતા કહીએ છીએ અને તેનો જયજયકાર કરીએ છીએ. એટલા માટે આપણે કરીએ છીએ કે ભારત માતાના ખોળે આપણે એક દાણો વાવીએ છીએ તો ધરતીમાતા આપણને હજાર દાણા આપે છે ત્યારે એમને માતા કહીએ છીએ. આપણે જોઇએ છીએ કે આ ખેતીવાડી ક્ષેત્રે અનેક સંશોધનો થયા છે અને એ સંશોધનના કારણે અનેક ફાયદાઓ પણ થયા છે અને ગેરફાયદા પણ થયા છે. માનવજાતને ફાયદો કરનાર પણ વિજ્ઞાન છે અને સામે ખતરો ઉત્પન્ન કરનાર પણ વિજ્ઞાન જ છે. ધારદાર ચાકુનો ઉપયોગ પણ કરી શકીએ છીએ અને દુરુપયોગ પણ કરી શકાય છે. આ રાસાયણિક ખેતીના કારણે આજે વૈશ્વિક તાપમાનમાં વૃદ્ધિ થઇ છે. વાયુમંડળની અંદર ફેરફારો થયા છે. વિષયુક્ત અન્ન અને તેનાથી કથળતું આરોગ્ય, વધી રહેલી બીમારી આ રાસાયણિક ખેતીથી થવા લાગી છે. દેશના અર્થતંત્રનું વિદેશી કંપનીઓ દ્વારા શોષણ અને જમીનની ફળદ્રુપતામાં સતત ઘટાડો અને ઉત્પાદનમાં જે ઘટાડો થઇ રહ્યો છે એ રાસાયણિક ખેતીના કારણે થઇ રહ્યો છે. એ સમસ્યાનું જો કોઇ સમાધાન હોય તો માત્રને માત્ર પ્રાકૃતિક ખેતી જ છે. દરેક પ્રાકૃતિક ખેતી એ ઓર્ગેનિક ખેતી છે પણ જે ઓર્ગેનિક ખેતી છે એ દરેક પ્રાકૃતિક હોતી નથી. જે આપણે રાસાયણિક ખેતી કરીએ છીએ એ બજાર આધારીત ખેતી હોય છે કારણ કે રાસાયણિક ખેતીની અંદર ખાતર હોય, જંતુનાશક દવા હોય, અનેક પ્રકારનાં સાધનો હોય એ આપણે બજારમાંથી ખરીદવા પડે છે. એવી જ રીતે ઓર્ગેનિક ખેતી છે એ ઓર્ગેનિક ખેતી પણ તો સેન્દ્રીય ખાતર હોય, જમીન સુધારક હોય, ફુગનાશકો હોય, જૈવિક કીટકનાશક હોય એવાં જે સાધનો છે એ પણ

આપણે બજારમાંથી ખરીદવા પડે છે ત્યારે ખર્ચો તો ખેડૂતને જ થાય છે. સરવાળે ખેડૂતની દશા તો તેની તે જ રહે છે જયારે પ્રાકૃતિક ખેતી આનાથી અલગ છે. પ્રાકૃતિક ખેતીની અંદર ઇનસ્પુટ વારંવાર બજારમાંથી ખરીદવા પડતા નથી. પ્રાકૃતિક ખેતી કરવાથી જમીનની ફળદ્રુપતા વધે છે. જમીનમાં ફળદ્રુપતા વધવાની સાથે સાથે દિવસે દિવસે એ આપણને ઉત્પાદનમાં પણ વધારો આપે છે. સન્માનનીય ચુડાસમા સાહેબે કીધું એ પ્રમાણે કે આપણી દેશી ગાયના છાણ અને ગૌમૂત્રમાંથી આપણે જીવામૃત અને ઘનજીવામૃત બનાવી શકીએ છીએ અને એ આપણી જમીનની અંદર એનો આપણે ઉપયોગ કરી શકીએ છીએ. આ જે દેશી ગાય જે છે એનું લેબમાં પરિક્ષણ કર્યા મુજબ ૩૦૦ થી ૫૦૦ કરોડ બેક્ટેરિયા એક ગ્રામ છાણમાં જોવા મળે છે જયારે પરદેશી અને જર્સી ગાયના એક ગ્રામ છાણમાં માત્ર ૩૦ થી ૮૦ લાખ બેક્ટેરિયા જોવા મળે છે. પ્રાકૃતિક ખેતીમાં એક દેશી ગાયથી ૩૦ એકર જમીનમાં આપણે ખેતી કરી શકીએ છીએ, જયારે સજીવ ખેતીમાં ૩૦ ગાયોથી એક એકરમાં આપણે ખેતી કરી શકીએ છીએ. વધુ પાકની લાલસામાં જમીન પાક માટે રાસાયણિક ખાતર અને દવાનો ઉપયોગ કરવાથી થોડો સમય તો ઉત્પાદન વધે પરંતુ ધીમે ધીમે જમીનની ફળદ્રુપતા ઘટી, સ્થિરતા આવી અને ખર્ચાઓમાં પણ વધારો થયો. પ્રાકૃતિક ખેતીની અંદર પાણીની બચત થાય છે. જમીનની સંગ્રહ ક્ષમતા વધે છે. જો વરસાદ ઓછો હોય તો પાણીની ઉપલબ્ધતા લાંબા સમય સુધી ટકી રહે છે. ૫૦ વર્ષ પહેલાં ડાયાબિટીસ, હ્રદયરોગ, કેન્સર જેવા રોગો નહોતા. હું આ સંકલ્પને મારું સમર્થન આપું છુ.

શ્રી ભગાભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીયશ્રી ભૂપેન્દ્રસિંહ બાપુ જે સંકલ્પ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું અને એને સમર્થન આપું છું. પ્રાકૃતિક ખેતી વિશે બાપુએ પણ ઘણી બધી વિગતોની આ ગૃહ સમક્ષ વાત કરી છે. મારે તો એક-બે મુદ્દાઓ જ કહેવા છે કારણ કે હું પોતે એક ખેડૂતનો દીકરો છું અને પ્રાકૃતિક ખેતી વર્ષોથી કરું છું. પ્રાકૃતિક ખેતીના ફાયદા પણ જોયા છે. પ્રાકૃતિક ખેતી કરવામાં શરૂઆતનાં ત્રણ વર્ષ એ ખેડૂતને જે પાક મળવાનો હોય એમાં થોડું ઉત્પાદન ઓછું થાય છે પણ ત્રણ વર્ષ પછી એ જ જમીનની અંદર ખેડૂતને પાછું પૂરતું ઉત્પાદન થાય છે. મારી તો સરકારશ્રીને વિનંતી છે અને માનનીય કૃષિમંત્રીશ્રી પણ અહીંયા બેઠા છે, મને ખ્યાલ છે અમારા હર્ષદભાઇએ જે કીધું કે ઓસ્ટ્રેલિયામાં સો ટકા પ્રાકૃતિક ખેતી થાય છે. ઓસ્ટ્રેલિયા જવાની જરૂર નથી. આપણું સિક્કિમ રાજય છે એ પહેલા હિન્દુસ્તાનની અંદર ઓર્ગેનિક ખેતીનું પ્રથમ રાજય હતું અને મારા અંદાજ પ્રમાણે આજે પણ પ્રાકૃતિક ખેતી કરી રહ્યું છે. ગાયના ફાયદાઓ, ગાયના છાણથી થનારા ફાયદાઓ, કારણ કે વર્ષોથી ગાયો રાખી છે, ગાયોનું દૂધ ખાઇએ છીએ, એમના છાણથી અમે ખેતી કરીએ છીએ એટલે એના ફાયદાઓ છે એ પણ અમને ખબર છે. પ્રાકૃતિક ખેતીની સમયને અનુરૂપ અત્યારે જરૂર છે કારણ કે અમારા દરિયાકાંઠામાં કેન્સરના દર્દીઓ, મોઢાના કેન્સરના દર્દીઓ માવા કે તમાકું ખાય એટલે થાય પણ બહેનોમાં કેન્સર થાય છે અને છેલ્લે એનું સંશોધન કરવામાં આવ્યું તો એ પેસ્ટીસાઇડ દવાઓ અને રાસાયણિક ખાતરના કારણે એ થયું છે. છેલ્લે જે ગાયના છાણની વાત કરી છે એમાં મારી એક વાત કરીને મારી વાતને વિરામ આપું છું કે વૈજ્ઞાનિકોએ પણ સાબિત કર્યુ છે કે કાલે સવારે યુદ્ધ થાય અને યુદ્ધની અંદર જો અણુબોમ્બ ફોડવામાં આવે તો એ અણુબોંબનું કિરણ છે એના અંદરથી જે કાંઇ વાયરસ નીકળવાના છે એ ગાયના છાણમાંથી મકાન બનાવેલ હોય તો એમાં રહેનારા લોકોને ઓછી અસર કરે એવું વૈજ્ઞાનિકોએ સાબિત કર્યું છે અને મેં વાંચ્યું છે. એટલે બાપુ જે સંકલ્પ લઇને આવ્યા છે એ સંકલ્પને હું પણ સમર્થન આપું છું અને ગૃહના તમામ સભ્યશ્રીઓને ખેતી સાથે સંકળાયેલ છે એ તમામને વિનંતી કરું છું કે આવનારી પેઢી માટે પણ એનું આરોગ્ય સારું રહે એના માટે આપણે પ્રાકૃતિક ખેતી તરફ સમગ્ર ગુજરાતને લઇ જઇએ અને એમાં આપણે બધા સહભાગી થઇએ એવી વિનંતી સાથે આપનો આભાર.

શ્રી નિરંજન પુ. પટેલ(પેટલાદ) : માનનીય અધ્યક્ષશ્રી, ભૂતપૂર્વ માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ જે સંકલ્પ લઇને આવ્યા છે એ બહુ સારો સંકલ્પ છે. આઝાદીનું ૭૫ મું વર્ષ જ્યારે આપણે ઉજવી રહ્યા છીએ ત્યારે નવો વિચાર જે મૂક્યો છે એ માનવજાતના કલ્યાણ માટે મૂક્યો છે એના માટે એક યજ્ઞના રૂપમાં આપણે આગળ વધવું પડે. ઝુંબેશના રૂપમાં આગળ વધવું પડશે અને આને એક આંદોલનનું રૂપ આપીશું તો થશે. આનું જ્ઞાન આપવું પડશે. ખેડૂતોને સમજાવવા પડશે કે આનો ફાયદો શું છે અને આનું નુકસાન શું છે? પૂરી પકોડી ખાતી પ્રજા સુધી આપણે જવું પડશે. આના માટે સમય નહીં આપવાનો? ભૂતકાળમાં રાજાના શાસનમાં સમય ન હતો. પહેલાના સમયમાં શાસ્ત્રાર્થ થતાં હતાં સમય નહોતા ફાળવતા. આપણે તો પૂરો પગાર લઇએ છીએ પછી શા માટે બે દિવસ બેસીને આ બાબતની આંદોલનના રૂપમાં ચર્ચા કેમ ન કરીએ? કેમ આનો નિચોડ ન લાવીએ? પહેલા તો આના પાયામાં જવું પડશે. આનો કાયદો બનાવીએ, નિયમો બનાવીએ પણ એના પાયામાં જવું પડશે કે પ્રાકૃતિક ખેતી કરવા માટે શું જોઇશે? પ્રાણીઓ જોઇશે, ખાતર જોઇશે, ખાતર માટેના સ્થાન જોઇશે, ગાયો જોઇશે. આપણે ગામડામાંથી પસાર થઇએ છીએ ત્યારે રોડની બાજુની સાઇડમાં આપણે ઉકરડા જોઇએ છીએ. એને આપણે ઉકરડા શબ્દ આપી દીધો. ખાતર નથી કહેતા. એ ઉકરડાની આપણે વૈજ્ઞાનિક રીતે જાળવણી કરવી પડશે. આપણે ગામડામાં ઉકરડા માટે જમીનો ફાળવવી પડશે. એને પાઇપલાઇનથી પાણી આપવું પડશે. એને કોહડાવવું પડશે અને કોહડાવ્યા પછી એને ખેતરમાં નાખવું પડશે. મેં એક જગ્યાએ મારા ખેતરમાં ખાતર નાખ્યું. ખાતર માટે તળાવની માટી લીધી તો એ માટીના ખાતરથી મને ફળ ન મળ્યું. કારણ કે એ ગામની ગટરો એમાં વાળેલી હતી. એમાં સાબું, શેમ્પુ અને સોડા મીક્સ થઇ ગયું હતું. તળાવ પહેલા ચોખ્ખા કરવા પડશે. આ ખાતરમાં પણ એક ટ્રેક્ટર ભરાય એટલું પ્લાસ્ટિક નીકળ્યું. પ્લાસ્ટિક, ચંપલો કારણ કે ઉકરડો છે એટલે ગામ આખાનો કચરો એમાં આવે. એટલે પાયાથી શરૂઆત કરવાની જરૂર છે.

તા. ૧૬મી માર્ચ ૨૦૨૨

બિન-સરકારી સંકલ્પો

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ **(** કૃષિમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના સિનિયર મોસ્ટ સભ્યશ્રી અને પૂર્વ કૃષિ મંત્રીશ્રી આદરણીય ભૂપેન્દ્રસિંહ ચુડાસમા પ્રાકૃતિક ખેતી અંગેનો જે સંકલ્પ લઇને આવ્યા છે એ સંકલ્પમાં સભાગૃહના લગભગ ૯ જેટલા સિનિયર સભ્યોએ પોતાના વિચારો રજૂ કર્યા છે અને સંકલ્પને આવકાર્યો છે ત્યારે રાજ્યના કૃષિમંત્રી તરીકે હું પણ આ સંકલ્પને આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકર દ્વારા પ્રાકૃતિક ખેતી અંગેની જે કાર્યવાહી થઇ રહી છે અને પ્રાકૃતિક ખેતીનું શું મહત્વ છે એ વિશે થોડી વાત કરવા માગું છું. ભારતીય ખેતી પદ્ધત્તિ એ આપણી સંસ્કૃતિનો આધાર છે. ભારતીય ખેતી પદ્ધતિ એ આપણી સંસ્કૃતિનો આધાર છે અને આ ખેતી વ્યવસ્થાનો મૂળ આધાર ગૌવંશ હતો. એના છાણને તો સોનાની ખાણ માનવામાં આવતું અને તેમાં રહેલા કરોડો જીવાણુંનો વાસ જે ફળદ્રુપતા બનાવી રાખવામાં મહત્વનો ભાગ ભજવે છે. ભારતની ઓલાદની દેશી ગાયોમાં વિદેશી ઓલાદની ગાયોની તુલનામાં આ જીવાણુની સંખ્યા અનેકગણી વધારે છે. આજે જુદાજુદા રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓ ઉપર આધારિત ખેતીને કારણે આજે ખેડૂતોની જમીનની ફળદ્રુપતા ગુમાવી રહી છે જે આપણે જોઇ શકીએ છીએ. જેના કારણે આજે ખેડૂતનો ખેતીનો ખર્ચ પણ વધ્યો છે. ઉત્પાદઘ ઘટ્યું છે. લોનનું ભારણ વધ્યું છે અને ખેડૂતો ખેતી છોડી હવે શહેર તરફ નવા રોજગારની શોધમાં નીકળી પડયા છે, ત્યારે આપણી સમક્ષ દેશી ગાય આધારિત ખેતી પદ્ધતિ છે, જે રાસાયણોથી મુકત, નહીંવત ખર્ચવાળી, જમીનની ફળદ્રુપતા જાળવી રાખવામાં ઉપયોગી અને ખેડૂતોની આવક બમણી કરવા માટેની ઉત્તમ ખેતી પદ્ધતિ છે. રાસાયણિક ખાતરો માટે આપણે અબજો રૂપિયાનું વિદેશી હૂંડિયામણ એને આયાત કરવા પાછળ ખર્ચીએ છીએ. આ ખાતર પાછળ અબજો રૂપિયાની સબસિડી પણ ખર્ચી રહ્યા છીએ. પ્રાકૃતિક ખેતી એટલે શું? એના વિશે હું કહું તો આ એવી ખેતી છે કે જેના વિશે પ્રકૃતિના મૂળભૂત સિદ્ધાંતો આધારિત એક દેશી ગાયના ગોબર અને ગૌમૂત્ર થકી કરવામાં આવતી ખેતી છે. આ ખેતી પદ્ધતિમાં જીવામૃત, બીજામૃત, આચ્છાદન, વાપસા, સજીવન પાટો એમ મુખ્યત્વે પાંચ આધારો રહેલા છે. આ ખેતીમાં જે કંઇ ખાતર કે દવા વપરાય છે તેમાં બધી વસ્તુ કુદરતી હોય છે અને જેમાં દેશી ગાયનું ગૌમૂત્ર અને છાણ, પાણી, દેશી ગોળ, ચણાનો લોટ અને જુદીજુદી વનસ્પતિના પાન હોય છે. આ ખેતીમાં જમીનમાં પોષણનું પ્રમાણ વધે તે માટે આચ્છાદન અને સહજીવન પાક પદ્ધતિ અપનાવવામાં આવે છે. જો આપણે સરળ શબ્દમાં સમજવું હોય તો એમ કહી શકાય કે પ્રકૃતિ તરફથી જે વસ્તુ મળે છે તેવી જ વસ્તુઓનો ઉપયોગ કરીને કરવામાં આવતી ખેતી એટલે પ્રાકૃતિક ખેતી. કોઇ એમ કહે કે પ્રાકૃતિક ખેતી શા માટે કરવી જોઇએ અને એના ફાયદાઓ શું? તો હું જણાવવા માગું કે ખેડૂતોની ખેતીની જમીનમાં આનાથી ભેજ સંગ્રહ ક્ષમતા વધે છે. ફળદ્રુપતા અને ઉત્પાદન ક્ષમતામાં વધારો થાય છે. વળી આ ખેતીમાં માત્ર દેશી ગાયના ગોબર અને ગૌમૂત્રથી એક ગાયથી ૩૦ એકર સુધી જમીનમાં ખેતી કરી શકાય છે. આ ખેતી થકી ખેડૂતોને કોઇ લોન લેવી પડતી નથી. ઉત્પાદન ખર્ચ નહીંવત થાય છે અને રાસાયણમુકત ઉત્પાદનના વધારે ભાવ મળતા સરવાળે ખેડૂતોને ફાયદો જ થાય છે. આમ આ ખેતીમાં નહીંવત ખર્ચ આવતા માનનીય પ્રધાનમંત્રીશ્રીના ખેડૂતોની આવક બમણી કરવાના સંકલ્પને સિદ્ધ કરવામાં આ ખેતી પદ્ધતિ સરળ અને સસ્તો ઉપાય છે. આ ખેતીનું બીજું મહત્વનું પરિબળ એ છે કે પાણી જેના વગર ખેતી શકય જ નથી પરંતુ આ ખેતીમાં ખૂબ જ ઓછું પાણી જોઇએ છે. એવી જ રીતે હાલની પરિસ્થિતિમાં પર્યાવરણ અને માનવ સ્વાસ્થ્યનું રક્ષણ, પોષણ અને સંવર્ધન માટે પણ ખેતી પદ્ધતિ અતિ આવશ્યક છે. આ ખેતી થકી આપણા ખેડૂતો આત્મનિર્ભર બને છે. આજે મને કહેતા ગર્વ થાય છે કે આપણા રાજયમાં પ્રાકૃતિક ખેતીને ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો છે. જેના પરિણામ સ્વરૂપે બેલાખ જેટલા ખેડૂતો અઢી લાખ એકર વિસ્તારમાં પ્રાકૃતિક ખેતી આજે ગુજરાતમાં કરી રહ્યા છે. પ્રાકૃતિક ખેતીને જેણે જીવનમાં મંત્ર બનાવ્યો હતો એવા ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની પ્રેરણાથી અને માનનીય મુખ્યમંત્રીશ્રીની પ્રેરક ઉપસ્થિતિમાં વર્ષ ૨૦૧૯માં ૧૦,૦૦૦ જેટલા ખેડૂતોની એક દિવસ સુભાષ પાલેકર કૃષિ કાર્યશાળાનો મેગા સેમિનાર પણ યોજવામાં આવ્યો હતો. આ પ્રાકૃતિક ખેતીનો રાજયમાં વ્યાપ વધે એના માટે આપણા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇની પ્રેરણા છે, એનું પ્રોત્સાહન છે અને તાજેતરમાં આણંદમાં યોજાયેલા પ્રથમ રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ સંમલેનને વર્ચ્યુઅલ સંબોધન પણ કરેલ જેમાં દેશના, રાજયના લાખો ખેડૂતો જોડાયા હતા. હાલમાં આપણા ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહના અધ્યક્ષસ્થાને પ્રાકૃતિક ખેતીનો એક કાર્યક્રમ રાજ્ય સરકાર દ્વારા ગોઠવવામાં આવેલ. જેમા પ્રાકૃતિક કૃષિ લોગો, પ્રાકૃતિક ખેતીના ખરીદ વેચાણ માટે મોબાઇલ એપ્લિકેશન અને પ્રાકૃતિક ખેતીની ખેતપેદાશોને શહેરી વિસ્તારમાં વેચાણ માટે ઇ-વ્હીકલનું માનનીય અમિતભાઇ શાહના હસ્તે લોંચિંગ કરવામાં આવેલ. ખેતપેદાશોમાં હાનિકારક રસાયણોના અવશેષોથી હાલમાં ખેતીમાં જે રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓનો ઉપયોગ વધવાથી ખેત પેદાશોના સ્વાસ્થ્ય માટે હાનિકારક રસાયણના અવશેષો જોવા મળે છે. છે.અને જેને ખોરાકમાં લેવાથી ઘણા બધા રોગો થાય છે. એનો દાખલો એ છે કે પંજાબમાં અનિયંત્રિત રીતે રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના ઉપયોગના કારણે લોકો એટલા બધા કેન્સરગ્રસ્ત થયા છે કે ભટીંડાથી બીકાનેર જતી ટ્રેન એમાં સારવાર લેવા જતા દર્દીઓની સંખ્યા એટલી બધી હોય છે કે એ ટ્રેનનું કેન્સર એક્ષપ્રેસ નામ આપવામાં આવ્યું છે. પરદેશમાં આપણે ત્યાંથી નિકાસ થતા માખણ, તલ અને જીરૂમાં હાનિકારક રાસાયણિક જંતુનાશક દવાના અવશેષો જોવા મળતા હોવાથી ડેરી અને ખેતપેદાશોનો આ જથ્થો પરદેશોમાંથી અસ્વીકાર થાય છે. અને મહામૂલું હૂંડિયામણ દેશને ગુમાવવાનો વારો આવે છે. દેશી ગાય માટે રાજ્ય સરકાર પ્રાકૃતિક ખેતી કરતા કુટુંબને એક ગાયના નીભાવવા માટે પ્રતિ માસ ૯૦૦ રૂપિયા એમ ૧૨ મહિનાના ૧૦,૮૦૦ લેખે વાર્ષિક સહાય યોજના

માટેની સરકારે જોગવાઇ કરી છે. અને વર્ષ ૨૦૨૧-૨૨ માં ૧,૮૨,૭૩૯ જેટલા ખેડૂત લાભાર્થીઓને ૧૭૮.૯૮ કરોડ રૂપિયાની આ માટે પ્રોત્સાહન રૂપ સહાય ચૂકવવામાં આવેલ છે. પ્રાકૃતિક ડાંગ જિલ્લામાં ગાય પોતાની ન હોય તો બીજા ખેડૂતની ગાયના ગોબર દ્વારા પ્રાકૃતિક ખેતી કરવા ઇચ્છતા હોય તો એને પણ ગાયની સહાય ચૂકવવામાં આવે છે. ડાંગ જિલ્લાને રાજ્ય સરકારે સંપૂર્ણ પ્રાકૃતિક ખેતીના જિલ્લા તરીકે જાહેર કર્યો છે. હાલમાં ડાંગર, રાગી, વરી, અડદ, તુવેર, મગફળી, ખરસાણી જેવા ડાંગમાં થતા મુખ્ય પાકો અને બાગાયતી ખેતીમાં કેરી, કાજુ અને સ્ટ્રોબેરીની ખેતી ખેડૂતોમાં આજે પ્રચલિત છે અને સારું ઉત્પાદન ખેડૂતો લઇ રહ્યા છે. ડાંગ જિલ્લામાં ખેતી કરતા ખેડૂતોને પ્રાકૃતિક ખેતી માટે પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકાર દ્વારા ૩૧ કરોડની નાણાકીય સહાય યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. રાસાયણિક ખેતી છોડી પ્રાકૃતિક ખેતી તરફ ખેડૂતો વળે તો પ્રોત્સાહન માટે પ્રતિ હેક્ટર ૧૦,૦૦૦ રૂપિયાની વાર્ષિક સહાય માટે બજેટમાં ૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ડાંગ જિલ્લાના ૧૩,૪૮૦ જેટલા ખેડૂતોને કુટુંબોને ૬.૭૬ કરોડ રૂપિયાની સહાય ચૂકવવામાં આવેલ છે. પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધે એના માટે પ્રચાર અને પ્રસાર થાય એના માટે રાજ્ય સરકારે ૧૦૦ કરોડના ખર્ચે પ્રાકૃતિક ખેતી વિકાસ બોર્ડની રચના કરી છે. ઉપરાંત પ્રાકૃતિક ખેતીનો શૈક્ષણિક અભ્યાસક્રમમાં સમાવેશ થાય એના માટે પણ ઇન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચર રિસર્ચશિપ પ્રાકૃતિક ખેતીને લગતો અભ્યાસક્રમ ખેતીવાડી કોલેજોમાં દાખલ કરવા માટેની સૂચના આપી છે. આ રીતે પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધે એના માટે રાજ્ય સરકાર પૂરા પ્રયત્નો કરી રહી છે. મારી સૌ સભ્યશ્રીઓને પણ વિનંતી છે કે આ પ્રાકૃતિક ખેતીથી રાજ્યમાં લોકોનું આરોગ્ય સુધરશે, ઉત્પાદન ગુણવત્તાયુક્ત થશે, ખેડૂતોને ભાવ પણ વધુ મળશે, ખેતીમાં પાણી પણ ઓછું જોઇશે, જમીનની ફળદ્રુપતા પણ ટકી રહેશે અને સરવાળે એનાથી માનવજાતને મોટો ફાયદો થશે ત્યારે આ પ્રાકૃતિક ખેતીને લગતા માનનીય ભૂપેન્દ્રસિંહ ચુડાસમા જે સંકલ્પ લઇને આવ્યા છે એને હું મારો ટેકો જાહેર કરું છું. હું સભાગૃના સૌ સન્માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે આ સંકલ્પને પસાર કરે અને રાજ્ય સરકારનો સંપૂર્ણ સાથ અને સહકાર છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીનો આભાર માનું છું. સમગ્ર ગૃહનો પણ આભાર માનું છું. માનનીય વિરજીભાઇ, પુંજાભાઇ, ભગાભાઇ, કિરીટભાઇ, નિરંજનભાઇ, રમણભાઇ અને વિજયભાઇ આ બધા મિત્રોએ ખૂબ સરસ રીતે એમના અનુભવો કહ્યા છે અને આ ઠરાવ સર્વાનુમતે મંજૂર થાય છે એ માટે સંતોષ માનું છું અને ગૃહનો આભાર માનું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી : સંકલ્પનો સ્વીકાર કરવામાં આવે છે.**

PMJAY-MA કાર્ડ યોજનાનો રાજ્યના જરૂરિયાતમંદ વ્યક્તિઓને ઝડપથી લાભ મળવા અંગે

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર (ઉત્તર) : : માનનીય અધ્યક્ષશ્રી, હું આ મારો નીચે મુજબનો સંકલ્પ રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર દ્વારા સુવ્યવસ્થિત આયોજન થકી ઘરઆંગણે આરોગ્ય સુવિધા મળી રહે તે માટે આરોગ્યતંત્રને અત્યાધુનિક માળખાકીય સવલતોથી સજ્જ કરવામાં આવ્યું છે. ગ્રામીણ ક્ષેત્રોમાં ત્વરિત આરોગ્ય સુવિધાઓ પ્રાપ્ત થાય તેવા પ્રકારની કાર્યપ્રણાલી રાજયનું આરોગ્યતંત્ર નિભાવી રહ્યું છે. ૧૦૮ની સેવા, પી.એચ.સી અને સી.એચ.સી. સેવાઓને વધુ અસરકારક બનાવવા તેમજ વિવિધ આરોગ્યલક્ષી અભિયાનો થકી વધુને વધુ નાગરિકો સુધી પહોંચવાનું રાજ્ય સરકારનું લક્ષ્ય રહ્યું છે. ગુજરાતના લોકોને નિરામય આરોગ્ય પ્રાપ્ત થાય તે માટે ૨૦૨૧ના વર્ષમાં જન આરોગ્ય અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું અને જેને ૧૦૦ દિવસ સુધી ચલાવવામાં આવ્યું હતું. તેમાં વિક્રમી સંખ્યામાં નાગરિકોને આવરી લઈ નિરામય ગુજરાત અભિયાન સાકાર કરવાનો બહોળો પ્રયાસ કરવામાં આવ્યો હતો, જેને લોકો તરફથી ખૂબ જ મોટો પ્રતિસાદ સાંપડયો હતો.

રાજ્યના દરેક ગરીબ અને જરૂરિયાતમંદ કુટુંબને નિયત માપદંડો પ્રમાણે ***PMJAY-MA*** કાર્ડથી લાભાન્વિત કરાવવા, હોસ્પિટલમાં સારવાર અર્થે આવતા દર્દીઓને સરળતાથી વિના વિલંબે શ્રેષ્ઠ સારવાર મળી રહે તે હેતુથી ગ્રીન કોરીડોર ઊભા કરવા, ઘેરબેઠાં દર્દીઓ માટે ટેલિમેડિસિન સેવા ઉપલબ્ધ કરાવવી અને નેશનલ ડિજિટલ હેલ્થ મિશન અંતર્ગત આરોગ્ય સંલગ્ન તમામ સેવાઓ અને સુવિધાઓને એક જ માધ્યમ દ્વારા ઉપલબ્ધ કરાવીને લીંક કરવાની દિશામાં આરોગ્ય વિભાગ પ્રયત્નશીલ છે અને જેનો સળંગ ચોથા વર્ષે સમગ્ર રાજ્યમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય-આયુષ્માન(***PMJAY-MA***) યોજના અંતર્ગત "આપ કે દ્વાર આયુષ્માન" મેગા ડ્રાઈવનો પ્રારંભ અમદાવાદની સિવિલ હોસ્પિટલથી કરવામાં આવ્યો હતો. આમ, હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ થતા દર્દીઓ માટે રિસ્પોન્સ ટાઇમ ઝડપી બને, દર્દીને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા નવતર પહેલ હાથ ધરી ***PMJAY-MA*** યોજનાના લાભાર્થીઓના હિતાર્થે સરકારી હોસ્પિટલમાં ગ્રીન કોરીડોર વ્યવસ્થાપનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યોજના જન-જનમાં પ્રચલિત બનાવી મહત્તમ લોકોને લાભ મળી રહે તે માટે કુટુંબદીઠ નહીં પણ વ્યક્તિ દીઠ અલાયદું કાર્ડ કાઢી આપવાની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે અને નિયત માપદંડો ધરાવતા લાભાર્થીઓને જિલ્લા હોસ્પિટલ, તાલુકા હોસ્પિટલ, સી.એચ.સી સંલગ્ન ખાનગી હોસ્પિટલો, સી.એચ.સી, ***(n)*** કોડ સેન્ટર, ***UTI - ITSL, E-GRAM*** પરથી ***PMJAY-MA*** કાર્ડ કાઢી આપવામાં આવે છે. આ માનવતાવાદી સેવાનો મહાયજ્ઞ આગળ ધપાવી રાજ્યના જરૂરિયાતમંદ વ્યક્તિઓને આ યોજનાનો ઝડપથી લાભ મળી

રહે તેમજ આ કાર્ડ લોકોને ઝડપથી ઉપલબ્ધ થાય તે માટે અસરકારક આયોજન કરવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા **:** માનનીય અધ્યક્ષશ્રી, મેં આ સભાગૃહ સમક્ષ બિન સરકારી સંકલ્પ રજૂ કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, નિરામય ભારત માટે નિરંતર કાર્યરત એવા દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ભારતન સર્વાંગી વિકાસ સાધે અને વિશ્વગુરૂ બનાવવા ભારત સરકાર કટિબદ્ધ છે. તેમજ ભવ્ય ભારત દિવ્ય ભારત નિર્માણના લક્ષ્યની સિદ્ધિ માટે સૌનો સાથ સૌનો વિકાસ સૌનો વિશ્વાસની સાથે સાથે સૌનો પ્રયાસ એવો મંત્ર આપ્યો છે. ૨૧ મી સદીમાં ભારત નવા સંકલ્પોની સાથે નવા અવસરો અને નવી સંભાવનાઓની દિશામાં દેશ ઝડપથી અગ્રેસર બની વિશ્વ પટલ પર દેશને નવી ઉંચાઇઓ પર લઇ જશે. વિકાસની આ ગતિમાં માનવીની તંદુરસ્તી ઉપર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. નિરામય ગુજરાત માટે રાજ્ય સરકારે ક્યારેય પણ પાછીપાની કરી નથી. અને લોકોની આરોગ્ય સુખાકારી માટે અદ્યતન અને વિશ્વ કક્ષાની મેડિકલ સુવિધા પૂરી પાડવામાં આવેલ છે. રાજયના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ રાજયના લોકોને શુદ્ધ આરોગ્ય સેવા આપવા અને નિરામય સ્વાસ્થ્ય માટે અવિરત પ્રયત્નશીલ છે તેમજ બાળકોના સ્વાસ્થ્ય, પોષણ અને શિક્ષણ થકી ઉન્નત ગુજરાતનું નિર્માણ કરવા કટિબદ્ધ છે અને ગુજરાતને ઉત્તમથી સર્વોત્તમ બનાવવાની દિશામાં કાર્ય કરી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ નવી શિક્ષણ નીતિ સાથે આયુષ્યમાન ભારત યોજના અમલમાં મૂકીને દરેકના આરોગ્યની ચિંતા કરી છે, જે અન્વયે અંતરિયાળ વિસ્તારો સુધી આરોગ્ય સુવિધાઓ પૂરી પાડવા હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટર શરુ કરવામાં આવેલ છે, જ્યાં સ્વાસ્થ્ય સેવાઓ પૂરી પાડવાનું લક્ષ્ય સાધેલ છે. પ્રાથમિક આરોગ્ય સંભાળ મારફત સૌના આરોગ્યનો હેતુ સિદ્ધ કરવા અને નિર્મળ સ્વર્ણિમ ગુજરાતનું સોપાન સર કરવા રાજય સરકાર દ્વારા ગ્રામ્ય અને શહેરી ઝૂંપડપટ્ટી વિસ્તારો તથા દુર્ગમ પહાડી વિસ્તારના આદિજાતિ સહિત સરહદી અને અગરિયા વિસ્તારોમાં પાયાની આરોગ્ય સેવા પ્રજાને નજીકના સ્થળે મળી શકે તેવા સઘન પ્રયાસો રાજય સરકાર કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સૌરાષ્ટ્રમાં અમારી જામનગરની જીજી હોસ્પિટલ સૌરાષ્ટ્રની નંબર વન હોસ્પિટલ હોય રોજના ૩,૫૦૦ ની ઓ.પી.ડી. છે. હોસ્પિટલ સાથે હું સંકળાયેલો છું ત્યારે રાજય સરકાર અને કેન્દ્ર સરકાર અને દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીને હજારો લોકો આશીર્વાદ આપે છે. આપણને ખબર છે અહીંયા વડીલો જે બેઠા છે એમને ખ્યાલ છે કે, વર્ષો પહેલાં આપણા પરિવારમાં કોઇ બિમાર થયું હોય ત્યારે જેની પાસે પૈસાની સગવડ ન હોય એણે પૈસા બહારથી વ્યાજે લેવા પડતા હતા અથવા ઉછીના લેવા પડતા હતા અને જમીન પણ વેંચવી પડે એવા દિવસો પણ આપણે બધાએ જોયા છે. ત્યારે રાજય સરકારે અને કેન્દ્ર સરકારે અનેક યોજના થકી રૂપિયા ૫ લાખ સુધી દર્દીઓને ખર્ચ ન ભોગવવો પડે એના માટે ખાસ કરીને આ બધી યોજના કરવામાં આવેલ છે ત્યારે આશા રાખું છું કે, રાજય સરકાર મારા સંકલ્પને અનુરૂપ જ આ દિશામાં કાર્યરત છે પણ છતાં કોઇ દર્દી આર્થિક તકલીફને કારણે સારવારથી વંચિત ન રહે એ માટે મેં આ સંકલ્પ દ્વારા લોકોને ઝડપથી પી.એમ.જે.એ.વાય. કાર્ડ કાઢી આપવા અને આદરણીય મંત્રીશ્રી દ્વારા જનકલ્યાણકારી આ યોજના સામાન્ય માણસ સુધી પહોંચાડવા સઘન પ્રયાસ કરવામાં આવશે એવી આશા સાથે વિરમું છું.

શ્રી અંબરીશભાઇ જી. ડેર**(**રાજુલા) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના સદસ્યશ્રી આદરણીય ધર્મેન્દ્રસિંહ જાડેજા જે બિનસરકારી સંકલ્પ આરોગ્ય બાબતનો લઇને આવ્યા છે એમને હું બિરદાવું છું, અભિનંદન પાઠવું છું અને મારાં થોડાં સૂચનો પણ એમાં રજૂ કરવા ઇચ્છું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ રાજયનું અને કોઇ પણ દેશનું અવિભાજ્ય અંગ હોય, એનું મુખ્ય માળખું હોય અથવા તો એ જેની ઉપર ટકી રહ્યા હોય તો એમાં સૌથી પહેલા તો મહત્વની બાબત આવતી હોય તો મારી ભૂલ ન થતી હોય તો શિક્ષણ અને આરોગ્ય છે. આરોગ્યની અંદર જો યોગ્ય પ્રકારની સવલતો સાથે કામ કરવામાં ન આવે તો હું એવું સ્પષ્ટપણે માનુ છું કે, ક્યાંકને ક્યાંક રાજયનું અને દેશનું પણ આરોગ્ય જોખમાય છે. બીજી બધી બાબતોમાં કદાચ થોડું આઘુપાછું થઇ શકે પણ આરોગ્યની બાબતમાં થોડું ઘણું આઘુપાછું કરવા જઇએ તો માનવ શરીર કદાચ એક બે મિનિટ પણ સહન કરી શકતું નથી અને એણે મૃત્યુને ભેટવું પડે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિન સરકારી સંકલ્પ જે આવ્યો છે તે બાબતમાં મારે વાત કરવી હોય તો એટલું ચોક્કસપણે કહી શકાય કે આ કોન્ટ્રાક્ટ બેઇઝ સિસ્ટમ હોય તો પણ ભલે, બીજી-ત્રીજી કોઇ બાબત હોય તો પણ ભલે પણ આ બાબતની અંદર કોન્ટ્રાક્ટ બેઇઝ સિસ્ટમ સંપૂર્ણપણે નાબૂદ થવી જોઇએ જેથી કરીને રાજયના લોકોની સુખાકારી વધી શકે. આયુર્વેદ ડોકટરની વાત હોય તો પણ ભલે, હોમિયોપેથી ડોકટરની વાત હોય તો પણ ભલે, ફાર્માસિસ્ટની વાત હોય તો પણ ભલે, એમ.પી.એચ.ડબલ્યુ.ની વાત હોય તો પણ ભલે, એફ.એચ.ડબલ્યુ.ની વાત હોય તો પણ ભલે કે આરોગ્ય શાખામાં કામ કરતા પટ્ટાવાળાની વાત હોય તો પણ ભલેઉ આ બધા જ લોકોને હું અને તમે કાયમી કેમ નથી કરતા? આ બાબતમાં સરકારે ગંભીરતાપૂર્વક આગળ આવવું પડશે. થોડા દિવસ પહેલાંની હું મારા મત વિસ્તારની વાત કરું તો આજે સરકાર સતત મહેનત કરી રહી છે કે માતાના મૃત્યુનો દર ઘટે, આવનારું બાળક કુપોષિત ના હોય પણ મારે બહુ દુઃખ સાથે કહેવું પડે છે કે, આવી માતાઓને સાચવવાનું કામ જો કોઇ કરતા હોય તો આ એફ.એચ.ડબલ્યુ. એટલે કે ફિમેલ હેલ્થ વર્કર બહેનો કરતી હોય છે. ૨૪

કલાકના ઓન કોલ ગમે ત્યારે તેને હાજર થઈ જવાનું હોય છે તો આવી બાબતમાં પણ જો આપણે ૮ કલાકની ડ્યૂટી કે ૧૨ કલાકની ડ્યૂટી જો ન કરી શકતા હોઈએ, આટલી બધી વસતિ આ રાજયમાં અને દેશમાં હોવા છતાં પણ જો આ ન થતું હોય અને માતાનો મૃત્યુ દર વધતો હોય અથવા તો બાળકનો મૃત્યુ દર વધતો હોય આવી સામાન્ય બાબતના હિસાબે તો મને એવુ લાગે છે કે આપણાં બધા માટે કયાંક અને કયાંક આ શરમજનક વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોન્ટ્રાક્ટ બેઈઝમાં પણ કેવું જુદા જુદા શાખાના ડોકટરોને અથવા તો જુદા જુદા અધિકારીઓને કોન્ટ્રાક્ટ બેઈઝ સિસ્ટમથી જે પૈસા ચૂકવવામાં આવે છે તેમાં પણ એટલો બધો માર્જીન રાખવામાં આવે છે કે જે દિવસ-રાત મહેનત કરે છે તેના કરતા નજીકના પૈસા તો જે કોન્ટ્રાક્ટ ધરાવે છે તે લોકોને મળે છે. જયાં ૪૦ હજાર રૂપિયા સેલરી છે તેમાંથી ૨૫ હજાર રૂપિયા કયાંક મળે છે, કયાંક ૧૮ હજાર રૂપિયા સેલરી ચૂકવાય છે તો કયાંક તેની સામે ૧૦ હજાર રૂપિયા મળે છે તો આ આવડો મોટો ગેપ હું અને તમે શા માટે ન અટકાવી શકીએ ? આ બાબતે ગંભીરતાપૂર્વક ગૃહમાં જયારે આપણે બધાય ચર્ચા કરી રહ્યા છીએ ત્યારે આ એક બે ડિપાર્ટમેન્ટને તો કમસે કમ છોડીએ. જો એ નહીં છોડીએ તો આવનારી પેઢી મને અને તમને માફ નહીં કરે અને અમુક ડિપાર્ટમેન્ટોમાં તો મિનિમમ વેજીસને લગત પૈસાની ચૂકવણી આવા કોન્ટ્રાકટરો કરે છે તો સરકાર તેની ઉપર ધોંસ કેમ ના બોલાવી શકે ? સરકાર તેને એમ કેમ ના કહી શકે કે તમે તેને પૂરતો પગાર ચૂકવો. કોઈ પણ નફાનું ધોરણ જયારે આપણે ગણતા હોઈએ ત્યારે ૧૫ ટકાથી નફો કોઈ પણ બિઝનેસની અંદર નથી તો તેને સ્પષ્ટપણે કહેવું જોઈએ કે જે મિનિમમ વેજીસની આગળ તમારા ૧૫ ટકા નફો લઈને તમે કોન્ટ્રાક્ટ સિસ્ટમ કદાચ ચલાવવા અથવા નાબૂદી માટે અમારો કોંગ્રેસ પક્ષ સતત માગ કરી રહ્યો છે તેમ છતાં પણ જો સરકારને વધુ ભારણ પડતું હોય તો આ બાબતમાં સરકારે ગંભીરતાથી વિચારવું જોઈએ. આ હું એટલા માટે કહી રહ્યો છું કે અમે કોઈ પણ કોન્ટ્રાક્ટ સિસ્ટમના હિમાયતી નથી. સદંતર કોન્ટ્રાક્ટ સિસ્ટમ બંધ થાય એવું આગામી દ્વારકા ડિકલેરેશનમાં પણ અમારી પાર્ટીએ નક્કી કર્યુ છે અને જો રાજયની અને દેશની જનતા અમને સત્તા સ્થાને બેસાડશે, મતરૂપી આશીર્વાદ આપશે તો સૌથી પહેલાં આરોગ્ય માટે અને ત્યારબાદ શિક્ષણ માટે અમારી પાર્ટી કંઈક કરવા માટે તૈયાર છે અને આટ આટલાં વર્ષોથી ભારતીય જનતા પાર્ટીની સરકારને ગુજરાતની અંદર મતરૂપી આશીર્વાદ લોકોના મળે છે ત્યારે લોકોનાં આરોગ્ય સાથે ચેડાં કેમ ?

માનનીય અધ્યક્ષશ્રી, એટલે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને હું એવુ કહેવા માગું છું અને બિન સરકારી સંકલ્પ લઈને આદરણીય ધર્મેન્દ્રસિંહજી આવ્યા છે તેમને પણ કહેવા ઈચ્છું છું કે આમાં બધાય સાથે મળીને જો કંઈ કરીશું તો સહવીર્યમ્ કરવા વહૈ. એટલે બધું સારૂં થશે, થેંકયુ.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનીય સભાગૃહના સભ્ય એવા શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા બિન સરકારી સંકલ્પ જે સન્માનીય સભાગૃહમાં લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા અને તેને હું સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રમાણે માનનીય ધર્મેન્દ્રસિંહે તેમના સંકલ્પની અંદર જે રજૂઆત કરી તેમણે વિધાનસભાની અંદર જે વાત કરી તે વાતને હું સ્વીકારું છું. આપણા હાલના લોકલાડીલા માનનીય વડાપ્રધાન તથા તત્કાલીન ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ગુજરાતની અંદર એ વખતે સમગ્ર ગુજરાત રાજયના નાગરિકોના આરોગ્યના હિત માટે વર્ષ ૨૦૧૨માં જરૂરિયાતમંદ બી.પી.એલ. કાર્ડ ધરાવતા કુટુંબો માટે વાર્ષિક ૨ લાખ સુધીની ગંભીર બીમારીઓની સારવાર માટે તથા ગરીબ પરિવારોને ફકત સારવારનાં નાણાના અભાવે પોતાના સ્વજન ગુમાવવા ના પડે, તે માટે ઘરના મોભી પર આકસ્મિક આર્થિક બોજો ન આવે તથા દેવું કરવાનો વારો ન આવે તે હેતુથી હૃદય રોગ, કેન્સર, કિડની, મગજ વગેરેની ગંભીર બીમારીઓ અને દાઝી જવાથી થતી ગંભીર ઈજાઓ, અકસ્માતથી થતી ગંભીર ઈજાઓ, નવજાત શિશુઓના રોગ જેવી ગંભીર બીમારીઓની સારવાર માટે મુખ્યમંત્રી અમૃતમ યોજના અમલમાં મૂકવામાં આવી હતી. મને આજે પણ વિશ્વાસ છે કે સમસ્ત દેશની કોઈ પણ રાજયની સરકારે ગરીબોના દુઃખના આંસુ લૂંછવાની આવી યોજના એ વખતે પણ મૂકી ન હતી અને કેન્દ્ર સરકારે પણ આવી યોજના અમલમાં મૂકી ન હતી. આવી દીર્ઘદ્રષ્ટિભરી પ્રજાના હિત માટેની યોજના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી સાહેબે અમલમાં મૂકી હતી. મધ્યમવર્ગીય કુટુંબમાં એક સાંધે અને તેર તૂટે તેવી પરિસ્થિતિનું નિર્માણ થતું હોય છે. મોટોભાગના પરિવારોને પોતાનું ગુજરાન કેવી રીતે ચલાવવું એવી પણ મુશ્કેલી હતી ત્યારે આ કુટુંબનો કોઈ વ્યક્તિ ગંભીર બીમારીમાં સપડાય ન જાય અને મધ્યમવર્ગના કુટુંબમાં કોઈ વ્યક્તિ બીમાર થાય અને ગંભીર રોગમાં સપડાય તો તેના પરિવાર ઉપર આભ તૂટી જાય તેવી પરિસ્થિતિ ઊભી થતી હતી. તે વખતે આ યોજનાની સમસ્ત ગુજરાતમાં અમલવારી કરી હતી. મુખ્યમંત્રી અમૃતમ યોજનાનો ઘણા બધા પરિવારો ખૂબ મોટા પ્રમાણમાં લાભ લેતા હતા. ફરીથી જ્યારે ગુજરાતમાં માનનીય આનંદીબેન પટેલ મુખ્યમંત્રી બન્યા ત્યારે પારિવારિક રીતે આશીર્વાદરૂપ યોજનામાં આ વિધાનસભાના તે વખતના ધારાસભ્યોએ પણ આ બાબતમાં રજૂઆત કરી હતી. સત્તાધારી સભ્યો તો ખરા જ પણ વિપક્ષના સભ્યોએ પણ આ યોજનાનો અમલ થાય અને મધ્યમવર્ગના બધા જ પરિવારો તેનો લાભ લે તેના માટેની ભલામણ કરી હતી. તત્કાલીન માનનીય મુખ્યમંત્રી આનંદીબેને પણ આ યોજનાનો પૂરો વ્યાપ વધે તેના માટે બી.પી.એલ. કાર્ડધારક સિવાયના મધ્યમવર્ગની આવકવાળા પરિવારોને લાભ આપવા માટે રૂ.૧ લાખ ૨૦ હજારની આવક મર્યાદા સુધીના પરિવારોને આરોગ્યની દ્રષ્ટિએ રૂ. ૨ લાખ સુધીની તાત્કાલિક સહાય મળે તેની અમલવારી કરી. તે પછી પણ ગુજરાતમાં તત્કાલીન માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ

રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે પણ આ પરિવારોને યોજનાનો સફળતાપૂર્વક લાભ મળે તેના આધારે તેમાં પણ આવકની મર્યાદામાં સુધારો કર્યો અને સાથે સાથે મળવાપાત્ર રકમમાં પણ સુધારો કરી ખૂબ આશીર્વાદ રૂપ યોજનાની અમલવારી ચાલુ રાખી. તે વખતની યોજનામાં જે ધારાધોરણો હતા તે મુજબ મામલતદાર અથવા નાયબ મામલતદાર પાસેથી આવકનું સર્ટિફિકેટ લેવું પડતું હતું પણ અત્યારે માનનીય ભૂપેન્દ્રભાઈ પટેલ મુખ્યમંત્રી બન્યા પછી એમણે છેવાડાના ગામડામાં આવકના સર્ટિફિકેટ માટે તલાટીને સત્તા આપી છે. તેના આધારે ખૂબ મોટા પ્રમાણમાં પરિવારો લાભ લે છે તે ખૂબ આશીર્વાદરૂપ છે. માનનીય નરેન્દ્રભાઈ દેશના પ્રધાનમંત્રી બન્યા અને એમણે આ યોજનાની સમસ્ત દેશમાં તમામ પરિવારો માટે અમલવારી મૂકી એ ઐતિહાસિક ઘટના મારી દ્રષ્ટિએ આપ સૌએ સ્વીકારવા જેવી છે. આ યોજનાનો લાભ સમસ્ત દેશમાં તમામ પરિવારોને મળ્યો. એમાં પણ રૂપિયા પાંચ લાખ સુધીની રકમની જે ફાળવણી કરી અને બજેટની અંદર જે જોગવાઇ કરી છે, મને કહેતાં આનંદ થાય છે કે વર્ષ ૨૦૧૪ની અંદર સમસ્ત દેશની પ્રજાએ ભારતીય જનતા પાર્ટીને સંપૂર્ણ બહુમતી સાથે સરકારની રચના કરવા માટે જે સમર્થન આપ્યું હતું એવું જ સમર્થન વર્ષ ૨૦૧૯માં સમસ્ત દેશની અંદર ભારતીય જનતા પાર્ટીને, માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીની આગેવાની હેઠળ સ્પષ્ટ બહુમતી સાથે પ્રજાની સેવા કરવા, પ્રજાના દુઃખના આંસુ લૂંછવા માટેનું  કામ પ્રજાએ અમને સોંપ્યું છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરુ થાય છે. માનનીય શ્રી ગુલાબસિંહ રાજપૂત.

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત(થરાદ) : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી ગૃહના સભ્યશ્રી, વડીલ શ્રી ધર્મેન્દ્રસિંહ જે બિન સરકારી સંકલ્પ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. ગુજરાતની અંદર આયુષ્યમાન કાર્ડમાં અલગ અલગ સેવાઓ સરકાર દ્વારા આપવામાં આવી રહી છે ત્યારે કહેવા માગું છું કે, રાજસ્થાન રાજ્યની કોંગ્રેસ પાર્ટીની સરકારે કોરોનાના સમયે ત્યાંના રાજ્યના લોકોને આયુષ્યમાન કાર્ડ હેઠળ ત્યાં રાજસ્થાનમાં જે કાર્ડ ચાલે છે તેમાં લોકોને કોરોનામાં ફ્રી સેવા મળે એના માટે કરીને જેમ આયુષ્યમાન કાર્ડ અને મા કાર્ડ ત્યાં હતું તેમ ત્યાંની યોજનાની અંદર કોરોનાની મફત સારવાર આપવાનું કામ કર્યુ હતું. જો ગુજરાતમાં પણ કોરોનાના સમયમાં આયુષ્યમાન કાર્ડ અથવા મા કાર્ડની અંદર, ગુજરાતના લાખો લોકો જે કોરોનામાં સપડાયા હતા, એમનો જો આરોગ્યની સેવા માટે આયુષ્યમાન કાર્ડમાં સમાવેશ કરવામાં આવ્યો હોત તો ગુજરાતમાં આજે કેટલાય લોકોના ઘર-પરિવારોએ જે દેવા કરીને દવાઓ કરાવી પડે છે એની અંદર પણ એમને આજે મોટી રાહત મળતી. આજે માનનીય શ્રી ધર્મેન્દ્રસિંહ જે સંકલ્પ લઇને આવ્યા છે એની અંદર,  ગુજરાતમાં પ્રાઇવેટ હોસ્પિટલોની અંદર, ખાસ કરીને હમણા જે કેન્સરની વાત ચાલતી હતી તો કેન્સરના અમુક પ્રકારના જે રોગો છે એનો આ આયુષ્યમાન કાર્ડની અંદર હજી સમાવેશ કરવામાં આવ્યો નથી, ત્યારે ઘણા બધા દર્દીઓને મોંઘી દવાઓ કરાવવી પડે છે,જેના કારણે ઘણો બધો ખર્ચ થાય છે. હું આપના માધ્યમથી આયુષ્યમાન કાર્ડની અંદર તમામ પ્રકારના કેન્સરના રોગોનો સમાવેશ કરીને ગુજરાતના જે કંઇપણ કેન્સરના દર્દી છે, એને રાહત મળે એના માટે કામ કરવાની કરવાની જરુર છે એવી વિનંતી કરું છું. કોંગ્રેસની સરકાર વખતે બનેલી સી.એચ.સી. હોય કે રેફરલ હોસ્પિટલ હોય એ બિલ્ડિંગો બન્યાના ૫૦ વર્ષ થઇ ગયાં છે. મારા ખુદના વિસ્તારની વાત કરું તો ત્યાં વર્ષ ૧૯૭૪માં રેફરલ હોસ્પિટલનું બિલ્ડિંગ બન્યું હતું. આજે એ રેફરલ હોસ્પિટલની અંદર મહીને ૧૦,૦૦૦ જેટલી ઓ.પી.ડી. થાય છે. એ રેફરલ હોસ્પિટલની અંદર મહીને ૩૦૦ જેટલી ડિલિવરી થાય છે. પણ કયાંક ને કયાંક એ વર્ષો જૂનાં બિલ્ડિંગમાં સંકડાશ પડે છે. જો એક આધુનિક હોસ્પિટલ કે બિલ્ડિંગ બને, ત્યાં સબડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં એને અપગ્રેડ કરી પણ એની જે પાયાની મૂળભૂત સુવિધા હોય તે ૧૦૦ બેડની સુવિધા આપવાની હતી, એ ન મળવાના કારણે ઘણા બધા દર્દીઓને પ્રાઇવેટ હોસ્પિટલમાં દવા કરાવવા માટે જવું પડે છે. ત્યારે નાના મોટા એક્સિડન્ટના કેસ હોય  કે બીજા કોઇ કેસો હોય એ દર્દીઓને આયુષ્યમાન કાર્ડની અંદર પૂરતી રાહત મળતી નથી. તો તમામ પ્રકારના રોગોનો આમાં સમાવેશ કરીને તમામ દર્દીઓને રાહત આપવાની જરૂર છે. અમારા ગૃહના સભ્ય શ્રી અંબરીશભાઇએ વાત કરી એમાં હું એક વાત ઉમેરવા માગું છું કે ગુજરાતમાં કોન્ટ્રાક્ટ બેઝ કે આઉટસોર્સિંગમાં સરકાર દ્વારા કર્મચારીઓને જે વેતન આપવામાં આવી રહ્યું છે એના કારણે ગુજરાતના લાખો યુવાનોનું શોષણ થઇ રહ્યું છે. ખાસ કરીને, અમારા ઉત્તર ગુજરાતની અંદર મોટાભાગના આરોગ્ય કર્મચારીઓ રાજદીપ એન્ટરપ્રાઇઝ નામની સંસ્થા દ્વારા ભરવામાં આવે છે. સરકાર દ્વારા જાહેરાત કરવામાં આવે છે કે ડાયરેક્ટ ખાતામાં પૈસા જાય છે. પણ કોઇ કર્મચારીનો રકમ રૂપિયા ૧૯,૦૦૦/- પગાર હોય એને રૂપિયા ૧૦,૦૦૦/- જ મળે છે, કોઇપણ સંસ્થાનો રૂપિયા ૯,૦૦૦/- નફો ના હોઇ શકે. જેમ શ્રી અંબરીશભાઇએ વાત કરી કે આપણે કોઇ ધંધો કરીએ છીએ તો ૧૦-૧૫ ટકા નફો હોઇ શકે, પરંતુ આ તો ૫૦ -૫૦ ટકા જેટલો નફો લઇને કર્મચારીઓનું શોષણ થઇ રહ્યું છે. કોઇપણ લાયકાત વગર કે કોઇપણ એવું ધારાધોરણ નથી કે મેરિટના આધારે ભરતી થતી હોય. એમને મન ફાવે અને જે શોષણ કરવા દે એવા કર્મચારીઓની ભરતી કરવામાં આવી રહી છે ત્યારે ગુજરાતના તમામે તમામ યુવાનોનું જે આઉટસોર્સિંગ અને કોન્ટ્રાક્ટ બેઝની પ્રથાથી જે શોષણ થઇ રહ્યું છે એ નાબૂદ થવું જોઇએ અને કાયમી ભરતી થવી જોઇએ. જેટલી પણ પી.આઇ.ઓ. સંસ્થા ઓ છે એ અંગે માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે આ પી.આઇ.ઓ. સંસ્થા છે એ ગુજરાતમાં આરોગ્ય માટે જે પણ કોઇ માળખાકીય સુવિધા ઉભી કરવાની હોય છે તેમાં સૌથી મોટી અડચણરૂપ કોઇ હોય તો એ આ પી.આઇ.ઓ. સંસ્થા છે. જેટલા પણ પી.એચ.સી.ના કે સી.એચ.સી.નાં કામ હોય કે બીજાં જેટલાં પણ આરોગ્યનાં કામ છે એ આ પી.આઇ.ઓ. સંસ્થા દ્વારા કરવામાં આવે છે અને એમાં એટલો બધો સમય વિતાવી નાખે છે કે નાનકડું કામ હોય તો પણ એમાં વરસ વરસ નો સમય

કાઢી નાખે છે. જેના કારણે ગુજરાતની આરોગ્ય માટેની સુવિધા માટે સગવડો ઉભી કરવામાં ક્યાંક ને ક્યાંક વિલંબ થઇ રહ્યો છે. આજે ગુજરાતની અંદર ડોકટરોની પરિસ્થિતિ જોઇએ તો ગામડાંની અંદર ડોકટરોએ દવાખાનામાં હાજર રહીને પ્રેક્ટિસ કરવાની હોય છે ત્યારે ડોકટરો સમયસર હાજર નથી થતા અને ગામડાના લોકોને પ્રાઇવેટ હોસ્પિટલ તરફ જવું પડે છે. આટલી બધી ગુજરાતની અંદર મેડિકલ કોલેજો ખુલી છે, ત્યારે જે ડોકટરો બહાર પડે છે તેમની પાસેથી ફરજિયાત બોન્ડ લેવામાં આવે છે તેમ છતાં તે હાજર થતા નથી, તો એના માટે પણ સરકાર દ્વારા કોઇક જોગવાઇ કરવી જોઇએ. અને ખાસ કરીને ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં એમ.આર.આઇ. મશીન નથી, સિટી સ્કેન મશીનો નથી. મારા ઉત્તર ગુજરાતની અંદર કોઇને પણ એમ.આર.આઇ. કે સિટી સ્કેન કરાવવું હોય તો પ્રાઇવેટ હોસ્પિટલ સિવાય કોઇ સરકારી જગ્યાએ એનો લાભ મળતો નથી. તો આ અંગે પણ સરકાર આયોજન કરે અને ધર્મેન્દ્રસિંહ જે સંકલ્પ લઇને આવ્યા છે એમાં મારા મેં આ વિચારો રજૂ કર્યા છે. આરોગ્ય માટે જેટલી પણ સુવિધા ઉભી કરવાની જરૂરિયાત છે તે કરવી જોઇએ. જેટલું આરોગ્ય સારું હશે એટલી ગુજરાતની પ્રગતિ થશે. એટલે આરોગ્યમાં આપણે નવી સુવિધા આપી શકીએ, નવી હોસ્પિટલો આપી શકીએ અને નવી ભરતીઓ કરી શકીએ કે જેથી તમામ લોકોને આનો લાભ મળી શકે તેના માટે સરકારે વિચારવું જોઇએ. શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા સાહેબ જે બિન સરકારી સંકલ્પ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપીને મારી વાત રજૂ કરું છું. રાજય સરકાર દ્વારા સુવ્યવસ્થિત આયોજન થકી ઘર આંગણે આરોગ્યની સારી એવી સુવિધા મળે એના માટે રાજય સરકારે દરેક ક્ષેત્રને સુસજ્જ કર્યા છે, ગુજરાતના પનોતા પુત્ર, સૌના લાડકવાયા એવા પ્રધાનમંત્રીશ્રી મોદી સાહેબે ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના નેતૃત્વ સમયે ગુજરાતના પ્રજાજનોને ગંભીર બીમારીમાં સારવાર મળી શકે તે માટે, સામાન્ય લોકોને માંદગીની સાથો સાથ ખર્ચનો પણ માર અને ભાર બન્નેમાંથી બચાવવા માટે મા યોજનાના શ્રી ગણેશ કર્યા હતા. વર્ષ ૨૦૧૨માં મા યોજના ચાલુ કરવામાં આવી હતી. એના પછી તત્કાલીન મુખ્યમંત્રીશ્રી આનંદી બેન પટેલ દ્વારા વર્ષ ૨૦૧૪માં એમાં મા વાત્સલ્ય કાર્ડનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સાથે સાથે એની મર્યાદા પણ વધારવામાં આવી હતી. આ યોજના મુખ્યમંત્રી અમૃતમ યોજનાનું અમલીકરણ કરવામાં આવ્યું હતું, જેમાં લોકો તરફથી ખૂબ જ બહોળો પ્રતિસાદ મળ્યો હતો. અને સામાન્ય અને મધ્યમ વર્ગના બધા જ લોકો એનો વધારે ને વધારે લાભ લેતા થઇ ગયા હતા. વર્ષ ૨૦૧૪માં આ યોજના જયારે મૂકી ત્યારે તેની આવક મર્યાદા ઓછી હતી. ચાર લાખ જેટલી આવક મર્યાદા હતી, પણ એનો ખર્ચ આવતો હતો એ બે લાખ સુધીનો આવતો હતો. ત્યાર પછી એની મર્યાદા વધારીને પાંચ લાખ કરવામાં આવી હતી. મા વાત્સલ્ય કાર્ડ અને મા અમૃતમ આ બે યોજનાને તા. ૫-૦૮-૨૦૨૧ના રોજ મા તથા મા વાત્સલ્ય યોજનાને આયુષ્યમાન પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, પી.એમ.જે.વાય. યોજના જેવું સંયુકત નામ આપવામાં આવ્યું છે. હું વાત કરીશ તો જયારે પણ ગંભીર બીમારીથી પરિવારમાં કોઇને ગંભીર બીમારી આવતી હોય ત્યારે આપણને બધાને ખબર છે કે એકાદ પરિવારમાં કેન્સર પીડિત વ્યક્તિ હોય કે પછી હાર્ટ એટેક આવી જતો હોય, કે મગજની બીમારી હોય, કે મગજની બિમારી હોય કે પછી કીડનીની બિમારી હોય ત્યારે એ પરિવાર પર આફત આવી જતી હોય ત્યારે એમની પરિસ્થિતિ સારી ન હોય ત્યારે એમને ઘર પણ વેંચવું પડે છે અથવા ગીરવી મૂકવું પડતું હોય છે. આવા સમયે રાજય સરકારે અને કેન્દ્ર સરકારે આ યોજના કાઢી છે તેનો લાભ આપણા સામાન્ય કક્ષાના લોકોને મળે છે અને તે એક આશીર્વાદ સ્વરૂપ હોય છે. મને યાદ છે મારો વિસ્તાર સ્લમ અને મધ્યમ વર્ગનો છે. જેમાં આ કાર્ડ આશિર્વાદરૂપ પ્રાપ્ત થયું છે. ઘણી બધી જગ્યાએ જયારે પણ લોકોને એટેક આવે છે ત્યારે તાત્કાલિક એમની પાસે કાર્ડ હોતું નથી. એ કાર્ડ કઢાવતા હોતા નથી. જયારે આવી કંઇ પરિસ્થિતિ આવતી હોય ત્યારે અમારી ઓફિસે આવીને કહેતા હોય ત્યારે તાત્કાલિક કાર્ડની વ્યવસ્થા કરીને એમને આ પાંચ લાખ રૂપિયા સુધીની મર્યાદામાં સેવા મળે છે. ખરેખર એ આશિર્વાદ સ્વરૂપ બને છે. હમણાં થોડા દિવસ પહેલાની વાત કરું તો બે મહિના પહેલા એક વ્યકિત હતા કે એમને કેન્સર હતું. કેન્સરમાં આખો પરિવાર મધ્યમ કક્ષાનો હતો અને ભાડેથી રહેતા હતા. વિજયભાઇ એમનું નામ હતું. એમને બે મહિના પહેલા જ આ કાર્ડ કઢાવેલ હતું, પરંતુ રિન્યુ કરવાનું બાકી હતું, પછી એ બધી પ્રોસેસ કરીને એમને લાભ અપાવ્યો એમનું ઓપરેશન થયું અને આજે આ આયુષ્યમાન કાર્ડમાં એમને લાભ અપાયો છે, એમને લાભ મળ્યો છે એના લીધે એ સારી માંદગીથી ઉભો થઇને આજે એ વ્યકિત સારો થયો છે ત્યારે એ ભારતીય જનતા પાર્ટીની સરકારને લાખ લાખ અભિનંદન આપે છે. આયુષ્યમાન કાર્ડ થકી પાંચ લાખ રૂપિયા સુધીની મર્યાદા કરી છે. હમણા થોડા દિવસ પહેલા નાની દીકરી હતી એની કિડનીની બિમારી હતી. આ કિડનીની બીમારીમાં આ આયુષ્યમાન કાર્ડનો લાભ લીધો છે એની સારવાર ચાલી રહી છે એ પરિવાર લાખ લાખ અભિનંદન ભાજપની સરકારને આપે છે. આયુષ્યમાન કાર્ડ થકી અમારું ઓપરેશન થયું છે એના લીધી મારી દીકરી સારી છે. આવા તો કેટલાય ઉદાહરણ આપી શકું તેમ છે. ખૂબ બધાને આનો લાભ મળ્યો છે. પૂરી ગુજરાતની જનતા ભારતીય જનતા પાર્ટીની સરકાર છે, એમને આ યોજના માટે અભિનંદન આપતી હોય છે.

આ યોજના જયારે મા-યોજના હતી ત્યારે ૭૦ કરોડ રૂપિયાના ખર્ચથી ચાલુ થઇ હતી અને હાલમાં એનો ખર્ચ રૂ. ૧,૫૫૬ કરોડ બજેટ સુધી પહોંચી ગયો છે. મને યાદ છે કે આ યોજના હેઠળ લાયકાત ધરાવતા લાભાર્થી પરિવારને પોતાની પસંદગીવાળી ખાનગી તેમજ સરકારી સંલગ્ન હોસ્પિટલમાંથી સારી એવી ગુણવત્તા યુકત સારવાર મળે છે અને સરકારે નિયત કરેલી હોસ્પિટલો ઘણી બધી એવી હોય છે. મારા સુરત શહેરમાં ઘણી બધી એવી હોસ્પિટલો છે એનો લાભ બધાને મળતો હોય છે એના માટે લોકો ભારતીય જનતા પાર્ટીની સરકારને અભિનંદન આપતા હોય છે ત્યારે આ યોજના આશીર્વાદ સ્વરૂપ થઇ છે.

તા. ૧૬મી માર્ચ ૨૦૨૨

બિન-સરકારી સંકલ્પો

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધર્મેન્દ્રસિંહ જાડેજા અમારું લાડકું નામ હકુભા છે. એક સરસ મજાનો સંકલ્પ લઇને આવ્યા છે, ત્યારે રાજય સરકારને વિનંતી કરવા ઉભો થયો છું કે એમનો જે ઉદ્દેશ એમનો જે આશય છે એ આશય બધા જ લોકો સુધી પહોંચવો જોઇએ. હમણા ગુલાબસિંહ ચિંતા કરતા હતા એ ખૂબ સાચી વાત છે. આઉટસોર્સિંગના કારણે આરોગ્ય ક્ષેત્રમાં જે કર્મચારીઓની ભરતી કરી છે. મેં ગઇ કાલે પૂછેલા પ્રશ્નમાં મને જવાબ આપ્યો છે કે ૧૬ હજાર સમથિંગ ચૂકવણું થાય છે. પરંતુ હકીકતમાં એટલા પૈસા મળે છે ખરા? એમના એકાઉન્ટ તપાસવામાં આવે એમને કમિશન અપાય છે એનો જવાબ મને આપવામાં આવ્યો છે કે ૮૪૨ રૂપિયા એજન્સીને કમિશન આપવામાં આવે છે એ બરાબર છે. ૧૬ હજાર રૂપિયા ચૂકવવાના થતા હોય અને હેલ્થના કર્મચારીઓને એનું ચૂકવણું ન થતું હોય તો એની પણ ચિંતા થવી જોઇએ.

આયુષ્યમાન કાર્ડ અંગે સંકલ્પ લઇને આવ્યા છે ત્યારે ઘર આંગણે સરસ સુવિધા મળી રહે એના માટે ચિંતા કરવામાં આવી છે. આ યોજનાનો પ્રારંભ અમદાવાદથી કરવામાં આવ્યો છે. માનનીય સંગીતાબહેને જણાવ્યું કે ગરીબ માણસો માટે આશીર્વાદરૂપ આ યોજના ભારતીય જનતા પાર્ટીની સરકારે આપી છે ત્યારે આપની મારફત માનનીય ધર્મેન્દ્રસિંહ અને આરોગ્ય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે અત્યારે આયુષ્યમાન કાર્ડ નીકળે છે. એનું જે સોફ્ટવેર બનાવ્યું છે તેમાં આપણે આધારકાર્ડ દાખલ કરીએ પછી રેશનકાર્ડ મગાય છે. રેશનકાર્ડનો નંબર જો નાખવામાં ન આવે તો તેમને આયુષ્યમાન કાર્ડ મળતું નથી. બધી જગ્યાએ સરકારે નક્કી કર્યું છે કે રેશનકાર્ડની ક્યાંય જરૂરિયાત નથી, ત્યારે તમારા સોફ્ટવેરમાં પણ સુધારો કરીને તેમાંથી રેશનકાર્ડને દૂર કરવું જોઇએ. મારો સંકલનમાં પણ પ્રશ્ન ચાલે છે. અમરેલી જિલ્લા સંકલન સમિતિમાં આ પ્રશ્ન ચાલે છે. હેલ્થના અધિકારીઓ કહે છે કે અમે આ આધારકાર્ડ નાખીએ પછી રેશનકાર્ડ ન નાખીએ તો સોફ્ટવેર આગળ વધારતું નથી. તેવા સંજોગોમાં જો સામાન્ય માણસોની આપણે ચિંતા કરતા હોઇએ તો આધારકાર્ડથી આપવું જોઇએ એવી આપના મારફત વિનંતી કરવી છે. ગરીબ લોકો જો લાભ લેતા હોય તો એવી એક હોસ્પિટલ, વાડીલાલ સારાભાઇ હોસ્પિટલનું નામ લેવાતું હતું. અમદાવાદની મધ્યમાં આવેલી વાડીલાલ સારાભાઇ હોસ્પિટલ એ હોસ્પિટલને એસ.વી.પી. હોસ્પિટલ બનાવી દેવામાં આવી. મને મળેલી માહિતી પ્રમાણે વર્ષ ૨૦૨૦થી તમે કાર્ડ માટે મેગા ડ્રાઇવનો પ્રારંભ અમદાવાદથી કર્યો અને બે વર્ષથી આ વાડીલાલ સારાભાઇ હોસ્પિટલ જેમાં ૭૫૦ કરોડ રૂપિયાનો ખર્ચ થયેલો છે ત્યાં કાર્ડ અપાતું નથી. શું કારણ છે? તેમાં સરકારની મનછા કંઇ જુદી નથી ને? મને તો એ જ શંકા આવવા માંડી છે કે આટલું બધું રોકાણ કરેલી હોસ્પિટલ છે. ગરીબ લોકો રાહ જુએ છે. અમદાવાદની મધ્યમાં આવેલી છે. ધારાસભ્યો પણ ચિંતા કરે છે પરંતુ ત્યાં આયુષ્યમાન કાર્ડ અપાતું નથી, ત્યાં ધર્મેન્દ્રસિંહજી, સંકલ્પ લઇને આવ્યા છો તો એ બાબતમાં આપ શું કહેવા માગો છો? જો તમે મેગા ડ્રાઇવ કરી હોય, સંગીતાબેન પણ કહેતા હતા, અરવિંદભાઇ પણ કહેતા હતા, અંબરીશભાઇએ પણ ચિંતા કરી. અમારા ગુલાબસિંહે પણ ચિંતા કરી તો હકુભા, તમે જો સાચા દિલથી સંકલ્પ લઇને આવ્યા હો તો આ વાડીલાલ હોસ્પિટલ હતી જે હવે એસ.વી.પી. હોસ્પિટલ છે તેમાં આવતીકાલથી આ મેગા ડ્રાઇવ શરૂ કરવામાં આવે તો હું આ ગૃહને અભિનંદન આપીશ, હું આરોગ્યમંત્રીને અભિનંદન આપીશ. મુખ્યમંત્રીને પણ અભિનંદન આપીશ. ગરીબ માણસો માટેની ચિંતા હોય તો સાચી ચિંતા થવી જોઇએ. તેના બદલે આપણે બીજી બાબતોમાં જઇએ અને કોઇકની વાહવાહી, એટલે બધાના સર્વમાન્ય નેતા આપ ગણી રહ્યા છો, બરાબર છે. હશે, હું ના નહીં પાડું. સર્વમાન્ય કોને કહી શકાય? બધા જેને ગણતા હોય તેને સર્વમાન્ય કહેવાય. બધા ધારાસભ્યો કહે છે કે અમારા મુખ્યમંત્રી અહીં હતા અને હવે અત્યારે વડાપ્રધાન બન્યા છે. એમના નામનું આયુષ્યમાન કાર્ડ હોય. સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌનો વિશ્વાસ. સૌના વિશ્વાસની વાત કરતા હોય તો આવતી કાલથી શરૂ કરી દેવામાં આવે. ધર્મેન્દ્રસિંહ, આ જ નહીં, ગરીબ માણસો માટે કોઇ પણ સારો સંકલ્પ લઇને આવશો તો અમારો કોંગ્રેસ પક્ષ ટેકો આપશે. જયહિંદ.

શ્રી ઋષિકેશ ગ. પટેલ(આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધર્મેન્દ્રસિંહભાઇ જાડેજા પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના-મા કાર્ડ લોકો સુધી પહોંચે, પ્રત્યેક ઘર સુધી પહોંચે, એમાં મળતી રાશીનો ઉપયોગ પ્રત્યેક ઘરનો વ્યક્તિ કરી શકે, વધુમાં વધુ તેનો પ્રચાર-પ્રસાર થાય. આ કાર્ડ કઢાવવા માટે લોકો જાગૃત થાય તેના માટેનો સંકલ્પ લઇને આવ્યા છે. હું અહીં સાંભળતો હતો, અંબરીશભાઇને સાંભળ્યા, ગુલાબસિંહભાઇને પણ સાંભળ્યા, વિરજીભાઇને પણ સાંભળ્યા. અમારા હર્ષભાઇ અંદાજપત્ર ઉપરની માગણીઓ વિષે બોલ્યા તેમાં ટીમ ગુજરાતની વાત કરી. આખા વિષયના વિચારમાં ટીમ ગુજરાતની વાત કરી કે ટીમ ગુજરાત હોય, આવો, સાથે મળીને ગુજરાતને આગળ વધારવાનું કામ કરીએ. પરંતુ મને એવું લાગ્યું કે માગણીઓ ઉપરની ચર્ચા હોય, કેવળને કેવળ પોલિટિકલ વિષય. આ કાર્ડને વધુને વધુ લોકો સુધી કેવી રીતે પહોંચાડી શકે. વિરજીભાઇએ એક વાત સરસ કરી. મને ગમી. એસ.વી.પી. હોસ્પિટલની વાત કરી. સાથે સાથે રેશનકાર્ડની પણ વાત કરી પણ માનનીય વિરજીભાઇ, હું આ બધી વાત કરું તે પહેલાં ખાલી તમને કહી દઉં કે લાભાર્થી ગુજરાતનો છે કે બહારનો છે એ આપણે કેવી રીતે નક્કી કરીશું? એ રેશનકાર્ડ જ નક્કી કરી શકે. આધારકાર્ડ ડુપ્લીકેશન ન થાય તેના માટે છે, બાકી રેશનકાર્ડ એક વિષય એવો છે કે ગુજરાતનો છે કે બહારનો છે એ નક્કી કરવા માટે આપણી પાસે હોય છે. બાકી તો વાત કરવી, એનો જવાબ લેવો, એના ઉંડાણમાં જવું એ વિષય જુદો છે પરંતુ એ બધી વાતમાં હું નહીં પડું. અમે તો તમારો પણ સાથ અને સહકાર લેવા માગીએ છીએ. તમારી સાથે જે લોકો હોય એ કોંગ્રેસમાં માનતા હોય કે કોંગ્રેસી વિચારધારામાં માનતા હોય પરંતુ જયાંથી તમે ચૂંટાવ છો, જે વિસ્તારે તમને પ્રતિનિધિત્વ આપ્યું છે, એ વિસ્તારની અંદર તમને જે લોકોએ તમારા ઉપર

વિશ્વાસ મૂકીને મત આપ્યા છે એ વિસ્તારની અંદર એ લોકોને પણ આ કાર્ડ અપાવવાની શરૂઆત કરો અને આના કેમ્પ કરો અને સૌથી વધુ આશીર્વાદ લેવાનું કામ આપ સૌ કરો એવી મારી આપ સૌને વિનંતી છે. સાથેસાથે માનનીય શ્રી ધર્મેન્દ્રસિંહજીએ ૧૦૮ની વાત કરી છે, પી.એચ.સી., સી.એચ.સી.ની સેવાઓને અસરકારક બનાવવાની વાત કરી છે, વિવિધ આરોગ્યલક્ષી અભિયાનો વધુમાં વધુ લોકો સુધી પહોંચે એ પહોંચાડવાનું રાજય સરકારનું લક્ષ્ય રહ્યું છે. લોકપ્રતિનિધિનું પણ એ જ લક્ષ્ય હોવું જોઇએ. નિરામય આરોગ્ય થાય એના માટેની ચિંતા આપણે સૌએ કરવી જોઇએ આ પ્રકારનો સંકલ્પ છે. આમાં કોઇ પોલિટિકલ ઓબ્ઝર્વેશન નથી, આમાં કેવળને કેવળ લોકો માટે કામ કરવાની વાત છે ત્યારે આ સંકલ્પની હું થોડી ઘણી વાત પણ કરી લઉં, સમય પણ બહુ થયો છે પરંતુ આવા સંકલ્પની બહુ પોઝિટિવ, સકારાત્મક વાત જો આપણે નહીં સ્વીકારીએ તો અહીંથી મેસેજ ખોટો જશે કે આ વિધાનગૃહની અંદર કેવળ કમઠાણ કરવા, એક બીજા સામે આક્ષેપ પ્રતિઆક્ષેપ કરવા માટે બધા ભેગા થાય છે કે પ્રજાનું ભલું કરવા માટે ભેગા થાય એ આજે આપણે નક્કી કરવાનું છે. આજ સંકલ્પ ઉપરથી ખબર પડશે કે પાંચ લાખ રૂપિયા તમારે લોકોના ખીસ્સામાં એના આરોગ્ય માટે મૂકવા છે કે નહીં? ઘણી બધી વાત થાય, ઘણી વાત આરોગ્યની પણ થઇ શકે, પણ આપે જયારે બે મિનિટનું કહ્યું છે તો આજે નેશનલ વેક્સિનેશન ડે છે, કેટલાય મહિનાઓથી અને કેટલાય દિવસોથી કયારની વાત થતી હતી કે બાળકોને રસી કયારે આપશો? આજે વેક્સિનેશન ડેના નિમિત્તે અને એ જ દિવસે મને ગૃહને કહેતા આનંદ થાય છે, આજે આપણે ૧૨ થી ૧૪ વર્ષના બાળકોનું વેકસીનેશન પણ ચાલું કરી દીધું છે અને આજે આ વેકસીનેશનનો આકડો છે એ આમ તો ભેગો છે, પરંતુ ૨ લાખ અને ૧૫ હજાર જેટલું વેક્સિનેશન થયું છે. એસ.વી.પી. હોસ્પિટલ, પી.એમ.જે.વાય.માં જોડાયેલી છે. ચાલુ કરવા માટે અત્રેથી નોટિસ આપવામાં આવેલી છે. કોરોના સમયગાળા દરમિયાન મફત સારવાર આપવા માટે ડેઝીગ્નેટેડ પણ કરવામાં આવી હતી અને ત્યાં વિનામૂલ્યે સારવાર કાર્ડ હોય કે ના હોય પણ વિનામૂલ્યે સારવાર આપવામાં આવી હતી. એ રીતે એસ.વી.પી.માં લોકોને લાભ પણ આપ્યો જ છે, મારું કહેવું એટલું જ છે કે આ જે વિષય છે સરકાર પોતાના માહિતી અને પ્રચાર પ્રસાર વિભાગ દ્વારા લોકો સુધી પહોંચવાનો પ્રયત્ન કરે છે. એના પોસ્ટરો લગાવતી હોય છે, એફ.એમ. રેડિયો ઉપર, ટી.વી. ઉપર પ્રચારનો એટલા માટે ખર્ચો કરી રહી છે કે ગરીબના ખિસ્સાની અંદર વેરાતું ઘર ના થાય, એના મામેરા માટે, એની દીકરીના લગ્ન માટે ભેગો કરેલો રૂપિયો એક સાથે બીમારીમાં ખર્ચાઇ ના જાય એટલા માટે એના ખિસ્સામાં આ પાંચ લાખ રૂપિયાનું કાર્ડ મૂકવામાં આવે છે. એ આપવાની જવાબદારી આપણી સૌની છે. આપણે સૈએ નક્કી કરવાનું છે કે એ કાર્ડ આપવા માટે તમારે સહયોગ આપવો છે કે નહીં? અને હું આપ સૌને વિનંતી કરું છું કે આ પ્રસ્તાવને માનનીય અમરીષભાઇ સહર્ષ સ્વીકારો. ધન્યવાદ. (અંતરાય)મારો કહેવાનો વિષય વિરજીભાઇ અને ગ્યાસુદ્દીનભાઇ કે આ વાતમાં કદાચ અમારી ઉણપ હોય અને તમને ત્યાં દેખાતું હોય તો એ વાત તમે માગણીઓમાં કરી શકો છો. પોલિટિકલ ઓબ્ઝર્વેશન શૈલેષભાઇ કરી શકાય. (અંતરાય)

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારા સંકલ્પ ઉપર આ ગૃહના માનનીય સભ્યશ્રીઓ અમરીષભાઇ ડેર, અરવિંદભાઇ પટેલ, ગુલાબસિંહ રાજપૂત, સંગીતાબેન પાટીલ, વિરજીભાઇ ઠુમ્મરસાહેબ બધાએ ભાગ લીધો છે અને એના વિચારો પણ રજૂ કર્યા છે ત્યારે હું તમારો આભાર માનું છું. આ કોઇ પોલિટિકલ સંકલ્પ નથી એટલે આપણે સર્વસંમતિથી આપણે બધાએ પસાર કરવો જોઇએ. ચર્ચા ખાસ કરીને માનનીય આરોગ્ય મંત્રીશ્રી રૂષિકેશભાઇ પટેલે મારા સંકલ્પમાં હકારાત્મક વાત કરી છે અને પી.એમ.જે.એ.વાય. યોજના રાજયના લોકો સુધી પહોંચે તેમાં તેઓશ્રી પણ રસ લઇ રહ્યા છે. ત્યારે ખાસ કરીને મને ખૂબ આનંદ છે અને મંત્રીશ્રીએ મારી લાગણીમાં સૂર પુરાવ્યો છે ત્યારે એમનો આભાર માનું છું અને સમગ્ર સભાગૃહને વિનંતી કરું છું કે આ સર્વાનુમતે પસાર થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી : સંકલ્પનો સ્વીકાર કરવામાં આવે છે.**

## અધ્યક્ષશ્રીની જાહેરાત

### માનનીય મંત્રીશ્રી જે શબ્દો બોલ્યા જ નથી તેવું તેમના નામે રજૂ કરવા બાબત

અધ્યક્ષશ્રી : મારે એક જાહેરાત કરવાની છે કે, તા. ૧૫મી માર્ચ, ૨૦૨૨ના રોજ અંદાજપત્રની સામાન્ય ચર્ચા પર માનનીય સભ્યશ્રી અનંતકુમાર પટેલે તેમના પ્રવચન દરમિયાન પાર-તાપી પ્રોજેક્ટનો ઉલ્લેખ કરી આ પ્રોજેક્ટથી આદિવાસી સમાજને અન્યાય થાય તેમ હોઇ પ્રોજેક્ટ રદ કરવો જોઇએ તેવું સૂચન કર્યું હતું. આ તબક્કે જળસંપત્તિ મંત્રીશ્રી ઋષિકેશ પટેલે પણ આ પ્રોજેક્ટ સંબંધમાં વિગતવાર ખુલાસો કર્યો હતો અને આદિજાતિ મંત્રીશ્રી નરેશભાઇ પટેલ એ પણ જણાવ્યું હતું કે, માનનીય સભ્યશ્રી અનંતકુમાર અમારા ટ્રાયબલ ધારાસભ્યશ્રી છે. હું મિત્ર તરીકે પણ માનું છું. પરંતુ એક બાજુથી વિપક્ષના નેતા અથવા વિપક્ષના સભ્યો આદિવાસી વિસ્તારમાં ચેકડેમો બનવા જોઇએ, ત્યાં પાણી માટેની વ્યવસ્થા ઉભી થવી જોઇએ, સિંચાઈની પણ વ્યવસ્થા થવી જોઇએ, પીવાના પાણી માટેની પણ વ્યવસ્થા થવી જોઇએ એવી મોટાભાગના ધારાસભ્યશ્રીઓની રજૂઆત છે. શ્રી અનંતકુમરના મગજમાં શું ચાલે છે તે મને ખબર પડતી નથી. ત્યારબાદ સભ્યશ્રી અનંતકુમાર પટેલે રજૂઆત કરી હતી કે, મંત્રીશ્રી નરેશભાઇ પટેલ અનંતકુમારનું મગજ ખરાબ છે તેમ કેવી રીતે કહી શકે? મંત્રીશ્રી નરેશભાઇ પટેલે જણાવ્યું હતું કે, હજુ પણ કહું છું કે મેં મગજ ખરાબ છે તેવું નથી કહ્યું. તત્સમયે મેં જણાવેલ હતું કે હું

રેકર્ડ તપાસીને મારો નિર્ણય આપીશ. મેં તે દિવસની વિધાનસભાની કાર્યવાહી તપાસી છે. માનનીય મંત્રીશ્રી નરેશભાઇ પટેલે સભ્યશ્રી અનંતકુમારનું મગજ ખરાબ છે તેવા કોઇ ઉચ્ચારણો કરેલા નથી. સભ્યશ્રી અનંતકુમારે તે સમયે જે રજૂઆત કરેલી હતી તે સત્યથી વેગળી અને ગેરમાર્ગે દોરનારી છે. આથી, સભ્યશ્રી અનંતકુમારને જણાવું છું કે, માનનીય મંત્રીશ્રી જે શબ્દો બોલ્યા જ નથી તેવું તેમના નામે રજૂ કરવું તે બાબત સહેજ પણ ઉચિત નથી અને ભવિષ્યમાં આ બાબતનું પુનરાવર્તન ન થાય તેની પૂરતી કાળજી રાખવા જણાવું છું.

**સભાગૃહનું કામકાજ રાત્રિના ૮.૫૭ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરુવાર, તા. ૧૭મી માર્ચ, ૨૦૨૨ ના રોજ સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

| પુસ્તક ૮૮ | વિષય સૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પેજ નં.** |
| અક્ષયકુમાર પટેલ | કરજણ તાલુકામાં રોડ પાકો બનાવવાનું આયોજન | 332 |
| | બનાસકાંઠા જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના | 68 |
| | વડોદરા જિલ્લામાં કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓના પશુપાલકોને લાભ | 238 |
| અજમલજી ઠાકોર | ખેરાલુ તાલુકામાં તળાવો ઊંડા કરવા બાબત | 56 |
| | મહેસાણા જિલ્લામાં વ્યક્તિગત શૌચાલય | 229 |
| અધ્યક્ષશ્રી | અધિકારી ગેલેરીમાં શિસ્તપૂર્વક બેસવા અંગે | ૨૧ |
| અજીતસિંહ ચૌહાણ | ફાગવેલ યાત્રાધામના વિકાસ માટે રકમ ફાળવણી | 359 |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લા પંચાયતમાં મંજૂર મહેકમ | ૩૮૮ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં FHW, ANM અને GNM કર્મચારીઓની આઉટસોર્સીંગથી ભરતી બાબત | 162 |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં કિસાન સહાય યોજના | 215 |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં નિમણૂક આપેલ ડોક્ટરો ફરજ પર હાજર ન થવા બાબત | 125 |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં સરદાર આવાસ યોજના | 254 |
| | મહીસાગર જિલ્લામાં સરકારી હોસ્પિટલોમાં સિટી સ્કેન અને એમ.આર.આઈ મશીન | 82 |
| અનંતકુમાર પટેલ | નવસારી અને વલસાડ જિલ્લામાં નોંધાયેલ ખેડૂત ખાતેદાર | 268 |
| | નવસારી અને વલસાડ જિલ્લામાં સરદાર આવાસ યોજના | 241 |
| | નવસારી ખાતે નવી મેડિકલ કોલેજને મંજૂરી | 59 |
| | નવસારી જિલ્લામાં જર્જરિત પંચાયત ઘર | 371 |
| | નવસારી જિલ્લામાં રસ્તાને કાચાથી ડામર કરવા માટે મંજૂરી | ૩૩૨ |
| | ભરૂચ જિલ્લામાં સરકારી હોસ્પિટલોમાં સિટી સ્કેન અને એમઆરઆઈ મશીન | 106 |
| | વાંસદા તાલુકામાં આવેલ જુજ ડેમમાંથી સિંચાઈ માટે પાણી | 143 |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | 182 |
| અંબરીશભાઇ ડેર | અમરેલી જિલ્લામાં મીઠાના અગરો માટે લીઝ | 222 |
| | અમરેલી જિલ્લામાં પુલ બનાવવાની કામગીરી | 345 |
| | અમરેલી અને જૂનાગઢ જિલ્લામાં દરિયાકાંઠા વિસ્તારમાં ક્ષાર અટકાવવા બાબત | 101 |
| | અમરેલી જિલ્લામાં સરકારી હોસ્પિટલોમાં સિટી સ્કેન અને એમ.આર.આઇ. મશીન | 55 |
| | PMJAY-MA કાર્ડ યોજનાનો રાજ્યના જરૂરિયાતમંદ વ્યક્તિઓને ઝડપથી લાભ મળવા અંગે | ૪૩૬ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા(ત્રીજો દિવસ) | 10 |
| | સામાન્ય વહીવટ વિભાગ, માહિતી અને પ્રસારણ વિભાગ, કાયદા વિભાગ | 293 |
| | રાજુલા, જાફરાબાદ અને ખાંભા તાલુકામાં વેરા વસૂલવાના બાકી એકમો | ૧૪૦ |
| | અમરેલી જિલ્લામાં પ્રગતિ પથની કામગીરી | 377 |
| | અમરેલી જિલ્લામાં રસ્તાઓને વધુ મજબુત બનાવવા બાબત | 397 |
| અભેસિંહ તડવી | છોટાઉદેપુર જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કૃષિ વિષયક વીજ જોડાણો | 73 |
| | છોટાઉદેપુર જિલ્લામાં ખેડૂતોને તાલીમ | 207 |
| | છોટાઉદેપુર જિલ્લામાં નવા પુલનું બાંધકામ | 378 |
| | સંખેડા તાલુકામાં પુલ બનાવવાનું આયોજન | 345 |
| અરૂણસિંહ રણા | ભરૂચ જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કૃષિ વિષયક વીજ જોડાણો | 86 |
| | ભરૂચ જિલ્લામાં પશુપાલકોને ખાણદાણ સહાય | 222 |
| | ભરૂચ જિલ્લામાં ભાડભૂત બૅરેજ યોજના | 320 |
| | ભરૂચ જિલ્લામાં રોડને પહોળો કરવાની મંજૂરી | 364 |

| | | |
|---|---|---|
| અરવિંદ છો. પટેલ | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | 181 |
| | વલસાડ જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કૃષિ વિષયક વીજ જોડાણો | 65 |
| | વલસાડ જિલ્લામાં મત્સ્યોદ્યોગ માટે માસ્ટર મેપીંગ | 355 |
| અરવિંદ રાણા | સુરત જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની જગ્યાઓ | 345 |
| | બારડોલી, પલસાણા અને માંડવી તાલુકામાં બલ્ક પાઈપલાઈનથી પીવાનું પાણી | 102 |
| | સુરત જિલ્લામાં ઉકાઇ-કાકરાપાર જળાશય યોજના હેઠળ નહેર સુધારણાના કામો | 57 |
| | સુરત જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માગતી અરજીઓ | 221 |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | 185 |
| અરવિંદકુમાર ગાં. પટેલ | PMJAY-MA કાર્ડ યોજનાનો રાજ્યના જરૂરિયાતમંદ વ્યક્તિઓને ઝડપથી લાભ મળવા અંગે | 437 |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા(ત્રીજો દિવસ) | 2 |
| | અમદાવાદ જિલ્લામાં માનવ કલ્યાણ યોજના | 335 |
| | અમદાવાદ શહેરમાં કાર્યરત ૧૦૮ ની સેવા | 76 |
| | અમદાવાદ શહેરમાં સ્ટેમ્પ ડ્યુટી ભરવા માટે બેન્કોમાં ફ્રેન્કીંગ મશીનના પરવાના | 210 |
| અશ્વિનભાઇ કોટવાલ | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં સરદાર આવાસ યોજના | 256 |
| | કપાસ અને મગફળીમાં પ્રોત્સાહક બોનસ | 274 |
| | સાબરકાંઠા અને રાજકોટ જિલ્લામાં કિસાન સહાય યોજના | 223 |
| | સાબરકાંઠા જિલ્લામાં આવેલ વણજ-હરણાવ ડેમ | 57 |
| | ધારાસભ્યોને સરકારી કાર્યક્રમોમાં પ્રોટોકોલ | 341 |
